
# પરમ-પારિણામિકભાવ

## (અલગથી ઉપલબ્ધ પ્રવચનો)


## ભાગ - ૧



શ્રી સીમંધરસ્વામી



શ્રી કુંદકુંદ આચાર્ય દેવ



શ્રી પદ્મપ્રભમલધારિદેવ



શ્રી કાનજીસ્વામી


: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પરમપારિણામિકભાવ

(ભાગ–૧)

(શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ રચિત શ્રી નિયમસાર
પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
વિભિન્ન ગાથાઓ ઉપરના શબ્દશઃ પ્રવચનો)

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

મો. ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવત ૨૦૭૯

વીર સંવત ૨૫૪૯

ઈ. સન ૨૦૨૩

**પ્રકાશન તિથિ**

વૈશાખ સુદ-૨, તા. ૨૧-૪-૨૦૨૩
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૩૪મો જન્મમહોત્સવ

**પ્રાપ્તિ સ્થાન**

**(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.
ફો. ૦૨૨-૨૬૧૩૦૮૨૦

**(૨) શ્રી પ્રશમ મોદી,**
સી-૪૦૩, ગુરુ પ્રભાવ, આત્મન બંગલોની સામે,
પાલિતાણા રોડ, સોનગઢ-૩૬૪૨૫૦
મો.૯૭૨૨૮૩૩૧૪૩

**ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



भरतक्षेत्रके महासमर्थ आचार्य श्री कुंदकुंदाचार्य देव

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે, તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પરિણતિના ધારક તો હતા જ, પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધર ભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતાં-કરતાં તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી કે જેમાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પંચાસ્તિકાયસંગ્રહ, શ્રી અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિસકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે, તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે જેની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરૂપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવાયોગ્ય હોય તે અર્થાત્ નિશ્ચયરત્નત્રય. ''સાર'' શબ્દ નિશ્ચયરત્નત્રયથી વિપરીત એવા વ્યવહારરત્નત્રયના પરિહાર અર્થે યોજેલ છે. આમ, ''નિયમસાર''

અર્થાત્ શુદ્ધરત્નત્રય. આ શુદ્ધરત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે, તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિકભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ, અનાદિ કાળથી અનંત-અનંત દુઃખને અનુભવતા જીવે, એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં—વ્યવહારરત્નત્રય સુદ્ધાં સર્વથા વ્યર્થ ગયા છે. માટે, આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ ઉપર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિશ્વર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ આચાર્ય શ્રી વિરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે કે જેઓ વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારીદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતા કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમપારિણામિકભાવને તો ખૂબ-ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમપારિણામિકભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે.

અહીં આ પ્રવચન-શાસ્ત્રમાં મોટા ભાગના પ્રવચનો રાજકોટમાં થયેલા છે તથા કેટલાક પ્રવચનો સોનગઢમાં થયેલા છે. આખા નિયમસારમાંથી મૂળ-મૂળ ગાથાઓ તથા કળશો ઉપર પ્રવચનો કરેલા છે, જેમાં મુખ્યત્વે 'શુદ્ધભાવ અધિકારની' ગાથાઓ ઉપર પ્રવચનો છે. આ ઉપરાંત નિયમસારમાં જે કાર્ય-કારણની પ્રરૂપણા કરવામાં આવી છે તેમાં જીવ અધિકારની ગાથા-૧૦ થી ગાથા-૧૫ સુધીમાં જે સહજજ્ઞાન-સ્વાભાવિકજ્ઞાનપરિણતિ-કારણશુદ્ધપર્યાયનું વર્ણન કર્યું છે તે કોઈ અલૌકિક અને અપૂર્વ છે. મોટા-મોટા વિદ્વાનો પણ આ કારણશુદ્ધપર્યાયને સમજી શક્યા નથી અને જેને ફક્ત ત્રિકાળી દ્રવ્ય-ગુણની 'ઉપમા'સૂચક શબ્દ જ સમજે છે, તેઓને આ પ્રવચનોના માધ્યમથી સમજી શકાશે કે જેમ પ્રમાણના દ્રવ્યમાં એક ત્રિકાળી દ્રવ્યાંશ છે, એક ગુણાંશ છે અને એક વર્તમાન પ્રગટ ઉત્પાદ-વ્યય સહિતનો પર્યાયાંશ છે, તેવી જ રીતે એક વર્તમાન એક સમયમાં ઉત્પાદ-વ્યયરહિતનો પર્યાયાંશ પણ છે કે જે વર્તમાન કાર્યનું કારણ છે કે જેને મુનિભગવંતે પંચમભાવની ''પૂજિત પરિણતિ'' કહી છે, કે જે ફક્ત 'ઉપમા' નથી પણ વસ્તુનો એક અંશ છે.

કોઈ એમ કહે કે મૂળ ગાથામાં આચાર્ય ભગવાને આવી 'કારણશુદ્ધપર્યાય'નો ઉલ્લેખ નથી કર્યો, પણ મુનિરાજે પોતાની વાત ઉપમાના સ્વરૂપે લખી છે; તો એમ બિલકુલ નથી. પૂજ્ય


ગુરુદેવશ્રીએ આ જ 'કારણશુદ્ધ-પર્યાય'નો ઉલ્લેખ શ્રી સમયસારની ગાથા-૯૦, ૧૮૧-૧૮૩, ૩૨૦ અને કળશ-૧૩૮ તથા શ્રી નિયમસારની ગાથા-૧૦ થી ૧૫ અને ૧૫૯ના પ્રવચનોમાં કરેલ છે. આ ઉપરાંત 'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃતમાં પણ આ 'કારણશુદ્ધ-પર્યાય'નો ઉલ્લેખ છે એમ આપણને ગુરુદેવશ્રી ફરમાવે છે. આ રીતે, આ વિષય અહીં સ્પષ્ટ થશે.

શબ્દશઃ પ્રવચન-શાસ્ત્રોને પ્રકાશિત કરવાનું અમારું એક જ પ્રયોજન છે કે બધા જ જીવો સર્વાંગે અભ્યાસ કરીને પોતાની સાધનામાં આગળ વધે.

આ ૭૨ પ્રવચનો સાંભળીને તેને શાસ્ત્રાકાર આપવામાં શ્રીમતિ આશાબેન મહેતા, મુંબઈ તથા શ્રી નિલેશભાઈ જૈન, ભાવનગરનો ખૂબ આભાર માનીએ છીએ. બધા જ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલા છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે, તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટીને પાઠવે, જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com તથા Atmadharam.com ઉપર ઉપલબ્ધ છે.

**- શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ.**



અધ્યાત્મયુગપ્રવર્તક પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૂહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દ્રઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક'

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે "સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા." ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં–વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યુ હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**



સ્વ. શેઠ શ્રી રતિલાલ મોહનલાલ ઘીયા

જન્મ તાઃ- ૨૯-૧-૧૯૧૩, સ્વ. તાઃ- ૨૬-૮-૨૦૦૦ સં. ૨૦૫૬ શ્રાવણ વદ ૧૧ શનિવાર



સ્વ. શ્રીમતિ શારદાબેન રતિલાલ ઘીયા

જન્મ તાઃ- ૧૮-૨-૧૯૧૬, સ્વ. તાઃ- ૧૬-૨-૨૦૦૫

## પરમપારિણામિકભાવ ભાગ-૧ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| ૮૧, ૦૦૦/- | સ્વ. રતીલાલ મોહનલાલ ઘીયા તથા<br>સ્વ. શારદાબેન રતીલાલ ઘીયા<br>હ. શ્રી નલીનભાઈ આર. ઘીયા<br>શ્રીમતી કલાબેન એન. ઘીયા<br>શ્રી નિમીષ એન. ઘીયા<br>શ્રીમતી પૂર્વી એન. ઘીયા તથા<br>અન્વી એન. ઘીયા અને<br>પ્રાચી એન. ઘીયા |
| ૫૦,૦૦૦ | શ્રીમતી આશાબેન જીતેન્દ્ર મહેતા |
| ૧૧,૦૦૦ | શ્રીમતી ઉષાબેન કામદાર |
| ૧૧,૦૦૦ | શ્રીમતી નીશાજી પ્રદીપજી કોઠારી |
| ૦૨,૦૦૦ | એક મુમુક્ષુ |
| ૫૦૦ | શ્રીમતી સત્યા ડાગે |
| ૫૦૦ | શ્રીમતી સુગંધા જયરામ ગુરવ |

# અનુક્રમણિકા


| ક્રમ નંબર | પ્રવચન નંબર | ગાથા નંબર | શ્લોક નંબર | તારીખ | પૃ.સં. |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૩૮૨ | ૩૮ | – | ૨–૩–૧૯૬૩ | ૦૦૧ |
| ૦૨ | ૩૮૩ | ૩૮, ૩૯ | ૫૪ | ૩–૩–૧૯૬૩ | ૦૧૪ |
| ૦૩ | ૩૮૪ | ૪૦, ૪૧ | ૫૬, ૫૭ | – | ૦૨૯ |
| ૦૪ | ૩૮૫ | ૪૧ | – | ૧૧–૩–૧૯૬૩ | ૦૩૯ |
| ૦૫ | ૩૮૬ | ૪૧ | – | ૧૨–૩–૧૯૬૩ | ૦૫૪ |
| ૦૬ | ૩૮૭ | ૩૯ | ૫૫ | ૧૩–૩–૧૯૬૩ | ૦૬૯ |
| ૦૭ | ૩૮૮ | ૩૮ | ૫૪ | – | ૦૮૪ |
| ૦૮ | ૩૮૯ | ૩૮ | – | – | ૦૯૪ |
| ૦૯ | ૩૯૦ | ૪૦ | – | – | ૧૦૬ |
| ૧૦ | ૩૯૧ | ૪૨ | ૬૦, ૬૧ | – | ૧૧૯ |
| ૧૧ | ૩૯૨ | ૪૨ | ૩૫, ૩૬ | – | ૧૩૦ |
| ૧૨ | ૩૯૩ | ૫૦ થી ૫૫ | ૭૪ | – | ૧૪૩ |
| ૧૩ | ૩૯૪ | ૫૧ થી ૫૫ | – | – | ૧૫૭ |
| ૧૪ | ૩૯૫ | ૫૦ | – | – | ૧૬૭ |
| ૧૫ | ૩૯૬ | ૫૧ થી ૫૫ | – | ૪–૧૧–૧૯૫૧ | ૧૮૦ |
| ૧૬ | ૩૯૭ | ૫૦ થી ૫૫ | ૭૪ | ૫–૧૧–૧૯૫૧ | ૧૯૩ |
| ૧૭ | ૩૯૮ | ૪૭ | – | ૧૪–૨–૧૯૬૪ | ૨૦૬ |
| ૧૮ | ૩૯૯ | ૪૭, ૪૮ | ૭૧ | ૧૫–૨–૧૯૬૪ | ૨૨૦ |
| ૧૯ | ૪૦૦ | | ૭૧ | ૧૬–૨–૧૯૬૪ | ૨૩૩ |
| ૨૦ | ૪૦૧ | ૪૯ | ૭૨ | ૧૭–૨–૧૯૬૪ | ૨૪૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧ | ૪૦૨ | ૪૯ | – | ૧૮–૨–૧૯૬૪ | ૨૬૨ |
| ૨૨ | ૪૦૩ | ૪૯, ૫૦ | ૭૩ | ૧૯–૨–૧૯૬૪ | ૨૭૫ |
| ૨૩ | ૪૦૪ | ૫૦ | – | ૨૦–૨–૧૯૬૪ | ૨૯૦ |
| ૨૪ | ૪૦૫ | ૫૦ થી ૫૫ | ૭૪ | ૨૧–૨–૧૯૬૪ | ૩૦૨ |
| ૨૫ | ૪૦૬ | ૫૧ થી ૫૫ | – | ૨૨–૨–૧૯૬૪ | ૩૧૭ |
| ૨૬ | ૪૦૭ | ૭૭ થી ૮૧ | – | ૫–૩–૧૯૭૨ | ૩૩૦ |
| ૨૭ | ૪૦૮ | ૭૭ થી ૮૧ | ૧૦૯ | ૬–૩–૧૯૭૨ | ૩૪૨ |
| ૨૮ | ૪૦૯ | ૧૦૯, ૧૧૦ | ૧૫૬–૧૫૯ | ૧૨–૪–૧૯૫૫ | ૩૫૫ |
| ૨૯ | ૪૧૦ | ૧૦ | ૧૭ | ૩–૧–૧૯૫૫ | ૩૭૦ |
| ૩૦ | ૪૧૧ | ૧૧, ૧૨ | – | ૪–૧–૧૯૫૫ | ૩૮૩ |
| ૩૧ | ૪૧૨ | ૧૧, ૧૨ | – | ૫–૧–૧૯૫૫ | ૩૯૭ |
| ૩૨ | ૪૧૩ | ૧૩ | – | ૭–૧–૧૯૫૫ | ૪૧૨ |
| ૩૩ | ૪૧૪ | ૧૫ | ૨૬ | ૧૦–૧–૧૯૫૫ | ૪૨૩ |
| ૩૪ | ૪૧૫ | ૪૭ | – | – | ૪૩૭ |
| ૩૫ | ૪૧૬ | ૪૯, ૫૦ | ૭૩ | ૧૦–૨–૧૯૫૫ | ૪૪૮ |
| ૩૬ | ૪૧૭ | ૫૦ થી ૫૫ | ૭૪ | – | ૪૬૨ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# પરમપારિણામિકભાવ

ભાગ–૧

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
નિયમસાર ગ્રંથ ઉપરના શબ્દશઃ સળંગ પ્રવચનો)

## ગુરુવાર, તા. ૦૨-૦૩-૧૯૬૩,
## ગાથા-૩૮, પ્રવચન નં. ૩૮૨

... એ પણ કુંદકુંદાચાર્યનું કરેલું છે. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. સવારે બંધ અધિકાર ચાલે છે. આ મોક્ષનો માર્ગ શું? મોક્ષ એટલે શું? કે આત્માની પરમશુદ્ધતા અને પરમ આનંદદશા જે શક્તિના અંતર સત્ત્વમાં પડેલી છે એવી દશા પર્યાયમાં પ્રગટ થાય દશામાં, અશુદ્ધતા રહે નહિ અને શુદ્ધતાની પૂર્ણ દશાની પ્રાપ્તિ અને પરમાનંદના અનુભવની પૂર્ણતા એવી દશાને મોક્ષદશા કહે છે. એ મોક્ષદશાનો માર્ગ, ઉપાય, કારણ શું છે? એ આ અધિકારમાં વર્ણન કરવામાં આવ્યો છે. ત્રીજો અધિકાર છે આ. પહેલો જીવ અધિકાર, બીજો અજીવ અધિકાર થઈ ગયો અને ત્રીજો અધિકાર શુદ્ધભાવ અધિકાર. આ શુદ્ધભાવ એટલે? આત્માની અંદર એક હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગની વાસના એ અશુભભાવરૂપ અશુદ્ધતા અને એક સત્ય, દત્ત, બ્રહ્મચર્ય આદિના વિકલ્પો તપાદિના એ રાગ એ અશુદ્ધરૂપ શુભભાવ—શુભભાવરૂપ અશુદ્ધતા અને એના રહિત આત્માની પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિનું કારણ એવો જે શુદ્ધ પર્યાયરૂપ ભાવ એ આ નહિ. સમજાય છે કાંઈ?

આત્માની દશામાં ત્રણ પ્રકારના ભાવ થાય. એક અશુદ્ધ અશુભરૂપ, એક અશુદ્ધ શુભરૂપ અને તેના અભાવરૂપ આત્માની શુદ્ધ પરમપવિત્ર દશારૂપ શુદ્ધભાવ કે જે શુદ્ધભાવ પરમ પૂર્ણ શુદ્ધતાનું કારણ છે. એ આ અધિકાર નથી અહીંયાં. અહીં તો ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવ કોને કહેવો? કે જેને આશ્રયે આત્માને સમ્યગ્દર્શન થઈને આનંદ થાય અને મોક્ષનો માર્ગ

જે શુદ્ધ પર્યાય કોને આશ્રયે પ્રગટ થાય? એવો ધ્રુવ ચૈતન્યમૂર્તિ પ્રભુ એના ધ્રુવસ્વભાવને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ શુદ્ધભાવ નામ છેને માથે. એ શુદ્ધભાવ ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ પ્રભુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ચૈતન્ય ચમત્કાર પરમાનંદની મૂર્તિ અનાદિ-અનંત એક સ્વભાવ. એની વર્તમાનદશા વિકાર-અવિકાર એ તો વર્તમાન એની હાલત અને દશા છે. એ દશાની પાછળ એકરૂપ ચૈતન્ય પ્રભુ પરમસ્વભાવનો દરિયો, સમુદ્ર છે એને અહીંયાં શુદ્ધભાવ, ધ્રુવભાવ, જ્ઞાયકભાવ, એકરૂપ સ્વભાવ એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. કહો, સમજાય છે આમાં?

હવે, '**अथेदानीं शुद्धभावाधिकार उच्यते।**' શુદ્ધભાવ અધિકાર કહેવામાં આવે છે. ૩૮.

**जीवादिबहितच्चं हेयमुवादेयमप्पणो अप्पा।**
**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो।।३८।।**
**છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,**
**--જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.**

ધર્મ કરનાર ધર્મી જીવે ક્યાં દૃષ્ટિ દેવી? અને ધર્મની દશા પ્રગટ કોને અવલંબે થાય? એવું જે ત્રિકાળી શુદ્ધ પ્રભુ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ પરમ આનંદકંદ એ શુદ્ધભાવ એક છે. એ એક જ અંતરમાં અંગીકાર નામ આદરણીય કરવાલાયક છે. શું આ કહે છે? જુઓ, એનો અર્થ. '**આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન** છે.' ટીકામાં હેયનો અર્થ બીજો આવશે. એ ઉપાદેય નથી એમ કહે છે હેયના અર્થમાં. આ ભગવાન આત્મા દેહદેવળમાં બિરાજમાન પૂર્ણ સ્વરૂપ શુદ્ધ સ્વભાવ એકરૂપ સ્વભાવ તે જ ધર્મી જીવે ધર્મ કરવા માટે અંતર્મુખને એમાં ધ્યેય કરીને એનો આશ્રય કરવાલાયક છે. કહો, સમજાય છે આમાં કાંઈ? મોહનભાઈ! શું આ કહે છે?

અને '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...**' શું કહે છે જુઓ, જરી ઝીણી વાત છે. 'હું એક જીવ છુંટ એવો વિકલ્પ રાગ એમાં વાસનાની બુ-ગંધ છે. 'હું એક આત્મા છું' એ પણ એક ભેદ વિકલ્પ છે. 'આ અજીવ જડાદિ અજીવ મારામાં નથી' એ પણ એક વિકલ્પ રાગ છે. સાત તત્ત્વોની વાત છે. અને દયા, દાનનો વિકલ્પ જે ઉઠે એ પુણ્યરૂપી આસ્રવતત્ત્વ છે. આસ્રવ એટલે સ્વભાવમાં નથી અને નવી દશા થઈ જેને કારણે નવા બંધનનું કારણ થાય. એવો જે પુણ્યનો વિકલ્પ અને પાપનો વિકલ્પ નામ વૃત્તિ બેની એક જોડને આસ્રવ કહેવામાં આવે છે. બંધ એ આત્મા રાગની લાગણીમાં અટકીને રોકાય એવી દશાને ભાવબંધ અને બંધતત્ત્વ કહેવામાં આવે છે. અને આત્મા ત્રિકાળી ચૈતન્ય પ્રભુ અંતર સ્વભાવનો પિંડલો એને આશ્રય કરીને જે આત્મામાં શુદ્ધિની દશા પ્રગટ થાય એને સંવર કહે છે. અશુદ્ધતા અટકી એટલું એનું નામ સંવર કહે છે અને સંવરની સાથે શુદ્ધિની વૃદ્ધિની ઉત્પત્તિ થવી એને નિર્જરા, અશુદ્ધતાનો નાશ અથવા શુદ્ધિની ઉત્પત્તિ એવી એક સમયની દશામાં એને

નિર્જરા કહેવામાં આવે છે. અને આત્માની દશામાં પૂર્ણ શુદ્ધતાની દશાનું પ્રગટ થવું એને મોક્ષ કહે છે—એ સાત જે તત્ત્વો કહ્યા એ ત્રિકાળ તત્ત્વ નહિ માટે તેને પરદ્રવ્ય કહ્યા. ભારે ઝીણું!

શું કહ્યું? '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...**' ઝીણી વાતું, બાપા! આ તો અંતરના અધ્યાત્મની શૈલીના પંથે આવવું (કઠણ છે). એણે અનંતવાર શાસ્ત્રના જાણપણા કર્યા, ક્રિયાકાંડ કરી, પંચમહાવ્રત પાળ્યા, થોથા કરી-કરીને મરી ગયો પણ હાથ આવ્યો નહિ આત્મા. કેમકે પ્રભુ આત્મા નિરાલંબી વસ્તુસ્વભાવનું સાધન કરે તેને ધર્મ કહીએ. તો વસ્તુ કોણ છે? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જે આત્મા એક સમયમાં શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... ત્રિકાળ શુદ્ધ ધ્રુવ શુદ્ધ એવું જે સ્વદ્રવ્ય નામ સ્વવસ્તુ એની અપેક્ષાએ જે સાત પર્યાય જે આ ભાગ કહ્યા, જીવ ને અજીવ ને પુણ્ય ને પાપ ને આસ્રવ ને સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એ સાતેય દશાઓ એને ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્યનો સમૂહ કહેવામાં આવ્યો છે. કહો, ભાઈ! આ માગ્યુ હતું એ લાલચંદભાઈએ કે આ શુદ્ધભાવ (અધિકાર લેવો). આહા..હા..! અરે! પ્રભુ તારા પેટ મોટા પણ એની ખબર ન મળે એને.

કહે છે ચૈતન્યઘન જ્ઞાયકપ્રભુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આખો ચૈતન્ય સ્ફટિકરત્નની ઉપમા આપી. ચૈતન્ય સ્ફટિકરત્ન. એવો ભગવાન સ્વભાવ ત્રિકાળી આત્માનો એને સ્વવસ્તુ કહીએ, સ્વદ્રવ્ય કહીએ, સ્વધામ કહીએ, સ્વતત્ત્વ કહીએ. એ જીવને તેનો આશ્રય લેતા સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિની ઉત્પત્તિ થાય એ ઉત્પત્તિનો પર્યાય એને પણ અહીંયાં પરદ્રવ્ય કીધું છે. કેમ? કે જેમ આત્મા સિવાય પરવસ્તુનો આશ્રય લેતા પોતાની નિર્મળ શાંતિ અરાગી સુખદશા સમ્યગ્દર્શન આદિ ચારિત્રદશા જેમ પરદ્રવ્યનો આશ્રય લેતા તેનાથી થતું નથી એ નવી પર્યાય પ્રગટ થતી નથી, એમ શુદ્ધ પર્યાય પ્રગટ થઈ એને આશ્રયે પણ નવી શુદ્ધતા અને નવી શાંતિ પ્રગટ થતી નથી. સમજાય છે કાંઈ? એ અપેક્ષાએ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ ધ્રુવ એકરૂપ ચૈતન્ય પિંડલો આનંદનો કંદ તેને સ્વવસ્તુ કહીએ કે જેમાં એકાકાર થવાથી આત્માને શાંતિ મળે અને જે શાંતિ મળી અને અશાંતિ ટળી અને પૂર્ણ શાંતિ થાય એ દશાઓ બધી હાલત છે, એ પર્યાય છે, એ અવસ્થા છે. અવસ્થામાંથી નવી અવસ્થા ન આવે માટે તે અવસ્થાને સ્વદ્રવ્યની અપેક્ષાએ સાત તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય કહેવામાં આવ્યા છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? રતિભાઈ! બહુ ન આવ્યું જોરનું. પ્રભુભાઈ! આહા..હા..!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બે-ચાર વાર કહેવાય છે. અહીં ક્યાં આપણે મૂકી દેતા નથી એમ ઝટ દઈને. આ કાંઈ વાર્તા નથી કે એક વાર્તા છોડીને મૂકી દેવાય. આ તો પ્રભુના ઘરના પંથના રસ્તા છે. સમજાણું કાંઈ?

પરમાત્મસ્વભાવ. પરમ આત્મ, પરમ ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપ. સ્વરૂપ એટલે સ્વભાવ. ત્રિકાળ છે... છે... છે... છે... છે... એકરૂપ ધ્રુવ. જેમ પીપરનો દાણો છે એમાં અંતરમાં ચોસઠ પહોરી તીખાશ એકરૂપ પડી છે. આ ચોસઠ પહોરી કહે છેને પહેલાં. હવે તો આ સો પૈસાનો (રૂપિયો થઈ ગયો). પહેલાં તો ચોસઠ પહોરી કહેતાને. ચોસઠ-ચોસઠ પૈસાનો રૂપિયો. એ પીપરને દાણે-દાણે ચોસઠ પહોરીની તીખાશ અને લીલો રંગ અંદરમાં ભરપૂર દાણે દાણે પડ્યો છે. છે તો પ્રગટ થાય છે. તો તે અપેક્ષાએ એની જે કાળી અવસ્થા અને કાંઈક બે, પાંચ, દસ, પચ્ચીસ, પચાસ પહોર નીકળી તે તીખી અને લીલી અવસ્થા અને પૂર્ણ તીખી પ્રગટી તે પૂર્ણ અવસ્થા એને આશ્રયે નવી અવસ્થા ત્રિકાળમાં પડી એમાંથી એને આશ્રયે નવી પ્રગટ થતી નથી. શું કીધું વળી?

પીપરનો દાણો છેને? એમાં ચોસઠ પહોરી તીખાશ, પ્રાપ્તિ જ્યારે ચોસઠ પહોરી પર્યાયમાં, દશામાં ચોસઠ પહોરી પ્રાપ્ત થાય છે (એ) આવી ક્યાંથી? પ્રાપ્તની પ્રાપ્તિ, અંદરમાં છે એમાંથી આવે છે. તો કહે છે કે એની કાળી દશામાંથી આવતી નથી અને જ્યારે આવી અંદરમાંથી તીખાશ એ તીખાશને આશ્રયે નવી તીખાશ વધતી નથી. એ તીખાશની વૃદ્ધિ અંદર ત્રિકાળ શુદ્ધ પડ્યું છે એમાં તીખાશ, એક લીંડીપીપરમાં અંદર તીખાશ પૂર્ણ પડી છે એના પ્રવાહમાંથી આવે છે. સમજાણું? એ અપેક્ષાએ એની પીપરની કાળપ પણ ત્રિકાળ ચોસઠ પહોરી તીખાશની અપેક્ષાએ સ્વસ્વરૂપ એનું કહેવાય અને કાળી અને કાંઈક લીલી અને તીખી પ્રગટી એને પૂર્ણની અપેક્ષાએ એમાંથી નવી પ્રગટે નહિ માટે તેને પરદ્રવ્ય અને પર લીંડીપીપર પર કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ!

એમ આ ચૈતન્ય પ્રભુ એને સાત તત્ત્વનો ભેદ, ભેદ સાતનો સમૂહ એને અહીંયા પરદ્રવ્ય કીધું. ભારે વાત, ભાઈ! એ પરવસ્તુ. એ ધર્મની દશા પ્રગટી એ પણ પરવસ્તુ. કઈ અપેક્ષાએ? છે તો એની દશામાં પણ એ દશાને આશ્રયે નવી દશા શુદ્ધિની વધતી નથી, શુદ્ધિનું ટકવું થતું નથી, શુદ્ધિની ઉત્પત્તિ, ટકવું અને વૃદ્ધિ એ પ્રગટેલીને આશ્રયે થતું નથી. માટે જેમ પરના આશ્રયથી શુદ્ધિ ને શાંતિ ને ધર્મ થતો નથી, એમ પોતાની શુદ્ધિ પ્રગટી ત્રિકાળને આશ્રયે એને આશ્રયે નવી શુદ્ધતા પ્રગટ થતી નથી, માટે તેને પરદ્રવ્યના આશ્રયથી જેમ થતી નથી એમ આ પર્યાયને આશ્રયે નવી શુદ્ધતા થતી નથી, માટે તેને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. ઓહો..હો..! ભારે ઝીણું, ભાઈ! મોહનભાઈ! આ બધું સમજવું આ બધું બહુ કઠણ ઝીણું. આહા..હા..!

અરે! પ્રભુ! તારા પંથ તેં કોઈ દિ' સાંભળ્યા નથી. મરી ગયો ક્રિયા ને કામ ને જાણપણા ભણતર કરી કરીને. પણ એ ચૈતન્ય કોણ આ પિંડ પ્રભુ પરમસ્વરૂપ? એ પરમસ્વરૂપનું રૂપ એકરૂપ જે ધ્રુવ ધ્રુવની ખાણ નિધિ એને સ્વદ્રવ્ય કહીએ, સ્વસ્વરૂપ કહીએ, સ્વધામ કહીએ તે જ આત્માને ઉપાદેય છે, અંગીકાર કરવાલાયક છે, સત્કાર કરવાલાયક છે, આશ્રય કરવા

લાયક છે, એને શરણે નવી ધર્મદશા પ્રગટ થાય છે. મોહનલાલભાઈ! બહુ વાતું આકરી, ભાઈ! માટે, આ જીવાદિ સાત તત્ત્વના વિકલ્પોના ભેદો અથવા નિર્મળદશા એ બધાનો સમૂહ તે પરદ્રવ્ય હોવાને લીધે.. આ તો પરદ્રવ્યની વ્યાખ્યા કરી, કેમ પરદ્રવ્ય કીધું. કહો, ચંદુભાઈ!

એક સમયનો પૂર્ણ પ્રભુ આત્મા સત્ત્વ એકલું, એકલું સત્ત્વ જ જેના કંદમાં આનંદ અને શાંતિનો રસ પૂર્ણ પડ્યો છે એને સ્વતત્ત્વ કહીએ. કારણ કે તે પૂર્ણ સ્વરૂપના ધામમાંથી નિર્મળદશા પ્રગટ થાય એમાં એકાગ્ર થવાથી. શરીર ને વાણીમાં એકાગ્ર થવાથી જેમ શાંતિ નથી એમ પુણ્ય-પાપમાં એકાગ્ર થવાથી શાંતિ નથી, એમ સંવર, નિર્જરાની પર્યાય પ્રગટી હોય શુદ્ધતા એમાં એકાગ્ર કરવાથી શુદ્ધિ વધતી નથી. ઓહો..હો..! શું છે આ? ભાષા મગજમાં ભેજામાં આવવું કઠણ. ઓલા કહે કે ધ્યાન કરો, આ કરો, આમ કરો, આંખ મીંચો તો આમ થાય. હવે ધૂળેય નથી સાંભળને. વસ્તુને સમજ્યા વિનાના ધ્યાન શેના? અને વસ્તુને સમજ્યા વિનાના જ્ઞાન શેના? સમજાણું કાંઈ?

કહે છે 'જીવાદિ...' જીવ સમજાણું? મૂળ વિકલ્પ ઉઠ્યો તેને અહીં જીવ કીધું ફક્ત. આ જીવ છું અને આ અજીવ. એ પુણ્ય-પાપના ભાવ એ આસ્રવ, એ બંધ, એ સંવર, નિર્જરાનો (વિકલ્પ), મોક્ષ જોકે પોતાને નથી, પણ મોક્ષની પર્યાય જેને પ્રગટી અને પોતાને પ્રગટવાની છે એવું લક્ષ કરવા જાય તો એને શુદ્ધિ વધતી નથી, માટે પોતાના સંવર, નિર્જરાના મોક્ષને પણ (પરદ્રવ્ય કહ્યું છે). નિજાનંદની સહજાનંદની પ્રભુ ખાણ છે એને સ્વતત્ત્વ કહેવામાં આવ્યું, સ્વદ્રવ્ય કહેવામાં આવ્યું, સ્વવસ્તુ કહેવામાં આવી કે જેમાં બધા શાંતિ અને આનંદનું વસવું રહેલું છે. એની એક સમયની દશામાં વિકારી કે અવિકારીમાં એ પૂર્ણ શાંતિ અને આનંદ આશ્રય કરવાલાયક ચીજ એ એમાં આવી જતી નથી.

માટે, **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...'** બહુ ઝીણું પણ હોં! પ્રભુભાઈ! શું હશે આમાં? જીવરાજભાઈ! આવું સાંભળ્યું છે ક્યાંય? મોક્ષ એ પરદ્રવ્ય. ગાંડા છે કે શું આ? મોહનભાઈ! મોક્ષ એ પરદ્રવ્ય, ધર્મ એ પરદ્રવ્ય. સાંભળ તો ખરો, ભાઈ! કીધું હતુંને એક ફેરી કહ્યું હતું. અમારે પાલેજમાં અહીં તો ભગત તો પહેલેથી નાની ઉંમરમાં કહેવાતા. એટલે પછી અમારા સગાવ્હાલા બહુ વૈષ્ણવ હતા. તો ત્યાં ભજન થાય તો જઈએ. અમે બધે જતા. અહીં તો બધું સાંભળતા. કબીરના બાવા, સાધુ પહેલેથી દુકાન છોડીને ચાલ્યા જઈએ. જરીક કાંઈક એવું આવે કે કોણ છે? શું કહે છે? એ બધું... એક ફેરી ઓલા ગાતા હતા. 'જગતડા કહે છે કે ભગતડા કાલા છે, પણ એ કાલા ન જાણશો રે, પ્રભુને એ વ્હાલા છે. એ.. જગતડા કહે છે રે આ ભગતડા ઘેલા છે.' ગાંડા જેવા લાગે છે આવી વાતું કરે છે. 'પણ ઘેલા ન જાણશો રે પ્રભુના પદમાં એ પહેલા છે.' આ તો બહુ નાની ઉંમરમાં ભાઈ સાંભળતા. અમારા સગાસંબંધી હોયને વૈષ્ણવ હતા એક લાતીના મોટા વેપારી હતા લગભગ. પછી ત્યાં દશાશ્રીમાળી ભેગા થાય. કાંઈક કહે છે ખરું. સમજાણું?

એમ આ ભક્તિ ઉછળી છે ચૈતન્યપ્રભુની, એ કહે છે કે અમારી ઉછળેલી ભક્તિને પણ અમે તો પરદ્રવ્ય કહીએ છીએ. ભક્તિ એટલે ઓલો રાગ નહિ. રાગ તો પરવસ્તુ છે, પણ અંતરથી ઉછળેલી ચૈતન્ય પ્રભુ ઉછળીને પર્યાયમાં ભરતીમાં આવ્યો, શુદ્ધ ચિદાનંદ પ્રભુ આત્મા, એની દૃષ્ટિ કરી અને ચૈતન્યનો અનુભવ થયો કે આ શુદ્ધ આનંદ પૂર્ણ છે એ અનુભવની દશા થઈ, પણ કહે છે કે એ દશામાંથી નવી દશાની વૃદ્ધિ નથી. માટે, તેને અમે સ્વદ્રવ્ય ન કહેતા તેને અમે પરદ્રવ્ય કહીએ છીએ. મોહનભાઈ! વાંચ્યું છે કોઈ દિ' નિયમસાર? રામજીભાઈ ના પાડે છે તમારા વતી. કહો, સમજાણું આમાં? અરે! પ્રભુ! તારા મૂળ ધામની વાતું ચાલે છે આ. આહા..હા..!

કહે છે કે '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.**' ભાઈ! હેય ન કહેતા ઉપાદેય નથી એમ કીધું. વ્યાખ્યા એવી કરી. ઉપાદેય છે અને આ ઉપાદેય નથી એમ કરવું છે. સમજાણું કાંઈ? ઉપાદેય એટલે આ નવના પ્રકાર તે આદરણીય નથી, આદરવાલાયક નથી. આહા..હા..! ભાઈસાહેબ પણ પુણ્યનો, પાપનો ભાવ હજી તો પાપનો ભાવ આદરણીય નહિ અને પુણ્યનો આદરણીય નહિ ત્યાં અટક્યા છે. મૂળજીભાઈ! અરે! પ્રભુ! સાંભળ રે સાંભળ. તારા ચૈતન્ય ચમત્કારની ધાતુની વાતું. એ ચૈતન્ય ચમત્કારની ધાતુની વાતું. સમજાણું કાંઈ? કહે છે, પ્રભુ! તારા ખાણમાં તો પૂર્ણ આનંદ પડ્યો છે, હોં! એ પૂર્ણ આનંદનો રસ છે, એકરૂપ ચૈતન્યદ્રવ્ય છે પદાર્થ એને અમે સ્વતત્ત્વ અને સ્વવસ્તુ કહીએ છીએ અને તેના ભાગલા પડ્યા દશામાં, મલિનના અને નિર્મળની અંશ દશાઓ આવી અને થઈ એને અમે પરદ્રવ્ય કહી અને એ અંગીકાર કરવાલાયક નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? કેમકે જ્યારે રાગ અને પુણ્ય અને આ સંવર, નિર્જરા જે દશા પ્રગટી એને આદરવા જા તો રાગની ઉત્પત્તિ થશે. અંશ ઉપર લક્ષ જશે ત્યાં રાગની ઉત્પત્તિ થશે. એ અપેક્ષાએ કહે છે કે એનો મલિન પર્યાય દશા છે એ જેમ આદેય નથી, ઉપાદેય નથી એમ એની નિર્મળદશા પ્રગટી એ પણ ઉપાદેય નથી. ભારે ઝીણું, ભાઈ! કહો, સમજાય છે કે નહિ આમાં કાંઈ? રતિભાઈ! શું સમજાય છે કે નહિ આ? ભગવાન જાણે. ત્યાં ધમાલ કરે સટ્ટામાં આમથી આમ. આ .. આ ટોન છે ને આ ફલાણું છે. ત્યાં કેટલું કરતા હશે? ઈ તો આવે છે, ત્યાં તો આવે છે. પણ આ જરી ઝીણી વાત આજ શરૂ થઈ છે.

આત્મામાં નિશ્ચયદશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયા ત્રિકાળની દૃષ્ટિ આપીને. સૂર્યનો કંદ પ્રભુ ચૈતન્યપ્રકાશ એનો આશ્રય કરીને જે પ્રગટ થઈ, ક્ષાયિક સમ્યક્‌દશા, ચારિત્રદશા, સ્વરૂપની શાંતિની દશા, કહે છે કે એ ઉપાદેય નથી. એનો આદરભાવ કરવા જઈશ તો રાગ થશે. આદર તો ત્રિકાળ ચૈતન્ય ધાતુ જ્ઞાયકમૂર્તિ એનો આદર કર. દામોદરભાઈ! આહા..હા..! એ જીવાદિ સાત તત્ત્વનો સમૂહ, એક તો પરદ્રવ્ય સિદ્ધ કર્યું એને. પછી ખરેખર ઉપાદેય નથી એમ સિદ્ધ કર્યું. અરે! એના પંથડા, એના મારગડા કોઈ જુદાં. જગતના પંથથી આ

પંથ જ કોઈ આત્માનો જુદો. પણ એ પંથની રીતું અને એના પ્રકાર ક્યા ક્યા એને કોઈ દિ' રુચ્યા નથી, ગોઠ્યા નથી, ગોઠ્યા નથી. આવી વાતું બહુ અને આ તો બધું આમ થાય. હવે સાંભળને આમ થાય તે શું છે તારે? શું તું કરી શકે છે પરનું? અને પરથી તારામાં શું થાય છે? ત્રણકાળમાં કાંઈ પરને લઈને તારામાં નહિ અને તારે લઈને પરમાં નહિ. અહીં તો તારે લઈને થયેલી નિર્મળદશા એનાથી પણ તારી નિર્મળદશા થતી નથી, એને લઈને ટકતી નથી અને એને લઈને વધતી નથી. ઓહો..હો..! સાંભળ્યું ન હોય કેટલાકે. વળી આ ભાઈએ (કહ્યું), આ અમારે સાંભળવું છે. તે દિ' કાંઈક લીધું હતું ખરું નહિ થોડું? બે-ત્રણ દિ' લીધું હતું એક ફેરી. ત્રણ દિ'. ખબર છે. કહો, સમજાણું આમાં?

'**ખરેખર ઉપાદેય નથી.**' ઉપાદેય એટલે? ઉપ નામ સમીપ જઈને આ આદરણીય છે, આ સત્કાર કરવાલાયક છે કે ઓહો..! આ શરણભૂત છે, આ મને આશ્રય કરવાલાયક છે એમ નથી. સમજાય છે કાંઈ? પણ એને ચૈતન્ય ચમત્કારની સૃષ્ટિ અંદરમાં શું છે એની ખબર નથી. સમજાણું? શ્રીમદ્ એકવાર કહે છે, અરે! જગતને ચૈતન્યના ગુપ્ત ચમત્કારમાં શું પડ્યું છે તેની સૃષ્ટિને ખબર નથી. સમજાણું? ભગવાન આત્મા એના અંતરના ધ્રુવ ચૈતન્ય મુખમાં, આ તો બાહ્યની દશા અને બાહ્યનો વિકલ્પ અને બાહ્યનું આ... આ... આ... કડાકૂટ કરીને અંતર ચૈતન્ય ચમત્કાર પૂર્ણાનંદ પ્રભુ પોતે પડ્યો છે આખો, એવા ગુપ્ત ચમત્કારની સૃષ્ટિને ખબર નથી. એમ એક ટૂકડો એકવાર કહી ગયા. સમજાણું કાંઈ? અહીં એ કહે છે, બાપુ! તું ગુપ્ત ચમત્કારનું ધામ અંદરમાં પૂર્ણ એ ઉપાદેય છે. એનો આશ્રય કરવાલાયક છે. તારી દૃષ્ટિ અને તારી વર્તમાન જ્ઞાનની દશા એને જ્ઞેય બનાવીને ટક, ઠર એ ઠરવા જેવું છે. ભારે વાત, ભાઈ!

'**ખરેખર ઉપાદેય નથી.**' વળી કોઈ એમાં કહે કે ખરેખર નથી તો વ્યવહારે ઉપાદેય (ખરું કે નહિ)? પાછા બે શબ્દ પડ્યા છે ખરાને. એનો અર્થ થઈ ગયો, બાપુ! વ્યવહારે ઉપાદેય એટલે જાણવાલાયક છે, જાણવાલાયક છે. પુણ્ય અને પાપના ભાવ થાય, અરે! ધર્મની દશા નિર્મળ શાંતિ અંતરના ધામની એકાગ્રતા કરતાં થાય એ જાણવાલાયક છે. વ્યવહારે ઉપાદેય કહેવામાં (આવે) સંવર, નિર્જરા અને મોક્ષદશા ખરેખર (ઉપાદેય નથી). અહીં તો નિયમસાર મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગની દશા મોક્ષમાર્ગને આશ્રયે થતી નથી અને મોક્ષ પણ મોક્ષમાર્ગને આશ્રયે થતો નથી. મોહનલાલભાઈ! આહા..હા..! કેમકે કીધુંને પહેલું કે પીપરમાંથી જે સાંઈઠ પહોરી પ્રગટ થઈ એમાંથી ચોસઠ પહોરી આવતી નથી. સાંઈઠ ઓછીમાંથી વધારે ક્યાંથી આવે? સાંઈઠનો વ્યય થઈ ગયો અને ચોસઠની ઉત્પત્તિ તીખાશની (થઈ). એ ચોસઠની ઉત્પત્તિ ઓછીમાંથી વધારે કેમ (થાય)? અને ગઈમાંથી વધારે કેમ (થાય)? છે એમાંથી આવે છે, અંદર પૂર્ણ તીખાશ છે એમાં આવે છે, પણ એ વાત એને હજી ખ્યાલમાં દાખલો બેસે, પણ દાખલાનો સિદ્ધાંત? સમજાણું કાંઈ?

એના ખ્યાલમાં એક વાત આવવી જોઈએ કે આ વસ્તુ જ પૂર્ણ એક શુદ્ધ છું, એકરૂપ ધ્રુવ ચૈતન્ય ધાતુ-ધાતુ ચૈતન્યને ધારી રાખેલી, આનંદને ધારી રાખેલી ધાતુ (છું). સોનું જેમ ધાતુ એમ આ ધાતુ. એવો એકરૂપ સ્વભાવ ભગવાન એ એક જ દૃષ્ટિ દઈને લીનતા કરવા જેવો છે, એનો ઉપાદેય આશ્રય કરવાલાયક છે અને આ સાત પ્રકારના ભાવ એ આદરણીય અને ઉપાદેય નથી. નવરંગભાઈ! ભારે વાત, ભાઈ!

**શ્રોતા :-** ખરેખર ઉપાદેય નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખરેખર ઉપાદેય છે જ નહિ. ઉપાદેય એને કહીએ કે જેમાંથી લાભ નવો મળે. વાણિયા લાભ લેવા કરે છે કે નહિ? લાભ સવાયા નથી લખતા? ... જેવો લાભ નહિ, એવું કાંઈક લખે છે ખરા વાણિયા બારણા ઉપર નહિ? લક્ષ લાભ. આ લક્ષ લાભ. લક્ષ ચૈતન્ય મૂર્તિ ધ્રુવ કરવાલાયક લક્ષ કહો કે ઉપાદેય કહો, એટલે બીજી ભાષાએ કહીએ તો અંતર્મુખનું વલણ જે છે એનો ધ્યેય ચૈતન્ય ભગવાન એ જ અંતર્મુખમાં આદરણીય છે, એનો વિકારભાવ અને નિર્મળ પ્રગટેલી દશા પણ ઉપાદેય અને આદરણીય છે નહિ. પ્રકાશચંદજી! હજી તો ઓલા બહારથી તકરાર કરે છે કે 'નહિ, રાગની મંદતા હોય, કષાય મંદ હોય, હળવે-હળવે આગળ વધાય. પાધરા એલ.એલ.બી. થતાં હશે?' સાંભળને, તારો કષાયમંદ તો ક્યાંય તોળે ગયો અજ્ઞાનમાં. એ તો અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે એમાં જાગૃતભાવ નથી. પણ સંવર, નિર્જરાની શુદ્ધતા પ્રગટી તેમાં જ્ઞાનના અંશ શાંતિની સાથે નિર્મળદશા આવી છે એ જાગૃતભાવ છે, એના આશ્રયે નવી શુદ્ધતા અને પરિપૂર્ણતા થાય નહિ. એ માટે ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર જેને પૂર્ણ પરમાત્મદશાનો પૂર્ણ આનંદ આત્મામાંથી લાવીને પ્રગટ થયો એ ભગવાન ફરમાવે છે, એ કહે છે કે એ સાત પ્રકારની પર્યાયો, વિકલ્પ કે નિર્મળ એ નિર્વિકલ્પ સુધારસ આત્માની શાંતિ પ્રગટી એ એક સમયની દશા છે, એ સમયની દશા છે. બીજે સમયે તેનો વ્યય થઈને નવી થાય છે. તો જેનો વ્યય થઈને નવી થાય એને આશ્રયે નવી શુદ્ધતા કેમ થાય? માટે, ઉત્પાદ-વ્યયરૂપી જે પર્યાયો સાત પ્રકારની (થાય) એને ખરેખર ઉપાદેય માનવા જેવું નથી અને તેને સ્વદ્રવ્ય માનવા જેવું નથી.

**'સહજ...'** હવે કહે છે, અહીં મુનિ પોતે છેને એટલે મુનિપણાથી વાત કરી રહ્યા છે. ધર્મી જીવોને અથવા સંતો, મુનિઓને શું ઉપાદેય છે? તો સંત-મુનિની જરી વ્યાખ્યા (કરે છે). પોતે મુનિ છેને, પદ્મમલધારી મુનિ છે આની ટીકા કરનારા એટલે મુનિપણાથી વાત કરી રહ્યા છે. ત્યારે ઉપાદેય શું હવે? આ સાત આદરણીય નહિ, ત્યારે હવે અંગીકાર કરવાને-આશ્રય કરવાલાયક શરણભૂત ચીજ શું? કે **'સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે,...'** ધર્માત્મા કેવો હોય? સહજ વૈરાગ્ય મહેલના શિખરનો શિખામણિ. પરથી ઉદાસ... ઉદાસ... ઉદાસ... શરીર, વાણી, મન, કર્મ, રાગ, પુણ્ય (એનાથી) સહજ વૈરાગ્યરૂપી, રાગના અભાવરૂપી જે ધર્મની દશા એના મહેલ એ રૂપી મહેલ. મહેલ એટલે બંગલો. મહેલ

એટલે મેલ નહિ, મહેલ. એના શિખરનો, એની ટોચ. આ એનો શિખામણિ. ટોચ ઉપરનું રત્ન. ચૂડામણિ કલગીનું રત્ન. એવો જે મુનિ અથવા એવો જે આત્મા, જે પરથી હઠેલો છે, વૈરાગ્ય થયો છે એને ક્યાં ઉપાદેય કરવાનું છે? એ પહેલી એની દશા વર્ણવે છે.

એ '**પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે,...**' એવો ધર્માત્મા એ પરવસ્તુથી પરાઙ્મુખ છે, પરાઙ્મુખ છે, ઉપેક્ષા છે, આશ્રય અને આદર નથી. '**પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઇન્દ્રિયોના ફેલાવરહિત દેહમાત્ર જેને પરિગ્રહ છે,...**' મુનિની પ્રધાનતાથી વાત લીધી છેને. એકલો દેહ છે મુનિને. બાહ્ય. પાંચ ઇન્દ્રિયોનો વિસ્તારરૂપ આ દેહ, એમ. પાંચ ઇન્દ્રિયના ફેલાવ એવો દેહ, પણ ફેલાવરહિત દેહ છે એમ. ઇન્દ્રિયના વિષયનો ફેલાવ મુનિઓને છે નહિ. અતીન્દ્રિય આનંદકંદમાં ઝૂલતો સંત એને ઇન્દ્રિયના વિષયના વિસ્તારનું વલણ જ નથી. અતીન્દ્રિય આનંદકંદમાં જેનો ઝુકાવ ઝૂલે છે.

'**જે પરમ જિનયોગીશ્વર છે,...**' જેણે રાગનો અભાવ કરીને સ્વરૂપમાં યોગ નામ જોડાણ કર્યું છે. '**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—**' એ પરમસ્વભાવ ત્રિકાળ એકરૂપ જેમાં જેની તીક્ષ્ણ ઝીણી તીખી બુદ્ધિ ગરી છે. આહા..હા..! '**એવા આત્માને...**' એવા આત્માને. અહીં તો મુનિથી વાત લીધી છે હોં! પણ સમ્યગ્દૃષ્ટિ એવા આત્માને. '**'આત્મા' ખરેખર ઉપાદેય છે.**' ઓલા સાતને પરદ્રવ્ય કીધા. આ એકને આત્મા એકરૂપ ચૈતન્ય છે આ એક જ વસ્તુ તે ધર્માત્માને, ધર્મી જીવને, સમ્યગ્દૃષ્ટિને, પંચમ ગુણસ્થાનવંતને, છઠ્ઠા (ગુણસ્થાન) વંત મુનિને એ એકલો ત્રિકાળ દ્રવ્ય તેમાં જ વારંવાર લક્ષ આપીને એક જ આદરણીય છે. ઓહો..હો..! આવા આત્માને. પહેલી પર્યાય. વીતરાગી પર્યાય વૈરાગ્ય પરથી ઉદાસ કહ્યુંને? અહીં જાવું છેને? એટલે પરથી ઉદાસ વર્ણવ્યો. આમ ખસ્યો છે આમ. શરીર, વાણી, મન, વિકલ્પથી ખસી ગયો છે. અને જેણે તીક્ષ્ણ બુદ્ધિ સ્વદ્રવ્યમાં, સ્વવસ્તુ એક ચૈતન્યસામાન્ય, સામાન્ય એકરૂપ એવો પરમધામ ભગવાન અંદર, એમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે એવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે. ત્યારે કોઈ કહે, સ્થૂળ બુદ્ધિ હોય એને તો નહિને આ? સ્થૂળ બુદ્ધિ હોય એને આત્મા ઉપાદેય છે ક્યાં અને એને ધર્મનું ભાન પણ છે નહિ. ભારે વાત ભાઈ, આ ધર્મની કોઈ, છોટુભાઈ!

કહે છે. સવારે કહ્યું નહોતું? 'જ્યાં ચેતન ત્યાં સર્વ ગુણ કેવળી બોલે એમ'. એકલો ચૈતન્ય પ્રભુ અનંત-અનંત શાંતરસ બેહદ. જેનો સ્વભાવ કાયમી એને હદ અને અપૂર્ણતા શી? એવું ચૈતન્યતત્ત્વ જે બિરાજમાન પરમરત્ન એકરૂપ સ્વભાવ એ ધર્માત્માએ તેને આદરણીય અને ઉપાદેય કરવા જેવો છે.

**શ્રોતા :-** એક જ ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક જ ને હોયને. એકમાં એકતા થાય. એકતામાં એક આવે અને એકમાં એકતા થાય. શું કહ્યું વળી? એકમાંથી એકતા થાય અને એકતા માટે એકનો

આશ્રય લેવો જોઈએ. અરે ભગવાન! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? લ્યો, આ સાત પર્યાય જેને પરદ્રવ્ય કીધી એ ઉપાદેય નથી. આ એક ત્રિકાળદ્રવ્ય વસ્તુ ઉપાદેય એમ કરીને અનેકાંત અસ્તિ-નાસ્તિ સિદ્ધ કર્યું. આ ઉપાદેય નથી અને આ એક ઉપાદેય છે, આનું નામ અનેકાંત છે. આ પણ ઉપાદેય અને આ પણ ઉપાદેય, આ પણ હેય અને આ પણ હેય એને અનેકાંત કહેવાય નહિ. અનેકાંત એટલે અસ્તિ-નાસ્તિનું વિરુદ્ધપણાનું શક્તિનું તત્ત્વ જે જાહેર થાય તેને અનેકાંત કહેવામાં આવે છે.

સાત તત્ત્વને પરદ્રવ્યથી ઉદાસ થઈ, ખસી એ આત્મામાં ત્રિકાળમાં નથી અને ત્રિકાળ વસ્તુ તે આદરણીય છે, સાત પ્રકારની દશા તે આદરણીય છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો સૂતો સર્પને જગાડવાના અમૃતના વેણલા છે. એ નદીના વહેણ જ્યારે સામે કાંઠે જાય ત્યારે ગામવાળાને મોંઘુ પડે છે. એ વહેણ જ્યારે પાણીના.. મોટી નદીયું હોય એને હોં. નાની હોય એને શું બે થાય? અમારે કાળુભાર જેવી નદી છેને ઉમરાળા, તો મોટી નદી તો પાણી ઓલીકોર જાય તો બિચારે વેળુ ખુંદી ખુંદીને... અને એ વહેણ.. એની મેળાએ કાંઈ વહેણ કર્યા થતા હતા? એ પાણીના વહેણ જ્યારે ગામની સમીપે ચાલે ત્યારે પછી કહે ઓહો..! હવે પાણી અહીંથી ભરીને.. વેળુ ખુંદીને એમાંથી નીકળવું. એમ ચૈતન્યના વીર્યના વહેણ એ પુણ્ય અને પાપને નિમિત્તના લક્ષે અનાદિના ઊંધા ને અવળા વહ્યા છે. એ વીર્યના વહેણ ચૈતન્યના ધ્રુવસ્વભાવમાં વાળવા માટે જે વસ્તુ ઉપાદેય છે આ એની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

કહે છે, અરે! આત્માને... ત્યારે કોઈ એમાંથી કાઢે કે એ તો આવા આત્માને. અમારે શું? આહા..હા..! ચંદુભાઈ! એ તો મુનિ છે તો મુનિપણાથી વાત કરી છે. સમજાય છે? સમયસારમાં પણ મુનિ જે હદે બેઠા છેને એ હદથી વાત કરી રહ્યા છે. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' પોતાની દશામાં છઠ્ઠી અને સાતમી ભૂમિકા વર્તે છેને. ત્યાંથી વાત કરી રહ્યા છે કે આ હું નહિ. હું એકલો જ્ઞાયક ત્રિકાળભાવ એકસ્વરૂપી પ્રભુ એ મારું ચૈતન્ય તત્ત્વ ઉપાદેય છે. પ્રમત્ત અને અપ્રમત્તભાવ બિલકુલ આશ્રય કરવાલાયક નથી. એમ ત્યાં ન કહ્યું કે હું સંયત-અસંયત નથી. કારણ કે પોતે સંયત તો છે એટલે સંયતદશા પ્રમત્તની છે અને અપ્રમત્તદશા સાતમેથી ચૌદ ભૂમિકામાં. નકાર વર્તમાનથી નકાર કરે છે કે આ બે નહિ, એકરૂપ ચૈતન્ય છે.

**શ્રોતા :-** સાત તત્ત્વને ત્યાં હેય કહ્યા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ હેય જ કહ્યા ત્યાં પણ. અપ્રમત્ત અને પ્રમત્ત બધું આદરણીય નથી. સમજાણું કાંઈ?

હવે, '**ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...**' દરેકની વ્યાખ્યા કરે ત્યારે સમજાય એવી છે. ભગવાન આત્મા ઉદયભાવ એટલે પુણ્ય-પાપ દયા, દાન, વિકલ્પ

ઉઠે તે ઉદયભાવ કહેવાય. વિકૃતભાવને ઉદયભાવ કહેવાય. એમાં નથી અને પ્રગટ્યું નવું માટે એને ઉદયભાવ કહેવાય. બીજો, ચાર બોલ છેને ચાર? જુઓ, અંદર નીચે છે. '**ભાવાંતરો = અન્ય ભાવો. (ઔદયિક,...**' કૌંસમાં ઉદય. એ પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠે તેને વિકૃત ઉદયભાવ કહેવાય. '**ઔપશમિક,...**' એ આત્માની દૃષ્ટિ થઈને રાગને ઉપશમ કરે અને સમ્યગ્દર્શનનું ઉપશમપણું પ્રગટ થાય, ઉપશમ સમ્યક્ અનુભવ પ્રગટ થાય એને ઉપશમ કહીએ. અથવા ચારિત્રની ઉપશમતા થાય એટલે અંતર શાંતિ જરી પ્રગટે એને ઉપશમદશાનો ભાવ (કહે છે), પણ એ પર્યાયભાવ છે, અવસ્થા ભાવ છે.

'**ક્ષાયોપશમિક,...**' કંઈક ક્ષય અને કંઈક ઉપશમ એવી જે દશા આત્માની થાય તેને ક્ષયોપશમ વર્તમાન દશા કહેવાય. '**અને ક્ષાયિક—**' જેને સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ ક્ષાયિકભાવે પ્રગટે અને ક્ષાયિકપણું જેટલે અંશે, પૂર્ણ થાય કેવળીને એ ક્ષાયિક પણ એક આત્માની એક હાલત અને ભેખ છે. '**એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે...**' કીધુંને અહીંયાં? '**ભાવાંતરોને અગોચર હોવાથી...**' તેને ભાવાંતરો કહ્યા. એટલે શું કહ્યું? ભાવાંતર કેમ કહ્યા ચારને? કે એકરૂપ ત્રિકાળી શુદ્ધ આનંદસ્વરૂપ પ્રભુ ભાવ એને પરમભાવ કહીએ, તો એ પરમભાવની અપેક્ષાએ વિકાર અને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકની નિર્મળ દશાઓ, એક સમયની અવસ્થાઓ, આ ભાવની અપેક્ષાએ તેને અનેરા ભાવ કહીએ. સમજાય છે કાંઈ?

એ '**પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા આ ચાર ભાવાંતરોને અગોચર છે.)**' એટલે શું? કે ઔદયિક આદિ ચાર ભાવાંતર એ અગોચર. ચારને અગોચર છે આત્મા. એટલે? કે ચારને આશ્રયે આત્મા પ્રગટ થઈ શકતો નથી. આ લખ્યું છેને નીચે જુઓને, તે '**કારણપરમાત્મા આ ચાર ભાવાંતરોને અગોચર છે.**' અગોચરનો અર્થ આટલો હોં! છે તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવને ગમ્ય છે. શુદ્ધ પરિણતિ નિર્મળદશા એને ગમ્ય છે આ આત્મા, પણ એ ચાર ભાવને આશ્રયે પ્રગટ ગમ્ય થતો નથી, આને આશ્રયે ગમ્ય થતો નથી માટે ચાર ભાવને આશ્રયે આત્મા જણાય નહિ, માટે ચાર ભાવથી અગમ્ય આત્મા છે એમ કહેવામાં આવે છે.

**શ્રોતા :-** ઝીણું પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઝીણું પડે તો પણ હવે ક્યાં સુધી? રાજકોટ જેવામાં પણ ઝીણું પડે? અહીં તો સુધરેલ ગામ કહેવાય છે, બુદ્ધિવાળા નામ ધરાવે છે. નામ ધરાવે છે. તો એને સમજવા માટે કાંઈ નકાર કરવો પડે? આવું કાંઈ ગામડામાં ચાલતા હશે? કહો, સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા એકસ્વરૂપે પ્રભુ, એનો એક ભાવ ગણ્યો. એની અપેક્ષાએ વિકાર અને અવિકારની દશાઓ થોડી શુદ્ધિ, વધારે શુદ્ધિ કે પૂર્ણ શુદ્ધિ કે અશુદ્ધિ, એ બધી

દશાઓને એક ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ અનેરા ભાવ કહ્યા. એ અનેરા કહીને એમ કહ્યું કે ભાવાંતરોને અગમ્ય છે. એ કારણપ્રભુ ત્રિકાળી ચિદાનંદ પ્રભુ એ ચાર ભાવને આશ્રયે અગમ્ય છે. એથી ચારના ભાવથી અગમ્ય છે એમ કહેવામાં આવે છે. સમજાણું આમાં? ભાઈ! આ તો ઊંચીમાં ઊંચી અમૃતની વાતું છે!! ચાર ભાવને અગમ્ય હોવાથી એ ભગવાન આત્મા એ ચાર દશાને આશ્રયે પ્રગટ થતો નથી, દશાને આશ્રયે તે લક્ષમાં આવતો નથી માટે તે પરમસ્વભાવ ભગવાન ચાર ભાવાંતરોને અગમ્ય હોવાથી, એ વસ્તુ પ્રભુ ત્રિકાળ એકરૂપ '**દ્રવ્યકર્મ, ભાવકર્મ, અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત...**' આ દ્રવ્યકર્મ નામ માટી આઠ જડ, ભાવકર્મ નામ પુણ્ય-પાપનો વિકલ્પ અને નોકર્મ નામ શરીર અને વાણી એની ઉપાધિથી જનિત '**વિભાવગુણપર્યાયો...**' વિકારી-વિશેષગુણદશા વિનાનો આત્મા છે. એવા વિકારીને વિશેષભાવ વિનાનો ત્રિકાળ આત્મા છે. સમજાણું કાંઈ? ભારે વાત. વાર્તા આ ભગવાનની છે. ભગવાનને ઘરે ભગવાનની વાત છે. લોકો એમ કે ભાઈ અહીંયાં ક્યાં ખોટ છે? ભગવાનની ...

**શ્રોતા :-** ભાગવત શાસ્ત્ર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ભાગવત શાસ્ત્ર કહ્યું છે એને પાછળ. ભાગવત શાસ્ત્ર. ભગવાન ચિદાનંદની મહિમા બતાવતું. એના મોક્ષમાર્ગ છે એનો અધિકાર છે એટલે મોક્ષમાર્ગ પ્રગટે કોને આશ્રયે? ટકે કોને આશ્રયે? વધે કોને આશ્રયે? એટલે એક જ વાત પરમસ્વભાવને આશ્રયે પ્રગટે માટે એક જ વાત લીધી છે. સમજાણું કાંઈ?

આત્માનું નિશ્ચય સમ્યક્ થયું, નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ. 'શુદ્ધ આત્મા છું, પવિત્ર છું, ધ્રુવ છું, જ્ઞાતાદૃષ્ટા (છું)' એવી પર્યાય પ્રગટ થઈ એ પર્યાયને ગમ્ય છે, પણ પર્યાયને આશ્રયે ગમ્ય નથી. સમજાણું કાંઈ? કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. રતિભાઈ! આ કો'ક કો'ક વખતે આવે એ કાંઈ હરવખતે ચાલતું હોય? આહા..હા..! એ અમૃતના કુંડ પ્રભુ એવો અતીન્દ્રિય અમૃત હોં, આ ધૂળ અમૃત નહિ, એવો ભગવાન આત્મા એ તો એનો આશ્રય કરે તો જ સમજાય એવો છે. પ્રગટેલી પર્યાયને આશ્રયે તે સમજાય એવો નથી. માટે ભાવાંતરને અગમ્ય હોવાથી જે કારણપ્રભુ. કારણ કેમ નાખ્યું? કે નવી કાર્ય દશા એ કારણદ્રવ્ય ત્રિકાળ છે એને આશ્રયે પ્રગટ થાય છે. આ પ્રગટેલી નિર્મળદશા એને આશ્રયે પણ મોક્ષદશા થતી નથી. માટે, પર્યાયને કારણ ન આપતા ત્રિકાળી દ્રવ્યને કારણપરમાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અરે! આ તો હીરા સરાણે ચડાય છે. નારણભાઈ કહેતા એકવાર, હીરા લઈ જાય એની તો વાત શું કરવી? પણ સરાણે ચડતા એના ભુક્કા પડે એના સેંકડો રૂપિયા ઊપજે. એની સરાણું જુદી જાતની હોય. એ કાંઈ આ સરાણ ન કામ આવે તમારા લોઢા ઘસે એવા. એ હીરા બેલ્જિયમ. શું કહેવાય એ બેલ્જિયમને? ત્યાં હીરાની ખાણું છેને ત્યાં. હા, રિપેર કરે છે, સાફ કરે. પાસા ચડાવે પાસા. પણ એના ઝીણા ભૂક્કા પડે એની તો

સેંકડો રૂપિયાની કિંમત છે. હીરાની તો શું વાત કરવી! એમ આ ચૈતન્યની વાર્તા સાંભળે એના અલૌકિક બીજી જાતના પુણ્ય બંધાય એવી વાત છે આ. સમજાય છે? હા પાડીને હોં. નહિતર તો અનંતવાર સાંભળી છે. આ પુણ્ય એનું એવું બંધાય કે જેને ભવિષ્યમાં પાછા આવા ને આવા સાંભળવાનો યોગ બને એવી સ્થિતિ ઊભી થાય. અને અંદર હા પાડીને રુચિમાં જાય તો ભગવાન થઈ જાય, બંધથી રહિત થઈ જાય. સમજાણું કાંઈ?

કહે છે એ '**વિભાવગુણપર્યાયો વિનાનો છે,...**' છે કેવો પ્રભુ ત્રિકાળ? અનાદિ-અનંત. આદિ-અંત વિનાની ચીજ. ઓલી મોક્ષ અને ધર્મદશા તો શરૂઆત થઈ. આ વસ્તુ જે ત્રિકાળ છે એની શરૂઆત પણ નથી અને એનો અંત પણ નથી. છે... છે... છે... છે... જ્ઞાયકમૂર્તિ પ્રભુ અનાદિ-અનંત. અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળો (છે). એ તો ઈન્દ્રિય વિનાનો સ્વભાવ છે. ઈન્દ્રિયનું અવલંબન નહિ એવો અતીન્દ્રિય પ્રભુ આ ભગવાન છે. '**શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે—**' શુદ્ધ, પવિત્ર અને સ્વભાવિક પરમસ્વભાવભાવ પારિણામિકભાવ સ્વભાવભાવ. પારિણામિક એટલે? કોઈ નવો થયો નથી, કોઈથી થયો નથી, અપૂર્ણ નથી, એકરૂપ ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... એ જેનો સ્વભાવ એવો કારણપરમાત્મા, એવો પોતે આત્મા. સ્વભાવ અને આ કારણ એટલે સ્વભાવવાન. આવો જે શુદ્ધ સહજ પરમપારિણામકિભાવ જેનો સ્વભાવ એવો કારણપ્રભુ. આહા..હા..! '**તે ખરેખર આત્મા છે.**' એને ખરેખર આત્મા કહેવામાં આવે છે. આહા..હા..!

'**અતિ-આસન્ન ભવ્યજીવોને...**' શું કહે છે? '**અતિ-આસન્ન ભવ્યજીવોને...**' અલ્પકાળમાં જેને મુક્તિ અને શાંતિ જોવે છે. આસન્ન એટલે નિકટ. અલ્પ કાળમાં જેને પૂર્ણાનંદની પ્રાપ્તિ અને સંસારનો અંત જેને થવો છે '**એવા નિજ પરમાત્મા સિવાય...**' એવા જીવોને એ નિજ પરમાત્મા પોતાનો પરમસ્વરૂપ ભગવાન એ '**સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.**' સમજાણું આમાં? પહેલું આવ્યું હતુંને? પ્રવચનસારમાં નહોતું આવ્યું? કે કોઈ આસન્ન ભવ્ય. કુંદકુંદાચાર્ય જેની મુક્તિ અલ્પકાળમાં છે. એણે આ પ્રવચનસાર કહ્યું છે. એવો આ આત્મા જેને અલ્પકાળમાં મુક્તદશા, પરમાનંદદશા અને સંસાર, ત્યાં આવ્યુંને સંસારનો કિનારો જેને નજીક છે. એ પરિભ્રમણનો રાગનો જ્યાં અલ્પકાળમાં અંત આવવાનો છે અને પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મુક્તદશા જ્યાં પ્રગટ થવાની છે એવા અતિ આસન્નભવ્ય પાછા. આસન્ન પણ અતિ આસન્નભવ્ય. ભવ્ય એમાં નજીકવાળા અને એમાં અતિ. એવા ભવ્ય જીવોને, એવા લાયક આત્માઓને, '**એવા નિજ પરમાત્મા...**' એક શુદ્ધ પૂર્ણાનંદ પ્રભુ એ આત્મા સિવાય બીજું કાંઈ આદરણીય નથી. આહા..હા..! એમ એણે અંતરમાં નિર્ણય કરી અને અંતરના સ્વભાવ સન્મુખમાં ઢળવું, તો એ સ્વભાવ પૂર્ણ છે તેને ઉપાદેય માન્યો અને બીજાને હેય જાણ્યું એમ એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ આમાં?

ત્યારે કહે બીજા જીવને? વળી આ અતિ-આસન્નભવ્યને. બીજા જીવ માને ગમે તે. એ

તો રખડવાના છે કહે છે. તારે પરિભ્રમમથી અટકવું હોય અને રખડવું ન હોય... '**અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ...**' એવો કોણ કીધો? આ માથે વર્ણવ્યો એવો. અતીન્દ્રિય નિજ સ્વભાવ ત્રિકાળ શુદ્ધ ખાણ પડી છે એના સિવાય બીજો કોઈ ઉપાદેય છે નહિ. આદર કરવાલાયક હોય એટલે? કે અંદરમાં દૃષ્ટિ કરીને સ્થિર થવાલાયક તો એ કારણપરમાત્મા ભગવાન પોતાનો એ જ કરવાલાયક છે. આમાં રાડ નાખે. પણ બીજા પરમાત્મા આમાં ન આવ્યા. બીજા પરમાત્માની ભક્તિ આદિ હોય છે, એ શુભરાગ છે. દયા વ્રતનો ભાવ એ શુભરાગ છે તો પરમાત્માની ભક્તિ પણ એ શુભરાગ છે. હો એને કાળે. અંતરમાં શાંતિની પ્રગટ દશામાં તે આદરણીય અને ઉપાદેય નથી. એ તો બાહ્યતત્ત્વ છે. અરે! સંવર-નિર્જરાને જ્યાં અંતરના ત્રિકાળ તત્ત્વની અપેક્ષાએ મોક્ષતત્ત્વને બાહ્યતત્ત્વ કહ્યું, મોક્ષને બાહ્યદ્રવ્ય કહ્યું. સમજાણું કાંઈ? એટલે કહે છે કે ભવ્ય પ્રાણી જે લાયક છે એને તો આ પરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. એનો હવે કળશ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૦૩-૦૩-૧૯૬૩,
## ગાથા-૩૯, કળશ-૫૪, પ્રવચન નં. ૩૮૩

આ નિયમસાર શાસ્ત્ર છે. નિયમસાર એટલે? મોક્ષ—આત્માની શુદ્ધદશા એને પ્રગટ કરવાનો ઉપાય. આ આત્મા છેને આત્મા એ આદિ-અંત વિનાનું શુદ્ધ સચ્ચિદાનંદ જ્ઞાન અને આનંદનું પૂર આત્મા છે. એનો સ્વભાવ. આત્મા જેમ આદિ-અંત વિનાનું અનાદિ-અનંત તત્ત્વ છે એમ એની સાથે અનાદિ-અનંત એ જાણવું અને આનંદ આદિ અનંત ગુણો એના આત્મામાં તન્મય અનાદિ છે. એવો આત્મા શક્તિના સ્વભાવમાં પરમ શુદ્ધ અને આનંદ છે એ એની વર્તમાન દશામાં નથી. જો વર્તમાન દશામાં આનંદ અને શાંતિ હોય તો એને દુઃખ અને આ આકુળતા હોવી જોઈએ નહિ. વર્તમાન દશા સંસારમાં એ આકુળતા અને પુણ્ય-પાપના વિકલ્પોની લાગણી એ સંસાર છે. ઝીણી વાત છે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ વસ્તુસ્વભાવ એની વર્તમાન દશામાં, હાલતમાં, પર્યાયમાં આ વર્તમાન ચાલતા ચાલુ કાળની અવસ્થામાં પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને કામ, ક્રોધ, શુભાશુભ લાગણી એ ભાવ તે વિકાર તે સંસાર તે દુઃખ છે. શરીર, વાણીની વાત નથી. આ શરીર, વાણી જડ પરપદાર્થ છે. એની વર્તમાન હાલતમાં દુઃખ છે. દુઃખ ન હોય તો 'આનંદને પ્રાપ્ત કરું' એવી જિજ્ઞાસા જે જણાય છે એ જિજ્ઞાસા એમ કહે છે

કે એની વર્તમાન દશામાં શાંતિ નથી અને દુઃખ અને આકુળતા છે. એ દુઃખ અને આકુળતા એની ક્ષણિક વર્તમાન દશામાં છે. એના ત્રિકાળ સ્વરૂપમાં આનંદ અતીન્દ્રિય શાંત, રસ અને જ્ઞાનથી ભરપૂર આત્મસ્વભાવ ત્રિકાળ ભરેલો છે. એવા આનંદને પ્રગટ કરવા 'એ પુણ્ય-પાપની લાગણી, વૃત્તિઓ એ વિનાની મારી ચીજ પૂર્ણ છે' એમ અંતર્મુખની દૃષ્ટિ કરીને સ્વરૂપની રમણતાની દશા પ્રગટ કરવી અને પૂર્ણ પરમાત્મ નામ પૂર્ણાનંદની દશાના કારણરૂપે થવું એને અહીંયાં મોક્ષમાર્ગ અને ધર્મદશા કહે છે. ભારે ઝીણું. સમજાણું કાંઈ? એનું નામ નિયમસાર.

કેવો છે આત્મા? કે જેની દશાઓમાં સંસાર આદિ વર્તે છે. સંસાર એ આત્માની વિકૃત એક અવસ્થા છે. સંસાર એ કાંઈ શરીર, કર્મ, બાયડી, છોકરા, કુટુંબમાં સંસાર ન રહે. સંસાર એક દોષદશા છે. તો દોષદશા એ આત્માની અવસ્થા, હાલત છોડીને દૂર બીજા પદાર્થમાં દોષદશા ન રહે. એ દોષદશા એની અવસ્થા નામ હાલતમાં છે. એ હાલતનો સંસાર દોષદશાનો નાશ અને નિર્દોષ પૂર્ણ આનંદની પ્રાપ્તિનો અંતરમાં દોષની રુચિ છોડી ત્રિકાળ આનંદસ્વરૂપની અનુભવ દૃષ્ટિ કરી અને એમાં લીનતા કરવાનો પ્રયાસ તે પૂર્ણ નિર્દોષતા પ્રાપ્તિરૂપી મુક્તિ એનો એ ઉપાય છે. ભારે વ્યાખ્યા, ભાઈ! ઢેબરભાઈ! ઝીણું બહુ, ભાઈ! દુનિયાએ માની રાખ્યું છે એથી આખી જાત જુદી છે.

પીપરનો દાખલો આપ્યો હતોને નહિ કાલે? એ પીપરના દાણામાં ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ અંદર પડ્યો છે, પૂરો. તો પ્રગટ થાય છે. પૂરો છે તો પ્રગટ પર્યાયમાં, હાલતમાં ચોસઠ પહોરી દશા પ્રગટ (થાય છે). એ ચોસઠ પહોરી પૂર્ણ જે તીખાશ અને ચરપરાઈ અને લીલો (રંગ), ચરપરો એટલે હિન્દીની ભાષા છે, તીખાશની દશા એની હાલતમાં, અવસ્થામાં પ્રગટ થવી એનું નામ એની પૂર્ણ અવસ્થાની પ્રાપ્તિ અને એ પ્રાપ્તિનું કારણ અંદરમાં ચોસઠ પહોરી તીખાશ પડી છે એમાંથી આવે છે. અને એ તીખાશની પ્રગટતા પ્રથમ દરજ્જામાં બે, ચાર, પાંચ, પચ્ચીસ, પચાસ પહોર પ્રગટ થાય અને પૂર્ણ પ્રગટ થવાનો વચલો કાળ હોય એને ત્યાં એની સાધકદશા એટલે પૂર્ણને સાધવાનું કારણ કહેવામાં આવે છે અને કાળી આદિનો નાશ કરવો એ સંસારના અભાવરૂપ ઉપમા અપાય છે.

એમ ભગવાન આત્મા એના અંતર સત્ત્વમાં, શક્તિમાં પૂર્ણ આનંદ અને શાંતરસ વીતરાગી વિજ્ઞાન અકષાયી, અવિકારી આનંદ અને જ્ઞાન એના મૂળ સત્ત્વમાં ચોસઠ પહોરો એટલે પૂરેપૂરું ભરેલું છે. પીપરમાં જેમ ચોસઠ પહોરી (તીખાશ) ભરી છે એમ ભરેલો છે. પણ એની વર્તમાન દશામાં જેમ પીપરની કાળપ અને અલ્પ તીખાશ દેખાય છે એનો અભાવ કરીને વિશેષ તીખાશ એને પ્રગટતા દશામાં થવી એ અહીં આત્મામાં પૂર્ણ આનંદ તરફ વળીને કાંઈક શાંતિ અને આનંદના અંશો પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિના પ્રાપ્તિના કારણરૂપ પ્રગટ કરવા એને મોક્ષનો માર્ગ અને ધર્મદશા કહે છે. ભારે વ્યાખ્યા ભાઈ, ધર્મદશાની! સમજાણું

કાંઈ? એ વાત કાલે આવી ગઈ છે એ જરી કળશમાં નાખે છે આચાર્ય. જુઓ, એનો કળશ માલિની. ૫૪ છે કળશ માથે. એનો નીચે અર્થ આવશે.

(मालिनी)

जयति समयसारः सर्वतत्त्वैकसारः
सकलविलयदूरः प्रास्तदुर्वारमारः।
दुरिततरुकुठारः शुद्धबोधावतारः
सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः।।५४।।

જંગલમાં સંતોએ, એ વિકલ્પ જરી આવ્યો અને જગતના પ્રાણીને સુખના રાહ અને પંથ શું છે એ જરી બતાવવા આમાં આ કળશો કહ્યા છે. એનો સાર નીચે અર્થ છે.

'**શ્લોકાર્થ :- સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' જરી વ્યાખ્યા લાંબી છે, ધ્યાન રાખજો. શું કહે છે? કે આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેમ પીપર ચોસઠ પહોરી પૂર્ણ અંદર છે એ પીપરનું પૂર્ણ તત્ત્વ એ સર્વસ્વ સારતત્ત્વ કહેવાય છે અને કાળી અને પછી કાળીનો અભાવ થઈને અને કાંઈક લીલી અને થોડી તીખાશ અને પછી પૂરી તીખાશ અને પૂરી લીલી એવી ત્રણ દશાઓ એમાં થાય છે. એમ આત્મામાં વર્તમાન વિકાર પુણ્ય-પાપ, દેહ, વાણી, મન આ માટી છે એનું કાર્ય અને એનો સંબંધ આત્માને કાંઈ છે જ નહિ. સમજાય છે કાંઈ? દેહ વડે અને વાણી દ્વારા કાંઈ આત્મા કામ કરી શકે એ ત્રણકાળ, ત્રણલોકની અંદર નથી. કેમકે એ તત્ત્વો જુદાં છે. એમ જુદાં તત્ત્વના હયાતીવાળા ભાવ, એની વર્તમાન દશારૂપે તેનું થવું એ પરતત્ત્વનું એ કાર્ય છે. એ આત્મા એના કોઈ કાર્ય દેહાદિના કરી શકે એ ત્રણકાળ, ત્રણલોકમાં આત્માની હયાતીમાં નથી. હવે એ કરી શકે છે એ અજ્ઞાન અને રાગ અને દ્વેષ. ચિદાનંદ પ્રભુ આત્મસ્વભાવ ભૂલી અને એનું અજ્ઞાન અને રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ એવું એક તત્ત્વ દશાનું, અવસ્થાનું તત્ત્વ. અજ્ઞાન અને રાગ-દ્વેષરૂપ એક અવસ્થાનું તત્ત્વ. અને એ તત્ત્વનો આશ્રય છોડી પૂર્ણ ચિદાનંદ ધ્રુવ જ્ઞાયકભાવ જે ચોસઠ પહોરી જેમ પીપર છે એમ ચોસઠ નામ રૂપિયે રૂપિયો આનંદ અને જ્ઞાનનો ભરેલો આત્મદ્રવ્ય સ્વભાવ છે એનો આશ્રય કરીને, એનામાં ડૂબકી મારીને કાંઈક શુદ્ધિ અને શાંતિ અને ધર્મની દશા પ્રગટ થાય એને શાસ્ત્રભાષાએ સંવર અને નિર્જરાતત્ત્વ કહે છે. શુદ્ધતાનું પ્રગટવું, અશુદ્ધતાનું અટકવું, શુદ્ધતાનું વધવું, શાંતિનું પ્રગટવું, અશાંતિનું ટળવું અને શાંતિની શુદ્ધિની વૃદ્ધિ થવી. એ તત્ત્વને સંવર અને નિર્જરાતત્ત્વ દશાના, પર્યાયના, હાલતના કહેવામાં આવે છે. આહા..! અને જ્યારે આત્મા પૂર્ણ શુદ્ધતાની દશામાં પ્રાપ્ત થાય, પૂર્ણાનંદની પર્યાય દશા પ્રાપ્ત થાય એને મોક્ષતત્ત્વ કહે છે. એ મોક્ષતત્ત્વ એક સમની દશા છે. સંસાર વિકૃતદશા પણ એક સમયની દશા છે. એ સાધક સ્વભાવનું અંતર સાધન કરીને શુદ્ધતા આનંદની શાંતિ અને અતીન્દ્રિય આનંદનો કણ અંદરમાં જગાડવો અંતરમાંથી પ્રગટ કરીને, એવી આનંદની દશાને સાધક, મોક્ષનો

માર્ગ, નિર્મળ પર્યાય દશાને કહેવામાં આવે છે. એ તત્ત્વને સંવર, નિર્જરાતત્ત્વ કહે છે, પૂર્ણ દશાને મોક્ષતત્ત્વ કહે છે. એ મોક્ષદશા એક સમયની દશા, સંવર, નિર્જરાની સાધકની દશા અને સંસારદશા ત્રણે તત્ત્વોથી પાર એકલું જ્ઞાયકતત્ત્વ છે, તે સર્વ તત્ત્વમાં સાર છે એમ અહીંયાં કહેવામાં આવે છે. ભારે વાત, ભાઈ! શું કહ્યું સમજાણું આમાં?

એ ચોસઠ પહોરી લીંડીપીપર સાર છે. કઈ રીતે? કે કાળીનું તત્ત્વ છે એ છેને છેને અસ્તિ તરીકે હયાતી? પછી કંઈ તીખાશની દશા થોડી પ્રગટી એ પણ છેને? અને પછી પૂર્ણ પ્રગટી, પણ એ તો પ્રગટી, નહોતી, પ્રગટી, રહી એ તો એની સમય સમયની દશાનું સ્વરૂપ છે. એ બધા તત્ત્વોથી પાર એકલું જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ આનંદકંદ છે જેમાંથી શાંતિ અને આનંદનો પ્રવાહ આવે એવું જે તત્ત્વ છે એ બધી દશાઓના તત્ત્વથી પાર તત્ત્વ છે. સમજાય છે કાંઈ? એ **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** આ એની વ્યાખ્યા છે. આ વાચક શબ્દ છે, એનું વાચ્ય આ છે. શું આ તે ધર્મ પણ કઈ જાતની વાત?

જુઓ, આ અજીવ આદિ, શરીર આદિ તત્ત્વો છે કે નહિ? છેને આ માટી આદિ? છે એ દશ્ય થાય છે કે સસલાના શિંગડા દશ્ય થાય? ગધેડાના શિંગડા દશ્ય થાય? છે નહિ અને દશ્ય શું થાય? તો છે એ દશ્ય થાય છે. આ જડ આદિ તત્ત્વો છે. અંદર પ્રારબ્ધના તત્ત્વો જડ રજકણો છે, હવે એ એક કોર રાખો. એ તત્ત્વ આત્મામાં નથી. હવે આત્માની દશાનું તત્ત્વ જે છે એમાં પુણ્ય અને પાપની લાગણી પ્રગટ થવી, દયા, દાન, વ્રત, તપ, કરુણા, કોમળતા, સેવાની વાસના, એ વાસના વિકારીતત્ત્વ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગની વાસના ઉત્પન્ન થવી એ પાપરૂપી વિકારીતત્ત્વ છે અને એ વિકારીતત્ત્વ દશા હાલતમાં-હાલતમાં છે, ત્રિકાળ ચૈતન્યમાં નથી; એની મૂળ ચીજમાં નથી. જેમ કાળી દશા પીપરની મૂળ ચીજમાં નથી, વર્તમાન દશામાં છે. એમ એક રાગ અને દ્વેષ અને અજ્ઞાન, એની દશા ટળીને ત્રિકાળી ધ્રુવ ચૈતન્યમૂર્તિ પ્રભુ એના અવલંબનથી કાંઈક નિર્મળતા પ્રગટ થઈ અને પછી પૂર્ણ નિર્મળતા (થઈ), એ બધી સમય-સમયના અંશરૂપ તત્ત્વ છે, એવા સર્વ તત્ત્વોમાં એકસારરૂપ જે છે એ ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવતત્ત્વ છે. એ ધ્રુવતત્ત્વનો આશ્રય લે ત્યારે તેને શાંતિ મળે એવી છે. સમજાણું કાંઈ? મોહનલાભાઈ! સમજાય છે આમાં કાંઈ? આ વકીલ છેને કે નહિ પણ આ શું છે? વકીલાતું કરીને એમાં શું કર્યું? આ નથી કરી કોઈ દિ' કહે છે.

ભગવાન! તું ક્યાં અને કેવડો તેં જાણ્યો નથી. તને કોઈ જગતના બીજા તત્ત્વોની હયાતી મારે લઈને અને એની હયાતીને લઈને હું એમ તેં માન્યતામાં ભ્રમ ઉત્પન્ન કર્યો છે. એટલું તો નહિ પણ તારી દશાના અંશોના તત્ત્વો મલિનદશા અને નિર્મળ અપૂર્ણદશા અને પૂર્ણ નિર્મળદશા એ બધી એક-એક સમય પૂરતી દશા છે. એ દશાની પાર અંદરમાં રહેલું સર્વ તત્ત્વનો એકસાર જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ આનંદ એને સર્વ તત્ત્વોમાં સાર કહેવામાં આવે છે. એવા તત્ત્વના અંદરમાં દૃષ્ટિ કરવી અને એમાં એકાકાર થવું, ત્યારે તેને ધર્મ અને શાંતિની પ્રાપ્તિ

થાય એવી છે. ત્યારે સ્વતંત્ર થઈને સુખી થવાનો રાહ એના હાથમાં આવે. બાકી બધા પરતંત્ર અને દુઃખી થવાના રસ્તા છે.

**'સર્વ તત્ત્વોમાં જે...'** જે. મૂળ શ્લોક છેને. સર્વ તત્ત્વ એકસાર ભાઈ છેલ્લો શબ્દ. **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** એવો ચૈતન્યપ્રભુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ધ્રુવ સચ્ચિદાનંદ નિર્મળ જ્ઞાયક એકરૂપ તત્ત્વ એ બધી દશાઓના હાલતોના તત્ત્વથી એકરૂપ જુદું ધ્રુવતત્ત્વ છે એને આત્મતત્ત્વ કહેવામાં આવે છે. એવા તત્ત્વનું અંદરમાં જ્ઞાન કરવું, એવા તત્ત્વની પ્રતીત કરવી અને એ તત્ત્વમાં પ્રતીત કરીને રમવું એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા, ભાઈ! સમજાણું કાંઈ? આખા જગતના દશ્યો અને તત્ત્વોથી હા, હો ને હરિફાઈથી વાત બીજી છે આ. શું કીધું આ? ભાઈ! તું કોણ છો? કેવડો છો? ક્યાં છો ખબર નથી.

એક સિદ્ધાંત ન્યાય લઈએ. એક માણસ નિર્દોષતા પ્રગટ કરવા માંગે છે. નિર્દોષતા પ્રગટ કરવા માંગે છે. જો પ્રગટ કરવા માંગે છે તો એમાં એવો એક સિદ્ધાંત થયો કે એની વર્તમાન હાલતમાં નિર્દોષતા નથી. જો વર્તમાન દશામાં નિર્દોષતા હોય, નિર્દોષતા કહો, વિકારરહિત કહો, પવિત્રતા કહો, ધર્મદશા કહો, એ બધા એક અર્થમાં છે. તો નિર્દોષતા પ્રગટ કરવા માગે એમ ધ્વનિમાં ઉઠતા એટલા તત્ત્વો સિદ્ધ થાય છે કે એની વર્તમાન દશામાં સદોષપણું છે. જો સદોષપણું ન હોય તો 'નિર્દોષપણે મારે પ્રગટ થવું છે, નિર્દોષતાની પ્રાપ્તિ કરવી છે' એ વાત રહેતી નથી.

હવે સદોષ તત્ત્વ એટલે કે એની દશામાં શુભ અને અશુભરાગ, પુણ્ય અને પાપના ભાવ, શુભ અને અશુભની લાગણીઓ એ બધા સદોષતત્ત્વ છે. એ સદોષતત્ત્વનો અભાવ કરીને નિર્દોષપણે તેની પ્રાપ્તિ કરવી છે તો એ નિર્દોષ એની દશામાં નથી, વર્તમાન સદોષ છે અને એ નિર્દોષની દશા સદોષતત્ત્વમાંથી નહિ આવે. જે ચાલતું તત્ત્વ જે રાગ અને પુણ્ય અને શુભાશુભભાવનું છે એમાંથી નિર્દોષતા નહિ આવે. એનો વ્યય થઈને, અભાવ થઈને, નિર્દોષતા અંતર સ્વભાવમાં પડી છે ત્યાંથી પ્રગટ થશે. પ્રાપ્તની પ્રાપ્તિ હોય. જેના સ્વભાવમાં નિર્દોષતા કહો, વિજ્ઞાન આનંદકંદ કહો, એવું તત્ત્વ તેને અહીંયાં નિર્દોષ આત્મતત્ત્વ કહેવામાં આવે છે. એ નિર્દોષ થવાનો કામી એમ ધ્વનિ કરે છે કે સદોષને ટાળવું છે.

બીજી ભાષા. નિર્દોષ થવું છે એનો અર્થ કે એને સદોષતત્ત્વ નાશ કરી શકે એવી એને પ્રતીત થાય છે. ત્યારે સદોષતા એનામાં કાયમની નથી, સદોષતા કાયમની નથી, ક્ષણિક છે. ક્ષણિક છે તેથી નાશ કરવાની ભાવના થાય છે અને ક્ષણિકના સદોષતત્ત્વના સ્થાનમાં એક નિર્દોષતા લાવવા માગે છે. એ નિર્દોષતા કાંઈક ક્ષણિકતત્ત્વનાં રાગમાંથી નહિ આવે, બહારથી નહિ આવે. એ નિર્દોષતત્ત્વની પવિત્રતા એના અંતરતત્ત્વમાં પવિત્રતા ન ભરી હોય તો બહારથી પ્રાપ્તની પ્રાપ્તિ બહારથી ન હોય, અંદરમાં છે એમાંથી આવી શકે. એવું જે એક

સમયનું નિર્દોષતત્ત્વ ભગવાન આત્મા કે જે આ સદોષ તત્ત્વ અને નિર્દોષદશાની તત્ત્વદશા એનાથી પાર એકરૂપતત્ત્વ છે. સમજાય છે કાંઈ આમાં? એ આ તો અલકમલકની વાતું આત્માની છે, ભાઈ! દુનિયાએ ખીચડા અનાદિકાળથી કરી અને ચોર્યાસીના અવતારમાં હેરાન થઈને મરી ગયો છે. એણે વાસ્તવિક આનંદની ખાણ અને વાસ્તવિક સ્વતંત્રતાની શાંતિનું કારણ કોણ છે તેને એની દૃષ્ટિમાં, શોધમાં કોઈ દિ' લીધું નહિ.

તો કહે છે ભગવાન આચાર્ય જંગલમાં વસતા આનંદકંદમાં ઝૂલતા હતા. એમાં જરી વિકલ્પ ઉઠ્યો, અરે! જીવો! તું કોણ છો? કેવો છો? કે સર્વતત્ત્વમાં જે એક સાર છે. આહા..હા..! અજીવતત્ત્વમાં તો નહિ તું. પુણ્ય-પાપની પર્યાય જેટલી દશા થાય, જાય, દશા થાય એટલો પણ તું નહિ, પણ પવિત્રતા પ્રગટે ક્ષણિક એટલો પણ નહિ. કારણ કે ક્ષણિક પવિત્રતા પલટી જાય પાછી. જાય-આવે.. જાય-આવે.. નવી નવી થાય જાય. જૂની જાય નવી થાય, જૂની જાય નવી થાય. એવી દશાનું તત્ત્વ તેને એક સમય પૂરતું તત્ત્વ, પવિત્રતાનું તત્ત્વ અને પૂર્ણ પવિત્રતાની દશા પણ મોક્ષદશા પણ એક સમય પૂર્ણ છે. એ દશા ભલે એવી ને એવી નવી નવી થયા કરે અને રહે પણ તે એક સમય નામ સેકન્ડના અસંખ્ય ભાગ જેટલી દશા છે. એટલે બધા તત્ત્વોથી પાર એક ભગવાન જ્ઞાનાનંદમૂર્તિ ધ્રુવ એ બધા તત્ત્વોમાં એક સાર છે. એવા તત્ત્વની અંદર દૃષ્ટિ કરવી, એને ધ્યેય બનાવવું, એને જ્ઞાનનું જ્ઞેય બનાવવું એનું નામ ધર્મ કહેવામાં આવે છે. ભારે ધર્મની વ્યાખ્યા, ભાઈ! જગતથી આ જુદી. પણ જુદી જ હોયને અનંતકાળથી રખડનાર કરતા. અનંતકાળથી ચોર્યાસીના અવતારમાં રખડ્યો, એના એ કારણે જો મુક્તિનો માર્ગ હોય તો રખડવું ટળીને મુક્તિ થવી જોઈએ અનંતકાળમાં. એક કારણની છેદ દશા એ કાંઈક બીજી દશા છે.

જે અહીં કહે છે કે ભાઈ! પ્રભુ! તું કેવડો? કે તારા ધર્મની દશા પ્રગટ થાય એવડું પણ એ તત્ત્વ નહિ, કારણ કે એ તો એમાંથી આવે છે. એ તો મોટી ખાણ નિધિ પડી છે ચૈતન્યદ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ કે જે બધા તત્ત્વમાં એક સાર છે. એ '**સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...**' પલટતી પર્યાયો, દશાઓથી એ દૂર છે. જરી ઝીણું તત્ત્વ છે, ભાઈ! આ તો મોક્ષમાર્ગ નિયમ. નિયમ એટલે મોક્ષનો ઉપાય. એણે કોઈ દિ' સાંભળ્યો નથી, સમજ્યો નથી. એક ક્ષણ પણ લક્ષ કર્યું નથી. બહારના કડાકૂટારામાં આખી જિંદગી અનંત, એક નહિ એવી અનંત ગાળી છે. ત્યાગી થયો, બાવો થયો, સાધુ થયો, 'બુદ્ધિ વિનાના બાવા થયા, ભવસાગરમાં બૂડી મુવા.' સમજાણું કાંઈ? જે તત્ત્વ જે છે એક સમયનું આખું પૂર્ણ શુદ્ધ, જેમાં શુદ્ધનો એકલો સરોવર દરિયો ભર્યો છે એને અંતરમાં દૃષ્ટિ મૂકી અંતરમાં કે જે વસ્તુ સમ્યક્ શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનનું જે ધ્યેય આખું તત્ત્વ છે એ તત્ત્વ કેવું છે? કે વર્તમાન દશાઓ વિકાર કે અવિકાર એ બધી પલટતી-પલટતી-પલટતી દશાઓ છે. એ પલટતી દશાના ભાવથી એ એકરૂપતત્ત્વ છે એ દૂર છે. ભારે ભાષા ભાઈ

આ. આવો ધર્મનો ભાવ. ઓલું તો સોંઘુ સટ કે દયા પાળવી, સેવા કરવી, કરુણા કરવી, કરતાં-કરતાં ધર્મ આત્માનું કલ્યાણ થઈ જશે, લ્યો! વજુભાઈ! કોની કરી શકે છો? કોણ છો તું ક્યાં? કોણ છો તું ક્યાં? પરમાં તું પેસી જા છો કે પરના કાર્ય તું કરી શકે છો? ત્રણકાળ, ત્રણલોકમાં નહિ. જગતના હયાતીવાળા તત્ત્વો હયાતી રાખીને પલટે તેમાં તારો અધિકાર છે નહિ. તારા તત્ત્વની દશાના તત્ત્વો જે પલટતા પર્યાય દશારૂપ છે એટલું પણ તારું પૂર્ણ તત્ત્વ નથી. એવા પૂર્ણ તત્ત્વની અંદરમાં દૃષ્ટિ દઈને ધ્યેય કરવું ત્યારે અંતરમાંથી સમ્યક્ શાંતિનો અંશ પ્રગટ થાય એને ધર્મ કહેવામાં આવે છે. બરાબર હશે આ વાત? એય..! મોહનલાલભાઈ!

**'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી...'** ભાઈ પર્યાયો. બહુ ટૂંકી પણ વાચ્યને... પ્રભુ! તું એકવાર સાંભળ તો ખરો. આખું ચૈતન્ય ધ્રુવ પરમાત્માસ્વરૂપ પોતે છે. જેમ એક પીપરમાં ચોસઠ પહોરી તીખાશ એવી ને એવી પડી. ચોસઠ પ્રગટી અને પ્રગટી તોપણ એવી ને એવી અંદર છે. એ નવી... નવી... નવી... નવી... નવી... થાય કરે છે. તને લાગે સદૃશ્ય એમ ને એમ છે. પણ નવી-નવી-નવી થાય. જે અવસ્થા થઈ તે જાય, નવી થાય, જાય ને થાય. એ બધી શક્તિનું તત્ત્વ તે ચોસઠ પહોરું છે. એમ એક સમયનો ભગવાન અંદર શુદ્ધ ચિદાનંદ મૂર્તિ પલટતાં, શુદ્ધ અને અશુદ્ધ દશા તે પલટતી છે એ પલટતીથી પાર જે ચૈતન્યપ્રભુ ધ્રુવ છે એને અહીંયાં સારતત્ત્વ, મુખ્ય તત્ત્વ, પરમાત્મતત્ત્વ કહો કે આત્મતત્ત્વ કહેવામાં આવે છે. એવા આત્માનું જ્ઞાન અને શ્રદ્ધા ન કરે 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી. શું કર્યું તીર્થ ને તપ કરવા થકી, શું કર્યું જાપ ને સેવા કરવાથી' રણમાં પોક મૂકવા જેવું છે તારું બધુંય. આકરું ભારે હોં આમાં. સેવાભાવી માણસને ભારે આકરું પડે આમ અંદરથી. કોઈની સેવા કરી શકીએ છીએ. અરે! ભગવાન! કોણ કરે, ભાઈ! આ તો બધા વેળુના મોટા ભીંતડા ચણ્યા. વેળુના વગર ચીકાશવાળા. કોકના આમ કર્યા. અરે! પ્રભુ પણ તું તારી દશાને કર, એ સિવાય પરનું કરે કોણ? કારણ કે પરના હયાતીમાં તારી હયાતી નહિ, તારી હયાતીમાં પરની હયાતી નહિ. અહીં તો તારી હયાતીમાં જે દશાઓ વિકાર અને અવિકાર થાય એટલી હયાતી પણ તારા પૂર્ણમાં નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ!

અનંત-અનંતકાળ ગયો ચોર્યાસીના અવતાર. આ કાંઈ પહેલો મનુષ્યભવ નથી. આદિ-અંત વિનાનું તત્ત્વ એ ક્યાં રહ્યું? ક્યાંય નાશ થયું છે? શરૂઆત થઈ છે કે આ આત્મા નહોતો અને થયો? અને થયેલો પછી આ કાળે નાશ થશે? છે એની ઉત્પત્તિ હોય નહિ અને છે એનો કોઈ દિ' નાશ હોય નહિ. એવું જે ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકમૂર્તિ તત્ત્વ એની દશાઓ જ્યારે બાહ્યતત્ત્વથી તો ભિન્ન છે... આહા..હા..! કર્મ અને શરીર જે આ માટી એનાથી તો જુદું એ તત્ત્વ છે, પણ એની હાલતોમાં થતી દશા એટલા પૂરતું એ તત્ત્વ નથી, તેથી પલટવા

યોગ્ય તત્ત્વથી દૂર એ તત્ત્વ છે. એકરૂપ ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકમૂર્તિ પ્રભુ છે. આ એને દૃષ્ટિનો વિષય બનાવવો, આ એને જ્ઞાનનો વિષય બનાવવો, એમાં લક્ષ કરીને એમાં સ્થિર થવું એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ ત્રણકાળ, ત્રણલોકમાં સર્વજ્ઞોથી સિદ્ધ થયેલો એ માર્ગ છે.

'**જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...**' ત્રીજો બોલ. નષ્ટ કર્યો છે એટલે જેમાં કામ છે જ નહિ. શું કીધું? જેમાં કામની વાસના ત્રિકાળતત્ત્વમાં છે જ નહિ, એને નષ્ટ કર્યો છે એવી શૈલીથી વાત કરી છે. પ્રભુ ધ્રુવ આત્મા સત્... સત્... સત્.. સત્ જ્ઞાન અને આનંદ એવું કાયમી તત્ત્વ, એવા તત્ત્વે કામ નામ વાસનાનો નાશ કર્યો. એટલે કે જેમાં વાસના સ્વરૂપમાં છે જ નહિ. સ્વરૂનપી અંદર વાસના ત્રિકાળ ચૈતન્ય ધ્રુવમાં છે નહિ. એનો આશ્રય કરવાથી વાસના ટળે અને નિર્વાસિના એવી આત્મશાંતિની મુક્તદશા અને એના કારણરૂપ માર્ગની દશા પ્રગટ થાય. શબ્દે શબ્દે ધ્યાન રાખે તો પકડાય હોં! નહિતર એક શબ્દ આડો અવળો જાય તો વાંધા ઉઠે એવા છે. '**જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...**' દુર્વાર એટલે? રાગ અને દ્વેષ, ઈચ્છા, ભોગની વાસના મહામુશ્કેલથી ટાળી શકાય. અનંતકાળની વાસના એમાં છે દશામાં દશામાં. કહે છે કે એના મૂળ સ્વરૂપમાં એ છે નહિ. એના મૂળ સ્વરૂપમાં એ છે નહિ. '**દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...**'

'**જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' શું કહે છે? મોટો કુહાડો હોયને સારી તીક્ષ્ણ ધારનો એ મૂળમાં નાખે તો ફડાક મૂળ છેદાઈ જાય. એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ધ્રુવ ચૈતન્ય છે એ પાપ નામ પુણ્ય અને પાપ બેય પાપ છે. આ શુભ અને અશુભ બેય પાપ છે, આત્માના અમૃતથી આત્માનું અમૃત અતીન્દ્રિય સ્વરૂપ એનાથી ઊલટીદશા, વિપરીતદશા થાય તેને શુભ અને અશુભભાવ કહેવામાં આવે છે. માટે શુભ અને અશુભભાવ પરમાર્થ દૃષ્ટિની અપેક્ષાએ બેયને પાપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' એટલે? એનામાં પાપ સ્વભાવ છે જ નહિ. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, આનંદકંદ જેના લક્ષે સંસાર ટળીને મુક્તિ થાય એવો ભગવાન ચિદાનંદ પ્રભુ આત્મા એમાં, કહે છે પાપ વૃક્ષને છેદનાર કુહાડો (છે) એટલે કે પુણ્ય અને પાપ તેની મૂળ ચીજમાં નથી એટલે ઉત્પન્ન થવું કે નાશ થવું એ આત્માના મૂળ સ્વભાવમાં નથી.

'**જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...**' એ નાસ્તિથી વાત કરી એટલી તો. હવે અસ્તિથી કરે છે. એટલી તો નાસ્તિથી કરી. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ તત્ત્વ પ્રભુ, '**જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...**' એટલે? એ જ્ઞાનસ્વરૂપી જ આત્મા છે. ભગવાન આત્મા જ્ઞાનસૂર્ય. આત્મા એટલે શું? જ્ઞાનસૂર્ય, પ્રકાશસૂર્ય. શેનો પ્રકાશ? જડનો નહિ. જ્ઞાનસૂર્ય. જ્ઞાન ચેતનસૂર્ય... ચેતનસૂર્ય. ચેતન આત્મા એનો ચૈતન્ય સૂર્ય. જાણવું-દેખવું એવો

સૂર્ય એવો ચૈતન્યપ્રકાશ એનો અવતાર છે. અવતાર એટલે એ રૂપે છે. ભારે ભાષા, ભાઈ! **'જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...'** આ માણસ નથી કહેતા? આ અવતર્યો. એટલે કે થયો. એમ આ આત્મા શુદ્ધ જ્ઞાનથી થયો એટલે શુદ્ધ જ્ઞાનરૂપ છે. ભારે વ્યાખ્યા! શું કહે છે આ સમજાય છે કાંઈ?

શુદ્ધ જ્ઞાનનો અવતાર ભગવાન આત્મા પોતે જ્ઞાનસૂર્ય ચૈતન્યસૂર્ય છે, પ્રકાશનો પુંજ છે. પુણ્ય અને પાપના ભાવ એ અંધકારરૂપ છે. શરીર, વાણી, જડ તો અંધકાર છે, માટી, ધૂળ છે આ. પણ એમાં શુભ અને અશુભભાવ થાય, એમાં જાગૃત જ્ઞાનના અભાવનો ભાવ છે. માટે શુભ-અશુભભાવને અંધકાર (કહેવામાં આવે છે). અને ભગવાન આત્મા એકલો જ્ઞાનરૂપ સ્વરૂપ છે. ચૈતન્યસૂર્ય... ચૈતન્યસૂર્ય એના ઉપર નજર પડતાં જે ન્યાલની દશા વર્તમાનમાં પ્રગટ થાય આ એને શાંતિ ને સ્વતંત્ર અને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'જે સુખસાગરનું પૂર છે...'** અરે આવો? ઓલા ભગવાનજીભાઈ વકીલ કહેતાને ભાઈ કે આવો આત્મા ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? વળી એમ કહે. પણ એલા કોઈ દિ' સાંભળ્યો નથી, સમજ્યા નથી. ભગવાનજીભાઈ હતાને. સાંભળવા બહુ આવતા હતા. અરે! ભગવાન તેં કોઈ દિ' નક્કી કર્યું નથી. તે કોણ છે? પવિત્રતા પ્રગટ કરવા માગે એ પવિત્રતા બહારથી ત્રણકાળમાં નહિ આવે. એ પવિત્રતાનો પિંડ પ્રભુ છે આત્મા. તું આત્મા પરિપૂર્ણ પરમાત્મ નામ પવિત્રતાનો પિંડ પ્રભુ જથ્થો છો. એને અહીંયાં સુખસાગરનું પૂર કહે છે. આનંદનું પૂર-પૂર.

આત્મામાં આનંદ કેવો આનંદ? અતીન્દ્રિય આનંદ. આ ઇન્દ્રિયોમાં જડ કે બાહ્યમાં કલ્પના કે ઠીક છે એવી કલ્પના તો ઝેર છે, એ તો દુઃખ છે, વિકૃત છે. એ વિકૃતની પાછળ પડેલું સુખ તે અવિકૃત આનંદ છે અંદરમાં. અવિકૃત આનંદની ગુલાટ દશા તેને વિકારની અવસ્થાને દુઃખદશા કહેવામાં આવે છે. આવો આત્મા ગયો ક્યાં? કીધુંને. એક ફેરી કહ્યું હતુંને, કાલે નહોતું કહ્યું? મોટો દરિયો ભર્યો હોય આમ છલોછલ પણ એક ચાર હાથનું કપડું આમ હોય ઊંચું. માણસ ત્યાં ઉભો હોય તો બધો દરિયો ન દેખાય. દરિયો તો દરિયો પાણીથી ભરેલો છલોછલ છે. ચાર હાથના કપડાની પર્યચ નાખી હોય, નજર પડે એના ઉપર તો ઓલું દેખાય નહિ. એમ ભગવાન આત્મા સુખસાગર અને જ્ઞાનનું પૂર ધ્રુવ છે, પણ આ પુણ્ય-પાપ ને શરીરની રુચિની આડમાં એ ચૈતન્યપૂર એની નજરમાં આવતું નથી. સમજાણું કાંઈ?

કહ્યું હતુંને. દાખલો આપ્યો નહોતો? 'તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ. એ તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ.' એમ પુણ્ય-પાપના રાગની રુચિની આડમાં ચિદાનંદ પ્રભુ સુખનો સાગર જેમાં એકાગ્રતાની વીણા વાગતા જેમાંથી આનંદના અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે. એવા આનંદને રાગ અને પુણ્યની રુચિની આડમાં એને દેખતો અને ભાળતો

નથી. આહા..હા..! 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા. અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' બીજી વાત છે નહિ.

ભગવાન આનંદપૂર પ્રભુ છે, પણ વિકલ્પની લાગણી શુભાશુભનું અસ્તિત્વ, એટલાને સ્વીકારનાર એના સ્વીકારની આડમાં રાગની પાછળ, રાગ વિકૃત છે એની પાછળ અવિકૃત ત્રિકાળી આનંદનું પૂર છે એ રાગની રુચિમાં આનંદના પૂરને માન્યતા અને વિશ્વાસમાં લાવી શકતો નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ આ અધ્યાત્મનો ધર્મ, અધ્યાત્મની શૈલીનો ધર્મ અને બીજો ધર્મ બે જાતના હશે? ધર્મ બે પ્રકારના હશે? 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ, તે પ્રેરે પરમાર્થને તે વ્યવહાર સંબંધ.' વિકલ્પ આવ્યો અંદર કે ત્રિકાળ આનંદ શુદ્ધ છું, પૂર્ણાનંદ છું. એવો ગુલાંટ ખાઈને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ ઉપર નજર નાખતા જે પૂર્ણાનંદ સુખનું પૂર શ્રદ્ધા અને જ્ઞાનમાં આવવું ત્યારે તેને આસ્તિક અને ધર્મની દૃષ્ટિ થઈ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ કેવો છે ભગવાન આત્મા? કે આ દેહદેવળમાં બિરાજે બધા આત્માની વાત ચાલે છે હોં! એક એક લીંડીપીપરમાં ચોસઠ પહોરી ભરી છે, લાખો કોથળા ભરેલા હોય એક એક પીપરમાં પૂરી ચોસઠ પહોરી છે. એમ આ કોથળા બારદાન આ હાડકા, એમાં ભગવાન બિરાજે છે એકલો ચૈતન્યદળનો કંદ, પણ એને માહાત્મ્ય પોતાનું આવતું નથી. આ ભારે ચીજ. શરીર ભારે, સુંવાળું ભારે, રૂપાળું ભારે. ધૂળ છે સાંભળને. પૈસા સારા, આબરૂ સારી, માંસ એને ખાવાની જે ચીજ માને તે. સમજાય છે? માવાના શું કહેવાય આ? જાંબુ. માવાના થાયને જાંબુ શું કહેવાય? ગુલાબજાંબુ. ગુલાબજાંબુ સારા, જલેબી સારી, સાકર સારી, ફલાણું સારું, ધૂળ સારું, પણ એ તારો જાણનાર તું સારો? કે હું નહિ. આ બધા સારા. એલા પણ એને સારો જાણનાર તું. એને સારાનું ભાન પણ ન મળે. સારો જાણનાર તું. હવે જાણનારમાં સારાપણું કે ત્યાં સારાપણું એની તને ખબર નથી. સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા એ શુદ્ધજ્ઞાનનો અવતાર નામ સ્વરૂપ છે અને સુખસાગરનો, આનંદના સાગરનો દરિયો છે. આહા..હા..! અરે! આમાં ક્યાં એક શાંતિનો અંશ (પણ દેખાતો નથી). પણ ક્યાં તું ગોતવા ગયો છો તે મળે તને. શોધ્યો હોય ત્યારે મળેને. એને હજી વિશ્વાસમાં લીધું નથી કે મારી ક્રિયા ધાર્મિક અંતર્મુખ ચૈતન્યદળ પડ્યું અને એમાં એકાગ્ર થવું એ મારી ધાર્મિકક્રિયા છે. બાકી ધાર્મિકક્રિયા યથાર્થપણે હોઈ શકે નહિ. એમ એને વિશ્વાસમાં, દૃષ્ટિમાં, રુચિમાં આવ્યું નથી. સમજાણું કાંઈ? કહે છે કે એ શુદ્ધ સાગરનો પૂર છે.

ભગવાન દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ **'અને જે ક્લેશોદધિનો કિનારો છે,...'** લ્યો, શું કહે છે? એ પુણ્ય અને પાપની લાગણીઓ વૃત્તિ ઉઠે છેને એ ક્લેશ છે. ક્લેશ તારી દશામાં છે. ક્લેશ પરમાં નથી, ક્લેશ અંતરમાં નથી. ઊભી કરેલી કૃત્રિમ દશા શુભ અને અશુભ રાગની ક્લેશ છે. એ ક્લેશ-ઉદધિ આમ નાખ્યું ભાઈ સામું. ઓલો સુખસાગર, તો આ ક્લેશ

ઉદધિ. ભગવાન આત્મા આનંદનો સાગર છે એની અંતર દૃષ્ટિ કર, એનો આશ્રય લે. એ સિવાય ધર્મ બર્મ ત્રણકાળમાં બીજે રસ્તે હોઈ શકે નહિ.

કેવો છે ભગવાન આત્મા? કે '**ક્લેશોદધિ...**' ક્લેશનો જે દરિયો આકુળતા-આકુળતા. માથા ફરી ગયા અંદર ફરી જાય અંદર. વિકલ્પ-વિકલ્પ-વિકલ્પની જાળું, કરોળિયો એની જાળમાં ઘૂંચાય એમ શુભ અને અશુભની લાગણીઓની જાળ એ બધી ક્લેશ છે. એનો જે દરિયો અપાર વિકલ્પની એ પુણીમાં પુણી જે એક પુણી નીકળે ત્યાં બીજી સાંધે. સાંધ્યા કરે. એમ રાગની લાગણી, રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, શુભ અને અશુભ. એવી લાગણીરૂપી ક્લેશ, એવો જે દરિયો અપાર એનો એ કિનારો આત્મા છે. આ એનો હદ લાવનારો એ આત્મદ્રવ્ય છે. અંતર દૃષ્ટિ કર્યે અંતર સ્થિર થયે તેનો કિનારો આવી જાય, બાકી બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ?

'**તે સમયસાર...**' લ્યો, આ સમયસારની વ્યાખ્યા. '**તે સમયસાર...**' સમય એટલે આત્માનો સાર પ્રભુ ધ્રુવ '**જયવંત વર્તે છે.**' મંગળિક કર્યુંને. જયવંત વર્તે છે એટલે? એવો શુદ્ધ ધ્રુવ જે કહ્યો, સર્વ તત્ત્વમાં સાર, ક્લેશનો કિનારો લાવનાર, જ્ઞાનનો અવતાર, સુખનો દરિયો, પાપના વૃક્ષને છેદનાર અને દુર્વાર કામને નષ્ટ કરવાની તાકાત જેના સ્વભાવમાં પડી છે એવો ભગવાન આત્મા સદાય જયવંત વર્તે છે. કોઈ દિ' એમાં ખોડખાપણ આવી નથી. ભારે પણ ક્યાં કરવી! સમજાણું કાંઈ? વાતની મહિમા ચૈતન્ય શું એની મહિમા ન આવે ત્યાં સુધી એની નજર ફરે નહિ. જેમાં જેની મહિમા તેમાં તેની નજરું. જેમાં જેની જરૂરિયાત જણાય તેમાં તેનો પુરુષાર્થ કામ કર્યા વિના રહે નહિ. જેને અનાદિકાળથી શુભ અને અશુભ રાગની જરૂરિયાત જણાણી એટલે એનું વીર્યની સ્ફૂરણા વિકારની લાગણીની રુચિમાં જે રોકાઈ ગયેલો છે. ભલે પરની જરૂરિયાત માને પણ એ કાંઈ પરને મેળવી શકે કે ટાળી શકે એનામાં તાકાત નથી. મેળવું અને ટાળવું એવો જે વિકલ્પ ઉઠ્યો છે વિકાર, શુભાશુભ વૃત્તિઓ એ શુભાશુભ વૃત્તિનો ક્લેશભાવ જે છે, દુઃખભાવ છે... સમજાણું? એનાથી રહિત ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છે એ જયવંત વર્તે છે. મહિમા ઓલાની આવે ત્યાં સુધી આની મહિમા આવે નહિ. સમજાણું?

એક માખી જેવું જનાવર સાકરને ગાંગડે બેસે અને ફટકડીને ગાંગડે બેસે. ફટકડી ઉપર બેસતા સ્વાદ ન આવે એટલે ચોંટી નહિ રહે અને સાકરને ગાંગડે બેઠું. છોકરા ખાવા બેસે સાકરના પાંચ-સાત ગાંગડા પડ્યા હોય. એનો હાથ લાગે ત્યાં સુધી ઉખડે નહિ. એની ઓલી પાંખ દબાય સાકરની સાથે, પણ મીઠાશ લાગે છેને મીઠાશ, એ મીઠાશથી માખી જેવા પ્રાણીને પણ ઉઠવું ગોઠતું નથી. એમ ભગવાન આત્મા એ પુણ્ય અને પાપની મીઠાશની રુચિમાં પડ્યો એને અંતરમાં આવવું ગોઠતું નથી અને અંતર દૃષ્ટિ કરી એને પુણ્ય-પાપમાં આવવું એ મીઠાશ લાગતી નથી. સમજાણું કાંઈ? શું છે આ બધી રમતું? કહે છે, જેની જેને અંતરમાં જરૂરિયાત જણાય ત્યાં વીર્યની ગતિ કામ કર્યા વિના રહે.

અહીંયાં આચાર્ય કહે છે કે 'હું એક ચૈતન્ય જયવંત તત્ત્વ છું' એમ જો મહિમામાં આવ્યું તો ત્યાં દૃષ્ટિ થયા વિના રહે નહિ. પણ અનાદિથી શુભ અને અશુભની મહિમા, અમે પુણ્ય કર્યા અને અમે પાપ કર્યા, આ કર્યું, સારું કરી દીધું, કંઈકના ભલા કર્યા અને કંઈકના ભૂંડા કર્યા, કંઈકના આ કર્યા. હરામ કર્યું હોય તો કોઈનું ભલું-બૂરું. તારા વિકલ્પની જાળમાં કલ્પનામાં રોકાઈ ગયો છો. અરે..! પણ આ તો બધું શું થાય આ? ભૂંસાડ્યો વળી જતો હશે આ બધો ત્યારે આ. તો પછી કોઈ કોઈનું કરશે નહિ. કોણ કરે છે? કોણે તને કીધું કરે છે કોક કોકનું? આંગળી હલવી તારા અધિકારની વાત નથી. .. થાય એં.. એં.. મોટા બેરિસ્ટરો જેવા હુશિયાર હોય અને જ્યાં જીભ તોતડાય છે. અધિકાર છે કે નહિ? ખ્યાલમાં નથી વાત? કે આમ બોલવું જોઈએ અત્રુટક ધારાએ. એં..એં.. ટેં..ટે.. કેમ થઈ જાય છે? જડની ક્રિયા જડને કારણે થાય, તારાથી થતી નથી. સમજાણું કાંઈ? પણ એ અસ્તિત્વનું તત્ત્વ જગતમાં છે એમ માનતો નથી. એ તો મારે લઈને બધા હયાતી તત્ત્વોના કામ કરી રહ્યા છે. હવે એને અંતરના તત્ત્વમાં મારી દશામાં વિકાર અને મારી દશામાં વિકારરહિત થવાય, એ બધી દશાનું પારવાળું એક તત્ત્વ ચૈતન્ય આખું ધ્રુવ, એની મહિમા અને એનો વિશ્વાસ આવ્યા વિના એને કોઈ દિ' સમ્યગ્દર્શન અને આત્મ સાક્ષાત્કાર થાય નહિ અને આત્મા સાક્ષાત્કાર સમ્યગ્દર્શન થયા વિના ધર્મ-બર્મની વાતું બધી એકડા વિનાના મીંડા. એ કોરે કાગળે રણમાં પોક મૂકે એની કોઈ સાંભળે નહિ. રણમાં પોક મૂકે તો સાંભળે? ત્યાં કોણ માણસ હતો તો સાંભળે? એમ તારી દુર્દશા કરનાર પણ તું અને તારી સુદશા કરનાર પણ ત્રિકાળ તત્ત્વનો આશ્રય લે તો તું. એવી ચૈતન્યતત્ત્વની મહિમા અંદરમાં આવ્યા વિના, કહે છે કે જયવંત વર્તતું તત્ત્વ કાયમ છે. તારી નજરને આળસે તે રહી ગયું છે જોવામાં. સમજાણું કાંઈ?

આ તો મૂળની વાતું છે, ભાઈ! બધા પાંદડાની વાતું ઘણી હોય, પણ એ પાંદડા-બાંદડા તોડ્યે પાંદડા નવા બે મહિને પાંગરી જાશે પાછા. જેના મૂળ છેદ્યા નહિ, જેના મૂળ છેદ્યા નહિ એ પાંદડા બે મહિને ફરી થઈ જશે અને જેના મૂળ છેદાણા એના પાંદડા લાખો-કરોડો હોય એ પંદર દિ'એ સૂકા થઈને ભુક્કા. એમ ભગવાન આત્મા ધર્મની દશાનું મૂળ તત્ત્વ જે છે એના ઉપર દૃષ્ટિ આપ્યા વિના તારા રાગની મંદતા અને દયા, દાન અને વ્રતના પરિણામ એ પાંદડા તોડ પણ મૂળ કપાશે નહિ. સમજાણું કાંઈ?

કહે છે '**સમયસાર...**' ભારે વ્યાખ્યા, ભાઈ! એની મેળાએ વાંચો તો કાંઈ આમાં સમજાય એવું નથી હોં! ચંદુભાઈ! એક ફેરી કીધું હતુંને ત્યાં, ગોંડલમાં હતાને ઓલા એક કોણ દીવાન કોણ? જોષી-જોષી. વ્યાખ્યાન ચાલતું હતું. આમ વ્યાખ્યાનમાં આવે દરરોજ. ૮૮ની સાલની વાત છે ૮૮ની. પછી ઓલા કામદાર હતા ભાઈ ત્યાં ગોંડલમાં નહિ ઓલા? કેશવલાલ કામદાર પ્રોફેસર. વડોદરા છેને પ્રોફેસર. એ પ્રોફેસરને કહ્યું, પ્રોફેસર! આ મહારાજ વાંચે એ પુસ્તક એ વાંચીએ લાવજો ઘરે. મેં કીધું હવે માંગે છે તો દેવું તો ખરું. સમજશે નહિ ધૂળમાં

પણ. જોષી હતાને. પ્રાણશંકર જોષી. ૮૮ની વાત છે ૮૮. માણસો હજારો આવતું. બધા સાંભળે. ઓહો..હો..! આ પુસ્તકમાંથી આ! લાવો મહારાજ પ્રોફેસરે પુસ્તક મગાવ્યું. લઈ ગયા. એક દિ' વાંચ્યું. આ તમે કહો છો એવું તો આમાં કાંઈ લખ્યું નથી. પણ તમને જોતા ન આવડે. પ્રાણશંકરભાઈ! તમને જોતા ન આવડે. દીકરી એક વિધવા હતીને. એ બિચારા વાંચતા. શોખ હતો એને વાંચવાનો. વિધવા એક બાઈ છે. પણ બાપુ આ તો તત્ત્વો છે, આ તો માલ ભરેલા છે આમાં. જે કાંઈ... સમજાણું?

એક-બે આડતિયા હોય મોટા અને એક આડતિયાએ લખ્યું ચાલતો ભાવ રૂનો હોય ૪૩૫. અને ૪૭૦ લાખ ધોકડા લેજો એક કાર્ડમાં લખ્યું. ઓલો વાંચે પણ એને કાંઈ ખબર પડે? સમજે એ વાંચે તો કહે ઓહો..! ખૂલે કાર્ડે લખ્યું. જ્યાં દેવા ગયો ઓલો પોસ્ટમેન. ત્યાં ઓલો બેઠો હતો બે તકિયા અને આટલી ઓરડીમાં. હવે એના ઉપર ૪૭૦. ચાલે છે ભાવ ૪૩૫નો. ૪૭૦માં લાખ ધોકડા ચૈત્ર સુદ બીજના લેજો. આની પાસે હિંમત કેટલી? લખનારની હિંમત કેટલી? લખનારનો આના ઉપર વિશ્વાસ કેટલો? આ બેઠો આટલામાં પણ મૂડીવાળો લાગે છે. એ એટલા અક્ષરમાં બેયની મોટપ, બેયનું માહાત્મ્ય, બેયની હિંમત, બેયનો ધંધો કરવાનું સાહસ એ બધું એમાં દેખાય એ લખાણમાં છે. લખ્યું નથી હોં. લખ્યું તો આટલું. એમ આ શાસ્ત્રના પાના એ ધર્માત્મા જ્ઞાનીએ લખ્યા એ જ્ઞાનીને સમજવા માટે લખ્યા. એ આડતિયાને સમજાય અને સમજેલા આ કહેવા માગે છે.

અહીં ભગવાન આચાર્ય એમ કહે છે કે અરે! આત્મા એ શુદ્ધ પરમાત્મસ્વરૂપ તારું છે એની નજર કર્યા વિના, એનો વિશ્વાસ કર્યા વિના, એમાં લીન થયા વિના, ધર્મની દશા ત્રણકાળ, ત્રણલોકમાં કોઈને થઈ નથી, થશે નહિ, થવાની નથી. એ માટે આત્મસાર જયવંત વર્તે છે. તારી નજરની કચાશ છે. 'તારી નજરને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ.' હરિ એટલે આત્મા. કીધુંને અહીં પાપ છેદનાર. હરિ પાપનો ... હરતિ તે હરિ. વિકારના પુણ્ય-પાપના ઓઘના સમૂહને હણી નાખે, એમાં રહેવા ન દે એવું જે ચૈતન્યતત્ત્વ તેને હરિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહે છે કે એવો **'તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે.'** લ્યો, આ એક ગાથા થઈ. શ્લોક થયો એની ગાથા એક થઈને. ગાથાનો આ કળશ હતો. સમજાણું આમાં કાંઈ?

હવે વાતું તો ઘણી આવી, પણ યાદ કેટલી રાખવી આમાં? અને પાછી નહિ ધારેલી વાત હવે સંઘરવી ક્યાં? જે વેપાર-ધંધો હોયને એ જાતનો માલ આવે તો એના ખાના હોય. આ માલ નાખ આ ખાનામાં. જો ઓલું જીરું થોડું રહી ગયું એમાં નાખ જીરું, કોકમ છે નાખ આમાં. આ ખાનું પણ ક્યાં હવે અંદર? એણે ખાનું કોઈ દિ' બરાબર પ્રગટ કર્યું નથી. ધર્મ અને શાંતિ જન્મ અને મરણના નાશનો ઉપાય, એ ઉપાયનો ઉપાય, એ ઉપાયનો ઉપાય એવું પરમતત્ત્વ ભગવાન આત્મા છે કે જેના અંતર ભરોસે ચાલતા, અંતર્મુખ થતાં

જે પૂર્ણ ધ્યેય દૃષ્ટિમાં આવે ત્યારે તેને સમ્યગ્દર્શન અને ધર્મના અંકુર દશામાં ફૂટે માટે જયવંત વર્તે આત્માને એમ કહ્યું છે. કહો, ચંદુભાઈ! સમજાણું આમાં? હવે ૩૯. ૩૯ ગાથા.

**णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा।**
**णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा।।३९।।**
**જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,**
**જીવને ન સ્થાનો હર્ષના, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.**

'ટીકા :- આ, **નિર્વિકલ્પતત્ત્વના સ્વરૂપનું કથન છે.**' આનું આ. અખંડાનંદ પ્રભુ ધ્રુવ કોણ છે એના સ્વરૂપનું વિશેષ વર્ણન કરે છે. નિર્વિકલ્પતત્ત્વ છે આત્મા. વસ્તુ વસ્તુમાં રાગ અને પુણ્ય-પાપના વિકલ્પની ગંધ નથી અંદરમાં. એની દશામાં ઊભી કરી છે એ કૃત્રિમ એક સમયનો સંસાર છે. ત્રિકાળ એની વસ્તુની અંદરમાં એ સંસાર કે એ મોક્ષની દશાથી પાર એકરૂપ તત્ત્વ છે, એનું આ વર્ણન કરવામાં આવે છે. '**ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે...**' કેવો છે આત્મદ્રવ્ય? એ '**ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાયને...**' એવો શુદ્ધ આત્મા પ્રભુ પોતે, જીવ-અસ્તિ અસંખ્ય પ્રદેશનો સમૂહ છે એટલે કાય લીધું. '**ખરેખર વિભાવ-સ્વભાવસ્થાનો નથી;...**' એવા વસ્તુના ત્રિકાળ દ્રવ્યની અંદર વસ્તુમાં એ પુણ્ય-પાપના અસંખ્ય પ્રકારના વિકારી સ્થાનો અંતરમાં નથી. વિભાવ છેને, ભાઈ! મૂળ પાઠમાં તો '**सहावठाणा**' લીધા છે, પણ એ '**सहाव**' એટલે કે વિકાર વિભાવસ્વભાવ. આગળ બીજી વાત હજી ક્ષાયિકની આગળ લેશે.

કહે છે કે ત્રિકાળ નિરુપાધિ તારું તત્ત્વ પ્રભુ એનું તને માહાત્મ્ય આવ્યું નથી. એ કેવું તત્ત્વ છે? સમજાણું? કે જેમાં વિભાવસ્વભાવના સ્થાન નથી. એટલે શું? કે જેમાં પુણ્ય-પાપના વિકલ્પની જાળું જે દેખાય છે દશામાં એ ત્રિકાળ મૂળ તત્ત્વમાં નથી. એવા તત્ત્વનો આશ્રય કર્યે ધર્મ થાય, બાકી ધર્મ થાતો નથી. શું કરે છે? આ બધી ક્રિયા ને સાધન કહે છેને માણસ? પહેલા સાધન-ફાધન હોયને. વસ્તુનો સ્વભાવ સાધે તેને ધર્મ કહીએ. બાકીની ક્રિયાકાંડને ધર્મ કહેવામાં આવતો નથી. સમજાણું આમાં? '**ખરેખર વિભાવ-સ્વભાવસ્થાનો નથી;...**' હવે બીજી વાત થોડી લે છે.

'**(શુદ્ધ જીવાસ્તિકાયને)...**' જીવ અસ્તિ એટલે ત્રિકાળી અસ્તિ તત્ત્વ ભગવાન ધ્રુવ કે જેની નજર કરે ન્યાલ થાય એવો આત્મા એને '**પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...**' એ એને ભલું અને ભૂંડું એવો મોહ-રાગ-દ્વેષ છે નહિ. માટે '**માન-અપમાનના હેતુભૂત કર્મોદયનાં સ્થાનો નથી;...**' આત્મામાં માન-અપમાનના પ્રકાર છે નહિ. એ તો નિર્માની જ્ઞાનાનંદ પ્રભુ આત્મા છે. આ મને માન મળ્યું, આ મને અપમાન થયું એ બધી દશામાં કલ્પનાઓ છે, વસ્તુમાં નથી. કહો, સમજાણું આમાં? અભિનંદન આપે છેને મોટા માનના. ઘરમાં ટીંગાડે પછી જુઓ, આ રૂપાનું મળ્યું, આનું મળ્યું. રૂપાની

રાખે છેને ઓલી? શું કહેવાય એને કાંઈક કહે છે તમારે? પછી એમાં નાખે, એના ઉપર આ નાખે, પછી ટીંગાડે. કહે છે કે અમને માન મળ્યું. બતાવતા હતા જુઓ અમને માન મળ્યું. ભાઈ! પ્રભુ! એ માન નહિ, આ ક્યાં લાવ્યો વળી? આત્માના ત્રિકાળ સ્વભાવની અંદર માન-અપમાનને સ્થાન નથી. પ્રકાર જ નથી માન-અપમાનનો. એ તો વિકલ્પની જાળમાં માન-અપમાન માન્યું છે. માન તો તારું સ્વરૂપ ત્રિકાળ શુદ્ધ આત્મા છે એ તારું માન છે અને એનો અનાદર કરવો અને રાગનો આદર કરવો એ તારું અપમાન છે. આહા..હા..! મોહનલાલભાઈ! બહુ વ્યાખ્યા પણ આકરી. ભાઈ તમારા ઓલા ભાઈ હતાને શું .. હતાને તમારા. મગનભાઈ દીવાન-બીવાન હતા. કાંઈક સાંભળ્યું હતું, કોક કહેતું હતું. મોટા છે ને આ છે. ધૂળ મોટા કોને કહેવા કીધું? મોટો તો પ્રભુ આત્મા છે. આ એને જાણ્યા વિના મોટાઈ કોઈ દિ' આવે એવી નથી. આ એ કહે છે માન-માન. માનથી ખુશી થઈ જાય છે કે નહિ? માન બહુ આવે.

એક ફેરી દાખલો આપ્યો હતો કે ભાઈ બહુ માન જોઈતું હોય તો આપણે દાડીયો રાખીએ દોઢ રૂપિયાનો. દાડીયો મળે છે કે નહિ? એને આપણે મોટા-મોટા બિરૂદના ભણેલો હોય એ રાખવો. બે રૂપિયા લેશે, અઢી રૂપિયા, ત્રણ રૂપિયા લેશે. પછી તું મોટો, તું ભારે, તું જબરો, તારી માએ ભારે જન્મ આપ્યો અને તેં આમ કર્યું, આમ કર્યું એવું પાનું લખે ૨૫-૫૦ લીટીયું. ૧૦૦-૫૦-૨૦૦ લીટીયું. હવે સાંભળતા-સાંભળતા નવ વાગે જ્યારે થાય. ભાઈ! હવે સૂવા દે. પણ આ માનની વાતું કરીએ છીએને. જ્યાં ફરતો હોય એની તો વાતું કરું ત્યાં શું થયું? હવે નહિ. હવે નહિ. ઊંઘ આવે છે હવે નહિ. એ મફતની કલ્પના તારી હતી. હવે તારે નિંદ્રાના સ્થાનમાં જાવું છે માટે માન સાંભળવું ગોઠતું નથી. પણ એ માન અને અપમાનની વિકલ્પોની દશા ભગવાન તારા મૂળ તત્ત્વમાં નથી. એવા તત્ત્વની દૃષ્ટિ કર અને આશ્રય કર તો શાંતિ અને ધર્મ થાય, બાકી ધર્મ થાય એવો નથી. સમજાણું કાંઈ? એ માન અને અપમાનના હેતુભૂત કર્મોદયના સ્થાન એ તારામાં છે નહિ. અહીં તો વિશેષ બીજી વાત કરે છે ભાઈ જરી.

**'શુભ પરિણતિનો અભાવ હોવાથી...'** અરે! તારી દશામાં વિકાર વર્તે એ તારા ત્રિકાળ તત્ત્વમાં નથી. શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ ઉઠે એ શુભ પરિણતિ. શુભ પરિણતિ એટલે? શુભદશા, હાલત એ શુભદશાનો અભાવ હોવાથી, એનું બંધન જે કર્મ એ પણ તારામાં નથી અને **'શુભ કર્મનો અભાવ હોવાથી...'** એ શુભ કર્મથી મળેલો સંયોગ એ તારામાં નથી, માટે સંસાર સુખનો અભાવ હોવાથી **'હર્ષ સ્થાનો નથી;...'** એ તારામાં હરખ જ નથી. લાંબી વાત કરી છે જરી. કહે છે કે પ્રભુ! તું ચૈતન્ય એવો છોને કે શુભ દશા જ તારામાં નથી ત્રિકાળમાં. શુભ દયા, દાનના પરિણામ એ તારામાં નથી. એ પરિણામથી બંધાતું પુણ્ય એ તારામાં નથી અને પુણ્યથી મળતી આ ધૂળ આ

બહારની અનુકૂળતા એ તારામાં નથી અને અનુકૂળતાના સ્થાનમાં તને હરખ થાય, હાશ કાંઈક મળ્યું, એવો હરખ સ્થાન એ તારા સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? એવા તત્ત્વને શોધ અને ગોત અને એવા તત્ત્વની દૃષ્ટિ કર તો શાંતિ વળે, બાકી શાંતિ વળે એવું નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૪૦-૪૧, કળશ-૫૬-૫૭,
## પ્રવચન નં.૩૮૪

... અવસ્થામાં શુભ અને અશુભ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાની લાગણી એ અશુભ છે. દયા, દાન, વ્રત, તપ, જપના વિકલ્પની લાગણી એ શુભ છે. એ ત્રિકાળ સ્વરૂપમાં એ નથી, તેમ તેની દશામાં એ અશુદ્ધરૂપ શુભ અને અશુભ એનો નાશ થઈને, એની દશામાં પવિત્રતાની પ્રગટ થાય એ દશામાં .. ત્રિકાળમાં નથી. આહા..હા..! જેનો આશ્રય લેવો છે, જેને દૃષ્ટિમાં, લક્ષમાં લેવું છે એવું જે શુદ્ધ તત્ત્વ ચિદાનંદ ધ્રુવ-ધ્રુવ નિત્ય પ્રભુ. એ નિત્ય પ્રભુ અનુભવ ત્રિકાળ સ્વભાવ એમાં એ શુદ્ધ અને અશુદ્ધ એકેય ભાવ નથી. એવા અંતરમાં આત્માનો આશ્રય અને અવલંબન કરવાથી જીવને-આત્માને ધર્મ નામ શાંતિ અને સુખની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાય છે આમાં? એ ૪૦મી ગાથા કહેવાઈ ગઈ.

હવે, અહીંયાં જરી આધાર આપ્યો છે સમયસારની કળશ ટીકાનો. અહીંયાં '**શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૧માં શ્લોક દ્વારા) કહ્યું છે કે** :—'

(मालिनी)

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।११।।

'જગત...' જગત એટલે? દેશને કાંઈ કહેતા નથી. જગતમાં રહેલા પ્રાણીઓને કહેવામાં આવે છે. કાઠિયાવાડી, આ હિન્દુસ્તાની એમ કહેને? એમ કહેવાય છે છતાં એમાં જીવને કહેવું છે. જગતના રહેલા આત્માઓ, અસ્તિ નામ સત્તા સ્વભાવે હોવાપણે ત્રિકાળ એને કહે, હે આત્માઓ! જગત એટલે જગતમાં રહેલા આત્માઓ. '**મોહરહિત થઈને...**' એટલે? એ પરતરફના વલણમાં સાવધાનીપણે અનાદિનો મોહ છે એ શુભ-અશુભભાવ અને સંયોગો,

એના તરફનું તારું વીર્યનું વલણ જે છે એ મિથ્યા વલણ છે. આહા..હા..! માટે, **'મોહરહિત થઈને...'** પરતરફની સાવધાનીને છોડી દઈને **'સર્વ તરફથી પ્રકાશમાન...'** ભગવાન જ્ઞાન ચૈતન્ય પ્રભુ સર્વ ઉપાધિથી વસ્તુ પવિત્ર, ગુણો પવિત્ર, દશાઓ પણ પ્રકાશમાન. એવા ચારે બાજુથી ચૈતન્યપ્રકાશ, જ્ઞાનની જ્યોતસ્વરૂપ પ્રભુ **'એવા તે સમ્યક્ સ્વભાવને...'** ત્રિકાળી પવિત્ર આનંદમૂર્તિ પ્રભુ એવા **'સ્વભાવને જ અનુભવો...'** એવા સ્વભાવને જ અનુભવો. એમાં પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે એનો આશ્રય છોડો, એનો અનુભવ ન કરો. બહુ ઝીણું. સમજાણું કાંઈ? સંભળાય છે આને? સંભળાય છે આને કાને? થોડું-થોડું સંભળાતું હોય. કાન શું કરે?

કહે છે કે હે આત્માઓ! તમારે ધર્મ કરવો હોય. ધર્મ એટલે? અતીન્દ્રિય શાંતિને પ્રાપ્ત થવું હોય, એટલે કે સુખી થવું હોય તો એ રસ્તો છે કે પરતરફની સાવધાની શુભભાવ હો કે અશુભ હો, સંયોગો અનુકૂળ હો કે પ્રતિકૂળ હો. સર્વજ્ઞ ભગવાનનું સમવસરણ હોય કે નરકના નારકીના પ્રતિકૂળ યોગ હોય. એ બધા તરફનું વલણ લક્ષ અને ધ્યેય છોડીને સર્વ તરફથી ચૈતન્ય આનંદમૂર્તિ પ્રભુ, એના એક સ્વભાવનો જ અનુભવ કર. એ અનુભવ અને એની અંદર સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણ આવી જાય છે. બહુ ઝીણું પણ. અરે! એણે પોતાની દયા ખાઈ નથી હોં દયા. અરે! આ ચોર્યાસીના અવતારમાં ચારેકોર સડોસડ દુઃખી થઈ રહ્યો છે. એ ધર્મને નામે પણ રાગના ભાવ ઉત્પન્ન કરીને દુઃખી થઈ રહ્યો છે. એકવાર હે આત્મા! એ ભગવાન પ્રકાશમૂર્તિ ધ્રુવ છે એની દૃષ્ટિ કરીને અવલંબ કરો. એનો અનુભવ કર. પુણ્ય અને પાપના વિકલ્પ અને સંયોગનું લક્ષ અને ધ્યેયપણું છોડી દે કે જેમાં જે ચૈતન્ય ધ્રુવ ચૈતન્ય પ્રભુ જ્ઞાન ચૈતન્ય જળ આનંદસ્વરૂપમાં પ્રભુ એના સામર્થ્યવાળું તત્ત્વ, એના બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો. એટલે? એ કર્મનો સંબંધ કરે એવું બંધ. રાગનો સંબંધ કરે એવો બંધ. એવો તારા મૂળ સ્વરૂપમાં છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

અનંત સંસારની દશાનો રાગ અને અનંતકાળથી રાગને સેવતો આવે છે દુઃખરૂપે. અને અનંતકાળનો આનંદ કે જે આનંદ પ્રગટ્યો એ પ્રગટ્યો અતીન્દ્રિય. ભવિષ્યમાં કોઈપણ સમયમાં એ આનંદનો વિરહ અને વિયોગ ન થાય એવી પરમ આનંદદશારૂપી મોક્ષ એને પ્રાપ્ત કરવા માટે કહે છે કે પ્રભુ! તારી અંતર પ્રભુતા ઉપર નજર નાખ. કહો, નવરંગભાઈ! આ શરીર, વાણી આ તો જડ, માટી છે. કર્મ, ધૂળ છે. આ હિંસા, જૂઠા, ચોરીના પરિણામ પાપ છે. આ વ્રત અને અવ્રત, દયા, દાનના પરિણામ પણ પુણ્યનો વિકાર છે. એનું લક્ષ છોડી દે, એનું ધ્યેય બનાવવું મૂકી દે અને તારી પરમાનંદની શક્તિરૂપ આત્મા એને ધ્યેય કરીને અનુભવ કે જેમાં... લ્યો, આ ધર્મ.

**'બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો...'** સ્પષ્ટપણે. પાણીમાં તેલ જેમ ઉપર તરે છે, એમ ચૈતન્ય ભગવાન આનંદમૂર્તિમાં એ પુણ્ય અને પાપના રાગ ઉપર તરે છે, અંદર પ્રવેશ પામતા નથી.

ભારે વાતું પણ આ. એ '**સ્પષ્ટપણે...**' પ્રત્યક્ષપણે એમ. '**ઉપર તરતા હોવા છતાં ખરેખર...**' અંતરમાં પ્રતિષ્ઠા પામતા નથી. એ ચૈતન્ય જ્ઞાનાનંદ ધ્રુવ નિત્ય પ્રભુ આત્મા, એમાં એ વિકારી ભાવ અંદર પ્રવેશ થતો નથી. એવા નિત્યાનંદ પ્રભુનો અનુભવ કર એ ધર્મ છે, તે મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ? બહુ પણ આ તો. આ બહારનું કરીને કાંઈ થાય એવો કોઈ ઉપાય હશે? મગનભાઈ! તો અહીં તો કહે છે કે બાહ્યમાં શું પ્રભુ! આ જડ આદિના પર્યાયો, અવસ્થાઓ, હાલતો, એને કારણે થાય એમાં તારે શું? તારામાં અપરાધરૂપ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ એ મલિન અને અશુદ્ધ છે. એ અશુદ્ધ તો પોતે વિકાર અને ઉપાધિ છે, એ કાંઈ ધર્મ નથી. ત્રિકાળ ચૈતન્યના આનંદનું અવલંબન લઈને જે નિર્મળદશાનો અંશ પ્રગટ્યો એને ધર્મ અને એને શાંતિ અને એનો મોક્ષનો માર્ગ કહે છે. સમજાણું કાંઈ?

એ ગાથાની ટીકા પૂર્ણ કરતાં પોતે હવે મુનિરાજ બે શ્લોક કહે છે. મૂળ શ્લોકો કુંદકુંદાચાર્ય દિગંબર સંત જંગલવાસી આત્મધ્યાનિ આનંદમાં ઝૂલતા હતા. એમની આ ટીકારૂપ પદ્મપ્રભમલધારી સંત થઈ ગયા. ભાવલિંગી સંત. આત્માના આનંદને રાગની એકતાના કપાટ તોડી નાખી અને ચૈતન્યના આનંદને અંદરથી ખોલ્યો છે. એવા આનંદની અનુભવ દશામાં રમતા પદ્મપ્રભમલધારીદેવ જરી આ ગાથાના બે શ્લોક કરે છે.

(अनुष्टुभ्)

नित्यशुद्धचिदानन्दसंपदामाकरं परम्।

विपदामिदमेवोच्चैरपदं चेतये पदम्।।५६।।

એ શ્લોક છે. '**જે નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓની ઉત્કૃષ્ટ ખાણ છે...**' આહા..હા..! કેવો છે ભગવાન આત્મા? નિત્ય, શુદ્ધ, તદ્દન પવિત્ર, ચિદાનંદ અને જ્ઞાનાનંદ. ચિદ્ એટલે જ્ઞાન. જ્ઞાનાનંદરૂપી સંપદા. ભારે ભાઈ! આ સંપદા! આ ધૂળની સંપદા તો કહે છે, મગનભાઈ! આ બધા તમારે પૈસાવાળાને કહે છેને. પૈસા મળ્યા ને ધૂળ મળી ને એમ વાતું કરે છે. ધૂળ મળી એમ ન કહે, પૈસા મળ્યા એમ કહે. કહે છે કે બાપુ! એ સંપદા તો જડની છે. તારી સંપદા તારા ત્રિકાળ તત્ત્વમાં ચિદાનંદરૂપી સંપદા. જ્ઞાન અને આનંદનો અતીન્દ્રિય રસરૂપી આત્મસ્વભાવ એની ઉત્કૃષ્ટ તે આત્મા ખાણ છે. એ ખાણમાં એકાગ્ર થાય તો નીકળશે.

ખાણ શું કરવા કીધું છે આ? સોનાની ખાણ અને લોઢાની એક સાથે બે ખાણ હોય. જેને સોનું જોતું હોય એ સોનાની ખાણ ખોદે. ખોદે કહે છે? શું કહે છે? કાઢે. લોઢું જોતું હોય એ લોઢું કાઢે. એમ તારે જો આત્માની શાંતિ અને ધર્મ જોતો હોય તો એ નિત્ય ચિદાનંદ સંપદાની ઉત્કૃષ્ટ ખાણ એ આત્મા. એને ખોદ અને એમાં એકાગ્ર થા. અને પુણ્ય અને પાપની ખાણ લોઢાની ખાણ છે. બંધનની ખાણ છે. સમજાય છે કાંઈ? એક સ્થાનમાં બે પ્રકાર રહ્યા છે. હવે તારી જ્યાં નજર પડે ત્યાં નીકળશે. પુણ્ય અને પાપના ભાવ એના

ઉપર ... ભાઈ! પણ એવડો મોટો તું ન હો તો તારી દશામાં જ્યારે પૂર્ણ આનંદ પ્રગટશે ત્યારે .. ક્યાંથી આવશે એ બધું? એ કાંઈ બહારથી આવે એવું છે? એ નિત્ય સંપદા ચિદાનંદ પ્રભુ, એ એકલો સંપદાનું સ્થાન અને વિપદાનું અસ્થાન. અપદ એટલે અસ્થાન. એ તો અપદ મૂક્યું છેને. જેમાં પુણ્ય અને પાપના વિકલ્પની આપદા જેમાં બિલકુલ નથી. દુનિયા આપદા તો પ્રતિકૂળતા પડે એને કહે. અને ધૂળ ને લક્ષ્મી ને બંગલા પાંચ-પાંચ, દસ-દસ લાખના થયા હોય, પંખા ફરતા હોય માથે. સમજાણું? એને સંપદા કહે. વળી પંખા ઉપર નજર ગઈ તમારી. શું કરે આ?

અહીં કહે છે, પ્રભુ! તારી ચૈતન્ય સંપદામાં એટલી અનંત બેહદ આનંદની ખાણ પડી છે કે જેમાં આપદાની ગંધ નથી. પુણ્ય અને પાપના ભાવ તે આપદા છે, શરીરાદિ નહિ, એ તો પર સંયોગ ચીજ છે. શુભ અને અશુભભાવ તે આપદા છે, વિપત્તિ છે, ભગવાન આત્મા એનાથી રહિત ચિદાનંદની સંપદાસંપન્ન છે. અરે! આ. '**(અર્થાત્ જ્યાં વિપદા બિલકુલ નથી)...**' આનંદ-આનંદ જ્યાં પડ્યો છે, વિપદાની ગંધ ત્યાં નથી. '**એવા આ જ પદને હું અનુભવું છું.**' મુનિ પોતે પોતાની વાત કરે છે. એવો મારો આનંદ પ્રભુ આત્મા એને જ '**આ જ પદને...**' જેમાં આનંદપદ છે અને જેમાં પુણ્ય-પાપનું પદ નામ અપદ કહેવાય તે તેમાં નથી. એને આ પદને હું. લ્યો, આ ખબર પડતી હશે? માણસ કહે કોણ જાણે આવી ધર્મની ખબર પડે કે નહિ? ધર્મ સમજાય કે નહિ? સમકિત સૂક્ષ્મ છે ને ફલાણું છે. મારા એવી મૂકે છેને.

કહે છે, પ્રભુ! તારી દશા ફરે અને તને ખબર ન પડે એમ હોઈ શકે નહિ. હું આ જ પદને અનુભવું છું. મારું પદ નિજાનંદ સહજાનંદ મૂર્તિ આત્મા જેમાં સ્વભાવિક અતીન્દ્રિય રસના કણિયા આખી પૂર્ણ વસ્તુ. એક કણના દશાને અનુભવતા આખી ચીજ આનંદ અને જ્ઞાનથી ભરેલી. એમ તેના પ્રતીત અને અનુભવમાં આવે છે. ભારે! આ કઈ જાતની ધર્મ ક્રિયા પણ? બહારથી તો ભાઈ આ કરો... આ કરો... આ કરો... નથી આવતું? દેવચંદજીએ કહ્યું નહિ? એ કહ્યું હતું. ભગવાનની સ્તુતિ કરતાં નથી કહ્યું? 'દ્રવ્ય ક્રિયારૂપી જીવડા ભાવ ધર્મ રુચિ હીન; એ ઉપદેશક પણ એહવા રે, શું કરે જીવ નવિન? જિન જો સાંભળીએ અરદાસ.' હે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા આપે કહેલો ધર્મનો માર્ગ જગતના જીવો પુણ્ય અને પાપની ક્રિયામાં ધર્મ માની જેમાં એકલો શુભભાવ ઉત્પન્ન થાય એવી દ્રવ્યક્રિયાની રુચિમાં પડ્યા. 'દ્રવ્યક્રિયારૂપી જીવડા અને ભાવ ધર્મ રુચિ હીન.' ભાવધર્મની રુચિથી હીન. અરે! રાગના દયા, દાન, વ્રત, તપના વિકલ્પની પાર એક ચૈતન્ય છે. જેના અનુભવના એક અંશમાં આનંદમાં ઇન્દ્રના ઇન્દ્રાસન તુચ્છ લાગે. એવો જે ધર્મ પ્રભુ જગતના પ્રાણીને રુચતો નથી. ભાવધર્મ રુચિ હીન. સમજાણું કાંઈ? કેમ? 'ઉપદેશક પણ તેહવા' જુકનારને જુકાવનાર એ જાતના મળ્યા. બેની ગાંઠ મળી ગઈ બરાબર.

દાખલો નથી આપણે આપતા? આપણે તો ઘણીવાર આપીએ છીએ. જરી સારો ન લાગે એવો છે થોડો કોકને.. 'જીવો જહલો જોગી અને માલી મકવાણી' એવી વાતું આવે છે કે નહિ? એક જહલો જોગી હતો એને બાયડી મળતી નહોતી અને એક નાટકી બાઈ હતી એને કોઈ રાખતું નહોતું. બેના થઈ ગયા ભેટા ધણી અને ધણીયાણી. એમ ભગવાન કહે છે, હે આત્મા! એક તો તને શુભભાવની રુચિની ગોઠણી હતી અને એમાં કહેનારા એ મળ્યા કે આ ક્રિયા કર તો તને ધર્મ થશે. રોતી હતી અને પીયરીયા મળ્યા. સમજાણું કાંઈ? એક તો રોતી એમાં એનો બાપ કે ભાઈ દેખે મૂકે એ તો પોક સરખાઈની. એમ એક તો એને રુચિ અનાદિની કાળની છે. ભગવાન આત્મા આનંદકંદ છે એની રુચિ છે નહિ અને એના રુચિમાંથી ધર્મ થાય એવું એણે સાંભળ્યું નથી. એણે સાંભળ્યું નથી, એને ગોઠ્યું નથી અને એને ગોઠવનારા મળ્યા છે. ગોઠવનારા મળ્યા.

આવે છેને ભાઈ સમયસારની ૧૧મી ગાથામાં? એક તો જીવને અનાદિકાળના ભેદનો, રાગનો અભ્યાસ અને પ્રેમ છે. એક વાત. બીજું, માંહોમાંહે એ આચાર્યપણું પણ એ વાતનું કરી રહ્યા છે. ત્રીજી વાત, જૈનશાસ્ત્રમાં સર્વજ્ઞના કથનમાં એને નિમિત્ત જાણીને ઘણા કથનો વ્યવહારના આવ્યા છે, પણ એ ત્રણેનું ફળ સંસાર છે. આવ્યું છે? સમયસાર ૧૧મી ગાથા.

**શ્રોતા :-** પહેલાં આપે ઘણીવાર કીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ અહીં વળી કેટલાક અજાણ્યા હોયને. સમજાણું કાંઈ? રતિભાઈ! કોક દિ' ત્યાં અડધો કલાક આવે ત્યાં વચમાંથી મળે એટલે. રાજકોટથી ભાવનગર અને ભાવનગરથી રાજકોટ. કહે છે. સમજાણું કાંઈ? જુઓ, ૧૧મી ગાથામાં છે. એ પોતે જયચંદ્ર પંડિતે લખ્યું પોતે. જુઓ, પ્રાણીઓને 'જગતના જીવોને ભેદરૂપ વ્યવહારનો પક્ષ એ રાગનો, પુણ્યનો, ક્રિયાનો, દયા, દાન, વ્રત, તપની ક્રિયાનો પક્ષ તો અનાદિ કાળથી છે. એનાથી ધર્મ થશે એવી માન્યતા જીવોની અનાદિની છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.' પરસ્પર કરે છે. ઓલો કરે તો કહે હા, ઓલો કહે કે હા. વાત આ બરાબર છે. આવું કાંઈ વ્યવહાર વિના કાંઈ પાધરા ઉપર જવાતા હશે? નિસરણીમાં પગથિયા હોય. અરે! સાંભળને હવે. એ રાગનું પગથિયું અને આત્માના ધર્મના પગથિયા બે જુદી જાતના છે.

અહીં કહે છે. વળી, 'વીતરાગવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે. પણ એનું ફળ સંસાર જ છે.'

**શ્રોતા :-** એક શબ્દમાં આવી ગયો સંસાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંસાર... સંસાર... પરિભ્રમણ છે. ભગવાન આત્મા પરથી તદ્દન નિરાળો એવા શુદ્ધસ્વભાવની રુચિ પ્રભુ કરતાં નથી. ઉપદેશક એવી જાતની યુક્તિ લગાવે એ વાતને રાજી-રાજી થઈ જાય કે આહા..હા..! અરે! પ્રભુ! તારા ઘરની પ્રવેશ કરવાની

વિધિની રીત એ નથી. એ શુભાશુભ પરિણામ થાય તે બધા આપદા છે. એનાથી પુણ્ય-પાપ બંધાય. એક શુભભાવ થયો, પુણ્ય બંધન થયું રજકણનું. મરવા ટાણે તારો એ ભાવ તો છે નહિ, શુભ પણ નથી અત્યારે અને બંધન થયા રજકણના એ શું તને મદદ કરશે? હવે નવો ભાવ તું શુભ કર, તોપણ એનું પુણ્ય બંધાશે. અને એ પુણ્યબંધન તો જડની દશા થઈ. એ તો ભવિષ્યમાં સંયોગની પ્રાપ્તિમાં નિમિત્ત થશે. તને શાંતિનું કારણ કોણ? સમજાય છે કાંઈ?

વિકલ્પ ઉઠ્યો કોઈ શુભનો, દયા, દાન, વ્રત, તપ, જપ, ભક્તિનો રાગ. એ તો રાગ છે. બેકાર છે આત્માના ધર્મને માટે. એવા રાગથી તું ધર્મ કરવા માગ તો એનું ફળ તો બંધનરૂપી પરમાણુ પડ્યા. હવે એ પરમાણુ કાંઈ તને શુભભાવ હવે કરાવે એવું નથી. હવે એવું નથી. હવે વળી નવો શુભભાવ કર તો નવા બંધન પડશે. એ પણ શુભભાવ નવું કરાવે એવું નથી. ત્યારે હવે કરવું છે શું તારે? સમજાણું કાંઈ? એ રજકણો પડશે એ તો ભવિષ્યમાં સંયોગો આપશે. તારા ધર્માત્માને માટે શું? વાત તો જરી અલૌકિક વાત હોય એ તો જરી કઠણ જ લાગને માણસને. ગળે ઉતરવી કઠણ પડે. છે તો એના ઘરની સરળ અને સીધી. સત્ સરળ છે, સીધું છે, સમીપ છે, પરિપૂર્ણ સ્વભાવથી ભરેલું તત્ત્વ છે, પણ એની મહિમા કર્યા વિના એને બહારના કોઈપણ આશ્રયેથી ધર્મ થાય એવી માન્યતા અનાદિની અને માન્યતા કરાવનારા મળ્યા. શું કરે જીવ નવીન? એ અનંતકાળના પ્રવાહમાં જે કર્યું એનાથી બીજું એ ક્યાંથી કરે? કારણ કે એને મળ્યું એ, એ મળ્યામાં રાચીને પડ્યો છે. અહીંયાં ભગવાન મુનિ કહે છે કે એ આત્માને હું એ પુણ્ય-પાપની વૃત્તિઓ જે પરતરફનો જુકાવ એને છોડીને, એનો આશ્રય છોડીને હું આત્માના, શુદ્ધ આત્માના આનંદને અનુભવું એ મારું ચારિત્ર છે. એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ રાગની ક્રિયા, પંચમહાવ્રતનો વિકલ્પ મુનિને ઉઠે એ પણ ચારિત્ર નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

હવે બીજો શ્લોક. એમાં ને એમાં એ ગાથાનો ૫૭મો.

(वसन्ततिलका)

यः सर्वकर्मविषभूरुहसंभवानि
मुक्त्वा फलानि निजरूपविलक्षणानि।
भुंक्तेऽधुना सहजचिन्मयमात्मतत्त्वं
प्राप्नोति मुक्तिमचिरादिति संशयः कः।।५७।।

અરે! '**(અશુભ તેમ જ શુભ)**...' જે ભાવ એવા જે કર્મો એ વિષવૃક્ષ. એ તો ઝેરના વૃક્ષ છે. અરેરે! ભારે વાત! એ શુભ-અશુભભાવ એ પણ ઝેરના ફળ છે અને એનું બંધન પડે પરમાણુ જડ એ ઝેરના ફળ છે. અમૃતની વેલડી પ્રભુ એ અમૃતની આખી નાળિયેરી આત્મા. પૂર્ણાનંદ જેમ સાકરનું જેમ શીખંડ બનાવે. આ શીખંડ નથી બનાવતા? સાકરનું

બનાવ્યું હોઈ કોઈએ. આ સાકરની પુતળી નથી બનાવતા? આ કંદોઈ લોકો બીબા નાખે છેને આમ લાકડાના અને પછી પૂરે અંદર સાકર. બીબુ કાઢી નાખો તો એકલી સાકરની મૂર્તિ છે. એમ ભગવાન આત્મા આ શરીર, વાણીના બીબા, લાકડા-હાડકાની દૃષ્ટિ છોડી દો અને અંદર પુણ્ય-પાપના મેલની દૃષ્ટિ છોડી દ્યો, એકલો અતીન્દ્રિય આનંદની મૂર્તિ દેહમાં બિરાજમાન પ્રભુ આત્મા છે. આહા..હા..! પણ ઓલું બિબુ કાઢી નાખે તો છૂટું પડે. એમ આ બીબાની દૃષ્ટિ કાઢી નાખવી જોઈએ. શરીર, વાણી, મનમાં હું નહિ અને પુણ્ય-પાપનો મેલ. એ સારું કરેને? સાકરનું બુરુ કરે છે ત્યારે દૂધમાં નાખીને ધોઈ નથી નાખતા? પછી એને બુરું કહે છે. છે તો સારું પણ લોકો એને... એમ આત્મામાં એ પુણ્ય અને પાપનો મેલ, એનાથી હું રહિત એ મેલ તો ઝેરનું ઝાડ છે. મારો આત્મા અમૃત છે. એ અમૃતની ઊલટી અવસ્થા એનું નામ વિકાર અને ઝેર છે. ભારે આકરું! ઓલી પુણ્યને જરી વિષ્ટા કહી ત્યાં આકરું પડી જાય છે માણસને. અહીં તો ઝેર કહ્યું.

ભગવાન! તારી સંપદાની વાત છે, પ્રભુ! આ તારા તાળા ખોલવાની વાત છે. તાળા એવા માર્યા છેને એ કુંચી વિના ખૂલે નહિ અને ખુલ્યા વિના નજરે પડે નહિ. એ શુભ અને અશુભભાવની લાગણી અને એકકોર અમૃત પ્રભુ ચૈતન્યમૂર્તિ, બે વચ્ચેની એકતાબુદ્ધિનું એવું તાળું માર્યું, અમૃત ખુલતું નથી. એ તાળાને તોડ એકવાર. શુભ અને અશુભભાવ ઝેર છે એનું ફળ કર્મ ઝેર છે. એકવાર ઉછાળો તો માર, એકવાર કુતૂહલ તો કર. એમ આવે છેને ભાઈ સમયસારમાં. કુતુહલ તો કર. આવા આવા ગાણા ગવાય તે કોણ હશે? એ તે આત્મા શું છે? એમ શ્રદ્ધાની સરાણે ચડાવીને એ ભગવાન આત્મામાં નજર તો નાખ. ભગવાન આત્મા એ શુભ-અશુભ કર્મરૂપી વિષવૃક્ષ. એ ઝેરના ઝાડ. રાડ નાખી જાય કે નહિ?

આમ પુણ્યની મીઠાશ એને છેને આમ. પુણ્યના ફળની મીઠાશ છે એને પુણ્યની મીઠાશ છે અને પુણ્યની મીઠાશ છે એના ફળની મીઠાશ એને હોય જ! જેને શુભભાવરૂપી પુણ્ય એની જેને રુચિ, એના ફળરૂપે બંધન, એના ફળરૂપે આ ધૂળની સામગ્રીની યોગ્યતા. પાંચ-પચ્ચીસ લાખ મળે, મોટા બંગલા અને પવન ફરે, ચાર ગતિના ચરખા ફરે માથે. આ તો આ બીજા છે. ઓલા નથી શું કહેવાય? પંખા ત્રણવાળા પંખા હોય છેને ત્રણ પાંખડાવાળા. ખુરશી ઉપર બેઠો હોય આમ જાણે. શું છે? ક્યાં ભૂલે છો ખબર છે તને? એ ઝેરની વેલડીને તોડતો ઊભો છો તું. અમૃતસ્વરૂપ ભગવાન અંદર એની મજા અને એનો સ્વાદ શું તેની તને શ્રદ્ધા પણ નથી.

કહે છે કે '**વિષવૃક્ષોથી ઉત્પન્ન થતાં, નિજરૂપથી વિલક્ષણ...**' દેખો! પોતાનું સ્વરૂપ ચિદાનંદ અમૃત છે એવું નિજરૂપથી વિલક્ષણ. પુણ્ય અને પાપ તેના લક્ષણ આત્માના લક્ષણથી જુદું લક્ષણ. ઓલો બંધનો ભાવ, આ અબંધસ્વરૂપી ભગવાન. '**એવાં ફળોને છોડીને...**' અરે! નિજરૂપથી વિલક્ષણ એવા જડના ફળને છોડીને '**જે જીવ...**' જુઓ, '**હમણાં...**'

વાયદો નહિ. **'अधुना'** શબ્દ છેને, ભાઈ! **'भुंक्तेऽधुना'** ત્રીજી લીટીમાં છે. **'अधुना'** એ વાયદા વાફળ હોય તે કરે. વાફળ હોય એ વાયદા કરે એમ અહીંયાં કહે છે. અરે! એકવાર તો આમ ઉછાળ. ભાઈ! પાછળ પણ કહે છેને પ્રવચનસારમાં. બે-ત્રણ શ્લોકમાં નથી? આજે જ અનુભવો. છેલ્લું એમ કહે છે. આજે જ અનુભવો. એવા અમૃતચંદ્રાચાર્ય. અરે! એકવાર તો તું આજે જ હા પાડ. પ્રવચનસારમાં આવે છે એ. મૂળ શ્લોકો છેને છેલ્લા? પ્રવચનસાર. જુઓ, જગત .. જ્ઞાનાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો. પછી. 'સ્વતત્ત્વને પ્રાપ્ત કરીને આજે જનો અવ્યાકુળપણે નાચો.' આજે-આજે. કાલે નહિ કહે છે. અરે! ક્યારે થાશે? અરે! પણ ક્યારે તું આખો પડ્યો છોને. અમૃતચંદ્રાચાર્ય મહારાજ જગતને પોકાર કરીને એ રણશિંગા વગાડીને ઉઠાડે છે એને. એલા રણે ચડ્યા હવે રજપુત પાછી પૂંઠ ન આપે, એમ ભગવાન આત્મા અખંડનાંદ પ્રભુ એની દૃષ્ટિએ ચડ્યો એ પાછો ફરે નહિ. સમજાણું કાંઈ?

'આજે જનો અવ્યાકુળપણે નાચો.' હજી એક શબ્દ એ છે. છેલ્લો બીજો. 'ચૈતન્ય જ એક.' 'કારણ કે આ લોકમાં બીજું કાંઈ નથી. ચૈતન્ય જ એક ઉત્તમ આ છે, માટે આત્મા આજે જ અત્યંત અનુભવો.' આજે જ અત્યંત અનુભવો. બે શ્લોક છે પ્રવચનસારના છેલ્લા. એ બધી .. રાખી છેને આમ ને અમ. પદ્મપ્રભમલધારીએ દેવ. એક માણસ કહે કે ભાઈ! એમ અમને એ રુચે છે, પણ હમણાં કરી શકશું નહિ. તો અત્યારે રુચ્યું છે કે ભવિષ્યમાં રુચશે? જો રુચ્યું છે તો પછી અત્યારે જ કરવાનું રહ્યું એને. એ હમણાં તો .. બહુ સાંભળ્યું. ..માં રહેલ, સાંભળ્યું ઘણા દિ'. ૧૮ દિ' સાંભળ્યું. પણ વેશમાં રહેલ સાધુ હવે કરવું શું? ૧૮ દિ' સાંભળીને પછી છેલ્લે કહે કે વાત તો સાચી લાગે છે, પણ આ ભવ માટે નહિ, પરભવ માટે લાગે છે આ. કારણ કે આ ભવમાં તો હવે જ્યાં સલવાણા ત્યાંથી નીકળાય એવું નથી. 'સાંગો કહે સલવાણા કાંઈક ચડ્યા કંઈક પાળા.' જેલમાં ઊંટ ઊભો હોય અને એક માણસ નાખ્યો હોય જેલમાં. એક ઊંટ ઉપર બેઠો હોય અને એક નીચે. બધા તાળા મારેલા છે જેલના. એમ 'સત સાધન સમજ્યો નહિ, સૌ સાધન બંધન થયા રહ્યો ન કોઈ ઉપાય, સત્ સાધન સમજ્યો નહિ ત્યાં બંધન શું જાય?' શ્રીમદ્દે પોકાર તો ઘણી જાતના કર્યા છે. સમજાય છે કાંઈ? 'સૌ સાધન બંધન થયા...' બિચારા ત્યાગી થયા. આ ત્યાગ... આ... હવે સલવાણા. સાચું સાંભળવું હોય તો કહે નહિ. હાય! હાય! હવે? મારી નાખે. રોટલા નહિ આપે આ.

એક જણો કહે, પણ ઘણો ભાવ થાય છે, પણ મહારાજ અહીંયાં કાંઈ રોટલા-બોટલાનું? કીધું એ વાત અહીંયાં નથી. અહીંયાં પાંજરાપોળ રામજીભાઈ પાસે પૈસા નથી તે આપી દે બધાને. નહિતર તો અહીં ઘણા ભેગા થાય એવા છે. એની પાસે પૈસા નથી ત્યાં કીધું. વાત તો સાચી લાગે છે, પણ હવે અમલમાં કેમ મૂકવું? એટલે એ સમજે કે તમે કાંઈક જવાબદારી લ્યો. એ છોડે .. તમારે બધું અહીંયાં.. અહીં કાંઈ નથી લેવા-દેવા. જેને જેમ

ગોઠે અને જેને જેમ રુચે તેમ કરો. અહીં કોઈની જવાબદારી-બવાબદારી છે નહિ. લ્યો, અહીં ઘણા ખાનગી આવીને કહે. અમારે આ મૂકવું છે હોં. અમારે આ વેશ મૂકવો અને આ મારે પણ હું શું કરવું? કે શું અમે કહીએ તને? અમે તો સત્ વસ્તુ પ્રભુ આત્મા છે. એના શરણમાં જા, દુનિયાની પરવાહ છોડી દે. લૌકીક લાજું એકવાર મૂકવી પડશે. સમજાણું કાંઈ?

એ નરસિંહ મહેતામાં કહ્યું હતું, ભાઈ એકવાર નહિ. ત્યાં હતું. બધા આવેલા. પરિવર્તન કરવું એ લોકો આવ્યા બધા મકનભાઈના કાકા ને બાકા. કીધું જો ભાઈ! 'અનેક જુગ વીત્યા રે એળે પંથે એ ચાલતા રે જી. એ નાવ્યો નાવ્યો પંથડા કેરો રે પાર, લોકરીયાની લાજે રે માન્યું અમે એ તાણ્યા ઘુંઘટા.' 'એ લોકરીયાની લાજે રે બાયું રે અમે તાણ્યા ઘુંઘટા. પણ નાવ્યો નાવ્યો પંથડા કેરો એ પાર. અનેક જુગ વીત્યા રે એળે પંથે રે એ ચાલતા જી.' એ શુભ અને અશુભની ક્રિયામાં ધર્મ એવા માનનાર અને મનાવનારમાં અનંતકાળના પંથે વીત્યો, પણ આત્માનો ક્યાંય પાર આવ્યો નહિ. એ લોકની લાજ તો એકવાર છોડવી પડશે. અમૃતચંદ્રાચાર્યે ભાઈ કેવા બનારસીદાસે ભાઈ કહ્યું છે કે જગતના જસ એ તો નાકની લીંટ છે. નાકની લીંટ આમ કાઢ ફૂ આમ કાઢે અને બહાર નીકળી જાય સામું ન જોવે. જગત-જગત સમજે એ એને ઘરે રહ્યું. એ સારા કહે કે નરસા કહે એને તારે ઘરેણે મૂકાય એવું નથી. દુનિયા સારા કહે તેથી ઘરેણે મૂકાય એવું છે? અને નરસા કહે તો કાંઈ દુર્ગતિ થાય એવું છે? સમજાણું કાંઈ?

કહે છે, અરે! આત્મા. એ હમણાં જ આ કર એમ કહે છે અહીં તો. ઓહો..હો..! એકવાર તો લજ્જા છોડ જગતની અને દુનિયાની પરવાહ મૂકી દે. શું કરીએ? 'જે..કુળે જૈન વસે..' જે કુળમાં જન્મ્યા અને જેના સંગમાં રહ્યા. 'મમાઈ લુપ...' આ મારા અને હું એના આવી વાડમાં અમે નીકળી શકતા નથી. વાત તો સારી લાગે છે કાંઈક નવી લાગે છે અને આ સિવાય આરો નથી, પણ એને લોકરિયાની લાજું. તમે પહેલું આમ કહેતા હતાને? ભાઈ! હવે ખોટા હતા સાંભળને એ વખતે. એય..! મોહનલાલભાઈ! પહેલાં આમ કહેતાને? પણ તમે બધા અમને એ તમે કહ્યું હતુંને? પણ એ વાતું ખોટીયું હતી સાંભળને. સમજાણું કાંઈ? આ સત્ય વાત પ્રભુ આત્મા જ્ઞાનાનંદથી ભરેલું તત્ત્વ. કહે છે કે પુણ્ય-પાપની ક્રિયા અને દેહાદિની ક્રિયા અને રુચિ છોડ. એ રુચિ છોડતાં દુનિયાની શરણ છોડવી પડે તો છોડ, નાકની લીંટની પેઠે છોડ. સમજાણું કાંઈ? આમ છંટકારતા નથી નાકને? આમ કરીને નાખે. સામું જોતા હશે પછી? એમ દુનિયાની લાજું કાંઈ તને સુગતિ આપે એવી નથી. કહે છે હમણાં જ એ છોડ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સહજચૈતન્યમય આત્મતત્ત્વને ભોગવે છે,...** ' જુઓ, આત્મા કેવો કીધો? સહજચૈતન્યમય. એ તો સ્વભાવિકજ્ઞાન અને આનંદમય છે પ્રભુ. એની દૃષ્ટિ કર અને અનુભવ આજે જ કર. '**તે જીવ અલ્પકાળમાં મુક્તિને પામે છે—**' એવો જીવ અલ્પકાળમાં પરમાનંદ

દશામાં સંસારના રાચનારને પામી પૂર્ણાનંદની દશાને અનુભવે છે. **'એમાં શો સંશય છે?'** એમાં સંશયને સ્થાન શું છે? અંતરની શાંતિ અને આનંદની ખાણ ઉછળતી હોય જ્યાં દૃષ્ટિમાં, એવી દૃષ્ટિ કર અને અનુભવ કર, મુક્તિ થશે કે કેમ? સંશયને સ્થાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રીમદ્દે કહ્યુંને 'લઘુવયથી અદ્ભૂત થયો અને તત્ત્વજ્ઞાનનો બોધ, એ જ સૂચવે એમ કે ગતિ આગતિ કાં શોધ?' સમજાય છે કાંઈ? અલ્પકાળમાં જેના સંસ્કાર પડ્યા અને આત્મા આનંદની ખાણ એમ ભાન થયું. હવે ક્યાંથી આવ્યું? કોને પૂછવું છે? અને ક્યાં જઈશ? કોને પૂછવું છે હવે? તારા સંગમાંથી આવ્યા છીએ અને એ સંગ છૂટીને મોક્ષ જશું એમાં સંશય છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? એમ એકવાર ઉલ્લસીને વીર્યનો ઉપાડ કર. લાખ વાતની વાત એક ઉરમાં નિશ્ચય થાય. આવે છે કે નહિ? પણ આ ઘણા આમ કહે છેને? એ ઝાઝા કહે. કીડીના નગરામાં કીડીયું બહુ હોય એ કાંઈ માણસ ન થઈ જાય. લોટ નાખવા જાય કીડીને અને ઝાઝી કીડીયું હોય તો માણસ થઈ જતી હશે? એમ ઝાઝા કહેનારા આવા છેને પણ. એમાં કાંઈક હશે કે નહિ તર્કશુદ્ધતા? હવે એ તારે વિચારવી રહી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પુણ્ય-પાપના ઝેરને જાણતો, અમૃતનો ખજાનો ખોલતો એકવાર અનુભવ અને દૃષ્ટિ તો કર, અરે! શ્રદ્ધા તો લાવ અને જ્ઞાનના જ્ઞેયમાં આ જ તત્ત્વ છે એ જ કરવા જેવું છે એમ નિર્ણયની ભૂમિકાને દૃઢ કર. સમજાણું કાંઈ? **'એમાં શો સંશય છે?'** એને મુક્તિ થશે કે નહિ ભગવાનના જ્ઞાનમાં ભાળ્યું હશે કે નહિ? ભાળ્યું છે ભગવાને કે અલ્પકાળમાં તારી મુક્તિ થશે. તારામાં થશે તેવું ભાળ્યું અને ભાળ્યું એવું ત્યાં કહ્યું. એમાં સંશય ધર્માત્માને હોતો નથી. લ્યો, એવું જાણી ગયા? એક તો અનુભવું છું એમ કીધું વર્તમાનનું અને અલ્પકાળમાં મુક્તિ પામે એમાં સંશય શો બે વાત કહી દીધી, ભાઈ! શાશ્વતપણું પ્રગટ્યું અનુભવની સમ્યગ્દર્શનદશા. એ જાતે અનુભવાય છે અને તેની પૂર્ણદશા અલ્પકાળમાં થશે એમાં સંશયને સ્થાન નથી. કહો, સમજાણું કાંઈ? હવે આવી ૪૧મી ગાથા. જરી ઝીણી છે થોડી-થોડી. મોટા-મોટા વેશધારીઓને પણ આ ગાથા કઠણ પડી. આ **'णो खइयभावठाणा'** આવ્યા હતા. મોટા પંડિત અને મોટા ત્યાગી નામ ધરાવનારા. આહા..! અરરર! આ પહેલું પદ આવે છે એ. ૪૧ ગાથા.

**णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा।**
**ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा।।४१।।**
**સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં,**
**સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.**

એ જીવમાં એ ચૈતન્યઘન ધ્રુવ. એકરૂપ નિત્યપ્રભુ જે દૃષ્ટિનો વિષય, જે જ્ઞાનને જ્ઞેય

કરવાનું સ્વરૂપ, એવું પરમસ્વભાવભાવ ત્રિકાળ આત્મા ધ્રુવ. એમાં આ ચાર પ્રકારની પર્યાયોનો અભાવ છે. આહા..હા..! થઈ રહ્યું. પ્રકાર ચાર હોય છે પર્યાયમાં. પર્યાય એટલે અવસ્થા. એક વિકારી અવસ્થા અને એક નિર્વિકારીની ત્રણ પ્રકારની દશાઓ. એ દશાઓ છે, હાલતો છે. સમજાય છે? એ હાલતની સ્થિતિ પર્યાયની એક સમયની છે. ભલે એવી ને એવી સ્થિતિ રહ્યા કરે, તોપણ એનો કાળ-મુદ્દત તો ક્ષાયિકભાવ સિદ્ધને થાય કે નીચે ક્ષાયિક સમકિત થાય. 'શુદ્ધ અખંડાનંદ છું' એવી અનુભવમાં નિર્વિકલ્પ પ્રતીતિ કે જે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે. એવી દશા અંદરમાં ક્ષાયિકસમકિત થાય એ પણ એક સમય પૂરતી એની સ્થિતિ છે. કેમકે એ દશા છે. અરે! કેવળજ્ઞાન પણ એક સમયની સ્થિતિવાળું હોઈ શકે છે. સાદી અનંત રહે કેવળજ્ઞાન થઈને, પ્રગટ્યું તે અંદર. એ તો સદશ્યપણાની એમ ને એમ રહેવાની અપેક્ષાએ છે, પણ પ્રગટેલી દશા એક સમય રહે. બીજે સમયે તો એનો વ્યય-અભાવ થઈને બીજી દશા પ્રગટે, તો એવા આત્મતત્ત્વ જે ત્રિકાળી એની અંદર '**આ ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.**' વિભાવ. વિશેષભાવ. સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે હોં આ. આ તો બાહ્ય ચીજ તો એમાં નથી, પણ એની દશામાં અવસ્થા થાય, હાલત, પર્યાય થાય એ પર્યાયનો, અવસ્થાનો એક સમયનો કાળ છે, વસ્તુ ત્રિકાળ એમ ને એમ રહે છે. એવી ત્રિકાળ વસ્તુની અંદર આ દશાઓનો અભાવ છે. એવી ત્રિકાળી વસ્તુની અસ્તિ જે સામાન્ય ત્રિકાળ ધ્રુવ છે આ એની દૃષ્ટિ કર્યા વિના તેને સમ્યગ્દર્શન ત્રણકાળમાં થતું નથી. સમજાણું કાંઈ?

એ ખૂબી શું છે? કે પર્યાય છે એમ સિદ્ધ કરતાં જાય છે. તો જે એની દશામાં આવું હોય છે. એવું નથી હોતું એવું ન માને એને તો વર્તમાનદશામાં અસ્તિના હયાતીની ભૂલ છે. પણ એક સમયની જે હયાતી-હાલત એને જેમ સર્વજ્ઞે કીધું એમ માને, છતાં એ દૃષ્ટિ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૧૧-૦૩-૧૯૬૩,
## ગાથા-૪૧, પ્રવચન નં. ૩૮૫

આ નિયમસાર શાસ્ત્ર છે. નિયમસાર એટલે? મોક્ષનો માર્ગ બતાવનાર શાસ્ત્ર. અધિકાર જરી અત્યારે ૪૧ ગાથાનો ઝીણો છે. આ આત્મા છેને આત્મા, અહીં તો આત્માની વાત છે ભાઈ મૂળ તો. અને એ ન હોય તો જગતમાં શું? એ આત્મપદાર્થ દેહદેવળમાં બિરાજમાન વસ્તુ એના બે ભાગ છે. એક ભાગ ત્રિકાળી શુદ્ધ આનંદ ધ્રુવ સદશ્ય શક્તિનો પિંડ એને

નિશ્ચય આત્મા કહે છે, વાસ્તવિક આત્મા કહે છે, યથાર્થભૂત આત્મા એને કહે છે; અને એની દશાઓ જેટલી થાય એને વ્યવહારનયનો આત્મા, વ્યવહારનો વિષય કહે છે. ચંદુભાઈ! વળી વ્યવહારનો આત્મા અને નિશ્ચયનો (એમ) બે આત્મા હશે? એના બે પડખાં છે. જેમ સોનું છે સોનું એ કાયમ સોનાપણાનું સ્વરૂપ સદૃશ્ય ધ્રુવપણું રાખી અને એનામાં ક્ષણે ક્ષણે નવી-નવી કુંડળ, કડા આદિ અવસ્થાઓ થાય છે. એ અવસ્થા એક સમયનો સોનાનો એક અંશ છે. એ સોનાનો એક અંશ સ્વરૂપ તેવું સોનાનું આખું સ્વરૂપ નથી. આખું સ્વરૂપ તો એમાં ત્રિકાળ એકરૂપ સોનાપણું રહે એ કાયમી અસલી સોનું એને કહેવામાં આવે છે.

એમ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એની ભિન્ન-ભિન્ન દશાઓ, અવસ્થાઓ, હાલતો હોય છે, પણ તે એક સમયની હાલત પૂરતો એ આત્મા ત્રિકાળ નથી. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે, આત્માનો અનુભવ અને આત્માની ચીજનો આનંદનો અનુભવ કરવો છે એટલે કે જેને દશામાં ધર્મ પ્રગટ કરવો છે એવા ધર્મી જીવની દૃષ્ટિ ત્રિકાળ ચૈતન્ય આનંદ ધ્રુવસ્વરૂપ છે એનો આશ્રય લે તો તેને ધર્મ થાય. ધર્મ કહો, સમ્યગ્દર્શન કહો, સમ્યગ્જ્ઞાન કહો. એની વર્તમાન દશાઓ ચાલે છે, એનો આશ્રય લે તો એ દશામાંથી નવી દશા કાંઈ થતી નથી. બહુ ઝીણું.

એ તો દાખલો આપીએ છીએને આ ચોસઠ પહોરીનો હર વખતે. લીંડીપીપરમાં ચોસઠ પહોરી તાકાત તીખાશની પૂરી ભરી છે. એ લીંડીપીપરનું ખરું મૂળ સ્વરૂપ છે આખું. પણ એની દશામાં કાળપ છે, અલ્પ તીખાશ છે એ બધી હાલત છે. એમાંથી ક્રમે-ક્રમે એક પહોર, બે પહોર, ચાર પહોર, પચ્ચીસ પહોર, પચાસ પહોર, ચોસઠ પહોર એવી દશા જે પ્રગટ થાય એ પણ હાલત નામ પર્યાય નામ અંશ છે. એ અંશ પૂરતું આખું એનું સ્વરૂપ નથી. એ અંશ તે એક સમયની દશા અને ત્રિકાળી જે તીખાશનું એક સ્વરૂપ તે મૂળ તીખાશ છે, મૂળ પીપર છે. એમ આત્મા... એણે કોઈ દિ' એની દશા અને દશાવાન એણે એનું કોઈ દિ' સમ્યગ્જ્ઞાન કર્યું નહિ અને એ જ્ઞાન વિના એમાં અંતર્મુખ દૃષ્ટિ થાય નહિ, અંતર્મુખની દૃષ્ટિ વિના તેને સમ્યગ્દર્શન જે મોક્ષનું સાક્ષાત્ કારણ અને જે સમ્યગ્દર્શન ત્રિકાળ દ્રવ્ય નિશ્ચય વસ્તુ જે આત્મા એનું અંતર અવલંબન કરે તો પ્રગટ થાય.

ઘણાં પૂછે છે કે ત્યારે આ બધું તમે કહો છો પણ અમારે સમ્યગ્દર્શન કેમ (થાય)? પણ ભાઈ અહીં તો સવાર-સાંજ એ જ માંડી છે. એક જ માંડી કે સમ્યગ્દર્શન, સમ્યક્ પ્રતીત, સમ્યગ્દર્શન, સમ્યક્ દેખાવું એને કહેવાય કે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ, એક સમયમાં શુદ્ધની ખાણ, સત્તામાં પૂર્ણ નિરૂપાધિ સ્વભાવ એનું લક્ષ અને દૃષ્ટિ કરે તો તેને સમ્યગ્દર્શન થાય. અને પછી પણ એ સમ્યગ્દર્શન તો એની એક સમયની દશા છે. એ દશાને આશ્રયે નવી દશા થતી નથી. કારણ કે દશા ઉત્પન્ન થાય, બીજે સમયે વ્યય એટલે અભાવ થાય. જેમ સોનામાં કુંડળની અવસ્થા (થાય), વીંટીની ટળીને કુંડળ થાય તો

કાંઈ વીંટીમાંથી કુંડળની દશા નથી આવતી. જે અવસ્થા જાય એમાંથી નવી નથી આવતી, પણ એ તો ગઈ. એ નવી અવસ્થાની ખાણ તો ત્રિકાળ એ કાયમ રહેનાર સોનું છે.

એમ આત્મા એની એક સમયની દશામાં એક ભાવ આવી ગયો છે, ઉપશમભાવ, એની દશામાં ઉપશમભાવ, સમ્યક્ પહેલું થાય, પણ એ દશા છે તે એક સમયની અવસ્થા છે, એ ત્રિકાળી ચીજ નથી. ત્રિકાળ ચીજ આનંદસાગરમાં અંતર ડૂબકી મારતા અંતર ધ્રુવ ચૈતન્યને પકડતા જે દશામાં ઉપશમભાવ થાય એ ઉપશમભાવનો પણ આશ્રય કરવાલાયક નથી. ઓહો..હો..! ઝીણું બહુ. કોઈ દિ' એણે આત્માના પંથની મુક્તદશા કેમ થાય એ વાતું સાંભળી નથી. બધી જે સાંભળી એ બહારની. સમજાણું કાંઈ? કહે છે કે ભાઈ! એ ઉપશમભાવ પણ આશ્રય કરવાલાયક નથી. હવે ક્ષાયિકભાવની વાત અત્યારે ચાલે છે.

'**ક્ષાયિકભાવના નવ ભેદ આ પ્રમાણે છે :-**' ૮૪ પાનું, પહેલી લીટી. એટલે? ક્ષાયિકભાવ એટલે? કે આત્મામાંથી રાગ અને વિકારનો સર્વથા ક્ષય થઈ, નાશ થઈ અને એવી દશા પ્રગટ થાય કે જે પાછી ફરે નહિ. એના નવ ભેદ છે. વ્યવહારનયનો વિષય સિદ્ધ કરે છે. વ્યવહારનો વિષય છે અને છે તે આવો છે. બીજા કોઈ કહે કે વ્યવહારનો વિષય બીજી રીતે છે તો એને માટે નકાર કરતા જાય છે. વ્યવહારનો વિષય એક સમયની પર્યાય એના આવા પ્રકારો એ છે. આ જ પ્રકારે વ્યવહારનો વિષય છે. છતાં એ ત્રિકાળ જ્ઞાનમૂર્તિ પ્રભુ ધ્રુવ એમાં એ દશાનો અંશ અંદર જતો નથી, પ્રવેશ કરતો નથી. અને એક સમયનો અંશ જે છે એ ત્રિકાળ સામાન્યમાં પ્રવેશ કરે તો વસ્તુ અંશરૂપે થઈ જાય. અને ત્રિકાળ ધ્રુવ ચૈતન્ય અનંતગુણની ખાણરૂપ આનંદ જે શુદ્ધ ધ્રુવ એ એક સમયની અવસ્થામાં આવી જાય તો ક્ષણરૂપ થઈ જાય. ભારે ઝીણું ભાઈ આ. સમજાણું કાંઈ?

એ દશાના પ્રકારો વર્ણવે છે. સર્વજ્ઞે કહેલા, જોયેલા છે તેમ. એ દશાનું વર્ણન કરીને કહે છે, એ દશામાં ત્રિકાળીતત્ત્વ નથી. એ દશામાં અંશ છે, પણ એ અંશ તે ધર્મનો એનો આશ્રય કરીને સિદ્ધિની વૃદ્ધિ થાય એમ છે નહિ. '**ક્ષાયિકસમ્યક્ત્વ,...**' પહેલો બોલ છે. ક્ષાયિકસમકિત એટલે? આત્માની પ્રતીતિ અનુભવમાં એવી થાય કે આત્મા અખંડ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય એની એકતાબુદ્ધિમાં એના વિરોધની પ્રકૃતિનો અંશ ન રહે અને જે દશા નિર્મળ પ્રગટ થઈ એ એની એ એવીને એવી કેવળજ્ઞાન પ્રાપ્ત થવા છતાં પણ રહે એવી પ્રતીતને ક્ષાયિકસમકિત કહે છે. સમજાણું કાંઈ? એ પણ ત્રિકાળ દ્રવ્યની અંદર નથી. નિશ્ચય આત્મા, આ વ્યવહાર આત્મા. ભારે વાત પણ ભાઈ! ઓલા તો વળી વ્યવહાર આત્મા એ છ કાયના જીવ, પૃથ્વી ને પાણી ને અગ્નિ એ આગળ આવશે. એ તો નહિ, પણ અહીં તો એની દશાનો અંશ જે પ્રગટ થાય એ પૂર્ણ ચૈતન્ય જ્ઞાયક અનાદિ-અનંત એકરૂપ નિશ્ચય સત્ય પ્રભુ આત્મા એની અંદર એક અંશનો અભાવ છે. સમજાય છે કાંઈ? એ ક્ષાયિકસમકિતને આશ્રયે પણ ધર્મ થતો નથી, ધર્મ ટકતો નથી અને ધર્મની વૃદ્ધિ ક્ષાયિકસમકિતને લઈને થતી નથી. સમજાણું

આમાં?

કેટલાક કહે છેને કે ભાઈ ક્ષાયિકસમકિત થયું એટલે હવે તો એને કેવળજ્ઞાન (થવાનું જ છે). એ ક્ષાયિકસમકિતને લઈને થવાનું. સમજાય છે આમાં? ના, ના; તું વસ્તુને સમજતો નથી. હજી તને ક્ષાયિક કોને કહેવું એની ખબર નથી. શ્રેણિક રાજા, ભગવાન મહાવીરના વખતમાં એક શ્રેણિક રાજા થયા. હજારો દેશનો રાજા હતો. રાણી ચેલણા એ ધર્મ પામેલી બાઈ હતી ધર્માત્મા અને આ એક બૌદ્ધને માનનાર શ્રેણિક. પછી એમાં એને તત્ત્વનું ભાન સંતના યોગે થયું અને પછી સર્વજ્ઞ પરમાત્માના ધર્મસભામાં એને ક્ષાયિકસમકિત થયું. એટલે કે જે શ્રદ્ધા અનુભવમાં આત્માની થઈ એ હવે જવાની નહિ. અને ત્યાં સમવસરણમાં શુભભાવથી તીર્થંકરગોત્ર ઉપાર્જ્યું, પણ છતાં એ કેવળજ્ઞાનને પરમાત્મદશા જ્યારે પ્રગટ કરશે એ ક્ષાયિક સમકિત અને તીર્થંકરગોત્ર બંધાણું એને આશ્રયે નહિ. સમજાણું કાંઈ? પ્રભુભાઈ! એક ક્ષાયિકસમકિત એક દશા છે. એ ક્ષાયિકસમકિતવાળો અવશ્ય મોક્ષ થાય, પણ એ ક્ષાયિક સમકિતને આશ્રયે મોક્ષ ન થાય. કહો, મોહનભાઈ સમજાય છે આમાં?

**શ્રોતા :-** એને સુખનો અનુભવ તો હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનુભવ તો સદાય હોય, છતાં એ અનુભવને આશ્રયે આગળ અનુભવ ન વધે. એ ત્રિકાળ વસ્તુ જ્ઞાયકમૂર્તિ આનંદની ખાણ ધ્રુવ આત્મા છે એના ઉપર આશ્રય કરે ત્યારે આનંદની શુદ્ધિની વૃદ્ધિ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? ... કહો, સમજાણું આમાં? .. ક્યાંય કોઈ દિ' સાંભળ્યું ન હોય.

'**યથાખ્યાતચારિત્ર,...**' બીજો બોલ. એ સમકિતની વાત કરી. બીજું યથાખ્યાત. આત્માનું જેવું અંતર અવિકારી સ્વરૂપ છે એવી દશામાં પ્રગટ થાય દશા એને યથાખ્યાત-યથા-પ્રસિદ્ધ ચારિત્રદશા થઈ. અંતરના અનુભવને આશ્રયે, અંતરના દ્રવ્યના અંતરમાં ડોકિયા મારતા દશામાં યથાખ્યાતચારિત્ર થયું, એ પણ એક સમયનો આત્મા પર્યાયરૂપ છે. એ યથાખ્યાતચારિત્રનો આશ્રય કરવા જાય તો વિકલ્પ ઉઠે છે. નીચે તો હોતું નથી, પણ એ યથાખ્યાતચારિત્રનો અંશ એ ત્રિકાળી દ્રવ્યમાં નથી. અહીં તો એમ કહેવું છેને. જીવ વસ્તુ જેને દ્રવ્ય કહીએ નિશ્ચય સત્‌ધામ, સત્‌ધામ સત્તા અનાદિ-અનંત એકરૂપ વસ્તુ એમાં અંશો નિર્મળ પ્રગટ થયા એ ત્રિકાળમાં નથી. એ પર્યાયબુદ્ધિ નામ અવસ્થાબુદ્ધિ નામ વ્યવહારનયનો વિષય છે. નિશ્ચય ત્રિકાળ જે આત્મા અખંડાનંદ પ્રભુ, જેનો આશ્રય કરવાથી આત્માની મુક્તિ થાય એ યથાખ્યાતચારિત્રનો આશ્રય કરવાથી થતી નથી અથવા એટલો અંશ તે પૂર્ણ આત્મા નથી. ભારે વાત, ભાઈ! બેય અંશો એણે નક્કી કરવા પડશે અને તે એક અંશનો આશ્રય છોડે અને બીજાનો આશ્રય કરે ત્યારે તેને આત્મજ્ઞાન અને આત્મધર્મ થાય છે.

'**કેવળજ્ઞાન ને કેવળદર્શન,...**' ભારે આકરી વાત. વીરજીભાઈ! વીરજીભાઈ કહેતા હતા એક ફેરી. કેવળજ્ઞાન એ વ્યવહારનો વિષય. ભડક્યા આ સાંભળીને. આહા..હા..! ભગવાન

આત્મા... એ ચોસઠ પહોરી દશા થઈને પીપરની એટલી પીપર નથી, એ તો એક સમયની દશા થઈ. એ નવી દશા ઉત્પન્ન થાય, વ્યય થાય, ઉત્પન્ન થાય, નાશ થાય અને ચોસઠ પહોરું તીખું અંતરતત્ત્વ, પરમતત્ત્વ એ તો એમને એમ રહે છે. એ ચોસઠ પહોરીનો અંશ જેટલું પૂર્ણ તત્ત્વ નથી, અંદર પ્રવેશ કરતું નથી, છે એનું તત્ત્વ. એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શુદ્ધ આનંદકંદ કેવળજ્ઞાન ઘન એનો આશ્રય કરીને કેવળજ્ઞાન થયું એ કેવળજ્ઞાન પર્યાયનો વિષય, વ્યવહારનયનો વિષય છે. મોહનલાલભાઈ! ભારે આ. કેમકે કેવળજ્ઞાન ઉત્પાદ-વ્યયરૂપ છે. નવી અવસ્થા થાય, જૂની જાય, નવી થાય, જૂની જાય. કેવળજ્ઞાનમાં એમ થાય છે. એક સમયની દશા છે. એક સમયની દશા ત્રિકાળ દ્રવ્યની અંદર નથી. એવો ચૈતન્યઘન જ્ઞાનમૂર્તિ છે એમાં એ અંશ નથી. સમજાય છે કાંઈ? નવા-સવાને તો એવું લાગે કે શું આ તે ધર્મની વાત હશે આવી? અરે! ભગવાન! તારા ઘરની અને તને સમજાય એવી છે. એ આત્માઓ અનંત આ સમજીને મુક્તિને પામ્યા. અનંતા અનંત સમજીને પામ્યા છે. એ પામી શકે નહિ અને પામવાને લાયક નથી એમ ભગવાને કહ્યું નથી. સમજાણું કાંઈ?

કહે છે કે કેવળજ્ઞાન... આહા..હા..! કેવળજ્ઞાન એટલે પૂર્ણ જ્ઞાન, પૂર્ણ જ્ઞાન એટલે ભાવમોક્ષ. જેને માટે જગતના પ્રાણીની સમ્યક્ પામ્યા પછી પણ ધખશ (રહે). છતાં એ કેવળદશા એક સમય પૂરતી છે. એક સમય પૂરતી. તે કેવળજ્ઞાન બીજે સમયે બીજા કાળમાં એ રહેતું નથી. બીજા કાળમાં નવું, ત્રીજા કાળમાં નવું, ચોથામાં નવું અને જૂનું વ્યય થાય છે. માટે કેવળજ્ઞાન એ ત્રિકાળ દ્રવ્યસ્વભાવ ચૈતન્યધામ એમાં એ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ તે જગતને કઠણ. હજી તો કષાયને મંદ કરીએ, દયા, દાન, વ્રત પાળીએ તો સમકિત થાય અને ધર્મ થાય. એ તો ક્યાંય રહી ગયું. ભગવાન! તારા ચૈતન્યધામ પડ્યા છે અંદર. અનંતગુણનું ધામ એકરૂપ વસ્તુ, એની વર્તમાનદશા (એની અંદર નથી).

ગાયનો રસ છે એમાં એ ગાયનો રસ તો કાયમ રહે છે, પણ એ રસની દશા વિના રસ ન હોય. દશા એની દૂધ, ઘી, દહીં, માખણ એ બધી દશાઓ છે, પણ એ દશાનો અંશ એ ઘી જે કાયમી તત્ત્વ છે, ગોરસ—ગાયનો રસ છે એમાં એક અંશ એમાં નથી. એ તો દશા છે, એની હાલત છે. આહા..હા..! એમ ભગવાન આત્મા એનું કેવળજ્ઞાન એક સમયની દશા ત્રણકાળ, ત્રણલોકને પ્રત્યક્ષ જાણે. પ્રત્યક્ષ આનંદનો અનુભવ પણ એ એક સમયની દશા છે, એ ત્રિકાળી ચૈતન્યધામ નિશ્ચય વસ્તુ જે છે સત્ સાહેબ પ્રભુ આત્મા એની અંદર એક એવી દશા નથી.

**શ્રોતા :-** આનંદ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આનંદ ભલે (હોય). ઈ ક્યાં પ્રશ્ન છે? અહીં તો ત્રિકાળમાં એ નથી. એક સમયનો આનંદ છે એ ત્રિકાળમાં નથી. અહીંયાં તો શક્તિ જે ત્રિકાળ છે એનો

આશ્રય કરવા જેવો એ નિશ્ચય આત્મા છે એમ સિદ્ધ કરવા આ પર્યાયોની દશાઓનું અસ્તિત્વ સિદ્ધ કરે છે, હયાતી સિદ્ધ કરે છે, પણ એ હયાતી ત્રિકાળ ચૈતન્યની હયાતીમાં નથી, માટે તેનું લક્ષ કરવા જેવું નથી. સમજાણું કાંઈ?

આ સમ્યગ્દર્શન કેમ પમાય એની વાત ચાલે છે. કોઈ ક્રિયા કરવાથી થાતું હશે? એ ક્રિયા છે. એમ બસ હળવે હળવે બોલતા જાવને. આ વકીલ છે બધા. આત્માના જેટલા ગુણો છે એ કોઈપણ કાર્ય વિના રહે નહિ. શું કીધું? જે આત્મદ્રવ્યમાં જેટલા અનંત જ્ઞાન, દર્શન, આનંદ, આદિ ગુણ શક્તિઓ છે એ કાર્ય વિના રહે નહિ. એ ગુણનું કાર્ય જે અહીંયાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર (થાય), તો કહે છે કે કાર્ય પૂરતો કારણપ્રભુ નથી. કારણપરમાત્મા પોતે આત્મા એ ત્રિકાળ રહેનારી ચીજ એમાં કાર્યદશા (નથી). આ કાર્ય પરમાત્મા થયુંને આ કેવળજ્ઞાન એટલે? સમજાણું કાંઈ? આ શું વળી? કારણપરમાત્મા અને કાર્યપરમાત્મા. નવરંગભાઈ!

જગતના પ્રાણીને એ ચૈતન્યચમત્કાર વસ્તુ આખી પડી છે એ શું છે એની ખબર નથી. બહારમાં ગોથા મારે છે. અહીંથી લેશું... અહીંથી લેશું... અહીંથી લેશું. પ્રભુ! પણ તારા અંતર ધામમાં એટલી પરિપૂર્ણતા એકરૂપ પડી છે કે કેવળજ્ઞાનનો એક અંશ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, આ અસ્તિ-નાસ્તિ અનેકાંત. કેવળજ્ઞાનની દશા એક સમયની અસ્તિ હયાતી હોવા છતાં ત્રિકાળ ચૈતન્યધામ વસ્તુ એકરૂપ રહેનારી એમાં એ નથી. એવા આત્મદ્રવ્યનો સ્વભાવનો અંતર આશ્રય કરવો એ સમ્યગ્દર્શન અને અનુભવનું કારણ છે. કેવળજ્ઞાન તો છદ્મસ્થને નથી, પણ જેનું હોય એનું લક્ષ કરવા જાય પરનું, તો રાગ ઉત્પન્ન થાય છે. ત્યારે એ દશાની પૂર્ણતા નથી, વસ્તુની પૂર્ણતા નથી, વસ્તુની પૂર્ણતા નથી. વસ્તુ જે ત્રિકાળ ચૈતન્યધામ ભગવાન એની અંદર આ કેવળજ્ઞાનનો સદ્ભૂતવ્યવહારનયનો વિષય એમાં નથી. છે એમ સિદ્ધ કરતા જાય અને ત્રિકાળમાં નથી એમ સિદ્ધ કરતા જાય. એ ત્રિકાળ દ્રવ્યનો આશ્રય અંતર્મુખ લે એને સમ્યગ્દર્શન થાય. નવરંગભાઈ!

આ મોક્ષમાર્ગ છેને? નિયમસાર છેને? આ નિયમસાર એટલે મોક્ષમાર્ગ. તો કહે છે કે મોક્ષમાર્ગ પ્રગટે કેમ? કે આવી પર્યાયને આશ્રયે પ્રગટે નહિ. એ ત્રિકાળ ચૈતન્યધામ ભગવાન એમાં અંતર્મુખ દૃષ્ટિ કરવાથી એ દશા પ્રગટે. એ મોક્ષમાર્ગ અને મોક્ષનું કારણ એ દશા વ્યવહારે કહેવાય. ખરેખર મોક્ષનું કારણ તો ત્રિકાળ દ્રવ્ય છે તેને કહેવાય છે. ઓહો..હો..! નિશ્ચય મોક્ષમાર્ગ મોક્ષનું કારણ એ વ્યવહાર. રાગ અને વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના વિકલ્પો એ તો ક્યાંય રહી ગયું બંધનું કારણ, એ સવારે ચાલે છે, પણ આ નિશ્ચયમોક્ષમાર્ગ જે દ્રવ્યને આશ્રયે પ્રગટે, અંતર વસ્તુને આશ્રયે એ મોક્ષમાર્ગ પણ મોક્ષનું કારણ કહેવું વ્યવહાર છે. કેમકે એ પર્યાય છે. પર્યાયને આશ્રયે નવી પર્યાય ન થાય અને એ પર્યાયમાં એવી તાકાત નથી કે નવી પર્યાયને પ્રગટ કરાવે. આહા..હા..! ભારે ઝીણું આમાં.

એ પર્યાય પ્રગટ થવા માટે અવસ્થા ત્રિકાળ ચૈતન્યપ્રભુ એના અંતરમાં એકાગ્ર થતાં તે ઉકેલ થાય. માટે ત્રિકાળ દ્રવ્યની અંદર આ પર્યાય નથી. એમ કેવળદર્શન. કહો, પ્રકાશચંદજી! શું કરવું? ઝઘડા બહુ ચાલે છે. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ પાંચની વાત ચાલે છે અત્યારે. આજે લેખ આવ્યો છે એક. આ વાત તો હિન્દુસ્તાનમાં હવે ઘરે-ઘરે (થવા માંડી). પૂછે છે તો એ. વીરવાણીમાં આવ્યું છે. .. આ બધા હવે તો કહે, નિમિત્તથી ઉપાદાન થાય કે ઉપાદાનથી થાય? નિશ્ચયધર્મ કે ઈ વ્યવહારધર્મ? અને ક્રમબદ્ધ થાય કે નહિ? એ પાંચે તો હલબલ આખા હિન્દુસ્તાનમાં કરી દીધું છે. બે જણા આવ્યા એને મેં સમાધાન આપ્યું, પણ બીજા પાછા ત્રણ આવ્યા. આ જ વાત લઈને આવ્યા. ભાઈ મને સમય નથી હવે. એમ કરીને જવાબ આપ્યો. ઠીક!

ભાઈ! અહીં તો કહે છે કે તારી અશુદ્ધદશામાં વિકાર થાય એ પણ તારા સ્વતંત્ર પર્યાયનું કાર્ય છે, નિમિત્ત હો કર્મ, એ કોણે (ના) કહ્યું? અને ક્ષાયિકદશા થાય એ પણ ત્રિકાળ દ્રવ્યને આશ્રયે કારણમાંથી કાર્ય આવે છે. ત્રિકાળ કારણપરમાત્મા પોતે છે અંતર સ્વરૂપમાં કારણશક્તિ ત્રિકાળ જેને કારણજીવ કહીએ, જેને કારણપરમાત્મા કહીએ, જેને કારણભગવાન કહીએ એનો અંતરમાં આશ્રય કરવાથી કાર્યપરમાત્મા—કેવળદર્શન થાય, એ કેવળદર્શનનો અંશ એ ત્રિકાળી કારણપ્રભુમાં નથી. કારણપ્રભુ કોણ? બીજો નહિ હોં. તુંનો તું કારણ અને તુંનો તું કાર્ય. આહા..હા..! સમજવું પહેલું તો મગજમાં (કઠણ પડે). એણે કોઈ દિ' સ્વતંત્રતા અને આ શું છે એની શોધખોળ માટે (વખત લીધા નથી). જગતના બધા વિજ્ઞાનો અને આ ખોળી ખોળીને શોધવા માંડ્યા, પણ આ વિજ્ઞાનનો કંદ કેવો છે? એની દશા કેવી છે? (એની શોધ કરી નહિ). દશાની કબુલાતની સાથે એ દશા ત્રિકાળ દશાવાનની અંદર નથી માટે તેને પરમાર્થે જીવ કહેવામાં આવતો નથી. એ કેવળજ્ઞાન પામેલાને પરમાર્થ જીવ કહેવામાં આવતો નથી. આહા..હા..! ભારે આકરું! બાપુ! કઈ અપેક્ષા છે? એક સમયનો અંશ છેને અને ત્રિકાળ ચૈતન્ય પ્રભુ જેમાંથી પ્રવાહ શુદ્ધતાના એવા કેવળજ્ઞાનના કોળા પાક્યા જ કરે છે. જે વેલડીમાંથી (પાક્યા કરે છે) એવું ધ્રુવ ચૈતન્ય સત્ સત્ પ્રભુ એમાં આ અંશ છે નહિ માટે અંશનો આશ્રય કરવા જેવો નથી.

હજી તો શું કહે? ભાઈ! આપણને નથી કેવળ પણ ભગવાનને કેવળજ્ઞાન અને કેવળદર્શન છેને. એની ભક્તિ કરીએ તો તો મોક્ષ થાય કે નહિ? આહા..હા..! (ન થતો હોય) તો પછી આ ભક્તિ નહિ કરે માણસ. અરે સાંભળને હવે. અનંતવાર કરી પણ અત્યારે આવું સાંભળશે (તો કરશે નહિ). પણ એને ભાવ આવ્યા વિના રહે નહિ. જ્યાં સુધી પૂર્ણ દશા ન હોય ત્યાં આવ્યા વિના રહે નહિ.

હવે એક વાત બીજી છે જરી, કે કોઈ પૂજા, ભક્તિનો ભાવ હોય અને સાંભળીને એમ થયું કે મારે તો વધારે તત્ત્વચિંત્વનમાં રહેવું. તો એ શુભભાવને આનાથી હીણો ગણીને આ

આમ કરતો નથી, આ આમ કરતો નથી, માટે આ સાંભળવાનું ફળ કરીને, ઓલો શુભભાવ તત્ત્વના વિચારમાં રહે છે અને એ શુભભાવ થાય એની તો એને ગણતરી નથી. શું કીધું સમજાણું આમાં? મોક્ષમાર્ગપ્રકાશકમાં ભાઈ લીધું છેને કે ભાઈ ભક્તિમાં તો તું રાગ કર ત્યારે થાય, એ કરતા કરણાનુયોગના વિચારમાં રહે તો રાગ ઘણો મંદ થાય. ભક્તિ હોય છે, પણ તું બહુ વજન ત્યાં આપી દે અને કોઈનો શુભભાવ ભક્તિનો પહેલો હોય અને પછી એ ભાવ ન હોય અને બીજો શુભભાવ વિશેષ થતો હોય તો આણે આ મૂકી દીધું આવું સાંભળીને. એ તને સમજમાં આવતું નથી. નવરંગભાઈ! અરે! ભગવાન! તારી તે સવળાઈનો પણ પાર નહિ અને એની અવળાઈનો પણ પાર નહિ. ભાઈ! પણ એને એના શુભભાવ માટે એને એમ લાગ્યું કે મારે અત્યારે આ કરતાં ભગવાનના દર્શન કર્યા. પછી એક કલાક, બે કલાક શાસ્ત્ર વાંચનમાં એમાં ગાળવું છે. તો ઓલો કલાક સાથે જોડે ઉભો ન દેખે (તો એમ કહે), એ.. આણે ભક્તિ મૂકી દીધી. અરે ભગવાન! તને કાંઈ આંખ જોવાની વ્યવહારની આંખ છે નહિ. સમજાણું કાંઈ? પ્રકાશચંદજી! આવું સાંભળીને આમ થયું. એ સાંભળીને થયું નથી સાંભળને હવે. તને શી ખબર પડે? સત્ સાંભળીને કોઈ ભ્રષ્ટ થતા હશે તો એણે સાંભળ્યું જ નથી. અને એ ભાવ પલટતો બીજી જાતનો દેખ્યો માટે ભ્રષ્ટ થયો એમ તારી નજરે જો (તો એ) તારી ઊંધી દૃષ્ટિ છે. પ્રભુભાઈ! સમજાણું કાંઈ?

કહે છે કે આ કેવળજ્ઞાન અને કેવળદર્શન પામેલા પરમાત્મા એના તરફના જુકાવનો રાગ પણ શુભ છે અને કેવળજ્ઞાન અને કેવળદર્શનનું લક્ષ કરવા જાય તો શુભરાગ થાય છે. અને એ કરતા કોઈ તત્ત્વનો વિચાર કરવામાં વધારે રોકાય તો એમાં શુભભાવ ઘણી જાતનો ઊંચો થાય છે. એ શુભભાવની તારતમ્યતાને ન જાણતા, ઓલો શુભ જ્યાં છૂટ્યો (ત્યાં એમ કહે), આણે શુભ છોડી દીધો અને આ તો આમ થઈ ગયું. ભાઈ! તને ખબર નથી, બાપુ! પરિણામની વિચિત્રતા આત્માની એમાં ક્યા પરિણામ કઈ જાતના છે એની તને પરીક્ષા નથી. એમાં પરિણામથી રહિત આત્મા, શુભાશુભભાવથી ત્રિકાળ રહિત આત્મા એની દૃષ્ટિનો અવકાશ તારામાં રહેતો નથી. સમજાણું કાંઈ?

કહે છેને દીપચંદજી અનુભવપ્રકાશમાં, અરે આત્મા! તારી અશુદ્ધતાની પણ બલિહારી છે. બડી-બડી મહિમા કે તું જે માન્યતામાં ગયો, ત્રણલોકના નાથ તીર્થંકરની ધ્વનિ આવે તોપણ તું છોડ એવો નથી. એટલી તારી અશુદ્ધતા પણ બડી, તેરી શુદ્ધતા ભી બડી. શુદ્ધતાની તો શું વાત કરવી? આ શુદ્ધભાવની વાત ચાલે છેને.

ભગવાન આત્મા ઓહો..! જેમાં નજર નાખે ન્યાલ થાય. સમજાય છે? જેમાં ક્ષણમાત્ર પણ દૃષ્ટિ દેતાં અપૂર્વ આનંદની સ્ફૂરણા થાય એવો ત્રિકાળી ભગવાન આત્મા તારો અંદર છે એની અંદર પ્રગટેલી અવસ્થા તેને સ્પર્શતી નથી. આહા..હા..! એ એક સમયની અવસ્થા ત્રિકાળીને સ્પર્શે તો બેય એક થઈ જાય છે. એ પ્રવચનસારમાં આપણે આવી ગયું છે

અલિંગગ્રહણની વ્યાખ્યા ચાલી ત્યારે. અરે! તારા તત્ત્વજ્ઞાનના વિષયો અને એનું ભાન અને એની અદ્‌ભૂતતા એને કોઈ દિ' લક્ષમાં લીધા નથી. કડાકૂટા હવે હાડકાં આ તો પરના છે. એના કારણે બદલે અને એને કારણે (જાય). જુદે જુદાં કામ તારે લઈને એમાં નહિ અને આને લઈને તારામાં નહિ. આ તો હાડકાં જડની ચીજ. એ જડપણું પોતે કામ કરે જડની દશામાં. તારું કામ નથી જડને રાખવું. ડૉક્ટરોને કઠણ પડે પણ આ. છબીલભાઈ નથી આવ્યા? નહિ આવ્યા હોય. આ બધાને આકરું પડે એમ છે. ભાઈ નથી અત્યારે. ડૉક્ટરપણું ચાલતું હશે ત્યાં. સમજાણું આમાં? આ માટી એનો તું થા માટી. જડ છો કહે છે. નિર્જરા અધિકારમાં કહે છે કે આ માટી એનો તું માટી થવા જા તો એક જડનો માટી જડ અને બીજો તું. બે માટી થયા એના. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે તારામાં દશામાં પ્રગટેલી અવસ્થા, ભલે સાધકજીવને કેવળજ્ઞાન નથી, પણ કેવળજ્ઞાન હોય એ પણ એક સમયની દશા છે, એ ત્રિકાળી વસ્તુ નથી. માટે ત્રિકાળી વસ્તુમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન નથી.

હવે **'અંતરાયકર્મના ક્ષયજનિત દાન,...'** એક દાનની લબ્ધિ પ્રગટ થાય આત્માની દશામાં. સ્વરૂપદાન દેવાની પર્યાય. સ્વરૂપદાન. આત્મા પોતાના ચૈતન્યધામને અંતરમાં સંભાળતો, એની દશામાં નિર્મળતા, શુદ્ધતા, આનંદતા આવે એ આનંદ પોતે દે અને પોતે લે એવી દાનની વર્તમાનદશા પણ ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ? એમ **'લાભ,...'** એક સમયની દશામાં શાંતિ અને આનંદનો લાભ અંતરાય કર્મના ક્ષયથી અને પુરુષાર્થની જાગૃતિથી (થાય) એ લાભ, બહારના લાભની અહીં ધૂળમાં પણ વાત નથી. સમજાણું કાંઈ? આ પાંચ પૈસા મળ્યા પાંચની તો અત્યારે ક્યાં ગણતરી? પાંચ લાખ, દસ લાખ, વીસ લાખ અને પચાસ લાખ.

**શ્રોતા :-** એ તો ગરીબ કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગરીબ કહેવાય. અત્યારે તો ૧૦-૨૦ હજારવાળો તો ગરીબ કહેવાય. ફરી ગયું છેને. પહેલાં તો દસ હજારની મૂડીવાળો મોટો શેઠિયો ગામનો (કહેવાતો). હા, હા, આ તો લાઈન ફરી ગઈ આખી. એની મૂળ સંપદાની ખબર ન મળે એટલે બહારની સંપદા ઉપર આંક ટાકવા મંડ્યા શેઠાઈના. બહારની સંપદા ઉપર આંક ટાકવા માંડ્યા કે આ મોટો શેઠિયો અને આ મોટો આ અને આ મોટો આ. કહે છે કે એ લાભ તો અંતરાય કર્મથી કોઈ વિઘ્ન હતું અને કદાચિત આવે એ તો આત્મામાં નથી, પણ આત્માનો લાભ જે અંતર શુદ્ધ ચૈતન્યના ધામમાં એકાકાર થતાં દશા પ્રગટે એ લાભની દશા એ ત્રિકાળ દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ? આ શું પણ છે? આ કઈ જાતની ધર્મકથા? બાપુ! તારા અલૌકિક વીતરાગ ધામ એમાં કેમ જવાય એની આ વાતું છે. આહા..હા..!

**'ભોગ,...'** આત્મા પોતાની શાંતિને ભોગવે. આત્મામાં એક વીર્ય નામનો ગુણ છે, બળ

નામનો ગુણ છે કે જે વીર્ય સ્વરૂપની રચનાનું કાર્ય કરે તેને વીર્ય કહીએ. શરીરની વીર્ય રેત જે જડ, અજીવ, માટી, ધૂળ તેને વીર્ય કહેતા નથી. એક સમયની વીર્યની દશા એ પણ ખરું વીર્ય નથી. ત્રિકાળ આત્માની અંદર એક આત્મબળ નામની શક્તિ પડી છે કે જે બળ પોતાની શાંતિ અને પૂર્ણાનંદ કે એવી સ્વભાવની શુદ્ધિની રચનાનું કાર્ય કરે એને બળ કહીએ. કહે છે કે એવા વીર્યથી પ્રગટેલો આત્માના આનંદનો ભોગ. ઓહો..! શરીરનો ભોગ નહિ, એ તો જડ છે. એ તો અજ્ઞાની પણ એ શરીરને તો ભોગવી શકતા નથી. બરાબર હશે? આ થાયને માવાના જાંબું. આમ ગલગલિયા થઈ જાય એકફેરી કોક કહેતું હતું. પોર કર્યા હતાને ત્યાં. આહા..હા..! અને ગરીબ માણસ ભાળે તો કહે આહા..હા..! એલા એ વિષ્ટા છ કલાક પછીની. આ વિષ્ટાની પૂર્વ અવસ્થા એને તું વખાણ. સાંભળ. આહા..હા..! એ ભોગ નહિ. એ અજ્ઞાની પણ એનો ભોગ કરી શકતો નથી. એના ઉપર લક્ષ કરીને રાગ કરે ને રાગ એ રાગને ભોગવે. જડને તો ત્રણકાળમાં જ્ઞાની કે અજ્ઞાની કોઈ ભોગવી શકતા નથી. બરાબર હશે મોહનભાઈ? આ મોહનથાળ ને શું કહેવાય આ બધા? ઠીક કહે છે ઈ. બોલાય એવું નથી. ન્યાય આગળ કાંઈ બોલાય એવું છે? એ જડને ભોગવે શરીરને, એ દાળ, ભાતને, રોટલાને, સ્ત્રીને, મકાનને (ભોગવે), હરામ આત્મામાં હોય તો. અજ્ઞાનમાં પણ એ રાગ અને દ્વેષને અનુભવે છે અને માને છે કે હું આને ભોગવું છું. મૂઢ છે, દૃષ્ટિમાં વિપર્યાસ છે. પણ અહીંયાં તો કહે છે કે રાગ અને દ્વેષનો ભોગ એ તો સ્વરૂપમાં નથી, પણ વર્તમાન આનંદના અંશના અનુભવનો ભોગ એ ત્રિકાળ દ્રવ્યમાં નથી. એક અંશ ત્રિકાળરૂપ થઈ જતો નથી. ત્રિકાળ ચૈતન્યધામ એ અંશમાં આવી જતો નથી. શું કીધું?

**શ્રોતા :-** છૂટતું કેમ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ કરતો નથી માટે. શું છૂટતું નથી? કર્તા થઈને કરે અને કહે છૂટતું કેમ નથી? હવે કરવું શું? બાવળને બાથ ભીડે. 'અરે..! આ બાવળથી મૂકાવો રે મૂકાવો. કેમ છૂટતું નથી?' તું હાથ પહોળા કરતો નથી માટે. ઓલા પોપટનો દાખલો આપ્યો છે. પોપટ-પોપટ. ઓલી દોરી હોયને દોરી. એ દોરીમાં ભૂંગળી હોય પીત્તળની આવડી છ-છ-આઠ-આઠ ...ની. ભૂંગળી-ભૂંગળી. એમાં પોપટ આવ્યો હોય આમ બેસવ. આમ પગ મૂક્યા અને ભૂંગળી થઈ ગઈ આમ ફડાક દઈને. હાય.. હાય.. પકડાઈ ગયો. આ ભૂંગળીએ મને પકડી લીધો. કારણ કે આમ બેઠેલો. ભૂંગળી તો ફરફર થઈ જાયને આમ. આમ ફરી જાય. પગ ભરાવ્યા તો આમ થઈ ગયો. હાય હાય ભૂંગળીએ મને પકડ્યો. ભૂંગળીએ પકડ્યો છે? કહો, સમજાણું કાંઈ? ત્યારે કેમ પકડાણો? પણ પકડાણો છે હવે કેમ પકડાણો શું? કર્તા થઈને કાર્ય કરે અને કેમ કાર્ય કર્યું? એમ અજ્ઞાની રાગ અને દ્વેષના ભોગમાં પોતાના આત્માને ભોગ માને, સ્વતંત્ર છે અજ્ઞાનમાં. ઊંધાઈમાં પણ એ સ્વતંત્ર છે.

અહીં તો આચાર્ય બીજી વાત કહે છે. એ જે ભોગ એકવાર પર્યાયને ભોગવાય એ

દશા ત્રિકાળમાં નથી. વારંવાર ભોગવાય એ પણ દશા ત્રિકાળમાં નથી. એવા જીવને નિશ્ચય આત્મા કહેવામાં આવે છે, એને સાચો આત્મા પરમાત્મા પોતે કારણ પ્રભુ કહેવામાં આવે છે. આ એના ઉપર દૃષ્ટિ દીધે સમકિત થાય, સમ્યગ્જ્ઞાન થાય, સમ્યક્ચારિત્ર થાય, શુક્લધ્યાન થાય અને કેવળજ્ઞાન થાય. એ સિવાય ત્રણકાળ, ત્રણલોકમાં બીજો કોઈ ઉપાય નથી. બહુ વાત, ભાઈ!

**શ્રોતા :-** અનંત-અનંતકાળ જતો રહ્યો. હવે કેટલો જશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ ને એમ પકડશે એટલો જાશે. ઊંધી પણ એ પોપટ નહિ મૂકે ત્યાં સુધી જાશે. પણ એ સમજે કે આ મેં ભરાવ્યા છે આમ ... ફડાક કાઢી નાખે, થઈ રહ્યું. એમ પક્કડ કરી રાખી છે શુભ અને અશુભ ને જડની એ પક્કડ પોતે છોડે તો જાશે, નહિતર કાંઈ એની મેળાએ જાય એવી નથી.

ઓલા વાંદરાનો દાખલો નથી આપ્યો? બોર હતા બોર એમાં ઘડામાં ઘણાં. પણ સાંકડુ મોઢું. હાથ તો ગર્યો આમ. પણ પકડ્યો મુઠો. હાથ ગર્યો પણ ઓલો મુઠો પકડ્યો એ કાંઈ નીકળે હવે? અહીં મોટા બોર હતો. ૨૫-૫૦ પકડ્યા અંદર હાથ નાખીને. એ મને પકડ્યો બોરે. અરે! પકડ્યો નથી, તું પકડાણો છો. એમ વાંદરાની જેમ... એમ હશે? નવરંગભાઈ! આ વાંદરા જેવું હશે? એ તો શ્રીમદ્દે કહ્યું છે, નહિ? મનુષ્યપણાનો જ્યાં લેખ લખ્યો ત્યાં. ૧૬ વર્ષે મોક્ષમાળામાં. તને મનુષ્ય કેમ કહેવો? કે આ અમને બે આંખ છે, બે કાન છે, આ બે થોરા છે, આ છે, આ છે. તો કહે વાંદરાને પણ એ તો છે. પણ એ વાંદરાને તો એક મોટું પૂછડું વધારે છે માટે એને મોટો માણસ કહેવો. મહામનુષ્ય એને કહેવો. જો આ બે આંખ અને આને લઈને માણસ કહેવો તો એનાથી એક પૂંછડું સાડા ત્રણ હાથનું, ત્રણ હાથનું લાંબુ એની પાસે છે. તારા કરતા તો એને મહાનુષ્ય કહેવાય? એમ છે નહિ. મન્યતે ઈતિ મનુષ્યઃ જ્ઞાયતે ઈતિ જ્ઞાન મનુષ્ય. આત્મા રાગ અને પરથી ભિન્ન છે એવો અંતર વિવેકી જ્ઞાન કરે તેને મનુષ્ય કહેવામાં આવે છે. બાકી મનુષ્યા સ્વરૂપેણ મૃગા ચરંતિ. એ મનુષ્યના રૂપે હરણિયા ચરી રહ્યા છે. આહા..હા..! એય..! મૂળજીભાઈ! આ બધા શેઠિયાઓ પણ એવા હશે? કહે છે. મનુષ્યા સ્વરૂપેણ મૃગા ચરંતિ. હરણિયા.. એ તો દાખલાની વાત કીધી. જો આવી આંખ એને હોય તો એને મોટો માણસ કહેવો. બાપુ! એમ નથી. મન્યતે અંદર મનુષ્ય જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ પ્રભુ જેની દશામાં એક અંશ પણ નિર્મળ (પ્રગટ થાય) એ ત્રિકાળી ચીજમાં નથી. એવી ચીજનું ભાન થવું એને મનુષ્ય અને વિવેકી કહેવામાં આવે છે. એ આંખ ફૂટી હોય તોપણ એને નડે નહિ.

નીચે કહેશે પછી. નરકમાં નારકી છેને. બહુ માંસ અને દારૂ પીધા હોય, લંપટી બહુ હોય અને એવા બધા પાપના પરિણામે એક ગતિ નરકની છે નીચે ત્યાં જીવ અનંતવાર જઈ આવ્યો છે. એવા ભાવ કરીને અનંતવાર ગયો છે. સમજાય છે? ત્યાં આગળ એટલી

પીડા. શરીરના રજકણો આમ પારાની જેમ વીંખાઈ જાય. એટલી પીડા. અરે! એને ખબર નથી. એની વર્તમાન નજરું આડે ત્રિકાળમાં મારામાં શું પડ્યું છે એની એને ખબર નહિ, વિચારણા કરી નહિ. આ દેણા હોય છેને દેણા? પાંચ-પચ્ચીસ લાખનું દેણું હોય, પાંચ-પચાસ હજારનું. તો શાહુકારવાળા ચોપડા જોવે. કે ભાઈ આ કેટલું દેણું ને આપણે પહોંચશું કે નહિ? પણ જેને લા લેવી હોય અને દેવાળુ કાઢવું હોય એ? કે નહિ પહોંચીએ તે દિ' ચોપડા મૂકશું કોર્ટમાં. ભાઈ અમે પહોંચતા નથી. પણ એ દીવાળીયા ત્યાં ચોપડા લઈ જાય. જેને એમ શાહુકારની ગરજ છે એ ચોપડા જોવે. મારું લેણું કેટલું? પૈસા કેટલા? આવશે કેટલા? જશે કેટલા? શું છે આ? હું પહોંચી શકીશ કે નહિ? દીવાળું કાઢવું હોય એ ચોપડા ન જોવે. એમ જેને ચોર્યાસીના અવતારના દીવાળા કાઢવા એ આત્માને જોતો નથી. શાસ્ત્રકાર શું કહે છે આત્માની જાત? (એ જોતો નથી). થાવું હોય એ થાશે.

**શ્રોતા :-** માકડ મારવાની દવા ખાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ખાય છે. બધી સાંભળી છેને. ત્યાં માસીબા બેઠી છે? બહુ પ્રતિકૂળતા થાયને તો માકડની દવા ખાય. હમણા આવ્યું હતુંને છાપામાં, આવ્યું હતું. બધી વાતું ઘણી આવે અહીં તો. માસીબા બેઠી છે કે આવ ભાણિયા, પોઢી જાજે. ત્યાં છે માસીબા કાંઈ? પ્રતિકૂળતાના આવા યોગને પણ સહન કરવાની તાકાત નથી અને એ દેણદારપણું ત્યાં દુકાન ફેરવે એટલે દેણદારું છૂટી જતું હશે? એ દુકાન બીજી થાય એટલે દેણદાર છૂટી જાય? અહીંથી છૂટીએ, પણ છૂટે ક્યાં? રાગ અને પુણ્યના વિકલ્પથી જે આત્મા એક માન્યો એનાથી છૂટ (તો) તારો છૂટકારો (થાય). સમજાણું કાંઈ?

અહીં કહે છે **'ભોગ, ઉપભોગ ને વીર્ય.'** એ આત્મામાં અનંત વીર્ય પ્રગટે એ આત્માના મૂળ ત્રિકાળ સ્વરૂપમાં એટલો અંશ (નથી). ઓહો..હો..! અનંત ચતુષ્ટય પ્રગટે એ પણ એક સમની ત્રિકાળની દશા છેને. ત્રિકાળમાં તો એવું અનંત-અનંત સામર્થ્ય પડ્યું છે. પણ એવા સામર્થ્યનો સ્વામી, સહજ ચૈતન્યસ્વામી છે એની એણે પ્રતીત કરી નથી. એ વીર્ય. એ નવ બોલ થયા. એ નવ બોલ મૂળ ચૈતન્યના વસ્તુ કાયમી ચૈતન્ય દ્રવ્યસ્વભાવ નિશ્ચય આત્મા એમાં વ્યવહાર આત્માના નવ બોલનો અભાવ છે. બરાબર હશે, દામોદરભાઈ? કેવળજ્ઞાનનો અભાવ?

સામાન્ય અને વિશેષ બે દશાઓ. એમાં સામાન્ય અને વિશેષ જો ભિન્ન ન રહે તો સામાન્ય અને વિશેષ સિદ્ધ થાય નહિ. શું કીધું? ત્રિકાળ વસ્તુ જે એકરૂપ છે અને એની દશા વર્તમાન એક સમય પૂરતી છે. બે સ્વયંસિદ્ધ કોઈની અપેક્ષા વિના ન હોય તો બે વસ્તુની સાબિતી થતી નથી. અને બે વસ્તુ સાબિત થવા છતાં એ એક સમયની દશા વિશેષ તે ત્રિકાળ સામાન્યમાં નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! આ સમજવું નથી, આ અંતરમાં સમ્યક્ પ્રગટ થવાની કળાની ગતિ કરતો નથી. છોડ આ. બાયડી છોડ, છોકરા છોડ, આ

છોડ. હવે છૂટા જ પડ્યા છે, કે દિ' ગરી ગયા હતા ત્યાં? એ તો બિચારા એને કારણે કામ કરી રહ્યા છે. એને કારણેને? આવ્યા ભાનુભાઈ આવ્યા હતા વયા એને કારણે. દશા કોણ રાખે ને કોણ રાખે ને કોણ પાળે? આ સંસાર પણ...

કહે છે અરે! તારામાં એક આ નવ બોલ જે કહ્યા એ બધી દશાઓ છે. દશાવાન જે ત્રિકાળી જેમાં નજર કરવાની છે, જેને સાચો આત્મા કહેવામાં આવે છે. વળી આત્મા સાચો અને ખોટો? એ નવ પ્રકારની દશા એ વ્યવહારનો વિષય છે. વ્યવહાર તે અભૂતાર્થ છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. કેમકે એક સમયનો અંશ છે. ત્રિકાળ સત્યાર્થ ચૈતન્યધામ એ ત્રિકાળ સત્ય છે તેને નિશ્ચય આત્મા કહેવામાં આવે છે. એનું શરણ લે, સમ્યગ્દર્શનથી કેવળજ્ઞાન ત્યાંથી પ્રાપ્ત થાય એવું છે.

હવે ક્ષયોપશમ. કાંઈક મલિન અને કાંઈક નિર્મળ એવી દશા હોય છે. આ ક્ષાયિકના નવ બોલ કહ્યા એ તો તદ્દન નિર્મળની વાત કરી, પણ કંઈક મલિન અને કાંઈક નિર્મળ એવી દશા આત્મામાં થાય છે. એમાં એક '**મતિજ્ઞાન,...**' સમ્યક્ મતિજ્ઞાન. એ મતિજ્ઞાન દ્વારા આત્મા પકડાય એવો જે મતિજ્ઞાન. એ મતિજ્ઞાન પણ આત્માના ત્રિકાળ દ્રવ્યમાં નથી. આ ભારે વાત, ભાઈ! એ '**શ્રુતજ્ઞાન,...**' એ શાસ્ત્રનું ભાવશ્રુતજ્ઞાન. આ પાના નહિ. અંદર આત્મા પોતાના આત્માના શુદ્ધતાનું વેદન કરે શ્રુતજ્ઞાનથી. ભાવશ્રુત, ભાવઉપયોગ. શ્રુત—જેના વડે શાંતિ પ્રાપ્ત થાય એવું શ્રુતજ્ઞાન, એ શ્રુતજ્ઞાન પણ વર્તમાનદશા છે. એ ત્રિકાળમાં એ વ્યવહારનયનો આત્મા ખરો, વિષય વર્તમાનનો ત્રિકાળ દ્રવ્યની અંદર એ છે નહિ. અહીં શુદ્ધભાવ નામ ત્રિકાળતત્ત્વ જે શુદ્ધ છે પોતાનું એમાં આ નથી એમ કહીને નિશ્ચય આત્માનો આશ્રય કરાવવા માગે છે. સમજાણું કાંઈ? અને શુદ્ધભાવની સત્તાનો સ્વીકાર કરાવે છે. તેં કોઈ દિ' સત્તાનો, શુદ્ધનો સ્વીકાર કર્યો નથી.

'**અવધિજ્ઞાન,...**' એક અવધિજ્ઞાન થાય છે. ઉઘાડ હોય તો સામાના મનની વાત જાણી શકે. સ્વર્ગ-નરક અહીંયાં બેઠા જાણી શકે અંદર. એવી એક અવધિ એટલે મર્યાદિત જ્ઞાનનો વિકાસ પર્યાયમાં એટલે અવસ્થામાં. એ પણ ત્રિકાળમાં નથી. '**મનઃપર્યયજ્ઞાન...**' મનને જાણે. સામાના મનના ભાવ જાણે એવો એક જ્ઞાનના વિકાસની એક દશા છે, પણ એ દશા પણ ત્રિકાળમાં નથી. એ ચાર જ્ઞાન સમ્યક્ કીધા.

હવે, '**કુમતિજ્ઞાન,...**' જે પુણ્ય અને દયા, દાનના વિકલ્પને ધર્મ માને-જાણે એવું કુમતિજ્ઞાન. '**કુશ્રુતજ્ઞાન...**' જેમાં અશાંતિ રહે અને અશાંતિને પોતે સત્ય માને એવું કુશ્રુતજ્ઞાન અને એક '**વિભંગજ્ઞાન...**' સમ્યગ્દર્શન વિના મિથ્યાશ્રદ્ધામાં પણ સાત દ્વીપ અને સાત સમુદ્ર જણાય એવો જ્ઞાનનો એક વિકાસ ભાગ છે. એ મિથ્યાદૃષ્ટિને પણ હોય છે. એને ધર્મ હોતો નથી. દૃષ્ટિ ખોટી હોય, સત્યને સમજ્યો ન હોય, છતાં રાગની મંદતાથી એક અજ્ઞાનની દશા વિભંગ-વિપરીત જ્ઞાન સાત દ્વીપ સમુદ્ર અંદર જોવે કે આ દ્વીપ અહીં છે, લવણ છે... આ છે...

આ છે... આ છે... પણ એ દશા અજ્ઞાનની વર્તમાન પૂરતી છે. ત્રિકાળમાં એ નથી.

**'એવા ભેદને લીધે અજ્ઞાન ત્રણ; ચક્ષુદર્શન,...'** એ આંખથી. આ આંખ-આંખ. એ તો નિમિત્ત છે હોં. અંદર ચક્ષુદર્શન એટલે દેખવાનો વેપાર. ક્ષયોપશમભાવનો દેખવાનો ભાવ એ ત્રિકાળમાં નથી. **'અચક્ષુદર્શન,...'** આંખ સિવાયની ચાર ઇન્દ્રિયો એના તરફનો જે દર્શન સામાન્ય વેપાર એ આત્મામાં નથી. **'અવધિદર્શન...'** સામાન્ય દેખવું, અવધિજ્ઞાન ઉપયોગ થયા પહેલાં એક શક્તિ હોય છે. આ બધું વ્યવહારે છે, પર્યાયમાં છે એમ સાબિત થઈને વ્યવહાર સાબિત કરે છે. **'એવા ભેદને લીધે દર્શન ત્રણ;...'** એ ત્રિકાળ દ્રવ્યની અંદર નથી. **'કાળલબ્ધિ,...'** એ વાંધા. જગતને વાંધા ઉઠાવે પંડિતો કેટલાક. એક ક્ષયોપશમિક ભાવ છે કાળલબ્ધિ. ઓલામાં ક્ષયોપશમ કહ્યો છે બીજા શાસ્ત્રમાં. એને અહીંયાં કાળલબ્ધિ (કહી છે). એટલે તે પ્રકારની વર્તમાનદશામાં જ્ઞાનનો અને દર્શનનો અને વીર્યનો વિકાસ જે આત્માના મનન કરવા માટે કામ આવે. જે જ્ઞાન, આત્મા શું છે એનું મનન કરવામાં, નિર્ણય કરવામાં વ્યવહારે કામ આવે એવું ક્ષયોપશમિક જ્ઞાન દશામાં છે, એ ત્રિકાળમાં છે નહિ.

**'કરણલબ્ધિ,...'** એ જરી સમ્યગ્દર્શન થવા પહેલાં ત્રણ પ્રકારના પરિણામની જાત થાય છે. આત્મસાક્ષાત્કાર અનુભવ થવા પહેલાં એક આત્માના પરિણામની રાગની મંદતાની જાતના એક ત્રણ પ્રકારના કરણ એટલે પરિણામ થાય છે, દશા. એ લબ્ધિની પ્રાપ્તિ એ ત્રિકાળ દ્રવ્યની અંદર નથી. ઓહો..! ઓલા કહે કરણલબ્ધિથી થાય. ભાઈ! એમ કહે છે. એના માટે તો આ લીધા છે. ઓલા કહે કે કાળલબ્ધિથી થાય? ના. ક્ષયોપશમથી થાય? ના. આહા..હા..! કરણલબ્ધિ પરિણામ થાય એક એ પરિણામની એક જાત છે એના નામ ન સમજાય. અધઃકરણ, અપૂર્વકરણ, અનિયતિકરણ, અનિયતિકરણના પરિણામના પેટા ભેદમાં અંતઃકરણ એક પરિણામની જાત છે દશાની. એ દશાના પરિણામ એ ત્રિકાળ દ્રવ્યમાં નથી. અરે! ભગવાન! એની દશા કેવી વર્તે છે એની ખબર ન મળે. ઘરમાં ગાદલા કેટલા અને મેડીના દાદરાના પગથિયા કેટલા એની ખબર હોય. બારીમાં આટલા ઇંચના સરિયા નાખ્યા છે આઠ એની ખબર હોય. અંદરમાં પાતળા હોય અને બહારમાં જાડા હોય. લ્યો, અંદર ગરી ન જાય કોઈ. એ બધી એને ખબર જડની, પણ તારી દશામાં ક્યા ક્યા .. જાળીયું પડી છે, ઉઘાડ એ જાતનો, કહે છે એ પણ સ્વરૂપમાં નથી ત્રિકાળમાં.

**'ઉપદેશલબ્ધિ,...'** દેશના. સંતો અને જ્ઞાનીઓ પાસેથી સાંભળવાનું મળે અને એ સાંભળીને ખ્યાલમાં વાત લ્યે એ દેશનાલબ્ધિ કહેવાય છે. દેશનાલબ્ધિ વિના સમ્યક્ પામે નહિ એમ વ્યવહારે કહેવાય છે. છતાં આ દેશનાલબ્ધિ તે ત્રિકાળ દ્રવ્યમાં નથી. એવા દ્રવ્યનો આશ્રય કરે ત્યારે સમ્યક્ પમાય છે. ઓહો..હો..! **'ઉપશમલબ્ધિ,...'** વિશુદ્ધિ-વિશુદ્ધિ. સમજાણું? આત્મામાં એ વિશુદ્ધિ રાગની મંદતા, રાગની મંદતા (થાય), જેનાથી અંદર સમકિત પામવામાં અનુભવમાં જઈ શકે એમ વ્યવહારથી કહેવાય, પણ એ ખરેખર એનો આશ્રય છોડે અને

ત્રિકાળનો આશ્રય કરે ત્યારે સમ્યક્ થાય છે, નહિતર અનુભવ થતો નથી એટલે ધર્મ થતો નથી. આ પાંચને આશ્રયે ધર્મ થતો નથી. અને '**પ્રાયોગ્યતાલબ્ધિ...**' એટલે કર્મની ઘણી સ્થિતિ મંદ થઈ જવી. પોતાના ભાવ એવા હોય જરી શુભ કે જેમાં કર્મ બંધાયેલું એમાં એનો રસ અને મર્યાદા સ્થિતિ ઘટી જવી એવા ભેદને લીધે લબ્ધિ પાંચ એ ત્રિકાળ દ્રવ્યની અંદર નથી. ઓલા રાડું પાડે કે ગોમ્મટસારમાં આમ કહ્યું છે. અરે! સાંભળને હવે. તત્ત્વાર્થસૂત્રમાં બધું એક જ કહ્યું છે.

'**વેદકસમ્યક્ત્વ;...**' એ ક્ષયોપશમસમકિત છે. જરી મલિનતા થોડી હોય અને થોડું નિર્મળ હોય. અને '**વેદકચારિત્ર;...**' ક્ષયોપશમચારિત્ર એમ. જરી રાગનો ઉદય પણ હોય અને જરી નિર્મળતા પણ હોય. '**અને સંયમાસયમપરિણતિ.**' ચારિત્ર શ્રાવકનું. કાંઈક સંયમ આત્માનું ભાન થઈ સ્થિરતા હોય, કાંઈક અસ્થિરતા હોય, એ બધી દશાઓ છે. દશાઓની કબુલાત કરીને ત્રિકાળ દ્રવ્યની અંદર એ નથી (એમ કહે છે). આહા..હા..! કેટલાકને તો આ કાને પહેલું પડતું હશે. હેં ચંદુભાઈ! શું કહે છે આ? ભાઈ! તારી દશાની ઋદ્ધિનું વર્ણન (કરે છે) અને એ ઋદ્ધિ અંતરમાં નથી. એવો ચૈતન્ય કારણપ્રભુ જેનો આશ્રય કરવાથી કપાટ ફાટે એની અંદર આ પર્યાય એક સમયનો અંશ એમાં નથી. સમજાણું? એ બોલ કેટલા કહ્યા? ૧૮. ૧૮ કહ્યા ૧૮.

હવે ઔદયિકભાવના ૨૧ ભેદ. એ '**નારકગતિ,...**' એ નરકની ગતિ છે એક હોં. ઘણીવાર આપણે સિદ્ધ કર્યું છે નરકગતિ. બહુ પાપ કરે તો એ પાપના પરિણામ તરીકે એટલું દુઃખનું સ્થાન હોય ત્યાં જાય. મરવાને, મારી નાખવાના ભાવ, જ્યાં અનેક પ્રાણીઓને મારવાના ભાવ જ્યાં સંખ્યા બાંધતો નથી અને કાળ બાંધતો નથી કે આટલાને મારવા અને આટલા કાળ મારવા. એટલે એના પરિણામમાં ક્લિષ્ટતા, ક્રૂરતા અપરિમિત થઈ. અનંત-અનંત જીવો હોય તોપણ મારી સગવડતાના વિઘ્નમાં આવે, મારી સગવડતામાં અગવડ થાય એને ઉડાવી દઉં. કરી શકે કે નહિ એ પ્રશ્ન નથી, પણ એના ભાવમાં એટલી ક્લિષ્ટતા અંતર્મુહૂર્તની અંદર હોય કે આ બધા જીવોને લાંબો કાળ હોય તો મારી નાખું, પણ અગવડતા રહેવા દઉં નહિ. એવી એક ક્ષણમાં જે ક્લિષ્ટતા એ બધાને દુઃખ દેવાનો એટલો અનંતનો ભાવ, એવા દુઃખના જ્યાં સ્થાન હોય ત્યાં ઊપજે તેને નારકીની ગતિ કહે છે. સમજાણું કાંઈ? એ નરકગતિ ત્રિકાળ દ્રવ્યની અંદર નથી. એક સમયની અવસ્થા છે. વસ્તુ પોતે એ ગતિના ભાવ વિનાની એક ચીજ છે. એકાકાર ભગવાન.

એમ '**તિર્યંચગતિ,...**' ઢોર ગતિ. આ ઉંદર ને નોળ ને કોળ ને તિર્યંચના શરીર આડા હોય છેને આડા? એને તિર્યંચ કહે છે. આડા શરીર. માણસના ઉભા (શરીર હોય) અને નોળ, કોળ, ગાય, ઘોડા, હાથી આમ આડા (હોય). આડા સમજો છો? તીરછા. કેમકે પૂર્વે કપટ, કુટિલતા, દંભ ઘણાં કરેલા. એટલી આડોડાઈ અને ક્રુરતા કરેલી માયા, કપટની કે એની

દશામાં તો અવળાઈ હતી, એના ફળ તરીકે શરીર આડા મળ્યા. નોળ, કોળ, હાથી, ઘોડા. એવી એક ગતિ છે એ તો દેખાય છે નજરે. એ ગતિ ચૈતન્યદ્રવ્યની અંદર નથી. એમાં હોય તો એનો અભાવ થઈ શકે નહિ.

એમ '**મનુષ્યગતિ...**' તો દેખાય છે. આ શરીર નહિ હોં! અંદર મનુષ્યને યોગ્ય ગતિનો ભાવ. એ ઉદયભાવની અહીં વાત છે. અંદરની જડની વાત અહીં નથી. અને '**દેવગતિ એવા ભેદને લીધે ચાર ગતિ...**' એ ચાર ગતિ દ્રવ્યસ્વભાવમાં નથી. એ ત્રિકાળ શુદ્ધભાવ જેને ધ્રુવ કહીએ એમાં એ ગતિ નથી. માટે ગતિનો આશ્રય લેવાથી (ધર્મ થતો નથી). લોકો કહે છેને મનુષ્યગતિ ધર્મનું કારણ. આ મનુષ્યગતિ? ના, ના; એ ગતિ ત્રિકાળ દ્રવ્યમાં નથી માટે ત્રિકાળ દ્રવ્ય ધર્મનું કારણ છે. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા.૧૨-૦૩-૬૩, ગાથા-૪૧,
## પ્રવચન નં.૩૮૬

આ નિયમસારના અધિકારમાં શુદ્ધભાવ અધિકાર છે. ૪૧મી ગાથા ચાલે છે. શું આ કહે છે? આ આત્મપદાર્થ વસ્તુ છે એ એનો કાયમી સ્વભાવ પરમપારિણામિક જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવ છે અને એની વર્તમાનદશામાં અથવા ત્યાં-ત્યાં થતી અવસ્થાઓમાં હાલત-હાલત. સોનામાં ભિન્ન-ભિન્ન દશાઓ થાય, છતાં સોનું સોનાપણે સદશ્ય કાયમ એકરૂપ રહે છે, એમ આત્મા વસ્તુસ્વરૂપે શુદ્ધભાવ નામ ધ્રુવ ચિદ્ઘન, આનંદઘન છે. એને અહીંયાં વસ્તુસ્વભાવનું સત્તાપણું, જેને ધર્મ કરવો છે એને એ આશ્રય કરવાલાયક છે. એની દશામાં ચાર દશાઓ થાય છે એ આશ્રય કરવાલાયક નથી. એમ જરી ઝીણી વાત છે. એમ આપણે બોલ તો ઘણા આવી ગયા છે. એમાં ૨૧. આ ઔદયિકના ચાલે છે. આ બધામાં શું કહેવા માગે છે? જરી ઝીણી (વાત છે). આ બોલો કહે છે એમાં એ.

ક્ષાયિકભાવના... આત્માની દશામાં એક સમ્યગ્દર્શન ઉપશમ થાય છે. એ પણ એક અસ્તિપણે હોય છે, હોય છે અને અને તે પોતાથી હોય છે એમ બે સિદ્ધ કરીને પછી ત્રીજી વાત કરે છે. શું કહ્યું? સ્વયં સિદ્ધ છે. આત્મા શુદ્ધ આનંદઘનનું ધ્રુવનું ભાન થતાં એક સમ્યગ્દર્શન થોડો કાળ રહે અને જેમ પાણીમાં મેલ નીચે બેસી જાય અને નીતરી જાય, એમ આત્મામાં અલ્પકાળ-થોડું ઉપશમ સમ્યક્ કે જે લાંબો કાળ રહી શકે નહિ, પણ થાય છે એવી એક દશા છે. અને એ દશાનું અસ્તિત્વ પોતામાં, પોતાને લઈને, પોતાથી છે. એમ ચારિત્ર ઉપશમના

બોલ બધા ગયા છે.

એમ ક્ષાયિક... આત્મામાં સમ્યગ્દર્શન એવું પ્રગટ થાય આત્માના અવલંબે કે જે કદી નાશ ન થાય. અને કેવળજ્ઞાન પરમાનંદદશાને પ્રાપ્ત એ ક્ષાયિકસમકિતને અને કેવળજ્ઞાનની ધ્રુવ દશા થઈ જાય, એકાકાર થવાની એમાં કળા છે. એવું ક્ષાયિકસમકિત પ્રગટ થાય એ પણ આત્માની દશામાં અસ્તિત્વ તરીકે હયાતી તરીકે છે. અને તે હયાતી પોતાથી કરેલી છે. એવા નવ બોલ આવ્યા ક્ષાયિકસમકિત આદિ. ક્ષયોપશમમાં પણ અઢાર મતિ-શ્રુત આદિ. એ બધી દશાઓ, પર્યાયમાં, હાલતમાં છે. એ વ્યવહારનયનો વિષય પણ વર્તમાનમાં પોતામાં છે. અને તે છે પોતાથી. પણ એમાં કર્મના નિમિત્તની અપેક્ષા ચાર દશાઓમાં—ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ આદિ. અને આ ઉદય છેલ્લું ચાલે છે. નારકની ગતિ, મનુષ્યની ગતિ એવી આત્માની પર્યાયમાં એવી યોગ્યતા જીવમાં છે અને તે ગતિની યોગ્યતા પોતાને જ કારણે છે એમાં કર્મનું નિમિત્ત ફક્ત છે. એ બધી દશાઓ વર્તમાન વ્યવહારનયનો વિષય છે એ આશ્રય કરવાલાયક નથી. આશ્રય તો ત્રિકાળ ચૈતન્ય પ્રભુ આનંદકંદ, સચ્ચિદાનંદ, નિર્મળાનંદ ધ્રુવ એ અંતર પરમાત્મસ્વરૂપ પોતાનું છે એનો આશ્રય કરે જીવને શાંતિ, સુખ અને સાક્ષાત્કાર થાય, એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. એ બોલનું અસ્તિત્વ પણ વર્ણવે છે, સ્વતઃ વર્ણવે છે અને ત્રિકાળ તત્ત્વમાં એ નથી એમ પણ વર્ણવે છે.

જુઓ, અહીંયાં સુધી આવ્યું છે. ચાર ગતિ છે. ચાર ગતિ જીવની દશામાં છે. એ પોતાથી છે, પણ ઉદય છે. ઉદય એટલે ત્રિકાળ જ્ઞાયક આનંદમાં નથી. એની એક સમયની દશામાં એ ગતિની યોગ્યતા છે અને તે યોગ્યતા પોતાથી થયેલી છે. કર્મનું તો તેમાં નિમિત્તમાત્ર સંયોગ છે. એમ ક્રોધ, માન, માયા અને લોભ. એ ક્રોધ, માન, માયા, લોભ છે જીવની દશામાં. એ ક્રોધ, માન કોઈ જડના છે અને જડે કરેલા છે, એમ નથી. આત્માની વર્તમાનદશામાં કલુષિત લાગે, માન આવે, માયા, કુટિલતા, વક્રતા, લોભ એ એની દશામાં અસ્તિત્વ છે. અને તે અસ્તિત્વ સ્વયં યોગ્યતાથી કરેલું છે, પણ તે ત્રિકાળી જ્ઞાયકમૂર્તિના અંદરમાં એ સમયનો વિકારનો પ્રવેશ નથી. સમજાય છે કાંઈ?

એ થોડા લઈએ જુઓ. એ ચાર કષાય. '**સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુસકલિંગ...**' એ સ્ત્રીલિંગ એટલે વિકારભાવની અહીંયાં વાત છે. સ્ત્રીપણાનો વિકાર, વાસના એ એની દશામાં એ સ્ત્રીપણાનો વિકારને લાયક હોય ત્યારે એની દશામાં વાસના હોય છે, પણ એ ત્રિકાળી તત્ત્વનો જ્યાં આશ્રય કરવા જાય તે આશ્રય એનું આશ્રય કરવું રહેતું નથી. સમજાય છે કાંઈ? એમ પુરુષલિંગ 'પુલિંગ...' એનો વેદમાં અંદર વાસના, પુરુષલિંગની અંતર વૃત્તિ વાસના થાય. એ અસ્તિત્વ છે, હયાતી છે, એ નવી કરેલી ઉદયની વિકૃતદશા એની અવસ્થામાં છે. પણ એના ત્રિકાળની વસ્તુની અંદર શરણ કરતાં એ વસ્તુ અંદરમાં પ્રવેશ કરતી નથી. બહુ ઝીણું છે હોં. સોભાગચંદજી! હજી તો આવશે આ ટૂંકું લઈએ પછી જુઓ, ત્રણ લિંગ.

એમ એક નપુંસકલિંગ. વેદની વિકારતા સ્ત્રી અને પુરુષ બેય સાથે વાસનાનો એક વિકલ્પ હોય છે, નપુસંક જીવોને એને એની દશામાં હયાતી છે, છે. જેમ આ પાવૈયાને કહેવાય છેને. શરીરમાં પણ અંદરમાં એ જાતના વેદની વાસના અંદર રહ્યા કરે. એવી એની દશામાં છે, પણ ત્રિકાળ આનંદકંદ ધ્રુવ ચૈતન્યની અંદરમાં એ નથી. તેથી તેને એક સમયની વિકૃત અવસ્થાને ઉદયભાવ તરીકે ગણી છે.

એમ ટૂંકામાં '**સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ મિથ્યાદર્શન એક,...**' છે. એ આત્મા રાગવાળો, પુણ્યવાળો અને ત્રિકાળ આનંદ નહિ. પુણ્યથી ધર્મ થાય, પાપમાં સુખ છે એવી એક માન્યતા જીવની દશામાં છે. સમજાણું કાંઈ? એવી મિથ્યાદર્શનદશા છે. એ એક જ છે પણ. ઓલા બધા ભેદ હતા. અજ્ઞાન એક અને એક અને અસંયતા એક. વસ્તુના સ્વરૂપનું બેભાનપણું અથવા અલ્પજ્ઞાનપણું બેય અજ્ઞાનમાં જાય છે. સમજાણું કાંઈ? એ અજ્ઞાનતા એની દશામાં છે. ન હોય તો એને ટાળવાનું હોય શકતું નથી. અને અસંયમદશા એના પર્યાયમાં આ ઉદયભાવનું અજ્ઞાન ગણ્યું, ભાઈ! અસંયમ. રાગના અભાવનો ભાવ કરતો નથી એવો એક રાગભાવ, વિકારભાવ, અવ્રતભાવ, અત્યાગભાવ, અચારિત્રભાવ એ જીવની દશામાં અસ્તિત્વ છે, પણ એ ત્રિકાળ તત્ત્વની દૃષ્ટિ કરતાં તેનો આશ્રય લેવા જેવો નથી. કોનો? આ અસંયમનો. ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય પ્રભુ એના આશ્રયથી આત્માને ધર્મ થાય છે.

એમ '**અસિદ્ધત્વ...**' એક અસિદ્ધપણું જ્યાં સુધી પરમાત્મદશા આત્મા ન પામે ત્યાં સુધી અસિદ્ધ, પરમાત્માથી અભાવ-સ્વભાવરૂપ વિકાર એને અસિદ્ધત્વપણું દશા કહે છે. એ જીવની આત્માની વર્તમાનદશામાં છે. '**શુક્લલેશ્યા,...**' એ શુક્લલેશ્યા થાય છે. જીવના શુભભાવ. સમજાય છે કાંઈ? એક ઝાડનો દાખલો અપાય છેને? કે ભાઈ કેરીનું ઝાડ હતું આંબો. કેરી અમ ઝાડ કહે છે. છ માણસ કેરી ખાવા આવ્યા. એકે એવો વિચાર કર્યો કે આપણે છ જણા છીએ ને કેરી ખાવી છે. કાપો મૂળમાં કુહાડો. નીચે પડશે તો આપણે ખાઈશું. એવા ભાવને. આ એક દૃષ્ટાંત છે. એવા કોઈપણ કામની અંદર જીવની વર્તમાનદશામાં છ પ્રકારની સ્લેશ નવા કર્મનું બંધન થાય એવો સ્લેશભાવ-મલિનભાવ એને લેશ્યા કહે છે. એ લેશ્યા આત્માની અવસ્થામાં છે, એનાથી છે, અસ્તિ ધરાવે છે, પણ વસ્તુસ્વરૂપમાં એ ત્રિકાળમાં છે નહિ એ વાત વધારે લંબાશે.

એ '**શુક્લલેશ્યા...**' એટલે પહેલી કૃષ્ણલેશ્યા કીધી, ઓલું ઝાડ કાપી નાખે. એવા માઠાં પરિણામ. એને કેરી તો ખાવી છે બીજાને કે ભાઈ! આખું ઝાડ કાપીને શું કામ છે? પચાસ મણ કેરી છ જણા ખાઈ શકશું નહિ. સારી એક ડાળ કાપોને નાની કે એમાં મણ કેરી નીકળી જશે. મણ માંડ ખાઈ શકશું એ એના પરિણામ વળી એટલા. તો ઓલા કરતા કાંઈક મંદ પાપવાળા. મંદ પાપવાળા. ત્રીજાએ એમ કહ્યું કે ભાઈ એવી મોટી ડાળ કાપીને શું કામ? નાની-નાની ડાળીના ઝૂમખા તોડી લ્યોને. કે આપણે છ જણાને માટે બસ છે. એનાથી

કાંઈક મંદ પરિણામવાળા પાપના. એ પહેલા કીધા એ છેલ્લામાં બોલ છે એ કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોત લેશ્યા. હવે એનાથી '**પીતલેશ્યા,...**' ચોથાના એના થયા કે ભાઈ એમ શું કરવા? જે ડાળે કેરી હોયને એના કેરીના લુમખા તોડી લ્યો. આપણે એક મણસ એટલી ઘણી થશે. એ પીતલેશ્યા. એના શુભભાવ ખરા. પદ્મલેશ્યા. આ શુભ નથી હોં તોડવા કાળની. આ તો દાખલો છે. પદ્મલેશ્યા. એક બીજાએ કહ્યું કે પણ એમ શું કરવા કરો છો. એ કેરી-કેરી ડીટડેથી તોડી લ્યોને. જ્યાં ડીંટડું છેને ઓમાં પાકી ત્યાંથી તોડી લ્યો. ઓલા કરતા કાંઈક પરિણામ મંદ. શુક્લલેશ્યાવાળો છેલ્લો બોલ્યો ઉજ્જ્વળ પરિણામ શુભ છે. ભાઈ! શું કરવા તમે તોડો છો કેરીને. લ્યો આ પવન વાયો. આ હમણા પાકી ખરશે મણ, બે મણ. આપણે તોડવાની જરૂર નથી. આ છએને કેરી ખાવી પણ એના પરિણામની જાતમાં હીનાધિકતા છ પ્રકારે આવે છે. સમજાય છે કાંઈ?

એમ એકનો એક ધંધો, એકનું એક કામ કરનારમાં છ પ્રકારના પરિણામની જાતમાં ફેર પડે છે. રતિભાઈ! બરાબર હશે? એમાં રાંધનાર હોય, ખાનાર હોય, એમાં બધામાં પરિણામ છ પ્રકારના ફેર પડે. કોઈની તીવ્રતા, કોઈની મંદતા, કોઈની મંદતમ કોઈની કાંઈ કાંઈ એવા પ્રકારના ભાવ હોય. એ ભાવને અહીંયાં લેશ્યા કહેવામાં આવે છે. કે જે શ્લેશલેશ્યા નવા કર્મબંધનનું કારણ છે, પણ એ અવસ્થા આત્માની દશામાં આત્માથી થયેલી છે. સમજાણું કાંઈ? પહેલી શુક્લ, બીજી પદ્મ, ત્રીજી પીત એ શુભ છે, પુણ્ય બંધનનું કારણ છે, પણ આત્માની દશામાં છે. આ અનાદિની વાત જીવની પર્યાયમાં છે એ.

'**કાપોતલેશ્યા, નીલલેશ્યા ને કૃષ્ણલેશ્યા...**' એ ત્રણ માઠી લેશ્યા અશુભભાવ. '**એવા ભેદને લીધે લેશ્યા છ.**' છે. એ આત્માની પર્યાયમાં કામ કરનારા જીવના કાળમાં આવા પ્રકારના તારતમ્યભાવ, પણ એ ત્રિકાળી વસ્તુ ચિદાનંદ ધ્રુવ ભગવાન એનો આશ્રય કરવા માટે આ શુભલેશ્યાનો આશ્રય છોડવો પડે. એ શુક્લલેશ્યા પણ આત્માને આશ્રય કરવાલાયક નથી. ઓહો..! સમજાણું કાંઈ? શુક્લ-શુભભાવ છે, હોય. પૂજા, ભક્તિ, દાન, દયા, એવા વ્રતના કોઈ શુભભાવ હોય, છે, પણ એનો આશ્રય કરીને જીવને ધર્મ થાય એમ ત્રણકાળ, ત્રણલોકની અંદર વસ્તુની સ્થિતિમાં નથી.

હવે '**પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે :—**' જરી ઝીણી વાત છે. જીવનો સ્વભાવભાવ છે, ત્રિકાળ ભાવ જીવનો, એના પરિણામિકના ત્રણ. '**જીવત્વપારિણામિક,...**' આત્માનું જીવપણું જે અનાદિ-અનંત. એ સદાય એમાં કર્મના નિમિત્તની અપેક્ષા આવતી નથી. એવો એ જીવત્વપરિણામિક, એક '**ભવ્યત્વપારિણામિક...**' ભવ્યરૂપી યોગ્યતા જીવમાં પરિણામિકભાવે છે. જે મોક્ષને લાયક થવાની એનામાં યોગ્યતા છે. એવી એક આત્મામાં ભવ્યત્વ નામનો સહજ પરિણામ કર્મની અપેક્ષા વિના એનામાં એક ધર્મ એવો રહેલો છે અને એક '**અભવ્યત્વપારિણામિક.**' એ કોઈ દિ' મુક્તિને પામે નહિ.

આપણે આવી ગયું છેને આમાં? નહોતું આવ્યું શેમાં? આ દાખલો એ જ ચાલે છેને આપણે આ સમયસારમાં સવારમાં, કે અભવિ આવા વ્યવહારનયનો આશ્રય અનંતવાર કર્યો, છતાં એનો એક જન્મ-મરણ અને ભવ ઘટ્યો નહિ, કેમકે એ બંધનું કારણ છે. એ અભવ્યજીવ પણ એનો સ્વભાવ જ એવો છે, પારિણામિકસ્વભાવ જ એવો છે. કોઈએ કરેલો છે કે બહુ પાપ કરે તો અભવિ થાય અને બહુ પુણ્ય કરે તો ભવિ થાય, ચંદુભાઈ! એમ હશે કે નહિ? એમ પ્રશ્ન આવતા પહેલાં ઘણા.

એકવાર ધારશીભાઈનો પ્રશ્ન આવ્યો હતોને એક ફેરી? ધારશીભાઈ નહોતા ગોંડલમાં ડોક્ટર. .. હતા એ? હા એ. ઘણા વર્ષ પહેલાં પ્રશ્ન આવ્યો હતો. સંપ્રદાયમાં આવ્યા હતા. આ બહુ પાપ કરે તો એમ કે આ જીવ અભવિ થતો હશે? એ તો એક સ્વભાવભાવ જ એવો જ કોઈ જીવની બે જાત છે કે એ ધર્મને પામવાને લાયક અને એક ધર્મને પામવાને ન લાયક કોરડું મગ-મઠ જેવા જીવ છે. પણ એ જીવ બહુ થોડા છે, પણ એ જીવનું એક જાતમાં આવો એક પ્રકાર છે એમ સિદ્ધ કરવું છે.

‘**આ જીવત્વપારિણામિકભાવ ભવ્યોને તેમ જ અભવ્યોને સમાન હોય છે;...**’ જુઓ, ભવ્યજીવ જે મોક્ષને લાયક છે એમાં જીવત્વપણું અને ભવ્યપણું બેય હોય છે. ‘**ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે;...**’ શું કીધું? જીવત્વપારિણામિકભાવ ભવિ અને અભવિ બેયને હોય છે. જીવત્વભાવ એ તો ભવ્યજીવ અને અભવ્ય બેયમાં હોય છે અને ભવ્યત્વભાવ એ ભવ્યને જ હોય છે. અને ‘**અભવ્યત્વપારિણામિકભાવ અભવ્યોને જ હોય છે.**’ આ બોલોનું અસ્તિત્વ સિદ્ધ કર્યું. એના જ્ઞાનમાં આવવા માટે. અસ્તિપણે આ બોલ છે એમ એણે જ્ઞાનમાં પહેલું લાવવું જોઈએ. પછી કહે છે ‘**આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.**’ હવે ઓલો ‘**પાંચ ભાવ મધ્યે...**’

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યો? એ આ પારિણામિકભાવ ત્રિકાળ એક. એ કહે છે જુઓ આવે છેને.

‘**પાંચ ભાવ મધ્યે...**’ પાંચ કીધા. યાદ પણ નહિ રહે આ કોઈ દિ’ પણ અભ્યાસ ન મળે. પહેલો ઉપશમદશા, કાંઈક ઠરેલું પાણી મેલ નીચે હોય પણ અંદર ઠર્યું હોય એવી એક દશા થાય જીવની. એક ક્ષાયિક જે પાણીને નીતારીને કાઢે અને મેલરહિત થઈ ગયું હોય. એક ક્ષયોપશમ કંઈક મેલ અને કંઈક નિર્મળતા એવી એક દશા. એક ઉદય એ તદ્દન મેલવાળી દશા યોગ્યતાવાળી. એવા ચાર પ્રકારની દશા અને એક ત્રિકાળી પારિણામિક સ્વભાવભાવ. ઓહો..હો..! ઘરની ચીજમાં શું છે અને આ દશા શું એની કોઈ દિ’ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથથી સિદ્ધ થયેલી વાત એણે કોઈ દિ’ વિચારમાં લીધી નહિ અને અંતરમાં અમલમાં મૂકી નહિ. એ ‘**પાંચ ભાવ મધ્યે...**’ હવે જરી ક્ષાયિકના વખાણ કરે છે, હોં!

**શ્રોતા :-** આશ્રય માટે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશ્રય માટે નહિ. આત્મામાં ત્રિકાળ અખંડાનંદ પ્રભુ એનો આશ્રય કરીને એક દશા એવી પ્રગટ થાય કે જે પર્યાય છે, હાલત છે, દશા છે. અને એ દશા કોઈ દિ' નાશ ન થાય. તેને અહીંયાં '**ક્ષાયિકભાવ કાર્યસમયસારસ્વરૂપ છે;....**' કાર્યસમયસારસ્વરૂપ છે. ભાષાએ પણ ક્યાંય ન સાંભળી હોય એવી છે. શું કહે છે? આત્મામાં જ્યારે સર્વજ્ઞપદ પ્રગટ થાય છે. ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ મૂર્તિ એમાં એકાકાર થઈ અને એની વર્તમાનદશામાં જે કારણ પ્રભુ ત્રિકાળ અખંડાનંદ પોતે છે એનો આશ્રય કરીને જે કાર્યદશા-કાર્યદશા. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ અને અનંતવીર્ય એવી દશા જે પ્રગટ થાય એને કાર્યસમયસારસ્વરૂપ કહેવામાં આવે છે. ત્રિકાળી વસ્તુને કારણસમયસારસ્વરૂપ અને પ્રગટેલી પૂર્ણ નિર્મળદશાને કાર્યસમયસારસ્વરૂપ. સમજાય છે કાંઈ? સોભાગ્યચંદજી! વાંચ્યું પણ નહિ હોય આ નિયમસાર એટલે ક્યાં ખબર છે? દિગંબરમાં જન્મ.

શું કહ્યું? કે એ આત્મવસ્તુ છે એ ત્રિકાળી આનંદકંદ સચ્ચિદાનંદ ધ્રુવ ચૈતન્ય એને ભગવાન કારણસમયાસર કહે છે. કે જેની ખાણમાંથી કાર્યપૂર્ણાનંદની દશા પ્રગટ થાય. એ પૂર્ણ આનંદની દશા, કેવળજ્ઞાનની દશા જે પ્રગટરૂપે, કાર્યરૂપે થાય એને કાર્યસમયસાર કહે છે, કાર્ય પરમાત્મા કહે છે, કાર્યજીવ કહે છે, પૂર્ણ પવિત્ર સિદ્ધદશા એને કહે છે. એ સિદ્ધ કહો, કેવળજ્ઞાન, મોક્ષદશા કહો, પણ અહીં તો હજી નીચે લેવું છેને અહીંયાં. '**તે (ક્ષાયિકભાવ) ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત...**' ઉદયભાવવાળો અહીં ભાઈએ લીધો ક્ષાયિક. અહીં એની ઉપદેશતા છેને?

જ્યારે આત્મા પોતાના સ્વભાવની સંભાળ પ્રગટ કરી અને એની દશામાં સર્વજ્ઞપદ પ્રગટ થાય કે જે પદ પ્રગટ્યા પછી પૂર્ણ દશા અનાદિથી સાદી પ્રગટી તે અનંતકાળ એનો અનુભવ રહ્યા કરે. તેવી કાર્યદશા જે ત્રિલોકમાં, '**ત્રિલોકમાં પ્રક્ષોભના હેતુભૂત...**' નીચે છે. '**પ્રક્ષોભ = ખળભળાટ (તીર્થંકરના જન્મકલ્યાણાદિ પ્રસંગે...**' એ પરમાત્મદશા જેને જે ભવમાં પૂર્ણ તીર્થંકરપદની દશામાં પ્રાપ્ત થવાની છે. એના જન્મ વખતે, દીક્ષા વખતે, ગર્ભ વખતે અને કેવળ વખતે અને મોક્ષ વખતે '**ત્રણલોકમાં આનંદમય ખળભળાટ થાય છે.)**' એ દશા જ્યારે જન્મમાં અહીં પૂર્ણ થવાની જે દેહમાં હોય એ જ્યાં જન્મે ત્રણલોકમાં આનંદ થઈ જાય ખળભળાટ થોડો. ઓહો..હો..! જરી નારકીના નરકમાં નારકીને પણ ક્ષણ જરી શાતા થાય એવી કોઈ યોગ્યતા એનામાં હોય ત્યારે આ પ્રસંગ ઊભો થાય. સ્વર્ગના દેવોને પણ એકવાર ચમત્કાર થઈ જાય. કોણ પુરુષ જન્મ્યો? જેને એ ભવમાં તીર્થંકર થઈને કેવળજ્ઞાન પામીને પરમાત્માદશા પૂર્ણ થવાની છે એના જન્મકાળથી તીર્થંકપણાની પ્રકૃતિને કારણે પ્રાપ્ત થતા સકળવિમળ કેવળજ્ઞાનથી યુક્ત તીર્થનાથને. એવા જે તીર્થંકર ભગવાન સકળ-વિમળ કેવળજ્ઞાન જેને પ્રગટ્યું છે.

‘**(તેમ જ ઉપલક્ષણથી સામાન્ય કેવળીને)...**’ બેય લેવા. ‘**અથવા સિદ્ધ ભગવાનને...**’ ત્રણે લીધા. પહેલાં અહીંની લીધી ઉપદેશ ... એને ‘**ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિકભાવો સંસારીઓને હોય છે, મુક્ત જીવોને નહિ.**’ શું કીધું? એ આત્માનું કાર્યપણું જ્યાં આનંદનું પ્રગટ્યું અને કાર્યજીવ આત્મા થયો, એ કાર્યજીવ થયો લ્યો, એ જીવકાર્ય. કારણજીવ અને કાર્યજીવ એ પણ સાંભળ્યું નહિ હોય કોઈ દિ'.

**શ્રોતા :-** સંયમ-તપ કરો એ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું સંયમ-તપ ધૂળમાં? સંયમ ક્યાંથી આવ્યા પણ? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ભગવાન પૂર્ણાનંદ તેને કારણસમયસાર કહે છે, એને કારણપરમાત્મા કહે છે, એને કારણજીવ કહે છે, એને પરમપારિણામિકભાવ કહે છે. એના અવલંબનથી જે આત્માની દશા પૂર્ણ શાંત અને જ્ઞાન અને આનંદ પૂર્ણ પ્રગટ દશા એને કાર્યસમયસાર કહે છે, એને કાર્યપરમાત્મા કહે છે, એને કાર્યજીવ કહે છે. સમજાય છે કાંઈ? એમ કહેવાનું કારણ છે. એ કાર્યદશા એ કારણ ત્રિકાળ પરમાત્મદશા આત્માનો સ્વભાવ એમાંથી આવે છે, કોઈ રાગમાંથી નહિ. ક્ષાયિકસમકિત પહેલું થયું હોય એનાથી તે કાર્યદશા થતી નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

હવે કહે છે જરી આ વાત જરી આવી ઝીણી જુઓ, કે અર્થ કરવો માણસને સમજવો કઠણ પડે. ‘**પૂર્વોક્ત ચાર ભાવો...**’ ક્યા ચાર ભાવ? એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને ઉદય. એક વિકારીભાવ, એક વિકારીની વિકારની ઉપશમભાવ એટલે ઠરેલી દશા, એક ક્ષાયિક એટલે તદ્દન નિર્મળદશા અને એક કાંઈક મલિન અને નિર્મળદશા એવી દશાઓના જે ચાર પ્રકાર આત્માની અવસ્થામાં છે એ ‘**આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.**’

**શ્રોતા :-** ક્ષાયિકભાવ અને ઉપશમભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ક્ષાયકને આવરણસંયુક્ત કહ્યું છે એનું કારણ કે એમાં કર્મની નિમિત્તની અપેક્ષા આવે છે અને એ ક્ષાયિકદશાનો આશ્રય કરવા જાય તોપણ એ રાગ અને વિકલ્પ ઉત્પન્ન થાય છે.

**શ્રોતા :-** સિદ્ધમાં ક્ષાયિક ન હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સિદ્ધમાં હોયને ક્ષાયિક. ક્ષાયિક અને પારિણામિક બેય હોય એને. પારિણામકભાવ એનું દ્રવ્ય અને નિર્મળદશા થઈ ક્ષાયિક. લ્યો, હવે આપણા મોહનલાલભાઈ, ભાઈ સિદ્ધમાં ક્ષાયિકભાવ હોય. આ શેનું કેવળજ્ઞાન, કેવળદર્શન કીધું?

**શ્રોતા :-** કાર્યસમયસાર આવ્યુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાર્યસમયસાર સિદ્ધ એટલે આત્માની પૂર્ણ શુદ્ધદશા, પૂર્ણ આનંદ અતીન્દ્રિય આનંદનો અનુભવ, એને કાર્યદશા કહે છે, એને ક્ષાયિકદશા કહે છે, કાર્યસમયસાર કહે છે, કાર્યપરમાત્મા એને કાર્યજીવ કહે છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! બાપુ!

એ દશાઓ છે. એ મોક્ષ પણ એક હાલત છે, એ હાલત નવી પ્રગટેલી છે અને વસ્તુ જે ધ્રુવ છે એ અનાદિ-અનંત એકરૂપ છે. સમજાણું કાંઈ? પંડિતજી! બહુ સૂક્ષ્મ વાત. જુઓ, વિભાવ શું કહે છે? વિશેષ દશા છે એ ત્રિકાળી નથી.

જુઓ, **'ચાર ભાવો આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.'** અહીં તો સિદ્ધ આ કરવું છે. કે ભગવાન આત્મા એટલું દળ મધ્ય જેમ દરિયામાં પાણીની છોલમછોલ પડી છે અંદરમાં. એ મધ્યમાંથી ઉછળે ત્યારે દશામાં ભરતી આવે છે. એમ ભગવાન આત્મા અંતર્મુખના મધ્યબિંદુમાં એની અંદરમાં ધ્રુવપણામાં બેહદ જ્ઞાન અને આનંદ શાંતિ પડી છે આ એનો લક્ષ અને આશ્રય કરે તો ધર્મ પ્રગટ થાય છે. આવી ચાર દશા આશ્રય કરવાલાયક છે નહિ. સમજાણું કાંઈ? એથી એ ચારને આવરણસંયુક્ત કહ્યા છે અને તેથી એ ચાર મુક્તિનું કારણ નથી. મુક્તિની દશા મુક્તિનું કારણ નથી. મુક્તિની દશા એ ત્રિકાળ દ્રવ્યના કારણે પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ આમાં? ભાઈ! આ તો વિષય જરી અમારા બેયે માગ્યો છેને. લાલચંદભાઈ, ચંદુભાઈ બધાય છેને અમારે દેવશીભાઈ. એ તો મુંગા સંતોષી છે. કહો, સમજાણું કાંઈ? શું કીધું? અરે! ભાઈ! એના ઘરના જે કેટલા ગોદડા અને ગાદલા એટલી ખબર હોય મારાને. સરિયા કઈ જાતના કઈ બારીમાં નાખ્યા એની ખબર હોય. ડોક્ટરને ખબર હોય કે આટલી બાટલી હમણા ઉતરશે મુંબઈમાંથી. એય..! ચંદુભાઈ! શું કહેવાય એને? સ્ટોર કહેવાય કે શું કહેવાય તમે માલ લાવે.

**શ્રોતા :-** સ્ટોકમાં રાખે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્ટોકમાં રાખે હા. એય..! પ્રવિણભાઈ! એટલો માલ અહીંથી આવ્યો હોય અને આ સંચા લાવ્યા છે અને આ લોઢા. અમારે ભાઈ છેને નવરંગભાઈ. હથિયાર રાખે છેને બધા કઈક જાતના ઓલા લોઢાના. ઉજળા. એકફેરી ગયા હતા તો જોયા હતા કબાટમાં. બધી ખબર હોય કે નહિ? કેટલાના લાવ્યા? કેટલા ગયા અને કેટલા ટૂટ્યા અને કેટલાની ધારું ઓછી થઈ એ બધી ખબર હોય, લ્યો! જેનો ધંધો કરવો હોય એની ખબર હોય કે નહિ એને? થાય કે નહિ ધંધો એનાથી એની વાત નથી અહીંયાં. એમ ભગવાન આત્મામાં શું શું ચીજ છે? એની શક્તિઓ શું છે? એ શક્તિવાનનું એકરૂપ દ્રવ્ય શું છે? એની દશાઓના પ્રકાર શું છે અને એ દશાની કેવી સ્થિતિની હદ છે? ખબર વિના એ ક્યાં જાશે અને કોને શરણે જાશે?

કહે છે, ભગવાન આત્મા એક સ્વરૂપે પ્રભુ ત્રિકાળ પરમસ્વભવભાવનો ઘન, ધ્રુવ દરિયો છે એની આ ચારદશાઓ એ આશ્રય કરવાલાયક નથી. ધર્મીને નીચે ક્ષાયિકસમકિત થાય, શુદ્ધ ક્ષાયિકસમકિત આશ્રય કરવાલાયક નથી, એને આશ્રયે ધર્મની વધતી થતી નથી, એને આશ્રયે ધર્મ વધતો નથી અને શુદ્ધિની વૃદ્ધિ થતી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? તેમ મુનિને ચારિત્રદશા પ્રગટી હોય, ભાવલિંગ સંત સાચા. અંતર આનંદમાં ઝૂલતા. ક્ષણમાં

વિકલ્પ અને ક્ષણમાં નિર્વિકલ્પ. એવા આનંદમાં ઝૂલતા સંતો એવી ચારિત્રદશા જેને પ્રગટી પણ એ ચારિત્રદશા આશ્રય કરવાલાયક નથી. કારણ કે એક સમયની પર્યાય એ આશ્રય કરવા જાય તેને રાગ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સોભાગ્યચંદજી! આ તો વાત અલૌકિક અગમ-નિગમની છે.

પૂર્વોક્ત. પૂર્વ ઉક્ત નામ પૂર્વે કહ્યા તે ચાર ભાવ એટલે ચારદશાઓ આવરણસંયુક્ત. અર્થાત્ તેમાં કર્મના નિમિત્તની અપેક્ષા આવે પણ નિરપેક્ષ ચિદાનંદ મૂર્તિ એ ચાર દશામાં હોતો નથી, માટે તેને આવરણસંયુક્ત કહ્યું છે અને ત્રિકાળી પરમસ્વભાવભાવ એક ધ્રુવ એને આવરણ વિનાનો નિરપેક્ષ પદાર્થ કહ્યો છે. સમજાણું કાંઈ? એ '**મુક્તિનું કારણ નથી.**' આહા..હા..! ભગવાન મૂળ કારણ છે. એક કારણ જીવ જે ત્રિકાળ ચિદાનંદની મૂર્તિ, કારણ પ્રભુ કહો, કારણપરમાત્મા કહો, કારણજીવ કહો, એવું ત્રિકાળ સ્વભાવભાવ એક જ આત્માને મુક્તિના મોક્ષનું, શાંતિનું કારણ છે. આ ચાર દશા મુક્તિનું કારણ નથી. હજી તો અહીં રાડ પાડે છે, પ્રકાશચંદજી! અમારે કષાય મંદ મુક્તિનું કારણ થાય છે. અરે! તારો અહીં તો કહે છે કષાય મંદ તો ક્યાંય રહી ગયો. એ તો ઉદયભાવ છે, વિકાર છે, વિકૃતભાવ છે, પણ એની દશામાં ધર્મીને પ્રગટેલી દશા એ દશા-દશાને આશ્રયથી નવી દશા થતી નથી. આહા..હા..! સમજાણું આમાં?

એક દાખલો આપણે આપ્યો નહોતો પીપરનો? આમાંથી જુઓ દાખલો લ્યો. હજાર કોડી આ થાય છેને અબરખ. હજાર પુટી. આ અબરખ-અબરખ. એ બાજુમાં બહુ હોય ત્યાં છેને ગીરડ-ગીરડ. ગીરડી. ત્યાં તો અબરખના મોટા કારખાના છે. આમ રસ્તામાં તો ઘણા અબરખ દેખાય છે. ત્યાં કારખાના મોટા હોય છે. એ અબરખના પરમાણુના સ્કંધમાં એવી તાકાત છે. સ્કંધમાની વાત છેને? એને અગ્નિનું નિમિત્ત અને એમાં પોતાની લાલપ થવાની તાકાત. એક ભઠ્ઠી, બે ભઠ્ઠી, ત્રણ ભઠ્ઠી કરતાં-કરતાં હજાર. હજાર પુટી આપતા પહેલાં, હોં! આચાર્યે તો બધું પછી થોડુ-ઘણું કરીને પૂરુ કરતાં હશે. પહેલાં તો હજાર પુટી આપતા ત્યારે ચોખ્ખી હતી. ભાઈ આપણે ઓલું કહેતાને .. ભાઈ હતા. એ કહેતા હજાર પુટ મેં આપ્યા. પહેલાં તો ત્રણ આનાના હજાર છાણા મળતા કહે. ગામડાની વાત છેને અને ૪૦ વર્ષ પહેલાંની વાત છે. ત્રણ આનાના હજાર. આ છાણા કરે છેને આ ગોબરના નહિ? કુંવણનાખીને, ઘાસ નાખીને આ બાયુ કરે કે નહિ ઓલા કરીને આવા? એ પહેલાં ત્રણ આનાના હજાર મળતા. એ વખતે તમે હજાર પુટી અબરખ કરી છે એમ કહેતા હતા.

એક મુલસમાન છે. ગનીભાઈ ત્યાં રહેતા હકીમ. અમારે ત્યાં રહેતા. એને બિચારાને એક જ દીકરો મરી ગયા પછી ગારિયાધાર ગયા. બહુ નરમ. વ્યાખ્યાનમાં કાયમ આવે. વ્યાખ્યાનમાં કાયમ આવે. અનુભવપ્રકાશ ચાલતું ત્યારે એવો રસ પડે એને. સમજાણું કાંઈ? જીવાજીભાઈ આવ્યા છે કે નહિ ક્યાં છે? નથી આવ્યા. સમજાણું આમાં? એ પોતે વ્યાખ્યાનમાં આવ્યા

તત્ત્વની વાત. બહુ રુચે અને બહુ ગોઠે એને. એ કહેતા કે અમે હજાર પુટ દીધેલા છે. છાણા એવા સોંઘા મળતા. એકવાર, બે વાર, ત્રણવાર. પછી ૩૦ રૂપિયા અને ૩૨ રૂપિયા લેતા એક તોલાના. એક તોલો. એટલે ત્યાં હતો. દોઢસો .. એ હતો. એ હજાર પુટીની તાકાત એનામાં હતી કે નહિ? કે અગ્નિએ આપી? અગ્નિ આપે તો કોલસાને કરે તો કોલાસાથી થઈને બળી જશે ભડાક દઈને રાખ. એ હજાર પુટીની તાકાત એના સત્ત્વમાં અંદરમાં પડી છે. તો એક પુટી, બે પુટી, ત્રણ પુટી, ચાર પુટી, પાંચ કરતાં... કરતાં... કરતાં... ૯૯૯. અને હજાર બહાર પ્રગટી એ બધી દશાઓ છે. એ હજાર પુટીની તાકાત અંદર પડી છે એની આ બધી દશાઓ છે.

એમ ભગવાન આત્મામાં પૂર્ણાનંદનું જ્ઞાનનું સત્ત્વ જે પડ્યું છે એ અનંત કેવળજ્ઞાનાદિ પ્રગટ થાય, એવું અનંત-અનંતકાળ કેવળજ્ઞાન થયા કરે એની તાકાત અંદરમાં ધ્રુવમાં પડી છે. એ ધ્રુવના તાકાતમાંથી પ્રગટેલી કોઈ વિકાર વર્તમાન, એમાંથી વિકાર નહિ, પણ એને આશ્રયે વર્તમાન પર્યાયમાં પ્રગટ વિકાર, કોઈ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. એ ચારેય દશાઓ હોવા છતાં ચારદશારૂપ મુક્તિનું કારણ એ પૂર્ણદશા થઈ એ હજાર પુટીનું કારણ હજાર પુટી નથી, એમ હજાર પુટી થઈ એનું કારણ ૯૯૯ નથી. કારણ કે પૂર્વે ૯૯૯ થઈ એ તો વ્યય થઈ જાય. હજાર પુટીનું કારણ ૯૯૯ નથી, એમ હજાર પુટીનું કારણ હજાર પુટી નથી. ભાઈ! એ વાત દાખલો છે આ તો હોં. એમ ભગવાન આત્મા એના એક સમયમાં જે જેમ ઓલા હજાર પુટીની તાકાત પડી છે અંદર અને પ્રગટ દશાઓમાં થાય તો એ દશા પાંચ પુટી, પચાસ પુટી, સો પુટીનું કારણ એ દશા નથી. એમ પૂર્ણ પુટી હજારનું એ દશા કારણ નથી. કારણ તો ઓલી ત્રિકાળ અંદર શક્તિ પડી એ કારણ છે. એમ ભગવાન આત્મા એમાં કેવળજ્ઞાન અને મુક્તિ થાય એ મુક્તિનું કારણ એ મુક્તિ નથી. એ મુક્તિનું કારણ નથી.

'**ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...**' હવે કોણ કહે છે એનું કારણ? ઝીણી વાત છે. એણે કોઈ દિ' ઝીલી નથી. શાસ્ત્રના ભણનારા પણ ભણીને આ સમજતા નથી અંદર કે આ શું કહે છે? સોભાગ્યચંદજી! પુસ્તક છે કે નહિ? પ્રભુભાઈએ આપ્યું આજે. '**ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...**' દેખો, ઓલામાં આવરણ કીધુંને, ત્યારે આને નિરુપાધિ કીધું. ભગવાન આત્મા એની એક દશાઓ આ ચાર પ્રકારની હાલતો. એ હાલતમાં તો પરની અપેક્ષા આવે અથવા નવી પ્રગટ થાય છે. માટે તેને આવરણ સંયુક્ત કહીને એ દશા મુક્તદશા તે મુક્તિનું કારણ નહિ. કેવળજ્ઞાન દશા તે કેવળજ્ઞાનનું કારણ નહિ. મોહનલાલભાઈ! ત્રિકાળ. સમજાણું કાંઈ? '**ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...**' ઓહો..! ભગવાન આત્મા અંદર ત્રિકાળ નિરુપાધિ. ઉપાધિ નથી, અલ્પતા નથી, વિકારતા નથી, વિશેષતા નથી, સામાન્ય એકરૂપ. એકરૂપ જેનું સ્વરૂપ '**એવા નિરંજન નિજપરમપંચમભાવની...**' લ્યો, આ આશ્રય

કરવાલાયકની વાત આવી આ. '**એવો નિરંજન...**' રાગ અને મેલ વિનાની ત્રિકાળ એ ભગવાનદશા. દશા એટલે? દ્રવ્યની અવસ્થા. એ દ્રવ્યસ્વરૂપ. નિરંજન-અંજન નથી. '**નિજ પરમપંચમભાવ...**' પાછી ભાષા આ છે. પોતાનો પરમપંચમભાવ. ભગવાનનો ભાવ કાંઈ અહીં કામ કરે નહિ.

'**નિજપરમપંચમભાવ...**' પાછો. પરમ કેમ કીધો? કોઈ અપેક્ષાએ પર્યાયને પારિણામિક પણ કહેવાય છે. હવે વળી એ શું પાછું? શું કીધું? કોઈ અપેક્ષાએ તો રાગ થાય છેને એને પારિણામિકભાવ કહેવાય છે. પર્યાય. કારણ કે એ પરિણમે છેને એ પોતે વિકારપણે એ અપેક્ષાએ. નિમિત્તની અપેક્ષાએ એને ઉદય કહેવાય. એમ ચારેય દશાઓને પારિણામિક એટલે ત્રિકાળીની દશા તરીકે ગણીને પારિણામિક અવસ્થા પણ કહેવામાં આવે છે. તો આ જે ત્રિકાળી વસ્તુ છે એ તો પરમપંચમભાવ છે. સમજાણું કાંઈ? હવે આ ભાષા! પણ બાપા! આ પણ સમજવું પડશે કે નહિ એને? એના ઘરમાં ક્યાં મૂડી છે? કઈ મૂડી ક્યાંથી પ્રાપ્ત થાય છે? એ બધી એને ખબર અને આની ખબર નથી. તેથી આ બધા ઝઘડા ધર્મને નામે ચાલ્યા છે. ઓલો કહે કે અહીંથી ધર્મ થાય, ઓલો કહે કે અહીંથી થાય, ઓલો કહે અહીંથી.. હવે સાંભળને. તત્ત્વની શક્તિનું પૂર્ણ સામર્થ્ય જ્યાં પડ્યું છે એ કેમ છે? અને એને આશ્રયે ધર્મ થાય એની ખબર વિના બીજે ડોકીયા મારે એ ત્રણકાળમાં એને ધર્મ થાતો નથી.

'**નિરંજન નિજપરમપંચમભાવ...**' ઓલું આવરણવાળું હતું. આ નિરંજન નિજ પરમ ભાવ '**ત્રિકાળનિરુપાધિ જેનું સ્વરૂપ છે...**' ઉપાધિ વિના નાસ્તિ કીધી, પણ '**નિરંજન નિજપરમપંચમભાવ...**' અંજન વિનાનો પંચમસ્વભાવ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ઓલી અવસ્થા વિનાનો ત્રિકાળ ધ્રુવ. એ ભાવનાથી, એની ભાવનાથી. એ ભાવનામાં ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ આવ્યો, પણ ભાવના છે ત્રિકાળીની. ત્રિકાળ પરમપારિણામિકમાં એકાગ્રતા એનો જે આશ્રય એનાથી '**પંચમગતિએ મુમુક્ષુઓ જાય છે,...**' એ ભગવાન પરમાનંદ ત્રિકાળ અંતર વ્યાપક ચૈતન્ય પ્રભુ પૂર્ણ સ્વભાવ એની ભાવના એટલે એમાં આશ્રય કરીને એકાગ્રતા, એમાં એકાગ્રતાથી પંચમગતિએ કેવળજ્ઞાન પરમાત્મદશાને મુમુક્ષુઓ વર્તમાનકાળે જાય છે. શું કહે છે? ત્રણકાળને સિદ્ધ કરશે અહીંયાં. આહા..હા..! કોઈ બીજો માર્ગ નથી. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.'

જ્યારે જ્યારે વર્તમાનમાં, ભૂતમાં કે ભવિષ્યમાં આત્મા મુક્તિને, મોક્ષને, શાંતિને, આનંદને સમાપ્ત, અંતને પામે, સંસારના અંતને પામે અને મોક્ષની શાંતિને પામે એ પંચમભાવની ભાવનાથી, એ રાગની ભાવના અને ઉપશમ અને ક્ષાયિકની ભાવનાથી નહિ. સમજાય છે કે નહિ આમાં? છોટુંભાઈ! ભારે ઝીણું પણ આવું મારું. સંપ્રદાયમાં તો વાતું ચાલે તો ઓલા વઢવાડું કરે હોં! અરે! આવું નહિ, એ આવું નહિ. ઓલા કહે એકાંત છે રે એકાંત. અરે! સાંભળને હવે તારી એકાંત.. તને એકાંત-અનેકાંતની શું ખબર પડે? અહીં તો કહે છે કે

એકાંત ભાઈ આમ કહે છે આ તો. આહા..હા..!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ નિર્મળ ધ્રુવ અંદરમાં શક્તિનો ભંડાર હજાર પુટી જેમ તાકાત પડી છે, પીપરમાં ચોસઠ પહોરી જેમ તાકાત પડી છે, એમ અંતર જેનું સ્વરૂપ એમાં પૂર્ણ તાકાત કારણ શક્તિમાં પડી છે. એનો આશ્રય કરે, એની ભાવના કરે વર્તમાનમાં મુમુક્ષુઓ કેવળજ્ઞાનને પામે છે. ભવિષ્યકાળે પણ એ જ ભાવનાથી કેવળજ્ઞાનને પરમાત્મદશાને પામશે અને ભૂતકાળે પણ એમ જતા હતા. ત્રણકાળ વાત સિદ્ધ કરી દીધી. સમજાણું કાંઈ?

કોઈ એમ કહે છેને, ભાઈ! કે વ્યવહારે જીવયોગ. આહા..હા..! હવે સાંભળને, એમાં ગપાગપ માર્યા છે. 'એ ઘણાં તો વ્યવહાર કરતાં-કરતાં મોક્ષ ગયા. એ વ્યવહાર ઘણો સારો હોય એની અંદરમાં એ મોક્ષનું કારણ થાય. એ રાજમાર્ગ તો એક વ્યવહાર છે.' મોટા ભૂલમાં, શલ્યમાં પડેલા પ્રાણીઓ છે. શું કીધું? કેટલાક ભાઈ! નિશ્ચય છે એ તો બરાબર છે. એ કોઈ નિશ્ચયને આશ્રયે થોડા જાય, પણ ઘણાં જીવ તો વ્યવહાર કરતાં-કરતાં ઘણો કરે અને પછી નિશ્ચય પામે, વ્યવહારે ઘણા જીવ મોક્ષે જાય, એ વાત ત્રણકાળ, ત્રણલોકમાં એકેય અંશ સત્ય છે નહિ. સમજાણું આમાં?

એથી અહીંયાં મુનિરાજ પદ્મમલધારીદેવે એ ટીકા કરતાં પાઠનો આશય લઈને કહે છે. જે કોઈ અનંતકાળમાં, અનાદિકાળથી મુક્તિ કરતાં આવ્યા છે, અનાદિ કાળથી રઝળતા આવ્યા છે. જે કોઈ મુક્તિને પામ્યા અનંતકાળમાં, શાંત આનંદની દશાને એ આત્મા ત્રિકાળ ધ્રુવનો આશ્રય લઈને કેવળજ્ઞાન પામ્યા છે. કોઈ ઉદયભાવરૂપી વ્યવહાર એનો આશ્રય લઈને તો હોઈ શકે નહિ, પણ એનો ધર્મ પ્રગટેલી દશાનો આશ્રય લઈને મુક્તિ પામે એમ ત્રણકાળમાં બનતું નથી. ઓહો..હો..! હવે તો હજી અહીં એમ કહેવું છે કે એને ઓલો વ્યવહાર હોય ઘણા તો વ્યવહાર કરતાં-કરતાં, ઘણો વ્યવહાર કરે તો એને ઉજળા પુણ્ય થાય એટલે એને લઈને નિશ્ચય પામે. રાજમાર્ગ છે. રખડવાનો છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એ વ્યવહાર એટલે કે ઉદયભાવ રાગ, એનાથી તો ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ ધર્મ ન પામે અને ન આગળ વધે. નિશ્ચય પામે નહિ, પણ ધર્મ નિશ્ચયથી ત્રિકાળ દ્રવ્યને આશ્રયે ચારિત્ર અને સમ્યગ્દર્શન પ્રગટ થયું આ એને આશ્રયે પણ ધર્મી જીવ મુક્તિને ન પામે. મુક્તિને પામે એ ત્રિકાળ દ્રવ્યને આશ્રયે પામે છે, પણ કરે કોણ? હોય છે. એ તો કીધુંને આ? અહીં કહે છેને. એ તો ખબર છે. પણ એ વ્યવહાર હોય છે એ તો સિદ્ધ પહેલું કર્યું. ધર્મ નથી. એને આશ્રયે ધર્મ થતો નથી, પોતે ધર્મ નથી. અહીં તો કહીએ છીએ કે એ તો ધર્મ નથી. એ તો વાત ખૂબ આવી. સવારમાં ચાલે છે હજી.

અહીં તો શુદ્ધદશા પ્રગટી હવે એ પોતે છે ધર્મ, એને આશ્રયે ધર્મ વિશેષ વધતો નથી. સમજાય છે કાંઈ આમાં? ભાઈ! આ તો અધિકાર એવો છેને. અવલદોમ ગુલાંટ ખાઈ જાય એવી ચીજ છે. આહા..હા..! હજી તકરારો તો વ્યવહાર આ છે ને વ્યવહાર કર્યો માટે લાભ

થયો, વ્યવહારમાર્ગ હતો માટે એ પ્રસિદ્ધિ કરી કે જુઓ, વ્યવહારથી આ લાભ થયો. મોટા મિથ્યાદર્શન શલ્યમાં પડેલા છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે, '**મુમુક્ષુઓ...**' મુમુક્ષુ એટલે? ત્રણકાળના મુમુક્ષુ એટલે આત્માર્થીઓ, જેને ધર્મના લાભની, મોક્ષની ઈચ્છા છે એવાઓ. એ ત્રિકાળ જ્ઞાયક ભગવાન આત્મા એમાં આશ્રય લઈને મુક્તિ પામ્યા, વર્તમાન પામે છે, ભવિષ્યમાં પામશે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' કહો, સમજાય છે કે નહિ આમાં?

**શ્રોતા :-** આ તો અનેકાંત ન થયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આનાથી પામશે અને પર્યાયથી અને રાગથી નહિ પામે એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? એ વ્યવહારથી પણ એને ક્ષાયિક પ્રગટ્યું એ તો નિશ્ચયથી માનનારા છે કે નિશ્ચયને આશ્રયે, ત્રિકાળને આશ્રયે મને સમકિત થયું અને જ્ઞાન થયું. સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર. એ એમ માને છે કે મારી દશાને આશ્રયે પણ હજી આગળ મુક્તિ થાશે નહિ. નિશ્ચયમોક્ષમાર્ગ પ્રગટ્યો ત્રિકાળને આશ્રયે એ નિશ્ચયમોક્ષમાર્ગને આશ્રયે મોક્ષ થતો નથી. શું કહ્યું વળી આ? વ્યવહારમોક્ષમાર્ગ તો વિકલ્પ રાગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતના પરિણામ રાગ, શાસ્ત્રના ભણતર રાગ એ તો બંધનું કારણ છે, એ તો મોક્ષનું કારણ નથી, પણ એના રહિત ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ ભગવાન એનો આશ્રય કરીને જે નિર્મળ સમ્યગ્દર્શન, નિર્મળ જ્ઞાન અને નિર્મળ રમણતા થઈ એને આશ્રયે મુક્તિ નથી. તો વ્યવહારને આશ્રયે તો ક્યાંય વાતમાં ગંધ પણ નથી. આહા..હા..!

**શ્રોતા :-** સદ્દ્ભૂતવ્યવહાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સદ્દ્ભૂતવ્યવહાર છે આ તો. ઓલો રાગ તો અસદ્દ્ભૂત જૂઠો છે. ભારે વાતું ઝીણી પણ ભાઈ હોં. પણ લોકો કહે છે વાતું ઝીણીયું લોહા કાપે છીણી ઝીણી હોય એ લોઢાને કાપે ફડાક દઈને. આવા લાકડા મારે તો કાપતા હશે?

**શ્રોતા :-** લાકડા કાપતા હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાકડુ શું ત્યાં કરે પણ? લોઢાના કટકા કરવા હોય તો આમ આમ મારે તો કટકા થાતા હશે? છીણી હોય છેને ઝીણી ધારવાળી. કટકા કરી દે. એમ સૂક્ષ્મ તત્ત્વના ભાનની છીણી વિના પ્રજ્ઞાછીણી. આવે છેને મોક્ષતત્ત્વમાં.

ભગવાન આત્મા જેટલા મુક્તિને પામ્યા, જેટલા વર્તમાન પામે છે, હજી અત્યારે મુક્તિ પામે છે મહાવિદેહ ક્ષેત્રમાં. ભવિષ્યમાં પણ અનંત પામશે એવી પંચમગતિએ મુમુક્ષુઓ જાય, જશે અને જતા. એ આ જ ભાવે જાય અને જતા અને જાય છે. બીજો કોઈ પ્રકાર ત્રણકાળ, ત્રણલોકની અંદર છે નહિ. ભારે વાત. અહીં તો હજી કેટલાય વાંધા. હજી તો આ સંયમ પાળે ને વ્રત પાળે ને ભક્તિ કરે ને આ કરે ને એ વ્યવહાર કરે તો ધર્મ થાય. અરે! હાલ રે હાલ મારા! સમજાય છે કાંઈ? હા, એવા ભાનવાળા જીવને ત્રિકાળની ભાવના કરનાર જીવને અપૂર્ણદશામાં રાગ આવ્યા વિના રહે નહિ. રાગને કાળે રાગ હોય, ભક્તિ હોય, પૂજા

હોય. એ બંધ અધિકારમાં છેલ્લે મુકશે બધું. હો, એને કાળે તે યોગ્યતાના કાળે એવો ભાવ હોય, પણ એ ધર્મ નથી, એને આશ્રયે ધર્મ થતો નથી, એ ધર્મનું કારણ નથી. સમજાય છે કાંઈ? એણે સત્યને કોઈ દિ' પોતાનું કર્યું નથી. સત્ શું છે? સત્... સત્... સત્... સત્ એ પરમેશ્વર છે. એ સત્ પરમેશ્વને આશ્રયે જવું ત્યારે એને પરમેશ્વરતા પ્રગટ થાય. સમજાણું આમાં?

કહે છે, '**મુમુક્ષુઓ...**' આ પંચમભાવની ભાવનાથી. પંચમગતિ. આ શ્લોક છેને. આને ૫૮. એ મૂળ શ્લોકનું નથી. એ તો ટીકાનું છે. હવે આવશે. આ તો ટીકાની વાત છે. '**पूर्वोक्तभावचतुष्टयमावरणसंयुक्तत्वात् न मुक्तिकारणम् त्रिकालनिरुपाधिस्वरूपनिरंजन–निजपरमपंचमभावभावनया पंचमगतिं मुमुक्षवो यान्ति यास्यन्ति गताश्चेति**' હું તો ઓલો .. જોવા જાતો હતો. કહો, સમજાણું કાંઈ? ટીકામાં છે, પંડિતજી! પદ્મપ્રભમલધારી સંત મુનિ જંગલવાસી હતા, જંગલમાં વનવાસી આત્મધ્યાનિ સંત ભાવલિંગી. એમણે આ ટીકા બનાવી છે. એ ટીકામાં કહે છે વર્તમાનમાં પણ પહેલું વર્તમાન યાદ કર્યું છે. પોતે મુનિ છે એમ કહે છે અમારી મુનિની દશાથી અમારે મુક્તિ નહિ થાય, કારણ કે એક દશા છે, મુક્તિ પૂર્ણ દશા એક ત્રિકાળને આશ્રયે થાય છે.

દ્રવ્ય અને પર્યાય એના બે ભાગ. વસ્તુ ત્રિકાળ એ દ્રવ્ય કહેવાય અને એક સમયની અવસ્થાને પર્યાય કહેવાય. પર્યાય એટલે ભાગ-અંશ. એ ચારેય અંશ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. તો ચારેય અંશને આશ્રયે નવી અંશ પૂર્ણદશા પ્રગટે એમ હોઈ શકતું નથી. સમજાણું આમાં? મૂળ શાસ્ત્રોના સ્વાધ્યાય કરે નહિ, મનન કરે નહિ, વિચારે નહિ, અંતરમાં એનું શું છે એ સ્વરૂપ સમજવાનો પ્રયત્ન કરે નહિ, પછી શાસ્ત્રના અર્થો આડાઅવળા કરી, ધૂંચવણ કરી, મારીને, તોડીને... કહ્યું હતુંને એક ફેરી દાખલો આપતો અહીં દાખલો. અહીં ઓલા ગોળના રવા હોયને ગોળના રવા? આ ગોળના રવા નથી આવતા કોલ્હાપુરમાં મોટા આવડા મોટા-મોટા દોઢ-દોઢ બે મણના ધોળા. અને એમાં ઉનાળો હોય તડકો, હજી તો ક્યાં ઉનાળો બરાબર? ચૈત્ર-વૈશાખનો તડકો ધોમ હોય, પછી ઓગળે એ. કારણ કે આખામાં એ તૂટી ગયેલું હોયને કાંઈક ઓલું શું કહેવાય માથે? ચણીયું-ચણીયું તૂટી ગયું તો ઓગળે પછી આમ રસ નીકળે. એમાં કોઈ ગાદલા મૂક્યા હોય જોડે. આ સૂવાના રાતના ગાદલા. એ બધાય ગોળવાળા થાય. એમાં જો ડાઘા આવે બે-પાંચ ચુંથી નાખે, સૂવાના ગાદલા તોડી નાખે ગોળના સ્વાદને આડે. એમ ભગવાન ચૈતન્યમૂર્તિની સહજ ચિદાનંદની શું છે અને કેમ પ્રગટ થાય એને સમજ્યા વિના આ પોતાના વિકલ્પ ને દયા, દાન, વ્રત અને એની મીઠાશને આડે એ ડાઘા ચોટ્યા કોક કહે કે રાગથી થાય, કોક કહે કે વ્યવહારથી થાય, કોક કહે કે મારીને ચુંથી નાખ્યું ગાદલું. સૂવાનું હતું એ તોડી નાખ્યું. મોહનલાલભાઈ! ગાદલા તો સારા હતા. ઓલો ગોળનો રસ અંદર ગર્યોને? એમ આને માનનો રાગ ને પુણ્યથી આ થાય એવી મિથ્યા શ્રદ્ધા ગરી ગઈ અંદર. શું કીધું? આ ગાદલા તમારા સૂવાના નથી આ?

આપે છે કે નહિ સૂવાનું આ મૂળજીભાઈ તમને નથી આપતા ત્યાં? ગાદી-ગાદી. પોચી હતીને પોચી? તો ગોળ જ્યારે ઉનો થઈને... બહુ ગરમી હોયને તો ઓગળી જાય અને પત્થર આદિમાં હોય, અને ધૂળમાં હોયને રવા તો તો થોડો.. ધૂળ ચૂસી લે, પણ એકલા પત્થર ઉપર મૂક્યો હોય તો એ તો પાધરો ગાદલા હોય ત્યાં જ ગરી જાય રસ બધો. રેલાય જાય ત્યાં એમ. એ ગોળને જ્યાં ખરેખર તો એને ધોઈ નાખીને... પણ મારા ગાદલું દેખ્યું તે કૂતરો એક આમ વળગ્યો અને એક આમ વળગ્યા કૂતરા. ચુંથી નાખ્યું સૂવાનું. એમ ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ મૂર્તિ એની વર્તમાન દશાથી રહિત ત્રિકાળ. એના આશ્રયે કામ લેવું એ સૂવાનું કામ આનંદની શૈયા છે એ. સુખશૈયા એને કહે છે. સુખશૈયા શાસ્ત્ર શબ્દ છેને ઠાણાંગમાં શ્વેતાંબરમાં. સુખશૈયા. પણ એમાં માન અને અભિમાન અને પર્યાયબુદ્ધિ અને રાગથી આ થાય, પુણ્યથી આ થાય, નિમિત્તથી આ થાય. મારીને ચૈતન્યની શાંતિને શ્રદ્ધામાં ચુંથી નાખ્યું છે અને એ દ્વારા જગતને પણ એ પીરસ્યું. જેવું એ કરતો હોય એ જગતને આપ્યું. એટલે ઓલાને બિચારાને એમ લાગ્યું કે આમ બધા ભણેલા આવા હુશિયાર પંડિત કાંઈક કહેતા હશે એ ઠીક હશે કે નહિ?

**શ્રોતા :-** સંસ્કૃતમાં કાંઈક એવું લખ્યું હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લખ્યું હશે સંસ્કૃતમાં. ઓલા બિચારાને ખબર ન હોય. ક્યાંક હશે સંસ્કૃતમાં. પણ સંસ્કૃતમાં ઉઠા ભણાવ્યા હોય કે સાચું હોય? એને સમજ્યા વિના ચૈતન્યની શાંતિ કેમ પ્રાપ્ત થાય એની એને ખબર નથી.

અહીં કહે છે, જેટલા પરમાત્માપણાને પામ્યા મુમુક્ષુઓ, પામશે અને પામે છે, એ બધા અંતર સ્વભાવ એક જ ત્રણકાળે નિરપેક્ષપણે પરની અપેક્ષા વિના સમ્યક્ એકાંત અંતરમાં ઉતરતા. એ આગળમાં આવે છેને ભાઈ પહેલું નથી કાંઈક? ઊંડા ઉતરે છે, પેસી જાય છે એમ આવે છે આગળ પહેલું. પહેલાં આવી ગયું છે ક્યાંક કળસોમાં. ધર્માત્માજીવો એ આત્માની આવી જાત ત્રિકાળ છે અને વર્તમાન અવસ્થાનું જ્ઞાન કરી ઊંડા ઉતરે છે એટલે ચૈતન્યની અંતર શક્તિમાં પેસે છે. બે શબ્દ પડ્યા છે કાંઈક આગળ પડ્યા છે પહેલાં કાંઈક. ઊંડા પેસે છે, ઊંડા ઉતરી જાય છે. એવું લખ્યું છે. એમ બધા કળશ કાંઈક યાદ હોય છે? કહો, સમજાણું કાંઈ?

એટલે કહે છે આ એક જ માર્ગ છે, આ શુદ્ધભાવ જે કીધો માથે લખે છે એવું ત્રિકાળી પરમપારિણામિકને શુદ્ધ કહે છે, ધ્રુવભાવને શુદ્ધ કહે છે, એકલો જ્ઞાયકભાવ જે છઠ્ઠી ગાથામાં વર્ણવ્યો સમયસાર. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं**' '**एवं भणंति सुद्धं**' એવો ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ પ્રભુ આ એમાં પેસીને અંતરમાં, અંતરમાં જઈને, અંતરમાં ગુમ થઈને એકાકાર એના ભાવમાં થાય તેને મુક્તિ થાય છે, બીજાને થાતી નથી. એનો કળશ કહેશે વિશેષ... (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૩૯, કળશ-૫૫, તા.૧૩-૦૩-૬૩
## પ્રવચન નં.૩૮૭

આ નિયમસાર એક મોક્ષમાર્ગ અધિકાર છે. એમાં ચાલતો અધિકાર શુદ્ધભાવ અધિકાર છે. એટલે શું? કે આ આત્મપદાર્થ એક સેકન્ડના .. એ વસ્તુ આત્મા. અનાદિ-અનંત ધ્રુવ સત્ શાશ્વત જેમાં જ્ઞાન અને આનંદ આદિ જેના સ્વભાવ ત્રિકાળ આત્માની સાથે છે એવા પરમ ત્રિકાળી તત્ત્વને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. એ શુદ્ધભાવ એક આત્માને આદરણીય નામ અંગીકાર કરવા જેવું અથવા તેને શરણે જઈને ત્રિકાળ ધ્રુવના લક્ષને ધ્યેય કરીને આત્માનું શરણ એ પોતે પોતાનું ત્રિકાળ શુદ્ધ આનંદસ્વરૂપ છે. એને આશ્રયે અંતરમાં થતાં એની દશામાં શુદ્ધતાની શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ થાય તેને સુખ અને ધર્મ અને મોક્ષનો માર્ગ કહે છે. કહો, સમજાણું આમાં? રતિભાઈ!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હવે આવી સાદી ભાષાથી તો આમાં કાંઈ આમાં. કે આત્મા એક પદાર્થ છે કે નહિ? વસ્તુ છેને વસ્તુ. તો વસ્તુમાં વસેલા ગુણો વિના એ વસ્તુ હોઈ શકે નહિ. વસ્તુ છે તો એમાં કાયમી ત્રિકાળ શુદ્ધ અને આનંદ આદિ અનંત-અનંત શાંતરસનો પિંડ આત્મા છે. એની વર્તમાન દશા અનાદિકાળથી હાલત પરસન્મુખ થઈને, પરપણું મારું કાં શરીરાદિ હું કાં તેના કામ કરી શકું હું કાં વર્તમાન દશાનો રાગ તે હું કાં વર્તમાન દશાને રાગને જાણનારું પ્રગટ .. એક અંશ પર્યાય ભાગ એટલો હું. એમ માનીને તે પરિભ્રમણ કરી રહ્યો છે. સમજાણું આમાં? કેટલા બોલ કહ્યા પાછા આમાં વળી? એ તો પહેલા શબ્દ આવ્યુંને ભાઈ! '**बहितच्चं**' એ કહીને તો ક્ષાયિકભાવ હેય છે એમ કહી દીધું પહેલું. વાત તો ઝીણી છે.

એક સમયનો પ્રભુ પૂર્ણાનંદથી ભરેલો પદાર્થ છે અને જે હોય તે શુદ્ધ અને પરિપૂર્ણ એની અસલી ચીજ છે, પણ તેની અનાદિથી સ્વભાવના, લક્ષ અને ધ્યેયને અનાદિથી ચુકેલો છે. તેથી તેની દશામાં પુણ્ય અને પાપાદિ રાગની લાગણીઓ અને તેનું નિમિત્તરૂપી પૂર્વનું કર્મ જડ અને તે લાગણીને જાણવાલાયક વર્તમાન જ્ઞાનની અવસ્થાનો એક અંશ જે રાગાદિને જાણે એવો જ્ઞાનનો અંશ વળેલો એટલું તત્ત્વ માનીને ત્રિકાળી આત્મા શુદ્ધ આનંદઘન અને પૂર્ણ જ્ઞ સ્વભાવી આત્મા, આ એની દૃષ્ટિમાં લીધો નથી માટે તે દુઃખી થઈને પરિભ્રમણ કરે છે. વાત તો કાંઈક બીજી જાત છે. સમજાણું કાંઈ?

હવે તો આપણે અહીં તો ૧૩૯મી ગાથા ચાલે છે. પહેલો તો એકદમ ધડાકો પહેલા

પદે જ કહી દીધો છે. પણ હવે એનો વિસ્તાર કરે છે કે ભાઈ! તું કોણ છો? ત્રિકાળી તારી ચીજમાં શું છે? ત્રિકાળી તારો સ્વભાવ શું છે? અને ત્રિકાળી સ્વભાવવાન આત્મા તે સ્વભાવવાન તે કેવો છે? કે એ નિર્વિકલ્પ તત્ત્વ છે. નિર્વિકલ્પ નામ જેમાં સંયોગ નથી, પુણ્ય-પાપ નથી, એક સમયની અવસ્થા પ્રગટ એટલો એ નથી. પૂર્ણ નિર્વિકલ્પ અભેદ સ્વરૂપ ચિદાનંદ પ્રભુ આત્મા છે. કહો, મોહનભાઈ! સમજાય છે આ? હા તો કહે છે.

**શ્રોતા** :- ના શી રીતે પાડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના પાડે તો કાંઈક પૂછે. ના પાડે તો પૂછો કે કેમ આમ કેમ છે? કાંઈક તર્ક હોઈ શકે કે નહિ?

જુઓ, અસ્તિ છે એના સિદ્ધાંત કહીએ છીએ જુઓ, કે એક અસ્તિ નામ હોવાપણે કાયમી આનંદ અને શુદ્ધરૂપ દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ એક એનો વર્તમાન પ્રગટરૂપ અલ્પજ્ઞ અને અલ્પદર્શીરૂપ અવસ્થા તે છે. એ પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે તે છે અને તેના નિમિત્તરૂપ સંયોગી ચીજો પણ છે. આટલા અસ્તિ તત્ત્વો છે. સમજાણું કાંઈ? છે ખરા એ બધા, પણ એ બધા તત્ત્વમાં સંયોગી ચીજો શરીર, વાણી, કર્મ એ તો પર છે, એમાં કાંઈ આત્માની શાંતિ અને સુખ એમાં ભર્યું નથી. શાંતિ અને સુખ કહો કે ધર્મ કહો એક જ ચીજ છે હોં. ધર્મ થાય એને આનંદ ન થાય અને અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય અને ધર્મ ન હોય એમ ન હોય. ધર્મ એટલે અતીન્દ્રિય આનંદની દશાનો અનુભવ તેને ધર્મ કહે છે.

**શ્રોતા** :- એનું ફળ આવતા ભવમાં મળે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવતા ધૂળમાં મળે? અહીં ત્યાં ને ત્યાં રોકડું છે. શુભ-અશુભનું ફળ, શુભ અને અશુભભાવ કરે છેને. ભાવ. એનું ફળ ત્યાં ને ત્યાં છે. એ ભાવ વિકારી છે તેનું આકુળતા છે, એનું વેદન છે એ એનું ફળ છે. સમજાય છે કાંઈ? પરલક્ષી પાપનો ભાવ કરે, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના વિકલ્પ વૃત્તિઓ કે પરલક્ષી દયા, દાન, વ્રત, તપ, ભક્તિનો, જપનો, સ્મરણનો, અનુકંપાનો એ વિકલ્પ ઉઠાવે—બેય વર્તમાન ભાવ તે વર્તમાન દુઃખરૂપ છે. પણ એનું ફળ પછી ફળશે એ તો વળી સંયોગની વાત થઈ. એનું બંધાઈ બંધ, એના ફળ તરીકે સંયોગો મળે એ તો બીજી ચીજ છે. અહીંયાં તો જે ક્ષણે એ વિકારી પર્યાય શુભ અને અશુભ ઉત્પન્ન કરે છે ત્યાં જ તેનું ફળ દુઃખ અને આકુળતા છે. એમ જે ક્ષણે ત્રિકાળ પરતત્ત્વો છે તેમાં હું નથી, પુણ્ય-પાપના વિકલ્પ વૃત્તિ રાગ ઉઠે એટલો એમાં હું નથી અને એક સમયની વર્તમાન દશા પ્રગટરૂપ જે રાગાદિને જાણવા તરફનું કાર્ય કરે એટલો નથી. હું ત્રિકાળી આનંદ અને ધ્રુવ સવભાવ છું, એમ અંતર્મુખ દૃષ્ટિ દેતાં તે જ ક્ષણમાં પરમ આનંદ અતીન્દ્રિયની અંશદશા અનુભવાય. આ એને ધર્મ કહે છે અને એને મોક્ષનો માર્ગ કહે છે. અહીં કરે અને પછી ફળે એ વાત નથી. સમજાણું કાંઈ આમાં?

**શ્રોતા** :- રોકડીયો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રોકડીયો જ છે બધે.

અહીં કહે છે કે ભગવાન આત્મા, પણ એ વાતનો મહિમા અંદર બેસતો નથી એને કે આ હું આવડો મોટો! આવો! ત્યારે એવો તું ન હોય તો તારી દશામાં જ્યારે પરમ શુદ્ધતા અને પરમ આનંદરૂપ દશા પ્રગટશે ત્યારે એ દશા આવશે ક્યાંથી? તું નિર્દોષ થઈને તારી નિર્દોષદશાની પૂર્ણતા કરવી છે, છે, થઈ શકે છે, હશે, થશે, એ ક્યાંથી થશે? સંયોગમાંથી થશે? પુણ્ય-પાપના વિકલ્પ રાગ ઉઠે એમાંથી થશે? અલ્પજ્ઞ વર્તમાનદશામાંથી પૂર્ણ નિર્દોષ દશા ક્યાંથી થશે? એ પૂર્ણ નિર્દોષ અને નિર્વિકારી, અવિકારી આનંદરૂપદશા એટલે મોક્ષ. એ દશાનું કારણ અંદર શક્તિમાં પડ્યું છે. એમાં પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમાંથી પ્રગટ થઈને દશામાં પૂર્ણાનંદ અને શાંતિ આવે છે. એટલે એવું જે તત્ત્વ ધ્રુવ, સત્ત્વનું એકલું ભરેલું, પણ એ કેમ એને માહાત્મ્ય? બહારથી આમ આવ્યા છેને. એટલે એનો સ્વાદ જરી આવ્યા વિના આખું આનંદમૂર્તિ આત્મા છે (તે) એને વિશ્વાસમાં આવતો નથી. સમજાણું કાંઈ?

એક જ્ઞાનનો અંશ જાગૃત દેખાય છે. જાગૃત છેને વર્તમાન? રાગને જાણે આદિ બધાને જાણે. એ જાણવાની મુખ્યતામાં, ઊર્ધ્વતા જેનો અંશ વર્તમાન પહેલો જણાય છે જ્ઞાનનો અંશ પ્રગટ વર્તમાન. તે અંશ જેનો ત્રિકાળનો છે. ત્રિકાળ જ્ઞાન સૂર્ય કિરણ પ્રભુ આત્મા. જ્ઞાન સૂર્ય આત્મા છે. આત્મા એટલે જ્ઞ સ્વભાવી આત્મા. જ્ઞ સ્વભાવી, જ્ઞાન સ્વભાવી, ચૈતન્યસ્વભાવી સૂર્ય. ચૈતન્ય સ્ફટિક સ્વભાવ આત્મા. આત્મા એટલે શું? ચૈતન્યપ્રકાશ સૂર્યનો ભંડાર તે આત્મા. તો જ્યાં ચૈતન્યસ્વભાવ થયો જેનો એ પરિપૂર્ણ જ હોઈ શકે. અપૂર્ણ હોય નહિ, વિકાર હોય નહિ, દુઃખ હોય નહિ અને તે ચૈતન્ય પરિપૂર્ણ સ્વભાવ સ્વરૂપ આત્મા એકલો અવિનાશી અતીન્દ્રિય આનંદની સાથે રહેલો છે. અતીન્દ્રિય આનંદ ભેગો જ્ઞાનમાં છે. પણ એની ક્રિયા અંતર્મુખ થઈને એનું માહાત્મ્ય લાવી, ઉડાડ માહાત્મ્ય જડના, પરના. એનાથી મારું કામ નથી. આ પુણ્ય-પાપના ભાવ થાય એનાથી મારું કામ નથી. અને વર્તમાન અંશ જે પરતરફ વળેલો છે એટલો પણ હું નથી. જે જ્ઞાન પ્રગટનો અંશ છે એને અંતરમાં પૂર્ણાનંદ અને જ્ઞાયકભાવમાં, અંતરમાં વાળતા, શક્તિમાં જે આનંદ અને શાંતિ અને પૂર્ણતા જ્ઞાનની પડી છે. એની દશામાં, અવસ્થામાં, હાલતમાં શાંતિ અને આનંદ અને અનાકુળ રમણતાનો અંશ પ્રગટ થાય એ ત્રિકાળ દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય છે. એને ધર્મ કહે છે, તેને મોક્ષનો માર્ગ કહે છે, તેને શાંતિનું વેદન કહે છે, તેને ધર્મનું કાર્ય કહે છે. સમજાણું કાંઈ આમાં? ભારે વાત ભાઈ આ!

ક્યાં ધર્મ થાતા હશે? એલા પણ ધર્મ તે ધર્મી એવો આત્મામાં હોય કે ધર્મ તે કાંઈ બહાર થતો હશે? નિર્વિકલ્પતત્ત્વ જુઓ અહીંયાં કહે છે. નિર્વિકલ્પ પ્રભુ આત્મા છે. રાગનો વિકલ્પ પણ એમાં નથી, એ બંધનું કારણ છે. શુભાશુભભાવ એનામાં નથી. કારણ કે એ વિકારજન્ય ઉપાધિ છે. એ ત્રિકાળી તત્ત્વ તો નિર્વિકલ્પ શુદ્ધાત્મા છે. એવા અંતરાત્માને,

અંતર આત્મા થવા માટે અંતરમાં ધ્યેય કરીને જે પરમાત્મદશાને પામવાને, પૂર્ણાનંદનું કારણ જે મોક્ષની કારણ દશા એવી પ્રગટ કરવી તે દ્રવ્યને આશ્રયે થાય છે. અરે! એની વાતું અહીં નિર્વિકલ્પતત્ત્વ છે. એ મનથી પમાય એવું નથી, વચનથી પમાય એવું નથી. એ દયા, દાનના ભાવથી તે ધર્મ થઈ શકતો નથી.

**શ્રોતા :-** ગુરુથી ન પમાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુરુથી પમાય એવું નથી. 'દિશા દેખાડી અળગા રહે.' શાસ્ત્ર અને ગુરુ દિશા બતાવે. માર્ગે ચાલવાનું એને છે. દિશા પડી રહે દેખાડવાની. 'શાસ્ત્ર અને ગુરુ દિશા દેખાડી અળગા રહે.' એને દિશા બતાવે આનંદઘનજી કહે છે. ભાઈ! કે શાસ્ત્ર? શાસ્ત્ર તો પરવસ્તુ છે. ગુરુ? કે ગુરુ તો પર છે. એ ક્યાં અંદર ગરી ગયા છે તારામાં? એમણે કહેલો ભાવ, એના લક્ષગતમાં એ પોતે કરે અને એ લક્ષગતને વાળે ચૈતન્ય ધ્રુવતત્ત્વમાં, ત્યારે તેને સમજાય, ત્યારે એનો આત્મા એનો ગુરુ થયો, ત્યારે બહારનો ગુરુ એને વ્યવહારે ગુરુ કહેવામાં આવે છે. નહિતર અનંતકાળમાં કોઈ ગુરુ મળ્યા નથી? અને સર્વજ્ઞદશા પામેલા પરમાત્મા પણ મળ્યા નથી કોઈ? આત્માની શક્તિનો વિકાસ જેને પૂર્ણ થઈ ગયો, એવા અલ્પકાળમાં પૂર્ણતા પમાય. એને રખડવામાં જેમ અનંતકાળ ગયો, એમ સ્વરૂપના ભાનની સત્ત્વની દૃષ્ટિને પકડીને એકાકાર થઈને પૂર્ણાનંદની પ્રાપ્તિ થવામાં અનંતકાળ ન જોઈએ. અસંખ્યકાળમાં તે પ્રાપ્તિ થઈ શકે છે. તો અનંતકાળ ગયો, એમાં આત્મા જે છે એણે સ્વરૂપનું સાધન કરીને અલ્પકાળમાં પરમાત્મ શક્તિની વ્યક્તિ કરી. એવા એક નહિ પણ અનંત-અનંત પરમાત્મદશાને પામેલા શક્તિની વ્યક્તિને પ્રગટ કરીને પૂર્ણાનંદને પામ્યા એવા અનંત થઈ ગયા છે. મોહનભાઈ! સાથે ન્યાય ભેગો આવે છે ઓલી શક્તિની વ્યક્તિ પ્રગટ કરીને. એવા પરમાત્મા મનુષ્યદેહે જ્યારે હતા ત્યારે એના સંગમાં પણ એની સભામાં પણ ગયેલો.

**શ્રોતા :-** (છતાં આજ સુધી આત્મા પ્રાપ્ત ન થયો?)

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કરે? દિશા એ બતાવે પણ એને બેસે નહિ. આ વાત. આવો તું? અને મારી નજરું અંદરમાં જાય ત્યારે તે નજરમાં નિધાન દેખાય. એ વિના આત્માની શાંતિ અને ધર્મ ત્રણકાળમાં કોઈ રીતે થતો નથી. એ વાત બેઠી નહિ, બેઠી નહિ. ગોઠી નહિ, રુચિ નહિ અને એનાથી બીજી રીતે કહેનારા મળ્યા આ એ વાત એને રુચિ-ગોઠી. આ વાત ઠીક લાગે છે. આપણાથી થઈ શકે છે. એ તો થઈ શકે એ તો અનાદિથી કરે છે એ થઈ શકે છે રાગ ને દયા ને પુણ્ય ને એમાં શું થઈ શકે છે? આ કહે છે એ બરાબર. આ માર્ગ તો શું કહે છે કાંઈ? અગમ-ગમનની વાતું. બાપા! તારી વાત તો તારા કલ્પનાએ હાથમાં આવે એવી તારી ચીજ છે. એ તારી વર્તમાન દશાનો આશ્રય કરવા જા, તો હાથ નહિ આવે. એ ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ પૂર્ણાનંદથી ભરેલો પદાર્થ નિર્વિકલ્પતત્ત્વ છે. એવા ધ્રુવતત્ત્વની દૃષ્ટિ કર, તારે કરવાની છે, કોઈ કરી દે એવું નથી. કેમ હશે? ચંદુભાઈ! કોઈના

આશીર્વાદથી મળતું હશે કે નહિ? કોક વળી કોક શાપ દઈને લઈ લે એટલે એના હાથમાં તો કાંઈ રહે નહિ અને કોઈ આશીર્વાદથી આપે તો કોઈ શાપ દઈને લઈ લે. એમ તત્ત્વ હોઈ શકે નહિ.

એક ચૈતન્ય તત્ત્વ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ આનંદકંદ તારું તત્ત્વ છે. એવા તત્ત્વની અંદરમાં દૃષ્ટિ આપવી, એનું માહાત્મ્ય કરીને અલ્પજ્ઞદશા રાગ ને પુણ્ય ને નિમિત્તનું માહાત્મ્ય ઉડાડી દેવું, રુચિ છોડી દેવી. ત્રિકાળ જ્ઞાયકમાં રુચિ કરવી એ આત્મા પોતે કરી શકે, બાકી એમાં કોઈનું કામ છે નહિ. ગુરુ પણ એ કામ કરે નહિ અને ભગવાન સર્વજ્ઞ બિરાજતા હોય એ પણ એને મદદ કરે નહિ. એ (માથે) હાથ મૂકે તો કાંઈ થાય એવું નથી. બધી વાતું છે મફતના. એ બધી ભ્રમણાઓ ખોસી કાઢી લોકોએ. થોડા હાથ મૂકે તો આમ થાય, ધૂળ મૂકે તો આમ થાય. અનંતકાળમાં એવો હાથ મૂકનાર કોઈ ગુરુ મળ્યો નહિ? અનંતકાળ વીત્યો, અનંતકાળ વીત્યો, અનંતકાળ ચાલ્યો ગયો છે. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... જેની આદિ છે. આમ ભૂતકાળ ગયો આ ભવ... એના ભવ... એના ભવ... એના પછી... એના પછી... એના પછી... કાંઈ ભવનો અંત છે? એવા અનાદિ ભવમાં રહેલું ચૈતન્યતત્ત્વ એને મનુષ્યપણામાં અનંતવાર થયો, ત્યાગી અનંતવાર થયો, ભોગી અનંતવાર થયો, રાજા અનંતવાર થયો, રંક અનંતવાર થયો, મોટા અમલદાર અધિકારી અને ભિખારી અનંતવાર થયો. કોઈને હાત મૂકતા નહિ આવડ્યો હોય? ધૂળમાં હાથે થાય એવું નથી ત્યાં.

એનો અર્થ એ કે જે ગુરુ અને જ્ઞાની કહે છે એને એના લક્ષમાં લેવું અને એને ધ્યેયને પકડીને જવું એનું નામ ગુરુ પાસે હાથ રખાવ્યો કહેવામાં આવે છે. ચંદુભાઈ! બાકી બધી વાતું હોં. માળા મફતના કોઈ ચમત્કાર ને ઢીંકણા ને ફીંકણા. આમ કરી દઉં તને, સમાધિ કરાવી દઉં. ધૂળેય થાય એવું નથી સાંભળને. ભ્રમણામાં ખોસી ઘાલસે બધા. કોઈકને કાંઈ કરાવી દઉં, તને આમ કરાવી દઉં, ઈંગળા ને પીંગળા હોય છેને બધી નાડી આમ કરે ત્યાં ચડી થઈ જાય આત્માના દર્શન થઈ જાય. ધૂળેય થતા નથી સાંભળને માળા. ઘણા અત્યારે ચાલ્યા છે એવા. અને પીળું-ધોળું દેખાય. હવે એ તો જડ છે. એ પીળા-ધોળા દેખાય એ. એ પીળા-ધોળાની દશા જેની સત્તામાં જણાય છે એવું જ્ઞાનસત્તા તે તત્ત્વ અરૂપી જ્ઞાનાનંદ અખંડાનંદ પ્રભુ દ્રવ્ય છે પોતાનો સ્વભાવ. આ એની દૃષ્ટિ કરવી અલૌકિક, અપૂર્વ અનંત પુરુષાર્થ છે. એ પુરુષાર્થ એને કરવો રહ્યો છે, કોઈ કરી દે એવું છે નહિ. ચંદુભાઈ!

હવે એ વાત કરે છે જુઓ, થોડી વાત તો કાલે લીધી હતી થોડી-થોડી ઝટ. ભાઈ કહે કે ઝટ લીધી હતી એમ કીધું હતું. જુઓ, 'ત્રિકાળ નિરૂપાધિ જેનું સ્વરૂપ છે.' કેવો ભગવાન આત્મા છે? 'ત્રિકાલ નિરૂપાધિ જેનું સ્વરૂપ છે.' ધ્રુવ ચૈતન્યમૂર્તિ પ્રભુ. 'એવા શુદ્ધ જીવાસ્તિકાયને...' એવો શુદ્ધ જીવ છે. અસ્તિ છેને અસ્તિ? જીવ અસ્તિ. કાય એટલે કે

એમાં.. કાય શબ્દ કેમ વાપર્યો છે? કે આત્મા શરીર પ્રમાણે છે એનો એક જ પ્રદેશ નથી. એ અસંખ્ય પ્રદેશી છે. ઝીણી વાત છે. એ અસંખ્ય પ્રદેશ છે. એક પરમાણુ છેને પોઈન્ટ? આ છેલ્લો ટૂકડો. આ કાંઈ મૂળ ચીજ નથી. કારણ કે આના ટૂકડા થતાં... થતાં... થતાં... થતાં... થતાં... થતાં... છેલ્લો પોઈન્ટ રહે કે જેને શસ્ત્રની અણી પણ અડી શકે નહિ. અરે! જ્ઞાનીનું જ્ઞાન જેના બે ભાગ કલ્પી શકે નહિ. એવો છેલ્લું અસ્તિત્વ, અસ્તિ તત્ત્વ પરમાણુ, રજકણ, પોઈન્ટ. એ પરમાણુના ગજથી આત્માને માપે તો એક, બે, ત્રણ, ચાર, પાંચ એવા અસંખ્ય પરમાણુના રજકણ જેટલો એ પહોળો એક શરીરમાં આત્મા છે. આહા..હા..!

**શ્રોતા :-** માપ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનું માપ. ગજથી કપડું માપે છેને? કે આ પચ્ચીસ હાથનું છે, આ પચાસ હાથનું છે. એ પહોળું કેટલું? ચોડાઈ કેટલી? એનું એ માપ કરવાનું ગજ છે. એમ આ આત્મા શરીર પ્રમાણે છે. કીડીમાં જાય તો પણ શરીર પ્રમાણે. મોટા હાથીમાં જાય તોપણ શરીર પ્રમાણે. પણ છે એ અસંખ્ય પ્રદેશી. એટલે? કે એક પોઈન્ટ મૂકે તેટલા ક્ષેત્રને એક પ્રદેશ, અંશ. આખી ચીજનો એક અંશ કહેવાય. જુદો પડતો નથી. એવા અસંખ્ય અંશનું એ આખું તત્ત્વ છે. એવો જો ન હોય તો કીડીમાં આમ સંકોચ પામે છે, હાથીમાં વિકાસ પામે છે. રબ્બર જેમ છે રબ્બર. પહોળું થાય, સંકોચાય. છે એટલું ને એટલું. પહોળું થાય, સંકોચ થાય. એમ અસંખ્ય પ્રદેશી પ્રભુ આત્મા એ હાથીમાં હોય એટલો પહોળો વ્યાપે, કીડીમાં હોય એટલો પહોળો. એ એનામાં સંકોચ-વિકાસ પ્રદેશ અસંખ્યમાં સંકોચ-વિકાસ થવાની લાયકાત છે. એવો જે આત્મા એટલે જીવ. શુદ્ધ. શુદ્ધ એટલે પવિત્ર. જીવ એટલે દ્રવ્ય. અસ્તિ-હયાતી, કાય-એ અસંખ્ય પ્રદેશનો સમૂહ. આ એના વાચ્યાર્થ છે. સમજાણું કાંઈ? રતિભાઈ! ઓલામાં કાંઈ આવતું નહિ હોય. સટ્ટામાં આવતું હશે આવું?

અરે ભગવાન! તે તારી... એ પોતે કાંઈક ચીજ છે કે નહિ વસ્તુ? તો એની કોઈ આકૃતિ હોય કે નહિ? આકૃતિ એટલે કે આટલા કદમાં તે છે. એનો આકાર જડનો એમાં નથી, પણ એ આટલા કદમાં, આટલામાં છે એવું કાંઈક કદ હોય કે નહિ, વસ્તુ એનું કદ, એની વર્તમાન દશા અને એની ત્રિકાળી શક્તિઓનો સમૂહ ભાવ. એ વિના વસ્તુ કોઈ હોઈ શકે નહિ. પદાર્થ, પદાર્થનું કદ પહોળું, એની વર્તમાનદશા અને એનો ત્રિકાળી ભાવ આ ચારનો સમુદાય તેને પદાર્થ કહેવામાં આવે છે. ઓહો..હો..! એમ ભગવાન આત્મા વસ્તુ જીવ એના જ્ઞાન, દર્શન આદિ ત્રિકાળી ભાવ એની વર્તમાનદશાનો અંશ જે પ્રગટ જ્ઞાનનો, પ્રતીતનો અંશનો દેખાય તે અને તેનું કદ શરીર પ્રમાણે છે. શરીરને લઈને નહિ પણ શરીર પ્રમાણે પોતાનો આકાર છે. એ નાનું બાળક હતો તો એનો એ છે. મોટો થયો ઓલો અસંખ્ય પ્રદેશ જે હતા રબ્બરની પેઠે આમ જરીક પહોળા થાય. ઓલો અંશ પહોળો થતો નથી, પણ અંશો જે આમ ખડકાયેલા હતા એ આમ છૂટા થાય છે. જેમ-જેમ જાડું શરીર અને

પહોળું થાય એમ છૂટા થાય. વળી ક્ષય થઈ જાય, મળી જાય હાડકાના તો એ પ્રદેશો આમ સંકોચાઈ જાય છે. સંકોચ એટલે? કે આમ ટૂંકા ક્ષેત્રમાં આવી જાય છે. એવો એનો અસંખ્ય પ્રદેશી કાય નામ સમૂહનો એનો સ્વભાવ છે. ભારે વાતું પણ એની.

ઓલા મકાન વેચે તો ચાર દિશા બાંધે છે. બાંધે છેને? ભાઈ! આ એ મકાન મફતલાલનું નથી. અદ્ધરથી લખીતંગ મફતલાલની સહી. એમ હશે? ત્યાં ન ચાલે કોર્ટમાં. એ મકાન આ ઠેકાણે છે, પૂર્વમાં આનું મકાન છે, પશ્ચિમમાં આનું છે, ઉત્તરમાં આનું અને દક્ષિણમાં આનું. એમ તું ક્યાં છો? કેવડો છો? ક્યા ગુણવાળો છો? અને કઈ દશાવાળો છો? સમજાણું કાંઈ? આ એ જરી બતાવવા. આ તો આખું તત્ત્વ બતાવવું છેને, ભાઈ! એટલે કાય શબ્દ મૂક્યો. બીજામાં એ કાયનું સ્વરૂપ છે નહિ. એટલે બતાવ્યું છે આમાં. ભાઈ! તું આત્મા શુદ્ધ પવિત્ર. જીવ એટલે આત્મા કહો કે જીવ કહો. અસ્તિ એટલે છે. કાય એટલે એનું કદ છે અસંખ્ય પ્રદેશ જેટલું. એવા જીવને ખરેખર વિભાવસ્વભાવ સ્થાનો નથી. એવું આત્મતત્ત્વ એને વિકારના પુણ્ય-પાપના વિકારીભાવ એ ત્રિકાળતત્ત્વમાં નથી. કહો, પ્રકાશચંદજી! આ શું કદબદની વાત આવી? શું કહે છે તમારે? ચોડાઈ કહે ચોડાઈ? હિન્દીમાં શું કહે છે?

**શ્રોતા** :- લંબાઈ ચોડાઈ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લંબાઈ ચોડાઈ.

અરે ભગવાન! જુઓ, કે એ જ્યારે કંઈપણ એકાગ્ર થવા માગે છે. ધ્યાન રાખો ન્યાય. ત્યારે એને આમ-આમ જોવે તો એકાગ્ર નથી થઈ શકતો. એ જેટલામાં છે ત્યાં એકાગ્ર થાય તો તેને એકાગ્રતાનું ફળ આવે છે. ન્યાય સમજાય છે કાંઈ? આમ બધે વ્યાપક જો પોતે એક જ હોય, તો આમ કર્યે તેને એકાગ્રતાનો વિકાસ થાય. એટલામાં પોતે છે. શરીર પ્રમાણે તત્ત્વ ભિન્ન. ચૈતન્ય જ્ઞાયક તત્ત્વ શરીર પ્રમાણે ભિન્ન. એમાં એકાગ્ર થાય. જેટલામાં પોતે છે એટલામાં એકાગ્ર થાય ત્યારે તેને શાંતિ કે સુખની પ્રાપ્તિ, એટલા ક્ષેત્રમાં રહેલા એના અનંતા ગુણો, એનું એકરૂપ તત્ત્વ, એમાં એકાકાર થતાં તેને શાંતિ અને વીતરાગતા કે સમ્યગ્દર્શન આદિ એટલા ક્ષેત્રમાંથી તેને પ્રગટ થાય, માટે તેટલા ક્ષેત્રમાં જ આખું તત્ત્વ છે. સમજાણું કાંઈ?

ક્યાં છે પણ બીજે ત્યારે? બીજો બીજામાં, તું તારામાં. એ અહીં કહે છે. એવો જે ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશીમાં અનંત ગુણોનું ધામ, એનું રૂપ એક એવો પરમાત્મા પોતાનો સ્વભાવ, જીવભાવ, જીવતત્ત્વ. એમાં પુણ્ય અને પાપના વિકારી સ્થાનો, વિકારના, શુભના અસંખ્ય પ્રકાર. એમ કેમ લીધું? વિભાવસ્થાન લીધા છેને? વિકારના સ્થાન, સ્થાન નામ પ્રકાર. એ આત્મ ત્રિકાળ જ્ઞાયકની અંદર એ વિકારના અનેક સ્થાનના પ્રકાર શુભના અસંખ્ય, અશુભના અસંખ્ય. દયા-દાન, મંદ-તીવ્ર, હિંસા-જૂઠું મંદ-તીવ્ર એવા-એવા અસંખ્ય પ્રકાર શુભ, અસંખ્ય પ્રકાર અશુભ. એ બધા વિકારસ્થાન ત્રિકાળી ચૈતન્યમૂર્તિની અંદર નથી. જેમાં દૃષ્ટિ

દેવાથી આત્માને દોલત પ્રગટ થાય એવા તત્ત્વની અંદર વિકારી પરિણામની અંતર ગંધ પણ છે નહિ. સમજાણું કાંઈ? ભારે!

આમ નજર અંદર કરવા જાય તો અંધારું દેખાય. બહાર નજર કરવા જાય તો આ દેખાય. એય..! મૂળજીભાઈ! પણ પ્રભુ એકવાર સાંભળતો ખરો. આમ અંધારું જે દેખાય એ અંધારાથી દેખાય છે કે પ્રકાશથી દેખાય છે? અંધારું અંધારામાં અંધારાથી દેખાય છે? કે આ અંધારું જ્ઞાનના પ્રકાશમાં જ્ઞાનના પ્રકાશથી હું પ્રકાશ અને અંધારું એમ બે દેખાય છે? ભગવાન જાણે શું હશે કાંઈ કોઈ દિ' મનન અને મંથન કર્યું નથી. એ પુણ્ય અને પાપના વિકલ્પો એ અંધકારસ્વરૂપ છે, વિકાર છે. એને જાણનાર ચૈતન્યપ્રકાશ પ્રભુ ત્રિકાળીતત્ત્વમાં તે વિકારના સ્થાનનો અભાવ છે. માટે, વિકારના આશ્રયે તું ધર્મ કરવા જા એ ત્રણકાળમાં થઈ શકશે નહિ. કહો, બરાબર છે મોહનલાલભાઈ? આ તમારા કાયદાથી તો વાત ચાલે છે આ. વગર કાયદે નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લે, એ તો કહે છે કે વિકાર તારામાં નથી અંદર. વિભાવ હોવા છતાં તેની દશામાં હોવા છતાં તેના કાયમી સ્વભાવમાં નથી. માટે કાયમી સ્વભાવની દૃષ્ટિએ તે છોડી શકાય છે. એ માટે તો આ સિદ્ધ કરવું છે. પાણીમાં શેવાળ છે. શેવાળ. હવે જેને પાણી પીવું છે પથ્ય અને હળવું અને સ્વચ્છ, એને શેવાળ આમાં નથી માટે જરી આમ દૂર કરીને અંદરમાં પાણી પીવા માંડે તો પાણીથી એની તૃષા છૂટે. એમ ભગવાન આત્મા જ્ઞાન અને શાંતરસના જળથી ભરેલો પદાર્થ, એની વર્તમાનદશામાં અનાદિથી એની વિકૃત અવસ્થા એમાં ક્રમે-ક્રમે કરે ને જાય, કરે ને જાય એમ થયા કરે છે. એ વિકૃત અવસ્થા શેવાળ સમાન છે. જેને ધર્મ અને શાંતિની પ્રાપ્તિ કરવી હોય એને 'વિકાર તે મારા ત્રિકાળમાં નથી, એમાં તો એકલો શુદ્ધ અને આનંદરસ પડ્યો છે.' એમ અંતર દૃષ્ટિ દેવાથી શેવાળનું પૃથક્‌પણું થતાં અંદર શાંતિના અંશની પ્રગટદશા થાય તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. કહો, સમજાય છે કાંઈ આમાં?

**શ્રોતા :-** વિકાર જોઈએ છે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકાર જોઈએ તો નહિ ચાલે. એટલે આને વિકાર પણ જોઈએ છે હજી. પૈસા પણ જોવે છે, અમલદારીપણું જોવે છે, વકીલાત જોવે છે અને આ જોવે છે. એક મ્યાનમાં બે નહિ ચાલે. એક મ્યાનમાં બે તલવાર નહિ રહે. આ વિકારની જેને રુચિ તેને નિર્વિકારી ચૈતન્યની રુચિ નહિ થઈ શકે અને જેને ત્રિકાળી નિર્વિકારીની રુચિ થાય એને વિકારની રુચિ નહિ રહી શકે, વિકાર રહેશે, વિકાર રહેશે, રુચિ નહિ રહી શકે. આ પણ ઠીક છે અને આ પણ ઠીક છે. બે ઠીક નહિ રહી શકે. તો શું છે આમાં? વિકાર પણ જોઈએ છે ભાઈ એને હજી. હવે ૮૩ થયા હવે શું કરવું છે તમારે? શરીરને ૮૩ થયા

હોં. આત્મા તો અનાદિ છે. બધાનું એક સરખું. કોઈ એક સમય અધિક વધી ગયા છે અત્યાર સુધી? અનાદિના આત્મા છે. અત્યાર સુધી આવ્યા. કોઈ એક સમયે દીર્ઘ આયુષ્યવાળા છે? દીર્ઘ એટલે? અનાદિથી વર્તમાન. અનાદિથી વર્તમાન. વર્તમાનથી અનંત. એમાં અનાદિથી વર્તમાનથી કોઈ એક સમય આઘા રહ્યા છે કોઈ? થઈ શકે નહિ ત્રણકાળમાં કોઈ. સમજાય છે કાંઈ?

અનાદિથી વર્તમાન સુધીનો કાળ બધાને સરખો છે. એના વિકારના ભાવમાં ફેર છે. કોઈ વિકારને મંદ કરે છે, કોઈ તીવ્ર કરે છે, કોઈ વિકારની રુચિ છોડીને સ્વભાવની રુચિ કરે છે અને કોઈ વિકારના સ્વભાવની અસ્થિરતા છોડીને સ્વરૂપમાં સ્થિર થાય છે. એવી વર્તમાન દશામાં ફેર પડે, એના કાળમાં ફેર પડે નહિ. સમજાય છે કાંઈ આમાં? લ્યો, આ તો ભાઈ કાલે આવી ગયું હતું થોડું. હવે થોડું વધારે લીધું. બીજી વાત.

એવો શુદ્ધ પ્રભુ આત્મા એને ભલો અને ભૂંડો. પ્રશસ્ત એટલે ભલો. શુભરાગ ભલો કહે છેને દુનિયા? અનુકંપા, દયા, ભક્તિ શુભરાગ ભલો... ભલો... ભલો... એમ જગત કહે છે. કહે છે કે ભલોબલો રાગ એ આત્મામાં નથી. અપ્રશસ્ત. ભૂંડો પુણ્ય-પાપનો ભાવ એ સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી. ભગવાન ધ્રુવ ચૈતન્યમૂર્તિ પ્રભુમાં એ '**રાગ-દ્વેષ-મોહનો અભાવ હોવાથી માન-અપમાનના હેતુભૂત...**' માન-અપમાનની જે દશા થાય એનું નિમિત્ત એવો જે કર્મનો ઉદય. એનું નિમિત્ત. એના પ્રકારો ભાવ. એ બધા કર્મના નિમિત્તના પ્રકારો માન-અપમાનના ભાવ છે, એ આત્મામાં છે નહિ. મૂળ પાઠમાં ભાઈ '**माणवमाणभावठाणा**' છે. શું કહ્યું આ? એનો હેતુ કર્મ છે, એમ કહે છે. એના ઉદયના બધા પ્રકારો માન-અપમાનના છે, એ આત્માના છે નહિ. ઓહો..હો..!

શું કહ્યું સમજાય છે આમાં? ભગવાન ચૈતન્યમૂર્તિમાં જો માન-અપમાનના પ્રકાર હોય તો કોઈ દિ' નિર્માન, અમાન દશાને પ્રગટ કરી શકે નહિ. એનામાં છે જ નહિ ત્રણકાળમાં નથી તો નાસ્તિથી શાંતિ પ્રગટ થાય છે. માન-અપમાનના વિકલ્પો એ કર્મના નિમિત્તના સ્થાન કહેવાય. એના પ્રકારો છે. તારી ચીજના એ પ્રકાર છે નહિ. એ ત્રિકાળી દ્રવ્યની અંદર, વસ્તુની અંદર, માન-અપમાનના ભાવ સ્થાન છે નહિ.

હવે ત્રીજો બોલ પણ ચાલ્યો હતો કાલે. વળી '**શુદ્ધ (જીવાસ્તિકાયને) શુભ પરિણતિનો અભાવ હોવાથી...**' એને વિશેષ સ્પષ્ટ કરે છે. શુભ પરિણતિ એટલે? આ દયા, દાન, વ્રત, તપ, જપ, ભક્તિ, નામ સ્મરણ, જાપ એવો જે વિકલ્પ ઉઠે છે એ શુભરાગની દશા છે, શુભરાગની દશા છે. એ શુભ પરિણતિ. પરિણતિ એટલે અવસ્થા, પરિણતિ એટલે અવસ્થા દશા. રાગની, શુભની દશા. એનો ભગવાન ત્રિકાળ દ્રવ્યની અંદર અભાવ હોવાથી. વસ્તુના ત્રિકાળ સ્વભાવમાં એ છે નહિ. '**હોવાથી શુભકર્મ નથી...**' કારણ કે શુભભાવ જ જ્યાં ત્રિકાળમાં નથી એને શુભભાવનું બંધન જે થાય કર્મ જડ એ આત્મામાં નથી. '**શુભ કર્મનો**

**અભાવ હોવાથી...'** અને એ જડકર્મનો આત્મામાં અભાવ હોવાથી **'સંસારસુખ નથી...'** એ સંસારસુખ નથી. શું કીધું? આ સંસારનો સંયોગ સુખરૂપ થાય છેને આ બહારના ધૂળના સંયોગ મળે એ, એ આત્માને નથી. અને સંસારસુખનો અભાવ હોવાથી હવે હર્ષસ્થાનો નથી એમ કહે છે. ચાર બોલે ગુલાંટ મારી છે.

પહેલું તો એમ કહ્યું કે ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ શુદ્ધ ચૈતન્ય ધાતુ અરાગી, વીતરાગી અનાદિ-અનંત વસ્તુ. એમાં શુભ વિકારની દશાનો અભાવ, એથી વિકારનું નિમિત્ત પામીને કર્મબંધન થાય એનો અભાવ અને કર્મબંધન થઈને સંયોગો અનુકૂળ મળે સુખના એનો અભાવ અને એ સુખ મળે અને એમાં હરખ થાય આ એવા ભાવનો એમાં અભાવ છે. સમજાણું કે નહિ આમાં? દેવરાજભાઈ! સમજાય છે આ? આ સમજવું પડશે. ઓલા બધા સટોડિયામાં કાંઈ ધૂળેય નથી. પૈસા મળે પાંચ-પચાસ હજાર ને લાખ. હેરાન-હેરાન વળી અત્યારે જુઓને. એના માટે કેટલા.. કાલે નીકળ્યા હતા બધા. ..નહિ નીકળ્યું હતું દેખાતું હતું. સરઘસ નીકળ્યું હતું એક. રાડેરાડ પાડે જગત. એલા સુખ તારામાં છે. ધૂળમાંય નથી બહારમાં. સોનાના ભાવ ઘટ્યા. સોનાના ભાવ ઘટ્યા અને વધ્યા એટલે શું કહેવું? એનો અર્થ શું કરે લોકો? સોનાના ભાવ ઘટ્યા એટલે સોનું ઉજળું થતું હશે? અને સોના સવાસો થાય એટલે સોનું આમ ઉજળું બહુ થાતું હશે. કોના ભાવ ઘટ્યા? અરે તારી કલ્પનાના ઘટ્યા-વધ્યા, ત્યાં તો છે એ છે. ચંદુભાઈ! કેમ હશે? છ લાખના સોના સંઘર્યા હતા બતાવવા સરકારને. ન બતાવે તો ખોટા જાય. હવે આમાં કરવું શું? એ તારી કલ્પનાના ઘોડા છે, બાપા! એ તો જ્યાં છે ત્યાં છે. એવી કલ્પના કે અમને દસ લાખનું સોનું હતું. એ પુણ્યના બંધનું ફળ. પુણ્યબંધ શુભભાવનું ફળ અને એ સુખ સંયોગ મળ્યો એમાં હરખ થતો કે એ ચારેય ચીજ તારામાં નથી લે. દામોદરભાઈ!

અહીં મારા મોટરું અને મજા કરે છે, માણસ એમ કહે છે લ્યો! મોટરુંના હુંકારા બોલાવે અને આમ બલુનમાં ચાલે, આમ ઉંચેથી ચાલે. કેટલી મજા! ધૂળમાંય મજા નથી સાંભળને. કહે છે ભગવાન આત્મા અરે પ્રભુ! એ પુણ્યના પરિણામ જે છે એ તારી ચીજમાં નથી, માટે નીકળી જાય છે અંતરનો આશ્રય કર તો. એ પુણ્યના પરિણામ જ નથી તો એનું બંધન થાય એ પણ તારામાં નથી. કારણ કે શુભભાવ થાય તો એનો બંધ તો થાયને શુભ કર્મ? એ પણ નથી. શુભકર્મનું બંધન થાય તો સંયોગ મળે. સુખના લોકો કહે એના. કે સંયોગ જેને સુખ કહીએ એ પણ તારામાં નથી. તો સંયોગને નિમિત્તે હરખ થાય કે અમને કાંઈક મળ્યું એવો હરખનો ભાવ પણ તારી ચીજની અંદર નથી. સમજાણું કાંઈ? આ તો અલકમલકની વાતું છે બીજી.

ભગવાન જેને થવું હોય, અરે સુખી થવું હોય પહેલી વાત પછી વળી. ભગવાનની પછી રાખો. જેને સુખી થવું હોય. એક સિદ્ધાંત છેને લ્યો! કે જો માણસો સુખી થવા

તો માગે છેને? સુખી થવા તો માગે છેને? સુખ માટે જાવા છેને જગતના? કહે છે સુખનું અસ્તિત્વ તો સ્વીકારે છે કે નહિ? સુખનું અસ્તિત્વ નો સ્વીકારે સુખની ઈચ્છા કેમ કરે એ? સુખની હયાતી સ્વીકારે છે. કહેવી ક્યાં એ પછી પ્રશ્ન. અત્યારે તો અહીંયાં સુખ માટે તાલાવેલી. છેવટે મરીને પણ.. શું કીધું? એકવાર થયું હતુંને ભાઈ! કે અપમાન એવું આવે બહારમાં. રાજ મૂકું, કુટુંબ મૂકું એવું અપમાન. એ અપમાનની અસહ્ય વેદનાના માપમાં એને દેહ છોડવો એ દુઃખ હલવું લાગે છે. ધ્યાન રાખજો. એમાંથી સિદ્ધાંત નીકળશે પાછા. કે અપમાન આવી પડ્યાની આકુળતાના માપની હદ આગળ શરીરને જતું કરવું મરીને. આ દેહ છોડીને. અગ્નિમાં બળીને, અફીણ ખાઈને, છરા ખાઈને. થયું શું આમાં? કે એ અપમાન અને એ આકુળતા આગળ શરીરને જતું થાય તોપણ એ દુઃખ મને હળવું લાગે છે અને આ આકરું લાગે છે. કાંઈક બીજી વાત.

કે જે શરીર સંયોગરૂપ છે, બીજી ચીજો તો ક્યાંય રહી ગઈ. શરીરનો અભાવ કરીને પણ દુઃખથી રહિત એકલો થઈને સુખી થવા માગે છે, તો એમાં સિદ્ધાંત સિદ્ધ થાય છે કે એના સ્વરૂપમાં કાંઈક સુખ છે. એને ભાન નથી. સમજાય છે? એટલે આમ મૃત્યુ કરી, ગળાફાંસો ખાઈને શું કરવું છે? એ દુઃખનો અભાવ કર. આ દુઃખનો અભાવ એટલે? સુખી થવું છે. સુખી થવું એટલે? કે સંયોગોને શરીર પૂરતા પણ જતા કરીને, શરીરનો સંયોગ જતા કરીને પણ સુખી થવું. તો એનો અર્થ એ કે એકલો રહીને સુખી થવું. એનો અર્થ એ કે આત્મામાં એકલો રહીને સુખ થવાની એનામાં તાકાત છે. પણ અજ્ઞાનને લઈને એને ભાન નથી. સમજાય છે કાંઈ આમાં? તો સુખની સત્તા અજ્ઞાનપણે પણ એકલામાં છે એવો સ્વીકાર કરે છે, પણ એ સુખની સત્તા કેમ પ્રાપ્ત થાય અને એ સુખ મારામાં કેમ છે એની એને ખબર નથી. એકવાત. એટલે સુખ તો હોવાપણે છે આત્મામાં. આનંદ આત્મામાં હોવાપણે છે.

બીજી વાત. એ શોધવા માગે છે તો ઉપાય કરે છે તો ઉપાય પણ સ્વીકારે તો છે. ઉપાય સ્વીકારે તો છે, પણ એનો ઉપાય સાચો ક્યો એની એને ખબર નથી. સત્તાનો સ્વીકાર અને ઉપાયનો સ્વીકાર બેય સ્વીકારે છે, પણ સુખ ક્યાં છે અને ક્યા ઉપાયે મળે તેની એને ખબર નથી. સમજાણું કાંઈ? આ તો ન્યાયથી બેસે એવું છે કે નહિ? આ બીજી રીતે કહીએ આપણે કે એ આવી પડેલી આપદાથી હળવું દુઃખ લાગ્યું શરીર જતું. હવે શરીર જાય છે જ્યારે મૃત્યુકાળ આ. ખાઈને છરો. હવે એ જતું નથી થયું ખરેખર. કેમ? કે એને દુઃખ થાય છે જતાં. દુઃખ થયા વિના રહે નહિ. કારણ કે એને એ પોતાનું માન્યું હતું. દુઃખ થાય છે એટલે એના પ્રત્યે રાગ હતો રાગ. આ મારું છે.. આ મારું... પણ આને ઓલી આપદા કરતા આ કાંઈક ઓછી આપદા લાગે છે એટલે છરો ખાધો, પણ જતાં એને દુઃખ થાય છે. આમ.. પછી છેવટે.. હવે જતું કરતાં ન આવડ્યું એને. જતું કરતા

આવડે ક્યારે? કે એ શરીર પ્રત્યેની પ્રીતિ છે એ છૂટે તો છૂટવા કાળે તેનો તેને દ્વેષ ન થાય. અને એ રાગ-દ્વેષ ક્યારે ન થાય? કે રાગ-દ્વેષ વિનાની મારી ચીજ છે. આ એવી દૃષ્ટિ પડ્યા વિના શરીર છૂટવા ટાણે દ્વેષ થયા વિના રહે નહિ નહિતર. સમજાણું કાંઈ આમાં? ન્યાયથી, લોજિકથી તો અહીં સમજશે કે નહિ આ શું છે? હવે કોઈ જગતની વાત પણ તર્કથી હોય તો બેસે છે નહિતર બેસતી નથી. અને આ એમ ને એમ આંધળી શ્રદ્ધાએ બેસાડે જાય, હાંકે જાય, પણ એના ખ્યાલમાં કાંઈક વાત આ છે, આમ છે એમ ન બેસે ત્યાં સુધી સમ્યક્‌તા અને સત્યતા જ્ઞાનમાં આવે નહિ. તો શરીર જતું કર્યું ક્યારે કહેવાય અને એકલો રહ્યો ક્યારે કહેવાય? કે શરીરની પ્રતિકૂળતા વખતે આમ અંદર જે એકતા હતી પ્રીતિની એ પ્રીતિ તોડે, નહિતર તો દ્વેષ થાય અંદરમાં ટળવળ અંદર થઈને પછી તૂટે. અરે! આ કરતા તો ન ખાધું હોત તો સારુંને. એ વખતે થાય પછી એને. પછી શું થાય? પણ ત્યારે શરીર છોડવાકાળે. શરીર છૂટ્યું અને છોડ્યું ક્યારે કહેવાય કે હું શરીર વિનાની ચીજ છું. શરીર વિનાની ચીજ છું અને શરીર વિનાની એટલે શરીરનો રાગ મારા સ્વરૂપમાં હોઈ શકે નહિ. અને શરીર વિનાની હું ચીજ છું એટલે શરીર જાય તો એની પ્રીતિ નથી શરીરને કાળે તો એના અભાવ કાળે એનો દ્વેષ ન હોઈ શકે. શું કહ્યું વળી આ?

જુઓ, એક સિદ્ધાંત એવો છે કે શરીરમાં પ્રતિકૂળતા વખતે દુઃખ કેટલું થાય? દુઃખ એ એને લઈને નથી. કે જેટલો તેમાં રાગ હતો તેટલો તેમાં દ્વેષ થાય. એક તોલ છે એનો. શું કીધું? શરીરના પીડાકાળે દુઃખ કેટલું થાય? કે શરીરની હયાતી કાળે તેમાં જેટલો પ્રેમ તોળ્યો હતો રાગનો એટલો જતાકાળે તેટલો દ્વેષ થાય. સમજાય છે કાંઈ આમાં? બધાને સરખું ન થાય. કારણ કે જેને જેટલી રાગની તીવ્રતા એટલું એને દુઃખ થાય. દુઃખ સંયોગને કારણે નથી, દુઃખ સ્વરૂપમાં નથી. એની દશામાં ઉભી કરેલી પ્રીતિ-અપ્રીતિ, .. સ્થાનમાં પ્રીતિ-અપ્રીતિ લેશે કળશમાં. પાછળ કહેવું એ છે. કળશ છે એ પ્રીતિ-અપ્રીતિના સ્થાન તારા સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? ઝીણી વાતું તો છે, ભાઈ!

એકફેરી કહ્યું હતુંને નારણભાઈને મેં પૂછયું હતું. ઓલો લોચ કરતા હતાને લોચ? અમારે નારણભાઈ આવ્યાને. કે કેટલું દુઃખ લાગે છે? કે રોટલીમાં રાગ જેટલો રહે છે એટલું દુઃખ લાગે છે. લાઠીના ૮૫ના ચોમાસાની વાત છે. ૮૫. મેં કીધું આ વાળ ખેંચેને? કે કેટલું લાગે છે? કે આ રોટલી ખાવા વખતે અને દાળ ખાવા વખતે જેટલો પ્રેમ વર્તતો હતો આ એટલો ખેંચવા ટાણે દ્વેષ થાય છે. સમજાય છે આમાં કાંઈ? જેટલો અનુકૂળતા પ્રત્યેના રાગનું વલણ એટલું પ્રતિકૂળતા પ્રત્યે દ્વેષનું વલણ માપ પ્રમાણે હોય. જેટલું રાગ મંદ એટલો પ્રતિકૂળતા વખતે દ્વેષ ઓછો. જેટલો અનુકૂળતા પ્રત્યે બિલકુલ રાગનો અભાવ એ તો આત્મદ્રવ્ય છે. એ આત્મદ્રવ્ય ઉપર જ્યારે દૃષ્ટિ કરી તો બિલકુલ રાગનો અભાવ એની અંદર છે. એવો રાગના અભાવવાળા દ્રવ્યની દૃષ્ટિ વસ્તુની થતાં, દેહ છૂટતા, દેહ કાળે રાગ નહોતો, દેહ

છોડવા કાળે એને દ્વેષ નહિ થાય, એને આનંદ થશે. વાત સમજાય છે કાંઈ આમાં?

શું છે આ તત્ત્વ? ભાઈ! બાપુ! ન્યાયથી સિદ્ધ થાય એવું એ તત્ત્વ છે. એમ ને એમ ન બેસે એને સમજાય નહિ એવું તત્ત્વ નથી. સમજાય એવું તત્ત્વ છે. એના ખ્યાલમાં જ્ઞાનકળામાં આવી શકે. તો અહીં કહે છે. સંસારના સુખની સામગ્રી એ પૂર્વના પુણ્યને લઈને મળી તો એ સામગ્રી પણ નહિ, પુણ્ય પણ નહિ અને પુણ્યના કારણરૂપ આત્મામાં જે શુભરાગ હતો એ વસ્તુમાં નથી. એવા આત્માની દૃષ્ટિ કરવાથી આત્માને પુણ્ય-પાપરહિત થવાનો પ્રસંગ સમ્યગ્દર્શનમાં થાય છે. સમજાણું કાંઈ?

એ હર્ષસ્થાન નથી એમ કીધું, ભાઈ! હરખ-હરખ. એ હરખ એટલે રાગના પ્રકાર જીવમાં છે નહિ. એ હરખના પ્રકાર નથી એ તો ઉભા કરેલ નવી દશામાં, દશામાં, વસ્તુમાં છે નહિ. તો વસ્તુમાં નથી એની દૃષ્ટિ અને અનુભવ કર, તને શાંતિ અને સુખ મળશે. એ સિવાય શાંતિ ને સુખ ને ધર્મ થશે નહિ. સમજાણું કાંઈ? આ તો આટલા સુધી તો આવ્યું હતું કાલે. થોડું વધારે કહે છે.

હવે ભગવાન આત્મા શુદ્ધ જીવવસ્તુ, એને અશુભ પરિણતિનો અભાવ. એ વિકારની લાગણી પાપની છે એ ત્રિકાળ વસ્તુમાં નથી, વસ્તુમાં નથી. વસ્તુમાં હોય તો વિકાર ટળી શકે નહિ. એ અશુભ વિકાર હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ ઉપરછલ્લું, ઉપર તરતું તેલ પાણીમાં ઉપર તેલ. એ પાણીના દળમાં તેલનો પ્રવેશ નથી. છે? માણસ નથી કહેતા ઉપર તેલ, તરશે. એમ ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ, એની વર્તમાન દશામાં ઉપર તરતો રાગ અને પાપ છે. મૂળ ચીજમાં નથી. એવી મૂળ ચીજની દૃષ્ટિ કર્યા વિના સમ્યગ્દર્શન નામ સત્યનો સ્વીકાર થઈ શકતો નથી અને એ સત્ય પરમેશ્વરનો સ્વીકાર થાય ત્યારે એને સમકિતી કહેવાય, ત્યારે એને ધર્મી કહેવામાં આવે.

એવા '**અશુભ પરિણતિનો અભાવ હોવાથી...**' અશુભકર્મ નથી. ભાવ જ વિકાર જેની મૂળ ચીજમાં નથી. એ તો નિમિત્તરૂપે કર્મ બંધાણું એ પણ એમાં નથી. તો અશુભકર્મનો અભાવ હોવાથી દુઃખ નથી. દુઃખ એટલે પ્રતિકૂળ સંયોગ નથી. એ આત્મામાં પ્રતિકૂળ સંયોગ નથી. અને સંયોગ નથી એટલે દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી એટલે શોક નથી. આમ અસ્તિ-નાસ્તિથી વાત કરી છે. ઓલો હર્ષ હતોને અહર્ષ એટલે શોક એનામાં નથી. પ્રતિકૂળ આવતા આમ છે, પણ એ તારા સ્વરૂપમાં જ નથી. તેં નવી દશામાં ઉભું કરેલું કર્તવ્ય છે, વસ્તુમાં છે નહિ. બસ, સમજાણું કાંઈ? ઓહો..હો..! આ તો ભાગવત પારાયણ છે. શાસ્ત્રે આને ભાગવત કહ્યું છે. આગળ 'ભાગવત શાસ્ત્ર' કહ્યું છે. આગળ કહ્યું મહિમાવંત... છેલ્લા શબ્દો છે જુઓ. છેલ્લી લીટી છે છેલ્લામાં જુઓ. એ પાનું ૩૭૨.

'**ભાગવત = ભગવાનનું; દૈવી; પવિત્ર.**' શાસ્ત્ર. છેને? નીચે નોટ-નોટ. એકડો. અને ટીકામાં લ્યો તો નીચેથી ત્રીજી લીટી. એ નીચેથી ત્રીજી લીટી. '**આ (નિયમસાર શાસ્ત્ર)...**'

નીચેથી ત્રીજી લીટી. ૩૭૨ પાનું. નીચેથી લીટીનો છેલ્લો શબ્દ '**આ (નિયમસાર શાસ્ત્ર) ભાગવત શાસ્ત્ર છે.**' છે? '**જે (શાસ્ત્ર) નિર્વાણસુંદરીથી ઉત્પન્ન થતા, પરમવીતરાગાત્મક, નિરાબાધ, નિરંતર અને અનંગ પરમાનંદનું દેનારું છે,...**' એ ભાગવતનો નીચે અર્થ છે. ભગવાનનું શાસ્ત્ર આ, દૈવીશાસ્ત્ર આ, પવિત્ર શાસ્ત્ર આ. છે કે નહિ? કોર્ટમાં કાયદા બતાવતા હશેને રામજીભાઈ ત્યાં પણ. લ્યો, આ કાયદો આ અહીંથી, આ કાયદો આ બધા કાયદા લખેલા છે જુઓ આમાં. સમજાય છે કાંઈ?

કહે છે, પ્રભુ! એ આ તારું ભાગવત વંચાય છે. મહિમાવંત દૈવીશાસ્ત્ર. એ તો સમયસાર પણ 'ભાગવત શાસ્ત્ર' છે. બધા શાસ્ત્ર ભાગવત હોયને. કહે છે ઓલી એક સપ્તાહમાં કરે છે. આ ત્રણ સપ્તાહનું ભાગવત છે આ. આપણે ૨૧ દિ' છેને ૨૨ દિ'? કહે છે, અરે ભગવાન! એ તું પણ કેવડો? ક્યા? કે તું જ્યાં છો ત્યાં પુણ્ય-પાપના ભાવ નથી. તું જ્યાં છો ત્યાં પુણ્ય-પાપના ભાવનું બંધન નથી. તું જ્યાં છો ત્યાં બંધનના ફળ અનુકૂળ-પ્રતિકૂળ નથી. આ તું જ્યાં છો ત્યાં અનુકૂળ-પ્રતિકૂળમાં હરખ-અહરખ થાય એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આ તો સમજાય એવી વાત છે હોં, રતિભાઈ! કે ન સમજાય એવી છે? સમજાય એવી છે.

હવે, એનો કળશ કરે છે જરી. એનો કળશ. આ ટીકા કરીને મૂળ ગાથાની. હવે જેમ દેરાસર ઉપર કળશ હોયને એમ આ ટીકા ઉપર કળશ કરે છે. કળશ. માથે છે. શાર્દુલ.

(शार्दूलविक्रीडित)

प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतो ऽन्तर्मुख-
निर्भेदोदितशर्मनिर्मितवियद्बिम्बाकृतावात्मनि।
चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे
**बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः।।५५।।**

એનો અર્થ નીચે. હે ભગવાન! હે આત્મા! '**પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે,...**' જુઓ, ઓલા હરખ-શોક કર્યો હતોને ભાઈ! એમાંથી આટલું કાઢ્યું બસ થઈ રહ્યું. પ્રીતિ-અપ્રીતિના ભાવ તારામાં છે નહિ. એ ઉઠાવગીરે વિકલ્પની દશામાં ઉઠાવ્યા છે, સ્વરૂપમાં નથી. એવા સ્વરૂપનું શરણ લે, એવા સ્વરૂપને આશ્રયે જા, તને ધર્મ થશે, બાકી ધર્મ થશે નહિ. '**જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે,...**' શાશ્વત ચિદાનંદ પ્રભુ આત્મા. જે સર્વથા અંતર્મુખ. શું કહે છે? એ સર્વથા અંતર્મુખ છે. સર્વથા કેમ કહ્યું છે? કે નિમિત્ત પણ એમાં નથી, રાગ પણ નથી અને એક સમયની દશા એ ત્રિકાળમાં નથી. સર્વથા અંતર્મુખ તત્ત્વ અખંડાનંદ પ્રભુ પરમાત્મસ્વરૂપ પડ્યું છે. વળી સર્વથા ક્યાં આવ્યું આમાં? કથંચિત્ લેવું જોઈએ કે નહિ?

કહે છે, પ્રભુ! એકવાર સાંભળને. એ વસ્તુ જે છે વસ્તુ, આત્મપદાર્થ જેને વસ્તુ સ્વભાવ

કાયમી. એ તો અંતર્મુખ અખંડ વસ્તુ છે. એની અંદર સંયોગ પણ નથી, વિકલ્પ રાગ પુણ્ય-પાપનો નથી, એક સમયની દશા એના મૂળ ત્રિકાળ સ્વરૂપમાં નથી. એથી એને સર્વથા અંતર્મુખ, આત્મપદાર્થ એને સર્વથા અંતર્મુખ. અંતર્મુખ થા તો અંતર્મુખ પદાર્થ જણાય એવો છે. પ્રગટ **'પ્રકાશમાન એવા સુખનો બનેલો છે,...'** કેવો છે ભગવાન આત્મા? એ પ્રગટ પ્રકાશમાન એ ધ્રુવ પ્રગટ પ્રકાશમાન, ચૈતન્ય સત્તાનું પ્રગટ પ્રકાશમાન અને સુખનો બનેલો. પ્રકાશમાન એવા સુખનો બનેલો. દેખો! જેનું સુખ પ્રગટ પ્રકાશમાન બનેલો એવો સુખનો બનેલો, સુખ છે એનું. બનેલો એટલે? સુખસ્વરૂપ છે એમ. આત્મા પ્રગટ પ્રકાશમાન આનંદથી બનેલો છે. એટલે કે એકલો આનંદની મૂર્તિ છે. નિત્યાનંદરૂપ પ્રભુ એની દશામાં હરખ-શોક આદિ વર્તે એ ત્રિકાળમાં નથી અને ત્રિકાળનું અવલંબન લીધા વિના એને સમ્યગ્દર્શન અને ધર્મ થતો નથી. પ્રકાશચંદજી! આ રાડેરાડ પાડે છે બધા. ઓલા કહે સુખથી થાય. અહીં તો કહે કે હવે ક્ષાયિકભાવ બહિરતત્ત્વ હવે સાંભળને. એક સમયની નિર્મળ પર્યાય પ્રગટ થાય વ્યક્ત છે બહિરતત્ત્વ છે એ હેય છે. હેય છે. આ એક ભગવાન ત્રિકાળ દ્રવ્ય છે એ સર્વથા અંતર્મુખ છે એ જ આશ્રય અને શરણભૂત કરવા જેવું છે.

**'સુખનો બનેલો છે, જે નભમંડળ સમાન આકૃતિવાળો છે,...'** આકાશ છે એ કોઈનું બનાવેલું છે? આકાશ વ્યાપક છેને આકાશ? આકાશ આ આકાશ નહિ હોં! દેખે એ આકાશ નથી. આ લોકો કહે લાલ. એ તો પુદ્‌ગલ પરમાણુ છે. અરૂપી આકાશ છે જેને રંગ, ગંધ, રસ, સ્પર્શ આકાશમાં નથી. સર્વવ્યાપક. અહીંયાં બધે ઠેકાણે અગ્નિમાં બધે વ્યાપક અરૂપી એક આકાશ છે અને ચૌદ બ્રહ્માંડ છે એની પાછળ ચારે બાજુ. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... દશે દિશાઓમાં. ખાલી અરૂપી આકાશનો ભાગ નભ એ અકૃત છે, કોઈનો કરાયેલો નથી. સર્વવ્યાપક આકાશ પદાર્થ એ કરાયેલો નથી એની પેઠે.. નભમંડળ સમાન અકૃત છે. દેખો નીચે અર્થ કર્યો છે, કોઈથી નહિ કરાયેલો. કોણ? ભગવાન આત્મપદાર્થ કોઈથી નહિ કરાયેલો સત્‌શાશ્વત વસ્તુ છે. કરાયેલી ચીજ કૃત્રિમ હોય. અણકરાયેલું તત્ત્વ તે તે અકૃત્રિમ ત્રિકાળ છે.

જેમ આકાશને કોઈએ બનાવ્યું નથી, તેમ આત્માને કોઈએ બનાવ્યો નથી. સર્વવ્યાપક આકાશને કોણ બનાવે? સર્વવ્યાપક. અરૂપી વ્યાપક-વ્યાપક સર્વ ઠેકાણે. ચૌદ લોક થઈને, ચૌદ બ્રહ્માંડ પછી પણ કાંઈક ખાલી છે કે નહિ? ક્ષેત્ર કેટલું વિચાર્યું છે કોઈ દિ' કોઈએ? ક્યાં? પછી વાડ હશે? પછી વેલો હશે? અસંખ્ય યોજન, અનંત યોજન, અનંત યોજન, અનંત ક્રોડાક્રોડી યોજન આમ ચારે બાજુ આમ ક્યાંક... ક્યાંક... ક્યાંક... જઈને પછી શું હશે ત્યાં? એ ક્ષેત્ર અમાપ જેને પાછળ કોઈ ખાડ નથી, વાડ નથી, વેલો નથી, કોઈ ભીંત નથી. એવું આકાશ જેમ સર્વવ્યાપક અણકરાયેલું એની ઉપમા આપી. એમ ભગવાન આત્મા આનંદનો કંદ અણકરાયેલી ચીજ અનાદિ અનંત છે.

**'ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે,...'** એ ચૈતન્યના અમૃતથી પૂર. એ ચૈતન્ય અમૃતનું પૂર છે અંદર આત્મા. આહા..હા..! ગાણા પણ તે કેટલા છે! તારા ગાણા વાણીએ પાર ન પડે એટલા છે. **'જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે-'** એ સમજુ હોય એને એ ગમ્ય થાય એવું છે. વિચારવંત, જ્ઞાનમાં સમજણમાં લેનારને એ ગમ્ય છે. અજ્ઞાનીને તે ગમ્ય છે નહિ. લ્યો, આ જ્ઞાનગમ્ય છે. વિચારવંત ડાહ્યા પુરુષોને આત્મા અનાદિ આનંદકંદ છે એ ગમ્ય થઈ શકે, અજ્ઞાનીને ગમ્ય થઈ શકે એવું નથી. **'એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી...'** લ્યો છેલ્લું આ કાઢ્યું. એનું ફળ કાઢ્યું. બુદ્ધિ છેને. પાઠમાં તો બુદ્ધિ છેને. એવા આત્મા, આવો ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ, અરે આત્મા! તું એમાં કેમ રુચિ કેમ કરતો નથી? એમાં રુચિ તને શ્રદ્ધા તેનો ભરોસો, તેનો વિશ્વાસ કેમ લાવતો નથી? **'અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે?'** લ્યો, મોહનલાલભાઈ! આ વિકાર જોવે એને ના પાડે છે. એને ડાંગ મારે છે. ડાંગ. દુષ્કૃતરૂપ સંસાર એ પુણ્ય અને પાપ દુષ્કૃત છે એવા સંસારના સુખને અરે! જીવ! તું કેમ ઇચ્છે છે? તું કેમ ઇચ્છે છો? પ્રભુ! આ તને શું થયું છે? શું કીધું?

**શ્રોતા :-** મૂળ ચીજ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ માટે જ કહે છેને. વિચારવંત નથી. વિચાવંત હોય તો આ તત્ત્વ અખંડાનંદ પ્રભુની દૃષ્ટિ કરે, વિચારવંતને ગમ્ય થાય, અજ્ઞાનીને એ ગમતું નથી. એવા આત્માની રુચિ કેમ કરતો નથી? અને આ સંસારના સુખને જે સંસાર દુષ્કૃત-દુષ્કૃત. શુભ અને અશુભ આખો સંસાર દુષ્કૃત. એવા સંસારના સુખને કેમ વાંછે છે? એમ કરીને જરી ઓલંભો મુનિએ જગતને આપ્યો છે. એટલે ભગવાન આત્મા પૂર્ણાનંદ અને ચૈતન્ય અમૃત છેને એની રુચિ કરને, બાપુ! એની રુચિ કરને. આ રુચિ છોડ એ વિના તને ધર્મ અને શાંતિ થશે નહિ. (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૩૮, કળશ-૫૪,
## પ્રવચન નં.૩૮૮

આ શુદ્ધભાવ અધિકાર છે. આ શુદ્ધભાવ એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવ જે ધ્રુવ એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવે છે. પર્યાયનો શુદ્ધભાવ અને અશુદ્ધભાવ, અશુદ્ધના બે

પ્રકાર—શુભ અને અશુભ, એની વાત અહીંયાં નથી. જે ત્રિકાળી જ્ઞાયકભાવ એ પહેલાં કહ્યુંને? '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.**' આહા..હા..! જીવની એક સમયની પર્યાય એમાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એવા સાત તત્ત્વની પર્યાય જે છે એ જીવ અંતરતત્ત્વથી એ બાહ્યતત્ત્વ છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ ભાવ છે. અંતરતત્ત્વ અંતરતત્ત્વ એ અપેક્ષાએ પુણ્ય અને પાપનો વિકલ્પ આસ્રવ. રાગ અને .. બંધ અને શુદ્ધિની ઉત્પત્તિ થવી એ સંવર, શુદ્ધિની વૃદ્ધિ થવી નિર્જરા, શુદ્ધિની પૂર્ણતા થવી એ મોક્ષ. એ બધાને બહિરતત્ત્વ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહિરતત્ત્વ હેય છે. કેમ? એ પરદ્રવ્ય હોવાને કારણે. એ સ્વદ્રવ્ય જ્ઞાયક ત્રિકાળી નથી એ કારણે બહિરતત્ત્વને ઉપાદેય કહેવામાં આવતું નથી. પાઠમાં હેય છે, પણ ઉપાદેય નથી એમ. નાસ્તિથી કહ્યું. આહા..હા..!

હવે કોને ઉપાદે છે? શું ઉપાદેય છે અને કોને ઉપાદેય છે? સમજાણું કાંઈ? બે વાત છે. શું ઉપાદેય છે? અને કોને ઉપાદેય છે? એ બે વાત એક સાથે કહે છે. આહા..હા..! કહે છે કે જે વૈરાગ્યના શીખરનો શિખામણી પરથી ઉદાસ, વિકલ્પથી ઉદાસ. આહા..હા..! અંતરમાં વિકલ્પથી પણ ઉદાસ જે છે. આહા..હા..! અને '**પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે, પાંચ ઈન્દ્રિયોના ફેલાવ રહિત...**' ત્યાં અણિન્દ્રિય... નહિ. અને '**જે પરમજિનયોગીશ્વર છે,...**' મુખ્યપણે મુનિ લીધા. '**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે...**' આહા..હા..! જેની સ્વજ્ઞાયકભાવ પરમસ્વભાવ પ્રત્યે સ્વપરની .. તીક્ષ્ણબુદ્ધિ છે. આહા..હા..! '**એવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે.**' સમજાણું કાંઈ? આહા..હા..! એ વિકલ્પમાત્રથી હટીને, પરદ્રવ્યથી પરાઙ્મુખ થઈને સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિથી જેનું કામ કરે છે. આહા..હા..!

'**એવા આત્માને...**' એવા આત્માને. એની પરિણતિ લીધી કે જેણે વિકલ્પથી રહિત પરદ્રવ્યથી પરાઙ્મુખ, સ્વદ્રવ્યમાં તીક્ષ્ણબુદ્ધિથી ...આહા..હા..! .. કહે છેને. ભાઈ! અમને તો .. જ્ઞાયકસ્વભાવ પ્રત્યે તીક્ષ્ણ બુદ્ધિ પરથી ભિન્ન કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? '**એવા આત્માને...**' એવી જેના અંતરમાં પરિણતિ નિર્વિકલ્પ થઈ છે. આહા..હા..! એવા આત્માને આત્મા પરમસ્વભાવી વસ્તુ ત્રિકાળી. '**એવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે.**' સમજાણું કાંઈ? ત્યાં સુધી તો કાલે આવ્યું છે. '**ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...**' આહા..હા..! કહે છે કે ઉદયભાવ દયા, દાન, ભક્તિ, વ્રતાદિના વિકલ્પ ઉઠે છે એ ઉદયભાવ છે. ઉદયભાવથી આત્મા અગમ્ય છે. એનાથી ગમ્ય થઈ શકતો નથી. આહા..હા..! અહીં તો ચારેય ભાવથી અગમ્ય છે એમ કહેવામાં આવ્યું છે. ઉદયભાવ દયા, દાન, વ્રતનો વિકલ્પ એનાથી અગમ્ય નથી, પણ ઉપશમભાવ છે એનાથી ગમ્ય નથી. ગમ્ય નથી એનો અર્થ? કે ઉપશમભાવના આશ્રયે ગમ્ય થતું નથી.

ચૈતન્ય જ્ઞાયક ત્રિકાળીભાવ ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક એ પર્યાયથી ગમ્ય છે. અહીં

જરી સૂક્ષ્મ વાત છે કે અહીંયાં ઉદયને તો ગમ્ય નથી, પણ ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકથી તો ગમ્ય છે. અહીં તો ના પાડે છે કે એનાથી ગમ્ય નથી. એનો અર્થ કે પારિણામિક સ્વભાવભાવરૂપી આત્મા જ્ઞાયકભાવ એ ચાર ભાવના આશ્રયે ગમ્ય નથી. સમજાણું કાંઈ? એનો આશ્રય.. એ પર્યાયથી તો ગમ્ય છે. અનુભવમાં ગમ્ય છે તો પર્યાય છેને? એ તો ક્ષયોપશમ, ઉપશમ તો ક્ષાયિકદશાની પર્યાય છે, પણ એ પર્યાયને આશ્રયે ગમ્ય નથી એમ કહેવામાં આવે છે. ભવાંતરોથી ગમ્ય નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ભાષા તો સાદી આવી છે, જરી ભાવ ભલે ઉંચા હોય. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે '**ઔદયિક આદિ ચાર ભાવાંતરો...**' ભાવાંતરનો અર્થ નીચે લખ્યો છે. '**અન્ય ભાવો.**' કોનાથી અન્યભાવ? અહીંયાં જે શુદ્ધભાવ કહ્યો એવો જે જ્ઞાયકભાવ ધ્રુવ જે શુદ્ધભાવ જે છે. પરમસ્વભાવભાવ પારિણામિકભાવ જે છે એનાથી આ ચાર ભાવ અનેરા છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**ઔદયિક આદિ ચાર ભાવાંતરો...**' ભાવાંતરો-અનેરાભાવ. ધ્રુવ નિત્યાનંદ પ્રભુ સહજાનંદસ્વભાવની મૂર્તિ આત્મા એ પરમપારિણામિકસ્વભાવરૂપ એવા ભાવથી ચાર ભાવ અનેરા છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ '**ચાર ભાવાંતરોને અગોચર...**' ચાર ભાવથી ભગવાન આત્મા ગમ્ય નથી એમ કહે છે. એનો અર્થ એ કે ચાર ભાવના આશ્રયે ગમ્ય નથી. ગમ્ય નથી ઉપશમ-ક્ષયોપશમથી તો ક્યા ભાવથી ગમ્ય છે? સમ્યગ્દર્શન જ્ઞાનમાં ગમ્ય છે. તો સમ્યગ્દર્શન ક્ષાયિક, ઉપશમ હો કે ક્ષયોપશમ હો એનાથી તો ગમ્ય છે.

**શ્રોતા :-** આશ્રયથી ગમ્ય નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના આશ્રયે ગમ્ય નથી.

'**ઔદયિક આદિ ચાર ભાવાંતરો...**' ઓહો..હો..! ક્ષાયિકસમકિતથી પણ ગમ્ય નથી એમ કહેવામાં આવ્યું છે. એનો અર્થ કે ક્ષાયિકસમકિતને આશ્રયે ગમ્ય નથી. પરમસ્વભાવભાવના આશ્રયે ગમ્ય છે. આહા..હા..! અરે! એવી વાત પરમાત્માની. ત્રણલોકનો નાથ પોતે પરમાત્મા છે. સાક્ષાત્ ભગવાનની મૂર્તિ આત્મા છે. આ અનંત-અનંત આનંદ બધા સાગરથી ભરેલો પ્રભુ આત્મા છે. આહા..હા..! એવો આત્મા પર્યાયના આશ્રયે ગમ્ય નથી. પર્યાયથી ગમ્ય છે, પર્યાયને આશ્રયે ગમ્ય નથી. સમજાણું કાંઈ? ચાહે તો ક્ષયોપશમભાવ હોય કે ક્ષાયિકભાવ કે ઉપશમ હોય એને આશ્રયે ગમ્ય નથી. એનાથી ગમ્ય છે, પણ એને આશ્રયે ગમ્ય નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ!

અંતર ભગવાન પરમાનંદનો નાથ પૂર્ણાનંદ સ્વરૂપ 'જિન સોહી હૈ આત્મા' જિન એ આત્મા અને આત્મા એ જિન. જિનેશ્વર કહો કે જિન કહો કે આત્મા કહો બેય એક ચીજ છે. એવા ભગવાન જિનેશ્વર પ્રભુ, વીતરાગ મૂર્તિ પરમસ્વભાવભાવ એ એના ભાવથી અનેરા ચાર ભાવ પર્યાયનો ભાવ એને આશ્રયે અનુભવ નથી થતો, એને આશ્રયે ગમ્ય નથી થતો.

આહા..હા..! બ્રહ્મચારીજી! આહા..હા..! એક વાત. બીજી વાત એવા આત્માને આત્મા કહ્યોને? તો જે આત્મા અંદર સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિ લગાવીને, વિકલ્પથી ખસીને પરિણતિમાં આવ્યો છે એ પરિણતિવાળાને આત્મા ઉપાદેય છે. તો તો ઉપાદેય તે સમયે ઉપાદેય થાય છે. આમ ધારી રાખે કે ઉપાદેય છે. એ તો વિકલ્પની ધારણા છે, એ ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જે સમયે પરદ્રવ્યથી પરાઙ્મુખ થઈને, પરથી હટીને વિકલ્પથી રહિત નિર્વિકલ્પ વીતરાગભાવમાં અંતરમાં જઈને .. એ સમયે એવા આત્માને એ સમયે ઉપાદેય છે, એ સમયે ઉપાદેય છે. આહા..હા..! ૧૪૪ ગાથામાં કહ્યુંને કર્તાકર્મ. ... પરદ્રવ્યથી ખસીને સ્વ પૂર્ણાનંદના નાથની સેવા કરી એ સમયે એ શુદ્ધ છે એમ માલુમ પડ્યું. એક વાત. ૧૪૪માં કહ્યું. કર્તાકર્મ. કે જે સમયે, જે કાળે આત્મા શ્રુતજ્ઞાન વિકલ્પ જે આકુળતા છે. શ્રુતજ્ઞાનની નય જે પક્ષપાતી છે, વિકલ્પ જે ઉઠે છે એ આકુળતા છે. આ તો શુભવિકલ્પ છે. હું એવો છું... એવો છું... શુદ્ધ છું, અનંત છું, વેદવાલાયક છું. એવો જે વિકલ્પ ઉઠે છે એ તો શુભભાવ છે. છે આકુળતા. એ આકુળતા.. આહા..હા..! તો આકુળતા દ્વારા નિરાકુળતા જણાતી નથી. આવો માર્ગ ઝીણો પડે લોકોને. આ માર્ગ આ છે.

અનાદિ તીર્થંકરો જિનેન્દ્રદેવે આ માર્ગ... ગણધરોની સમક્ષમાં કહ્યું છે. આહા..હા..! કહે છે કે એ જ્યારે અંદર આત્મા વિકલ્પથી હટીને સ્વરૂપ શુદ્ધ પૂર્ણ એ પ્રતીતિ અનુભવ કરીને કરે છે એ સમયે આત્મા શ્રદ્ધવાલાયક થયો. એ સમયે આત્મા જાણવાલાયક થયો. છે ભાઈ! ૧૪૪માં આવે છેને, ભાઈ! ૧૪૪ કર્તાકર્મની છેલ્લી ગાથા. '**અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે...**' ... '**તે વખતે...**' તે સમયે, તે કાળે, તે દશામાં '**તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે...**' આહા..હા..! અને જણાય છે. શું કહ્યું? આ તો અગમ-નિગમની વાતું. આગમ-નિગમ. આહા..હા..! લોકો તો એમ કહે કે અલક-મલકની વાત. આ તો આગમ-નિગમની વાત. આહા..હા..!

કહે છે. એ તો પહેલાં આવી ગયું. ૧૪૪ તો ઘણીવાર વંચાઈ ગયુંને. ૧૭વાર તો સભામાં વંચાઈ ગયું છે. '**આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને...**' 'આ હું આવો છું, હું આવો છું, પ્રત્યક્ષ થવાલાયક છું' એવો વિકલ્પ જે છે એ આકુળતા છે. આહા..હા..! એ આકુળતાને છોડીને અંતર સ્વભાવના અનુભવને કાળે એ આત્મા શ્રદ્ધાયોગ્ય થયો. એ આત્મા એ કાળે જાણવાલાયક થયો. સમજાણું કાંઈ? એ કાળે આત્મા ઉપાદેય થયો. '**તેથી, સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.**' આહા..હા..! આ તો .. પરમાત્મા સાક્ષાત્ પ્રભુ પૂર્ણાનંદનો નાથ આત્મા છે. જેવા જિનેશ્વર છે વ્યક્તપણે, એવો આત્મા શક્તિપણે એવો જ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જેવા જિનેશ્વરદેવ પર્યાયમાં, અવસ્થામાં વ્યક્તપણે પૂર્ણાનંદ છે એવો આ ભગવાન આત્મા

શક્તિપણે એવો જ છે. એના સામર્થ્યમાં એવડો એટલો જ છે. એવા સામર્થ્યવાન ઈશ્વર ભગવાન એ વિકલ્પથી રહિત થઈને... અહીં વૈરાગ્ય શબ્દ લીધો છે. પરથી વૈરાગ્ય કરીને સ્વદ્રવ્યની તીક્ષ્ણબુદ્ધિમાં પકડ્યો એ કાળે એ આત્મા, એ આત્માને આ આત્મા ઉપાદેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો આત્મા ઉપાદેય છે, એવી ભાવના કરવી વિકલ્પથી એ જુદી ચીજ છે. એમાં એ ચીજ ન આવી. એ તો વિકલ્પથી નિર્ણય કર્યો કે આ આત્મા ત્રિકાળી ઉપાદેય છે. તો ઉપાદેય છે, આદરણીય છે એ તરફની દૃષ્ટિ થયા વિના આદરણીય થયો ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વરે એવી કથની આવી એમાં. આહા..હા..! એ તો વિકલ્પ... સમજાણું કાંઈ? એ વાત .. ભાષા શું આવે?

પૂર્વે એ ભગવાન તીર્થંકર પોતાના પૂર્ણાનંદ સ્વભાવના સાધકપણે પરિણમતા હતા તો એને એવો વિકલ્પ આવ્યો 'હું પૂર્ણ થઈ જાવ, હું પૂર્ણ આશ્રય કરું. આત્માનો પૂર્ણ આશ્રય કરું અને પૂર્ણ થઈ જાવ.' એવો વિકલ્પ આવ્યો એમાં એવો કર્મબંધ થયો કે એની વાણીમાં એવું જ કથન આવે છે. સમજાણું કાંઈ? એ ઇચ્છા ક્યાં એમને કરવી છે. તો પૂર્વે એવો વિકલ્પ આવ્યો કે 'હું પૂર્ણાનંદસ્વરૂપ છું, હું પૂર્ણાનંદ પર્યાયમાં થઈ જાવ. અને પૂર્ણાનંદની પ્રાપ્તિ હું કરું.' આહા..હા..! એવો જે વિકલ્પ એ વિકલ્પમાં એવું પુણ્યબંધાઈ ગયું કે પૂર્ણાનંદની પ્રાપ્તિ કેમ થાય એ જ વાણી એમાંથી નીકળે છે. ન્યાય સમજાય છે? પણ બીજું તો છે નહિ. આહા..હા..! અમારે તો બહુ સંપ્રદાયમાં ચાલતું હતું. ... ગૃહસ્થ. દસ લાખ રૂપિયા. તે દિ' દસ લાખ. અત્યારે તો આ કરોડોપતિ ઘણા દેખાય... પચીસ-ત્રીસ ગણા ભાવ .. થઈ ગયા છે. એ વખતના એક લાખ અને અહીંયાં અત્યારે ત્રીસ લાખ. એ વખતના એક લાખ અને અહીંયાં ૩૦ લાખ એટલા સરખા છે. પૈસાની કિંમત ઘટી ગઈ. ભાવ તો .. તો વધી ગઈને? આહા..હા..! તો એ વખતે એની સાથે એવી ચર્ચા ચાલી હતી, એ કહે કે સર્વજ્ઞ પરમેશ્વર છે તો સર્વજ્ઞ તો જાણે છે કે આને આ સમયે કલ્યાણ થશે. તો પુરુષાર્થ કરવાનું કેમ કહ્યું?

તો એને કહ્યું, એ સમયની વાત છે. ૮૩ પછી. પણ અપૂર્ણ હતો તો પૂર્ણ થવાનો વિકલ્પ આવ્યો. આહા..હા..! એ તો સર્વજ્ઞ છે. તો એમ બોલું, એવી સ્વપર કથન શૈલી છે એમાં. આત્માસ્વ-પરનો પ્રકાશક છે. વાણી સ્વપર કથન શૈલી શક્તિવાળી છે. એમ માને કે શ્વેતાંબર શાસ્ત્ર ભગવાનનું કહેલું નથી. આહા..હા..! એ તો દૃષ્ટિ વિપરીત થઈ પછી શાસ્ત્ર રચ્યા. તો એ અપેક્ષિત ભાવ થયો. સમજાણું કાંઈ? કારણપરમાત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ. ઉપર છેને. '**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं**' આ તો જ્ઞાનગંભીર ગાથા છે. શુદ્ધભાવનો અધિકાર ગાથા બહુ ઝીણી. ઓહો..હો..! કુંદકુંદાચાર્ય. આહા..હા..! સાક્ષાત્ પંચમકાળમાં તીર્થંકર જેવું કામ કર્યું છે એણે અને ટીકાકાર અમૃતચંદ્રાચાર્યે ગણધર જેવું કામ કર્યું છે. આહા..હા..! આ

પદ્મપ્રભમલધારીદેવની ટિકા છે. પદ્મપ્રભમલધારી છેને? આ અમૃતચંદ્રાચાર્ય. આ કુંદકુંદાચાર્ય.

કહે છે, આહા..હા..! કે ઉપાદેય કહ્યું એ ચીજ કેવી? જે ઉપાદેયના કાળે નિર્વિકલ્પ દશાને કાળે જ ઉપાદેય છે. તો એ છે કેવું હવે? ત્રિકાળી વસ્તુ છે કેવી? અને ઉપાદેય .. જ્ઞાનના અનુભવમાં આવ્યું. નિર્વિકલ્પ પરિણતિને કાળે એ આત્મા ઉપાદેય છે એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, સુજાનમલજી! ભારે વાત છે, ભાઈ! આહા..હા..! એ ચાર ભાવાંતરો પરમપારિણામિકસ્વભાવભાવ ધ્રુવભાવ નિત્યાનંદ પ્રભુ એ પરમપારિણામિક સ્વભાવભાવ તો પર્યાયના ચાર ભાવ એ ભાવથી અનેરાભાવ છે. આહા..હા..! અંદર દ્રવ્યનો ભાવ છે અને આ પર્યાયનો ભાવ છે. તો અનેરા ભાવથી અગમ્ય છે. એનો અર્થ કે અનેરાભાવને આશ્રયે જણાતા નથી. પરમપારિણામિક પ્રભુ ચાર ભાવને આશ્રયે જણાતો નથી. એનો આશ્રય કરે તો જણાય છે. ડાહ્યાભાઈ! આહા..હા..! આવો ધર્મનો ઉપદેશ હશે? માણસ .. અત્યાર સુધી તો જિજ્ઞાસુ થઈ.. દસ-દસ હજાર, વીસ હજાર .. થાય લ્યો! આ સાંભળવું કઠણ. આહા..હા..! બાપુ! માર્ગ તો આ છે. વસ્તુની સ્થિતિ પ્રાપ્ત કરવાની રીત તો આ છે. બાકી બધી વાતું કરે વ્રત કરો, તપ કરો, આ કરો ને ભક્તિ કરો, દેશસેવા કરો. ધૂળેય નથી એમાં કાંઈ. કોણ કરે કોની કરે? આહા..હા..! પર્યાયની સેવા કરવા જાય તો રાગ થાય છે. પોતાની હોં. પરની તો કરી શકે છે જ ક્યાં?

એવા '**ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...**' ચાર ભાવને આશ્રયે જણાતો નથી એવો કારણપરમાત્મા. એવો ત્રિકાળી જ્ઞાયકભાવ કારણ પ્રભુ! '**દ્રવ્યકર્મ,...**' જડ, '**ભાવકર્મ,...**' વિકલ્પ. દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ એ ભાવકર્મ. '**અને નોકર્મરૂપ...**' શરીર. એ '**ઉપાધિથી જનિત...**' આહા..હા..! '**વિભાવગુણપર્યાયો વિનાનો છે,...**' એ વિભાવના ગુણપર્યાયો જે છે.. ખરેખર એ ચાર ભાવને વિભાવભાવ કહેવામાં આવે છે. એક સ્વભાવભાવ ત્રિકાળ. એ '**દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત...**' મનજનિત સંકલ્પ-વિકલ્પને આધિ કહે છે, શરીરના રોગને વ્યાધિ કહે છે અને સંયોગી દશાને ઉપાધિ કહે છે. આહા..હા..! ભગવાન આત્મા ઉપાધિ, વ્યાધિ અને આધિ ત્રણથી રહિત સમાધિથી ગમ્ય છે. સમજાણું કાંઈ? પદમચંદજી! એવી સૂક્ષ્મ વસ્તુ છે. આહા..હા..!

એ તો નાસ્તિથી પહેલાં કહ્યું કે આવા કર્મથી ઉપાદેયથી ઉત્પન્ન થયેલી વિભાવપર્યાય એનાથી રહિત. તો છે કેવો અસ્તિ? જે ઉપાદેય કહ્યું અને ઉપાદેય પરિણતિમાં આવ્યું નિર્વિકલ્પ પરિણતિમાં આ ઉપાદેય આવ્યું. એ કેવો છે? એ તો અનાદિ-અનંત. આહા..હા..! અનાદિ-અનંત ચીજ છે. છે એની આદિ શું અને છે એનો નાશ શું? છે એને પરની અપેક્ષા ક્યાં? એવો '**અનાદિ-અનંત અમૂર્ત...**' મૂર્તપણું ક્યાં છે એમાં? એ તો અમૂર્ત છે. '**અતીન્દ્રિયસ્વભાવવાળો...**' આહા..હા..! અતીન્દ્રિયસ્વભાવવાળો એ તો છે. અલિંગગ્રહણમાં આવી ગયું છે. ઇન્દ્રિયથી જાણવું આત્માને થતું નથી. ઇન્દ્રિયથી જાણે એ આત્મા નથી.

ઇન્દ્રિયથી આત્માને જાણવું થતું નથી. પહેલા ..માં ચાલ્યું ગયું નહિ. બીજો બોલ એ આવ્યો. ઇન્દ્રિયથી આત્મા જાણવાલાયક નથી. એને ઇન્દ્રિયથી જાણવું થતું નથી અને એને ઇન્દ્રિયથી જાણવાયોગ્ય નથી. સમજાણું કાંઈ?

તો અહીં કહે છે **'અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે—'** પરમપારિણામિકભાવ સહજભાવ એવો જેનો સ્વભાવ છે. **'એવો કારણપરમાત્મા...'** એવો કારણપરમાત્મા **'તે ખરેખર આત્મા છે.'** ... કે એવા આત્માને આ આત્મા ઉપાદેય. કેવો આત્મા ઉપાદેય? એ આત્માની વ્યાખ્યા કરી. પહેલી આત્માની પરિણતિ કેવી છે એ પરિણતિ દ્વારા એ આત્માને આ આત્મા ઉપાદેય છે. એ આત્મા કેવો છે? સમજાણું કાંઈ? જેવો પરમપારિણામિકભાવ. એમ કેમ કહ્યું? કે કોઈ કાળે ઉદયભાવને પરમપારિણામિકભાવ કહે છે. જયધવલમાં ઉદયભાવને પારિણામિકભાવ કહે છે કેમકે પારિણામિકભાવની પર્યાય છેને. તો ચારેય ભાવને પારિણામિકભાવ કહે છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, પણ એ પરમપારિણામિક નથી. ચાર પર્યાયને પારિણામિકભાવ કહે છે. મિથ્યાભાવને પારિણામિક કહ્યો. માન્યતા પણ એની અવસ્થા છેને. પરમપારિણામિકભાવની અવસ્થા છેને. આહા..હા..!

એ કહે છે કે પરમપારિણામિકભાવ એ પર્યાયનો પારિણામિકભાવ એનાથી ભિન્ન છે. **'એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.'** કેવા આત્માને કેવો આત્મા ઉપાદેય છે? બેની વ્યાખ્યા થઈ. સમજાણું કાંઈ? કેવા આત્માને કેવો આત્મા આદરણીય છે? આહા..હા..! એ પરદ્રવ્યથી પરાઙ્મુખ થઈને, સ્વદ્રવ્યમાં ઉપશમબુદ્ધિ લગાવીને અંતરમાં અનુભવની દશા થાય છે એવા આત્માને આત્મા આદરણીય છે એમ કહે છે. ઉપાદેય જે છે એ ચીજ કેવી છે? આહા..હા..! સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની આ ધ્વનિ છે. સમજાણું કાંઈ? એ કાંઈ .. વાત નથી સાધારણ. ... જેના એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણવામાં આવે છે પર્યાય. પર્યાયની એટલી સામર્થ્યતા કે એને જોતા ત્રણકાળ, ત્રણલોક જણાય જાય છે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાય ત્રણકાળ, ત્રણલોકમાં કેવળી આદિ છે એમાં એક સમયની પર્યાય જાણે છે. અનંત કેવળીઓની પર્યાય... આહા..હા..! ભારે પર્યાયમાં કેટલું સામર્થ્ય, બાપુ! એ પર્યાયનું સામર્થ્ય. અનંતતા કેટલી એની છે! એ ભગવાનના મુખમાંથી નીકળેલી વાણી સંતો જગત પાસે આડતિયા થઈને જાહેર કરે છે. આડતિયા કહે છેને? આહા..હા..! સમજાણું કાંઈ?

**'એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.'** પરમસ્વભાવભાવ કારણ પરમાત્મા ધ્રુવ આત્મા એ ખરેખર આત્મા, પર્યાયવાળો ખરેખર આત્મા નથી. આહા..હા..! ક્ષાયિકભાવ .. પણ ખરેખર આત્મા નથી. આહા..હા..! એ તો ઔપચારિક આત્મા થયો વ્યવહારનયે. સમજાણું કાંઈ? ક્ષાયિકભાવની કેવળજ્ઞાનની પર્યાય એ તો ઔપચારિક આત્મા થયો, વ્યવહાર

આત્મા થયો. આહા..હા..! ઉપશમ તો .. આ તો ... આમાં આગ્રા-બાગ્રામાં આવું આવે નહિ કાંઈ. આવું માગે તો ત્યાં વળી કહે કે આ શું કહે છે? ... આહા..હા..! ... આ તો આ વસ્તુ ... એ ... આહા..હા..!

કહે છે કે ... આ તો એકલી નિશ્ચય-નિશ્ચયની વાતું કરે છે, વ્યવહારને તો ઉડાવી દે છે. ક્ષાયિકભાવ .. ભાવકભાવ એના આશ્રયે આત્મા સમજાતો નથી. આ વાત ક્યાંથી? ઉપશમસમકિતમાં આત્માનો અનુભવ થાય છે. .. બાપા! ... એનું અવલંબન લેવાથી, ચાર પર્યાયના ભાવનું અવલંબન લેવાથી આત્માનું જ્ઞાન થાય છે એમ નથી. આહા..હા..! કહે છે કે તે ખરેખર. કારણ પરમાત્મા અનાદિ-અનંત આહા..હા..! અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધ સહજપરમપારિણામિકભાવ જેનો સ્વભાવ. જેનો સ્વભાવ. એવો કારણ આત્મા છે. એ સ્વભાવવાન. આહા..હા..! જેનો સ્વભાવ કહે છેને. '**શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે—**' જેનો એટલે? કારણપરમાત્માનો. આહા..હા..!

'**એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.**' એ વાસ્તવિક આત્મા અને અવાસ્તવિક આત્મા. આત્માના બે ભેદ પાડી દીધા. આહા..હા..! વાસ્તવિક આત્મા, યથાર્થપણે આત્મા, ભૂતાર્થપણે આત્મા, સત્યાર્થપણે આત્મા તો આ ત્રિકાળી જે કહ્યું એ છે. સમજાણું કાંઈ? બહુ બાપુ મારગડા આ તો. આહા..હા..! .. વીરલાને સરાણે ચડાવ્યા છે. આહા..હા..! સરાણ સમજો છો સરાણ નથી હોતી? લોઢાની. જ્ઞાનની તીક્ષ્ણ ધારાની સરાણે આત્માને ચડાવ્યો. સમજાણું કાંઈ? '**તે ખરેખર આત્મા છે.**' આહા..હા..! તો વળી એક વાસ્તવિક આત્મા અને એક વળી અવાસ્તવિક આત્મા. ક્ષાયિકભાવની પર્યાય એ અવાસ્તવિક આત્મા. આહા..હા..! એક સમયની પર્યાય છે. આ તો મહાપ્રભુ પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાનગુણ, જે ગુણમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયની શક્તિ પડી છે. આહા..હા..! એવો જે વાસ્તવિક આત્મા એને અમે સત્ય આત્મા, સાચો આત્મા, ખરેખર આત્મા એને કહીએ છીએ. આહા..હા..! ડાહ્યાભાઈ! 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.' ગોખી જાય ભક્તિમાં. પણ ક્યો આત્મા? કેવો આત્મા? ક્યાં આત્મા? અને કઈ પરિણતિથી આત્મા ઉપાદેય જણાય? આહા..હા..! એ આત્મભાવના નામ ... કહ્યું. પરથી ઉદાસ થઈને સૂક્ષ્મ.. લગાવી દીધી એવી જે પરિણતિ તે ભાવના. અને એનો આત્મા આ. આહા..હા..! અરે એ વાત ક્યાં છે પ્રભુ તારા ઘરની? તારી મહિમાની શું વાત કરવી? આવો આત્મા જે છે પરમપારિણામિકસ્વભાવભાવ.

'**અતિ-આસન્નભવ્યજીવોને...**' જેને નિકટ સંસારનો અંત આવી ગયો છે. આહા..હા..! જે મોક્ષની પર્યાયમાં અનંતકાળમાં મુક્તિની લાયકાત થઈ છે. આહા..હા..! એવો અતિ નિકટભવ્ય જીવોને-જેને મોક્ષ નિકટ છે-જેના સંસારનો અંત જલ્દી આવી ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કઈ જાતનો! એ બાપુ! ભગવાનની જાતનો ઉપદેશ છે. આહા..હા..! ભાઈ! તને તારા સ્વભાવની સામર્થ્યની દશાવાળો .. છે એનું તો માહાત્મ્ય આવ્યું નથી

એને. અને માહાત્મ્ય વ્યવહારનું, પર્યાયનું માહાત્મ્ય છે, એ તો બારદાન છે. બારદાન સમજો છો? કોથળા. ખાલી બોરા. માલ તો આ ત્રિકાળી આત્મા એ માલ છે.

તો કહે છે **'અતિ-આસન્નભવ્યજીવોને...'** આહા..હા..! એકલા ભવ્ય ન લીધા, આસન્નભવ્ય પણ નહિ. **'અતિ-આસન્નભવ્ય...'** આહા..હા..! જેને મોક્ષ થવાને ભણકાર વાગ્યા છે હવે અલ્પકાળમાં. આહા..હા..! સિદ્ધપદ પ્રાપ્તિના જેને અંદરથી ભણકાર વાગ્યા છે. આહા..હા..! ... નહિ? અમારા ... આહા..હા..! ... ભગવાનની વાણી વિષય કહ્યું તો ભડક્યા, પણ એ તો ઈન્દ્રિયનો વિષય છે. ભગવાન હો કે સાક્ષાત્ જ્ઞાની હોય એ તો ઈન્દ્રિયનો વિષય છે, અણિન્દ્રિયનો વિષય નથી. આહા..હા..! ... એક બોલની આવી ગઈ. .. ની આવી. આ .. વાત છે. આ તો અગમનિગમની વાતું, બાપા! આહા..હા..!

**'અતિ-આસન્નભવ્યજીવોને એવા નિજપરમાત્મા સિવાય...'** એવા અતિ-આસન્ન ભવ્ય જીવને નિજપરમાત્મા જ્ઞાયકભાવ આત્મા કહ્યો, જે વાસ્તવિક આત્મા કહ્યો એ **'સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.'** આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાતું બાપુ છે આ. અરેરે! દેહ સ્ત્રીનો, પુરુષનો, નપુંસકનો એ તો જડના આકાર પ્રભુ એ તું નહિ. શરીરના આકારો બધા આ બધા તો માટીના પૂતળાના આકાર છે. આ આત્મા છે? અંદર રાગ ઉઠે છે એ પુણ્ય-પાપના વિકલ્પ બેય આત્મા છે. ... આત્મા છે. તો જેને અણાત્મા પ્રત્યે પ્રેમ છે એને આત્મા પ્રત્યે પ્રેમ નહિ લાગે. એક મ્યાનમાં બે તલવાર નહિ રહી શકે. આહા..હા..! એ કહ્યુંને. અતિ-આસન્નભવ્યજીવમાં એ કહ્યું. કે જેને પરથી, રાગથી .. પ્રેમ ઉડી ગયો છે. પ્રેમ ઉડી ગયો છે, રુચિ ઉડી ગઈ. આહા..હા..! ચાહે તો ચક્રવર્તીનું રાજ હોય. એવા **'અતિ-આસન્નભવ્યજીવોને એવા નિજપરમાત્મા સિવાય...'** આ એવો નિશ્ચય આત્મા જે કહ્યો એ સિવાય અન્ય કોઈપણ આદેય નથી, કોઈપણ ઉપાદેય નથી. આહા..હા..!

**'(હવે ૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :)'**

(मालिनी)

जयति समयसारः सर्वतत्त्वैकसारः
सकलविलयदूरः प्रास्तदुर्वारमारः।
दुरिततरुकुठारः शुद्धबोधावतारः
सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः।।५४।।

એક-એક પદમાં રહસ્ય છેલ્લે આવે છે. આહા..હા..! મોક્ષપુરીનો નાથ આત્મા. મોક્ષપુરનો નાથ, મોક્ષનગરી, મોક્ષપુર, અવિનાશીપુર એવો મોક્ષ એનો એ સ્વામી આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! એને કઈ ચીજમાં મીઠાશ રહી ગઈ? આહા..હા..! વ્યવહારરત્નત્રયના વિકલ્પની પણ જેને મીઠાશ ઉડી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે એ આવ્યુંને

જરી?

'**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' જ્ઞાનપર્યાય તત્ત્વ, આસ્રવતત્ત્વ, બંધતત્ત્વ, સંવર-નિર્જરા, મોક્ષતત્ત્વ એ બધા તત્ત્વનો એક સાર. ઓલા '**जयति समयसारः**' '**सर्वतत्त्वैकसारः**' એ બીજા પદની વ્યાખ્યા આવી. પછી છેલ્લે કહેશે એ જય થયો. સર્વ તત્ત્વનો એક સાર. નવ તત્ત્વ, સાત તત્ત્વ કે નવ તત્ત્વ એમાં એક સાર ભગવાન પૂર્ણાનંદ પૂર્ણ શુદ્ધ ધ્રુવ. આહા..હા..! '**જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...**' આહા..હા..! ક્ષાયિકભાવ પણ નષ્ટ થવાના છે. કેવળજ્ઞાન પણ એક સમય રહે છે, આહા..હા..! બીજે સમયે વ્યય થાય છે. આહા..હા..! ક્ષાયિકભાવની એક સમયની પર્યાય એક સમયે રહે છે. બીજે સમયે ક્ષાયિકભાવની પર્યાય બીજી થાય છે. પહેલા ક્ષાયિકભાવનો વ્યય થાય છે અને બીજે સમયે ક્ષાયિકભાવની બીજી પર્યાય થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

તો કહે છે કે '**જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવો...**' પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ બધા નાશ પામવાયોગ્ય ભાવ છે. આહા..હા..! પુણ્ય પણ નાશવાન, આ નાશવાન, ... નાશવાન. આહા..હા..! પરમાત્મપ્રકાશમાં ત્યાં સુધી લીધું છે કે જિન અને જિનના મંદિર અને જિનની પ્રતિમા હોય એ બધા નાશવાન છે, કાળના ઈંધણમાં એ બધા રાખ થઈ જશે. પરમાત્મપ્રકાશમાં છે. પરપદાર્થ છે. પ્રતિમા હો કે મંદિર હો, બધા કાળની અગ્નિમાં નાશ થઈ જશે. એ ક્યાં અવિનાશી વસ્તુ છે? સમજાય છે કાંઈ? આહા..હા..!

અહીં તો કેવળજ્ઞાનની પર્યાય, ક્ષાયિકભાવની '**નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...**' નાશ થવાને યોગ્ય ભાવથી એ તત્ત્વ દૂર છે. આહા..હા..! .. આત્મા .. દૂર છે. ત્યારે વળી .. કેટલાક દૂર છે? કે .. .. એવો દૂર છે. અરે ભાઈ! કઈ અપેક્ષાએ વાત, બાપુ! .. દૂર રહે છે. અહીંયાં તો પર્યાયનો ભાવ છે એનાથી પારિણામિકભાવ ભિન્ન છે, દૂર છે. એક સમયમાં એ આવતો નથી. એક સમયમાં આવી જાય તો સમય પલટીને એનો પણ નાશ થઈ જાય. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૩૮,
## પ્રવચન નં.૩૮૯

નિયમ એટલે '**णियमेण य जं कज्जं**' જે ભગવાન આત્મા આનંદ અને ધ્રુવસ્વરૂપ એનામાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એના ધ્રુવના આશ્રયે નિયમથી પ્રગટ કરવાલાયક કર્તવ્ય એ છે. એને અહીંયાં નિયમ નામ મોક્ષનો માર્ગ કહે છે. સારનો અર્થ એમ છે કે વિકલ્પ અને વ્યવહારરત્નત્રયનો શુભરાગ એના નથી એને અહીંયાં નિયમસાર કહે છે. સમજાણું કાંઈ? નિયમ એટલે મોક્ષનો માર્ગ. શુદ્ધ ચૈતન્યવસ્તુ નિત્યાનંદ એનો આશ્રય લઈને પ્રગટેલી દર્શન, જ્ઞાન અને ચારિત્રની અવિકારીદશા એને અહીંયાં નિયમ કહે છે, એ મોક્ષનો માર્ગ છે. સારમાં તો વિકારરહિત બતાવે છે. ૩૮ ગાથા આપણે ચાલે છે. અહીં સુધી આવ્યું છે.

'**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—એવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે.**' ત્યાં સુધી આવ્યું છે. આ તો પરમસત્યની વસ્તુ છે એટલે જરી ઝીણું પડે, ગંભીર લાગે, ગૂઢ લાગે, પણ છે તો આ. કહે છે કે જેને સ્વદ્રવ્ય. પરદ્રવ્ય સર્વજ્ઞ પરમેશ્વર આદિ પણ જેમાં આશ્રય કરવાલાયક નથી. જ્યાં એક સમયની વર્તમાન પર્યાય પ્રગટદશા પણ આશ્રય કરવાલાયક નથી. ભગવાન સ્વદ્રવ્ય નામ નિત્ય. બપોરે ચાલે છે કે અનંતશક્તિનું સત્ત્વ આખું તત્ત્વ એવું જે સ્વ પોતાનું દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ એમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે. રાતે પ્રશ્ન થયો હતો આ. એ તો વિકલ્પ છે. વિકલ્પ નથી. એ ભગવાન ઝીણી વાત છે, પ્રભુ!

જે જ્ઞાનની તીખી દશા વર્તમાન રાગથી ભિન્ન પડીને પ્રજ્ઞા જ્ઞાન દ્વારા અંતરના ધ્રુવને પકડે છે તેને અહીંયાં તીક્ષ્ણ બુદ્ધિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે. જે જ્ઞાન વર્તમાન જ્ઞાનની ચાલતીદશા એ જ્ઞાન સ્વદ્રવ્યમાં વળે છે એને અહીંયાં તીક્ષ્ણ બુદ્ધિ જ્ઞાનની દશાને કહેવામાં આવે છે. એવા આત્માને, એવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે. જે જ્ઞાનની વર્તમાનદશા પ્રગટ જે જ્ઞાનનો અંશ છે એ રાગાદિ અને નિમિત્તાદિને વર્તમાન અવસ્થા આદિનું લક્ષ એ જ્ઞાનની વર્તમાન દશાનું છે. એ જ્ઞાનની દશાને ધ્રુવમાં વાળે તે જ્ઞાનની દશાને તીક્ષ્ણબુદ્ધિ કહે છે. પંડિતજી! એવો ભાવ પ્રભુ છે.

'**સ્વદ્રવ્યમાં જેની...**' વર્તમાન જ્ઞાનની તીક્ષ્ણ ઝીણી પ્રજ્ઞાછીણી રાગથી, વિકલ્પથી, એક સમયની પર્યાયના આશ્રયથી એ જ્ઞાનની વર્તમાન તીક્ષ્ણ ઉગ્રદશા સ્વદ્રવ્યને જે પકડે છે ધ્રુવ ચૈતન્ય અનાદિ-અનંત પ્રભુ, એમાં જેની બુદ્ધિ ગઈ છે એવા આત્માને આ આત્મા ઉપાદેય છે. ચંદુભાઈ ગયા? આ ચંદુભાઈ.. અમારે શું? વાત તો અહીંયાં જેનું જ્ઞાન વર્તમાનદશા સર્વસ્વ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સ્વ. એમાં જે બુદ્ધિ ગઈ અને પહોંચી ગઈ અને

સ્વચૈતન્ય અભેદ વસ્તુ એક એમાં જ્ઞાનની દશા પ્રસરી એ જ્ઞાનને તીક્ષ્ણબુદ્ધિ કહે છે અને એ જ્ઞાનની દશા એમાં ગઈ એવા જીવને એ આત્મા ઉપાદેય છે. એટલે શું? કે કોઈ વિકલ્પ અને રાગ આશ્રિત વિચાર કરીને એમ માને કે આ આત્મા દ્રવ્ય છે એ ધ્રુવ છે, ઉપાદેય છે. શુભ આશ્રિત ઉપાદેય એને ન થયો.

આ તો પરમ અમૃતની વાતું છે. એટલે એને અનાદિનો પરિચય સાંભળી નથી એમ ભગવાન તો કહે છે. કે આ વાત સાંભળી નથી, તને પરિચયમાં, અભ્યાસમાં આવી નથી અને અનુભવ તો ક્યાંથી હોય? ભાઈ! અગિયાર-અગિયાર અંગ ભણી ગયો, નવ-નવ પૂર્વ ભણ્યો અને ચામડા ઉતરડીને ખાર છાંટે તો ક્રોધ ન કરે એવી લેશ્યાની ક્રિયાઓ પણ અનંતવાર કરી, પણ એમાં કાંઈ વળ્યું નહિ, એ કાંઈ સાધન થયું નહિ. અંતર્મુખ ચૈતન્ય ભગવાન પહેલો જ્ઞાનમાં કેવડો અને કેમ છે? એમ લક્ષમાં વાત કરી. ત્યાં સુધી આ આત્મા એને ઉપાદેય છે એવી શ્રદ્ધાના વિકલ્પમાં માન્યું છે, એ ખરેખર ઉપાદેય થયો નથી. આહા..હા..!

જે જ્ઞાનની દશા વર્તમાન અંશ તીખો ઉગ્ર થઈને ધ્રુવને ચોંટે, ધ્રુવમાં પ્રસરે ત્યારે તે એવા જ્ઞાની જીવને આ આત્મા ધ્રુવ ઉપાદેય તરીકે કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? નવરંગભાઈ! ભારે આવો માર્ગ, ભાઈ! એણે એ જાતની વાત સાંભળી નથીને. એટલે એને એવું લાગે કે શું કહે છે આ? સાધારણ પ્રાણીને તો ગ્રીક-લેટિન જેવું લાગે. ભગવાન! ગ્રીક-લેટિન નથી, બાપા! તારા ઘરની વાત છે, ભાઈ! પણ એ જાતની રીત અને કળા અને પદ્ધતિ શું છે એ એણે સાંભળી નથી. પરિચયમાં આવી નથી એટલે કેમ અનુભવ કરવો એની એને ખબર નથી. કહે છે, વસ્તુ તો આ ત્રણકાળ, ત્રણલોકમાં આ ચીજ છે કે જે એક સમયમાં વસ્તુ સ્વદ્રવ્ય ધ્રુવ, ચૈતન્ય ધ્રુવ એને જે જ્ઞાન પકડે એ પકડેલા જ્ઞાનવાળાને તે ઉપાદેય છે, એમ કહે છે. ચંદુભાઈ! આહા..હા..! સાંભળવું. લક્ષમાં રાખ.. પ્રભુ! આ શું છે આ? ચાલતા પ્રવાહમાં તો બધો ફેરફાર છે.

**શ્રોતા** :- માર્ગ પકડી લીધો એ જ ઉપાદેય થયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પકડ્યો એ જ ઉપાદેય થયો. પકડ્યું એ જ ઉપાદેય થયું. જે જ્ઞાન ત્યાં ગયું એ ઉપાદેય થયું. બસ. સમજાય છે કાંઈ? જે જ્ઞાનની દશા વર્તમાન પર્યાયને આદરણીય અને રાગને આદરણીય માનતી એ જ્ઞાનની દશા અંતર ધ્રુવ તરફ અંદર વળે છે એટલે એ જ એને ઉપાદેય માન્યું. જેમ હતું તેમ દૃષ્ટિમાં આવ્યું. બસ એ ઉપાદેય. આહા..હા..! બહુ વાત અલૌકિક પ્રભુ છે. બહુ સાધારણ માણસને આ વાત એવી લાગે. ઓલા કેટલાક કહે નિર્વિકલ્પ થઈ જાવ. શૂન્ય થઈ જાવ. પણ શૂન્ય શી રીતે થવું? આખું અસ્તિત્વ તો પર છે એ દૃષ્ટિમાં આવ્યા વિના વિકલ્પથી શૂન્ય થાય શી રીતે? સમજાય છે કાંઈ? શેઠ! આ તમારા પક્ષમાં છેને એ? શૂન્ય થઈ જાવ... શૂન્ય થઈ જાવ... પણ શૂન્ય શું થાય? શૂન્ય થશે તો જડ થઈ જશે.

એથી કીધું સ્વદ્રવ્યમાં. એમ કીધું. વસ્તુ આમ ભગવાન અખંડાનંદ મૂર્તિ ચૈતન્ય ધ્રુવ. અસ્તિ, સત્તા હોવાવાળો શાશ્વત પદાર્થ... શાશ્વત. એવા અસ્તિમાં જ્ઞાનને જોડવું એથી નિર્વિકલ્પ થાય છે. તેને વિકલ્પનો આશ્રય અને વિકલ્પનો ભાગ રહેતો નથી. એ નિર્વિકલ્પ થાય છે એને આ આત્મા ઉપાદેય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભાઈ! માર્ગ તો આ છે. એ કોઈપણ રીતે પ્રકારો જગતમાં વર્ણવાતા હોય, પણ આ રીત સિવાય જો હોય તો એ માર્ગ એ નથી. સમજાય છે કાંઈ?

**'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે—'** અહીં કાંઈ પુનરાવર્તિત થાય એવો કાંઈ દોષ લાગતો નથી. કારણકે આ તો ભાવનાની વાત છેને. ભાવના એટલે અંતરમાં એકાગ્રતા. તો અંતરમાં ચૈતન્ય ભગવાન એને જેણે, જેની જ્ઞાનની તીક્ષ્ણબુદ્ધિ એને **'એવા આત્માને આત્મા ખરેખર...'** આદરણીય કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? એટલે સમ્યગ્દર્શન દશામાં જે ધ્રુવ ઉપર શ્રદ્ધા હતી એને આ ઉપાદેય છે એમ અંદર અનુભવમાં નક્કી થયું. સમજાણું કાંઈ? શાસ્ત્રથી ધારણામાં એમ રાખે કે આ દ્રવ્ય છે તે ઉપાદેય છે, આ વર્તમાન પર્યાય ઉપાદેય એટલે આદરણીય અથવા એમાં ધ્યેય કરીને ઠરવા જેવું. એવો વિકલ્પથી કરે પણ વસ્તુ તો દૃષ્ટિમાં અને જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એ જ્ઞેય આવું છે એ તો આવ્યું નથી. આવ્યા વિના એણે ઉપાદેય શી રીતે નિશ્ચય કર્યો? ... થાય એવું નથી. વર્તમાનદશામાં ઉભા રહીને આ જ્ઞેય છે, એમ પકડાય નહિ કોઈ રીતે. પંડિતજી! માર્ગ તો આવો છે, ભગવાન! બાપુ! મારગડા તો આવા છે સંતોના. સમ્યગ્દૃષ્ટિ પણ એ સંત છે. સમજાય છે કાંઈ? આહા..હા..! જેનો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે અંદર. એમાં જેની નજરું ગઈ અને નજરું ગઈ ત્યારે આ એક આખા દ્રવ્યમાં થયો, એવા જીવને એ દ્રવ્ય આદરણીય અને આચરણ કરવાલાયક એ છે એમ નક્કી થયું. રતિભાઈ! આ તો બધું .. ભગવાનની ભક્તિ કરતાં-કરતાં થઈ જાય. ધુન લગાવો. ભક્તિ એવી લગાવે, ભક્તિ એવી લગાવો કે બસ શૂન્ય થાવ. પણ રાગ થાશે ત્યાં તો.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ શું જાય? કે રાગ છે ભાઈ વિકાર છે. એમાં કાંઈ નિર્વિકલ્પ દશા છે એની એને ખબર નથી. .. ગમે તેટલી ભક્તિની ધુન લગાવો એ તો પરદ્રવ્ય તરફના રાગની સ્થૂળતા અને મુખ્યતા છે. ત્યાં આત્મા દૃષ્ટિમાં નથી આવ્યો અને એ રીતે આત્મા દૃષ્ટિમાં ત્રણકાળમાં ન આવે. એવી લાખ અને અનંતી ભક્તિ કરે, પણ અનંત ભક્તિ અને પરમાત્મા એને કહે છે કે જે ત્રિકાળી ધ્રુવનું અંદર ભજન કરીને એકાગ્ર થાય એને ભક્તિ કહે છે. સમજાણું કાંઈ? જેને ધ્રુવતત્ત્વ ભજન કર્યું એ જ્ઞાનની પર્યાયે. ભજન ભજ્યું એટલે સેવ્યું. ધ્રુવતત્ત્વને જે જ્ઞાનની તીવ્રદશાએ જેને પકડીને સેવ્યું એને ભગવાન અંતરતત્ત્વની ભક્તિ અને એ મોક્ષનો માર્ગ એમ કહેવામાં આવે છે. આહા..હા..! બાકી બધી વાતું ગમે તેટલી

કહે. સમજાય છે કાંઈ? એ માર્ગ નથી, બાપા!

પ્રભુ! આવા મનુષ્ય દેહમાં આવા કાળમાં આવી વાત પણ સાંભળવી મહા કોઈ પુણ્યનો યોગ હોય તો મળે છે. પરમસત્ય વાત નહિતર તો આમ કરું ને આ કરું ને આમ કરશું, આમ કરશું તો થાશે. બધું કર્તાબુદ્ધિ મિથ્યાત્વનો પોષક અને માને કે આમાંથી આત્માને કાંઈક કલ્યાણ થશે. સમજાણું કાંઈ? હવે ત્યાં સુધી તો આપણે આવ્યું હતું કાલે. આ તો વધારે સ્પષ્ટ કરવા. હવે એ જીવ, એ વસ્તુ **'ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...'** બહુ ઉંચી વાત અને ઘણી પરમસત્ય છે. શાશ્વત માર્ગનું રૂપ શું છે એ આ છે. શાશ્વત તો વસ્તુ છે પોતે, પણ એનો માર્ગ જે મોક્ષનો શાશ્વત સત્ય છે એ આ છે. કહે છે કે **'ઔદયિક આદિ ચાર ભાવાંતરોને...'** નીચે છે. **'ભાવાંતરો...'** શબ્દ છેને? ભાવાંતર શબ્દ છેને? એટલે? કે જે પરમસ્વભાવભાવ ધ્રુવ સહજભાવ ત્રિકાળ જ્ઞાયકભાવ એકરૂપ દ્રવ્યભાવ એને અહીંયાં ભાવ સ્વ કહ્યો. એનાથી અનેરાને ભાવાંતર કહ્યા. આ ભાવ સિવાય ચારને ભાવાંતર–અનેરાભાવ કહ્યા.

ફરીને. **'ઔદયિક આદિ ચાર ભાવાંતરો...'** એ ચાર ભાવાંતરો કહ્યા. નીચે છે જુઓ, ભાવાંતર એટલે ભાવથી અનેરાભાવ. હવે? **'(ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક—એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે તેમને ભાવાંતરો કહ્યા છે.'** ધીમેથી સમજાય એવું છે. એ સમજવા માટે તો આ કહ્યું છે અને સમજનારને સમજાય એ માટે તો કહ્યું છે. સમજાણું કાંઈ? કહે છે કે ચાર અન્ય ભાવો કહ્યા. ભાવાંતર કહ્યાને? ભાવાંતર. ભાવથી અનેરા. તો ક્યા ભાવથી અનેરા? કે જે ત્રિકાળી ધ્રુવભાવ, પરમસ્વભાવભાવ સહજ નિત્યભાવ જેને પારિણામિકભાવ, સ્વભાવિકભાવ, એકરૂપ ત્રિકાળ અભેદભાવ. એવા ભાવની અપેક્ષાએ આ ચાર પર્યાયો છે. ચાર પર્યાય એટલે અવસ્થા છે. ઓલો ધ્રુવ છે. એ ધ્રુવભાવથી અનેરી ચાર પર્યાયોથી અનેરાભાવ છે. ધીમે-ધીમે સાંભળજો. આ તો બધું.

કહે છે એ ચાર ભાવ એટલે? ઔદયિકભાવ. એની વ્યાખ્યા કરવી પડશેને? આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ ઉઠે છે એ ઉદયભાવ છે. એ ઉદયભાવની વિકારી અવસ્થાની હયાતી છે, વિકારી અવસ્થાની હયાતી છે, પણ એ અવસ્થા છે. ઉપશમભાવ. એક સ્વભાવ ધ્રુવ એનો આશ્રય લઈને, જેમ પાણીમાં મેલ હોય અને એ મેલ નીચે બેસે અને પાણી નીતરે ઉપરથી એમ જે ભાવમાં રાગાદિ વિકલ્પો દબાઈ જાય અને નિર્મળદશા ઉત્પન્ન થાય એને અહીંયાં ઉપશમભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે ...ને? ભાઈ આવે છે. એમ કે પાંચ ભાવનું સ્વરૂપ તમને કહ્યું હતું. એ આવે છે પત્રમાં. અમદાવાદ. આવે છેને એના પત્ર આવે છે. પાંચ ભાવનું સ્વરૂપ એ પાંચ ભાવ ઝીણા છે. ..પાસે શ્રીમદ્દે કહેલું. પાંચ ભાવોમાં એક ભાવ ત્રિકાળી ધ્રુવ તેને પારિણામિકભાવ કહેવાને

એક ભાવ વસ્તુ ધ્રુવ. એનાથી અનેરી ચાર દશાઓ, અવસ્થાઓ, હાલતો એને અનેરાભાવ ધ્રુવથી કહી અને એ ઉદય છે, એ પણ ધ્રુવભાવથી અનેરો ભાવ છે.

ઉપશમભાવ છે એ રાગની મંદતા, રાગનું દબાઈ જવું, કષાયનું દબાઈ જવું અને અકષાય પરિણામનું ઉત્પન્ન થવું એને અહીંયાં ઉપશમભાવની અવસ્થા, ધ્રુવભાવથી અનેરી અવસ્થા કહેવામાં આવે છે. રતિભાઈ! બધું ઉપરને ઉપર .. બધું રાખ્યું અત્યાર સુધી. આ અંતર વસ્તુ દશા અને દશાવાન એની વાત ચાલે છે. દશાવાન જે ત્રિકાળી ધ્રુવ છે એ નિમિત્તભાવ, કાયમીભાવ, અસલીભાવ, પારિણામિકભાવ, સ્વભાવભાવ, સહજભાવ અવિનાશી શાશ્વતભાવ એની અપેક્ષાએ એમાં પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના વિકલ્પ ઉઠે એ ઉદયભાવ, અનેરોભાવ, ધ્રુવભાવથી અનેરોભાવ. છે પર્યાય, પણ એને અનેરા આ ભાવથી અનેરીદશાને અનેરો ભાવ કહેવામાં આવે છે. અહીં ઉદય, ઉપશમ કીધો. ક્ષયોપશમ-કાંઈક રાગની વિકલ્પતા રહે અને કંઈક નિર્મળતા થાય એવો જે ક્ષયોપશમભાવ જ્ઞાનમાં અને સમ્યગ્દર્શનમાં બેમાં અંતરાયની લેશે વાત.

જ્ઞાનમાં પણ કંઈક જ્ઞાન ઉઘાડ ઓછો અને કંઈક ઉઘાડ. એવી દશા એમ સમકિતમાં કાંઈક નિર્મળતા અને કાંઈક ક્ષયોપશમકિતની અપેક્ષાએ. ત્યારે સમકિત મોહનો ઉદય જરી મેલના અંશનો. એવી અંતર જે સમકિતની અને જ્ઞાનની દશા, એને ક્ષયોપશમભાવ, ક્ષયોપશમદશા એ ધ્રુવભાવથી અનેરોભાવ એને કહેવામાં આવે છે. આહા..હા..! આ કઈ જાતની વાત! આ તો દયા પાળો, વ્રત પાળો, ... કરો. એક જણાએ કીધું તપસ્યા તો નિર્જરા તો બરાબર. બીજી વાત તો આપણને.. એક જણા એમ કહે છે. .. પૂછવા ગયા. હવે તો બધું ચાલે છેને ચારેકોર. .. આ વ્યાખ્યાન ચાલે, વ્યાખ્યાન માણસમાં કરે ... એમ માને લોકો. સમજ્યાને? એક માણસ ગયો અહીંનો અભ્યાસી. એ વાત તો ઠીક પણ અપવાસ કરે તો તપસ્યા અને તપસ્યાથી તો નિર્જરા એ વાત અમને બેઠી છે. તો ઓલો કહે કે એ વાત અમે માનતા નથી. અપવાસ-બપવાસથી તમારે નિર્જરા થાય, તપસ્યા છે માટે નિર્જરા, એ તપસ્યા જ નથી. સમજાય છે કાંઈ? એ તો તે રાગની મંદતા કદાચિત કરી હોય તો, કદાચિત કરી હોય, નહિતર માન માટે કરી હોય તો પાપ છે ત્યાં. સમજાણું કાંઈ? તો એ પુણ્ય છે, એ ધ્રુવભાવથી અનેરોભાવ છે. એ ભાવ આદરણીય નથી.

ઉપશમભાવ એ અનેરો ભાવ છે, એ આદરણીય નથી. ગજબ વાત છેને. ક્ષયોપશમભાવ સમ્યગ્દર્શન અને જ્ઞાનની દશા. તેની વિકાસ અને વિકાસનો અભાવ. એવી દશા એને ક્ષયોપશમદશા ભાવ પર્યાય એ ત્રિકાળી ધ્રુવભાવની અપેક્ષાએ અનેરોભાવ છે. અરે! ક્ષાયિકભાવ. કેવળજ્ઞાન, ક્ષાયિકસમકિત. આત્માના અનુભવ થઈને ક્ષાયિકસમકિત તે જે કેવળજ્ઞાન થાય ત્યાં સુધી અને સદા સાદી અનંત રહે એવી દશા, પણ એ દશા એક સમયની અવસ્થા છે. એની એ દશા બીજીવાર ન હોય, એવી પણ એ નહિ. એથી તે ક્ષાયિકભાવ એ પણ ધ્રુવભાવથી

અનેરોભાવ તેથી તે ચાર ભાવ આદરણીય નથી. આહા..હા..! કહો, પ્રકાશદાસજી! કેટલું પણ સાંભળવું અત્યાર સુધી! આહા..હા..!

કહે છે એ '**ઔદયિક આદિ ચાર ભાવાંતરો...**' કીધાને? એ ચાર ભાવો એટલે પર્યાય એ ચાર. અવસ્થા છે, હાલત. પરમપારિણામિકભાવ એ ધ્રુવભાવ છે. એનાથી '**અન્ય હોવાને લીધે...**' આ તો ભાવાંતરની વ્યાખ્યા કરી. ભાવાંતર એટલે એક ભાવથી અનેરા ચાર ભાવ એમ. '**પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા આ ચાર ભાવાંતરોને અગોચર છે.**' એ હવે પાઠની વ્યાખ્યા છે. શું કહે છે? '**ઔદયિક આદિ ચારા ભાવાંતરો...**' ધ્રુવસ્વભાવની અપેક્ષાએ નિત્યાનંદ ભગવાન અવિનાશી તત્ત્વ જે વસ્તુ છે એની અપેક્ષાએ જે અવસ્થાઓ થઈ તેને અનેરાભાવ કહેવામાં આવ્યા. એનાથી અગોચર એટલે કે એ ચાર પ્રકારની પર્યાય પારિણામિકભાવથી દૂર વર્તે છે. એ પર્યાય અંદર જતી નથી માટે અગોચર છે. નીચે નાખ્યું છે. કળશ છેને કળશ.

'**જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવાથો દૂર છે,...**' એ એનો પાઠ છે. ભાઈ! કળશ નીચે આવે છેને? એમાં એણે ખુલાસો પોતે કરી નાખ્યો છે ટીકાકારે. આ તો અલૌકિક વાતું છે, બાપા! ભગવાન તારા ઘરમાં એટલું નિધાન છે કે અનંત-અનંત કેવળજ્ઞાનની પર્યાયોમાં અંદર ભંડાર ભર્યો છે. એવો પરમસ્વભાવ ધ્રુવ અવિનાશી શાશ્વતતત્ત્વ. એની વર્તમાનદશા કાર્ય થાય. દશામાં થાયને? અવસ્થા ન હોય તો કાર્ય શેમાં થાય? એ અવસ્થા જે દશા પર્યાય હાલત કહે છે એ દશાઓના ચાર પ્રકાર. તો એ દશા ચાર પ્રકારને અગમ્ય છે. એટલે? કે ચાર પર્યાયમાં જાતી નથી, ધ્રુવમાં ભળતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચાર પર્યાય પર્યાયમાં રહે, ધ્રુવ ધ્રુવમાં રહે.

**શ્રોતા** :- પર્યાય... હે ના?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જે અહીંયાં પર્યાય કાર્ય કરે એ બીજી વાત છે, પર્યાય અંદર પેસતી નથી એમ બતાવવું છે.

પરમસ્વભાવભાવ ત્રિકાળી, એની સાથે ચાર ભાવ તન્મય થતા નથી. બાકી તો જ્ઞાયક ધ્રુવભાવ એ અનુભવમાં તો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવથી જ આવે. કાંઈ ધ્રુવભાવથી ધ્રુવભાવથી અનુભવમાં ન આવે. પણ અહીંયાં બીજી અપેક્ષા લીધી છે. આ તો અલૌકિક વાતું, બાપા! ભગવાન થવાની વાતું છે. સાક્ષાત્ પરમાત્મા થઈ જન્મ-મરણના અંત લાવે એ વિનાની વાતું બધી થોથેથોથાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, ભગવાન! તારું ત્રિકાળી તત્ત્વ જે શાશ્વત તત્ત્વ છે આત્મા એ પરમસ્વભાવભાવ. એની અપેક્ષાએ ઓલા દશાના, અવસ્થાના, હાલતોના ભાવ ચાર એ એનાથી દૂર, પરમસ્વભાવથી અનેરાભાવ. અનેરા માટે અન્યપણે રહે છે અને ધ્રુવપણે થતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પોપટભાઈ! આવી વાતું છે, ભગવાન! આહા..હા..!

પ્રભુ! તું મોટો જબ્બર છો હોં. પણ તારી કિંમતું કરતાં તને આવડી નથી. દુનિયાની કિંમતું કરવા ગયો બધી પણ એની કિંમત પોતે કોણ છે એની ખબર ન મળે. આહા..હા..! કહે છે, ભગવાન એ તારી ચીજ અંદર ધ્રુવ છે. જે સ્વભાવ, સદશ્યભાવ, એકરૂપભાવે તત્ત્વ પરિણમ્યું છે. એવા તત્ત્વની અપેક્ષાએ આ ચાર પ્રકારની દશાઓ, અવસ્થાઓ, ભલે આનંદની દશા, કેવળજ્ઞાન અને અનંત આનંદની દશા, પણ એ દશા છે, એ દશાવાન ધ્રુવ નહિ. એથી ધ્રુવમાં એ દશા પ્રવેશ કરતી નથી. એથી તેને અગોચર છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પછીના શ્લોકમાં છે જુઓ, પાનું ફેરવો. '**જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે–**' છે કળશ? ૮૦ પાને. ૫૫મો કળશ છેને. છે? ત્રીજાની લીટી. કેવું છે તત્ત્વ અંદર? વસ્તુ ધ્રુવ ભગવાન નિત્યાનંદ શાશ્વત. '**જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે,...**' છે? એના વિકલ્પ ઉપર .. એ તો શાશ્વત ચિદાનંદ નિત્યાનંદ પ્રભુ અંદર છે. સર્વથા અંતર્મુખ અને પ્રગટ પ્રકાશ... બનેલો. આહા..હા..! કહે છે કે સર્વથા અંતર્મુખ. બિલકુલ અંતર્મુખ છે અંદર ધ્રુવ. જે પર્યાયનો પણ જ્યાં પ્રવેશ નથી. એવું એ અંતર્મુખ તત્ત્વ છે.

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વર્તમાનમાં. ત્રણે કાળમાં. આહા..હા..! સર્વથા અંતર્મુખ. સર્વથા અંતર્મુખ. એકદમ અંતર્મુખ આખું તત્ત્વ ભિન્ન, પર્યાયથી ભિન્ન છે.

'**નિર્ભેદપણે પ્રકાશમાન એવા સુખનો બનેલો છે,...**' પણ સુખનો બનેલો એટલે સુખસ્વરૂપ છે. આનંદાનંદ નિત્યાનંદ પ્રભુ છે. એ નિત્યાનંદ પ્રભુ છે. '**જે નભમંડળ સમાન આકૃતિવાળો છે,...**' આકાશ જેમ કરાયેલું નથી, લોક અને અલોકનું આકાશ જેમ કરાયેલું નથી, એમ ભગવાન આત્મા કરાયેલો નથી, શાશ્વત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ઝીણી વાતું. ... ત્યાં .. માગે છે. ઝીણી ઝીણી વાતું લાગે છે એને. એય..! ...ચંદભાઈ! આહા..હા..! ભગવાન! એ સાંભળતો આવું માણસપણું મળ્યું, ભાઈ! અને એના એવા પુણ્યના યોગે આવી વાતું, એને જરી સાંભળીને વિચાર કર. કીધું હોં. અરે! આવા ટાણા નહિ મળે. આહા..હા..!

કહે છે આપણે તો ત્યાં લઈ જવું છે. હજી તો અહીં તો '**નભમંડળ સમાન આકૃતિવાળો છે,...**' છેને? કોઈથી નહિ કરાયેલો. નીચે છે. આકાશને કોઈએ બનાવ્યું નથી તેમ આત્માને કોઈએ બનાવ્યો નથી. શાશ્વત ને બને ક્યા? તો તો નાશવાન થઈ જશે. '**ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે,...**' ચૈતન્યના અમૃતનું પૂર ભરેલું સ્વરૂપ એનું છે. જેમ નર્મદા આદિ મોટી નીકળે છેને. પાણીમાંથી જોયું છે? જબલપુર. જબલપુરથી નીકળે છે આ નર્મદા છેને. ભરૂચને ક્ષેત્રે તો ત્યાં વહાણમાં જ બેસાય. એટલું પ્રવાહ ચાલે છે ત્યાં. જબલપુર જ્યાંથી વહે છે નદી ત્યાં બે આરસપહાણના ડુંગરા છે. આરસપહાણના ડુંગરા એની વચમાંથી,

ત્યાંથી નીકળે છે અને એટલું ઉંડું અંદર છે. એમ ભગવાન આત્મા ચૈતન્યામૃતના પૂરથી ભરેલું. પૂરથી ભરેલું. આહા..હા..! અનંતો આનંદ કાઢો તોપણ એમાંથી નીકળ્યા જ કરે.

એ .. જરી બોલતા આપણે. રામજીભાઈ આવ્યા હતા કે નહિ? જબલપુર ગયા હતાને ત્યાં. મોટા આરહપહાણના બે ડુંગરા છે અને વચમાં નદી. .. ક્યાં છે અને કેવું આ .. ક્યાં એનો પત્તો નથી. ઘણું પાણી. એમ ભગવાન આત્મા... આમાં આવે છે. ઉંડો-ઉંડો ઉતરી જા પ્રવેશ કરીને. આવે છેને, ભાઈ! આવે છે ક્યાંક. આમાં ક્યાંક આવે છે. ઉંડો-ઉંડો ઉતર એટલે કે એ પર્યાયમાં પણ નહિ અંદર ધ્રુવમાં જા. એવું જે તત્ત્વ ભગવાન આત્મા **'જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે—'** અહીં ના પાડી અગમ્ય છે. ચાર ભાવને અગમ્ય છે એમ કીધું, અહીંયાં વિચારવંતને ગમ્ય છે એમ કીધું. તો અહીં તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં ગમ્ય છે એમ કીધું. પંડિતજી! ત્યાં તીક્ષ્ણ બુદ્ધિવાળાને કીધું. મતિશ્રુતજ્ઞાન છે. સમ્યક્ મતિશ્રુત જ્ઞાન. આત્માના અંતર ધ્રુવને લક્ષે થયેલું. જે શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ. શાસ્ત્રનું જ્ઞાન તો પરલક્ષી બંધનનું કારણ છે. સમજાય છે કાંઈ?

લ્યો, ઉંડો ઉતરી ગયો. એટલે શું? છે ઉંડો ઉતરે.. છે ઉંડો ઉતરી જાય જુઓ, **'શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વસમાં પેસી જાય છે—ઊંડો ઊતરી જાય છે.'** ૧૭મો કળશ છે. પાનું-૨૭. નિયમસાર તો કેટલી ચીજ સમયસારથી પણ અદ્ભૂત કેટલીક રચના છે. .. ગયો છે આત્મા એ વખતે કહેવા વખતે. આહા..હા..! ... કેટલાક સમયસારથી પણ કેટલુંક ચમત્કારી તત્ત્વ નિયમસારમાં વિશેષ છે, એમ લખ્યું છે. એ તો .. હાથ આવ્યું છે. ત્યાં સુધી બહાર નહોતું. કોઈને હાથ આવ્યું નથી આ નિયમસાર. પંચાધ્યાયને હિસાબે હાથ નથી આવ્યું. નિયમસાર એ તો પડ્યું હતું ત્યાં, શું કહેવાય? ભંડારમાં. જયપુરના ભંડારમાં. એમાં શીતલપ્રસાદ બ્રહ્મચારી હતાને. આપણે આવ્યા હતા અહીં. .. એ ત્યાં ચોમાસું હતું. એમાં એ ગોતતા હાથ આવી ગયું. હવે આવીને પછી એણે ટીકા પ્રમાણે અર્થ કરીને બહાર પાડ્યું છે. આપણે અહીં પાડ્યું...

કહે છે **'વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે—'** ડાહ્યા પુરુષો અને વિચારવંત એને કહીએ કે જે ધ્રુવને અંદર પકડે તેને ડાહ્યા અને વિચારવંત કહીએ. આહા..હા..! **'એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી...'** આહા..હા..! અરે! ..પ્રભુ! આવો ભગવાન અંતરમાં છે એ તને કેમ ગમતો નથી? કેમ ગોઠતો નથી? કેમ રુચિ કરતો નથી? **'અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે?'** સંસારના દુઃખ એવા સંસારના સુખ એને કેમ વાંછે છે? ધૂળમાંય સુખ નથી ક્યાંય. સ્વર્ગમાં પણ નથી અને શેઠાઈમાં પણ નથી. બધા દુઃખીના દાળીયા થઈને બિચારા રખડે છે. શેઠ! આ બધા કરોડોપતિ અને અબજોપતિ દુઃખની આકુળતાની ઘાણીમાં પીલાયા છે. એ એવી વાંછા શું કરવા કરે છે તું? શું છે? આહા..હા..! આવો ભગવાન અંતર છે એની રુચિ કેમ તને ગોઠતી નથી? કેમ તને પાલવતો નથી આવો માર્ગ? કેવી

કરુણા! આહા..હા..! આ તો એટલું ઉંડામાં .. આપણે અહીં ૩૮.

શું કહે છે? જુઓ હવે, એ ભગવાન આત્મા પહેલો ખરેખર ઉપાદેય કહ્યો આમ ધ્રુવ. જેનું જ્ઞાન અંતરમાં ચોંટે એવા જીવને. પછી કહે છે કે આ જે ઉદયની ચાર પર્યાયો છે એનાથી તો અગમ્ય છે એટલે કે એ ચાર પર્યાય ધ્રુવમાં પેસતી નથી. એટલે કે અંદર પેઠા નથી માટે અગોચર છે એમ કહેવામાં આવે છે. પણ સમ્યક્ મતિશ્રુતજ્ઞાન દ્વારા ભિન્ન રહીને પણ એ જાણે છે. પર્યાયરૂપ પરિણમેને? કાંઈ ધ્રુવરૂપ થાય છે? સમજાણું કાંઈ? આહા..હા..! અંતરનું સમ્યગ્દર્શન સાથેનું. સમ્યગ્દર્શનનો વિષય તો એ ધ્રુવ છે. ભૂતાર્થ છે, સત્યાર્થ આત્મા શાશ્વત વસ્તુ. એ સમ્યક્ શ્રદ્ધાનો વિષય, એમાં જ્ઞાન થતાં એ જ્ઞાન ત્રિકાળને પકડે છે. કેવળજ્ઞાન પર્યાયને જાણે એ વાત અહીંયાં લેવી નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે જે જ્ઞાન વર્તમાન અંતર ધ્રુવને પહોંચીવળે છે એ જ્ઞાન ગમ્ય છે. એ ધ્રુવ જ્ઞાનગમ્ય છે. પહેલું અગોચર કહ્યું હતું એકમેક નથી થતું એટલે. પણ આવા જ્ઞાનને ગમ્ય છે. સમજાણું કાંઈ? '**અગોચર હોવાથી જે** (કારણપરમાત્મા)...' એટલે ધ્રુવ સ્વરૂપ ભગવાન શાશ્વત ચૈતન્ય અરૂપી આનંદની મૂર્તિ પ્રભુ આત્મા. નિત્યાનંદ સહજાનંદનો જેનો ત્રિકાળી ધ્રુવ સ્વભાવ જ પોતાનો નિજનો છે. એવા કારણપરમાત્મા. પહેલું ઓલું સ્વદ્રવ્ય કહ્યું હતું એને અહીંયાં કારણપરમાત્મા કહ્યું, એને કારણ આત્મા પણ કહેવામાં આવે છે, એને કારણ જીવ પણ કહેવામાં આવે છે. એવો જે ભગવાન '(**કારણપરમાત્મા**) **દ્રવ્યકર્મ,...**' જડ આઠ કર્મ એના વિનાનો છે. એ અત્યારે. આહા..હા..! આઠ કર્મ છેને જ્ઞાનવરણીય આદિ દર્શનાવરણીય વસ્તુ છે. જડ છે. એ ઘાતિ કર્મ ચાર છે અને અઘાતિ ચાર. ઘાતિમાં લક્ષ જતા એને વિકાર થાય, અઘાતિનું ફળ સંયોગો આવે. એવા બે પ્રકારના કર્મ છે. એક સંયોગીભાવ થાય અને એક સંયોગી ચીજ થાય એવા બે કર્મ. ઘાતિ અને અઘાતિ. અને ઘાતિમાં સંયોગીભાવ થાય ઉપાધિભાવ એના લક્ષે. અઘાતિમાં સંયોગ મળે. એવા આઠ કર્મથી ભગવાન રહિત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભાવકર્મ,...**' પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, ભગવાનનું સ્મરણ આદિ એ બધો ભાવકર્મ વિકલ્પ અને રાગ છે. એ રાગથી પણ ભગવાન એ ઉપાધિથી ભિન્ન છે. એ રાગની પણ ઉપાધિ છે. '**અને નોકર્મરૂપ...**' નોકર્મ એટલે વાણી અને શરીર. એને નોકર્મ કહીએ. દ્રવ્યકર્મ જડ, ભાવકર્મ રાગ અને દ્વેષ. આ વાણી અને શરીર નોકર્મ. ત્રણેથી ચૈતન્યતત્ત્વ ભગવાન એ '**ઉપાધિથી જનિત વિભાવગુણપર્યાયો વિનાનો છે,...**' આહા..હા..! એ બધા વિભાવગુણપર્યાયો. એ ચાર કીધાને બધા? એ બધા વિભાવગુણ પર્યાયો છે. વિશેષગુણની દશાઓ છેને. એ વિનાનો ભગવાન છે.

**શ્રોતા :-** ગુણ અને પર્યાય...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુણની પર્યાય, ગુણ નહિ. ગુણપર્યાય શબ્દ વાપર્યો છે. ગુણ

પર્યાય એટલે એ ગુણની દશાઓ ચાર એનાથી રહિત છે. સમજાણું કાંઈ? આવી ધર્મકથા કેવી! ઓલો તો કહે દયા પાળવી, સંગઠન કરવું, મંડળ ભેગું કરીને આપણી રક્ષા કરો, નહિતર રક્ષા નહિ થાય. આવું એને રુચે. અનાદિનું અજ્ઞાન કર્યું છે અને એ.. એ બધી વાતું છે. આહા..હા..! અહીં તો પર્યાય સાથે ગાંઠ તોડી નાખવાની વાત છે. મારગડો એવો છે પ્રભુ તારો હોં!

કહે છે, એ '**વિભાવગુણપર્યાયો વિનાનો છે,...**' એ તો નાસ્તિથી વાત કરી. હવે અસ્તિ. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મની ઉપાધિથી ઉત્પન્ન થતી બધી વિભાવિક દશાઓ એમ. જીવની દશાઓ એ તો મતિજ્ઞાનને પણ વિભાવગુણ કહેવામાં આવે છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનને વિભાવગુણ કહેવામાં આવે છે. એ બધી ગુણ અને પર્યાય વિનાનું અખંડ ધ્રુવતત્ત્વ છે. આહા..હા..! એના દરબારમાં શાશ્વતતા ભરી છે. એ ભગવાન આના વિનાનો છે. હવે અસ્તિ. એ વિનાનો છે ત્યારે છે કેવો? '**અનાદિ-અનંત...**' અનાદિ-અનંત છે. નિત્યાનંદ પ્રભુ અનાદિનો છે. નિત્યાનંદમાં અનંતકાળ એમ ને એમ રહે એની એ ચીજ છે. શાશ્વત છે. '**અનાદિ-અનંત અમૂર્ત...**' છે. એમાં કોઈ રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. એ તો અરૂપી પ્રભુ છે. અરૂપી જેનું રૂપ છે. અરૂપી જેનું સ્વરૂપ છે. આહા..હા..!

'**અતીન્દ્રિયસ્વભાવવાળો...**' કેવો છે ભગવાન? અતીન્દ્રિયસ્વભાવવાળો. ઇન્દ્રિયથી ગમ્ય થાય એવો એ છે જ નહિ. અતીન્દ્રિય સ્વભાવ છે. ઇન્દ્રિયથી પાર, વિકલ્પથી પાર. અતીન્દ્રિય સ્વભાવ મૂર્તિ ભગવાન શાશ્વત ધ્રુવ છે. અરે! એ પોતે તત્ત્વ છે છતાં એની એને ખબર ન મળે. બહારની ખબરુંમાં ફોફા ભેગા કર્યા અજ્ઞાનના. કાંઈ વળ્યું નહિ. ભણતરના થોકડા અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો. ભાઈ! નવ પૂર્ણ ભણ્યો એ બંધનું કારણ છે. જો બંધનું ન કારણ હોય તો નવ પૂર્વ ભણ્યો એમાં કાંઈક નિર્જરા થવી જોવે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** સિદ્ધાંત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. છેને. એ તો રાગની મંદતા.. ચલે. જ્યાં નજર નાખવી જોઈએ ત્યાં નાખી નથી અને પર ઉપર લક્ષ રાખીને બધું કર્યું એ તો બંધનું કારણ ન હોય તો કંઈક અંશે નિર્જરા થાય, પણ અગિયાર અને નવ પૂર્વ ભણ્યો એમાં કંઈ અંશે નિર્જરા પણ થઈ નથી. નિર્જરા થઈ નથી એટલે એ બંધનું જ કારણ છે. સમજાણું કાંઈ? પરાલંબી જ્ઞાનને મોક્ષમાર્ગ ધર્માત્મા કહેતા નથી. ભાઈ! આવે છેને. પરમાર્થવચનિકામાં આવે છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં પાછળથી નાખ્યું.

પરમાત્મા જેટલું પરાલંબી-પરસત્તાવલંબી જ્ઞાન તેને મોક્ષમાર્ગ કહેતા નથી. આહા..હા..! ભારે! સ્વસત્તાવલંબી જે જ્ઞાન મહાપ્રભુ ચૈતન્ય ધ્રુવ. એનું લક્ષ કરીને જે જ્ઞાન થાય એ મોક્ષનું કારણ છે. આહા..હા..! કેટલાક કહે કે મારા એક આત્મા-આત્મા માંડ્યો છે. વળી

એમ કેટલાક કહે હોં. અરે ભગવાન! એક દિ' કહ્યું હતુંને. .. ચોમાસામાં ઓલા દસની સાલમાં. આપણે અહીં છેને કઈ સાલ? ૫૫નું ચોમાસું દસ મહિના અને દસ દિ' ચાલ્યું હતુંને તે દિ'? પછી એક જણાએ એમ લખ્યું હતું ઓલા છેલશંકરને વકીલ. કે આ દસ મહિના અને દસ દિ'નું .. લખાણ કરે એને દસ રૂપિયા આપીશ. ત્યારે એક જણો કહે કે આ દસ મહિનામાં આત્મા જ ઘૂંટ્યો આણે. કહે શું? અરે ભગવાન! તારી વાતું તને ન ગોઠે! આહા..હા..!

કહે છે એ તો **'અતીન્દ્રિયસ્વભાવવાળો છે...'** ઈન્દ્રિયના જ્ઞાનથી એ જણાય એવો છે જ **નહિ**, એમ કહે છે. એ શાસ્ત્રનું જ્ઞાન ઈન્દ્રિયજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ...'** એ તો શુદ્ધ-શુદ્ધ પવિત્રતાનો પિંડ છે એ તો. એકલી પવિત્રતાની ખાણ છે એ તો. **'સહજ...'** સ્વભાવિકભાવ છે એ તો. કોઈનો ભાવ હોય અને થયેલો હોય કે કોઈનો અભાવ થઈને થયેલો હોય એવો એ ભાવ નથી. એ તો સહજ ત્રિકાળી ભાવ છે. શાશ્વત જ્ઞાન ચિદાનંદ પ્રભુ. **'પરમ-પારિણામિકભાવ...'** પરમ-પારિણામિકભાવ એક સમયની પર્યાયને પણ પારિણામિકભાવ કહેવામાં આવે છે. એથી એ ત્રિકાળીને પરમપારિણામિકભાવ કહીને ઉઠાવે છે.

**'પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે—'** ભાષા જુઓ. **'એવો કારણપરમાત્મા...'** ઓલો સ્વભાવ વર્ણવ્યો, આ સ્વભાવવાન. આહા..હા..! જેનો પરમ-પારિણામિકભાવ. જેનો એટલે કારણપરમાત્મા દ્રવ્યસ્વભાવ, જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા નિત્યાનંદ પ્રભુ **'તે ખરેખર આત્મા છે.'** એને ખરેખર આત્મા કહેવામાં આવે છે. એ ચાર પર્યાય પણ ખરેખર આત્મા **નહિ**, જા! એ વ્યવહાર આત્મા! આહા..હા..! એ આત્મામાં પણ પ્રકાર પાછા. એક ક્ષાયિકભાવની દશા કેવળજ્ઞાનની એ ખરેખર આત્મા **નહિ**, વ્યવહાર આત્મા છે. આહા..હા..! આત્મામાં પણ બે ભાગ—એક ખરેખર નિશ્ચય અને એક વ્યવહાર. સારી વાતું જગતને મળતી નથી એટલે બિચારા ક્યાંયને ક્યાંય રખડપટ્ટી કરી માની બેસે કે અહીંથી ધર્મ થાય, અહીંથી ધર્મ થાય. ઉંધે પાટે ચડાવે અને માને કે આપણે સવળે રસ્તે હળવે-હળવે જઈશું, હળવે-હળવે જઈશું. ઉંધે રસ્તે જાય છે અને હળવે-હળવે જઈશું એમ કહે. અરે પ્રભુ! તારા મારગડા જુદાં છે, નાથ! આહા..હા..!

કહે છે **'એવો કારણપરમાત્મા...'** નિત્યાનંદ પ્રભુ **'તે ખરેખર આત્મા છે.'** ભાષા જુઓ, એને ખરેખર નિશ્ચય આત્મા, સત્ય આત્મા, ધ્રુવ આત્મા, એકરૂપ અભેદ આત્મા તેને સત્યાર્થ, ભૂતાર્થ **'भूदत्थमस्सिदो खलु'** કીધુંને? અગિયારમી ગાથા. ભૂતાર્થ આત્મા. ધ્રુવ નિત્યાનંદ એક સમયની પર્યાય વિનાનો એને સત્યાર્થ આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! એની અપેક્ષાએ એક સમયની પર્યાય ક્ષાયિકની પણ અસત્યાર્થ અને અભૂતાર્થ... એની અપેક્ષાએ ભલે હો. ત્રિકાળ સત્યાર્થ ધ્રુવની અપેક્ષાએ એક સમયની કેવળજ્ઞાનની પર્યાય પણ અસત્યાર્થ અને અભૂતાર્થ કહેવામાં આવે છે. આહા..! આવા કથન. કાયરના કંપી ઉઠે એવું છે. 'વચનામૃત

વીતરાગના...' આવે છેને શ્રીમદ્માં? 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ પણ ઔષધ ભવ જે રોગના પણ કાયરને પ્રતિકૂળ.' જેના વીર્ય હીજડા જેવા-પાવૈયા જેવા હોય એને આવી વાતું સાંભળતા કંપારી લાગે. અરે! આ શું છે? બધો લોપ થઈ જાય છે વ્યવહારનો. સમજાય છે કાંઈ? એ વ્યવહારની પર્યાય તારામાં નથી. લોપ કરવો છે સાંભળને. આવી ચીજનું ભાન થાય ત્યારે પર્યાયને વ્યવહાર કહેવામાં આવે છે, નહિતર પર્યાયનો વ્યવહાર પણ ક્યાં હતો તારે! આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે આવો ખરેખર આત્મા. ભાષા વળી. આ ખરેખર એ આત્મા. ઓલો ત્રિકાળી ધ્રુવ એ ખરેખર આત્મા. અને એક સમયની એની અવસ્થા, ચાર પ્રકારના ભાવની એ ખરેખર આત્મા નહિ, એ ઔપચારિક આત્મા. ગજબ વાત છેને. વ્યવહારે આત્મા, એક સમયની દશા તે વ્યવહારનયનો વિષય. કેવળજ્ઞાન પણ સદ્ભૂતવ્યવહારનયનો વિષય, એટલે નિશ્ચયનો વિષય નથી. આહા..હા..! એવી અગમ્ય વાતું એને ગમ્ય કરવી અને ગમ્ય કરે એના છૂટકા છે સંસારના. બાકી કાંઈ ઉદ્ધાર છે નહિ. આહા..હા..! કહે છે આવો જે ભગવાન અતીન્દ્રિય સ્વભાવવાળો અનાદિ-અનંત અરૂપી શુદ્ધ સહજ પારિણામિકભાવ જેનો સ્વભાવ એવી ધ્રુવ ચીજ કારણ પ્રભુ તે ખરેખર આત્મા છે.

હવે પહેલું જે કહ્યું હતું. હેય એટલે ઉપાદેય નથી એમ કહ્યું હતું. સાત તત્ત્વનો સમૂહ ઉપાદેય નથી એમ કહ્યું હતું. પાઠમાં હેય હતું. હવે અહીંયાં પાઠમાં ઉપાદેય છે એ પહેલી વાત લઈ ગયા. પણ આ સિવાય ઉપાદેય બીજું નથી એમ કરીને અહીં અર્થ કરે છે. '**અતિ-આસન્ન ભવ્યજીવોને...**' અતિ આસન્ન જેની નજીકતા મોક્ષને પામવાની તૈયારી થઈ ગઈ છે. આહા..હા..! નિકટ જેને મોક્ષ વર્તે છે અલ્પકાળમાં. અતિ આસન્ન. અતિ એટલે ઘણું નિકટ છે. આસન્ન એટલે નિકટ. એવો ભવ્ય જીવ. '**એવા નિજપરમાત્મા સિવાય...**' અહીં તો હવે નિજપરમાત્મા પાછું, વળી કોઈ પરપરમાત્મા અરિહંત અને ભગવાન એ પૂજ્ય નહિ. આવા ભવ્યજીવનો અતિ નિકટ જેનો મોક્ષનો પર્યાય પ્રગટ થવાનો છે, સંસારનો કાંઠો આવી ગયો છે હવે. આહા..હા..! તેને આવા '**ભવ્યજીવોને એવા નિજપરમાત્મા સિવાય...**' આવો નિજપરમાત્મા જે કારણધ્રુવસ્વરૂપ, કારણપરમાત્મા નિત્યાનંદ એના સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી. આહા..હા..! એક ક્ષાયિકપર્યાય-ક્ષાયિકસમકિત પણ આદરણીય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ સિવાય. ઓલામાં હતું ઉપાદેય.. આવી ગઈ હતી, પણ પછી આ કીધુંને ... એનો અર્થ કર્યો કે કર્મના નિમિત્તના અભાવમાં જે દશા થાય એ દશાથી જુદો-ભિન્ન છે. એ આત્મા '**સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.**' કોઈ આદરણીય છે નહિ. આહા..હા..! ત્રિલોકના નાથ સર્વજ્ઞ સમવસરણમાં સાક્ષાત્ બિરાજે એ પણ અતીનિકટ ભવ્યજીવને એ પણ આદરણીય અને ઉપાદેય નથી. આહા..હા..! તારો ભગવાન નિજસ્વરૂપે બિરાજમાન અંતર. એ સિવાય

કાંઈ ઉપાદેય નથી. કાંઈ શબ્દ છેને. '**किंचित् न**' શબ્દ છે સંસ્કૃતમાં. '**न किंचिदुपादेयमस्तीति**' કાંઈપણ આદરણીય નથી. આહા..હા..! એક સમયનો પર્યાય, ક્ષાયિક પર્યાય. ચારિત્ર વીતરાગી પર્યાય પણ ઉપાદેય કિંચિત્ નથી. સમજાણું કાંઈ? એ ગાથાનો અર્થ થયો. સમજાણું? એનો કળશ છે.

'(**હવે ૩૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ...**' સંત છે. ભાવલિંગી નગ્નમુનિ દિગંબર વનવાસમાં વસનારા છે. જે સાચા સંત હોય એને શરીર સિવાય બીજું કાંઈ ન હોય. એ તો શ્રીમદ્‌માં આવ્યું છે ત્યારે આપણે.. છેને? આવ્યું હતુંને? દેહમાત્ર જેને પરિગ્રહ. એને વસ્ત્ર-પાત્ર પરિગ્રહ હોય અને સાધુ માને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. વસ્તુસ્થિતિ આ છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે જેને શરીરમાં તો પરિગ્રહ છે એવા મુનિરાજ. પોતે પોતાને કહ્યુંને? એવા '**મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ...**' પદ્મપ્રભમલધારિ મુનિ આ શ્લોક કહેશે. આ ગાથાનો સાર.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૪૦, પ્રવચન નં.૩૯૦

નિયમસાર શાસ્ત્ર છે. એની ૪૦મી ગાથા. ૩૯મી થઈ. અધિકાર મોક્ષમાર્ગનો છે. ત્યારે મોક્ષમાર્ગ એટલે? આત્મતત્ત્વ શુદ્ધ પરમાનંદ અને જ્ઞાનથી, સ્વભાવથી પૂર્ણ ભરેલું તત્ત્વ છે. એની વિકારની લાગણીઓ અને એની ... એનો સંબંધ અનાદિથી છે. એનો અભાવ થઈને આત્માના પૂર્ણાનંદની શાંતિની પ્રાપ્તિ પૂર્ણ થાય એને મુક્તદશા અથવા મોક્ષ કહે છે. એના ઉપાયનું કારણ અહીંયાં મોક્ષનો માર્ગ કહે છે.

તો કહે છે કે મોક્ષમાર્ગ આત્મામાં કઈ રીતે થાય? કે આ આત્મપદાર્થ તદ્દ્‌ન શુદ્ધ પવિત્ર ધામ છે. એવી અંતરમાં દૃષ્ટિ સ્વતંત્ર સ્વાધિન થઈને આત્માના અંદર પરમાનંદ મૂર્તિ એવો આત્માનો સ્વભાવ, એનો અંતર દૃષ્ટિ સ્વીકાર કરે. ... કોઈની પરની અપેક્ષા, કાળની અપેક્ષા કે વર્તમાન કોઈ રાગની-મંદતાની અપેક્ષા રાખીને એ દૃષ્ટિ થાય એવું વસ્તુનું સ્વરૂપ છે નહિ. એવી દૃષ્ટિ અંતરના અનુભવની થવી અને દૃષ્ટિનો વિષય કોણ છે કે જેની દૃષ્ટિના ધ્યેયમાં લેતા આત્માને અંતરની ધર્મદશા, શાંતદશા, સ્વતંત્ર અતીન્દ્રિય આનંદના વેદનનો અંશ આવે આ એની વાત ચાલે છે. ૮૦ ગાથા. કેવળ શુદ્ધતત્ત્વ છે આ. આ દેહમાં રહેલો આત્મા શુદ્ધ પદાર્થ. એની એક સમયની વર્તમાન વિકૃત અવસ્થા છોડીને. એ કાયમી અસલી તત્ત્વ કેવું છે એનું વર્ણન કરે છે. કેમ? કે આ અંતર તત્ત્વના આશ્રયે જ આત્માને મોક્ષનો માર્ગ

પ્રગટ થાય છે. ૪૦. જરી પ્રકૃતિની અહીં વાત છે.

**णो ठिदिबंधट्ठाणा पयडिट्ठाणा पदेसठाणा वा।।**
**णो अणुभागट्ठाणा जीवस्स ण उदयठाणा वा।।४०।।**

**સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,**
**અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.**

'**ટીકા :- અહીં (આ ગાથામાં)...**' ભગવાન આત્માના સ્વરૂપના સામર્થ્યની અંદર '**પ્રકૃતિબંધ,...**' ... કર્મ છે કર્મ .. આ આત્મા પોતાને ભૂલીને એ ભૂલનો આશ્રય અંતર તત્ત્વ હોઈ શકે. પોતામાં આનંદ અને શાંત અવિકારી વિજ્ઞાનઘન એ ભૂલના આધારે આશ્રયે રહી શકે. તેને આશ્રયે ભૂલ ન થાય. ભૂલ કરે પોતે જ. પણ એ ભૂલ બહિર્લક્ષી કોઈ બીજો પદાર્થ હોય. કોના લક્ષે ભૂલ કરે એ બહિર્લક્ષી કોણ છે? એ કર્મ છે. જે જીવ શુભાશુભભાવ, પુણ્ય અને પાપના ભાવ કરે એને નિમિત્ત પામીને રજકણો પ્રાપ્ત જે આત્માની જાતથી વિલક્ષણ જાતવાળા એ પરમાણુ ઝીણા રજકણો છે એમાં એ કર્મ અવસ્થા થાય છે. જેમ આ અવસ્થા માટીની, આ શરીરની અવસ્થા, માટીની અવસ્થા છે આ. પહેલી અવસ્થા દાળ, ભાત, રોટલીની હતી. રજકણો આ હતા. પણ પહેલી અવસ્થા એની દાળ, ભાત, રોટલી, શાકની હતી એ ..ની આ અવસ્થા થઈ. આ અવસ્થા કહો, હાલત કહો, પર્યાય કહો, દશા કહો. કોની? એના રજકણોની. જે શાંત રજકણ જે છે સૂક્ષ્મ. એ .. છેને? એની વર્તમાન કાર્ય દશા જે થાય છે. તો કાર્યનું કારણ જે કાયમનું તત્ત્વ જે હતું એને પરમાણુ કહેવામાં આવે છે. એ પરમાણુની જેમ આ અવસ્થા થાય એને શરીર કહેવામાં આવે છે. આ કાંઈ આત્માની અવસ્થા નથી. અવસ્થા નામ પર્યાય, પર્યાય નામ હાલત, હાલત નામ દશા. એમ એક અંતરમાં જેવા પ્રાણી શુભ અને અશુભભાવ કરે એના પ્રમાણમાં કર્મના નિમિત્ત રજકણો જે છે એ કર્મરૂપી અવસ્થાને પોતાની શક્તિથી ધારણ કરે, પોતાની શક્તિથી થાય એને કર્મદશા કહેવામાં આવે છે.

**શ્રોતા :-** કઠણ પડે એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઠણ પડે પણ હવે હળવે-હળવે ગળે ઉતારવું પડશે એને. લોકો નથી કહેતા? .. છે, કર્મ છે, .. કહે છે કે નહિ? સૂર્ય પણ છે. છે શું એ ચીજ? કાંઈ અસ્તિ છે કે નહિ? છે... છે... છે... એની હયાતી છે કે નહિ? તો હયાતી કઈ રીતે છે? અને એ હયાતી આત્મતત્ત્વની અંદર.. સિદ્ધ કરવું. પણ એ છે એ આમાં નથી એમ સિદ્ધ કરવું છે. તો એ છે શું એ? બહુ .. ઘણો ઉદ્યમ કરીએ પણ પ્રારબ્ધમાં હોય એ પ્રમાણે થાય. .. અસ્તિ છે કે નહિ? કોઈ ચીજ છે કે નહિ? સર્વજ્ઞ પરમાત્મા જેના જ્ઞાનના વિકાસમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં સર્વજ્ઞ ત્રણકાળ, ત્રણલોક એ પ્રકાશનો પૂંજમાં જણાય. એમાં એ કર્મની ચીજ પણ જણાવી કે આત્મા વસ્તુ તરીકે તો શુદ્ધ આનંદકંદ છે. પણ એની દશામાં

ભૂલ કરે તેવા .. ચીજ અને નિમિત્તરૂપે તેની ચીજ છે. કહો, પ્રકાશચંદજી! .. કે નહિ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્ત .. વસ્તુ છે. પણ શું એ વસ્તુ આત્માથી ભિન્ન કરાવી છે? એમ નથી. એને આત્મા ભિન્ન કરે તેથી આ કર્મની અવસ્થા અને કર્મપણે થવું પડે એમ પણ નહિ. નહિતર તો એ બીજાના કાર્ય કર્તા થાય એ વસ્તુની સ્થિતિમાં હોઈ શકે નહિ. જગતમાં સ્વયંસિદ્ધ એટલે .. પ્રારબ્ધ.. એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ દયાના ભાવ કરે કોઈ પ્રાણી. એ દયાના ભાવના પ્રકાર પણ અસંખ્ય પ્રકારના હોય છે એવી દયાનો ભાવ .. મંદતા, એવી મંદતર, એવી મંદતમ, એવી ઉગ્રતા, ઉગ્રતમ અને ઉગ્રત્તર એમાના ઘણા પ્રકાર દયાના, પરિણામના, એ દયાનો વિકલ્પ જે છે એમાં જેટલા પ્રકારના .. છે એટલા જ પ્રકારનું સામે કર્મ બંધાય છે. સમજાય છે કાંઈ? એમ જેટલા પ્રમાણમાં હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એના અસંખ્ય પ્રકાર છે. તારતમ્યતા હિનાધિકની દશામાં. એવા વિકારના પાપના હિનાધિકસ્વરૂપ... તો એમાં નિમિત્ત થઈને સામે કર્મના રજકણો ... પરિણમે એટલા જ પ્રકારની ત્યાં દશારૂપ .. હોય છે. પંડિતજી! આ ઝીણી વાત છે આ તો જરી. કર્મ સિદ્ધ કરીને .. કરે છેને. છે... છે... છે... એમ વસ્તુ ભગવાન આત્મા એની અંદર નથી. એણે કલ્પ્યું છે ભિન્ન. એ ભિન્નને .. લક્ષ કરવા એ .. છે. તો ... એ તત્ત્વ આત્માને ભિન્ન કરાવતું નથી. કરાવે તો એ તત્ત્વ કાર્ય કર્તા થઈ જાય અને .. થઈ જાય. એ આત્માનો અધિકાર.. એમ છતાં .. થઈ શકે નહિ.

એટલે અહીંયાં કહે છે કે ભગવાન આત્મા ચૈતન્યજ્યોત પૂર્ણાનંદ પ્રભુ અનાદિ-અનંત એવી જે તત્ત્વના પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ એના પ્રકારે પ્રકૃતિ જડમાં છે અને ઉદયમાં એના પ્રગટ થવાના પ્રકાર તો એના સત્તામાં છે અને એ થવાનો પ્રકાર છે, એ જીવમાં નથી. ભગવાન જ્ઞાનમૂર્તિ પર્યાયની દૃષ્ટિ અને આત્મા ... છે અને એ પરમજીવ છે એ આત્માને જીવ કરાવતો નથી. જુઓ, કહે છેને. શું કરીએ અમે? અમને કર્મ નડે છે. કર્મનો ભાગ આવે એ પ્રમાણે જીવનો વિકાર કરવો પડે. મૂઢ છો? કોણે કહ્યું એમ તને? ... જે પ્રકારનું જીવતર એટલા પ્રકારના .. નિમિત્ત કહેવામાં આવે છે. એ વસ્તુ તને વિકાર કરાવે એમ ત્રણકાળ, ત્રણલોકમાં બનતું નથી. કર્મની ક્રિયા આ જીવની પણ સ્વતંત્રનો સ્વીકાર જેને ન હોય એને જીવ.. ચિદાનંદ મૂર્તિ છે. ... વ્યક્તના પ્રગટ વિકાર ... એને પુણ્ય કરે તો કરે અને .. ન કરે તો ન કરે એવી જ્યાં દૃષ્ટિ છે એને પ્રગટ વિકારની સ્વંત્રતા .. સ્વીકાર નથી એને અપ્રગટ .. મૂર્તિ એની પ્રતીત કોઈ રીતે થઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ માટે આ ગાથા લીધી છે. એ છે ખરી ચીજ.

શું કહે છે જુઓ, '**સદા નિરુપરાગ જેનું સ્વરૂપ છે...**' પહેલી લીટી. કેવો છે પ્રભુ આત્મા? સદા નિરૂપરાગ, ઉપરાગ નામ નિરૂપરાગ જેનું સ્વરૂપ છે. એમાં જે આત્મસ્વરૂપ

તેનું પરમાત્મસ્વરૂપ .. વર્તમાન વિકૃત દશા થયા વિના એને અહીંયાં સદા નિરૂપરાગતત્ત્વ કહેવામાં આવે છે. એનો નીચે અર્થ છે જરી. '**નિરૂપરાગ...**' છેને? નિસર્ગ છે. નિઃ ઉપરાગમ શબ્દ છે. ઉપરાગ વિનાનો. ઉપરાગ કોઈ પદાર્થમાં .. ઉપાધિરહિત .. છતાં ઉપા.. અનુરૂપ સામે ચીજ છે તેને અનુરૂપ વિકારીભાવ, ઉપાધિભાવ, વિકારની મલિનતા તેને વીતરાગ કહેવામાં આવે છે. શું કીધું આ?

જેમ સ્ફટિક. સ્ફટિક. એ તો સફેદ ધોળું .. છે. પણ એની વર્તમાન દશામાં ચાહે એને ... નિમિત્ત એને અનુરૂપ. એ અંદરમાં એને અનુરૂપ, કાળી હોય તો કાળા રંગની ઝાંય થવાની પોતાની યોગ્યતા અને કાળામાં એ રંગનું નિમિત્ત ... ફૂલ. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા .. આમાં ..આવે છે ભાઈ દાખલો. 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, જેમ નિર્મળતા રે સ્ફટિક તણી તેમ જ જીવ સ્વભાવ રે, શ્રી જિન વિરે ધર્મ પ્રકાશિયો. શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે... શ્રી જિનવરે ધર્મ પ્રકાશિયો, પ્રબળકષાય અભાવ રે.' શું કહ્યું? નિર્મળ સ્ફટિકરત્ન જેમ છે એવા ભગવાન નિરૂપરાગ છે. ઉપરાગની મલિનતા વિનાનો. એ જેમ સ્ફટિકમાં કાળા, રાતા ફૂલનું નિમિત્ત અને પોતાની યોગ્યતાના કાળી, રાતી ઝાંય એને મલિનપણે, મલિનપણે, પોતાની જેટલા ..પણે નિમિત્તના સંબંધમાં આ... પણે એને ઉપરાગ નામ મેલ કહેવામાં આવે છે. .. કીધુંને? વીતરાગ એ જ પદાર્થનો એટલે નિમિત્તે... જે કાળા અને રાતાનું નિમિત્ત છતો ઉપાધિનો.. કાળા રાતાના ઉપાધિના વિકારીભાવ તેને ઉપરાગ કહેવામાં આવે છે. કહો, સમજાણું? એમ ભગવાન આત્મા જ્ઞાનપ્રકાશ .. એમાં એ કર્મરજકણો જે .. ઝેર છે માટી .. તત્ત્વ છે એને એ અનુરૂપ એટલે કે જે જ્ઞાનાવરણીય પ્રકૃતિ હોય તો .. જ્ઞાનની હીનતા જે .. એવી નિમિત્તમાં અનુરૂપ છે.

જ્ઞાનાવરણીયના .. રાગની નિમિત્ત થાય એ એવું એને નથી. શું કહે છે? સમજાય છે આમાં કાંઈ? એક .. નિમિત્ત છે ઉપાધિ, એને અનુરૂપ એટલે તેમાં નિમિત્તની યોગ્યતા પ્રમાણે .. થાય છે. આત્માનો પોતાનો અપરાધ જ્ઞાનની હીણી દશા, દર્શનની હીણી દશા, વિપરીતદશા ... સમજાય છે કાંઈ? એમાં આત્માના આનંદની .. દશા એને નિમિત્તરૂપે.. એને .. અનેકરૂપે .. તો કહે છે કે '**નિરૂપરાગ જેનું સ્વરૂપ છે...**' ઉપરાગ નામ મલિનપણાનો સ્વીકાર સ્વરૂપમાં નથી. '**એવા નિરંજન (નિર્દોષ) નિજપરમાત્મતત્ત્વને...**' એવા નિરંજન, નિર્દોષ નિજપરમાત્મા. .. બીજા કરવા છે, ત્રીજા થયા.. એ એમાં થયા એ તને મદદ કરે એમ છે નહિ. સમજાણું કાંઈ? નિજપરમાત્મતત્ત્વ સ્વરૂપ આત્મતત્ત્વ... એ આત્માની બહિરાત્મદશા, અંતરાત્મદશા અને પરમાત્મા.. છે. જે દશાથી પાર એવું પરમ આત્મતત્ત્વ જે ત્રિકાળી રહે તેને પરમાત્મતત્ત્વ કહેવામાં આવે છે. કહો, મોહનભાઈ! સમજાય છે આ?

**શ્રોતા :-** આપ સમજાવાનું નિમિત્ત તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ સમજાય છે તો પાછળથી કહેવાય છે આ કે ભગવાન આત્મા.

આહા..હા..! એની ભૂલ કેમ થાય છે એની ખબર ન મળે. હવે એ ભૂલ ક્યારે ટળી શકે? અહીં ટાળવી તારે. અરે! કર્મે હેરાન કર્યા... કર્મે હેરાન કર્યા... મારી નાખ્યા. અને કર્મ ... જેવો કર્મનો ઉદય આવે એવો જ કર્મમાં વિકાર જીવને કરવો પડે. ડિગ્રી ટુ ડિગ્રી. ભગવાન! તને કોણે કહ્યું એવું? એ તારી માન્યતાની વિપરીતતાની દૃઢતા .. છે. કર્મથી વિકાર થાય એમ છે નહિ. એક સત્વનું અસ્તિત્વ કીધું અને વિકારનું અસ્તિત્વ તારી દશામાં તેનાથી જુદું. સમજાય છે કાંઈ? નવનીતભાઈ! આ કર્મની પ્રકૃતિના બંધ છે જગતના. એમ રાડું પાડે છે. અમે શું કરીએ? કેટલી સ્થિતિમાં કર્મ બંધાય. શેમાં પણ? આ તો જડમાં .. કહેશે. જડમાં મર્યાદા પરિસ્થિતિની .. એક લાડવો છે લાડવો. .. લાડવો બનાવ્યો તો .. લાડવો એની પ્રકૃતિ .. અનુકૂળ થવું એ જે પ્રકૃતિ ..ના લાડવાની .. મીઠાશ પ્રકૃતિ કહેવાય. એની ... લાડવાની સ્થિતિ કહેવાય. એના પરમાણુનું દળ કેટલું? દળ કેટલો એને પ્રદેશ કહેવાય અને એ પરમાણુના અનુભાગ ફળ દેવાની શક્તિરૂપ .. .. એને .. કહેવાય.

એમ ..માં એ કર્મ બંધાય ભાવ તો એને પોતાનો હતો. 'અપને કો આપ ભૂલકે હેરાન હો ગયા.' ભગવાન પોતાની ચિદાનંદ શક્તિ કેટલો આનંદમાં.. એક ભૂલનું નિમિત્ત અને કર્મના રજકણોમાં કર્મ થવાની લાયકાત. એની લાયકાતમાં ચાર પ્રકાર, લાડવાના ચાર પ્રકાર એમ એમાં ચાર પ્રકાર છે. એ અસ્તિ.. આપણે વધારે નથી લેતા. નહિતર ગાથાદીઠ એ અસ્તિ સિદ્ધ કરે છે અને એ અસ્તિ આમાં નથી એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વ્યવહાર સિદ્ધ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર સિદ્ધ કરે છે અને પછી ઉડાડે છે આત્મામાંથી. નિમિત્ત સિદ્ધ કરે છે કે આ છે .. આત્માની અંદર નથી. હોય તો એ નથી એમ થઈ શકે. ન હોય એનું નથી શું કરવું? એ પહેલી ચીજ છે. છે એમ સિદ્ધ કરાવ્યું. .. ચૈતન્ય જ્યોત .. જેટલામાં ઉઠે એટલામાં કર્મના રજકણોની અવસ્થા પામેલા પુદ્ગલો એટલામાં છે, ત્યાં છે એમ તારી તત્ત્વની જાતથી જુદાં છે. એ જુદાંને .. એ ત્રણ કાળમાં બનતું નથી. શું કરીએ? એક જણો કહેતો હતો. કર્મના ... ભાઈ! પૈસા થયા પૈસા ચાલી લાખ રૂપિયા. બે ... પરણ્યો.. .. મહારાજ કહે છે તો ધર્મ... સાંભળને એ આ પૈસા લેવા ક્યા ગયો... ધર્મ સમજ્યા.. એવું .. મટી જાય. .. તકરાર વિચારવામાં. .. ... ૫૦-૬૦ લાખ, પણ આ.. નહિતર ચાલ્યા જશો ચોર્યાસીના ઓલામાં. પણ પૈસા થયા ... વાંધા ઉઠ્યા પૈસા આવ્યા. એમ આ ધર્મમાં આત્માને ... .. રતિભાઈ!

એ પ્રારબ્ધ પૂર્વનું પુણ્ય હોય છે એને પ્રાપ્ત થાય તો એ કર્મ છે નિમિત્ત ..આદિ. પ્રકૃતિથી બંધાયેલું. .. શુભભાવ હોય, શુભ હોય તે દયા, દાનમાં શુભ. એના નિમિત્ત તરીકે પુણ્ય ત્યાં બંધાય રજકણો. એ રજકણનો પાકનો કાળ હોય એ .. અને પ્રાપ્ત થઈ જાય. બે નિમિત્ત અને તે .. નાખે. એવી એ .. સ્થિતિની મુદ્દત છે. એમ જીવનો આત્માના જેવા પરિણામ

હોય, શુભાશુભ પરિણામ હોય એવા કર્મની સ્થિતિની મુદતનું કર્મ કરે એવો કર્મ.. પોતાનો સ્વભાવ છે અને એ અમુક કાળે જ પાકે છે. એને અમુક કાળે .. બને? ઓહો..! જુઓ, ભાઈ! અમે આ .. પરમાણુની નિમિત્ત હતું અને બીજી ચીજ આવવાની હતી ત્યારે એને નિમિત્ત.. એલા એ .. નહિ. ..ભાઈ! .. પૈસા?

શ્રોતા :- નિમિત્ત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તે કીધું એટલે... ના, ના; એ પૂર્વના સાતાનો ઉદય એ તો નિમિત્તમાત્ર છે. પણ એ રજકણોનું દળ જે ઉપાદાન.. કર્મના .. થાતા થાતા પ્રવાહની .. થાય. આ તે કાંઈ. જેને પહેલું નિમિત્ત છે તે નિમિત્ત પણ .. ખેંચી લાવે એમ ત્રણકાળ, ત્રણલોકમાં બનતું નથી. એવી વસ્તુની સ્થિતિ એમાં કર્મનું નિમિત્ત છે. એ નિમિત્ત આત્માનું .. કરે ત્યારે તેને નિમિત્ત વસ્તુ સામી છે. એ .. કરે તો. નહિતર .. નથી. .. પણ એક વસ્તુ છે. પ્રાપ્ત છે. .. આ પ્રકાર છે. જેમ .. .. અને એના થવી, પણ .. અનંત. 'કર્મ અનંત પ્રકારના તેમાં મુખ્યે આઠ' શ્રીમદ્ કહે છેને આત્મસિદ્ધિમાં? 'કર્મ અનંત પ્રકારના તેમાં મુખ્ય આઠ,... તરાય તે સંસાર.' ૨૯ વર્ષે આત્મસિદ્ધિ બનાવી છે છતાં આમ કહ્યું ભાઈ! પણ તારામાં અનંત મહિમા છે એક તત્ત્વનો. અને એની એક નાની ભૂલ થવામાં પણ અનંતા રજકણોનું નિમિત્ત છે એકલું નિમિત્ત .. અત્યારે તો. ભાઈ!

એક જૂનાગઢનો હતો કોઈ હતો મોટો. આવ્યો હતો. ૧૫-૨૦ વર્ષ પહેલાંની વાત છેને. ... ... પણ છેવટે સરકારે કહ્યું કે એમની મશ્કરી ... છેને .. નહિતર ઉભો થાશે તો મારી નાખશે આ હીજડાને. .. આવ્યો. .. કરે છે એ તાકાત બતાવે છે એ .. ..ની તાકાત બતાવે છે. એમ એક રજકણ બે છે વસ્તુ એવા અનંતા રજકણના દ્રવ્ય વસ્તુ જીવ ભૂલ કરે તેથી એના નિમિત્તપણે આત્મા અનંત.. કર્યો છે એટલી આત્માની .. છે. સમજાણું કાંઈ? નવરંગભાઈ! એ વાત ... એમ જ છે. બાદશાહ ચિદાનંદ પ્રભુ છે. .. થાય છે ભૂલ કરે છે એ દયા, દાન, પુણ્ય-પાપના વિકલ્પો મારા, આ દેહાદિ મારા એવી ભૂલનો પણ નાની એવી ભૂલમાં અનંતા દ્રવ્યની વર્તમાન પર્યાય, એનો વિપાક, કર્મનો પાક એને નિમિત્ત થાય એ એના સામર્થ્યની વિશેષતા બતાવે છે. ... માટે .. કોણ છે? નિરૂપરાગતત્ત્વ છે. તેમાં મલિનતા નથી. મલિનતા સિદ્ધ કરવી છે, પ્રકૃતિનું નિમિત્તપણું સિદ્ધ કરવું છે અને મલિન અને પ્રકૃતિ ત્રિકાળતત્ત્વની અંદર છે નહિ. ક્યાંય .. ધર્મ થાય. સમજાણું કાંઈ? વાત તો ભાઈ ઝીણી આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી શ્રુતજ્ઞાનના .. સિદ્ધ થઈ શકે એવી અને જ્ઞાનમાં જ્ઞેય આવી જાય એવી આ વાત છે. ... એના ખ્યાલમાં આવી જાય. એ જાતનો અભ્યાસ નહિ, પ્રકૃતિ શું, આત્મા શું? એમ ને એમ પ્રકૃતિ... માયા છે. શું પણ માયા છે? સમજાણું કાંઈ?

છે શું એ? એના અસ્તિત્વતત્ત્વનું સ્વરૂપ શું? ભગવાન સર્વજ્ઞ જે કહે છે એ નિરૂપરાગ ભગવાન નિજ આત્મ **'પરમાત્મતત્ત્વને ખરેખર દ્રવ્યકર્મના જઘન્ય,...'** જઘન્ય શબ્દ

આવે છેને. ગુજરાતીમાં છેને. ઓછામાં ઓછી સ્થિતિ. '**મધ્યમ,...**' એટલે વચલી સ્થિતિ. '**ઉત્કૃષ્ટ...**' એટલે ઘણી સ્થિતિ એવા '**સ્થિતિબંધના સ્થાનો...**' પ્રકૃતિમાં છે, પ્રકૃતિમાં અંદર છે, પણ એ આત્માની અંદર છે નહિ. એક ઋષિ કહેતો, ઓહો..હો..! ૭૦ ક્રોડાક્રોડીની સ્થિતિ આવે છેને કર્મની? શાસ્ત્રમાં આવે છે. એમ કર્મની મુદત. ઓહો..હો..! ૭૦ ક્રોડાક્રોડી. એ બધી સિદ્ધ અત્યારે ન થાય એ તો જ્યારે .. ૭૦ની મુદત છે. પણ ૭૦ ક્રોડાક્રોડી.. પુણ્ય કેટલા ક્રોડાક્રોડી .. તો. અનંતા અનંત ક્રોડાક્રોડી કાળનો આત્મા હવે કર્મની સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડી તને ક્યાં નડતી હતી અંદર? હિંમતભાઈ! આ બધા શીખેને. પહેલું કામ શીખેને શું કહેવાય? પરમબ્રહ્મ. એમાં આ લખ્યું. .. એ તારી ચીજમાં નથી શું કરવું છે? તારી ચીજમાં નથી, એની ચીજમાં છે તો વિકાર કર તો વીતરાગ .. એ નિમિત્તને અનુરૂપ તને તારા કારણે થાય અને એ નિમિત્તની સામે અનુકૂળ નિમિત્ત એવું હોય છે. એમ સિદ્ધ કરી અને જ્ઞાન કરાવીને આત્માને દ્રવ્યથી .. કરે છે. સમજાણું કાંઈ?

એ '**સ્થિતિબંધના...**' સ્થિતિ એટલે મુદત. એની મુદત એ '**સ્થાનો જીવના નથી.**' ભગવાન એ .. ચીદ છે. જેમ પાણી .. એને .. એમ ભગવાન નિરવીતરાગતત્ત્વ એનું નિર્મળતત્ત્વ, એની વર્તમાન મલિનદશા એનું નિમિત્ત જે કર્મ એ કર્મ એને નથી. કર્મ .. પણ છે નહિ. એવા કર્મના .. તત્ત્વને અંતર દૃષ્ટિ કરવી અને અંતરના ધ્યેયમાં લક્ષમાં આત્માને કરવો આ એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ધર્મ છે.

**શ્રોતા :–** ..મુદત કેટલા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મુદત અંતર્મુહૂર્ત. સમયસાર અમૃતચંદ્રાચાર્યે છ મહિનાની મુદત કરી છે. એક હજારમાં .. રહ્યા કરે તો છ મહિને થયા વિના તને રહે નહિ જાવ. એ પણ ઝાઝામાં ઝાઝો કાળ અંતર્મુહૂર્તનો છે. અંતર્મુહૂર્ત... થાયને .. શું કીધું? પહેલી .. ૪૮ મિનિટનો બે ઘડી, બે ઘડી .. એની અંદર, એની અંદર ભગવાન ચિદાનંદની રમણતા એક સમયથી .. બીજા અસંખ્ય સમય સુધી એજ ઘોલન, એજ ઘોલન, એજ રટણ. એક જ રટણની... સમજાણું?

દાખલો આપે છેને ભમરાનો. ઈયળ ભમરી થઈ જાય. એ તો દાખલો છે. આ ઈયળું નથી ઈયળું? ભમરી એવી લાગે છે જંગલમાંથી. પછી દરમાં નાખે. ડંખ મારે ડંખ. અમુક કાળે .. ભમરી થઈ જાય. એ ભમરી થઈ જાય. છે તો જુદી જ હોં. પણ આ તો દૃષ્ટાંતમાં. આવે છેને, ભાઈ! આ દૃષ્ટાંત. એમ ભગવાન આત્મા.. એટલી વાત છે. અખંડાનંદ પ્રભુ શુદ્ધ એની ભમરીની જેમ ધૂન લગાવે ..માં શરીર નહિ, કર્મ નહિ, રંગ નહિ, પુણ્ય-પાપના વિકલ્પો.. નહિ અસંખ્ય સમયનો .. પરમાત્માની.. પરમાત્માની .. આ પરમાત્મતત્ત્વ કીધુંને? પરમાત્મતત્ત્વ પરમ આત્મસ્વરૂપ, પરમ આત્મસ્વરૂપ. પોતાના .. વાત છે હોં. પર્યાયની વાત નથી. એવા તત્ત્વની અંદર આ કર્મની સ્થિતિની મુદત એમાં રહે છે. ભગવાન આત્મા અનાદિ-અનંત છે. એમાં સ્થિતિ-બિતિ છે નહિ. કહો, સમજાણું આમાં કાંઈ? હવે ક્યારે સ્થિતિ કર્મની

પૂરી થાય? પણ હતી કે દિ' તારામાં? તે પૂરી થાય. શરૂઆત કરી હોય .. મારામાં શરૂઆત કરી હોય પૂરી થાય. છે જ નહિ તારી ચીજમાં. જ્ઞાનાનંદ પ્રભુ એ કર્મની મુદત ચીજ ખાલી અનાદિ-અનંત અક્ષય સ્થિતિવાળો છે. સમજાણું કાંઈ? કહો, ડૉક્ટર સમજાય છે કે નહિ આમાં? આમાં સમજાય છે કે નહિ? શું કીધું?

'**જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ...**' હવે બીજી પ્રકૃતિની વાત કરે છે. .. શૈલીથી જુદી વાત કરે છે. એ આઠ કર્મ છેને અંદર? આત્માની જ્ઞાન શક્તિ છે કે નહિ? પણ એવી વર્તમાન દશામાં એ જ્ઞાનાવરણીય નિમિત્ત અને એને અનુરૂપ પોતાની હીણી દશાનું પોતાથી થવું તેને જ્ઞાનની હીણી દશા અશુદ્ધ ઉપાદાનની વર્તમાનમાં પોતાના કારણે હીણો થઈ રહ્યો છે. એ હીણા થવાના એ પ્રકૃતિનું જે નિમિત્ત છે એને જ્ઞાનાવરણીય કહેવામાં આવે છે. એમ આઠેય પ્રકૃતિ છે આઠેય. દર્શનાવરણીય,... '**જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોમાંના...**' આઠ પ્રકારના જડ કર્મ છે. .. 'કર્મ અનંત પ્રકારના તેમાં મુખ્યે આઠ.' એક જ્ઞાનાવરણીય, એક દર્શનાવરણીય, એક .. એક આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય .. આઠ પ્રકૃતિ આઠ પ્રકારના રજકણોની જાત છે. એમાં પ્રકૃતિ .. ભિન્ન-ભિન્ન તેના સ્વભાવ છે. એ અહીં કહે છે.

એ આઠ પ્રકારના '**કર્મોમાંના તે તે કર્મને યોગ્ય...**' જ્ઞાનાવરણીય જ્ઞાનનો સ્વભાવ. જ્ઞાનનો .. થવા કાળનો નિમિત્ત થવાનો સ્વભાવ, દર્શન ઉપયોગમાં હીણા થવાના કાળમાં નિમિત્ત થવાના સ્વભાવ એટલે હીણો થયો .. અને નિમિત્ત તે તેને અનુકૂળ. એવો જેને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે એ ત્રિકાળ તત્ત્વની અંદર નથી. સમજાણું કાંઈ? આ રીતે છે એમ પહેલું જ્ઞાન કરાવે છે. એવી રીતે જેમ છે એનું જ્ઞાન ન થાય તો ત્રિકાળ દ્રવ્યમાં આ નથી એ નાસ્તિમાં.. ન થઈ શકે. સમજાણું કાંઈ? ભાઈ! એને અભ્યાસ જોઈએ એને મનુષ્યપણું મળ્યું છે શાશ્વતું. કહે છે. એને તત્ત્વના નિર્ણય ક્ષયોપશમ શક્તિ તો પ્રાપ્ત છે. પણ એ ઉપયોગ .. ઉપયોગ એને લગાડે તો .. આહા..હા..! બીજાને લગાડે .. એમ કહે છે અહીંયાં. પણ આમાં અંદર ધીરૂભાઈ! આ તો દાખલો હોં. બીજા બધાને .. છે.

.. એને વિકાર તો છે, પણ .. કાર્યગત શેમાં કરવો? આ .. નિર્ણય ન કરી શકે. .. અભિપ્રાય. આનું આમ થાય... આનું આમ થાય... .. કેટલાક એમ અર્થ લગાવે. હિંમતભાઈ! .. સમજાય છે? એક જ વાત.. ... માથુ મારે. ગમે તે વાતમાં. ... ... આમ થાય. મારા બધામાં ડહાપણ કરે .. એમાં પણ આ આત્મા શું છે? બફમ... બફમ... બફમ... 'પરખ્યા માણેક મોતીયા પરખ્યા હેમ કપુર પણ એક ન પરખ્યો આત્મા ત્યાં રહ્યો ..' .. પરખ્યા. .. આનું આમ.. આનું આમ.. .. ફલાણું આમ કરે, ઢીંકણું આમ કરે. રસીયા આમ થાય, રોટલી આમ થાય, માલપુવા આમ થાય, ઢેબરા આમ થાય. માલપુવા .. સરખું .. એક એક વાતે ... કેટલું બધું. ડૉક્ટર .. સમજી લેવું. આનું આમ હોય, આનું આમ હોય. કેટલા.. મોટા-મોટા ડૉક્ટર. ધીરૂભાઈ! આ .. છેને ..ભાઈ! મોટાભાઈ .. મરી જાય છે. .. હવે

.. એ પોતાની ... છે. ચંદુભાઈ! ખબર છેને? કહો, સમજાણું આમાં?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રુચિ નથી. કીધુંને પહેલું. આ જો. એવા આત્માની રુચિ કેમ કરતો નથી? એવા આત્માની .. રુચિ કરતો નથી, પ્રમાણ બેસતું નથી. એને પ્રમાણ બેસે છે આ .. ધર્મનો.

**શ્રોતા :-** કારણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કારણ અજ્ઞાન... કારણ મળે. કરે કર્તા થઈને એને કારણ છે. અજ્ઞાનપણે રુચિ .. કરે કર્તા થઈને એને કારણ શું? ... ... કરીને. આ મમતા બંધાણી છે એની. એ જીવના કારણમાં.. જીવને ... પણ . આહા..હા..!

કહે છે કે કર્મ છે જડ એના આઠ પ્રકાર છે. એની પેટા ભેદ ૪૮ છે. દરેક પુદ્‌ગલ દ્રવ્યનો સ્વ આકાર. જુઓ, આ ભાષા એની સ્વતંત્ર છે. એ પુદ્‌ગલ પરમાણુમાં આકાર એટલે એનો સ્વભાવ, આકાર એટલે એનું સ્વરૂપ, એ આઠ પ્રકૃતિનું સ્વરૂપ, એમ પ્રકૃતિનો સ્વભાવ, સ્વભાવ, એનું સ્વરૂપ, એને .. કહી દીધું છે. સમજાણું કાંઈ આમાં? ઓલું કીધું હતુંને ઓલું લાડવાનું નહોતું કીધું? લાડવામાં. ... ... વગેરે.. વગેરે... એમ આઠ કર્મની પ્રકૃતિઓ જડ છે એમાં દરેક આત્મા પ્રકૃતિ એટલે સ્વભાવ છે. એનો સ્વભાવ. આત્મા ઉલટી દશા કરે પોતાથી. ત્યારે તેને એ નિમિત્ત ચીજ છે એમાં એની પ્રકૃતિમાં, એના સ્વભાવમાં એના આકાર નામ પ્રકૃતિ જેને કહે છે એ .. છે. ઓહો..હો..!

**'તેના સ્થાનો (નિરંજન નિજપરમાત્મતત્ત્વને) નથી.'** એટલા બધા પ્રકાર .. જડમાં હો એ ચૈતન્યપણે સચ્ચિદાનંદ મૂર્તિ એમ .. એ નિમિત્તનો આધાર છે. હવે એને .. અમારે પ્રકૃતિ.. શું કરવું ભાઈ! ઓલી દુનિયા નથી કહેતી? પ્રકૃતિનું ... એમ કહે છે. અરે! પ્રકૃતિનો .. છે સાંભળને મારા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુદો જ છે. એ પ્રકૃતિનો .. એમ કહે છે. એક ક્ષણમાં. કીધુંને. .. દાખલો નથી આવતો? .. નું નિમિત્ત પામીને .. એનો આકાર પોતાનો. એને અનુરૂપ. નિમિત્તને અનુરૂપ. કારણ કે અગ્નિને અનુરૂપ ઉષ્ણતા છે અને ઉષ્ણતાને અનુરૂપ અગ્નિ છે. એટલે નિમિત્ત .. પોતપોતાને કારણે, પોતપોતાના અસ્તિત્વથી નહિતર તો કર્તા-કર્મ થઈ જાય. એ અત્યારે નથી. એટલે કે પાણીની ઉષ્ણતા છે એનું નિમિત્ત .. પણ ઉષ્ણતા થઈ અગ્નિના નિમિત્તે. છતાં એ ઉષ્ણતાને કાળે પણ એમાં શીતળતા છે. એ અધમણ પાણી ખદબદ.. એને શું કહેવાય? .. કરવું એ? .. ચોખા નાખેને. .. ચોખા ચડી જાય. ... એમ એજ કાળે એને અગ્નિ ઉપર નાખો ... એમ નિમિત્ત-નૈમિત્તિકનો સ્વભાવ. ઉનું પાણી અગ્નિમાં નાખે તો? ... ભગવાન આત્મા શીતળ અવિકારી શાંતરસ આનંદની મૂર્તિ છે. એ .. પાણીમાં

ઉષ્ણતા વિકૃત છે એમ એની દશામાં વિકારની વિકૃતિ .. છે. એને નિમિત્ત એ કર્મ છે. એ નિમિત્તના લક્ષે, સ્વભાવનું લક્ષ છોડીને .. કરે એ જ આત્મા એક ક્ષણમાં ચૈતન્યની સંભાળ અંદરથી કરે, વિકારનો નાશ એની સાથે આઠેય કર્મનો નાશ અંતર્મુહૂર્તમાં થઈ જાય. એવી એનામાં તાકાત .. છે. સમજાણું કાંઈ? એને ભરોસો આવતો નથી. .. એક બીડી વિના ચાલે નહિ. તમાકુ હોય તો... તમાકુ.. ... .... એ નાખે ત્યારે ધૂળમાં. પણ .. કરને આખો. એમ આ તમાકુ એક પાયો .. હવે એ .. આહા..હા..! આ શરીર પણ .. કેટલાના ભાગમાં વેચાઈ ગયો..

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી થતી એને દરકાર નથી. એને ભૂલ કરવા માટે રસ ને પ્રેમ .. એને પ્રેમ નથી. ભૂલ ટાળવાનો પ્રેમ કરે અને ભૂલ રહે એમ ત્રણકાળમાં છે નહિ. સમજાણું કાંઈ? બંધાણ હતું ભાઈ બહુ બંધાણી. એક હતો .. બીજો મરી ગયો. શું કહેવાય? વ્યસન. અફીણનું બહુ. એક .. પછી રાગ તો છે. એટલે જ્યારે ઝાઝા માણસ ન હોય ત્યારે .. રાગ રહે હજી. ... બાયડી હોય, છોકરા હોય, ફલાણું હોય, મકાન હોય, .. હોય, રાગનો .. આ એક જ રહે. એટલે આખો ... એમાં એની છોડી સાત વર્ષની અફીણની.. ઘણા વર્ષથી. મરી ગયા. મરીને બાળવા ગયા. બાળીને જ્યાં આવ્યા એટલે કે ભાઈ! આ બધા આવે છે.. અરે! આ જેના ઉપર મારો આખો રાગ એ એક જ ચીજ.. એના વિના હવે ચાલશે કે નહિ? તો હવે આ .. ડાબલી હતી. આજથી જાવજીવ સુધી અફીણ લેવું નહિ. પણ .. આના વિના ચાલે તો અફીણ વિના ન ચાલે એમ કોણ કહે છે? નવરંગભાઈ! એમ જીવને એ મારી ચીજમાં અરે! હું તે કોણ છું? મારા વખાણ કરતાં વાણીમાં પૂરા નથી. .. શું કહીએ? એ શું કહીએ? એ સચ્ચિદાનંદ પ્રભુના સ્વભાવનું માહાત્મય એની પ્રગટદશાની તો શું વાત? પણ એ પ્રગટમાં ભાનમાં પડેલો .. એવો પરમાત્મસ્વભાવ પોતાનો સ્ફટિકરત્ન .. છે. સર્વજ્ઞની વાણીમાં પણ પૂરું આવી શક્યું નથી.

**શ્રોતા :-** અનુભવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ અનુભવ તે દિ' .. મોકલશે ક્યા? આ શું કહ્યું છે જુઓને. .. તમને પૂછયું. ... ... બતાવો. ઘીનો સ્વાદ ગળથુથીમાંથી આપ્યો છે. મેલ કાઢવા આપે છેને પહેલો? ગળથુથી નથી કહેતા? શું કહે છે? એ તમારે શું કહે છે? એ તમારે બીજી ભાષા હોય. એ જન્મઘુંટી. એ જન્મઘુંટી છે તમારે. અમારે અહીં ગળથુંથી કહે છે. ગુજરાતમાં કાઠિયાવાડમાં ઓલું છોકરું આવેને તો એ મેલ હોયને .. એ જરી ઘી ને ગોળ આપે એટલે દસ્ત.. હવે આ ઘીનો સ્વાદ ગળથુથી અત્યાર સુધી ચાંટ્યો છે ૫૦-૬૦-૬૦ વર્ષ. લાવો રે ઘીનો સ્વાદની મીઠાશ જગતને કોઈ પદાર્થની હોય.. મીઠાશ બીજાને ... ...ભાઈ!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ તો જાણે તે માને. બાકી બધા .. સમજાય છે કાંઈ? કહે છે એ તો વાત અનુભવગમ્ય એના ઈશારા થાય. શું કહે? એ તો .. સમજાય છે? ..ઘણીવાર દાખલો બીજો આપું સાધારણ કે આ તીખા છેને તીખા છેને કાળા-ધોળા તીખા. તીખા ક્યા કહતે હૈ, ચંદુભાઈ! મરી કાળી ઊંચી, કાળી ઊંચી, ધોળી ઊંચી અમારે તો ઊંચી મરચાને કહે હોં. તમારે એને કહે છે. મરચાની પણ જુદી જાતના આવે છે. .. મરચા ને લવીંગ્યા મરચા ઘણી જાતના આવે છેને. ... હવે એ સ્વાદનો, મરીના સ્વાદમાં ફેર હોય. સ્વાદના જાણનારને ખ્યાલ હોય કે આ સ્વાદમાં ફેર છે. .. કહી ન શકે સ્વાદમાં ફેર છે. ફેર છે... ફેર છે... ફેર છે... ...

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- .. દેખે તો સ્વાદ શી રીતે દેખાડે? સ્વાદનું કોણ માપ કરે? એ તો ચીજ બતાવી. ચીજ વસ્તુ. પણ એમાં સ્વાદ જે રસ છે એ રસનું માપ કેમ નથી આવ્યું? એ રસનો જે જાણનાર .. તીખાના મરચાના સ્વાદમાં એ .. બીજી જાતની, પણ તિખાશની તાર્તમ્યતામાં .. બીજી જાતની... આ બીજી જાતની તિખાશ. અરે જડની તિખાશનો જ્યાં જડના તાર્તમ્યપણાનો ફેર બતાવી શકે નહિ. તો ભગવાન આત્મા .. પુણ્ય-પાપના રાગરહિત ચિદાનંદ ભગવાન એના સ્વાદની, અનુભવની વાતું રાગ વડે, વાણી વડે પૂરી પડી શકે નહિ. સમજાણું કાંઈ? એ .. આવવાની ગરજ છે એને માટે આ વાત ચાલે છે. એમ ને એમ હાંકે રાખે અનંતકાળથી ગાડા વિના વિચારમાં અને કર્મ કરો, કર્મને લઈને.. જડકર્મ, ભાવકર્મ.. જડકર્મ હોય તો ભાવકર્મ કરાવે, ભાવકર્મ હોય તો.. ... છૂટવાનું ટાણું આવે ત્યારે ગયો.. એમ  છે એમ અહીં વાત કરે છે. વસ્તુ છે. પણ તારી યોગ્યતાને લઈને તારામાં પ્રકૃતિનો સ્વભાવ .. છે. પ્રકૃતિના .. એ પ્રકૃતિ ત્રિકાળ અનંત. એ આત્માને .. શાંત આનંદ એનાથી અરૂપી પ્રકૃતિ ઝેર, એના નિમિત્તે થતો એક.. વિકાર એ વિકારની ... ઉપજે એ પ્રકૃતિ તારા સ્વરૂપમાં છે નહિ. એનામાં છે હોં! અસ્તિ સિદ્ધ કરતાં જાય છે. આવું સ્વરૂપ સર્વજ્ઞ સિવાય બીજે હોઈ શકે નહિ. આવા સ્વરૂપની વાત કર્મના પરમાણુ .. એની સ્થિતિ, એનો સ્વભાવ, એનો વિભાવ .. શક્તિ એક એક રજકણમાં થાય એવા અનંતા કર્મો જે .. એ સર્વજ્ઞ સિવાય કોઈ જાણી શકે નહિ. એટલે કે સર્વજ્ઞે પૂર્ણ જાણ્યું એના.. શ્રુતજ્ઞાની જાણી શકે છે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! આ તો વિદ્યમાન.. છે એમ કહે. કહે છે...

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વિકાર રહિત છે. વિકારમાં રુચિ હોય એને અવિકારીનો અનુભવ ન થાય.

**શ્રોતા** :- આવી ઉંચી વાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ .. સૂઝે એમ કરે. .. આ ..માટે તો વાત ચાલે છે. પણ

એના જ્ઞાનમાં નક્કી તો કરવું પડે. નક્કી તો કર. પહેલું નક્કી તો કરે નિર્ણયમાં કે વિકાર તે સુખ નથી, નિર્વિકારી ભગવાનને આશ્રયે ધર્મ છે એવો નિર્ણય કરે અને .. ઘુંટે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય, નહિતર સમ્યગ્દર્શન થાય નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પછી એ કહ્યું .. એના જ્ઞાનમાં આવવું જોઈએ. એને જ્ઞાન .. અને એ નિર્ણયને વારંવાર સ્વસન્મુખ લક્ષમાં રહેવું જોઈએ ત્યારે એને નિર્ણય છે એવું કહેવાય. સમજાય છે કાંઈ? આ તો એમ કે તરત કોઈ આપી દે અને કા લઈ જાય. .. ક્યાંથી દે? એનું .. નામ નથી. પણ કરે ત્યારે ને. તું કર ત્યારે કે .. કોઈ લાવી દે એને?

**શ્રોતા :-** ...પ્રયત્ન તો કરવો જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં પ્રયત્ન.. એને ખ્યાલમાં તો લે કે ઓહો..! આ એક પ્રકૃતિ આ પ્રકારની જડ છે, એના લક્ષે સ્વભાવમાં સ્થિત થઈને મારી દશામાં વિકૃત થાય છે એમ છે. હવે એ વિકૃતપણું મારા ત્રિકાળ નિરૂપરાગતત્ત્વની અંદર નથી. એવો નિર્ણય .. વિચારમાં લઈને એને ઘૂંટે તો પહેલું સ્વસમ્યક્ આવ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? એ બે કહ્યા સ્થિતિ અને પ્રકૃતિ.

**'અશુદ્ધ અંતઃતત્ત્વ...'** એ આત્માની મલિનદશાવાળો ભાગ **'અને કર્મપુદ્ગલના પ્રદેશોનો...'** પ્રદેશ એટલે પરમાણુની સંખ્યા બે. **'એ પરસ્પર તે પ્રદેશબંધ છે;...'** .. કીધોને એક આમાં? પાણી .. વિચાર .. પાણી ત્યાં દૂધ અને દૂધ ત્યાં પાણી. ક્ષેત્ર એક પણ બેના સ્વભાવ જુદાં. અગ્નિનું નિમિત્ત અને પોતાની યોગ્યતા. એની વરાળ થઈને .. જાય અને દૂધને .. નિમિત્ત .. થાય. પાણીની વરાણ થઈને છૂટી જાય. .. થઈ જાય. એમ ભગવાન આત્મા એનો આઠ કર્મનો જે મેલ એ શુદ્ધતત્ત્વથી પોતાની દશા.. અને કર્મના રજકણો એ બે એક ક્ષેત્રે, એક ક્ષેત્રમાં એક જગ્યાએ .. એવો જે .. એનો પ્રદેશબંધ કહેવામાં આવે છે. ઘણા રજકણોનું દળ એ ભગવાન પોતે અસંખ્ય પ્રદેશી. એક ક્ષેત્રમાં દેખાય છે એને પ્રદેશબંધ કહેવામાં આવે છે. એ .. નથી. સમજાણું કાંઈ?

અરે! એની વાતુંને સાંભળતા એને રસ અને પ્રેમ આવવો જોઈએ. પાંચ હજાર રળવાનું હોય .. તો કેટલો હોય? એક .. પાંચ હજારમાં પાંચ કલાકમાં.. અરે .. પાંચ હજાર. નવરંગભાઈ! એ વળી એ યાદ આવ્યું ત્રણ હજારનું ૯૦ની સાલ અપાસરામાં. કહો, સમજાણું કાંઈ? .. પિતાંબર હતા પોરબંદરના. એ ભાઈ .. થવા હતા. ૯૦ની સાલની વાત છે. .. જાવ. ૯૦ની વાત છે. ત્યાં જઈને .. થઈ ગયો. ધૂળમાંય નથી સાંભળને. એ તો ૯૦ની સાલની વાત છે. ૨૯ વર્ષ થયા. એ આમ ... એમ આને એક હજાર .. કાંઈ નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એને કરે છે ત્યારે થાય છે ત્યારે એને .. કહેવામાં આવે

છે. 'તે તો પ્રભુએ આપીયો વર્તુ ચરણાધીન.' એવો ચૈતન્ય પ્રભુ ... અને આપના નિમિત્તથી જાણ્યો, જાણ્યો ત્યારે મળ્યો, નહોતો તે મળ્યો એમ કહેવામાં આવે છે. જ્ઞાનમાં એને .. નહોતો, શ્રદ્ધામાં .. નિમિત્ત. એ પ્રમાણે સમજાવ્યું તો પ્રભુ આપે મને આપ્યો છે. સમજાણું આમાં કાંઈ?

**શ્રોતા :-** એમાં ખોટું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ. ખોટું એટલે આ. એનો અર્થ આ. કે જે રીતે જ્ઞાન અને શ્રદ્ધાના ચૈતન્ય પ્રભુની મહત્તા .. જોઈએ એ .. આત્મા .. પણ .. નિમિત્ત મારી યોગ્યતાથી મને સમજાણું ત્યારે નહોતો તે મળ્યો, હું આત્મામાં રાગ અને પુણ્ય અને નિમિત્ત જે રીતે માનતો.. ત્રિકાળ જ્ઞાનમૂર્તિ છું શુદ્ધ એ મને જણાણું, પ્રભુ! આપે જ મને આપ્યો એમ ઉપચારથી કહેવામાં આવે છે. ... ઉપચાર સમજ્યાને આરોપથી કહેવામાં આવે છે.

**'આ બંધના સ્થાનો પણ (નિરંજન નિજપરમાત્મતત્ત્વને) નથી.'** વળી **'શુભાશુભ કર્મની નિર્જરાના સમયે...'** ઓલો .. છેને જે. બંધાયેલા. એના પડવાના કાળે, ખસવાના કાળે .. બીજાની શક્તિ, શુદ્ધ, બુદ્ધ આત્માને ... પણ એમાં પાપ થઈને એના ફળ .. અનુભાગ જેમ સૂંઠમાં તીખો રસ એ એની તાકાત. એમ આમાં કર્મના રજકણમાં અનુભાગ ખરવાની તાકાત. .. ભગવાન એ નિરંજર નિજપરમાત્માને પણ અવકાશ નથી. .. કરેને. એ .. ભગવાન આત્માને નથી.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાં શેના .. કર્મના .. આત્માની વાત છે. જીવો અને જીવવા દ્યો. અરે ક્યાં ગયો તું તો? મરી જઈશ... ઓલા નથી કહેતા? સમજાય છે? દુકાને બેસાડેને છોકરાને અડધો કલાક ઘરે ખાવા જાય ત્યારે. એલા . પેઢી સાચવજે. હું ખાવા જાવ છું. પછી એક .. ખાઈ લે. ખાઈને પડ્યો રહ્યો. એલા તને બેસાડ્યો હતોને? ક્યાં ગયો હતો તું? ... મને ખબર નથી. ... અહીંયાં. એમ કહે છે એલા કર્મ મને લૂંટી ગયો ... હતો કે નહિ તું તે કાળે? તારી અસ્તિ હતી કે નહિ? મને કર્મ આમ કરાવ્યું અને મારા કર્મ કરાવ્યું. ભગવાન કહે છે કે તારી હયાતી હતી કે નહિ એ પર્યાયમાં તે કાળે? તારા કાળે તારે કારણે થયું કે ..કારણે થયું? એવી જે સ્વતંત્રતાના .. આવડતો નથી. એને કોઈ રીતે આત્માની દૃષ્ટિ થવાનો અવકાશ રહેતો નથી. અવકાશ નથી અનુભાગનો અવકાશ નથી હોં! .. મિથ્યાત્વનો અનુભાગ અને પ્રકૃતિનો ..

**'વળી, દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ઉદયનાં સ્થાનોનો પણ અવકાશ નથી.'** વિકારની દશા એના પ્રકારો એના આત્મતત્ત્વની અંદર નથી. એમ અસ્તિ પણ ત્રિકાળ એમાં નથી. એમ અંતરના તત્ત્વને નિહાળવું, જોવું, વિચારવું અને મનન કરવું. આ એનું નામ સમ્યગ્દર્શન કારણ છે. (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૪૨, કળશ-૬૦-૬૧, પ્રવચન નં. ૩૯૧

નિયમસાર, ૪૨મી ગાથા છેને? (તેમાં) સમયસારનો કળશ છે. છે? .. શ્લોક આવી ગયો છે.

(अनुष्टुभ्)

''चित्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।
अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी''।।

આહા..હા..! **'ચૈતન્યશક્તિથી** વ્યાપ્ત...' સૂક્ષ્મ વિષય છે, ભગવાન! આ આત્મા જે છે એ ચૈતન્ય શક્તિ જ્ઞાન, આનંદસ્વરૂપ પ્રભુ છે. ચૈતન્યશક્તિ લીધી છે. ચૈતન્યસ્વભાવ કહો, ચૈતન્ય શક્તિ કહો, ચૈતન્ય ગુણ કહો, ચેતનનું ચૈતન્યપણું કહો. આહા..હા..! ભાવનું ભાવવાન. ભગવાન આત્મા ભાવ એનું ચૈતન્યપણું એ ભાવવાન ભિન્ન છે. એ **'ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો...'** એટમાં રહેલો. ચૈતન્યશક્તિથી વ્યાપ્ત. આહા..હા..! જેણે સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, પ્રથમ ધર્મની શરૂઆત તો એનો વિષય શું? આહા..હા..! તો **'ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વસાર છે...'** આહા..હા..! શરીર, વાણી, મન તો નહિ, પુણ્ય-પાપનો ભાવ પણ જેમાં નથી, જેમાં એક સમયની પર્યાયનો પણ અભાવ છે. આહા..હા..! એવા ચૈતન્યશક્તિથી વ્યાપ્ત એટલે ચૈતન્યશક્તિથી સંપન્ન... આહા..હા..! એવો સર્વસ્વ સાર છે. **'એવો આ જીવ એટલો માત્ર જ છે;...'** આહા..હા..! સમ્યગ્દર્શન પામવાની ચીજ, એ સમ્યગ્દર્શનનો વિષય એ ચૈતન્ય શક્તિમાત્ર એટલો જીવ એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા..! ... આવું છે. ભગવાન! ... આહા..હા..! ... એનું નામ છે ભરત ચક્રવર્તી. આ આકરી વાતું. આહા..હા..! .. મદ્રાસનું આત્મધર્મ છેને. ... આહા..હા..!

કહે છે કે જેને ભવનો અંત લાવવો હોય, ચોર્યાસી લાખ યોનિના અવતાર. એક એક યોનિમાં પ્રભુ અનંતવાર અવતાર કર્યા. આહા..હા..! કાલે કહ્યું હતુંને? વાદીરાજ મુનિ. શરીરમાં કોઢ હતો. મુનિ ભાવલિંગી સંત અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પ્રચુર સ્વસંવેદન એ મુનિપણું. આહા..હા..! એ મુનિને કોઢ હતો. એ પ્રભુ પાસે પ્રાર્થના કરતા હતા. પ્રભુ! આ હું પૂર્વના દુઃખને યાદ કરું છું... આહા..હા..! હું .... પૂર્વ ભવના અનંતભવમાં નરક નિગોદના... મુનિ છે, ભાવલિંગી સંત છે, એ પ્રભુને પ્રાર્થના કરે છે. કોઢ (હતો). શ્રાવકે કહ્યું હતુંને કે મારા મહારાજને કોઢ નથી. કોઢ હતો, પણ શ્રાવકથી એમ કહેવાઈ ગયું રાજાને કે અમારા મુનિને કોઢ નથી. શ્રાવક આવ્યા. પ્રભુ! મેં દરબારમાં એમ કહ્યું કે તમને કોઢ નથી. શાંતિ રાખ

બાપુ! શાંતિ રાખ. ભગવાનના માર્ગમાં સારું થશે. કોઢ છે. શ્રાવકે કોઢ નથી એમ દરબારને કહ્યું અને અહીંયાં આવીને એમ કહ્યું, સાહેબ! તમને કોઢ છે એ મને ખબર હતી, પણ મારા મુનિને કોઢ એવું હું સાંભળી ન શક્યો. આહા..હા..! તો મેં દરબારને આમ કહ્યું. ભાઈ! શાંતિ રાખ પ્રભુ! ભગવાનનો પ્રતાપ, આત્માનો પ્રતાપ એવો છે કોઈ.

પ્રાર્થના કરતાં-કરતાં (કહે છે), પ્રભુ! હું નરક અને નિગોદના દુઃખ યાદ કરું છું તો આયુધ વાગે છે, છરા વાગે છે જાણે. મુનિ છે, ભાવલિંગી સંત છે, પરમેષ્ઠી પદમાં છે. આહા..હા..! પણ વિકલ્પ એવો આવ્યો. વાત એ છે કે આ કોઢ છે એ કોઢ મટી જાશે. પ્રભુને પ્રાર્થના (કરે છે), પ્રભુ! આપ જ્યાં અવતરો છો ત્યાં સોનાના ગઢ અને રતનના કાંગરા (હોય છે). પ્રભુ! આપ જ્યાં ગર્ભમાં આવો છો તો ત્યાં આગળ ઈન્દ્ર આવીને આંગણું સાફ કરે છે. પ્રભુ! હું તો આપને પ્રાર્થના કરું છું. મેં અનંતકાળમાં દુઃખ ભોગવ્યા એ યાદ કરતાં ઘા વાગે છે, આયુધ વાગે છે. ... અનંતકાળમાં જે દુઃખ થયા એ થવાના. સમજાણું કાંઈ? એકાદ ભવમાં કેવળજ્ઞાન લઈને મોક્ષ થઈ જશે. આહા..હા..!

એ મુનિરાજ અહીંયાં કહે છે, આ પદ્મપ્રભમલધારીદેવ મુનિ કહે છે. આહા..હા..! **'ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે...'** જ્ઞાન, આનંદ, શાંતિ, વીતરાગતા... આહા..હા..! એનાથી ભરેલો પ્રભુ ચૈતન્ય એ જીવ. શરીર, વાણી, પુણ્ય એ તો નહિ, પણ પુણ્ય-પાપના પરિણામ એ જીવ નહિ. એ તો નહિ પણ એક સમયની પર્યાય પણ વ્યવહાર જીવ છે. આહા..હા..! નિશ્ચય જીવ આ છે. આવી વાત છે. આહા..હા..! એવી ચૈતન્યશક્તિથી વ્યાપ્ત પૂર્ણાનંદ પ્રભુ, જેનું સર્વસ્વ, સર્વસ્વ પોતાનો સાર છે. આહા..હા..! **'એવો આ જીવ...'** એવો આ જીવ. **'એટલો જ માત્ર છે;...'** આહા..હા..! અહીં તો બાયડી, છોકરા ને પૈસા ને ધૂળધમાહા અમારા છે.. અમારા છે. મારી નાખ્યો છે જીવને. સમજાણું કાંઈ? મારી નાખ્યાનો શું અર્થ? કે પોતે ચૈતન્યશક્તિ સંપન્ન આખો પૂર્ણાનંદનો નાથ એમાં પર્યાય દ્રવ્યમાં નથી. દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ તો નહિ, તો આ સંયોગી ચીજ મારી છે એ માન્યતામાં ચૈતન્યનો જ્ઞાતા-દ્રષ્ટા ચૈતન્ય સર્વસ્વ એનો એણે અનાદર કર્યો. આહા..હા..! આકરી વાત, બાપુ! જૈનધર્મનું સમ્યગ્દર્શન અને એ સમ્યગ્દર્શનનો વિષય અલૌકિક ચીજ છે, ભાઈ! આહા..હા..! અને સમ્યગ્દર્શન વિના બહારનો દેખાવ જેટલો કરે એમાં હું ત્યાગ છું, મેં ભોગ છોડ્યા છે એ બધું મિથ્યાત્વનું પોષણ છે. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..!

**'એટલો જ માત્ર છે;...'** એમ કહ્યુંને? **'એવો આ જીવ એટલો જ માત્ર છે;...'** પર્યાય છે, રાગ છે, પણ એ જીવ નથી. આહા..હા..! એ તો પહેલાં આવી ગયુંને ૩૮ ગાથામાં. શરૂ ત્યાંથી કર્યું કે નિશ્ચય આત્મા પૂર્ણાનંદનો નાથ ધ્રુવસ્વરૂપ ચૈતન્ય અખંડાનંદ એ જ ખરેખર આત્મા છે. ખરેખર આત્મા. આહા..હા..! જેમાં પર્યાયનો અભાવ છે. પર્યાય છે ખરી, પણ જેમાં પર્યાયનો અભાવ છે એવો ધ્રુવ ચિદાનંદ પ્રભુ... આહા..હા..! એ ખરેખર

આત્મા છે અને એ આત્માના અવલંબે સમ્યગ્દર્શન થાય છે. બાકી લાખ ક્રિયાકાંડ કરે, મરી જાય, સૂકાઈ જાય તોપણ સમ્યગ્દર્શન નહિ થાય, મિથ્યાત્વનું પોષણ થાશે. આહા..હા..! '**એવો આ જીવ...**' એવો આ જીવ એટલે? '**ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો...**' આ આત્મા. આહા..હા..! '**એટલો જ માત્ર છે;...**' પાછું 'જ' લીધું. '**એટલો જ માત્ર છે;...**' પરમાર્થે આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ ચૈતન્ય શક્તિના સ્વભાવનો પિંડ, જેમાં કેવળજ્ઞાનની પર્યાય પ્રગટે એવી અનંતી પર્યાયનો પિંડ એક જ્ઞાનગુણ છે, એવા અનંતગુણનો પિંડ ચૈતન્ય શક્તિસંપન્ન પ્રભુ છે. આહા..હા..! અરેરે! એની મૂળ ચીજ શું છે (એની ખબર નથી) અને મૂળ ચીજ ઉપર લક્ષ જ નથી અનાદિથી. આ ત્યાગ કર્યો, આ કર્યો, આ છોડ્યું, કપડા ફેરવ્યા. મારી નાખ્યો (જીવને). સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે, '**આવો આ જીવ...**' ભાષા જુઓ, અમૃતચંદ્રાચાર્ય કહે છે. '**એટલો જ માત્ર...**' આહા..હા..! '**ચિત્શક્તિથી શૂન્ય...**' ચાહે તો ભગવાનની ભક્તિ, વિનય, ત્યાગ, રાગ આદિ શુભ હો, એ બધા ચૈતન્યશક્તિથી શૂન્ય છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ, ભક્તિ, મંદિર બનાવ્યું એમાં શુભભાવ (એ બધા ચિત્શક્તિથી શૂન્ય છે). કહો, ચીમનભાઈ! એય..! જેઠાલાલભાઈ! બધા શેઠિયાઓ છે મોટા. મંદિર બનાવ્યુંને ત્યાં નાઈરોબી. ૧૫ લાખ, ૨૦ લાખનું. શેઠિયાઓ આવ્યા છે ન્યાંથી વિનંતી કરવા. કરોડપતિ છે બેય. ધૂળ-ધૂળ. આહા..હા..! કાંઈ ધૂળેય નથી ન્યાં. હેરાન થવાનો રસ્તો છે. પ્રભુ! આત્મામાં લક્ષ્મી તો નથી, પણ લક્ષ્મીનો પ્રેમ-રાગ એ પણ નથી, પણ ત્રણ લોકના નાથનો રાગ ભક્તિનો એ પણ નથી, પણ એ રાગનું જ્ઞાન કરવાની એક સમયની પર્યાય એ પણ એમાં નથી. આહા..હા..! એને દૃષ્ટિમાં લેવો, રાગના વિકલ્પથી ખસીને જે વર્તમાન પર્યાય રાગ-સન્મુખ છે, સ્વભાવથી વિમુખ છે એ પર્યાયને રાગથી વિમુખ કરીને સ્વભાવ-સન્મુખ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. ધર્મની પહેલી સીઢી હજી તો હોં! હજી પંચમ ગુણસ્થાનની દશા તો કોઈ અલૌકિક વાત છે પડિમા ને (એ બધી). આ લોકો લઈને બેઠા એ પડિમા-બડિમા છે નહિ. આહા..હા..!

અહીં કહે છે કે '**ચિત્શક્તિથી શૂન્ય...**' આહા..હા..! અરે! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્રજ્ઞાન કરવાનો, ભણવાનો વિકલ્પ. આહા..હા..! એ ચૈતન્યશક્તિથી શૂન્ય એ ચીજ છે. એ વિકલ્પ જે છે એ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. આવી વાતું છે, પ્રભુ! ત્યારે છે શું? '**શૂન્ય જે આ ભાવો છે...**' જોયું! છે અસ્તિ છે. '**ચૈતન્યશક્તિથી શૂન્ય...**' એવા દયા, દાન, રાગાદિ ભાવ છે, પણ એ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. આહા..હા..! તેથી, અમે તેને પુદ્ગલ કહીએ છીએ. આહા..હા..! છે? '**તે બધાય પૌદ્ગલિક છે.**' અરેરે! જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પૌદ્ગલિક છે.

**શ્રોતા :-** પુદ્ગલ છે તો એમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ભલે ન હો, પણ ચૈતન્યથી શૂન્ય છે માટે પુદ્‌ગલ કહે છે. એ તો પ્રશ્ન આવે છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા પણ પુદ્‌ગલ અને એક વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાની પર્યાય એ પણ પુદ્‌ગલ. આહા..હા..! સમજાણું કાંઈ? હજી બીજા કળશમાં કહેશે કે વિકલ્પ છે એ તો ઘોર સંસારનું મૂળ છે. આહા..હા..! શુભરાગ થયો. છે, હો, પણ કહે છે કે એ તો ઘોર સંસારનું મૂળ છે. ભગવાન આત્મા તો મુક્તિનું મૂળ છે. આહા..હા..! 'છે' એમ તો કહ્યું. છે? આ ભાવ 'છે' એમ તો કહ્યું, પણ 'છે' એ શું છે? ભગવાન જ્યારે ચૈતન્યશક્તિ સંપન્ન પ્રભુ, આ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. છે તો છે કેવા? ચૈતન્યશક્તિથી શૂન્ય છે, માટે પુદ્‌ગલ છે. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો ભાવ પુદ્‌ગલ છે એમ કહે છે. હવે અહીં કહે કે વ્યવહાર કરતાં-કરતાં ધર્મ થશે. આહા..હા..! મિથ્યાત્વ થશે. આહા..હા..! અનંત સંસારને કરનાર મિથ્યાત્વ, મિથ્યાત્વના ગર્ભમાં અનંત સંસાર પડ્યો છે. આહા..હા..!

**'આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે તે બધાય પૌદ્‌ગલિક છે.'** ભગવાન અમૃતચંદ્રાચાર્ય વસ્તુનું સ્વરૂપ દૃષ્ટિનો વિષય બતાવે છે. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શનની પર્યાય પણ નથી. પણ વિષય કરે કે 'આ છે' એવો નિર્ણય છે એ પર્યાય છે, પણ એ પર્યાય વસ્તુમાં નથી. આહા..! ત્યારે એમ કહ્યું કે જે પર્યાય છે એ પુદ્‌ગલ કહ્યું. તો પુદ્‌ગલથી નિર્ણય થાય છે? પણ એ પુદ્‌ગલ કહ્યું તો એ પર્યાયની અંદર સન્મુખતા ગઈ. એ પર્યાયમાં આત્મા જણાયો તો એ પર્યાય ચૈતન્ય થઈ. ચૈતન્યની પર્યાય એ થઈ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન પર્યાય એ ચૈતન્યની પર્યાય છે, રાગાદિ પર્યાય એ સંસારની, ઘોર સંસારની પર્યાય છે. છે ખરી. આહા..હા..! આવો માર્ગ છે. ... રાત્રે કહ્યું હતું. ખીચોખીચ ભરાઈ ગયું. હજી તો બહેનનો દિવસ આવશે ત્યારે તો (ઘણા આવશે). ગુરુવાર છે. બહુ માણસો આવશે ત્યારે. પણ અહીંયાં જગ્યા ઘણી છે. ઘણી જમીન છે. આહા..હા..!

અહીં કહે છે સાંભળ તો ખરો, પ્રભુ! તું કેવડો અને કેટલો છે? તું છે એક. પણ એક કેવો છો? કે ચૈતન્યશક્તિ, આનંદશક્તિ, ચૈતન્યશક્તિની સાથે અનંત શક્તિ ભાવવાન, એ ભાવવાન જે જીવ છે એટલો એ જીવ છે. એ અનંત ચૈતન્યશક્તિ, અનંત આનંદશક્તિ, અનંત વીતરાગશક્તિ, અનંત સ્વચ્છત્વશક્તિ, અનંત જીવતરશક્તિ એવી અનંતી શક્તિ જે ચૈતન્યમય છે એ જ જીવ છે, એટલો જ જીવ છે, એવો એ જીવ છે, એવડો એ જીવ છે. આહા..હા..! બીજી છે. તો કહ્યું કે એ તો ... છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ અંદર?

**'વળી (૪૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :—'** આ શ્લોક તો અમૃતચંદ્રાચાર્યનો હતો સમયસારનો. હવે આ શ્લોક મુનિરાજ કહે છે. ૬૦ છેને?

अनवरतमखण्डज्ञानसद्भावनात्मा
व्रजति न च विकल्पं संसृतेर्घोररूपम्।
अतुलमनघमात्मा निर्विकल्पः समाधिः
परपरिणतिदूरं याति चिन्मात्रमेषः।।६०।।

'**શ્લોકાર્થ :- સતતપણે અખંડ જ્ઞાનની સદ્ભાવનાવાળો આત્મા...**' આહા..હા..! બે વાત કહે છે હવે. અખંડ સતતપણે અખંડ પ્રભુ તો છે. નિરંતર અખંડ. વર્તમાન અખંડ પરમાત્મા પોતે છે. આહા..હા..! '**સતતપણે અખંડ જ્ઞાનની...**' ત્યાં સુધી સિદ્ધ કર્યું. શું કહ્યું? ત્યાં સુધી તો દ્રવ્ય સિદ્ધ કર્યું. આહા..હા..! હવે એની '**સદ્ભાવનાવાળો આત્મા...**' એ પર્યાય કહી. આહા..હા..! અલૌકિક વાતું છે, બાપુ! ધર્મ કોઈ દિગંબર ધર્મ એટલે પક્ષ-પંથ નહિ. આહા..હા..! એ વસ્તુનું સ્વરૂપ છે. કહે છે કે '**સતતપણે અખંડ જ્ઞાનની...**' પ્રભુ તો અખંડ સતતપણે નિરંતર એકરૂપ છે. આહા..હા..! વર્તમાનમાં પણ અખંડ એકરૂપ છે. ત્રિકાળ કહેવું એ પછી. વર્તમાનમાં અખંડ એકરૂપ વિદ્યમાન વસ્તુ છે. આહા..હા..!

'**સતતપણે અખંડ...**' જ્ઞાન એટલે આત્મા, જ્ઞાન શબ્દે આત્મા. અનંતગુણસંપન્ન જ્ઞાન આત્મા. એની સદ્ભાવના એ વસ્તુની એકાગ્રતા. આહા..હા..! એ '**સદ્ભાવનાવાળો...**' એ પર્યાય છે. પહેલાં કીધી હતી કે એ સિવાય બધું શૂન્ય પુદ્ગલ છે અને અહીં કહે છે કે અખંડ સતતપણે અખંડ ભગવાન આત્મા એની અંદર એકાગ્રતારૂપી ભાવના. એ ભાવના ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકરૂપ છે. સમજાણું કાંઈ? અને વસ્તુ છે એ તો પારિણામિક સ્વભાવ છે. આહા..હા..! વસ્તુ છે સહજ પરમસ્વભાવભાવ ભગવાન જ્ઞાયકભાવનો પિંડ પ્રભુ, એની ભાવના સદ્ભાવના, સત્ જે છે એની ભાવના, જેવું પૂર્ણ સત્ છે એની એકાગ્રતારૂપી ભાવના. આહા..હા..! આવી વાતું છે. '**સદ્ભાવનાવાળો આત્મા...**' સદ્ભાવનાવાળો આત્મા. હવે એક કોર આત્મા પર્યાય વિનાનો કહ્યો. સમજાણું કાંઈ? અને અહીં કહે છે કે સદ્ભાવવાળો આત્મા. આહા..હા..! જેણે ત્રિકાળી જ્ઞાયકભાવની એકાગ્રતા કરી સ્વસન્મુખ થઈને એવો સદ્ભાવવાળો આત્મા.

**શ્રોતા :-** અહીંયા સદ્ભાવનાવાળો આત્મા કહીને ક્ષાયિકજ્ઞાનથી પણ રહિત આત્મા કહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, એ ક્ષાયિકજ્ઞાન છે. સદ્ભાવના ક્ષાયિક, ઉપશમ અને ક્ષયોપશમ જ્ઞાન છે. પર્યાયવાળો છે. પર્યાયવાળો કહ્યું. આ તો પ્રભુનો માર્ગ, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ?

'**સતતપણે અખંડ જ્ઞાન...**' એટલે આત્મા. એની '**સદ્ભાવનાવાળો...**' એની સદ્ભાવના નામ અંતર સન્મુખ થઈને. આહા..હા..! પર્યાયથી વિમુખ થઈને સ્વભાવ સન્મુખ જે ભાવના થઈ. આહા..હા..! આ તો વીતરાગનો માર્ગ સ્યાદ્વાદ કઈ અપેક્ષાએ છે (તે સમજવું

જોઈએ). **'સદ્‌ભાવનાવાળો આત્મા (અર્થાત્ 'હું અખંડ જ્ઞાન છું' એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે...'** આહા..હા..! જેમ ભગવાન નિરંતર અખંડ જ્ઞાનરૂપ આત્મા છે, એ તરફની એકાગ્રતાની ભાવના જેને સમકિતીને નિરંતર વર્તે છે. આહા..હા..! જેમ વસ્તુ નિરંતર જ્ઞાન ચૈતન્યસ્વરૂપ ભગવાન, ચૈતન્યશક્તિ સર્વસ્વ જેનો સાર એ અખંડ એકરૂપ નિરંતર છે, એની સન્મુખ થઈને એ સદ્‌ભાવના પર્યાય પ્રગટી એ સદ્‌ભાવનાવાળો આત્મા. આહા..હા..! છે કે નહિ અંદર, પ્રભુ? આ તો પ્રભુની વાણી છે, બાપા! દિગંબર સંતોની વાણી એટલે સર્વજ્ઞની વાણી છે. કેવળીને અનુસાર વાણી છે. આહા..હા..!

ગૃહસ્થએ લખ્યું હતું નહિ? પરમાર્થ-વચનિકા ભાઈ! લાલચંદભાઈ! પરમાર્થ-વચનિકા. બનારસીદાસ. કેવળી અનુસાર યથાયોગ્ય કેવળી અનુસાર ... આહા..હા..! પણ ગૃહસ્થ છોને તમે? પણ સમ્યગ્દર્શન તિર્યંચનું અને સિદ્ધનું સમ્યગ્દર્શન તો સરખું છે. સમજાણું કાંઈ? આહા..હા..! તો કહે છે કે સમ્યગ્દર્શનમાં.. આહા..હા..! એ સદ્‌ભાવના થઈ. આહા..હા..! એ પર્યાય છે. એ સદ્‌ભાવના એ મોક્ષનો માર્ગ છે. એ મોક્ષનો માર્ગ અખંડ જ્ઞાયકભાવની એકાગ્રતાથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

તીર્થંકરદેવ ત્રિલોકનાથની વાણી આવે બાપા! એ કેવી હોય, ભાઈ! આહા..હા..! છ ખંડના ચક્રવર્તીઓ અને ઈન્દ્રો જેની પાસે સાંભળવા કૂતરાના બચ્ચા ગલુડિયાની જેમ બેસે. ગલુડિયાને શું કહે છે? પીલ્લા-પીલ્લા. આહા..હા..! અને વાઘ અને સિંહ જંગલમાંથી ચાલ્યા આવે. સિંહ, કેસરી સિંહ અને વાઘ અને કાળા નાગ, ૨૫-૨૫ હાથના લાંબા કાળા નાગ જંગલમાંથી ચાલ્યા આવે પ્રભુની વાણી સાંભળવા. આહા..હા..! બાપુ! એ વાણી કેવી હશે! જે વાણી સર્પ બેઠો હોય સાથે ઉંદર હોય. પણ નજર પણ નહિ, ખબર પણ નહિ કે આ ઉંદર છે કે નહિ. એટલી સાંભળવામાં એકાગ્રતા હોય છે એની. બિલાડી અને સિંહ સાથે બેઠા હોય. બિલાડીને ખબર નથી કે આ સિંહ છે, સિંહને ખબર નથી કે આ બિલાડી મારાથી ડરે છે. ... છે. એવી સભા કરોડો મનુષ્યો, કરોડો તિર્યંચો, કરોડો દેવો. આહા..હા..! નારકી તો આવી શકે નહિ. તિર્યંચ, મનુષ્ય અને દેવ. આહા..હા..! એ વાણી આ છે.

કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, નાથ! તારી મોટપ અને માહાત્મ્યની તને ખબર નથી. તારી મોટપ એટલી છે કે સિદ્ધની પર્યાય પણ એની સામે કોઈ ગણતરીમાં નથી. એવી અંદર ભગવાન ચિત્શક્તિસંપન્ન ભગવાન મહાન મોટપ મહાન, મહિમા મહાન.. આહા..હા..! એવી ચીજમાં જેણે દૃષ્ટિ કરી, એની જેણે ભાવના પ્રગટ કરી, આહા..હા..! એ સદ્‌ભાવનાવાળો આત્મા. જુઓ, વાળો તો કીધો અહીંયાં.

**'(અર્થાત્ 'હું અખંડ જ્ઞાન છું' એવી સાચી ભાવના જેને નિરંતર વર્તે છે તે આત્મા)...'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ તો એને કહીએ ચોથે ગુણસ્થાને... આહા..હા..! હજી ચોથું હોં. પાંચમાની તો ક્યાંય બીજી વાત. જેને નિરંતર સાચી ભાવના વર્તે છે. આહા..હા..!

ભેદજ્ઞાન કરવું પડતું નથી એને. કરવાનું આ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ પ્રભુ એનો આશ્રય લેવો એ એક જ વાત છે. બાકી પર્યાય છે, રાગ છે, હો, છે, પણ આશ્રય કરવાલાયક નથી. જેનો આશ્રય કરવાનો છે એ તો ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ પ્રભુ છે. એનો આશ્રય કરતા જે ભાવના ઉત્પન્ન થઈ એ સદ્ભાવનાવાળો આત્મા '**ઘોર વિકલ્પને પામતો નથી,...**' આહા..હા..! જ્ઞાનચંદજી! આહા..હા..!

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ પણ ઘોર સંસાર છે. આહા..હા..! સમકિતી અંદર ભાવનામાં અંદરમાં નિરંતર છે. ભલે વિકલ્પ હોય, પણ એ તો નિરંતર અખંડ ભાવનાવાળો છે. આહા..હા..! સમજાણું કાંઈ? સતતપણે અખંડાનંદ પ્રભુ (છે) તો એની ભાવના તો નિરંતર ચિત્તમાં ચાલે છે, આહા..હા..! તેને ઘોર સંસારના કારણે વિકલ્પ નથી થતો, વિકલ્પને પ્રાપ્ત નથી થતો. આહા..હા..! એમ કહીને શું કહ્યું? વિકલ્પ ઉઠે છે, પણ વિકલ્પને પ્રાપ્ત નથી થતો. એનો જ્ઞાત-દૃષ્ટા રહીને પોતાની ભાવનામાં .. રહે છે. આહા..હા..! અરે! સાધારણ માણસે તો સાંભળ્યુ ન હોય અને અમે ધર્મી થઈ ગયા. અરેરે! અનંતકાળથી એણે પોતાનું બગાડ્યું છે. સુધારવાનો રસ્તો એને સ્થાન મળે, દરકાર નથી. આહા..હા..!

'**સંસારના ઘોર વિકલ્પને પામતો નથી,...**' એ વિકલ્પ આવે છે તોપણ સ્વભાવની એકાગ્રતાની ભાવનામાં વિકલ્પની એકતા એમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો...**' ઓલી સદ્ભાવના છે ઈ. અંદરની વસ્તુ ઉપર નિર્વિકલ્પ સમાધિની ભાવના. આહા..હા..! નિર્વિકલ્પ સમાધિ શાંતિ વીતરાગતા, નિર્વિકલ્પ વીતરાગતાને પ્રાપ્ત કરતો થકો. આહા..હા..! '**પરપરિણતિથી દૂર,...**' આ પરિણતિ રહી. અંતર દ્રવ્યસન્મુખ થઈને સદ્ભાવના થઈ એ નિર્વિકલ્પ સમાધિરૂપી પર્યાય થઈ. સમજાણું કાંઈ? આવી વાત છે, બાપુ! આહા..હા...! એ પરપરિણતિથી દૂર. આહા..હા..! '**ઘોર વિકલ્પને પામતો નથી...**' આહા..હા..! નથી પામતો. '**પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો પરપરિણતિથી દૂર,...**' પરપરિણતિ છે ખરી, પણ દૂર (છે). ભગવાનની સમીપ અને પરપરિણતિથી દૂર (છે). આહા..હા..! અરે! આવી વાતું. આહા..હા..! અરે! સાંભળવા મળે નહિ એને કે દિ' વિચારમાં લઈને અંદરમાં મૂકે? સમજાણું કાંઈ? આહા..હા..!

નિર્વિકલ્પ શાંતિને—વીતરાગતાને પ્રાપ્ત કરતો થકો '**પરપરિણતિથી દૂર,...**' આહા..હા..! વિકલ્પની પરિણતિ જે ઘોર સંસારનું કારણ એનાથી દૂર પરિણતિ અંદરમાં છે. આહા..હા..! સ્વભાવની સન્મુખ અને આની સમીપતાની પરિણતિ છે અને વિકલ્પની પરિણતિથી દૂર પરિણતિ છે. આહા..હા..! આવો માર્ગ છે. અહીં તો એમ લોકોને (લાગે) કે આ તો એકાંત નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય. વ્યવહારથી થાય તો અનેકાંત થાય એમ કહે છે. વ્યવહાર હો, પણ એનાથી થાય છે એમ બિલકુલ વાત નથી. આહા..હા..! વ્યવહાર છે. સમ્યગ્દર્શનમાં એકાગ્ર થયો, નિર્વિકલ્પ દૃષ્ટિ પરિણતિ થઈ તો એમાં વિકલ્પ છે, પણ વિકલ્પની એકતાને પામતો નથી,

એનાથી દૂર પરિણતિ છે. પરપરિણતિથી દૂર પરિણતિ છે. આહા..હા..! આવો માર્ગ!

પાઠ એમ છે, '**સંસારના ઘોર વિકલ્પને પામતો નથી, પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો...**' નિર્વિકલ્પ પરિણતિ કહો કે નિર્વિકલ્પ સમાધિ કહો. એ '**પરપરિણતિથી દૂર,...**' આહા..હા..! આવો માર્ગ ભારે! '**અનુપમ, અનઘ ચિન્માત્રને...**' અનુપમ—જેની કોઈ ઉપમા નથી એવો નાથ પ્રભુ અંદર. આહા..હા..! જેમ બરફની ૫૦-૫૦ મણની પાટ હોય છે મુંબઈમાં. બરફની ઠંડી... ઠંડી... ઠંડી... ઠંડી... ઠંડી... ૫૦-૫૦ મણની (પાટ). એવી બહુ પાટુ અમે તો ઘણીવાર જોઈએને. એમ આ ભગવાન શીતળ શાંતિ અવિકારી શાંતિનો પિંડ છે. આહા..હા..! સમાધિ કીધીને? એ સમાધિ આવી ક્યાંથી? અવિકારી શાંતિ એમાં છે તો સમાધિ આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિ... શાંતિ... શાંતિ... અવિકારી પરિણામ. આહા..હા..! એ શાંતિને કારણે '**સમાધિને પ્રાપ્ત કરતો થકો...**' એમ. સમાધિને પ્રાપ્ત કરતો થકો, વિકલ્પને પ્રાપ્ત કરતો થકો નહિ. આહા..હા..! '**પરપરિણતિથી દૂર, અનુપમ, અનઘ ચિન્માત્રને...**' આહા..હા..! અનઘ છેને? '**દોષરહિત; નિષ્પાપ; મળરહિત.**' ખરેખર તો અનઘ એટલે પુણ્ય અને પાપ બેય પાપ છે. આહા..હા..! એનાથી રહિત. અનઘ- અઘ એટલે પુણ્ય અને પાપ. શુભ-અશુભ. આહા..હા..!

એ તો કહ્યુંને યોગીન્દ્રદેવમાં, 'પાપ પાપકો તો સહુ કહે, પણ અનુભવીજન પુણ્યકો પાપ કહે.' યોગીન્દ્રદેવનો દોહરો છે. દિગંબર સંત. 'પાપ પાપકો તો સહુ કહે, પણ અનુભવી તો પુણ્યને પાપ કહે.' અનઘમાં પાપ અને પુણ્ય બેય આવ્યા. આહા..હા..! અનઘ નામ પુણ્ય અને પાપના અઘથી રહિત. અનઘ છેને? '**અનુપમ, અનઘ ચિન્માત્રને (ચૈતન્યમાત્ર આત્માને) પામે છે.**' એટલે મોક્ષને. પૂર્ણ દશાને આ ભાવનાથી પૂર્ણ દશાને સિદ્ધપદને પામે છે. આહા..હા..! એક કળશમાં કેટલું મૂક્યું છે! એવી વાત ક્યાં છે, બાપુ? દિગંબર સંત સિવાય ક્યાંય નથી. આહા..હા..! એથી બીજાને દુઃખ લાગે. આહા..હા..!

એ તો પદ્મનંદી પંચવિંશતિમાં કહ્યું છે. પદ્મનંદી મુનિ છે, ભાવલિંગી સંત છે, એકાદ ભવ કરીને મોક્ષ જનારા છે. એ બ્રહ્મચર્યનું રૂપ વર્ણવ્યું. બ્રહ્મચર્ય-બ્રહ્મચર્ય. શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ બ્રહ્મચર્ય નથી. બ્રહ્મ નામ આનંદનો નાથ પ્રભુ એમાં ચરવું, રમવું એ બ્રહ્મચર્ય. એની વ્યાખ્યા કરી ખૂબ. પદ્મનંદી પંચવિંશતિનો ૨૬મો અધિકાર. નામ પદ્મનંદિ પંચવિંશતિ છે. ૨૬મો અધિકાર બ્રહ્મચર્યનો છે. ઘણા અધિકાર લીધા પછી મુનિરાજ કહે છે... આહા..હા..! હે યુવાનો! બહારના વિષયના રસના પ્રેમી! આ વાત તમને ન રુચે તો માફ કરજો. અમારી પાસે શું આશા રાખશો? આહા..હા..! મુનિરાજ એમ કહે છે. એય..! ધન્નાલાલજી! તને આકરી વાત લાગે, પ્રભુ! તને સ્ત્રી દેખીને રસ આવે અને આ વિષયમાં રસ (આવે) એમાં હું એમ કહું છું કે એ તો પાપ છે, અધર્મ છે અને અંતરના આનંદમાં, બ્રહ્મ નામ આનંદમાં ચરવું નામ રમવું એ બ્રહ્મચર્ય છે. એ શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ પણ બ્રહ્મચર્ય નહિ, એ

પણ એક શુભભાવ છે. આહા..હા..! એ તો અનંતવાર એવું શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું, પણ બ્રહ્મ નામ ભગવાન આત્મા આનંદસ્વરૂપ એમાં ચરવું, રમવું એ બ્રહ્મચર્ય છે. પ્રભુ! તેં કદી કર્યું નથી. તો જેને એ વિષયનો રસ છે (એવા) યુવાનો! એમ કહ્યું છે. હે યુવાનો! આ મારી વાત તમને ન ગોઠે, ન રુચે તો હું તો મુનિ છું, માફ કરજો. અમારી પાસે શું હોય? આહા..હા..!

**શ્રોતા** :- માફી માગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અભિમાન છોડી દીધું. એમ કહે છે કે હું આવું કહું છું એ તમને ન રુચે માટે માફ કરજો, પ્રભુ! શું કહીએ? બાપુ! અમારી પાસે તો આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કંદોઈની દુકાને શું અફીણ મળશે? કંદોઈ સમજ્યા? શું કહે? હલવાઈ. એ માવો છે. ત્યાં માવો મળે. તો અફીણનો માવો ત્યાં મળે? દૂધનો માવો મળે. આહા..હા..! એમ અહીં મુનિરાજ એમ કહે છે, પ્રભુ! અમારી પાસે તો આનંદના માવાની વાત છે. બ્રહ્મચર્યની વાત છે, પ્રભુ! તને ન રુચે, ન ગોઠે તો માફ કરજે. અમારી પાસે તું લેવા આવ્યો તો અમારી પાસે બીજું છે નહિ. રાગ તો ઝેર છે. અરરર! પંચમહાવ્રતના પરિણામ ઝેર છે. આહા..હા..! પંચમહાવ્રતમાં ચોથું વ્રત આવી ગયું કે નહિ? ચોથું વ્રત આવ્યું કે નહિ પાંચમાં? એ ઝેર. વ્રત-વ્રત, તપ એ રાગ, એ રાગ છે.

**શ્રોતા** :- બ્રહ્મચર્યનો તો ઉપદેશ દે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આ બ્રહ્મચર્યનો ઉપદેશ, આ (બહારનો) નહિ. આહા..હા..! બ્રહ્મ નામ આનંદનો નાથ પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ, જ્ઞાન અને આનંદસ્વરૂપ, અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, એની દૃષ્ટિ કરીને ધ્યેય બનાવીને એમાં રમવું, આનંદનું ભોજન કરવું... આહા..હા..! એનું નામ બ્રહ્મચર્ય છે. એ બ્રહ્મચર્ય મુક્તિનું કારણ છે. બાકી શરીરથી સ્ત્રી ન સેવી, બાળ બ્રહ્મચારી છે, માટે સાચું બ્રહ્મચર્ય છે. (એમ માને પણ) એ સાચું બ્રહ્મચર્ય નથી.

**શ્રોતા** :- વ્યવહારથી તો બ્રહ્મચર્ય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહારથી પણ નથી એને. વ્યવહારાભાસ કહેવામાં આવે છે. નિશ્ચય હોય તો વ્યવહાર કહેવામાં આવે. આહા..હા..! બ્રહ્મ નામ આનંદમાં રમવું થાય તો પંચમહાવ્રતના પરિણામમાં ચોથા વ્રતને રાગ કહેવામાં આવે છે, વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! અરેરે! ગર્વ ઉતરી જાય એવું છે. આ મેં કર્યું અને આ મેં કર્યું. આહા..હા..! પ્રભુ! શું કર્યું તેં? ઝેર પીધું. રાગ કર્યો ને આ કર્યું એ તો ઝેર પીધું, પ્રભુ! અમૃતના સાગરમાં થોડું પણ નિર્વિકલ્પ તેં અમૃત પીધું નહિ. આહા..હા..!

**'પરપરિણતિથી દૂર, અનુપમ, અનઘ ચિન્માત્ર પામે છે.'** એકલો આત્મા જ્ઞાનમાત્ર અખંડ જ્ઞાનમાત્રની સદ્ભાવનાથી ઘોર વિકલ્પની પર્યાયને નહિ પામતો થકો, ચિન્માત્ર પર્યાયને પૂર્ણ આત્માને પામે છે. આહા..હા..! થાય છે પર્યાયને પ્રાપ્ત, દ્રવ્ય તો દ્રવ્ય છે. એ સદ્ભાવનાથી

પૂર્ણ પર્યાયને પ્રાપ્ત થાય છે. આહા..હા..! બીજો શ્લોક, મુનિરાજનો છે.

इत्थं बुद्ध्वोपदेशं जननमृतिहरं यं जरानाशहेतुं
भक्तिप्रह्वामरेन्द्रप्रकटमुकुटसद्रत्नमालार्चितांघ्रेः।
वीरात्तीर्थाधिनाथाद्दुरितमलकुलध्वांतविध्वंसदक्षं
एते संतो भवाब्धेरपरतटममी यांति सच्छीलपोताः।।६१।।

આહા..હા..! શું કહે છે? ત્રણલોકના નાથ તીર્થંકર ભગવાન સર્વજ્ઞ પરમાત્મા જેની '**ભક્તિથી નમેલા દેવેંદ્રો મુગટની સુંદર રત્નમાળા...**' ઇન્દ્રો જેને નમે છે તો રત્નમાળા આમ નમે છે તો રત્નમાળા એના ચરણમાં નમે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ઇન્દ્રો એકાવતારી એકભવતારી, સૌધર્મ ઇન્દ્ર એકભવતારી એક ભવ પછી મોક્ષ જનારા છે મનુષ્ય થઈને. એની ઇન્દ્રાણી પણ એક ભવ પછી મોક્ષ જાશે. આહા..હા..! એ જ્યારે પ્રભુને વંદન કરે છે તો કહે છે, '**ભક્તિથી નમેલા...**' એમ છે હોં. આમ નમી ગયા એમ નહિ. '**ભક્તિથી નમેલા દેવેંદ્રો મુગટની સુંદર રત્નમાળા...**' ઉપર જે મુગટ છે એમાં રત્નની માળા લટકે છે. આહા..હા..! એ '**રત્નમાળા વડે જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે...**' એ રત્નમાળાથી પ્રભુને પૂજે છે એટલે નમે છે. નમે છે એ પૂજે છે.

'**એવા મહાવીર તીર્થાધિનાથ દ્વારા...**' ભગવાન તીર્થાધિનાથ દ્વારા .. આહા..હા..! મુનિની મુખ્યાતથી વાત કરી છે. '**સંતો જન્મ-જરા-મૃત્યુનો નાશક...**' ભગવાનનો એ ઉપદેશ છે. આહા..હા..! રાગ કરવો અને રાગને ભોગવવો એ ભગવાનનો ઉપદેશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**મહાવીર તીર્થાધિનાથ દ્વારા આ સંતો જન્મ-જરા-મૃત્યુનો નાશક અને દુષ્ટ મૂળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર...**' આહા..હા..! વીતરાગનો આ ઉપદેશ છે. પુણ્ય કરો અને આમ થશે એ ઉપદેશ જ નથી. આહા..હા..! '**દુષ્ટ મૂળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ સમજીને,...**' વ્યાખ્યા શું કરી? ઉપદેશમાં શું આવે છે? આહા..હા..! આ ઉપેદશ. પરમાત્મા ત્રિલોકનાથને ઇન્દ્રો નમે છે રત્નમાળા. એક-એક રત્નની કિંમત કેટલી! આહા..હા..! એ ભગવાનનો ઉપદેશ શું છે? આહા..હા..! એ સંતનો ઉપદેશ કેવો છે?

'**દુષ્ટ મૂળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર...**' અર્થાત્ વીતરાગ પર્યાય. આહા..હા..! વીતરાગ ભગવાન વીતરાગી પર્યાય પ્રગટ કરવાનું કહે છે. સમજાણું કાંઈ? કેમકે ચારેય અનુયોગનો સાર, પંચાસ્તિકાયની ૧૭૨ ગાથામાં ચારેય અનુયોગ ભગવાનના શ્રીમુખે નીકળ્યા પણ સાર શું? તાત્પર્ય શું? વીતરાગભાવ. આહા..હા..! ભગવાનના ઉપદેશનું તાત્પર્ય વીતરાગતા. આહા..હા..! એ આત્મવલોકનમાં ગાથા છે. મુનિઓ મૂહુ મૂહુ—વારંવાર વીતરાગતાનો ઉપદેશ દે છે. એવો પાઠ છે. સમજાણું કાંઈ? તો ભગવાનનો ઉપદેશ આ છે. આહા..હા..! '**એવો આ પ્રકારનો...**' આ પ્રકારનો શું? '**દુષ્ટ મૂળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં**

**ચતુર એવો આ પ્રકારનો ઉપદેશ...'** ચતુર એવો ઉપદેશ. આહા..હા..! રાગ કરો અને દયા કરતાં-કરતાં ધર્મ થશે, વ્યવહાર કરતાં-કરતાં થશે એ ભગવાનનો ઉપદેશ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! આ તો અલૌકિક વાતું છે. આહા..હા..! તીર્થાધિનાથ મહાવીર પરમાત્મા એનો ઉપદેશ શું છે?

'**જન્મ-જરા-મૃત્યુનો નાશક...'** જે જન્મનો નાશક, અવતાર લેવો સ્વર્ગાદિમાં એનો નાશક. આહા..હા..! જરાનો નાશક. શરીરની (વૃદ્ધ) અવસ્થા, મૃત્યુનો નાશક. દેહ છોડીને બીજો અવતાર લેવો એવું મૃત્યુ એનો નાશક. આહા..હા..! જન્મ અને મૃત્યુનો નાશક, જરા તો વચ્ચે છે. આહા..હા..! ભવમાં જન્મવું અને ભવનો નાશ થવો એનાથી રહિત ભગવાનનો ઉપદેશ છે. આહા..હા..! એવી વાત છે, ભાઈ! આહા..હા..! '**દુષ્ટ મૂળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ...'** પણ આ ઉપદેશ આવો છે એમ સમજીને. એ ઉપદેશમાં રાગ કરવો અને રાગથી લાભ થાય એવો ઉપદેશ નથી. તો એવો સમજીને. આહા..હા..! વીતરાગવાણીમાંથી આ કાઢવું. વીતરાગપણું પ્રાપ્ત થાય એ કાઢવું. એવું સમજણમાં ઈ લેવું કે ભગવાને રાગ કર્યો અને રાગથી લાભ થાય એ ભગવાનના ઉપદેશમાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ તો એમ કહે છે કે '**દુષ્ટ મૂળસમૂહરૂપી...'** એ પાપ એટલે પુણ્ય-પાપ બેય. '**અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર...'** ભગવાનનો ઉપદેશ. આહા..હા..! '**એવો આ પ્રકારનો ઉપદેશ...'** જેમાં જન્મ-જરા-મરણનો અને પાપનો, પુણ્યનો નાશ થાય એવો ભગવાનનો ઉપદેશ છે. નાશ હો અને વીતરાગતા ઉત્પન્ન થાય એવો ભગવાનનો ઉપદેશ છે. આવી વાત છે. એવા ભગવાનના ઉપદેશને છોડી અને એવા ઉપદેશ દેવા કે વ્રત કરો, તપસ્યા કરો, દાન કરો, દયા કરો. દાન શીલ તપ ભાવના ધર્મના ચાર પ્રકાર. શ્વેતાંબરમાં બહુ ચાલે છે એ. શ્વેતાંબરમાં એ ધર્મના ચાર પ્રકાર—દાન, શીલ, તપ, ભાવના. આવે છેને, એ તો બધી ખબર છે. આહા..હા..! અહીં કહે છે કે ભગવાનનો એ ઉપદેશ જ નથી. જેમાં પરને દાન દેવું, શરીરથી બ્રહ્મચર્ય પાળવું. આહા..હા..! એ તો બધો શુભભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શુભભાવ.... જન્મ-મૃત્યુનું કારણ તો એ અઘનો નાશ કરવાનો ભગવાનનો ઉપદેશ છે. આહા..હા..! તો આખા સિદ્ધાંતમાંથી વીતરાગતા ઉત્પન્ન થાય એ કાઢવું. રાગથી લાભ થાય એ છોડી દેવું. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, જ્ઞાનચંદજી! આ તો મુનિઓની ભાષા છે, અલૌકિક છે, બાપુ! આહા..હા..!

'**આવો આ પ્રકારનો ઉપદેશ સમજીને,...'** એમ લીધુંને પાછું? આવો ભગવાનનો ઉપદેશ છે એમ સમજીને. બીજો ઉપદેશ ભગવાનનો નથી. વ્યવહાર કરતાં તને નિશ્ચય થશે, દયા, દાન, વ્રત પાળતા-પાળતા તને સમકિત થશે, ઘણો પરિષહ અને ઉપસર્ગ સહન કરતાં કરતાં તને (સમકિત થશે એ ભગવાનનો ઉપદેશ નહિ). એક આવ્યા હતા. બુદ્ધિસાગર સાધુ

છે ત્યાં. અહીં આવ્યા હતા છોકરો પહેલો. એક-બે વાર આવ્યા. પછી ક્ષુલ્લક થઈ ગયા. ત્યાં આવ્યા હતા. કેવું કહેવાય ગામ? કુરાવડ. અમારા બ્રહ્મચારી છેને જમકલાલજી એનું ગામ કુરાવડ. એ આવ્યા હતા. ક્ષુલ્લક થઈ ગયા તો એટલો અહંકાર થઈ ગયો. બસ! આમ કરતાં-કરતાં સમકિત થઈ જશે. આમ પરિષહ સહન કરતાં-કરતાં થઈ જશે. સાધુ છે, પરિષહ સહન કરીએ છીએ તો સમકિત થશે. અરે! પ્રભુ શાંત થા. પછી તો મગજ ફરી ગયું હતું એવું સાંભળ્યું હતું. મગજ ફરી ગયું હતું એવું સાંભળ્યું હતું. એવી અસ્થિરતા. જુવાન માણસ છે જુવાન. ઘણો જુવાન છે. આહા..હા..! આટલા-આટલા પરિષહ સહન કરીએ અને તમે કહો કે સમકિત નહિ? સાધુ નહિ? અરે! પ્રભુ! સાંભળ તો ખરો. આહા..હા..! એ બધા પંચમહાવ્રત આદિનું પાલન એ તો ક્લેશ છે. રાગ છે એ તો ક્લેશ છે. આહા..હા..! નિર્જરા અધિકારમાં છેને, ક્લેશ. શ્લોક છે. આહા..હા..! પ્રભુ માર્ગ આકરો, ભાઈ! આહા..હા..!

'**દુષ્ટ મૂળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો ઉપદેશ સમજીને, સત્શીલરૂપી નૌકા વડે...**' કેમકે ઉપદેશમાં એ કહ્યું છે. સત્શીલરૂપી નૌકા. પોતાની શુદ્ધસ્વરૂપની પરિણતિ નિર્મળ ધારા એ સત્શીલરૂપ નૌકા. સત્શીલરૂપી નૌકા. સત્ ભગવાન આત્મા એની એકાગ્રતા, શુદ્ધ પરિણતિ એ સત્શીલરૂપી નૌકા. આહા..હા..! વ્યવહારરત્નત્રય એ સત્શીલરૂપ નૌકા નહિ. આહા..હા..! '**સત્શીલરૂપી નૌકા વડે ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે.**' ભવરૂપી અબ્ધિ-દરિયો. આહા..હા..! એ આ સમાધિ દ્વારા અને સત્શીલની નૌકા વડે. નૌકા દરિયો ઉતરે છે ... તો સત્શીલરૂપી નૌકા વડે સંસાર સમુદ્રને પાર કરે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૪૨, કળશ-૩૫, ૩૬ પ્રવચન નં.૩૯૨

નિયમસાર શાસ્ત્ર, મોક્ષનો માર્ગ બતાવવામાં આવે છે. મોક્ષ એટલે આત્માની અમૃતમય પૂર્ણદશા, પૂર્ણ અતીન્દ્રિય આનંદની દશા. દશા નામ અવસ્થા. તેને મોક્ષ કહે છે. એવા મોક્ષનો માર્ગ, એવા ચીજને આશ્રય કેવી ચીજ ધ્રુવ, જે દૃષ્ટિમાં લેવાલાયક આત્મા કેવો છે કે જેને દૃષ્ટિમાં લેતા સમ્યગ્દર્શન, જ્ઞાન અને મોક્ષનો માર્ગ થાય? અને એ માર્ગના પંથે ચાલતા એ પૂર્ણ અમૃતના આનંદમૂર્તિરૂપ દશા મોક્ષની થાય એનું આમાં વર્ણન છે. ૪૧ ગાથા થઈ. ૪૨.

**चउगइभवसंभमणं जाइजरामरणरोगसोगा य।**
**कुलजोणिजीवमग्गणठाणा जीवस्स णो संति।।४२।।**
**ચઉગતિભ્રમણ નહિ, જન્મ મરણ ન, રોગ શોક જરા નહીં,**
**કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૨.**

ભગવાનઆત્મા એની દશામાં આ બધા ભાવો છે. એમ પણ ભેગું કરતાં જાય છે. એની દશાઓમાં એની આ લાયકાતો છે. રાગની, વિકારની, ચોર્યાસી લાખ યોનિની. એ તો સાંભળ્યું છેને માણસે? કે અનંતકાળથી ચોર્યાસી લાખ યોનિમાં પરિભ્રમણ કરે છે. એ ચોર્યાસી લાખ યોનિ એટલે ઉત્પત્તિના સ્થાન, એ બધાના અનંતવાર પરિભ્રમણ કર્યા, પણ એ ચોર્યાસી લાખના સ્થાન એ ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકમૂર્તિ ભગવાન, જેમાં ચોર્યાસી લાખની યોગ્યતાનો નિષેધ કરી અંતર્મુખ પરમ અમૃત પ્રભુ આત્મા, એની દૃષ્ટિથી જોતાં એમાં એ ચોર્યાસી લાખના સ્થાન એમાં છે નહિ. કહો, સમજાણું?

એ '**ટીકા :- શુદ્ધ નિશ્ચયનયે...**' ભગવાનઆત્મા પરમાનંદ પવિત્ર, નિર્મળ, સમ્યગ્જ્ઞાન એવા જીવ જે અંતરમાં જોઈએ તો '**સમસ્ત સંસારવિકારનો સમુદાય નથી...**' સમસ્ત સંસારની વિકૃત કાર્ય કે વિકાર એ બધાનો સમુદાય નથી એમ આ ગાથામાં કહે છે. દ્રવ્યકર્મનું જડકર્મ એ ભગવાન આત્મા અમૃતનો પિંડ પ્રભુ, ત્રિકાળ અખંડાનંદ એમાં એ જડકર્મ નથી. એમાં '**ભાવકર્મનો સ્વીકાર નહિ...**' એવી અખંડ પ્રભુ ચૈતન્ય મૂર્તિ એનો સ્વીકાર કરવા જતાં જડકર્મનો સ્વીકાર ત્યાં આત્મામાં રહેતો નથી. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની અંતર્મુખ થઈને સ્વીકાર કરવા જતાં ધર્મદૃષ્ટિના સ્થાનમાં એ તેને ભાવકર્મ એટલે પુણ્ય-પાપના વિકારનો સ્વીકાર રહેતો નથી. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ આમાં? કહો, રતિભાઈ! આ બે લીટી ... છે જરી. ન સમજાય એવું ક્યાં છે? એમ છે. આ રીતે.. એવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ગોકુળદાસભાઈએ કીધું. ..ના ભાઈએ કીધું. સમજાણુ આમાં?

અરે! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા જિનેન્દ્ર વીતરાગ દેવ જેની પૂર્ણ સંપદા જેની દશામાં પ્રગટ થઈ. એ ભગવાને વાણી દ્વારા એમ આવ્યું, કહ્યું એમ વ્યવહારથી કહેવામાં આવે છે. કે હે આત્મા! તારી મૂળ ચીજ જોતાં નિષેધ નિશ્ચય .. રહેલા સ્વભાવ સન્મુખ જોતા, અખંડ શુદ્ધ ચૈતન્ય અમૃત આનંદનું દળ એ છે. એનો સ્વીકાર કરવા જતાં તેમાં નિશ્ચયમાં.. એ વિકારનો સ્વીકાર.. એની અંદર છે નહિ. ચંદુભાઈ! ઓહો..! અને સ્થિર નહિ હોવાથી નારકી પણ ... ગતિ ચાર છે. નીચે નરકપણું. એ પણ એમાં સ્વીકારમાં આવતો નથી. કારણ કે દ્રવ્ય જડકર્મનો વિકારનો સ્વીકાર ત્રિકાળ ચૈતન્યના આનંદના અંતર્મુખ થઈને સ્વીકાર કરતાં ધર્મદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ દ્વારા સમ્યક્ સત્ય દૃષ્ટિ દ્વારા, સત્ય દૃષ્ટિ દ્વારા અંતરમાં પરમ સત્યનો સ્વીકાર કરવા જતા એને નારકીપણું અને પરિભ્રમણ છે નહિ. એમાં તિર્યંચ નામ ઢોરના પરિભ્રમણ પણ એમાં નથી, મનુષ્યનો પરિભ્રમણ એમાં નથી અને દેવનો પરિભ્રણ એ ચાર ગતિનો પરિભ્રમણ નથી.

'**નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપ કારણપરમાત્મસ્વરૂપ જીવને...**' નિત્ય પ્રભુ શુદ્ધ પવિત્ર ચિદાનંદ જ્ઞાનાનંદ જેનું રૂપ છે અંદર. એક ક્ષણમાં વિકૃતની અવસ્થાને છોડીને ત્રિકાળ ..

ખંડને આનંદને જોવે તો તે નિત્ય છે, શુદ્ધ છે, ચિદાનંદરૂપ છે. એવા કારણપરમાત્મસ્વરૂપ જીવને. આ કારણપરમાત્મસ્વરૂપ છે કે જેમાં એકાકાર થવાથી કાર્યપરમાત્માના .. શકે છે. ભાષા એવી તે આમાં કાંઈ ગ્રીક લેટિન જેવી ભાષા લાગે માણસને. કહો, સમજાણું કે નહિ આમાં? એ ભગવાન નિત્ય આત્મામાં **'દ્રવ્યકર્મ તથા ભાવકર્મના ગ્રહણને યોગ્ય વિભાવપરિણતિનો અભાવ હોવાથી...'** વિકારની દશામાં ત્રિકાળ સમ્યક્. સમ્યક્ સત્ય દૃષ્ટિમાં સ્વીકાર જ્યાં અંતર પૂર્ણાનંદ પ્રભુ એની અંદરમાં વિકારી પરિણતિનો અભાવ હોવાથી એને જાતિ નામ ગમ્ય નથી. તે ત્રિકાળ સ્વકાળની દૃષ્ટિમાં ગમ્ય નથી. એ જાતિ એટલે ત્યાં જન્મ લેવું. **'જરા,...'** નથી. આ શરીરની વૃદ્ધ અવસ્થા તે ત્રિકાળ જ્ઞાયકમૂર્તિમાં નથી. એનો સ્વીકાર તેનું નામ સમ્યગ્દર્શન છે. એને **'મરણ,...'** નથી. મરે કોણ? ભગવાન નિત્ય શુદ્ધ ચિદાનંદ મૂર્તિ સમ્યગ્દર્શનમાં સ્વીકારમાં જ્યાં આવ્યો, પ્રતીતમાં આવ્યો એને તો મરણ હોય નહિ. ત્રિકાળ દૃષ્ટિમાં મરણ નથી, એને **'રોગ,...'** નથી, એને **'શોક નથી.'** કહો, સમજાણું આમાં? એવી અંતર ચીજ જે પરમ પરમાત્મસ્વરૂપ નિશ્ચય પોતાનો આત્મા, આ એનો સ્વીકાર કરવો અને એનું ... કરવું અને એમાં રમણતા કરવી એ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આ નિયમસારમાં એ ચાલે છે.

વળી **'ચતુર્ગતિ (ચાર ગતિના) જીવોના...'** ચાર ગતિ છે. નારક, ઢોર, મનુષ્ય અને દેવ. એમાં કુળ-કુળ. કુળ એટલે? આ કુળ નહિ તમારા અત્યારના. એ કુળ એટલે જે સ્થાનમાં ઊપજે છે એને યોનિ કહીએ અને એમાં ઉપજ્યા એ શરીરની જાતમાં સ્થિર હોય એને કુળ કહેવામાં આવે છે. તે **'કુળ તથા યોનિના ભેદ જીવમાં નથી...'** ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સત્ પરમાનંદ મૂર્તિ એનો સ્વીકાર કરવા જતાં એનામાં એ જેમ એક છાણ હોય છેને છાણ. છાણમાં કીડા ઉપજે ભિન્ન-ભિન્ન જાતના. તો એની શરીરમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શની ભિન્ન-ભિન્ન જાત છે, તેમ આ કુળની ભિન્ન જાત છે એમ કહેવામાં આવે છે. એ કુળ કહેવાય. આ કુળ નહિ હોં ... ચંદુભાઈ! જીવ જેની .. છાણમાં તાજું છાણ હોય એમાં જીવ મરીને ક્યાંકથી આવીને ઊપજે એ ઉપજેલી એ.. ઉત્પત્તિ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છાણની જાતનો તે કારણે વર્તે એને એ ઉત્પત્તિનું સ્થાન એ પ્રકારનું કહેવાય. એમાં જીવ ઉપજે અને ... અને એક ક્ષણ પછી એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ.. અને પછી બીજો જીવ ઉપજે ત્યારે જીવની ... કહેવાય. એવા એવા યોનિમાં ઉપજવાના સ્થાન જીવના ચોર્યાસી લાખ છે. કહો, સમજાય છે કે નહિ? પ્રવિણભાઈ! ન સમજાય? આ મોટાને સમજાય અને તમને ન સમજાય? ન સમજાય એમ હોય? લોઢામાં સમજાતું હશે કે નહિ ત્યાં? ત્યાં એમ કહેતા હશો કે નથી સમજાતું?

આ તો સાધારણ વાત. લોકો કહે છેને ચોર્યાસી લાખમાં રખડ્યો. ચોર્યાસી લાખ .. ચોર્યાસી.. ચોર્યાસી લાખ... સમજાણું કાંઈ? બસ અમારે આમ. ... કહો, સમજાય છે કાંઈ?

આમ લોકો નથી કહેતા કે એ ચોર્યાસી લાખમાં રખડ્યા. એ ચોર્યાસી લાખ શું છે તે નક્કી કર્યું છે? ... ચોર્યાસી લાખ આ જીવ છે એ તો ત્રિકાળ અનાદિ-અનંત શુદ્ધ છે. પણ એના સ્વરૂપને ભૂલી અજ્ઞાન અને મિથ્યાત્વ .. શ્રદ્ધા કરી અને રાગ-દ્વેષના વિકલ્પો ઉત્પન્ન કરી એ જે સ્થાનમાં ઉપજે તે સ્થાનને યોનિ કહેવામાં આવે છે. એ છાણનું કીધુંને? એમ બકરીના દૂધ હોય. એ દૂધમાં પણ જીવ ઉત્પન્ન થાય.. માં. એ બેની જાતની જે પહેલી વર્ણ, ગંધ, રસ, સ્પર્શની એકતા હોય એમાં જીવ.. કહેવાય. અને .. જીવ કહેવાય. એવી એવી વેદના જગતની અંદર જીવને ઉપજવાનો ચોર્યાસી લાખ સ્થાન છે. ચંદુભાઈ! પહેલું વહેલું આવ્યું. લ્યો! ત્યારે આમાં વળી ચોર્યાસી લાખ .. નથી કહેતા તમે? કે ચોર્યાસી લાખમાં રખડ્યા? એ ચોર્યાસી લાખ શું છે?

**શ્રોતા :-** એ તો આપે કીધું એટલે અમે કહ્યું. અમે સમજ્યા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજાણું આમાં? અનંત-અનંત કાળથી આથડ્યો ચોર્યાસી લાખ અવતાર. પણ એ શું ચીજ છે એ ખ્યાલ તો લેવી જોઈએ એણે. અહીં કહે છે કે એ ચોર્યાસી લાખ. એક મનુષ્યની વાત આપણે કરીએ. જો મનુષ્યોના બાર લાખ કરોડ-કુળ અને એમાં ચૌદ લાખ યોનિ છે. સમજાય છે? એટલે શું? આ મનુષ્ય જીવ છેને. આત્મા તો આત્મા છે. પણ એવું .. પરિણામ દ્વારા મનુષ્યની મનુષ્ય યોનિમાં જ્યારે ઉપજે છે ત્યારે તે કાળે તેની માતાના અંદર ગર્ભાશયમાં એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શની જે જાત છે તે ટાણે. એને એક કાળ ..એક વીર્યની ઉત્પત્તિના સ્થાન તેને ... કહેવામાં આવે છે. એ જ માતા બીજે ક્ષણે અને ત્રીજે ક્ષણે .. એકની સાથે એક થાય છેને. બબ્બે, ત્રણ-ત્રણ, ચચ્ચાર. તો એ જ માતા બીજે ક્ષણે એક બીજો હોય. હજી અંદર પેટમાં અને એમાં અંદર વર્ણ, ગંધ, રસ, ફર્યા છે ત્યારે એ બીજી યોનિએ બીજો દીકરો ઉપજ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ કહેલી વાત છે.

**શ્રોતા :-** તો તો બોલાય જ નહિ કાંઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ બોલાય નહિ .. એમ કાંઈ કહેવાય. વાત તો કાંઈક સમજવા જેવી છે. પણ એ વાત તો સાંભળી નથી તમે કે ચોર્યાસી લાખમાં રખડ્યા? તો એ ચોર્યાસી લાખ શું?

**શ્રોતા :-** એ નહોતા સમજ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહે છે કે જેમ આ માતાના ગર્ભાશયની અંદર એ ચામડા છેને અંદર હાડકા. એ .. છે એમાં માંસના વર્ણ, ગંધ, રસ, સ્પર્શની આકૃતિઓ છે. વર્ણમાં ફેર, ગંધમાં ફેર, રસમાં ફેર, સ્પર્શમાં ફેરે. એ ફેર, બે ફેર, ત્રણ ફેર, ચાર ફેર. એવા એવા અંશનો ગર્ભાશયમાં ચોર્યાસી લાખ યોનિમાં ઉત્પન્ન થાય છે. ઝીણી વાતું છે. એટલી મનુષ્યમાં ઉત્પત્તિ સ્થાન ચૌદ લાખ ભગવાને ભાળ્યા અને કહ્યા છે. મોહનલાલભાઈ! કહો, સાંભળ્યું

છે કે નહિ આ ચોર્યાસી લાખનું? ... એ એમ નહિ. માતાના .. નહિ. અંદર ગર્ભાશયની અંદર એમાં સ્થાન .. પરમાણુ જે .. છે. એના રંગ, ગંધ, રસ, સ્પર્શની યોગ્યતા કાળ સરખો મધ્યસ્થ. એની એક યોનિ રહિત ફરે તે કરતાં-કરતાં ભિન્ન-ભિન્ન મનુષ્ય .. સ્થાનો. ચૌદ લાખ ઉત્પત્તિ થાય છે. પહેલાં અનંતવાર જીવ ઉપજ્યો છે. તો એ યોનિ સ્થાનની ત્રિકાળ વસ્તુ .. તેમાં ઉત્પત્તિ સ્થાનનો અભાવ છે. એમાં જ્યારે .. એની દૃષ્ટિ કરનારા પણ ચોર્યાસી લાખની ઉત્પત્તિ.. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાના ચિદાનંદ અમૃતના આનંદકંદમાં જુલી અને એ પુણ્ય-પાપના ભાવમાં રચ્યો-પચ્યો રહે અને ... મળે એવી મિથ્યાત્વ ભ્રમણાને લઈને એ મનુષ્ય યોનિમાં ચૌદ લાખ .. છે. એમાં એકવાર નહિ પણ અનંતવાર... ચૂક્યો છે. પણ અંદર ચિદાનંદ મૂર્તિનો સ્વીકાર કરવા જતા .. આનંદકંદ છો. એવો સમ્યગ્દર્શનમાં, સત્ય દૃષ્ટિમાં સ્વીકાર કરતાં એ વસ્તુમાં ... અને દૃષ્ટિ કરનારનો ચૌર્યાસી લાખમાં .. રસ નથી. સમજાણું કાંઈ? પહેલા .. કર્યા છે. .. એટલે? એની એ માતાના ગર્ભમાં આવેલો દીકરો એની .. હોય અને બીજો ... તે છે આ જાતિ બીજી વાત છે. કુળ એટલે? યોનિની કહી. કુળ એટલે એમાં આવેલો માણસ એના શરીરના વર્ણ, ગંધ, રસમાં ફેર એનો એ દીકરાનો .. બીજો દીકરો આવ્યો એક મિનિટ, બે મિનિટે તો એના વર્ણ, રંગ, ગંધ, સ્પર્શનો એનો પોતાનો ફેર શરીરમાં. એના તેજ. એવા-એવા એક યોનિમાં સાડી સત્તાવન લાખ કુળ શરીરમાં છે.

**શ્રોતા :-** આપણે આવી વાત તો કરતાં જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાઈ આવ્યા એમાં આ વાત આવી બીજી જાત અત્યારે. કહો, સમજાણું? રતિભાઈ! સમજાય છે કે નહિ આમાં? એય..! રતિભાઈ! આ લોઢાના વેપારી. ત્રણ ... કહો, સમજાણું આમાં? શું કહે? પ્રભુ! તને બની ગયું એની વાત કરે છે અને તારા અંતર સ્વરૂપમાં નથી એ વાત છે. કે જ્યાં જ્યાં જે સ્થાનમાં ભિન્ન-ભિન્ન સ્થાન એ છાણનો .. રોટલા બગડી જાય એમાં જીવ દેખે કે નહિ? રોટલી બગડી હોય, .. શાક બગડ્યું હોય, ભાત બગડ્યા હોય, ખીચડી .. એમાં ને એમાં. નિરર્થક થઈ જાય છે અંદર. ... ઓલા તમારા લાડવા કેવા કહેવાય? કળીના-કળીના. મોતીયા... થઈ જાય. એ એના રંગ, ગંધ, રસ, સ્પર્શની જાત, એને યોનિ કહે છે. તેમાં ઉપજેલા જીવના શરીરના વર્ણ, ગંધ, રસ, સ્પર્શની જાત એને કુળ કહે છે. એવા ઉત્પત્તિસ્થાન ચોર્યાસી લાખ છે અને ઉત્પન્ન થયેલા શરીરની જાતના એક સો સાડી સતાણું લાખ કરોડ ઘર છે. સમજાણું કાંઈ? પણ ભગવાન આત્મા એક સમયમાં કહેલ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ એવી સમ્યક્દૃષ્ટિ, ધર્મદૃષ્ટિ, ધર્મ.. એની ધર્મદૃષ્ટિ પ્રગટ કરતાં એ ધર્મની ત્રિકાળ ભગવાન આત્મા .. એને ચોર્યાસી લાખ યોનિ નથી અને એકસો સાડી સતાણું લાખ કરોડ કુળ નથી અને એવું જે ભાન કરે તેને એક સો સાડી સત્તાણું લાખ કરોડ શરીરના ભેદથી એને ભાન કરવા પડે નહિ. સમજાણું કાંઈ?

એ કહે છે જુઓ, '(ચાર ગતિના) **જીવોનાં કુળ તથા યોનિના ભેદ જીવમાં નથી એમ કહેવામાં આવે છે.**' .. વાત છે. એ લાંબી વાત છે બધી. પૃથ્વીના ૨૨ લાખ કરોડ એ બધી લાંબી વાત છે. છે '**એક સો સાડી સત્તાણું લાખ કરોડ કુળ છે.**' એવા કુળમાં અનંતવાર, એકવાર નહિ, એક સો સાડી સત્તાણું લાખ કરોડ શરીરની જાતના ભિન્ન-ભિન્ન પ્રકાર. એમાં એક-એકમાં અનંતવાર ઉપજી ચુક્યો છે. એટલે એકમાં એટલે શરીરની જાત એવા અનંતવાર થઈ ગયા.

હવે એમ કહે યોનિ છે. પૃથ્વી એકેન્દ્રિય જીવ છે એની ઉત્પત્તિ.. લાંબી વાત છે. આપણી ટૂંકું કરીને જરી છેલ્લું લ્યો. '**મનુષ્યોંના ચૌદ લાખ યોનિમુખ છે.**' છેલ્લે. એ બધા થઈને ચોર્યાસી લાખ યોનિઓ છે. છે એમાં? ...સમજાણું? મનુષ્યમાં ચૌદ લાખ પ્રકાર ઉપજવાના સ્થાન ભિન્ન-ભિન્ન, રંગ, ગંધ, સ્પર્શની જાતના. એવા બધા ચોર્યાસી લાખના ભેદ એકેન્દ્રિયથી માંડીને નરક, મનુષ્ય, ઢોર અને દેવ એના બધા .. તો ચોર્યાસી લાખ ઉપજવાના સ્થાન થાય છે. એ બધા જીવ છે કે નહિ? ભગવાન ચિદાનંદ મૂર્તિ પરમાનંદની પર્યાય દૃષ્ટિ વર્તમાન સમ્યક્ અને ત્રિકાળી સ્વભાવમાત્ર.. સ્વીકાર કરે તો એમાં એ બધા .. લઈને છે. એને તો પરમાણુ.. ત્યાગ આવે એને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઘરમાં .. કેટલા મહિના જીવ્યા હતા અને મર્યા .. ... શું કહેવાય એ? અગાસી થઈ ગઈ. ઓલા તો નળિયા નાખે એ બધા નવા નળિયા.. જૂના નળિયા... ૨૦૦-૫૦૦ લાવ્યા છીએ આમ તમે ... સમજાણું કાંઈ? આટલા નવા લાવ્યા હતા, આ પાંચ હજાર હતા, પાંચસો લાવ્યા. .. છૂટ્યા બધી ખબર હોય, ચંદુભાઈ!

**શ્રોતા :-** પૈસા દે તો ખબર જ હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા દે એટલે ખબર હોય. પણ આ પહેલેથી આત્મા ... અને એક સો સાડી સત્તાણું લાખ કરોડ શરીરની જાતને ધારણ કરે એવા. ધારણ કરે .. એની એ .. પૂરી કરી નથી. આમ ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે જે સમય સમય જગતમાં ઉત્પત્તિ સ્થાન એની ... કહે છે કે એ તારામાં છે નહિ. એ આત્માની અંદર જઈ નજર કર, પ્રતીત કર. મોક્ષમાર્ગ કહેવાય છેને? એ ચોર્યાસીના યોનિના સ્થાનથી મોક્ષમાર્ગ નહિ થાય એમ કહે છે. એક સો સાડી સત્તાણું લાખ કરોડ શરીરની જાતથી મોક્ષમાર્ગ ન થાય. શરીરની જાતથી ન થાય. અંતર ચિદાનંદ ભગવાન પરમાનંદની મૂર્તિ, એની શ્રદ્ધા કર, એનું જ્ઞાન કર, એમાં લીનતા એ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ મોક્ષનો માર્ગ અને એમાંથી આત્માની મુક્તિ પ્રાપ્ત થશે. બીજાથી પ્રાપ્ત થશે નહિ. બાકી ચૌદ ભેદ જીવના છે જરી. ચેતન.

અંતર સ્વરૂપ જોતાં હવે જરી ચૌદ માર્ગણા એક મોટો બોલ થોડો છે લઈ લઈએ. નરકગતિ છેલ્લું છેને? એ 'ગતિ,...' એ ચાર ગતિ એ ત્રિકાળ તત્ત્વના ..વસ્તુસ્વરૂપ જોતાં .. તો ચાર ગતિના આશ્રયે મોક્ષનો માર્ગ પ્રગટ થતો નથી. આ એમ કહે છે. ચંદુભાઈ! કે ભાઈ

આપણને મનુષ્ય ગતિ મળી માટે ગતિના આશ્રયે ધર્મ થાય, મોક્ષમાર્ગ થાય. ના, કોણે કહ્યું તને? ગતિ તો વર્તમાન વિકૃતદશા છે. શરીરની હોં. અંદર ઉદયભાવ મનુષ્ય.. ગતિ અંદર-અંદર આ તો જડ, માટી છે. અંદર મનુષ્ય થવાની લાયકાવાળી જે ગતિની યોગ્યતા એ ગતિની યોગ્યતાથી આત્માને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ થતો નથી. એ ગતિ ત્રિકાળ ચૈતન્ય ભગવાનમાં નથી માટે એને ત્રિકાળ જ્ઞાનાનંદ ધ્રુવ સ્વભાવને પકડતા એને ગતિ એમાં નથી અને એનો અનુભવ કરતાં અન્યગતિ પ્રાપ્ત થતી નથી. એમાં અનુભવ કરતાં મોક્ષમાર્ગની દશા પ્રાપ્ત થાય છે. ઓહો..હો..!

'ઇન્દ્રિય,...' એ પાંચ ઇન્દ્રિય. આ જડ નહિ. આ તો માટી છે. અંદર ખંડ-ખંડ ઇન્દ્રિય ભાવ. એ જ્ઞાનના ખંડ દ્વારા, એ વિષય દ્વારા એ પણ પાંચ ઇન્દ્રિય ખંડ-ખંડ અંદર. આ .. તો માટી અંદર જાણવાનું .. આત્મ પ્રદેશમાં શબ્દ દ્વારા ન જાણતા, રૂપ દ્વારા ન જાણતા, ગંધ દ્વારા અને રસ દ્વારા .. એ લાયકાતમાં જ્ઞાનના ખંડખંડ.. એવી જે ઇન્દ્રિય એને આશ્રયે સમ્યગ્દર્શન ધર્મ નથી. કેમકે તે ઇન્દ્રિયભાવ ત્રિકાળ.. છે નહિ. ભારે વાતું, ભાઈ! કહો, ભાનુભાઈ! આ બધી .. સમજવી પડશે ત્યાં. પૈસા આવી ગયા એટલે ત્યાં સખ ન લે એમાંથી. સાચી વાત છે કે નહિ? એય..! ઇન્દ્રિય. પાંચ ઇન્દ્રિય હોં આ ઇન્દ્રિયથી તો ધર્મ ન થાય, ભાવ ઇન્દ્રિય ખંડ-ખંડ એક જ્ઞાનનો અંશ એ રૂપને જાણે, ગંધને જાણે, એમાં ..ને આશ્રયે આત્માનો સમ્યગ્દર્શનનો ધર્મ થતો નથી. એથી એ ઇન્દ્રિયો ખંડ-ખંડમાં .. એ ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન આત્મા એની અંદર એનો અભાવ છે.

'કાય,...' કાયમાં પ્રકાશ.. એ જરી. એ પણ .. કાયાનો પ્રકાશ ચિદાનંદ સ્વરૂપમાં નથી. એને કાયાને આશ્રયે ધર્મ થતો નથી. શરીરને આશ્રયે એટલે અંદર ભાવ .. હોં અંદર. એ આશ્રયે ધર્મ થતો નથી. ધર્મ તો અંદરમાં પૂર્ણાનંદ ઉપર નજર કરતાં, અંતરમાં સ્વભાવનો માહાત્મ્ય અને મહિમા આવતા દૃષ્ટિ ત્યાં લગાવે તેની દશામાં તેને ધર્મ થાય છે. ઓહો..હો..! કહો, સમજાય છે કે નહિ? રતિભાઈ! બધું સમજવું પડશે હોં. આ બધા .. છે કાંઈ? શું હશે? ચંદુભાઈ!

**શ્રોતા :-** કોઈ .. આપી દે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ? પહેલા .. ઢગલા આમ થાય. આમ .. કોઈ દિ' લ્યો! મનુભાઈ!

**શ્રોતા :-** .. મળે કે ન મળે એને શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જડને મળે એમાં આને શું થાય?

ભગવાન આત્મા આહા..હા..! જેમાં કાયાની યોગ્યતાનો ભાવ જેની દશામાં છે. દશામાં છે, પર્યાયમાં વ્યવહારનયનો વિષય એમાં છે એ ત્રિકાળ વસ્તુમાં નથી. એવી ચૈતન્યની અંતર ધ્રુવ સ્વભાવની દૃષ્ટિ કરવી એને કાયા એમાં છે નહિ એ કાયા એને નડશે નહિ. સમજાણું

કાંઈ? આ તો .. કઈ જાતની ક્રિયા! પરમસત્તા સ્વભાવ ભગવાન આત્મા હોવાપણું જ્ઞાયકમૂર્તિ એની અંતર શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા બસ એક જ આત્માની શાંતિનો ઉપાય અને મોક્ષનો માર્ગ છે. એ કાયાના .. ભાવ થતો નથી. આ મોક્ષમાર્ગની વાત ચાલે છે. કાયાનો .. થતો નથી. એમ એક કંપન્ન થાય છે પ્રદેશમાં. પ્રદેશો છે એ કંપે છે જરી. એ પરમાણુ નવા આવવાનું નિમિત્ત. એવા .. પ્રકાર છે પંદર લાંબા. એ આત્માના ત્રિકાળ સ્વભાવ નથી અને એને આશ્રયે ધર્મ થતો નથી. ભારે વાત!

'યોગ,...' છે કંપન્ન. એને આશ્રયે ધર્મ થતો નથી અને તે ત્રિકાળ દ્રવ્યનું .. નથી. સમજાણું કાંઈ? આ તો મોક્ષમાર્ગ છેને તો જરી ઝીણી વાત. પણ નવરાશ નથીને માણસને એ સમજવું શું? સમજણ કરવી? 'જ્ઞાન સમાન અન્ય ન જગમેં સુખકો કારણ' ભાઈ! આવે છેને કાંઈક એવું. જગતમાં .. જ્ઞાન અમૃતસ્વરૂપ એનું સાચું જ્ઞાન સમાન જગતમાં કોઈ ચીજ છે નહિ. કોટી વિચાર કરે .. કે આ શું? .. નથી?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ એ કોટી ઉપાય કરીને પણ આ ભેદજ્ઞાન કર.. હા એ. કોટી ઉપાય કરીને પણ ભેદજ્ઞાન .. શબ્દ આવે છે. ... ભેદ પાડીને અંદરનું ભેદ જ્ઞાન કર એ તને શાંતિનું કારણ છે. પણ હજી ચીજ શું છે અને શેમાં નથી? કઈ રીતે એ વસ્તુ છે? એના ખ્યાલમાં, સમજણમાં .. નહિ, એને આ સમજવામાં આવે નહિ. માટે પહેલાં ભગવાન કુંદકુંદાચાર્ય સંતોએ ખુલ્લી કરીને વાત મૂકી છે. વેદ નથી. ભગવાન આત્મામાં સ્ત્રી, પુરુષ, નપુંસકનો જીવ નથી. એની દશામાં છે, હાલતમાં ફેર.. આહા..હા..! વળી કોઈ એમ કહે કે પુરુષલિંગ હોય એ મોક્ષને પામે. ના. ના. ..દશાથી મોક્ષને પામતું નથી. પુરુષવેદ આ શરીરનું હોં. આ તો માટી છે, આ તો હાડકા છે આકાર બધા. પુરુષવેદના લિંગથી આ તો જડના .. એ કોઈ .. નહિ. એની દશામાં વિકારની વાસના કે સ્ત્રી પ્રત્યેની જાતના .. વાસના થાય એને પુરુષવેદ કહેવામાં આવે છે. એ સ્ત્રીના અંદરના પરિણામમાં પુરુષ પ્રત્યેના વિષયવાસના .. થાય એને સ્ત્રીવેદ કહેવામાં આવે છે અને નપુંસક એ સ્ત્રી અને પુરુષ પ્રત્યે બેય જેને વિષયવાસનાની અંદર વૃત્તિ થાય એને નપુંસક .. કહેવામાં આવે છે. એ ત્રણ તેની દશામાં તેના છે. એ ત્રણ દશાના આશ્રયે ધર્મ નથી, પણ એ ત્રણ એ દશા ત્રિકાળ દ્રવ્યની અંદર નથી. આહા..હા..! કેટલા પ્રકાર આમાં?

**શ્રોતા :-** બહુ વિચાર દઈને સમજવું પડે

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. રૂપિયે .. હોય. બેય ભાઈઓ સંકેલીને વયા આવ્યા. બાબુભાઈ! .. વયા આવ્યા છે. આને લાખોના .. આપણે નથી કીધું. આપણે નથી કીધું. આપણે તો .. ફેર હશે. ૭૬માં ... ... ... ત્યાં. કહો, સમજાણું કાંઈ? .. તો ઘણા વર્ષની .. કહેવી છે. રાજકોટના દિક્ષીત .. પરિવર્તન .. થયું. ઉતર્યા હતા ત્યાં બેચરભાઈને ત્યાં. .. છેને

મકાન? આ .. ૬૮માં ખબર છે? ૬૮ની સાલની વાત છે. અહીં તો ઘણા વર્ષથી .. બધા જાણીએ છીએને.

કહે છે એ વેદનો વિષય વાસનાનો ભાવ દશામાં છે. કોઈ નિષેધ કરી દે .. નથી .. વિકારની દશામાં તે .. છે. તે વિકાર છે તે ધર્મ નથી અને વિકારને આશ્રયે, પુરુષને આશ્રયે ધર્મ થતો નથી. એ ... ભગવાન ત્રિકાળ ચિદાનંદ મૂર્તિ એની અંદર .. છે .. એવા આત્માને આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટ થાય નહિ. કષાય.. શુભ-અશુભભાવ. પુણ્ય અને પાપ, દયા અને દાન, કાણ અને ક્રોધ, શુભાશુભભાવ એની દશામાં છે, એની વર્તમાન દશામાં છે. પણ ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ ધ્રુવ પ્રભુ જેનો સમ્યગ્દર્શનનો વિષય અને ધ્યેય એ આત્મામાં કષાય છે નહિ. કષાયને આશ્રયે ધર્મ થઈ શકે નહિ.

'**જ્ઞાન,...**' જ્ઞાન આત્મા વસ્તુ છે એનું જ્ઞાન એ ત્રિકાળ સ્વભાવ .. છે. એની હાલતોમાં એના .. પાંચ પ્રકારના જ્ઞાનમાં છે. .. સમજાણું કાંઈ? એ જ્ઞાન વસ્તુ આત્મા છે વસ્તુ. એનો જ્ઞાનસ્વભાવ પ્રકાશ સ્વભાવ છે. એ પ્રકાશ સ્વભાવની વર્તમાન દશામાં પાંચ પ્રકાર છે. .. હોં. એક મતિ અજ્ઞાન, એક શ્રુત અજ્ઞાન, એક .. અજ્ઞાન. એક મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, એ જ્ઞાનની દશાઓ છે. એ દશાઓ છે તારી દશામાં. પણ દશાને આશ્રયે ધર્મદશા પ્રગટ થતી નથી. દશાવાન જે ત્રિકાળ જ્ઞાનમૂર્તિ પ્રભુને ભૂલી એને આશ્રયે જીવને સમ્યક્ અને મોક્ષમાર્ગ થાય છે. આહા..હા..! કહો, .. આ ભેદ છે હોં મૂળ તો પાંચ પર્યાયો સમ્યગ્જ્ઞાનની અને ત્રણ છે તે .. તેનો પ્રકાર છે એની દશાની હાલતોમાં. વિકાસ થતાં-થતાં ઓછો .. છેને? એ બધા દશાઓ હાલતોમાં ફેર છે. વસ્તુ ત્રિકાળ એકરૂપ ચૈતન્ય.. જોતાં સમ્યક્ શ્રદ્ધા .. ચૈતન્યને જોતા એમાં એ ભેદ અભેદમાં છે નહિ. ભેદને આશ્રયે ધર્મ થતો નથી. ભેદ છે તો . ત્રિકાળ દ્રવ્યની અંદરમાં છે કે જે ધ્રુવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય. વાત જ બીજી બધી જાતની.

એ '**સંયમ,...**' સંયમના પ્રકાર છે. સંયમાસંયમ, અસંયમ.. સાત પ્રકાર છે. પણ એ સંયમની દશા છે, આત્મા .. એની અસંયમ એટલે .. રાગભાગનો અવ્રતનો ભાગ અને પછી .. શાંત સ્થિર થઈ, સ્વભાવમાં અસ્થિર, વિષયમાં સંયમભાવ. સંયમ એટલે સ્વરૂપની સ્થિરતા કાંઈક વિશેષ થઈ. એથી સંયમના પણ પાંચ પ્રકાર છે. સમતા, સ્વરૂપ.. સૂક્ષ્મ.. એવા ઘણા ભેદ છે. એ સંયમ અવસ્થામાં છે. એ સંયમને આશ્રયે ધર્મ થતો નથી. ભારે ઝીણું હોં. પહેલેથી આ અભ્યાસ કરે તો આ બધું સમજાય એવું છે, પછી પણ સમજાય એવું છે હોં ન સમજાય એવું નથી. માણસ .. કાંઈ? પાકે ઘડે કાંઠા ન ચડે. આ તો પાકે ઘડે કાંઠા ચડી જાય. ભાનુભાઈ! .. પાકા ઘડા થઈ ગયા. ભાઈ ઘડા હવે પાકા નથી. આત્મા તો અનાદિ-અનંત છે. એમાં ... પાકે ઘડે .. નથીને. એમાં પાકે ઘડે કાંઠા ન ચડે. .. છે માટીનો. ચિદાનંદ ભગવાનઆત્માના ભાન વિનાના બાળક છે. એનું ભાન કરનાર તે .. ધર્મસ્થાનમાં

વર્તે છે અને એ મૂળ ધર્મસ્થાનના ભાન દ્વારા .. પરમાત્મદશા પામે તેને વૃદ્ધ કહેવાય, એ ધર્મદશા પામે તેને યુવાન કહેવાય. આ ધર્મના સમજ્યા વિનાના બાળક કહેવાય. કહો, સમજાણું આમાં? કહે છે કે સંયમના ભેદો એ અંતરતત્ત્વની અંદર પર્યાય પર્યાયનો ભેદ છે અવસ્થાયીમાં. વસ્તુમાં નથી.

એ 'દર્શન,...' ચક્ષુ-અચક્ષુ, અવધિ, કેવળદર્શનના ચાર પ્રકાર છે. ઉપયોગના. એની દશામાં છે. એ દશાને આશ્રયે ધર્મ થતો નથી, એ દશા ત્રિકાળ એકરૂપમાં નથી. ભારે .. પણ આમાં ભાઈ! ઓલું તો એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, ત્રણ ઇન્દ્રિયા, ચૌ ઇન્દ્રિયા પંચેન્દ્રિયા.. જાવ. ... જીવિયા વહોરવિયા.. અહીં કહે છે કે આત્માને જ્યાં સુધી તું વર્તમાન દશાને રાગ જેટલો માન એ જીવિયા વહોરવિયા કર્યા છે. તારા આત્માના .. જીવનને તે લૂંટી નાખ્યો છે. અરે ભગવાન! શું કહ્યું? એ દર્શન.. છે ખરી દશા એ આત્માના વિકાસમાં. એ છે, એ છેને આશ્રયે ધર્મ નથી અને એ દશા છે. એ શુદ્ધ ચૈતન્ય ધાતુ જ્ઞાનમૂર્તિ .. આત્મા. જે સમ્યગ્દર્શનનો વિષય આ એનો .. નથી. દર્શનના પ્રકાર ભેદ નથી.

એમ 'લેશ્યા,...' છ લેશ્યાની વાત .. ઓલી? ઝાડનો .. કેરીનો. ..ભાઈ! કે દિ' આપ્યો હતો? બે દિ' પહેલા કાંઈક આપ્યો હતો. ઓલો આંબાના ઝાડમાં કેરી .. એક જણો ઝાડ તોડી નાખ, એક જણો ડાળ તોડી નાખ, એક જણો કહે ફલાણું.. એક જણો કહે ભાઈ હવે હવામાં .. બે મણ કેરી ચાર જણા થઈને ખાશું. એમ એક-એક કામ કરવામાં .. આત્મા છે પ્રકાર. શું કીધું? એક-એક કામ કરી શકે એમ નથી, પણ કામ કરવાના કાળમાં .. આત્મા છે પ્રકાર. ભાનુભાઈ! .. કહે છેને આપણે નથી કહેતા કાઠિયાવાડમાં? .. તીવ્ર .. એકને મોનવ્રત. થાશે... થાશે... એમ એના લેશ્યાના ભાવમાં છ પ્રકાર છે. કૃષ્ણ, નીલ, કાપોત, .. એવી દશાના પરિણામ થાય છે શુભ-અશુભ. એ છે ખરા દશામાં. પોતાથી છે, પરથી નહિ એ લેશ્યાના આશ્રયે ધર્મ નથી. લેશ્યા તે ધર્મ નથી. તે લેશ્યા ત્રિકાળ દ્રવ્યની અંદરમાં છે નહિ. કેટલું એક બોલમાં કેટલા બોલ કાઢે! હવે એમાં સમજવા કેટલા? ઘરમાં .. ચાલતા .. ત્રણ .. ... આધારે. ચાર .. કે આ કહે છે ... નથી. એણે દરકાર ક્યાં કરી પોતાના પ્રયોજન માટે? મારું પ્રયોજન સિદ્ધ શી રીતે થાય એની. .. મિથ્યાદષ્ટિ. છેને ભાઈ! મોક્ષમાર્ગપ્રકાશકમાં.

**શ્રોતા :-** સમકિત

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમકિત .. મિથ્યાદષ્ટિ. એમાં એવું આવ્યું અરેરે! હું એક આત્મા. મેં મારા ... કરી. આ ... મેં કામ ન કર્યું. મેં મારું ... માટે મારે આમાં .. સાચી ઓળખાણ કરવી એ મારું પ્રયોજન છે અને એમાંથી... તેનાથી મારું હિત થશે. બાકી .. રમખાણ .. વિકારથી.. પણ મેં મારી સંભાળ કરી નહિ. એની સંભાળ કર્યા વિના .. દોડે. ... જામનગરમાં. સ્મશાનમાં નથી? આપણા .. .. ગયા હતાને જોવા. .. ... બે વર્ષનો થયો. બધું બતાવ્યું.

... બેસતો, ... ૫૦-૬૦ વર્ષ .. છે. એ તો પહેલામાં આવતા. ૬૦-૬૦ વર્ષ પહેલાના .. ને. પણ આ દસ દિશામાં જામનગરમાં આવ્યું છે સ્મશાનની અંદર. .. બોલોને. સંસારચક્ર છે. પછી .. જન્મ છે, બે વર્ષનો થાય, વીસ વર્ષનો થયો, પરણ્યો, બાયડી, છોકરા, ધંધો. એ વૃદ્ધ થયો. ૬૦ થયા, ૭૦ ગયા, ૮૦ થયા .. સૂતો અને પછી છેવટે આમાં સૂતો. ... છોડ .. ચાલ્યા. અહીં જન્મથી માંડીને ... જામનગરના સ્મશાનમાં. .. આપણે છે અહીં. જોયેલું છે. આહા..હા..!

**શ્રોતા :-** ... એની સાથે લીધો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લીધા છેને. બે-ત્રણ-ચાર છે. લાવ્યા છેને. આ દશાઓ અનંતવાર મનુષ્યની થઈ, પણ એણે આ આત્માનું હિત કેમ થાય? અને ધર્મને બહાને .. થાય. ધર્મ થાશે અને વ્યવહારથી થાશે. .. છે. ભગવાન આત્મા અંદર ચિદાનંદનો કંદ મૂર્તિ પડી છે. ઘોર નિત્યાનંદ પ્રભુ એમાં એણે એક સમય પણ આશ્રય લીધો નથી. આશ્રય લેવા જેવી વાત છે. એમ એણે નક્કી પણ કર્યું નથી. બીજા બધા આશ્રય છોડવા લાયક છે. ઓહો..હો..! ચિદ્‌ઘન પ્રભુ આત્મા, નિત્યાનંદ પ્રભુ આત્મા એનો આશ્રય શરણ લઈને શાંતિ મળે એવી નથી. શાંતિ કહો કે ધર્મ કહો. એવું કોઈ દિ' એણે કર્યું નથી. ધર્મ... ભવિ-ભવિની જાત કીધી હતીને .. એ બધા પર્યાયોના ભેદથી જાણવામાં .. વસ્તુની અંદર ત્રિકાળમાં બે ભેદો છે નહિ. એ સમકિતના ભેદો અંતરમાં નથી. સમકિતના પ્રકાર છેને ઉપશમ ને ક્ષયોપશમ ને ક્ષાયિક બધા એની દશામાં છે. ત્રિકાળમાં નથી. એ દશામાં .. ધર્મ થતો નથી. એમ સંજ્ઞ-અસંજ્ઞ મનવાળા હોય અને .. બે પ્રકારના જીવ દેખાય છે. કેટલાક મનવાળા, વિચારશક્તિવાળા, કેટલાક મન વિનાના આ કીડી-મકોડા આદિ કે પંચેન્દ્રિય મનવાળા હોય છે. ..માં. કેટલાક પ્રાણીમાં પાધરા ઉપજે. વરસાદ પડે ને એકદમ આવડા આવડા થઈ જાય. એમાં એને ધર્મ ન થયો હોય કેટલાકને. એવા સંજ્ઞી-અસંજ્ઞી જાત છે જીવમાં. પર્યાયમાં, અવસ્થામાં, ઉપજે. વસ્તુની અંદરમાં નથી. એ ત્રિકાળ ચૈતન્ય ધ્રુવની દૃષ્ટિ .. છે.. એક આહાર લેવા.. એવા જીવની .. છે. પર્યાયમાં, અવસ્થામાં.

**'આ બધાં, તે ભગવાન પરમાત્માને...'** પરમ ત્રિકાળી સ્વરૂપ શુદ્ધ નિત્યાનંદમાં **'શુદ્ધનિશ્ચયનયના બળે...'** જુઓ, આ શબ્દ વાપર્યો છે ટીકાકારે. **'શુદ્ધનિશ્ચયનયના બળે...'** ત્રિકાળ અખંડ આનંદ છે એવા આશ્રયના બળે. **'(-શુદ્ધનિશ્ચયનયે) નથી...'** એ ત્રિકાળ દ્રવ્ય .. છે નહિ. વર્તમાનદશામાં છે એ જાણવાલાયક છે, પણ આદરવા લાયક નથી. **'એમ ભગવાન સૂત્રકર્તાનો અભિપ્રાય છે.'** લ્યો! એમ ભગવાન શ્રીમદ્‌ ભગવાન કુંદકુંદાચાર્ય સંત .. રચનારા મંહત એનો આ માર્ગણાસ્થાન.. એમ કહેવાનો આશય છે. **'એવી રીતે શ્રીમદ્‌ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૩૫-૩૬ બે શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'** જુઓ.

(मालिनी)

सकलमपि विहायाह्वाय चिच्छक्तिरिक्तं
स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम्।
इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षाात्
कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम्।।३५।।

એનો અર્થ. કેવળ ભગવાન આત્મા '**ચિત્શક્તિથી રહિત...**' એ જેટલો જ્ઞાન અને આનંદનો શક્તિનો પિંડ છે એનાથી '**અન્ય સકળ ભાવોને...**' આ બધા ... કહ્યા બધા. ઓલો ૨૯ બોલનો ઉકરડો છે ત્યાં. ૫૦ થી ૫૫. શું કીધું? '**ચિત્શક્તિથી રહિત...**' જ્ઞાનકંદ પ્રભુ. પ્રકાશનો સૂર્ય પ્રભુ. એની અંદરમાં, એનાથી રહિત અને '**સકળ ભાવોને મૂળથી છોડીને...**' પહેલેથી .. એમ કહે છે. રાગની, પુણ્યની, સંસારની દશાનો ભેદ એ ત્રિકાળ ચૈતન્ય મૂર્તિમાં નથી. અને '**ચિત્શક્તિમાત્ર એવા...**' એ . કીધું. '**ચિત્શક્તિમાત્ર એવા નિજ આત્માનું...**' જ્ઞાનમાત્ર પ્રભુ આત્માને '**અતિ સ્ફૂટપણે અવગાહન કરીને,...**' એવા ચૈતન્યમાં અવગાહન કરીને. અરે! દરિયામાં અવગાહન કરતા જેને .. મોતી હાથ આવે. એમ ભગવાન આત્મા એ જ્ઞાનપુંજ પ્રભુ અંદરમાં... ત્રિકાળ એના તળિયે જઈને જતાં, એમાં અનુભવ કરતા અસ્થિ પ્રગટપણે .. એમ કહે છે. રાગનું અવલંબન છોડી, વર્તમાન અવસ્થાનો આશ્રય છોડી, ત્રિકાળ જ્ઞાનને પ્રત્યક્ષ વેદનમાં લઈ.

એ '**ચિત્શક્તિમાત્ર એવા નિજ આત્માનું...**' પાછું પોતાનું. અતિ પ્રગટપણે અવગાહન કરીને અંતરમાં, જ્ઞાનાનંદમાં પ્રવેશ કરીને એ રાગના, પુણ્યમાં, વિકલ્પની રુચિ છોડીને પરમાનંદ પ્રભુમાં અવગાહન કરને. અવગાહન સમજ્યાને .. '**આત્મા સમસ્ત વિશ્વ ઉપર સુંદર રીતે પ્રવર્તતા એવા આ કેવળ (એક) અવિનાશી આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો.**' આચાર્ય આદેશ કરે છે, હે આત્મા! એ તને ઉપરની દશા એ બધી રાગ ને વિકલ્પ .. છોડી દે જો ધર્મ કરવો હોય તો. .. છોડવા લાયક અને અંદરમાં પેસવા લાયક.. કેવળ એક. વિશ્વની ઉપર પ્રવર્તતા. જુઓ, ...જ્ઞાતા-દૃષ્ટા. એ વિના .. થનાર નહિ. .. જાય નહિ. એવું ચૈતન્યદળ જ્ઞાતા-દૃષ્ટા તારું સ્વરૂપ એવા આ એક કેવળ અવિનાશી. આ બધા એટલે અસ્તિ લેવું.

'**કેવળ (એક) અવિનાશી આત્માને આત્મામાં સાક્ષાત્ અનુભવો.**' આત્માને આત્મામાં. રાગ રહિત થઈ આત્મા નિર્વિકલ્પ દશા દ્વારા આત્માને અનુભવો. એ એક જ મોક્ષનો માર્ગ છે. ભારે વાત પણ. કહે છે એની શ્રદ્ધામાં, .. વે.. તો ફેરવ. કે આ આત્મા પૂર્ણાનંદ છે એમાં પ્રવેશ કરીને એકાકાર થા એ એક જ મોક્ષનો માર્ગ છે. બહારના જેટલા પુણ્ય-પાપ નિમિત્તોના સંગમાં એટલું બંધનું કારણ છે. એમાં આત્માની સિદ્ધિને મોક્ષનો કારણ છે નહિ.

બીજો શ્લોક.

(अनुष्टुभ्)

चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयम्।

अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्गलिका अमी।।३६।।

**'ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે...'** જાણક... જાણક... જાણક... જાણક... જાણક... ચૈતન્ય એવા સ્વભાવનો સર્વસાર **'એવો આ જીવ...'** આત્મા. **'એવો આ જીવ એટલો જ માત્ર છે;...'** ભારે વાત ભાઈ! તો આ બધા ભેદ-ભેદ કહે છે એ લક્ષમાંથી છોડી દે. છે વ્યવહાર. એકલો જ્ઞાનપુંજ પ્રભુ એટલો જ માત્ર છે અને **'આ ચિત્શક્તિથી શૂન્ય જે ભાવો...'** જોયું! એ પુણ્ય-પાપના ભાવ ચિત્શક્તિથી શૂન્ય છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજાગૃત છે. ચિત્શક્તિ જ્ઞાન પુંજ પ્રભુ. જાણક... જાણક... જાણક... પણ એને માટે સમજવાના પહેલા પડખા શુદ્ધ કરી અને એને ચિત્શક્તિથી શૂન્ય એવા આત્મા શરીરને જડનું લક્ષ છોડી દઈને ... એ પુણ્ય અને પાપના વિકલ્પો બધા પરદ્રવ્ય અને ઝેર છે. આહા..હા..! જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય. કહે છે કે પુદ્ગલ છે એ. ઓલો તો રાજી-રાજી થઈ જાય કે આહા..હા..! ભાઈ! તારું સ્વરૂપ તો ચૈતન્ય પ્રકાશનું જ્યોત એકલો. એમાંથી તો .. જ્ઞાનના જ ઝરે. ઓલા શું કહેવાય તમારે .. ફુલકરણી. ફુલકરણી કહે છેને? શું કહે છે? .. ખરે છોકરાઓ. તો ત્યાંથી એમ કે કોલસા ઝરતા હશે એમાંથી? એમ અજ્ઞાનીના ફડાક... ફડાક... ફડાક...

**શ્રોતા :-** તિખારા

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તિખારા. એમ ભગવાન આત્મા આનંદની ફુલકરણી છે. હવે એને બેસ્યા વિના. એ આત્મા અતીન્દ્રિય આનંદની ફુલકરણી છે. એના પુણ્ય-પાપના વિકલ્પમાં ચિત્શક્તિથી શૂન્ય, જ્ઞાનથી શૂન્ય જે ભાવો, એની રુચિ છોડીને, આનંદની .. દૃષ્ટિ કર, ક્ષણે ક્ષણે ત્યાં આનંદના ઝરણાના ફૂલ ઝરે છે. ભારે વાત પણ આ. અગમ્યને ગમ્ય કરી અને ગમ્યને .. .. જાણ્યું છે અને અગમ્યથી અંદરમાં એને ગમ્ય કરે એને શાંતિ અને ધર્મ થાય છે. એ ફુલકરણી જે આત્મા આનંદની. આહા..હા..! એની ખાણમાં વિકાર ઝરે એવી ખાણ જ નથી. આહા..હા..! એવા ચિદાનંદ ભગવાન આત્માને અંતરમાં એકાકાર થઈ. અહીં તો મોક્ષમાર્ગ વર્ણવવો છેને? કે એમાં એકાકાર.. શાંતિના ઝરણા સમયે સમયે આનંદ થયા.. વહે આ એની આનંદદશા છે. આ એનો અનુભવ છે અને એની દૃષ્ટિ છે. આ પૈસાબૈસામાં ફુલઝરણા નથી એમ કહે છે. નારણભાઈ! સાચું હશે? પૈસામાં સુખ નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાં.. કાંકરા... એ કાંઈ નથી. .. એનાથી .. રૂપિયા ગયા મારી નાખે. એની સાથે શું સંબંધ છે. એ તો જ્યારે આવવાના હોય ત્યારે આવે. જગતથી

ઉંધી વાત છે ભાઈ આ.

કહે છે '**તે બધાય...**' રાગ, પુણ્ય, વિકલ્પો એ બધાય ...ના '**પૌદ્ગલિક છે.**' આહા..હા..! ભગવાનઆત્મા .. જ્ઞાનની મૂર્તિ છે... એની શ્રદ્ધા, જ્ઞાન... કહો, હરિભાઈ! આ બધા .. આવી. આ શેઠિયા શું કહે છે? પણ .. તારી અંદર .. એમ કે ... ભાઈ! ... એમ ન ચાલે. .. ગયા હશે. એના .. રાગ, એ ... ... આત્મા .. કરવા જેવો છે. ... જોઈએ. શુભ અને અશુભ અને શરીર આદિનો આશ્રય કરવા જેવો નથી. એ .. આવે અને પછી .. ન થાય એમ કોઈ દિ' બને નહિ.

હવે .. ટીકા કરતા પોતે બે શ્લોક કહેશે. એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૫૦ થી ૫૫, કળશ-૭૪
## પ્રવચન નં. ૩૯૩

... ગાથા પૂરી થઈ. ટીકા. મૂળ પાઠમાં એમ છે. મૂળ પાઠ કુંદકુંદાચાર્યની ભાવનામાં એમ છે કે '**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**' આ તો ગાથાનો અર્થ છે. એમાંથી ટીકા કાઢી છે. શું કહ્યું? કે પૂર્વે જે ચાર ભાવ કહ્યા હતા એ '**परदव्वं परसहावमिदि हेयं**' તો '**सगदव्वमुवादेयं अंतरतच्चं**' એમ લેવું. '**सगदव्वमुवादेयं अंतरतच्चं**' ત્રિકાળી જ્ઞાયક સ્વભાવભાવ સ્વભાવભાવ ધ્રુવ. હવે, '**अप्पा**'. એ આત્મા પાછો જુદો રાખ્યો. પરમ પારિણામિકભાવનો આધાર. આહા..હા..! ગજબ શ્લોક છે! એ તો આપણે પૂરો થઈ ગયો. કળશ અમૃતચંદ્રાચાર્યનો કળશ.

(शार्दूलविक्रीडित)

''सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाःपृथग्लक्षणा-
स्ते..हंनास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।''

'**જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે...**' આહા..હા..! જેના અભિપ્રાયમાં ઉદારતા છે. '**(ઉદાર, ઉચ્ચ, ઉજ્વળ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો—'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું;...**'' આહા..હા..! હું આત્મા સદા શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ સદાય છું. આહા..હા..! એવા સિદ્ધાંતનું- સ્વભાવનું સેવન

કરો. આહા..હા..!

**'અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે...'** પર્યાયાદિ અનેક પ્રકારના રાગાદિ ભાવ કે ક્ષાયિક આદિ એ હું નથી. આહા..હા..! અસ્તિ-નાસ્તિ બહુ ટૂંકુ કર્યું. હું તો શુદ્ધ ચૈતન્યમય જ્યોતિ અનાદિ-અનંત એ હું છું. અન્યભાવ એ મારો નથી. **'કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.'** જુઓ, અમૃતચંદ્રાચાર્યમાં આ આવ્યું. ચાર ભાવ આદિ એ બધા પરદ્રવ્ય છે. આહા..હા..! આ થોડું લઈએ. પાંચ ગાથા લઈ લઈએ. પછી કાલથી બહેનનું વચનામૃત કાલથી લેવાનું છે. મંગળ, બુધ, ગુરુ, ત્રણ.

બીજો શ્લોક.

(शार्दूलविक्रीडित)

न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-
दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः।
इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी
सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम्।।७४।।

**'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો... '** છે. આહા..હા..! શુદ્ધ જીવ અસ્તિકાય લીધા અહીં તો. અસંખ્ય પ્રદેશ લેવા છેને. અન્યમતમાં એ વાત છે નહિ, સર્વજ્ઞ સિવાય. એ માટે અસ્તિકાય અસંખ્ય પ્રદેશી શુદ્ધ ચૈતન્યઘન એવા જે બધા (ભાવ) એનાથી અન્ય **'બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી.'** આહા..હા..! આ બાયડી, છોકરા અમારા નથી એમ કહે છે. લક્ષ્મીચંદભાઈ! એ વસ્તુ ત્યાગી... આત્મા જ ત્યાગી છે. આત્મા રાગ અને પરભાવનો ત્યાગી છે. આહા..હા..! અહીં તો જરી પાંચ ગાથા થોડી લઈએ. એમાં એક બોલ છે વિરુદ્ધનો એટલે લઈએ. આહા..હા..! **'આમ જે તત્ત્વવેદી...'** આ લાલચંદભાઈએ એક ફેરી કહ્યું હતું. લાલચંદભાઈ! ખબર છે આ? **'આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે...'**

**શ્રોતા :-** રાજકોટમાં આપે કીધું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ખબર છેને. ખ્યાલ તો હોયને.

**'આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણ કહે છે...'** એનો અર્થ આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે અમે જાણીએ છીએ. સમજાણું કાંઈ? કહે છે એ તો વચન-વાણી એમાં શું છે? આહા..હા..! શુદ્ધ જીવાસ્તિકાય એ તત્ત્વવેદી—તત્ત્વનો અનુભવી સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! **'સ્પષ્ટપણે કહે છે...'** પ્રગટ અનુભવ થયો છે એમ જાણે છે. **'તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.'** અને તે આ પ્રાણી અતિ અપૂર્વ મુક્તિને પામે છે. એ મુક્તિનો આ માર્ગ છે. બીજો નથી. હવે જરી પાંચ ગાથા લઈએ. પાંચ ગાથાનો અર્થ નથી લેતા. ટીકા લઈએ સીધી, સીધી ટીકા લઈએ. પાંચની ટીકા. ટીકા છે?

विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं।
संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं।।५१।।
चलमलिणमगाढतत्त्वज्जियसद्दहणमेव सम्मत्तं।
अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं।।५२।।
सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा।
अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी।।५३।।
सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं।
ववहारणिच्छएण दु तम्हा चरणं पवक्खामि।।५४।।
ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं।
णिच्छयणयचारित्ते तवचरणं होदि णिच्छयदो।।५५।।

શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;
સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.
ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;
આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.
જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે;
તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.
સમ્યક્ત્વ સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;
તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.
વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

'**આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.**' વ્યવહારરત્નત્રય અને નિશ્ચયરત્નત્રય બેનું સ્વરૂપ છે. આહા..હા..! તો '**પ્રથમ, ભેદોપચાર-**' વ્યવહારની વાત કરે છે, પણ નિશ્ચય હોય એને વ્યવહાર હોય છે હોં! આહા..હા..! જેને આત્માનો અતીન્દ્રિય આનંદ અનુભવમાં આવ્યો તેને આવો વ્યવહાર હોય છે એને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. કહેશે. '**ભેદોપચાર-રત્નત્રય...**' એ પ્રકાર છે વ્યવહાર. '**વિપરીત અભિનિવેશરહિત...**' આહા..હા..! વીતરાગે કહેલા માર્ગથી વિપરીત એવા અભિનિવેશ-અભિપ્રાયથી રહિત. પાંચ ગાથાની ટીકા. કહ્યુંને પહેલેથી ગાથા છોડી દીધી છે. ટીકા. '**વિપરીત અભિનિવેશરહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત...**' વ્યવહારસમકિત. સિદ્ધિનો પરંપરા હેતુ. આહા..હા..! '**ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું...**' શું કહ્યું?

**શ્રોતા :-** પરંપરાનો અર્થ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય છે એ સાક્ષાત્ મોક્ષનું કારણ છે અને વ્યવહાર,... નિશ્ચવાળાને

હોં વ્યવહાર. એકલા વ્યવહારની વાત અહીંયા નથી. આહા..હા..! આકરી વાત, ભગવાન! તારું સ્વરૂપ... બહેનમાં આવશે બધું ઝીણું વચનામૃતમાં. તારું સ્વરૂપ તો આનંદકંદ પ્રભુ છેને. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદનો જેને સ્વાદ આવ્યો, પોતાનું નિજઘર જેણે ખોલી નાખ્યું, રાગની એકતામાં નિજઘરને તાળું માર્યું હતું એ પોતાની રાગની એકતા તોડીને પોતાના સ્વભાવની નિર્મળ પર્યાય દ્વારા અંતરમાં ઢળતા તાળું ખુલી ગયું. અનંત આનંદ અને અનંત જ્ઞાનની વેદનદશા થઈ. આહા..હા..! એ દશાવંતને જે વ્યવહારસમકિત પંચપરમેષ્ઠીની ભક્તિ એ પરંપરા... છે? હેતુ-નિમિત્ત. કેમકે એ વ્યવહાર છોડીને પરમાર્થ પૂર્ણ પ્રાપ્ત કરશે. એ કારણે પરંપરા હેતુ કહ્યો છે. છે તો રાગ, છે તો વિકલ્પ, પણ નિર્વિકલ્પ દૃષ્ટિ અને આત્માનો નિર્વિકલ્પ અનુભવ છે. શુદ્ધ પરિણતિની ભૂમિકામાં જ્યારે શુદ્ધ ઉપયોગની જમવટ અંદરમાં ન હોય ત્યારે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે છે. જરી ઝીણી વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન અંતર આનંદનો નાથ એનું વેદન થયું અને ઉપયોગ—શુદ્ધોપયોગમાં જ એ દૃષ્ટિનું વેદન આવ્યું. એ શુદ્ધોપયોગમાં જ્યારે રહ્યો નહિ ત્યારે શુદ્ધ પરિણતિ તો રહી, સાથે આ ભેદ ઉપચાર વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે છે. સમજાણું કાંઈ? શુદ્ધ આનંદની દશા તો કાયમ છે. આહા..હા..! એ દશાની સાથે, અપૂર્ણ વીતરાગી દશા છે તો સાથે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ રાગ આવે છે. તો એ રાગ પરંપરા હેતુ નામ પ્રથમ તો કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા છૂટી અને અશુભની અસ્થિરતા છૂટી અને શુભ આવ્યું. તો અશુભથી છૂટીને શુભ થયું એ શુભને છોડીને શુદ્ધમાં જશે. એ અપેક્ષાએ પરંપરા નિમિત્તને હેતુ કહેવામાં આવ્યું છે, પણ એ સમ્યગ્દૃષ્ટિને. આહા..હા..! આવી વાત છે, પ્રભુ!

જેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે... આહા..હા..! પરમાત્મા અંદર અનંત આનંદનો પર્વત છે, અતીન્દ્રિય આનંદનો મહાપર્વત છે... આહા..હા..! એમાંથી સમ્યગ્દર્શનના કાળે એકાગ્ર થવાથી અતીન્દ્રિય આનંદ ઝરે છે. અતીન્દ્રિય આનંદનો ડુંગર, પર્વત પ્રભુ છે. અરેરે..! આહા..હા..! એના ત્રિકાળમાં એકાગ્ર થવાથી પર્યાયમાં, જેમ ડુંગરમાંથી પાણી ઝરે છે, પણ એ પાણી અને ડુંગર તો ભિન્ન છે, આ તો ડુંગરનું પાણી જે અતીન્દ્રિય આનંદમય પ્રભુ છે... આહા..હા..! દૃષ્ટાંત તો શું કરે? પાણી ઝરે છે તો પાણી અને પર્વત ભિન્ન છે. અહીં તો અતીન્દ્રિય આનંદનું વેદન સમ્યગ્દર્શનમાં થયું, એ ભૂમિકામાં અતીન્દ્રિય આનંદ ઝરે છે, અતીન્દ્રિય આનંદ પ્રગટ પરિણમન થાય છે. આહા..હા..! આવી વાત છે, પ્રભુ!

એને '**પંચપરમેષ્ઠી પ્રત્યેનું ચળતા-મલિનતા-અગાઢતા રહિત...**' એ જરી દોષ છે ત્રણ પ્રકારનો. '**નિશ્ચળ ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે.**' વ્યવહારસમકિત. આ વ્યવહાર સમકિત. શુભરાગ. આહા..હા..! પણ એ નિશ્ચય સ્વભાવનો અનુભવ છે એને વ્યવહારભક્તિનો રાગ હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! નિશ્ચય જેને સમ્યગ્દર્શન છે એને વ્યવહાર જિન પ્રતિમાનું પૂજન, જિનપ્રતિનું વંદન, સાક્ષાત્ જિનભગવાનને વંદન, પૂજા એ બધો શુભભાવ

છે. એ શુભભાવ નિશ્ચયવંતને પરંપરા હેતુ કહીને વ્યવહારસમકિત કહેવામાં આવ્યું છે.

'**વિષ્ણુબ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ...**' એનો અર્થ એ કે ભગવાન પંચપરમેષ્ઠીએ જે તત્ત્વ કહ્યા એની શ્રદ્ધા છે વ્યવહાર વિકલ્પ, તો બ્રહ્મા વિષ્ણુ આદિએ કહ્યું એની શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? '**વિષ્ણુબ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ...**' તેને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. આહા..હા..! પણ નિશ્ચય હોય એને હોં! એકલો વ્યવહારસમકિત હોય જ નહિ, વ્યવહારાભાસ હોય છે. એવો અર્થ છે. '**સંશય, વિમોહ ને વિભ્રમરહિત તે જ સમ્યગ્જ્ઞાન છે.**' આહા..હા..! એ પણ વ્યવહાર છે. '**સંશય, વિમોહ ને વિભ્રમ રહિત તે જ સમ્યગ્જ્ઞાન છે. ત્યાં, જિન દેવ હશે કે શિવ દેવ હશે (-એવો શંકારૂપભાવ) તે સંશય છે;...**' સંશયની વ્યાખ્યા. એ સંશયનો સમ્યગ્દષ્ટિને વ્યવહારમાં પણ સંશયરહિત હોય છે. આહા..હા..! આ તો સર્વજ્ઞ પરમાત્માએ જે જોયેલા તત્ત્વ છે એવો સમ્યક્ અનુભવ થયો છે એને જ તત્ત્વની શ્રદ્ધા વ્યવહાર વિકલ્પ આવો હોય છે. એ વિકલ્પમાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા છૂટી જાય છે. છે?

'**તે સંશય છે; શાક્યાદિકથિત...**' બૌદ્ધ-બૌદ્ધ. બૌદ્ધ આદિ કથિત '**વસ્તુમાં નિશ્ચય (અર્થાત્ બુદ્ધાદિએ કહેલા પદાર્થનો નિર્ણય) તે વિમોહ છે;...**' એ છૂટી જાય છે. વ્યવહારમાં હોં! '**અજ્ઞાનપણું (અર્થાત્ વસ્તુ શું છે તે સંબંધી અજાણપણું) તે જ વિભ્રમ છે.**' એ છૂટી જાય છે. વ્યવહારસમકિતી, નિશ્ચયસમકિતીને વ્યવહારસમકિતમાં આ કથનમાં અજ્ઞાનીની શ્રદ્ધા છૂટી જાય છે. સમજાણું કાંઈ? '**પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ...**' એ વ્યવહારચારિત્ર છે. પણ નિશ્ચયસમ્યગ્દર્શન છે, નિશ્ચયચારિત્ર છે, ત્યાં આવા વ્યવહારચારિત્રના પરિણામ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વારંવાર નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય વિના વ્યવહાર હોતો જ નથી. એકડા વિનાના મીંડાને દસ કહેવામાં નથી આવતું. એકલો શૂન્ય છે, લાખ, કરોડ શૂન્ય હોય એને એક કહે છે? લાખ, કરોડ કોરે કાગળ શૂન્ય એને એક કહે છે? એક હોય પછી પાછળ શૂન્ય હોય તો દસ થાય છે, એમ સમ્યગ્દર્શન નિશ્ચય અનુભવ વેદન હોય ત્યારે વ્યવહારસમકિતરૂપ શૂન્ય આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** પહેલો વ્યવહાર પછી નિશ્ચય નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ ખોટી વાત છે. એ અંતરમાં પહેલો વ્યવહાર કહેશે અહીંયાં. પણ કોને? જેને નિશ્ચયસમ્યગ્દર્શન છે, નિશ્ચયજ્ઞાન છે, સ્વરૂપની લીનતા પણ થોડી છે એને પહેલા પાપની પ્રવૃત્તિથી નિવૃત્તરૂપ વ્યવહાચારિત્ર હોય છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આ ગાથામાં મૂળ તો એક વાત લેવાની બીજી છે. અત્યારે મોટો ભ્રમ (ચાલે) છે.

'**પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે.**' વ્યવહારચારિત્ર હોં. નિશ્ચય જેને પોતાના સ્વરૂપનું ચારિત્ર એનો વ્યવહાર પરંપરા હેતુ ચારિત્ર વ્યવહાર ક્રિયામાં રાગ છે એમ કહેવામાં આવે છે. '**આમ ભેદોપચાર...**' જુઓ, '**આમ ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે.**' વ્યવહાર. આહા..હા..! ભેદ-ઉપચાર તે ઉપચાર છે. આહા..હા..! '**તેમાં, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.**' એ પણ વ્યવહાર છે. કેમ વ્યવહાર છે? કે હેય-ઉપાદેય બે આવ્યા. 'આ હેય છે અને આ ઉપાદેય છે' એવું જ્ઞાન એ વ્યવહારજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારજ્ઞાનનો વિકલ્પ છે. સૂક્ષ્મ છે, ભાઈ! આહા..હા..!

ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે મારી ભાવના માટે મેં તો બનાવ્યું છે. ભાવના શું? અંદર સ્વરૂપની રમણતા તો છે, પણ અંદર વિશેષ જવા માટે મેં બનાવ્યું. તો એ બનાવવાનો વિકલ્પ તો રાગ છે. સમજાણું કાંઈ? રાગથી હું અંતરમાં જઈશ એમ નહિ, પણ મારી અંદર નબળાઈ છે, રાગ છે પણ મને આનંદનો અનુભવ તો છે, ભલે હું શુભરાગમાં આવું પણ મારી અંતર દશા તો આનંદ અને સ્વરૂપની રમણતાની દશા તો છે જ, એને આ વ્યવહાર આવે છે. અરેરે! સમજાણું કાંઈ? '**જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.**' એ વ્યવહારસમકિત. હવે અહીં આવ્યું. અહીંયાં જરી વિરોધ છે માટે થોડું લેવું છે. નહિતર આજે બહેનશ્રીના વચનામૃત લેત. પણ આ જરી લઈને પછી કાલથી (લઈશું). વચનામૃત જેની પાસે હોય એ કાલે બપોરે લઈને આવજો. બાકી અહીંથી આપશે. અહીંયાં હશેને. બપોરે ૩ થી ૪.

'**આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ...**' આ નિશ્ચયસમકિત હોં, પાછો વ્યવહાર નહિ. આહા..હા..! '**આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ...**' અહીં નિશ્ચય સમકિત લેવું. નહિતર ભેદ-ઉપચાર કહે છે... '**બાહ્ય સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.**' આહા..હા..! ભગવાને કહેલાં જે નવ તત્ત્વ જેવા છે એવા તત્ત્વની શ્રદ્ધા. સમજાણું કાંઈ? એ '**દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન...**' જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન. સર્વજ્ઞે કહેલા એનું (જ્ઞાન એ) વ્યવહાર છે. શું કહ્યું? જેને અંતર સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, નિશ્ચય આત્માનું વેદન, આનંદનું વેદન થયું છે એને, એ સમકિતને બાહ્ય સહકારી કારણ પણ કહેવામાં આવે છે.

એ '**બાહ્ય સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું...**' આહા..હા..! નહિતર તો મુખકમળથી વાણી નથી નીકળતી. વાણી તો આખા શરીરમાંથી ૐ ધ્વનિ નીકળે છે, પણ લોકો એમ દેખે છે કે આ મુખથી નીકળે છે એટલે એવી અપેક્ષા લીધી છે. આહા..હા..! ભગવાનને મુખમાંથી વાણી નથી નીકળતી. હોઠ બંધ છે, કંઠમાં કંપન્ન નથી અને વાણી ૐ ધ્વનિ નીકળે છે. પણ લોકોની દૃષ્ટિ (એવી છે કે) જાણે બોલે છે તો ભાષાથી બોલે છે એ અપેક્ષાએ ભાષા લીધી છે. પંચાસ્તિકાયમાં એમ લીધું છે. સમજાણું

કાંઈ? શું કહે છે? '**સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ...**' જુઓ, અહીંયાં તો કહ્યું '**સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ...**' આહા..હા..! પંડિતજી! એમ આવે છે કે વીતરાગની વાણીમાં તો પૂરું આવતું નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- સિદ્ધાંતમાં કહ્યું કે અનંતમાં ભાગમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં તો આ કહ્યું. ભગવાને તો બધું પૂરું કહ્યું છે. છે? '**મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.**' સમ્યગ્દૃષ્ટિને એ બાહ્ય નિમિત્ત સહકારી વીતરાગનું કહેલું દ્રવ્યશ્રુત એ નિમિત્ત બાહ્ય સહકારી હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અને '**જે મુમુક્ષુઓ છે...**' હવે અહીં તકરાર છે. '**જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...**' જે સમકિતી છે એને પણ '**ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...**' ઓલામાં બાહ્ય સહકારી કારણ કહ્યું હતું. છે તો આ પણ બાહ્ય સહકારી કારણ, પણ એનો અભિપ્રાય જ્ઞાનીનો જે છે એ અંતરમાં ઉપચારથી નિમિત્ત કહેવામાં આવે છે. શું કહ્યું? આ બોલ સમજવાની વસ્તુ છે એટલે આજે લીધું. અહીંયાં એમ કહે છે કે મુમુક્ષુઓ છે એને પણ ઉપચારથી. અહીં શું કહે છે? સમકિતી છે જે મુમુક્ષુ છે એને નિમિત્ત શું છે? એમ કહે છે. પણ અહીંયાં તો મુમુક્ષુ છે સામે જીવ. આ તત્ત્વજ્ઞાનીને બાહ્ય સહકારી કારણ દ્રવ્યશ્રુત અને જે કહેનાર સમકિતી છે એ પણ છે તો બાહ્યકારણ, પણ એનો અભિપ્રાય સમજવો છે એ કારણે એને અંતરંગ ઉપચારથી કારણ કહ્યું છે. સમજાણું કાંઈ?

ફરીને. ઠીક કહે છે. આત્મા જેને અંતર સમ્યગ્દર્શન થાય છે એ તો પોતાના આત્માના આશ્રયે થાય છે, એમાં તો કોઈ નિમિત્ત કારણ નથી. આહા..હા..! પણ એ સમ્યગ્દર્શનમાં બાહ્ય સહકારી કારણના બે ભેદ. એક દ્રવ્યશ્રુત તત્ત્વજ્ઞાન, વીતરાગનું દ્રવ્યશ્રુત એ બાહ્ય સહકારી કારણ અને એક... આહા..હા..! મુમુક્ષુ જે સમકિતી જ્ઞાની છે તેને સમકિતીને બાહ્ય સહકારી હોવા છતાં અંતરંગ ઉપચારથી તેને કારણ કહેવામાં આવ્યું છે. શબ્દે શબ્દે... ફરીથી. અમારે જ્ઞાનચંદજી કહે છેને ઠીક છે. આહા..હા..! ભગવાન આત્મા અખંડાનંદ નાથ પ્રભુ એ તો પોતાના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે એ નિશ્ચયસમ્યગ્દર્શન. પણ એમાં નિમિત્તપણું કોણ છે બાહ્યમાં? બહારમાં નિમિત્તપણાના બે પ્રકાર—એક દ્રવ્યશ્રુતનું નિમિત્તપણું છે તત્ત્વજ્ઞાન સર્વજ્ઞની વાણી અને એક મુમુક્ષુ સમકિતી જ્ઞાની જીવ છે... છે? આ મુમુક્ષુ એટલે સમકિત પામનારની વાત નથી, સમકિત પામ્યા છે એની વાત છે.

'**જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી પદાર્થનિર્ણયના હેતપુણાને લીધે...**' નિશ્ચય સમ્યગ્દૃષ્ટિને, નિશ્ચયસમ્યગ્દર્શન જેને થયું છે એ પર છે, પણ અહીંયાં એના અભિપ્રાયને અહીંયાં નિમિત્ત કહેવામાં આવ્યો છે. માટે અંતરંગ ઉપચાર, છે તો બાહ્ય પણ અંતરંગ હેતુ

કહ્યો છે. છે તો બાહ્ય. આહા..હા..! પણ ઉપચારથી અંતરંગ હેતુ કહ્યું છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! છે તો બેય બાહ્ય. ભગવાનની વાણી અને ભગવાન અથવા સમકિતી બેય છે તો બાહ્ય કારણ. પણ દ્રવ્યશ્રુત છે એ તો સાક્ષાત્ બાહ્યકારણ કહ્યું, પણ દ્રવ્યશ્રુત કહેનાર જે સમકિતી છે એનો અભિપ્રાય અહીં સમજવો છે તો એ બાહ્ય સમકિતીનો અભિપ્રાય અંતરંગમાં નિમિત્ત કહેવામાં આવ્યું છે. પણ અંતરંગમાં ઉપચારથી નિમિત્ત કહેવામાં આવ્યું છે. અરેરે! સમજાણું કાંઈ? અહીંયાં લોકો એમ કહે છે કે મુમુક્ષુ છે, સમકિત પામનાર એમ નથી. સમજાણું કાંઈ? મુમુક્ષુ છે કે જે સમ્યગ્દૃષ્ટિ જીવને, સમકિતી જે મુમુક્ષુ છે... આહા..હા..! એનો અભિપ્રાય. વાણીને બાહ્ય કારણ કહ્યું, પણ એનો અભિપ્રાય, એનો ભાવ પોતામાં અંતરંગ ઉપચાર હેતુ કહેવામાં આવ્યો છે. આહા..હા..! છે કે નહિ અંદર પાઠ?

'કારણ કે **તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.**' તો અહીંયાં શું અર્થ કરે છે ઈ? કે મુમુક્ષુ જે સમકિતદૃષ્ટિ છે એ સમકિત પામે છે તેને દર્શનમોહનીય ક્ષયાદિ હોય છે. એમ અહીંયાં છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જે પામ્યો એ તો પોતાના આશ્રયે પામ્યો છે. પણ બાહ્ય સહકારી કારણમાં ભગવાનની વાણી જે તત્ત્વજ્ઞાનમાં નિમિત્ત છે એ બાહ્ય સહકારી કારણ, પણ છે તો બીજો આત્મા ભગવાન કે સમકિતી છે તો બાહ્ય કારણ, પણ એનો અભિપ્રાય અહીં સમજવો છે તેથી ઉપચારથી અંતરંગ કારણ કહ્યું. નહિતર કારણ તો બાહ્ય કારણ છે, પણ ઉપચારથી અંતરંગ કારણ, વાણી કરતા એનો અભિપ્રાય સમજવો છે એ કારણે અંતરંગ ઉપચારથી હેતુ કહ્યો. અંતરંગ હેતુ કહ્યો. છે તો બાહ્ય. પણ એ અંતરંગ ઉપચારથી કહ્યું. ભાષા છે જુઓ. છે?

'**મુમુક્ષુઓ છે તેમને પણ...**' તેમને પણ એટલે? સમ્યગ્દૃષ્ટિ છે, અનુભવ તો થયો છે, તેને બાહ્ય કારણ વીતરાગની વાણી તત્ત્વજ્ઞાનની. એ બાહ્ય કારણ. હવે મુમુક્ષુ બીજા પ્રાણી આ સમકિતી છે એ પણ બાહ્ય કારણ છે. પણ એનો અભિપ્રાય અને એ શું કહે છે એ ભાવ સમજવો છે એ કારણે એ અભિપ્રાયને સમજનારને એ અભિપ્રાય અંતરંગ હેતુ કહેવામાં આવ્યો છે. સામા જ્ઞાનીનો અંતરંગ હેતુ સમ્યગ્દર્શન અહીંયાં અંતરંગમાં હેતુ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? જ્ઞાનીનો. જ્ઞાનીને નહિ, જ્ઞાનીનો.

**શ્રોતા :-** અન્ય જ્ઞાનીનો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અન્ય જ્ઞાનીનો, અન્ય જ્ઞાનીનો અભિપ્રાય. છે તો એ અભિપ્રાય બાહ્ય કારણ પરદ્રવ્ય છે. આહા..હા..! આ ગાથા (લીધી), નહિતર બહેનનું લેવું હતું આજે. પણ આ જરી થોડું...

**શ્રોતા :-** દ્રવ્યશ્રુતને બાહ્ય કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાહ્ય કહ્યું અને આ પણ છે તો બાહ્ય, પણ અંતરંગ એનો અભિપ્રાય, એ કરતા અભિપ્રાય સમજવો છે એ કારણે અંતરંગ ઉપચારથી અન્ય દ્રવ્ય કારણ

કહ્યું. એ તો એનું એ થયું. ઉપચારથી અંતરંગ કહો કે વ્યવહાર (કહો). સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે. સમજાય છે કાંઈ? ભગવાન! આહા..હા..! અરે! ભગવાન! ત્રણલોકનો નાથ તું પરમાત્મપણું લઈને પડ્યો છેને નાથ. આવી વાત ન સમજાય એવું શું છે? આહા..હા..!

અહીંયાં તો એ લેવું છે.... શીતલપ્રસાદે એ અર્થ કર્યો હતોને ભાઈ? બાહ્યનો. એ બેય બાહ્ય જ છે. પણ અંતરંગ હેતુ સમકિતીનો ક્ષાયિકસમકિત આદિ થાય એ અંતરંગ હેતુ એને છે. સમકિત પામનારને. એ એમણે લખ્યું છે શીતલપ્રસાદે. પામ્યો છે એને નિમિત્ત જે છે સમકિતી જ્ઞાની એ જ્ઞાનીને બાહ્ય સહકારણ તો વાણી એ બાહ્ય સહકારણ છે, પણ એનો અભિપ્રાય સમજવો છે અથવા શું ભાવ કહે છે એ સમજવું છે એ કારણે બાહ્ય સહકારણી હોવા છતાં તેને ઉપચારથી અંતરંગ કારણ કહેવામાં આવ્યું છે. લાલચંદભાઈ! આ વાત છે. આહા..હા..! છે તો બાહ્ય કારણ, પણ એ વાણી કરતા એનો અભિપ્રાય ખ્યાલમાં લેવો છે. એનો ભાવ શું કહે છે? એ કારણે છે તો બાહ્ય વ્યવહાર, પણ અંતરંગ ઉપચારથી એ પણ વ્યવહાર થઈ ગયો. અંતરંગમાં ઉપચારથી હેતુ કહેવામાં આવ્યો છે. આહા..હા..! થોડું ન સમજાય તો રાત્રે પૂછવું, પ્રભુ! અહીં તો છૂટ છે. બધા ભગવાન બિરાજે છે અહીં તો. એય..! યશપાલજી! આહા..હા..!

ત્રણલોકનો નાથ આનંદનો સાગર ડુંગર બિરાજે છે અંદર. આહા..હા..! જેમાં પર્યાયનો પણ અભાવ. આહા..હા..! એવો ત્રણલોકનો નાથ ભગવાનસ્વરૂપ આત્મા એવું ભાન સમ્યગ્દર્શનમાં થયું, સમ્યક્ નામ સત્ય જેવું પરિપૂર્ણ છે એવી સત્ય સમ્યક્ પર્યાયમાં, જ્ઞાનની પર્યાયમાં તેને જ્ઞેય બનાવીને પ્રતીત થઈ છે. શું કહ્યું? કે જે સમ્યક્ પર્યાય જ્ઞાનની છે એ પર્યાયમાં આખા દ્રવ્યને જ્ઞેય બનાવીને જ્ઞાન કરીને પ્રતીત થઈ છે, જાણપણું કરીને પ્રતીતિ થઈ છે, એકલી પ્રતીતિ થઈ છે એમ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? હવે આવી વાત, પ્રભુ! શું થાય? આહા..હા..!

મુમુક્ષુ છે. એ લોકો એમ કહે છે કે મુમુક્ષુ એટલે સમકિત પામનારને આ દર્શનમોહ આદિનો ક્ષય અંતરંગ હેતુ છે એમ કહે છે. શું કહ્યું સમજાણું? દર્શનમોહ આદિ ક્ષયાદિ અંતરંગ હેતુ કહે છે એને. પણ એમ નથી.

**શ્રોતા :-** જ્ઞાનીનો અભિપ્રાય અંતરંગ હેતુ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અંતરંગ હેતુ છે. સમજાણું કાંઈ? અમારે પંડિતજીએ અર્થ કર્યા છે બધા. સમજાણું કાંઈ? આહા..હા..!

અંતર ભગવાન આત્મા... જે કરવું છે એ તો કર્યું સમ્યગ્દર્શન. એ કર્તવ્ય પ્રથમમાં પ્રથમ છે. એમાં તો કોઈ બાહ્ય સહકારી કારણ નથી. પણ એ છે તો હવે બાહ્ય સહકારી કોઈ ચીજ છે કે નહિ? આહા..હા..! સર્વજ્ઞ ત્રિલોકનાથના મુખકમળથી સમસ્ત પદાર્થની વ્યાખ્યા વાણીમાં આવી એ સમસ્ત પદાર્થને કહેનારા સર્વજ્ઞ પરમાત્મા એની વાણી તત્ત્વજ્ઞાન બાહ્ય

સહકારણી કહેવામાં આવે છે. ત્યારે હવે બાહ્ય સહકારણી તો વાણી થઈ. તો બીજો આત્મા કહેનાર છે એ આત્માને અહીંયાં બાહ્ય કારણમાં કેમ લેવા? છે તો બાહ્ય, પણ બાહ્ય કારણને કેમ લેવું? કે એ બાહ્ય કારણ વાણી છે એ કરતા એનો ભાવ સમજવો છે એ અપેક્ષાએ તેને અંતરંગ, છે નહિ અંતરંગ, છે તો બાહ્ય, પણ એનો ભાવ સમજવો છે તો અંતરંગ ઉપચારથી હેતુ કહેવામાં આવ્યો છે. બાબુભાઈ! આવું છે, પ્રભુ શું થાય?

**શ્રોતા :-** જિનવાણીથી વધારે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વજન આપ્યું છે. વાણી કરતાં ભાવ શું છે? શું કહે છે? કઈ અપેક્ષાએ કહે છે? સમજાણું કાંઈ? રતનલાલજી! લ્યો, આ એવી વાત છે. આહા..હા..! બાહ્ય સહકારણીને અંતરંગ કારણ કહી દીધું. તો એ લોકોને એ ન બેઠું એટલે સમકિત પામનારને અંતરંગ કારણ દર્શનમોહના ક્ષય, ઉપશમ આદિ છે (એમ કહે છે). સમજાણું કાંઈ? આહા..હા..! આ જરી લેવું હતું. આ લેવું હતું એ કારણે (આ ગાથા લીધી). નહિતર આજે બહેનના વચનામૃત લેત, પણ આ જરી ફેરફાર છેને... આહા..હા..! કાલે બપોરથી વચનામૃત લેવાનું છે. જેની પાસે હોય એ લેતા આવે, ન હોય તો અહીંથી મળશે. વાંચવા માટે હોં, ઘરે લઈ જવાના એમ નહિ. આ વાંચવા આપે તો ઘરે લઈ જાય. બાહ્યતત્ત્વ તો જ્યાં છે ત્યાં જ છે, પણ એને નિમિત્ત કેમ કહેવું છે? કે જ્ઞાનમાં પોતાના સ્વરૂપમાં એ નિમિત્ત થયું છે અને એના સ્વરૂપને કહેનારનો અભિપ્રાય અંતરંગ નિમિત્ત કહેવામાં આવ્યું છે. છે તો બાહ્ય પણ ઉપચારથી પદાર્થ નિર્ણયના હેતુપણાને કારણે આહા..હા..! '(**સમ્યક્ત્વપરિણામના**) **અંતરંગ હેતુઓ કહ્યા છે,...**' સમ્યક્ પરિણામના એટલે પોતાના સમ્યક્ પરિણામમાં સામા સમ્યક્ પરિણામવાળા જીવને અંતરંગ નિમિત્ત કહેવામાં આવ્યું છે. આહા..હા..! હવે આવું છે. 'કારણ કે **તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.**' કોને? જેની પાસે સાંભળે છે એ જીવને દર્શનમોહનો ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ હોય છે એના પરિણામ, એનો ભાવ, જીવમાં અંતરંગ ઉપચારથી હેતુ કહેવામાં આવ્યો છે.

**શ્રોતા :-** ભેદજ્ઞાન... જ્ઞાનીની હોય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદજ્ઞાની જીવને ભેદજ્ઞાની જીવ નિમિત્તમાં હોય છે. સમજાણું કાંઈ? અજ્ઞાની નિમિત્ત નથી એમ બતાવે છે.

**શ્રોતા :-** વાણી ભગવાનની, હેતુ સમ્યક્ત્વ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ જેને વાણીનો અભિપ્રાય અંતરમાં બેઠો છે, અંતર સન્મુખ દૃષ્ટિમાં વાત બેઠી છે, સમ્યગ્દર્શન છે, જેને દર્શનમોહનો ક્ષય... છે? ક્ષયાદિ. ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ થયો છે એ આત્માને સમકિત પામનાર જીવને અંતરંગ ઉપચાર હેતુ કહેવામાં આવ્યો છે.

**શ્રોતા :-** એને માટે તો અહીંયાં બધા આવે છે, મહારાજ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અમારે જ્ઞાનચંદજી કહ્યું ફરીવાર લ્યો. વાત સાચી છે, વાત જ

એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ સિવાયની વાણી પણ નિમિત્ત નથી અને વીતરાગી સમકિતી સિવાય પણ એને નિમિત્ત નથી. આહા..હા..! શાંતિભાઈ! આમાં તમારા હીરા-ફીરામાં કાંઈ નથી આ બધા. એય..! પંકજ! આ હીરલો ભગવાન અંદર... આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર નાથ પૂર્ણાનંદનો પ્રભુ પૂર્ણાનંદથી ભરેલો અતીન્દ્રિય આનંદનો ગંજ છે, પર્વત છે, ડુંગર છે, સાગર છે. આહા..હા..! એવું અંતરમાં સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન થયા છે. અહીં તો ચારિત્ર પણ સાથે લીધું છે. વ્યવહાર આગળ ચારિત્ર થયું છે અંદર નિશ્ચય તેને વ્યવહારચારિત્ર પાપથી નિવૃત્તિ થઈ તેને વ્યવહારચારિત્ર હોય છે અને નિશ્ચય ચારિત્ર તો પુણ્ય-પાપની નિવૃત્તિરૂપ સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર છે. સમજાણું કાંઈ? સમજાય એટલું સમજવું, પ્રભુ! આ તો વીતરાગનો માર્ગ છે. અરે! વીતરાગના વિરહ પડ્યા. ભગવાન ત્યાં મહાવિદેહમાં રહી ગયા. એમાં આ ભાવ અહીં રહી ગયા. સમજાણું કાંઈ?

'કારણ કે **તેમને...**' તેમને કોને? જે નિમિત્ત છે એને. ઉપદેશ કરનારનો ભાવ તેમને '**દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.**' ક્ષાયિકસમકિત થયું, ઉપશમ હો કે ક્ષયોપશમ હો એને. એ સમકિત પામનારને અંતરંગ કારણ તો આત્મા છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ એને પણ દર્શનમોહનો ક્ષયાદિ અંતરંગ કારણ નિમિત્તથી છે. શું કહ્યું એ? નિયમસારમાં આવે છે. ત્યાં અંતરંગ નિમિત્ત કર્મનો ક્ષયોપશમ અંતરંગ નિમિત્ત છે. કર્મનું ક્ષાયિકપણું, ઉપશમપણું એ અંતરંગ નિમિત્ત છે. અહીં એ વાત નથી લેવી. આહા..હા..! અહીં તો કહેનારનો ધર્મનો અભિપ્રાય જે છે એનો (એ લેવો છે). આહા..હા..! અરેરે! શું થાય? આવો માર્ગ છે. આહા..હા..!

નિશ્ચયથી તો પોતાના આત્માના અવલંબને (સમકિત) થાય છે. પણ ત્યાં વ્યવહાર છે કે નહિ નિમિત્ત? તો બાહ્યનિમિત્ત છે તો સર્વજ્ઞની, ત્રિલોકનાથની વાણીનું યથાર્થપણાનું જ્ઞાન એ બાહ્યનિમિત્ત, બાહ્યનિમિત્ત છે. કહ્યું? વ્યવહાર કહ્યોને? દ્રવ્યશ્રુત બાહ્ય સહકારી કારણ કહ્યું અને મુમુક્ષુ જે છે એને સમજાવનાર, સમકિત પામ્યો છે એ સમજાવનાર જે છે... આહા..હા..! તેમને અંતરંગ હેતુ ઉપચારથી પદાર્થ નિર્ણયમાં હેતુપણાને લીધે. આહા..હા..! પોતાના અનુભવમાં નિર્ણયમાં હેતુપણાને કારણે. અંતરંગ હેતુ, બાહ્ય પદાર્થ ભગવાન છે કે સર્વજ્ઞ સમકિતી છે તેને ઉપચારથી અંતરંગ હેતુ કહે છે. 'કારણ કે **તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? ચંદુભાઈ! આહા..હા..! આવી વાત છે, ભાઈ! ભાઈ હિંમતભાઈએ તો આવો અર્થ કર્યો છે, શીતળપ્રસાદે બીજો અર્થ કર્યો છે, બીજા લોકો બીજો અર્થ કરે છે. સમજાણું કાંઈ?

હવે એ ભેદ જે કહ્યો, ભેદરૂપ સમકિત વ્યવહાર એમાં અભેદપણું અંદર નિશ્ચય છે એ શું છે? પહેલા વ્યવહારનું કથન આવ્યું પણ એને નિશ્ચય છે. આહા..હા..! '**અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને,...**' આહા..હા..! જેને ભગવાન પૂર્ણાનંદનો નાથ અભેદ

ગુણગુણીનો ભેદ પણ નથી, જે કહ્યું અંતર સ્વભાવનો આધાર પરમાત્મા... આહા..હા..! આત્મા પૂર્ણાનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ એની શ્રદ્ધા, સમ્યગ્દર્શન, એનું જ્ઞાન અને એનું ચારિત્ર અભેદ અનુપચાર. જુઓ, ઓલામાં ભેદ ઉપચાર હતું વ્યવહારમાં. આ નિશ્ચયમાં '**અભેદ-અનુપચાર**-' વાસ્તવિક અભેદ છે. આહા..હા..! અરેરે! મનુષ્યપણું મળ્યું એમાં આ વાત જો એને સમજમાં ન આવે... આહા..હા..! તો પાછા એના એ ચોર્યાસીના અવતારમાં ઘોદા ખાઈને મરી જશે. ત્યાં સિફારીશ કોઈની કામ નહિ આવે. કોઈની સિફારીશ... સિફારીશ શું કહે છે? સિફારીશ કહે છે? આહા..હા..!

મેં તો કહ્યું હતુંને, અમારે મનસુખ આવ્યો હતોને. અમારે હસમુખના પિતાજી. ભાગીદાર હતાને અમારા મોટા ભાઈના. એના બાપના મોટા ભાઈ અમારા ભાઈ હતા. મેં તો કહ્યું હતું કુંવરજીભાઈને. મનસુખને ખબર છે. કહ્યું હતું, ભાઈ! તમે આટલી મમતા આખો દિ' કરો છો, ભાઈ! તમારી ધંધામાં મમતા દેખીને... એ વખતે એટલી પેદાશ નહોતી. તે દિ' થોડી હતી. પછી ગુજરી ગયા ત્યારે બે લાખની પેદાશ હતી. અત્યારે વધારે છે. ત્રણ છોકરાને. પણ એ ઠીક. એ તો ધૂળની વાતું. પણ એને મમતા એટલી દુકાનના ધંધાની. 'હું કરું છું, હું કરું છું, વ્યવસ્થા કરું છું, આ કરું છું' ભાઈ! આપણે વાણિયા છીએ તો ખોરાક માંસ અને ઈંડાનો નથી. પણ સાંભળે હોં સાંભળે. મારી સામે બોલે નહિ. એ તો એના જન્મ પહેલાંની વાત છે. અમારી દીક્ષા પછી જન્મ્યો હતો. ૭૦માં દીક્ષા. ૭૪માં જન્મ છે એનો. આ તો ૬૬ની વાત છે. દુકાનનો થડો હતોને. ચુનીલાલ મોતીલાલ એની દુકાન. તે દિ' એ ત્યાં હતાને. અડધા ભાગમાં. અડધા ભાગમાં નાનાભાઈ હતા ફાવાભાઈ. કંસારાનો ધંધો અડધામાં ભાગમાં, અડધામાં આનો. આ ૬૬ની વાત છે. તો કહ્યું, ભાઈ! તમને આ શું આખો દિ'? આહા..હા..! આ રળ્યો અને આ દુકાન ગયા, આ માલ લઈ આવ્યો, આ કર્યું, તે કર્યું. શું છે આ તે? આત્માનો કાંઈ અવકાશ? અહીંથી મરીને સુગતિ થાય, મોક્ષ તો પછી ધર્મ તો, પણ અહીંથી મરીને મનુષ્યપણું અને સ્વર્ગ મળે એવી ક્રિયા દેખાતી નથી તમારી. મનસુખ! તમે તો ઘણીવાર સાંભળ્યું છે. એના બાપને કહ્યું. અમારા મોટા ભાઈના ભાગીદાર, બેય ભાગીદાર. ભાઈ! આ શું છે? આખો દિ'. ગામમાં સાધુ આવે તો બે કલાક જાવું (એમ પણ નહિ). સાધુ આવે તો આખો દિ' ન જાય. રાતના આઠ વાગ્યા પછી નામુ-બામુ લખી દુકાન (બંધ કરી) પછી જાય એક કલાક સાંભળવા. પણ એમાં પણ તત્ત્વની વાત ક્યાં હતી એ સાધુ પાસે પણ! એ પણ બે-ચાર કલાક કોઈ સમાગમ સત્‌નો કરવો કે વાંચન કરવું એવું પુણ્ય પણ નહિ. ભાઈ! આ તો તિર્યંચ થવાના લક્ષણ છે, યાદ રાખજો. એય..! મનસુખ! સાંભળે હોં, બોલે નહિ. ભાઈ બેઠા હતા, અમારે ખુશાલભાઈ મોટા ભાઈ. સાંભળે, બોલે નહિ. ભગત છે કાંઈક કહે છે. કોઈનો પક્ષ-બક્ષ નથી અમારે કીધું. અમારે ભાગીદાર આમ અમારા ફઈના દીકરા થાય. ફઈ-ફઈ સમજો છો? ફુવાના દીકરા

થાય. આમ ભાઈ થાય, આમ ભાગીદાર થાય. બાપુ! એને મરતા સનેપાત થયો. મનસુખ ને બધા હતા. સનેપાત થયો લવાલવ... લવાવલ... થઈ રહ્યું, મરીને... આહા..હા..! ચીમનભાઈ! આ તો અમારો ઘરનો દાખલો આપ્યો. આહા..હા..!

**શ્રોતા** :- આમાં શું સમજવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એટલે તમારે બધાને સમજવું એમ કહે છે, ભાઈ! અમે તો બધું કર્યું છેને. આહા..હા..! છેલ્લું કહ્યુંને, છેલ્લે ૬૮ની સાલ.

**શ્રોતા** :- એ તો વેપારી હતા, આ નોકરી કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નોકરી કરે છે તો એ રાગ-પાપ છે. પૈસા લેવા માટે ત્યાં નોકરી કરે છે. ઠીક કહ્યું ભાઈએ. આ છાપનારા પણ પૈસા લેવા માટે છાપે છે, એ ક્યાં એમાં શુભભાવ છે? પુસ્તક છાપનારા છે એના પૈસા લે છે એ માટે છપાવે છે, એ તો પાપભાવ છે, ભલે સિદ્ધાંત-શાસ્ત્ર છાપતા હોય. આહા..હા..! એમ કે આ બીજા તો આખો દિ' પાપ કરે, પણ આ લોકો તો ક્યાં પાપ કરે છે? એને વેપાર નથી. પણ વેપાર નથી આ પાપ છે કે નહિ? પૈસા લેવા માટે ધંધો કરે છે, નોકરી કરે છે એ પાપ છે. આવી વાત છે, ભાઈ! અહીંયાં કાંઈ કોઈનો પક્ષ નથી. (શ્રોતા :- આપ કોઈને પણ નથી છોડતા, મહારાજ!) હવે અહીંયાં શું કહે છે?

'**અભેદ-અનુપચાર-રત્નત્રયવાળા પરિણતિવાળા જીવને,...**' અંતરમાં ભગવાન પૂર્ણાનંદના નાથનો અનુભવ થયો, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો આહા..હા..! અને એ ઉપરાંત સ્વરૂપમાં રમણતા આનંદમાં જામી ગઈ એવો નિશ્ચય. અભેદ એટલે નિશ્ચય, અનુપચાર એટલે વ્યવહાર નહિ. રત્નત્રયપરિણતિ એટલે નિશ્ચયરત્નત્રય દશા. નિશ્ચયરત્નત્રય પરિણતિ એટલે દશા. એવા જીવને '**ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમતત્ત્વની શ્રદ્ધા વડે,...**' એને અંતર ભગવાન પૂર્ણાનંદ છે એની શ્રદ્ધા છે એ નિશ્ચય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને તદ્ જ્ઞાનમાત્ર. તે ભગવાન પૂર્ણાનંદના નાથનું જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન નહિ. આહા..હા..! તદ્ છેને? તદ્ એટલે જીવના જ્ઞાનમાત્ર '**(-તે નિજ પરમતત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ) એવા અંતર્મુખ પરમબોધ વડે...**' અંતર્મુખ સમ્યક્ ચૈતન્યની સન્મુખ થઈને જે જ્ઞાન થયું '**એવા અંતર્મુખ પરમબોધ વડે અને તે-રૂપે (અર્થાત્ નિજ પરમ તત્ત્વરૂપે) અવિચળપણે સ્થિત થવારૂપ...**' આહા..હા..! ચારિત્ર કોને કહે છે? એ આનંદ સ્વરૂપમાં રમે છે નિજસ્વરૂપમાં એ ચારિત્ર છે. કોઈ મહાવ્રતના પરિણામ અને લૂગડા ફેરવ્યા એ ચારિત્ર એવું ચારિત્ર નથી. આહા..હા..! છે? આહા..હા..!

'**અવિચળપણે સ્થિત થવારૂપ...**' અંદર ભગવાન આનંદમાં સ્થિત થવારૂપ. અતીન્દ્રિય આનંદમાં અંદર જામી ગયો છે. આહા..હા..! એવા '**અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે...**' એવા સમ્યક્જ્ઞાન અને ચારિત્ર દ્વારા '**અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય**

છે.' ઓલો વ્યવહાર કહ્યો એનું ફળ ન કહ્યું. વ્યવહાર સમજાવ્યો, પણ મુક્તિ થાય છે આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી. આહા..હા..! એ સિદ્ધપર્યાય કેવી છે? અભૂત-ભૂતકાળમાં કદી પામ્યો નથી. આહા..હા..! અભૂત છે? અભૂતપૂર્વ નીચે છે. '**પૂર્વે કદી નહિ થયેલો એવો; અપૂર્વ.**' '**સિદ્ધપર્યાય થાય છે.**' એ મુક્તિની દશા પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકલ્પ આનંદની દશા, પ્રતીતિ નિર્વિકલ્પ આનંદમાં રમણતા એનાથી મુક્તિ થાય છે. એ વ્યવહાર વચ્ચે આવે એ બંધનું કારણ છે. આહા..હા..! મુક્તિ તો આ કારણે થાય છે. સમજાણું કાંઈ?

'**જે પરમ જિનયોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' એકલા વ્યવહારની વાત નથી, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, પણ હજી સ્વરૂપની રમણતા શુદ્ધ ઉપયોગની પૂર્ણ નથી તો એને પાપની નિવૃત્તિરૂપ પહેલાં પરિણામ શુભભાવ થાય છે. છે? '**પરમજિનયોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' શુભભાવ હોય છે.

**શ્રોતા :-** વ્યવહાર આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છેને, વ્યવહાર છે ખરો, પણ એ બંધનું કારણ છે.

**શ્રોતા :-** પહેલો વ્યવહાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલો નહિ. પહેલો આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પૂર્ણ સ્થિરતા નથી એ દશામાં પહેલા પાપથી નિવૃત્તિ થાય છે. આહા..હા..! અટપટી (વાત છે). સમજાણું કાંઈ? પહેલાં એકદમ નિશ્ચયચારિત્ર થાય છે એમ નથી એમ કહે છે. નિશ્ચય એટલે સ્વરૂપની રમણતા પૂર્ણ, પૂર્ણ રમણતા. નિશ્ચય નામ પૂર્ણ રમણતા પહેલાં નથી થતી. પહેલાં અમુક રમણતાને કાળે વ્યવહારચારિત્રના શુભ પરિણામ આવે છે. એ પહેલા. નીચલી દશામાં પહેલાં આવે છે એમ કહેવું છે. આહા..હા..! છે? '**પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે, તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે.**' વ્યવહારે સાધુપણું કહેવામાં આવે છે, વાસ્તવિક નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ! '**તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે.**' અને નિશ્ચય '**સહજનિશ્ચયનયસ્વરૂપ પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન...**' પરમાત્મામાં પ્રતપન—વિશેષે લીનતા... લીનતા... લીનતા... પ્રતંપતિ ઈતિ તપ. સોનામાં જેમ ગેરુ લગાવતા સોનું ઓપે છે, એમ ભગવાનમાં ચારિત્રસહિત છે એની ઉગ્ર લીનતાથી તે શોભે છે, તેને અહીંયાં તપ કહે છે. આ અનશન, ઉણોદરી અને અપવાસ એ તો બાહ્ય લાંઘણ છે. આહા..હા..! છે? આહા..હા..!

'**નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.**' આ ચારિત્ર અંદરમાં પૂર્ણાનંદના નાથમાં રમણતા કરવાથી થાય છે, કોઈ વ્યવહારક્રિયા કરવાથી થાય છે એમ નથી. આહા..હા..! ત્યારે એની મુક્તિ નામ સિદ્ધિ થાય છે. લ્યો વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૫૧ થી ૫૫, પ્રવચન નં. ૩૯૪

... જે કોઈ વિભાવગુણપર્યાય છે... ચાર ભાવ છે. બહુ ઝીણી વાત, બાપા! ઓહો..હો..! ચાર ભાવ જે આત્મામાં છે—રાગાદિનો ઉદયભાવ, ધર્મ આદિનો ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિક એ ચાર પર્યાય છે. આહા..હા..! એ ચાર પર્યાય વિભાવગુણપર્યાય છે. આહા..હા..! '**(૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા, પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...**' આહા..હા..! પર્યાયના ચાર ભાવ છે તો એને વ્યવહારનયથી ઉપાદેય કહેવામાં આવ્યા છે. .. કે જાણવાનો, ગ્રહણ કરવાનો, જ્ઞાનમાં ગ્રહણ કરવું એ ઉપાદેય કહેવાનો આશય છે. આહા..હા..! બહુ ઝીણું. '**(શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે.**' આહા..હા..! ક્ષાયિકસમકિત ભાવ. આહા..હા..! નિશ્ચયની વાત છેને. પૂર્ણ ક્ષાયિક .. નિશ્ચય ક્ષાયિકસમકિત હોય, ક્ષયોપશમકિત હો, ઉપશમ સમકિત હો. ચારિત્ર ક્ષયોપશમ હોય, એ બધી પર્યાય વિભાવપર્યાય છે કહે છે. આહા..હા..! ભગવાન આત્મા... આ જરી ઝીણી વાત છે થોડી.

'**તેઓ હેય છે. શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' પર્યાય પરસ્વભાવ છે. આહા..હા..! ત્રિકાળી જીવસ્વભાવ એ નહિ. આહા..હા..! ત્રિકાળી જીવસ્વભાવ નહિ. એ કારણે પર્યાય પરસ્વભાવ છે. પરદ્રવ્ય સહસહાવ હેયં કહ્યું. ટીકાકારે તો પદની રચના કરી. કહેવાનો આશય હતો એ ટીકામાં ખુલ્લો કર્યો કે એ પરસ્વભાવ છે માટે પરદ્રવ્ય છે. આહા..હા..! આ પરદ્રવ્ય કોણ? શરીર, કર્મ એ પરદ્રવ્યની અહીંયા વાત નથી. એની પર્યાય જે જીવના અસ્તિત્વમાં છે, જે વ્યવહારનયનો વિષય છે. કેટલાક વ્યવહાર ઉદયનય છે અને કેટલાક અસદ્ભૂત વ્યવહારનય છે અથવા કેટલાક ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક સદ્ભૂતવ્યવહાર છે. તો કહે છે કે પ્રભુ! ઓહો..હો..! પ્રભુ તો ધ્રુવ અંદર. આહા..હા..! જેની પર્યાયને પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહી દીધું. આહા..હા..! ભાઈ! માર્ગ એવો છે કોઈ.

એ '**(શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે. શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે.**' આહા..હા..! પર્યાય ક્ષાયિકભાવની પર્યાય ત્રિકાળી ગુણ સ્વભાવ નહિ, પર્યાયસ્વભાવ છે તો પરસ્વભાવ છે અને પરસ્વભાવ છે તો પરદ્રવ્ય છે. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! પાણીના એક-એક બિંદુમાં અસંખ્ય જીવ એ બિચારા કે દિ' મનુષ્ય થાય? આહા..હા..! આવી વાત ક્યારે સાંભળે? અરેરે! જેને મનુષ્યપણાનો યોગ મળ્યો એને સાંભળવાની યોગ્યતા ન મળે અને સાંભળવાનો યોગ ન મળે. આહા..હા..! અહીં તો કહે છે, પ્રભુ! જે અંદરમાં.. શરીર, વાણી, મન કર્મની વાત અહીંયા નથી. કર્મનો ઉદયભાવ છે એ તો પરદ્રવ્ય, સ્થૂળ પરદ્રવ્ય છે એ તો, પણ પોતાની પર્યાયમાં જે ક્ષાયિકભાવ

સમ્યગ્દર્શન, ક્ષાયોપશમભાવ સમ્યગ્દર્શન, ઉપશમભાવ સમ્યગ્દર્શન, ક્ષયોપશમ ચારિત્રભાવ, ઉપશમભાવ ચારિત્રભાવ નિર્મળ વીતરાગી પર્યાય, એ પર્યાય છે એ પરસ્વભાવ, ગુણસ્વભાવ નહિ. દ્રવ્યનો ગુણસ્વભાવ નહિ, કાયમ ટકવાવાળો ગુણસ્વભાવ નથી તેથી એક સમયની પર્યાય છે ચાર ભાવ તો એને પરભાવ, પરસ્વભાવ કહીને. આહા..હા..! '**તેથી જ પરદ્રવ્ય છે.**' આહા..હા..! ગજબ વાત છે. હજી તો શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવારનો આત્મા અને શરીર જડ પરદ્રવ્ય છે એ વાત બેસતી નથી. મારા પૈસા, મારી બાયડી, મારા છોકરા. અરર! પ્રભુ! તું ક્યાં જા છો, ભાઈ? તારી કઈ ગતિ થશે એમાં? આહા..હા..!

અહીંયાં તો પરમાત્માનો આખરનો પોકાર છે કે પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવવી છે, માટે પર્યાય પરસ્વભાવ ગણી અને પરદ્રવ્ય કહેવામાં આવ્યો છે. આહા..હા..! જરી શાંતિથી (સમજવું). '**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...**' સર્વ વિભાવગુણ ચાર પ્રકારની પર્યાય, વિભાવગુણપર્યાયોથી રહિત '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' આહા..હા..! જે અંતઃતત્ત્વ ભાવસ્વરૂપ. ધ્રુવ ત્રિકાળી ભાવસ્વરૂપ. અંતઃતત્ત્વ કહ્યુંને? એ ભાવસ્વરૂપ. આહા..હા..! પર્યાય જે પરદ્રવ્ય કહ્યું, તો અંતઃતત્ત્વ સ્વભાવભાવરૂપ જે કાયમ રહેનારા અનંતગુણના ભાવસ્વભાવરૂપ. આહા..હા..! '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' પર્યાય બાહ્યતત્ત્વ થઈ ગઈ. આહા..હા..! અને અંતરમાં અનંતજ્ઞાન-દર્શન આદિ અનંતગુણ એ અંતઃતત્ત્વસ્વરૂપ. એ '**અંતઃતત્ત્વસ્વરૂપ...**' આહા..હા..! '**સ્વદ્રવ્ય...**' એને સ્વદ્રવ્ય કહ્યું. જ્યારે પર્યાયને પરદ્રવ્ય કહી તો અંતઃતત્ત્વ ભાવ જે ત્રિકાળ રહેનારો સ્વભાવભાવ તેને સ્વદ્રવ્ય કહ્યું. સમજાણું કાંઈ?

જ્યારે એક સમયની ક્ષાયિકપર્યાયને પણ પરદ્રવ્ય કહી તો સ્વદ્રવ્ય શું? હજી તો એક વાત કે સ્વદ્રવ્ય જે ત્રિકાળી સ્વભાવભાવ ગુણ છે... આહા..હા..! અંતઃતત્ત્વ, શુદ્ધ અંતઃતત્ત્વ, શુદ્ધ અંતઃભાવસ્વભાવ, ધ્રુવ અંતર સ્વભાવભાવસ્વરૂપ. આહા..હા..! શુદ્ધ અંતઃતત્ત્વ નામ શુદ્ધ અંતઃસ્વભાવસ્વરૂપ સ્વદ્રવ્ય તેને સ્વદ્રવ્ય કહ્યું. જ્યારે પર્યાયને પરદ્રવ્ય કહી, ત્યારે અંતઃતત્ત્વ ભાવ, ભાવ હોં! એ ત્રિકાળી ભાવને સ્વદ્રવ્ય કહ્યું. આહા..હા..! ઓહો..હો..! આ વાત! નિયમસારમાં આવી વાત છે એવી વાત બીજા દિગંબર શાસ્ત્રોમાં નથી, તો બીજે તો હોય જ ક્યાં? આહા..હા..! પણ જરી ભાઈ શાંતિથી (સમજવું).

જ્યારે પર્યાય ચાર ભાવ પરસ્વભાવ (કહ્યું એટલે કે એ) દ્રવ્યસ્વભાવ નહિ એટલે કે ગુણસ્વભાવ નહિ એટલે કે ધ્રુવસ્વભાવ નહિ. આહા..હા..! એ કારણે એ પર્યાયને પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહી. ત્યારે સ્વદ્રવ્ય શું? સ્વદ્રવ્ય અંતઃતત્ત્વ સ્વભાવભાવ, કાયમ રહેનારો ગુણસ્વભાવભાવ... આહા..હા..! તેને સ્વદ્રવ્ય કહ્યું. એય..! ચંદુભાઈ! જુદી વાત છે બાપુ! હજી. હજી સ્વદ્રવ્યમાં અભાવ પછી લેશે. આહા..હા..! પર્યાય જ્યારે ક્ષાયિક કેવળજ્ઞાનની પર્યાય પણ પરભાવ પરસ્વભાવભાવ કહીને એ પરદ્રવ્ય કહ્યું છે. એક સમયની પર્યાય. ક્યારે? કે એક સમયની પર્યાય છે. ત્યારે ત્રિકાળી જે ગુણ છે અંતઃતત્ત્વ, અંતઃસ્વભાવભાવ. દ્રવ્ય

નહિ. હજી તો... આહા..હા..! અંતઃતત્ત્વ જે ત્રિકાળી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ, શાંતિ, સ્વચ્છતા એ ત્રિકાળી અનંત સ્વભાવભાવ, અંતઃસ્વભાવભાવ. આહા..હા..! જ્યારે પર્યાયને બહિરતત્ત્વ કહ્યું. આહા..હા..! આમાં અત્યારે આવ્યું છે ૩૮મી ગાથામાં. સંવર, નિર્જરા અને મોક્ષ એ બહિર્‌તત્ત્વ છે. આહા..હા..! કેમકે .. એક સમયની અવસ્થા છે. આહા..હા..! ત્યારે અંતઃતત્ત્વ શું? અનંતજ્ઞાન, અનંતદર્શન આદિ અનંતગુણનો પિંડ એ અનંતગુણ અંતઃતત્ત્વ તે સ્વદ્રવ્ય છે. સમજાણું કાંઈ? હજી સ્વદ્રવ્યનો આધાર કહેશે. આહા..હા..!

અરે! ત્રણલોકના નાથનો પોકાર આ છે. એ સાંભળીને સંતો આવ્યા અને સંતોએ જાહેર કર્યું છે. આહા..હા..! પ્રભુ! આમ કહે છે. એક સમયની અવસ્થા એ કાયમ રહેનારી નહિ. એ અપેક્ષાએ તેને પરસ્વભાવ, કાયમ સ્વભાવથી રહેનારની અપેક્ષા તેને પરસ્વભાવ કહ્યો અને કાયમ રહેવાના સ્વભાવને જ્યારે દ્રવ્ય કહ્યો તો એ પરસ્વભાવને પરદ્રવ્ય કહ્યો. આહા..હા..! એ '**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...**' એક સમયની ક્ષાયિક આદિ પર્યાય છે એનાથી રહિત '**શુદ્ધ-અંતઃતત્ત્વ...**' જે કાયમ ધ્રુવસ્વભાવ. સ્વભાવ હોં, દ્રવ્ય નહિ, એ ગુણ. એ ગુણને સ્વદ્રવ્ય કહ્યા, જ્યારે પર્યાયને પરદ્રવ્ય કહી. આહા..હા..! એક સમયની નિર્મળ દશાવાળાને પરસ્વભાવને કહીને પરદ્રવ્ય કહ્યો, તો કાયમી સ્વભાવ અનંતગુણ સ્વભાવ અંતઃતત્ત્વભાવ. આહા..હા..! અંતઃતત્ત્વસ્વરૂપ તેને અહીં સ્વદ્રવ્ય કહ્યું. અંતર સ્વભાવભાવ એને સ્વદ્રવ્ય કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** અનંતગુણને સ્વદ્રવ્ય કહ્યું. દ્રવ્યની વાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ધ્રુવના અભાવ.. એ સ્વદ્રવ્યના અભાવરૂપ પરિણામ છે. આહા..હા..! જૈનની શૈલી તો જુઓ! આહા..હા..!

પરદ્રવ્યની તો અહીં વાત પણ નથી, પણ એક સમયની મુદતવાળી દશા ચાહે તો કેવળજ્ઞાન હોય તો એક સમય રહે છે. બીજા સમયે બીજું અને એવું. એવું પણ બીજું. એવું એજ બીજા સમયે એ નહિ. એવું ખરું પણ બીજું. આહા..હા..! સમજાણું કાંઈ? આ ગાથા અલૌકિક છે, બાપુ! કુંદકુંદાચાર્ય તો એમ કહે છે કે મેં મારી ભાવના માટે બનાવ્યું છે, ભાઈ! આહા..હા..! કુંદકુંદાચાર્ય એમ કહે છે, મારી ભાવના માટે બનાવ્યું છે. આહા..હા..! જેનો નંબર મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી, મંગલં કુંદકુંદાર્યો ત્રીજે નંબરે આવે છે. આહા..હા..! પહેલે નંબરે ભગવાન, બીજે નંબરે ગણધર. આહા..હા..! ત્રીજે નંબરે ભગવાન કુંદકુંદાચાર્ય. ચોથે નંબરે જૈન ધર્મોસ્તુ મંગલં. એક જ ધર્મ. આહા..હા..! અહીંયાં એ કુંદકુંદાચાર્ય ભગવાન પાસે હજી આગળ કહેશે. .. ગાથામાં છે, કે હું ભગવાન પાસે હતો. ..મારી ભાવના માટે મેં બનાવ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! આ શું છે? શું છે આ? આહા..હા..!

ત્રિકાળી ગુણ જે સ્વભાવ છે, ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી દર્શન, ત્રિકાળી આનંદ, ત્રિકાળી ગુણ, એવો જે અંતર સ્વભાવભાવ. અંતર સ્વભાવભાવ ગુણ હોં! એ પર્યાયને જ્યારે પરસ્વભાવ

કહીને પરદ્રવ્ય કહ્યો તો ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો. ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! એ ઉપાદેય છે. ત્રિકાળી સ્વભાવભાવ એ ઉપાદેય છે. આહા..હા..! જ્યારે પર્યાય સ્વભાવભાવ પરદ્રવ્ય તરીકે એને હેય કહી ત્યારે ત્રિકાળી ભાવસ્વભાવ સ્વદ્રવ્ય કહીને ઉપાદેય કહી. આહા..હા..! અભેચંદજી! કોઈ દિ' સાંભળ્યું નથી આવી જિંદગીમાં. ક્યાંય છે નહિ, પ્રભુ! શું કરે? એ કુંદકુંદાચાર્યની શૈલી. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાયદૃષ્ટિ છોડાવવા માટે ધ્રુવ સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પર્યાયની દૃષ્ટિ છોડાવવા માટે ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યો. જ્યારે પર્યાયને પરદ્રવ્ય કહી અને ધ્રુવ સ્વભાવ ગુણ. ગુણને સ્વદ્રવ્ય કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! પ્રભુ! તારા ગુણને સ્વદ્રવ્ય કહ્યો, એ ગુણને ધરનારની વાત શું! આહા..હા..!

'**ખરેખર સહજજ્ઞાન...**' જે રીતે અંતઃતત્ત્વસ્વરૂપ કહ્યું હતું એ સહજજ્ઞાન. આહા..હા..! '**સહજદર્શન-સહજચારિત્ર...**' ત્રિકાળીદર્શન, ત્રિકાળીચારિત્ર. વર્તમાન પર્યાયની વાત નથી. વર્તમાન પર્યાય ચારિત્ર તો પરસ્વભાવ કહીને પરદ્રવ્યમાં લીધો. શું કહે છે? વર્તમાનમાં જે ચારિત્ર પ્રગટ થાય છે નિર્મળ વીતરાગી આનંદની સાથે એ ચારિત્ર પર્યાય જે છે વર્તમાન પ્રગટ વેદનમાં એને તો પરભાવ, પરસ્વભાવ કહીને, પરદ્રવ્ય કહીને હેય કરી દીધું. આહા..હા..! પણ અહીંયાં તો ભગવાન આત્મા એનો જે ભાવ છે, ત્રિકાળી રહેનારો ભાવ છે એથી એને સ્વદ્રવ્ય કહ્યું. જ્યારે પર્યયાને પરદ્રવ્ય કહી તો ત્રિકાળી રહેનારા સ્વભાવભાવને સ્વદ્રવ્ય કહ્યો. આહા..હા..!

એ ખુલાસો કરે છે કે '**ખરેખર સહજજ્ઞાન-...**' જે ત્રિકાળીતત્ત્વ સ્વદ્રવ્ય કહ્યું. એ '**સહજદર્શન-**' સ્વભાવિક દર્શન ત્રિકાળ, સ્વભાવિક ચારિત્ર ત્રિકાળ, '**સહજપરમવીતરાગ સુખાત્મક...**' પરમ વીતરાગ સુખસ્વરૂપ ત્રિકાળ. આહા..હા..! '**સહજપરમવીતરાગ સુખાત્મક...**' પર્યાયમાં જે ચારિત્રની આનંદપર્યાય જે ચારિત્રની એવી છે. એને જ્યારે પરભાવ કહીને, પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહી તો ત્રિકાળી ચારિત્ર સ્વભાવ જે અંતર છે. આહા..હા..! '**સહજજ્ઞાન...**' સ્વભાવિક ધ્રુવ. '**સહજદર્શન...**' સ્વભાવિક ત્રિકાળ. '**સહજચારિત્ર...**' વીતરાગ સ્વરૂપ ત્રિકાળી. '**સહજપરમવીતરાગ સુખાત્મક...**' અહીં સિદ્ધ કરવું છે પરમવીતરાગ સુખ વીતરાગી સુખ. આહા..હા..! ઇન્દ્રિયનું સુખ કહ્યું જે કલ્પના છે એ તો ઉદયભાવ છે એને પરભાવ કહીને, પરદ્રવ્ય કહીને હેય કહી. જ્યારે નિર્મળ પર્યાયને જ્યારે પરભાવ કહીને પરદ્રવ્ય કહીને હેય કહી તો પછી રાગાદિ .. વ્યવહારરત્નત્રય છે એ તો ઉદયભાવરૂપી મલિનભાવ એને પણ પરભાવ કહીને હેય કરી દીધો. તો સ્વદ્રવ્ય જે '**સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમવીતરાગ...**' આનંદસ્વરૂપ, વીતરાગ આનંદસ્વરૂપ. '**શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ...**' એ બધા શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ કહ્યા. જે માથે કહ્યું હતુંને? '**વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' એ વાત અહીં લીધી. એ '**શુદ્ધ-**

**અંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો...**' આહા..હા..! ત્રિકાળી ગુણનું સ્વરૂપ તેને સ્વદ્રવ્ય કહ્યું, તો સ્વદ્રવ્યનો અભાવ શું? આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. હવે... આહા..હા..!

'**શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ...**' જે સ્વદ્રવ્ય કહ્યું હતું ત્યાં. '**આ સ્વદ્રવ્યનો આધાર...**' આહા..હા..! હજી સ્વદ્રવ્ય કહ્યું. જીવમાં જે દ્રવ્યત્વગુણ છે, પ્રમેયત્વગુણ છે, જ્ઞાનગુણ છે, આનંદગુણ છે, શાંતિ, .. અકષાયસ્વભાવગુણ છે એ બધા ..માં સ્વદ્રવ્ય કહ્યા. જ્યારે પર્યાયને પરદ્રવ્ય કહી, તો ત્રિકાળી ગુણને સ્વદ્રવ્ય કહી. અરેરે! આવી શૈલી! હવે એ સ્વદ્રવ્યનો આધાર. એ ગુણો જે છે ત્રિકાળી સ્વદ્રવ્ય સ્વભાવ એને સ્વદ્રવ્ય કહી, પર્યાયને પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહી. આહા..હા..! પ્રભુ! તારી બલિહારી છે, નાથ! આહા..હા..! ગજબ વાત છે. આહા..હા..! એક લીટીમાં કેટલું સમાડી દીધું છે. આહા..હા..! અને એ કાઢ્યું ક્યાંથી? કે '**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**' .. ઉપાદેય. કોણ? અંતઃતત્ત્વ. હવે એ અંતઃ. હવે એ અંતઃતત્ત્વનો આધાર આત્મા. અરેરે! અહીં કહે છે કે તારી પર્યાયમાં પણ એક સમયની મુદતવાળી ક્ષાયિક આદિ પર્યાય ઉત્પન્ન થાય છે એને જ્યારે પરભાવ કહીને પરદ્રવ્ય કહી. આહા..હા..! તો અંતર ત્રિકાળી ગુણનો પિંડ જે ગુણ છે, દ્રવ્ય નહિ, એ ગુણને સ્વદ્રવ્ય કહી, અંતઃતત્ત્વના, અંતઃતત્ત્વના અંતરનો ભાવ. તત્ત્વાર્થશ્રદ્ધાન છેને શબ્દ? '**तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनं**' તો .. પર્યાય અને સત્ત્વ .. એનો ભાવ. આહા..હા..! શું કહ્યું? '**तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनं**' એવા સ્થાનોમાં તત્ત્વા.. શબ્દ. એ અતત્ત્વ દ્રવ્ય, ગુણ અને પર્યાય તત્ત્વ એનો જે ભાવ. આહા..હા..! એ ભાવથી શ્રદ્ધા યથાર્થ કરી. આહા..હા..! એને એવી શ્રદ્ધા થઈ. ભાવની યથાર્થ શ્રદ્ધા, અર્થની યથાર્થ શ્રદ્ધા, દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા. .. શું કહે છે એ શૈલી. ૪૧૫ ગાથા સમયસારની છેલ્લી. આ અર્થતત્ત્વ.. અર્થ. પ્રાપ્ત કરવું. આહા..હા..! ભગવાન.

જ્યારે પ્રભુ અનંતગુણ સંપન્ન છે. અનંત અનંત ગુણની અસ્તિત્વતા સત્તા છે એ ધ્રુવ સ્વભાવભાવ છે. ભાવવાન એ તો પરમપારિણામિકભાવ છે. આહા..હા..! જે તત્ત્વ સ્વભાવભાવ જે છે ત્રિકાળી એનો આધાર.. છે? વળી આ સ્વદ્રવ્યનો આધાર. એ સ્વદ્રવ્ય તો ગુણોને સ્વદ્રવ્ય કહ્યું છે. સમજાણું કાંઈ? જ્યારે પર્યાયને પરદ્રવ્ય કહી તો ત્રિકાળી રહેવાના ગુણને જ સ્વદ્રવ્ય કહ્યો. આહા..હા..! ક્યાં ગયા ભરતચક્રવર્તી? આવી વાત છે, પ્રભુ! ..વાળા છેને. માર્ગ આવો છે. દિગંબર સંતો આ કહે છે. એવી ચીજ ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? એય..! જેઠામલ! આ તમે આવ્યા અને વાત આવી છે આ. ભાગ્યશાળી! વાત સાચી. પછી ન મળે. આહા..હા..!

શું પ્રભુની શૈલી! એવી એક સમયની મુદતવાળી ચીજને પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહ્યું અને હેય કહ્યું તો ત્રિકાળી ગુણસ્વભાવને સ્વદ્રવ્ય કહીને ઉપાદેય કહ્યું, ગુણસ્વભાને હોં. ચંદુભાઈ! છે કે નહિ, પ્રભુ! આહા..હા..! એવો જે સ્વદ્રવ્ય જે ત્રિકાળી છે એને જ્યારે સ્વદ્રવ્ય કહ્યું,

તો સ્વદ્રવ્યનો આધાર કોણ? આહા..હા..! દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે લેશે. છે? આહા..હા..! પર્યાયને જ્યારે પરભાવ કહીને પરદ્રવ્ય કહી તો ત્રિકાળી રહેવાનો સ્વભાવગુણ સ્વભાવ તેને સ્વદ્રવ્ય સ્વસ્વભાવ કહીને સ્વદ્રવ્ય કહ્યું. એને પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહ્યું, તો ત્રિકાળ ગુણસ્વભાવને સ્વસ્વભાવ જાણીને સ્વદ્રવ્ય કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? છેને સામે પુસ્તક છે કે નહિ, ભાઈ!

**શ્રોતા :-** નવું કાઢ્યું છે આપે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત અંદર છે એ છે. અંદર છે. આહા..હા..! શૈલી તો જુઓ પ્રભુની! કુંદકુંદાચાર્ય કહે છે મેં તો મારી ભાવના માટે બનાવ્યું છે. તો એનો અર્થ એ થયો કે પર્યાયની દૃષ્ટિ છોડીને એ પરદ્રવ્ય અને પરભાવ. ગુણ ઉપર દૃષ્ટિ કરી એ ગુણને સ્વદ્રવ્ય કહ્યો, પણ ગુણના સ્વદ્રવ્યનો આધાર કોણ? આહા..હા..! .. આ અલૌકિક વાત છે. આ તમારા પૈસાની વાત નથી ધૂળની. કેટલા એક તો જમીન છે ધૂળની. જમીનમાં તો ધૂળ છેને. નહિ? પૈસા છે એ ધૂળ છે. આ તો ચૈતન્ય ભગવાન, બાપુ! ભાઈ! આહા..હા..! એક સમયની ક્ષાયિક પર્યાયને પરસ્વભાવ, ત્રિકાળ સ્વભાવ નહિ માટે ક્ષણિક સ્વભાવને પરસ્વભાવ કહીને... આહા..હા..! ત્રિકાળ સ્વભાવ નહિ માટે એક સમયની પર્યાય ચાહે તો ક્ષાયિકસમકિત હો કે કેવળજ્ઞાન હો આહા..હા..! એવી પર્યાયને પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહી અને હેય કહી ત્યારે ત્રિકાળી ગુણો જે ધ્રુવ છે એ સ્વસ્વભાવને સ્વદ્રવ્ય કહીને ઉપાદેય કહ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શું શૈલી! કુદરતે આવી ગઈ. શિક્ષણ શિબિરમાં આ ગાથા લેવાનો ભાવ થયો હતો. આહા..હા..!

**શ્રોતા :-** અદ્ભૂત ખુલાસો કર્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત એવી છે, બાપુ! શું થાય? આહા..હા..!

**'આ સ્વદ્રવ્યનો આધાર...'** હજી સ્વદ્રવ્યનો આધાર, એમ કહ્યું. પણ એ સ્વદ્રવ્ય કહ્યું કોને? જે ત્રિકાણી ગુણ સ્વભાવભાવ ધ્રુવ એને સ્વસ્વભાવ કહીને સ્વદ્રવ્ય કહ્યું. આહા..હા..! અરેરે! જેમ ... વનસ્પતિ. વનસ્પતિ. આહા..હા..! આના વચ્ચે.. એ બિચારા અત્યારે .. રસ્તાઓ .. થઈ જશે. .. કપાસ. શું કહેવાય તમારે ઓલું? શીંગ-શીંગ. લીલું ગુંદર. આમ એક એક કટકી પાંદડાની લ્યો એમાં અસંખ્ય તો શરીર છે. એક શરીરમાં એક જીવ. પ્રત્યેક છેને. કહ્યું હતુંને? આહા..હા..! અરેરે! એવી પાણીમાંથી, વનસ્પતિમાંથી ક્યારે નીકળે ત્રસ્ત અને ક્યારે થાય માણસ? અને ક્યારે ભગવાનની વાણી સાંભળવાનો યોગ ભારે. આહા..હા..! અને .. ક્યારે અંતર દૃષ્ટિ જાય. આ તો દુર્લભમાં દુર્લભ ચીજ છે, પ્રભુ! આહા..હા..! બોધી દુર્લભભાવના કીધું હતુંને. આહા..હા..!

**'સ્વદ્રવ્યનો આધાર...'** હજી વળી સ્વદ્રવ્યનો આધાર! દ્રવ્યને આધાર! પણ એ ગુણને ત્રિકાળી રહેવાના સ્વભાવભાવને.. ક્ષણિકભાવને પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહ્યું તો કાયમ

રહેવાના સ્વભાવને સ્વસ્વભાવ ગુણને સ્વદ્રવ્ય કહ્યો. એનો આધાર. આહા..હા..! એ તો શરૂઆત કરતા પહેલાં જ ભગવાનને અંદર યાદ કર્યા. પ્રભુ! તારે કહેવી હોય એ વાત કહેજે આમાં. શું કહ્યું? (ચાલું કરતા પહેલાં કહ્યું) પ્રભુ! તારે જે કહેવું હોય એ અત્યારે કહી દે નહિતર અમે સાક્ષી છીએ અંદર. .. આમાં યાદ નહિ રહે બીજી ચીજ, તો પ્રભુ તારે જે કહેવું હોય એ અંદરથી .. જોઈએ. એય..! ચંદુભાઈ! આહા..હા..! આમાં આપણા ફેરફાર ન આવે પ્રભુ એમ કરજે તું! લાલચંદભાઈ! એમ કહ્યું હતું. આ તો અટપટી વાત છે. ફેરફાર ન આવે પ્રભુ! તારે આમાં આ આવ્યું એમ કહેવું પડશે તારે. આહા..હા..! આ અર્થ અંદરથી ભગવાન નીકાળે છે. અપૂર્વ વચન. આહા..હા..!

થોડું પણ પરમસત્ય અમૃતના .. ઉતરે છે આમાં! કહે છે કે અંદરમાં અમૃતનો સાગર જે અનંતગુણો, એમાં જે ગુણ અને આનંદ છે એ અનુભવ આનંદનો એક અનંતગુણમાં છે. એવું એ દ્રવ્ય, એ સ્વભાવ ત્રિકાળી, એ ત્રિકાળી સ્વભાવ તેને અમે સ્વદ્રવ્ય કહીએ છીએ. પર્યાયની સમીપ રહેનારને પરસ્વભાવ કહીએ છીએ, પરદ્રવ્ય કહીને હેય કહ્યો, તો ત્રિકાળી સ્વભાવને પોતાનો સ્વભાવ કહીને સ્વદ્રવ્ય કહીને ઉપાદેય કહ્યો. પંડિતજી! જ્ઞાનચંદજી! આ અમારે બે જણા મોટા છેને હિન્દુસ્તાનના. આ અમારે ગુજરાતના બાબુભાઈ. આ માર્ગ પ્રભુ છે. આહા..હા..! પ્રભુ! તારે કહેવો હોય એ અર્થ કાઢજે હો આમાંથી! આહા..હા..!

એ '**સ્વદ્રવ્યનો આધાર...**' પણ દ્રવ્યનો આધાર? પણ એ તો કહ્યુંને પ્રભુ! કે ગુણ જે ત્રિકાળી ગુણને જ્યારે સ્વદ્રવ્ય કહ્યું, કેમકે પર.. પરિણતિ પર્યાયને પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહી, તો ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું. આહા..હા..! બાબુભાઈ! આવો સ્વભાવ છે. આવો માર્ગ! આહા..હા..! '**આ સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવલક્ષણ...**' જુઓ હવે. પહેલાં પર્યાય કહી, પછી ત્રિકાળી ગુણસ્વભાવ કહ્યો, હવે ગુણ સ્વભાવનો આધાર કોણ? કે પરમપારિણામિકભાવ ત્રિકાળ ધ્રુવ. આને સ્વદ્રવ્ય કહ્યું અને એ સ્વદ્રવ્યનો આધાર એ ત્રિકાળી વસ્તુ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! બાપુ! આવી વાત ક્યાં છે, ભાઈ? દિગંબરદર્શન એ જૈનદર્શન એ વસ્તુનું દર્શન! આહા..હા..! જેની ચીજ કાળજે ઘા વાગે અંદરથી. આમ હકાર થઈ જાય અંદરથી આનંદનો! આહા..હા..! પ્રભુ ચીજ આ. આહા..હા..! '**સ્વદ્રવ્યનો આધાર...**' આ રાત્રે પૂછજો પ્રભુ ન સમજાણું હોય, ... સૂક્ષ્મ વાત છે, ભાઈ! આહા..હા..! આવી વાતું છે.

'**આ સ્વદ્રવ્યનો આધાર...**' અર્થાત્ સ્વસ્વભાવ જે છે એને સ્વદ્રવ્ય કહ્યું, તો એ સ્વદ્રવ્યનો આધાર. આહા..હા..! '**સહજપરમપારિણામિકભાવલક્ષણ...** ' ઓલું ગુણો સહજલક્ષણ સ્વભાવ હતા, પણ એ સ્વદ્રવ્યનો આધાર. આહા..હા..! એ સ્વસ્વભાવ જે ત્રિકાળી સ્વદ્રવ્ય એનો આધાર. આહા..હા..! '**સહજપરમપારિણામકિભાવલક્ષણ...** ' સ્વભાવિક પરમપારિણામિકભાવલક્ષણ ત્રિકાળ. આહા..હા..! જ્યારે સ્વદ્રવ્ય સ્વભાવને કહ્યું,

આ તો સ્વદ્રવ્યનો આધાર પરમપારિણામિક કહ્યો. આહા..હા..! એવી વાત છે, બાપુ! આટલા ટૂંકા શબ્દોમાં આટલું ભર્યું! આહા..હા..! ટૂંકા શબ્દોમાં ગહન વાત પ્રભુએ ભરી. આહા..હા..! આ યથાર્થ છે હોં આ. પર્યાયને પરસ્વભાવ કહીને પરદ્રવ્ય કહી માટે અયથાર્થ એમ નથી. તો ત્રિકાળી સ્વભાવ જે અનંત-અનંત અંતઃતત્ત્વ જે ભાવ છે એ ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહીને ઉપાદેય કહી. હવે એ સ્વદ્રવ્યનો પણ આધાર કોણ? આહા..હા..! શું શૈલી! ગજબ શૈલી! આહા..હા..! છતાં આ નિશ્ચયની વાતમાં છતાં વ્યવહાર હોય છે તો વ્યવહાર.. એમ જાણવું જોઈએ. એ પર્યાય વ્યવહાર છે એમ છે જાણવું જોઈએ. અને એ તો જાણવા જેવું પણ અંદર રાગનો ભાવ આવે. એ તો સવારમાં કહ્યું હતુંને કે ભાઈ! આ શાસ્ત્ર છે. એનાથી હવા ખાવી એ મહા મિથ્યાત્વ છે. પાપનું પાપ છે. એને ગરમી લાગે અને હવા ખાય. અરે! એ તો નહિ પણ કપડાની હવા સાંભળવા બેસે અને ખાય ઘણી વિપરીત દૃષ્ટિ છે. તત્ત્વ દૃષ્ટિનો અનાદર કરે છે. એય..! જેઠામલ! આહા..હા..! જેની વાત સાંભળતા ઈન્દ્રો ગલુડિયાની જેમ. ગલુડિયાને શું કહે? બિલ્લા? આ કૂતરીના બચ્ચાને. પિલ્લા. આહા..હા..! જાગતી જ્યોત. આવે છેને ૮મી ગાથામાં, નહિ? ટગટગી લગાવે છે. આવે છે? ૮મી ગાથા. આચાર્યોએ કહ્યું. આહા..હા..! કે આત્મા! તે આત્મા શું છે એ સમજાતું નથી. મેંઢાની જેમ... આહા..હા..!

બ્રાહ્મણ આવે શેરીમાં. ગલી-ગલી. સ્વસ્તિ. આ દૃષ્ટાંત પહેલું. સ્વસ્તિ કહ્યું તો સાંભળનારો કહે કે આ સ્વસ્તિ શું કહે છે? એનો અનાદર નથી, શંકા નથી, પણ આશંકા છે કે આ શું કહે છે એ સમજાતું નથી. એ સ્વસ્તિનો અર્થ સમજવા માટે ટગટગી લગાવે છે મેંઢાની જેમ .. નીચે .. તો એ પણ ખાડામાં પડે. ઘેટા ઘેટા હોયને. બકરા કહે છે. .. અમારી ભાષા. હિન્દી તો બધી આવડતી નથી. એ .. જ્યાં ટગટગ .. માગે છે. એમ સ્વસ્તિ શબ્દ કહ્યો તો સાંભળનાર તો ટગ... ટગ... ટગ... શું કહો છો તમે? અમે કાંઈ સમજતા નથી. ટગટગી લગાવે. આહા..હા..! તો કહ્યું, સ્વસ્તિનો અર્થ પ્રભુ! સ્વસ્તિ. તારું કલ્યાણ થાય. એવું કલ્યાણ અસ્તિ...

**શ્રોતા :-** તારા આત્માનું કલ્યાણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સ્વઅસ્તિ .. સ્વ અસ્તિ છે એ અસ્તિમાં આ કલ્યાણ અસ્તિ છે. એ દૃષ્ટાં કહ્યા પછી આચાર્ય કહે છે કે આત્મા! કે આત્મા ટગટગ લગાવીને.. આ આત્મા શું કહે છે? ટગટગી લગાવતો રહે છે. ... ક્યો બોલ છે? છેને સાતમી ગાથામાં? ત્યાં ઝોલા ખાતો નથી આંખમાં ઝોલા. આહા..હા..! ટગટગ લગાવીને આમ .. ટગટગી લગાવીને આમ. .. આત્મા. 'પ્રભુ! તમે 'આત્મા' કહીને શું કહો છો?' તો કહ્યું કે દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થયો તે આત્મા. એ વ્યવહાર કહ્યો. વ્યવહાર કહ્યો એ નિશ્ચયને સમજાવવા માટે કહ્યો. વ્યવહાર કહ્યો તો વ્યવહારમાં રહેવા માટે નથી કહ્યું. આહા..હા..! તારો આત્મા કોને કહીએ પ્રભુ?

વ્યવહારિક જ્ઞાન સમકિત, જ્ઞાન અને સમકિત અને ચારિત્ર આનંદની રમણતા એ અતતિ ગચ્છતિ. એ આત્મા એને પ્રાપ્ત કરે એ આત્મા. એ પણ વ્યવહાર કહ્યો. તો તું ભેદને પ્રાપ્ત કર એમ કહ્યું? આહા..હા..! પણ કહ્યું ભેદ કરીને.. સાધુ .. અધિક બુદ્ધિવાળો છે શાસ્ત્રમાં સાધુ. ... એમાં લખ્યું છે. ગમે તેટલી બુદ્ધિવાળો હતો પણ આ ભેદ પાડ્યા વિના સમજાવી શકાય નહિ. .. અંદર કળશટીકામાં છે. કળશટીકામાં. આહા..હા..! ગમે તેટલો બુદ્ધિવાન હોય તોપણ એટલો તો ભેદ પાડ્યા વિના સમજાવી શકવાની કોઈ તાકાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! છે એમાં હોં અંદર. બધે આધાર મૂક્યો છે. પાંચમો શ્લોક છે. આહા..હા..!

તો અહીં કહ્યું કે જે વ્યવહારનયનો વિષય જે પર્યાય છે, છે, અસ્તિ છે. પર્યાય અને દ્રવ્ય બેય ચીજ છે. એકલી પર્યાય છે અને એકલું દ્રવ્ય છે, દ્રવ્ય છે એ પર્યાય નથી, એમ નથી. એ પર્યાયને જ્યારે ક્ષણિકને એક સમયની મુદતવાળી પર્યાય, ચાહે તો એ કેવળજ્ઞાન રહે તો એક સમય રહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ મથુરામાં અમે ગયા હતાને મથુરા. તો પંડિત બહુ કહેતા હતા. .. કેવળજ્ઞાન એક સમય સ્થિતિ રહે છે. આ શું કહો છો? પંડિત લોકો. કેવળજ્ઞાન એક પર્યાય છે, ગુણ નથી. ગુણ તો ત્રિકાળી છે એ ગુણ છે. ઉત્પન્ન થવું એ પર્યાય છે. એ ગુણ ઉત્પન્ન થાય છે? ઉત્પન્ન થાય ત્યારે વ્યય થાય છે. તો જે સમયે તે ઉત્પન્ન થાય છે... તે ઉત્પન્ન થાય છે. એ ત્રિકાળી ગુણસ્વભાવ જે સ્વભાવ સ્વદ્રવ્ય કહ્યો એ ચીજ નથી. આહા..હા..! ગુણ છે તે ઉત્પન્ન થાય છે? અને ગુણ છે તે વ્યય થાય છે? આહા..હા..! એક સમયની પર્યાય ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થાય એ ગુણ નથી અને ઉત્પન્ન થાય છે એની મુદત એક સમયની છે. પર્યાયની મુદત એક સમયની છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની મુદત એક સમયની? પંચાસ્તિકાયમાં તો ત્યાં સુધી કહ્યું છે કે કેવળજ્ઞાન તો એવું ને એવું છે માટે કૂટસ્થ કહે છે. પંચાસ્તિકાયમાં. કેવળજ્ઞાનને કૂટસ્થ કહ્યું છે. કુટસ્થ એવું ને એવું રહે. એ તો કાયમ રહેનારી છે એ અપેક્ષાએ કહ્યું છે. આહા..હા..! કેવળજ્ઞાનને કૂટસ્થ કહ્યું છે. જેમ શિખર પવર્ત હોય સામે ધજા હલતી હોય, શિખર હલતું નથી; એમ કેવળજ્ઞાન એક સમયનું છે, પણ કાયમ રહેનારી ચીજ છે. એ નહિ પણ એવી ને એવી કાયમ રહેનારી છે. તો તેને કુટસ્થ કહ્યું. આહા..હા..! પણ છતાં એ કેવળજ્ઞાનની પર્યાય પણ અહીં તો પરસ્વભાવની અપેક્ષાએ પરદ્રવ્ય કહ્યું. અહીંયાં તો કેવળજ્ઞાનની પર્યાય .. અંદર જે જ્ઞાનસ્વભાવ ત્રિકાળી અનંત... અનંત... અનંત... અનંત... અનંત... જ્ઞાનસ્વભાવ એવો આનંદ શ્રદ્ધાસ્વભાવ, અનંત આનંદ સ્વભાવ, અનંત શુદ્ધસ્વભાવ એવો અનંત અનંત સ્વભાવ કાયમ રહેનારો એ અનંત સ્વભાવને અહીંયાં સ્વસ્વભાવ કહીને સ્વદ્રવ્ય કહ્યું. હવે સ્વદ્રવ્યનો આધાર કોણ? આહા..હા..! અરેરે! ક્યાં દૃષ્ટિ મૂકવી એમ કહે છે.

સ્વસ્વભાવ .. એની દૃષ્ટિ કરનાર .. આધાર. આહા..હા..! સૂક્ષ્મ વિષય આવ્યો છે,

ભગવાન! શિક્ષણ શિબિરમાં લેવાનો ભાવ હતો પણ આ આવી ગયું અંદર. આહા..હા..! ભાગ્યથી આવ્યું છે. વાત એ છે. આહા..હા..! ભવિ ભાગન વચ જોગે... પરિણામ.. નાથ! આહા..હા..! એ સ્વદ્રવ્ય કહ્યુંને? '**સ્વદ્રવ્યનો આધાર...**' એ દ્રવ્યમાં છે? પણ દ્રવ્ય કહ્યું કોને? ત્રિકાળી કાયમ રહેનારા સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું. સહજ એનો આધાર જે પરમપારિણામિક ત્રિકાળી ભાવ. આહા..હા..! એકરૂપભાવ. આ તો અનંતગુણનો સ્વભાવભાવ જે સ્વદ્રવ્ય કહ્યું, પણ અનંતગુણના સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું તો અનંતગુણનો આધાર કોણ? આહા..હા..! ભગવાન! આવી વાતું છે, બાપા! આહા..હા..! '**સ્વદ્રવ્યનો આધાર...**' સ્વદ્રવ્યનો આધાર? આકાશને કોઈનો આધાર નથી. વ્યવહારથી બીજા પાંચ દ્રવ્યને આકાશ આધાર છે વ્યવહારથી. નિશ્ચયથી તો કોઈનો આધાર નથી. આહા..હા..! ખરેખર તો એક સમયની પર્યાય છે એ પણ... આધાર એનો ગુણ છે અને પર્યાય આધેય એ પરમાર્થમાં નથી. એ આધારનો આધેય બધી ... એ પર્યાય કારણ અને પર્યાય કાર્ય, પર્યાય આધાર અને પર્યાય આધેય. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ બાપા! ત્રણલોકના નાથ. જે સર્વજ્ઞના કથનો .. માં સમજાય જાય એવું. આહા..હા..!

એ '**સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવ...**' એકલો પારિણામિકભાવ નહિ. કેમકે એ ચાર ભાવની પર્યાયને પારિણામિક કહી જયધવલમાં. એ દયા, દાન, રાગને પારિણામિક પર્યાય કહી છે. કેમકે ત્રિકાળી દ્રવ્યની પારિણામિકની પર્યાયને .. અને વસ્તુ ત્રિકાળને પરમપારિણામિક કહ્યું. બીજી ભાષાએ સિદ્ધ પારિણામિક કહ્યું. છે? '**સહજપરમપારિણામિકભાવલક્ષણ...**' શુદ્ધ પરમપારિણામિકભાવલક્ષણ. આહા..હા..! '**(–સહજપરમપારિણામિકભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે.**' એ સ્વદ્રવ્યનો આધાર છે. આહા..હા..! કારણસમયસાર, કારણપરમાત્મા વસ્તુ. આહા..હા..! એ સ્વદ્રવ્યનો આધાર છે. બીજે ઠેકાણે તો આધાર-આધેય પણ વ્યવહાર છે. એમાં આવે છે. આગળ કહેશે. શ્લોકમાં આવે છેને આધાર-આધેય. .. એ કહેવું છે. આહા..હા..!

અહીં તો કહ્યું, જેનો સ્વભાવ સહજપરમપારિણામિકભાવ. જુઓ, એ પણ ભાવ તો છે. એ ત્રિકાળી પરમસ્વભાવભાવ એ ગુણ જે સ્વદ્રવ્ય છે ત્રિકાળી સ્વભાવ સ્વદ્રવ્ય છે ત્યારે પર્યાય પરભાવ અને પરદ્રવ્ય છે તો ત્રિકાળી સ્વભાવ સ્વદ્રવ્ય છે તો એ સ્વદ્રવ્યનો આધાર પરમપારિણામિકભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત આકરી વીતરાગની. જૈનની આવી વાતું હશે! અરે બાપુ! આ તો વીતરાગ માર્ગ, બાપા!

**શ્રોતા :–** ક્યાંય નથી આવી વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખબર છેને, બાપુ! આ તો .. છેને. વખતના માર્યા .. અહીં કામ કરતી હતી. ક્લાસ ચાલતો હતો મંડપમાં. એક બાઈ હતી. મારી બહેનપણી.. મારો દેખાવ કેવો લાગે. મજૂર જેવો નથી લાગતો. મને કહે બાપા છોકરાના .. એ બાય એમ બોલી.

હું જતો હતો. તમારો દેખાવ તો.. મહારાજ! વખતના માર્યા આવી ગયા છીએ અહીંયાં. વખાના માર્યા. પતિ એકલા શું કરીએ? વખાના માર્યા અહીં નોકરી કરવી પડી છે મજૂરી. છોકરાને પાણી. અહીં ક્લાસ ચાલતા હતાને ત્યાં પાણી ભરવા બાઈને રાખી હતી. ભાવનગરની હતી કોક ભાવનગરની. .. મહારાજ! વખાના, વખતના માર્યા .. કાળ એવો છે અત્યારે કે કાળના માર્યા નોકરી કરવી પડે છે. એય..! આહા..હા..! ... આહા..હા..!

'**(સહજપરમપારિણામિક ભાવ જેનું લક્ષણ છે એવો)...**' સ્વદ્રવ્યનો આધાર કારણસમયસાર છે. આહા..હા..! સ્વદ્રવ્યમાં એ ત્રિકાળી સ્વભાવ જ્યારે સ્વદ્રવ્ય. કેમકે પર્યાય જ્યારે પરદ્રવ્ય કહી તો ત્રિકાળી દ્રવ્યને સ્વદ્રવ્ય કહ્યું. કાયમ રહેનારી ચીજને સ્વદ્રવ્ય કહ્યું, .. પર્યાયને પરદ્રવ્ય કહ્યું. તો કાયમ રહેવાનો જે સ્વભાવભાવ જે ગુણ છે એ એનો આધાર કોણ? કે સહજપરમપારિણામિકભાવલક્ષણ એનો આધાર છે. આહા..હા..! વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૫૦, પ્રવચન નં. ૩૯૫

આ નિયમસાર શાસ્ત્ર છે. એમાં શુદ્ધભાવ અધિકારની ૫૦મી ગાથા. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ, નિયમથી જેનાથી મોક્ષ થાય. નિયમથી એટલે? ચોક્કસ જે દશા પ્રગટ કરવાથી આત્માને પૂર્ણાનંદની પ્રાપ્તિ અને સંસારનો કિનારો-અંત આવે. એ સંસાર દાવાનળ, અનાદિથી અજ્ઞાન અને રાગ-દ્વેષમાં સળગી રહ્યો છે. શું કહ્યું? ભગવાન આત્મા શુદ્ધ આનંદ અને ચિદાનંદની મૂર્તિ સિદ્ધ સ્વરૂપ આત્માનું છે અંદર. એના ભાન વિના એ અજ્ઞાનભાવે વિકારની લાગણીઓથી આત્મા સંસાર દાવાનળમાં બળી રહ્યો છે. બરાબર હશે? ભાનુભાઈ! પુણ્ય-પાપ બેય દાવાનળ છે એમ કહે છે.

**શ્રોતા** :- પુણ્યને ભાઈસાહેબ! દાવાનળ ન કહો!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ત્યારે શેની વાત કરી આ? હમણાં પૂછ્યું હતું ભાઈએ. કહે છે કે ભાઈ! આ ગાથા બે ઊંચી બહુ સરસ છે એટલે જરી આજ લેવાનું સવારથી વળી નિયમસાર સવાર-બપોરે લેવાશે, ચાલે તેટલું ચાલે.

કહે છે કે પ્રભુ સર્વજ્ઞ પરમાત્મા જેના આત્માના અસંખ્ય પ્રદેશમાં અનંત-અનંત દીવડા સૂર્ય ઊગી ગયા છે. આત્મા અસંખ્યપ્રદેશી પહોળો. કદ-કદ. એક પોઈન્ટ આ રજકણ જે છેલ્લો આનો ટૂકડો હોય એને જેટલામાં મૂકીએ એટલા ભાગને પ્રદેશ—પ્ર-એક અંશ તેના વસ્તુનો એક ભાગ છે. એવો એવો આત્મા અસંખ્ય પ્રદેશે દેહમાં બિરાજમાન, અસંખ્ય પ્રદેશ

ચૈતન્યધામ છે. એવા અસંખ્ય પ્રદેશે અનંત-અનંત જ્ઞાન અને આનંદ આદિ ગુણો અંદરમાં પડ્યા છે. જેની ખેતી કરતાં, અંતરના આનંદના સ્વરૂપના એકાકાર થઈને શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર જે મોક્ષનો માર્ગ પ્રગટ કરીને જેણે આત્મામાં મોક્ષ નામ કેવળજ્ઞાન અનંત-અનંત સૂર્ય પ્રગટ કર્યા, ત્રણકાળ, ત્રણલોક જેના એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જણાણા, એ ભગવાન મોક્ષનો માર્ગ પ્રરૂપે છે. એની વાણીમાં છૂટકારો બંધનનો અને આત્માને શાંતિ કેમ થાય એની વાત કરે છે. એમાં ૫૦મી ગાથા.

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।**
**सगदव्वमुवादेयं अंतरतच्च हवे अप्पा।।५०।।**
**પૂર્વોકત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

જરી ગાથા આખા મોક્ષમાર્ગની અંદર મર્મની ગાથા છે. જે અનંતકાળમાં એને રુચિમાં આવ્યું નથી એવું તત્ત્વ સ્વ શું અને પર શું? કહે છે કે આ ગાથામાં '**હેય-ઉપાદેય...**' હેય અને ઉપાદેય. હેય નામ છોડવાલાયક અને ઉપાદેય નામ અંગીકાર કરવાલાયક. '**ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.**' હેયનો ત્યાગ અને ઉપાદેયનું ગ્રહણ એમ લેવું. ટૂંકી ભાષા કરી છે. પછી એનો અર્થ લેશે. આ ગાથામાં છોડવાયોગ્ય હેય શું અને આદરણીય ઉપાદેય અંગીકાર કરવાલાયક શું? એનું આમાં તત્ત્વ કહેલું છે. એની વિશેષતા.

'**જે કોઈ વિભાવગુણપર્યાયો છે...**' શું કહે છે? ભગવાન આત્મા એની દશામાં, એની હાલતમાં, એની પર્યાય, પર્યાય સમયે-સમયે થતી પરિણમનની દશા એમાં જેટલા પ્રકારો પુણ્ય અને પાપના વિકલ્પો હો કે વર્તમાન ઉપશમ કોઈ સમ્યગ્દર્શન આદિની દશા હો કે ક્ષાયિક સમ્યગ્દર્શનની દશા હો કે કેવળજ્ઞાનની દશા હો, સાધકને તો હોતી નથી, પણ જીવની દશામાં એ કેવળજ્ઞાન કોઈને થયેલું હો... સમજાય છે? તો કહે છે કે એ બધા કેવળજ્ઞાનાદિ ભાવ તારે માટે એ ક્ષયોપશમના જ્ઞાનાદિની દશા તારા માટે એ બધા હેય છે. નવરંગભાઈ!

પૂર્વોક્ત ભાવો કહ્યાને? વિભાવગુણ પર્યાયો. જે '**(૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...**' જાણવા જેવા હતા એમ કહેવામાં આવ્યા હતા. આત્માની દશામાં ઉદય નામ વિકાર પુણ્ય-પાપનો હો કે એને ઠરીને કાંઈક સમ્યગ્દર્શન આદિની દશા હો કે ચારિત્રની દશા હો કે ક્ષાયિકદશા સમ્યગ્દર્શનની હો, એ બધા ભાવ પરંતુ આવ્યા હતા, છે ખરા, અસ્તિ છે, એની દશામાં તે પ્રકારની તે તથાપ્રકાર જેટલો વિકાસ અને વિકાર, વિકાસ અને વિકાર જે તેની દશામાં હતા, છે અને હોય છે. '**પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે.**' ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ એકલી શક્તિનો પિંડ. જેમ મોરના ઈંડામાં મોર થવાની તાકાત છે પૂરી. સાડા ત્રણ હાથનો લાંબો મોર થાય એ બધી એનામાં તાકાત છે અંદરમાં, એ ઈંડાના રસમાં.

એમ ભગવાન આત્મા એક સકેન્ડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચૈતન્યરસ આનંદકંદ ધ્રુવ સ્વભાવ જેને પરમભાવ અંતર તત્ત્વ કહેવામાં આવે છે, જેને સ્વદ્રવ્ય સામાન્ય અનંત અનાદિ અનંત શક્તિનું સત્ત્વ (કહેવામાં આવે છે). એવી દૃષ્ટિ કરવા માટે, એ નિશ્ચયનયનો આશ્રય કરવા માટે એ બધા પાપના ભાવ તો છોડવાલાયક શ્રદ્ધામાં (છે), પુણ્યના ભાવ પણ છોડવા લાયક શ્રદ્ધામાં, પણ ધર્મની દશા ત્રિકાળને અવલંબે થઈ એ પણ હેય કહેવામાં આવે છે. બહુ આઘુ ચાલ્યું અહીં તો ભાઈ! ભાનુભાઈ! તમે તો પુણ્યનો પ્રશ્ન કરતા હતા. આ ગાથા તો સવારે નક્કી કરી છે હોં કે બપોરે લેવાની છે. સમજાણું કાંઈ?

આત્મવસ્તુ એક સમયમાં પૂર્ણ ઘન આનંદકંદ દ્રવ્ય અનાદિ અનંત સદૃશ્ય સ્વભાવનો રસકંદ. એકવાર તો કહ્યું હતું એ. ધર્મી એમ માને છે કે 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું, અપને રસ સુ ભર્યો અનાદિ ટેક હું. મોહ કર્મ મમ નાહી, નાહી ભ્રમ કૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' સમ્યગ્જ્ઞાની પોતાના આત્માને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રિકાળ શુદ્ધ ચૈતન્યરસ સિંધુ પડ્યો છે ભગવાન આત્મા. આ દરિયો આવો ક્યાં સંતાઈ ગયો? માણસ એમ કહે. અમારે ભગવાનભાઈ કહેતા કે ભગવાનજી વકીલ. કે આવા આવા વખાણ કરો. ૯૯માં, ૯૫માં વ્યાખ્યાનમાં આવે. કે આ બધો ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? આહા..હા..! અરેરે! કોઈ દિ' ખબર ન મળે ચૈતન્યની. એના સત્ત્વમાં સામર્થ્ય કેટલું છે? એક સાકરનો... ભાઈ! ઓલી કહે છેને ઊંચી સાકર કહે છે. સેક્રિન. એમાં આવડામાં બહુ મીઠાશ... બહુ મીઠાશ... બહુ મીઠાશ... જડની બહુ મીઠાશ. ગાંગડા કરતા એમાં બહુ મીઠાશ. એની એને માન્યતા. જે જડના રજકણો સાકરનો આવો ગાંગડો. એને રસ કાઢીને કહે બહુ મીઠાશ... બહુ મીઠાશ.. પણ કેટલી તારે કહેવી છે હવે? કહે. એ મીઠાશનો જાણનાર ભગવાન આત્મા એના અંતર જ્ઞાનમાં બહુ જ મીઠાશ અનંત અમૃતરસ પડ્યો છે. સમજાણું કાંઈ? પણ પહેલો પરિચય કરે, સાંભળે આ તો અપૂર્વ અંતર આત્મતત્ત્વની વાત છે. એ અનંતવાર નવમી ગ્રૈવેયકે સ્વર્ગમાં ગયો પણ એ એક સમય પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિની રીત એણે જાણી નહિ, પ્રગટ કરી નહિ. બધું કર્યું. એ તો બહુ આવી ગયું સવારે આપણે સમયસારમાં. ચંદુભાઈ! પંચમહાવ્રત પાળ્યા, દયાઓ પાળી, દાન કર્યા, તપસ્યાઓ કરી, ક્રિયાકાંડ કરી, બધા રાગની મંદતા પુણ્ય તારા મફતમાં-ફોગટમાં ગયા. ધૂળ ને ધાણી.

**શ્રોતા :-** પાડો ચાવી ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અજ્ઞાનરૂપી પાડો ચાવી ગયો.

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ એનું સત્ત્વ જ આખું અખંડ આનંદનો રસનો કંદ છે, પણ એ રાગ અને પુણ્યની ઓથે એ પ્રભુ દેખાતો નથી. એ પુણ્યના વિકલ્પની પ્રેમની રુચિના આડમાં એ પ્રેમ લઈ ગયો રાગ. એટલે અહીંયાં પ્રેમ ચિદાનંદ ત્રિકાળ આનંદકંદ કોણ છે એમાં તેની રુચિરૂપી પ્રેમ એણે કોઈ દિ' કર્યો નથી.

અહીં તો આચાર્ય (કહે છે)... ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન તીર્થંકરદેવ છે એમની પાસે આ કુંદકુંદાચાર્યદેવ સંવત્ ૪૯ પહેલા સૈકામાં થયા. નગ્ન દિગંબર મુનિ. જંગલમાં આત્મધ્યાનમાં અમૃતના કુંડ ખોલતા હતા. ખોલતા-ખોલતા નિયમસાર લખાઈ ગયું છે. એ પોતે ભગવાન મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ વર્તમાન તીર્થંકર કેવળજ્ઞાની બિરાજે છે એમની પાસે ગયા હતા. આઠ દિ' ત્યાં રહ્યા હતા. આઠ દિ' સાક્ષાત્ સમવસરણ ઈન્દ્રોની સભા. સમજાય છે કાંઈ? એ ઈન્દ્રોની સભામાં આઠ દિ' રહ્યા. એ ભેગા બેઠા મનુષ્યોની સભામાં. ઈન્દ્રોની સભા (હતી). સર્વજ્ઞની ધ્વનિ આઠ દિ' સાંભળી. ભાવલિંગી સંત હતા, પણ ભરતક્ષેત્રના સર્વોત્કૃષ્ટ આચાર્યની પદવી હતી એટલે કેટલું અંદર વિરહપણું ખટક્યું હતું. અરેરે! વર્તમાનમાં ભગવાનના અમને વિરહ પડ્યા. મહાવીર પરમાત્માને તો ૬૦૦ વર્ષ થયા. સાક્ષાત્ મનુષ્યદેહે બિરાજમાન પરમાત્માના અમને આ ક્ષેત્રમાં વિરહ પડ્યા. એવો એક વિકલ્પ જરીક અંદર ધ્યાન કરતાં-કરતાં આવ્યો અને પુણ્યોનો યોગ (થયો). ત્યાં ગયા, આઠિ દિન સાંભળ્યું. સાંભળીને આ બનાવું છે. સમજાણું કાંઈ?

એ એમ કહે છે કે સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ દેવાધિદેવ એમ કહે છે કે આ આત્માના ત્રિકાળ નિશ્ચયનયના બળે, એ વસ્તુનો સ્વભાવ આનંદ અને શાંતરસ એનો આશ્રય કરવાના જોરે એ પુણ્ય અને પાપની તો રુચિ છોડવા જેવી, આશ્રય છોડવા જેવો, પણ જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર નિશ્ચયમોક્ષમાર્ગ જે ત્રિકાળ વસ્તુના અવલંબનથી પ્રગટ થયેલી ધારા એ નિશ્ચયમોક્ષમાર્ગ પણ અંતરના બળે છોડવાલાયક છે. ભારે આકરું! સમજાય છે કે નહિ આમાં? રતિભાઈ! આમાં સમજાય છે કે નહિ? તમારા સટ્ટામાં તો બધી વાતું બહુ કરતા હશે ત્યાં. આહા..હા..!

કહે છે કે એ વિભાવગુણપર્યાયો એટલે ચારેય ભાવ—ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવ. એની વ્યાખ્યા આપણે પહેલી થઈ ગઈ છે. પહેલી થઈ ગઈ છે. કીધા હતાને બોલ? ૨૧ ઉદયના (બોલ). ગતિ ને લેશ્યા એ બધા ૨૧ એવા અનંત છે પ્રકાર. એ ગતિના ઉદય વિકૃતભાવ પુણ્ય-પાપ આદિ અને એની ઉપશમ થતી દશા અને એક શાંતિના રસનું થોડું વેદન થતાં આત્માના આશ્રયે સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય અને સ્વરૂપમાં રમણતાનું ચારિત્ર થાય, એ ચારિત્રના પણ ક્ષયોપશમ અને ઉપશમ આદિ ભેદ છે. સમકિતના પણ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક આદિ ભેદ છે. એ બધા ભાવો વિભાવગુણપર્યાય છે, આત્માની વિશેષ દશાઓના ભાગ છે. એ ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ જે આદરણીય કરવાલાયક છે એમાં એ બધા ભેદો એમાં છે નહિ. સમજાણું કાંઈ? ક્યાં ગયા પ્રકાશચંદજી? શું કહે છે?

જુઓ, વ્યવહારનય દ્વારા ઉપાદેય જાણવામાં આવે એમ કહેવામાં આવ્યું હતું ૪૯માં. સમ્યગ્દર્શન ક્ષાયિક હોં ક્ષાયિક. પણ એ અંતરના સ્વરૂપમાં સ્વભાવનો આશ્રય લેવા માટે એ હેય છે. હેય નામ પાપ તો હેય, પુણ્ય તો હેય, આ પ્રગટેલી પવિત્રતાની દશાના આશ્રયે

નવી દશા થતી નથી, માટે તે પવિત્રતાની દશા ધર્મીને પ્રગટી એને પણ અહીંયાં હેય કહેવામાં આવ્યા છે. આહા..હા..! એણે મૂળ તત્ત્વને કોઈ દિ' સાંભળીને ગણ્યું નથી. આવે જ્યારે તત્ત્વની (વાત, તો કહે), એ બધી નિશ્ચયની વાતું, એ બધી ઊંચી વાતું, એ બધી કો'કને માટે એમ કરીને કાઢી નાખી છે, દરકાર કરી નથી.

અહીંયાં આચાર્ય કહે છે કે ભાઈ! ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ધ્રુવ ચૈતન્યના અવલંબનના કાળે અને એના બળને લઈને એ બધા ભાવો.. જુઓ, '**શુદ્ધનિશ્ચયનયના બળે...**' એમ ભાષા છે. અંતર ચૈતન્ય એક અખંડાનંદનું ધ્રુવ બિંદુ. જેમ દરિયાના મધ્યબિંદુમાંથી પાણી મધ્યમાંથી પાણી કાંઠે ભરતી આવે છે, એ મધ્યબિંદુની જેમ ભગવાન અંદરના મધ્યબિંદુમાં પૂર્ણ આનંદરસ પડ્યો છે, એના અંતરના આશ્રયના બળે એ રાગ અને દયા, દાન અને વ્રતનો વિકલ્પ (અને) પાપનો (ભાવ) અને પવિત્રતાની પ્રગટેલી દશાના પ્રકાર એ બધા હેય છે, એનું લક્ષ છોડવાલાયક છે. હેય (અર્થાત્) એનો આશ્રય કરવાલાયક નથી. બહુ આકરું! હરિભાઈ! છે કે નહિ એમાં? પણ ન્યાય છે કે નહિ?

જે દશા હાલત છે હાલત... જેમ સોનું. સોનામાંથી કુંડળ થયું અને કુંડળનો વ્યય થઈને કડું થાય કે કડાનો વ્યય અભાવ થઈને કુંડળ થાય. તો એ વ્યયમાંથી—પહેલી દશાનો અભાવ એમાંથી નવી દશા આવતી નથી. કારણ કે એનો તો અભાવ થઈ ગયો. કડું હતું એને ટીપ્યું અને થઈ ગઈ વીંટી કે વીંટીને ટીપીને વીંટીનો થઈ ગયો અભાવ અને કડું થયું. તો એ દશાનો અભાવ થયો એમાંથી નવી દશાનો ભાવ આવતો નથી, એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ જ્ઞાયકમૂર્તિ શુદ્ધ આનંદ પરમાત્મસ્વરૂપ પોતાનું નિજપરમાત્મા, નિજ કારણપ્રભુ ત્રિકાળ જેમાંથી કાર્યદશા પ્રગટે એવા કારણપરમાત્માનો અંતર પોતાનો નિજ સ્વભાવ એના અવલંબે એ બધા ચારેય ભાવો હેય છે. સમજાય છે કાંઈ આમાં? સમજાય છે કે નહિ આમાં? ક્યાં ગયા? જીવરાજભાઈ! સમજાય છે આમાં? આમાં એટલે આ. આહા..હા..!

આ ગાથા તો જુઓ! હવે હજી તો હેય પહેલું કહીને પછી વાત કરશે. જેને અમૃતના સાગરમાં જાવું છે અંદર, ચૈતન્ય અંદરમાં અમૃત અતીન્દ્રિય આનંદના રસથી પરિપૂર્ણ જેનો સ્વભાવ, પરિપૂર્ણ જેનો સ્વભાવ, એકરૂપ જેનો સ્વભાવ, અભેદ જેનો નિરૂપાધિ આત્મા સાથે સ્વભાવ એવું અંતર બળના દૃષ્ટિએ એ વર્તમાન પ્રગટેલા વિકાર કે અવિકારી દશાઓ તેઓ હેય છે. કારણ કે તેનું લક્ષ અને આશ્રય કરવા જેવા નાથી. સમજાણું કાંઈ?

'**શા કારણથી?**' એ હેય શા કારણથી? છોડવાયોગ્ય શા કારણથી? '**કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' આહા..હા..! કેમ? આ ગાથા તો માલ માખણની છે એકલી. એ તો સમયસારમાં એ શૈલીની વાત છે, પણ ત્યાં અમુક શૈલીથી વાત કરીને અહીં ખુલ્લું મૂકી દીધું છે આમ. કારણ કે મોક્ષમાર્ગનો અધિકાર છેને. સાચો મોક્ષમાર્ગ. તો સાચો મોક્ષમાર્ગ

એટલે પવિત્રતાની ધારા વહે એ પવિત્રતાના પિંડના કંદમાંથી આવે છે. ત્રિકાળ પવિત્રતાનો કંદ એવું આત્મદ્રવ્ય એના આશ્રયથી પવિત્રતાની ધારા વહે છે. એથી એ બધી ચાર દશાઓ હાલત છે, હાલતો વિકારી કે અવિકારી દશાઓ પર્યાયો હાલતો છે એ પરસ્વભાવો છે. પરસ્વભાવ છે. ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ છે. વિકારની એકલાની વાત નથી. આ શુદ્ધ આનંદની પર્યાય પ્રગટ થઈ સમ્યગ્દષ્ટિને અને શુદ્ધ ચારિત્ર આત્માની રમણતા છઠ્ઠે ગુણસ્થાને કે સાતમે પ્રગટ થઈ એ આનંદની ધારા અને શાંતિની પર્યાય અંતર શાંત (રસની પ્રગટ થઈ તે પરસ્વભાવ છે). સમજાણું કાંઈ?

આમ શ્રીમદ્‌માં નથી આવ્યું? 'વચનામૃત વીતરાગના અને પરમ શાંત રસમૂળ, પણ ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' કાયરના તો કાળજા કંપી ઉઠે. 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ.' એની પર્યાયમાં શાંત (રસ) આવે પણ એનું ત્રિકાળ શાંતરસ છે એ મૂળિયું બધી ધર્મની દશાનું છે. એનો આશ્રય કરતાં આત્માને ધર્મદશા પ્રગટ થાય, પણ ધર્મદશા પ્રગટ થયેલી એને આશ્રયે નવી ધર્મદશા પ્રગટ ન થાય. માટે તે બધી નિર્મળ અને મલિનદશાના અંશોને 'પરસ્વભાવ છે' એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? પરસ્વભાવ. હજી તો અહીં રાડ નાખે. જ્યાં પુણ્યભાવને પરભાવ કહે ત્યાં રાડ-પોકાર (કરે). આ ધૂળ તો ક્યાંય રહી ગઈ. શરીર, વાણી, મન આ તો પરમાણુ એના કારણે એના પલટા માર્યા કરે, મોજા ઉઠ્યા કરે એની દશાના એ તારે કારણે નહિ; પણ તારા કારણના અપરાધથી પુણ્ય અને પાપના વિકલ્પો ઉઠ્યા એ વ્રત ને દાન અને દયા ને ભક્તિ ને પૂજા ને એ સંયમને એવા વિકલ્પ જે ઉઠ્યા કે આમ દમન કરુ અને આ વ્રત કરું આ પાળું એ બધી વૃત્તિઓ તો હેય છે, પણ હેય કરીને અંતરનો આશ્રય લઈને જે ધર્મદશા પ્રગટ થઈ એ પણ હેય અને પરસ્વભાવ છે. સમજાણું કાંઈ? એ પરસ્વભાવો છે, પરસ્વભાવો છે. બહુ વાત (આકરી), ભાઈ!

**'અને તેથી જ પરદ્રવ્ય છે.'** આહા..! શું કહે છે? આત્માથી જેમ આ રજકણો પરવસ્તુ છે પરવસ્તુ, એમ પુણ્ય અને પાપના ભાવ આત્મ ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ પરવસ્તુ છે. એ તો પરવસ્તુ છે, પણ ભગવાન આત્માના નિશ્ચયના આશ્રયે પ્રગટ થયેલી ધર્મદશા એને પણ અમે પરદ્રવ્ય કહીએ છીએ. પરદ્રવ્ય કહીએ છીએ. કેમ? કે જેમ કે રજકણમાંથી જીવની ધર્મદશા અહીંથી આવતી નથી, એમ પાપના પરિણામમાંથી ધર્મદશા નવી આવતી નથી, એમ પુણ્યમાંથી નવી આવતી નથી, એમ પવિત્રતાની પ્રગટેલી દશામાંથી ધર્મની દશા નવી આવતી નથી. માટે, એ અપેક્ષાએ બધા પરદ્રવ્ય કહેવામાં આવે છે.

**'द्रव्यति इति द्रव्यं'** દ્રવે તેને દ્રવ્ય કહીએ. દ્રવે-દ્રવે. પાણી હોય છેને. એ પાણી આમ પ્રવાહ મૂકે, તરંગો છોડે. એમ દ્રવ્ય એને કહીએ કે દ્રવે. તો આત્માની પર્યાય જે વિકાર છે અને કાંઈક ધર્મ પછી પ્રગટેલી દશા, એ દ્રવીને પર્યાય છોડે એવો એનામાં ધર્મ નથી. ઝીણું પડે પણ સાંભળવું તો ખરુંને આ. આહા..હા..! સાંભળવા મળે નહિ એ કે દિ' વિચારની

સરાણે ચડાવે અને કે દિ' રુચિ કરીને અંતર્મુખમાં જાય.

અહીં તો કહે છે, ભગવાન! એકવાર છેલ્લામાં છેલ્લી આ વાત કે જે તને આકરું લાગે, તોપણ એકવાર તો ... એ પરસ્વભાવો. અરેરે! પરસ્વભાવ? ક્ષાયિકસમકિત, અંદર શુદ્ધતાની ચારિત્ર અવિકારી દશા, ત્રણ કષાય વિકારના મલિનભાવ છૂટીને (પ્રગટેલી) નિર્મળદશા, આત્માને આશ્રયે સંતોને અંતરમાં નિર્મળ ધારા અમૃતની વહે છે, કહે છે કે એ પરસ્વભાવ છે. કેમકે એમાંથી નવી દશા આવતી નથી. જેમ રાગમાંથી નથી આવતી, નિમિત્તમાંથી નથી આવતી, એમ એમાંથી નથી આવતી, માટે અમે એને પરસ્વભાવ કહીએ છીએ. અને પરસ્વભાવ છે તેથી તે પરદ્રવ્ય છે. આહા..હા..! પાઠમાં તો એમ છેને, ભાઈ! **'पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।'** એટલે પહેલું એ કાઢ્યું કે **'पुव्वुत्तसयलभावा हेयं परसहाव परदव्व इति'** એમ. શું કહ્યું?

કહે છે કે ભગવાન! અહીં તો ભગવાન કરીને જ આત્માને બોલાવે છે. એક કહે કે અરે! 'પામરને પ્રભુ કરી બોલાવે રે.' અરે! પામર નથી, પ્રભુ! તું તો મોટો પ્રભુ છો. તારી વાતમાં તારા ગાણાની શું વાતું કરવી? તારી નિર્મળદશા પ્રગટે એની તો શું વાત પણ ત્રિકાળી વાતની વસ્તુનું તો શું કહેવું? એવું ચિદ્દ્ઘન પૂર્ણાનંદ પ્રભુ. પણ એના ખ્યાલમાં હજી વર્તમાન દશાનું અસ્તિત્વપણ પ્રતીતમાં ન આવે, ભરોસામાં ન આવે, પ્રગટ એની દશાઓના અંશો, રાગ, પુણ્ય એ જ્ઞાનનો ગુણમાંથી કાંઈક અંશરૂપે પ્રગટ વ્યક્ત ક્ષયોપશમ વ્યક્ત, ખ્યાલમાં જે આવે છે કે 'આ હું છું, આ પર છે' એ અવસ્થા એનું પણ જ્યાં અસ્તિત્વપણું, હયાતીપણું ખ્યાલમાં બરાબર ન આવે એને એ બધી દશાઓની પાર એકરૂપ ભગવાન છે એ પ્રતીતમાં કઈ રીતે આવે? સમજાણું કાંઈ? બરાબર કીધું કે નહિ? શું કીધું આ? બરાબર એટલે? એનો પહેલો પરિચયનો અભ્યાસ કરવો કે આ શું કહે છે પણ આ?

એ ભગવાન એક સમયનો પ્રભુ જેના અંતર રસમાં અનંતી કેવળજ્ઞાન જ્યોતિઓ પ્રગટે તેની ખાણ, અનંત-અનંત આનંદ પ્રગટે તેની ખાણ, એવી ચૈતન્ય વસ્તુ એના સ્વદ્રવ્યની અપેક્ષાએ અને એના ત્રિકાળી નિરૂપાધિ સ્વભાવની અપેક્ષાએ એના વર્તમાન વિકૃતભાવ અને નિર્વિકારી ધર્મી જીવની દશા થઈ એ દશાને પણ ત્રિકાળ નિરૂપાધિ સ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ કહ્યા, ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ સ્વદ્રવ્યની અપેક્ષાએ એને પરદ્રવ્ય કહ્યું, ત્રિકાળ દ્રવ્ય ઉપાદેયની અપેક્ષાએ તેને હેય કહ્યું. સમજાણું કાંઈ? આવી વાત જ એવી લાગેને. ભાનુભાઈ! આ તો ઝીણી વાતું છે, બાપા!

**શ્રોતા** :- સમજાય એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમજાય એવું છે? પણ આ બધું પુણ્યથી થાય ધર્મ એમ નહિ રહે આમાં. પ્રભુભાઈ! હમણા આવ્યા હતા અંદર. બાપા કહે છે, આમ થાય, આમ થાય. કીધું, સાંભળો તો ખરા, ભાઈ! પ્રભુ! શું કહીએ વાતું? પણ આખો દિ' ઓલી વાતું પડેને

કાનમાં. જે મળે એમ કહે કે નહિ આમ થાય, નહિ આમ થાય, આનાથી આમ થાય. ભગવાન! ન થાય. થાય એ થાય અને ન થાય એને તને ખબર પડે નહિ.

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્યદેવ સર્વજ્ઞથી અનુભવેલું તત્ત્વ એ જગત પાસે જાહેર કરે છે. અરે! આત્માઓ! ભગવાન એમ ફરમાવે છે, ત્રિલોકનાથની વાણીની ધારામાં એમ આગમમાં આવ્યું છે એ આગમની રચના અમે અહીંયાં નિયમસારરૂપે કરી છે. એમાં એમ કહેવામાં આવ્યું હતું તે કહેવાય છે કે ભગવાન આત્મા... આ બધી વાત લોકોને બહારનું એવું રુચેને, આમ બહારની ભક્તિ, પરની ભક્તિ ઓહો..! બાપુ! એ તો પર તરફના લક્ષવાળો ભાગ તો રાગ છે. હોય ભલે, પણ એનાથી ધર્મ થાય અને એને આશ્રયે ધર્મ નવો થાય એ વસ્તુમાં નથી. આ વાત. સમજાણું? એક તો ભક્તિ માટે રોતો હતો ભાઈ. ગયા હતાને આપણે નહિ? ૯૬માં નહિ? ગિરનાર ચડ્યા ત્યારે એક બાવાજી હતા. મોટાભાઈ ઉપર નહોતા આવ્યા તે દિ'. નહોતા આવ્યા ખબર છે. તે દિ' એક હતા બાવાજી. ત્યાં અમે નિકળ્યા બિચારા જુઓને આમ રોવે ભક્તિ માટે. આહા..હા..! ભગવાનના દર્શન (થતા નથી). પણ ભગવાન બહાર ક્યાં છે? ભગવાન તો અહીં છે અંદરમાં. બહારનો ભગવાન દર્શન દે એવો નથી અને ભગવાન થઈ ગયા એ ઉપરથી ઉતરે એવા નથી. સમજાણું? જે પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મુક્તદશાના પરમાત્મપદને પામ્યા એ કાંઈ હેઠે ઉતરતા નથી, એ કાંઈ તારી પાસે આવે એવું નથી. તારી પાસે તારો પરમાત્મા પડ્યો છે અંદર. '**अप्पा सो परमप्पा**'

એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમસ્વભાવનું સત્ત્વ એકલો ડુંગર ભગવાન એનો આશ્રય લેવા માટે, એના નિશ્ચય નામ સત્યના નય નામ જ્ઞાનમાં અંશ ત્રિકાળમાં પકડવા જતા એના બળ વડે આ બધી દશાઓને પર સ્વભાવ કહીને હેય કહીએ છીએ અને તેને પરદ્રવ્ય કહીએ છીએ. એ ક્ષાયિકસમકિત પરદ્રવ્ય. એ તો ૩૮થી શરૂ કર્યું હતું, ભાઈ! '**जीवादिबहितच्चं हेयम**' પહેલેથી શરૂ કર્યું હતું. એ અહીં આવ્યું છે અને પછી પાંચ ગાથા બાકી છે. સમજાણું કાંઈ? અરે! ખાનું તો એક રાખ ખાલી જેમાં આ માલ પેસે. ખાના ખાલી વિના માલ આવે તો નાખવો ક્યાં? જે જાતનો ધંધો જ ન હોય અને માલ આવીને પચાસ હજારનો માલ આવ્યો. ક્યાં નાખવો? પણ માલ શું છે? ખાના ન મળે. એક તો ખાનું ખાલી રાખ, ભાઈ! નવી કોઈ ચીજ આવે તો. એમ અંતરમાં જાણવાના ખાનામાં આ વાતને પ્રવેશ કરવાનો અવકાશ જ ન રાખે, એ.. આમ નહિ, એ આમ નહિ, એ આમ થાય. થોડી વાર શાંત થા, ભગવાન! થોડી વાર ધીરો થા, પ્રભુ! કારણ કે અંતે મરવા ટાણે બધા શરીરના નાંગળા ઢીલા પડી જાશે. આમ આમ થશે. ક્યાંક તારે ઠરવું તો પડશે એને જોવા માટે. ન જોવા માટે ઠર તો એમાં રાગ-દ્વેષ કરવા માટે ત્યાં (ઠરશે). જીવ ન નીકળે ઝટ ત્યારે પછી લોકો એમ કહેને બહુ ઓલા મારેને ઈંજેક્શનો આ બધા ડોક્ટરો ભેગા થઈને. પછી બહુ હોય તો ડાહ્યો માણસ હોય તો કહે ભાઈ રહેવા દો. હવે જોવો. એમ નથી કહેતા? ખબર છે? હવે

જોવો, હવે શાંતિથી જુઓ. એટલે એનો અર્થ કે એ હવે બે-ચાર કલાકમાં હમણા ઠરી જશે. હમણા જુઓ. એલા 'હમણા જુઓ' કરવા પહેલાં 'હું જાણનાર-દેખનાર પહેલેથી છું' એમ કરને નક્કી. પહેલેથી જોનાર થઈ જાને! એમ છેલ્લી સ્થિતિ હોય અને ઓલો ૨૦ વર્ષનો છોકરો મરતો હોય, બે વર્ષનું પરણેતર હોય અને પછી બહુ ઘોદા માર્યા હોય. હમણા કો'ક કહેતું હતું આ નાનાલાલભાઈ, કે સેંકડો ઈંજેક્શન આપ્યા. હવે ૮૮ વર્ષની ઉંમરે. કાગળમાં આવ્યું હતું. ભાઈ! ઈંજેક્શન પછી છેલ્લી સ્થિતિ. પછી ડાહ્યો માણસ કહે ભાઈ! હવે ઘોદા મારવા રહેવા દ્યો બહુ. એનો અર્થ કે હવે આશા છે નહિ. આશા નથી અને ક્યાં સુધી...? હવે જોવો, હવે જોવો ખેલ ખેલાય એને જોવો.

એમ કહે છે કે હે આત્મા! એકવાર આ ખેલ ખેલાય છે શરીરના, વાણીના, મનના, પુણ્ય-પાપ આદિ પર્યાયના, અંતર્મુખ થઈને એકવાર જો તો ખરો શું થાય છે? ભાનુભાઈ! બધા એક જાતના છેને ઘણા. એની ઉંમર મોટી થઈ ગઈ હવે ૮૩ થઈ. તમારે બધા હળવે હળવે રસ્તો તો લેશે કે નહિ? જે હશે અનાદિનો.. આ શરીર તો મડદું છે. મૃતક કલેવર છે. મૃતક કલેવર છે આ. અમૃતસ્વરૂપ ભગવાન છે. એ આવ્યું ૯૬મી ગાથામાં. સમયસારમાં ૯૬માં આવ્યું છે. ભગવાન આત્મા અમૃતનો કંદ એવો અમૃત શરીર છે અને આ શરીર મૃતક છે. એની સામે ગુંલાટ ખાય એવું મૃતક શરીર છે. અત્યારે હોં! વળી જીવ નીકળે ત્યારની વાત નથી. સમયસારની ૯૬મી ગાથામાં અમૃતચંદ્રાચાર્ય (કહે છે). અમૃત એની સામે મૃત. એ તો મૃતક કલેવર, પણ તારા આશ્રયને માટે પુણ્ય-પાપ અને વર્તમાન પ્રગટેલી દશા તારા જીવનના શોધનમાં કામમાં આવે એવી નથી. આહા..હા..! તારે માટે તો એ આત્માના અંતરના સરોવરમાં પ્રવેશ કરવો હોય...

નથી કહેતા, ભાઈ? શું દરિયામાંથી લઈને આવે છેને. મોતી લેવા નથી જતા હમણા કાંઈક બહુ. મરજીવા. 'મરજીવા તે મહાસુખ માણે, એ દેખનારા તે દાઝે જોને. એ મરજીવા તે મહાસુખ માણે.' પડ્યા અંદરમાં એ 'મહાસુખ માણે' ઉંધુ નાખીને મોતી લઈ આવે બહાર. એ તો બહારની વાતું છે. સમજાણું કાંઈ? 'સમુદ્ર સહેજે ઉલ્લસિયો અને મોતી તણાણા જાય. ભાગ્યવાન કર વાવરે એની મોતીએ મુઠીયું ભરાય. પણ સમુદ્ર સહેજે ઉલ્લસિયો અને સહેજે ઉલ્લસિયો.' સહેજે ઉલસિયો. 'અને શંખલા તણાણા જાય. ભાગ્યહીન કર વાવરે એની શંખલે મુઠીયું ભરાય.'

ભગવાન ત્રિલોકનાથ કહે છે કે એ અંતરના આનંદના મોતીયું વીણવા પેઠો અંદર એને સહેજે મોતીની ધારા પકડવા, આનંદની ધારા અંદરમાં ગર્યો એવા જીવને માટે આ પુણ્ય ને પાપ ને દયા ને દાન ને વર્તમાન પ્રગટેલી પર્યાયો એને પકડવા જેવી નથી. છોડ.. છોડ... છોડ. સમજાણું કાંઈ? એ આંખ્યું એવું કાંઈક કરે છે દરિયામાં. આમ આટલું રાખે. સમજ્યાને. જાય ઊંડા. બહુ ઊંડા જાય આંખ ઉઘાડીને, પાણી ગરે નહિ અને ભુંગળું એક ઉપર રાખે

એટલે ઓલી હવા એને આવે. હવા ભરાય. આમ આંખ એવી હોયને આમ રાખીને દેખે કાંઈક છે કે નહિ? પણ ભાગ્યવાળો હોય એને મોતી દેખાય. ભાગ્યહીનને મોતી દેખાય નહિ. પડ્યા ન દેખાય, ઢગલા ન દેખાય પડ્યા અંદર. એમ ભગવાન આત્મા અમૃતનો કુંડ આનંદકંદ પડ્યો છે એ પુણ્યવંત એટલે પવિત્ર દૃષ્ટિવાળો અંદરમાં પડે એને પવિત્રતા ભાસે છે. સમજાણું કાંઈ? એને માટે આ બધા ચારેય દશાઓના ભાવ, દશા એટલે હાલત... સમજાણું કાંઈ? પોપટભાઈ યાદ આવ્યા આમાં તો. ઓલી દશાને લઈને. એ પોપટભાઈ બોલ્યા હતા કે દશા એ દશાવાનથી થાય છે, દશાથી દશા થતી નથી. એમ અહીંયાં કહે છે કે એ બધા પરસ્વભાવ, તેથી જ પરદ્રવ્ય છે, એમ પાછું. ઓહો..હો..!

શરીર, વાણી, મન, જડ તો પરદ્રવ્ય, પરવસ્તુ, પુણ્ય-પાપના ભાવ પરદ્રવ્ય અને અંદર ધર્મ ક્ષાયિકસમ્યક્ અને ચારિત્રદશા પ્રગટી એ પરદ્રવ્ય. એક સમયની દશા એમાંથી નવી દશા ન આવે માટે સ્વદ્રવ્ય નહિ. સ્વદ્રવ્ય એને કહીએ કે ત્રિકાળમાં અંદર પડતા નવી દશા પ્રગટ થાય એને સ્વદ્રવ્ય કહીએ. એ અપેક્ષાએ તે પર્યાય નિર્મળદશા અને મલિનને પરસ્વભાવ કહી, પરદ્રવ્ય કહી હેય કહેવામાં આવ્યા છે. છોડ લક્ષ એનું. લક્ષ છોડે. એય..! હરિભાઈ! આવ્યા પાછળથી. પાછળથી આવ્યા એમ જેટલું હોય એટલું ખતવાય, કાંઈ આખું ખતવાય? કહો, સમજાણું આમાં?

'**સર્વવિભાવગુણપર્યાયોથી રહિત...**' હવે અસ્તિની વાત કરે છે. ઓલી નાસ્તિની વાત કરી, હેયની વાત કરી, હવે ઉપાદેયની વાત કરે છે. જેમાં દૃષ્ટિ દેવાલાયક છે, જેમાં અંગીકાર કરવાલાયક છે, જે આદરણીય છે. કોણ? '**સર્વવિભાવગુણપર્યાયોથી રહિત...**' એ ચાર પ્રકારની દશાઓ—ઉદય વિકાર, ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ. એવા ગુણની દશાઓથી રહિત, વિભાવ-વિશેષ ગુણની દશાથી રહિત. એ મતિજ્ઞાન આદિ બધા વિભાવ કહેવાય છે. '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...**' શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. ઓહો..હો..! એકલું શુદ્ધ અંતઃતત્ત્વ. બીજી ભાષાએ કહીએ તો એ બધી દશાઓને બહિઃતત્ત્વ કહ્યા. કારણ કે પરસ્વભાવો કહ્યાને? પરસ્વભાવ કહો, બહિઃતત્ત્વ કહો, બહિર્ભાવ કહો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ બધી દશાઓની હાલતનો એક અંશ છે બધી દશાઓ એનાથી રહિત શુદ્ધ અંતઃતત્ત્વ સ્વરૂપ, શુદ્ધ અંતઃસ્વભાવ સ્વરૂપ, અંતઃ ત્રિકાળ સ્વભાવસ્વરૂપ સ્વદ્રવ્ય એ સ્વવસ્તુ તે ઉપાદેય છે, તે દૃષ્ટિમાં લેવા લાયક અને આદરણીય એક જ ચીજ છે ઈ. સમજાણું કાંઈ?

'**ખરેખર...**' ઓલાથી રહિત. સર્વ વિભાવથી રહિત એ તો નાસ્તિથી કહ્યું અને શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય એ અસ્તિ કીધું. પરમ અસ્તિ, પરમસત્તા... પરમસત્તા... પરમસત્તા. પરમ હોવાવાળો સ્વભાવ પરમસત્તા એને સ્વદ્રવ્ય કહીએ છીએ. એ તારું દ્રવ્ય એટલે તારી એ ચીજ કે જે ચીજમાંથી ધર્મદશાના પ્રવાહ વહે છે એ તારી ચીજને અમે સ્વદ્રવ્ય કહીએ છીએ. કહો, સમજાણું આમાં? '**ખરેખર સહજજ્ઞાન-**' સ્વભાવિક ત્રિકાળજ્ઞાન, સ્વભાવિક

ત્રિકાળદર્શન, ત્રિકાળ '**સહજચારિત્ર...**' અંતર-અંતર ચારિત્ર એટલે સ્વભાવ રમણતારૂપ સ્વભાવ ત્રિકાળ. પર્યાયનો નહિ, વર્તમાન દશાનો નહિ. સહજચારિત્ર નામ શાંતરસ કંદ પડ્યો એ સ્વભાવિક ચારિત્ર '**સહજપરમવીતરાગ-સુખાત્મક...**' સુખ લેવું છે અહીં તો. અને પરમ સહજપરમવીતરાગી, સ્વભાવિક પરમ અવિકારી સુખસ્વરૂપ, અવિકારી સુખસ્વરૂપ ભગવાન આત્મા અંદરમાં પડ્યો આખો. '**શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...**' શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. એ ચારને પાછું કરીને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સુખ જે સહજ અવિકારી સુખસ્વરૂપ એવું શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. એ '**આ સ્વદ્રવ્યનો આધાર...**' એ '**શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર...**' એ બધા શુદ્ધ અંતઃ (તત્ત્વસ્વરૂપ) આ સ્વદ્રવ્ય એનો આધાર. આહા..હા..! '**સહજપરમપારિણામિકલક્ષણ કારણસમયસાર છે.**' ગુણગુણીનો અભેદ કર્યો.

એ સ્વદ્રવ્ય જેમ ગુણ જે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ, અનંતસુખ પડ્યું છે અંદર એવું જે શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ, અંતઃતત્ત્વસ્વભાવ એ આ સ્વદ્રવ્યનો આધાર એવું જે સ્વદ્રવ્ય, એવી જે સ્વવસ્તુ એનો આધાર, એ તો આધાર આધેય અભેદ કરી નાખે છે, સ્વભાવિક પરમપારિણામિકભાવ ત્રિકાળ. પરમપારિણામિક એકરૂપ સ્વભાવ એને કારણસમયસાર કહે છે. ભાષા હજી કારણસમયસાર શું? આહા..હા..!

'રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની' એ તો ક્યાંય રહી ગયા, પણ પુણ્ય અને પાપના વિકલ્પો વર્તમાન કૃત્રિમ દશા એ ક્યાંય રહી ગઈ અને અકૃત્રિમ જે શ્રદ્ધા આદિ પ્રગટ્યા એ ક્યાંય રહી ગયા, અહીં તો ત્રિકાળમાં પડેલું બેહદ અપરિમિત સ્વભાવનું સત્ત્વ એનું એ દ્રવ્ય, એનો આધાર એ તો અભેદ કરીને વર્ણન કરે છે. એ બધું એક છે. સ્વદ્રવ્ય એટલે પરમપારિણામિકભાવ એમ. સમજાણું કાંઈ? એનો આધાર સહજ સ્વભાવિક પરમપારિણામિક જેને કોઈ નિમિત્તના સદ્ભાવની કે અભાવની અપેક્ષા નથી એવું ત્રિકાળ ચિદ્ઘનમૂર્તિ પ્રભુ, એવું લક્ષણ સહજ પરમપારિમાણિકભાવ જેનું લક્ષણ એવો કારણસમયસાર છે, તેને અંતઃતત્ત્વને સ્વદ્રવ્ય કહેવામાં આવે છે. એ એક ઉપાદેય જ્ઞાનીઓને, ધર્મીઓને ઉપાદેય એક જ છે. ઓહો..!

ભગવાન! બહારના તીર્થંકરો, કેવળીઓ, મંદિરો, મૂર્તિઓ ઉપાદેય તો ક્યાંય ગઈ. અહીં તો રાગ આવ્યો એ ભગવાન પ્રત્યેની ભક્તિનો એ ઉપાદેય તો નહિ, પણ એનું જ્ઞાન પ્રગટ્યું નિર્મળ સમ્યગ્જ્ઞાન એ ઉપાદેય નહિ. હોય, વ્યવહારને કાળે વ્યવહાર હો ભલે પણ એ ઉપાદેય તરીકે અંતરના નિશ્ચયના ઉપાદેય તરીકે સત્કાર કરવાલાયક છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જાણવાલાયક છે. તે તે કાળે તે પર્યાય નિર્મળ હોય, સ્વભાવમાંથી પ્રગટેલા આનંદના અંકુરાઓ, શાંતિના અંકુરાઓ ધર્મરૂપ હો, કાંઈક રાગ પણ બાકી હો, (એ) જાણવાલાયક છે, અને તે રાગનો શુભભાવ હોય ત્યારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે એને ભક્તિનું વલણ હોય તો ભગવાન છે એમ જાણવાલાયક છે. સમજાણું કાંઈ? પ્રકાશચંદજી! ઝઘડા તો ક્યાંય હજી પુણ્ય અને પાપના વ્યવહારના છે. વ્યવહાર એટલે ઓલો. અહીં તો બધી પર્યાયો જ

વ્યવહારનયનો વિષય છે. એ કેવળજ્ઞાન તો એને ભલે ન હો, પણ ચાર જ્ઞાનદશા છદ્મસ્થને હો, ચાર જ્ઞાન એ પર્યાય તે વ્યવહાર છે, પરસ્વભાવ છે, પરદ્રવ્ય છે, પરતત્ત્વ છે માટે હેય છે.

એક ભગવાન ખાણ આનંદની છે સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું રૂપ એનું ત્રિકાળ એકરૂપ છે. જેમાં ભલે સહજજ્ઞાન, સહજદર્શન, સહજસુખ અને સહજચારિત્ર એવું અંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્ય એ જ પોતે સહજપરમપારિણામિકભાવ છે, એને કારણસમયસાર કહે છે. કેમ કારણ શબ્દ ત્યાં ગોઠવ્યો? કે નવી કાર્યદશા માટે કારણ આ છે. નવી કાર્યદશા માટે ચાર દશાઓ કાર્યમાં કારણ થાય એમ નથી એમ કહેવા માટે ગોઠવ્યું છે. આહા..હા..! સમજાણું આમાં કાંઈ? આ તો સમ્યગ્દર્શનનો વિષય શું? કે સમ્યગ્દર્શનનો વિષય સમ્યગ્દર્શન નહિ. બાપુ! એ તો પર્યાય છે, વર્તમાન એક પ્રગટ અંકુર દશા છે. એ દશા છે એમાંથી નવી દશા ન આવે. એથી જેમ શરીરમાંથી ધર્મની દશા ન આવે, એમ રાગમાંથી ન આવે, એમ ક્ષાયિક સમકિતમાંથી નવી ન આવે, માટે જેમાંથી નવી આવે તેને સ્વદ્રવ્ય કહીએ, આ નવી ન આવે એને બધાને પરદ્રવ્ય કહેવામાં આવે છે. ભારે ઝીણું! સમજાણું કાંઈ? એક વાત આવી છે એટલું લક્ષમાં તો રાખે કે આવું કાંઈક તત્ત્વના વિષયમાં આવો એક ભાગ કહેવામાં આવે છે, કહેલો છે, જાણેલો છે અને આદરેલો છે એવી ચીજ અંદર પડી છે. સમજાણું કાંઈ? એવું શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ તે સ્વદ્રવ્ય છે અને આ પર્યાયો જેટલી પ્રગટી વિકાર કે અવિકાર તે પરદ્રવ્ય છે એટલે કે તે આશ્રય કરવાલાયક નથી. આશ્રય કરવાલાયક નથી માટે તેને પરદ્રવ્ય કહીને, પરભાવ કહીને, પરવસ્તુ કહીને, પરતત્ત્વ કહીને છોડવાલાયક છે એમ કહેવામાં આવ્યું છે. મૂળજીભાઈ! શું છે આમાં?

'**એવી રીતે...**' એ ગાથાનો અર્થ થઈ ગયો. '**पुव्वुत्तसयलभावा**' જુઓ, એક શબ્દ ઈ પડ્યો હતો. '**परदव्वं परसहावमिदि हेयं**' પૂર્વે કહેલા પર્યાયની વર્તમાન દશાના ચાર પ્રકારો તે '**परदव्वं परसहावमिदि हेयं**' માટે તેને હેય કહ્યા. '**सगदव्वमुवादेयं**' પોતાનું દ્રવ્ય ક્યું? કે અંતરતત્ત્વ. અંતઃતત્ત્વ કે જે પોતાનું દ્રવ્ય એ અંતર તત્ત્વમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ નાખ્યા, એનો આધાર એટલે એનું સ્વરૂપ તે પરમપારિણામિકસ્વભાવ જ્ઞાયક ત્રિકાળી ભાવ એ '**हवे अप्पा**' એ ઉપાદેય '**हवे अप्पा**' એ આદરણીય હોય આત્મા. આવો આત્મા તે આદરણીય છે. છેને શ્લોકમાં? શ્લોકના શબ્દમાંથી અર્થો આ બધા છે. હવે જેની પર્યાયબુદ્ધિ છે એને તો સમ્યગ્દર્શન હોઈ શકે નહિ, પણ જેને સમ્યગ્દર્શન થયું એને પર્યાયબુદ્ધિ રહેતી નથી એમ બતાવવું છે અહીં તો. સમજાણું કાંઈ? આવે છેને એમાં?

'સ્વાર્થ કે સાચે, પરમાર્થ કે સાચે ચિત્ત, સાચે સાચે વૈન કહે સાચે જૈન મતિ હૈ. કાહું કે વિરોધી નાહીં, પર્યાયબુદ્ધિ નાહીં. કાહુકે વિરોધી નાહીં, પર્યાયબુદ્ધિ નાહીં. અંતર ગવેકી સો અજાતિ લક્ષપતિ હૈ. દાસ ભગવંત કે ઉદાસ રહે જગત સો, સુખિયા સદૈવ ઐસે જીવ

સમકિતી હૈ.' સમજાય છે? 'સ્વાર્થ કે સાચે.' ધર્મી તો પોતાના સ્વાર્થનો સાચો છે. આ સ્વાર્થીને તો લોકો ઓલા કહે છે. એ સ્વાર્થી એ પૈસા-પૈસાના. એની અહીં વાત નથી. આ તો પોતાનું જ પ્રયોજન સિદ્ધ કરવા પરની જેને દરકાર છે. 'સ્વાર્થ કે સાચે, પરમાર્થ કે સાચે.' પરમપદાર્થ એવો અંતઃતત્ત્વસ્વભાવ એનો આશ્રય કરવામાં ધર્મી પરમ સાચા છે. સમજાણું કાંઈ? 'સ્વાર્થ કે સાચે, પરમાર્થ કે સાચે, ચિત્ત સાચે સાચે વૈન કહે.' સાચા સાચી વાણી કરે, સાચા જૈનમતિ વીતરાગના મતના માનનારા છે. 'અંતર કી લચ્છી સો અજાતિ લક્ષપતિ હૈ.' અંતરની શુદ્ધ સંપદાની દૃષ્ટિવંત ધર્માત્મા અજાચિ-કોઈ પાસે જાચતો નથી. એ પર્યાય પાસે જાચતો નથી, રાગ પાસે જાચતો નથી, પર પાસે જાચવું રહેતું નથી. એની પ્રગટેલી પર્યાય પાસે માગવું નથી. અંતરમાં એકાગ્ર થાય એટલી નિધિ પ્રગટ થાય છે. એકલું સ્વદ્રવ્ય ચિદાનંદ ભગવાન એ જ અંગીકાર કરવાલાયક સમ્યગ્દૃષ્ટિને છે, બીજું કોઈ અંગીકાર કરવાલાયક નથી. એમ કહીને આ ગાથામાં ચાર ભાવોને હેય ઠરાવ્યા. એક પરમસ્વભાવને ઉપાદેય ઠરાવ્યો. જેને તત્ત્વાર્થસૂત્રમાં બીજા અધ્યાયમાં, પહેલા સૂત્રની અંદર પાંચ ભાવોને જીવતત્ત્વ કહ્યું હતું. આ કુંદકુંદાચાર્ય મહારાજ, એમના શિષ્ય ઉમાસ્વામી એમણે તત્ત્વાર્થસૂત્રની અંદર બીજા અધ્યાયના પહેલા સૂત્રમાં પાંચ તત્ત્વો આ જે ભાવ એને જીવનું તત્ત્વ કહ્યું હતું. જીવ સ્વતત્ત્વ છે. એ પર્યાયદૃષ્ટિના કથન છે.

અહીંયાં એક પરમસ્વભાવ ત્રિકાળી તે અંતઃતત્ત્વ એક જ જીવતત્ત્વ છે અને ચાર તત્ત્વને બહિરતત્ત્વ પરભાવ કહીને પરદ્રવ્ય કરીને હેય ઠરાવ્યા છે. વિરોધ તો નહિ હોયને પરસ્પર? ત્યાં શિષ્ય કહે કાંઈક, ગુરુ કહે કાંઈક. જિનદાસજી! એ આવે છે કે નહિ પાંચ ભાવ? ભગવાન! એ પર્યાયનયનું જ્ઞાન કરાવવા વાત કરી છે અને અહીં તો ત્રિકાળ અંતઃતત્ત્વને જીવતત્ત્વ કહેવામાં આવ્યું છે, ઓલા ચાર જીવતત્ત્વ નહિ. એ પરતત્ત્વ પરભાવ પરસ્વભાવ વિભાવભાવ પર અપેક્ષા અને પરદ્રવ્ય એમ બેના ફેંસલા કરીને ચૈતન્ય ત્રિકાળ એકરૂપ છે એ અંગીકાર કરવાલાયક છે, જે નિધાનમાંથી એ નિધિ ફાટીને આત્માની દશા વિશેષ પ્રગટ થાય છે. એને સ્વદ્રવ્ય કહેવામાં આવે છે. એ પચાસમી થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા. ૦૪-૧૧-૧૯૫૧,
## ગાથા-૫૧ થી ૫૫, પ્રવચન નં. ૩૯૬

આ નિયમસારની પાંચ ગાથાઓ છેલ્લી છે. ૫૧ થી ૫૫. એમાં રત્નત્રયનું સ્વરૂપ છે. રત્નત્રય એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તે કોને કહેવાય એનું એમાં સ્વરૂપ છે. રત્નત્રય એટલે મોક્ષનો માર્ગ. રત્નની પૂર્ણ શુદ્ધદશા એવી નિર્મળદશા એનું નામ મોક્ષ. એનું કારણ એવી આત્માની અંદરની જે નિર્મળ વીતરાગી પર્યાય એ નિશ્ચયમોક્ષમાર્ગ છે. એમાં શુભરાગરૂપ વ્યવહારરત્નત્રયનો ભાવ એ બંધરૂપ છે, પણ એને ઉપચારથી મોક્ષમાર્ગ કહે છે. એમાં ૧૦૯ પાને.

'**આમ ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે.**' ત્રણ બોલ આવી ગયા છે. ભગવાન આત્મા અંતર સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરતાં થકાં એની અધૂરી દશા જ્યાં સુધી હોય છે ત્યાં સુધી એને શુભરાગ હોય છે શુભરાગ. એ શુભરાગમાં પંચપરમેષ્ઠીની ભક્તિ હોય છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એવા પંચપરમેષ્ઠીની પરંપરા ભક્તિ, પંચપરમેષ્ઠીની શ્રદ્ધા એ આત્માને રાગનું કારણ, શુભરાગનું નિમિત્ત છે, એને વ્યવહારશ્રદ્ધા કીધી છે. કહો, સમજાણું? પંચપરમેષ્ઠી સર્વજ્ઞ ભગવાન અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચની શ્રદ્ધાને અહીંયાં વ્યવહારશ્રદ્ધા કીધી છે. કેમકે એ શુભરાગ છે. અને '**સંશય, વિમોહ ને વિભ્રમરહિત (જ્ઞાન)...**' ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે કહેલું જે જ્ઞાન એમાં સંશય, વિપરીતતા અને અજ્ઞાનતાનો ત્યાગ થઈને જે કાંઈ વ્યવહારુ સમ્યગ્જ્ઞાન થાય એને વ્યવહારસમ્યગ્જ્ઞાન કહે છે. સમજાય છે? અને પાપના પરિણામથી મુનિને અશુભના ભાવથી નિવૃત્તિ એને શુભરૂપ વ્યવહારચારિત્ર કહે છે. એ વાત આવી ગઈ છે. '**આમ ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે.**' ૧૦૯ પાને પહેલી લીટી. આમ ભેદ ઉપચાર, ભેદરૂપ વ્યવહારરત્નત્રય એટલે મોક્ષના વ્યવહાર નિમિત્તરૂપ કારણ એની પરિણતિ નામ શુભરાગરૂપ અવસ્થા છે તેને વ્યવહારમોક્ષમાર્ગ કહે છે. ખરેખર એ મોક્ષમાર્ગ છે નહિ, પણ એ વિકલ્પ છે એને ઉપચારથી કહે છે. સમજાણું કાંઈ?

'**તેમાં, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.**' બીજી લીટી. તેમાં ભગવાન સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરદેવે છાંડવાયોગ્ય ભાવ પુણ્ય-પાપ આદિ કહ્યા અને ઉપાદેય ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદસ્વરૂપ છે એ ઉપાદેય છે એવું જે વિકલ્પવાળું, રાગવાળું તત્ત્વનું જ્ઞાન તે વ્યવહારસમ્યગ્જ્ઞાન છે. ભાઈ! એ વ્યવહારસમ્યગ્જ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? હજી તો વ્યવહાર એટલે વિકલ્પ શુભરાગ. આત્મામાં સર્વજ્ઞ ભગવાન આદિ પંચપરમેષ્ઠીની

શ્રદ્ધા યથાર્થ થવી એનાથી વિરૂદ્ધ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કે બીજાઓએ કહેલાં તત્ત્વોની વિરુદ્ધ માન્યતા ટળવી એનું નામ વ્યવહારશ્રદ્ધાનો શુભરાગ છે. અને ભગવાને કહેલાં શાસ્ત્રોમાંથી સંશય, વિમોહ અને વિભ્રમ ટાળીને જે જ્ઞાન કરવું અને હેય ઉપાદેયનું વિવેકવાળું વ્યવહારુ સમ્યગ્જ્ઞાન એને વ્યવહારસમ્યક્‌રત્ન કહે છે. કહો, સમજાય છે કાંઈ? નિશ્ચયની વાત પછી આવશે.

'**આ સમ્યક્‌ત્વપરિણામનું બાહ્ય સહકારીકારણ...**' આ શબ્દે અંદર છે તો નિશ્ચય સમ્યક્. આત્માનું નીચે અંદર પછી કહેશે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદસ્વભાવ આત્મા છે એની અખંડ સ્વભાવની પ્રતીતિરૂપ નિર્વિકલ્પ સમ્યક્ એવા સમકતિરૂપ પરિણામ. પરિણામમાં પણ સમકિત પર્યાય છે. આત્મા ત્રિકાળ શુદ્ધ ધ્રુવ જ્ઞાયક કારણ શક્તિથી ભરેલો ભગવાન છે. એવી અંતરમાં નિર્વિકલ્પ રાગરહિત સમ્યક્ પ્રતીતિ એનું નામ નિશ્ચયસમ્યગ્દર્શનરૂપ પરિણામ છે, એ મોક્ષનો માર્ગ છે. એ પરિણામનું બાહ્ય સહકારીકારણ, બાહ્ય સહકારી નામ સાચું નિમિત્ત કારણ, '**વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.**' આત્માના ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પ્રતીત થવામાં નિમિત્તરૂપે હોય તો વીતરાગ સર્વજ્ઞ ભગવાન એના મુખકમળમાંથી નીકળેલો સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ. ભગવાનની વાણી બધા પદાર્થને કથન કરવામાં સમર્થ છે. એવું દ્રવ્યશ્રુત વીતરાગની વાણી એ તત્ત્વજ્ઞાન જ, આત્માના સમ્યગ્દર્શન પરિણામને વીતરાગી વાણી જ તત્ત્વજ્ઞાનરૂપ નિમિત્ત છે. એ સિવાય બીજાની વાણી નિમિત્તરૂપ હોઈ શકે નહિ. કહો, સમજાય છે કાંઈ? વજુભાઈ!

આત્મામાં જેને મુક્તિ કરવી હોય એની વાત છે. જેને વર્તમાન સંસારનો પર્યાય દુઃખરૂપ ગોઠતો હોય એની વાત નથી. વર્તમાન પર્યાયમાં વિકાર પુણ્ય-પાપનો, દયા, દાન, કામ, ક્રોધનો બધો દુઃખદાયક વિકાર છે. એ વિનાનું ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ ત્રિકાળ છે એની રુચિ, જ્ઞાન અને રમણતા એ મોક્ષનો માર્ગ છે. એ પ્રગટ કરવો હોય એને શું હોય? એનું અહીંયાં જ્ઞાન કરાવે છે. એ સમ્યગ્દર્શન આત્માના જે વિકારરહિત શુદ્ધ ચૈતન્યસ્વભાવની પ્રતીતરૂપ પરિણામ, એ પરિણામ છે. સમ્યગ્દર્શન એ ત્રિકાળ ગુણ નથી. એ પરિણામરૂપી પર્યાયને નિમિત્તકારણ બાહ્ય સહકારી-સાથે હોય તે. વીતરાગ સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું, ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માએ કહેલા શાસ્ત્રો કે જે પૂર્વાપરવિરોધરહિત હોય છે અને આત્માના કલ્યાણમાં નિમિત્તરૂપે કહેવાય છે.

એ '**સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ...**' તે બાહ્ય સહકારીકારણ છે. કહો, સમજાણું? પણ એ વાણી કોના પાસેથી મળે પહેલી એની વ્યાખ્યા કરે છે. '**જે મુમુક્ષુઓ છે...**' જે ધર્માત્માઓ છે, જે ધર્માત્માઓ છે. અહીં મુમુક્ષુ લીધા છે, ભાઈ! નિમિત્તમાં કેવળી આદિ નથી લીધા. '**જે મુમુક્ષુઓ છે...**' સમ્યગ્દર્શન

પ્રગટ કરનાર નહિ, પ્રગટ કરનાર પરિણામને નિમિત્ત કોણ છે એની વ્યાખ્યા છે. '**જે મુમુક્ષુઓ છે...**' એટલે આત્માના મોક્ષના કામી. સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા છે એ '**તેમને પણ...**' એવા ધર્માત્માને પણ '**ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...**' સમ્યગ્દૃષ્ટિને આત્માના સ્વભાવના નિર્ણયમાં એ મુમુક્ષુઓ જેને પોતાને મોક્ષની અભિલાષા અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ છે. એ જીવો ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવને ઉપચારથી પદાર્થના નિર્ણયના હેતુપણાને લીધે ધર્મી જીવના સમ્યગ્દર્શનના પરિણામમાં એ નિમિત્તરૂપ મુમુક્ષુજીવો ધર્મી જે પોતે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની આદિ ચારિત્ર છે તે, એ ધર્મી જીવને પદાર્થ નિર્ણયના નિમિત્તપણાને લઈને '**અંતરંગ હેતુઓ કહ્યા છે,...**' સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાન છે એની નિર્મળ પ્રતીતિમાં મુમુક્ષુ જીવને અંતરંગ હેતુ તરીકે ઉપચારથી કહ્યા છે. કારણ કે એ તો પરચીજ છે. એટલે ઉપચાર અને વ્યવહાર જ છે, પણ એને મુખ્યપણું વીતરાગની વાણી અને વાણી એ મુમુક્ષુ ધર્માત્માની વાણી કરતા એના આત્માને અંતરંગ હેતુપણે કહ્યો છે. સમજાય છે કાંઈ? શું કહ્યું સમજાણું? વાણી તો પહેલી કહી, પણ એ વાણી ધર્માત્મા પણ બોલે પોતે ભલે કહે, પણ એ વાણી તો બાહ્ય સહકારી કારણરૂપે સમ્યગ્દર્શનને છે. પણ ધર્માત્માનો આત્મા, મુમુક્ષુઓ પોતે ધર્માત્મા એનો આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો આત્મા એ ધર્મી જે ધર્મ પ્રગટ કરવા આત્મામાંથી પર્યાય પ્રગટ કરવા માગે છે એને એ મુમુક્ષુ પદાર્થ યથાર્થ આત્મા શું? પુણ્ય શું? વ્યવહાર શું? નિમત્તિ શું? એના નિર્ણય કરવામાં હેતુરૂપપણાને લીધે અંતરંગ હેતુ કહ્યા છે. કહો, સમજાય છે કાંઈ? ...ભાઈ!

એ કીધુંને કે વાણી કરતા એનો અભિપ્રાય એ લક્ષમાં ઓલો લે છે એથી ઉપચારથી અંતરંગ હેતુ કહ્યો છે. એ તો છે તો પર આત્મા. સમ્યગ્દૃષ્ટિ જીવને આત્મસ્વભાવની પ્રાપ્તિ પ્રતીતના પરિણામમાં નિમિત્ત અંતરંગ નિમિત્તરૂપે, છે તો બાહ્ય, એથી તો કહ્યું ઉપચારથી, પણ ખાસ એ આત્મા શું કહે છે? એનો અભિપ્રાય શુદ્ધ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ તરફ વાળવાનો શું છે? પુણ્ય, પાપ, વિકલ્પ, રાગ છે નિમિત્ત એ પર છે, સ્વભાવ તરફ વાળવાનો એનો અભિપ્રાય શું છે? એ અભિપ્રાયને પકડે છે ઓલો. એથી અભિપ્રાયવાળો સામે જે જીવ છે એને સમ્યગ્દર્શન પામવાના પરિણામમાં ઉપચાર તરીકે અંતરંગ હેતુ કહ્યા છે. કહો, સમજાય છે કાંઈ? ઝીણી વાત.

વસ્તુ તો આત્મા પોતે જ કારણ છે. એ તો અહીં તો નિમિત્તની વાત ચાલે છે. અખંડ જ્ઞાયક ચૈતન્યજ્યોત નિર્મળસ્વરૂપ છે એ જ પોતાના સમ્યગ્દર્શનનું કારણ છે, પણ એ વખતે નિમિત્ત કેવું હોય એની વ્યાખ્યા ચાલે છે. કારણ કે વ્યવહારની વ્યાખ્યા કરી ગયા તો નિમિત્તની બધી એક સાથે વ્યાખ્યા કરી અને પછી નિશ્ચયની વ્યાખ્યા કરે છે. આત્મા જે શુદ્ધ જ્ઞાન ચૈતન્યમૂર્તિ અખંડ આનંદ છે એવી પ્રતીત કરનારને, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ વ્યવહાર

છે. હેય ઉપાદેય અને સંશય, વિમોહ, વિભ્રમરહિતનું જ્ઞાન એ નિમિત્ત છે અને મુનિને અશુભ પરિણામની નિવૃત્તિરૂપ શુભરાગ એ રૂપ ચારિત્ર પંચમહાવ્રતનું એ અંતરસ્વરૂપના ચારિત્રમાં નિમિત્ત છે. એ વાત કરતાં ભેગા આ નિમિત્તની પણ સાથે વાત કરે છે.

ધર્મી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનને પામનાર જીવને વીતરાગ સર્વજ્ઞના મુખથી નીકળેલી વાણી તે નિમિત્ત છે અને એ વાણીને સમજનાર... કહો, સમજાણું? ધર્મી જીવો છે તે સમ્યગ્દૃષ્ટિ જીવને ઉપચારથી, વ્યવહારથી, અંતરંગ હેતુ કહ્યા છે. કેમકે એનો અભિપ્રાય ઓલો પકડે છે એથી એને અંતરંગ નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? બહાર બીજી ચીજ છેને. અંતરંગ હેતુ તો નિમિત્ત છે. અંતરંગ હેતુ એટલે અંતરંગ નિમિત્ત, અંતરંગ નિમિત્ત. અંતરંગ નિમિત્ત પણ કેમ પરને અંતરંગ નિમિત્ત કીધું? છે તો પર. મુમુક્ષુ ધર્માત્મા છે તો પર. એ ધર્મી જીવને પર કેમ અંતરંગ હેતુ કહ્યા? કે ઉપચારથી. પણ વાણીમાં વજન આપવા કરતા એના આત્માનું વજન આપવા એને અંતરંગ હેતુ કહ્યો છે. શું કહ્યું સમજાય છે કાંઈ આમાં?

**શ્રોતા :-** બાહ્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો બાહ્ય છે. બેય બાહ્ય છે. આત્મા આમ જ્ઞાયક ચૈતન્ય મૂર્તિ અખંડ આનંદકંદ શુદ્ધ છે એવી અંતરમાં રાગરહિત સ્વભાવની પ્રતીતિના પરિણામ તેને સમ્યગ્દર્શન કહે છે. તે સમ્યગ્દર્શનના પરિણામને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ શુભરાગને નિમિત્ત કહ્યો છે. નિમિત્ત છે, સ્વભાવનો અંતર આદર કરે તો. એ વખતે વીતરાગની વાણીને નિમિત્ત કહ્યું છે. બાહ્ય સહકારી નિમિત્ત. એ વખતે ધર્માત્મા સમકિતીનો આત્મા, જે વાણી છે એ તો બાહ્ય સહકારી નિમિત્ત કીધું, પણ એનો આત્મા એ ઉપચારથી અંતરંગ હેતુ, અંતરંગનું નિમિત્ત છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અટપટી વાત કીધી જરી. શું કીધું વીરજીભાઈ? ઉપાદાન ક્યાં હતું? એ તો નિમિત્ત છે, હેતુ નિમિત્ત છે.

આત્મા ચૈતન્યમૂર્તિ વસ્તુ અખંડ આનંદકંદ કારણપરમાત્મા છે. એક સમયમાં શુદ્ધ ધ્રુવ નિત્યાનંદ સામાન્ય ધ્રુવસ્વભાવ એનો એક સમયનો પર્યાય નહિ, પુણ્ય વિકલ્પ નહિ અને નિમિત્ત નહિ. ત્રિકાળી આનંદકંદ ધ્રુવ જે દ્રવ્ય છે એમાંથી પર્યાય નવી પ્રગટે છે. પર્યાયમાંથી પર્યાય આવતી નથી, પુણ્યમાંથી પર્યાય આવતી નથી, નિમિત્તમાંથી કાંઈ નવી પર્યાય આવતી નથી. એ પર્યાયનું કારણ ત્રિકાળ શુદ્ધ જ્ઞાયકમૂર્તિ કારણ દ્રવ્યસ્વભાવ એની પ્રતીત કરનાર જીવને એ પ્રતીત તે સમ્યગ્દર્શન પરિણામ છે. એ સમ્યગ્દર્શન પરિણામ ઈ મોક્ષનું કારણ છે. પણ તે પરિણામને નિમિત્તરૂપ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ કહ્યો. સમ્યગ્દર્શન પરિણામ નિમિત્ત, સમ્યગ્જ્ઞાનને વ્યવહારસમ્યગ્જ્ઞાનનું પરિણામ નિમિત્ત, નિશ્ચયચારિત્રને વ્યવહારચારિત્રના શુભ પરિણામ નિમિત્ત, પણ એ ઉપરાંત વ્યવહાર સાથે વ્યવહાર આ નાખે છે વીતરાગની વાણી. કારણ કે એ વખતે એમાં સર્વજ્ઞ જે વાણી કરે છે એ વાણી, પણ એ વાણી હોય તો

મુમુક્ષુ પાસેથી મળે છે એ વાત લેવી છે, ભાઈ! મુમુક્ષુ કેવળી નથી લેવા હવે પાછળથી.

'**જે મુમુક્ષુઓ છે તેમને પણ...**' ધર્મી જીવ જેને આત્માના સ્વભાવનું ભાન કરવું છે તેને. એ બીજા ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવ છે તે '**ઉપચારથી...**' વ્યવહારથી સહકારી કારણ અપેક્ષાએ '**પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...**' ભગવાન આત્મા કેવો છે એ પદાર્થનો નિર્ણય આત્મા કરે ત્યારે તેના હેતુપણાને લીધે ધર્માત્મા બીજો જીવ એને અંતરંગ હેતુઓ કહ્યા છે. અંતરંગ નિમિત્તકારણ તરીકે ધર્મી જીવને બીજો ધર્મી જીવ પરિણામ સમકિત પામે એને ધર્મી જીવ નિમિત્ત છે એમ કહ્યું છે. કહો, સમજાય છે કાંઈ? ભારે ભાઈ! અભ્યાસ આ તો ઝીણો પડે માણસને.

'**કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.**' કેમકે જે ધર્મી જીવ બીજા ધર્મ પામનારને જે નિમિત્તરૂપે આત્મા થાય છે તે આત્માને દર્શનમોહનીય કર્મનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ હોય છે. માટે, બીજા ધર્મ પામનાર જીવને અંતરંગ નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. નવરંગભાઈ! ઝીણી વાત છે જરી બરાબર. શુદ્ધ ઉપાદાન પછી આવે છે. અહીં તો હજી નિમિત્તની વ્યાખ્યા કરે છે. પોતાને નિમિત્ત કે દિ' હતુ? પોતે તો ઉપાદાન ત્રિકાળ સ્વભાવ છે. કહો, સમજાય છે કાંઈ? મોહનભાઈ! ભારે ઝીણું. ઓહો..હો..! ધર્મ...

આ આત્મા વસ્તુ છે આખો આ મન, વાણી, દેહના પરમાણુથી જુદો, આઠ કર્મની ભૂલ અંદર છે પરમાણુ માટીથી જુદો, એક સમયનો દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધનો વિકલ્પ ઉઠે છે એક સમય, એક સમય, એ વિકાર એ તો એક સમયનો છે. એનાથી ત્રિકાળી ભિન્ન જ્ઞાયક ચૈતન્ય ભગવાન એવા જ્ઞાયક એકરૂપ ધ્રુવ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ એની પ્રતીતરૂપી પરિણામને આ નિમિત્ત કહેવામાં આવે છે. આ બધો તો વ્યવહાર કહ્યો, એ નિમિત્ત કહ્યો છે. કહો, સમજાય છે કાંઈ? હવે એ નિમિત્ત કોને થાય? આ નિશ્ચય હોય એને થાય. નિશ્ચયની વ્યાખ્યા હવે કરે છે.

હવે નિશ્ચયમોક્ષમાર્ગ, ખરો મોક્ષમાર્ગ (કહે છે). '**અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને,...**' અભેદ આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત છું એની અંતર સ્વભાવ સન્મુખની શ્રદ્ધા, સ્વભાવ સન્મુખનું જ્ઞાન, સ્વભાવ સન્મુખની રમણતા એને અભેદ કહે છે. અનુપચાર એટલે નિશ્ચય. એને ઉપચાર છે નહિ. વ્યવહાર નથી. '**અભેદ-અનુપચાર...**' ભગવાન જ્ઞાયક ચૈતન્ય જ્યોત જેની દ્રવ્યની ખાણમાંથી મોક્ષમાર્ગ વહે છે. એ વર્તમાન પર્યાયમાંથી મોક્ષમાર્ગ થાતો નથી, પુણ્યમાંથી થતો નથી, નિમિત્તમાંથી થતો નથી. ત્રિકાળ જ્ઞાયક વસ્તુ આદિ અંત વિનાનો આત્મા ધ્રુવ ચૈતન્ય ભગવાન છે. આદિ પણ નથી અને જેનો અંત પણ નથી. એવો જે ધ્રુવ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ કારણપરમાત્મા, કારણશુદ્ધજીવ એની અંતરમાં સ્વભાવની અભેદતા, એકતા, અનુપચાર, ઉપચાર વિનાની યથાર્થતા એવા '**રત્નત્રયપરિણતિવાળા જીવને,...**' રત્નત્રય. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર એ રત્નત્રય. પરિણતિ એટલે પર્યાય, પર્યાય

એટલે અવસ્થા. એવા જીવને. હવે સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરે છે.

**'ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે,...'** આ સમ્યગ્દર્શન, આ નિશ્ચય. **'ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...'** ભગવાન જ્ઞાયકમૂર્તિ એક સમયમાં પરિપૂર્ણ સ્વભાવથી ભર્યો છે. સમજાય છે કાંઈ? જુઓ, આ સમ્યગ્દર્શન મોક્ષનું કારણ આ... ત્યારે ઓલા બધાને નિમિત્ત કહેવાય છે. ટંકોત્કીર્ણ એટલે એવો ને એવો શાશ્વત ચૈતન્યજ્યોત પડ્યો છે અંદર. એક સમયનો પર્યાય અને એક સમયના વિકારનું લક્ષ છોડી દ્યો તો ત્રિકાળ જ્ઞાયક ધ્રુવ.. ધ્રુવ નિત્ય ટંકોત્કીર્ણ એવો ને એવો શાશ્વત પરમાત્મા પોતે... પોતે એવો જ્ઞાયક જાણનાર, દૃષ્ટા, જ્ઞાયક ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ દરેકનો આત્મા **'જેનો એક સ્વભાવ છે...'** જેનો એકરૂપ, ભેદ વિના, પ્રકાર વિના, અનેકતા વિના, સંયોગ વિના, નિમિત્તતા વિના, વિવિધતા વિના એકરૂપ સામાન્ય દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... સામાન્ય ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... સામાન્ય એકરૂપ જ્ઞાયકમૂર્તિ, સામાન્ય એકરૂપ સ્વભાવ છે.

**'એવા નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે,...'** કહો, સમજાણું? એવો જે નિજપરમતત્ત્વ આત્મા એની શ્રદ્ધાને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું? શું કહે છે? એ વડે અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે એમ કહે છે. આ વડે અનંતકાળમાં નહિ થયેલી એવી સિદ્ધપર્યાય, મોક્ષપર્યાય, કલ્યાણની પરિપૂર્ણરૂપ પર્યાય પ્રગટ થાય છે. ક્યા વડે? જુઓ, ઓલો વ્યવહાર વડે નહોતું ક્યાંય. માથે વ્યવહાર સમજાવ્યો હતો કે પંચપરમેષ્ઠીની ભક્તિરૂપ શુભરાગ, સંશય, વિમોહ, વિભ્રમરહિત જ્ઞાન અને અશુભ પરિણામ રહિત શુભભાવરૂપ પંચમહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણરૂપ શુભભાવ એને વ્યવહાર કહ્યો હતો. અને આ પણ વ્યવહાર બીજો વીતરાગની વાણી અને મુમુક્ષુ પુરુષો નિમિત્ત કહ્યા હતા. એ ઓળખાણ આપી છે. એને મોક્ષનું કારણ તરીકે એમ કહ્યું નહોતું. સમજાય છે કાંઈ? આ મોક્ષના કારણ તરીકે. જુઓ, આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા.

સમ્યગ્દર્શન એ કોઈ વાડાની ચીજ નથી. કોઈ પુણ્ય પરિણામ વ્યવહારરત્નત્રય, દયા, દાન, ભક્તિનો વિકલ્પ વૃત્તિ ઉઠે એવી એ ચીજ નથી, એ નિમિત્તની ચીજ નથી, કર્મમાંથી મળતી નથી, કર્મના અભાવમાંથી મળતી નથી. એ તો જ્ઞાયક એક સમયમાં ચૈતન્યમૂર્તિ ભગવાન, ધ્રુવસ્વભાવની સન્મુખ પ્રતીત કરતાં જે તત્ત્વની શ્રદ્ધા થઈ એને સમ્યગ્દર્શન કહે છે. નિજ પરમતત્ત્વની શ્રદ્ધા. કોની? નિજપરમતત્ત્વની શ્રદ્ધા. સમજાય છે કાંઈ? ભાઈ! આ તો અભ્યાસ કરે તો સમજાય એવું છે. ઉપરટપકે કાંઈ હાથ આવે એવું નથી. એય..! મોહનભાઈ! કેમ વજુભાઈ! આ રૂપિયા પણ જ્યાં-ત્યાંથી રખડીને લાવ્યા છો એ પણ કાંઈ આત્મા લાવ્યો નથી. એ તો પુણ્ય હોય તો આવે, નહિતર એક રાતી પાઈ આવે નહિ. આ તો પુરુષાર્થ વિના સમજાય એવું નથી. સમજાણું કાંઈ?

ઓલો વ્યવહાર કહ્યો હતો, પણ કોને વ્યવહાર હોય? કોને એ નિમિત્ત કહેવાય? કોને

એ વીતરાગની વાણી સહકારી કહેવાય? કોને અંતરંગ હેતુ ધર્માત્મા મુમુક્ષુ પુરુષો અંતરંગ નિમિત્ત તરીકે ઉપચારથી કહેવાય? કે જેને અંતર ભગવાન આત્મા પરિપૂર્ણ સ્વભાવથી હું એકરૂપ ભર્યો છું. સમય-સમયની જે પર્યાય મોક્ષમાર્ગની કે રાગની એ એક સમયનો વિકાર અને પર્યાય છે. ભગવાન ત્રિકાળ સ્વરૂપ એક સમયમાં દ્રવ્ય શક્તિથી ભરેલો, સ્વભાવથી ભરેલો ટંકોત્કીર્ણ નામ શાશ્વત એકરૂપ રહેનારો જ્ઞાયક જેનો સ્વભાવ, જ્ઞાયક જેનો સ્વભાવ, ભેદરૂપ જેનો સ્વભાવ નથી. પુણ્ય પરિણામ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષના પરિણામ એ રૂપ પણ જેનો સ્વભાવ નથી. શું કહ્યું સમજાણું? વ્યવહારરત્નત્રય તો રાગ છે, પુણ્ય છે. એ રૂપ તો એનો સ્વભાવ નથી, પણ નિશ્ચયત્નત્રય જે મોક્ષનો માર્ગ જે આ પરમતત્ત્વની શ્રદ્ધા, શ્રદ્ધા એ પણ ભેદ છે. ત્રિકાળ જ્ઞાયકસ્વભાવમાં એકરૂપ વસ્તુ ત્રિકાળ નિત્યાનંદ પડી છે એની શ્રદ્ધા વડે સિદ્ધની પર્યાય થાય છે, એ વડે મુક્તિની પર્યાય પ્રગટે છે. નથી વ્યવહારરત્નત્રય પંચમહાવ્રત, બાર વ્રતના વિકલ્પથી મુક્તિ થતી, નથી પંચપરમેષ્ઠીની ભક્તિના વ્યવહારશ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એનાથી મુક્તિ નથી થતી, તેમ હેય-ઉપાદેયનું વ્યવહારુ જ્ઞાન, સંશય, વિમોહ અને વિભ્રમરહિત જ્ઞાન એનાથી પણ મુક્તિ થતી નથી. કહો, સમજાય છે કાંઈ?

નિજપરમતત્ત્વની વ્યાખ્યા—ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એ સ્વભાવ એવું એ નિજપરમતત્ત્વ. નિજપરમતત્ત્વ. પાછું બીજાનો ભગવાનનો નહિ આત્મા. ભગવાનનો આત્મા કાંઈ આત્માને તારતો નથી. રાગ હોય છે ત્યારે તેમાં નિમિત્તનું લક્ષ જાય છે. સમજાય છે? પણ એ નિમિત્ત રાગ એ બંધનું કારણ રાગ છે. પણ નીચલી દશામાં પૂર્ણ વીતરાગતા ન હોય ત્યારે શુભરાગ હોય છે એટલે વ્યવહારરત્નત્રયનું વર્ણન કર્યું છે, પણ તે મુક્તિનું કારણ નથી. સિદ્ધપર્યાયને મોક્ષની પર્યાય એટલે સિદ્ધદશા આત્માની પરમશુદ્ધ પવિત્રદશા એને મોક્ષદશા કહે છે. એનું કારણ તો નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે. બાબુભાઈ! સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! પૈસા વડે મળે નહિ કહે છે આ તો. વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા કરે તો રાગ. એ વડે મુક્તિ મળે નહિ. ભાઈ! આ તો અંતરંગના હેતુ વડે મળે એમ કીધું. વજુભાઈ! નિમિત્તની વ્યાખ્યા કરી એ તો. એ તો બધા વ્યવહારરત્નત્રય. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને પર તરફના સન્મુખથી શ્રદ્ધા કરે ત્યારે તો શુભરાગ. તે નિજ પરમતત્ત્વની શ્રદ્ધા કરે ત્યારે તે રાગને, નિમિત્તને વ્યવહાર કહેવાય છે, નહિતર વ્યવહાર પણ કહેવાતો નથી. કહો, સમજાય છે કાંઈ? આ તો સમજવા જેવું છે, ભાઈ! શાંતિભાઈ! જરી ઝીણું છે, ભાઈ! એમ ઉપરટપકે બે દિ' આવે એમ નથી પકડાય એવું આ. જરી શાંતિથી, ધીરજથી સમજે તો પકડાય એવી વાત છે, પણ આત્માનું કલ્યાણ કરવાની ધગશ થઈ હોય તો સમજાય એવું છે આ.

**'અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને,...'** પહેલું અભેદ તો કહ્યું, ભાઈ! એને .. કેવો હોય છે? કે **'એવા નિજપરમતત્ત્વની...'** ભગવાન જ્ઞાયક મૂર્તિ છું. એક

સમયનો પર્યાય છેને પ્રગટ વ્યક્ત, વ્યક્ત વ્યક્ત ભલે ક્ષયોપશમ હો, ગમે તે હો, એક સમયનો વ્યક્ત પ્રગટ પર્યાય એ નિજપરમતત્ત્વ નથી. સમજાય છે કાંઈ? એ પુણ્ય વિકલ્પ દયા, દાન, ભક્તિનો વિકલ્પ ઉઠે કે હિંસા, જૂઠાનો વિકલ્પ ઉઠે એ નિજપરમતત્ત્વ નથી. નિજ પરમતત્ત્વ તો જ્ઞાયક ધ્રુવ સામાન્ય એકરૂપ દ્રવ્યસ્વભાવ જેમાંથી મોક્ષમાર્ગની પર્યાય પરિણમે, વહે અને થાય એવો જે કારણપરમાત્મા એકરૂપ ભગવાન આત્મા એને નિજતત્ત્વ કહે છે. એવા નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે સિદ્ધની પર્યાય થાય છે, મુક્તિની પર્યાય થાય છે. કહો, સમજાય છે કાંઈ?

હવે જ્ઞાન. '**તદ્જ્ઞાનમાત્ર (-તે નિજપરમતત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ) એવા અંતર્મુખ પરમબોધ વડે...**' હવે સમ્યગ્જ્ઞાન કોને કહે છે મોક્ષનું કારણ. શાસ્ત્ર-બાસ્ત્રનું જ્ઞાન એ મોક્ષનું કારણ નથી. શાસ્ત્રજ્ઞાન એ પરજ્ઞાન છે એ પહેલી વાત આવી ગઈ. સંશય, વિમોહ અને વિભ્રમરહિત અને હેય-ઉપાદેયના ત્યાગવાયોગ્ય કોણ અને આદરવાયોગ્ય કોણ એવું જે રાગવાળું, વિકલ્પવાળું જ્ઞાન એ મોક્ષનું કારણ નથી. શાસ્ત્રજ્ઞાન મોક્ષનું કારણ નથી. એ પર તરફનું વલણ છે, એ નિમિત્તરૂપે હોય છે. પણ કોને? કે '**તદ્જ્ઞાનમાત્ર...**' તદ્ તદ્. તે નિજપરમતત્ત્વ. કહ્યું માથે ઈ. એક ટંકોત્કીર્ણ શાશ્વત ધ્રુવ જ્ઞાયક જેનો એક સ્વભાવ એવો ભગવાન પોતે આત્મા એવા નિજપરમતત્ત્વના જ્ઞાનમાત્ર. એનું જ્ઞાન. શાસ્ત્રનું નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રનું નહિ. એ શાસ્ત્રનું જ્ઞાન વિકલ્પમાં જાય, રાગમાં જાય. કોને? કે ત્રિકાળ ચૈતન્યનું અવલંબન લઈને નિજપરમતત્ત્વનું જ્ઞાનમાત્ર સ્વરૂપ એવા અંતર્મુખ પરમબોધ વડે. અંતર્મુખ ત્રિકાળ ચૈતન્ય ભગવાન એકરૂપ ધ્રુવસ્વભાવ છે એમાં અંતર્મુખ થઈને જે બોધ પ્રગટ્યો એવા પરમબોધ વડે મુક્તિ થાય છે. આ એને સમ્યગ્જ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ? કાંઈ સમજાય છે એમ કહેવાય છે. વજુભાઈ! શાસ્ત્રજ્ઞાન શાસ્ત્ર પર વસ્તુ છે.

ભગવાન આત્મા જ્ઞાયક જેની જ્ઞાનની ખાણ શક્તિનો ભંડાર ભર્યો છે. ધ્રુવ સામાન્ય જ્ઞાયકમૂર્તિ એનું નિજપરમતત્ત્વનું જ્ઞાન '**એવા અંતર્મુખ પરમબોધ વડે...**' સિદ્ધની પર્યાય પ્રગટે છે. આવા પરમબોધ વડે મુક્તની દશા પ્રગટે છે. બીજા કોઈ જ્ઞાન વડે મુક્તિની દશા પ્રગટતી નથી. સમજાય છે કાંઈ? '**તદ્જ્ઞાનમાત્ર એવા અંતર્મુખ પરમબોધ વડે...**' એકલો અંતર્મુખ. જે શાસ્ત્રનું જ્ઞાન કહ્યું. સંશય, મોહ અને વિભ્રમરહિત કે હેય-ઉપાદેયરહિત એ તો પર તરફના વલણવાળો વિકલ્પ અને શુભરાગ છે, એ કાંઈ મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો તદ્જ્ઞાનમાત્ર ચિદાનંદ ભગવાન જ્ઞાયકમાત્ર સ્વભાવ ધ્રુવ. અંતર્મુખ વલણ થતાં જે સમ્યગ્જ્ઞાન થયું એવા પરમબોધ વડે સિદ્ધની પર્યાય અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય. અનંતકાળમાં જે મોક્ષની પર્યાય ન પ્રગટી એવી પર્યાય નામ આત્મા આનંદદશા આવા પરમબોધ વડે થાય છે. માટે એને સમ્યગ્જ્ઞાનરત્ન કહ્યું છે. સમ્યગ્જ્ઞાનરત્ન. પહેલું પરમતત્ત્વની શ્રદ્ધા, એ શ્રધ્ધા સમ્યગ્દર્શન રત્ન.

માણસ માલ લેવા જાય તો રત્ન કાંઈક લઈને જોવા જાયને કાંઈક વસ્તુ લઈને. એમ કહે છે કે આત્માનો પરમ આનંદ, મુક્તદશારૂપી માલ જેને જોતો હોય એણે ત્રણ રત્ન મેળવવા જોઈએ. એ રત્ન ક્યાંથી મળે? દેહ, વાણી નહિ, મન નહિ, શુભાશુભવિકલ્પ દયા, દાન, કામ, ક્રોધ, વ્રતાદિની વૃત્તિ ઉઠે એ વિકલ્પ ઉત્થાન બધો વિકાર. એક સમયનો ક્ષયોપશમ જ્ઞાનનો પર્યાય, ઉઘાડ એક સમયનો ક્ષયોપશમ, ઉપશમ કે વગેરે તે સમયનો પર્યાયમાંથી પર્યાય નવી આવતી નથી. માટે એક સમયના પર્યાય વિનાનું ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ સ્વભાવ ધ્રુવ એનું તદ્જ્ઞાનમાત્ર અંતર્મુખમાં એકાકાર થઈને પ્રગટેલું જે સમ્યગ્જ્ઞાન એ જ્ઞાન વડે કરી આત્માની મુક્ત પર્યાય અભૂતપૂર્વ—અનંતકાળમાં નહિ થયેલી મોક્ષદશા થાય છે. એ સિવાય કોઈ ઉપાયથી થતી નથી. કહો, સમજાય છે કાંઈ?

હવે ચારિત્ર. ત્રીજું ચારિત્ર. ચારિત્રને કોને કહેવું? '**અને તે-રૂપે અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે...**' ભગવાન જ્ઞાયકસ્વરૂપ ભગવાન એકરૂપ ચૈતન્યજ્યોત એના એક સમયના મહાવ્રતના અને પંચમહાવ્રતના વિકલ્પ વિનાનો અને પંચમહાવ્રતના સ્થાનમાં એક સમયના ક્ષયોપશમજ્ઞાન આદિ પર્યાય વિનાનો જે ત્રિકાળ ધ્રુવ જ્ઞાયક મૂર્તિ છે તે નિજ પરમતત્ત્વરૂપી અવિચળપણે. નિજપરમજ્ઞાન ટંકોત્કીર્ણ સ્વભાવમાં અવિચળપણે—ચળે નહિ એમાં સ્થિતસ્વરૂપ નિત્યાનંદમાં સ્થિત, ચિદાનંદમાં સ્થિત, ધ્રુવ સ્વભાવમાં સ્થિત, ત્રિકાળ જ્ઞાયક પરમતત્ત્વમાં સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે. લ્યો, આનું નામ ચારિત્ર. આ ચારિત્ર મુક્તિનું કારણ છે. કહો, એ અંદર પ્રાપ્ત છે એમાંથી એકાગ્ર થયો ત્યારે પર્યાય પ્રગટ થાય છે. અંતરમાંથી આવે છે. કોઈ પંચમહાવ્રતના કષાય મંદના એવા પાપની નિવૃત્તિરૂપ અશુભભાવથી છૂટ્યો અને શુભભાવ કર્યો એ વડે કરીને ચારિત્ર આવતું નથી. કહો, સમજાય છે કાંઈ? નવા માણસને તો આ ભારે વાત લાગે એવું છે. શું કહે છે આ? મોહનભાઈ!

અંતર '**તે-રૂપે અવિચળપણે...**' તે-રૂપ એટલે? એક સમયનો પર્યાય છે અવસ્થા એ રૂપે નહિ, એક સમયનો વિકાર વિકલ્પ જે દયા, દાન, પંચમહાવ્રતનો એ રૂપે નહિ, નિમિત્તનો નહિ. અંતર નિજપરમતત્ત્વ જ્ઞાયકસ્વભાવ એકરૂપ ત્રિકાળ પરમસ્વભાવ છે તે રૂપે અવિચળરૂપે સ્થિત, અવિચળપણે સ્થિત '**થવારૂપ સહજચારિત્ર વડે...**' એવા સ્વભાવિક અંતર્મુખના વલણવાળો વીતરાગી પર્યાય, દ્રવ્યના આશ્રયે અંતરમાં લીન થયેલો વીતરાગી પર્યાય એ વડે '**અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.**' અભૂતપૂર્વ નામ પૂર્વે નહિ કદી થયેલો અપૂર્વ આવા ત્રણ સમ્યક્રત્નત્રય વડે. એ સમ્યક્રત્નત્રય વડે અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે. અને જે વડે સિદ્ધપર્યાય થાય એ નિજપરમતત્ત્વ વડે થાય છે. સમજાણું કાંઈ? આત્માની મુક્ત પરમ સિદ્ધદશા જે અનંત કાળે નહિ થયેલી એવી નિર્મળ વીતરાગી એક સમયનો પર્યાય છે. સિદ્ધ પણ એક સમયનો જ પર્યાય છે. બીજે સમયે બીજો, ત્રીજે સમયે ત્રીજો. પર્યાય છે એટલે પર્યાય પરિણમતો નવો-નવો પરિણમે છે. એવી સિદ્ધની વીતરાગી પૂર્ણ શુદ્ધ પર્યાય. પર્યાય સિદ્ધ

પણ એક પર્યાય છે, કાંઈ ગુણ નથી કાંઈ દ્રવ્ય નથી. દ્રવ્ય તો ત્રિકાળ છે, એમ ગુણ પણ ત્રિકાળ છે. એનો સિદ્ધ પર્યાય છે. સંસાર પણ એક સમયનો પર્યાય છે. સંસાર એ આત્માનો પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન વિકલ્પ ઉઠે વૃત્તિ વિકાર એ મારો એવું મિથ્યાત્વ અને રાગ એ સંસાર. સંસાર એક સમયનો વિકાર આત્મામાં છે. સંસાર કોઈ બે સમય આત્મામાં રહેતો નથી. એ સંસારનો નાશ કરવો પડતો નથી, કહે છે. નિજપરમતત્ત્વનું અવલંબન લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પર્યાય પ્રગટ્યો આ એ વડે સિદ્ધ પર્યાય ત્યારે સંસાર પર્યાયનો વ્યય થઈ જાય છે, નાશ થઈ જાય છે. કહો, સમજાય છે કાંઈ? નવરંગભાઈ! લ્યો, આ મોક્ષનો માર્ગ.

આ તો નિશ્ચય અને વ્યવહાર બેય કહ્યા. શુદ્ધ ઉપાદાન અને નિમિત્ત બેયનું કથન કહ્યું. સમજાણું આમાં? પહેલાં, પછીનું વર્ણન છે હોં આમાં. પહેલાં, પછી સ્વરૂપમાં નથી. એટલે કે પહેલો વ્યવહાર આવે અને પછી નિશ્ચય આવે એમ આમાં નથી. વસ્તુ તો ત્રિકાળ જ્ઞાયક પરમતત્ત્વ ચૈતન્યજ્યોત એકરૂપ સ્વભાવ ધ્રુવ જ્ઞાયક જેમાંથી પર્યાય પ્રગટે. પર્યાય એટલે અવસ્થા. અવસ્થામાંથી અવસ્થા ન થાય. માટે અવસ્થા આદરણીય છે નહિ. ત્રિકાળ અવસ્થાવાન સ્વભાવ સામાન્ય ચૈતન્ય એવું નિજપરમતત્ત્વ એની શ્રદ્ધા, એનું તદ્‌માત્ર સમ્યગ્જ્ઞાન અને તદ્‌માત્ર ચૈતન્યપરમતત્ત્વમાં અવિચળપણે સ્થિત સહજ નિર્મળ વીતરાગચારિત્ર એ વડે અનંત કાળે નહિ પ્રગટેલી એવી મોક્ષની દશા આત્માને થાય છે, વ્યવહારથી થતી નથી, પુણ્યથી વ્યવહારરત્નત્રયથી અને નિમિત્તથી થતી નથી. એમાં એ વાત આવી જાય છે. કહો, સમજાણું?

હવે જરી મુનિની વાત લઈને સમજાવે છે. 'જે **પરમજિનયોગીશ્વર...**' પરમજિનયોગીશ્વર એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો એને પ્રગટ્યું છે. પરમ જિન નામ વીતરાગી યોગીશ્વર-યોગના ઈશ્વર. અખંડ ચૈતન્ય પરમતત્ત્વ ધ્રુવસ્વભાવ, દ્રવ્યસ્વભાવ છે જેમાંથી પર્યાય વહે, પ્રગટે છે એવા સ્વભાવમાં જેણે એકાગ્રતા કરી એને યોગી કહે છે. આવા ભાન વિનાના જીવને યોગી કહેતા નથી. યોગી-બોગી તો બીજા અન્યમાં પણ ઘણા કહેવાય છે. એમ નહિ. જેવો સર્વજ્ઞ ભગવાને અનંતા આત્માઓ, અનંતગુણના પિંડ ને અનંતી એક સમયમાં અનંતા ગુણોની પર્યાય એવો જે એક આત્મા નિત્ય-નિત્યાનંદસ્વરૂપ નિજપરમતત્ત્વ એવા તત્ત્વની અંદર એકાકાર લીનતા (કરી છે) એને યોગ કહે છે. એ યોગનો પણ ઈશ્વર યોગીશ્વર. પરમ જિનયોગીશ્વર. પરમ નામ ઉત્કૃષ્ટ, જિન નામ વીતરાગી યોગીશ્વર. .. ઓલુ ચિત્ નિરોધ-ફિરોધનું ક્યાંય ઉડી અહીં તો કહે છે. ચિત્ નિરોધ. ચિત્ નિરોધયોગઃ એ નહિ. અહીં તો ત્રિકાળ પરમચૈતન્ય અનંતગુણનો પિંડ સામાન્ય સ્વભાવરૂપ ધ્રુવ નિત્યાનંદ જેવો સર્વજ્ઞે જોયો, જાણ્યો અને કહ્યો એવા ચિદાનંદ ત્રિકાળ ધ્રુવસ્વભાવમાં એકાગ્રતારૂપ યોગ એને મુનિ અને જિનયોગીશ્વર કહે છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિરોધ શેનો હતો? એ તો નાસ્તિથી વાત છે. કહો, સમજાય છે? એકલો નિરોધ તો નાસ્તિ થઈ. અસ્તિ ત્રિકાળ કોણ છે? ત્રિકાળ ચૈતન્યજ્યોત જ્ઞાયક ધ્રુવસ્વભાવની અંદરમાં દૃષ્ટિની એકાગ્રતાનો યોગ એને અહીંયાં યોગી કહે છે.

એવા '**પરમજિનયોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' છઠ્ઠા ગુણસ્થાનની વ્યાખ્યા છે. અંતર દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર તો પ્રગટ્યું છે. પણ જ્યાં સુધી છઠ્ઠી ભૂમિકા મુનિ, આત્માના અંતરની નિત્યપરમતત્ત્વને અવલંબે સમ્યગ્દર્શન, જ્ઞાન અને રમણતા પ્રગટ કરી છે. અખંડાનંદ ધ્રુવ સ્વભાવનું અવલંબન લઈને સમ્યગ્દર્શન, જ્ઞાન અને રમણતા, વીતરાગતા પ્રગટ કરી છે, પણ હજી છઠ્ઠે ગુણસ્થાને મુનિદશા, પ્રમત્તદશામાં વર્તતો હોય છે ત્યારે એને શુભરાગ હોય છે. તેથી એ પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે. તેથી છઠ્ઠા ગુણસ્થાનમાં જે અશુભરાગ છૂટી અને પંચમહાવ્રતના પરિણામ અને અઠ્યાવીશ મૂળગુણ જે મુનિઓના વિકલ્પો છે, એમાં વર્તે છે. એ અપેક્ષાએ તે વ્યવહારચારિત્રમાં વર્તે છે એમ કહ્યું છે. ભાઈ! સમજાય છે કે નહિ?

'**પહેલાં...**' શબ્દ વાપર્યો એટલે? હજી સાતમું ગુણસ્થાન આવ્યું નથી. તે પહેલાંના છઠ્ઠા ગુણસ્થાનમાં આત્મ નિજપરમતત્ત્વના અવલંબે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો પ્રગટ્યું છે. અહીં ચારિત્રની વ્યાખ્યા કરવી છે. '**પરમજિનયોગીશ્વર...**' પોતાના આનંદકંદ ધ્રુવસ્વભાવીના અવલંબે પડ્યો છે, પણ હજી વિકલ્પ ઉઠે છે જરી શુભરાગનો. અઠ્યાવીશ મૂળગુણ મુનિઓના જે નગ્ન દિગંબરદશા બાહ્યથી અને અભ્યંતરથી હોય છે એને અભ્યંતરમાં એક અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ શુભરાગની લાગણી ઉઠે છે. પંચમહાવ્રતાદિની એ બધી લાગણીઓ છે, શુભ છે, વિકાર છે. એ વિકારમાં અશુભરાગનો નિવૃત્ત ભાવ થયો છે, શુદ્ધ ચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ અને લીનતામાં એકાકાર છે, પણ ચારિત્રની રમણતામાં નિર્વિકલ્પચારિત્ર જે સાતમા ગુણસ્થાને જોઈએ એ હજી થયું નથી. કહો, સમજાય છે કાંઈ? એવા સ્વભાવમાં રમણતા ચૈતન્ય જ્ઞાનમૂર્તિ એકાકારમાં રમતા વિકલ્પ ઉઠ્યો છે જરી એવા શુભભાવમાં રહે છે એને વ્યવહારચારિત્ર કહે છે, એને વ્યવહારમુનિ કહે છે. ભાઈ! એ વ્યવહારમુનિ. વ્યવહારમુનિ એટલે નિશ્ચયનું ભાન નથી તેને વ્યવહાર-ફ્વ્યવહારની વાત પણ નથી. કહો, સમજાણું?

'**તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે.**' તપસ્યા એટલે મુનિપણું. એને વ્યવહારનયગોચર—વ્યવહારનયગમ્ય મુનિપણું હોય છે. એટલે કે જ્યાં સુધી મુનિ... સ્વભાવનું ભાન છે. નિશ્ચય અવલંબતો ચૈતન્ય ... પડ્યો છે. અખંડાનંદ નિત્ય ધ્રુવને આશ્રયે મારો પર્યાય પ્રગટ થાય છે એમ ભાન છે, પણ સ્થિર અવલંબીને પડ્યો નથી, જ્યાં સુધી વીતરાગી ચારિત્રમાં સ્થિર નથી થયો ત્યાં સુધી છઠ્ઠા ગુણસ્થાન મુનિને જે શુભરાગ વિકલ્પ ઉઠે છે એ અશુભભાવથી નિવર્ત્યો એથી એને વ્યવહારચારિત્ર અને વ્યવહારતપસ્યા એટલે વ્યવહાર મુનિપણું. વ્યવહારી તપસ્યા, વ્યવહારી મુનિપણું એને કહે છે. કહો, સમજાય છે? વ્યવહાર

એટલે પુણ્યનું કારણ, વ્યવહાર એટલે પુણ્યનું કારણ.

હવે નિશ્ચય તપસ્યા. ત્યાંથી આઘો જઈને ફરે છે આત્મામાં. '**સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે;...**' લ્યો, આ તપસ્યાની વ્યાખ્યા. કેવો છે ભગવાન આત્મા? સહજનિશ્ચયનયસ્વરૂપ ભગવાન જ્ઞાયક જ્યોત આનંદકંદ જેમાંથી આનંદના ઝરણા વહે છે. જેમાંથી પરમસિદ્ધના જેવા આનંદના ઝરણા, પર્યાયમાં ઝરણા વહે છે. આનંદના ઝરણા પર્યાયમાં આનંદ વહે છે. એવો જે ત્રિકાળ આનંદકંદ મૂર્તિ આત્મા આનંદનો પર્વત ધ્રુવસ્વભાવ, એ સહજનિશ્ચયનયસ્વરૂપ પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મા. એવો જે પરમસ્વભાવસ્વરૂપ પરમ આત્મા નામ આત્મા એમાં પ્રત્તપન—એમાં લીન થઈ જવું. પ્ર નામ વિશેષે તપન એવા આત્માને ઓપવો, શોભવો એવી જે અંતરની વીતરાગી દશાની ઉજ્વળતા થવી તેને વીતરાગ ત્રિલોકનાથ તપ કહે છે. તપસ્યાની વ્યાખ્યા પણ બીજી. દર્શનની વ્યાખ્યા બીજી, જ્ઞાનની વ્યાખ્યા બીજી, ચારિત્રની વ્યાખ્યા બીજી. હવે તપની વ્યાખ્યા કરી. કહો, વજુભાઈ! આ તપ હોં! રોટલા ન ખાવા, ફલાણું (ન ખાવું). કોણ રોટલો ખાતો હતો ધૂળ? રોટલો તો જડ-માટી છે. રોટલો લેવો, ન લેવો એ તો જડની પર્યાય સ્વતંત્ર છે. કોઈની પર્યાય કોઈથી થાય તો કર્તા પરનો થાય છે. વસ્તુ કોઈ રીતે સ્વતંત્ર રહેતી નથી. સ્વતંત્ર પદાર્થ જે ત્રિકાળ તેનું વર્તમાન ત્રિકાળને આશ્રયે વર્તમાન થાય. તે તેનું વર્તમાન બીજાથી થાય એમ કોઈ દિ' બને નહિ. તો એનું વર્તમાન ત્રિકાળનું વર્તમાન રહેતું નથી. જે પદાર્થો આવે, જાય, ટળે એ તો પદાર્થની પર્યાયને કાળે થાય છે. આત્મા એનો ધણી નથી, આત્મા એને પરિણમાવી શકતો નથી.

આત્મા પર તરફના આ મૂકું, લઉં એવું અભિમાન કરે તે મિથ્યાત્વભાવ છે. મેં આહાર છોડ્યો, મેં આહાર લીધો. તો પરપદાર્થને છોડવો, ગ્રહવો એ ચૈતન્યનો સ્વામી થાય છે. તે ચૈતન્ય જડનો સ્વામી થાય છે અને ચૈતન્યનો એ ધણી થઈ જાય જડ. સમજાય છે કાંઈ? એના હાથે આવે ને જાય, આત્મા ન હોય તો થાય નહિ, એમ બને નહિ. ચૈતન્યનો ધણી જડ નથી અને જડનો ધણી ચૈતન્ય નથી. એટલે ચૈતન્યને લાભ ક્યારે થાય? કે આહાર ન હોય ત્યારે. એટલે ચૈતન્યનો ધણી જડ થઈ ગયો. અને આહાર ક્યારે ન આવે? કે આત્મા ન લે ત્યારે. એટલે આત્મા જડનો સ્વામી થઈ ગયો. શું કહ્યું સમજાય છે કાંઈ?

આહાર ન આવે તો જીવને લાભ થાય એટલે જીવના લાભનો સ્વામી આહાર. અને આહાર લેવો, ન લેવો એ જીવને આધીન એટલે જડનો ચૈતન્ય સ્વામી થયો. એ વસ્તુનું સ્વરૂપ હોઈ શકે નહિ. એમ ત્રણકાળમાં છે નહિ. જડનું આવવું કે જવું જડને આધારે છે. ચૈતન્યમાં રાગ થવો, વિકાર થવો એ પોતાના અપરાધને કારણે છે. વિકલ્પ ઉઠે કે આ મૂકું એ પણ નહિ, એ પણ તપસ્યા નથી.

તપસ્યા વીતરાગદેવ કોને કહે છે? કે સહજનિશ્ચયસ્વભાવ, નિશ્ચયનયાત્મક, નિશ્ચયનયસ્વરૂપ

પરમસ્વભાવસ્વરૂપ ત્રિકાળ જ્ઞાયક આનંદકંદ છે, સહજાનંદમાં અંતર એકાગ્ર થઈ જાય છે અને વૃત્તિનું ઉત્થાન, ઈચ્છા ઉત્પન્ન થતી નથી અને આત્માની પર્યાય નિર્મળ પ્રત્તપન, વિશેષે તપે છે, શોભે છે, ઓપે છે, વધે છે, ઉગ્રપણે વૃદ્ધિ શુદ્ધિની થાય છે તેને ભગવાન તપ છે એમ કહે છે. ભારે વાત, ભાઈ! તપની વ્યાખ્યા પણ કેવી આ? આ તો વર્ષીતપ કરે છેને ફલાણું કરે છેને ભાઈ એને તપ કહે માણસો. રોટલા ન ખાધા, એક અપવાસ કર્યો, અઠ્ઠમ કર્યો, અરે! પણ તપ તે તને તારામાં રહેતો હશે? અને તપ તે તારાથી થતું હશે કે તપ પરથી થાતું હશે? પરથી થાય તો પર તારો સ્વામી થઈ ગયો. તારી સ્વતંત્રતા ધ્રુવ તરફની રહેતી નથી. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જે જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ ધ્રુવ જ્ઞાયકમૂર્તિ ત્રિકાળ એક સમયમાં એકરૂપ સ્વભાવ, દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ પડ્યો છે એવો જે પરમાત્મા પોતાનો આત્મા એમાં પ્રત્તપન, એમાં લીન થઈ જવું, પ્ર નામ વિશેષે તપવું, તપવું એટલે એકાગ્ર થવું, એમાં લીન થઈ જવું એને ભગવાન તપસ્યા કહે છે અને એને નિર્જરા કહે છે. બીજાને બાળતપ અને બાળવ્રત કહે છે. કહો, સમજાણું? બાળતપ એટલે અજ્ઞાનીની મૂર્ખાઈના તપ, એ મૂર્ખાઈ ભરેલા તપ. આ મૂર્ખાઈ ભરેલા તપ. નહિતર સંસારમાં રખડે શી રીતે? મૂર્ખાઈ ભરેલા તપ ન હોય તો રખડે શી રીતે? કહો, સમજાય છે કાંઈ?

હવે કહે છે કે એવા તપવાળાને ચારિત્ર હોય છે એમ કહ્યું, ભાઈ! આવી જેને શુદ્ધ જ્ઞાયક મૂર્તિમાં લપેટ થઈને પડ્યો છે. જ્ઞાયક ધ્રુવ ટંકોત્કીર્ણ શાશ્વત ભગવાન એક સમયની પર્યાયબુદ્ધિ છોડીને, એક સમયનો પર્યાય એ બુદ્ધિ છોડીને, વિકલ્પ નામ શુભરાગની બુદ્ધિ છોડીને, એક સમયનો પર્યાય અંશબુદ્ધિ છોડીને, ત્રિકાળ અંશી, ત્રિકાળ ધ્રુવસ્વભાવની બુદ્ધિ કરીને અંદર લીન થયો છે એને તપ હોય છે અને નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર આ તપથી હોય છે. કોઈ કહે કે ભાઈ આ બહાર પાંચ મહાવ્રત લઈ લેવા, બાયડી, છોકરા છોડીને સાધુ થઈ ગયો નગ્ન મુનિ દિગંબર માટે ચારિત્રી થયો. એ ચારિત્ર કહેવાતું નથી. કહો, સમજાય છે કાંઈ?

નિજસ્વરૂપમાં અંતર આનંદકંદમાં અવિચળ નામ ન ચળે એ રીતે સ્થિતિરૂપ... વર્તમાન પર્યાયની વાત છે. નવું કાંઈક કરવા માગે છેને. તો જે પર્યાય છે એ તો એક સમયની છે. શરીર, વાણી, મન તો જડમાં છે, પરમાં છે. એક સમયનો પર્યાય બીજે સમયે હોતો નથી. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે દશા, દશા એટલે અંશ. તો જેને એવો કાંઈક આત્મકલ્યાણ કરવો એ પર્યાય પ્રગટ કરવાનું સ્થાન તો નિત્યાનંદ ધ્રુવસ્વભાવ છે. એવા સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં લીન થઈ જાય એવા તપવાળાને આવા તપથી ચારિત્ર હોય છે, બીજાથી ચારિત્ર હોતું નથી. કહો, સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? વજુભાઈ!

જુઓ, ચારેય વ્યાખ્યા જુદી. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ. પહેલાં વ્યવહારરત્નત્રયની

વ્યાખ્યા કહી, પૂર્ણ સર્વજ્ઞ વીતરાગ ન હોય ત્યાં સુધી ચોથે ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને મુનિ આદિઓને શુભરાગ પંચપરમેષ્ઠીની ભક્તિનો શુભરાગ એની શ્રદ્ધા, ભક્તિ એટલે શ્રદ્ધા, પંચપરમેષ્ઠીની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતના પરિણામ અને શાસ્ત્ર તરફનું હેય-ઉપાદેય તરફનું જ્ઞાન એવો વિકલ્પ અને શુભરાગ હોય છે. એ વાત કરી, પણ એ પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે હોય છે. પણ એ હોય છે એટલે જાણવા જેવી વસ્તુ છે, એ આદરણીય નથી. આદરણીય તો ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય વસ્તુ જેમાંથી પર્યાય વહે. પર્યાયમાંથી પર્યાય ન થાય.

સોનું છે એનું કુંડળ છે તો નવું કડું કરવું હોય તો કુંડળમાંથી કડું ન થાય. કુંડળનો અભાવ અને કડાની નવી ઉત્પત્તિ. એ ઉત્પત્તિના ઉત્પાદનું કારણ તો સોનું ત્રિકાળ છે. કારણ કે ઓલી પર્યાયનો તો અભાવ થઈ જાય છે. અભાવમાંથી ભાવ ન આવે. જે ભાવ એવો થાય એ ત્રિકાળ ધ્રુવ સ્વભાવ સોનું... સોનું... સોનું... એને અવલંબે થાય છે. એમ... એ સોનાનો દાખલો સમજાશે. ચંદુભાઈ! સોનું સમજાય છે કે નહિ? એક કડું હોય કડું એનું કુંડળ કરવું હોય. ... એ બીજી અવસ્થાનું કારણ હોઈ શકે નહિ. એ તો ઉપચારથી કથન છે કે વ્યય તે ઉત્પાદનું કારણ એ ઉપચાર.. અને એમાં તપ એકાગ્ર થાય એને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ હોય છે, બીજાને હોતું નથી. બીજાને શુભરાગ આદિ થાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૦૫-૧૧-૧૯૫૧,
## ગાથા-૫૦ થી ૫૫, શ્લોક-૭૪ પ્રવચન નં. ૩૯૭

કળશ કહ્યો. પહેલો સાર આવી ગયો એમાં કે ખરેખર શુદ્ધ અંતઃતત્ત્વ સ્વરૂપ જે સ્વદ્રવ્ય ઉપાદેય છે. આ આત્મામાં જે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ શુદ્ધ એકરૂપ શુદ્ધ ધ્રુવ છે એ જ ઉપાદેય છે. કેમકે વસ્તુમાંથી ધર્મની પર્યાય પ્રગટ થાય છે. સમજાય છે? એ પર્યાયમાંથી પર્યાય થતી નથી, માટે પર્યાય આદરણીય ગણી નથી. બાકી કાર્ય તો પર્યાયમાં થાય છે. સમજાય છે કાંઈ? કાર્ય તો પર્યાયમાં થાય છે, પણ પર્યાયમાં કાર્ય પર્યાય વડે થતું નથી. પર્યાયમાં કાર્ય એ પર્યાય વડે એટલે નવી પર્યાય એ પર્યાયમાંથી થતી નથી. ધર્મની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પર્યાય છે એ કાર્ય તો પર્યાય છે, કાંઈ કાર્ય દ્રવ્ય નથી, દ્રવ્ય તો કારણ છે. ત્રિકાળ સામાન્ય શુદ્ધ સ્વભાવ અંતઃતત્ત્વસ્વરૂપ એવા સ્વદ્રવ્યનો આધાર સહજ પરમપારિણાકભાવલક્ષણ કારણસમયસાર તે કારણ છે. અને કાર્ય તો ધર્મની પર્યાય, મોક્ષની

પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય એ બધું કાર્ય છે, પણ કાર્ય એ કાર્યમાંથી નથી આવતું. સમજાય છે કાંઈ?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માની કાર્યપર્યાય છે, કેવળજ્ઞાનાદિ પણ આત્માની કાર્ય પર્યાય છે, સિદ્ધ ભગવાન પરમાત્મપદ પણ આત્માની કાર્યપર્યાય છે; પણ એ કાર્યપર્યાયમાંથી કાર્ય ન આવે, કાર્યમાંથી કાર્ય ન આવે, કારણમાંથી કાર્ય આવે. એટલે કહ્યું કે ત્રિકાળ શુદ્ધ સ્વભાવ એકરૂપ છે તે જ કારણ છે અને એ કારણમાંથી કાર્ય આવે છે. કહો, સમજાય છે કાંઈ? માટે કાર્ય છે એ ઉપાદેય નથી, પણ કારણ છે તે ઉપાદેય છે. શું કહેવાય છે એ સમજાય છે કાંઈ?

ત્રિકાળ જ્ઞાયક કારણસમયસાર. તેથી છેલ્લો 'કારણસમયસાર' શબ્દ મૂક્યો છે કે શુદ્ધ અંતઃતત્ત્વ સ્વરૂપ આ જે સ્વદ્રવ્ય એટલે અંતર સ્વભાવ એનો આધાર સહજ પરમપારિણામિકભાવ લક્ષણ સ્વભાવિક પરમપારિણામિકભાવ જેનું લક્ષણ—સ્વભાવ ત્રિકાળ એકરૂપ સ્વભાવ છે એનું લક્ષણ એવો કારણસમયસાર તે જ ઉપાદેય છે, એ જ અંગીકાર કરવા જેવો (છે). ત્રિકાળ ધર્મી જીવોએ જો કારણરૂપ ગણીને ઉપાદેય માન્યો હોય તો એ ત્રિકાળ સ્વભાવને જ ઉપાદેય અનંતા કેવળી, અનંતા સંતો, અનંતા મુનિઓએ કહ્યું છે. અને વસ્તુસ્વરૂપ એમ છે. પણ કાર્ય થાય છે એ કારણમાં કાર્ય નથી થાતું. સમજાણું કાંઈ? એ પર્યાયમાં થાય છે. કાર્ય એ પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદ, કેવળવીર્ય એ બધું કાર્ય છે, પર્યાય છે અને પર્યાયમાં કાર્ય થાય છે, માટે કાર્યમાં ઉપાદેય ભાવ ન ગણતા, કારણને ઉપાદેય ગણતા કાર્યપર્યાય પ્રગટ થાય છે. કાર્યને ઉપાદેય ગણીને કાર્ય નવી પર્યાય પ્રગટ થતી નથી.

માટે છેલ્લો સરવાળો ૫૦મી ગાથામાં કહ્યો કે સહજ પરમસ્વભાવભાવરૂપ આત્મા એ કારણરૂપ ત્રિકાળ શુદ્ધ કારણરૂપ પરમાત્મા છે, એ કારણ સમયસાર શુદ્ધ ધ્રુવ એકરૂપ ત્રિકાળ સદૃશ્ય છે એને જ અમે કારણ કહીએ છીએ. એ કારણમાંથી કાર્ય આવે છે. કાર્યમાંથી કાર્ય હોઈ શકે નહિ. કહો, સમજાય છે કાંઈ? માટે પર્યાયને પરદ્રવ્ય ગણ્યું અને ત્રિકાળ વસ્તુને સ્વદ્રવ્ય ગણ્યું. ભાઈ! પર્યાયને પરદ્રવ્ય ગણ્યું. લ્યો! વસ્તુ જે ત્રિકાળ જ્ઞાયક એકરૂપ સ્વભાવ છે તે સ્વદ્રવ્ય ગણ્યું અને એક સમયનો પર્યાય છે તેને પરદ્રવ્ય ગણ્યું, કેમકે પરદ્રવ્યમાંથી નવી દશા થતી નથી. નવી દશા જે થાય છે એ ત્રિકાળ શુદ્ધ સ્વભાવને આશ્રયે થાય છે, માટે એને સ્વદ્રવ્ય ગણ્યું અને પર્યાય પ્રગટ થાય એને પણ પરદ્રવ્ય ગણ્યું. કારણ કે વસ્તુ એકરૂપ રહે તેને સ્વદ્રવ્ય ગણ્યું અને નવી... નવી... નવી... નવી પર્યાય થાય તેને પરદ્રવ્ય ગણ્યું છે. એ પરદ્રવ્યને કાર્ય ગણી સ્વદ્રવ્યને કારણ ગણી અને કારણ ઉપાદેય છે, પરદ્રવ્યો કાર્ય ઉપાદેય અંગીકાર કરવા જેવો નથી. એમ વાતને અહીંયાં ૫૦મી ગાથામાં છેલ્લો મર્મ સિદ્ધ કર્યો.

અનાદિ સત્, અનાદિ સત્ સ્વરૂપ, અનાદિ સંતોએ અનુભવેલું સ્વરૂપ, અનાદિ કેવળીઓએ જાણેલુ અને કહેલું સ્વરૂપ એને સ્પષ્ટ રીતે ૫૦મી ગાથામાં પરદ્રવ્ય પર્યાયને કહીને આદરણીય ત્રણકાળ, ત્રણલોકમાં જો હોય તો એક જ ત્રિકાળ સ્વભાવ તે કારણ અને આદરણીય છે. કહો, સમજાય છે કાંઈ? આમાં તો એકલી આત્માની વાત આવી. આમાં શું કરવું એ આવ્યું? મોહનભાઈ! આમાં શું કરવું એ આવ્યું. ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ જે વસ્તુ સ્વભાવ શક્તિથી ભરેલો છે એની શ્રદ્ધા કર, એનું જ્ઞાન કર અને એમાં રમણતા કર. એ જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ ત્રણકાળ ત્રણલોકમાં મોક્ષમાર્ગ છે નહિ. એ વાત સાબિત કરીને હવે અમૃતચંદ્રાચાર્યના શ્લોકાનો આધાર આપે છે. '**એવી રીતે** (આચાર્યદેવ) **શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ** (શ્રી **સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫મા** શ્લોક દ્વારા) **કહ્યું છે કેઃ**-'

(शार्दूलविक्रीडित)

''सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।''

પોતાની વાતને આધાર ભગવાન કુંદકુંદાચાર્યનો તો છે. એની ટીકા કરીને વળી અમૃતચંદ્રાચાર્યનો આધાર આપે છે. જેમના જ્ઞાનનો અભિપ્રાય ઉદાત્ત છે. '**જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે**...' એટલે કે જેના જ્ઞાનનો અભિપ્રાય '(-ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે...' '**જેમના ચિત્તનું**...' ચિત્તનું એટલે જ્ઞાનનું, જેના જ્ઞાનમાં ચરિત્ર એટલે જ્ઞાનનો અભિપ્રાય ઉદાત્ત, ઉદાર, ઉચ્ચ અને ઉજ્જ્વળ છે. અહીં ઉદાર લેવો. જેના જ્ઞાનમાં અભિપ્રાય ઉદાર છે, એ ઉદારવંત જીવોએ શું કરવું? કે '**એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો**...' જેમના જ્ઞાનમાં અભિપ્રાય ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ અને ઊંચો અભિપ્રાય છે એવા જીવો મોક્ષાર્થીઓએ આ સિદ્ધાંતનું, આ નિર્ણયનું, આ નક્કી ચોક્કસ ભાવનું આ ત્રણે કાળે એક પ્રકારના નિયમના ભાવનું સેવન કરો. શું?

'**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું**;...' આ ઉદાર. કેમકે પર્યાયમાંથી પર્યાય આવતી નથી, પર્યાયમાંથી પર્યાય માને એ ઉદાર નથી. તે ઉદાર નથી એમાં જ્ઞાનનો અભિપ્રાય ઊંચો નથી, એના જ્ઞાનનો અભિપ્રાય હલકો અને ઊંધો છે. શું કહ્યું સમજાય છે કાંઈ? જેના જ્ઞાનમાં અભિપ્રાય ઉદાર, ઉચ્ચ અને ઉજ્જ્વળ ઉદાર છે એ નિમિત્તથી ધર્મ ન માનો, વ્યવહારથી ધર્મ ન માનો, પર્યાયમાંથી પર્યાય ન માનો, ઉદાર થતા હોય તો ઉદાર તો સ્વભાવમાં થાવ. કારણ કે સ્વભાવમાંથી પર્યાય પ્રગટ થાય છે. પર્યાયમાંથી પુણ્યમાંથી કે નિમિત્તમાંથી ધર્મની પર્યાય ત્રણકાળમાં કોઈને પ્રગટ થાતી નથી. કહો, સમજાય છે કાંઈ? નટુભાઈ! આ તો ઉદાર થવાનું આવ્યું. ઉદાર-ઉદાર થાવ. કંજુસ ન થાવ, કંજુસ

ન થાવ. જ્ઞાનના અભિપ્રાયમાં ઉદાર થાવ, ઉચ્ચ થાવ, ઉજ્જ્વળ થાવ.

'**એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે—હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;...**' ત્રિકાળ પરમ કારણસ્વભાવ જ્ઞાયકમૂર્તિ હું છું. મારો સ્વભાવ ત્રિકાળ એકરૂપ સદશ્ય આનંદકંદ જ્ઞાયક કારણપરમાત્મા, કારણશક્તિસ્વરૂપ તે હું જ છું. '**હું તો શુદ્ધ...**' એટલે પવિત્ર. ત્રિકાળી પવિત્ર. ચૈતન્યમય—જ્ઞાન અને દર્શનમય અભેદ '**એક પરમજ્યોતિ જ સદાય છું;...**' જેનો અભિપ્રાય સવળો કરવો હોય, જેને સાચા અભિપ્રાયમાં ઉદાર થવું હોય, જેને સાચા અભિપ્રાયમાં ઉચ્ચ અને ઉજ્જ્વળ કરવું હોય એવા મોક્ષના અર્થી જીવો આ એક જ સિદ્ધાંતનું સેવન કરો કે '**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું;...**' જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... ત્રિકાળ આનંદકંદ શુદ્ધ પરમધામ અનંત-અનંત કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થવાનું પણ ધામ સદાય હું પરમજ્યોતિ જ છું. એ જ અંગીકાર કરવા જેવું, બાકી કોઈ અંગીકાર કરવા જેવું નથી. કહો, સમજાણું કાંઈ?

'**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું;...**' પરમજ્યોતિ કેમ કહ્યું? આ હીણી અવસ્થા અને વિકારી અવસ્થા, એને બાળી નાખવાની તાકાત મારા ત્રિકાળ ચૈતન્યજ્યોતમાં છે. હીણીને નાશ કરીને પૂરી થવાની વિકારનો નાશ થવાની વીતરાગ થવાની એ તાકાત હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ છું. એ હવે આવશે. પરમપારિણામિકભાવ એવો છે કે સંસારરૂપી દાવાનળને ઓલવવાને અગ્નિ સમાન છે. અગ્નિ સમાન છે. એ ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ એકલો ચૈતન્ય જેમાંથી અનંતી કેવળજ્ઞાનની પર્યાયો વહે, પરિણમે એવો જે આનંદકંદ જ્ઞાયકજ્યોતિ એ સદાય હું એવો છું. જેને અભિપ્રાય શુદ્ધ કરવો હોય, જેને અભિપ્રાય નિર્મળ કરવો હોય, જેને અભિપ્રાય ઉદાર અને ઉચ્ચ કરવો હોય એને આ સેવન કરવું, બીજા માટે આ વાત કરાતી નથી. કહો, સમજાય છે કાંઈ?

ત્રણકાળ, ત્રણલોકનો એ સિદ્ધાંત સર્વજ્ઞનો, સંતોનો, જ્ઞાનીઓનો, મુનિઓનો, શાસ્ત્રનો કે હું ત્રિકાળ એક પરમચૈતન્ય જ્યોતિ જ-જ. .. સદાય છું. ત્રણે કાળ મારામાં સિદ્ધ અને સંસારના ભેદ વ્યવહારનો વિષય છે. સિદ્ધ અને સંસાર બે વ્યવહારનયનો વિષય છે. હું તો ત્રિકાળ એક જ્ઞાયકસ્વભાવ છું. જુઓ આ વાણી. આગળ કહેશે ગાથાઓમાં. આવી વાણી જ્ઞાનીના મુખે નીકળે. એ વાણી એને ... સમ્યગ્દર્શન અને નિમિત્તરૂપે કહેવાય, એ સિવાય નિમિત્તરૂપે પણ કહેવાય નહિ. એ પછી કહેશે. આ ગાથા પછી પાંચ ગાથામાં. એને જ્યારે શુદ્ધ જ્ઞાયકસ્વભાવ તરફ વલણ થાય અને શાસ્ત્રએ પણ એ કહ્યું, જ્ઞાનીના મુખમાંથી વાણી પણ એમ નીકળે કે તું ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ એકરૂપ છો. આ એવી વાણી જિનસૂત્રની અને જ્ઞાનીની વાણી એને નિમિત્તરૂપે કહેવાય છે, એ સિવાય નિમિત્તરૂપે પણ કહેવાતી નથી. કહો, સમજાય છે કાંઈ?

'**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા...**' જુદાં-જુદાં લક્ષણવાળા. એક સમયનો વિકારી પર્યાય અને એક એક સમયની પર્યાય એ ભિન્ન લક્ષણવાળા. '**વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે...**' ત્રિકાળમાંથી જે નવી પર્યાય અને વિકલ્પ ઉઠે છે તે હું નથી, એવડો હું નથી. ભાઈ! પ્રગટ પર્યાય કાઢી. કહો, પુણ્ય વિકલ્પ હું નથી, નિમિત્ત તો નથી ક્યાંય એની વાત પણ નથી. આ તો નવી પ્રગટ પર્યાય ભિન્ન-ભિન્ન લક્ષણવાળી વિકલ્પની પર્યાય પ્રગટ થાય છે એ ભાવો તે હું નથી. ત્રિકાળ હું નથી. ત્રિકાળ હું સદાય પરમજ્યોતિ ચૈતન્યમૂર્તિ છું. કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે. કારણ કે તે બધાય મને મારા ત્રિકાળ સદાય ચૈતન્યજ્યોતિ એક સ્વભાવ માટે લાભદાયક છે નહિ, માટે પરદ્રવ્ય છે. કાર્ય થાય છે પર્યાયમાં, પણ છતાં એ પર્યાયને પણ સ્વદ્રવ્યનું અવલંબન લેવા પર્યાય વળે છે સ્વદ્રવ્યમાં. કાર્યપર્યાય વળે છે ત્રિકાળ જ્ઞાયક શુદ્ધ ચૈતન્યના, વલણમાં ત્યારે કાર્ય પ્રગટ થાય છે. માટે પર્યાયને પરદ્રવ્ય ગણી અને ત્રિકાળ દ્રવ્યને સ્વદ્રવ્ય આદરણીય કહેવામાં આવ્યું છે. કહો, સમજાય છે કાંઈ?

જેનું ઉદાર ચિત્ત છે, જેનું હૃદય ઉચ્ચ અને ઉજ્જ્વળ છે, જેને અભિપ્રાય શુદ્ધ કરવો છે, જેને પરમસત્ય હૃદયમાં ધારણ કરવું છે. જેને અભિપ્રાયની ઉદારતા, મોટી ખાણ ચૈતન્યની. એક સમયનો પર્યાય, એક સમયનો વિકલ્પ એ એમાં કાંઈ ખાણ-બાણ છે નહિ. જેના ચિત્તનો અભિપ્રાય ઉદાર કરવો હોય, દાની થવું હોય, પ્રગટ કરવો હોય.. થવું હોય તો એણે આ સિદ્ધાંત સેવન કરવું. આત્માને દાન દેવું હોય દાની એટલે. ભાઈ! દાની થવું એટલે. દાન કોઈ પરની વાત નથી. સંપ્રદાન—આત્માની પર્યાયમાં દાની થવું હોય, આત્માની પર્યાયમાં દાન દેવાનું દાની થવું હોય એણે એવા ઉદાર અભિપ્રાયને સેવવો કે હું ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય જ્યોત જ છું. પર્યાય અને વિકલ્પના ભેદ બધો વ્યવહારનો વિષય જાણવા જેવો છે, કોઈ આદરવા જેવો નથી. કહો, સમજાય છે કાંઈ? ઓહો..હો..! લ્યો, આને ઉદાર કહ્યો. મોહનભાઈ! પૈસા-બૈસા ખર્ચે એને ઉદાર ન કહ્યો. ખાલી પુણ્ય કરે અને પુણ્યના પરિણામ કરે અને ઉદાર ન કહ્યો, એક સમયની પર્યાય આદરે એને ઉદાર ન કહ્યો. ઓહો..હો..! ભાઈ! એક સમયની પર્યાયને (ઉદાર ન કહ્યો). કારણ કે એક સમયની પર્યાય તો વઈ જશે. વઈ જશે માટે એને તું આદરીશ નહિ, એ ઉદાર છે નહિ. એક સમયનો વિકલ્પ ઉઠે પુણ્યનો વ્યવહારરત્નત્રયનો એ વયો જશે એને માનીશ તો તું ઉદાર છો નહિ. ઉદાર, ઉજ્જ્વળ જેનો ઉદાત્ત જેનો અભિપ્રાય છે અને જેને એ અભિપ્રાયનું સેવન કરવું હોય તો ત્રિકાળ .. કેવળી અને આત્માનો સ્વભાવ એવો જ છે કે ત્રિકાળ ચૈતન્ય જ્યોતનો હું આદર કરું એ જ અભિપ્રાય સત્ય ને સમ્યક્ છે, એ સિવાય કોઈ સમ્યક્ છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

'**આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો...**' અનેક અનેક કહેવું છે. અનેક અનેક તે આદરણીય નથી, એક તે આદરણીય છે. ભાઈ! હું તે શુદ્ધ ચૈતન્યમય એક

લીધું છેને? એક ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... એક તે આદરણીય છે. પણ જે વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય તે અનેક તે હું નથી. અનેકનું લક્ષણ પર્યાય, પર્યાયમાં અનેકતા આવતા ધર્મની પર્યાય અનેક પ્રગટ થતાં એનું લક્ષ આશ્રય કરવા જતાં રાગ થાય છે. શુદ્ધ ઉપાદાન દ્રવ્ય, શુદ્ધ ઉપાદાન દ્રવ્ય. અહીં તો ત્રિકાળ શુદ્ધ ઉપાદાન દ્રવ્ય એ શુદ્ધ ઉપાદાન છે. ત્રિકાળ જે કારણ શુદ્ધ ઉપાદાન પોતે દ્રવ્ય કારણ પલટીને કાર્ય થાય છે. ઓહો..હો..! એક વાત સરખી બેસે નહિ, એ પછી શાસ્ત્ર અને પાના વાંચે એમાં એકેય એનો અક્ષર સાચો હોય નહિ. પોતાની દૃષ્ટિએ અર્થ કરે, પોતાની દૃષ્ટિએ ઘડ બેસાડે અને ઊંધા લાકડા ભરવે.

આ અહીં ભગવાન અમૃતચંદ્રાચાર્ય, અહીં કુંદકુંદાચાર્ય અને અહીંયાં પદ્મપ્રભમલધારીદેવ એનો સાર અનંતા ત્રણકાળ, ત્રણલોકનો સાર (કહે છે) કે એ સિદ્ધાંતનું સેવન કરો. લ્યો! સિદ્ધાંતનું સેવન કરો. એ સેવન કરો એ પર્યાય છે હોં. સેવન કરવાવાળી એ તો પર્યાય છે. પણ એવું સિદ્ધાંતનું સેવન કરો કે 'હું ત્રિકાળ એકરૂપ ચૈતન્ય જ્ઞાયક છું' એ જ કારણ છે, બાકી કોઈ કારણ છે નહિ. **'વિવિધ પ્રકારના ભાવો...'** ઓલામાં એક કહ્યું હતું અને એની સામે વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય તે હું નથી. અનેક પર્યાયોનો આશ્રય તે મારું સ્વરૂપ નથી. એકરૂપ ત્રિકાળ સ્વભાવ છે તે મારું સ્વરૂપ છે. તે આ દ્રવ્યદૃષ્ટિ છે. આ કારણપરમાત્મા અંગીકાર કરવા જેવો છે. એ અમૃતચંદ્રાચાર્યનો આધાર આપ્યો.

**'વળી (આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—'** હવે પદ્મપ્રભમલધારી પોતે શ્લોક એને માટે કહે છે.

(शालिनी)

न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-
दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः।
इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी
सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम्।।७४।।

**'શ્લોકાર્થ :- શુદ્ધ જીવાસ્તિકાયથી...'** શબ્દ બીજો વાપર્યો, ભાઈ! કારણસમયસાર ત્રિકાળ કહો, કારણપરમાત્મા ત્રિકાળ કહો, ધ્રુવ કહો, શુદ્ધ જીવાસ્તિકાય કહો, નિત્ય કહો, કારણસમયસાર ત્રિકાળ કહો, કારણશુદ્ધ જીવ કહો, એ બધું એક છે. **'શુદ્ધ જીવાસ્તિકાયથી...'** શુદ્ધ જીવાસ્તિકાય તે ત્રિકાળ ધ્રુવ એક સ્વરૂપ. કારણપરમાત્મા કહો કે શુદ્ધ જીવાસ્તિકાય કહો. એક સમયનો પર્યાય અને વિકલ્પને ગૌણ કરી દઈને. એક સમયનો પર્યાય અને વિકલ્પ ને રાગને ગૌણ કરી, ગૌણ કરી એટલે એનું લક્ષ છોડી દઈને ત્રિકાળ જે શુદ્ધ જીવાસ્તિકાય એકરૂપ ચિદાનંદ આનંદકંદ ધ્રુવ સામાન્ય પડ્યો છે એનાથી **'અન્ય એવા જે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી—'** એનાથી જે અન્ય બધાય જે પર્યાયને

આશ્રયે રાગાદિ થાય માટે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી. કહો, સમજાણું કાંઈ?

'**શુદ્ધ જીવાસ્તિકાય...**' એકની વાત છે હોં, એક જીવાસ્તિકાયની, બધા જીવાસ્તિકાયની વાત નથી. શુદ્ધ પોતે ત્રિકાળ શુદ્ધ જીવ, શુદ્ધ જીવ અસ્તિ છે, કાય અસંખ્ય પ્રદેશી. ત્રિકાળ એકરૂપ ધ્રુવ આનંદકંદ જ્ઞાયકસ્વભાવ છે એનાથી '**અન્ય એવા જે બધા...**' પુદ્ગલદ્રવ્ય પરનું લક્ષ કરવાથી પુદ્ગલ નામ રાગની ઉત્પત્તિ અને કર્મનું બંધન થાય છે. લક્ષ એટલે આશ્રય કરવાથી. જ્ઞાન કરવાથી એ તો વ્યવહારનો વિષય છે. બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી. '**આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે...**' આમ જે તત્ત્વનો જાણનાર સ્પષ્ટપણે કહે છે, આમ જે તત્ત્વનો જાણનાર સ્પષ્ટપણે માને છે. અહીં તો 'કહે છે'નું જોર આપતા, વાચકનું જોર આપ્યું છે, પણ વાચ્ય અંદર પડ્યો છે. આમ જે તત્ત્વનો જાણનાર સ્પષ્ટપણે માને છે અને કહે છે '**તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.**' તે અતિ અપૂર્વ સિદ્ધિ. અતિ અપૂર્વ સિદ્ધિ એટલે મુક્તિ. અનંતકાળે નહિ પ્રગટેલી એવી મુક્તિદશાને પામે છે. લ્યો, અહીં તો 'કહે' એનું વજન આપ્યું.

જેની વાણીમાં આટલું જોર આવે છે એનું જોર વાણીનું નથી કહેવું. એનો પાછળ વાચ્ય તત્ત્વનો જે છે એક શુદ્ધ ભગવાન કારણપરમાત્મા સિવાય ક્યાંય પણ મારે આદરણીય ત્રણકાળમાં છે નહિ, એમ પોતે માને છે અને જગતને કહે છે. જગતને કહે છે. એ ભાષા .. હવે આવે છે આગળ. જ્ઞાનીના વચનો નિમિત્તરૂપ કહેશે. આવું જે કહે છે અને એ અંતર અભિપ્રાયના આશ્રયે સમજે છે એને વીતરાગની વાણી અને ગુરુની વાણી નિમિત્તરૂપે કહેવાય છે. નહિતર તો અનંતવાર સમવસરણમાં સાંભળ્યું છતાં એણે પોતાના અભિપ્રાયે બધી વાત ખતવી. સમજાય છે? સર્વજ્ઞ કાંઈક કહે, શાસ્ત્ર કાંઈક કહે, જ્ઞાની કાંઈક કહે. પોતાની દૃષ્ટિએ એનો અર્થ કર્યો અને પોતાની દૃષ્ટિએ જ્ઞાનીને પણ ખતવી નાખ્યા. એવી દૃષ્ટિવાળાની વાત અહીંયાં કરતા નથી.

અહીં તો જે તત્ત્વવેદી સ્પષ્ટપણે ચોખ્ખી વાત કરે છે કે એક તારા જીવાસ્તિકાય સિવાય અને મારો મારા જીવાસ્તિકાય સિવાય ત્રણકાળમાં મુક્તિ અને મોક્ષનો માર્ગ કોઈ છે નહિ. એમ જે સ્પષ્ટપણે કહે છે '**તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.**' તે અતિ અપૂર્વ સિદ્ધિ. સાધારણ સિદ્ધિ તો પામે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી પર્યાય નહિ. આ તો અતિ અપૂર્વ. અનંતે કાળે નહિ મળેલી એવી પરમાત્મ પૂર્ણ પરમમુક્તદશાને પામે છે. એ પદ્મપ્રભમલધારીદેવે શ્લોક કર્યો, લ્યો! કુંદકુંદાચાર્યે કહ્યો હતો, સ્વદ્રવ્ય-પરદ્રવ્યની વ્યાખ્યા, પદ્મપ્રભમલધારીદેવે ટીકા કરી હતી અમૃતચંદ્રાચાર્યનો આધાર આપીને પુષ્ટિ કરી કે ભાઈ ચારે કોરથી જુઓ તો વાત આ છે. કોઈ પડખેથી બીજી વાત છે નહિ.

હવે પાંચ ગાથા છેલ્લી. જુઓ, ગાથાઓ બહુ અલૌકિક છે આ. બધી અલૌકિક છે એકેએક.

પણ આમાં હવે જ્ઞાનીને નિમિત્ત કઈ રીતે ઠરાવે છે એવી અદ્ભૂત અલૌકિક રીતે વાત કરી છે.

विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं।
संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं।।५१।।
चलमलिणमगाढत्तविवज्जियसद्दहणमेव सम्मत्तं।
अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं।।५२।।
सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा।
अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी।।५३।।
सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं।
ववहारणिच्छएण दु तम्हा चरणं पवक्खामि।।५४।।
ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं।
णिच्छयणयचारित्ते तवचरणं होदि णिच्छयदो।।५५।।

શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;
સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.
ચલ-મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;
આદેહ-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.
જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે
તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.
સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;
તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.
વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

પહેલા '**અન્વયાર્થ :- વિપરીત અભિનિવેશ...**' એટલે '**અભિપ્રાય; આગ્રહ.**' '**રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે;...**' પહેલા વ્યવહારસમકિતની વાત કરી. હજી તો આ વ્યવહારસમકિતની વાત છે. વિપરીત અભિપ્રાયરહિત સર્વજ્ઞ શાસ્ત્રકાર, ગુરુ અને જ્ઞાની જે કાંઈ કહે છે એ પરને લક્ષે '**વિપરીત અભિનેવેશ રહિત શ્રદ્ધાન તે જ...**' વ્યવહાર સમકિત છે. હજી મોક્ષનું કારણ નહિ. કહો, સમજાય છે કાંઈ? '**સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે સમ્યગ્જ્ઞાન છે.**' પર તરફનું, એ પણ વ્યવહારજ્ઞાન છે. '**સંશય, વિમોહ ને વિભ્રમ રહિત તે સમ્યગ્જ્ઞાન છે.**' એ વ્યવહાર છે, પર તરફની વાત છે.

'**ચળતા, મલિનતા અને અગાઢતા રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે;...**' એ પણ વ્યવહાર છે. એ તો પહેલાની વ્યાખ્યા કરી. '**હેય અને ઉપાદેય તત્ત્વોને જાણવારૂપ ભાવ તે (સમ્યક્)જ્ઞાન છે.**' એ પણ વ્યવહાર છે. ભાઈ! એ પણ વ્યવહાર છે. હજી

તો વ્યવહારનો વિકલ્પ. નિશ્ચય આવો હોય એને આવો વિકલ્પ હોય છે. પછી કહેશે. '**હેય અને ઉપાદેય તત્ત્વોને જાણવારૂપ ભાવ તે (સમ્યક્)જ્ઞાન છે.**' એટલી વાત કરી. સમ્યક્ચારિત્રની પછી કરશે, ભાઈ! ધ્યાન રાખજો.

હવે કહે છે કે સાચા '**સમ્યક્ત્વનું નિમિત્ત...**' સમ્યક્ત્વનું નિમિત્ત '**જિનસૂત્ર છે;...**' વીતરાગની વાણી છે. એ વાણી એને કારણપરમાત્માને ઉપાદેય તરીકે બતાવે છે. એ જિનસૂત્રવાણી. માટે તેથી ૫૦ પછી આ કહ્યું. વીતરાગની વાણી જિનસૂત્ર એવી વાણી છે કે ત્રિકાળ જેમાંથી પર્યાય પ્રગટે તે કારણપરમાત્માને ઉપાદેય તરીકે સ્વીકારે છે. એ વાણી કહે છે. એ વાણીને નિમિત્ત તરીકે કહ્યું. બહિરંગ નિમિત્ત છે ઈ. બહિરંગ નિમિત્ત છે. અંતરંગ કારણપરમાત્માનો આદર કરીને શ્રદ્ધા થાય એને આ બહિરંગ નિમિત્ત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

વીતરાગી સૂત્ર. તેથી શબ્દ મૂક્યો. જિન મૂક્યો હતોને. વીતરાગી વાણી. વીતરાગી વાણી એટલે વીતરાગ તરફ લઈ જાય અને જેમાં ભેદનો આશ્રય ન રહે, જેમાં ત્રિકાળ ચૈતન્ય અભેદનો આશ્રય બતાવે એને વીતરાગની વાણી કહેવાય. ભાઈ! શું કહ્યું સમજાણું કાંઈ? વીતરાગ વાણીનો સાર અભિપ્રાય, તાત્પર્ય, શાસ્ત્ર તાત્પર્ય, સૂત્ર તાત્પર્ય એનો સરવાળો વીતરાગતા છે. વીતરાગતા એ ત્રિકાળ જ્ઞાયક સ્વભાવને અવલંબે જ પ્રગટે છે, કોઈ પર્યાયથી, વિકલ્પથી કે નિમિત્તથી પ્રગટતું નથી. એમ વીતરાગની વાણી એ સમ્યક્ત્વનું નિમિત્ત છે. આવી વાણી નિમિત્ત કહેવાય છે. કહો, સમજાય છે કાંઈ?

હવે બીજી રીત. '**જિનસૂત્રના જાણનારા પુરુષોને...**' એવા વીતરાગી ભાવને જાણનારા પુરુષોને જિનસૂત્રો એટલે આમ શાસ્ત્ર કહ્યાં. પણ વીતરાગ જે કહે છે તે જાણ્યું છે અંતરમાં કે આત્મા રાગ અને પુણ્ય ને પર્યાયથી પ્રગટતો નથી. આત્મા ત્રિકાળ સ્વભાવના આશ્રયે પ્રગટે છે. એવું સમ્યગ્દર્શન થયું છે. એવું સમ્યગ્દર્શન, જ્ઞાન કે ચારિત્ર. ચોથેથી ઠેઠ કેવળી સુધી લેવા. '**જિનસૂત્રના જાણનાર પુરુષોને...**' એકલા સૂત્ર નહિ હોં શબ્દો નહિ, એકલા પાના નહિ. જિનસૂત્ર શબ્દે જિનને શાસ્ત્રમાં જે કહેવું છે, વાચ્ય જે કહેવો છે, આ તો વાચકથી કથન છે, વાચ્ય જે કહેવો છે કે આ આત્મા જ્ઞાયક કારણસ્વરૂપ ત્રિકાળ છે. એની રુચિ, દૃષ્ટિ અને અંતરદૃષ્ટિ થઈ છે એવા જિનસૂત્રના જાણનાર પુરુષોને '**(સમ્યક્ત્વના)...**' જેને સમ્યગ્દર્શનનું પરિણામ પ્રગટે છે એને આ '**જિનસૂત્રના જાણનાર પુરુષોને...**' બીજા (જીવના) સમકિતના પરિણામમાં અંતરંગ હેતુ કહ્યા છે. ઓહો..હો..! ભારે વાત, ભાઈ! લ્યો આખો અર્થ બીજી જાતનો નીકળ્યો.

અંતરંગ હેતુ. ઓલો વીતરાગની વાણી બહિરંગ હેતુ. વીતરાગની વાણી એ વાણી બહિરંગ હેતુ છે. કોને? સમ્યગ્દર્શન પામનારને, પામનારને. અને પુરુષ એ અંતરંગ હેતુ છે. છે તો પર, છે તો એ પર, પણ એનો અભિપ્રાય છે એ આ પકડે છે અંતર સ્વભાવને આશ્રયે

એથી એ બાહ્ય પુરુષને-નિમિત્તને ઉપચારથી એને અંતરંગ હેતુ કહ્યો છે. કહો, સમજાય છે કાંઈ? બાહ્ય પુરુષ તો ઉપચાર જ છે ખરેખર. પુરુષ પણ ઉપચાર છે અને વાણી પણ ઉપચાર છે. પણ વાણીને બહિરંગ (નિમિત્ત) કહ્યો અને પુરુષને અંતરંગ હેતુ કહ્યો છે. કેમકે એનો અભિપ્રાય પકડવો છે. વાણી તો ગૌણ છે. વાણી કહેવાનો જે અભિપ્રાય છે કે 'વીતરાગ આત્મા તું છો, ત્રિકાળ જ્ઞાયક છો એનું અવલંબન લે' એવો એનો અભિપ્રાય પકડવામાં એ નિમિત્ત થાય છે માટે વીતરાગી સૂત્રના જાણનાર પુરુષને સમકિત પામનાર જીવને આ પુરુષ અંતરંગ હેતુ કહ્યા છે. કહો, સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન પામનારને એકલા પુસ્તકથી પમાય એમ હોઈ શકે નહિ ત્રણકાળ, ત્રણલોકમાં. કહો, સમજાય છે કાંઈ?

પહેલી વાત છે. પહેલી જ્યાં દેશના થાય છે એની પાત્રતાની પર્યાય હોય એટલે ચૈતન્યનું એને પહેલું નિમિત્ત હોય જ. એની પર્યાય પરાધીન નથી, એના ક્રમે આવીને ઊભું રહે છે. પણ આનો પર્યાય સત્‌નો જ્યાં 'ત્રિકાળ જ્ઞાયક છું' એમ સમજવાનો હોય એટલે એને જિન વીતરાગી સૂત્રનું જ બહિરંગ નિમિત્ત હોય છે. બીજા સૂત્રોનું બહિરંગ નિમિત્ત હોતું નથી અને વીતરાગી ભાવ અંતરથી પ્રગટ્યો છે દર્શન, એ જિનસૂત્રના જાણનારનો અર્થ એ છે. વીતરાગનું તાત્પર્ય, વીતરાગી દૃષ્ટિ છે. વીતરાગનું તાત્પર્ય વીતરાગી ચારિત્ર છે. એ દૃષ્ટિ અને ચારિત્ર આદિ પ્રગટ્યા છે એ અંતરંગ હેતુ કહ્યા છે. કહો સમજાય છે કાંઈ? કોને અંતરંગ હેતુ કહ્યા છે? સમ્યગ્દર્શન જેને પ્રગટ્યું છે એવા સમ્યગ્દર્શન પરિણામમાં વીતરાગની વાણીને બહિરંગ નિમિત્ત કહ્યું અને સૂત્રના જાણનાર ધર્માત્માને બીજાના સમકિતના પરિણામમાં અંતરંગ હેતુ કહ્યા છે. કહો, સમજાય છે કાંઈ? જુઓ, સત્‌ને સત્‌નું નિમિત્ત હોય. એને એકલા પાના, પુસ્તકનું નિમિત્ત હોય નહિ કે કોઈ પાના વાંચીને થઈ જાય એ પહેલું હોઈ શકે નહિ. એ વાતને અહીંયાં જાહેર કરે છે. દલિચંદભાઈ!

એક એની તૈયારી... સમ્યગ્જ્ઞાન છેને? જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. માટે જ્યાં સ્વને જાણનાર જ્યાં જાગ્યો એ વખતે પરપ્રકાશક ખીલ્યો એટલે પર નિમિત્ત પણ એવું જ સામે હોય એ વસ્તુનો સ્વભાવ. પરાધીનતા નથી. પરાધીનતા નથી. એ ન હોય તો ન થાય એમ નથી. આ હોય એટલે એ હોય જ એ વસ્તુનો સ્વભાવ છે. આહા..હા..! કેસર ભરવું હોય તો ડબ્બો જ હોય, કેસર ભરવું હોય તો કોથળો ન હોય. એ એવો જ સંબંધ છે. પરાધીન કોઈ નથી કોઈને કારણે. સમ્યક્ત્વનું નિમિત્ત બાહ્યમાં વીતરાગી સૂત્ર કહ્યા. છે તો બેય બાહ્ય. અને જિનસૂત્રના જાણનાર પુરુષો છે તો બાહ્ય. સમ્યગ્દર્શનના પરિણામવાળાને એ ચીજ તો બહાર છે, પણ છતાં ભગવાન કુંદકુંદાચાર્યે એવું નાખ્યું કે એને અમે અંતરંગ હેતુ કહીએ છીએ. સમકિત પામનારને અંતરંગ નિમિત્ત તરીકે ઉપચારથી હોય તો તેને અંતરંગ હેતુ ઉપચારથી કહીએ છીએ અને વાણીને બહારથી નિમિત્ત કહીએ છીએ. બાહ્ય હેતુરૂપ ઉપચાર, આને અંતરંગ હેતુરૂપ ઉપચાર (કહીએ છીએ). ભાષા પણ બીજી જાતની. કહો, સમજાણું?

'કારણ કે **તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.**' સમ્યગ્દર્શન પામનાર જીવને જે નિમિત્ત મળ્યું છે એ નિમિત્તવાળા જીવને કાં તો દર્શનમોહનો ક્ષય થયો છે, કાં ઉપશમ થયો છે અને કાં ક્ષયોપશમ થયો છે. '**ક્ષયાદિક.**' ભાઈ! આ તો બારમા ગુણસ્થાનની વાત તો પોતે અંતરાત્મા તરીકે કરે ત્યારે કરે છેને. એ તો કરે કે અત્યારે ભલે ગુણસ્થાન ન હોય એનો પ્રશ્ન નથી. બારમા ગુણસ્થાનની વ્યાખ્યા પણ કરી નાખે કે ઉત્કૃષ્ટ અંતર આત્મા બારમા ગુણસ્થાનવાળો, શુક્લધ્યાન થાય તો આમ હોય, બધું પાઠમાં આવે છે. શુક્લધ્યાન હોય, ન હોય એનો પ્રશ્ન અત્યારે નથી. શુક્લધ્યાન અને ધર્મધ્યાન કરે તો આમ થાય, શુક્લધ્યાન કરે તો આમ થાય. એ શુક્લધ્યાન કાંઈ મુનિને પોતાને હતું નહિ, પણ સ્વભાવની ઉગ્ર ભાવનામાં એ વાણી બધી નીકળી ગઈ છે. વાણી નીકળી ગઈ છે હોં! લાવ્યા નથી કોઈ. સમજાય છે?

અહીંયાં કહે છે જે કોઈ ધર્મી જીવ પોતાના આત્માનું અવલંબન લેવાની તૈયારી થઈ છે, કારણપરમાત્માને અવલંબવાની યોગ્યતા થઈ છે એને બહિરંગમાં વીતરાગી વાણી જેમાં વીતરાગ તાત્પર્ય છે, વીતરાગ જ ચારેય અનુયોગોનું તાત્પર્ય છે. વીતરાગ નામ સ્વભાવનું અવલંબન એ જ એનું તાત્પર્ય છે. એ વાણી એને નિમિત્ત હોય બહિરંગ અને એ વાણીના સમજનાર જ્ઞાની જેને દર્શનમોહનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થયો હોય એ સમકિત પામનારને બહિરંગ ઉપચારથી, બહિરંગ એટલે ઉપચારથી અંતરંગ હેતુ કહ્યા છે. સમજાય છે? હવે એ તો વ્યવહારની વાત કરી અને આ નિમિત્તની વાત કરી. એ નિમિત્ત નિશ્ચયનું છે.

હવે '**સાંભળ, મોક્ષને માટે**...' હવે નિશ્ચયની વાત છે. '**સાંભળ, મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે,**...' એ નિશ્ચય છે. એ ત્રિકાળ ચૈતન્યસ્વભાવને અવલંબે સમ્યક્ થાય તે મોક્ષને માટે સમકિત છે. ઓલો વ્યવહારથી વિકલ્પ હતો અને નિમિત્ત તરફનું વલણ એ પણ વિકલ્પ હતો. હવે, એ કોને વ્યવહારનયે નિમિત્તરૂપ હોય છે? માથે જે વ્યવહાર કહ્યો અને આ નિમિત્ત છે એમ કહ્યું. ભાઈ! માથે વ્યવહાર કહ્યો અને નિમિત્ત કહ્યું એ કોને વ્યવહાર ને નિમિત્ત કહેવાય? '**સાંભળ, મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે,**...' કે જેનું ચૈતન્યસ્વભાવ કારણ ભગવાન એને આશ્રયે સમ્યગ્દર્શન થયું એને મોક્ષને માટે સમકિત એને ઓલા વ્યવહારને નિમિત્ત કહેવાય છે. કહો, સમજાય છે કાંઈ?

બહુ ગાથા ઊંચી છે આ. બહુ સરસ! આ શુદ્ધભાવને અધિકારે છેલ્લી અલૌકિક વાત ભગવાન કુંદકુંદાચાર્યે સ્પષ્ટ કરી નાખી છે. લોકો કેટલાક અત્યારે ખતવી નાખે છે કે ગમે તેવું નિમિત્ત હોય, ગમે તેવા પાના હોય, પણ અમે તો એમાંથી સમ્યક્ મેળવશું. એ મળે નહિ. કાં પૂર્વનો સંસ્કાર હોવો જોઈએ, કાં પૂર્વે પણ સાંભળેલું હોવું જોઈએ, પણ એકવાર જ્ઞાની પાસેથી એના પરિણામને જે ઉપાદેય ત્રિકાળ શુદ્ધાત્મા છે એવો ભણકાર જ્ઞાની પાસેથી પહેલો મળેલો હોવો જોઈએ અને એવી પાત્રતા હોય એને જ એ હોય. એથી આ વાત

કરે છે કે એ મોક્ષને માટે જ એનું સમકિત છે. સ્વભાવ તરફ વળેલી શ્રદ્ધા તે સમકિત છે. એની વ્યાખ્યા કરશે બધી ટીકામાં. આ તો અન્વયાર્થ છે. એકવાર બહેનોએ કહ્યું હતું કે અન્વયાર્થ પણ આમાં વાંચવો. એટલે આ અન્વયાર્થ વાંચીએ છીએ. કહો, સમજાણું? ભાઈ! ઓલા પહેલું વહેલું છે તો વાંચવું. કેમ? વજુભાઈ! આમાં પહેલો અન્વયાર્થ મૂકી દીધો હતો એકવાર.

**'મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે,...'** અને આમાં જરી વાત બહુ સરસ છેને, અન્યવયાર્થમાં લીધી છે. સમ્યક્જ્ઞાન હોય છે. અને મોક્ષને માટે સમ્યગ્જ્ઞાન હોય છે. ઓલા વ્યવહારની વાત કરી એ મોક્ષ માટે નથી. પહેલા સમકિત અને જ્ઞાન કહ્યા એ તો વ્યવહાર છે, એ તો વિકલ્પ છે, એ મોક્ષને માટે નથી. પણ જે મોક્ષને માટે સમ્યક્ હોય ત્યાં એવો વિકલ્પ હોય છે. કેવળી નથી એટલે. હોય છે એટલું. હોય છે. અહીં નિશ્ચય હોય છે, ત્યાં વિકલ્પ હોય છે. બસ આટલું હોય છે. આનાથી અને આનાથી એ વાત નહિ. **'સાંભળ, મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે, સમ્યગ્જ્ઞાન હોય છે, ચારિત્ર (પણ) હોય છે;...'** એ ત્રણ લીધા. ભાઈ! નિશ્ચયના લીધા એ. આત્મા ત્રિકાળ જ્ઞાનાનંદસ્વભાવ ધ્રુવ જ્ઞાયક એને આશ્રયે સમ્યગ્દર્શન, એને આશ્રયે સમ્યગ્જ્ઞાન અને એને આશ્રયે ચારિત્ર એ મોક્ષને માટે છે. જેટલો જે જિનસૂત્રને અંતરંગ હેતુ ને નિમિત્તના લક્ષે છે એટલો હજી વિકલ્પ અને વ્યવહાર છે, એ વ્યવહાર મોક્ષનું કારણ નથી. કહો, સમજાણું કાંઈ?

હવે કહે છે **'તેથી હું વ્યવહાર અને નિશ્ચયથી ચારિત્ર કહીશ.'** ચારિત્રના બે પડખાં કહીશ, કહે છે. કારણ ઓલામાં ચારિત્ર નહોતું આવ્યું, ભાઈ! ઓલામાં દર્શન-જ્ઞાન બે બોલ આવ્યા હતા. બે બોલ આવ્યા હતા. ચારિત્રનો વ્યવહાર-નિશ્ચય બે બોલ નહોતા આવ્યા અને આમાં નિશ્ચયમાં ત્રણ બોલ આવી ગયા દર્શન, જ્ઞાન અને ચારિત્ર. **'તેથી હું વ્યવહાર અને નિશ્ચયથી ચારિત્ર કહીશ.'** **'વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું તપશ્ચરણ હોય છે;...'** એટલે કે છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પવાળો ભાવ વર્તે છે એને વિકલ્પવાળું તપ કહેવાય છે. ત્રિકાળ જ્ઞાયક સ્વભાવનું અવલંબન લઈને જે દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા મુનિને છઠ્ઠે ભાવલિંગી સંતને નગ્નદશા પ્રગટી છે એવા જે મુનિને વ્યવહાર નામ જે વિકલ્પ વર્તે છે શુભરાગ, એવા જીવને વ્યવહાર તપ છે એમ કહીએ છીએ. કારણ કે હજી શુભરાગમાં છે. દૃષ્ટિ પ્રગટી છે, ચારિત્ર પ્રગટ્યું છે, પણ હજી અંદર સાતમી ભૂમિકા નિશ્ચય ચારિત્રમાં સ્થિર થયો નથી. **'વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું તપશ્ચરણ હોય છે;...'** તપશ્ચરણ એટલે મુનિપણું. એ છઠ્ઠે ગુણસ્થાને રાગાદિનો ભાવ એ વ્યવહાર મુનિપણું છે. નિશ્ચયનયના ચારિત્રમાં નિશ્ચયથી તપશ્ચરણ હોય છે. નિશ્ચય નામ સ્વભાવમાં લીન થઈ ગયો એવા તપસીને. અહીંયાં તો એમ કહ્યું કે નિશ્ચયનયના ચારિત્રમાં નિશ્ચયથી તપસ્યા હોય છે. ટીકામાં તો એમ લેશે કે સ્વભાવને આશ્રયે જે સ્થિર થઈને પડ્યો છે તપમાં એને નિશ્ચયચારિત્ર

હોય છે. સમજાય છે કાંઈ? કારણ કે તપ એટલે મુનિપણું લેવું છે. વ્યવહાર મુનિપણું, નિશ્ચય મુનિપણું. નિશ્ચય મુનિપણું એટલે સ્વભાવના ભાનસહિત ઠરી ગયો અંદરમાં, ઠરી ગયો છે નિર્વિકલ્પમાં જામી ગયો છે એ નિશ્ચયમુનિ અને નિશ્ચયતપ. અને દૃષ્ટિ અને ચારિત્ર સ્વરૂપ પ્રગટ્યા હોવા છતાં ઠર્યો નથી અને જે વિકલ્પ શુભરાગમાં છઠ્ઠે રાગમાં શુભભાવમાં વર્તે છે એને શુભરાગનું વ્યવહારચારિત્ર ગણીને વ્યવહારતપમાં ઊભો છે એમ કહ્યું છે. નિશ્ચય તો છે, દર્શન-જ્ઞાન-ચારિત્ર તો છે પણ નિશ્ચયમાં લીન નથી માટે એને નિશ્ચયતપ કહ્યો નથી. ભાઈ! કહો, સમજાય છે કાંઈ આમાં? ઓહો..હો..! કહો, આ અન્વયાર્થ થયો. ગાથામાં જ ઘણું ભર્યું છે પાંચેય ગાથામાં.

'**ટીકા :- આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.**' પહેલું ભેદરત્નત્રયનું સ્વરૂપ છે. સમજાય છે? પછી બીજો પેરેગ્રાફ છે, '**અભેદ-અનુપચાર-રત્નત્રયવાળા...**' ઓલી ગાથા જે છે એ. એ પછી આવશે. પણ એ બે સાથે હોય છે હોં. એમ નહિ કે વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એમ છે નહિ. અહીં તો ઓળખાવે છે કે આવો જ્યાં નિશ્ચય હોય ત્યાં આવો વિકલ્પ હજી નય છે, સાધક છે, કેવળજ્ઞાની છે નહિ એટલે એને આવો વિકલ્પ, આવું જિનસૂત્રનું એને નિમિત્ત, પ્રથમ પણ નિમિત્ત અને અત્યારે પણ વલણ હોય, વિકલ્પ ઉઠે તો વીતરાગી વાણીનો સ્વાધ્યાય કરે છે. '**આ રત્નત્રયના સ્વરૂપનું કથન છે.**' કહો, સમજાણું? '**પ્રથમ, ભેદોપચાર-રત્નત્રય આ પ્રમાણે છે :—**' ભેદ ઉપચાર એટલે ભેદરૂપ વ્યવહાર. ભેદરૂપ વ્યવહારરત્નત્રય આ પ્રમાણે છે. જે વિકલ્પવાળો છે, જે શુભરાગવાળો છે, જે મોક્ષને માટે નથી એનું આ કથન ચાલે છે. ભારે વાત ભાઈ!

'**વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત...**' જુઓ, એમાં પણ વ્યવહારમાં કહે છે કે નિશ્ચયનું ભાન છે અને વ્યવહારમાં વિપરીત આગ્રહરહિત, વિપરીત અભિનિવેશરહિત, વિપરીત શ્રદ્ધારહિત (હોય). એને કોઈ સર્વજ્ઞ સિવાય, સર્વજ્ઞની વાણીના ન્યાય સિવાય કોઈ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની ક્યાંય લેશમાત્ર પણ શ્રદ્ધા હોવી જોઈએ નહિ, તો એને વ્યવહાર શ્રદ્ધા કહેવામાં આવે છે. એ પણ નિશ્ચયશ્રદ્ધા હોય તો. આટલી શરત ઉપર વાત બધી છે. '**વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાનરૂપ...**' અભિનિવેશ એટલે અભિપ્રાય. વિપરીત ઊંધા અભિપ્રાય રહિત '**શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત...**' લ્યો, પરંપરાહેતુભૂત. નિશ્ચય તો ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ તે કારણ સાક્ષાત્ મુક્તિનું કારણ છે. પણ ઓલો વિકલ્પ ઉઠ્યો છે એ ક્રમે કરીને તોડી નાખશે માટે તેને નિમિત્તરૂપે પરંપરા હેતુ. હેતુ એટલે નિમિત્ત. પરંપરા નિમિત્તભૂત '**ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું ચળતા-મલિનતા-અગાઢતા રહિત ઊપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે.**' નિશ્ચય સ્વ ભગવાન કારણપરમાત્મા પ્રત્યે નિશ્ચયભક્તિ પ્રગટી કારણપરમાત્માની અને જે શ્રદ્ધા સમ્યક્ મોક્ષનું કારણ થયું એવો જે વિકલ્પરૂપ ભાવ વર્તે છે કે જે ભગવંત પંચપરમેષ્ઠી... પંચપરમેષ્ઠી-

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ—એ જ મોક્ષના નિમિત્તભૂત હોઈ શકે છે. સમજાય છે? અહીં પંચપરમેષ્ઠીને વજન આપ્યું છે, ભાઈ! કહો, સમજાણું? પંચપરમેષ્ઠી, પાંચ પદ- અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ વીતરાગી પદ છે પાંચેય. અલ્પ તારતમ્યતામાં ફેર છે જરી. અરિહંતમાં આચાર્ય, ઉપાધ્યાય, સાધુ .. સિદ્ધ તો પૂર્ણ થઈ ગયા છે. છતાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય પ્રત્યેનો ચળતા, મલિનતા (એટલે કે) આમ હશે કે નહિ? એ નહિ. મલિનતા નહિ, અગાઢતા—અચોક્કસતા નહિ, એ રહિત. આ તો ત્રણ દોષ છે. એ ત્રણ દોષરહિત '**ઊપજેલું નિશ્ચય ભક્તિયુક્તપણું...**' ત્રિલોકનાથ સર્વજ્ઞ આદિ પંચપરમેષ્ઠી પ્રત્યે '**નિશ્ચય ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે.**' એ વ્યવહારસમકિતનો વિકલ્પ છે. વિકલ્પ નામ શુભરાગ. સમજાણું કાંઈ?

એને '**વિષ્ણુબ્રહ્માદિકથિત વિપરીત પદાર્થ સમૂહ પ્રત્યેના અભિનેવેશનો અભાવ...**' ઓલી અસ્તિ કીધી. એને કોઈ વિષ્ણુ કર્તા, બ્રહ્માએ કર્યું, કોઈએ કાંઈ કર્યું વગેરે એને કહેલા જે તત્ત્વો સર્વજ્ઞ ભગવાન સિવાયના ત્રિલોકનાથ પરમાત્માએ એક સમયમાં જે તત્ત્વો જાણ્યા, જોયા અને વાણી દ્વારા કહ્યા એ કથિતથી વિપરીત, એના કહેલાથી બધો વિપરીત પદાર્થ સમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ, એના પદાર્થના આગ્રહનો અભાવ છે. એટલે કોઈ અંશે પણ 'ભગવાન પંચપરમેષ્ઠી સિવાય કોઈની વાણી ક્યાંય અંશે સત્ હશે?' એમ જેને અંદર પડ્યું (છે) એને વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી. કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ વળી જુદું. અહીં તો બ્રહ્મા-વિષ્ણુ-મહેશ અન્યમતિના જે કહેલા તત્ત્વો એમ. એ ભગવાન બ્રહ્મા એ પહેલાં કહ્યા એ જુદી વાત છે. ભાઈએ પાછું મેળવ્યું. પહેલાં પદમાં આવ્યું હતુંને કે હે વીતરાગ! તું બ્રહ્મા, તું વિષ્ણુ... પણ એના વિપરીત પદાર્થો નથી. અહીં તો વિપરીત..

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા. ૧૪-૨-૧૯૬૪, ગાથા-૪૭, પ્રવચન નં.૩૯૮

આ નિયમસાર એક શાસ્ત્ર છે. જેમાં મોક્ષમાર્ગનો અધિકાર (છે). જીવ પોતાના સ્વભાવ અને શુદ્ધ સ્વભાવથી પૂર્ણ ભરેલો હોવા છતાં એની અનાદિની ભૂલથી ચાર ગતિ અને ચોર્યાશીમાં પરિભ્રમણ કરે છે એવા સંસારી જીવની મુક્તિ કેમ થાય? અને એ મુક્તિની દશા ક્યાંથી

આવે છે? કોઈ સત્‌માં છે કે કોઈ અધ્ધરથી નવી આવે છે? એનું અહીંયાં નિયમસારમાં વર્ણન કર્યું છે. એમાં આ અધિકારમાં શુદ્ધભાવમાં તો એ ઘણો સરસ અધિકાર છે. જુઓ, ૪૭ ગાથા ૪૭. નિયમસાર આ બાજુ નામ છે અને આ બાજુ શુદ્ધભાવ અધિકાર છે. બે બાજુ લખાણ છે. ૯૯ પાનું. શું કહે છે?

जारिसिया सिद्धप्पा भवमल्लिय जीव तारिसा होंति।
जरमरणजम्ममुक्का अट्ठगुणालंकिया जेण।।४७।।
**જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,**
**જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭.**

એની ટીકા. ઓલી કોર ટીકા ૧૦૦મે પાને. જુઓ શું કહે છે? '**શુદ્ધદ્રવ્યાર્થિક નયના અભિપ્રાયે...**' એટલે શું? કે આ આત્મપદાર્થ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચૈતન્ય આનંદ આદિ અનંતગુણનો રસકંદ એક સ્વરૂપ વસ્તુ દ્રવ્ય-દ્રવ્ય (છે). દ્રવ્ય એટલે કોઈ ભગવાન દ્રવ્ય અને આત્મા ગુણ એમ નહિ હોં! વસ્તુની ખબર નથી એટલે આ દ્રવ્ય અને ગુણ આવ્યુંને સવારમાં એટલે કોઈ કહે કે દ્રવ્ય એટલે કોઈ ભગવાન અને ગુણ એટલે આત્મા. આ આ આત્મા ગુણ. અરે! પ્રભુ! તને ખબર નથી. એ દ્રવ્ય એટલે આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શક્તિવાન, સત્ત્વવાન, સ્વભાવવાન એકરૂપ ત્રિકાળ ધ્રુવસ્વરૂપ છે તેને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવે છે. દ્રવ્ય કોઈ ભગવાન છે નિયંતા અને એનો આ એક અંશ ગુણ છે અને એ અંશી છે એમ નથી. સમજાય છે કાંઈ? તેથી કહે છે કે જેવો સંસારથી રહિત પરમાત્મા સિદ્ધપદને શક્તિની અંદરમાં સત્ત્વ સ્વભાવ હતો તે અંતર અનુભવ કરીને આનંદની પર્યાયને પ્રાપ્ત થયા એ ભૂલ્યા હતા પણ પોતાને કારણે. કોઈ ઈશ્વરે એને ભૂલવ્યા છે કે કર્મે ભૂલવ્યા છે એમ છે નહિ વસ્તુમાં.

**શ્રોતા :-** પંચમકાળ છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંચમકાળે પણ ભૂલવતો નથી. કાલે ગાયું હતુંને ભાઈએ. ઉત્તમચંદભાઈ ક્યાં ગયા? ગયા? છે? કાલે ગાયું હતુંને બપોરે. 'અવિદ્યાની ઓથે રે અવરાણો મારો આત્મા, અવિદ્યાને ઓળે રે અવરાણો મારો આત્મા, અનેક જોગ વીત્યા રે એને પંથે ચાલતા જી.' એ આવશે હમણાં. 'નાવ્યો નાવ્યો પંથડા કેરો રે પાર, પ્રભુ તારી પાસે રે હરિ નથી વેગળા જી. પણ આડો આવ્યો રે તને અહંકાર.' પોતાના એક સમયના શુદ્ધ સચ્ચિદાનંદ સ્વભાવને ભૂલી પોતાનો નિર્મળાનંદ સત્ સત્ પરમાત્મ સત્ સત્ય, સત્‌નું સત્‌પણું, સત્ એવો આત્મા એનું પણું, એવું સત્‌પણું એવો શુદ્ધભાવ. જુઓ અહીંયાં અધિકાર છે. એ શુદ્ધભાવને જ અહીંયાં દ્રવ્ય તરીકે વર્ણવવામાં આવે છે. એકલો ત્રિકાળ અખંડ જ્ઞાયક સૂર્યનો કંદ-બિંબ એવું જે એનું સ્વરૂપ એની અંતર દૃષ્ટિ વિના એણે અનાદિથી પરપદાર્થને મારા (માન્યા છે). મારાની વ્યાખ્યા આપણે કરી હતી કાલે કે મારા એટલે એક એક રજકણ પોતાથી ભિન્ન છે, આત્મા

ભિન્ન છે તેની વર્તમાન ચાલતી થતી અવસ્થાના કાર્યને 'હું કરું' એણે પરને પોતાના માન્યા છે, પરથી જુદું એણે પોતાનું સ્વરૂપ જાણ્યું નથી. સમજાય છે કાંઈ?

એ ઉપરાંત એ પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠે છે એને પણ પોતાની અહંકારદશાને લઈને અહંકાર આવ્યો એને આડો અહંકાર. ચિદાનંદ જ્યોતિ સ્વરૂપ એક સમયમાં પૂર્ણ શુદ્ધનું ભાન જેના અંતર ઘોલનમાં એકલો આનંદ ઝરે એવો જે ભગવાન આત્મા એને પોતાની વર્તમાન દશામાં પરના અહંકારથી ભૂલ્યો. એને ભૂલવનાર કોઈ નથી અને એની ભૂલ ભાંગીને જે સ્વભાવ છે એ પ્રગટે એ સ્વભાવ ક્યાંયથી આવે છે એમ નથી. મનસુખભાઈ! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં... દાખલો તો આપણે ઘણીવાર આપીએ છીએને. પીપરનો નહોતો આપ્યો? લીંડીપીપરનો ગામેગામ દાખલો પહેલો શરૂઆતમાં (આપતા હતા).

લીંડીપીપરનું કદ નાનું, દેખાવે કાળી, સ્વભાવે લીલી, તિખારસથી ચોસઠ રસથી ભરેલી પૂરી. ભાનુભાઈ! કઈ? લીંડીપીપર. આટલું જેનું કદ છે, કદ એટલે જેની પહોળાઈ, કાળી જેની ઝાંય છે ઝાય, સ્વભાવ જેનો ચોસઠપહોરો રસથી ભરેલો રસકંદ છે અને લીલો જેનો રંગ છે. એ લીલા રંગના ચોસઠપહોરા રસથી ભરેલું જ એ તત્ત્વ કદ છે. આવડું છતાં. એ પીસે ને પ્રગટે છે ત્યારે કાંઈ બહારથી એ ચીજ આવતી નથી. એ ચોસઠ પહોરો રસ અંદર છે, ચોસઠ પહોરો કહો કે પૂર્ણ કહો કે રૂપિયો કહો કે સોળ આના કહો.

એવો જે ચિદાનંદ ભગવાન પૂર્ણ, જેમ એ ચોસઠ પહોરો રસ છે તો પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે અને લીલો રંગ અંદર છે તો અંદર કાળીનો અભાવ થઈને લીલો વ્યક્તરૂપે પ્રગટરૂપે થાય છે. એમ ભગવાન આત્મા, એક એક દાણામાં જેમ પૂર્ણ તાકાત છે આ વાતમાં, એમ એક એક આત્મામાં પૂર્ણ તાકાત છે. બધા આત્મા થઈને એક અને એનો કોઈ બનાવનાર નિયંતા જુદો હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? કેમ? કે જો કોઈપણ એનો બનાવનાર કહો તો એ ત્રિકાળી સર્વજ્ઞ સિદ્ધ થતો નથી. કોણ? જાણનાર. જો સર્વજ્ઞ હોય ઈ તો ગતકાળમાં પણ જે ચીજો છે એને એ જાણે છે. વર્તમાન છે એને જાણે અને ભૂત છે એને જાણે. ક્યાંય કરેલું હોય તો તો સર્વજ્ઞ ન રહી શક્યા. તો વર્તમાન અને ભવિષ્યના જ્ઞાતા અને ભૂતકાળમાં કર્તા, (પણ એમ હોય નહિ.) નવરંગભાઈ! તો એક ચીજ સર્વજ્ઞ છે, ત્રિકાળ જાણનાર છે, ત્રિકાળ જાણનાર છે એમ જો સિદ્ધ કરવા જાવ ત્યાં દરેક વસ્તુ ત્રિકાળ પોતાથી સિદ્ધ છે અને એનો જાણનાર પણ એક સમયમાં ત્રિકાળ જ્ઞાયક સર્વજ્ઞ સિદ્ધ છે. સમજાય છે કાંઈ? એ વસ્તુ જ એમ છે. એમાં એક એક આત્માનું અહીંયાં હવે વર્ણન કરવું છે. જેમ એક પીપરનો દાણો પૂરો રસ અને લીલાથી ભરેલો એવી તો અનંત શક્તિઓ, મુખ્યપણે બે કીધી.

એમ અહીંયાં કહે છે કે શુદ્ધદ્રવ્યાર્થિકનય. એટલે આત્મા પૂર્ણ દ્રવ્યસ્વભાવ શુદ્ધ, જેમ ઓલો રસ અને લીલા રંગથી ભરેલું પૂર્ણ. એની દૃષ્ટિથી જોઈએ તો લીલો અને તીખો રસ

પ્રગટ જ છે, શક્તિની અપેક્ષાએ હોં. સમજાય છે કાંઈ? આ તો લીંડીપીપરની વાત. તમારે ડોક્ટરની વાત ચાલે છે આ. મનસુખભાઈ છેને. બહુ તોફાન-ધમાલ કરે છેને આ બધા ડોક્ટરો, નહિ? આમ કરી દે ને આમ કરે. શું કહેવાય યજ્ઞ કહેવાય? શું કહેવાય? નેત્રયજ્ઞ, ફલાણા યજ્ઞ, ઢીંકણા યજ્ઞ. કહે છે, ભાઈ! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એ આત્મા એવી ચીજ છે કે કોઈ પરવસ્તુની કોઈપણ દશાને કરે નહિ, પણ કરે નહિ તો ઠીક પણ એવો એનો સ્વભાવ છે કે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે એવી સર્વજ્ઞ શક્તિ પડી છે. એવી આત્મામાં સર્વજ્ઞ નામનો સ્વભાવ અને ગુણ નામ શક્તિ પડી છે અને અતીન્દ્રિય આનંદનો રસ છે. પણ હવે એ કઈ નજરે જોવે? નજરું ન મળે.

'નજરને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ.' પોપટભાઈ! આહા..હા..! એ ભગવાન આત્મા અંદર એક સમયમાં એ અજ્ઞાનની ઓથમાં દેખાતો નથી. જેમ મોટો દરિયો પાણીથી ભરેલો છલોછલ હોય પણ એને ચાર હાથનું કપડું આડે કાંઠે મૂક્યું અને માણસ જાલીને ઊભો રહે તો ઓલું ચાર હાથનું કપડું હોય એ એને નજરમાં આડું આવે, એટલે એને દરિયો આમ છલોછલ ભર્યો એ દેખાતો નથી.

એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેમ પીપરમાં ચોસઠ પહોર રસ અને લીલો રંગ પરિપૂર્ણ (ભરેલો છે). પણ જેનો સ્વભાવ છે એનું અપૂર્ણ અને ઓછપ કે એમાં વિકાર હોઈ શકે નહિ. એવો ભગવાન આત્મા. બહુ શાંતિથી આ તો વાત સમજવા જેવી છે. એણે કોઈ દિ' સમજ્યો જ નથી. ક્રિયાકાંડ કરીને મરી ગયો આ કરું ને આ કરું ને આ કરું. દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને દાન. હો, એવો ભાવ પૂર્ણ ન હોય તો હો, પણ એ રાગ તે ધર્મ છે કે એને કારણે આત્માને શાંતિ અને સ્વતંત્રતા પ્રગટે એવું ત્રણકાળમાં નથી.

અહીં તો એમ કહે છે કે શુદ્ધદ્રવ્યાર્થિક. જે જ્ઞાનનો અંશ વર્તમાન. જોજો, નય છેને? જે જ્ઞાનનો અંશ ત્રિકાળ દ્રવ્યસ્વભાવ વસ્તુને જે લક્ષમાં લેવાનું જેનું પ્રયોજન છે. જે જ્ઞાનનો અંશ છે તો એનો અંશ વર્તમાન પ્રગટ પણ એ વર્તમાન જેટલાને જાણે, રાગને જાણે, નિમિત્તને જાણે તેને અહીંયાં વર્તમાનને જાણનારી વ્યવહારનય કહેવામાં આવી છે. એ વ્યવહારનય તે અભૂતાર્થ છે. ખરેખર તે આશ્રય કરવાલાયક નથી. છે એવું જાણવાલાયક છે. આશ્રય કરવાલાયક અને આદર કરવાલાયક નથી. અંદરમાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ચૈતન્યસૂર્ય પૂર્ણાનંદથી ભરેલો એને જે જ્ઞાનનો અંશ નિહાળે, જોવે એને શુદ્ધદ્રવ્યાર્થિકનય કહેવામાં આવે છે. ભાષા પણ ગ્રીક-લેટીન જેવી. શુદ્ધ દ્રવ્યાર્થિકનય. મનસુખભાઈને પૂછો. ૬૬ થયા. કેટલા થયા? શુદ્ધદ્રવ્યાર્થિકનય. લ્યો, હંમેશા સામાયિક, ચોવિહાર કેટલા વર્ષથી અને કેટલા વર્ષથી મહિનાના ચાર અપવાસ (કરે છે). ધર્મ કરવો છે તો તે ધર્મ કરનાર કોણ? અને ધર્મ થાય કઈ દશામાં? અને એ ધર્મ આવે ક્યાંથી એ સમજ્યા વિના? શાક લેવા જાય તો ત્યાં બે રૂપિયાનું શાક

લેવા ગ્યો તો ત્યાં જઈને ઉભો રહે બે રૂપિયા દઈને. ભાનુભાઈ! મારા બાપાએ કીધું છે કે બે રૂપિયાનું શાક આપો. ક્યુ? એ મને ખબર નથી. કેટલું? એ મને ખબર નથી. બે રૂપિયાનું શાક (આપો). મૂર્ખ કહે કે શું કહે એને? પણ આ પચાસ જાતના શાક છે, જો કારેલા ને દૂધી ને ફલાણું ને ઢીંકણું. શાક આપો બે રૂપિયાનું મને મારા બાપે રૂપિયા આપ્યા છે. શાક લઈ આવજે એમ કીધું છે. પણ બાપે શું કીધું ખબર નથી એને? જેઠ મહિનાનો વખત છે, આ અધમણ કેરી લાવ્યા છીએ અને એ કેરી સાથે કારેલા શોભે. એ કારેલા લાવજે એમ કીધું હતું એને. ઓલું વાયડું પડે ભેગું કડવું લાવજે. એ ભૂલી ગયો. તારવીને બીજી ચીજમાંથી તારવીને આ લાવજે એ ભૂલી ગયો. બે રૂપિયાનું શાક લાવજો. ઠુંઠિયો ઉભો રહ્યો લ્યો. ક્યું શાક? એ મને ખબર નથી. મૂર્ખો છે? પાછો પૂછી આવ ઘરે જઈને. ભાનુભાઈ! કાપડ લ્યો તમારું. કાપડ છે? શું છે એને દુકાન? સોનું હશે. સોનું. લોઢું નહિ, તાંબુ નહિ, કથિર નહિ, કપડું નહિ, લાકડું નહિ, એનાથી જુદું આ સોનું એમ નક્કી કર્યા વિના સોનું લેવા આવતો હશે? મને કાંઈક ધાતુ આપો પાંચસો રૂપિયાની. એમ કહીને ઉભો રહેતો હશે? આવતો હશે? પણ કઈ ધાતુ? સોનું? ચાંદી? એ મને કાંઈ ખબર નથી. મારા બાપે પાંચસો રૂપિયા લઈને મોકલ્યો છે. જા, ધાતુ લઈ આવ ભાનુભાઈને દુકાનેથી.

એમ જેને ધર્મ કરવો છે એ ક્યાંથી થાય? કોણ છે? એને જાણ્યા વિના ધર્મ થાતા હશે? ત્યાં જાણ્યા વિના ચીજ મળે નહિ, ત્યાં મૂર્ખ કહે એને. ક્યાં તારી નજર રાખવાની છે? ક્યાંથી તારી નજર ઉઠાવવાની છે, જાણ્યું છે? કે ના, એ કાંઈ ખબર નહિ, મારે ધર્મ કરવો છે. મૂર્ખ છો? ભાનુભાઈ! અહીં તો ભાઈ વાત (આ છે). મૂઢ! તારા ચૈતન્યના સ્વભાવને એક સમયની અંદર શુદ્ધદ્રવ્યાર્થિક (નયથી જુઓ તો). જુઓ પાછું અહીં, દ્રવ્યાર્થિકનો અર્થ એની પર્યાયમાં વિકાર થાય એ પણ અશુદ્ધદ્રવ્યનો વિષય છે કે જેને પરમાર્થે વ્યવહાર કહેવાય છે. અહીંયાં શુદ્ધ ચિદાનંદમૂર્તિ ચૈતન્ય ચળકતો સૂર્ય પૂર્ણાનંદથી ભરેલી વસ્તુ, વસ્તુ પોતાની સ્વ નિજાત્મ એને જે (વિષય કરે છે). શુદ્ધદ્રવ્ય એટલે ઓલો સ્વભાવ ત્રિકાળી દ્રવ્ય. અર્થ એટલે પ્રયોજન. જે જ્ઞાનના અંશનો ત્રિકાળી સ્વભાવનું પ્રયોજન છે એના અભિપ્રાયે, એના **'અભિપ્રાયે સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.'** જેવા સિદ્ધ પરમાત્મા અશરીરી થયા એવો જ આત્મા છે એવો જ શુદ્ધ દ્રવ્યાર્થિકનો વિષય એ દૃષ્ટિમાં લેવો તેને સમ્યગ્દર્શન કહે છે.

અહીં તો સમ્યગ્દર્શન છે અંદર એમ કહેશે. આહા..હા..! સમજાય છે? છેને પાઠ? આઠ ગુણ અલંકૃત છે. અલંકૃતનો અર્થ અહીં પુષ્ટિથી પુષ્ટ છે, પુષ્ટિથી તુષ્ટ છે એવો અર્થ કર્યો છે. આત્મામાં એ સમ્યગ્દર્શન, અનંત કેવળજ્ઞાન, અનંત દર્શન, આનંદ જે પ્રગટરૂપે થાય એ તારામાં છે. પ્રગટ કે અપ્રગટ એ શુદ્ધદ્રવ્યાર્થિકના અભિપ્રાયમાં હોઈ શકે નહિ. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ (છે). અલ્પજ્ઞતા નહિ, રાગ નહિ, નિમિત્ત નહિ. અલ્પજ્ઞાન

આદિ નહિ. પૂર્ણ સર્વજ્ઞસ્વભાવ, પૂર્ણ આનંદ એકરૂપ એને જોનારા જ્ઞાનના આશયથી જોઈએ તો સંસારી જીવની દશા અને મોક્ષની બેય એક સરખી છે.

**શ્રોતા :-** આ વાત તો બહુ સારી છે. સંસારી અને સિદ્ધને એક સરખા કહ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઈ રીતે પણ? એ સ્વભાવની દૃષ્ટિની વાત છે. પર્યાયની અહીંયા વાત ગણવી નથી. સંસાર એટલે શું? સંસાર કોઈ બાયડી, છોકરા, કુટુંબ નથી. સંસાર એ એની દશાની એક અવસ્થા ભૂલની એને સંસાર કહે છે. ભગવાન આત્મા જે આ શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય કહ્યો ત્રિકાળ, એવા સ્વભાવની નજરુંથી એ નિધાનને નજરમાં ન લેતા નજરું ત્યાંથી ખસી ગઈ છે. એ નજરે એ રાગ ને પુણ્ય ને નિમિત્તને પોતાના લક્ષમાં લીધા છે. એ નજરે લક્ષમાં લીધા એનું નામ મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિપણું અવસ્થામાં છે. એને સંસાર કહેવાય છે. સમજાય છે કાંઈ? એ સંસાર અવસ્થાના લક્ષવાળી દૃષ્ટિ જ્યાં નથી એટલે કે પૂર્ણાનંદ મારો સ્વભાવ... અહીં મોક્ષમાર્ગનો અધિકાર છે. નિયમસારમાં આ વાત લીધી છે. મોક્ષમાર્ગની પર્યાય પ્રગટશે અને નહોતી એ દ્રવ્યાર્થિકનયનો વિષય જ નથી. શું કહ્યું સમજાય છે આમાં?

**'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** આત્મા પૂર્ણાનંદની અંતર અનુભવની, અનુભવ આ આનંદ છે એમ અનુભવ કરીને પ્રતીતિ (થવી) એનું નામ સમ્યગ્દર્શન. આ જ્ઞાયકમૂર્તિ છે તેનું જ્ઞાનની પર્યાયમાં, અવસ્થામાં જ્ઞેય પૂર્ણને લક્ષ કરીને પ્રગટેલું જ્ઞાન અને તે જ્ઞાનમાં સ્થિરતા સ્વરૂપમાં સ્થિરતા થઈને અરાગી નિર્વિકલ્પ સુધારસની ધારા ચારિત્રની વહી એને મોક્ષનો માર્ગ કહે છે. એ અહીં કહેવું નથી. છે અધિકાર મોક્ષમાર્ગનો, ભાઈ! આહા..હા..! પણ એ મોક્ષમાર્ગની જે દશા પ્રગટશે અને બંધ માર્ગની દશા જશે એ વાત નથી. પૂર્ણ સ્વરૂપમાં દૃષ્ટિ આપતા તે દશા ભલે પ્રગટે, પણ પૂર્ણસ્વરૂપમાં એ દશા અત્યારે નહોતી અને નવી પ્રગટી એમ નથી. આહા..હા..! બહુ ઝીણું પણ.

કહે છે એ ભગવાન આત્મા જેટલા સિદ્ધો થયા પરમાત્મા એવા જ આ સંસારી જીવો એક સમયની વિકૃતદશાને લક્ષમાંથી છોડતાં, લક્ષમાંથી છોડતા.... એક સમયનો સંસાર. સંસારી જીવનો પર્યાય એક સમયનો સંસાર અને ત્રિકાળી આનંદકંદનું ધ્રુવ. આમાં જરી કસોટી જોવે છે જ્ઞાનની. એવો જે ભગવાન આત્મા એને શુદ્ધદ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી જોઈએ તો કહે છે કે જેવા સંસારી જીવો, મુક્તપણે પામેલા જીવો છે એમાંથી, એવા જ એ સંસારી છે. એવા અને મુક્ત જીવોમાં કાંઈ ફેર નથી. એવો ફેર નથી એવી દૃષ્ટિ કરે ત્યારે મુક્તપણાની પર્યાય પ્રગટે. નવરંગભાઈ!

એ **'સંસારી જીવોમાં...'** અરે! નિગોદની દશામાં, અરે! અભવિની પર્યાયમાં (પર્યાયને) લક્ષમાં ન લેતા અભવિનો આત્મા પણ એકલો આત્મા મુક્ત જ છે. આહા..હા..! ચૈતન્ય સૂર્ય પૂર્ણ વસ્તુ છે તેમાં અપૂર્ણ કેવું? એમાં આ પ્રગટશે અને જશે એ તો એક વર્તમાન

નયનો વ્યવહારનો વિષય થઈ ગયો. એ મોક્ષમાર્ગ પ્રગટે કોને? કે વસ્તુએ પરિપૂર્ણ જ છું (એમ જેને લક્ષ છે). પ્રગટશે એના ઉપર જેને લક્ષ નથી, બંધની અવસ્થા નાશ થશે એવું જેનું લક્ષ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટશે એવી પર્યાયનું જેને લક્ષ નથી અને બંધ મારી પર્યાય વિકાર સંસાર નાશ—વ્યય થશે, આ ઉત્પાદ થશે અને વ્યય થશે એવું લક્ષ જેને નથી. આહા..હા..! જેના લક્ષમાં આખો ચૈતન્ય ભગવાન જેના લક્ષમાં, ધ્યેયમાં વર્તે છે. બહુ વાતું, ભાઈ! જેની નજરુંમાં પરમાત્મસ્વભાવ તરવરે છે. પૂર્ણાનંદથી ભરેલું ચૈતન્ય સત્ત્વનું સત્ત્વ એકલો સ્વભાવ એ અભિપ્રાયથી જોઈએ (તો) સંસારીની એક સમયની પર્યાય અને મુક્તિની નિર્મળ એક સમયની કેવળજ્ઞાનની પર્યાય, બેયનું જ્યાં લક્ષ નથી ત્યાં પૂર્ણ સ્વભાવે બધા એકસરખા છે. નવરંગભાઈ! આવી વાત. આહા..હા..! અરે! એણે ઘરમાં જવાની વાતું કોઈ દિ' વિચારી નથી હોં! એ કહેશે હવે જુઓ, હવે કહે છે. એટલી વાત કરી. '**સંસારી જીવો અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.**'

'**જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા,...**' લ્યો હવે. અનાદિ સંસારની દશામાં જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય. એવા ત્રણ વિશેષણ આપ્યા જીવને. કેવા જીવો થયા? અતિ નિકટ જેનો સંસાર છે અંત. નિકટ સંસારનો અંત હવે. સંસારને કાંઠે આમ ઊભા છે. મોક્ષની પર્યાય પ્રગટવાની જ્યાં તૈયારી છે. આહા..હા..! કુંદકુંદાચાર્યમાં આવે છેને ભાઈ! પ્રવચનસારમાં? ઓહો..! અતિ-આસન્ન-ભવ્ય. મોક્ષ જેને નજીકમાં છે. અમૃતચંદ્રાર્ય ટીકા કરે છે કુંદકુંદાચાર્યની. સમજી શકાય કે નહિ કે સામો આત્મા કેવડો? કે ન સમજાય? સમજાય છે? અરે! જ્ઞાન કોને ન જાણે? પરમેશ્વરને જાણે તો વળી આ બીજો આત્મા અને આ ફલાણો ન જાણે એમ હોઈ શકે નહિ. કહે છે કે '**જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા,...**' 'થયા' એમ સિદ્ધ કરે છે પહેલું. નિકટ સંસાર જેને હતો એટલે કે નિકટ સંસાર એટલે સંસારનો નાશ નજીકમાં હતો અને મોક્ષ થવાની જેની તૈયારી હતી એવા અતિ-આસન્ન-ભવ્ય. અતિ એટલે શીઘ્રપણે નજીકમાં જેની મુક્તિ છે એવા ભવ્ય જીવો થયા. એવા થયા એવો વિશ્વાસ કરે છે પહેલો. કેમકે આત્માના સ્વભાવનું સાધન મુક્ત થવાની દશાનો કાળ જ અસંખ્ય સમયનો છે. શું કહ્યું?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ તરવરે નજરમાં એવી રીતે તરતા હોય એની દશાના અસંખ્ય સમયમાં જ કેવળજ્ઞાન થાય એને. એને અનંત સમય જોઈએ નહિ. સમજાય છે? એટલે એમ સિદ્ધ થયું કે જે કોઈ મોક્ષના રસ્તે ગયા અત્યારના અનંત પ્રવાહમાં એને અસંખ્ય સમયે તો એને કેવળ મુક્તિ થાય, થાય ને થાય. કાળ અનંત થયો, કાળ તો અનંત ગયો, તો કહે છે કે અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા. જીવ થયા એમ નહિ. જીવો એટલે ઘણા જીવો થયા. એવા અસંખ્ય સમયે કેવળ, અસંખ્ય સમયે કેવળ,

અસંખ્ય સમયે કેવળજ્ઞાન પામનારા સાધકજીવો થઈ અનંત થયા છે. સમજાય છે કાંઈ?

બીજી રીતે કહીએ તો જેણે સાધક સ્વભાવ અંતરના શુદ્ધ ચૈતન્ય ઉપર નજરું નાખીને પ્રગટ દશા કરી છે એવા સાધકપણે કેવળજ્ઞાનને પામ્યા એ પણ શરીરસહિત હો કોઈ એવા પણ જીવો છે અને કોઈ શરીરરહિત થયા સિદ્ધ એવા જીવો પણ છે. કયે ક્ષેત્રે? એ સવાલ પછી એણે વિચારવાનો રહ્યો. કેમકે એ જ્યારે શરીરસહિત પણ સિદ્ધ છે એટલે કેવળજ્ઞાન અને શરીરરહિત સિદ્ધ છે અશરીરી. એવા અસંખ્ય સમયમાં સ્વરૂપને સાધવા માટે અસંખ્ય સમય જોઈએ તો એક જીવ અસંખ્ય સમયે કેવળ પામે એવા અનંત થયા તો એને કોઈ સ્થાનમાં રહેવાનું છે. એને કોઈ સ્થાનમાં એટલે પૂર્ણ કેવળને પામેલાનું સ્થાન છે શરીરસહિતનું મનુષ્યક્ષેત્ર અને શરીરરહિતનું ક્ષેત્ર છે ઉપર. સમજાય છે કાંઈ આમાં? મનસુખભાઈ! આ તો અરિહંત અને સિદ્ધની વાત કરી. અહીં તો સિદ્ધ જેવી વાત કરવી છે હોં! આહા..હા..!

છે, ક્યાંક થયેલા છે, આવા ભાવવાળા છે, તો છે તો કોઈ ક્ષેત્રે હશે કે નહિ? સમજાય છે કાંઈ? તો અરિહંત પદને પામેલા ક્ષેત્રે મનુષ્યક્ષેત્રમાં છે. મહાવિદેહ નામ નથી આપતા પણ મનુષ્યક્ષેત્ર કીધું. અને જે એકદમ પૂર્ણ સિદ્ધ થઈ ગયા, શક્તિની પૂર્ણતા અંતરથી પ્રગટ થઈ ગઈ, શરીરનો નિત્ય સંબંધ ન રહ્યો, એવા જીવો થયા. અરે..! એનો પણ ભરોસો કેટલો છે? તેઓ શું કર્યું છે? કહે છે કે એણે કર્યું શું? કે જે મુક્તપદને પામ્યા કે '**જે સંસારાવસ્થામાં...**' એ અનંત જીવો મુક્તિપણાને પામ્યા, પરમ આનંદરૂપી મોક્ષદશાને પામ્યા એ પૂર્વે સંસાર (અવસ્થામાં હતા). જુઓ, અહીં સિદ્ધદશાથી પૂર્વ અવસ્થા સંસાર. પૂર્વ અને પછી ને પહેલી બધી દશાઓની વાત છે. તો કહે છે... વસ્તુ તો જે છે ત્રિકાળ દ્રવ્યાર્થિકને સિદ્ધ કરવી છે અહીં.

'**પૂર્વે સંસારાવસ્થામાં...**' જુઓ, અહીં સંસાર દશા કીધી છે હોં! અવસ્થા કહો, દશા કહો. સંસાર એ દશા કોઈ જડને ન હોય, કર્મને ન હોય, પરમાણુને ન હોય, આવા જડને ન હોય. '**તેઓ પૂર્વે સંસારાવસ્થામાં...**' એમ કહ્યું છેને? એ જીવની સંસાર અવસ્થામાં એટલે ઉદયભાવ, વિકારભાવ એ સંસારભાવ. '**સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા...**' શું કહે છે? ઓહો..! થાક લાગ્યો દુઃખનો. એ ચોર્યાસી લાખના અવતારમાં કારણરૂપ ક્લેશ મિથ્યાભાવ અને રાગ-દ્વેષ એ સંસારના ક્લેશથી થાક્યા. ચિત્તમાં થાક્યા ખેદ થઈને અરેરે! આ નહિ હવે હોં. આ વિકારના દુઃખ સહ્યા જતા નથી. આ દુઃખ અમારે ન હો. સંયોગની વાત નથી. દશામાં રાગ અને દ્વેષ અને મિથ્યા-અભિપ્રાય એનું જે દુઃખ લાગ્યું (એ ન હો). આહા..હા..! શું આ? પૈસા કરોડો હોય, સુંદર શરીર હોય, સ્ત્રીઓ પદમણી જેવી હોય, કહે છે કે એના પર્યાયમાં એને ક્લેશ ભાસે. એની પર્યાયમાં ક્લેશ થાય, આહા..હા..! અરે! આ આકુળતા! એ સંયોગને લઈને નહિ. સ્વભાવમાં નહિ. ત્રિકાળ સ્વભાવ, સ્વભાવથી ભૂલ્યા એને પર્યાયમાં ક્લેશ છે.

કહે છે એ '**સંસારક્લેશથી...**' લ્યો, એ સંસાર પોતે ક્લેશ દુઃખદાયક. થાક્યા.. થાક્યા.. અરેરે! આ નહિ હોં. આ નહિ. અરે! અમારી ચીજ કોણ છે? અરે! ક્યાંય વિશ્રામસ્થાન હશે કે નહિ? ક્યાંય વિશ્રામ લેવાનું સ્થાન હશે કે નહિ? કે આવો વિશ્રામ કાળ જ ગયો અનંત? ચિત્તમાં. જોયું! એવા '**ચિત્તવાળા થયા થકા...**' શરીરમાં એમ નહિ. બહારમાં વૈરાગી થઈને નીકળી ગયા બાયડી, છોકરાને છોડીને એ વૈરાગ્ય નહિ. જેની દશામાં વૈરાગ્ય થાક લાગ્યો અરે! આ આકુળતા. અરે..! પર તરફના જુકાવની પુણ્ય-પાપની લાગણીઓ સંસાર ક્લેશ છે. એનાથી થાક્યા એવા ચિત્તવાળા થયા થકા '**સહજવૈરાગ્યપરાયણ થવાથી...**' દેખો! સ્વભાવિક એ વિકાર પછી શુભ હો કે અશુભ હો, બેય વિકાર એનાથી સ્વભાવિક વૈરાગ્યપરાયણ એમાંથી હઠ્યા. એ રાગની વૃત્તિઓ શુભાશુભથી હઠ્યા. લ્યો, આ મુક્તિ કેમ પામે એની વાત કરે છે ભેગી. કેમ પામ્યા એનો ઉપાય પણ સાથે બતાવે છે.

ભગવાન આત્મા પૂર્ણાનંદનું ધામ સ્વભાવ એને ભૂલી પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં, એ વિકારના ખદબદાટનો ક્લેશ (એનાથી) ચિત્ત થાક્યું. અરે! આ નહિ હોં! એનાથી ખસીને સ્વભાવિક વૈરાગ્ય. શુદ્ધ ચિદાનંદ મૂર્તિની દષ્ટિ થતાં રાગથી સહજ હટી ગયા. રાગ અને સ્વભાવને એકપણે જે માન્યું હતું, વિકલ્પ જે છે દયા, દાન, વ્રતાદિ, કામ, ક્રોધનો વિકલ્પ ઉઠે તે સંસાર ઉદયભાવ અને પરમપારિણામિક સ્વભાવભાવ, પરમપારિણામિક એટલે સહજ સ્વભાવસ્વરૂપ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... એને એકપણે માન્યાનો થાક લાગ્યો હવે. આહા..હા..! સમજાય છે કાંઈ? જુઓ આ મોક્ષમાર્ગની લહેરની નજરું. જેની નજર વિકારના વિકલ્પોથી ખસી ગઈ અને એક બાજુથી ખસતા બીજી બાજું ઠરી ગઈ. એક સેકન્ડનો અસંખ્યમો ભાગ પૂર્ણાનંદ પ્રભુ પરમાત્મ, પરમ-આત્મ એટલે પરમસ્વરૂપ એવું નિજ-આત્મસ્વરૂપ એમાં નજરું ઠરી. વાતું બધી અગમનિગમની વાતું, નહિ? નવરંગભાઈ!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ એમ જ છે. એમ છે એની વાત થાય છેને અહીંયાં. જુઓને કેટલી વાત કરી છે!

ભગવાન! તારા દ્રવ્યાર્થિક દ્રવ્યના સ્વભાવની શું વાત કરવી? પણ એનું માહાત્મ્ય ક્યારે આવે? કે એને રાગના વિકલ્પોની વૃત્તિઓ ક્લેશ ભાસે, ત્યારે તેમાંથી દષ્ટિ હઠાવી ભગવાન ચૈતન્ય આનંદધામમાં દષ્ટિ મૂકે ત્યારે તેને રાગથી હઠવું થયું. પછી શુભરાગ હો કે અશુભ હો, સહજ વૈરાગ્ય છે. સમજાય છે કાંઈ? 'જ્ઞાની મગન વિષય સુખમાંહી, યહ વિપરીત સંભવે નાહીં. જ્ઞાની મગન વિષય સુખમાંહી, યહ વિપરીત સંભવે નાહીં. જ્ઞાનકલા જિસકે ઘટ જાગી, તે જગમાંહી સહજ વૈરાગી.' એ કળશના જ અર્થો બનારસીદાસે કર્યા છે. આપણે જે કળશટીકા વંચાય છેને સવારમાં? એમાંથી બનારસીદાસે સમયસાર નાટક કાઢ્યું છે. એમાં એમના જ અર્થોને ભરીને કેટલાક તો ભાવ એના જ અર્થમાં કહ્યા છે અને કેટલાક નવા

પણ પોતાના કહ્યા છે સમયસાર નાટકમાં. એમાં આ એક મૂક્યું છે. ‘જ્ઞાનકળા જિસકે રે ઘટ જાગી, જ્ઞાનકળા જિસકે ઘટ જાગી, તે જગમાંહી સહજ વૈરાગી. જ્ઞાની મગન વિષય સુખમાંહી, યહ વિપરીત સંભવે નાહીં.’ છન્નું હજાર સ્રીના પદ્મણી જેવી સ્રીઓના વૃંદમાં પડ્યો. સ્મશાનમાં મડદાને પાલેશ લાકડાથી બાળતા જેને મડદાને બળતા હરખ નથી અને પ્રતિકૂળ લાકડાના મોટા લોઢાના લઠ જેવા મડદા ઉપર ચાર મણના મૂકે એને ખેદ નથી. એમ જેની દૃષ્ટિમાં ક્લેશના વિકારથી હઠીને સ્વભાવની દૃષ્ટિમાં ગયા, સહજ વૈરાગ્ય છે. છન્નું હજાર સ્રીના વૃંદમાં પડ્યા જ્ઞાતા-દૃષ્ટાપણે, વૈરાગ્યપણે પરિણતિમાં ઊભા છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

કહે છે એ ‘**સહજવૈરાગ્યપરાયણ**...’ પાછી ભાષા શું છે? આહા..હા..! એ સ્વભાવમાં આવા વૈરાગ્યના ઉભરા આવ્યા છે. દરિયામાં જેમ પાણીની ભરતી આવે એમ ભગવાન આત્મામાં ભરેલા આનંદ રસો એની નજરુંમાં આવતા જેને પર્યાયમાં, અવસ્થામાં વૈરાગ્યના વહેણ આવ્યા છે. સમજાય છે કાંઈ? અને વૈરાગ્યના વહેણ આવતા એ પ્રવાહ વૈરાગ્યમાં ઢળ્યો, એથી વૈરાગ્ય નામ રાગરહિતમાં તે પરાયણ છે. જુઓ, આ મુક્તિનો માર્ગ. કોઈ વિકલ્પ ઉઠે કે નિમિત્તો કે આ એ બધો કોઈ મુક્તિનો માર્ગ છે જ નહિ. આહા..હા..! અરે! બહુ પણ ભાઈ! આ પત્રો હમણાં આવ્યા છેને, કેટલું લખે છે. આહા..હા..! હવે આ તો .. જેવા કીધું. પણ આ કેટલું વિરુદ્ધ લખે જુઓ. બાકી તો કૂચા ભર્યા છે. આહા..હા..! અરે! પ્રભુ! લોકોને પરમાત્મસ્વભાવ નિજસ્વરૂપનો મહિમા નથી. એટલે આ ક્રિયાથી આ થાય અને આ ક્રિયાથી આ થાય. જીવતા શરીરની ક્રિયાથી ધર્મ થાય. અરે! ભગવાન! શું કરે છે તું? જીવતું શરીર કીધું. આ તો મડદું છે.

મૃતક કલેવરમાં વિજ્ઞાન અમૃતઘન મૂર્છાણો. ૯૬ ગાથામાં આવે છેને. કર્તાકર્મમાં. ભગવાન આત્મા અમૃતરસકંદ એ મૃતકકલેવર જે આ શરીર એ અમૃત મૃતકમાં મૂર્છાણો એવા મ-મ ત્રણ મૂક્યા છે. છન્નું ગાથામાં કર્તાકર્મમાં. આહા..હા..! અમૃતચંદ્રાચાર્યે આ અમૃત પ્રભુ જેના સ્વભાવના દુંટીમાં અંદરમાં તો એકલો અતીન્દ્રિય આનંદનો રસ જ પડ્યો છે. જુઓ, આનંદથી જુઓ તો આનંદમય દેખાય, જ્ઞાનથી જુઓ તો જ્ઞાનમય દેખાય, દેખવું તો જ્ઞાનથી છે, પણ વીર્યવાળું દેખો તો વીર્યમય દેખાય. જે દૃષ્ટિથી દેખો એક ગુણેથી આખો ગુણમય આખો આત્મા દેખાય. એવો આત્મા પરથી હઠ્યો ‘**સહજવૈરાગ્યપરાયણ થવાથી**...’ પહેલું તો સંસારક્લેશથી થાક્યા, ચિત્તવાળા થયા ત્યાં સુધી તો ભાઈ સમ્યગ્દર્શનની દશાનું વર્ણન છે. હવે અહીંયાં મુનિદશાનું વર્ણન કરવા માગે છે થોડું.

એ ‘**સહજવૈરાગ્યપરાયણ થવાથી**...’ સહજ ઉદાસ... ઉદાસ... એ અનુકૂળતાના ગંજ હો તો જ્ઞાનના જ્ઞેય અને પ્રતિકૂળતાના ઢગલા હોય તો જ્ઞાનના જ્ઞેય, મને અસર કરે એવી ચીજમાં છે જ નહિ. સમજાય છે? અગ્નિએ શરીર સળગતા હોય, તણખા ઉડતા હોય અગ્નિમાંથી

શરીમાંથી આમ હળ... હળ... જ્યોતિ (નીકળતી હોય તોપણ) સહજ વૈરાગ્ય પરાયણ (છે). દષ્ટિએ દોલત ભાળ્યા છે. દષ્ટિએ ચૈતન્ય પ્રભુને જોયો છે, માન્યો છે, જાણ્યો છે, અનુભવ્યો છે અને રાગથી હઠ્યો છે. એવો સહજવૈરાગ્ય તત્પર થવાથી. હવે મુનિપણું કહે છે, ભાઈ! આવું થાય એને. એમને મુનિ લઈને હાલી નીકળ્યા નાગા થઈ ગયા (એ મુનપણા નહિ). બાપુ! એ મુનિપણા તો પરમેશ્વરપદ છે, ભાઈ! એ મુનિપદ તો પરમેશ્વરપદ છે. 'માણસ હોના મુશ્કેલ હૈ, સાધ કહાં સે હોય? સાધ હુઆ તો સિદ્ધ હુઆ, કહેણી ન રહી.' સાધુ! ગજબ વાત! પરમેશ્વર નજરે પડવો ભરતક્ષેત્રમાં મુશ્કેલ છે. સમજાય છે કાંઈ? એ.. ભાનુભાઈ! બહુ કઠણ પણ પોતાના કરતા ઓલો જરી છોડીને બેસેને એટલે આહા..હા..! બાપા!

આ સાધુપદની દશા આ વર્ણવે છે જુઓ. ઓળખાવે છે કે પહેલો તો ચિત્ત થાકીને હઠ્યો રાગથી પછી વૈરાગ્યપરાયણ એટલો થઈ ગયો. શરીર શરીરની દશાથી હો, જેની જે દશાથી હો તે હો, મારે અને એને કાંઈ સંબંધ છે નહિ. એમ અંતરમાં સહજ વૈરાગ્યના એ પરાયણ વૈરાગ્યના ઝુલે ઝૂલતો. આ હીંચકે જેમ ઝૂલતો હોય આમ. આ હીંચોળા નથી મારતા? પછી પાછો નીચો આવે તો ઠેબુ મારે આમ ઉપર જાવા માટે. હીંડોળા ખાટ હોય આમ નથી કરતા આમ? આમ મારે તો ઓલું આમ ચાલે. એમ અહીંયાં સ્વભાવ ઉપર પુરુષાર્થની ગતિ મારતો. એટલો વૈરાગ્ય જેને ઊપજ્યો હોય છે અંદરમાં. 'ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા, માન પ્રત્યે વર્તે દીનપણાનું માન જો, માયા પ્રત્યે સાક્ષી માયા ભાવની, લોભ પ્રત્યે નહિ લોભ સમાન જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' (શ્રીમદ્‌ને) મુનિપણું નહોતું તો ભાવના કરતા. આત્મજ્ઞાન હતું, સમ્યગ્દર્શન હતું. સમ્યગ્દર્શનની છોળું ઉઠી હતી અંદરમાંથી. પણ અરે! આ વૈરાગ્ય! આ મુનિપદ જે ચારિત્ર સાક્ષાત્ મુક્તિના કારણ, સાક્ષાત્ મુક્તિની પર્યાયને પહોંચાડી આપનાર, અરે! એ પર્યાય અમને ક્યાંથી હોય? એ સમય ધન્ય છે! એ કાળ ધન્ય છે! એમ કરી ભાવના (ભાવે છે).

અહીં સાક્ષાત્ થવાથી '**સહજવૈરાગ્યપરાયણ થવાથી...**' ઓહો..હો..! આમ ૨૦ વર્ષનો દીકરો જુવાન મરી ગયો હોય અને જેને ખાવાની ટેવ જ પડી ગઈ હોય ચુરમાના લાડવાની. મનસુખભાઈ! આ ખબર છે વીરજીભાઈની. શું નામ એમનું? જામનગરમાં થયા. ચુરમાના લાડવા જ ખાય દરરોજ. ચુરમું એકલું. એમાં જુવાન છોકરો મરી ગયો. બાળી આવ્યા. બાળીને .. આમ કોઈ દિ' ચુરમા સિવાય રોટલી ખાધેલી નહિ. ચુરમું... ચુરમું... ચુરમું... દરરોજ ચુરમું. અરે! બાળીને આવ્યા, સગાવ્હાલા ભેગા થયા. અરે! ભાઈ! તમે રોટલી-રોટલો ખાશો તો રોગ થશે હમણાં હોં. એક ગયો ભેગો બીજો. નહિ પચે, નહિ પરિણમે, નહિ અંદરમાં કામ કરે. ત્યારે શું કરવું? અરેરે! આ છોકરો બળીને રાખ થઈ ગયું શરીર, આ એને બાળીને આવ્યો ને ચુરમાના લાડવા બનાવ્યા. મનસુખભાઈ! આ પૂછો વીરજીભાઈને જુઓ, જોયેલું. અપાસરા પાસે રહેતા વીશાશ્રીમાળી. શું કાંઈક ગોત્ર હતું કાંઈક. વોરખ.. જેમ આ વારિયા

કહેવાય છેને એની .. હતી. આપણે તો કાંઈ બધું.. આપણે તો સાંભળેલું. આમ. એ લાડવા ચુરમાના હો ઘઉંના લોટ ધોળિયા અંદર ઘી અને સાકર કે ગોળ. થાળીમાં મૂક્યા અને દાળ. આંસુની ધારા ચાલી જાય અને લાડવાનો કટકો મૂકે મોઢામાં. કેટલો પ્રેમ હશે? અરે! દીકરા તારા વિરહ પડ્યા એ કે દિ' સમાપ્ત થશે? રોવે... રોવે... રોવે... પણ ચુરમાના જ લાડવા ખાધેલા. દરરોજ ચુરમું. એમાં બીજી વાત નહિ. એ તો અહીંયાં આપણે નહિ છોટાભાઈ હતા. આ ચંદુભાઈના બાપના બાપ છેને. એ ચુરમું જ ખાતા પહેલાં. પણ એના છોકરાની વહુ મરી ગયા, ભાઈ નહિ? હિંમતભાઈને ભેગા રહે ખરાને. ગૃહસ્થ માણસ. પહેલેથી પૈસાવાળા ગર્ભશ્રીમંત પહેલેથી ઘણા વર્ષોથી. આ ચંદુભાઈ આપણા બાળબ્રહ્મચારી. એમના બાપના બાપ. છેને જીવે છેને બધા જીવે છે. આ મલૂપચંદભાઈ મોટા નથી આવતા જાડા? એના પિતાજી. એના છોકરા બે કરોડ-કરોડ રૂપિયાવાળા છેને. મલૂપચંદભાઈના દીકરા કરોડપતિઓ બે મોટા. આ એના બાપ જીવે છે. એ ચુરમાનાં લાડવા જ ખાતા. જેના ભેગા રહે એ છોકરાની વહુ મરી ગઈ. અરેરે! આ ચાલી ગઈ લાભુ? છોકરાની વહુ એટલે દીકરી તરીકે હોયને. આ ગઈ અને પોતાને બૈરા તો ગુજરી ગયા હતા. ભાઈ આ લાડવા છોડી દીધા. પણ આને તો છોડવા પાલવે નહિ એવી ટેવ પડી ગયેલી. એય..! મનસુખભાઈ! એ લાડવામાં કેટલો પ્રેમ હશે ખાતા વખતે? લોકો ભાળે છે કે લાડવા ખાય છે. એનું હૃદય ભાળે છે કે રોટલો અને લાડવો મારે એક છે અત્યારે તો.

એમ ધર્મીની જ્યાં દૃષ્ટિ સ્વભાવ ઉપર ગઈ છે, સમ્યક્ થયું છે અને એના ઉપરાંત જ આ વૈરાગ્ય વધી ગયો છે ચારિત્રનો. એકદમ અંદર એક વિકલ્પ આવે એનો કર્તા નહિ. આ સંયોગો આ દૂધપાક આવ્યો કે જુવારના, લાલ જુવારના ફોતરા કસ વિના હોય છે. ધોળી જુવારના ફોતરમાં કાંઈક કસ હોય છે. લાલ જુવારના ફોતરાનો કસ ઉડી ગયેલો હોય, એના રોટલા. આ તો બધું અનુભવેલું છે હોં. જોયેલું છે. વિઠ્ઠલગઢમાં ભાઈ એ રોટલો મળેલો એક ફેરી. વિઠ્ઠલગઢ વીરમગામ પાસે છેને. એક ૭૬ની સાલની વાત છે. ગયા હતા તો ગરીબ માણસને ઘરે તો લાલ જુવારના ફોતરાનો રોટલો. મહારાજને કેમ વહોરાવવું? બાપુ! અમારે તો રોટલો એ છે. વાંધો નથી કાંઈ, દે. છાશ અને રોટલો ૭૬ની વાત છે. વીરમગામ પાસે વિઠ્ઠલગઢ ગામ છે ત્યાં. સમજાણું? કહે છે, ધર્મની દૃષ્ટિ ઉપરાંત જ્યાં ચારિત્રદશાનો વૈરાગ્ય આવ્યો (ત્યાં) તદ્દન ઉદાસ... ઉદાસ... ઉદાસ (છે). એને સમજાણું? દૂધપાક હો તો માટી, રોટલો હોય તો માટી. શાંતરસના પરિણમન જાગ્યા છે જ્યાં. અવિકારી શાંત ચિદાનંદ મૂર્તિના જ્યાં દરિયા ઉછળ્યા છે પર્યાયમાં ભરતી આવી છે. એવો હોવાથી.

હવે મુનિ... જુઓ, **'દ્રવ્ય-ભાવલિંગને ધારણ કરીને...'** આહા..હા..! દ્રવ્ય શબ્દ પહેલો લીધો છે. જેની દશા નગ્ન થઈ જાય છે. નગ્નદશા થઈ જાય છે અને ધારણ કરીને તો વ્યવહારનો શબ્દ લીધો છે. અને અંદરમાં અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પો વ્યવહારે આવે છે. એ પણ

દ્રવ્યલિંગ છે. જુઓ, આ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનાર સાધકદશાના સાધુ આવા થઈને કેવળજ્ઞાન પામ્યા છે, એમ કહે છે. એ પામ્યા છે એ કહેવું છે એ વ્યવહારનયે, અંદર વસ્તુમાં પડ્યું છે એમાં નજર આપતા પ્રગટ થઈ ગઈ છે. સમજાણું કાંઈ?

કહે છે, આવી દશા પ્રગટવાથી જેને દ્રવ્ય નામ શરીરની નગ્નદશા સહજ થઈ જાય છે. જ્યાં આવી ચારિત્રની દશાની લાયકાત હોય ત્યાં નગ્નદશા થયા વિના રહે નહિ એને નગ્ન શરીરને કારણે, પણ આવી જ્યાં દશા હોય એને ભાવલિંગમાં નિર્મળ નિર્વિકારી દશા અને અસદ્ભૂતવ્યવહારનું દ્રવ્યલિંગ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો એક વિકલ્પ ઉઠે છે અઠ્યાવીશ મૂળગુણનો, પંચમહાવ્રતનો વિકલ્પ છે એ દ્રવ્યલિંગ છે. અને નગ્નપણું એ નિમિત્તરૂપે દ્રવ્યલિંગ છે. એવી દશા જ્યાં ચારિત્રવંત થાય તેને હોય, હોય ને હોય જ. આહા..હા..! તેથી સર્વજ્ઞના પેટના સાધુઓ જે કહ્યા ભગવાને, જે સર્વજ્ઞપણું પ્રાપ્ત કરવાના કામી સંતો છે એ સંતની દશા પામ્યા હતા તો મુક્તિ પામ્યા એમ કહેવું છે. સમજાય છે કાંઈ?

'**દ્રવ્ય-ભાવલિંગને ધારણ કરીને...**' ભાષા વ્યવહારથી છે. શરીરનું નગ્નપણું ધારણ કરીને અથવા થાય છે તેને 'ધારણ કરીને' એમ વ્યવહાર કથનથી કહેવાય છે. અને અઠ્યાવીશ મૂળગુણ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના પંચમહાવ્રતના વિકલ્પો એનો ક્યાં ધારણ કરે? ક્યાં સ્વભાવને અને એને એક છે ક્યાં? સ્વભાવમાં એને ધારવા જાય તો સ્વભાવદૃષ્ટિ ખસી જાય અને સ્વભાવને ધારે છે ત્યાં વિકલ્પને ધારવું દૃષ્ટિમાં રહેતું નથી. આહા..હા..! એવા 'ધારણ કરીને' વ્યવહારનયનું વચન છે.

'**પરમગુરુના પ્રસાદથી...**' હવે એમ કહેવા માગે છે કે સર્વજ્ઞ પરમાત્મા પરમગુરુ અથવા એને દીક્ષા દેનારા સંતો પરમગુરુ એના પ્રસાદથી એટલે કે એમણે કહેલો ભાવ '**પ્રાપ્ત કરેલા...**' એમના પ્રસાદથી પ્રાપ્ત કરેલા '**પરમગામના અભ્યાસ...**' જુઓ, ભાષા જુઓ. '**પરમાગમના અભ્યાસ વડે સિદ્ધક્ષેત્રને પામીને...**' પરમાગમ એટલે શાસ્ત્ર? એ ગુરુએ કહ્યું કે અહો! તારો આત્મા અખંડાનંદ પ્રભુ છે એની તને દૃષ્ટિ તો છે, હવે એમાં લીનતામાં જોડાઈ જા એકદમ. સ્વરૂપમાં ગુમ થા... ગુમ થા... ગુમ થા. એને પંચમહાવ્રતનો વિકલ્પ પણ ઉઠે નહિ એવી જે દશા એમ ગુરુએ એને કહેલી. એવા '**પરમગુરુના પ્રસાદથી...**' જુઓ, એ નિમિત્તથી કહ્યું. કેમકે એવા પરમગુરુ જ એને નિમિત્તરૂપે હોય, બીજા કુગુરુ કે કુશાસ્ત્રના માનનારા એને નિમિત્ત હોઈ શકે નહિ એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? એ સિંહણના દૂધ સોનાના પાત્રે રહે, એમ આવી દશામાં નિમિત્ત પરમગુરુ સંત, જ્ઞાની વીતરાગી હોય. અજ્ઞાની અને કુદેવ, કુગુરુ, શાસ્ત્રની માન્યતાવાળો એ જીવ નિમિત્ત હોય અને આને મુનિપણું આવે એમ ત્રણકાળમાં હોઈ શકે નહિ. બબ્બે વાત સાથે જોડે છે. દ્રવ્ય-ભાવમાં બે વાત કરી અને આ પરમગુરુના પ્રસાદથી. ઓહોહો..! જુઓ, એ ચારિત્રદશા.

'**પ્રાપ્ત કરેલા...**' શું? એમણે કહ્યું શું? કે ચારિત્રની વાત એમણે કરેલી ભાઈ! આહા..હા..!

ગુરુ કહે ભાઈ! એ સ્વભાવમાં રમી જા, એ ચિદાનંદ ધામ છે એમાં રમી જા. એમાં દૃષ્ટિ તો તારી પડી છે, પણ હવે એમાં ગુમ થા, લીન થા. એને ચારિત્ર કહીએ છીએ. એવું પરમગુરુએ કહેલું, સંતોની વાણીમાં આમ આવ્યું. એને શબ્દસમય કહીએ. કાલે મંગળિક કર્યું હતું. શબ્દસમય કહીએ એને કે જે વીતરાગ પર્યાય બતાવે એની અને એમાં ઘોલન અને એવા શબ્દોને શબ્દસમય કહીએ અને એનાથી વિરુદ્ધ કહે તે શબ્દસમય નહિ કુસમય કહીએ. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ...કથન શૈલી સવારની અને અત્યારે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સવારમાં શું હતું? સવારમાં એનું એ હતું. બીજી ઢબની વાત હતી. સમજાણું કાંઈ?

કહે છે... વ્યવહારનું પણ જ્ઞાન કરાવે છે સાથે અને નિશ્ચયના સ્વભાવની દશાનો આદેશ કર્યો હતો, ઉપદેશ કર્યો હતો. આ વસ્તુ આમ હોય.. પૂર્ણાનંદ ઉપર મીટ માંડ અને હીંડોળે હીંચક અંદરમાં. રમતા રામને જો. ચૈતન્યરામ ભગવાન આનંદકંદ અંદર છે એની નજરૂંમાં નિધાન તને મળે છે એને જો, એમાં લીન થા. એમ ગુરુનો ઉપદેશ હતો. સર્વજ્ઞે એમ કહ્યું હતું, ઉપદેશ વાણીમાં એમ આવ્યું, ગુરુના અભિપ્રાયમાં પણ એ હતું.

એ '**પરમાગમના અભ્યાસ વડે...**' એટલે કે પરમ આગમમાં આ કહેલું તેના ચારિત્રના અભ્યાસ વડે, એમ. '**સિદ્ધક્ષેત્રને પામીને...**' જુઓ, આ. આ રીતે તે સિદ્ધક્ષેત્રના મુનિ મોક્ષપણાને પામે છે. આ વિધિ સિવાય મુક્તિને કોઈ બીજી રીતે ત્રણકાળમાં પામે (એમ) બનતું નથી. એટલે મોક્ષમાર્ગ કેમ પ્રગટે અને કેવા મોક્ષમાર્ગે મોક્ષ થાય એ પણ ભેગું આવી ગયું. સમજાણું આમાં? એ '**સિદ્ધક્ષેત્રને પામીને...**' ભાષા કીધી જુઓ. વ્યવહાર કહેવો છેને. સિદ્ધક્ષેત્ર તો પોતાનું છે અંતરનું, પણ બહારમાં જે ઊર્ધ્વ સ્વભાવનો એનો સ્વભાવ છે, પૂર્ણાનંદની પ્રાપ્તિ થતાં જેમ ફળીમાં દાણો હોય અને ફળી ફાટે (અને) દાણો ઊંચો જાય એમ આત્માનો સ્વભાવ પૂર્ણ વીતરાગ થઈ ગયો જ્યાં અને પૂર્ણ પરમપારિણામિક પૂર્ણ થઈ ગયો (એટલે) ઊર્ધ્વલોકે સિદ્ધક્ષેત્ર એટલે ત્યાં વ્યવહારક્ષેત્રમાં બિરાજે છે. નિશ્ચયસિદ્ધક્ષેત્ર સ્વભાવ. પણ સિદ્ધક્ષેત્રને પામીને.

હવે એમાં '**અવ્યાબાધ (બાધા રહિત) સકળ-વિમળ કેવળજ્ઞાન...**' આ હવે ગુણનું વર્ણન કર્યું. શું પામ્યા અને શું થયું? કે '**અવ્યાબાધ (બાધા રહિત) સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન...**' કેવળજ્ઞાનની વ્યાખ્યા છે આ. એકલું એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણે ઝળહળ જ્યોતિ. સકળ-વિમળ... સકળ-વિમળ... પૂર્ણ નિર્મળ.. પૂર્ણ નિર્મળ. એવું કેવળજ્ઞાનને અંતર્મુખના સ્વભાવમાં રાગથી હઠીને સ્વભાવમાં પરાયણ દ્વારા કેવળજ્ઞાન પામ્યા એને મુક્તિ કહે છે. એ મુક્તિ અને સંસારી જીવ અહીંયાં લેવો છે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા. ૧૫-૨-૧૯૬૪, ગાથા-૪૭-૪૮, કળશ-૭૧, પ્રવચન નં. ૩૯૯

આ નિયમસાર એક શાસ્ત્ર છે. જેમાં મોક્ષમાર્ગનો અધિકાર છે. અહીંયાં એમ કહે છે કે જેને મોક્ષમાર્ગની અભિલાષા હોય એને અંતરમાં આત્મા પૂર્ણ પરમાત્મસ્વરૂપ છે તેમ એણે અવલોકન કરવું જોઈએ. સમજાય છે? કેમ? કે જેવા અશરીરી પરમાત્મા-શરીરરહિત સિદ્ધાત્મા પૂર્ણ પ્રગટ દશામાં આનંદ અને જ્ઞાન અને દર્શન અને વીર્યથી સંપન્ન પૂર્ણ છે, એવા દરેક આત્માઓ અંતર દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ એવા જ છે. એ કોઈનું કાંઈ કરે કે કોઈની સહાયથી પોતે કરે એવો એ આત્મા નથી. એ આત્મા દ્રવ્યાર્થિકના એટલે વસ્તુ શુદ્ધ ચૈતન્ય એક સમયમાં પૂર્ણ એવા સ્વભાવની દૃષ્ટિના બળે જોઈએ તો એમાં મોક્ષમાર્ગની દશા જે પ્રગટ થાય એ બધી એમાં ભરેલી છે. આહા..હા..! આ જીવે આ શું કરવું?

કહે છે કે અંતરમાં પરવસ્તુ અને પરવસ્તુના સંયોગે થતા વિકારીભાવ,.. **'એકવાર તો એવો નિયમ લે, સોગન લે કે મારા આત્માના સ્વભાવ સિવાય કાંઈ ખપતું નથી.'** (શ્રોતા :- જય હો! જય હો!) સમજાય છે કાંઈ? મારો સ્વભાવ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ કેવળ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, વીર્ય એવો ચૈતન્ય પરમાત્મા જેને અહીંયાં કારણપ્રભુ તરીકે વર્ણવે છે. કારણજીવ કહો, કારણપરમાત્મા કહો કે કારણસ્વભાવ ત્રિકાળ જે પરમાત્મદશા પ્રગટ થાય પર્યાયમાં એનું એ કારણ વસ્તુ છે. એ દ્રવ્ય એટલે વસ્તુ એને સંયોગથી ન જોતાં, રાગના દયા, દાનના વિકલ્પોથી ન જોતાં એને વર્તમાન અલ્પજ્ઞ, અલ્પદર્શી અને અલ્પવીર્યની દશાની પ્રગટતાના પર્યાયથી ન જોતાં એને એક સમયમાં પૂર્ણ સ્વભાવ તરફ જોતા તે ભગવાન આત્મા સિદ્ધ જેવો જ છે. 'જેવા સિદ્ધ છે એવો જ આત્મા છે' એવી અંતર્મુખ દૃષ્ટિ કરવી એનું નામ ધર્મની પહેલી શ્રેણી સમ્યગ્દર્શન છે. બહુ આ વાત પણ... ભાનુભાઈ! હવે આમાં કરવું શું? સામાયિક કરવી, પડિક્કમણા કરવા? શું કરવું આમાં? એ મનસુખભાઈ બેઠા હતા હોં તમારી પાછળ.

અરે! ભગવાન! તારી ચીજ એક સમયની અંદર (પરિપૂર્ણ છે). પણ આ કોને (બેસે)? પહેલું કહ્યું હતું, જેનું સંસાર અવસ્થાના ક્લેશથી ચિત્ત થાક્યું હોય, થાક્યું હોય. અરે! અરે! આ ક્લેશ! પણ એ ક્લેશ સંયોગની પ્રતિકૂળતા નહિ. સંયોગની પ્રતિકૂળતા એ ક્લેશ નહિ. મણિભાઈ! 'આ શરીર આવું થઈ ગયું માટે હવે કેમ મટે?' એમ નહિ. સંયોગની પ્રતિકૂળતા એ ક્લેશ નથી, તેમ સંયોગની અનુકૂળતા તે સુખ નથી. એ સંયોગો અનુકૂળ-પ્રતિકૂળ એ તો પરપદાર્થની દશાનું સ્વરૂપ છે. ભગવાન આત્મા પૂર્ણ આનંદનું ધામ જેના વળમાં વલણ

થતાં, જેના સ્વભાવનું વલણ અંદર થતાં, જેમ આ ગુંદરમાંથી પાણી ઝરે એમ જેમાંથી શાંતિ... શાંતિ... શાંતિ... અપૂર્વ શાંતિ (ઝરે). સિદ્ધને જે શાંતિ છે પરમાત્માને એવી શાંતિનો કણ, રસ જાગે એવું ચૈતન્યધામ દ્રવ્યસ્વભાવ છે. એને ભૂલી એની પર્યાય એટલે વર્તમાન અવસ્થાના અંશમાં જ સર્વસ્વ માની અને ક્લેશ ભોગવે છે, દુઃખ ભોગવે છે. એ દુઃખને જેનાથી એને ચિત્તમાં એ આવ્યું કે અરે! હવે આ ક્યાં સુધી? અરે! પ્રભુ! આ ક્લેશની વેદનદશા! પણ એ વેદન એને લાગતું નથીને દુઃખનું. કેમ? કે કોઈ ચીજ અંદર આનંદ છે, અતીન્દ્રિય આનંદનો રસકંદ આત્મા છે એવો એને આભાસ પણ ખ્યાલમાં આવ્યા વિના એ દુઃખ છે એ શી રીતે કોની સાથે મેળવે? કોની સાથે મીંઢવે? બે માલ હોય તો મીંઢવે. આ સોનું પંદર વલું, આ સોળ વલું અને આ ચૌદ વલું.

અહીંયાં કહે છે કે ભગવાન! એકવાર મેળવણી તો કર કે અંતરમાં સચ્ચિદાનંદ પ્રભુ જેટલા અનંત સિદ્ધો અશરીરી પરમાત્મા થયા એ બધા અંતર સ્વભાવની શક્તિને વ્યક્તિ કરી, શક્તિમાં પડ્યું હતું એમાંથી પ્રગટ થયું છે. એવો જ તારો આત્મા છે એમ જોતાં કહે છે કે જે સિદ્ધ ક્ષેત્રને સિદ્ધાત્માઓ પામ્યા. કોને લઈને પામ્યા એ વાત આવી ગઈ. '**પરમાગમના અભ્યાસ વડે...**' એટલે કે પરમાગમમાં જે કહ્યું હતું કે સ્વભાવસન્મુખનો અભ્યાસ એનું વલણ, એનું આચરણ કર. ભગવાન આત્મા પૂર્ણ છે એની સામું જો અને અલ્પજ્ઞતા રાગ અને સંયોગની સામું જોવું છોડી દે. કહો, આ શું કરવું આમાં? સમજાણું કાંઈ? કહે છે કે એકવાર જે જીવો મુક્તિને પામ્યા એ ભગવાન આત્માના અંતર્મુખના અભ્યાસના બળ વડે પામ્યા છે. બહિર્મુખની જડની ક્રિયાથી નહિ અને કોઈ વિકલ્પ ઉઠે દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાની વૃત્તિ એનાથી મુક્તિને કોઈ પામ્યા નથી. મનસુખભાઈ! બરાબર હશે આ? હા તો પાડે છે. આમ લાખો રૂપિયાના ઢગલા દેખાય. બાર મહિને દસ-દસ લાખની પેદાશું દેખાય. હવે આ માણસને એમ કહેવું કે એલા તારા દસ લાખમાં તો સુખ-દુઃખ નથી, પણ તે કલ્પ્યું કે આ મારું એમાં એકલી મમતા અને પાપ છે. પ્રભુભાઈ! એમાં મંદરાગ કરીને દાનમાં કાંઈક ક્રિયા કરે, પણ એ મંદરાગ છે. તીવ્ર રાગની અપેક્ષાએ ઠીક બાકી મંદ રાગ પણ... શું? ક્લેશ છે. વજુભાઈ! આ ક્લેશ (શબ્દ) વાપર્યો જુઓને.

'**સંસારક્લેશથી થાકેલા...**' હમણાં એક વાંચ્યું હતું. કીધુંને હમણા મેં. આ ચોપાનિયા આવ્યા છેને એમાં લખ્યું હતું. એક શ્વેતાંબરના મંદિરમાં એક જણાએ એક મૂર્તિ સ્થાપી. એક મૂર્તિ સ્થાપી એના ૧૧,૧૧,૧૧૧ આપ્યા. ફક્ત મૂર્તિ સ્થાપવાના. મંદિર નહિ. એક મૂર્તિ પધરાવવાના. એને અંદર મૂળ કરવાના. એને ગાદીએ બેસાડવાના. અંજનશલાકા તો બીજા કરે. ૧૧,૧૧,૧૧૧ કાલે વાંચ્યું હતું ઓલામાં. જૈનના ઓલામાં હતું કોક. ઘણા સોનગઢ આવેલાના. રસ્તામાં મળ્યા હોય તો અહીં મોટો થોકડો લાવ્યા. કો'ક નજર કરી ગયા. પણ વાત ઈ કે એમાં માને શું? કે આહા..હા..! ન્યાલ થઈ ગયા હવે તો આપણે. અને બીજા

એને શું કહે? આહા..હા..! આમાં લખ્યું છે પાછું, ભાઈ! છેલ્લો શબ્દ. ગજબની ભક્તિ! એક રાગ મંદ કર્યો, કર્યો હોય તો, દીધું માટે મંદ કર્યો એમ પણ એનો અર્થ નથી. એ ક્રિયાઓ થઈ ૧૧,૧૧,૧૧૧ જવાની એ તો જડની પર્યાય થઈ, એ તો જડનું તે પ્રકારે જવાનું જ હતું. એમાં એને રાગની મંદતાનો વર્તમાન પર્યાય કર્યો હોય તો તે શુભભાવ મંદ ક્લેશ છે. એમાં જે ધર્મ માને અને જગત મનાવે એમાંથી કહેવું કે આ ક્લેશ છે. મનસુખભાઈ!

**શ્રોતા :-** થાકે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થાકે નહિ. એનાથી પાછો વળ. આહા..હા..! આ બધા શેઠિયા પાસે પાંચ-પાંચ, દસ-દસ હજાર, લાખ પડ્યા હોય ત્યાં એમ કહે કે એલા તને મંદ રાગનો ક્લેશ છે, પુણ્ય થાશે એમ કહે એને?

અહીં તો ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પૂર્ણાનંદને પ્રાપ્ત કહે છે કે ભાઈ! એ રાગની મંદતા પણ ન જો હોં! એ ન જો, ન જો. અંતર ભગવાન આખો આત્મા એના અવલોકનમાં એનું માન તારું ગળી જશે. અરે..! શું રાગ મંદ શું અને તીવ્ર, એ મારી ચીજમાં જ જ્યાં નથી! એથી 'પરના કામ કરું કે હું પરથી મારામાં કરું' એ દૃષ્ટિ તો ઉડી જશે તારી, પણ રાગની મંદતાના પરિણામનો પણ મહિમા અને માહાત્મ્ય ભગવાન ચૈતન્યસ્વભાવ પૂર્ણાનંદનું માહાત્મ્ય દૃષ્ટિમાં કરતાં માહાત્મ્ય ઉડી જશે બધું. ચંદુભાઈ! આહા..હા..! શેના પ્રભુ તને અભિમાન? સ્વભાવનું એકવાર અભિમાન કરને. અનંતકાળથી કર્યું નથી હોં! એક સેકન્ડ પણ તડ પાડી નથી રાગ વચ્ચે. રાગ અને સ્વભાવ બે વચ્ચેની એકતાની ગાંઠ કોઈ દિ' તોડી નથી અને એ ગાંઠ તોડે એને સમ્યગ્દર્શન થાય ત્યારે એને પરમાત્મા હાથમાં, હથેળીમાં આવે. હથેળીમાં. સમજાય છે કાંઈ?

કહે છે કે જે કોઈ આવા અભ્યાસ દ્વારા એટલે ઓલા વિકલ્પના અભ્યાસ દ્વારા નહિ. રાગ મંદ જે થયો થોડો અને લૌકિક ખાતર તો લોકો અત્યારે કરોડો-કરોડો રૂપિયા આપે છેને. કરોડો-કરોડો પાંચ-પાંચ કરોડ, દસ-દસ કરોડ, આ દવાખાના (બનાવવા માટે), પણ એમાં માની બેસે છે શું? એ ક્રિયા મારી અને એ જડના પરમાણુની પર્યાય થઈ, મેં આપ્યા તો ગયા. એટલે એક તો જડનું અભિમાન. એમાં કાંઈક રાગ મંદ કર્યો કે ન કર્યો એને જોવાનું ઠેકાણું ન હોય અને એને શાંતિ વળે એ ત્રણકાળમાં બને નહિ.

કહે છે કે પરમજ્ઞાનના અંતરમાં અભ્યાસ દ્વારા જેણે સકળ નિર્મળ, સકળ નિર્મળ એટલે વિમળ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. જુઓ, કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, પૂર્ણ જ્ઞાન. આ અંતર સ્વભાવ શુદ્ધ ચૈતન્ય ભગવાન એના અંતર અભ્યાસ દ્વારા, અંતરની એકાગ્રતાના ધ્યાન દ્વારા.. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ એકાગ્રતાનું ધ્યાન છે. એ દ્વારા **'કેવળજ્ઞાન-કેવળદર્શન-'** પૂર્ણ દર્શન, **'કેવળસુખ-'** પૂર્ણ આનંદ અને **'કેવળવીર્ય...'** પૂર્ણ બળ, આત્મબળ જે શક્તિમાં હતું એને અંતરમાં એકાકાર થઈને પ્રગટ થયું. **'સિદ્ધાત્માઓ થઈ ગયા-'** એમ કહ્યું જોયું. એવા

પરમાત્માઓ સિદ્ધ આત્માઓ નમો સિદ્ધાણં, એવા સિદ્ધો આ દશાએ કરતાં-કરતાં થયા એવી જેની માન્યતા નથી એ સિદ્ધને પણ માનતા નથી. સિદ્ધો સ્વભાવની એકાગ્રતા દ્વારા થયા. કોઈ પુણ્યની-પાપની ક્રિયા દ્વારા થયા નથી અને શરીર આદિની મદદથી થયા નથી. એમ જે માનતા નથી એ સિદ્ધને માનતા નથી. સિદ્ધને માનતા નથી એટલે સિદ્ધની અરિહંતપણાની જેની વાણી હતી એ વાણીને માનતા નથી.

'**જે સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે,...**' શું કીધું? જુઓ, કાર્યસમયસાર. મનસુખભાઈ! કાર્યસમયસાર કોઈ દિ' સાંભળ્યું હતું. કાર્યસમયસાર. .. કાર્ય. અરે! ભગવાન! કાર્યસમયસાર એટલે? જે આત્મા કારણરૂપ અંતર આનંદકંદ જ્યાં ડોલતો ચિદાનંદ ભગવાન પ્રભુ એના ઉપર એકાકાર થઈ અને કાર્ય નામ વર્તમાન દશામાં પૂર્ણ કેવળ આદિ પર્યાય પ્રગટી તેને કાર્યસમયસાર કહે છે, તેને કાર્યપરમાત્મા કહે છે, એને કાર્યશુદ્ધજીવ કહે છે, એના કાર્યજીવ કહે છે. અહીં કાર્યસમયસારરૂપ છે. એટલે '**કાર્યશુદ્ધ છે.**' જુઓ, શું કીધું? કાર્ય અપેક્ષાએ દશા જેની શુદ્ધ થઈ ગઈ. કારણ અપેક્ષાએ તો ત્રિકાળ શુદ્ધ હતું જ વસ્તુ. એ વસ્તુની અંતરમાં એકાકાર થઈ પુણ્ય-પાપના વિકલ્પની ઉપેક્ષા કરી, સંયોગની ઉપેક્ષા કરી, સ્વભાવની અપેક્ષા કરીને જેણે કાર્યદશા શુદ્ધકાર્યદશા પ્રગટ કરી એને કાર્યશુદ્ધ કહે છે. જડના કાર્ય કેવા હશે આત્માના? અશુદ્ધકાર્ય ખરા કે નહિ એના?-ના, ના. એ શરીરાદિ, પૈસાદિ, મકાનાદિ જે કાંઈ થાય જગતના કાર્ય એ આત્માના અશુદ્ધ કાર્ય પણ નહિ. નવરંગભાઈ! આ બધા દવાઓ કરે છે એ અશુદ્ધકાર્ય ખરાને અશુદ્ધ? એના પરિણામમાં જે વિકલ્પ ઉઠે છે પુણ્ય-પાપનો તે અશુદ્ધકાર્ય છે. સમજાણું કાંઈ? એ અશુદ્ધકાર્યને નાશ પણ કર્યો નથી. ફક્ત શુદ્ધ ચિદાનંદનો આશ્રય કરતા કાર્યશુદ્ધતા પ્રગટી એટલે અશુદ્ધતાનો વ્યય થઈ ગયો એટલે અહીં તો કાર્યશુદ્ધથી જ વાત લીધી છે. અશુદ્ધતાનો વ્યય થયો એ વાત લીધી નહિ. સમજાય છે કાંઈ આમાં?

'**કાર્યસમયસાર...**' આહા..હા..! જે આત્મા પૂર્ણ આનંદનો ભંડાર, સુખનો સાગર, શાંતિનો કુંડ પ્રભુ એમાં એકાકારની દૃષ્ટિ અને લીનતા દ્વારા જે કાર્યદશામાં, પર્યાયમાં પૂર્ણતા પ્રગટી એને કાર્યસમયસારરૂપ એનું છે ઈ. અથવા તે શુદ્ધકાર્ય છે, એ કાર્ય શુદ્ધ છે. કહો, સમજાણું આમાં? નીચે લખ્યું છે જુઓ, '**કાર્ય અપેક્ષાએ શુદ્ધ.**' બાકી બીજા કાર્ય પુણ્ય-પાપના, શુભ-અશુભ આદિ ભાવ કરે એ કાર્ય અપેક્ષાએ અશુદ્ધ છે. પરના તો અશુદ્ધ છે જ નહિ. પરના તો કરી શકતો નથી.

'**જેવા તે સિદ્ધાત્માઓ છે...**' કાર્ય સમજાય છે કાર્ય? એ પછીથી જ કારણ લેશે ૪૮માં. અહીં કાર્યની વાત કરીને કારણપરમાત્મા આત્મા છે. જે કારણપ્રભુ આત્મા પોતે છે હોં. કારણ બીજો કોઈ ભગવાન છે અને પોતાને કાર્યપણું પ્રગટે છે એમ નથી. એ ચિત્મચમત્કાર ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સત્ ચિદાનંદ ધામ એક કારણ પ્રભુ

છે, કારણસમયસાર છે, કારણજીવ છે. આમ કહેવાનું શું કારણ છે? કે કાર્યદશા જે પરમાત્માની પ્રગટે એનું કારણ એ વસ્તુ પોતે છે, નિમિત્તો કારણ નહિ, એ વ્યવહારરત્નત્રય કારણ નહિ અને નિશ્ચયમોક્ષમાર્ગ છે એ ખરેખર કાર્યનું કારણ નહિ. આહા..હા..! નવનીતભાઈ! સમજાય છે કાંઈ આમાં? આ બોલ કહ્યા સમજાણા, મનુસખભાઈ? આ વકીલ ઠીક પણ હોં.

કહે છે કે આત્મવસ્તુ જે પૂર્ણ જ્ઞાનઘન આનંદકંદ વસ્તુ છે એ જ પૂર્ણ પરમાત્મદશાના કાર્યનું કારણ છે. એ કેવળજ્ઞાન પરમાનંદ ને પૂર્ણ શાંતિ એવી આત્માની કાર્યદશા એટલે કાર્ય અપેક્ષાએ શુદ્ધ, એટલે શુદ્ધ જેનું કાર્ય, એટલે શુદ્ધ જેની દશા, શુદ્ધ જેની પર્યાય, એનું નામ મુક્તિ. એનું કારણ વસ્તુ દ્રવ્ય છે. ત્રિકાળ વસ્તુ તે તેનું કારણ છે. એ કાર્ય કેવળજ્ઞાનનું કારણ સંહનન અને મનુષ્યદેહ નહિ, ચોથો આરો કારણ નહિ, આ અંદરમાં દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠે એ કારણ મોક્ષનું નહિ. એ તો નહિ, પણ જે સ્વભાવ શુદ્ધ ચિદાનંદ ભગવાન એની સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની દશા પ્રગટ થઈ એ પણ ખરેખર મોક્ષના કાર્યનું એ કારણ નહિ. ભારે વ્યાખ્યા ભાઈ! સમજાય છે કાંઈ? આમાં આમ બફમ થઈ જાય એવું છે નહિ? કે ઉઘડી જાય એવું છે? ઉઘડી જાય એવું છે.

કહે છે કે જેને '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' કહ્યો. માર્ગ કહો, કારણ કહો, ઉપાય કહો. આત્માની પૂર્ણ શાંતિ આનંદ... આનંદ... આનંદ... જેને કોઈ દિ' ક્લેશ નહિ અને આનંદનો પાર નહિ. એવી આનંદની દશારૂપી મુક્તિ એનું જે કારણ કહ્યું હતું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ પર્યાયનયે કથન કર્યું હતું. પર્યાયનય એટલે? મોક્ષ થવા પહેલાંની દશા કઈ હતી એટલી વિદ્યમાનતા બતાવવા માટે તેને કારણ કહીને તેનું કાર્ય મોક્ષ છે એમ કહ્યું હતું, પણ એ કારણે કાર્યની દશા પ્રગટી છે, લાવ્યા છે, એમ છે નહિ. ઓહો..હો..! એ આત્માનું અનંત કેવળજ્ઞાન, અનંતદર્શન એવી અરિહંતપદ દશા કે સિદ્ધપદ દશા એ બધી દશાના શુદ્ધરૂપી કાર્યો એ વસ્તુ ત્રિકાળ છે એની શક્તિમાં પડ્યું એમાંથી આવેલું છે. એ ત્રિકાળ દ્રવ્યસ્વભાવ તે તેના મોક્ષની પર્યાયનું કારણ છે. ભારે વાત આકરી પડે. આમાં તો દેવ-ગુરુ કારણ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? એ બધા ઉપચારે કારણ અભૂતાર્થનયથી કહેવાય. યથાર્થ દૃષ્ટિમાં જે આત્માનો અંતરસ્વભાવ ઉછળી રહ્યો છે શક્તિમાં દરિયો એ દરિયામાં અંદર નજરું કરતાં જે દશાઓ પૂર્ણ પ્રગટી એના કારણરૂપે વસ્તુસ્વભાવ થયો છે, વસ્તુ દ્રવ્ય તેના કારણરૂપે નીવડ્યું છે. ચંદુભાઈ! આહા..હા..!

અરે! તારી મહિમા તો જો, પણ એને એક બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ. એકવાર કહે કે મારે આત્મા વિના ચાલે નહિ. મણિભાઈ! ઘડીકમાં આ દવા વિના ચાલે નહિ, આ ચોપડ્યા વિના ચાલે નહિ, કાંઈ સરખુ થાય નહિ, ઢીંકણું થાય નહિ. એ આખો દિ' રંજાળ. એ તો થવાની હોય તે તે થવાની. પર્યાયમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી.

એકવાર તો ઊભો થા જાગીને કે મારે આના વિના ચાલે નહિ એવો નિયમ લઈને બેઠો છો. આના વિના ચાલે નહિ. આ મરી જઈશ હોં! સ્ત્રી વિના ચાલે નહિ, ગાડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, બીડી વિના ચાલે નહિ, દાળ રોટલા વિના ચાલે નહિ, શરીર વિના ચાલે નહિ, મન વિના ચાલે નહિ, રાગ વિના ચાલે નહિ. **'એકવાર તો નક્કી કર મારો આત્મા આનંદ છે એના વિના એક દૃષ્ટિ મારું પગલું નહિ ચાલે.'** સમજાય છે કાંઈ? **'પૂર્ણાનંદ પ્રભુ મારી દૃષ્ટિમાં ન આવે એ વિના મારે ચાલે જ નહિ.'** મનસુખભાઈ! ત્યાં જઈને કહે આટલા પૈસા દેવા જ પડશે. દબાવા પડે હોં! ઓલાની ચિત્તવૃત્તિ દબાય. મનસુખભાઈ જેવા આવે તો શું કરવું? ના કેમ પડાય? અને કહે હું દાન દઈ આવ્યો, પણ ઓલાની વૃત્તિ દબાય એનું શું કરવું? પણ આ તો શું કરે? મનુસખભાઈએ ત્યાં ઘણાના મફતના કામ કર્યા હોય એમ માને. આ યજ્ઞ કર્યા હતા, ઢીંકણું કર્યું હતું, વળી ઘણાના નામ લે મોઢા આગળ. ફલાણા ભાઈએ આટલા આપ્યા, ફલાણા ભાઈએ આટલા આપ્યા. ઓલાને દબાવીને પણ કાંઈક પાંચ હજાર આપવા પડે. ભાનુભાઈ! આ તો એક વાત તમારી. સાચી છે?

અહીં તો કહે કે પૂર્વનો મોક્ષમાર્ગનો પર્યાય પ્રગટ્યો એનું પણ દબાણ કાર્ય થવામાં નથી. આહા..હા..! નિમિત્તનું વજન નથી, શરીરનું સંહનનું વિકલ્પોનો ધારાવાહી પ્રવાહ શુભનો વહે એનું દબાણ નથી કે એને લઈને મુક્તિ થાય. અલ્પજ્ઞદશા છે એને લઈને મુક્તિ થાય કે મોક્ષમાર્ગ પ્રગટ્યો એને લઈને મુક્તિ થાય, કે નહિ. ભગવાન ત્રિકાળ અખંડાનંદ બિરાજમાન ચૈતન્યધામમાં નજરું નાખતા અસાધારણ ચૈતન્યસ્વભાવ જે ત્રિકાળ પડ્યો છે, એનો આશ્રય લેતા કાર્યનું કારણ એ દ્રવ્યસ્વભાવ થાય છે. રુચિમાં બેસાડે નહિ, શ્રદ્ધામાં બેસાડે નહિ, સુખના રસ્તા જે છે એ લે નહિ અને પછી કહે કેમ થાતું નથી! અમને સમ્યગ્દર્શન કેમ થાતું નથી? લ્યો! મૂળજીભાઈ! અમારે ઘણી ઈચ્છા છે. અમારે મોક્ષની ઈચ્છા છે, કેવળની ઈચ્છા છે. કેમ થાય? ભાઈ! કેમ થતું નથી શું? કર્મનું પરાધીનપણું છે માટે. આ એનો ઉત્તર. અજ્ઞાનીના આ ઉત્તર. અરે! ભાઈ! તને રાગ અને પુણ્યના વિકલ્પનો ક્લેશ તેનો તને થાક લાગ્યો નથી અને થાકના વિસામાનું ધામ ભગવાન 'જ્યાં ચેતન ત્યાં અનંતગુણ અને કેવળી બોલે એમ, પ્રગટ અનુભવ આપનો એ નિર્મળ કરો તેમ રે ચેતન પ્રભુ ચેતનતા તારી રે ચેતન ધામમાં.' પ્રભુતા તારી ચેતનધામમાં. પણ એ ક્યાં મગજમાં, જ્ઞાનમાં કિંમતું ન આવે. સોના અને હીરાની કિંમત. આ એક જરી હીરો પાંચ કરોડનો આવે તો 'આહા..હા..!' એલા આહા..હા..! એ હીરાના જાણનારમાં આહા કાંઈક છે એમ ખબર છે તને? મનસુખભાઈ! ઓલા પાંચ-પચ્ચીસ માણસ ભેગા થાય અને મોટો એક માણસ હોય તો ઓહો..હો..! હો..હા... હો..હા.. માથેથી ફૂલ વરસાવે એને. નાખે છેને ત્યાં બારણું કરે, માથે ફૂલ રાખે, ઓલો અંદર ગરે ત્યાં માથે નાખે. આહા..હા..! કોલસા પડે છે માથે સળગતા. આ નથી કરતાં

ભાઈ? મોટું મકાન ઉઘાડને ત્યાં ઓલા માથે ફૂલ રાખે પેટી આમ રાખીને. પછી ઓલો અંદર કરે ત્યારે પેટી ઉઘાડી નાખે. નાખે આમ. રૂપાનું તાળુ હોય અને કુંચી ઉઘાડીને આપેને. પછી એને આપે રૂપાનું તાળું. ધાતુ લે ધૂળ. બેય ખુશી થઈ જાય. ઉઘાડનારા અને લેનારા ને દેનારા. અરે ભગવાન! તાળા ઉઘાડ્યા અહીં? અરે! વિકલ્પ અને નિર્વિકલ્પ વચ્ચેની એકતાના તાળા માર્યા એને એકવાર ઉઘાડ. ત્યારે આત્માનું વાસ્તુ થાય અને ત્યારે એણે આત્માના ઘર ખોલ્યા. નવરંગભાઈ! ભારે વાત, ભાઈ!

કહે છે, એ '**કાર્યશુદ્ધ છે.**' આહા..હા..! પરમાત્માની દશા એ કાર્યશુદ્ધ છે. કેમ પ્રગટી? કે સ્વરૂપ ત્રિકાળ છે તેના અંતરમાં અવલોકન કરતાં... કરતાં... કરતાં... કરતાં... ઉગ્ર અવલોકને સ્થિરતા થઈ એ દ્રવ્યને કારણે પ્રગટી વસ્તુ. '**જેવા તે સિદ્ધાત્માઓ છે...**' હવે મેળવે છે જે કહેવું છે ઈ. '**તેવા જ શુદ્ધનિશ્ચયનયથી...**' '**भवमल्लिय**' શબ્દ પડ્યો છેને પાઠમાં? '**भवमल्लिय**' શબ્દ હતો. પાઠમાં '**भवमल्लिय**' એટલે ભવલીન. અર્થ એમ કર્યો જુઓ, '**भवम् आलीनाः जीवाः**' છેને? આ એની ખૂબી છે. શું કહેવું છે? ભલે જીવ વિકલ્પમય રૂપી ભવમાં લીન હો. ભલે જીવો એની વર્તમાન વિકૃતદશાનો વિકલ્પ રાગનો, દયા, દાન, ભક્તિ, પૂજા કે પાપ એમાં લીન એટલે મિથ્યાત્વ હો. '**भवमल्लिय**' શબ્દ પડ્યો છે. છતાં એના સ્વભાવમાં એ સિદ્ધ સમાન છે. સમજાય છે કાંઈ? છે ભાઈ? આ તો બધા અક્ષરો જુદી જાતના છે હોં. ત્યાં ચોપડો ઉકેલે ઉકલે એવું નથી. જુઓ, '**भवमल्लिय**' શબ્દ પડ્યો છે. પછી અર્થ શું કર્યો જુઓ અન્વયાર્થમાં. '**भवम् आलीनाः जीवाः**' '**आलीनाः**' કર્યા છે. પાછો અર્થ શું કર્યો છે? ભવલીન જીવો. શું કહ્યું?

જેવા પરમાત્મા અનંત સિદ્ધો બિરાજમાન છે એવા ભવલીન પાછા એમ. આહા..હા..! એટલે કે ભવરૂપે પર્યાયમાં પરિણમ્યા છે એમ સિદ્ધ કરવું છે, ભાઈ! એ સંસાર છે, પર્યાયમાં પરિણમ્યો છે એ સિદ્ધ કરવું છે, એ વસ્તુ નથી એમ નથી. ભ્રમ નથી, કાંઈ નથી એમ નહિ. જેઓ અનંત-અનંત સ્વભાવના સાગર પડ્યા છતાં એ અનાદિના પુણ્ય અને પાપના વિકલ્પોની લીનતામાં પડ્યા એવો સંસાર છે, એ ઉદયભાવ છે. ઉદયભાવ એ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ, કામ, ક્રોધનો વિકલ્પ એ બધો વિકાર સંસાર છે. એમાં લીનતા તે સંસાર છે. જીવને સંસાર પર્યાયમાં, અવસ્થામાં, દશામાં છે. છતાં તે જ શુદ્ધનિશ્ચયનયથી, પણ અંતર સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો તે સંસારી જીવો સિદ્ધાત્મા જેવા છે. જેવા તે સિદ્ધાત્મા છે તેવા જ જીવો છે, એમ લેવું. સમજાણું કાંઈ? આ એની મેળે સમજાય એવું નથી હોં મનસુખભાઈ! ઘરે બેસીને વાંચો ત્યાં. લાગે છે એવું કે નહિ? હવે એને વર્ષ થઈ ગયા. હવે શું કામ છે? મફતનો માથે બોજો ઉપાડ્યો હતો મફતનો. પડ્યું હવે થઈ ગયું હવે. હવે શું પણ? એ રસ્તામાં સાંભળ્યું હતું. કોક હતુંને પૂછયું હતું. કોણ હતું કોક? આ શાંતિભાઈ હતા. આ લખતર આવ્યા હતાને લખતર. તમે આવ્યા હતાને સામે? ત્યારે લખતર

બેઠા હતાને ભેગા. કીધું આ ડોક્ટરનું શું થયું આ દવાખાનાનું? આ રસ્તામાં પૂછયું હતું. કાંપમા આવ્યા પહેલાં. એ તો પંદર દિ' પહેલાં ઉઘડી ગયું. ત્યારે હવે તો કીધું બોજો ઓછો થયો કે નહિ? નવા નવા ઉકરડા માથે ઉપાડ્યા જ કરે, કાઢ્યા જ કરે કાંઈક.

ઓલા બળદ હોય છેને. બળદના નાના હોય બચ્ચા ત્યારે તો ઝટ દઈને ઓલું ધોસરું ઊંચું કરે તો ન માથુ નાખે, પણ જ્યાં અભ્યાસ પડે ત્યાં ઓલું ધોસરું ઉંચુ કરે ત્યાં તો માથુ પોતે નાખે. ઓલું દોરડું ખેંચ્યા વિના. દોરડું ખેંચીને નાખે તો ઠીક. એમ જગતના કામ જ્યાં આવી પડ્યા. એ કહે નહિ કોઈ હોં. ત્યાં પોતે માથુ નાખે. એ મારે કરવા છે, એ મારું કામ છે. મણિભાઈ! આહા..હા..! પ્રભુ! તેં તારા કામ કર્યા? તારા કામ કર્યા કોઈ દિ'? જડના અને પરના તો ત્રણકાળમાં કરી શક્યો જ નથી. આ વાત જગતને આહા..હા..! નવરો થા, નવરો. નવરો જ છો. બહુ તો તેં કર્યા છે વિકારી પરિણામના કાર્ય. એ તારી સંસારની લીનતા. એ '**भवमल्लिय**' ભવમાં લીન થઈ ગયો છો. આહા..હા..! એ શુભભાવમાં લીન એ ભવમાં લીન, એ સંસારમાં લીન. આ વાત. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે છે એ શુભરાગ એમાં લીન એ સંસારમાં લીન છે. છે ખરો ઈ. એવા સંસારમાં લીન જીવો પણ એ અંશને ન જોતાં, આખી વસ્તુ જેમાં છે એને જોતાં તે તો સંસારી જીવો સિદ્ધાત્મા જેવા જ છે. સિદ્ધ અને એ આત્મામાં કાંઈ ફેર નથી. આહા..હા..!

'**જે કારણે તે સંસારી જીવો...**' આ સંસારી બધા આત્માઓ. '**સિદ્ધાત્માઓ જેવા છે,...**' સિદ્ધાત્મા જેવા. જુઓ, હવે ન્યાય આપે છે જરી. '**જે કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે, તે કારણે...**' એમ પાછું કહે છે. '**તે કારણે સંસારી જીવો જન્મજરામરણથી રહિત...**' એ વસ્તુમાં જન્મ નથી, મરણ નથી. જન્મ, જરા-અવસ્થા, વૃદ્ધાવસ્થા કાંઈ નથી. એ તો ભગવાન ચિદાનંદ જ્યોત એવો ને એવો એ સંસારને કોઈ દિ' વર્યો જ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

આ પણ ગુપ્ત વસ્તુને.. અરે! છતાને અછતો તેં કર્યો અને અછતી વિકલ્પદશાને છતી તરીકે સ્વીકારી આ તારી મોટી મિથ્યાત્વની ભૂલ છે, એમ કહે છે. શું કહ્યું? જે છતો ભગવાન ચિદાનંદથી ભરેલો આનંદસાગર એને દૃષ્ટિની અંદરમાં અછતો કર્યો અને વિકલ્પ આદિ જે સ્વરૂપમાં નથી એ પ્રગટ નવો નવો થાય અને ઊભો રહે એ અછતી ચીજને તેં છતી તરીકે સત્ તરીકે સ્વીકારી. સમજાય છે કાંઈ? એ જ મોટી પરમાત્માને.. એ ક્યાંક આવ્યું હતું ક્યાં? ઓલામાં આવ્યું હતું, પાનામાં આવ્યું હતું. 'કર્મના સંગે મરણ છે તારું' એમ ભાઈ આવ્યું છે એમાં. એક શબ્દ છે એમાં. આ આપણે આવી ગયું છેને ૨૯ ગાથાનો કળશ. એમાં એક ઠેકાણે છે કે જીવતર તારું મરી ગયું. આહા..હા..! મરણ છે એમ લખ્યું છે હોં. કર્મના સંયોગે તારી દૃષ્ટિ જતાં ચૈતન્યના.. એ એટલામાં નહિ હોય લાંબુ છે. આગળ છે. પછીમાં છે. પછીના શ્લોકમાં અહીં છે. પછીના શ્લોકમાં અહીં છે. ત્યાં તો વચ્ચે બધું વાંચ્યું

હતુંને થોડું થોડું બધું.

શું કહે છે? અરે! ભગવાન! પણ અમથું 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, આપણે સંસારી જીવના ભાવમરણો' આવે છે કે નહિ? એ ચૈતન્ય એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ જ્ઞાન આનંદનો સરોવર પ્રભુ ડોલમડોલ રહ્યો છે અંદર. એનો આદર ન કરતાં પુણ્ય અને પાપના વિકલ્પોનો આદર એ ચૈતન્યનું મૃત્યુ છે, એ ચૈતન્યના જીવન નહિ. પરની તો વાત રહેવો દ્યો એક કોર હવે, પણ શુભ અને અશુભની લાગણીઓ જે વૃત્તિઓ ઉઠે છે વિકાર એનો આદર એટલે કે ચૈતન્ય આનંદકંદ હું નથી, એટલે કે 'હું મરી ગયો છું' એમ એણે માન્યું છે. આહા..હા..! બરાબર હશે આમાં, નવરંગભાઈ? આના એવા અર્થ કર્યા છેને આ કળશકારે બહુ સ્પષ્ટ કર્યા છે. એ તો બહાર આખું આવશે. અંદર સાર જ બધો ગોઠવી દીધો છે.

**શ્રોતા :-** બહાર પાડવું છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વહેલું આવવું જોઈએ ખરેખર તો પણ હવે. મુંબઈથી આ ત્રણ મહિના રહ્યા. પોણા ત્રણ રહ્યાને. આ વૈશાખ સુદ બીજ. એના પહેલાં ચૈત્ર વદે આવવાના હતા. એય..! મણિભાઈ! તમારા ગામમાં આવ્યા પહેલાં બહાર પાડવું જોઈએ એમ કહે છે રામજીભાઈ. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન! એ જીવનું જીવનું... જીવતરશક્તિ છેને? જીવતરશક્તિ નહિ? ૪૭ શક્તિ જીવત્વ. પહેલી શક્તિ ૪૭માં. એ ચૈતન્ય આનંદ જ્ઞાન-દર્શનના સ્વભાવથી ભરેલો ભંડાર એના પ્રાણે જીવવું તેને જીવતર કહે છે. અને રાગ અને પુણ્યના ભાવે જીવવું તેને ચૈતન્યના જીવનના મરણ કહે છે. વ્યાખ્યા પણ ભારે આકરી. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય કહે છે કે પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યના જીવનને સ્વીકાર્યા વિના એટલે સમ્યગ્દર્શન વિના એ ચાલતું મડદું છે. ઓલા મડદાં તો અહીં ઠાઠડીમાં ઉપાડીને લઈ જાય બાળવા. આ ચાલતું મડદું. જેને ચૈતન્યના પૂર્ણાનંદ અને જ્ઞાન સ્વભાવના મહિમાની દૃષ્ટિ થઈ નથી અને જે રાગ અને પુણ્ય ને પરવસ્તુનું માહાત્મ્ય કરે છે એ ચાલતા શબ નામ મડદાં છે.

અરે! ભગવાન! મરી ગયો તું અનાદિથી. કોઈ સમયમાં તારું જીવન તેં કર્યું જ નથી. જીવના જીવન જીવે તેને મુક્તિ થયા વિના રહે નહિ. એ જીવના જીવનને એમ કહેવાય કે જેને રાગ અને સંયોગથી સ્વભાવનું માહાત્મ્ય થયું, સમ્યગ્દર્શનમાં ચૈતન્ય આખો પૂર્ણ ઝીલ્યો, મોટો ઝીલ્યો શ્રદ્ધાએ ભગવાન આત્મા છું સ્વભાવે. 'પર્યાયે ભલે પામર, સ્વભાવે પ્રભુ છું' એમ જ્યારે જીવનમાં સમ્યગ્દર્શન આવ્યું ત્યારે તેનું જીવન આવ્યું, નહિતર જીવતો નહોતો, એ મરી ગયો હતો. એય..! મનસુખભાઈ! આ બધી ભણતરની આંખ બીજી છે હોં, ઓલી આંખ તમારે.. આ આંખ બીજી વાત છે. જ્ઞાનચક્ષુ.

કહે છે **'જે કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે, તે કારણે...'** એમ

કે તે કારણે પાછું એમ. ઓલા સ્વભાવને કારણે. સંસારી સ્વભાવને કારણે સિદ્ધ જેવા છે તે જ કારણે તે જન્મમરણરહિત છે એમ. આહા..હા..! પ્રભુ સ્વભાવને પ્રભુ સ્વભાવ. એક સમયનો વિકાર છોડી દે અને આખો ભગવાન પ્રભુ. જે કારણે તે વસ્તુની દૃષ્ટિએ એ સિદ્ધસમાન છે, તે જ કારણે તે જન્મ-જરા અને મરણરહિત જ સ્વભાવ છે. સ્વભાવને જન્મ નહિ, સ્વભાવનું મૃત્યુ નહિ, સ્વભાવને જીર્ણતા નહિ. સમજાણું કાંઈ? રહિત છે એ તો નાસ્તિથી વાત કરી. હવે સહિત શું છે ત્યારે? કારણ કે ન્યાય તો આ કીધો હોં. '**જે કારણે તે સંસારી જીવો...**' એટલે શુદ્ધનિશ્ચયના બળે, શુદ્ધનિશ્ચયના જોરના અંતર બળે જોતાં આત્માને સિદ્ધસમાન છે. તે જ કારણે જીવ '**જન્મજરામરણ રહિત...**' છે.

'**અને સમ્યક્ત્વાદિ આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે...**' ઓહો..! એ સંસારી બધા જીવો નિગોદથી માંડીને સમકિત આદિ સિદ્ધના જે આઠ ગુણોની પુષ્ટિથી, એ પુષ્ટિથી તુષ્ટ છે, સંતોષ છે, સંતોષાઈ ગયેલા છે. શું કીધું? જેવા સિદ્ધ ભગવાન પરમાત્મા અશરીરી પૂર્ણાનંદના પ્રાણથી પુષ્ટિથી તુષ્ટ છે, તુષ્ટ છે, સંતોષાયેલા આનંદ છે. એવો જ આ ભગવાન આત્મા બધા સંસારી જીવો સમ્યક્ત્વથી સમકિતની પુષ્ટિથી તુષ્ટ છે. કેમકે સમ્યક્ સ્વભાવ અંદર પડ્યો છે આખો. એમ '**(-સમ્યક્ત્વ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, સૂક્ષ્મત્વ,...**' અમૂર્તપણું. '**અવગાહન,...**' પોતાના સ્વરૂપમાં જ વ્યાપવું. '**અગુરુલઘુ...**' નાના-મોટા '**અને અવ્યાબાધ...**' એને વિઘ્ન નહિ કાંઈ. '**એ આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે).**' જેના પેટમાં-ગર્ભમાં એ આઠ ગુણોના સંપદાની સમૃદ્ધિથી આનંદમય છે. લ્યો, આ સમૃદ્ધિ. અહીં તો ઘરવખરો અને બહારની સમૃદ્ધિ બહુ વર્ણવે છે. આટલા અમારે ઘર છે અને આટલા અમારા પાડા ભેંસુ છે. પાડા એટલે એ. આ પાડા કહો કે છોકરા કહો. આટલા અમારા છોકરા છે લ્યોને. આ આટલા અમારે છોકરા, દસ છોકરા. એક નહોતો આપણે એક આવે છેને. એક આવે છે ત્યાં અમારે. કેવા? મોતીરામજી. દસ છોકરા. નવ પરણેલા. એક છોકરો બાળબ્રહ્મચારી. ત્યાં આવે છે. મોટી એકર જમીન, બે-ત્રણ એકર. ઘણાં લાખોપતિ માણસ. ત્યાં આવે સાંભળવા. પણ બધા સમજ્યા વિનાના વ્રત લઈને બેઠેલા. દસમો છોકરો છે એ બાળબ્રહ્મચારી રહેવાનો છે. નવ પરણેલા છે મોટા. પછી છોકરાએ એના બાપને લખ્યું, બાપા! તમે બધી વ્રત અને પડિમા લઈને બેઠા છો, પણ અહીં આવો નહિતર નરકે જાવું પડશે. એય..! વજુભાઈ! એ છોકરા એવું કહે તમને? અહીં સત્તાપ્રિય માણસ આંખ કરે આમ ત્યાં બોલાય શી રીતે? લાકડી લે. પણ ઓલાએ બાપ ઉપર લખ્યું, એના આંખમાંથી આંસુ ગયા હો એને. આહા..હા..! ઓલો છોકરો બાળબ્રહ્મચારી છે અને મગજવાળો. આ તત્ત્વને સમજવાની ઓલી છે. પિતાજી! પડિમા લઈને બેઠા અને ધર્મસંતોષમાં બેઠા છો એ ભૂલ્યા છો. એ અહીં આવો અને આ સમજો, નહિતર નરકમાં જાવું પડશે. કાગળ ગયો અને બિચારો આવ્યો તરત અને આ વાત સાંભળી. આંખમાંથી આંસુ વયા

જાય છે હોં. આહા..હા..! ક્યાં અમે ભૂલ્યા અને ક્યાં અમે માન્યું! અરે! ભગવાન ક્યાં તારો ધર્મ અને શું તેં માન્યું? એની એને ખબર નથી.

અહીં કહે છે કે અરે! બધા જીવો, અરે! સ્વભાવમાં આઠેય ગુણો ભરેલા છે. એટલે પ્રગટ જ શક્તિઓ છે બધી. શક્તિ કાંઈ અપ્રગટ છે? શક્તિ આખું તત્ત્વ એ સ્વરૂપ એ પ્રગટ અંદર પડ્યું છે. સમકિત, અનંત આનંદ, અનંત જ્ઞાન, વસ્તુના અંતર સ્વભાવમાં એ કારણપ્રભુ પોતે કારણજીવમાં અનંત અનંત બધા ગુણો પડ્યા છે એમાં આઠ વ્યવહારે કહ્યા, નિશ્ચયથી તો અનંત છે. એવા '**ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે.**' કહો, સમજાણું આમાં? કોણ? આ નિગોદના જીવ, આ તોફાન કરનારા, દારૂ પીનારા, માંસ ખાનારાના ભાવવાળા. એ ભાવ છે ત્યાં ભાવ ભલે રહ્યો કહે છે, પણ અંતરના સ્વભાવને નિહાળતા એ તો અનંતા ગુણના પિંડ જ પડ્યા છે. ભાઈ! સમજાય છે કાંઈ?

દેવચંદજી કહે છે એક સ્તુતિમાં ભગવાનની. ખત્તરગચ્છમાં થયા છેને એ સ્તુતિ કરે છે. દેવચંદજી. 'પ્રભુ તુમ જાણગ રીતિ સહુ જીવ દેખતા હો લાલ, પ્રભુ તુમ જાણગ રીતિ જગ સહુ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા હો લાલ.' સર્વજ્ઞની સ્તુતિ કરે ત્યારે વિકલ્પ ભક્તિવાળા તો એમ જ કહે, હે પરમાત્મા! હે સર્વજ્ઞ સૂર્ય! ત્રણકાળ, ત્રણલોક જેને એક સમયના પોતાના જ્ઞાનમાં જણાઈ ગયા છે. 'પ્રભુ તુમ જાણગ રીતિ સહુ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' હે ભગવાન! બધા આત્માઓ નિજ સત્તાએ પૂર્ણાનંદ છે એમ આપ દેખો છો. પર્યાયમાં વિકાર છે એ તો ભાવે છે, ખબર નથી? એક સમયનો વિકાર, એક સમયનો સંસાર. ત્રિકાળ કાળનો ભગવાન. આહા..હા..! ભગવાનના જ્ઞાનમાં પણ કેવળજ્ઞાનમાં એક સમયના સંસાર સિવાયનો આખો ભગવાન શુદ્ધ ચિદાનંદ છે એ સિદ્ધ જેવો જ ભગવાન દેખે છે. ભગવાન દેખે છે એવો છે, એવો તું દેખ તો ધર્મી થા. સમજાણું કાંઈ આમાં?

'**(હવે, ૪૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**' ૭૧ છેને?

(अनुष्टुभ्)

**प्रागेव शुद्धता येषां सुधियां कुधियामपि।**
**नयेन केनचित्तेषां भिदां कामपि वेद्म्यहम्।।७१।।**

શું કહે છે જુઓ, એમાં વાત ભારે. એવી વાત ગાથા. ના, ના, એ વ્યવહારની નય જ નથી કીધી અહીં. એ નય જ નહિ. નય ક્યા નયથી? એ નય છે? એમ કહે છે.

'**શ્લોકાર્થ :- જે સુબુદ્ધિઓને...**' જે સુબુદ્ધિઓને '**તેમ જ કુબુદ્ધિઓને...**' એ સમ્યગ્જ્ઞાની કે મિથ્યાજ્ઞાનીને '**પ્રથમથી જ શુદ્ધતા છે,...**' શું કહે છે? ભાઈ! આ તો

ધર્મની વાત છે, હોં! ધર્મકથા કોઈ અલૌકિક હોય છે. એમ ન માનવું કે શું આમાં ચાલ્યું? આ શું કહે છે આમાં?

બાપા! તારા માહાત્મ્યના પડઘા તેં સાંભળ્યા નથી. એ મારા કરીને સાંભળ્યા નથી તેં. અને સાંભળ્યા હોય તો તેના રસ્તા નીકળ્યા વિના રહે નહિ. એને જ સાંભળ્યું કહે છેને. 'एयत्तं विहत्तं'. સ્વથી એકત્વ અને પરથી વિભક્ત એ વાત તેં સાંભળી નથી. ચોથી ગાથામાં કહે છે સમયસાર. શ્રુત પરિચિત અનુભૂતા, સર્વને કામભોગ બંધ કથા. જીવોએ વિકાર શુભાશુભ કરવો અને ભોગવવો એ વાતું અનંતવાર બહુ કહેનારા અને સાંભળનારા બધાય એવા મળ્યા છે કહે છે અને તેની ટેવ પણ તને પડી ગઈ છે વિકલ્પોના કરવા, ભોગવવાની અને અનુભવ પણ તને થઈ રહ્યો છે. પણ એ વિકલ્પથી પાર ભગવાન નિર્વિકલ્પ સુધારસકંદ પડ્યો છે એ રાગથી પૃથક્ અને સ્વભાવથી અપૃથક્ છે. સ્વભાવવાન એવો સ્વભાવથી એકત્વ. એવી વાત તેં અનંતકાળમાં મારી કરીને સાંભળી નથી. તને તે મળી નથી. જે મળ્યા તે ખોટા મળ્યા છે તને. અને મળી નથી તો તેનો પરિચય તો ક્યાંથી હોય? અને પરિચય નથી તો તેનો અનુભવ તો ક્યાંથી હોય? આહા..હા..!

ક્ષણમાં પીંડલા રાખું થઈને ઉડી જશે આમ. આહા..હા..! ક્યાં ગયો? શું થયું? થોડાક દિ' સંભારે થોડીકવાર. કહે છેને શું કાંઈ? 'દિન ગણંતા માસ ગણંતા વરસે .. સુરત ભૂલી.' સુરત કેવા હતા એ ભૂલી ગયા. ત્રીજા બાપની પેઢીનુ કેવું મોઢું હતું એ ખબર છે? 'સુરત ભૂલી.' સુરત એટલે કેવી એની સુરતી–સુરત હતી. એ તો અનાદિથી એમ ચાલ્યું જ આવે છે, બાપા! તેં તારી સંભાળ કરી નથી. આમ જાણે મને યાદ રાખે. લખાવો નામ મોઢા આગળ. ફલાણા ફલાણાએ પાંચ હજાર અને એકાવન આપ્યા છે. એના દિકરાએ એના બાપના સ્મણાર્થે, એની માતુશ્રીના વર્ષીતપના પારણે. એટલે કેટલાય નામ આવે એમાં. આહા..હા..! અરે! ભગવાન! એ ચીજ જ તારી નથી એના તને શું અભિમાન આ? એ ચીજ જ તારી નથી અને મેં દીધા, લીધા ભગવાન! શું તને થયું આ? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે સુબુદ્ધિ અને કુબુદ્ધિ ભલે એની દશામાં હો, પણ પહેલેથી શુદ્ધતા સ્વભાવમાં તો પડી છે. આહા..હા..! ત્રિકાળ શુદ્ધ છે તેની શ્રદ્ધા કર, તેની દૃષ્ટિ કર, પરાઙ્મુખ પર્યાય અને રાગથી થા, સ્વભાવથી સન્મુખ થા. '**તેમનામાં કાંઈપણ ભેદ...**' શું કહે છે જરી આ મુનિ? એમનામાં કાંઈપણ કાંઈપણ જુદાઈ. '**હું ક્યા નયથી જાણું?**' જુઓ, તો ભાષા! ક્યા નયથી જાણું? વ્યવહારનય તે નય જ યથાર્થ નથી. આ નય નથી. આહા..હા..! અસદ્‌ભૂત એ નય શું? કે આ શું? આ બંધ અને મોક્ષ પર્યાયના. ગુફામાંથી ત્રાડ પાડતો સિંહ નીકળે એમ અંદરથી ત્રાડ પાડતો આત્મા નીકળે. અરે! આ આત્માઓ પરમાનંદની મૂર્તિ અમે નયથી જોઈએ છીએ. કઈ નયથી અમે એમાં ભેદ જોઈએ? વ્યવહારનયથી ... નય

છે એ? અભૂતાર્થ છે એ નય છે નહિ. જુઓ ભાઈ આ કહે છે. રાડ નાખી જાય એવું છે ઓલા તો. ભણી ભણીને ભણ્યા હોયને. એ તો ઊંટને શું કહે છે? ગાંગરતા પલાણ. પલાણ નાખે તો ગુણુ બે નાખે તો રાડ પાડે એ જુદી વાત, પણ પલાણ નાખે તો ઉં ઉં કરવાની ટેવ જ પડી ગઈ એને. આ ઊંટને માથે નાખે છેને? ટેવ જ પડી ગઈ એને. એમ અહીંયાં કહે છે કે વ્યવહારનયથી આ છે અને વ્યવહારનયથી આ છે. હવે સાંભળને વ્યવહારનય તારો. સમજાણું કાંઈ? ગાંગરવાની ટેવ જ તને પડી છે વ્યવહારનયને આશ્રયે એમ કહે છે. વ્યવહારનયના આશ્રયે બોલવાની ટેવ જ તને પડી ગઈ છે એકલી.

એ ચીજમાં સ્વરૂપમાં પૂર્ણાનંદ અને શુદ્ધ અખંડ આનંદ છે, એ કુબુદ્ધિ અને સુબુદ્ધિની પર્યાયને અમે ન જોતા વસ્તુ પહેલેથી શુદ્ધ છે. વળી એ સુબુદ્ધિ પ્રગટી અને કુબુદ્ધિ ગઈ બેયમાં અંદર આનંદકંદ શુદ્ધ પડ્યો છે એવી દૃષ્ટિથી જોનારને ક્યા નયથી અમે ભેદ કહીએ? એય..! ધીરૂભાઈ! જુઓ તો ખરા. મુનિઓ ગુફામાંથી નીકળીને રાડ પાડીને કહે છે. ક્યા નયે અમે સંસાર અને મોક્ષ આત્મામાં છે એમ કહીએ? એમ કહે છે. આહા..હા..! એય..! નવરંગભાઈ! એટલે વ્યવહારનય તો ધૂતકારી દીધો ધૂતકારી. આહા..હા..!

એક ભગવાન આખો પડ્યો છે અખંડાનંદ એને શુદ્ધતા તો પહેલેથી જ છે. એમનામાં કાંઈ પણ, કાંઈ પણ હોં! ભેદ નામ જુદાઈ. '**હું ક્યા નયથી જાણું?**' આહા..હા..! '(**તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી.**)' એ સિદ્ધ સમાન પરમાત્મા. 'સિદ્ધ સમાન સદા પદ મેરો. ચેતન રૂપ અનુપ અમૂર્ત સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવી દૃષ્ટિ કરાવવા આ વાત કરે છે. વ્યવહારનયનો વિષય-ફિષય મૂકી દે હવે. આ છે કે નહિ? આ છે કે નહિ? એ વ્યવહાર વચ્ચે આવે કે નહિ? સાંભળને હવે. આવે ન આવે એ જોવાનું કામ શું છે તારે? આહા..હા..! કહે છે, એ ભગવાન આત્માની પૂર્ણતાના જ્યાં પડઘા પડ્યા અને દૃષ્ટિએ દોલત જોઈ, એ તો શુદ્ધતા પહેલેથી જ હતી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** મુનિઓ વ્યવહારનયને ભૂલી જતા હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણવામાં આવી ગઈ એમાં પછી જાણવું નવું ન થયું એને. એનો સ્વીકાર જ નથી. ઉપાડ સ્વીકારને. એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે એની જ્યાં દૃષ્ટિ થઈ, એમાં શુદ્ધતામાં વળી પહેલી અશુદ્ધતા હતી અને પછી શુદ્ધતા પ્રગટી એ અમે ક્યા નયથી ભેદ પાડીએ? સમજાણું કાંઈ? આહા..હા..! આ મુનિ કેટલાકને ખૂંચે છે. ટીકા એવી કરનાર છેને. એણે તો ઉઘાડુ પાડ્યું. નગ્નસત્ય, ખરું સત્ય. ભગવાન ચિદાનંદ જ્યોત પડી છે એમાં વળી શુદ્ધતા પહેલી નહોતી અને પ્રગટી, એ પ્રગટીની વાત કોણ કરે? પ્રગટેલાવાળાને નહિ પ્રગટેલાવાળામાં શુદ્ધતા પહેલેથી છે ત્રિકાળ એકરૂપ છે. એવી દૃષ્ટિમાં વિષયમાં, વ્યવહારનયના વિષયને ગણતરીમાં ગણવામાં આવ્યો નથી. અમે ગણતા જ નથી, હવે તું કોણ વ્યવહાર? એક સમયનો સ્વીકાર કરનાર તું કોણ? નવરંગભાઈ! એ ૪૭ ગાથા

થઈ.

હવે એ કાર્યનું કારણ સાથે ભેળવે છે આમાં. આ ૪૮માં.

**असरीरा अविणासा अणिंदिया णिम्मला विसुद्धपा।**
**जह लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया।।४८।।**
**અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય શુદ્ધ છે,**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.**

અરે..! આ તે દૃષ્ટિમાં પલટા મારવા એ કાંઈ ઓછો પુરુષાર્થ! એ પુરુષાર્થ એ મારામાં નહિ. લ્યો આ નિતય થાય. હવે સાંભળને, નિયત નક્કી કરે એનો પુરુષાર્થ સ્વભાવ તરફ વળી જાય છે. એવો અનંતો એમાં પુરુષાર્થ છે.

કહે છે કે જે રીતે સિદ્ધ ભગવાન લોકાગ્રે બિરાજમાન, અમે દેહમાં બિરાજમાન ભગવાન એવા છીએ અમે જોઈએ છીએ. સમજાણું? '**તે રીત જાણ સૌ સંસારીને.**' સૌમાં પછી કોઈ ભવિ કે અભવિ કાંઈ બાકી નથી રાખ્યા, નિત્ય નિગોદના કે આ બધા. બધા ભગવાનથી ભરેલો ભંડાર આખો ચૌદ બ્રહ્માંડ છે. ભગવાન જ બિરાજે છે બધા. એક અંશનું લક્ષ છોડી દે, સ્વભાવની દૃષ્ટિએ જો તો બધાય સ્વભાવવાન તને ભળશે. સમજાણું કાંઈ? એની ટીકા વિસ્તારથી... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૧૬-૨-૧૯૬૪, કળશ-૭૧,
## પ્રવચન નં. ૪૦૦

આ નિયમસાર એક શાસ્ત્ર છે એમાં મોક્ષમાર્ગનો અધિકાર છે. મોક્ષ એટલે કે આત્મા જે પવિત્ર આનંદ અને શુદ્ધસ્વરૂપ છે એની અંતરમાંથી પ્રગટ અવસ્થા પૂર્ણ આનંદ અને શાંતિ પ્રગટ થાય તેને મોક્ષદશા અથવા પરમાત્મદશા કહે છે. એ મોક્ષદશા કેમ પ્રગટ થાય? અને એ મોક્ષદશા પ્રગટ કરનારની દૃષ્ટિના વિષયમાં ધ્યેય શું ચીજ હોય? શું કહે છે? ધ્યેય એટલે લક્ષ. સમ્યગ્દૃષ્ટિના લક્ષમાં શું ચીજ હોય? કે જેના લક્ષમાં એ ચીજ આવ્યે જેને પરમાનંદની પ્રાપ્તિ થાય અને પૂર્ણ શાંતિનો પ્રગટ ભાવ પ્રાપ્ત થાય.

જેમ પીપરની અંદર ચોસઠ પહોરી તાકાત અંદરમાં છે એવી જેને પ્રગટ થયેલી છે. આ લીંડીપીપર. ચોસઠ પહોરી તીખાશનો રસ અને લીલો રંગ પ્રગટ થયેલ છે. એવો જ તીખો રસ અને લીલો રંગ પીપરના દાણામાં મધ્યમાં તેવો જ સ્વભાવ પડ્યો છે. કહો, મનસુખભાઈ! આ સમજાય કે નહિ? અથવા મહેંદીના પાનમાં બહારમાં લીલપ દેખાય છે અંદરમાં લાલપ

ભરી છે. એ લાલપ એ પ્રગટ લાલપ અને અંતર લાલપ, એવી જ ભરેલી છે જેવી પ્રગટ (થાય છે એવી). આ છોડ્યું લઢીને... હવે તો છોકરાય કેટલાય નખ લાલ કરે છે, નહિ? એવું જોયું છે કોક દેખતા હોય તો. લાલ નખ કરે. ઓલો મુઠીયુંમાં રાખીને આમ કરતાં. આમ મુઠ્ઠી ન રાખે પાછી એ મુઠ્ઠિમાં આમ નખ રાખે. એટલે ઓલા નખ પણ લાલ થાય અને હાથ પણ લાલ થાય.

**શ્રોતા** :- ઠંડક થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઠંડક તો ઠીક, પણ લાલ થાય એનો હેતુ એ છે. આમ દેખાય તો લીલી અને અંદર જુઓ તો લાલ. તો જેવી પ્રગટેલી લાલ છે એવી જ લાલ એનામાં શક્તિ અને સ્વભાવ છે. એમાં કાંઈ ફેર નથી. કહો, બરાબર છે? ડોક્ટર!

એમ આ ભગવાન આત્મા જેવી આત્માને પ્રગટ દશા સર્વજ્ઞ પરમાત્માને પૂર્ણ કેવળજ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ શુદ્ધતા શક્તિમાં જે હતી તે પ્રગટરૂપ વર્તે છે, એવી જ શક્તિ બધા આત્માની અંદર ભરેલી છે. ઝીણું બહુ પણ છે. એ અહીં કહે છે. સમ્યગ્દૃષ્ટિ એટલે સત્યદૃષ્ટિ એટલે કે સત્યનો પરમસત્યનો સ્વીકાર કરનાર. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જે કેવળજ્ઞાન અને કેવળદર્શનને પામેલા પરમાત્મા એવો જ આત્મા અંદર એક સમયમાં પડેલો છે, એવો સમ્યગ્દૃષ્ટિ નામ સાચી, સત્યના, પરમસત્યના સ્વીકાર કરનાર એ દૃષ્ટિવંત શું જાણે છે? શું માને છે? એની વાત આ ૭૧ કળશમાં કહી છે. એ કાલ ચાલ્યો હતો પણ આ ફરીને જરી કોઈ નવા માણસ હશેને એટલે રામજીભાઈ કહે આ લ્યો. ૭૧ કળશ. ભાઈ ગયા લાગે છે નવનીતભાઈ.

(अनुष्टुभ्)

प्रागेव शुद्धता येषां सुधियां कुधियामपि।
नयेन केनचित्तेषां भिदां कामपि वेद्म्यहम्।।७१।।

શું કહે છે જરી? અહો! જેને આત્મા આનંદ અને જ્ઞાનનું ભાન થયું છે દશામાં, સમ્યગ્દર્શન થયું છે, અનુભવ સ્વભાવનો દશામાં, હાલતમાં જેમ લીલી મટીને લાલ પ્રગટ થઈ છે અને કંઈકને લીલી રહી છે. મહેંદીના પાન. એમ ચોસઠ પહોરી કોઈને પ્રગટ થયેલી છે અને કોઈને અંતરમાં રહેલી છે. એમ આત્માની કોઈને અનંત જ્ઞાનાદિ પરમાત્મદશા પ્રગટ થયેલી છે અને કોઈને થયેલી નથી. સમ્યગ્દૃષ્ટિ '**સુબુદ્ધિઓને...**' એટલે સમ્યગ્જ્ઞાનની દશામાં, પ્રગટ થયેલી દશામાં પૂર્ણ આનંદ અને શુદ્ધ એવી દશાનું ભાન થયું તે પહેલાં પણ અંદરમાં શુદ્ધતા તો હતી. '**અને કુબુદ્ધિઓને...**' કુબુદ્ધિ. જેને સમ્યક્ ચિદાનંદ પ્રભુ અખંડાનંદ, સચ્ચિદાનંદ પરમસત્યનો જ્ઞાન અને આનંદનો ઢગ એવું જેને જેની દશામાં ભાન નથી. એટલે કે જે કોઈ શરીર, વાણી, મન અને પુણ્ય-પાપના રાગને જ પોતાનું સ્વરૂપ માને છે એવા કુબુદ્ધિઓ.

હવે આને કુબુદ્ધિ કીધા, લ્યો! મનસુખભાઈ!

જે કોઈ ભગવાન આત્મા અંદર પરમાત્માના સ્વભાવની શક્તિથી ભરેલો એનું જેને ભાન થયું છે અને જેને ભાન થયું નથી. ભાન થયું તેને સુબુદ્ધિ કહે છે અને ભાન થયું નથી તેને કુબુદ્ધિ કહે છે. સંસારના વિજ્ઞાન અને એના જાણપણાની કિંમત અહીં કાંઈ છે નહિ. બરાબર હશે? તો આટલા ડોક્ટર ભણ્યા અને આટલા પૈસા પેદા કર્યા અને આટલા પૈસાની બુદ્ધિ. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ આનંદ પડ્યો છે અંદર, એવા પૂર્ણ શુદ્ધતામાં કુબુદ્ધિ હો કે સુબુદ્ધિ હો, બેયને શુદ્ધ સ્વભાવ પહેલેથી જ અનાદિ પડેલો છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને...'** એટલે કે જેને સમ્યગ્જ્ઞાનમાં ભાન થયું છે કે હું શુદ્ધ ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા છું. હું રાગ, દયા, દાનના વિકલ્પ એ હું નહિ, શરીરાદિની દશા અને શરીરનું તત્ત્વ એ હું નહિ. મારા તત્ત્વમાં પૂર્ણાનંદ અને પૂર્ણ સર્વજ્ઞપદ પડ્યું છે. એવી જેને સમ્યગ્જ્ઞાનની દશા પ્રગટેલી છે અને એવી જેને પ્રગટેલી નથી અનાદિ નિગોદ આદિ એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય જીવો. સ્વરૂપના જ્ઞાન ચૈતન્યના આનંદકંદના અજાણ છે અને જે સંસારના જાણ છે એવા કુબુદ્ધિઓ. એવા કુબુદ્ધિઓને **'પ્રથમથી જ શુદ્ધતા છે,...'** એને તો પહેલાંથી જ અંતરમાં શુદ્ધતા પડી છે.

ચોસઠ પહોરી તીખાશનો રસ એ પીપરમાં અને લીલો રંગ પહેલેથી છે. તલમાં તેલ. તેલ નીકળેલું હો કે તેલ તલના ખળમાં પડ્યું હોય, એ છૂટું પડ્યું હોય કે ખોળ સાથે હોય, પણ તેલ તો એમ ને એમ એવું ને એવું છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આમ 'શુદ્ધ ચિદાનંદની ચૈતન્ય જ્યોતિ છું' એવી સમ્યગ્જ્ઞાનની દશા પ્રગટી હો અને એમાં ભાન થયું કે 'હું ત્રિકાળ શુદ્ધ છું' અને જેને કુબુદ્ધિ પ્રગટેલી અનાદિની છે એને બેયને વસ્તુ તો અંદર શુદ્ધ અને ચિદાનંદનો ઘન જ અનાદિથી પહેલેથી પડેલો છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળ એમ ને એમ પડ્યો છે એમ બતાવવું છે અહીં તો. શુદ્ધ ચિદાનંદની મૂર્તિ આનંદનો કંદ, આનંદનો રસ, શાંત અવિકારી એકલો વીતરાગ વિજ્ઞાનઘન, રસકંદ. એ કુબુદ્ધિને કે સુબુદ્ધિની દશાવાનને બેયને પહેલેથી શુદ્ધતા પડી છે. સમજાય છે કાંઈ આમાં? નથી સમજાતું? શું નથી સમજાતું? એય..! મનસુખભાઈ! આ દાખલા તો બે-ત્રણ આપ્યા. પ્રગટેલું તેલ હોય કે તેલ પ્રગટેલું તલના ખળની પાછળ ન હોય, પણ બેય એકસરખું જ તેલ અંદરમાં પ્રગટેલું કે નહિ પ્રગટેલું બેયને તેલનો ભાત એકરૂપે પડેલો છે. એમ આત્મામાં જ્ઞાન સમ્યક્ થયું હોય કે કુજ્ઞાન હોય, એ બે દશાઓ છે, હાલતો છે. એ હાલતની પાછળ શુદ્ધતા તો પહેલેથી અનાદિથી પડેલી છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, ડોક્ટર! સમજાય છે કે નહિ આમાં? કોને પૂછવું આમાં? આ બધા ડોક્ટર હુશિયાર

કહેવાય ખરાને. અંતરના સ્વભાવમાં પૂર્ણ ભરેલો જ છે. ભરેલો ન હોય તો આવે ક્યાંથી? પ્રાપ્તની પ્રાપ્તિ છે. અંતરમાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ભગવાન ચૈતન્યમૂર્તિ સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો શુદ્ધ પિંડ જ છે. એ સમ્યગ્જ્ઞાન દશામાં થાવ તોપણ શુદ્ધ છે અને ન થાય તો એ તો શુદ્ધ જ છે. સમજાય છે કાંઈ?

કહે છે '**પ્રથમથી જ...**' એમ શબ્દ પડ્યો છે. '**सुधियां कुधियाम प्रागेव**' એમ શબ્દ છેને? પહેલેથી જ. શુદ્ધ-શુદ્ધ ચૈતન્યગોળો આનંદકંદ જ છે એ તો. એવી દૃષ્ટિ કરાવવા એની દૃષ્ટિ કર. વર્તમાન રાગ, પુણ્ય અને સંયોગની દૃષ્ટિ છોડી દે અને અલ્પજ્ઞતા, અલ્પદર્શીતા, અલ્પવીર્યતા જે વર્તમાન દશામાં દેખાય એની દૃષ્ટિ છોડી દે. દૃષ્ટિ ચિદાનંદ પૂર્ણ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધનો ચિદઘન પડ્યો છે એની દૃષ્ટિ કર તો સમ્યગ્દર્શન અને ધર્મ થાય. સમજાય છે કાંઈ? એ ધર્મની દૃષ્ટિવંતનો વિષય, દૃષ્ટિ થઈ તોપણ શુદ્ધ છે અને ન થઈ હોય તોપણ એ તો શુદ્ધ જ છે. બહુ ઝીણું છે, ભાનુભાઈ! આ બધા રૂપિયા-બુપિયા પુણ્યને લઈને મળી ગયા એમ આ નથી મળે એવું. આ તો પુરુષાર્થથી થાય એવું છે. આહા..હા..! કહે છે કે એકવાર નજર તો ફેરવ. એ નજરને નજરની દોલત કોણ અંદર છે એ શુદ્ધ ચિદ્‌ઘન આદિ-અંત વિનાનું સત્, આદિ-અંત વિનાનું સત્, શરૂઆત નાશ વિનાનું સત્ એકરૂપ રહેનારું સત્. ચિદ્‌ઘન જ્ઞાન અને આનંદનો રસકંદ પૂર્ણ શુદ્ધ એ તો સમ્યક્ સમજણ કર તોપણ છે અને મિથ્યાશ્રદ્ધા કર તોપણ એ તો શુદ્ધ જ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ?

'**તેમનામાં કાંઈ પણ ભેદ...**' આહા..હા..! જુઓ, શું કહે છે? 'એક જાણીએ, દેખીએ, રમી રહીએ એક ઠોર, સમળ વિમળ નહિ દેખીએ.' સમળ-વિમળ નહિ જોઈએ 'યહી સિદ્ધિ નહિ ઓર.' ભગવાન આત્મા તેની દશામાં નિર્મળતા પ્રગટી છે કે કેમ? અને મલિનતા અનાદિની હતી કે કેમ? એનું લક્ષ છોડી દે પ્રભુ એકવાર. 'એક દેખીએ, જાણીએ, રમી રહીએ એક ઠોર, સમળ-વિમળ ન વિચારીએ યહી સિદ્ધિ નહિ ઓર.' એક ચિદાનંદ મૂર્તિ જ્યાં આખું શાશ્વતધામ અનાદિ-અનંત અસાધારણ સ્વભાવનો પિંડ પ્રભુ આત્મા વસ્તુ છે તે વસ્તુ આદિ-અંત વિનાની. વસ્તુ છે તેનો ત્રિકાળી સ્વભાવ જેમ વસ્તુ ત્રિકાળી એમ એનો ત્રિકાળી સ્વભાવ તદ્દન શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ.. અને પવિત્ર છે. એવા શુદ્ધ પવિત્રના ધામરૂપ પદાર્થ એને કહે છે કે અમે સુબુદ્ધિને, કુબુદ્ધિને પહેલેથી જ્યાં શુદ્ધતા છે. એમનામાં કાંઈ પણ ભેદ, આ મલિનતા હતી અને નિર્મળતા થઈ એવા ભેદ અમે વસ્તુમાં દેખતા નથી. નવરંગભાઈ! હવે ક્યાં રહ્યું એનું દયા, દાન અને વ્રત, ભક્તિના વિકલ્પો અને એનાથી ધર્મ થાય. અરે ભગવાન! ક્યાંની ક્યાં તારી વાતું! ક્યાં તું સંતાણો અને ક્યાં ગોતવા જા? સમજાણું?

એક દાખલો ઓલામાં આપ્યો છેને. છોકરા ઘરે બેઠા હતા. બાપ બહાર નીકળ્યો. નહિ? ઓલા અનુભવપ્રકાશમાં આપ્યો છે ક્યાંક. પછી કહે એલા છોકરા સાથે નથી એટલે છોકરા નથી એમ કહે? બહાર એકલો ગયો હોય દુકાન ધંધે. છોકરા કોઈ ન હોય. ઘરે છોકરા બે.

પણ તમારી પાસે છોકરા નથી. પણ છતાં છોકરા છે એને નથી કેમ કહું? અહીં આવ્યો દુકાને તો છોકરા ભલે અહીં નહિ, છતાં છોકરા ઘરે બેઠા એને નથી કેમ કહું? એમ દાખલો આપ્યો છે કે અરે! આત્મા! એની એક સમયની દશામાં આવ્યો, પણ અંદર છતો આનંદ અને પૂર્ણ પડ્યો એને નથી કેમ કહું? આહા..હા..! એ દાખલો આપ્યો છે, ભાઈ! ચંદુભાઈ! એ ક્યાંક અનુભવપ્રકાશમાં, સમજ્યાને? અનુભવપ્રકાશમાં દાખલો આપ્યો છે. છતાને અછતો કેમ કરું? કેમ કહું? સમજાય છે કાંઈ? ઘરે મુડી કરોડ રૂપિયાની પડી છે. મનસુખભાઈ! એ સાથે અહીં ગુંજામાં નથી પણ છતાં પૈસા કરોડ પડ્યા એને કેમ કહું કે નથી?

**શ્રોતા :-** આ વધારે સમજાય એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ વળી કરોડપતિ માણસ છે હોં ડોક્ટર તમારા બધામાં. મોટી-મોટી પેદાશું છે સાડા સાત-આઠ લાખની વર્ષની. મોટો ડોક્ટર મોટા આ ધૂળના ઢગલાના. મણિભાઈ! પાછું પીછું ફેરવી નાખ્યું. અહીં કહે છે પણ એ કોઈ સાથે છે અત્યારે? છતાં છતા પડ્યા છે કે નહિ ત્રણ છોકરા અને મોટા સંચા લીધા છે ૨૦-૨૦ લાખના, ૩૦ લાખના પડ્યા છે ત્યાં. છે કે નહિ?

**શ્રોતા :-** એ તો સામા નજરે તરવરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નજરે તરવરે છે જુઓ. અને એક તો કાંઈ નાઈરોબીમાં હતો ૨૦ લાખનો નહિ? કેટલો લીધેલો? સાંભળ્યું હતું ભાઈ આપણને ક્યાં ખબર. ત્યાં એક ૨૦ લાખનો. ૩૦-૩૦ લાખનો અહીં અને મોટા-મોટા (સંચા). પણ છતાને અછતા કેમ કહીએ? અમે સધન છીએ, નિર્ધન કેમ કહીએ? કહે છે.

એમ અહીંયાં આચાર્ય કહે છે, અરે આત્મા! જ્યાં અંદરમાં આનંદ અને પૂર્ણતા ભરી છે પૂર્ણમિદં આત્મ શાશ્વતમ એની દશામાં અલ્પતા હો કે પૂર્ણતા હો, અરે! ભેદને કોણ જોવે! આહા..હા..! એકરૂપ ચિદાનંદ શાશ્વત એક દૃષ્ટિનું ધ્યેય, લક્ષ અંદર કર્યું. એકરૂપ વસ્તુ એક એટલે પૂર્ણ અને પૂર્ણ એટલે શુદ્ધ. એવી શુદ્ધતા અજ્ઞાનીને પહેલેથી પડેલી છે અને જ્ઞાનીના ભાનમાં પણ થયું છતાં શુદ્ધતાનો પિંડ તો પહેલેથી જ એવોને એવો પડેલો છે. સમજાય છે કાંઈ?

મીંદડીનો દાખલો આપે છે. મીંદડીના બચ્ચા હોયને. સાત-આઠ ઘરે ફેરવે. સાંભળ્યું છેને. નાના છોકરા હતા ત્યારે સાંભળ્યું હતું. સાત દિ' અહીંયાં રાખે અને સાત દિ' (બીજે રાખે). હેતુ તો એવો છે કે ઓલા ટેવાઈ જાયને છોકરાઓ બચ્ચાના એટલે મીંદડી ફેરવી નાખે. એટલે પછી સાત દિ' જ્યાં ઊભી થાય ત્યાં આંખ ઉઘડે. એલા આ જગત ક્યાં? જગત પહેલું નહોતું દેખાતું. આંખ ઉઘડી ત્યારે દેખાણું. આ જગત નવું થયું? કે એ જગત તો આંખ તારી બંધ હતી તે દિ' હતું અને ઉઘાડી તે દિ' જગત એમ ને એમ છે. ના એ દાખલો આવે છે શાસ્ત્રમાં હોં. શાસ્ત્રમાં દાખલો આવે છે. બધા દાખલા શાસ્ત્રમાં આવે છે.

અમારા ઘરની એકેય વાત નથી. પરમાત્માએ કહેલી વાત છે આ. સમજાણું કાંઈ? એ મીંદડીના બચ્ચાને આંખ ઉઘડી અને સૃષ્ટિ જોઈ, નવી થઈ છે? છે, છે ને છે. એમ સમ્યગ્જ્ઞાનમાં ભાન થયું કે આ પૂર્ણાનંદ છે તોપણ છે અને ભાન નહોતું તોપણ એ તો શુદ્ધ ત્રિકાળ એમ ને એમ છે. સમજાય છે કાંઈ?

કહે છે આહા..હા..! આચાર્યોએ જરી મુનિએ એવી જરી મશ્કરી કરી છે વ્યવહારનયની. વ્યવહારનયની મશ્કરી છે. આહા..હા..! અરે! પ્રભુ! તારે આત્મા પૂર્ણાનંદ છે એની દૃષ્ટિમાં કહે છે કે હું તે આ અપૂર્ણ હતો અને પૂર્ણ થયો અને આ સાધુ છું એવી કઈ નયે કાંઈપણ ભેદ દેખતો નથી હું તો. કાંઈપણ ભેદ, જુદાઈ, એકરૂપ ચીજની દૃષ્ટિમાં હું ભેદ નામ ઓછું, ઊંધુ, સાધક અને પૂર્ણ. જે શ્રદ્ધામાં ઊંધી શ્રદ્ધા હતી, પછી ભાન થયું કે આ શુદ્ધ છે અને પછી પૂર્ણ થયો પ્રગટ, એ ત્રણમાં ભેદ શી રીતે હું દેખું? એકરૂપ ત્રિકાળ પડી છે ચીજ એની દૃષ્ટિના વિષયમાં, સમ્યગ્દૃષ્ટિના વિષયમાં એકરૂપ ચૈતન્યસત્તા ધામ પરમ આનંદ દૃષ્ટિમાં પડ્યો એમનામાં ભેદ ક્યા નયથી જાણું? એટલે કે વ્યવહારનયથી જાણે એ નય શું? એ નય છે? આહા..હા..! બાબુભાઈ! આ રાડું પાડે છેને બધા ઓલા? વ્યવહાર નહિ, વ્યવહાર નહિ. હવે સાંભળને તારો વ્યવહાર નહિ.

**'તેમનામાં કાંઈ પણ ભેદ હું ક્યા નથી જાણું?'** ક્યા નયથી જાણું? વ્યવહારનયથી? એ નય છે વાસ્તવિક? વાસ્તવિક નય તો જ્ઞાનને પૂર્ણ ભાળે તે નય સાચી છે. જ્ઞાનનો એક અંશ પૂર્ણાનંદને દેખે એ બીજ પૂર્ણતાને પમાડે, એમ જે જ્ઞાનનો અંશ પૂર્ણ પ્રભુ... પૂર્ણ પ્રભુ... પૂર્ણ પ્રભુ અનાદિ-અનંત પૂર્ણ એવી દૃષ્ટિના લક્ષમાં લે એને કહે છે કે અમે જ્ઞાનને નય કહેવામાં આવે છે. બાકી જે નય એટલે જ્ઞાનનો અંશ ભેદને, રાગને, અંશને નિર્મળતા થયા અને આ ગઈ એવા નયને અમે કઈ નયથી ભેદ જોઈએ? એ તો એક જાણવાલાયક વાત એને વાસ્તવિક નય કહેતા નથી. આહા..હા..! એય..! ચંદુભાઈ! પ્યાલા ફાટે ત્યારે એવું થાય છે કે નહિ?

**શ્રોતા :-** પોતે ને પોતે પક્ષકાર અને પોતે ને પોતે ન્યાય આપે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતે ને પોતે ન્યાય આપનારો અને પોતે ને પોતે પક્ષકાર. બાદશાહ પણ પોતે અને દલીલ કરનાર પણ પોતે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા દેહદેવળના રજકણના પિંડ પ્રભુ અંદરમાં પ્રભુ બિરાજે છે ચૈતન્યસૂર્ય. જેવું સ્ફટિક હોય, સ્ફટિક પત્થરનું. એમ આ ભગવાન ચૈતન્ય અને આનંદનું સ્ફટિક છે અંદર દેહમાં. આ દૃષ્ટિ કાઢી નાખો આ. જેમ કંદોઈ... કંદોઈ કહે છેને? હલવાઈ. એ લાકડાના બીબા હોય છે બનાવેલા. એને બીબા આમ કરી અને પછી અંદર સાકર ભરે. સાકરનો રસ ભરીને સૂતરના દોરા વીંટે. થોડીવાર રાખે અડધો કલાક ત્યાં ઢીમ થઈ જાય ઓલું. લાકડાના બીબા પુરુષને આકારે. લાકડાના બીબા પુરુષને આકારે. એમાં આમ રાખીને કાણુ

હોય માથે જરી સાકર નાખે અંદર. અડદો કલાકમાં ઠરીને ઢીમ થઈ જાય. દોરા છોડી દે ત્યાં સાકરની મૂર્તિ. એલા ક્યારની હતી? કે એમ ને એમ છે.

એમ ભગવાન આત્મા આ દેહના રજકણના લાકડાના બીબા એની દૃષ્ટિ છોડી દે. મનસુખભાઈ! ક્યારની વાત ચાલે છે આ? અત્યારની. આ લાકડાના બીબા જડના. એમાં જેમ ઓલા સાકરની પૂતળીમાં જરી મેલ હોય અને દૂધ નાખીને ધોઈ નાખ્યું હોય એમ અંદરમાં જરી પુણ્ય અને પાપના વિકલ્પો દેખાય છે (એની) નજર છોડી દે, તારી નજરુમાં વિકાર લે નહિ. એ તારી નજરમાં પરમાત્મા નજરમાં આવવો જોઈએ. એ નજરમાં પડેલું નિધાન એ ચૈતન્યની દૃષ્ટિમાં અમે ભેદ કઈ અપેક્ષાએ જોઈએ? કહે છે. મગનભાઈ!

'**(તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી.)**' વસ્તુ વસ્તુ તરીકે છે પરમાનંદમૂર્તિ. એવી દૃષ્ટિમાં ભેદ જ જે દૃષ્ટિનો વિષય નથી. જે વિષય ભેદનો, વ્યવહારનો છે એને અહીં તુચ્છકારીને (કહે છે), 'જાજા. તું તે કોણ?' મોહનભાઈ! આહા..હા..! કહો, સમજાણું આમાં કાંઈ? હવે આ તો હજી રાગ ને ભેદ ને દયા ને દાન ને કરીએ છીએ એને વ્યવહાર કહોને, વ્યવહાર કહોને. હવે સાંભળને એ અસદ્ભૂતવ્યવહાર છે લે. અને આ જડની ક્રિયા થાય કાંઈક આમ કર્યું અને અમે આમ કર્યું. કોકની સેવા થઈ ત્યાં વિકલ્પ ઉઠ્યો. આમ થયું ને આ થયું. એ દેહની ક્રિયાથી કાંઈક અમને ધર્મ થાય કે નહિ? હવે સાંભળને, તારી જડની ક્રિયામાં ધર્મ કે દિ' હતા? સમજાણું કાંઈ? અને અંદરમાં પુણ્યનો વિકલ્પ ઉઠ્યો હોય છે, દયા, દાન, ભક્તિ, સેવા આદિનો એ રાગ ઉપર નજરવાળાને કહે છે કે તારી નજર તે આંધળી છે? આ તે નજર ક્યાં નાખી તેં? સમજાય છે કાંઈ? નજર જેમાં પડ્યો છે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની નજરું નાખ તો તું નિહાલ થઈ જાય. એ વિના નિહાલ થવાનો બીજો રસ્તો છે નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ! નવરંગભાઈ! પકડવું મુશ્કેલ. ભેજામાં આવવું આ શું કહે છે? એવા લાકડા ખોસ્યા હોયને ઘણા બીજા.

કહે છે.... આહા..હા..! શ્લોક તે પણ શ્લોક છે જુઓને. શ્લાઘાવાળો શ્લોક છે. ભગવાન આત્મા..! આમાં પુનરુક્તિ લાગે જ નહિ હોં! આ વસ્તુ એવી છે. ચૈતન્યરત્ન આનંદકંદ પૂર્ણ પરમાત્મસ્વભાવ એવી દૃષ્ટિના સમ્યગ્દર્શનના વિષયમાં પૂર્ણ સ્વરૂપ જ્યાં પ્રતીતમાં, ભાનમાં, ધર્મની દૃષ્ટિમાં ધર્મી આવ્યો એવો શુદ્ધ ભગવાન એમાં ભેદ ક્યાં છે? અને વર્તમાનમાં ભેદ એ કઈ નયે જોઈએ? એ બધું નિર્મળ થઈને અભેદ ભળી જાય છે. આહા..હા..! દૃષ્ટિમાં ચિદાનંદ પૂર્ણ આવ્યો જ્યાં સમ્યક્ શ્રદ્ધા અને ભાન થયું એ નિર્મળદશા પણ અભેદ ભળી જાય જેમાં એકલો શુદ્ધ જ દેખીએ છીએ, કહે છે. એમાં વળી ભંગ ને ભેદ કાંઈ ભાળતા નથી. આ એનું નામ ભગવાન સમ્યગ્દર્શન અને સમ્યગ્દૃષ્ટિ ધર્મી કહેવામાં આવે છે. એય..! મગનભાઈ! આ તો કાલે આવ્યું હતું. રામજીભાઈ કહે ફરી વાર આ જરી (વાંચો). આહા..હા..! અરે! ભગવાન! તારી રાડ તે ક્યાં પણ? શરીરની ક્રિયા કરી ને આ કર્યું ને આ કર્યું.

**શ્રોતા :-** જીવતું શરીર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જીવતું શરીર કે દિ'? મડદું છે. આ તો મડદું છે મડદું. અહીં ગાથા.. સમયસાર નથી. સમયસાર છે? સમજાય છે. મૃતક કલેવર છે. ૯૬ ગાથા. કર્તાકર્મની ૯૬ ગાથા છે. નથી? આમાં નથી એકેય. અહીં હોય તો નજરમાં આવવું જોઈએને. એના કદની ખબર હોય, એના પાનાની ખબર હોય. એના કદમાં નથી. લ્યો, આ ૯૬ ગાથા. શું કહે છે? ૯૬.

અહો..! ભગવાન મૃતકકલેવર વડે. અરે પ્રભુ! આ શરીર વર્તમાન મૃતક-મડદું છે. એમ અમૃતચંદ્રાચાર્ય ટીકા ૯૬ની કરતાં જાહેર કરે છે. જાહેર થાવ કે હું ત્રિકાળ શુદ્ધ અમૃતનો પિંડ છું. આત્મખ્યાતિ છેને ભાઈ આમાં. જાહેરનો અર્થ એ. 'પ્રસિદ્ધ થાઓ દૃષ્ટિમાં કે હું અનાદિ અનંત અમૃતનો પિંડ છું' એવી મારી દૃષ્ટિનો વિષય છે. હું અલ્પ અને રાગ નથી. એવો જીવ આત્માના અમૃત પિંડને ભૂલી મૃતક કલેવર વડે. આ મડદું વર્તમાનની વાત ચાલે છે હોં. જીવ નીકળ્યા પછી મડદું એમ નહિ. મડદું જ છે અત્યારે આ. કેમકે ચૈતન્યનો ચમત્કારનો જ્ઞાન અંશ આ પરમાણુમાં નથી, આ જડમાં નથી. જે જેનામાં ચૈતન્ય છે તે પરમાણુમાં પેઠો નથી, પરમાણુ તે ચૈતન્યમાં પેઠા નથી. બેય ભિન્ન-ભિન્ન કામ કરે છે.

કહે છે '**મૃતક કલેવર વડે...**' આ મૃતક કલેવર શરીર છે આ મડદું. એ '**પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...**' ભગવાન આત્મા તો પરમ વિજ્ઞાન-વિ-જ્ઞાન ઘન-ઘન. જેમ પોષ મહિનાના શિયાળાના ઘી. સારા હતા ત્યારની વાત છે, અત્યારે બધા દગા થઈ ગયા. ચારે કોર કોણ જાણે શું થઈ ગયું! પાણીમાં દગા, દૂધમાં દગા, કાળા બજાર બધે અને ધર્મમાં પણ કાળાબજાર. એવા અજ્ઞાનીએ લાકડા ખોસી ઘાલ્યા છેને. વેપારમાં કાળા બજાર અને ધર્મમાં 'એ દયા ને દાન ને વ્રત ને ભક્તિ કર તને ધર્મ થાશે.' કાળા બજાર છે સાંભળને હવે. એ વિકલ્પ ઉઠે એ વિકાર છે, મેલ છે. એનાથી આત્માનો ધર્મ થાય એ ત્રણકાળ, ત્રણલોકમાં ન થાય. મનસુખભાઈ!

કહે છે, અરે! અમૃતનો ઘન પ્રભુ, વિજ્ઞાનઘન. જે શિયાળાના ઘી સારા ઊંચા (થાય) જેમાં આંગળી પેસે નહિ અને પેસે અને જો એની વાગે અણી (તો) સાતપુડો થાય. રોગ થાય હોં એમાંથી. ખબર છે? અણી વાગે ઝીણી-ઝીણી. બહુ કઠણ હોય અને છોકરાને કહે એલા આંગળી નાખીશ નહિ. બહુ કઠણ થઈ ગયું છે. એકલું ચોખ્ખું ઘી હોય અને એકલા ખોળ ખાધેલા હોય ભેંસે. કપાસિયાનો ખોળ. એમાં એ ઘી એના જામેલા હોય, એમાં એવું જામે. આંગળી ગરે નહિ, તવેથો ગરે નહિ. એ ઘીની ફાંસ (વાગે). એટલું નિવડ હોય. નીવડ-નીવડ ઘન નીવડ. એમ વિજ્ઞાનઘન. આત્મા જ્ઞાનનો ઘન છે. કહે છે કે જેમાં પુણ્ય અને પાપનો વિકલ્પ પ્રવેશ કરી શકતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ આમાં? આમાં સમજાય છે કાંઈ? એમ કહેવું છે. સમજેલા મૂકો પાણી, કહે છે. જગતના સમજણ

ઉપર મૂકો મીંડા.

**'અમૃતરૂપ વિજ્ઞાનઘન...'** એ જ્ઞાનનો રસકંદ પ્રભુ આખો પડ્યો ઘન-ઘન. જેમાં શરીર, વાણી તો પ્રવેશે નહિ, પણ શુભ-અશુભ વિકલ્પો દયા, દાન, કામ, ક્રોધની વૃત્તિ થાય એ અંદરમાં પ્રવેશ કરવાનો ચૈતન્યઘનમાં અવકાશ નથી. એવો ભગવાન અમૃત વિજ્ઞાનઘન **'મૂર્છિત થયો...'** ત્રણ શબ્દો વાપર્યા. **'મૃતક કલેવર વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન** (પોતે) **મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.'** શું કીધું? અરે ભગવાન! અમૃત વિજ્ઞાનઘનના ભાન વિના એ શરીરમાં મૂર્છાયેલો, 'શરીરની ક્રિયા હું કરું છું, આ ચાલું છું તે હું, મારી પ્રેરણા ન હોય તો શરીર ન ચાલે, પ્રેરણા કરું તો ચાલે,' એવો જે અજ્ઞાની મૂઢ જીવ શરીરની અવસ્થાની દશાને અને અંદર વિકલ્પ રાગ ઉઠે તેને કર્તા થઈને પોતાના સ્વરૂપમાં વિકાર અને પરનું એકપણું ખતવે અને માને છે. ભારે વાતું પણ, ભાઈ! સમજાણું આમાં?

કહે છે, **'તે પ્રકારના ભાવનો...'** જે જે વિકલ્પ ઉઠે, વૃત્તિ થાય એને રચું છું, કરું છું, બનું છું, થાવ છું, પરિણમું છું એવી દૃષ્ટિ મિથ્યા અજ્ઞાનીને પુણ્ય અને પાપના વિકલ્પો ઉઠે તેનો કર્તા અજ્ઞાની અમૃતઘન વિજ્ઞાનની દૃષ્ટિ છોડીને શરીરની ક્રિયા અને રાગની ક્રિયામાં મૂર્છાઈ ગયો છે. એને લઈને અનાદિ સંસાર પડ્યો છે. સમજાણું કાંઈ? એ ચૈતન્યઘન વિજ્ઞાનઘનની દૃષ્ટિથી જોઈએ તો કહે છે કે એમાં ભેદ અમે કઈ દૃષ્ટિએ કહીએ? ભેદ-બેદ છે. પર્યાય છે ખરી હોં નથી એમ નહિ, પણ અહીંયાં એનો અભાવ ગણી, મુખ્યપણાની સ્વભાવની દૃષ્ટિમાં એનો અભાવ છે માટે એને શું ગણીએ અવસ્થાને? આખો પ્રભુ પડ્યો છે અને પૂર્ણાનંદના સાકરનો ગાંગડો આખો છે. એમ ચૈતન્ય આનંદ રસપૂર્ણ છે, આદિ-અંત વિનાનું તત્ત્વ છે વિકાર, શરીર વિનાનું. વર્તમાન અવસ્થાનું લક્ષ છોડી દઈને પૂર્ણ છે એને ભેદ કઈ રીતે જોઈએ? કહો, સમજાય છે આમાં? એ ૪૭ થઈ. હવે ૪૮.

એ તો અમારે ભાઈએ પૂછ્યું હતું જમુભાઈએ કે બહુ મહિમા! એનો પાર? કે પાર હોય તેને મહિમા કહેવાય નહિ અને મહિમા હોય એનો પાર આવે નહિ. જેનો સ્વભાવ આહા..હા..! જેને ચૈતન્યચમત્કાર કહે છે. શ્રીમદ્ તો કહે છે એક વાક્યમાં 'સૃષ્ટિને ગુપ્ત ચમત્કાર ચૈતન્યની ખબર નથી.' ગુપ્ત ચમત્કાર ચૈતન્યબિંબ પ્રભુ અંદર પડ્યો આખો. સમજાય છે કાંઈ? 'તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ,' તરણા ઓથે ડુંગર. ડુંગર તો મોટો આમ હોય. એ તરણું પહોળું આવડું રાખ્યું હોય. પરસો થાય છેને પરસો? અહીં તો કાઠિયાવાડી ચોખ્ખી ભાષા આપણી અહીંયાં. ઓલા પરસા નથી થતા શેરડીના સૂકા? આમ રાખ્યો હોય આડો તો આખો ડુંગર ન દેખાય. ડુંગર વયો નથી ગયો. આઘું રાખે તો જરી આટલું આ ઢાંકેને કાંઈક દેખાય, પણ આમ જેટલામાં .. એમ ચૈતન્ય પ્રભુ આખો આનંદકંદ અને જ્ઞાનની મૂર્તિ એને એક પુણ્ય અને પાપના રાગની આડના તણખામાં, તણખલામાં ચૈતન્ય આખો

બિંબ અંદર દેખાતો નથી. મનસુખભાઈ! આ તો સમજાય એવું છે હોં. લોજિકથી વાત ચાલે છે એમ ને એમ કાંઈ ગડબડ ઘચડપચડ નથી. આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સવારનું તો એવું કાંઈક લાગે ભાઈ એ તો જરી. વાણી આવી છેને વાણીનું હતુંને. વાણીમાં આમ આવે. આ ઉત્તમચંદભાઈએ ગાયુ નહોતું ઓલામાં? 'અવિદ્યાની ઓથે રે અવરાણો મારો આત્મા જી, એ અવિદ્યાની ઓળે રે અવરાણો' કર્મથી નહિ. પોતાના ચૈતન્યના અજ્ઞાન અને બેભાનથી. 'અવિદ્યાની ઓથે રે અવરાણો મારો આત્મા જી.' એ જ્ઞાનના નેત્રને અંતરથી જોતા એને આવરણ અને અજ્ઞાન કાંઈ છે જ નહિ. એવો ભગવાન પૂર્ણ સ્વભાવને નજરુંમાં લેવો એને ભગવાન સમ્યગ્દર્શન અને ધર્મ કહે છે. ત્યારથી ધર્મ શરૂ થાય છે, પછી સ્વરૂપમાં લીનતા થતા આનંદના એ અતીન્દ્રિય આનંદના, જેમ ફુવારાને આમ દાબતા ફુવારા ફૂટે ચારેકોરથી એમ રસ ચૈતન્ય અંદર પડ્યો એમાં એકાગ્રતાનું દબાણ ઝેટલું આવે એટલા આનંદના રસના શેરડા ફાટે એને ચારિત્ર કહે છે. સમજાય છે કાંઈ? એ ચારિત્ર આ લૂગડા ફેરવ્યા, આ કર્યા અને ધૂળ કર્યા એ ચારિત્ર-ફારિત્ર નથી. આહા..હા..! તને ચારિત્ર શું એની ખબર નથી. સમ્યગ્દર્શન શું ખબર નથી અને ચારિત્ર લઈને બેઠા કે અમારે ચારિત્ર. હવે સાંભળને. ચારિત્રના મોઢા કેવા હોય એ સાંભળ્યા નથી તેં.

ચારિત્ર એટલે ચરવું. આનંદકંદ અભેદ ચૈતન્ય દૃષ્ટિમાં લઈને, પછી એમાં ઠરીને અતીન્દ્રિય આનંદના શેરડા અતીન્દ્રિય આનંદના રસના ફાટે, જેના સ્વાદની આગળ દુનિયા આખી સડેલા તરણા ઈન્દ્રના ઈન્દ્રાસનો લાગે એવી આનંદની જમવટ જ્યાં અંદરમાં જામે એને ત્રિલોકનાથ પરમાત્મા ચારિત્ર કહે છે. એય..! મનસુખભાઈ! કોઈ દિ' સાંભળી ન હોય, વાંચવામાં આવી ન હોય આ. આમ દયા પાળો, આ વ્રત કરો, આને ન મારો, આ ઢીંકણું થઈ ગયું અને થઈ ગયું ચારિત્ર. એય..! મણિભાઈ! આ બધા વકીલોએ એવા ગપ્પા મારેલા હોય. કોક કહે એને હા.. હા... કહે. મણિભાઈ! એમ હશે કે નહિ? કંઈકના લખાણ આવે. એ ચોપડી એક ફેરી જોઈ હતી તો ગપ્પા માર્યા હતા એમાં. મણિભાઈનું નામ હતું એમાં. કાંઈક લખ્યું હતું અંદર. મેં વાંચ્યું હતું એમાં. ગપ્પેગપ્પા. કીધું આ વકીલો ગપ્પા મારે છે આમાં.

અરે! ભગવાન! ચૈતન્યની વકીલાત તો કોઈ અલૌકિક છે. એને જેણે ચૈતન્યના ધામ જોયા નથી અને ચૈતન્યના ધામમાં શું શું પડ્યું છે? સમજાય છે? એવી દૃષ્ટિનો વિષય જે આત્મા જેણે લક્ષમાં લીધો નથી એને શું ખબર પડે કે સમ્યગ્દર્શન શું અને ચારિત્ર શું અને તપ શું? ઓલા કહે, ભગવાને બાર વર્ષના તપ કર્યા હતાને. બાર-બાર મહિને ખાધા. સાંભળને હવે. ખાધા નહોતા એ તપ નથી. આહા..હા..! એ આનંદની, અતીન્દ્રિય આનંદની...

સાકરને ગાંગડે માખી બેઠી હોય એની મીઠાશને લઈને છોકરા પાંચ-દસ ગાંગડા રોટલીમાં લઈને બેઠા હોય. ચાર ખવાણા હોય અને બીજા બે-ત્રણ હોય તો કાંઈ .. એને ઓલી

પાંખ ચોંટે. લેવા જાય ગાંગડો ઓલો છોકરો પાંખે ચોંટે તો મૂકે નહિ સ્વાદને લઈને. એ ફટકડીને ગાંગડે બેઠી હોય તો સ્વાદ ન આવે એટલે ઉડી જાય ફડાક દઈને આવડા ગાંગડા હોય તોપણ. આટલો ગાંગડો હોય પણ માખી જેવું જનાવર નાનું જેને ચાર ઇન્દ્રિય મન પણ નથી, કાન નથી, પણ જેને સ્વાદના આંતરા પડ્યા છે. એ સાકરના સ્વાદ અને ફટકડીના સ્વાદના જેને આંતરા પડ્યા છે. એમ જ્યાં સમ્યગ્જ્ઞાનમાં આત્માનો અમૃત સ્વાદ અને રાગનો કલુષિત મેલો ફટકડી જેવો સ્વાદ (આવ્યો છે). સમજાય છે કાંઈ આમાં? આ શું હશે?

અગમનિગમની વાતું કરવી અને વળી સમજાય છે, સમજાય છે? કહેવું. કાંઈ સમજાય છે? અરે ભગવાન! અગમનિગમની નથી, તારા ઘરની છે આ. આ તો આઠ વર્ષનો બાળક પણ આત્મભાન પામે ત્યારે આમ હોય છે. પશુ-પશુ. એ પશુના ચામડાના શરીરમાં રહેલો ભગવાન જ્યાં ભેદજ્ઞાન કરીને ચૈતન્યને નિહાળે, જોવે, અનુભવે. એકલો અતીન્દ્રિય આનંદનો રસ લે. ભલે ચામડા શરીરના હોય માથે હાથીના કે પશુના. સિંહ, વાઘ હોય, મનુષ્યક્ષેત્ર બહાર એવા અસંખ્ય જીવો પડ્યા છે કે જેને આત્મભાનના રસવાળા અને મગરમચ્છ ને સિંહ ને વાઘ શરીર. શરીરને લઈને ચામડા માથે લેપટાણા ભિન્ન-ભિન્ન જાતના એટલે કાંઈ ભગવાન ભિન્ન-ભિન્ન જાતનો સ્વભાવ થઈ જાય છે? એવો આત્મા કહે છે ખરેખર પ્રભુ અતીન્દ્રિય આનંદની દૃષ્ટિમાં આનંદનો રસ લેતા જેને દુનિયાના વિષયના ભોગો સ્વાદો જેને તુચ્છ-તુચ્છ લાગે. એ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહ્યા, છન્નું હજાર સ્ત્રીમાં પડ્યો દેખાય, પણ એ રાગ આવે એ ફટકડીનો સ્વાદ, અંતર દૃષ્ટિમાં આનંદને અનુભવે છે એ આનંદનો સ્વાદ, બેને જ્યાં મેળવે ત્યાં ઓલાની તુચ્છતા લાગે છે. સમજાય છે કાંઈ? આ ગૃહસ્થાશ્રમમાં રહ્યાની વાત ચાલે છે, ભાનુભાઈ! આ ભાનુસૂર્ય પડ્યો છે અંદર.

આ દેખાડે છેને. કોની આંખે જોવું એ? ઓલો કહે .. આ રહ્યો. આંખ બંધ રાખીને આ રહ્યો. પણ કોને જોવું? આંખ તો એને ઉઘાડે ત્યારે જોવાય કે નહિતર જોવે કોણ? સોનાના નળિયા થયા, આંખ ઉઘાડ. આ સૂર્ય ઊગે છે ત્યારે ઓલ આઠ વાગે ઉઠતો ન હોય, એક ઓરડો હોય એને એક બારણું હોય. નળિયા ત્રણ પટ્ટા નાખ્યા હોય આમ. હવા ન આવે ત્રણ પટ્ટા. એમાં સૂર્ય આઠ વાગે (ઉગે તો કહે), સોનાના નળિયા એટલે પીળા (નળિયા દેખાય). એલા ઉઘાડ તો ખરો. એમાં ચીપડા વળ્યા હોય માથે પાછા. આંખ બંધ ચીપડા, એક ઓરડો, એક બારણુ, માથે ત્રણ પટ્ટા નળિયા એમાં તડકો દેખાય શી રીતે એને? મનસુખભાઈ! એમ ભગવાન આત્મા રાગ અને પરની ક્રિયા રહિતનો ચિદાનંદ એને 'રાગ મારા, શરીર મારા, પુણ્યનો કર્તા હું, આનો કર્તા હું, આનું ભલું કરી દઉં, ભૂંડું કરી દઉં' એવા જે વિકલ્પો એની આડમાં એને ચૈતન્યના સૂર્યના પ્રકાશ દેખાતા નથી. સમજાય છે કાંઈ? પ્રભુભાઈ! લ્યો, એ શ્લોક પૂરો થયો હવે હોં. પોણો કલાક તો થયો લગભગ. એય..! ચંદુભાઈ!

હવે ૪૮. '**વળી આ,...**' ગાથા તો કાલે બોલાઈ ગઈ છે, ભાઈ! '**વળી, આ કાર્યસમયસારમાં...**' એટલે શું? કે આત્મા જ્ઞાન અને આનંદનો કંદ છે એની જેને દશા, દશામાં જેમ તલમાંથી તેલ છૂટું પડી ગયું, ચોસઠ પહોરી તીખાશ જેમ પ્રગટ થઈ ગઈ, એને એમ આત્મામાં જે આનંદ અને જ્ઞાન જેની દશામાં, હાલતમાં, પર્યાયમાં, અવસ્થામાં પ્રગટ થઈ ગયા એવા કેવળજ્ઞાની પરમાત્માને કાર્યસમયસાર કહેવામાં આવે છે. જેના કાર્ય પૂરા થઈ ગયા. કાર્ય કેવા હશે આ? આ બધા કાર્ય પૂરા. જગતના કાર્ય પૂરા થાય નહિ અને અધૂરા રહે નહિ. ભાનુભાઈ! શું કીધું? મરે ત્યાં સુધી પૂરા થાય નહિ અને પાછળ અધૂરા રહે એને કરનારા નીકળે બીજા રાગ આદિના કરનારા. ધૂળમાંય કરતાં નથી તમે કાંઈ. રાગ અને દ્વેષ કરો છો એકલા. એક રજકણની પાંપણ ફરે એ આત્માના રાગના અધિકારની વાત નથી. આમ ફરે એ જડની પર્યાય ક્ષેત્રાંતર થાય છે. એ વાતું બહુ ઝીણીયું છે.

કહે છે, જેવા કાર્યસમયસાર. ભગવાન આત્મા જેને પૂર્ણ દશામાં પ્રગટ થયો, કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળ આનંદ પૂર્ણ વીર્ય. '**અને કારણસમયસારમાં...**' એટલે આ વસ્તુ જે કીધી ત્રિકાળ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... દ્રવ્યસ્વરૂપ, વસ્તુસ્વરૂપ, વસ્તુસ્વભાવ ત્રિકાળ એકરૂપ શુદ્ધ. એ '**કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.**' બેમાં કાંઈ તફાવત નથી. એ વસ્તુમાં પણ શુદ્ધતા છે એમ પ્રગટ થયેલીમાં શુદ્ધતા છે. બેમાં અશુદ્ધતા ક્યાંય છે નહિ. બેય સરખા છે. આહા..હા..! '**જેવી રીતે લોકાગ્રે...**' જે કોઈ આત્માની પૂર્ણ શુદ્ધતા, પૂર્ણ આનંદતા અને પરમાત્મદશા થાય એને... રહે છે પોતાના સ્વભાવમાં, પણ બાહ્ય ક્ષેત્રમાં એનું સ્થાન હોય છે. સર્વવ્યાપક ન થઈ જાય. દેહદેવળમાં બિરાજમાન પોતાની સત્તા દેહ પ્રમાણે રાખે છે ઈ. સમજાય છે કાંઈ?

એ જ્યારે પૂર્ણ શક્તિનું ભાન કરીને પૂર્ણ દશા પ્રગટ થાય ત્યારે, જેમ અગ્નિનો ધૂમાડો ઊંચે જવાનો સ્વભાવ છે, એમ આત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિ દેહદેવળમાં ભિન્ન પડીને પરમાત્મદશા જેને અરિહંત અને સિદ્ધદશા કહે છે એવી જ્યાં અંદર સિદ્ધદશા થાય એ લોકાગ્રે, લોકાગ્રે રહે છે. લોકાગ્ર શું વળી? એના પણ વાંધા બધા. આ ચૌદ બ્રહ્માંડ છે સંગ્રહાત્મક જેમાં જડ અને ચૈતન્યના સ્વરૂપ છે એવા લોક્યંતિ ઈતિ લોક. જેમાં જડ અને ચૈતન્ય ભિન્ન-ભિન્ન ભાસે. ભાસે લોક્યંતિ જ્ઞાનમાં તેને લોક કહીએ. એવો અસંખ્ય યોજનમાં ચૌદ બ્રહ્માંડ છે. એની ખાલી બાજુ ચારે કોર જુઓ, ખાલી... ખાલી... ખાલી... ખાલી... ખાલી... ખાલી... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત અસ્તિ એમ ને એમ પડ્યું છે આકાશ. એ ખાલી અનંત આકાશ અને ભરેલું એને છેડે, લોકને છેડે તેને લોકાગ્ર કહે છે. સમજાય છે કાંઈ? એ 'લોકાગ્રે...' લોકને અગ્રે.

શ્રીમદ્‌માં આવે છેને કાંઈક શબ્દ નહિ? 'લોકસંજ્ઞાએ લોકાગ્રે જવાતું નથી.' એય..! આવે છેને કે નહિ લક્ષ્મણભાઈ? લોકસંજ્ઞાએ લોકાગ્રે જવાતું નથી. સત્સંગ વિના ધ્યાન તરંગરૂપ

નીવડે છે. ગમ પડ્યા વિના આગમ અનર્થકારક નીવડે છે. ગમ પડ્યા વિના એ શાસ્ત્ર શું કહે છે એ ગજના આંકા સૂઝે નહિ અને કલ્પનાથી વાંચે એ ગમ પડ્યા વિના આગમ સર્વજ્ઞ પરમાત્માના શાસ્ત્રો શું કહે છે એ સમજણ પડે નહિ. અને લોકની સંજ્ઞા રાખીને સિદ્ધપદ અને લોકાગ્રે જવાય એ ત્રણકાળમાં થતું નથી.

એ લોક અગ્ર એક સ્થાન છે. જેમ આ સ્થાન છેને અહીંયાં? એમ લોક પૂરો થાય છે, પણ આવું કાંઈક પૂરું હોય છે કે નહિ? આમ ને આમ આવું આવું ભરેલું. અનંત... અનંત... અનંત... અનંત... યોજનમાં નથી. અસંખ્ય યોજનના... આ પુરુષ જેવો ઊભો હોય, પુરુષ ઊભો હોય એનો ગોળાકાર જે આમ ફરતો ફુદરડીનો એવો આ લોકનો આકાર છે. ચૌદ બ્રહ્માંડ જેને ભગવાનના જ્ઞાનમાં, સર્વજ્ઞના જ્ઞાનમાં જોયા છે. એ લોકને અંતે સિદ્ધ પરમેષ્ઠી ભગવંતો, આ નમો સિદ્ધાણં આવે છે કે નહિ? એય..! ભાનુભાઈ! ભગવાન જાણે નમો સિદ્ધાણં ક્યાં હશે? જુઓ, છે? ટીકા છે જુઓ ૪૭મી.

**'જેવી રીતે લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી...'** સિદ્ધ પરમાત્મા પોતાની દશાને પ્રાપ્ત ભગવંતો મહિમાવંત **'નિશ્ચયથી...'** ખરેખર **'પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે...'** એને પાંચ શરીર નથી. પરમાત્મ પૂર્ણ દશા વિદેહી દશા થઈ એને પાંચ શરીર નથી. **'અશરીરી છે,...'** અશરીરી છે. એવો જ આ આત્મા અશરીરી છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! મેળવણી કરવી. જેવા પાંચ શરીરરહિત. પાંચ શરીરનો પ્રપંચ શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ? પંચ શરીર, પંચાભાવ અશરીરા. પ્રપંચનો અભાવ છે. અશરીરી જેવા પરમાત્મા છે, એવો જ આ આત્મા શરીરથી પાર અશરીરી છે. શરીરને અને આત્માને સ્પર્શ નથી. શું કહ્યું વળી? એ આત્મા શરીરને અડતો નથી અંદર.

**શ્રોતા :-** કે દિ'?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે. કે દિ'ની વાત ક્યાં ચાલે છે અહીં? ડોક્ટર શું કરે બધાય? ગપ્પે ગપ્પા માને. એ આ બધા ડોક્ટર બેઠા છે આ જુઓને, પ્રવીણભાઈ ને આ બધા શું છે? આમાં રજકણ છે એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે. રંગ, ગંધ, રસ અને સ્પર્શ છે. ભગવાન આત્મામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ નથી. એટલે જેનામાં સ્પર્શ નથી એ સ્પર્શે શી રીતે? અરે! પરમાણુમાં સ્પર્શ હોવા છતાં બીજા પરમાણુને સ્પર્શતો નથી, અડતો નથી એવી વાતું અગમ્ય છે.

અહીં કહે છે કે જેમ સિદ્ધ ભગવાન અશરીરી, એકવાર નજર કર હું પણ એક અશરીરી છું. શરીર મારે નથી અને જેને શરીર તે હું નથી. આહા..હા..! તો આ શરીરથી કેટલું કામ લેવું? મનસુખભાઈ! ત્યાં ત્રણ મહિના પડ્યા રહ્યા હતા. ત્યાં આફ્રિકામાં એક જણ. બીજા ડોક્ટર હતા. ફરશો નહિ. મોળું હૃદય પડી ગયું છે, હાર્ટ ફેઈલ થઈ જશે. ચાલો ભાઈ. ભાનુભાઈ! એ તો એનો દાખલો આપીએ છીએ. બધાને એમ જ થાય છેને ઘણાને. આ મણિભાઈ

કહેતા હતા, એક મિનિટ પડ્યું રહેવું એને ઠેકાણે કેટલા વર્ષથી આમ ને આમ. ઉઠવા જાય પણ શું કરે? આંગળી ચાલે નહિ. એ તો જડની પર્યાય, પ્રભુ! એ પર્યાયની અવસ્થા આત્મા ન કરી શકે, એ ન રોકી શકે, ન ફેરવી શકે. જડનો શરીરનો ધર્મ જીવપદમાં જણાય છે. એ કહેવું એ વ્યવહાર છે. શરીરની પર્યાયો માટીની જે થાય એ જ્ઞાન જાણે કે આમ થાય છે. કરે રોગ કે એને ટાળે એ આત્માના સ્વભાવમાં ત્રણકાળમાં નથી. એવા આત્માને નજરે લેવો અને પ્રતીતમાં લેવો એને સમ્યગ્દર્શન કહે છે.

'**નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે 'અવિનાશી' છે,...**' શું કહે છે? સિદ્ધ પરમાત્મા અશરીરી થયેલા, એને નર નામ આ મનુષ્યનો દેહ, નારકીનો દેહ. નીચે એક નારકી છે હોં નીચે. માંસ ખાય, દારૂ પીવે, અધર્મ કરે, લંપટપણા મહા કરે એ મરીને એના પરિણામમાં ઉગ્રતા હોય છે ભાવમાં, એટલે જેટલી ઉગ્રતા કડકાઈ પાપની છે એટલી જ ઉગ્રતા જે ઠેકાણે દુઃખ ભોગવવાનું સ્થાન તેને નરક કહેવામાં આવે છે. નરક એટલે વિસ્તા નહિ હોં, ગતિ છે એક. જેટલી ઉગ્રતા એ પાપના પરિણામ ક્રોધ, માન, કપટ, લોભ, વિષયભોગ તીવ્ર-તીવ્ર કર્યા, ખૂનાખૂની એવા ભાવ, એ ભાવનું જેટલું પ્રતિકૂળતા બીજાને દીધી એટલી પ્રતિકૂળતા જે સ્થાને હોય ત્યાં ઊપજે તે સ્થાનને નરકયોનિ કહે છે. એ નરક શરીર અને નારકી શરીર સિદ્ધને નથી. એમ આત્માને પણ નથી.

નરકમાં રહેલા નારકી જીવો છે. સમ્યગ્દૃષ્ટિ શ્રેણિક રાજા. ભગવાનના વખતમાં એક શ્રેણિક મહારાજા થયા. હજારો રાણી આદિ હતી. અમારામાં એ નહિ અને એમાં અમે નહિ એવું ભેદજ્ઞાન અંતર અનુભવ દૃષ્ટિ સમ્યક્ થઈ ગયેલી. કહે છે કે એ એમ જાણે છે કે શરીર અમારે નથી, અમે નારકી નથી. નારકી અને નરના દેહો જેમ સિદ્ધને નથી એમ સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્મામાં તે દેહ માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નર-નારકાદિ...**' એટલે? પશુ અને સ્વર્ગના દેહ છે. બહુ પુણ્ય હોય છે પુણ્ય, તો એના ફળ તરીકે (દેવ થાય). સાધારણ પુણ્ય હોય તો મનુષ્ય થાય છે, વિશેષ પુણ્ય હોય તો સ્વર્ગ થાય છે, પણ એ બધા નાશવાન દેહો છે. સ્વર્ગના દેવો ગતિ છે એક. જેમ આ મનુષ્યગતિ, પશુગતિ, નરકગતિ અને સ્વર્ગગતિ એવા પર્યાયો એટલે શરીરની દશાઓના ત્યાગગ્રહણ. એક શરીરને ગ્રહવું અને બીજાને છોડવું એ સિદ્ધમાં નથી. એમ ભગવાન આત્મામાં પણ આ ગ્રહ્યો મનુષ્યનો દેહ ગ્રહ્યો અને બીજો મનુષ્યનો છૂટ્યો એ આત્મામાં નથી. એને કારણે પરમાણુનો સંયોગ થાય અને પૂર્વ સ્થિતિ છૂટી જાય. આત્મામાં તેનું ગ્રહણ અને ત્યાગ (નથી). આત્મા શરીર ગ્રહે અને આત્મા શરીર છોડે એમ છે નહિ. આહા..હા..! ક્યારની વાત હશે આ? એ તો કહે છેને, સિદ્ધ ભગવાન છે એવો છેલ્લો શબ્દ કહ્યો એવી રીતે સંસારમાં. છેલ્લો શબ્દ છે. છેલ્લી લીટીનો છેલ્લો. આ બધી વાત અમે સિદ્ધની કહીએ છીએ પરમાત્માની, એવો જ આ સંસારી જીવ એવો છે અંદર વસ્તુથી. '**કોઈ નયના બળે...**'

એમ ભાષા કરશે, ભાઈ! કોઈ નયના બળે એટલે સ્વભાવ દૃષ્ટિના બળે એને શરીર જ નથી. આહા..હા..! શરીર કેવા? આ તો માટી છે. જીવને શરીર! શરીરને જીવ! એ રાડું પાડે છે પંડિતો અત્યારે કેટલા રાડ પાડે છે, લ્યો! જીવતા શરીરની ક્રિયાથી ધર્મ થાય, મરેલાથી ન થાય. અરે! ભગવાન!

**શ્રોતા :-** બંધ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બંધ થાય. આનાથી બંધ થાય. અરે..! તારા ભાવે બંધ અને ભાવે મુક્તિ. તારા પરિણામ થાય તે પ્રમાણે ચાર ગતિ અને શુદ્ધતાનું ભાન થઈને આત્માની દશા પ્રગટે એ મુક્તિનું કારણ. બાકી પરને લઈને બંધ અને મુક્તિ ત્રણકાળ, ત્રણલોકમાં છે નહિ.

કહે છે કે જેવા સિદ્ધ ભગવાન **'નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણનો અભાવને લીધે અવિનાશી છે,...'** એવા સંસારી જીવો શરીરના ત્યાગગ્રહણ વિનાના અંદર સ્વરૂપે પડેલા ભગવાન છે. દશામાં ભલે મલિનતા હો, પણ એને એ ગ્રહણ કર્યું નથી, એને ત્યાગવું પણ નથી. એ તો સ્વરૂપ છે તેમ છે. ઓહો..હો..! **'પરમતત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ...'** કોણ? કહે છે. સિદ્ધ પરમાત્મા. એ પરમ તત્ત્વમાં આત્મા એમાં સહજદર્શન આદિ જ્ઞાનાદિ ગુણો એવા કારણ અંદર ગુણોનું યુગપદ્ જાણવાને સમર્થ સિદ્ધ ભગવાન છે. પોતાના અનંતા ગુણોને જાણવામાં સિદ્ધ ભગવાન એક સમયમાં સમર્થ છે.

**'એવી સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે...'** જેને સંશય છે નહિ. **'એવા સ્વરૂપવાળા હોવાને લીધે 'અતીન્દ્રિય' છે,...'** એ ભગવાન સિદ્ધ પરમાત્મા અતીન્દ્રિય છે. આ એવો આત્મા અતીન્દ્રિય છે. આહા..હા..! ઇન્દ્રિયો નહિ, શરીર નહિ, નરકના દેહ નહિ. **'સહજજ્ઞાનજ્યોતિ વડે...'** જેમ સિદ્ધ ભગવાન પોતાના અનંતગુણને જોવે છે, એમ આ આત્માના સ્વભાવ સહજજ્ઞાન વડે પોતાના અનંતગુણને જોવે એવો એ આત્મા છે. મનથી જાણે, ઇન્દ્રિયથી જાણે એવો આત્મા નથી. કહો, સમજાય છે કાંઈ આમાં? એ અતીન્દ્રિય છે. જરીક વાત એથી પણ થોડી...

**'મળજનક ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે 'નિર્મળ' છે...'** સિદ્ધ ભગવાન. પરમાત્માને કંઈક ઉઘાડ અને કંઈક વિઘ્ન એવો ભાવ છે નહિ સિદ્ધને. આ એવો આત્મા પણ એવો છે અંદર. આહા..હા..! આ વાત કયે ગજે માપવી? સમજાણું? કહે છે કે બાપુ! જ્ઞાનીના ગજ જ જુદી જાતના છે. સમ્યગ્દૃષ્ટિના ગજ અંતરના માપને માપે એવા ગજ છે. અજ્ઞાનીના ગજ સંયોગ અને રાગને પોતાના માને એવું અજ્ઞાન ગજ. કહે છે, અતીન્દ્રિય એવો આ ભગવાન એ મળવિભાવસ્વભાવ. ક્ષયોપશમને પણ વિભાવસ્વભાવ કીધો, ભાઈ! આહા..હા..! કાંઈક વિકાસ અને કાંઈક ઓછપ કે વિઘ્ન એ કહે છે કે એ

ભાવ સિદ્ધને નથી. આ એવો ખરેખર તારામાં પણ નથી. આહા..હા..! દૃષ્ટિ શરીરની તો છોડ, રાગની તો છોડ, પણ ક્ષયોપશમ કાંઈક વિકાસ અંશ છે એની દૃષ્ટિ છોડ. એ તો પરમપારિણામિક ચિદાનંદ સ્વભાવ એની દૃષ્ટિ છે. આહા..હા..! હજી મગજમાં, ભેજામાં વાત પહેલી આવે તો સંઘરી શકે નહિ. અને આવે તો બૂડી જાય અંદર. કોરા સંકોરામાં બિંદુ પડે, કોરા સંકોરામાં એમ આ સંકોરામાં પડે. આ સંકોરું છેને જુઓને આ. જેવા હજી સત્યના ન્યાય આવે કે શું કહે છે આ? ગુમ થઈ જાય અંદર.

ભાઈ! તું ચૈતન્ય પ્રભુ છો. જેવા સિદ્ધ ભગવાન છે એવો જ તું અંદર નિર્મળ છો. એ શરીર નહિ, રાગ નહિ, ઉદય નહિ, પણ ક્ષયોપશમભાવ એ તું નહિ, તેટલો નહિ તું. એને શુદ્ધભાવ કહેવામાં આવે છે. આ અધિકાર શુદ્ધભાવનો ચાલે છે. એ શુદ્ધભાવ. આહા..હા..! જેમાં એ નિર્મળતામાં કોઈ ભેદ જ નથી. એવો આત્મા અંદર એની પ્રતીત અને અનુભવ કરવો એનું નામ ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

અને **'દ્રવ્યકર્મો અને ભાવકર્મોના અભાવને લીધે 'વિશુદ્ધાત્મા' છે,...'** એ સિદ્ધને જડ કર્મ નથી, વિકાર નથી, એવો આ આત્મા પણ દ્રવ્યકર્મ અને વિકાર વિનાનો ચૈતન્ય શુદ્ધ છે એવા પરમ આનંદની મૂર્તિ પરમસ્વભાવ એની દૃષ્ટિ કરવી તેનું નામ ધર્મ કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૧૭-૨-૧૯૬૪, શ્લોક-૭૨, ગાથા-૪૯, પ્રવચન નં. ૪૦૧

આ નિયમસાર જીવ અધિકાર, શુદ્ધભાવ અધિકાર છે. એની ૪૮મી ગાથાનો કળશ છે. ૪૮મી ગાથા પૂરી થઈ. ૭૨મો કળશ.

(शार्दूलविक्रीडित)

शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं
शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम्।
इत्थं यः परमागमार्थमतुलं जानाति सद्दृक् स्वयं
सारासारविचारचारुधिषणा वन्दामहे तं वयम्।।७२।।

શું કહે છે? જે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ એટલે? આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ આનંદ અને પવિત્રના ધામસ્વરૂપ ભગવાન એને શુદ્ધ સ્વરૂપદૃષ્ટિથી જાણે છે એ

કારણતત્ત્વ કહેવાય છે અને તેમાંથી પ્રગટેલી નિર્મળદશા તેને કાર્યતત્ત્વ કહે છે. સમ્યગ્દષ્ટિ એટલે ધર્મીનો પહેલો દરજ્જો ધર્મીનો એ આત્મામાં અનંતગુણ છે એમાં '**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદષ્ટિને હંમેશા હોય છે; સમ્યગ્દષ્ટિને તો...**' હોતી નથી. જરી ઝીણી બહુ વાત કરી છે. જુઓ, કહે છે કે હું એક આત્મા શુદ્ધ છું અને અશુદ્ધ પણ છું. અશુદ્ધ એક સમયનો વિકૃતભાવ ગુણમાં, દ્રવ્યમાં નથી. એક સમયનો વિકૃત પર્યાય એ અને શુદ્ધ એમ બેની એકતા માને છે એવી વિકલ્પના નામ વિપરીત કલ્પના કરે છે, ખોટી માન્યતા કરે છે એ મિથ્યાદષ્ટિ છે. શું કહ્યું સમજાણું આમાં?

'**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...**' વિપરીત માન્યતા એટલે કે ત્રિકાળ વસ્તુ શુદ્ધ છે એક સમયમાં. આનંદ અને જ્ઞાનનો અનંતગુણનો ધામ શુદ્ધ એવાને હું શુદ્ધ અને એક સમયનો વિકૃત પર્યાય અશુદ્ધ, એવું મળીને માને છે એ મિથ્યાદષ્ટિ છે. મગનભાઈ! '**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...**' વિપરીત માન્યતા છે. શુદ્ધ ચૈતન્યપિંડની સાથે અશુદ્ધતાના એક સમયનો વિકલ્પ સંસાર એ બેવાળો એને માનવો મિથ્યાદષ્ટિ છે. ભારે વ્યાખ્યા ભાઈ સમ્યગ્દર્શનની. કહો, સમજાય છે કાંઈ આમાં? દેહાદિવાળો તો નહિ, કર્મવાળો નહિ, એની કર્મ અને દેહની ક્રિયાવાળો નહિ, પણ એક સમયનો એક મલિન અંશ જે ઉદયભાવ, એક સમયનો મલિન અને ત્રિકાળ શુદ્ધ એવા બેને એકત્વ તરીકે વિકલ્પના-વિપરીત માન્યતાથી એવા આત્માને માને છે એ મિથ્યાદષ્ટિને હંમેશા એવા વિકલ્પો હોય છે. આહા..હા..! ભારે ઝીણું! એય..! રતિભાઈ! બેય રતિભાઈ બેઠા છે જોડે જુઓ. એક પોરબંદર અને એક રાજકોટ. શું કહ્યું? જેને વિકાર અને સ્વભાવની એકતાની રતિ છે તે મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. આહા..હા..!

પ્રભુ! હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે હોં! સમ્યક્, સત્યદષ્ટિ, સાચી દષ્ટિ એને કહીએ કે જે ત્રિકાળ ચૈતન્ય શુદ્ધ, જેમાં અશુદ્ધતાની ગંધ નથી, જેના વસ્તુમાં અને એના સ્વભાવમાં મલિનનો વિકલ્પ ઉદયભાવ જેને સંસાર કહીએ, એક સમયનો સંસાર એક સમય, સેકન્ડના અસંખ્યમાં ભાગમાં એક સમય એ સંસાર એને અને આ શુદ્ધને બેને એક માનીને વિકલ્પના મિથ્યા શંકા, અનિશ્ચય શંકા, ખોટી માન્યતા કરે છે એ મિથ્યાશ્રદ્ધા મિથ્યાદષ્ટિને હોય છે. ઓહો..હો..! કહો, સમજાય છે કાંઈ આમાં? શુદ્ધ-અશુદ્ધની જે કલ્પના એટલે વિકલ્પના, વિપરીત કલ્પના, ખોટી માન્યતા. શુદ્ધની સાથે એક સમયના વિકારને ક્યાં ભેળવ્યો તેં કહે છે. ત્રિકાળ ભગવાન પરમાનંદની મૂર્તિ જ્ઞાતા-દ્રષ્ટાનો કંદ રસકંદ પિંડ છે એની સાથે એક સમયનો વિકલ્પ અને બેને ભેળવીને વિપરીત માન્યતા કરે છે એ શંકાવાળા છે. એ ભેદ પાડનારા છે, એ મિથ્યાદષ્ટિ છે. એ મિથ્યાદષ્ટિને આવી કલ્પનાઓ વારંવાર આવ્યા કરે. એય..! મગનભાઈ!

'**સમ્યગ્દષ્ટિને તો...**' સત્યદષ્ટિવંતને તો, સાચી દષ્ટિવંતને તો '**હંમેશા...**' સમય સમયમાં નિરતંર '**(એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ...**' શુદ્ધ ચિદાનંદ અનંત આનંદનો

કંદ એવું કારણતત્ત્વ અને 'કાર્યતત્ત્વ...' એ શુદ્ધતાના કારણમાંથી શુદ્ધ કાર્ય પ્રગટે એવો તે આત્મા છે. શુદ્ધ કારણ છે અને એનું શુદ્ધ કાર્ય છે. શુદ્ધ કારણ છે અને એનું અશુદ્ધ કાર્ય છે એમ હોઈ શકે નહિ. એમ જરી એક સમયનો વિકલ્પ સંસાર, બાકી કાંઈ ન મળે આત્મામાં બીજું. શરીર, વાણી, કર્મનો સંબંધ ત્રણકાળ, ત્રણલોકમાં જીવને નથી. પણ એક સમયનો વિકૃતપણાનો મલિન અંશ એને અને શુદ્ધને બેની વિકલ્પના ખોટી માન્યતા ભેળવીને કરે છે તે મિથ્યા અસત્યદષ્ટિવંત, જૂઠી દષ્ટિવંત, પાખંડ દષ્ટિવંત છે ઈ.

**શ્રોતા :-** ભેળવીને એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેળવીને એટલે બે એક છે એમ. આ છે ને આ છે, આ છે ને આ છે. એ એમ નથી, એકલો શુદ્ધ જ છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનની વ્યાખ્યા લોકોએ તો બહુ ટૂંકી કરી નાખી હતી. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરવી અને નવ તત્ત્વને માનવા, ભગવાનને સાચા માનવા. ત્વમેવ .. અહીં કહે છે કે નિઃશંક ત્યારે કહેવાય... શંકા છેને ભાઈ સામે? કે ત્રિકાળ શુદ્ધ વસ્તુ એક સમયમાં પૂર્ણાનંદનો કંદ એ કારણ અને તેની નિર્મળરૂપી કાર્ય દ્રવ્યનું કાર્ય નિર્મળ હોય, એ બેને જે માને તેને નિઃશંક કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એને સમ્યગ્દષ્ટિનું નિઃશંકપણું કહેવાય છે. આહા..હા..! એય..! રતિભાઈ! ક્યાં ગયું આ બધું? આ ક્રિયાનું શું થયું? ગળે ઉતરવું કઠણ પડે છે લ્યો. આ ઉપાય પણ ઉતારવું પડશે એને જો સમ્યક્ સત્ય માનવું હોય તો. ખટકે છે જગતને શું? આ કાંઈ દયાનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો જે વકિલ્પ ઉઠે છેને એ કાંઈક-કાંઈક મારામાં છે કે નહિ? એક અંશમાં છે એ મારામાં છે તો મારું એટલે શુદ્ધ. એમાં અશુદ્ધને ભેળવીને માન્યતા કરે છે કે આ બેય અમે છીએ. મૂઢ છો, મિથ્યાદષ્ટિ છો. બહુ વાત! છે, વળી થઈ જાશે ક્યાં? છેને એમાં થવું હતું ક્યાં? સમજાણું કાંઈ?

આ તો સત્યના સત્યના રાહ, પરમાત્મસ્વરૂપ પોતાનું આમ શુદ્ધ ઘન એના અંદરમાં અશુદ્ધ અને શુદ્ધ, શુદ્ધ અને અશુદ્ધ એવી માન્યતા એ વિકલ્પના મિથ્યાદષ્ટિની વિપરીત માન્યતા અને શંકા છે એને. 'હું ત્રિકાળ શુદ્ધ છું અને મારું કાર્ય પણ શુદ્ધ છે' એવી એને શ્રદ્ધા નથી, એને દષ્ટિ નથી. કેમકે શુદ્ધતાની ખાણમાંથી શુદ્ધતાનું કાર્ય આવે. શુદ્ધતાની ખાણમાં સંસારનો વિકલ્પ આવે એવો કોઈ ગુણ અને દ્રવ્યમાં નથી. મગનભાઈ!

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત-અનંત ગુણો કહ્યા હતા સવારમાં, એવા ગુણનું શુદ્ધનું એકરૂપ ચૈતન્ય છે. એના એક સમયનો વિકલ્પ, એક સમયનો દયા, દાન, ભક્તિ આદિનો વિકલ્પ કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગનો અંશ એ અશુદ્ધ અને શુદ્ધ બે છું... બે છું... એની પર્યાયબુદ્ધિ છે, એને વસ્તુની બુદ્ધિ નથી માટે તે મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જૂની રૂઢિગત ને ઘરેડવાળા થઈ ગયા હોયને. એને તો (એમ થાય કે) આ નથી? એ તો કહેશે, છે સાંભળને હવે. છે એ તો વ્યવહારનું

જાણવાલાયક છે, આદરવાલાયક નથી.

એટલે કહે છે કે '**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...**' ખોટી માન્યતા. પણ અશુદ્ધતા નથી? સાંભળને, એક સમયનો છે એને ત્રિકાળ સાથે ખતવે તો મૂઢ છો. સમજાય છે કાંઈ? આહા..હા..! એય..! ચંદુભાઈ! શું આ બધું? લડાવ્યો હશે આવો? લડાવ્યું છે, નહોતા કહેતા કાલે? એ તો કીધું નહિ, ભગવાન જ્ઞાનની ખાણ ચૈતન્યનો સૂર્ય જ્યાં ચીજ પડી છે. ઓહો..! જેના કેવળજ્ઞાનના પર્યાયના કંદ પાકે જેમાં, કોળાના જે ઝાડના મૂળિયા નાના પણ જેમાં કોળા પાકે, સાકરકોળા અધમણ-અધમણના ત્યાં તે કાંઈ કારેલા કડવા પાકતા હશે? સાકરકોળાના ઝાડે એને વેલે કાંઈ કારેલા પાકે? એમ ભગવાન આત્મા એક સમયનો અમૃતનો કુંડ, જ્ઞાનનો ઘનરસ એમાંથી તે કાંઈ રાગ પાકે? શુભરાગ વિકલ્પ, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો વિકલ્પ એ એમાંથી પાકે? એ ગુણ અને દ્રવ્ય એ વિકારની ખાણ છે? એટલે જેમાં ગુણમાં, દ્રવ્યમાં વિકાર નથી એને 'એક સમયના વિકારવાળો અને આ વાળો બેય છું' એવી જેની માન્યતા વિકલ્પમાં ખોટી માન્યતા છે તે મિથ્યાદૃષ્ટિને કાયમ એવી ભાવના રહ્યા કરે છે.

'**સમ્યગ્દૃષ્ટિને તો હંમેશા...**' બેયને માટે હંમેશા કહ્યું છે. '**હંમેશા (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ...**' હું એક ચૈતન્યસત્તા સ્વભાવસ્વરૂપ અનંત-અનંત શક્તિઓની સ્વચ્છતાથી ભરેલું તત્ત્વ એવું તત્ત્વ જે આત્મા એ કારણતત્ત્વ, કારણસ્વરૂપ અને એનું કાર્ય પણ તદ્દન શુદ્ધ, અરાગી, વીતરાગી, નિર્વિકલ્પ શાંતરસનું જેનું કાર્ય, એ કારણ અને કાર્ય બેય શુદ્ધ છે એમ સમ્યગ્દૃષ્ટિની માન્યતા છે. કહો, સમજાણું આમાં કાંઈ? આહા..હા..! પર્યાયને ભેગી લીધી છે હોં નિર્મળને. ભાઈ! ઓલી વિકલ્પ પર્યાયને છોડી દીધી દૃષ્ટિમાંથી. એ વિષય નથી. એને ભેગું કરીને આ છું ને આ છું, આ છું ને આ છું (એમ નથી). વસ્તુ શુદ્ધ ત્રિકાળ ચિદાનંદ મૂર્તિ એવું કારણતત્ત્વ અને તેનું કાર્યતત્ત્વ જે કેવળજ્ઞાનાદિ એ બેય શુદ્ધ જ છે. એમ જ્ઞાનીની સમ્યગ્દૃષ્ટિની અંતરમાં હંમેશાની કાયમ માન્યતા હોય છે. એને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. કહો, સમજાય છે આમાં? રતિભાઈ! શું આમાં આવે છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** બાકી શું રહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાકી કાંઈ રહેતું નથી, એકલો આત્મા જ રહે છે. બાકી થયો બાદ વિકાર. આહા..હા..!

પૂર્ણ પ્રભુ એકલો ચૈતન્યપ્રકાશ અને આનંદના રસથી ભરેલું તત્ત્વ એ વિકલ્પના મલિનતાના અંશની પર્યાયબુદ્ધિ એટલે કે અંશબુદ્ધિ છોડીને જેણે અંશી ત્રિકાળ આનંદ અને શુદ્ધની દૃષ્ટિ કરી એની દૃષ્ટિમાં કારણ પણ શુદ્ધ છે, એ શક્તિવાન તત્ત્વ પણ શુદ્ધ છે અને એનું કાર્ય પ્રગટ થાય એ પણ શુદ્ધ છે. જેમાં અશુદ્ધતા છે નહિ દ્રવ્ય અને એના કાર્યમાં. સમજાણું કાંઈ? લ્યો, આસ્રવ અને બંધતત્ત્વના અંશને ત્રિકાળ સ્વભાવની સાથે કાર્યતત્ત્વમાં અને કારણમાં એ ભેળવતો નથી.

'આ રીતે...' આ કીધું એ રીતે. હવે ન્યાય આપે છે કે એ પરમાગમમાં એમ હશે? શાસ્ત્રમાં એમ હશે આ વાત કરો છો ઈ? સાંભળ. **'આ રીતે પરમાગમના...'** પરમ આગમ. ભગવાનની વાણી ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની, જે પૂર્ણ તત્ત્વનો પ્રકાશ થયા પછી વિકલ્પ વિના, ઈચ્છા વિના વાણીનો ધ્વનિ નીકળે એ વાણીને પરમ આગમ કહેવામાં આવે છે. એ આગમની એની રચના ગણધરોએ કરી એવા **'પરમાગમના અતુલ અર્થને...'** જેની ઉપમા નથી એવા અર્થને પરમાગમમાંથી આવો જે કાઢે છે, એ શાસ્ત્રમાંથી આવું જે નીકાળે છે. આહા..હા..! વાંચી વાંચીને ભણી ભણીને આ કાઢ્યા કે વ્યવહાર કરવા જેવો છે અને પુણ્ય વિકલ્પ વ્યવહાર આવે એ કરવા જેવો છે, એનાથી કાંઈક આત્માને લાભ થાય, એ કહે છે કે તું પરમાગમના અર્થને સમજતો જ નથી. શાસ્ત્રને શું કહેવું છે દિવ્યધ્વનિમાં ત્રિલોકનાથ પરમાત્માને એ **'પરમાગમના...'** એ પરમ આગમ વિશેષણ આપ્યું. એકલું આગમ નહિ, પરમ આગમ જ્યાં સર્વજ્ઞના મુખમાંથી નીકળેલી વાણી, એનાથી રચાયેલા પરમ આગમ. એનો અતુલ અર્થ. અતુલ અર્થ. એનું પ્રયોજન એમાંથી અતુલ જેની તુલના નીકળે નહિ એવો પ્રયોજન અર્થ.

**'સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...'** દેખો, આહા..હા..! એય..! મગનભાઈ! પાઠમાં છે હોં અંદર. જુઓ, **'परमागमार्थमतुलं जानाति सद्दृक् स्वयं सारासारविचार–चारुधिषणा'** **'चारु'** એટલે સુંદર. **'धिषणा'** એટલે બુદ્ધિ. ઓહો..! જેણે ચાર અનુયોગો શાસ્ત્રો અને દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ બધું એ પરમાગમના અર્થો, અતુલ અર્થ એમાંથી કાઢ્યો. એવા અર્થના **'સારાસારના વિચારવાળી...'** સાર અને અસારના વિચારવાળી અને તે પણ **'चारु' 'चारु'** એટલે **'સુંદર બુદ્ધિ વડે...'** સારાસારની સુંદર બુદ્ધિ વડે **'જે સમ્યગ્દષ્ટિ...'** પોતાના આત્માને કારણશુદ્ધત્રિકાળ આને કાર્યશુદ્ધ છે એવું **'પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...'** જાણીને કાઢ્યું છે અને એ **'સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે,...'** ઓહો..હો..! સ્વયં નામ જેને વિકલ્પનો અવકાશ નથી, ગુરુ અને દેવનું લક્ષ હોય તો સમજાય એવી વાત નથી. સમજાણું કાંઈ આમાં? આમ જરીક તો કંટાળો એને આવી જાય આ તે ભારે આવું આકરું કેવું હશે આ? ભગવાન! તારા ઘરની વાતું તો સહેલી પણ કરી નાખી છે આકરી. માન્યતાએ કરી અને માન્યતા ઉંધાઈએ ઘર ઘાલ્યા. વળી મરી ગયો ક્રિયા કરી કરીને અપવાસ કર્યા ને દયાઓ કરી, વ્રત પાળ્યા ને ભક્તિ કરી ને પૂજા કરી. એક સમયનો ભગવાન જેની દષ્ટિમાં શુદ્ધ આવ્યો એના કાર્ય પણ શુદ્ધ જ એ માને છે. એવું ક્યાંથી કાઢ્યું? કહે છે.

એ **'પરમાગમના અતુલ...'** તુલના ન થાય તેવો અર્થ એમાંથી કાઢ્યો છે. એવા **'સારાસારની વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે...'** આત્માને કારણ ત્રિકાળ પરમાનંદ શુદ્ધ અને કાર્ય પણ શુદ્ધ એમ જે સ્વયં પોતાની સુંદર જ્ઞાનબુદ્ધિ વડે જાણે છે. આવો આત્મા તે શુદ્ધ જ ચિદાનંદ છે, એના કાર્ય પણ તદ્દન શુદ્ધ છે એમ જે સ્વયં જાણે છે.

**'તેને અમે વંદન કરીએ છીએ.'** **'वन्दामहे तं वयम्।'** આહા..હા..! લ્યો, અહીં સમ્યગ્દૃષ્ટિને વંદન કરે છે. એય.. તકરાર...તકરાર... વાંધા. મુનિ હોય તો આમ થાય. હવે સાંભળને. એ સમ્યગ્દૃષ્ટિ થયો એ કેવળજ્ઞાનનો દીકરો થઈ ગયો. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન થયું એટલે ઈ ના પાડે તોય કેવળજ્ઞાન આવ્યા વિના છૂટકો નથી. પણ શ્રીમદ્દે કહ્યું છેને કે ભાઈ કબુલ કરજે કે હું સમ્યગ્દર્શન,... પછી સમ્યગ્દર્શન થશે તો કેવળજ્ઞાન થશે, થશે ને થશે. પછી ના પાડીશ... ના તો શેનો પાડે પણ? એને એમ સમ્યગ્દર્શનનું બળ બતાવવું છે. એક સમયનો ભગવાન બધું મૂક કહે છે. જાણપણા અને આટલા જાણપણા. પણ સમભાવ રાખે તો? શેનો સમભાવ? લાકડીયોના પ્રહાર પડેને ઘાણીમાં ઘાલીને પીલે અને સમભાવ કરે તો એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમભાવની વ્યાખ્યા સમજતો નથી. સમભાવ એટલે સમ્યગ્દૃષ્ટિનો ભાવ. સમ્યગ્દૃષ્ટિનો ભાવ એ ત્રિકાળ શુદ્ધને કારણ ને ત્રિકાળી કારણમાંથી કાર્ય શુદ્ધ આવે બેને માન્યતા માને છે એને અહીંયાં સમભાવ કહેવામાં આવે છે. સમભાવ કહો કે વીતરાગ દૃષ્ટિ કહો કે વીતરાગ જ્ઞાતા-દૃષ્ટાપણું કહો. આ ગળે ઉતારવું પડશે આમાં, રતિભાઈ! એ પોરબંદર બહુ કહે છે. નેમિદાસભાઈ બેય જણા નહિ?

**શ્રોતા :-** સમભાવની વ્યાખ્યા જ આપે ઉંધી કરી નાખી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાતેય સાચી છે, બાપા!

**શ્રોતા :-** શું કરવા જુદી કરો છો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ છે એવી કરીએ છીએ. કીધુંને આ, **'પરમાગમના અતુલ અર્થને સારાસાર...'** અસાર કાઢીને સાર **'સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ...'** પોતાના આત્માને સ્વયં ઉપાદાનથી. હું ત્રિકાળ શુદ્ધ છું, આનંદ અને પવિત્રના ધામરૂપે કારણ છું અને એનું કાર્ય પણ શુદ્ધ જ છે. અશુદ્ધ-ફશુદ્ધ મારા કારણમાં નથી અને મારા કાર્યમાં પણ અશુદ્ધતા નથી. અશુદ્ધતા કારણમાં નથી તો અશુદ્ધતા કાર્યમાં આવે ક્યાંથી? ત્યાં આવેલો અશુદ્ધતાનો ભાવ તે ફક્ત જ્ઞાતાનો વિષય છે. જાણવાલાયક મારી વસ્તુની અંદર એ છે નહિ, એમ સિદ્ધ કર્યું છે. પુણ્ય-પાપ, દયા, દાનનો ભાવ અને એ બંધભાવ જે ભાવબંધ એ અશુદ્ધનો અંશ છે. એ અબંધસ્વરૂપી ભગવાન આત્મા, અબંધ સ્વભાવી આત્મા ત્રિકાળ જે અબંધ **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।'** એક સ્વરૂપ ભગવાન ભાવબંધ અને દ્રવ્યબંધથી રહિત એવી જેની દૃષ્ટિ થઈ છે એ કારણ અને કાર્યને શુદ્ધ જ સ્વીકારે છે, એ અશુદ્ધતાનો સ્વીકાર પોતાના સ્વભાવના કાર્ય અને કારણમાં ક્યાંય મેળવતો નથી. ઓહો..હો..!

**શ્રોતા :-** વ્યવહારમોક્ષમાર્ગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી વ્યવહારમોક્ષમાર્ગ. મીંદડીને વાઘ કીધો છે. એ મીંદડી થઈ ગઈ વાઘ? હોય છેને વાઘના જેવા એના ઓલા ધોળા લાલ. મીંદડીને હોયને એવા

વાઘને હોય. એ જાણે કે આ મીંદડી. એ તો એને ઉપમા (આપી) કે જો આવો વાઘ હોય. એમ કરીને મીંદડીને વાઘ માની લે તો? વાઘ તો વાઘ છે. મીંદડી વાઘ ન હોય એમ વિકલ્પને આરોપ કરીને મોક્ષમાર્ગ રાગને કહ્યો, બિલકુલ નથી, બિલકુલ નથી. એકલા ત્રિકાળ કારણસ્વભાવને અને કાર્યને શુદ્ધ માને તે સમ્યગ્દૃષ્ટિ છે. વ્યવહારના વિકલ્પને મોક્ષનો માર્ગ અંદર માને તે મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા :-** આમાં ક્યાં લખ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં ક્યાં લખ્યું છે? એય..! એમાં છે કે નહિ? મગનભાઈ! આ અસ્તિથી વાત કરી છે એમાંથી નાસ્તિ કહો તો પહેલાં કહી દીધુ, '**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે;...**' એ એમાં આવી ગયું. વ્યવહારમોક્ષમાર્ગ જે વિકલ્પ રાગનો અંશ છે અને ત્રિકાળ શુદ્ધ અને કાર્યશુદ્ધ છે એમાં શુદ્ધતામાં અશુદ્ધતા ભેળવીને માને છે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. એને સમ્યક્ સત્યના સ્વભાવના સ્વીકારની ખબર નથી. કહો, સમજાણું આમાં? આહા..હા..! છે કે નહિ પણ આ પુસ્તક સામે પડ્યું છે કે નહિ? આ પુસ્તકના શબ્દમાંથી અર્થ થાય છે કે નહિ? શેના (અર્થ) થાય છે આ? આહા..હા..!

મુનિ પણ ઉછળી ગયા છેને અંદરથી. પ્રભાવના સ્વરૂપની કરે છે અંદર. આહા..હા..! એકલો જ્ઞાનદર્શનનો પિંડ. અરે! એની ખાણમાં પણ કોઈ દિ' વિકારની ગંધ નથી કે વિકાર કાર્ય ક્યાંથી આવે? કહે છે. અને વિકારીકાર્ય ને અવિકારીકારણ બેનો સ્વીકાર (કરનાર) મૂઢ છે. એ વ્યવહાર પણ રાગ અને નિશ્ચય આ, એ બેને એક તરીકે સ્વરૂપના અસ્તિત્વમાં માને તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે એને નિશ્ચય-વ્યવહારની કોઈની ખબર નથી. ભારે વાતું, ભાઈ!

ઓહો..! '**તેને અમે વંદન કરીએ છીએ.**' પોતાના આનંદના પ્રમોદમાં જેના કાર્ય આનંદના આવે છે અને જેના કારણમાં એકલો અતીન્દ્રિય આનંદ છે એને અમે નમીએ છીએ આવું માને એને. એમ કરીને પોતાનું વંદન કરે છે. લ્યો, એ ૭૨ કળશ થયો. ૪૮ ગાથા થઈ. 'વાદ વિવાદ કરે સો અંધા. સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' વાદવિવાદનો આ વિષય જ નથી. જેને ભગવાન આત્માને ભેટા કરવા છે, ચિદાનંદ પ્રભુ જ્ઞાયક નિર્વિકલ્પ રસનો કંદ એની દૃષ્ટિમાં એકલો નિર્વિકલ્પ શાંતરસ છે અને જેના કાર્યમાં પણ નિર્વિકલ્પ શાંતરસ છે એ વ્યવહારના રાગનો અશાંત રસ તે એના કાર્યમાં ક્યાંથી આવ્યો? ક્યાંથી આવ્યો? ક્યાં છે? કહે છે. એને પરદ્રવ્ય તરીકે ગણી અને પોતાની શુદ્ધતામાં સમ્યગ્દૃષ્ટિ ખતવતો નથી. હવે ૪૯.

**एदे सव्वे भावा ववहारणयं पडुच्च भणिदा हु।**
**सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी जीवा।।४९।।**

હવે ઉડાડ્યું હતું એનું જરી જ્ઞાન કરાવે છે.

**આ સર્વ ભાવ કહેલ છે વ્યવહાનરનયના આશ્રયે;**
**સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.**

એની ટીકા. આ અમૃત ધર્મકથા છે. સમજાણું કાંઈ? એને ધીમે-ધીમે ધીરેથી સમજવી જોઈએ. એના સમજ્યા વિના એનો પાર ક્યાંય આવે એવો નથી.

'**ટીકા :- આ, નિશ્ચયનય...**' એટલે કે ત્રિકાળ શુદ્ધ આનંદકંદનું કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બેય અભેદ થઈને નિશ્ચયનો વિષય કહ્યો અથવા ત્રિકાળ વસ્તુને નિશ્ચયનો વિષય કહ્યો. એકરૂપ ચિદાનંદ પવિત્ર ધામ ભગવાન આત્મા જેમાં અનંતા કેવળજ્ઞાનના કોળા પાકે એવું બીજડું છે ઈ. એ નિશ્ચયનયનો વિષય અને વ્યવહારનય અને વર્તમાનમાં ભેદ અને વિકલ્પ ઉઠે છે એને જાણવું એનું નામ વ્યવહારનય કહેવામાં આવે છે. આદરણીય નહિ. એ '**ઉપાદેયપણાનું પ્રકાશન (-કથન)** છે.' ભાષા એમ છે દેખો. બેય ઉપાદેય છે એમ કહ્યું છે. એનો અર્થ કે જેમ નિશ્ચયને ઉપાદેય તરીકે જાણવો એમ વ્યવહારને વ્યવહાર તરીકે જાણવો એનું નામ ઉપાદેય કહ્યું છે.

**શ્રોતા :-** સમકક્ષી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમકક્ષી-ફક્ષી છે નહિ. કેટલાક કહે છે કે ભાઈ નિશ્ચય અને વ્યવહાર બેય સમકક્ષ. જુઓ, અહીં બે સમકક્ષ લીધા. અરે ભગવાન! એમ નથી, ભાઈ! બે નયોનો વિષય વિરોધ, એના ફળ વિરોધ, એના સમકક્ષી નયો ક્યાંથી હોઈ શકે? એક ત્રિકાળ શુદ્ધ ચૈતન્યનો સ્વિકાર કરનાર એક જ્ઞાન અને એક ભેદ ને રાગ વર્તમાન ઉઠે તે છે એટલો જાણનાર. એ જાણવું તેને અહીંયાં ઉપાદેય કહ્યું છે અને ત્રિકાળી ચીજને આદરણીય તરીકે જાણવું તેને ઉપાદેય કહ્યું છે. મગનભાઈ! બેયને ઉપાદેય કહ્યું છે જુઓ. નીચે કહ્યું છે જુઓ. નીચે એનો અર્થ ભર્યો છે આપણા પંડિતજીએ.

'**પ્રમાણભૂત જ્ઞાનમાં...**' એટલે કે પર્યાયના રાગનું જ્ઞાન અને ત્રિકાળ વસ્તુ આનંદ શુદ્ધનું જ્ઞાન. ત્રિકાળ શુદ્ધ છું પવિત્ર અનંતગુણનું એકરૂપ અને એક ક્ષણનો વિકાર એના બેયના જ્ઞાનમાં... પ્રમાણ એટલે બેનું જ્ઞાન. એ '**શુદ્ધાત્મદ્રવ્યનું તેમ જ તેના પર્યાયોનું બન્નેનું સમ્યક્જ્ઞાન હોવું જોઈએ.**' હું ત્રિકાળ શુદ્ધ આનંદકંદ છું, તેના કાર્ય પણ શુદ્ધ છે. છતાં વર્તમાનમાં વિકાર જેટલો છે તેટલો તેને બરાબર જાણવું જોઈએ. સમજાણું આમાં? મલિનતા જો ન હોય તો પૂર્ણ આનંદનો અનુભવ હોવો જોઈએ અને પૂર્ણ આનંદનો વર્તમાન પ્રગટ અનુભવ નથી તો તેને અવસ્થામાં રાગ અને દયા, દાન વિકલ્પોની હયાતીની મલિનતા જણાય છે. જણાય છે તેને જાણવી જોઈએ. છે ઈ 'છે' એમ જાણવું એનું નામ ઉપાદેય. આવી વાતું!

'**પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે...**' જુઓ, આત્મામાં એક સમયનો વિકાર, કથંચિત્ એટલે એક સમયની દશાનો વિકાર વિદ્યમાન છે. કોઈ અપેક્ષાએ એટલે?

વર્તમાન દૃષ્ટિની અપેક્ષાએ. વર્તમાન અંશની (અપેક્ષાએ) બિલકુલ પર્યાયમાં વિકાર જ નથી એમ નથી. સમજાય છે કાંઈ આમાં? **'એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય...'** એવો સ્વીકાર. મારી પર્યાયમાં મલિનતા, દુઃખ અને મેલ જ નથી એવો જેનો સ્વીકાર ન હોય **'તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ.'** એને મલિનતાના અંશના અસ્તિત્વનો સ્વીકાર નથી એને એનાથી રહિત ત્રિકાળ નિર્મળાનંદ પ્રભુ એના જ્ઞાનનો, શ્રદ્ધાનો પણ એને સ્વીકાર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? **'માટે વ્યવહારનયના વિષયોનું પણ...'** વિષય એટલે રાગ, પુણ્ય વિકલ્પ હોય છે. આત્મામાં હોય છે એનું **'જ્ઞાન તો ગ્રહણ કરવાયોગ્ય છે...'** એનું જ્ઞાન ગ્રહણ કરવાયોગ્ય છે. ગ્રહણ એટલે? છે એમ જાણવાલાયક છે. ટોડરમલે ખુલાસો કર્યો કે ગ્રહણ કરવું એટલે શું? જાણવું. સાતમા અધ્યાયમાં. વ્યવહારનય એટલે આત્મા ત્રિકાળ શુદ્ધ આનંદ અને તેના કાર્ય શુદ્ધ હોવા છતાં તેની સંસારદશાની અવસ્થામાં વિકલ્પોની મલિનતા છે, વિદ્યમાન છે, બિલકુલ દશામાં મલિનતા નથી એને ત્રિકાળ શુદ્ધ આત્મદ્રવ્ય મલિન વિનામાં તેનું સાચું જ્ઞાન હોતું નથી. વાત પણ કેટલી ફેર?

એક સમયની પર્યાય ત્રિકાળ શુદ્ધ ચૈતન્યને શ્રદ્ધા-જ્ઞાનમાં લીધો છતાં એક સમયની પર્યાયમાં ભાગ પડે, કંઈક શુદ્ધ, કંઈક અશુદ્ધ, કંઈક આનંદ, કંઈક દુઃખ... શું કહ્યું સમજાણું? એ વિદ્યમાન છે. આત્મા અખંડ શુદ્ધ ચૈતન્ય પૂર્ણાનંદની અંતર દૃષ્ટિ થઈને ભાન થયા છતાં તેનામાં દ્રવ્ય અને ગુણમાં તો પૂર્ણ શુદ્ધતા છે, પણ તેની વર્તમાન દશામાં શુદ્ધ અને અશુદ્ધ બેય, અવસ્થામાં બેય વર્તે છે. શું આમાં ભારે કઠણ. સમજાણું કાંઈ? આમાં આવ્યું હતું. વાંચ્યું કે નહિ? એય..! અતુલ! તારું નામ આવ્યું હતું આમાં જો. અતુલ અર્થને સારાસારનું આવ્યું હતું કે નહિ? એણે પૂછયું હતું હોં કે અમારે .. સારો પ્રશ્ન ભાઈ! આ વિચાર પહેલું સાંભળવું, વિચારવું અને શાસ્ત્રમાંથી અતુલ અર્થને કાઢવો. સંતાઈ ગયો છે ઈ. પ્રભુભાઈ! આહા..હા..! એવો પદાર્થ પરમાનંદને દૃષ્ટિમાં લેવો. દૃષ્ટિમાંથી કાઢી નાખ વિકારને. આમ લે આ. એવો અર્થ શાસ્ત્રમાં કહ્યો હતો એવો અંદર દૃષ્ટિમાં લે.

એ સિવાય, વિકાર તો છે ખરો. વિકાર ન હોય તો પૂર્ણ શુદ્ધ હોય અને વિકારની સાથે શુદ્ધતા પણ છે. શુદ્ધતા ન હોય તો નિશ્ચયનું ભાન થયું એમ પણ નથી. કેમકે નિશ્ચયનું ભાન થયું કે શુદ્ધ ચિદાનંદ આત્મા છે એટલે દ્રવ્ય, ગુણ શુદ્ધ તો છે, પણ પર્યાયમાં અવસ્થામાં પણ શુદ્ધતા તો આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ક્યાં ગયા? વલ્લભદાસભાઈ ક્યાં છે? નહિ હોય. કાંઈક શ્વાસ હતો ખરો. અરે! દેહના ખોળા, ખોખા કેવા! કંઈક કંઈક થાય અંદર રમતું જડમાં. ભગવાન નિરાળું તત્ત્વ પડ્યું છે અંદર.

કહે છે, અહો..! વ્યવહારનયનું જ્ઞાન તો બરાબર જાણવા જેવું છે. અહીં તો નય લીધી છે હોં! નય એટલે ભાઈ શું કહેવું છે આમાં? નય એટલે કે સમ્યગ્દૃષ્ટિ થયા પછી એનો નય (હોય) એની વ્યાખ્યા છે અહીં. પહેલું જે કીધું કે એક સમયમાં પૂર્ણ શુદ્ધ, એકલો

પવિત્ર શુદ્ધ અને કાર્ય શુદ્ધ એવી દૃષ્ટિ થઈ, છતાં એની દશામાં હજી શુદ્ધતા પૂર્ણ પ્રગટી નથી અને એકલી અશુદ્ધતા પણ નથી. એકલી અશુદ્ધતા હોય તો મિથ્યાદૃષ્ટિને હોય, એકલી શુદ્ધતા હોય તો કેવળજ્ઞાનીને હોય અથવા સિદ્ધને હોય. શેમાં? પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં. એય..! મગનભાઈ! હવે એ વિભાવનું કારણ કોણ? ઘણા વખતનો પ્રશ્ન છે. વિભાવ પરનું જાણે પછી વિભાવ થાય શું કરવા? તો થયો માટે કાંઈક પોતાનું જાણ્યું હશે માટે થયું હશે કે નહિ? મગનભાઈ! જૂનો પ્રશ્ન હતોને આપણો?

અહીં એ કહે છે, ભગવાન! એક ચૈતન્ય આખો પૂર્ણાનંદથી ભરેલું શુદ્ધ ચૈતન્યતત્ત્વ એની દૃષ્ટિ થઈ. સમ્યક્ ચૈતન્ય શુદ્ધ છું, મારા કાર્ય પણ શુદ્ધ છે. છતાં વસ્તુ પૂર્ણ શુદ્ધ, ગુણ પૂર્ણ શુદ્ધ એવું ભાનમાં એને શાંતિ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સંવર-નિર્જરા એટલે રાગનો અભાવ એવી દશા પણ પ્રગટેલી છે. એ પ્રગટેલીની સાથે, એ નિર્મળ પર્યાયની સાથે એ જ પર્યાયમાં કાંઈક હજી મલિનતા પણ છે. આહા..હા..! એક પર્યાયમાં બે ભાગ. બે પર્યાય નહિ.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, સાધક છે કે નહિ? બે નયનો વિષય (છે). સમજાણું કાંઈ આમાં?

'**વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવાયોગ્ય છે એવી વિવક્ષાથી જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે, તેમનો આશ્રય ગ્રહણ કરવાયોગ્ય છે એવી વિવક્ષાથી નહિ.**' એટલે? ભગવાન આત્મા શરીરની ક્રિયાથી ભિન્ન, શરીરની પર્યાયથી, મનથી અસલી તત્ત્વ ભિન્ન, વિકલ્પથી ભિન્ન એવું ભાન થયા છતાં, નિર્વિકલ્પ શાંતિ ને શ્રદ્ધા ને આનંદનો અંશ પ્રગટ્યા છતાં એ આનંદની દશામાં એક પર્યાયમાં થોડો આનંદ અને એ જ પર્યાયમાં એક પર્યાયના બે ભાગ, (બીજા ભાગમાં) થોડું દુઃખ. એક ચારિત્રનો પર્યાય જે છે કંઈક શુદ્ધ છે અને એક ભાગ (અશુદ્ધ છે). સમય એક, પર્યાય એક, ભાગ બે. આહા..હા..! એવો જે અશુદ્ધ પર્યાય છે એવું જો લક્ષમાં ન લે તો એને દ્રવ્યની ખબર નથી, પૂર્ણ શુદ્ધ છે એની દૃષ્ટિ નથી. તેમનો આશ્રય ગ્રહણ કરવાયોગ્ય નથી. શું કહે છે? પણ રાગ થાય એનો આશ્રય, અવલંબન, આધાર લેવા જેવો નથી. એ આધારશીલા નથી શાંતિની. શાંતિ એટલે ધર્મને પ્રગટવાની આધારશીલા એ નથી. આધારશીલા તો દ્રવ્યસ્વભાવ ત્રિકાળ તે આધારશીલાને આશ્રિત શાંતિ પ્રગટે છે. શાંતિ કહો કે ધર્મ કહો કે અવિકારી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો.

લોકોએ માનેલો સમભાવ જુદી જાત છે હોં! કોઈ પાછો પ્રશ્ન કરે ત્યારે આપણે બધા ઉપર સમભાવ રાખો એ સમ્યગ્દર્શન. એમ નહિ. અહીં તો રાગનો વિકલ્પ ઉઠે અને આ સ્વભાવને બેને એક માને સમભાવ એ તો મૂઢ છે. સમભાવની વ્યાખ્યા જ એવી નથી.

સમભાવનો અર્થ એક સમયમાં વીતરાગી વિજ્ઞાનઘન પ્રભુ એની અંતરમાં અનુભવમાં પ્રતીતિ કરવી એને સમભાવ કહે છે. એ સમભાવનું સાચું સ્વરૂપ પણ એને ક્યારે પ્રગટે? કે એની દશામાં હજી થોડો વિષમભાવ પણ છે એવું એને જ્ઞાન હોવું જોઈએ. છતાં એ વિષમ રાગ આવે તે વિષમ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ ઉઠે એ વિષમભાવ છે, સમભાવ નહિ.

કહે છે, અરે! એ '**વ્યવહારનયના વિષયોનો આશ્રય...**' કરવાલાયક નથી. એમ વિવક્ષાથી નથી કહ્યું કે રાગ છેને, રાગ છેને. એ રાગનો આધાર માનીને સ્વભાવને લાભ થાય એમ માનવા માટે કહ્યું નથી. સમજાણું કાંઈ? વાતે વાતે ઝીણવટ કેટલું સમજવું એક કલાકમાં? વચ્ચે થોડીક વાર્તા આવતી હોય તો મજા આવે થોડી. આ વાર્તા જ માંડી છે તારી. આત્મકથા કહો કે વાર્તા કહો. આત્મવાર્તા. કહે છે, પ્રભુ! તારી શુદ્ધતાની દૃષ્ટિ કરવા છતાં અને શુદ્ધતાના કાર્યો પૂર્ણ થશે અને કાંઈક કાર્યરૂપે દશા હોવા છતાં અંદરમાં હજી પૂર્ણ સિદ્ધપદ અશરીરી દશા ન પ્રાપ્ત થાય ત્યાં સુધી રાગની વિદ્યમાનતા છે એટલું તેને જાણવું તેનું નામ ઉપાદેય કહ્યું છે, પણ એ રાગને આધારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ટકાવ અને નભાવ થાય એમ માનવા માટે કહ્યું નથી. સમજાય છે કાંઈ? વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ વિકલ્પ છે, છે, મુનિને પણ હોય, સમ્યગ્દૃષ્ટિને હોય. સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્રો એનું બહુમાન વિકલ્પ રાગ હોય, એને છે એમ બરાબર સ્વીકાર કરવો જોઈએ; પણ એ રાગ છે, માટે અહીંયાં આત્મધર્મ ટકી રહ્યો છે, એને આશ્રયે ટકશે, એને આશ્રયે નભશે એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ આમાં?

'**વ્યવહારનયના વિષયોનો આશ્રય (-આલંબન,...**' એટલે રાગ આવે ખરો, હોય ખરો. સમ્યગ્દૃષ્ટિને કે મુનિને આત્માના આશ્રય, આધારથી શુદ્ધ સ્વભાવની ખાણમાંથી પ્રગટેલી શુદ્ધતાના કાર્યમાં એને વ્યવહારનો રાગ હોય ખરો, પણ તેનું આલંબન હોય નહિ. આલંબન ન હોય, આલંબન તો ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ તેના શીલામાંથી એને આધારે એકાગ્રતાના પછાડમાંથી પ્રગટ નિર્મળતા થાય છે. રાગની એકાગ્રતાથી શુદ્ધતા થાય એમ ત્રણકાળમાં બનતું નથી. સમજાય છે કે નહિ? એય..! છોકરાઓ! આ બધું સમજવું પડશે હોં. પાછા બાપા .. સમજવું આત્મા માટે છે હોં આ. અઘરું છે. સાચું એટલે. સાચાને અઘરું કહેવું હોય તો ભલે કહે. સાચું આ છે. આ સહેલું ખોટું એ સહેલું છે.

**શ્રોતા :-** રાખને કીધું હતુને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાખને સેલી કરે છેને સેલી. એ રાખ જેવી વાતું હોય એ સેલી કહેવાય. આ તો અમૃત જેવી વાત તે એને આકરી કહો કે સાચી કહો, સત્ય કહો કે સાચું કહો. અરે! એનું આલંબન, આશ્રય છોડવાયોગ્ય જ છે. કોનું? એ સમ્યગ્દૃષ્ટિને, ધર્મીને, સમ્યગ્દર્શન પ્રગટ્યું ત્રિકાળ સ્વભાવના આશ્રયના અવલંબન દ્વારા, એના વલણ દ્વારા, એના આધાર દ્વારા.

એને કારણ બનાવીને કાર્ય આવ્યું, છતાં એને રાગ તો આવે એ રાગ આલંબન કરવા જેવો નથી, છોડવાયોગ્ય છે. આહા..હા..! રાડ નાખે છે. વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહારથી નિશ્ચય થાય. લ્યો, હવે એ રતિભાઈ ના પાડે છે. પણ લસણ ખાતા ખાતા કસ્તુરીના ઓડકાર આવે, લસણ ખાતા ખાતા કસ્તુરીના ઓડકાર આવે, ભગવાન! શું આ તે વાત! ગળા સુધી ઢોકળા. આ ઢોકળા થાય છેને ચોખાના. માથે મસાલો પાથર્યો હોય ઓલો લસણનો સરખાયનો. દળ-દળ જેવો અને જુવાન શરીર હોય તો ખાય આમાં. ઓ..હો.. ઓડકાર આવતો હશે કસ્તુરીનો? એમ વિકલ્પનો રાગ જ્ઞાનીને હોય છે, પણ એમાંથી નિશ્ચયની પ્રાપ્તિ થાય એમ ધર્મી સમજતો નથી, માનતો નથી અને તેમાં રાગમાંથી લાભ થાય એવું રાગમાં નથી. સમજાણું કાંઈ?

કહે છે, વ્યવહાર નામ રાગ. એ વ્યવહાર મિથ્યાત્વ નથી, હોં! પાછું એ રાડ નાખે છે. દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ વિકલ્પ વિનય એવો રાગ હોય છે. એ મિથ્યાત્વ નથી. એનાથી ધર્મ માને તો મિથ્યાત્વ છે. વજુભાઈ! બરાબર હશે? આ ગળે ઉતારે છૂટકો છે હોં. આ વિના શાંતિ નથી. આમ ને આમ ફૂ થઈ જશે. ચાલ્યા ગયા કંઈક સ્મશાનની રાખ થઈ ગઈ. ઓલો ચૈતન્ય તો અમર છે. (દેહને) છોડીને જેવી મિથ્યા વાસના, ભ્રમણા લઈને ભમવા ચાલ્યો ગયો. ભ્રમણા લઈને ચોર્યાસી ગતિમાં ભમવા ચાલ્યો ગયો. એના ભ્રમણ, એ ભ્રમણા વિના ભ્રમણ મટે એવા નથી. ભ્રમણા ટાળ્યા વિના ભ્રમણ ટળે એવું નથી. એ અહીં કીધુંને વિકલ્પનામા ભ્રમણા. અશુદ્ધતા અને શુદ્ધતા બેવાળું આખું તત્ત્વને સ્વીકારી લે તો મિથ્યાદષ્ટિની માન્યતા છે અને અશુદ્ધતાનો અંશ ન સ્વીકારે એનામાં તો એનાથી રહિત શુદ્ધતા, અપેક્ષા અશુદ્ધતાની શુદ્ધતા એમાં આવે છે. શશીભાઈ! કેટલી વાતું આમાં સમજવી?

**શ્રોતા** :- સ્વીકારવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સ્વીકારવું એટલે જ્ઞાન કરવું. માન્યતામાં એકલો શુદ્ધ.. એ માન્યતાનો વિષય લઈ લેવો લક્ષમાં. કહો, સમજાણું આમાં? રાગ, વિકલ્પ પૂર્ણ સર્વજ્ઞ ન હોય કે સિદ્ધપદની પ્રાપ્તિ ન થાય ત્યાં નીચલી ભૂમિકામાં એનો વિષય આવે, આલંબન કરવા જેવું નથી, એનું વલણ કરવા જેવું નથી. એની સન્મુખતા થવા જેવું નથી, તેની ભાવના ભાવવા જેવું નથી. આહા..હા..! રાગની ભાવના ભવાતી હશે? આ સોળ કારણ ભાવના આવે છેને. 'શોડષકારણ ભાવના ભાવતા બાંધે તીર્થંકરગોત્ર' એવું નથી આવતું? ક્યાં ગયા શ્રીચંદ નથી આવ્યાને અહીં? ત્યાં અમારે ગાય. આવે છેને ભજનમાં આવે. 'શોડષકારણ ભાવના...' શું આવે છે? ભાષા ભૂલી ગયા. 'દર્શન વિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય પરમગુરુ હોય.' એ ભાવના ભવાતી હશે રાગની? ભક્તિના વચનો જ એવી જાતના હોય વ્યવહારના. આવે એને ભાવના કરે છે એમ કહેવામાં આવે છે.

કહે છે... ભગવાનની સામે બેસીને એમ કહે હે ભગવાન! તારાથી કાંઈ મને મળે એવુ નથી હોં. એમ બોલાય? છે તો એમ જ. તમે શું દઈ દ્યો એમ છો? એય..! વીરજીભાઈ! તમે શું મોટા પ્રભુ થઈને બેઠા. મને શું દઈ દ્યો છો તમે? એમ કહેવાતું હશે? કહે છે અમારા વજુભાઈ કહે છે કોક વખત. પ્રભુ! તું પણ કામનો શો તું? અમને તો કામ કરી દે નહિ તું શેનો કામનો? એમ કહેવાતું હશે ત્યાં? બોલાય કે હે પ્રભુ! આપ મને આપો. એ વ્યવહારના કથનો છે. ત્યાંથી આપે ને લે એવું કાંઈ છે નહિ. આહા..હા..! ભક્તિના વિકલ્પોની એમના અનુસારે ભાષા પણ એવી હોય છે, પણ એનો અર્થ ન સમજે, ઊંધા પાટા બાંધે તો થઈ રહ્યું, સૂઝે નહિ એને કાંઈ. કહે છે કે વ્યવહારનય જે આવે એ આત્માના શુદ્ધતાના પૂર્ણ પર્યાય નિર્મળદશા કાર્યરૂપે પૂર્ણ ન પરિણમે ત્યાં સુધી એવો વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ એવો આવે, પણ તે છોડવાયોગ્ય જ છે, છાંડવાયોગ્ય જ છે, હેય જ છે, ઉપાદેય અંગીકાર કરવાલાયક નથી.

**'એમ સમજાવવા ૫૦મી ગાથામાં વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે.'** આ ૪૯માં ઉપાદેય કહે છે જાણવા માટે. ૫૦માં એકદમ ગાથા બહુ ઊંચી આવશે ૫૦મી. **'જે જીવને અભિપ્રાયમાં શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ...'** ભગવાન પરમાનંદ શુદ્ધ ચૈતન્ય ધાતુ એનો આશ્રય જેણે દૃષ્ટિમાં લીધો **'અને પર્યાયના આશ્રયનો ત્યાગ હોય...'** અને રાગના આશ્રયનો જેને ત્યાગ હોય **'તે જ જીવને દ્રવ્યનું તેમ જ પર્યાયોનું જ્ઞાન સમ્યક્ છે...'** તે જ આત્માને વસ્તુનું અને વર્તમાન રાગનું કે પર્યાયનું (જ્ઞાન હોય છે). અરે નિર્મળ પર્યાય હો, એ પણ આશ્રય કરવાલાયક નથી. **'પર્યાયોના આશ્રયનો ત્યાગ હોય,...'** પર્યાય લીધી એકલી, વિકારી અહીં નથી લીધી. એ આવશેને ૫૦માં. **'જે જીવને અભિપ્રાયમાં શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું...'** પૂર્ણ પ્રભુ આત્માનું **'ગ્રહણ અને પર્યાયોના...'** નિર્મળ અંશો પ્રગટ્યા હોય ક્ષાયિકસમકિત આદિ, એના પણ આશ્રયનો ત્યાગ હોય **'તે જ જીવને દ્રવ્યનું તેમ જ પર્યાયોનું...'** તે જ જીવને વસ્તુનું અને વર્તમાન અવસ્થાનું આશ્રય કરવાલાયક નથી એમ જાણે તો તે જ્ઞાન સાચું. **'તેમ જ પર્યાયનું જ્ઞાન સમ્યક્ છે એમ સમજવું, અન્યને નહિ.'** અન્યને નહિ. રાગને પણ આદરણીય માને, આશ્રય કરવાલાયક માને એને પર્યાયનો આશ્રય માન્યો એનાથી લાભ એ મિથ્યાદૃષ્ટિ. એને સ્વભાવનો આશ્રય હોય નહિ અને પર્યાયના આશ્રયે લાભ થાય નહિ. લ્યો, અહીંયાં આવ્યું.

**'પૂર્વે જે વિભાવપર્યાયો 'વિદ્યમાન નથી' એમ પ્રતિપાદિત કરવામાં આવ્યા છે...'** એ ટીકા ટીકા. ટીકાનો એક શબ્દનો અંદર વિસ્તાર નીચે કર્યો હતો ઉપાદેયનો એ પૂરું થયું. હવે **'પૂર્વે જે વિભાવપર્યાયો 'વિદ્યમાન નથી' એમ...'** શું કહ્યું હતું આત્મામાં? એ વિકાર-વિકાર કાંઈ છે જ નહિ, સંસાર છે જ નહિ, વિકલ્પ છે નહિ એમ કહેવામાં આવ્યું હતું. તે બધા વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે. એ બધા વિકલ્પોની

લાગણી જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી તે વ્યવહારના ભેદ પડેલો વૃત્તિનો ભાવ એ વિદ્યમાન હયાતી ધરાવે છે. સમજાણું કાંઈ? પહેલી સમજણમાં, એના જ્ઞાનમાં 'ભાવોનો નિશ્ચય શું? વ્યવહાર શું?' એની સમ્યક્તા અથવા શુદ્ધતા ન કરે એને સ્વભાવ તરફના વલણનો આશ્રય પ્રગટે નહિ.

કહે છે, પહેલાં કહ્યું હતું કે આત્મામાં કાંઈ છે નહિ સંસાર-ફંસાર. વિકલ્પ નથી, વિકાર નથી કાંઈ નથી. એ બધા વિભાવપર્યાયો ક્ષયોપશમ આદિ કહ્યા હોં એ બધા વિભાવ. આગળ તો ચારેય કહેશે. '**ખરેખર વ્યવહારનયના કથનથી...**' છે પર્યાયો છે. મલિન અંશ પણ છે, નિર્મળ અંશ પણ સમ્યક્ સાધકજીવને છે. '**વળી જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે...**' ચાર વિભાવભાવ. એક પારિણામિકભાવ સિવાય. પારિણામિક એકરૂપ ત્રિકાળ સ્વભાવ એ સિવાયનો પુણ્ય-પાપનો વિકલ્પ તે ઉદયભાવ. એનું કાંઈક ઠરવું એવી દશા તે ઉપશમભાવ, એમાં કાંઈક ઠરવું અને કાંઈક વિઘ્ન એવો ક્ષયોપશમભાવ, કાંઈક નિર્મળ એકલી દશા થવી એ ક્ષાયિકભાવ—બધા ત્રિકાળ સ્વભાવમાં નથી. એ વિશેષે ભાવરૂપ ચાર પર્યાયો છે. એ વિશેષભાવ આશ્રય કરવાલાયક નથી.

એ '**વિભાવભાવ પરિણત હોવાથી સંસારમાં પણ રહ્યા છે...**' એ પર્યાયે પરિણત એવા સંસારમાં રાગસહિત એવા રહ્યા છે. '**તે બધા શુદ્ધનયના કથનથી...**' એકલું ચૈતન્ય દ્રવ્યને જોઈએ અને એવા કથન, કથન તો વાચક કહ્યું છે, પણ એના ભાવથી જોઈએ તો '**શુદ્ધગુણપર્યાયો વડે...**' શુદ્ધ ગુણ અને એની પર્યાયો પણ નિર્મળ તદ્દ્ન. એ '**સિદ્ધભગવંતો સમાન છે...**' લ્યો, .. સંસાર આવ્યું હતુંને પહેલું એ? .. સિદ્ધા સંસારી જીવા. ભવલિના ભાઈ પહેલું આવ્યું હતું. .. ભવઆલિના. એવા બધા સિદ્ધ. એ સિદ્ધ પણ સંસારી જેવા. સિદ્ધ જેવા સંસારી છે. એમાં કાંઈ ફેર નથી. એમ જે કહ્યું હતું તે '**સિદ્ધભગવંતો સમાન છે...**' વિકલ્પનું લક્ષ છોડી દે. બધા જીવો શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ સ્વભાવના દરિયા પડ્યા છે. ચૌદ બ્રહ્માંડમાં અનંત આત્માઓ તદ્દ્ન શુદ્ધ સ્વભાવના દરિયા પડ્યા છે. એ સિદ્ધ જેવા સંસારી છે. ઓલા વિકલ્પનું લક્ષ અહીં નથી. એકલો પદાર્થ અને એના સ્વભાવ એવી જ એની નિર્મળ પર્યાયો શક્તિપણે પડી એવા જ બધા આત્માઓ છે. '**(અર્થાત્ જે જીવો વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ વિભાવભાવોવાળો હોવાથી સંસારી છે...** ' એ ક્ષાયિક આદિ પણ બધી પર્યાય છેને સંસારની. '**તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળો હોવાથી સિદ્ધ સદશ છે).**' એ સંસારી સિદ્ધસદશ. એ રાંક રાજા જેવો. રાંકની પર્યાય ન જો, એનામાં તાકાત છે રાજા થવાની. એક ક્ષણમાં રાજા થઈને ઉભો રહે. આ ગાયકવાડ સરકાર લ્યોને. ભેંસુ પાળતો હતો ભેંસુ. આ સયાજીરાવ. ગુજરી ગયા. ગુજરી પણ લઈ ગયા ઓલા ... રાણીએ બોલાવ્યો. કુટુંબમાંથી મલાવરા લઈને.

રાણીએ હુકમ કર્યો. બોલાવો આપણા કુટુંબમાંથી કોઈને. ઓલા (ઢોર) ચારતા હતા, બેને બોલાવ્યા. પાડા, ભેંસુ ચારતો હતો. મોટાને પૂછ્યું કેમ આવ્યા અહીંયાં? કે તમારો માણસ આવ્યો હતો .. આવ્યા. સયાજીરાવ બોલ્યા ઓલી રાણીએ પૂછ્યું, કેમ અહીંયાં આવ્યા? 'રાજ લેવા આવ્યા છીએ.' ભેંસુ ચારે છેને. ઓલા પુણ્ય બોલાવે છે. રાજ લેવા આવ્યા છીએ. રાજ કુટુંબના માણસો છે. મલાવરા નથી અત્યારે. અરે! એમ પવિત્રતાનું ધામ પોકાર કરે છે કે અમે સિદ્ધ સમાન છીએ. પણ રાગમાં પડ્યો છોને. સિદ્ધ સમાન છે. દૃષ્ટિના વિષયમાં સિદ્ધ સમાન છે. વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા. ૧૮-૨-૧૯૬૪, ગાથા-૪૯, પ્રવચન નં. ૪૦૨

...એના આધારરૂપે પદ્મપ્રભમલધારીદેવ અમૃતચંદ્રાચાર્યના પાંચમા કળશનો આધાર આપે છે. એ પાંચમો કળશ. એમાં બહુ ટૂંકું છે. આમાં કળશટીકામાં વિસ્તાર છે. પાંચમો.

(मालिनी)

''व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हंत हस्तावलम्बः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किंचित्।।''

શું કહે છે? વ્યવહારનય શું કહે છે નિશ્ચયનયનો અર્થ એમાં શું આવે છે? જુઓ આ તકરાર નિશ્ચય અને વ્યવહારના ઝઘડા છેને? 'વ્યવહારનય...' એટલે 'જેટલું કથન' એમ કહ્યું. જેટલું કહેવું પડે... આ આત્મા અનંત જ્ઞાનનો પિંડ છે એમ ગુણમાં ભેદ પાડીને કહેવું પડે એ બધા કથનને વ્યવહાર કહે છે. અહીં તો કથનને જ વ્યવહાર કહે છે. વિકલ્પ ઉઠે છે અંદર ભેદ પાડતા. તો કહે છે કે જેટલો આત્મા એક સમયમાં પૂર્ણાનંદ શુદ્ધ અભેદ એકરૂપ ચીજ છે એમાં પ્રથમ, પ્રથમ કરવું પડે કે આ આત્મા. શું? કે જીવવસ્તુ તો નિર્વિકલ્પ છે. આત્મા અંદર વસ્તુ તો અભેદ છે. એનો કોઈ પ્રદેશ કે કોઈ એનો ગુણ કે અંતર વસ્તુથી જુદો પડતો નથી. ઝીણી વાત છે ભાઈ આ કળશની ટીકાની થોડી.

'**તે તો જ્ઞાનગોચર છે.**' આત્મા શુદ્ધ આનંદનો કંદ એનો અનુભવ એ તો જ્ઞાનગમ્ય છે. જ્ઞાનના સ્વભાવ દ્વારા અંતર અનુભવ કરવો એવી નર્વિકલ્પ ચીજ છે. કહો, સમજાણું આમાં? '**તે જ જીવવસ્તુને કહેવા માગે,...**' વસ્તુ છે અંદરમાં એકરૂપ, અખંડ આનંદ

અને શુદ્ધ, એ નિર્વિકલ્પ એટલે અભેદ. કોઈ એને પર્યાય કે કોઈ ગુણ કાંઈ અંદર જુદો પડે એવો નથી. વસ્તુ અભદે એકાકાર છે. એ તો જ્ઞાનગમ્ય જ છે. અંતરના જ્ઞાન દ્વારા અંતર અનુભવ થાય એ સ્વસંવેદનગમ્ય જ આત્મા છે. સમજાય છે કાંઈ? એ કોઈ વિકલ્પ, રાગ, ભેદ, શ્રવણ એ દ્વારા એ ગમ્ય નથી. એના પણ વાંધા ઉઠાવ્યા છે. આજે મને પૂછતો હતો એક આવીને. શ્રવણથી લાભ ન થાય તો આ દિવ્યધ્વનિથી લાભ થયો, બધાને લાભ થયો. કોનાથી લાભ થાય? કહે છે જુઓને શું કહે છે? ભગવાન! એણે લક્ષ પરનું સાંભળેલું હોય એનું પણ લક્ષ છોડીને અંતર આત્માના જ્ઞાનગમ્ય વેદનમાં જાય ત્યારે કોઈ વિકલ્પ ને નિમિત્ત ને શ્રવણના લક્ષ રહેતા નથી. શું થાય? એ વસ્તુ એવી.

ત્યાં દિલ્હીમાં હમણાં એક થયાને નવા સાધુ એણે લખ્યું છે વિરુદ્ધમાં એનું. પુસ્તક આવ્યું છે. જૈન શાસનમાં થયેલો વિકાસ. .. છ ઢાળાની ટીકા ને બધુ ઘણું છે. અહો! ભાઈ! પ્રભુ! તારા રસ્તા બહુ નિરાળા છે. ગમે તેટલી વાણી સાંભળે કે શાસ્ત્રના ભણતર કરે, પણ એ વસ્તુ તો જ્યારે પામે ત્યારે તો જ્ઞાનગમ્યથી પમાય છે. એ જ્ઞાન એની દશા, એનાથી દશાવાન અંતર વસ્તુ એનો અનુભવ થાય એ તો જ્ઞાનગમ્ય અને સમ્યગ્દર્શન અને જ્ઞાન અને એનું સ્વરૂપ આ રીતે છે.

પણ '**તે જ જીવવસ્તુને કહેવા માગે, ત્યારે એમ જ કહેવામાં આવે છે કે...**' એનું કહેવું પડે કે આ આત્મા અંદર એક એક જીવ હોં આ શરીરથી ભિન્ન એવા અનંત આત્માઓ એને કોઈ કહેવા માગે, વસ્તુ કોઈ કહેવા માગે. વિકલ્પ થાય '**ત્યારે એમ જ કહેવામાં આવે છે...**' તો એવું જ કહેવામાં આવે છે '**કે જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ.**' આ વાત લીધી બહુ ટૂંકી. કેવો છે ભગવાન આત્મા? વસ્તુ તો અભેદ છે. એકરૂપ ચિદાનંદ છતાં કોઈ કહેવા માગે, કહેવાની ઈચ્છા કરે તો એને જીવ આત્મા વસ્તુ, એના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર—એ શ્રદ્ધે, જાણે, ઠરે એ જીવ. શું કહ્યું આ સમજાણું કાંઈ? કોઈ બીજી ક્રિયાની વાત નથી અહીં. દયા, દાન, વ્રતના પરિણામ કરે તો એનાથી મને નિમિત્ત થાય અને આ સમજાય એમ પણ નથી. અહીંયાં તો પ્રથમમાં પ્રથમ ભૂમિકામાં એ જીવવસ્તુ એટલે ચૈતન્યપ્રભુ અનંત ગુણનો એક રસ, એક રાશિસ્વરૂપ પ્રભુ, એનું ધર્મ સ્વરૂપ એને અનુભવવા માટે એને કહેવું પડે તો એ આત્મા દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ એના ગુણો. શ્રદ્ધે છે તે આત્મા, જાણે છે તે આત્મા, અંદરમાં એકાગ્ર થાય છે તે આત્મા.

એ '**કહેવા માગે, ત્યારે એમ જ કહેવામાં આવે છે...**' એનું નામ વ્યવહાર થયો. ઓહો..હો..! સમજાણું કાંઈ? એટલી ચાહના થાય કે આ આત્માને સમજાણું. આખી એમાં .. પડે કે ભાઈ એ જાણે તે આત્મા, જાણવો ગુણ તે આત્માથી જુદો પડતો નથી. પણ એ જાણે છે કે આ જાણે છે તે આત્મા, શ્રદ્ધે આત્મા.. શ્રદ્ધે તે આત્મા અને આ એકાગ્રતા તે તરફના વલણવાળી થાય તે આત્મા. એ આ જીવ એમ પોતામાં એટલું તો કહ્યા વિના

કોઈ રીતે બીજો સમજી શકે નહિ. એટલો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. નવરંગભાઈ! આ વ્યવહાર હોં! બીજો વ્યવહાર કે આટલો કષાય મેં મંદ કર્યો, ફલાણું કર્યું એ વ્યવહાર આવે પછી આ સમજાય એ અહીં કાંઈ છે જ નહિ. મનુભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ નહિ. એને તો બળ પડે કે એક રૂપમાંથી ત્રણ વિકલ્પ કહેવો એટલું નિમિત્ત થાય. એ પણ ક્યારે કે એનું લક્ષ છોડીને અભેદનો અનુભવ કરે ત્યારે આ ભેદ ને નિમિત્તને વ્યવહાર કહે. છે પાનું? સમજાણું કાંઈ?

વસ્તુ એકરૂપ ગોળો ચૈતન્ય શરીર પ્રમાણે ભિન્ન ચૈતન્ય અખંડ આનંદ, એમાં પણ આ .. નથી લીધો. કેમકે પ્રગટ નથીને તો આ તો જરી જાણવું, શ્રદ્ધવું કંઈક ઠરે એકાગ્ર એવું એના લક્ષમાં આવે કે જો ભાઈ! આ આત્મા છેને એ જાણે તે આત્મા. રાગવાળો તે આત્મા અને કર્મવાળા આત્મા એ .. વાત નથી. સમજાણું કાંઈ આમાં? ભાઈ! ઔદારિક શરીરવાળો આત્મા, આ પંચેન્દ્રિય આત્મા, પર્યાપ્ત તે આત્મા, મનુષ્ય તે આત્મા એ વાત તો લીધી જ નથી. એ આત્મા કાંઈક એમાંથી લાભમાં નિમિત્ત પણ આમાં નથી. નિમિત્ત હોં! ભગવાન આત્મા પોતાના આનંદના અનુભવના કાળ માટે એને આટલું તો કહેવું પડે ગમે તેવો બુદ્ધિમાન હોય. શબ્દ લેશે.

કે '**કે જેના ગુણ...**' એટલે જેના ગુણ. વસ્તુ આત્મા એના ગુણ એટલે એની શક્તિઓ, એની દશા. આ જાણે, શ્રદ્ધે, ઠરે તે આત્મા. '**જો કોઈ બહુ સાધિક...**' ભાષા લીધી. બહુ બુદ્ધિવાળો સમજાવનાર. ધ્યેય ધ્યેય શબ્દ છેને એટલે અધિક બુદ્ધિવાળો એમાંથી કાઢ્યું હશે. બહુ બુદ્ધિવાળો હોય, ઘણો બુદ્ધિવાળો અને એને આત્મા શું છે એને સમજાવવો પડે. '**તોપણ એમ જ કહેવું પડે.**' '**(-અધિક બુદ્ધિમાન) હોય તોપણ આમ જ કહેવું પડે.**' આ કહેવું પડે એને. વસ્તુ અંદર અખંડ આનંદ પરમાત્મસ્વરૂપ છે. એ જ્ઞાન, દર્શન, આનંદ એના ગુણ. ગુણ એ વસ્તુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ગુણ. એટલો ભેદ ગમે તેટલો બુદ્ધિવાન પોતામાં કહેવા માગે તો આટલું કહેવું પડે. આ કહેવું પડે એનું નામ વ્યવહાર.

**શ્રોતા :-** વ્યવહાર તો જુદાં પ્રકારનો

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જુદાં પ્રકારનો આમાં. આ તો અમૃત થવાનો રસ્તો છેને. કહો, સમજાણું આમાં? તમારો વ્યવહાર અને આ વ્યવહારને પણ શું થાય એમાં? એ વસ્તુ એવે રવાડે ઉંધે ચડી ગઈ છે. એને કહે છે કે સમજાવવાનું ફળ તો આટલું કહેવું પડે અને સમજવા માગે એને આત્મા ગુણીમાંથી આ ગુણ એવો ભેદનો વિકલ્પ આવ્યા વિના એટલો રહે નહિ. સમજાય છે કાંઈ? ફલાણો આવે અને દયા પાળે, વ્રત કરે ને આ કરે ને આ કરે. હજી તો એ કહે છે કે પુણ્ય, પુણ્યનું બંધન અને પુણ્યના ફળ એ ત્રણેય આદરણીય છે. આહા..હા..! અને એને તમે હેય કહો છો, ભગવાન! શું થાય આમાં પણ કહે. છોડવા જેવું છે કે અત્યારે

છોડવા જેવું? પણ શ્રદ્ધામાં છોડવા જેવું ન હોત તો છોડે શી રીતે? સમજાણું કાંઈ? છૂટી ન જાય પુણ્ય રાગ. છૂટે તો આવે, પણ દૃષ્ટિમાં એ રાગની તો વાત પણ કરી નથી અહીં. ફક્ત શરણ કરાવનાર ચૈતન્ય વસ્તુને સમજાવવા ચાહે તો બુદ્ધિવાન ઘણો હોય તોપણ એને ગુણી એટલે ભગવાન આત્માને ગુણના ત્રણ ભેદ વડે છેલ્લામાં છેલ્લી આ .. એને સમજાવવું છે. આહા..હા..! કહો, આ વ્યવહાર. આ વ્યવહાર ક્યો હશે? આ બાયડી, છોકરા અને ધંધો કરવો એ વ્યવહાર છે? એ તે વ્યવહારની ક્યાં વાત છે અહીં?

એક જણો કહેતો હતો કે લ્યો વ્યવહાર તો અમારે કરવો ન પડે? .. દવા ન કરવી પડે? તમે કહો કે વ્યવહાર છોડવા જેવો છે. પણ અમારે દવા કરવી કે નહિ? એ વ્યવહાર નથી? કહો, એ ક્યાંની ક્યાં વાત? એ વ્યવહારની તો વાત પણ ક્યાં છે?

**શ્રોતા :-** છોકરા .. રોટલા ખવરાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ ખાય અને કોણ ખવરાવે?

અહીં તો જેને ધર્મ કરવો હોય તો એને ધર્મી સમજાવે ત્યારે ધર્મ કરનારનો ધર્મી એવો જે આત્મા એને ગુણના ભેદ વડે આટલું તો સમજાવ્યા વિના બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ? કહે છે એ પણ કથન. પાછું વ્યવહારનયે .. નયનું કથન જ કર્યું છે. કથનનો અર્થ જ એ ભેદમાં વિકલ્પ ઉઠ્યો સમજાવવાનો એ બધું કથનમાં જાય છે. એટલે '**જો કોઈ બહુ સાધિક (–અધિક બુદ્ધિવાન) હોય તોપણ આમ જ કહેવું પડે. આટલું કહેવાનું નામ વ્યવહાર છે.**' .. પહેલાં કર્યો હતો એ કરી નાખ્યો. એટલું કહેવું પડે કે ભગવાન તું આત્મા, આ જાણે તે આત્મા. વિશ્વાસ કોને હોય? રાગને વિશ્વાસ હોય રાગનો? રાગમાં જ્ઞાન હોય? રાગમાં એકાગ્રતા તે ચારિત્ર એમાં હોય? કે બીજી ચીજનો વિશ્વાસ આદિ કરે એ વિશ્વાસ કરનાર તો આત્મા છે. એ એને વિશ્વાસ કરવાની પર્યાય, વિશ્વાસ ગુણ બેને ભેદ પાડીને એટલું કહે કે વિશ્વાસ કોણ કરે છે આ? હું છું, આ છે, તે છે, એ વિશ્વાસ કરે તે ગુણ, એ વિશ્વાસનો ગુણ તે .. આ જાણે તે જ્ઞાનગુણ અને એમાં જાણવા-દેખવામાં એકાગ્ર થાય છે એટલે તે ગુણ. એ ગુણ એવો જે આત્મા એને આ ત્રણ ગુણના ભેદ વડે સમજાવવો પડે એટલો વ્યવહાર કથન આવે છે. ભાઈ! આ બહાર વાત આવતા આને શું કરશે કોણ જાણે અંદરથી? રાડ નાખી જાય. અરે! ભગવાન! શાંત થા, બાપુ! રાગ હોય છે ક્યાં પ્રશ્ન છે? શુભરાગ તો દસમા ગુણસ્થાન સુધી.. ભૂમિકા હોય એ જુદી વસ્તુ છે અને એને આશ્રયે ચૈતન્યનો અનુભવ અને ધર્મ થાય એ બીજી વાત છે.

અહીં તો કહે છે કે આવો જે વ્યવહાર '**આટલું કહેવાનું નામ વ્યવહાર છે. અહીં કોઈ આશંકા કરશે કે વસ્તુ નિર્વિકલ્પ છે,...**' પહેલાં કીધી હતી કે જેટલું કથનમાત્ર કીધું. હવે વસ્તુ કીધી હતી પણ નિર્વિકલ્પ છે એના ઉપર શંકાકારે ઉઠાવ્યો પાછો. ભગવાન! વસ્તુ તો અભેદ છે એમાં આ લાકડી છે જુઓ સુખડની. એ સુખડની લાકડીમાં આ સુગંધ

તે સુખડ, સુંવાળી તે સુખડ, પીળી તે સુખડ એવું સુખડમાં નથી. એ તો એકમેક વસ્તુ છે. એમાં ત્રણના ભેદ છે નહિ. એમ ભગવાન આત્મા એ તો વસ્તુ અભેદ છે. એમાં જ્ઞાન તે આત્મા એમ જુદો કરીને .. પડતું નથી. શ્રદ્ધા તે આત્માથી એ કાંઈ જુદું પડતું નથી. વસ્તુ તો નિર્વિકલ્પ અભેદ છે. અભેદ અંતરમાં દૃષ્ટિ કરવાથી અંતરથી નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ થાય, નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ અભેદ દૃષ્ટિએ થાય છે. તો વસ્તુ તો નિર્વિકલ્પ અભેદ છે.

**'તેમાં વિકલ્પ ઉપજાવવો અયુક્ત છે.'** આવી ચીજ અખંડ આનંદમા.. વસ્તુ પરમાત્મ સ્વભાવ તો તેનો.. તેમાં અભેદમાં ભેદ ઉપજાવવો તે વ્યાજબી નથી એમ શિષ્યની આશંકા છે. સમજાણું કાંઈ? આશંકા થઈ છેને એને? શંકા નથી કરી? ..ભાઈ! સમજવામાં મુશ્કેલ પડે છે. આપ ખોટું કહો છો એમ અમને નથી લાગતું, પણ આવી ચીજમાં ભેદ પાડવાનું શું કારણ? એ શું આપને કહેવું છે એમાં? આપ એમાં શું કહેવા માગો છો? વસ્તુ તો અભેદ છે. એમાં વળી આ જ્ઞાન તે આત્મા, આ ગુણ તે વીર્ય, આ વીર્ય તે ગુણનો, શ્રદ્ધા તે આત્માની, સ્થિરતા તે આત્માની. એવો ભેદ અંદર નથી અને આપે ભેદ પાડ્યો એ મને સમજાણો નથી. સમજાય છે કાંઈ? ભારે કથા, ભાઈ!

કહે છે કે ભેદ. .. વ્રતનો વિકલ્પ ઉપજાણો.. **'વિકલ્પ ઉપજાવવો અયુક્ત છે.'** વસ્તુ વસ્તુ તરીકે એકાકાર .. રજકણોથી પાર, વિકલ્પ રાગથી પાર એકલો ચૈતન્ય રસ આનંદકંદ એકલી ગાંઠ છોડાવવી આનંદકંદ ચૈતન્ય પ્રભુ છે. એમાં વળી આ ફલાણું અને આ ફલાણું, એવા ગુણોના ધર્મીના ધર્મના ભેદો અંદર તો નથી, એ તો વસ્તુ એકરૂપ છે. એમાં ભેદ **'ઉપજાવવો અયુક્ત છે.'** એમ શિષ્યની આશંકા નામ સમજવા માટે જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો છે. **'ત્યાં સમાધાન આમ છે...'** એનું સમાધાન એ પ્રકારે છે **'કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે. જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે...'** પડી ગયો હોય માણસ નીચે. હાથ પકડીને આમ ઊંચો લે છેને? આવે છે એ તો એનાથી. આટલું હાથનું નિમિત્તપણું, ઓલું શરીર નહિ. એક આંગળનો પણ આધાર આપે જરી, ફટ આમ નીકળે. **'નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે...'** હાથ પકડીને. એકલો પાણીમાં તણાઈ જતો હોય. એટલે .. શરીર ઉપર આંગળી મૂકવી જોઈએ બસ. એમ આ .. એને આંગળી શરીર ઉપર ચાલી આવે છે. ચાલી આવે છે તો એને કારણે. તો આટલું .. આ **'હાથ પકડીને ઊંચો લે છે, તેવી રીતે જ ગુણ-ગુણીરૂપ ભેદકથન...'** એ ગુણી ભગવાન આત્મા ધર્મનો ધરનાર, ગુણનો ભંડાર એવો ગુણ એનો જે ગુણ બતાવવો એવું કથન, ભેદ જુદાઈનું કથન એ **'જ્ઞાન ઊપજવાનું એક અંગ છે.'** શું કહે છે? એ જ્ઞાન લક્ષણમાં લે કે ગુણ તે આ ગુણીનો એકલું એ જ્ઞાનને ઊપજવવામાં એક નિમિત્ત થાય છે. એવો એક એનો ભાગ છે. બીજો કોઈ ઉપાય નથી.

જુઓ, **'જ્ઞાન ઊપજવાનું એક અંગ છે.'** રાગથી થાય અને ઢીંકણાથી થાય આ

અભેદમાંથી ભેદ સમજાવવો એટલો એક અંદર જ્ઞાન જવામાં એક એનો ભાગ નિમિત્તપણું હોય છે. બીજું કોઈ નિમિત્તપણું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? '**તેનું વિવરણ-'જીવનું લક્ષણ ચેતના'**...' ભગવાન આત્મા એ તો ચેતના લક્ષણે લક્ષિત છે. ચેતના એટલે જાણવું-દેખવું. એના લક્ષણથી લક્ષિત—લક્ષ થવાયોગ્ય છે. જાણનાર, દેખનાર તેનાથી લક્ષ થઈને દ્રવ્યનું ભાન થઈ શકે છે. એમ '**ચેતના એટલું કહેતાં પુદ્‌ગલાદિ અચેતનદ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે.**' એટલું કહેવું લક્ષ શરીર, વાણી, કર્મનો અચેતનથી ખસી જાય છે. ચેતના તે આત્મા, જાણનાર તે આત્મા. એમ કહેતા કહેનારના ભાવને સમજનારને ચેતના જાણવું તે આત્મા એને અચેતન પરપદાર્થથી લક્ષ છૂટી જાય છે. અચેતનથી જુદી પડી જાય છે. અચેતનની પ્રતીતિ ભિન્ન પડી છે. '**પુદ્‌ગલાદિ અચેતનદ્રવ્યથી**...' પુદ્‌ગલ, શરીર, કર્મ બધા આદિ, આકાશ વગેરે. '**અચેતનદ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે.**' હજી આ અનુભવ પહેલાંની વાત હોં આ. એને એમ થાય કે આ જાણે તે આત્મા. એટલે ન જાણે એ આત્મા નહિ, એટલે જડ. એ જડ ઉપરથી એની પ્રતીતિ થવી જોઈએ. અચેતનદ્રવ્ય છે એ ભિન્ન પ્રતીતિ આત્મા અચેતનથી જુદો છે. અચેતન શરીર, કર્મ, વાણી, મન બધેથી એ ભગવાન આત્મા ચેતનાલક્ષણે લક્ષિત એટલે કે પરના લક્ષણે લક્ષિત અને ચેતનાલક્ષણે પરલક્ષિત એ વાત ઉડી ગઈ, પરની શ્રદ્ધા ઉડી ગઈ. ભિન્ન પ્રતીતિ, જડ, શરીર, વાણી, મન બધાથી મારી ચીજ ભિન્ન છે એમ '**પ્રતીતિ ઊપજે છે. તેથી જ્યારે અનુભવ થાય**...' જુઓ, જ્યાં સુધી એને આત્માના આનંદનો પ્રત્યક્ષ અનુભવ થાય. સમજાણું કાંઈ? આમ આત્મા સીધો જ્ઞાનથી આનંદને પકડીને અનુભવ કરે, આત્માને પકડીને અનુભવ કરે, પ્રત્યક્ષ. જ્યાં સુધી. '**તેથી જ્યારે અનુભવ થાય**...' આનંદનો અનુવભ ધર્મની દશામાં. સમ્યગ્દર્શન, જ્ઞાનનો એ સ્વભાવ તરફ ઢળીને અનુભવ ચૈતન્યનો થયો... '**ત્યાં સુધી ગુણ-ગુણીભેદરૂપ કથન જ્ઞાનનું અંગ છે.**' શું જ્ઞાન અંગ? .. જ્ઞાન .. એ નહિ. એના ખ્યાલમાં જરી એ વાત આવી કે આ અચેતન તે હું નહિ અને ચેતન તે હું. એટલું એના ખ્યાલમાં વાત પરની પ્રતીતિ ઉડી ગઈ. એટલે જ્યાં સુધી એને અનુભવ પૂર્ણાનંદ પ્રભુ એના અંતરમાં પ્રવેશ કરીને અનુભવ ન કરે, વેદન ન કરે એ આત્માના અતીન્દ્રિય આનંદના રસને સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાનનું વેદન ન કરે ત્યાં સુધી. ઓહો..હો..! કહો, રતિભાઈ! સમજાય છે કે નહિ આમાં? સાંભળ્યું હશે ક્યાંય? કે આ રાગથી ધર્મ થાય અને .. ધર્મ થાય. આ ક્રિયાથી આમ થાય અને ભક્તિ કરે તો આમ થાય, દેરાસર કરે તો આમ થાય. એ મારા ટીકા કરી લ્યો આ તમે દેરાસર કરાવો, .. કરાવો એ બધું વિષ્ટા છે? એ જડનું કરી શકતા નથી, પરપદાર્થનું કરી શકતા નથી. અરે! ભગવાન! બાપા! પરની વાતું ક્યાં કરવી? એ તો એને કારણે ત્યાં પર્યાય થાય.

અહીં તો એટલી વાત કહે છે ભગવાન આખો એકદમ લક્ષમાં નથી આવતો તેથી એને

ગુણીના ધર્મને લક્ષમાં લઈને એને કહેવું પડે કે ભાઈ જ્ઞાન તે આત્મા હોં! તેથી એને પરથી પ્રતીતિ ઉઠી જાય. ઉઠીને અંતરના અનુભવમાં જાય ત્યારે એને પ્રતીતિ અચેતનથી જુદી પડી ગઈ. એવો જે લક્ષભાવ એ પણ છુટી જાય. એ લક્ષ હતો કે આ અચેતનની પ્રતીતિ ગઈ, જ્ઞાન તે આત્મા એટલો વ્યવહાર લક્ષમાં આવ્યા વિના... સમજાણું કાંઈ? ચંદુભાઈ! ઓહો..હો..! ભારે આ તે બધા બાયુ બાયુના આત્માને સમજાતું હશે આવે? આત્મામાં ક્યાં બાયડી અને આદમી છે? એ તો છે જ આત્મા છે, એને તો કાંઈ અડ્યું નથી આ. એ તો એને કારણે એમાં પર્યાય થઈ રહી છે.

કહે છે જ્યાં સુધી '**તેથી...**' તેથી શું કરવા? કે ચેતના તે આત્મા. એમ કહેતા એનું લક્ષ પરથી ઉઠી જાય અને સ્વમાં જાય અને અનુભવ થાય એટલા માટે ગુણીને ગુણના ભેદ .. એ ગુણ બીજામાં નથી. એમ કહે છે કે આ ગુણ.. જાણવું ગુણ છે એ જ્ઞાન .. એટલી પ્રતીતિ થઈ એનું પણ લક્ષ છોડીને અંદરમાં અનુભવ કરે ત્યારે આ ભેદને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ પછી બધા મંદિરો કરવા, સમવસરણ જુઓને કેટલા કરે છે? ઓહો..! કરો છો અને એમ કહો કે કરતાં નથી. આ કોણે કર્યું આ પરમ દિ'? એય..! રજનીભાઈ! આ પ્રવિણભાઈ બે રહ્યા. ક્યાં ગયા? આ બેઠા પાછળ. કોણે કર્યું આ કાલે? પરમ દિ'? સ્વાહા. આહા..હા..! અરે ભગવાન! એ તો વાણીનો ધર્મ છે જડ બોલે એ. આત્માનો ધર્મ નથી. એ હાથ આમ આમ થાય એ આત્માએ કર્યો જ નથી ત્રણકાણમાં. શું વાત? એની નિરાળી .. પણ પ્રતીતમાં અને આ કેમ છે? કે ચેતના. જીવનું લક્ષણ ચેતના છે. જડ એટલે આત્મા, રાગ કરે અને શરીરને હલાવે એ આત્માની વાત તે ત્રણકાળમાં નથી. એ ક્રિયા એ વખતે થાય અને ત્યાં આગળ જે હોય એને શુભભાવ હો, ત્યારે એ શુભભાવથી પણ અંતરમાં જઈ શકે એવું છેલ્લું પગથિયું નથી. છેલ્લું પગથિયું એટલે ચેતના તે જીવ, ગુણનો ગુણ તે આ. એ.. ચેતન એટલે તે ઉઠી જવા, આમ પ્રતીતિ થવાના ખ્યાલમાં પહેલી આટલી વાત આવે છે. સમજાણું કાંઈ? બાબુભાઈ! શું આમાં હવે? આમાં પાણીના ગળવાનું શું કરવું? આ ગળવું પાણીને કેટલા ગળણે ગળવું? આ મોહનભાઈ ડોક્ટર તમારે જુઓ, કે આટલા ગળણે પાણીને ગળવું. એનાથી આત્માને ધર્મ થાય. શેનાથી થાય? અરે! ભગવાન! એ ક્રિયા તો પરમાણુની હોવાની હોય તો હોય, ભાઈ! બાપા! તને એ વિકલ્પ ઉઠે એને અહીં ગણવામાં આવ્યો નથી. અહીં તો ગુણીમાંથી ગુણનો ભેદ પાડવાનો વિકલ્પ ઉઠે અને એ સમજાય એટલી વાત છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. ગમે તેવો બુદ્ધિવાળો હોય તોપણ સમજાવવામાં આવે છે અને સમજનારને પણ ગમે તેવો બુદ્ધિવાળો હોય, તોપણ એટલો આ ચેતના તે લક્ષણ જીવનું. ચેતના તે લક્ષણ રાગનું નહિ, શરીરનું નહિ, પરનું. એ રાગાદિ અને પરની પ્રતીતિ ભિન્નપણે થાય અને પોતાની પ્રતીતિમાં વળે આ, આટલો ગુણીનો ગુણ દ્વારા ઓળખાવવું એટલો વ્યવહાર

આવ્યા વિના રહેતો નથી. મગનભાઈ! આહા..હા..!

અરે એમાં સત્ય પરમેશ્વરને મેળવવા. કહે છે કે નથી કોઈ દિ' એણે જોયો, નથી અનુભવ્યો. તેથી અનુભવવામાં પરમાત્માના પોતાના એકસ્વરૂપને અનુભવવું. એમાં પ્રતીતિ અહીં કીધીને પાછી, **'અચેતન દ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ...'** એટલે વસ્તુ છે બીજી. એકલો આત્મા છે .. તેથી એ વાત કરી છે કે જાણવું એ આત્મા. એમ કહેતા એ જાણવું, જેનામાં નથી એવી બીજી ચીજો છે, નથી એમ નહિ. એકલો જ આત્મા છે, તેને ચેતના લક્ષણે લક્ષિત એ હોઈ શકે નહિ. એટલે ચેતના લક્ષણથી ભગવાન આત્મા જણાય એવું એને કહેતા એને ચેતના લક્ષણ વિનાની જે ચીજો છે એનાથી ભિન્ન પ્રતીતિ થાય. ભિન્ન પ્રતીતિ લક્ષને આવે. એ લક્ષ છૂટીને અંદરમાં અનુભવ કરે ત્યારે આત્મલક્ષ આવ્યા વિના રહેતું નથી. સમજાણું કાંઈ? આ તો કળશો છે અલૌકિક. આ દેરાસર માથે કળશ મૂકે છેને! એમ આ ટીકાના કર્યા કળશ એમાં વળી આ રાજમલજી ટીકા કરનાર.

કહે છે, પ્રભુ! તારે આત્મા જાણવો છે કે નહિ? લ્યો, આ આત્મા કેમ જણાવામાં છે એય..! રતીભાઈ! આ શું આવ્યું જુઓ. છે કે નહિ પાનું? એય..! રતિભાઈ! શું કહે છે આ? બેરિસ્ટર બેરિસ્ટર જાણવાની એવી વાત નથી અહીં કીધી. તું કોણ છો? બારિસ્ટર ફારિસ્ટર નથી. ત્યારે તું કોણ છો એના લક્ષ કરવા માટે કાંઈક રાગની મંદતા અને કાંઈક દયા, દાન કે વ્રત ને એ કાંઈ વ્યવહાર તરીકે લક્ષગત કરવા માટે કામ આવે કે નહિ? કે નહિ. ચેતના એટલે આત્મા એટલું લક્ષગત કરવામાં આ નહિ એ ચેતનની પ્રતીતિ ઉડી જતાં ચૈતન્ય તરફ વળવાનો ભાવ પ્રતીતમાં, લક્ષમાં પહેલો આવો ભેદરૂપે આવે છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

**'જ્યારે અનુભવ થાય...'** આ અનુભવ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે હોં. આહા..હા..! ભગવાન આત્મા અનંત રસના પિંડનું એકરૂપ, એને ભિન્ન પાડીને ચેતના તે આત્મા, અથવા ચેતના લક્ષણે તે લક્ષિત. એ રાગ લક્ષણે લક્ષિત, વ્યવહાર લક્ષણે લક્ષિત. એ રાગાદિ ક્રિયા એ તો કાઢી નાખ્યું. શરીર સારું માટે એનાથી આ લક્ષ થાય, ફલાણું સારું, ખાવા-પીવાની શરીરની ક્રિયા સરખી હોય તો ત્યાં આત્માને ધર્મ થાય એટલે લક્ષ ફેરવીને અંદર જવાય એ વાતની તો વાત છે જ નહિ. કહો, નિર્દોષ સારા આહાર-પાણી આવે અંદરમાં તો તો કાંઈ લક્ષ થાય કે નહિ આત્માને?

**શ્રોતા :-** એ તો અનંતવાર દ્રવ્યલિંગી થયો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનંતવાર દ્રવ્યલિંગ જ્યારે ધારણ એવા દ્રવ્યલિંગમાં વાંધા ઉઠાવ્યા. એમાં વયો ગયો. એ દ્રવ્યલિંગી સમકિતી.. કોણ બાપા સાંભળને? એમ કે દ્રવ્યલિંગ. પણ એ તો અનાદિના દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ વાત ચાલે છે આ. આ ભગવાન આત્મા વસ્તુના ભાન વિના એણે મુનિપણા અનંતવાર લીધા. પણ ઓલો ચેતના તે આત્મા અને

આ ચેતના જેનામાં નથી તે અચેતન શરીર, કર્મ, વાણી, મન એની પ્રતીતિ અને લક્ષ ઉઠાવ, ચેતના તે આત્મા એટલું લક્ષ કરાવા પહેલો ભેદ આવ્યા વિના રહેતો નથી. બસ, આટલો વ્યવહાર. ઓલા ત્રણમાંથી ભાઈ ચેતનમાં આવ્યું. સમજાણું કાંઈ?

એ '**જ્ઞાનનું અંગ છે...**' '**જ્યારે અનુભવ થાય ત્યાં સુધી...**' આનંદ નિર્વિકલ્પ પ્રભુ અખંડ આનંદનું વેદન સમ્યગ્દર્શન થતાં જે અનુભવ આનંદનો પ્રત્યક્ષ રાગના પર્યાયની અપેક્ષા વિના નિરપેક્ષ ભગવાનની અપેક્ષા અંદરમાં રહીને અનુભવ જ્યારે થાય ત્યાં સુધી. '**ગુણ-ગુણીભેદરૂપ કથન...**' એ ગુણી એવો ભગવાન એને જ્ઞાનલક્ષણે લક્ષિત એવો ગુણ એવું કથન જ્ઞાનનું અંગ છે. એ જાતનું લક્ષ કરવા 'અચેતનથી ભિન્ન છું, અચેતન શરીર, વાણી, કર્મથી ભિન્ન છું' એટલું લક્ષ કરવાનો એ પ્રકાર છે. હજી સમ્યગ્જ્ઞાનની વાત નથી હોં એ. આહા..હા..! સમજાય છે કાંઈ? આ 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' એ વ્યવહાર સંબંધ એ આટલો. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' ... નો અર્થ? આવું જરી અંદર લક્ષ આટલું હોય. આ ચેતનાલક્ષણે લક્ષિત. રાગ, પુણ્ય, વિકલ્પ બીજા એવા ચેતનાલક્ષણે લક્ષિત એ વિકલ્પ હોય. પણ બીજો રાગ, શુભરાગ એના લક્ષે લક્ષિત અચેતન છે. અચેતન છે. એ ચેતનાલક્ષણે લક્ષિત એનું પ્રતીતને અંતર વાળવા પહેલાં અચેતનની પ્રતીતિથી ભિન્ન આત્માની પ્રતીતિ અને લક્ષ આવે એટલો વ્યવહાર વચમાં આવે છે. ગમે એટલો કોઈ પ્રાણી હોય તો આટલું આવ્યા વિના રહેતું નથી.

હવે કહે છે, '**વ્યવહારનય જેમને હસ્તાવલમ્બ છે તેઓ કેવા છે?**' વ્યવહારનય જેમનું નિમિત્તરૂપે હસ્તાવલંબ જે કહ્યું હતું, હાથ પકડીને ઊંચો લાવવાનું કહ્યું હતું એ વ્યવહારનય જેમને હસ્તાવલમ્બ નામ હાથમાં ટેકો, પણ કોનો ટેકો હોય? જે માણસ દાદરે ચડતો હોય જાતે એને ઓલો કઠોડો ઓલું લાકડું બાંધે છેને? શું કહેવાય? અત્યારે હવે તો એવા ક્યાં રહ્યા છે? હવે તો એ બધી જાત ફરી ગઈ છેને. ઓલા લાકડા આડુ હોય એમાં હાથ રાખે હાથ. એ તમારી ભાષા હશે. આ કઠોડો આપણે સમજીએ આપણી સાદી ભાષામાં. એ લાકડું બાંધે. બે ત્રણ લાકડા હોય અને પછી આમ ટેકો દઈને ચડે. ચડે છે પોતાથી હોં. એ લાકડાનું નિમિત્ત થયું લક્ષ, પણ એ ચડવાની ક્રિયા એનો આધાર છોડીને થાય એ તો પછી થાય છે. આહા..હા..! શું હશે આ તે આ? પ્રવિણભાઈ! આ કેવી જાતનો ધર્મ હશે આ? આહા..હા..!

કહે છે કે '**વ્યવહારનય જેમને હસ્તાવલમ્બ છે તેઓ કેવા છે?**' જુઓ, વ્યવહારની વ્યાખ્યા પહેલી કરી હતી 'જેટલું કથન.' અચેતન કર્મથી.. એ વ્યવહાર. .. જેને હસ્તાવલંબ કહેવામાં આવે છે. '**प्राक्पदव्यामिह निहितपदानां**' '**इह**' શબ્દમાં '**વિદ્યમાન એવી જે...**' '**प्राक्पदव्याम्**' '**જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા, તેમાં...**' એ લક્ષ કરે છે એ વ્યવહાર આવ્યો વચમાં '**જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા,...**' એટલે આ જ્ઞાનલક્ષણે લક્ષિત એવો જે વ્યવહાર એને હસ્તાવલંબ કહેવામાં આવે છે. '**જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા,**

**તેમાં...' 'निहितपदानां' 'નિહિત-સ્થાપેલ છે પદ-સર્વસ્વ જેમણે, એવા છે.'** એટલે લક્ષ હજી અચેતનની પ્રતીતિથી ખસી અને ચેતના લક્ષણ એવો આત્મા એવો જેણે લક્ષમાં રાખી લીધો છે. સમજાય છે? એને આ છે.

**'ભાવાર્થ આમ છે—જે કોઈ સહજપણે અજ્ઞાની છે,...'** જુઓ, વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો અનુભવ નથી, એને અતીન્દ્રિય આનંદની સમ્યક્ પ્રતીતિ નથી, એનું વેદન નથી, એવો જે અજ્ઞાની. જે રાગ અને પુણ્યના વિકલ્પમાં એકલો રચ્યો, પચ્યો રહે છે. અહીં તો પુણ્યની વાત વધારે લેવી છે. કારણ કે સાંભળવા આવ્યો ત્યાં સુધી તો એને વિકલ્પ છેને એવો? સમજાણું કાંઈ? **'જે કોઈ સહજપણે અજ્ઞાની છે,...'** શું કીધું? ત્યાં એમ કહે છે નિમિત્ત સારા મળ્યા હતા, ભગવાન પાસે ગયો, કેમ નિમિત્તે લાભ ન થયો? દર્શનમોહનું કર્મ અંદર એક અંતર નિમિત્ત હતું એ ખસ્યો નહિ માટે લાભ ન થયો. અરે! ભગવાન! શું કહે છે તું? પ્રભુ! આ શું કહ્યું તે આ? ઉંધા પડ્યામાં એ સવળું તારું માન નહિ, એ સવળા પડ્યાનું માનવું કેમ તને પ્રગટે?

કહે છે, શું ભાષા થઈ? **'જે કોઈ સહજપણે અજ્ઞાની છે,...'** સહજ સ્વરૂપનું ભાન ભૂલેલો છે બસ પોતાને કારણે. કર્મને.. સહજ શબ્દ મૂક્યો છે. સહજ એટલે શું? કોઈએ કરાવ્યું છે અને કર્યું છે એમ નહિ. સહજ નિશ્ચયથી, સહજ એટલે નિશ્ચયથી સ્વભાવ આનંદ અને જ્ઞાનને ભૂલી અને અજ્ઞાનની દશામાં પડ્યો છે. એ સર્વસ્વ લક્ષ હજી પરથી હઠાવી અને સ્વમાં આવ્યો નથી, એવો જે જીવ સર્વસ્વ... જુઓ, શબ્દ છે. એકફેરી સર્વસ્વ શબ્દ આવી ગયો હતો. ચિત્સ્વભાવ એમાં આવ્યું હતુંને? આત્મા કેવો છે? કે ચિત્સ્વભાવાય. ચિત્સ્વભાવ. સ્વભાવ એટલે કે સર્વસ્વ જેનું એનું. અહીં સર્વથા જ આવ્યું. ઓલું સર્વસ્વ. આત્મા એનો ગુણ .. સર્વસ્વ સ્વભાવ છે. એમ જેણે લક્ષમાં, પરમાં જે લક્ષ કર્યું છે, સર્વસ્વ .. પરમાં, પોતામાં આવ્યો નથી. આહા..હા..! ભાષા પણ કેવી કરી છેને. ભાઈ કહેતા હતા કાલે કે ભારે આ કળશટીકા. હીરાચંદભાઈ નહિ? ક્યાં ગયા? નથી આવ્યા? વ્યાખ્યાન .. કે ભાઈ ટીકા ભારે તો કળશટીકાકાર. આ બહાર આવશે તો.. હજી આ તો પહેલુંવહેલું વાંચન ચાલે છે શરૂઆતનું.

કહે છે, ભગવાન! સાંભળ તારી ધર્મકથા. એ ધર્મકથાનું લક્ષ ચેતનાલક્ષણે લક્ષિત કરાવ્યું, એમાં જે ઉભો છે હજી. અંદર અનુભવમાં આવ્યો નથી. એ સહજરૂપે અજ્ઞાની છે. જેનું ભગવાન આત્માના અંતરમાં જ્ઞાન ખુલ્યું નથી, અંતરમાં ભાન કોણ છે એ ભૂલ્યો નથી. **'જીવાદિ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ...'** એક વાત. એક તો સહજ જ્ઞાની છે એમ વાત સિદ્ધ કરી. પોતાનો આનંદનો અનંતગુણનો પિંડ પ્રભુ દરબાર, અનંત .. ગુણનો .. એવો આત્મ દરબાર જેણે અંતરમાં જાણ્યો, જોયો, અનુભવ્યો નથી. અંદર દરબાર છે એકલો. ભગવાનના દરબારમાં અંદર આવ્યો નથી, અનુભવ્યો નથી એ સહજજ્ઞાની અને અજ્ઞાની હોવા

છતાં ઓલી જિજ્ઞાસાની મર્યાદા બતાવે છે. એની જિજ્ઞાસા '**જીવાદિ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે,...**' જુઓ, શું કહ્યું? બીજી વાત નહિ. વસ્તુ જડ શું, ચેતન શું, એના ગુણ શું? એની દશા શું? '**દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે,..**' સમજાણું કાંઈ? સહજ અજ્ઞાની છે, ભાન નથી. આ ધર્મ છે શું? એ તે પર્યાયો હશે? ગુણ હશે? કે વસ્તુ હશે? સમજાણું? ધર્મ શું હશે? પાપ શું હશે? પુણ્ય શું હશે? આ દેખાય એ શું હશે? કે જેને જીવ આદિ એમ શબ્દ છેને? ષટ્દ્રવ્ય. જીવ, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ એ બધા પદાર્થો છે. જુઓ, પદાર્થો છે. એટલું તો એણે એને લક્ષમાં અંદર જિજ્ઞાસા જાણવાની થઈ છે. પદાર્થો જ નથી એમ.. એને તો .. દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાની ઈચ્છા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

જેને જીવ-અજીવ આદિ. શું છે આ? .. વસ્તુ કોને કહેવી? શક્તિ કોને કહેવી? જેના ગુણ અને એની દશા હાલત કોને કહેવી? જુઓ, આ શિષ્યને આવો લીધો છે. એ છ દ્રવ્યના દ્રવ્ય અને ગુણ અને પર્યાયને જાણવું એ .. કોઈ બીજું કામ નથી. દુનિયામાં માન મળે કે મોટો થાવ કે આ થાવ કે... માર્ગ પ્રભુ આ છ વસ્તુ છે ભગવાને કહેલી, એમાં એક હું આત્મા છું. તો મારા આત્મા દ્રવ્યે શું વસ્તુએ? એનો ગુણ શું? એની દશા શું? આ પરમાણુઓ છે એના રજકણો છે એના દ્રવ્ય વસ્તુ કોને કહેવી? એની ગુણ શક્તિ કોને કહેવી? એની પર્યાય કોને કહેવી? કેમકે એને શક્તિએ સમજવું છે એટલે સમજવાનો અણસમજણથી, અણસમજણે સમજણ થાય એવી પર્યાય શું? અને એ સમજણની પર્યાયનો ધરનાર ગુણ શું અને એ ગુણનો ધરનાર દ્રવ્ય શું? સમજાય છે કે નહિ આમાં? ગિરધરભાઈ! કહો, શું કરવું આમાં? જેને ત્રણ જ્ઞાન થાય, ક્ષાયિકસમકિતી હોય તો એ લડવાની ભાષા બોલે છે. રતિભાઈ! બોલે તો નહિ જ એ. તો આવે ખરી એ ભાષા. સમજાણું કાંઈ? એ આવે. કારણ કે ત્રણ જ્ઞાનના ધણી ચક્રવર્તી તીર્થંકરો, ક્ષાયિકસમકિત, આત્મ અનુભવ, પણ જ્યાં સુધી હજી રાગભાગ છે, રાગ છે, કાંઈ રાગરહિત દશા થઈ નથી. હજારો રાણી હોય, છન્નું હજાર રાણી હોય, છન્નું કરોડ પાયદળ હોય, કે ભારે આવું જે આ મારાથી જુદું એ એમાં કેમ રહે? પણ એમાં રહ્યો જ નથી. જે દેખાય માટે એમાં રહ્યો એમ કહ્યું કોણે? અને તેનામાં જ્યાં સુધી રાગ છે, રાગ છે હજી વીતરાગ થયા નથી. ભાષા રાગ અનુસાર આવે. ... સમજાય છે?

ચક્રવર્તી છ ખંડના ધણી ભરતચક્રવર્તી ત્રણ જ્ઞાન અને ક્ષાયિકસમકિત .. સાધવા ગયા ઓલા .. તોફાન કર્યું. મલિચ્છ રાજાને તાબે કરવા ગયા તો મલિચ્છ રાજા શૂરવીર હતા. મહારાજ સાહેબ કે આ કોઈ દિ' અમે .. કોક તાબે કરવા આવ્યો છે. માટે તમે કુળદેવતા છો કરો કાંઈક. વરસાદ સાત દિન અને સાત રાત મુશળધારા માથે. ભરતને વિચાર થાય છે કે આ શું? આ દશા કુદરતી નથી. કુદરતી હોય એમાં વિસામો આવે, આતરો પડે, થોડો

પડે, આમ થાય, આ વરસાદ એકધારો વરસે છે માટે આ કુદરત નહિ, કોઈ કૃત્રિમ છે કોઈ કરનાર. ..ને હુકમ કર્યો. .. છેને. જાવ. કોણ છે એ કરનાર? જુઓ, ભાઈ આવી ભાષા કેમ આવી? કેશુભાઈ! જ્ઞાની છેને. એય..! ..ભાઈ! એવી ભાષા કેમ આવી? ભાવ અનુસાર ભાષા કેમ આવી? કાલે નહોતું કહ્યું સર્વજ્ઞ અનુસારીણી ભાષા. પણ રાગ અનુસારી ભાષા, રાગ છે એટલો. હજી દ્વેષ પણ છે. ભાન છે કે રાગ અને દ્વેષ એ મારું સ્વરૂપ (નથી). ભિન્ન વિવેકમાં વર્તે છે. છતાં વિવેક કોને કહીએ? બે હોય તો વિવેક કહીએ. રાગ છે, દ્વેષ છે, વાસના છે, વિષયની આદિ રાગની વાસના પણ છે. પણ એ અને હું બે જુદાં એવી વિવેક પણ વર્તે છે અને વિવેકમાં બે વર્તે છે. ..ભાવ અને રાગની પૃથક્તા એટલે વાણી પણ એવી નીકળે છે. જાવ કહે. કોણ જયકુમાર જાય છેને. એના દીવાન છે. દીવાન એટલે ઓલો લશ્કરનો. લશ્કર અધિકાર સેનાપતિ. મોટો એકાવતારી એ ભવે મોક્ષ જનાર, એ ભવે મોક્ષ જનાર. વૃષભદેવમાં ગણધર થનાર જયકુમાર ગણધર થનાર. એ જાય છે ઓલા પાસે. .. દેવને વશ કરી... નામ આપો કાંઈક. શું કીધું એ? ... લ્યો .. થાય એ .. બિરૂદ આપે છે. ઈલ્કાબ આપે .. એલા તમે સમકિતી છોને. કાંઈક .. સાંભળને હવે. કોણ એ તો વિકલ્પ એવો હોય છે, વાણી પણ એ કાળે હોય. .. લીધો એ ભવે એને મોક્ષ જાવું. એ ભવે ચરમ શરીરી બેયના. સેનાપતિ અને ચક્રવર્તી બેયના છેલ્લા શરીર. હવે છેલ્લું એ બીજું છે નહિ.

એ અંતરની દૃષ્ટિમાં એ રાગ એ નહિ, આ પણ નહિ એવો વિવેક અંતર ભેદજ્ઞાન વર્તે છતાં ત્યારે ભેદ કહ્યોને. નહિતર એકલું ભેદજ્ઞાન એકલું અભેદ.. તેને રાગાદિ આ તો ભેદ છે તે બે પ્રકાર છે. એટલે જેટલો રાગ પ્રકાર છે તેટલી ભાષાથી પ્રકારે આવે. આમ કહે છે કે ભાષા જ્ઞાનીને આવે છે એવી. કેમ? વિકલ્પ એને આવે છે. હજી એને ભેદ હજી છે, સર્વથા અભેદ થઈ ગયો નથી. કેવળજ્ઞાની થઈ જાય એને વિકલ્પ હોય નહિ સમજાવાનો. એ વાણી .. કારણે નીકળે. એમ સમજનારને અને સમજાવનારને બેયને હજી ભેદ પૂર્ણ થયો નથી એટલે એને.. આ ચેતના તે ભગવાન આત્મા.

પણ **'જીવાદિ પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે,...'** આ ભાષા લીધી ભાઈએ લ્યો. **'દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે,...'** ઓહો..હો..! જેને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું હોય, જેને આત્મદર્શન પ્રાપ્ત કરવું હોય એની અભિલાષામાં દ્રવ્ય, ગુણ અને પર્યાય જાણવાની અભિલાષા પહેલી આવે. એમ સિદ્ધ કરે છે.

**શ્રોતા :-** કરવાનું નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવાનું તો કહ્યું આ એ જ કીધું આમાં. તે આને જાણવાની વાત. નવરંગભાઈ!

'જીવાદિ...' .. જ્ઞાન હોય એને '**જીવાદિ પદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે,...**' પહેલું આ કરે ને આ થાય આ કરું તો આ થાય એવા અજ્ઞાનીને પણ આત્મજ્ઞાન સમજવા માટે અભિલાષા, વસ્તુ અને વસ્તુની શક્તિઓની અને એની દશાની અભિલાષા છે. સમજાણું કાંઈ? ચોખવટ તે ભારે કરી છેને. હજી અહીં ખબર ન મળે દ્રવ્ય-ગુણ-પર્યાય કોને કહેવા. પણ ધર્મ શું છે અને ધર્મ પર્યાય છે, ધર્મ તે ગુણ છે, ધર્મ તે પદાર્થ છે. સામાયિક. તો સામાયિક શું હશે ખબર તને? એ સામાયિક કોઈ દશા હશે? સામાયિક કોઈ શક્તિ હશે? સામાયિક કોઈ પદાર્થ હશે? પાઠમાં સામાયિક આવે શબ્દોમાં? એ તો જડની પર્યાય છે. એને પર્યાયને ખબર નથી કે આ જડની પર્યાય છે. વાણી નીકળે એ જડની પર્યાય છે. શરીર આમ બેસે, તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં. આ તો જડની પર્યાય છે આમ થઈ એ. એમ આત્માની કઈ પર્યાય એમાં આવી? કે તને કાંઈક લાભ થાય એવી કઈ પર્યાય છે આમાં? આ પર્યાય આમ થઈ એમાં તને લાભ થાય? એ તો જડની પર્યાય છે. ... ભગવાન! શું કર્યું તે? આહા..હા..!

એક જણો કહેતો હતો. જુવાન છેને એલ.એલ.બી. થયેલ. રાજમલ નહિ ત્યાં ઓલા .. સાથે. રાજમલ કહે જીવતા શરીરથી ધર્મ ક્રિયા થાય કે નહિ? અરેરે! અમને લજવ્યા કાંઈક. આવા પ્રશ્નો કરીને પંડિતોએ જૈન ધર્મને લજવ્યો. આવા પંડિતો હશે જૈનના? જીવતા શરીરથી ક્રિયા ધર્મની થાય છે અને આવા પ્રશ્ન. એ રાજમલ તીખો માણસ જરી કડક છે. એલ.એલ.બી. થયેલો જુઓને ન કહ્યો નાનો. કુચામણનો. બે-ત્રણવાર નાપાસ થયો. એલ.એલ.બી.ની પરીક્ષા આપવામાં. પણ બુદ્ધિની થનગનાટ છે. બુદ્ધિ .. ઉઘાડ એટલો છે. ઘણું જાત ઘણી જાત. આવા પ્રશ્નો? વીતરાગમાર્ગની અંદર જીવતા શરીરથી ધર્મ ક્રિયા થાય એવા પંડિતોના પ્રશ્નો? આહા..હા..! અહીં તો કહે છે કે ભેદ પડીને લક્ષ થાય, આ ચેતન હું અને આ નહિ એવી પ્રતીત થાય એ પણ ધર્મનું કારણ નથી. આહા..હા..! શું કીધું?

'**જીવાદિ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ...**' એનું સ્વરૂપ '**જાણવાના અભિલાષી છે,...**' અજ્ઞાનીને આ અભિલાષા પહેલી થાય છે. આ તે જડની પર્યાય છે અવસ્થા, એ જડના ગુણો, અને જડનું દ્રવ્ય શું? મારું વસ્તુ શું? મારા ગુણો શું? મારી દશા શું? બેમાં ભેદ શું? છને જુદી જુદી જાતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાની અભિલાષા. બીજું .. કરે એમ નથી અહીંયાં કે આટલા પહેલાં વ્રત લઈ લ્યો અને પછી સમ્યગ્દર્શન. એ તો .. કહે છે ઓલામાં. આ . ક્રિયા પહેલી કરે ત્યારે એને આ થાય. .. કરે તો આ થાય. ભગવાન! બાપુ! દેહ છૂટી જશે હોં! કોઈ શરણ નહિ થાય ત્યાં. આમ ફાટ્યું. ડોક્ટર ડોક્ટર હાલ નાખતા હશે કે નહિ ત્યાં? ડોક્ટરને કોણ હાલ નાખે?

કહે છે. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગના માર્ગમાં અજ્ઞાની અનાદિના .. થતાં એનું છે વસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની જાણવાની ઈચ્છા થાય, જાણવાની

અભિલાષા પહેલાંમાં પહેલી થાય. '**તેમના માટે...**' જેને આવી અભિલાષા છે એના માટે '**ગુણ-ગુણીભેદરૂપ કથન યોગ્ય છે.**' જુઓ! બીજાને માટે પાછું ..કરીને કાઢી નાખ્યું. ઓલો .. મારે શું કરવું? મારે આ કરવું? હવે સાંભળને પણ તારે દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાની અભિલાષા છે કે બીજી? લાલુભાઈ! . દ્રવ્ય-ગુણ-પર્યાય કોને કહેવા એ કોઈ દિ' પ્રશ્ન જ નથી પૂછ્યો. ..

**શ્રોતા :-** આમાં તો એમ લખ્યું છેને સહજરૂપે અજ્ઞાનીઓએ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કે .. ભલે અજ્ઞાનીના .. પણ હાથે કરીને અજ્ઞાની માને? આહા..હા..! પોતાને તો અજ્ઞાન જ ખપતો નથી.. વસ્તુનું ભાન જ નથી કે મારી દશા શું? હું કોણ? મારો સ્વભાવ શું? વસ્તુ કોણ? વસ્તુનો સ્વભાવ શું? એની દશા શું? ભગવાન! ધર્મ મારે સમજવો છે એમાં દ્રવ્ય-ગુણ-પર્યાય શું? '**તેમના માટે ગુણ-ગુણીભેદરૂપ કથન યોગ્ય છે.**' જુઓ, એને માટે આટલું કથન વ્યાજબી છે. બીજાને સંભળાવાનું કાંઈ કામ નથી. આહા..હા..!

**શ્રોતા :-** બીજા સાંભળવાને લાયક નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાયક જ નથી બીજા. આ દેહમાં આમ થા કે ઓહો..! આ તે ધર્મ કરવો છે પણ મારે કાંઈક અધર્મ છે મારામાં એ કરી શકે છે, તો એ પર્યાય છે. તો એ પર્યાય શું? મારે ધર્મ કરવો છે તો એ ધર્મ ક્યાંથી આવે?

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૧૯૨-૧૯૬૪, ગાથા-૪૯-૫૦ કળશ-૭૩, પ્રવચન નં. ૪૦૩

આ (શ્રી નિયમસાર, ગાથા-૪૯ની ટીકાના આધાર તરીકે) સમયસારનો પાંચમો કળશ છે. એમાં એમ કહ્યું પહેલેથી ચાલ્યું આવે છે કે વસ્તુ તો નિર્વિકલ્પ આત્મા છે. એટલે શું? અહીં વ્યવહારનય પહેલી સમજણના અંગ તરીકે હોય છે એ વાત જરી કહે છે. સમજણના અંગ તરીકે. એ શું? વસ્તુ છે એ તો આત્મા અનંતગુણનો એક અભેદ પદાર્થ છે. એનો અંતર અનુભવ થતાં એને ભેદનું કથન એને હોતું નથી. ભેદ રહેતો નથી. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અનુભવ થતાં શુદ્ધ આત્માના સ્વભાવ તરફ પ્રત્યક્ષ જ્ઞાનના વેદનની દૃષ્ટિમાં ત્યાં ગુણ અને આ ગુણી એવા ભેદ કથનમાં કે લક્ષમાં હોતા-રહેતા નથી. પણ કહે છે કે '**प्राक्पदव्यामिह निहितपदानां**' અહીંથી રહ્યું છેને? શું ઉતાવળ થઈ હતી? બે લીટી એકદમ થઈ ગઈ હતી

એમ કહે છે. '**વિદ્યમાન એવી જે જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા, તેમાં...**' હસ્તાવલંબ છે ઈ? '**ગુણ-ગુણીભેદરૂપ કથન યોગ્ય છે.**' ઈ? '**જેમને હસ્તાવલમ્બ છે તેઓ કેવા છે?**' એમ. એ કેવો છે? વ્યવહારનય જેને નિમિત્તરૂપે હસ્તાવલંબ તરીકે હોય એ જીવ કેવો છે? એમ વાત ચાલે છે. અને એ વ્યવહારનું શું સ્વરૂપ છે એ બેય વાત ચાલે છે.

'प्राक्पदव्यामिह निहितपदानां' '**વિદ્યમાન એવી જે જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા,...**' આત્માના શુદ્ધ અનુભવના સમ્યગ્જ્ઞાનના કાળ પહેલાં વ્યવહારુ જ્ઞાન થવા માટે, જેને માથે જ્ઞાનનું અંગ કહ્યું હતું, એ જ્ઞાનનું અંગ એ અનુભવ નથી હજી. '**ઊપજતાં પ્રારંભિક અવસ્થા, તેમાં નિહિત-સ્થાપેલ છે પદ-સર્વસ્વ જેમણે,...**' હજી લક્ષ ગુણી આત્મા અને જ્ઞાન અને આનંદ આદિ ગુણ એવા ભેદરૂપ જેનું લક્ષ રહેલું છે, બધું લક્ષ ત્યાં છે, હજી અનુભવમાં આવ્યો નથી. સમજાય છે કાંઈ?

'**ભાવાર્થ આમ છે—જે કોઈ સહજપણે અજ્ઞાની...**' જુઓ, ખુલાસો કર્યો છે એ તો. જે હજી આત્મા આનંદનો સ્વભાવ અને શાંતિનો અનુભવ કર્યો નથી અનાદિથી અને અજ્ઞાની એટલે મિથ્યાદૃષ્ટિ અનાદિનો છે. '**જીવાદિ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે,...**' એની શરૂઆત અહીંથી થાય છે કે આત્મા, પુદ્‌ગલ એ દ્રવ્ય શું છે એટલે વસ્તુ શું? એના ગુણ શું? એની પર્યાય શું? એનો જાણવાનો પહેલો અભિલાષી થાય છે. કહો, સમજાય છે કાંઈ? આત્માનો અનુભવ કરવા પહેલાં, આત્માનું સમ્યગ્દર્શન પ્રત્યક્ષ વેદન થવા પહેલાં અજ્ઞાની હતો એ જીવાદિ છ દ્રવ્યના. છ ગુણો એની જાતના અને છ પ્રકારની એની પર્યાયો. એના '**દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે,...**' બીજી વાત નહિ. આ વસ્તુ શું છે? બીજાથી ભિન્ન પાડવા માટે એનું લક્ષણ શું? અથવા એના ગુણો શું? એની પર્યાય શું? એમ જેને સમ્યગ્દર્શન થવા પહેલાં દ્રવ્ય, ગુણ અને પર્યાયને જાણવાની જેની જિજ્ઞાસા છે, '**તેમના માટે...**' એને માટે. એટલે ત્યાં એની હદ બાંધી.

જેને આત્મ અનુભવ કરવા પહેલાં એટલે ધર્મ થવા પહેલાં એટલે સમ્યગ્દર્શન થવા પહેલાં એને દ્રવ્ય-ગુણ-પર્યાય છ દ્રવ્યના જાણવાની અભિલાષા છે. બીજું કાંઈ કરું, વ્રત કરું અને દયા પાળું એ એની ઈચ્છા છે જ નહિ. કારણ કે એ સમજે છે કે વસ્તુ સમ્યગ્દર્શન વિના સ્વરૂપમાં રમણતા (થતી નથી) એટલું તો એણે લક્ષમાં લીધું છે. સમ્યગ્દર્શન થવા પહેલાં ફક્ત દ્રવ્ય, ગુણ અને પર્યાય. વસ્તુ અખંડ શું? એના સ્વભાવની શક્તિઓનું માપ, ગુણ શું અને એની વર્તમાન અંશરૂપી દશા શું? એવું જેને જાણવાની અભિલાષા છે. '**તેમના માટે ગુણ-ગુણીભેદરૂપ...**' એને માટે બેય વાત કરી દીધી. સમજનાર દ્રવ્ય-ગુણ-પર્યાય સમજવા માગે છે વસ્તુના અનુભવ પહેલાં, ધર્મની દૃષ્ટિ અંતર્મુખ થયા પહેલાં એ દ્રવ્ય-ગુણ-પર્યાય જાણવા ઈચ્છે એને માટે. એટલે બીજા માટે વાત નથી આ. સમજાય છે કાંઈ?

'**ગુણ-ગુણીભેદરૂપ કથન યોગ્ય છે.**' એવા જીવ માટે ભગવાન આત્મા ગુણી એટલે પદાર્થ અને એ જ્ઞાનગુણવાળો, દર્શનગુણવાળો, શાંતિ, ચારિત્રગુણવાળો એવું ભેદ કથન તેવા જીવ માટે પ્રથમ દરજ્જામાં વ્યાજબી છે. કહો, અહીં સુધી આવ્યું હતું કાલે. બરાબર છે?

'**हन्त तदपि एषः न किञ्चित्**' આત્મા અંતરની દૃષ્ટિનો ધર્મ અનુભવ એટલે કે પ્રત્યક્ષ જ્ઞાન. સમ્યગ્દર્શનમાં મતિ-શ્રુતજ્ઞાનનું પ્રત્યક્ષ જ્ઞાન. મતિ અને શ્રુતજ્ઞાન આત્માને સીધો પકડીને વેદે એમાં જે થતી પ્રતીતિ એવું થવા પહેલાં જીવોની જિજ્ઞાસા ધર્મ શું? પર્યાય શું? ગુણ શું? દ્રવ્ય શું છએ દ્રવ્યના? એટલે પહેલી એને પ્રતીત તો એટલી આવે છે કે છ દ્રવ્ય છે. છ દ્રવ્ય છે. એમાં હું પણ એક છું. તો એમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયો શું? એવી જેને જાણવાની જિજ્ઞાસા છે. એને માટે ગુણ-ગુણી ભેદરૂપ કથન વ્યાજબી છે. એ વસ્તુ તો અભેદ હોવા છતાં એ તો આનંદવાળો નથી, આનંદસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ જ છે. આનંદની મૂર્તિ એ તો અભેદ ચૈતન્ય નિર્વિકલ્પ વસ્તુ એ તો માથે પહેલું આવી ગયું છે. બીજી લીટી. '**જીવવસ્તુ નિર્વિકલ્પ છે.**' એ જ્ઞાનગમ્ય છે. ત્રીજી લીટીનો પહેલો શબ્દ. એ તો જ્ઞાનને ગમ્ય અનુભવ થાય છે. પણ જેને અંતર જ્ઞાનની દૃષ્ટિ વડે, અંતર સ્વભાવનો અનુભવ થઈને પ્રત્યક્ષ મતિશ્રુત થઈને સમ્યક્ થયું નથી એવા જીવને વસ્તુ નિર્વિકલ્પ અને અભેદ હોવા છતાં 'ગુણીનો આ ગુણ' એવું ભેદ પાડીને કહેવું તે વ્યવહારે વ્યાજબી છે. મોહનભાઈ! સમજાણું આમાં? આમાં બીજું કાંઈ ન લીધું કે આમાં કેટલું દાન અમારે શું કરવું? એવું નથી લીધું લ્યો! એ પ્રભુભાઈ! બેય બેઠા છે જુઓ.

અમારે તો આ આત્મા શું? એનું દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? આ પરમાણુના દ્રવ્ય શું? ગુણ શું? પર્યાય શું? એમ છએ દ્રવ્યની અંદર વસ્તુ શું? જુઓ, આ મૂળ ચીજ જૈનના... જૈન એટલે કે જીતવું, સ્વરૂપનું ભાન કરવું. અનંત આનંદમૂર્તિનું અંતર સમ્યગ્દર્શનને કાળે સાક્ષાત્ આનંદનું પ્રત્યક્ષ વેદન એવો જે ધર્મભાવ પ્રગટવા પહેલાં જિજ્ઞાસુને દ્રવ્ય-ગુણ-પર્યાયની જાણવાની અભિલાષા થાય. એને માટે ગુણીનો, ગુણનો ભેદ કરીને સમજાવવું તે વ્યાજબી છે. સમજાય છે કાંઈ?

'**हन्तः**' છતાં આચાર્ય હવે કહે છે. '**જોકે વ્યવહારનય હસ્તાવલમ્બ છે...**' એને ભેદ કથનથી સમજાવવું પડે છે અને એ સમજનાર અનુભવ કરવા પહેલાં એ ગુણી આ આત્મા અને આનંદ એનો ગુણ કે ગુણી આત્મા કે જ્ઞાનગુણ એવો વ્યવહાર એના લક્ષમાં પહેલો વિકલ્પસહિત આવે છે. '**हन्तः**' '**તોપણ કાંઈ નથી,...**' એ ભેદના કથનમાં આત્માને કાંઈ લાભ નથી. સમજાય છે કાંઈ? લ્યો! ભગવાન આત્મા અનંતગુણનો પિંડ અને આ ગુણ એવું સમજનારને માટે પણ વિકલ્પ એ કાંઈ કામનો નથી. કહેનારને માટે વિકલ્પ છે એ વ્યવહારથી આવ્યો એને પણ કાંઈ કામનો નથી. સમજાય છે?

'**हन्तः**' કરીને જરી ખેદ બતાવ્યો છે કે અરેરે! શું કરે? એ વચ્ચે ગુણીમાંથી ગુણને

ભેદ પાડીને લક્ષ કરાવવું છે, પણ એ કાંઈ ચીજ નથી. એ ભેદ ઉપર લક્ષ રહે એ કોઈ અનુભવનું કારણ નથી, એ કાંઈ સમ્યગ્દર્શનનું કારણ નથી. આહા..હા..! પણ એવું પહેલું અજ્ઞાની અનાદિનો છે એથી બીજી વાત મૂકી દઈને કે કષાયની મંદતા આમ કર કે ફલાણું આમ કર કે... ઓલો એમ કહે કે પહેલી અમારે કષાયની મંદતા કેમ કરવી? એમ પણ પૂછતો નથી. એણે તો આ દ્રવ્ય-ગુણ અને પર્યાય કોને કહેવા? બસ પ્રભુ! એ વસ્તુનું સ્વરૂપ અખંડરૂપ, ગુણરૂપ અને પર્યાયરૂપ શું છે? એવી જિજ્ઞાસાવંતને એને (કહે છે કે) ભાઈ! આ જ્ઞાન જાણે છેને, એ જાણવાવાળો આત્મા. જાણે છે તે આત્મા. એમ કરીને તેની અચેતનની પ્રતીતિથી ભિન્ન પોતાના વળવા તરફ એનું લક્ષ જાય છે. હજી લક્ષ જાય છે. એવું ગુણ-ગુણીના ગુણરૂપ ભેદરૂપ વિકલ્પ હસ્તાવલંબ નિમિત્તરૂપે આવ્યું-આવે એમ કહેવામાં આવ્યું છે.

**'તોપણ કાંઈ નથી,...'** એમાં કાંઈ લાભ નથી. તથાપિ આપણે આવ્યું હતું, ભાઈ! પહેલું તથાપિ આવ્યું હતુંને? એક ઠેકાણે આવ્યું હતુંને? નહોતું આવ્યું? ક્યાંક આવ્યું હતું નહિ તથાપિ? શેમાં આવ્યું હતું? ક્યાંક આવ્યું હતુંને. હવે પછીમાં આવ્યું હતું ઠીક. પાંચમી ચાલે છેને આ? તથાપિ શું આવ્યું હતુંને. આ ઓલા જૂઠાં છે એ નહોતું આવ્યું સવારમાં? સવારમાં આવ્યું હતુંને? હા, હા. પાંચમે પાને છે કે નહિ? એ પાંચમે પાને. ચોથા કળશને પાંચમે પાને સવારમાં આવ્યું હતું. એ જીવને આવો એવી કલ્પના સમજ્યા વિના કરે છે **'તોપણ તેઓ જ જૂઠાં છે...'** એ સવારમાં આવ્યું હતું. આઠમી લીટી નહિ, લીટી તો પાંચમી છે. પાંચમે પાને લીટી પાંચમી. આઠમી છે એમાં ઠીક. આમાં પાંચમી છે. છાપેલી છે આ. આ પાંચમી છે આમાં. શું કહ્યું? કે જેમ વસ્તુ તો વસ્તુ તરીકે છે શુદ્ધ સ્વભાવે, પર્યાયે અશુદ્ધ, નિત્ય, અનિત્ય આદિ એમાં એકાંતપક્ષીઓ એને માટે ગમે તે રીતે કલ્પે એ પોતે જૂઠાં છે. વસ્તુ તો જેમ છે તેમ છે.

એમ અહીંયાં વસ્તુ અખંડાનંદ પ્રભુ પોતાનો પરમાત્મસ્વભાવ એકરૂપે છે. એને અજ્ઞાની અનાદિનો છે અને સમજવા માગે છે ભેદથી, દ્રવ્ય-ગુણ-પર્યાયથી. એથી એને જરી ટૂંકામાં (સમજાવે છે કે) જો ભાઈ! આ જ્ઞાન તે આત્મા. અંદર જ્ઞાન જુદું પડતું નથી. એવું કહેવું એને વ્યવહાર આવે છે, કહેવો પડે છે અને છે. **'તોપણ કાંઈ નથી, 'નોંધ'** (જ્ઞાન, સમજ) **કરતાં જૂઠો છે.'** એ સમ્યક્ અનુભવ કરતાં એ બધા ભેદો જૂઠાં છે. શું કહ્યું સમજાણું આમાં? **'નોંધ'** હજી આવશે આપણે ઓલી ગાથામાં આવશે. ચોથી બાકી છેને ભાઈ હજી? નહિ? ઓલામાં આવે છેને નોંધ કેવળજ્ઞાનમાં છે. એ આપણે ચોથી બાકી છેને થોડી? આ જીવ આ સમયે મોક્ષ જશે એવી નોંધ સમજ કેવળજ્ઞાનમાં છે. એ પણ પાંચમે પાને છે આમાં. એ બાકી છે આપણે હજી. **'વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.'** કેવળજ્ઞાનની એક સમયની.. એ સવારે આવશે હજી ઘણું. થોડું બાકી છેને? આ જીવ આ સમયે મોક્ષ જાશે એવી નોંધ નામ સમજ નામ જ્ઞાન કેવળજ્ઞાનમાં છે. એ શું? એ પછી

એનો છે વિસ્તાર. આ તો અહીં નોંધ કીધું છે એનો અર્થ. એ નોંધનો અર્થ. '**તોપણ કાંઈ નથી,...**' અરે ભગવાન! આમ ગુણી ભગવાન, અનંત ગુણવાળો અને આ ગુણ એવું ભેદનું લક્ષ કાંઈ કામનું નથી, કાંઈ કામનું નથી. આહા..હા..!

**શ્રોતા :-** .. ટેકો આપે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ટેકો કીધુંને એ તો નિમિત્તરૂપે કહેવા માટે છે. નિમિત્તરૂપે વ્યવહાર કહેવામાત્ર છે, વસ્તુ માટે કાંઈ લાભ કરતો નથી. તેથી તો હંત કહ્યું છે. શું કરીએ? બીજો કોઈ ઉપાય નથી કે અંદર ગુણીનો એકદમ અનુભવ કરે. એટલે આ આત્મા એવું જ્ઞાનનું લક્ષ વડે કરીને, જ્ઞાન તે આ આત્મા એવો ભેદનો વિકલ્પ સમજાવવો પડે અને આવે એ આવ્યા વિના ઉપાય નથી. છતાં એ '**(જ્ઞાન, સમજ) કરતાં જૂઠો છે.**' સમ્યગ્દર્શન અંતર અભેદ અનુભવ કરવા એ ભેદનું લક્ષ એને છોડી દેવું પડે છે. માટે તે જૂઠું છે. કહો, સમજાણું કાંઈ? એને ઠેકાણે હજી કષાય મંદ કરશું અને કરતાં-કરતાં આ થાશે એ બધું જૂઠું છે. કાંઈક વ્રત પાળીએ અને કાંઈક દયા પાળીએ અને કાંઈક ભક્તિ કરીએ ને પૂજા કરીએ ને દાન કરીએ એમાંથી રાગ મંદ થાય, કરતાં-કરતાં ભાઈ પમાયને સમ્યગ્દર્શન? વજુભાઈ!

ભગવાન! અહીં તો ફક્ત ગુણીને ગુણથી ભેદ પાડીને સમજાવવો એટલું પણ ગુણીના અનુભવના કાળને માટે એ વસ્તુ તો જૂઠી છે. કારણ કે તેનું લક્ષ રહે ત્યાં સુધી અનુભવ થઈ શકે નહિ. અભેદનો અનુભવ ત્યાં સુધી ન થાય. આહા..હા..! ક્યાં વ્યાખ્યા? શું ચીજ? અને ક્યાં જગતે માનીને માની લીધું છે. માનીને મનાવ્યું, માન્યું અને માન્યતાને સંમત થયો. ત્રણે એક જાતના છે. કહે છે... સમજાણું કાંઈ આમાં?

કહે છે કે એ હસ્તના આલંબન તરફ આવ્યું ખરું. નીચે પડેલા માણસને જેમ હાથથી જાલીને ઊંચો કરે એમ જરી અજ્ઞાનમાં એને કહેવામાં આવ્યું કે ભાઈ! આ દ્રવ્ય વસ્તુ અંતર આમ પૂર્ણ આનંદથી ભરેલી અનંત શક્તિનો પિંડ છે. એ શક્તિવાળો છે, શક્તિવાળો એટલો ભેદ. એટલો ભેદનો વિકલ્પ કહેવો પડે, આવે, પણ '**નોંધ કરતાં જૂઠો છે.**' સમ્યક્ અનુભવ કરવાના કાળમાં એનું લક્ષ છૂટ્યા વિના અનુભવ થતો નથી, માટે સમ્યગ્દર્શન અને સમ્યક્ અનુભવ થતાં મતિશ્રુતજ્ઞાનમાં આનંદનું પ્રત્યક્ષ વેદન, સાક્ષાત્ આત્માનો મતિશ્રુતમાં ચોથે ગુણસ્થાને થતાં એ ભેદ તે તદ્દન જૂઠો છે. સમજાય છે કાંઈ? નવરંગભાઈ! આવ્યો એને કીધો. સાચો એમ કીધુંને. વિદ્યમાન છે એમ કીધું જુઓ, '**इह**' શબ્દ હતો. '**इह**' શબ્દ તો કહ્યો હતો.

'**इह**' નામ '**વિદ્યમાન એવી જે જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા,...**' છે એમ કહ્યું હતું. છે? '**इह**' '**प्राक्पदव्यामिह निहितपदानां**' અવસ્થા છે એમ કહ્યું હતું. સાચી છે એમ કહ્યું નહોતું. શબ્દોનો એક એક શબ્દે તોળ્યો છે અહીં તો. એક અક્ષરનો અર્થ પણ... તત્ત્વાર્થ રાજવાર્તિકમાં કહે છે કે એક અક્ષર ઓછો આવે તો મોટું.. શું કાંઈક કહે છે, ભાઈ?

મોટો દીકરો જન્મ્યો એવો મોટો લાભ થયો. એક અક્ષર વધારે નહિ. એવું તત્ત્વાર્થ રાજવાર્તિકમાં અકલંકદેવ કહે છે. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' કહે પહેલું સમ્યક્ કેમ મૂક્યું? જ્ઞાન પહેલું કેમ ન મૂક્યું? જ્ઞાનના બે શબ્દ છે અને સમ્યક્ના ત્રણ શબ્દ છે. ત્રણમાં પહેલાં બે એને પૂજ્ય તરીકે મૂકવા જોઈએ. ત્રણ વધારે કેમ મૂક્યા? સાંભળને ભાઈ! સમ્યક્માં સત્યતા બતાવવા માટે પહેલું સમ્યક્ ત્રણ શબ્દ આવ્યા, નહિતર બે શબ્દ આવે તો ત્રણ શબ્દ મૂકીએ નહિ. અમારે એક શબ્દ વધારે આવે એનાથી ઓછો આવે એ અમારે મોટો દીકરાના જેમ લાભ થાય એવો અહીં લાભ થાય એમ માનીએ છીએ, એમ કહે છે. તત્ત્વાર્થ રાજવાર્તિકની અંદર મોટો ખુલાસો અકલંકદેવે કર્યો છે. આ તો સાધારણ વાત કરી. ઓલામાં તો એક એક શબ્દને તોળીને બહુ વાત કરી છે.

અહીં કહે છે, ભાઈએ પૂછયુંને, સત્ય હતું? કહે હા. સત્ય હતું એટલે કે હતું એટલું. શું સાચું એની વાત નથી. એ વિદ્યમાન એવી '**प्राक्पदव्यामिह निहितपदानां**' મૂક્યો છે જેણે પગ નામ લક્ષ જેણે. પગ એટલે લક્ષ. જેને હજી ભગવાન આત્મા અંતર અનુભવમાં અતીન્દ્રિય અમૃતના એ અતીન્દ્રિય અમૃતના વેદન પ્રગટ્યા નથી. એવો વેદનનો કાળ જે સમ્યગ્દર્શનનો, સમ્યગ્જ્ઞાનનો એવા અમૃત ભગવાનનું વેદન આવ્યું નથી, એને આ અમૃતવાળો, અમૃતસ્વરૂપ કહેવું એ તો અભેદ થઈ ગયું. પણ એ અમૃતવાળો, જ્ઞાનવાળો, દર્શનવાળો એટલા ભેદની અવસ્થા વિદ્યમાન છે એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? એ ભ્રમ નથી, પાછો નથી એમ નહિ. આહા..હા..! છે ખરી. નથી એમ નહિ. વ્યવહાર એ છે ખરી. સાચી છે એમ નહિ. છે તરીકે સાચી, પણ સત્ય છે અને સત્યને લાભ કરે માટે આ વિદ્યમાન છે એમ નહિ. આહા..હા..! શું થાય?

એવી ચીજ કોઈ છે કે સર્વજ્ઞના પેટ ખોલીને વાત એટલી ઊંડી તત્ત્વની છે કે જેને એ સર્વજ્ઞે કહેવું છે એ હજી સમજ્યા વિના આ સર્વજ્ઞ આમ કહેવા માગે છે અને દેવ આમ કહેવા માગે, ગુરુ આમ કહેવા માગે એ દેવ-ગુરુ-શાસ્ત્રની અશાતના કરે છે. દેવ-ગુરુ-શાસ્ત્રને શું કહેવું છે એને ઠેકાણે પોતાનું ઘરની કલ્પના નાખીને વીતરાગ આમ કહેવા માગે છે અને ગુરુ આમ કહેવા માગે છે અને શાસ્ત્ર આમ કહેવા માગે છે. ભાઈ! તને ખબર ન મળે, બાપા! દેવ, ગુરુ અને શાસ્ત્રને શું કહેવાનો અભિપ્રાય છે? એ જાણ્યા વિના તારા ઘરના અભિપ્રાયથી દેવ, ગુરુ, શાસ્ત્રને ખતવ એ તો મોટી અન્યાયની પ્રવૃત્તિ છે, ચૈતન્યના ખૂન થાય એવી પ્રવૃત્તિ છે. ખબર ન મળે શું કરે? શું ચીજ છે.

કહે છે એ જીવને આટલો ગુણગુણી ભેદરૂપ અવસ્થા વિદ્યમાન છે. વિદ્યમાન છે એમ કરીને સિદ્ધ કર્યું છે. છે ઉપર ભાઈ આપણે ઘણું આવતુંને વજન પહેલાં ફેર ટાળવા. એ છે રાખો. વિદ્યમાન અવસ્થા છે. ભ્રમણા છે, હજી વસ્તુનું ભાન નથી તે પહેલાં પણ ગુણગુણીના ભેદનો વિકલ્પ વિદ્યમાન છે. લાભદાયક છે કે સાચો છે એમ નહિ. છે તરીકે સાચો, પણ

લાભ તરીકે સાચો એમ નહિ. દેવાનુપ્રિયા! ચંદુભાઈ! ભાઈ અમારે સવારમાં એ કહેતા હતા કે જરી ઉતાવળું થયું. ભાઈ કહો ત્યારે ક્યાંથી હવે? તો જરી હળવેથી લઈએ. લઈએ છીએ તો હળવેથી.

**શ્રોતા :-** ... સાચો કહેવો કે જૂઠો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જૂઠો જ છે એ તો. અવસ્થા આવે છે એટલી વાત. બસ, બાકી જૂઠી. ગુણ-ગુણીનો ભેદ જૂઠો છે. સમજાય છે કાંઈ? પહેલો જૂઠો નથી, પછી ક્યાંથી જૂઠો થયો? સાચો કાંઈ જૂઠો થાય? ફક્ત વિદ્યમાન એટલી અવસ્થા (છે). તેથી તો હંત, ખેદ છે કે એ ગુણી ભગવાનને સમજાવવા એ ગુણવાળો કહેવો પડે, એ જ્ઞાનવાળો કહેવો પડે. જ્ઞાનસ્વરૂપે જ અભેદ છે આખું. એને આવો ભેદથી કહેવો પડે. કહે છે કે ખેદ છે. અહીં જાણે અર્થ ખેદ નથી રાખ્યો. આપણે ઓલા અર્થમાં કર્યો છે મૂળ સમયસારમાં. કારણ કે ઓલામાં ખેદ રાખ્યો છેને અધ્યાત્મ તરંગણીમાં. અહીં હંત શબ્દ આવ્યોને. '**નોંધ કરતાં જૂઠો છે.**' ભગવાન આત્મા પોતાના નિર્વિકલ્પ દરવાજે જ્યાં પેઠો અંદરમાં... જૂઠો પછી '**हन्त**' ખેદ એ ખેદ ન કરતાં એ જૂઠો ઠરાવી દીધો. ખોટો છે. '**तदपि एषः न किञ्चित्**' કાંઈ નથી એટલે કે જૂઠો છે. કાંઈ નથી એટલે કે ખોટો છે. કાંઈ નહિ.. કાંઈ નહિ... આહા..હા..! વ્યવહારનો તિરસ્કાર અને નિશ્ચયની પક્કડ!

એ નોંધ નામ જ્ઞાન. આ જ્ઞાન ક્યું? અનુભવનું જ્ઞાન. ઓલામાં પહેલાં આવ્યું હતુંને જ્ઞાન ઊપજતાં. એના પહેલાં જ્ઞાનનું જે અંગ કહ્યું હતું ભેદરૂપ કથન એ જ્ઞાનનો અંગ એક પ્રકાર એવો આવે છે સમજણનો. અંગ અંશ એમ.

'**તે જીવો કેવા છે...**' કોણ? જેને સમજણ થઈ, અનુભવ થયો અને જેને વ્યવહાર જૂઠો થયો. હતો એ ટળી ગયો. હતો એ ટળી ગયો એનું નામ જૂઠો. ગુણ-ગુણી ભગવાન અભેદસ્વરૂપ એને ગુણના ભેદ તરીકે કહ્યું હતું એ જૂઠો ઠર્યો. ક્યારે? એ અંતર અનુભવ થતાં. એ કેવો જીવ છે? '**તે જીવ કેવા છે જેમને વ્યવહારનય જૂઠો છે?**' જુઓ, વ્યવહારનય જૂઠો છે એ જીવ કેવો છે? એક એક શબ્દને તોળી તોળીને કહ્યો છે. આખો ૨૭૮ કળશ એ તો અદ્‌ભૂત આખો પાઠ પુસ્તક આવશે જ્યારે ત્યારે કાંઈક જુદી... એ બધું સંઘરીને એમાં ને એમાં એટલો સમાવેશ કરી દીધો છે. પાઠના એક એક શબ્દમાં, ઘણાં શાસ્ત્રનો સાર એ કળશમાં જ બધો ભરી દીધો છે.

'**चिच्चमत्कारमात्रं अर्थं अन्तः पश्यतां**' જુઓ, આ વ્યાખ્યા. 'સમજ કરતાં' કીધું હતુંને? એ 'સમજ કરતાં' એવો જીવ કોણ? એમ. જેને ભાન થયું એવો જીવ કોણ? કે '**ચેતના પ્રકાશ એટલી જ છે...**' ચમત્કારનો અર્થ ચેતના. ભગવાન ચેતના '**પ્રકાશ એટલી જ છે...**' ચેતનાવાળો નહિ, ચેતના પ્રકાશ. '**એટલી જ છે શુદ્ધ જીવવસ્તુ,...**' જ્ઞાનવાળો કીધું એ કાઢી નાખ્યું. '**ચેતના પ્રકાશ એટલી જ છે...**' એ વસ્તુ. એવો અંતર અનુભવ

થતાં. સમજાય છે કે નહિ આમાં? રતિભાઈ! ચેતના એટલે ચમત્કાર શબ્દ કર્યો છે. ચેતના ચમત્કારનો અર્થ પ્રકાશ કર્યો છે. કેમ પ્રકાશ કર્યો? કે જેને જાણવામાં રાગની જરૂર ન પડે, સંયોગની જરૂર ન પડે એવો ચમત્કારી જ્ઞાન પ્રભુ છે. એવું ચમત્કારી ચૈતન્ય સૃષ્ટિ અંદર સ્વભાવ, ચમત્કાર જેનો છે કે જેના એક સમયમાં રાગ અને પરનું અવલંબન લીધા વિના ચમત્કાર પ્રગટે એવો ચેતના પ્રકાશમય ભગવાન આત્મા અંદર બિરાજે છે.

**'એટલી જ છે શુદ્ધ જીવવસ્તુ,...'** જુઓ, ભેદ નહિ, પુણ્ય નહિ, વિકલ્પ નહિ, રાગ નહિ, કર્મ નહિ, શરીર નહિ. કેવો છે આત્મા અનુભવમાં આવ્યો? કે શરીરવાળો નહિ, કર્મવાળો નહિ, વ્યવહારવાળો નહિ, ભેદવાળો નહિ. સમજાય છે કાંઈ? ઝીણું તો પડે એ લૂખું લાગે એવું છે પણ શું (થાય)? વસ્તુ જ એવી છે ત્યાં બીજી થાય શી રીતે? વસ્તુનો સ્વભાવ જ આવો છે ત્યાં એને ગમે તેટલું હળવું કરીને કહે પણ સત્ય કાંઈ જેવું છે એવું આવે, એનાથી હળવું કઈ રીતે ઊંધુ થાય? હળવું કરવું એટલે ઊંધુ કરવું કહેવાય. બીજો રસ્તો કહે તો એ ઊંધો કહેવાય. ભાઈ! કાંઈક હળવો કહો ને હળવો. હળવો એટલે ઊંધો. આહા..હા..!

સર્વજ્ઞના પરમાત્માની વાણીમાં... એ તો સવારમાં આવ્યું હતું નહિ? એક જીવવસ્તુ ઉપાદેય છે એમ વાણીમાં આવ્યું હતું. એ વાણી એમ કહે છે કે ભેદ કરીને તને કહેવામાં આવ્યું, પણ છતાં અભેદ વસ્તુ ચેતના જ જેનો પ્રકાશ એવી શુદ્ધ જીવ પરમાનંદની મૂર્તિ એને **'अन्तः पश्यतां' 'પ્રત્યક્ષપણે અનુભવે છે.'** જુઓ, **'अन्तः पश्यतां'** વિકલ્પથી જોતો હતો એ નહિ, હવે **'अन्तः' 'પ્રત્યક્ષપણે અનુભવે છે.'** મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં ચૈતન્યનું એકલું પ્રત્યક્ષપણું આવ્યું. એ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે આ. સાતમાની વાત ક્યાં..? હજી પાંચમું, છઠ્ઠું તો ક્યાંય રહ્યું. એની દશા શું એ તો પછી વ્યાખ્યા. આ તો હજી ચોથા ગુણસ્થાનની શરૂઆત દશાની પહેલાં આ વિદ્યમાન ભેદ આવે અને જ્યાં અનુભવ થતાં **'अन्तः पश्यतां'** એને ભેદ (વિકલ્પ) છૂટો થઈ ગયો. ઓલો વિદ્યમાન હતો ખરા પહેલાં. આ ગુણી છે, એનો આ ગુણ છે એવો ભેદરૂપ વિકલ્પ હતો, એ વિદ્યમાન હતી અવસ્થા, છતાં ચૈતન્ય ચમત્કારમાત્ર જ શુદ્ધ જીવવસ્તુ છે એમ **'अन्तः पश्यतां'. 'पश्यतां'**નો અર્થ કોઈ એમ કહે કે અંતર માને છે અને શ્રદ્ધે છે અને રુચિ કરે છે. એટલી વ્યાખ્યા એમ નથી. એ સવારમાં આવી ગયું હતું. શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ કરે એમ નહિ, પ્રત્યક્ષપણે આત્માને મતિશ્રુતજ્ઞાન દ્વારા વેદે-જાણે, એમાં રુચિ શ્રદ્ધા, પ્રતીત તેને કહેવામાં આવે છે. એકલી શ્રદ્ધા, આવો આત્મા છે, અભેદ છે, એમ નહિ. આવ્યું હતું સવારમાં? બહુ આવ્યું હતું સવારમાં તો ઘણું આજે આવ્યું હતું. આહા..હા..!

કહે છે કે એ **'પ્રત્યક્ષપણે...' 'अन्तः पश्यतां'** વિકલ્પથી જોવું નથી, રાગથી નહિ, વ્યવહારથી નહિ, ભેદથી નહિ. **'अन्तः'** જે સ્વરૂપ શુદ્ધ આનંદ એને **'पश्यतां'** એટલે અનુભવવું.

'**पश्यतां**' એટલે અનુભવવું. દેખવું એટલે અનુભવવું. અંતર સ્વભાવ આનંદકંદ એને અનુસરીને થવું અને પ્રત્યક્ષપણે અનુભવવું એને ઓલા ભેદની અવસ્થા જૂઠી થઈ ગઈ. લક્ષમાં રહી નહિ. લક્ષ છૂટી ગયું ત્યારે અનુભવ થયો. એ અનુભવને કાળે ઓલી ચીજ જૂઠી થઈ ગઈ. આવા જીવને માટે જૂઠો. સમજનાર પહેલાં છે એવી અવસ્થા એક છે એ માટે બરાબર છે. પણ છે એટલું, મારા ગુણગુણીનો ભેદ વિકલ્પ ઉઠે છે એટલું જ બરાબર છે. બરાબર એટલે છે એમ બરાબર, લાભદાયક એમ નહિ. એય..! નવરંગભાઈ! નથી એમ નહિ. છે એટલું બરાબર એમ. સાચી છે એમ નહિ, લાભદાયક છે એમ નહિ, પણ એવું અંગ આવ્યા વિના રહેતું નથી. ઓહો..હો..! એને ઠેકાણે તો અત્યારે સમ્યગ્દર્શનની વ્યાખ્યા ક્યાંકની ક્યાંક અને કાંઈકની કાંઈક (કરી નાખી). ભગવાનને કહેવું કાંઈક, શાસ્ત્રને કહેવું કાંઈક, ગુરુને કહેવું કાંઈક, એ ત્રણને કહેવું કાંઈક અને આને માનવું કાંઈક, મનાવવું કાંઈક. કાંઈક એટલે એનો અર્થ થયો કે નહિ? ક્યાંક એટલે એનાથી જુદું. ભાઈ!

આનંદઘનજીએ કીધુંને, 'દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો?' એમને તો એ કહેવું છે કે નિર્વિકલ્પ અનુભવ તેને સમ્યગ્દર્શન કહીએ. મતિશ્રુતજ્ઞાનનો પર્યાય પ્રત્યક્ષપણે આત્માને વેદે, જાણે એને સમ્યગ્દર્શન કહીએ, એમ ભગવાનને કહેવું છે. ગુરુ એમ અનુભવ ને જાણે ને કહે છે. શાસ્ત્રનું કથન પણ એ રીતનું છે. એ પ્રકારે ન જાણે અને કહે કે અમને દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા, માન્યતા છે. એ વાત જૂઠી છે. બરાબર છે કે નહિ? 'દેવ, ગુરુ, ધર્મની શુદ્ધિ કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ આ શ્રદ્ધાન આણો અને શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ ક્રિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો,' હાથવા રાખ નાખીને માથે ઓળેપો કરે ગારનો, એ ગાર ચાલે નહિ. પોપડા ઉખડે એમને એમ આખા. એમ ભગવાને કહેલી આ પ્રતીત અને આ દશાના અનુભવ વિના એ કાંઈ વ્રત ને નિયમ ને ક્રિયા ને કાંડ ને તપસ્યાઓ કરે એ બધા પોપડા ઉખડીને ચાર ગતિમાં રખડવાના. એને આત્માનો કાંઈ જન્મ-મરણના એક ભવના અંતનો એને આરો આવવાનો નથી. સમજાણું કાંઈ?

શું કહ્યું હતું? એ જીવ કેવા છે? કેવા એટલે? ઓલા અનુભવ કરવા પર વ્યવહાર જૂઠો છે એ કેવાને છે? જૂઠો એટલે રહેતો નથી એમ. એટલે શું? કે અભેદ અનુભવમાં ભેદ દેખાતો જ નથી અને ભેદ છે નહિ. છે નહિ માટે તે જૂઠો છે. ઓલો હતો ખરો પહેલો. સમજાણું કાંઈ? એ તો સાબલે મધ્યમાં છેને આપણે સમજાણું કાંઈ. વચનનો વિસામો વચ્ચે. કારણ કે એ સમજણના જ વાંધા છે પહેલાં અને સમજણ વિના વિસામા આવે એવા નથી. કહે છે, અર્થનો અર્થ કર્યો જુઓ, '**चिच्चमत्कारमात्रं अर्थं**' '**अर्थं**' છેને '**अर्थं**'? '**अर्थं**' એટલે શુદ્ધજીવ પદાર્થ. એકલો '**ચેતના પ્રકાશ એટલી જ છે શુદ્ધ જીવવસ્તુ,...**' વસ્તુ કહેવી છેને એટલે એટલી છે. જીવ કેવો એમ નથી. જીવ વસ્તુ કહેવી છેને. વસ્તુ કહેવી છે કે '**ચેતના પ્રકાશ...**' ચેતના પ્રકાશ '**એટલી જ છે...**' એટલી જ છે '**શુદ્ધ**

**જીવવસ્તુ,...**' એવા પ્રત્યક્ષપણે અનુભવનારને ભેદનો વિકલ્પ તે રહ્યો નહિ અને અભેદમાં એ છે નહિ માટે તેને જૂઠો કહેવામાં આવ્યો છે. કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે—વસ્તુનો અનુભવ થતાં વચનનો વ્યવહાર સહજ જ છૂટી જાય છે.**' જુઓ, ભાષા એણે પહેલેથી કરી છે. '**व्यवहरणनयः**' બીજી લીટીમાં 'જેટલું કથન' એમ લીધું હતું. '**व्यवहरणनयः**' પાંચમી ગાથામાં. ...કથન. એ કથન બધો વ્યવહાર છે. કારણ કે વિકલ્પ ઉઠે છદ્મસ્થ છે એ બધો કથન જ વ્યવહાર છે. બીજી લીટી હતી પાંચમી ગાથાની. અહીં તો મારે છપાયેલું છેને એટલે ચોખ્ખા શબ્દ છે આમાં. તમારે જરી... આ છપાયેલું આવ્યું છે. તમારું તો લીથોનું હશે. સમજાણું આમાં? '**વસ્તુનો અનુભવ થતાં વચનનો વ્યવહાર સહજ જ છૂટી જાય છે.**' જુઓ, આ ગુણી ભગવાન જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનવાળો એવો જે વિકલ્પ અને એવું જે કથન એ અનુભવ કરવા કાળે એ વિકલ્પ અને વાણી રહેતા નથી. કહો, સમજાય છે આમાં? વચનનો વ્યવહાર છૂટ્યો એનો અર્થ ગુણી અને ગુણના ભેદનો વિકલ્પ પણ ત્યાં સહજ છૂટી જાય છે.

'**કેવી છે વસ્તુ? પરમ ઉત્કૃષ્ટ છે, ઉપાદેય છે.**' જુઓ, પરમની વ્યાખ્યા કરી ઉત્કૃષ્ટ. વસ્તુ ભગવાન ઉત્કૃષ્ટ વસ્તુ અને ઉપાદેય. એ લાવીને મૂક્યું પાછું. સવારમાં આવ્યું હતું કે દિવ્યધ્વનિમાં જ શુદ્ધ જીવવસ્તુ ઉપાદેય આવી છે. એ શુદ્ધ ભગવાન આત્મા પરમ ઉત્કૃષ્ટ એ જ અંતર દૃષ્ટિમાં લઈને જ્ઞાન દ્વારા વેદવા જેવો છે. એને પરમ ઉત્કૃષ્ટ કહેવામાં આવે છે. '**કેવી છે વસ્તુ?**' એ તો અસ્તિથી કીધું. અસ્તિથી આવું કીધું. '**પરમ ઉત્કૃષ્ટ છે, ઉપાદેય છે.**' એમાં શું નથી?

'**परविरहितं**' '**पर**' નામ '**દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી...**' '**विरहितं**' '**ભિન્ન છે.**' લ્યો! જે ભગવાન આત્મા નોકર્મ નામ શરીરથી જુદો, કર્મથી જુદો અને ભાવકર્મના ગુણગુણીના ભેદનો વિકલ્પ એવો ભાવકર્મ. સમજાય છે કાંઈ? જે વસ્તુ અનુભવમાં આવવાના પ્રસંગમાં, નિશ્ચયદૃષ્ટિ થવાના કાળમાં એ પોતે તો ઉપાદેય વસ્તુ ચિત્ ચેતનપ્રકાશ જ છે અને એ જ ઉપાદેય નામ આદરણીય થઈ ગઈ, આદર ત્યાં ગયો એટલે એ ચીજમાં શરીર નથી, વાણી નથી, કર્મ નથી. કર્મ નથી? આઠ કર્મ તો હજી બહુ છેક સુધી રહે છે. કેવળીને ચાર કર્મ રહે છે. માણસ કહે છેને. સાંભળને, ભાઈ!

એ જ્ઞાયકભાવ ભગવાન ચૈતન્યનો પ્રકાશનો પૂંજ કર્મ વિનાની ચીજ છે, શરીર વિનાની ચીજ છે. શરીર એટલે નોકર્મ અને ભાવકર્મ એટલે ગુણી અને ગુણનો ભેદરૂપ વિકલ્પ એ ભાવકર્મરહિત એ ચીજ છે. આહા..હા..! સાંભળવાને માટે કોક દિ' મળ્યું એવું હશે આ. રતિભાઈ! સટોડિયાના ઓલા સટ્ટા ને આ ને તે કરતાં-કરતાં આ શું છે પણ આ? આ જૈનધર્મની રીત હશે આ? જિન એટલે જીતવું. જીતવું કોને? કે રાગાદિને. કોણ જીતે? કે સ્વભાવ. ત્યારે સ્વભાવ કેવો? કે અભેદ. એનો આશ્રય કરતાં રાગ અને મિથ્યાત્વ જીતી

જવાય છે. એટલે ઉત્પન્ન થતાં નથી. એને જીતે છે એવો આ વીતરાગનો માર્ગ છે. સમજાય છે કાંઈ?

**'કેવી છે વસ્તુ?' 'परविरहितं' 'દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી ભિન્ન** છે.' લ્યો, આ પાંચ શ્લોક પૂરા થયા. આપણે ત્યાં આવ્યો હતોને એટલે આ લીધું હતું હોં. નહિતર તો આપણે ચાલે છે નિયમસાર. એ ચાલે છેને? આ તો એ શ્લોક એમાં આવ્યો હતો આધાર માટે, માટે લીધો. હવે નિયમસાર પાનું ૧૦૪. એ શ્લોક આવ્યો હતો જુઓ એ. **'વળી (આ ૪૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—** ' આ તો અમૃતચંદ્રાચાર્યના શ્લોકનો આધાર આપ્યો હતો માથે. એનો બહુ ટૂંકો અર્થ હતો એથી આ કળશમાં વિસ્તારવાળો અર્થ હતો તે થયો. હવે મુનિરાજ પદ્મપ્રભમલધારીદેવ એ ૪૯મી ગાથા પૂરી કરતાં એક કળશ મૂકે છે.

(स्वागता)

शुद्धनिश्चयनयेन विमुक्तौ
संसृतावपि च नास्ति विशेषः।
एवमेव खलु तत्त्वविचारे
शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति।।७३।।

શું કહે છે? **'શુદ્ધનિશ્ચયનયથી...'** એકલો આત્મા ઉપાદેય તરીકે પરમાનંદની દૃષ્ટિ દ્રવ્યની જોઈએ તો **'મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;...'** એ મુક્તિ તે પણ એક પર્યાય છે નિર્મળ અને સંસાર પણ એક મલિન છે પર્યાય. સમજાણું કાંઈ? મોક્ષ પણ એક પર્યાય છે સિદ્ધની. પર્યાય હશે? એય..! સિદ્ધ-સિદ્ધ. અનંતા ગુણો પ્રગટે છેને એ પર્યાય કેવી? પ્રગટે છે એમ કહ્યુંને? પ્રગટે તે પર્યાય પ્રગટે. ગુણ કોઈ દિ' પ્રગટે નહિ. ગુણ ત્રિકાળ રહે. વસ્તુ અને વસ્તુનો ત્રિકાળ તદાત્મ્યસ્વભાવ તે ત્રિકાળ રહે. એની પર્યાય સિદ્ધપદ કેવળજ્ઞાન પણ એક પર્યાય છે. મુક્તદશા પણ એક અવસ્થા એક સમયની છે. એક સમયની જ છે, બે સમયની નહિ. કેવળજ્ઞાન અને સિદ્ધપદ પણ એક સમય રહે છે. બીજે સમયે તે પર્યાયનો વ્યય થઈને બીજી દશા ઉત્પન્ન થાય છે.

એથી મુક્તિમાં એક શુદ્ધનિશ્ચય દ્રવ્યની દૃષ્ટિથી જોતાં, અભેદ સ્વભાવને જોતાં, જે માથે અનુભવ કહ્યો એમાં જોતાં એ **'મુક્તિમાં તેમ જ સંસારમાં...'** બે પર્યાયમાં વસ્તુ તરીકે કાંઈ તફાવત નથી. એ વસ્તુ છે તે છે એકરૂપ ત્રિકાળ-ત્રિકાળ આનંદ અને અભેદસ્વરૂપ છે. **'આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં (-પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં), શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે.'** સર્વજ્ઞ પરમાત્માઓ અને સંતો અને જ્ઞાનીઓ અંતર તત્ત્વના રસિક જીવો એમ તત્ત્વને વિચારતાં સ્વભાવનું જ્ઞાન કરતાં એ ત્રિકાળ સ્વભાવમાં

મુક્તિ અને સંસાર બેય નથી. એટલે મુક્તિવાળા અને સંસારવાળા એવા બે તફાવત રહેતા નથી. બધાય સંસારી જીવો પણ મુક્ત જેવા ત્રિકાળ દ્રવ્યમાં પડ્યા છે. એવી સમ્યગ્દૃષ્ટિના વિષયમાં તત્ત્વના રસિકો, તત્ત્વના વિચારનારા, **'શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો...'** એમ જાણે છે અને એમ કહે છે. સમજાણું કાંઈ? ૪૯માં બધું કહ્યું હતુંને એ.

એક સમયની અંદર ભલે તે મુક્તિ થાઓ સિદ્ધ. એમાં એમ કહ્યું હતું (સંસારી) જીવો બધા (સિદ્ધ સમાન જ) છે. એ કઈ અપેક્ષાએ? વસ્તુ તરીકે. પર્યાય તરીકે નહિ, પર્યાય તો છે ઈ છે. પણ પર્યાયને જોવું છે કોણ? એ તો આપણે ૭૧ ગાથામાં આવી ગયું હતુંને. ૭૧ શું કહેવાય? ૭૧ કળશ. **'જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં કાંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું?'** ક્યા નયથી જાણું? સુબુદ્ધિ નામ સમ્યગ્જ્ઞાનીને અને કુબુદ્ધિ નામ મિથ્યાજ્ઞાનીને ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય ભગવાન પ્રગટ સ્વભાવ પડ્યો છે એમને એમ. એમાં હું ભેદ કઈ નયથી જાણું? વ્યવહારનયને નય જ કીધી નથી કહે છે. જૂઠી નય. એક અંશનો વિષય કરે ભેદ પાડીને વસ્તુમાંથી એ તે કાંઈ નય કહેવાય? એમ કરીને તિરસ્કાર કર્યો છે. આ વ્યવહારનયને ગળે વળગે. હાય.. હાય.. અરે! અમારો વ્યવહારનય, અમારો વ્યવહાર. પણ તારે વ્યવહાર કે દિ' છે? એકરૂપ ચિદાનંદનો અનુભવ અને દૃષ્ટિ થયા વિના પર્યાયને જાણનાર વ્યવહારનય અજ્ઞાનીને હોય નહિ. સમજાણું કાંઈ? ઝીણું બહુ લાગે, નહિ? રતિભાઈ કેવું હશે? સરસ છે? આ લોઢાના વેપારમાંથી આ... બહુ મગજ હળવું કરવું પડે આમાં હોં.

કહે છે, આ તો નહિ, કર્મ નહિ, શરીર નહિ, પણ અવસ્થા મુક્તિની અને આ બંધની. કઈ નયથી દેખું હું એને? આહા..હા..! જે વર્તમાનને જાણે તે કાંઈ વાસ્તવિક નય કહેવાય? શુદ્ધનિશ્ચયનયથી ભગવાન આત્મામાં મુક્તિની પર્યાયવાળો કે આ સંસાર પર્યાયવાળો બેય વસ્તુમાં નથી. અભેદ ચૈનત્ય જેમાં સમ્યગ્દર્શનનો વિષય ભૂતાર્થ **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** એમાં **'તત્ત્વ વિચારતાં,...'** એટલે વસ્તુનું ધ્રુવપણું વિચારતાં. એક સમયની અવસ્થાને ગૌણ કરતાં આખી ચીજમાં તત્ત્વ વિચારકો... તત્ત્વના વિચારકો એને કહીએ, એ તત્ત્વના રસિકજનો એને કહીએ. આમ તો ઘણાં કહે છે તત્ત્વ-તત્ત્વ. સમજાણું? અને ભાઈએ કહ્યુંને, દેવચંદજીએ નહિ? 'તત્ત્વરસકિ જન થોડલા જી, બહુ યોજન સંવાદ, જાણો છો જિનરાજજી રે... એ સઘળો વિખવાદ રે ચંદ્રાનન જિન સાંભળીએ અરદાસ.' તત્ત્વરસિક જન થોડા. આ તો તત્ત્વરસિકની વ્યાખ્યા બીજી કરી. શુદ્ધદ્રવ્યની રુચિવાળા અંતર દૃષ્ટિ પડી એને તત્ત્વરસિક કહ્યા. એકલા સાધારણ તત્ત્વના જાણવાવાળાને તત્ત્વરસિક કહ્યા નથી. તત્ત્વ એકલું અખંડાનંદનો કંદ ધ્રુવ એમાં રસિયા થઈને પડ્યા છે કુદીને. વીર્યને ભાર અંદર મારીને પડ્યા. સમજાણું કાંઈ?

એ **'તત્ત્વ વિચારતાં (-પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં),**

**શુદ્ધતત્ત્વના રસિક પુરુષો...**' એ વસ્તુમાં મુક્તિ અને બંધ બેય દેખતા નથી. અહીં બંધ લીધો પણ સંસાર. સંસારની એક સમયની દશા. સંસાર એટલે એક સમય અને મુક્તિ પણ એક સમય. આહા..હા..! ન્યાં એક સમય કેમ રહેતો હશે? કાંઈ નડતર હશે? પર્યાય છે અને અહીં પર્યાયદષ્ટિની મશ્કરી કરી છે. પર્યાય તે અંશ તે કાંઈ વસ્તુ હોય? વિકૃત અવસ્થા એક સમયનો સંસાર, મુક્તિ એક સમયની કેવળજ્ઞાન એ તે કાંઈ વસ્તુ છે? હવે અનંત... અનંત... અનંત... અનંત... ગુણોનો પિંડ એમાં અમુક ગુણની એક સમયની અવસ્થા એની દૃષ્ટિ એ તે કાંઈ વસ્તુ છે? એમ કહે છે. સમજાણું? એ શુદ્ધતત્ત્વરસિક પુરુષો આમ જાણે અને કહે છે. એ ૪૯ પૂરી થઈ. હવે ૫૦મી. જુઓ, અલૌકિક ગાથા. ૫૦મી અલૌકિક ગાથા છે.

पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।
सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।
પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;
આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.

થોડો એનો અર્થ કરીએ. '**અન્વયાર્થ.**' પહેલો એનો અન્વયાર્થ કહીએ, પછી લઈએ ટીકા. '**પૂર્વોક્ત સર્વ ભાવો...**' પૂર્વે કહ્યા. આત્મામાં ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવ. ચાર ભાવ જે પૂર્વે કહ્યા કે આત્મામાં રાગ-દ્વેષનો ભાવ એ વિકલ્પ એ ઉદયભાવ, એનો ઉપશમ થવો સમ્યક્ આદિ એ ઉપશમભાવ અને ક્ષયોપશમ કાંઈક મલિનતા અને કાંઈક વિકાર એવી દશાને ક્ષયોપશમ અને એકદમ નિર્મળદશા તેનું નામ ક્ષાયિક. પણ એ ચારેય એક સમયનો પર્યાય છે. ચારેય એક સમયનો પર્યાય છે. સમજાય છે કે નહિ આમાં? એ '**પૂર્વોક્ત...**' પૂર્વે કહ્યા, માથે ઘણા બધા છેક આવી ગયા હતા. '**एते सर्वे भावाः व्यवहारनयं प्रतीत्य भणिताः खलु**' માથે બધા કહ્યા હતા ઘણાં હો. અશરીરા.. માથે બહુ કહ્યું. ઘણાં બોલ લીધા હતા. અરસ, અરૂપ ઘણાં એના પહેલાં બધા લીધા. બધા ઉદય, ઉપશમ, ક્ષયોપશમ બધા આવી ગયા હતા. એ બધા ચાર ભાવ આત્મા ઉપર એ પર્યાયરૂપ છે. શું કીધું? એ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. એમાં અર્થમાં પણ આવશે હજી. વિભાવપર્યાયો તે ઉપરોક્ત ગાથામાં વ્યવહારનયના કથન દ્વારા કહ્યા છે.

ભગવાન આત્મા, એ આત્માના પૂર્ણ સ્વભાવ સિવાય જેટલો એક સમયનો ક્ષાયિક, ઉપશમ આદિ ક્ષયોપશમ, ઉદયભાવ એ '**સર્વ ભાવો પરસ્વભાવો છે,...**' આ મોક્ષમાર્ગનું કથન છે. એટલે જેમ પર્યાય નવી પરદ્રવ્યમાંથી પોતાની ન આવે, એમ પોતાની વર્તમાન ક્ષાયિકસમકિત આદિની પર્યાય હોય એનાથી પણ નવી પર્યાય આવતી નથી. માટે ક્ષાયિક સમકિતને પણ અહીંયાં પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. એની હરોળમાં નાખી દીધું છે. જેમ શરીરમાંથી, કર્મમાંથી નવી અવસ્થા ધર્મની ન થાય માટે તે પરદ્રવ્ય છે, એમ ભગવાન આત્મામાં ક્ષયોપશમસમકિત, ક્ષાયિકસમકિત, ક્ષાયિકચારિત્ર, ક્ષયોપશમચારિત્ર પર્યાયમાં, એ પર્યાયમાંથી

પણ ધર્મની વૃદ્ધિની પર્યાય એમાંથી આવતી નથી. જેમ પરદ્રવ્યમાંથી આવતી નથી, એમ ક્ષાયિકભાવના સમકિતમાંથી નવી પર્યાય આવતી નથી. એ અપેક્ષાએ પરદ્રવ્ય જેમ રજકણ છે એમ ક્ષાયિકભાવોને પણ... દ્રવીને પર્યાય જે આવે દ્રવ્ય એને સ્વદ્રવ્ય કહે છે. પર્યાય દ્રવીને નવી પર્યાય નથી આવતી માટે ચાર ભાવને પરદ્રવ્ય કહે છે. સમજાય છે કાંઈ?

**'સર્વ ભાવો...'** એક શુદ્ધપારિણામિક ત્રિકાળ ભાવ સિવાય. આહા..હા..! આધાર જ ધ્રુવ પડ્યો છે અનાદિ-અનંત ભગવાન અનંતી કેવળજ્ઞાનની પર્યાયનો પિંડ. અનંત કેવળજ્ઞાન સાદિઅનંત. સંસારની પર્યાયનો તો અનાદિ અંત આવી ગયો, પણ આ તો જ્યાંથી પ્રગટી તે અનંતકાળ. આદિ નહિ, પર્યાય વિનાનું દ્રવ્ય નહિ અને દ્રવ્ય વિના પર્યાય નહિ. તો એ પર્યાય વિનાનું કોઈ દિ' દ્રવ્ય નહિ એટલે એ પર્યાય અનંતકાળ, દ્રવ્ય અનંતકાળ, પર્યાય અનંતકાળ, એવી અનાદિ પર્યાય કરતાં કેવળજ્ઞાન આનંદની પર્યાય અનંતગુણી પર્યાય. એવી અનંતગુણી પર્યાયનો એક પિંડ ગુણ એવા અનંતા ગુણનો પિંડ દ્રવ્ય, એકરૂપ ત્રિકાળ પારિણામિક સ્વભાવ એ સ્વદ્રવ્ય છે. ક્ષાયિકપર્યાય આદિ સ્વદ્રવ્ય નહિ, પરદ્રવ્ય છે. પર્યાયનો, મોક્ષમાર્ગનો અધિકાર છે. મોક્ષમાર્ગ પર્યાય છે. તો કહે છે કે મોક્ષમાર્ગની પર્યાય પર્યાયમાંથી આવતી નથી. સમજાણું કાંઈ? વાતું કઠણ ભારે. લ્યો, એ તો લાલભાઈએ માગી છે હોં આ ગાથાઓ એણે માગી હતી અને કળશની ગાથાઓ હતી. એય..! નવરંગભાઈ!

એ **'પરદ્રવ્ય છે,...'** એક શબ્દ. એક ચૈતન્ય **'सगदव्वम्'** ઉપાદેય છે બીજી લીટી. એક દ્રવ્ય તો ધ્રુવ ત્રિકાળ એકરૂપ તે સ્વદ્રવ્ય. એ સિવાય પર્યાય પરદ્રવ્ય, ઉદય, વિકલ્પ, રાગ પરદ્રવ્ય, ક્ષાયિકસમકિત પરદ્રવ્ય, ક્ષયોપશમચારિત્રનો પર્યાય છઠ્ઠે પ્રગટ્યો એ પરદ્રવ્ય. કેમકે પર્યાય દ્રવતી નથી નવી પર્યાયને અને તેથી તે પરદ્રવ્ય છે, પરસ્વભાવો છે. પહેલી બે વાત. એ બધા ચાર પરસ્વભાવો છે.

એક જણો રાડ નાખી ગયો હતો ભાઈ ઓલા નિયમસારની ૪૩ ગાથા છેને. એ બધી આવી ગઈ છે એમાંથી એ છે. જુઓ, ૪૩માં આવી ગઈ જુઓ એ ૪૩ છેને. ક્ષાયિકભાવ નથી એમ આવે છેને. નથી ક્ષાયિકભાવો... એ ૪૩ પહેલાં ૪૧માં હશે. ૪૧ ગાથા. આ ૪૧ ગાથાનો આ સાર હવે કહે છે અહીંયાં. ૪૧ વાંચતા એકદમ રાડ પાડી ગયો. **'णो खयइभावठाणा'** પહેલો શબ્દ છેને. ૪૧ આનો જ અધિકાર છે, આ ચાલે એનો અધિકાર છે. **'णो खयइभावठाणा णो खयउवसमसहावठाणा वा। ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा।।'** ભગવાન આત્મામાં ક્ષાયિકભાવ નથી. આહા..હા..! ઓલો સાધુ વાંચીને કહે અરરર! આ તે શું કહે છે? સિદ્ધને ક્ષાયિકભાવ અને આત્મામાં ક્ષાયિકભાવ નહિ. આ શું કહે છે? હવે સાંભળને, બાપા! એના ઉકેલ કરવા કઠણ છે. એ આ ૪૧માં જે કહ્યું હતું એના પહેલાં બધા કીધા હતા ૪૦માં બધાય બોલોને અહીંયાં પૂર્વોક્તભાવમાં લઈ લીધા છે. **'પૂર્વોક્ત સર્વ ભાવો...'** એટલે એ બધા કીધા એ. ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ. આ

તો તમને લઈને (કહ્યું). નહિતર અર્થમાં તો આવશે. સમજાણું કાંઈ? પૂર્વે કહેલા. આ ૪૧ આદિમાં કહેલા. પહેલાં પણ કહ્યા અને પછી પણ કહ્યાં ૪૧ પછી. સર્વ પર્યાયો '**પરસ્વભાવો છે,...**' પરસ્વભાવ છે. બાયડી, છોકરા શું હશે? પોતાના હશે કે નહિ? ભાઈ! અમારા હોય એ કાંઈ ડાંગે માર્યા પાણી કાંઈ જુદાં પડે? એમ માણસ વાતું કરે છેને. એમ બે ભાઈઓ કાંઈ જુદાં પડે? એમ કરીને વાતું કરે છે હોં. બે ભાઈઓ જુદાં પડ્યા, ભાઈઓ તો જુદાં હતા તે જુદાં પડે પણ હવે શેની માંડી તમે?

અહીં ભગવાન આત્મા એ પર્યાયથી જુદો છે. પર્યાયમાં તન્મય થઈ જાય તો દ્રવ્ય અવિનાશીનો નાશવાન થાય. એક સમયની પર્યાય દ્રવ્યરૂપે થાય તો એક સમય ન રહેતા પર્યાય ત્રિકાળી દ્રવ્ય થઈ જાય. સમજાણું કાંઈ? એટલે ભગવાન આત્મામાં જેટલા ભાવો કહ્યા, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક કેવળજ્ઞાન આદિ ભાવ. આ સાધકને તો નથી પણ કેવળજ્ઞાન જેને હોય એનું લક્ષ કરવા જાય તોપણ એ વિકલ્પ ઉઠે છે અને પોતાને જે ક્ષાયિકસમકિત કે ક્ષયોપશમચારિત્ર છઠ્ઠે પણ હોય એ પણ બધા પરસ્વભાવ છે, એ સ્વદ્રવ્ય સ્વભાવ નથી, ત્રિકાળ દ્રવ્યસ્વભાવ નથી, માટે તેને પરસ્વભાવો છે એમ કહ્યું, એને પરદ્રવ્ય છે એમ કહ્યું. બે વાત. તેથી હેય છે એમ કહ્યું. આહા..હા..! એના ઉપરથી લક્ષ છોડવા જેવું છે. ક્ષાયિકભાવ ઉપરથી લક્ષ છોડવા જેવું છે. કહો, હવે આને હજી વિકલ્પથી લક્ષ છોડવું ગોઠે નહિ એને. એ રાડ પાડે ના.. ના.. ના.. એનાથી થાય હોં. પકડી રાખ ત્યારે એને. પકડે રાખે ત્યાં સમ્યક્ થાતા હશે. રહે જ નહિ. વિકલ્પ તો એક પ્રકારે આવે નહિ. ભિન્ન... ભિન્ન... ભિન્ન.. પ્રકારના (આવે). કેમકે વિચિત્ર કર્મના નિમિત્તની અંદર વિવિધ પ્રકારનો એનો પુરુષાર્થ જોડાય છે એટલે ભિન્ન-ભિન્ન વિકલ્પ ઉઠે છે, જાલ્યો રહે નહિ. આવો જ વિકલ્પ લાવું એવું હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ?

કહે છે કે એ બધા ક્ષાયિકભાવ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદની પર્યાયો, ક્ષાયિક સમકિત, ક્ષયોપશમચારિત્ર, ક્ષયોપશમસમકિત એ બધા પરસ્વભાવ છે. કેમકે મોક્ષના માર્ગની.. આ અધિકાર નિયમસાર છે. નિયમસારની પર્યાયનું પ્રગટ થવું એ પર્યાયમાંથી આવતું નથી માટે તેને પરસ્વભાવ કહીએ છીએ, તેને પરદ્રવ્ય કહીએ છીએ. તેથી હેય છે. '**અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય...**' એક પરમપારિણામિક ત્રિકાળ સ્વભાવ એવો સ્વપદાર્થ એવો '**આત્મા ઉપાદેય છે.**' એ જ શ્રદ્ધામાં લઈને અનુભવ કરવાલાયક છે. એની વિશેષ વાત ટીકામાં આવશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૫૦, પ્રવચન નં. ૪૦૪

આ નિયમસારની ૫૦મી ગાથા. મોક્ષમાર્ગ અધિકાર. નિયમસારનો અર્થ જ મોક્ષમાર્ગ છે. એ મોક્ષમાર્ગ એ પર્યાય છે. એ પર્યાય અવસ્થા ક્યાંથી પ્રગટે? જ્યાંથી પ્રગટે તે ઉપાદેય છે. શું કહ્યું સમજાણું? નિયમસાર. નિયમ એટલે આત્મા. સાર એટલે પુણ્ય-પાપરહિત એવો સમયસાર કહેવાય. હવે અહીંયાં નિયમસાર. મોક્ષનો નિર્વિકલ્પ માર્ગ જે સાર એટલે વ્યવહારરહિત. એ પહેલાં આવી ગયું છે ત્રીજી ગાથામાં. વિપરીતના પરિહાર અર્થે સાર શબ્દ યોજેલ છે. નિયમસાર એટલે? સમયસાર એટલે આત્મા અને સાર એટલે વિકારરહિત, એમ નિયમસાર એટલે આત્માના શુદ્ધ સ્વભાવની નિર્વિકલ્પ પ્રતીતિ અનુભવની, એનું જ્ઞાન અને એની લીનતા એવો જે ત્રણ પર્યાયરૂપ એક મોક્ષમાર્ગ એને નિયમ કહે છે અને સાર એટલે વ્યવહારથી રહિત. વ્યવહાર જેટલા વિકલ્પો ઉઠે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિના, નવ તત્ત્વના ભેદરૂપ વિકલ્પો, પંચમહાવ્રતના રાગરૂપ વિકલ્પો એ વ્યવહારમાર્ગરહિત જે નિયમ છે એને અહીંયાં નિયમસાર કહેવામાં આવ્યું છે. બહુ ઝીણું. એ નિયમસાર મોક્ષમાર્ગ કેમ પ્રગટે ક્યાંથી? એને ઉપાદેય શું હોય અને હેય નામ આશ્રય કરવાલાયક ન હોય શું? એ ૫૦મી ગાથામાં કહે છે.

'**ટીકા :- આ, હેય...**' એટલે ત્યાગ '**ઉપાદેય...**' એટલે ગ્રહણ એના '**સ્વરૂપનું કથન છે.**' જરી ઝીણી વાત છે હોં હેય-ઉપાદેય એટલે. '**આ, હેય-ઉપાદેય...**' એટલે છોડવું અને ગ્રહવું એટલે કે ત્યાગ અને ગ્રહણ એના સ્વરૂપનું આ ગાથામાં કથન છે. '**જે કોઈ વિભાવગુણપર્યાયો છે...**' આત્મામાં વિશેષરૂપી પર્યાયો છે—ગુણની પર્યાય. ક્ષાયિક સમકિત, ક્ષયોપશમસમકિત, ક્ષયોપશમચારિત્ર કે રાગરૂપ ભાવ એ બધા વિભાવગુણપર્યાયો છે. સમજાણું કાંઈ આમાં? ભગવાન આત્મા એકલો પરમપારિણામિક શુદ્ધ ધ્રુવ અનાદિ-અનંત અંતઃતત્ત્વના સ્વભાવનો ભંડાર એવો એક ભગવાન આત્મા સિવાય જેટલો પુણ્ય આદિનો વિકલ્પ ઉઠે અને તેની સાધકદશામાં ક્ષાયિકસમકિત હો કે ક્ષયોપશમ, નિર્મળ ચારિત્રની પર્યાય પ્રગટેલી હો એ બધાને અહીંયાં વિભાવગુણપર્યાય કહેવામાં આવ્યા છે. વિ એટલે વિશેષે ભાવ. વિશેષ ભાવરૂપ દશા. સામાન્યરૂપ ત્રિકાળ સ્વભાવ સિવાય. સામાન્ય શું ને વિશેષ શું? એકરૂપ ત્રિકાળ વસ્તુસ્વભાવ એવું તત્ત્વ, એ સિવાયની એની દશાઓ રાગવાળી કે રાગના (અભાવવાળી) જ્ઞાનની શાંતિ આદિની ચારિત્રના અંશની પર્યાય નિર્મળ આદિ બધા વિશેષભાવ છે, વિશેષ દશાઓ છે. એ ત્રિકાળી સામાન્ય ધ્રુવસ્વભાવ નથી. બહુ ઝીણું. આમાં ક્યાં હવે છોકરાઓ શું પકડે લ્યો? આત્મા અમારે કેમ જાણવો? આ તો પૂછે. આવું શી રીતે જાણવું એને પહેલું? પહેલું એણે બીજું જાણવું (એમ કહે). આ તો એક વાત આવે ત્યારે કાને

પડે તો ખરીને એને. આહા..હા..!

જેને શાંતિ અને મોક્ષનો માર્ગ પ્રગટ કરવો છે, જેને પ્રગટ થયેલો છે એને પણ શુદ્ધિનિ વૃદ્ધિ કરવી છે એને ક્યા આધારે પ્રગટ થાય? અને કેનો આશ્રય છોડે પ્રગટ થાય એ વાત કહેવામાં આવે છે. 'જે કોઈ...' વિશેષે પર્યાયરૂપ, ગુણની દશાઓ રૂપ '**તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા...**' એટલે કે વર્તમાન જ્ઞાનનો અંશ વર્તમાન ભેદને જાણવાવાળો જે જ્ઞાન અંશ દ્વારા '**ઉપાદેયપણે...**' એટલે જાણવાપણે કહેવામાં આવ્યા હતા... એનો ખુલાસો થઈ ગયો છે ૪૯ ગાથામાં નોટમાં. જેને જાણવાલાયક વ્યવહારે ઉપાદેય એટલે જાણવાલાયક કહ્યા હતા... એક સમયની નિર્વિકારી દશા ધર્મરૂપ દશા, એક સમયની એ કાળે રાગ વિકલ્પરૂપદશા એ બધા વિશેષે ભાવરૂપ પર્યાય ગુણની દશાઓ વિશેષ છે, એ ત્રિકાળ ધ્રુવ અને એની શક્તિનો પિંડ એ વસ્તુ નથી. સમજાણું કાંઈ?

એ '**વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે...**' નામ જાણવાપણે '**કહેવામાં આવ્યા હતા, પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...**' બળે શબ્દ વાપર્યો છે. જે જ્ઞાનની વર્તમાન દશા એ આશ્રય કરવાલાયક નથી, તે દશા અંતર્મુખનો આશ્રય કરે તેને શુદ્ધનિશ્ચયનયનું બળ છે એમ કહેવામાં આવે છે. ભાષા બધી બીજી જાતની. ઓલી તો એકેન્દ્રિયની દયા પાળવી, બે ઈન્દ્રિયની. એય..! મણિભાઈ! લ્યો, એ બધા જીવદયામાં મોઢા આગળ હોય તો સહી કરી દે, ફલાણું કરી દે. આમાં શું સહી કરે? મોં-માંથુ હાથ આવે નહિ. જીવદયા મંડળમાં ભળો. તો કહે હા ચાલો. કેમ? ચંદુભાઈ! કે ભાઈ આ ફલાણામાં ભળો, મોઢા આગળ પડો. ચાલો ભાઈ! આમાં મોઢા આગળ શું પડવું? શું આ ચીજ? આહા..હા..! અરે! ભગવાન! તારા સ્વરૂપમાં એટલી એક સમયમાં શક્તિના સ્વભાવોનું ભેદરૂપ, એનો આધાર એકરૂપ એવો પરમાત્મા પોતાનો નિજસ્વભાવ અનાદિ-અનંત ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એને સામાન્ય કહીએ અને પ્રગટ થયેલા નિર્મળ અને વિકાર અવસ્થાના અંશોને વિભાવરૂપ વિશેષરૂપ પર્યાયો ગુણની કહીએ. એ વિશેષરૂપ દશાઓ આદરણીય નથી, આશ્રય કરવાલાયક નથી. આહા..હા..!

'**તે જ શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે.**' આહા..હા..! એટલે? ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ ચિદાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ અખંડ પરમાત્માની પૂર્ણ શક્તિરૂપ સત્ત્વ એની દૃષ્ટિ દ્વારા, એ બધા પ્રગટેલા નિર્મળ ધર્મરૂપી દશા કે વિકારરૂપ દશા તે આશ્રય કરવાલાયક નથી. આશ્રય કરવાલાયક નથી માટે હેય છે. સમજાય છે કાંઈ? ...ભાઈ! આમાં મગજ કરવું પડશે કે નહિ કામ આમાં? આ વસ્તુ નથી? આ વસ્તુ છે કે નહિ આમ વસ્તુ પદાર્થ? આદિ-અંત વિનાની ભંગભેદ વિનાની એક ચીજ અંદર વસ્તુ પદાર્થ અનાદિ-અનંત છે વસ્તુ એવા કાયમી રહેનારા ભાવવાનને સામાન્ય નામ સદૃશ્યરૂપ રહેનારને સામાન્ય કહે છે અને એની મોક્ષમાર્ગરૂપ દશા કે બંધના રાગરૂપ દશા એ બધાને વિશેષ, વિશેષરૂપ વિભાવગુણપર્યાય

કહેવામાં આવે છે. એ બધા હેય છે. આહા..હા..!

અહીં તો હજી ભાઈ રાગનો પુણ્યાસ્રવ હેય કહે ત્યાં રાડ નાખી જાય છે. રાગને એકવાર વિષ્ટા કીધી ત્યાં તો લખાણમાં એવા બધા આવ્યા છે. ભાઈ! રાગ એક વિષ્ટા છે. ભૂંડ (વિષ્ટા) ખાય. માણસ અનાજ ખાય અને કરે વિષ્ટા. એ વિષ્ટા ભૂંડ ખાય, માણસ ન ખાય. એમ ભગવાન આત્મામાં રાગાદિ પુણ્ય વિકલ્પાદિ થાય એ કાઢી નાખવા જેવી ચીજ છે. તેથી અમૃતથી વિરૂદ્ધ ભાવ છે. પછી એને વિષ્ટા શબ્દમાં કહ્યું એટલો ખળભળાટ થઈ ગયો. અરેરે! પુણ્યને વિષ્ટા! તો એમ કહે. ન કહે તો એને ઝેર કહે. ઝેર તો છે શાસ્ત્રમાં. વિષ્ટા છે એ તો કાલે કાઢ્યું હતું સમયસાર નાટકમાંથી. સમજાણું? સામે લખાણ આવ્યું. ભાઈ ઓલું લખાણ છે આમાં. અશુચિ કહ્યું હતું. એ તો કર્તા-કર્મમાં અશુચિ કહ્યું છે ૭૨ ગાથામાં. પુણ્ય અને પાપના ભાવ અશુચિ છે, મેલ છે, વિકાર છે, ઝેર છે. અરે! ખરેખર એ પાપ છે અને ખરેખર સમયસાર નાટકમાં તો એમ કહ્યું છે 'વીટ સો વખત વામે.' જ્ઞાની ધર્મી પોતાના શુદ્ધ ચૈતન્યના આનંદકંદના આશ્રયે દૃષ્ટિ છે એવો ધર્મી એ ભાગ્યોદયને પુણ્ય ફળ્યા એ પુણ્યના ઉદયને વિષ્ટા સમાન માને છે. એય..! ચંદુભાઈ! કાલે બતાવ્યું હતું. ખબર છે? ત્યાં એક ફેરી.

જસ થાય જસ જગતમાં. એને નાકની લાળ કાઢી નાખવા જેવું જ્ઞાની માને છે. જસ શેના જસ? સ્વરૂપ આનંદકંદ એનો જસ તો હું ગાઉં દર્શન, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિથી. એના જસ તે બહાર હોય? બહારના જસને જ્ઞાની, ધર્માત્મા, સમ્યગ્દૃષ્ટિ નાકનો મેલ છીંક કાઢી નાખવા જેવી માને. 'વીટ સો વખત માને' અને કહે 'હમણા અમારો સમય છે' એમ નથી કહેતા? ભાઈ હમણા એનો કાળ છે. નાખ્યા નીકળે. વેપાર કરે, આમ કરે ત્યાં પેદા થાય પાંચ હજાર, લાખ. એક મહિનામાં પચાસ લાખ. વખત સારો કહે છે.—ના.

ધર્માત્મા જેને સમય આત્માના ત્રિકાળ આનંદની પ્રીતિ અને રુચિ થઈ ગઈ છે એને એ પુણ્યના ઉદયને એ વિષ્ટાના લેપ સમાન માને છે. આહા..હા..! ઓલાએ ભાગ્યોદય લખ્યું છે. 'વીટ સો વખત માને.' શ્રીમદ્ એને લખ્યું છે કે 'વીટ સો વખત માને.' વિષ્ટા સમાન પુણ્ય ઉદયને માને. બંધાયેલા પરમાણુ પુણ્યના એને વિષ્ટા સમાન જાણે, તો એના કારણરૂપ પુણ્યભાવ પણ વિષ્ટા સમાન થઈ ગઈ, તો એના ફળરૂપ સામગ્રી પણ વિષ્ટા સમાન થઈ ગઈ. ભારે પણ ભાઈ આ. મજા પડે એનું શું કરવું એમાં? પણ આમ મોટરું પાંચ પચ્ચીસ સાથે હો, પાંચ-પાંચ કરોડ રૂપિયા હોય, નાખ્યા નીકળે, હાંક્યા ચાલે, હુકમ કરે ત્યાં હજાર તૈયાર થાય. એને વખતવાળા કહેવાય કે નહિ? ધર્મી કહે, બાપા! મારો સમય તો સ્વકાળ અને એનો આશ્રય ત્રિકાળ. મારો સ્વકાળ શુદ્ધ આનંદકંદની દશા અને એનો આધાર ભગવાન ત્રિકાળ એ મારો સમય અને વખત છે. આહા..હા..! રતિભાઈ શું હશે આ? એય..! જીવરાજભાઈ! આ શું કહેવું આ? આ બધા મોટરું લઈને ફરે છે આમ સટ્ટાબટ્ટા. પછી તો

હુશિયાર માણસ હોય એ મોઢા આગળ જાય. લ્યો, મોટો ભાઈ પડ્યો રહ્યો અને નાનો કરે. એટલો તો સમય એનો સારો કહેવાય કે નહિ? કોને મોઢે કહેવું પણ એ?

બનારસીદાસ કહે છે... એક બનારસીદાસ ગૃહસ્થાશ્રમમાં રહેલા છે હોં. બાયડી-છોકરા હતા એમ કહેવામાં આવે છે. કહેવામાં આવે, અંદર હતા નહિ. રાગ પણ જ્યાં આત્મામાં નથી એમ જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં વળી બાયડી, છોકરા અને કર્મ આત્મામાં છે અને (તે) આત્મા છે, આત્મામાં છે અને તે આત્મા છે એ દૃષ્ટિ ધર્મીની રહેતી નથી. એ ગૃહસ્થાશ્રમમાં રહેલા પોકાર કરે છે. નવું બનાવ્યું છે એણે. 'કીચ સો કનક જાણે.' સમજ્યાને? અહીં નથી પુસ્તક. એ આ છે. અહીં છેને. આ છેને લ્યોને. આ શ્રીમદ્‌નું છેને. એમાં એ નાખ્યું છે બનારસીદાસનું. ૨૩૫ પાનું છેને? આમાં કેટલામું? ૩૦મું જેઠ વદ. હા, બરાબર. ઓલામાં ૨૩૫. લ્યો આવ્યું. આમાં ૪૫૧.

ધર્મી જીવ પોતાના ચૈતન્યસંપદાની લક્ષ્મી જેણે એ જ્ઞાનમાં જાણી છે, શ્રદ્ધામાં લીધી છે, ચારિત્રમાં તેમાં રમણતા અંશે કરે છે એવો ધર્મી. સોભાગભાઈ ઉપર લખ્યું છે. સોભાગભાઈ ઉપર પત્ર છે, 'કીચ સો કનક જાકે, નીચ સો નરેશપદ, મીચ સી મીતાઈ ગરવાઈ જાકે ગારસી, જહસી જોગ જાની કહસી કરામતી હરસી હોંશ પુદ્‌ગલ છબી છારસી, જાળસો જગ વિલાસ, ભાલ સો ભુવનવાસ, કાળ સો કુટુંબ કાજ, લોકલાજ લારસી. સીટ સો સુજસ જાને, વીટ સો વખત માને, ઐસી જગકી રીતિ તાહી વંદત બનારસી.' સમજાણું કાંઈ? શું કીધું જુઓ. એ સોનાને કાદવ સરખો જાણે ધર્મી. સોનાના લાટા પડ્યા હોયને ૨૦-૨૦, ૫૦ લાખ-લાખના. એય..! મોહનભાઈ! એ કંચનને કાદવ સરખું જાણે, રાજગાદીને નીચપદ સરખી જાણે. નીચપદ વીષ્ટાની ગાદીએ બેઠો એમ માને. આ નિજપદ ચૈતન્યપદને ભૂલી આ શું ગાદી? કોઈથી સ્નેહ કરવો તેને મરણ સમાન જાણે. ધર્મી કોઈથી પ્રેમ કરવો તેને મરણ સમાન જાણે. આહા..હા..! આ બનારસીદાસ કહે છે હોં! એ તો શ્રીમદ્દે તો આધાર આપ્યો છે. 'મોટાઈને લીપવાની ગાર જેવી જાણે.' મોટાઈ મળી, ગારની લીંપળ લીપણા જેવું માને. આહા..હા..! 'કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે.' કીમિયો આવડે છે કાંઈક ચમત્કાર. ઝેર છે, ઝેર છે. 'સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતા સમાન જાણે.' સિદ્ધિ પ્રગટી ઐશ્વર્યતા. અશાતા... આશાતા... અશાતા... રોગ એક આવ્યો. 'જગતમાં પૂજ્યતા થવા આદિની હોંશને અનર્થ સમાન જાણે.' હોંશું કરે મોટા થાશું, પાંચ હજારના પગાર થાશે, પદવી મળશે. કહે છે, ધર્મી જીવ જેને નિજ સંપદાનો પ્રેમ અને અંતર દૃષ્ટિ થઈ છે, જેણે અંતરમાં નિધાન જોયા છે. 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમેં પ્રગટ સદા.' ઘટમેં પ્રગટ સદા. શાંત અને આનંદનો રસ જેના સ્વભાવમાં આત્મા, એવી 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દીસે ઘટમેં પ્રગટ તે' પૂજ્યતા થવાને અનર્થ સમાન માને. 'પુદ્‌ગલની છબી ઔદારિક કાયાને રાખ જેવી જાણે.' આ રૂપાળાપણું અને આ, અરે! રાખ છે આ. આહા..હા..! અમૃત ભગવાન એનું

રૂપ સુંદર શરીર શાંતિ છે. એનું શરીર તો જ્ઞાન છે.

'જગતના ભોગ વિલાસને મૂંઝાવારૂપ જાળ સમાન જાળે. ઘરવાસને ભાલા સમાન જાણે.' ધર્મી આત્માના શાંતરસનો પ્રેમી, અનાકુળ આનંદના કંદનો ખપી એ ઘરવાસને ભાલા સમાન જાણે. 'કુટુંબના કાર્યને કાળ-મૃત્યુ સમાન જાણે.' એ કુટુંબના કાર્ય. ભાઈ કરવા પડે આ કુટુંબના આ ને આ. ઝાઝા થઈ પડ્યા સો-સો માણસ ઘરમાં શું કરવું? એવા કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન જાણે. 'લોકમાં લાજ વધારવાની ઈચ્છાને એ મુખની લાળ સમાન જાણે, કીર્તિની ઈચ્છાને નાકના મેલ જેવી જાણે.' હવે આવ્યું.

'પુણ્યના ઉદયને જે વિષ્ટા સમાન જાણે છે.' ઓલા રાડ નાખી ગયા. લખાણ ઉપરાઉપરી કર્યા કરે બધા. એય..! સોનગઢથી રાગને વિષ્ટા કહે છે, પુણ્યને વિષ્ટા કહે છે. અહીં કહે છે, પુણ્યના ઉદયને જે વિષ્ટા સમાન જાણે છે. આત્મા ભગવાન શાંત અનાકુળ જેમાં એક વિકલ્પના કણનો અવકાશ નથી. એ તો નથી પણ જેના આશ્રય લેવા માટે નિર્મળ પર્યાય પણ જેને કામમાં આવતી નથી. શું કીધું? મારા આત્માના કામ માટે મને શરીર તો કામનું નથી, વાણી કામની નથી, રાગ કામનો નથી, પણ મને પ્રગટેલી શાંતરૂપી ધર્મદશા એ મારા નવા કાર્ય કરવા માટે તે કામના નથી. આહા..હા..! ચંદુભાઈ! એ કારણે શુદ્ધ નિશ્ચયના સ્વભાવની દૃષ્ટિમાં ધર્મીને તે નિર્મળ પ્રગટેલી શાંતરસની પર્યાય પણ હેય છે. આહા..હા..! હજી રાગ દયા, દાનના વિકલ્પો હેય, હેય નામ છૂટી જાય છે, માટે 'છોડવાલાયક છે એટલે લક્ષ કરવાલાયક નથી' એમ કહેતા રાડ નાખે છે હજી તો. અરે! ભગવાન! એ તારા નિધિના નિધાનને તેં માન્યા નથી. તારું નિધાન આહા..હા..! જેના એક ક્ષણની નજરમાં જેને 'કેવળજ્ઞાની છું' એમ મનાવે. 'હું એક કેવળજ્ઞાની' મનાવે એવી સમ્યક્ શ્રદ્ધામાં. કેવળજ્ઞાન કંદ છું. એક ક્ષણના અંતર પ્રતીતમાં કેવળજ્ઞાન થવાની તૈયારીના ભણકાર વાગે. સમજાય છે કાંઈ? અરે! એવો ભગવાન ઉત્તમ પદાર્થ એ સિવાય જેટલી પર્યાયો નિર્મળ કે મલિન, તેઓ હેય છે. એ શુદ્ધ નિશ્ચયના આશ્રયની દૃષ્ટિએ એ આશ્રય કરવાલાયક નથી, એનો અર્થ કે મારે એ કામના નથી. આહા..હા..! મારા કાર્ય કરવા માટે તે મને કામમાં નથી આવતા. મારું શાંતિનું વીતરાગદશા અને આનંદનું કાર્ય કરવા માટે કામનો તો ભગવાન ત્રિકાળ વસ્તુ સ્વભાવ છે. કહો, આ પૈસા કેટલા કામમાં આવે ધર્મને માટે? નવરંગભાઈ! આહા..હા..! હવે ધૂળ તો ક્યાંય રહી ગઈ.

**શ્રોતા :-** હેયરૂપે કરી દીધી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને તો એણે કર્યું. અહીં તો પર્યાયને હેયરૂપે કીધી. ઓલું તો પરદ્રવ્ય છે એવું આ એક પરદ્રવ્ય એમ કહેશે હજી તો. આહા..હા..!

ભાઈ! તારો અનાદિ-અનંત પ્રભુ સ્વભાવ, પ્રભુ સ્વભાવ એટલે કે અનાદિ-અનંત સામર્થ્ય સ્વભાવ. દીવાસળીમાં ભડકો થવાની તાકાત કાયમ પડી છે. આમ રેતીને અડે માટે ભડકો

થાતો નથી. એનાથી થતું હોય તો લાકડું ઘસે નહિ ત્યાં એની કોર. એક દીવાસળીનું આટલું ટોપકું એમાં અગ્નિનો ભડકો ભર્યો છે. બહારમાં ઠંડી લાગે, અંદરમાં ભડકો, શક્તિનો ભડકો અગ્નિની શક્તિ. આમ જ્યાં અડ્યું ત્યાં ફૂ ભડકો. ઓલા ટોપકાના ક્ષેત્રથી ભડકો મોટો! એ તો ટોપકું જરીક છે અને ઠંડુ હતું આમ હાથ અડાડે તો. ભડાક અંદરથી ભડકો થયો એ શું? રેતીએ આપ્યો છે? એની વર્તમાન ઠંડી દશાએ આપ્યો છે? એ ભડકો કોણે આપ્યો? ક્યાંથી આવ્યો? ઠંડી દશામાંથી આવ્યો છે? એકલી અગ્નિની ચિન્ગારી શક્તિરૂપ છે, ફડાક ભડકો થઈ ગયો. ક્ષેત્ર નાનું રહી ગયું એનું, ભડકો થઈ ગયો મોટો.

એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એનો પૂર્ણ સ્વભાવ જે જ્ઞાન, ચૈતન્ય ડલ્લી, ચૈતન્યનો ગાંગડો આત્મા, આનંદનો કંદ આત્મા એને એકાગ્ર થવાથી ફડાક ભડકો થઈને કેવળજ્ઞાન થાય. એ વર્તમાન દશામાં એકાગ્ર થવાથી કેવળજ્ઞાન ન થાય. પછી ભલે નિર્મળ સમ્યગ્દર્શન કે જ્ઞાન, ચારિત્રની દશા પ્રગટી હોય એમાં એકાગ્ર થવાથી આગળ વધીને કેવળ ન થાય. સમજાણું કાંઈ? એ ભગવાન આત્મા સિવાય જેટલી એ પર્યાયો વિભાવગુણ કહેવામાં આવ્યા, ભાઈ! એ લક્ષ કરવા જેવા નથી. જાણવા જેવા એ જુદી વાત છે. લક્ષ એટલે આશ્રય કરવાલાયક નથી, માટે તેને હેય કહેવામાં આવ્યા છે. આહા..હા..! એ હેય કરવા પડતા નથી. સ્વભાવનો આશ્રય લે છે એટલે એનો આશ્રય નથી લેવાતો એટલે હેય છે એમ કહેવામાં આવ્યું છે. બહુ ગાથા ભાઈ ઊંચી!

આ ૫૦મી ગાથા છે. આ દ્રવ્યનો આશ્રય કરવા જેવો ત્રણે કાળે. 'જ્યારે જ્યારે કરવો હોય તો એ જ કરવા જેવું છે.' એવી દૃષ્ટિ થઈ એ અડધે માર્ગે આવ્યો અને આગળ થઈને ચારિત્ર લઈને કેવળજ્ઞાન પામી જશે. કહે છે, '**શા કારણથી?**' રાગ ને શરીર, વાણી, મન તો ક્યાંય રહી ગયા. એ પુણ્ય-પાપના વિકલ્પને અને એની પાછળ સ્વભાવને આશ્રયે પ્રગટેલી નિર્મળ ધર્મદશાને હેય કેમ કહી છે? હેય, છોડવાલાયક, આશ્રય કરવાલાયક નથી એમ કેમ કહ્યું છે? '**કારણ કે...**' '**શા કારણથી?**' એના કારણ આપશો કે નહિ? સાંભળ! '**કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' પરની વ્યાખ્યા? ત્રિકાળ વસ્તુનો સ્વસ્વભાવ નથી, તેથી તેને પરસ્વભાવ કીધો છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! '**કારણ કે તેઓ પરસ્વભાવો છે,...**' કોણ?

એ ચોથે ગુણસ્થાને ક્ષાયિકસમકિત પ્રગટ્યું શ્રેણિક રાજાને, કહે છે કે એ પરસ્વભાવ છે. એ મુનિને આત્મધ્યાન કરતાં-કરતાં ચારિત્રદશા છઠ્ઠી-સાતમી ભૂમિકા પ્રગટી. એ છઠ્ઠી ભૂમિકામાં ચારિત્રની શાંતિની ત્રણ કષાય વિનાની રમણતા (પ્રગટી), કહે છે કે એ પરસ્વભાવ છે. એક સમયનો પર્યાય, જ્યારે ત્રિકાળ સ્વભાવ એકરૂપ અને એક સમયનો પર્યાય એ અપેક્ષાએ તેને સ્વથી પરસ્વભાવ એને કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયમાં આમ શુદ્ધ વસ્તુનો પૂર્ણ એકરૂપ સ્વભાવ એ સ્વ-સ્વભાવ. ત્યારે એક

સમયનો નિર્મળ પર્યાય ધર્મદશા કે રાગદશા, એ ત્રિકાળને જ્યારે સ્વ કહીએ ત્યારે આને પર કહીએ. એ અપેક્ષાએ એને પરસ્વભાવો છે એમ કહ્યા છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

**'અને તેથી જ તે પરદ્રવ્ય છે.'** પાછું એના પાઠમાં છે હોં એ. આ પાઠના છેલ્લા શબ્દથી આમ વાળ્યું છે. **'पुव्वुत्तसयलभावा'** એક. **'हेयं परसहावमिदि परदव्वं'** એમ લેવું. શું કીધું સમજાણું આમાં? મુનિઓ આવું શું કરવા કહેતા હશે? આ પાંચમા આરાના પ્રાણી સાધારણ બિચારા છે. સાધારણ માણસ છે એને કેવું દેવું જોઈએ એમ એ નહિ જાણતા હોય? એ કહે છે કે સાધારણ તું નથી, ભાઈ! તું પરમેશ્વર થવાને લાયક છો. ભાઈ! તને ખબર નથી? સમજાય છે? પાંચ કરોડની મૂડી મૂકી ગયો હોય એનો બાપ, મરી ગયો હોય અને એનો મામો સાચવતો હોય, મહિને સો-બસ્સો આપતો હોય. અમને તો સો-બસ્સો મળે બાપા! અરે! તારી પાસે પચ્ચીસ કરોડ છે. ક્યાં પણ મારી પાસે? તો આ સો માગવા (પડે છે). પણ એને તો રાખ્યા છે ટ્રસ્ટી તરીકે. આ મોટા થાય તો બધાય તને મળવાના છે.

એમ એક સમયની પર્યાયમાં જોવે તો ધર્મ કે અધર્મ જરી દેખાય. દૃષ્ટિમાં જોવે તો મોટો આત્મા ભગવાન એ ઝીલ્યો ઝીલાય નહિ, એ જ્ઞાનમાં પૂર્ણ આવે નહિ. પૂર્ણ એટલે? પ્રગટ રૂપે શ્રદ્ધામાં આવે, પણ એ પૂર્ણ એક સમયમાં આખું દ્રવ્ય આવી જાય એવો એ વસ્તુનો સ્વભાવ નથી. એવો મોટો ભગવાન તારું નિધાન પડ્યું છે. એવા નિધાન સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ એ બધી નિર્મળ ધર્મદશાઓ કે વિકારી પર્યાયો એ પરસ્વભાવ (છે), એથી તેને પરદ્રવ્ય કીધું છે. સમજાણું કાંઈ? રાડ નાખી જાય હોં. સાચાને ખોટા ઠરાવે એવું છે આમાં તો. આવું તે શું? પણ સાંભળને, તને ખબર નથી શું પરમાત્મા? અને ક્યાંથી પરમાત્મદશા પ્રગટે? કારણપરમાત્મા ત્રિકાળ પડેલો છે અંદર ભગવાન પોતે એને જ્યારે પોતાનું સ્વદ્રવ્ય કહીએ ત્યારે એની પર્યાયને હેય ગણીને પરસ્વભાવ ગણીને તેને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. એ દૃષ્ટિને ફેરવવા માટે આ વાત કરી છે. દૃષ્ટિ છોડ વિકલ્પ અને પર્યાય ઉપરની. દૃષ્ટિનું નિધાન અંદર ચિદાનંદ ભગવાન એકરૂપ પડ્યો છે ત્યાં દૃષ્ટિ દે તને પર્યાયનું માહાત્મ્ય ઊડી જશે. તેથી પછી પૈસા ને આબરૂ ને કીર્તિ આ પુણ્ય ભાવો અને એના ફળ આવ્યા, બધું માહાત્મ્ય ફૂ થઈને ઊડી જશે.

**શ્રોતા :-** કાર્યસમયસાર પણ પરદ્રવ્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાર્યસમયસાર પણ પરદ્રવ્ય, કેમકે એક સમયનો પર્યાય છે માટે. કાર્ય તો અહીં પ્રગટ્યું નથી, જે આ શુદ્ધનયનું બળ છે, (રાગ) વિકાર એને તો કાર્ય પ્રગટ્યું નથી. કાર્ય પ્રગટ્યું એને નય હોતા નથી. એ તો પ્રમાણ થઈ ગયું. પણ બીજાના કેવળજ્ઞાનની પર્યાય કે પોતાની ક્ષાયિકજ્ઞાનની, ક્ષાયિકસમકિતની પર્યાય અને ક્ષયોપશમ જ્ઞાનની સમ્યક્ પર્યાય કે ક્ષયોપશમચારિત્રની નિર્મળ પર્યાય એ બધા પરભાવ વસ્તુ ત્રિકાળ સ્વભાવરૂપી દ્રવ્ય.

હજી એના ભંગ બહુ પાડશે જુઓ તો ખરા. એક એકના ત્રણ-ત્રણ (કહીને) ત્રેવડી વાતું કરશે.

કે તે શા કારણથી હેય છે? કે એ પરસ્વભાવો છે. એની ખાણમાંથી નવી પર્યાય આવતી નથી. રાગમાંથી ધર્મની પર્યાયની વૃદ્ધિ થતી નથી, પણ ધર્મ પ્રગટેલી પર્યાયમાંથી નવો ધર્મ પ્રગટ થતો નથી. માટે તેને પરસ્વભાવો (કહીને) '**તેથી જ તે પરદ્રવ્ય છે.**' આહા..હા..! શરીર, વાણી, પરદ્રવ્ય? એક જણો કહે કે દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય? રાડ નાખી ગયો હતો. શ્રીમદ્‌ની ભક્તિ કરે ત્રણ ત્રણ કલાક સવારથી ઉઠીને. ટોકરી વગાડે શ્રીમદ્‌ના .. એક ફેરી કહ્યું, દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય. પરદ્રવ્ય? દેવ-ગુરુ શુદ્ધ એ પરદ્રવ્ય? અહીં તો કહે છે કે તારી નિર્મળ પર્યાય પરદ્રવ્ય, સાંભળને હવે. કેમ? કે જેમ પરદ્રવ્યમાંથી નિર્મળ પર્યાય શાંતિની નવી પ્રગટ થતી નથી, એમ તારી ધર્મની પર્યાયમાંથી ધર્મ નવો પ્રગટ થતો નથી. ભારે વ્યાખ્યા!

'**અને તેથી જ પરદ્રવ્ય છે.**' ત્રણ વાત કરી. હેય, પરસ્વભાવ, પરદ્રવ્ય. ભગવાન આત્માની દશામાં પુણ્ય-પાપના વિકલ્પો ઉઠે કે ધર્મની દશા થઈ હોય, એ બેને એકરૂપ ગણીને પર્યાય અંશ છે માટે હેય છે, આશ્રય કરવાલાયક નથી. કેમકે પરસ્વભાવ છે તેથી તે પરદ્રવ્ય છે. હવે ગુલાંટ ખાય છે વાત. '**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...**' ભગવાન આત્મા એનું ચૈતન્યકંદ સર્વ વિભાવગુણ. માથે કીધું હતુંને વિભાવગુણપર્યાયો વ્યવહારનયથી જાણવું કહેવામાં આવ્યા હતા. એ બધા વિભાવપર્યાયોથી રહિત. એટલે? શરીર, વાણી કર્મથી તો રહિત, પુણ્ય-પાપના રાગથી રહિત, પણ એની શ્રદ્ધા સમ્યગ્દર્શન-જ્ઞાન મોક્ષના માર્ગની પર્યાય પ્રગટી હોય છતે. એવા વિકારી ગુણપર્યાય એટલે વિશેષગુણપર્યાયથી રહિત. મુનિને ભાવલિંગી સંતને આત્માના આનંદના દશાના ઉભરા આવ્યા છે. જે આનંદની આગળ રાગને તુચ્છ જાણી, પરને હેય જાણીને જ્ઞેય જાણે છે. એવા ધર્મી જીવને પણ જે વર્તમાનદશામાં ચારિત્રની સમ્યગ્દર્શનની પર્યાય નિર્મળ જે મોક્ષનું કારણ છે વ્યવહારે, વ્યવહારે. વ્યવહાર એટલે શું? કે એ પર્યાય ટળીને મોક્ષ થાય છે, એ પર્યાય રહીને થતી નથી.

ત્યારે કેટલાક એમ પ્રશ્ન કરે છે કે લ્યો! રાગ હેય છે તો તો ક્ષાયિકભાવ પણ હેય છે, તો ક્ષાયિકભાવ જો ઉપાદેય હોય તો રાગ પણ ઉપાદેય હોય, ભાઈ એમ પ્રશ્ન કરે છે. અરે ભગવાન! શું તારે કરવું છે, બાપા? એમ કે રાગ જ્યારે તમે હેય કહો, કેમકે ટળી જાય છે માટે; તો તો ક્ષયોપશમ અને ક્ષાયિક પર્યાય પણ ટળી જાય છે એ અપેક્ષાએ હેય છે, સાંભળને. એ તો વાત કરવી છે અહીં. પ્રગટ કરવા જેવું તે રાગ છે કે પ્રગટ કરવા જેવી તે શાંતિ અને વીતરાગી પર્યાય છે? આ પ્રગટ કરેલી પણ જેને હેય કહેવામાં આવે છે. પ્રગટ થયેલીમાંથી નવી પ્રગટ થતી નથી. માટે તેને જેમ પરદ્રવ્ય અને પ્રગટ થયેલી પર્યાયનો આશ્રય કરવા જાય ત્યાં વિકલ્પ ઉઠે છે. માટે તેને પરદ્રવ્ય ગણી અને તે પરદ્રવ્યરહિત આત્માનો સ્વભાવ ગણી '**સર્વ વિભાવગુણ...**' સર્વ શબ્દ વાપર્યો છે.

**'સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...'** આહા..હા..! **'શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...'** જુઓ, પાઠ છેને. **'अंतरतच्च सगदव्वमुवादेयं'** એની વ્યાખ્યા થાય છે બીજા પદની. શુદ્ધ અંતઃતત્ત્વ સ્વરૂપ. સ્વરૂપ એટલે સ્વભાવ, ભાવ. પહેલી સામાન્ય વ્યાખ્યા કરે છે, પછી એની વિશેષ કરશે. અંતરમાં શુદ્ધ અંતઃતત્ત્વ, અંતઃતત્ત્વ. એક સમયની પર્યાય વિનાનું અંતઃતત્ત્વ નામ ભાવ. એક સમયની ક્ષાયિક, ક્ષયોપશમ આદિની પર્યાય એ વિનાનું અંતઃ, અંતઃ શુદ્ધ અંતઃતત્ત્વ નામ સ્વરૂપ. તત્ત્વ ભાવ એવું જે સ્વરૂપ તે સ્વદ્રવ્ય ઉપાદેય છે. તે **'સ્વદ્રવ્ય ઉપાદેય છે.'** ભારે વ્યાખ્યા, ભાઈ! એ તો સંવર-નિર્જરા પણ ઉપાદેય નહિ. એ તો પ્રગટ કરવા માટે ઉપાદેય મોક્ષમાર્ગમાં કીધું છે ટોડરમલે. ભાઈ! આસ્રવ તે હેય છે, નિર્જરા તે હિતનું કારણ છે, મોક્ષ તે હિત છે, બંધ અહિત છે, સંવર ઉપાદેય છે, આસ્રવ હેય છે એમ જે ભાગલા સાત તત્ત્વના, નવના પાડ્યા. ત્યારે પ્રગટ કરવાલાયક શું છે એ અપેક્ષાએ તેને ઉપાદેય કહ્યું છે અને છોડવાલાયક શું છે એ અપેક્ષાએ તેને આસ્રવ ને હેય ને બંધને અહિતકર કહ્યું છે. પણ અહીં તો પ્રગટ થયેલી પર્યાય ક્યાંથી પ્રગટે એવી જે ખાણ ભગવાન આત્મા જેની ખાણમાં... આવડો મોટો એને હવે. એને કહે તું ભગવાન છો. ભાઈ સાહેબ રાડ નાખી જાય. હાય.. હાય.. લ્યો! એક જણાને કીધું ભગવાન આત્મા. અહીં નહિ. એ રાખો સોનગઢ. મનમાં એમ. એમ બોલ્યા નહિ પણ એમ કે એ અહીં નહિ. ભગવાન આત્મા ક્યાં છે? આ તો વિકાર છે ને ફલાણું. હવે સાંભળને, બાપા! ઓલા અહીંથી સાંભળીને ગયેલા બરાબર તાકડે અને ત્યાં કીધું ભગવાન આત્મા. અહીં આવે છેને ભગવાન આત્મા. કર્તાકર્મમાં. વિકાર છે તે મહિમા વિનાનો અને ભગવાન આત્મા મહિમાવાળો અંદર ત્રિકાળ. બધે ઠેકાણે ભગવાન આત્મા જ કીધો છેને. ભગવાન મહિમા. આત્મા એટલે મહિમાવંત જેનું સ્વરૂપ. જે તત્ત્વ જ અજીવ અને આસ્રવથી ભિન્ન છે. અજીવ કર્મ, શરીર એવા અજીવો અને આસ્રવ નામ પુણ્ય-પાપના વિકલ્પોથી જે પ્રભુ તદ્દન અસલી તત્ત્વ જેનાથી અસલે અસલી જુદું છે. એવો ભગવાન આત્મા તેને મહિમાવંત જ કહ્યો છે.

અહીં તો કહે છે, આ એની પર્યાયોમાં જે પ્રગટ થયેલી એનાથી રહિત શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય. અહીં હજી શુદ્ધ અંતઃતત્ત્વ, અંતઃભાવસ્વરૂપ દ્રવ્ય એમ કીધું છે. શુદ્ધ અંતઃતત્ત્વ સ્વરૂપ સ્વદ્રવ્ય એ ઉપાદેય છે, અંતર આદરણીય છે. એ શ્રદ્ધામાં લઈને એના તરફનો આશ્રય કરવાલાયક છે. સમજાણું કાંઈ? નવા હોય એને તો ગ્રીક-લેટીન જેવું લાગે હોં જરી. પણ હવે આવ્યું એ તો ભાઈ! એને રંધાણું હોય એ પીરસાયને. નવું ક્યાંથી લાવે? એમ અત્યારે તો આ રંધાય છે. ભગવાન ચૈતન્યપ્રભુ, અરે! તને તેનું માહાત્મ્ય આવ્યું નથી. એ ગુપ્ત ચમત્કાર ચૈતન્ય છે. ગુપ્ત ચમત્કાર ચૈતન્ય છે કે જેના અંતરમાં એક ક્ષણમાં કેવળજ્ઞાન આવીને ભડકો ઊભો થાય એવું ગુપ્ત ચમત્કાર ચૈતન્ય પ્રભુ તું છો.

એવા **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય...'** જોયું! હજી સામાન્ય વાત કરી. હવે એ

અંતઃતત્ત્વને વિસ્તારે છે. અંતઃતત્ત્વ જે કહ્યું. શું છે અંતઃભાવ? તત્ત્વ એટલે ભાવ. એ અંતરમાં અંતઃતત્ત્વ નામ ભાવ, સ્વભાવ શું છે? '**ખરેખર સહજજ્ઞાન**–' એ અંતર સ્વભાવિક જ્ઞાન. આ હવે અંતઃતત્ત્વનો વિસ્તાર કરે છે. એકરૂપના પ્રકારો વર્ણવીને ભગવાન આત્મા એક સમયની વર્તમાન પર્યાયદૃષ્ટિને છોડાવી ત્રિકાળ સ્વભાવનો દૃષ્ટિનો આશ્રય કરાવવા અને તેને આશ્રયે શાંતિ અને સુખ અને ધર્મ થાય છે. માટે કહે છે, એ અંતઃતત્ત્વ સ્વરૂપ જે સ્વદ્રવ્ય છે વસ્તુ એ '**ખરેખર સહજજ્ઞાન...**' છે, સ્વભાવિક જ્ઞાન છે. પ્રગટ થયેલાની વાત નથી. સ્વભાવિક અંતઃતત્ત્વ જ્ઞાન, સ્વભાવજ્ઞાન, સહજજ્ઞાન, સહજજ્ઞાન, જ્ઞાનનો પુંજ એકલો સહજ ત્રિકાળી.

'**સહજદર્શન**–' દર્શન ઉપયોગ. '**સહજદર્શન...**' શ્રદ્ધા, પણ ત્રિકાળ સહજશ્રદ્ધાસ્વભાવ. '**સહજચારિત્ર...**' સ્વભાવિક અંદર ચારિત્ર. પ્રગટેલી પર્યાયની વાત નથી. અંતઃતત્ત્વનું સ્વભાવિકચારિત્ર. અને '**સહજપરમવીતરાગ-સુખાત્મક...**' સુખ લીધું. ચારિત્ર અને સુખ બે લીધા આમાં તો. સમજાય છે કાંઈ? ત્યાં જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખ એમ લે છે. અહીંયાં ભગવાન આત્મા એક સમયની પર્યાય પ્રગટ અવસ્થા એ સિવાયનો આખો પદાર્થ દળ એ સહજજ્ઞાન, સ્વભાવિકજ્ઞાન, સ્વભાવિકદર્શન, સ્વભાવિકશાંતિ ત્રિકાળી અને સ્વભાવિક વીતરાગસુખાત્મક, અરાગી એવો વીતરાગ સુખસ્વરૂપ ભગવાન આત્મા, વીતરાગ સુખસ્વરૂપ ભગવાન, '**સહજપરમવીતરાગ-સુખાત્મક...**' જોયું! દશામાં પ્રગટે વીતરાગી સુખ એ તો પર્યાય છે. આ તો સહજપરમવીતરાગસુખાત્મક. આત્મક એટલે સુખસ્વરૂપ. એવું '**શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ...**' માથે કહ્યું હતુંને સામાન્ય. શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વદ્રવ્ય તે અંતઃતત્ત્વ શું છે? સ્વભાવિક ાન, સ્વભાવિકદર્શન, સ્વભાવિકચારિત્ર, શાંતિ અને સ્વભાવિક વીતરાગી આનંદરૂપ જેનું છે ત્રિકાળ એવો જે શુદ્ધઅંતઃતત્ત્વરૂપ ભાવ, એવું જે શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ એ '**આ સ્વદ્રવ્યનો...**' સ્વરૂપ આ સ્વદ્રવ્ય. એને સ્વદ્રવ્ય કીધું હતું પહેલું. કીધું હતુંને પહેલું? શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે એમ કીધું હતું. એવું આ સ્વદ્રવ્ય એનો આધાર. ઓલા ચાર પ્રકાર વર્ણવ્યાને ચાર. અંતઃતત્ત્વસ્વભાવ, સ્વભાવિક દર્શન-જ્ઞાન-ચારિત્ર આનંદરૂપ એવું જે સ્વદ્રવ્ય એનો એક આધાર એમ કરીને વસ્તુ આ સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે. આહા..હા..! ઓલા તો પંડિતો કેટલાક અક્ષરો વાંચી વાંચીને લપમાં આ તે લપ કર્યા છે. સમજાય નહિને. કેટલી ભાષા અને શું કહે છે? અરે! ભગવાન તારા એ અંદરના સ્વભાવની સ્થિતિના ગાણા ગાય છે. સમજાણું? તારામાં કેટલું ભર્યું છે અંદર! આહા..હા..!

એક સમયની દશા વિનાનું આખું તત્ત્વ જે શુદ્ધઅંતઃભાવસ્વરૂપ કે જે સ્વદ્રવ્ય. જે શુદ્ધ સહજદર્શન-જ્ઞાન-ચારિત્ર અને વીતરાગી આનંદરૂપ જે સ્વદ્રવ્ય. '**શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો...**' આ સ્વદ્રવ્ય. એવા ભાવને ભાવ તરીકે અંતઃતત્ત્વને ગણી અને એનો આધાર

એકરૂપ પદાર્થ પરમપારિણામિક છે એમ કહેવામાં આવ્યું છે. ભારે વાત ભાઈ! આજની તો કઠણ છે બહુ હોં. એમ લાગે છે હોં, કઠણ નથી. આમાં શું પકડવું? લ્યો, અતુલભાઈ કહે છે કે ભાઈ આમાં શું પકડવું આમાં? એ અતુલ છે, તુલના વિનાની ચીજ છે અંદર. કહો, સમજાણું આમાં? ક્યાં ગયા રતિભાઈ? એય..! રતિભાઈ! શું છે આ? કહે આવી વાતું ધર્મમાં શું હશે? એમ કહે કે કાંઈક સેવા કરો, આ કરો, દયા પાળો, એય..! દોશી! એમાં તો ક્યાંક સૂઝ પણ પડે અજ્ઞાનની. અજ્ઞાનની સૂઝ ન પડે. અજ્ઞાનનું જ્ઞાન કરે તો જ્ઞાન થઈ જાય, અજ્ઞાન ટળી જાય. આહા..હા..! કહે છે... આહા..હા..! એ માન્યતાના ગોટાળા એણે અનંતકાળના શલ્ય કાઢ્યા નથી અને એ શલ્ય નીકળ્યા વિના એને આત્માની પ્રાપ્તિ ત્રણકાળમાં થતી નથી એટલે કે ધર્મદશા પ્રગટે નહિ. એક સમયનો પર્યાય પણ આશ્રય કરવાલાયક છે એવી માન્યતા છે ત્યાં સુધી તેને મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

કહે છે કે આવું શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ જે આ સ્વદ્રવ્ય. આ કીધુંને? એ ચાર બોલે અશુદ્ધ અંતઃતત્ત્વ વર્ણવીને આ સ્વદ્રવ્ય (કહે છે). દ્રવ્ય કેમ કહ્યું? દ્રવ્યતી ઈતિ દ્રવ્યં. એમાંથી પર્યાય વહે છે. એવા સ્વદ્રવ્યનો આધાર એ સ્વભાવભાવનો આધાર સ્વભાવવાન એમ કરીને આધારઆધેયની વાત કરી છે. સમજાણું કાંઈ? એવો ભગવાન અંતઃતત્ત્વસ્વભાવ એવું જે સ્વદ્રવ્ય એટલે એમાંથી દ્રવે છે પર્યાય માટે તે અંતઃતત્ત્વને જ સ્વદ્રવ્ય કીધું અને એનું એકરૂપપણું જે ત્રિકાળી એક પરમપારિણામિક સ્વભાવભાવ, સહજપરમપારિણામિકભાવલક્ષણ, સ્વભાવિક પરમપારિણામિક સહજ એકરૂપ રહેનારો એવો ભાવ લક્ષણ કારણસમયસાર છે. લ્યો, આ કારણ સમયસાર. કેટલા પલાખા સાંભળવા એને? આ બધા શબ્દો યાદ રહે એવા નથી તો ભાવ.. ભાવ પણ યાદ રહે અને બધું યાદ રહે. એનામાં કેવળજ્ઞાન થવાની તાકાત છે લ્યો.

જ્યાં પામર તરીકે માન્યો એને પ્રભુતાની શી ખબર પડે? એક ક્ષણમાં ચક્રવર્તીના રાજ આ અંતરના નિહાલમાં જવા માટે છૂટી ગયા ફડાક દઈને. અરે..! અમારા નિધાન તો અંતરમાં છે. એવું સ્વદ્રવ્ય અનાદિ-અનંત તો હું છું. એનો આશ્રય કરીને પ્રગટેલું, હવે વધારે આશ્રય કરવા માટે છ ખંડના રાજ પણ જેને તુચ્છ લાગીને, જેમ વિષ્ટા છૂટી જાય છે, છૂટી જાય. એ વિષ્ટા મેસુબની હોય તો છોડતા મમતા રહે એમ બને? એમ રાગ અને તેના નિમિત્તો આ સ્વભાવના નિધાનની દૃષ્ટિ હોવા છતાં વિશેષ સ્થિર થવાના પ્રસંગને માટે એ નહિ... નહિ... નહિ... નહિ... નહિ... આ હા.. હા.. હા.. ને હા. એક ચૈતન્ય પરમસ્વભાવ લક્ષણ એવો કારણસમયસાર. જુઓ, શું કરવા એ શબ્દ વાપર્યો છે? કે બધા મોક્ષના માર્ગને મોક્ષનું કાર્ય તે આ કારણપરમાત્મામાંથી આવે છે. મોક્ષમાર્ગની પર્યાય જે કીધી નિશ્ચયમોક્ષમાર્ગ હોં. રાગભાગ એ મોક્ષમાર્ગ છે નહિ, જેને વ્યવહાર કહ્યો તે માર્ગ નથી. પણ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ દ્રવ્યસ્વભાવનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા, કહે

છે કે એના ફળરૂપે મોક્ષકાર્ય એ વ્યવહાર છે. ખરેખર તો પરમપારિણામિકસ્વભાવરૂપ કારણસમયસાર આત્મા એ કાર્યનું કારણ છે. સમજાણું કાંઈ?

હવે આવું અહીં લખે. બીજે ઠેકાણે કહે નિશ્ચયમોક્ષમાર્ગ તે કારણ અને ઉપાય છે, ઉપેય તે એનું ફળ છે, ફલાણું છે. વળી આની સાથે કેમ મેળવવું? હવે સાંભળને. એ અમૃતચંદ્રાચાર્ય કહે છે એ જ આ કહે છે અને આ કહે છે એ જ એ કહે છે. એમણે જ કીધું છે. અમૃતચંદ્રાચાર્ય કહેશે નીચે શ્લોકમાં આધાર આપીને. એક જ પરમસ્વભાવ. અરે! જેના સ્વભાવ એને શું કહેવું? આહા..હા..! આ સાકરની સેક્રીન શું કહેવાય છે એ? સેક્રીન આટલી થોડી હોય, ક્ષેત્રે થોડું પણ મીઠાશનો પાર ન મળે. જડની અવસ્થાની આવી મીઠાશ આટલા ક્ષેત્રમાં! આવડો ગાંગડો હોય તો ઓછી મિઠાશ આવું. એવી એક દશા પરમાણુમાં પણ એ મીઠી નામ ગળીની અવસ્થાની તારતમ્યતા વધી ગયેલા સ્કંધમાં દેખાય છે, તો ભગવાન આટલો અંદરમાં અતીન્દ્રિય આનંદના રસના કંદથી ભરેલું તત્ત્વ છે. પણ ઓલી મીઠાશની પ્રતીત કેવી આવે એને? ત્યાં હા પાડે તો તરત હા પાડે કે હા, સેક્રીનમાં બુહ મીઠાશ... બહુ મીઠાશ... બહુ મીઠાશ... ઓહો..! બહુ.. બહુ... બહુ... ત્રણ થઈ ગયું એને. શ્રદ્ધા ખોટી, જ્ઞાન ખોટું, ચારિત્ર વર્તન ખોટું. તારામાં કાંઈ મીઠાશ છે અંદર?

અહીં કીધુંને '**પરમવીતરાગ-સુખાત્મક...**' પરમવીતરાગ સુખથી ભરેલો ભગવાન ભાવ એ ભાવને સ્વદ્રવ્ય કહીને એનો આધાર એકરૂપ પરમપારિણામિક કહેવામાં આવ્યો છે. આહા..હા..! ટીકા તે પણ ટીકા છેને. ટીકાનો અર્થ સ્પષ્ટીકરણ કરવું. એવો ભગવાન કારણસમયસાર એ એક જ ઉપાદેય છે. લ્યો! એ પહેલું કહ્યું હતુંને. સમજાણું? '**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.**' એ ઉપાદેય આ છે એમ છેલ્લો સાર કરીને મૂક્યો. ઉપાડવો શી રીતે એને ઉપાદેય કરવો એટલે? ઉપ નામ સમીપે આદેય નામ ગ્રહવો. એની દૃષ્ટિ અંદર પડતા આશ્રય પરનો છૂટે એટલે એને હેય તરીકે ગણ્યું કહેવાય અને સ્વનો આશ્રય કર્યો એને ઉપાદેય તરીકે કહેવાય. બહુ ધર્મની રીત અને ધર્મ કેમ પ્રગટે? અહીં તો બહારની હજી સાધારણ વાત જ્યાં સાંભળે ત્યાં અરે! આ તે શું કહે છે? ભાઈ! અત્યાર સુધી તો આવું નહોતું. આ બધાય કહે ઈ ખોટા હશે? ભાઈ! ખોટા-સાચા રહેવા દે કોકની વાત. સત્યની છે એ લેને, સાંભળને હવે. આટલા બધા કહે એ અમારે માનવું કે તમારું માનવું? અમારી ક્યાં વાત છે? આ તો વીતરાગસ્વભાવની વાત છે. અમારી એટલે વિકલ્પની અને શરીરની નથી. સમજાણું કાંઈ?

ભગવાન વીતરાગસ્વભાવ, વીતરાગ એટલે? નિર્દોષ સ્વભાવ વીતરાગ. સમજાણું? વીત નામ વીતી ગયો છે રાગ, રહ્યો છે એકલો સ્વભાવ. દશામાં વીતરાગ થાય એ તો મુક્તિદશા, પણ કહે છે એ દશાના ખાણમાં એ દશા ક્યાંથી પ્રગટી? એ ખાણ વીતરાગના આનંદની ખાણ છે. એવો આત્મા પરમસ્વભાવ એ જે કારણસમયસાર છે એટલે કારણરૂપે થઈને કાર્યરૂપે

આનંદની દશાના મોક્ષના કાર્યના કારણ એ કારણપ્રભુ થાય છે. જેને કારણસમયસાર કહો, કારણજીવ કહો, પરમપારિણામિકભાવ એકરૂપ સ્વભાવ કહો, એ એક જ ઉપાદેય છે. એ સિવાય કોઈ ઉપાદેય નથી.

અહીં મોક્ષમાર્ગ પર્યાયનો અધિકાર છે આમાં. મોક્ષમાર્ગનો નિયમસાર એટલે પર્યાય છે આ. પર્યાયના અધિકારમાં પર્યાયનો આશ્રય કરવાલાયક નથી એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? એ ત્રિકાળ ભગવાન કારણસમયસાર તે જ શ્રદ્ધામાં, અનુભવમાં લઈ અને તે જ આશ્રય કરવા તે સદા નિરંતર. કોઈ સમયે પણ... ભાઈ! સ્યાદ્વાદ છે. એમ કોઈ કહે છેને. આ પણ ઉપાદેય અને આ પણ ઉપાદેય, આ પણ આશ્રય કરવાલાયક અને આ પણ આશ્રય કરવાલાયક, તો અનેકાંત થાય એમ હશે? અનેકાંતની વ્યાખ્યા જ એમ નથી. એક સ્વભાવ ત્રિકાળ તે ઉપાદેય છે, આદરણીય છે અને બીજો ઉપાદેય નથી. એ અસ્તિ-નાસ્તિની શક્તિઓનું વિરુદ્ધનું પ્રકાશવું તેને અનેકાંત કહે છે. સમજાણું કાંઈ? આ તો એકાંત નિશ્ચય થયો. પણ એમાં ક્યાંય કોઈ પડખે વ્યવહાર કાંઈક... કાંઈક... કાંઈક.. કાંઈક... ખરું કે નહિ? એ સર્વથા પર્યાય આશ્રય કરવાલાયક નથી અને સર્વથા દ્રવ્યનો આશ્રય કરવાલાયક છે એનું નામ અનેકાંત છે. એવું અનેકાંત તત્ત્વ ભગવાન આત્મા એને ઉપાદેય તરીકે જાણવો, માનવો અને એમાં ઠરવું એ જ મોક્ષનો માર્ગ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા. ૨૧-૨-૧૯૬૪, ગાથા-૫૦ થી ૫૫, કળશ-૭૪
## પ્રવચન નં. ૪૦૫

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. નિયમસાર એટલે તો મોક્ષનો માર્ગ છે નિશ્ચય સાચો, પણ એ કેમ પ્રગટે? એટલે એ શુદ્ધભાવ જે ત્રિકાળ એના સ્વભાવને આશ્રયે પ્રગટે છે તેથી એ શુદ્ધભાવનો અધિકાર વર્ણવવામાં આવ્યો છે. ગાથા થઈ ગઈ ૫૦. હવે એના આધાર માટે પદ્મપ્રભમલધારી મુનિ અમૃતચંદ્રાચાર્યનો એક શ્લોક સમયસારનો કહે છે.

''सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
एतेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।''

શેમાંથી નીકળે છે? આ કળશમાંથી નીકળે છે. કાલે પ્રશ્ન હતોને કે ભાઈ આવું કાંઈક

સમયસારમાંથી નીકળે છે? ૧૧માં, ૬માં કળશમાં એ નીકળે છે. જુઓ, આધાર પોતે એને માટે આપ્યો છે આમાં. એ તો અહીંયાં જોવા ગયા હતાને ત્યાં અંધશાળા અને કાલે મુંગાબહેરા. તો આત્મા બહેરો બહારનો તો અનાદિનો છે, પણ એકેન્દ્રિયરૂપે બાહ્ય બહેરો અનંતવાર થયો છે. અને એકેન્દ્રિયની પાંચ ઇન્દ્રિય મળી ત્યારે આંખ અને કાનને બધું હતું. એમાં આત્માને શું? પાંચ ઇન્દ્રિય થઈ. નવરંગભાઈ! આંખ મળી તો આંખ ગઈ. એમાં આત્માને શું નવું કર્યું? એ તો જડની ઇન્દ્રિયમાં એટલો ફેરફાર થયો અને પર્યાયમાં એટલી હીણપ થઈ. પણ આત્મા એક સમયનો શુદ્ધ અખંડ આનંદ એના વિશ્વાસ અને અનુભવ વિના એ બધા મળેલા પણ ટળી જવાના. પાંચ ઇન્દ્રિય મળી છે આંખ, કાન, જીભ બધા ટળી જવાના. અને મળ્યા છે એમાં આ આત્માનું ભાન ન કરે તો તો એ મળ્યા, ન મળ્યા છે. ભાન કરે તો મળ્યા તે ટળીને કેવળજ્ઞાન થવાનું. એ ટળશે એને પણ. ભાનવાળાને ટળશે અને અજ્ઞાનીને પાંચ ઇન્દ્રિયો ટળી જશે. એનાથી કાંઈ લાભ નુકસાન નથી. એક સમયનો ભગવાન આત્મા... એ ત્યાં કોક ભીખાભાઈ છે આંધળા હતા. એ બિચારા બોલતા હતા 'આ વાત સાચી છે.' મેં કીધું ભાઈ આવું તો બધું આંધળા ગયા અને ઓલા થયા આત્માના જ્ઞાનના ભાન વિના, એ આત્મામાં દોરો પરોવ્યા વિના. એ આંધળા દોરો પરોવતા હતા એ બાયું, છોડ્યું. એમાં શું? એ ક્રિયા તો જડની છે. આત્મા અંદરમાં દોરો પરોવે. જે સમ્યગ્જ્ઞાન, મારા સ્વભાવમાં આનંદ અને પૂર્ણતા, હું ક્યાં કોની કિંમત ટાંકુ? મારા સ્વભાવની કિંમત આગળ પ્રગટ દશા થઈ એની પણ કિંમત નથી તો રાગ અને નિમિત્ત અને એના ફળ તરીકે આ ધૂળ અને સંયોગો પાંચ ઇન્દ્રિયો આદિ માટી એની શું કિંમત છે. કિંમતી ભગવાન એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ વસ્તુ સ્વભાવ જેનું ધામ અનંતગુણનું એકરૂપ, એના સમ્યગ્જ્ઞાન વિના એણે બધું કર્યું. બધું એટલે? રાગ અને દ્વેષ. બધું પરનું કર્યું એ વાત છે નહિ.

એથી અહીંયાં કહે છે કે આત્માર્થી જીવે. જુઓ, મોક્ષાર્થી જીવે એટલો શબ્દ છે. જેને બંધનથી મુક્ત થવું છે અને જે મુક્તસ્વરૂપ આત્મા છે એની મુક્ત પર્યાય પ્રગટ કરવાનો જે અભિલાષી છે. સમજાણું કાંઈ? જે આત્મા મુક્તસ્વરૂપ છે, વસ્તુએ તો મુક્તસ્વરૂપ જ છે, અબદ્ધસ્પૃષ્ટ છે. કર્મનું બંધન અને રાગ એના સ્વરૂપમાં નથી. એવા સ્વરૂપના મુક્તસ્વભાવ એવો આત્મા એની પર્યાયમાં મુક્તના અભિલાષી જીવે શું કરવું? સમજાય છે કાંઈ આમાં? પણ એને મોક્ષાર્થી છે કે બંધાર્થી છે કે રાગાર્થી છે કે સંસાર-અર્થી? એણે નક્કી કરી લેવું જોઈએ. અનંતકાળમાં એણે ત્યાગીપણું અનંતવાર લીધું. સાધુ અનંતવાર થયો મિથ્યાદષ્ટિ રાખીને. ત્યાગી થયો, વ્રત, નિયમ પાળ્યા, બધા એના ફોગટ છે. એમાં આત્માનું કલ્યાણ કાંઈ નથી. કેમ? કે જે સ્વરૂપ છે તેની જ્યાં કિંમત અંતર દષ્ટિમાં થઈ નથી અને 'મોક્ષનો અભિલાષી છું' એમ કહેવરાવતો હોય, માનતો હોય એ બધા રણમાં પોક મૂકવા જેવી વાત છે. એની પોક સાંભળે નહિ અને એના જન્મ-મરણ મટે નહિ.

તો કહે છે કે '**જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત...**' જેમના જ્ઞાનનો અભિપ્રાય ઉદાત્ત '(**ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ**)...' દેખો ભાષા. જેના જ્ઞાનની પર્યાયમાં, અભિપ્રાયમાં ચરિત્ર એટલે વર્તન એના શ્રદ્ધાનું, જ્ઞાનનું ઉદાત્ત છે એટલે કે ઉદાર છે. શું ઉદાર છે? ઉચ્ચ છે અને ઉજ્જ્વળ છે. '**એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો...**' જેને જ્ઞાનની એક સમયની વર્તમાન દશામાં ઉદાર જ્ઞાન છે. પૂર્ણાનંદ પ્રભુ છે તેને એ જ્ઞાન કબુલે છે. ભારે વાતું! પૂર્ણાનંદ ચિદ્દ્ઘન આત્મા અખંડાનંદ ધ્રુવ છે એને જે જ્ઞાનનો પર્યાય ઉદાર ચિત્તથી, ઉદાર મારા સ્વભાવમાં તો એકલો આનંદ અને જ્ઞાનનો રસ જ ભર્યો છે એવા ચિત્તના ચરિત્ર નામ વર્તનની શ્રદ્ધા, જ્ઞાનની લીનતાની ઉદારતા છે. એ મોક્ષાર્થીઓ. એને અહીંયાં મોક્ષાર્થી કહે છે.

'**આ સિદ્ધાંતનું સેવન કરો...**' એકવાર ઉદાર તો થા. શેનો ઉદાર? પૈસા ખર્ચવાનો? તારા જ્ઞાનની વર્તમાન અભિપ્રાયમાં એટલો ઉદાર થા કે અલ્પજ્ઞતા અને અલ્પદર્શીતા પ્રગટ દેખાવા છતાં 'હું ત્રિકાળ પુણ્ય અને પાપથી રહિત પૂર્ણાનંદ પ્રભુ છું' એવો એકવાર જ્ઞાનના અભિપ્રાયમાં ઉદાર થા. ભારે ઉદાર, ભાઈ! સમજાણું કાંઈ? જેના જ્ઞાનનું ચરિત્ર નામ વર્તન અભિપ્રાયનું ઉદાર અને ઉચ્ચ અને ઉજ્જ્વળ છે. '**એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો...**' આ નિયમનું નિશ્ચયતત્ત્વનું સેવન કરો '**કે—'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;**'' હું નહિ શરીર, નહિ શરીરની ક્રિયાઓ, હું નહિ દયા, દાનના પરિણામ, એ દયા, દાનની ક્રિયા વિકારની અને તેને જાણવાનો અલ્પજ્ઞાનનો ક્ષયોપશમ તે રાગ તરફ વળેલી દશા એ હું નહિ, એટલો હું નહિ. હું તો શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય એકરૂપ, ચૈતન્યમય જ્ઞાનનો પિંડ જ્ઞાતા-દૃષ્ટાનો રસકંદ શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું, ત્રણે કાળે છું. સમજાણું કાંઈ આમાં?

આમાં ઉદારતા શું આવી? એમાં ઉચ્ચતા શું આવી? ઉજ્જ્વળતા શું આવી? માણસ કહે છે કે ભાઈ! ઉજ્જ્વળતા .. આમ કરે, વ્રત, ભક્તિ કરે એ ઉજ્જ્વળતા નથી. તને ખબર નથી. એ રાગની મંદતાના પરિણામ છે એ ઉજ્જ્વળતા નથી. ઉજ્જ્વળતા, ઉચ્ચતા, ઉદારતા એને કહીએ કે જેના અંતર અભિપ્રાયમાં 'પૂર્ણાનંદ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા ત્રિકાળ રહ્યો છું' એવી અભિપ્રાયની દૃષ્ટિનો દોર સ્વભાવ ઉપર મૂકવો, એને ઉદાર, ઉચ્ચ અને તેને ઉજ્જ્વળતા (કહે છે). અભિપ્રાયની ઉજ્જ્વળતામાં પૂર્ણ પરમાનંદ મૂર્તિ ઉજ્જ્વળ પૂર્ણરૂપે પ્રતીતમાં લીધો એને ઉજ્જ્વળ, ઉચ્ચ અને ઉદાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

'**અને આ જે...**' વિદ્યમાનતા બતાવે છે. મારી દશામાં અલ્પજ્ઞતા, રાગ, દયા, દાનનો વિકલ્પ અને કર્મશરીર એ '**ભિન્ન લક્ષણવાળા...**' એ મારું સ્વરૂપ નહિ, મારા લક્ષણે લક્ષિત થવાયોગ્ય એ વસ્તુ નહિ. સમજાય છે કાંઈ? એ સમ્યગ્જ્ઞાનનો પર્યાય પ્રગટ્યો છે એ મારા સ્વરૂપથી ભિન્ન લક્ષણવાળું છે. વજુભાઈ! ભારે વાતું! કોઈ દિ' બિચારાને કાને પડે નહિ.

આ કાન મળ્યા છે એને માટે ઉંચું ગણ્યું છે પંચેન્દ્રિયમાં. ત્યાં કહ્યું હતું કે ભાઈ આંધળા કરતા કાન મળ્યા હોયને એને સાંભળવાનું... તો મળે. કાન હોય તો સાંભળવામાં એને સમજવામાં વિવેકપણાનું નિમિત્ત થાય, પણ આંખ હોય અને કાન ન મળે, છેલ્લી ઇન્દ્રિયનું કામ ન મળે, શું વસ્તુ છે એને સાંભળવાનું, પછી બહેરા જ છે અંદરથી. અનાદિકાળના બહેરા એણે સત્‌ને સાંભળ્યું નથી. અનાદિકાળના મૂંગા એણે સત્યને ગ્રહીને સત્યની વાત કહી નથી. આગળ કહેશે હમણાં પછીના કળશમાં. 'આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે' એમ કહેશે આગળ.

હું એક પૂર્ણાનંદ શુદ્ધ છું, મારા સ્વભાવમાં રાગ નહિ, વિકલ્પ નહિ, વ્યવહાર નહિ, નિમિત્ત નહિ, કાંઈ નહિ એમ જેણે સ્પષ્ટપણે કોઈ દિ' કહ્યું નથી કે એની માન્યતામાં સ્પષ્ટતા એવી હોવી જોઈએ. સમજાય છે કાંઈ? આહા..હા..! વજુભાઈ! શું હશે આ? કઈ વાત અગમનિગમની? બહાર સૂઝે આ વ્રત પાળ્યા, ભક્તિ કરી, તપ કર્યું, આ અપવાસ કર્યા. ધૂળેય કર્યું નથી સાંભળને. એ તો બધો રાગનો મલિનભાવ છે. કરું.. કરું.. કરું ને આ કરું ને આ છોડું એ બધો અભિપ્રાય મિથ્યાત્વ છે. ચૈતન્યજ્યોતમાં આ કરું અને આ મૂકું એવું વસ્તુમાં છે જ નહિ. આહા..હા..!

એવો સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપ ચિદાનંદ એના સિદ્ધાંતને સેવન કરો. સેવન કરો અહીં કહે છે સેવા કરો. લ્યો, આ સેવા કરવાનું તો આવે છે આમાં. લોકો કહે છેને સેવા કરીએ છીએ પરની. ધૂળમાંય કરતો નથી. કોણ કરે પરની સેવા? રાગ થાય તને કે આની સેવા કરીએ છીએ. સેવા કોણ કોની કરે? સ્વતંત્ર પદાર્થ છે. એ પદાર્થની અવસ્થા થવી તે તેને કારણે, બીજો કોણ સેવા કરી શકે એની? નવરંગભાઈ! શું હશે આ? બરાબર છે? ત્યાં છોને તમે તો. એ રાગ છે, વિકલ્પ છે. એ કાંઈ નવી ચીજ નથી. એવા વિકલ્પો અનંતવાર કર્યા છે અને બહારની દશા થવી હોય તે તેને કારણે થાય છે. એમાં કોઈ કહે કે અમે કરી દઈએ આનું એ વાતમાં એકેય દોકડો સાચો નથી.

અહીં તો કહે છે કે અરે! પ્રભુ! એ ચૈતન્યજ્યોત તારા વિશ્વાસમાં આવ્યું નથી કે હું એક પૂર્ણાનંદનો પિંડ છું. એ મહાસમુદ્ર શુદ્ધ. આવે છેને ન કીધું ઓલામાં? 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું, અપને રસ શું ભર્યો અનાદિ ટેક હું; મોહ કર્મ મમ નાહી, નાહીં ભ્રમ કૂંપ હૈ, શુદ્ધ ચેતના સીંધુ હમારો રૂપ હૈ.' અમે તો શુદ્ધ ચૈતન્યના દરિયા ભર્યા છીએ. એ શી રીતે માપવું? સમજાણું કાંઈ? એવી શ્રદ્ધાના અનુભવની પ્રતીત અને સેવન કરો, એની સેવા કરો. આહા..હા..! કહ્યું નહોતું એક ફેરી? દાખલો આપ્યો હતો ઓલા મોતીનો. સાંભળ્યો હતો? નવરંગભાઈ! સાંભળ્યો નહોતો? યાદ નથી એમ કહો. સાંભળ્યો નહોતો એમ નહિ. એક હતો વાણિયો. એ વાણિયાને વેપાર મોતીનો. પછી એક મોતી તૂટેલું સારું ઊંચું હતું તો ફાળિયે બાંધી, ફાળિયાના છેડે ઉઘરાણીએ ગયો ગામડામાં. બે-પાંચ-દસ હજારની ઉઘરાણી હશે. ઉઘરાણીએ ચડ્યો. ત્યાં પહેલાં તો એવું હતુંને પટેલ સારું હોય ત્યાં જાય

તો કહે પધારો પધારો શેઠ પધારો. પાણી લાવ પટેલ! પાણી પીવું છે. ત્યારે તો વાણિયા પીતા નહોતા કણબીનું. હવે તો બધું સરખું થઈ ગયું છે. તેથી કહે એલા પાણી લઈ આવ બ્રાહ્મણને ત્યાંથી. તો ઓલો પાણી લેવા ગયો ત્યાં વાર લાગેને દસ મિનિટની. આસપાસ બે-ચાર ઘર છેટે લેવા જાય. એટલે ઓલું મોતી હતું છેડે બાંધેલું ખોલીને (જોવા માંડ્યો). પાણી લઈને આવ્યો. પટેલ! આમાં પાણી બહુ છે આમાં. તો શું કરવા મગાવ્યું પાણી? આમાં પાણી હોય તો મગાવ્યું શું કરવા પાણી? એટલે ઓલો વાણિયો પણ છગ-છગ કહું છું. ઠગ એમ નહિ. છગ. છગ એટલે હુશિયાર. છગ એટલે માયા અને કપટ હોય એ નહિ. એટલે કહે કે પટેલ આમાં તો દરિયો ભર્યો છે. દરિયો ભર્યો આ મોતીમાં આવડું? આ લોટો શું કરવા મગાવે? શેઠ! ઓલા મોજા ઉઠેને. મોતી ઊંચું બહું. ઊંચા મોતી બહુ ઊંચા થાય. બહુ ઊંચા મોતી. એવા થાય કે આમ એના ચમક ઉઠે. આ લૂગડા નથી થતાં? શું કહેવાય? વાયલ. વાયલ નથી થાતું? એ તો હોય તો એક દોરામાં વાયલ. પણ એની અંદર મોજા ઉઠે આમ દેખાય કે નહિ? એ કાંઈ જાડા નથી. જાડું તો એક તાણાવાણા છે, પણ આમ વાયલ આવે છેને એવી કાંઈક ચીજ. એમ મોજા દેખાય લીલા ને પીળા આમ મોજા. એના દળમાં તો એક તાણોવાણો જ છે, પણ મોજા દેખાય અંદર. એમ આમાં એક મોતીમાં એટલી ઊંચી છેને. ત્યાં મોતીની મૂર્તિ છે ત્યાં મૂડબિદ્રીમાં. મોતીની મૂર્તિયું મોટી. મોટી ઊંચી ઊંચી. કરોડ-કરોડ રૂપિયાની, ૫૦-૫૦ લાખની એક એક મૂર્તિઓ છે ત્યાં મૂડબિદ્રી. ત્યારે બધા અબજોપતિ હતા કરી ગયેલા. પછી કોણ જાણે ક્યાંક વીખાઈ ગયા તો બધી મૂર્તિઓ મૂકી ગયા છે ત્યાં. ૩૦-૩૫ મૂર્તિઓ છે. મોટી કરોડો રૂપિયાની કિંમતની. મોતીની મૂર્તિ.

એમ આ મોતી એવું ઊંચું હતું. આમ ઝલક-ઝલક-ઝલક મોતી થાય. પટેલ કહે કે પણ આમાં પાણી દરિયો ક્યાં છે? મારા પછેડીનો છેડો અડાડું અહીં. પલળે તો પાણી માનું. એ પટેલ! એ પાણીની કિંમતું કપડે ન થાય. એ પટેલ! આ તારા છેડાએ એની કિંમતું ન થાય. એ તો નજરુંમાં એની કિંમતું દેખાય. જેની નજરમાં એ મોતીના પાણી કેવા અને કિંમત જેને આવી છે જ્ઞાનમાં એ આંખ એના પાણીને કળે. તારા લૂગડા ભીના થાય તો કહે પાણી એમાં એમ ન હોય.

એમ ભગવાન ચૈતન્ય મોતી રાગના પટમાં બંધાયેલું અનાદિકાળનું એને જોવે તો બીજાને કહે કે એ આત્મા તો આવો છે. પણ શી રીતે? કાંઈક અમને બહારમાં દેખાવો જોઈએ. પણ એ નજરે ન દેખાય એ નજરે. એની નજરું બીજી હોય છે. એ અંતર ચૈતન્યના અભિપ્રાયની નજરથી જોતાં એ ભગવાન ચૈતન્ય ઉદાર ઉચ્ચ અને ઉદાત્ત છે. અનંત જેમાં જ્ઞાન અને આનંદનો એકલો પૂંજ અને રસ પડ્યો છે. એ સમ્યગ્જ્ઞાનની નજરુંએ એની કિંમત થાય, એની તારા રાગ ને પુણ્ય ને દયા, દાનના વ્રતના પરિણામથી એની કિંમતું એ લૂગડા કપડા ભીંજાય એ ન થાય કે એમાં આમ અમે બહુ વ્રત પાળીયે આમ થાય તો આત્મા મોટો

કહેવાય. હવે સાંભળને. સમજાણું કાંઈ? તને એ ચૈતન્યની કિંમતની ખબર નથી.

ભગવાન આત્મા એક સમયમાં જ્યાં અશાંતિ જરીક હતી અને અજ્ઞાન ટળીને જ્યાં જ્ઞાનના ચમત્કાર જાગ્યા કે ઓહો..! આ ચમત્કારનો અંશ જ્યાં પહેલાં નહોતો અને આવ્યો એ બધો ક્યાંથી? અજ્ઞાન અને રાગની એકતા ટળી એમાંથી નથી આવ્યો એ. એ સમ્યગ્જ્ઞાનનો ચમકાર સમ્યક્ અનુભવમાં આવે એ જ્ઞાનનો ચમકાર અંદર પડ્યો છે. સમજાણું કાંઈ? એ પીપરના દાણામાંથી જેમ ચોસઠ પહોરીનો ચમકાર પ્રગટ્યો એ ત્રેસઠ પહોરી ગઈ એમાંથી નથી આવ્યો, અંદરમાં પડ્યો છે એમાંથી આવ્યો છે ફડાક દઈને અંદરથી. લીંડીપીપરના દાણે દાણે ચોસઠ પહોરી તીખાશનો રસ.. રસ... રસ... પૂરો (ભર્યો છે). એમ ભગવાન આત્મામાં અંદર પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન, અખંડ આનંદ અને અખંડ જ્ઞાન પડ્યું છે. કહે છે કે આ એના અનુભવની પ્રતીત અને સેવ. આહા..હા..! ક્યાં નજરું નાખવી? જ્યાં નાખવાયોગ્ય છે ત્યાં નાખતો નથી અને જ્યાં ત્યાં ભટક્યા કરે છે.

એવા અભિપ્રાયને સેવ અંદરમાં, હું તો સદાય શુદ્ધ છું. મારાથી આ.. વિદ્યમાનતા તો છે હોં. જ્ઞાનની અલ્પજ્ઞતા, રાગ વિકલ્પતા, નિમિત્તની સંયોગતા. જ્ઞાનની અલ્પજ્ઞતા, રાગની વિપરીતતા અને પરપદાર્થની સંયોગતા એ ત્રણ છે તો ખરું. પણ એ '**આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય તે હું નથી.**' આહા..હા..! સમજાય છે કાંઈ? એ દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠે એ હું નથી. એ શરીર પ્રગટ થાય એ હું નથી. આ અલ્પજ્ઞ પર્યાય પ્રગટ થઈને સાધકને એટલો પણ હું નથી. ભારે વાતું, ભાઈ!

હજી તો સમ્યગ્દર્શનની વાત ચાલે છે આ હોં. પહેલું ગુણસ્થાન પલટીને, મિથ્યાત્વ ટળીને સમ્યક્ થાય એની દશામાં આટલો ચૈતન્યનો ચમત્કાર પ્રતીતમાં અને અનુભવમાં આવે એને સમ્યગ્દર્શન ધર્મ, શરૂઆતનો પહેલામાં પહેલા ધર્મની દશા એને કહે છે. કહે છે '**આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ...**' જુઓ, ઓલો એક હતો સામે. '**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ...**' હતો. આ જે ભિન્ન લક્ષણવાળા, મારાથી ભિન્ન લક્ષણ છે અને વિવિધ પ્રકારના ભાવ, પછી ઉદય, ઉપશમ, ક્ષયોપશમ વગેરે. એ પ્રગટ તે હું નથી. '**કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.**' ઓલાની સાથે લગાડી દીધું ૫૦મી ગાથા સાથે. શું કહે છે આમાં ક્યાંય કોઈ દિ' એનો પત્તો લીધો નથી. સાંભળવા મળે નહિ, વિચાર કે દિ' અને રુચિમાં લાવીને અનુભવ કે દિ' કરે? અને એના વિના ત્રણકાળમાં ધર્મ થાતો નથી. ભાનુભાઈ! કેટલા વર્ષ ગયા પણ આ કોઈ દિ' સાંભળ્યું નહોતું આ.

શું કીધું? મારો ભગવાન મારી પાસે પૂર્ણ છે કહે છે. એ સિવાયના જેટલા ભાવો પ્રગટ થાય રાગ કે અલ્પજ્ઞતા આદિ એ બીજા લક્ષણવાળા, મારા ચૈતન્યના લક્ષણે લક્ષિત થવાવાળી એ ચીજ નહિ. '**કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.**' એ બધા મારે માટે તો પરપદાર્થ છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા હું એક સમયમાં પૂર્ણ પ્રભુ એમાં શ્રદ્ધાના

અભિપ્રાયના વલણને અંતર વાળ્યો અને પૂર્ણ સ્વરૂપ (છે), કેમકે જે વસ્તુ સ્વભાવ છે તે અપૂર્ણ વિકાર દુઃખ આદિ હોય નહિ, એમ જ્યાં આનંદનો અંશ પ્રગટ્યો, શ્રદ્ધાના સમ્યક્‌ના અંશ પ્રગટ્યા અને સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું એ ત્રણે કિરણોરૂપ એક દશા એમાં આ પ્રગટ્યું એ આખો એ જાતનો છે એમ એના પ્રતીતમાં સમ્યગ્દર્શનમાં, અનુભવના પ્રતીતમાં આવે છે. એ અનુભવને સેવો એમ કહે છે અહીં. એ અનુભવનું સેવન કરો, બાકી બધી કડાકૂટ ને ખટપટ ને બધું સંસાર ખાતે છે. પ્રભુભાઈ! શું કરવું આ? લ્યો, એક કળશ પૂરો થયો. હવે પાંચ ગાથા બાકી છે. હજી એક કળશ છે એમાં લ્યો. પોતાનો કળશ છે, ભાઈ!

‘**વળી (આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—**’ એ પોતે કહે છે.

(शालिनी)

न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-<br>
दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः।<br>
इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी<br>
सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम्।।७४।।

‘**શ્લોકાર્થ :- શુદ્ધ જીવાસ્તિકાયથી...**’ જુઓ, એક શબ્દ વાપર્યો છે. કારણ કે વસ્તુનું સ્વરૂપ જીવ, અસ્તિ અને કાય શબ્દ વાપર્યો છે. એ સર્વજ્ઞ સિવાય એવો આત્મા કોઈએ જોયો નથી. સર્વજ્ઞના માનનારા ભલે માને અને જોવે, પણ સર્વજ્ઞ સિવાયના જેટલાએ કથન કર્યા એ બધા શુદ્ધ જીવાસ્તિકાય એમ નથી જોયું. કેમકે એક તો શુદ્ધ અસ્તિ છે અને કાય એટલે અસંખ્ય પ્રદેશનો પહોળો છે. શું કીધું? વસ્તુ અને એનું ક્ષેત્ર બે લઈને એના અનંતગુણો જે ભાવ પડ્યા છે એને એણે પ્રતીતમાં, શ્રદ્ધામાં અનંતકાળમાં લીધું નથી. સર્વજ્ઞ ભગવાન જેના એક સમય સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા એણે જીવને જીવાસ્તિકાય કહ્યો છે. ‘જીવ છે’ એટલે માત્રથી નહિ, છે એ તો અસ્તિમાં જાય છે, પણ એને કાય એટલે પહોળો કેટલો? લોકવ્યાપક એમ નથી, પણ લોકના જેટલા આકશના પ્રદેશ છે તેટલા પ્રદેશનો કાય. કાય એટલે એની કાયા એ. અસંખ્ય પ્રદેશનો પહોળો એ એની કાયા નામ પ્રદેશના સમૂહરૂપ આત્મા છે. સમજાય છે કાંઈ?

‘**શુદ્ધ જીવાસ્તિકાયથી...**’ ભાષા જુઓને. એક ભગવાન જીવ એટલે આત્મા, અસ્તિ એટલે છે, શુદ્ધ પવિત્ર અને કાયા અસંખ્ય પ્રદેશ, અસંખ્ય પ્રદેશ. એક પરમાણુ પોઈન્ટ છે. આ તો અનંત રજકણનો પિંડ આ છે. એનો ટૂકડો છેલ્લો તેને પરમાણુ કહીએ અને એ પરમાણુ જેટલા ક્ષેત્રને રોકે તેને પ્રદેશ (કહીએ). વસ્તુનો વિશેષે, પ્ર નામ વિશેષે દેશ નામ ભાગ. જેમ સાંકળી છે સોનાની, પાંચસો મકોડા એમાં હોય એની મકોડાની જાતમાં અને આમાં ફેર છે. મકોડા તો આમ હોય છે, આમાં એમ નથી. આમાં તો એક પ્રદેશ પરમાણુને

જેટલામાં રહે એવા અંશને ભાગ કહીએ પ્રદેશ. એવા એવા પ્રદેશો જીવમાં અસંખ્ય છે. આખા લોકના આકાશ પ્રદેશ જેટલા એક જીવના પ્રદેશ છે. એ સર્વજ્ઞ પરમાત્મા સિવાય, વીતરાગ પરમેશ્વર જેને વિજ્ઞાન અને વીતરાગતા બે પૂર્ણ થઈ ગઈ એણે જેવો આત્મા પ્રત્યક્ષ જોયો અને જાણ્યો. સમ્યગ્દૃષ્ટિ પણ એને પ્રતીતમાં, અનુભવમાં વેદનથી, આનંદથી લે, પણ એ અસંખ્ય પ્રદેશ છે એમ એને નજરમાં પડે નહિ. અને અજ્ઞાનીને તો અસંખ્ય પ્રદેશ અને અનંતગુણ એ કોઈ રીતે પ્રતીતમાં અનંતકાળથી આવ્યો નથી. એથી એણે શબ્દ એવો વાપર્યો છે કે શુદ્ધજીવાસ્તિ, જીવ-અસ્તિ એક એક આત્માની વાત છે.

પવિત્ર આત્મા ભગવાન '**જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો...**' લ્યો, એ બધા ચૌદ ગુણસ્થાન ને માર્ગણાસ્થાન એ બધા ભેદોની વ્યાખ્યા બહુ લાંબી છે. '**એવા જે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો...**' (છે). કેમકે પર્યાય છે તેને આશ્રયે વિકલ્પ ઉત્પન્ન થાય, માટે પર્યાયને પણ અહીંયાં પુદ્ગલ દ્રવ્યના ભાવ કહી દીધા. પરદ્રવ્ય કહો કે પુદ્ગલદ્રવ્ય કહો. '**તે ખરેખર અમારા નથી—**' આહા..હા..! શ્રદ્ધાએ પર્વતને મોટો ઉપાડવો! ત્રાજવે મેરુ પર્વત તોળવો! ઓલો કહે તોળાય નહિ, અહીં કહે તોળાય. એ સમ્યગ્જ્ઞાનના નેત્રથી ભગવાન આખો તોળ્યો જાય એટલે માપ્યો જાય, પ્રમાણમાં આવી જાય. પ્ર નામ વિશેષે, માપ નામ પ્રમાણજ્ઞાન એમાં આખું તત્ત્વ પૂર્ણ શું એવા અંતરના જ્ઞાનના પ્રમાણના માપમાં આખો જીવાસ્તિકાય આવી જાય એને સમ્યગ્જ્ઞાન અને પ્રમાણજ્ઞાન અને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? કહે છે... અસ્તિ-નાસ્તિ કરી.

શુદ્ધજીવાસ્તિકાય એ હું અને '**અન્ય એવા જે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી—આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે...**' ભાષા વાપરી છે કહે છે વાપરી છે. વ્યક્તં એમ છેને. '**इत्थं व्यक्तं वक्ति**' એમ શબ્દ પડ્યો છે. વ્યક્તં. કહે છે. 'કહે છે' એનો અર્થ એમ જે વેદે અને જાણે છે અને જેવું વેદે-જાણે એવું વાણીમાં આવે. આવો ભગવાન આત્મા એક સમયનો ડોલ્યો ડોલે નહિ, હલ્યો હલે નહિ, ધ્રુવસ્વભાવથી ભરેલો અનંત આનંદકંદ એમ જેણે દૃષ્ટિમાં, અનુભવમાં લઈને પ્રતીત કરી એ એમ કહે છે કે અમારો સ્વભાવ પૂર્ણ છે. એ સિવાય અમારામાં બીજું કાંઈ છે નહિ.

'**આમ જે તત્ત્વવેદી...**' એટલે જાણનારો, અનુભવનારો '**સ્પષ્ટપણે કહે છે...**' પાઠમાં એમ છેને? '**व्यक्तं**' '**व्यक्तं**' સ્પષ્ટ કહે છે. એ નહિ કે આને સંતાડું, આની વાત સંતાડું. અરે! હાલ.. હાલ.. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પૂર્ણ પરમાત્મા તે મારા દૃષ્ટિનો વિષય અને એ મારું ધ્યેય એ તો પૂર્ણાનંદ છે. એમ જે સ્પષ્ટપણે વેદે અને સ્પષ્ટપણે વેદે એવું કહે '**તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.**' તે અતિ અપૂર્વ, અતિ અપૂર્વ દેખો. અપૂર્વ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આ તો અતિ અપૂર્વ સિદ્ધિ, અનંતકાળમાં મુક્તદશા સિદ્ધપદ પામ્યો નહિ એ આવા અભિપ્રાયને અનુભવી સમકિતી એ મુક્તિપદને પામે

છે. કહો, સમજાણું કાંઈ?

તત્ત્વવેદી **'તે અતિ અપૂર્વ સિદ્ધિને...'** મોક્ષદશા કોઈ દિ' પૂર્વે થઈ હતી? અપૂર્વ. એ પર્યાય આત્મામાં આવો પૂર્ણ જેણે જાણ્યો અને દૃષ્ટિનું જ્યાં ધ્યેય પકડ્યું, એને અલ્પકાળમાં અતિઅપૂર્વ મુક્તદશા થવાની, થવાની અને થવાની! બીજ ઊગી એને પૂનમ થયા વિના રહે નહિ. બીજ જ્યાં ઊગી એટલે પૂનમ ચૌદ દિ'એ થશે. સમજાય છે કાંઈ? એમ જેને સમ્યગ્દર્શન થયું એને ચૌદ ગુણસ્થાન થઈને સિદ્ધ થયા વિના રહેશે નહિ. સમજાણું કાંઈ આમાં? ભારે વાતું પણ સાંભળ્યામાં એકેય વાત સંઘરાય એવી મળે નહિ. સાંભળેલી હોય બીજી. એય..! મણિભાઈ! કાંઈક વાંચી વાંચીને નવરામાં પોથા ને થોથા ફેરવ્યા. આ ન મળે એમાં. પણ ઝાઝું ગરી ગયું હોયને ઝેર અંદર પાછું સવળે આવવું મુશ્કેલ પડે.

કહે છે કે ત્રણલોકના નાથ સર્વજ્ઞ દેવાધિદેવ વીતરાગ પરમેશ્વર જેના એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પોતાની પર્યાય જાણતા જણાઈ ગયા. પર્યાય જાણતા જણાઈ ગયા. એને જાણવું પડ્યું નથી એણે. આ પર્યાય પૂર્ણ એ પોતાને જાણ્યો ત્યાં બધું જણાઈ જાય. ભગવાન એમ કહેતા હતાં, એમ કહે છે, એમ કહેશે. ત્રણકાળ, ત્રણલોકમાં જ્યાં જ્યાં ભગવાન બિરાજે ત્યાં કહે કે હે જીવ! તારા પૂર્ણ સ્વભાવ સિવાય 'મારું કાંઈ નથી' એમ તું નિર્ણય અને અનુભવ કર. એમ તત્ત્વવેદી કહે એ થોડા કાળમાં સિદ્ધિને-મુક્તિપદને પામે છે. હવે પાંચ ગાથા રહી. થોડો થોડો ગાથાનો સાર લઈ લઈએ. પછી પૂરું થઈ જશે. પછી કળશનું સાંજ-સવાર બે વાર લેવાશે. ત્રણ દિ' છેને હજી? હવે પાંચ ગાથા.

विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं।
संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं।।५१।।
चलमलिणमगाढत्तविवज्जियसद्दहणमेव सम्मत्तं।
अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं।।५२।।
सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा।
अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी।।५३।।
सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं।
ववहारणिच्छएण दु तम्हा चरणं पवक्खामि।।५४।।
ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं।
णिच्छणयचारित्ते तवचरणं होदि णिच्छयदो।।५५।।

**શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;**
**સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.**
**ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;**
**આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.**

જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે
તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.
સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;
તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.
વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

વ્યવહાર-નિશ્ચય બેનો ખુલાસો પાંચ ગાથામાં છે. એની ટીકા. એની સંસ્કૃત ટીકાનો નીચે અર્થ. **'આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.'** છે? હવે વ્યવહારરત્નત્રયની પહેલી વાત કરે છે. વ્યવહારરત્નત્રય એટલે કે જે મોક્ષમાર્ગમાં નિમિત્તરૂપ હોય અને વ્યવહારરત્નત્રય તે બંધનું કારણ હોય અને નિશ્ચયરત્નત્રય તે મોક્ષનું કારણ હોય. એવા બેય નિશ્ચય ને વ્યવહારરત્નત્રયના સ્વરૂપને કહેશે. **'પ્રથમ,...'** રત્નત્રય સમજાણું? સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. આત્મા ભગવાન એ છેલ્લે મોક્ષના કારણરૂપ રત્નત્રયને પછી કહેશે. અને પહેલાં વ્યવહારને (કહે છે) પણ, હોય છે નિશ્ચય હોય તેને વ્યવહાર હોય છે. જેને ભગવાન આત્મા શુદ્ધ અખંડ આનંદના અનુભવમાં પ્રતીત થઈ છે, શાંતિના, આનંદના કણિયા વેદાણા છે, એની જે પ્રતીત થઈ અનુભવમાં તેને નિશ્ચયસમ્યગ્દર્શન કહે છે. એની સાથે એવા જીવને પૂર્ણ વીતરાગદશા ન હોય તેથી તેને વ્યવહારસમકિતનો એક વિકલ્પ રાગ એની હયાતીમાં હોય છે. એ વ્યવહાર વિકલ્પની શ્રદ્ધાનું શું સ્વરૂપ છે જેને નિશ્ચય હોય તેને? વજુભાઈ! એની વ્યાખ્યા કરે છે.

**'પ્રથમ,...'** પહેલું એટલે? પહેલું હોય છે એમ અહીં શબ્દ નથી. પહેલી વાત કરીએ છીએ કે. એમ શબ્દ છે. **'तावत'** સમજાણું? **'ભેદોપચાર-રત્નત્રય...'** ભેદવાળા એટલે ઉપચારરૂપ રત્નત્રય એટલે મોક્ષનો માર્ગ ઉપચારરૂપ. ભેદરૂપ, વાસ્તવિકરૂપ નહિ, ઉપચારરૂપ. એવો રત્નત્રય **'આ પ્રમાણે છે :-'** વ્યવહારરત્નત્રય. વ્યવહારસમ્યગ્દર્શન, વ્યવહારસમ્યગ્જ્ઞાન, વ્યવહાર સમ્યક્ચારિત્ર. નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયસમ્યગ્જ્ઞાન, નિશ્ચયચારિત્ર હોય એને વ્યવહારના આવા રત્નત્રયના વિકલ્પ હોય એનું સ્વરૂપ એને કહે છે. કેસરનો ડબ્બો હોય તો ભેગો ડબ્બો કેસરમાં તોળાય જાય. શેર કેસર લેવા જાય તો ડબ્બો તોળાય જાય. એ ડબ્બો કેસરનો તોળાણો ખરો પણ ખરું કેસર એ નથી. એમ આત્માના આનંદસ્વરૂપ નિશ્ચયનો અનુભવની પ્રતીતિનું સમ્યગ્દર્શન, એનું સમ્યગ્જ્ઞાન અને એના અનુભવરૂપ ચારિત્ર રમણ આનંદ એ ખરેખર કેસર એટલે માલ અને એ માલમાં પૂર્ણતા નથી એટલે વિકલ્પ એક ઉઠે છે. સાચા દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો એક રાગ હોય છે એને વ્યવહારસમકિત કહે છે. આરોપે, ભેદે, ઉપચારે સમકિત કહે છે. એ સમકિત શું છે એની વ્યાખ્યા કરે છે.

**'વિપરીત અભિનિવેશરહિત...'** જેને વિપરીત અભિનિવેશ ટળી ગયો છે અંદરમાંથી. એવા નિશ્ચયસમકિતવંતને **'શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત ભગવંત**

**પંચપરમેષ્ઠી પ્રત્યેનું...**' વ્યવહારસમકિત. વ્યવહારમાં વિપરીત અભિપ્રાય કહ્યો છે અને નિશ્ચયમાં એને વિપરીત અભિપ્રાય ટળીને અંતર અનુભવ સમ્યક્ થયું છે. એને વ્યવહારનું સમકિત કેવું હોય? કે એ '**સિદ્ધિના પરંપરાહેતુભૂત...**' નિશ્ચયસમ્યગ્દર્શન તો સાક્ષાત્ મોક્ષનું કારણ છે, પણ વિકલ્પ ઉઠે છે, સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર એની પ્રતીતિનો જે વિકલ્પ ઉઠે છે એ શુભરાગરૂપી વ્યવહારસમકિત પરંપરા હેતુ એટલે કે એને ટળીને પછી વીતરાગતા થશે. એવું વ્યવહારસમકિત કોને હોય? કેવું હોય? ઝીણી વાતું છે બહુ.

'**ભગવંત પંચપરમેષ્ઠી...**' પાંચ પરમેષ્ઠી—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. મહાસંત મુનિ, જ્ઞાની, ધ્યાની આત્માના આનંદમાં વિચરનારા. અરિહંત તે સર્વજ્ઞદેવ, સિદ્ધ તે શરીરરહિત સર્વજ્ઞદેવ, અરિહંત તે શરીરસહિત સર્વજ્ઞદેવ; આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તે સાધકની દશામાં ઉભેલા. એટલે પાંચેય ગુણવાચક નામ છે, કોઈ સંપ્રદાયવાચક નામ નથી. જેણે આત્મામાંથી અરિ નામ વિકારના દુશ્મનના ભાવને ટાળ્યા છે અને કર્મ જેને ટળી ગાય છે ચાર. આત્માના આનંદની અનંત ચતુષ્ટય જ્ઞાન, આનંદ, વીર્ય અને શાંતિ પ્રગટ થઈ છે. સશરીર હોવા છતાં એને અરિહંતપદની વ્યાખ્યા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

બીજા સિદ્ધપદ. જેને આઠેય કર્મનો નાશ થઈ અશરીરી પૂર્ણ દશા પ્રગટ થઈ એવી આત્માની દશાને સિદ્ધ પદ કહે છે. ત્રીજા. પાંચ પરમેષ્ઠીની વ્યાખ્યા ચાલે છે. ત્રીજા આચાર્ય. આચાર્ય એટલે અંતરસ્વરૂપમાં આનંદના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રના આચારમાં જે રમતા હોય છે એવા જે આચાર્ય. ઉપાધ્યાય એવી જ વાત જે બીજાને ભણાવે અને એવું જ સ્વરૂપ જે અંતરમાં સાધે છે. એવા આચાર્ય ઉપાધ્યાય સાધુ એ ત્રણ ગુરુની વ્યાખ્યામાં જાય છે, પહેલાં બે દેવની વ્યાખ્યામાં જાય છે. સાધારણ રીતે કહીએ તો પાંચેય પરમગુરુની વ્યાખ્યામાં જાય છે. એ દરેકની વ્યાખ્યા છે. અત્યારે લાંબી કરવા જઈએ તો (ઘણો વખત જોઈએ).

અહીં તો આવ્યું છે તે એવા પરમેષ્ઠીઓ પાંચ એ પ્રત્યેનું '**ચળતા-મલિનતા-અગાઢતા રહિત ઊપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું...**' એવા પરમાત્મદશા પંચપરમેષ્ઠીની દશામાં એના પ્રત્યે ચળતા નહિ, ચલિનતા નહિ. અસ્થિર લાકડીની પેઠે ડોસો ચાલે એમ નહિ. ચળતા વિનાનું, મલિનતા અને અગાઢતા એટલે અચોક્કસ વિનાનું ચોક્કસ. '**રહિત ઊપજેલું નિશ્ચળ ભક્તિ...**' ભગવાન પંચપરમેષ્ઠી પ્રત્યે જેનો વિકલ્પ ભક્તિનો ઉઠ્યો છે. જેને નિશ્ચયસમ્યગ્દર્શન, જ્ઞાન સ્વભાવના આશ્રયે મુક્તિ માર્ગ તો છે, પણ વિકલ્પ ઉઠે છે એમાં પંચપમરેષ્ઠી પ્રત્યે જ ભક્તિ એને ઉછળે છે. એવા વિના એને ભક્તિનો રાગ અજ્ઞાનીને જે બીજા ઉપર ઉઠે એવો જ્ઞાનીને ઉઠતો નથી. સમજાય છે કાંઈ?

ભક્તિયુક્તપણું '**નિશ્ચળ ભક્તિયુક્તપણું...**' ચળે નહિ. દુનિયા આમ ચળાવવા આવે આખી. પંચપરમેષ્ઠી સિવાય કોઈ દેવ-ગુરુ હોય સાચા, ત્રણકાળમાં નહિ. સમજાય છે કાંઈ? એવો જેને શ્રદ્ધામાં પ્રાણ જાય પણ ધર્મના વિકલ્પ અને એ જાતની માન્યતાને ન છોડે

એવો વિકલ્પ વ્યવહાર છે. એની પાછળ નિશ્ચય અનુભવની પ્રતીતનું સમ્યક્ નિશ્ચય સમ્યક્ છે. એને આવો ભક્તિનો રાગ હોયા વિના હોતો નથી. સમજાણું કાંઈ? એય..! રતિભાઈ! શું કહે છે આમાં? શેમાં રતિ હોય એમ કહે છે. ભક્તિ. એને વિકલ્પ ઉઠે છે કે ઓહો..! આ પરમાત્મસ્વરૂપ અરિહંત, સિદ્ધ ભગવાન, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એટલે અંતરના આનંદના આચરણમાં રહેતા હોય છે અને જેની અઢળક શાંતિ જેને શાંતિના કૂંડમાંથી પ્રગટ થઈ છે. એવી જે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુની દશા જેને ભગવંત પરમેષ્ઠીમાં ભેળવે છે. પાંચેયને પરમેષ્ઠી કહ્યાને? જે સાધુને ગણધર પણ નમસ્કાર કરે. નમો લોએ સવ્વ સાહુણં. વિકલ્પ ઉઠે છે, બાર અંગ રચે છે જ્યારે ગણધર. ભગવાન પાસે બિરાજે છે. સીમંધર પ્રભુ પાસે ગણધર બિરાજે છે. ભગવાન મહાવીર પાસે ગૌતમ હતા. જ્યારે વાણી છૂટી અને સાંભળ્યું અને આત્મભાનપૂર્વક જ્યાં ચૌદ પૂર્વની રચના કરી, પહેલાં એમાં લખે, નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ સિદ્ધાણં. નમો લોએ સવ્વસાહુણં છેલ્લે આવે છે એ અંતદીપક શબ્દ છે. ખરેખર એ પાંચેયને લાગુ પડે છે. એનો વિસ્તાર છે આખો. નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ સિદ્ધાણં, નમો લોએ સવ્વ આઈરિયાણં, નમો લોએ સવ્વ ઉવજ્ઝાયણં, નમો લોએ સવ્વ સાહુણં. આત્માના સર્વજ્ઞે કહેલા આત્મપદને અનુભવીને અંતરના સાધક તે સાધુ. આનંદના અતીન્દ્રિયને સાધે, રાગાદિ હોય તેને હેય જાણે. એવા સંતોને ગણધરના નમસ્કારમાં, વિકલ્પમાં એ નમવાયોગ્યમાં આવી જાય છે. એ કેવું પદ હશે? સમજાણું કાંઈ? આહા..હા..! એવા પંચપરમેષ્ઠી પ્રત્યે ચળતા વિનાની, મેલ વિનાની, અચોક્કસતા વિનાની, ચોક્કસ એવું '**ઊપજેલું નિશ્ચળભક્તિ...**' ભક્તિ-ભક્તિ. આહા..હા..! વ્યવહારભક્તિની વાત છેને. નિશ્ચયભક્તિ તો પોતાના સ્વરૂપના અનુભવની પ્રતીતિ એ નિશ્ચયભક્તિ છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા પ્રત્યે જેને અનુભવમાં સમ્યગ્દર્શન થયું એને પંચપરમેષ્ઠી પ્રત્યેના ભક્તિયુક્ત રાગનો ભાવ, જેને વ્યવહારસમકિત કહે છે, એટલે સમકિત તો નથી, માટે વ્યવહારે એને સમકિત કહે. નથી તેને કહે તેને વ્યવહાર કહેવાય, છે તેને કહે એનું નામ નિશ્ચય કહેવાય. સમજાણું કાંઈ? તેથી ભેદ અને ઉપચાર પહેલો શબ્દ વાપર્યો છે. ઉપચારથી,.. પણ એ જેને આત્મદર્શન, આત્મજ્ઞાન અને મોક્ષમાર્ગ પ્રગટ્યો એ તો મોક્ષમાર્ગ જેને છે અને કાં મોક્ષમાર્ગનું ફળ પામી ગયા એવા પાંચ પરમેષ્ઠી પ્રત્યે જ એને ભક્તિયુક્ત રાગ આવે છે. સમજાય છે કાંઈ? જેની દૃષ્ટિ ઉંધી, જેના જ્ઞાન ઉંધા, જેના વર્તન ઉંધા, જેના માર્ગની કાંઈ ગંધેય નહિ, એના પ્રત્યે સમ્યગ્દૃષ્ટિને ભક્તિનો રાગ આવતો નથી. ચંદુભાઈ! આ વળી વ્યવહાર આવ્યો આ. એકલો નિશ્ચય-નિશ્ચય ચાલતું હતું તો વ્યવહાર આવવો જોઈએને ભેગો?

એવું સમકિત. જગતના સર્વજ્ઞ સિવાય કોઈ વ્યાપક માનનારા આદિ '**વિપરીત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ...**' આ જગતને કોઈએ ઉપજાવ્યું કે ઉપજાવે છે કે નાશ

કરે એ વગેરે કર્તાઓનો જ્યાં અભિપ્રાય છે, એ અભિપ્રાય રહિત '**તે જ સમ્યક્ત્વ છે–એવો અર્થ છે.**' ઓલા સમકિતનો અર્થ કર્યો, ભાઈ! એ શૈલી અમૃતચંદ્રાચાર્યની વાપરી છે. આવે છેને ચારિત્રની વ્યાખ્યા, નહિ? આ ચારિત્ર એનું સ્વ આચરણ તે તેનો અર્થ છે એમ આવે છેને. પ્રવચનસાર. એની શૈલી સામે વાપરી પદ્મપ્રભમલધારીદેવે. આત્માની ભક્તિ જેને ઉછળી છે 'પૂર્ણાનંદ પ્રભુ હું તો છું' એનું નામ શ્રદ્ધા અને એનું નામ ભક્તિ. એવી ભક્તિ એટલે નિશ્ચયસમ્યગ્દર્શનને જ ભક્તિ કહે છે. એ સાચી ભક્તિ ભગવાન આત્માની. અને તેને રાગ હોય, પૂર્ણ વીતરાગ ન હોય તેથી એને વિકલ્પ હોય છે, તો પંચપરમેષ્ઠી પ્રત્યે તેની ભક્તિનો જોક, ભક્તિનો જોક ત્યાં જાય છે. આહા..હા..! પૂર્ણ પ્રભુ પામ્યા અને પૂર્ણતાને સાધી રહ્યા છે અંતર આનંદને એવા ગુરુને, ત્રણ—આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને અરિહંત, સિદ્ધ. બહુ બહુ જ્ઞાન માગે છે, એની સમજણ માગે છે. એમ ને એમ માની લેવા કે આ સાધુ છે અને આ આચાર્ય છે અને ઉપાધ્યાય, મોટા ઉગમણા, આથમણા ફેર છે.

અહીં કહે છે કે એના '**પ્રત્યેના અભિનિવેશનો અભાવ...**' કોઈ બીજા અજ્ઞાની, સર્વજ્ઞ સિવાયએ કહેલા પદાર્થ એના અભિપ્રાયનો જેની શ્રદ્ધામાં અભાવ છે. એવું વ્યવહારસમકિત કહેવામાં આવે છે. એ વ્યવહારસમકિત એને કહીએ. કોને? જેને આત્માની અનુભવની પ્રતીત નિશ્ચયસમ્યક્ત્વ થયું હોય એને આવું વ્યવહારસમકિત હોય છે. અજ્ઞાનીને વ્યવહારસમકિત પણ હોતું નથી. અભવિને વ્યવહારરત્નત્રય પણ હોતા નથી. જેને આત્મા નિશ્ચયના ભાન વિના એને વ્યવહાર કેવા? આંધળો વ્યવહાર? જાગ્યા વિના વ્યવહાર કોણ એને જાણશે? સમજાણું કાંઈ? કહે છે, ભગવાન આત્માના ભાનની ભૂમિકામાં પરમેષ્ઠીપદમાં જેની ભક્તિ ઉછળે છે એને વ્યવહારસમકિત એવો એનો અર્થ થાય છે.

'**સંશય, વિમોહ ને વિભ્રમરહિત (જ્ઞાન)...**' એને વ્યવહારજ્ઞાન કહેવાય. આ હજી વ્યવહારજ્ઞાનની વ્યાખ્યા ચાલે છે હોં! જેને.. ઈ પછી કહેશે, આત્મા અખંડાનંદનું અંતર સ્વસંવેદનનું જ્ઞાન, તે સાચું જ્ઞાન અને '**સંશય, વિમોહ ને વિભ્રમરહિત (જ્ઞાન) તે જ સમ્યગ્જ્ઞાન છે. ત્યાં, જિનદેવ હશે કે શિવ દેવ હશે (–એવો શંકારૂપભાવ) તે સંશય છે;...**' બીજા પણ કલ્યાણમૂર્તિ કોઈ હશે બીજા? એવો અંદર સંશય તે શંકા. એ ન હોય જેને. વ્યવહારસમકિતીને એ ન હોય. નિશ્ચયસમકિતીની ભૂમિકામાં વ્યવહાર જ્ઞાનમાં પણ આવા સંશય આદિ હોઈ શકે નહિ. '**શાક્યાદિકથિત વસ્તુમાં નિશ્ચય (અર્થાત્ બુદ્ધાદિએ કહેલા પદાર્થોને નિર્ણય) તે વિમોહ છે;...**' વિપરીતતા. '**અજ્ઞાનપણું (અર્થાત્ વસ્તુ શું છે તે સંબંધી અજાણપણું) તે જ વિભ્રમ છે.**' ત્રણેની વ્યાખ્યા કરી. સંશય, વિમોહ અને વિભ્રમ. તે વિભ્રમ એને અજ્ઞાન કહીએ. એવું અજ્ઞાન સમ્યગ્જ્ઞાનીને આત્માના જ્ઞાન જેને સમ્યક્ પ્રગટ્યું એને વ્યવહારું જ્ઞાન પણ આવું હોય. વ્યવહારુ જ્ઞાનમાં ગોટો ઉઠે એવું જ્ઞાન

હોય નહિ. સમજાણું કાંઈ? અને જ્યાં ત્યાં હે ભગવાન! ઓલિકોર દક્ષિણમાં ભાઈ ગયાને ત્યાં. ક્ષેત્રપાળ અને પદ્માવતીના ઢગલા. લઈ જાય મહારાજને પગલા કરો, પણ આ દેવીયું પદ્માવતી મોટી આ ઘાઘરા અને આ ભગવાન એકકોર રહી ગયા. ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા. પદ્માવતી દેવી. મહારાજ! આ પદ્માવતી દેવી છે. પણ શું દેવો છે તે? વાડામાં જન્મ્યા એટલી એની ખબર ન મળે તમને? સર્વજ્ઞદેવ પરમાત્મા પૂર્ણાનંદ એની પ્રતિમા સિવાય બીજી પ્રતિમા ત્યાં રાખો, તમારા વ્યવહારના ઠેકાણા નથી, ધર્મ ક્યાંથી આવતો હતો? અમને જાણે ધર્મ થઈ ગયો.

કહે છે કે જેને જેના જ્ઞાનમાં સંશય નથી. વ્યવહારના જ્ઞાનમાં હોં! કેમ હશે? આ સાચું હશે કે આ સાચું હશે? આ સાચું હશે કે આ સાચું હશે? એવો તો વ્યવહારમાં પણ ઠેકાણા નથી એ તો મૂઢ નિશ્ચયમિથ્યાદષ્ટિ છે અને વ્યવહારમાં એ ખોટા જ્ઞાનવાળો છે. આટલો બધો નિર્ણય કરવો કે દિ'? રોટલા ખાવા? બાયડ્યું નભાવવી? કે આ નિર્ણય કરવો અમારે? ભાનુભાઈ! શું કરવું પણ? આટલું બધું કરવું, આવો વિચાર કરવો. વેપાર કરવો હોય આત્માના લાભનો તો બધો વિચાર કરવો પડશે.

'**પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે.**' વ્યવહાર. એ ધર્મી જીવને આત્માના અનુભવના આનંદના વેદનમાં અવિકારી ચારિત્રના પરિણામ પ્રગટ્યા તે નિશ્ચયચારિત્ર. એને પાપના પરિણામથી નિવૃત્તિને શુભમાં પ્રવૃત્તિ તે વ્યવહારચારિત્ર છે. નિશ્ચયસમ્યગ્દષ્ટિ, નિશ્ચય જ્ઞાન, નિશ્ચયચારિત્રવંતને અશુભ પાપના પરિણામની નિવૃત્તિરૂપ પરિણામ (આવે) તેને વ્યવહારચારિત્ર પુણ્યબંધના પરિણામ સ્વભાવચારિત્ર છે તેને આવા પરિણામ હોય છે. સમજાણું કાંઈ? '**આમ ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે.**' લ્યો, માથે કીધું હતું એ. ભેદ નામ વ્યવહાર, વિકલ્પવાળો ઉપચાર એવી રત્નત્રય નામ સમ્યગ્દર્શન-જ્ઞાનની પરિણતિ છે.

'**તેમાં, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.**' એ વ્યવહાર થઈ ગયો. આ પણ વ્યવહાર, ભાઈ! શું કીધું? સર્વજ્ઞે કહેલા તત્ત્વોમાં પણ આ હેય છે અને આ ઉપાદેયના વિકલ્પવાળું જ્ઞાન પણ વ્યવહારજ્ઞાન છે. ત્રિલોકનાથ પરમાત્માએ ફરમાવ્યું અને એમ છે, એમ છે એમ જાણ્યું, એમ કહ્યું. આ એવા જ્ઞાનમાં પણ આ હેય છે, છોડવાલાયક છે, આ ઉપાદેય છે. એવું જે જ્ઞાન ભેદવાળું એને પણ વ્યવહારસમ્યગ્જ્ઞાન, એ જેને નિશ્ચય આદરણીય આત્મા આનંદમૂર્તિનું જ્ઞાન સ્વસંવેદન થયું એને આવું હેય-ઉપાદેયનું જ્ઞાન વ્યવહારે હોય છે. આ વ્યવહાર બહુ છે તો લાંબુ નથી લંબાવતા. કોઈ કહે, અમારે ચંદુભાઈ સવારમાં કહે આ આટલું લાંબુ ચાલી ગયું, આટલું ચાલી ગયું. હેતુ તો એમ છે કે કદાચ કાલ પૂરું થઈ જાય તો એકાદ કળશ આવી જાય સવાર, બપોર એમ. કળશો આવી ગયા છે. ૬૪ પાના આવી ગયા છે આજે. પાના આવી ગયા. અહીં તો દિવસ રહ્યા ત્રણ.

ભગવાન! તારા ઘરની વાતું, ભાઈ! શું થાય? સુખી થવાના રસ્તા. એ આનંદકંદ સુખનો

સ્વાદ જેને દૃષ્ટિમાં લીધો છે, એની પ્રતીતિ જ્યાં અનુભવમાં થઈ છે, એવા આત્માનું સ્વસંવેદન આત્મજ્ઞાન થયું છે અને એવા આત્મામાં સ્વરૂપની લીનતાના ચારિત્રના પરિણતિની ધારા વહે છે એનું નામ નિશ્ચયમોક્ષમાર્ગ, એ સાચો મોક્ષમાર્ગ. એવી ભૂમિકામાં વ્યવહાર કેવો હોય, આ એની વ્યાખ્યા કરી છે. સમજાય છે કાંઈ? વ્યવહાર એટલે ભેદ અને વ્યવહાર એટલે પુણ્યબંધનું કારણ. એને પુણ્યનો વિકલ્પ પણ આવી જાતના, વ્યવહારશ્રદ્ધા પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની, પંચપરમેષ્ઠીની, ખોટાની નહિ. છે સાચાની, ખોટાની નહિ. ભગવાને કહેલા હેય-ઉપાદેયનું જ્ઞાન, ખોટાનું નહિ. અને ભગવાને કહેલી ભૂમિકા પ્રમાણે ત્યાં પંચ મહાવ્રતના વિકલ્પો એ વ્યવહારચારિત્ર છે. એ '**ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે, તેમાં, જિનપ્રણીત...**' '**તેમાં,...**' એમ કહ્યું છેને? ચાલતી વાતમાં '**તેમાં, જિનપ્રણીત...**' વીતરાગ સર્વજ્ઞના મુખમાંથી નીકળેલું છ દ્રવ્યનું, નવ તત્ત્વનું વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ છે જે ત્રિકાળ સિદ્ધ છે એને '**હેય-ઉપાદેયના તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.**' એટલી વાત વ્યવહારની કરી.

હવે, સમ્યગ્દૃષ્ટિને સંભળાવનારા દેશના દેનારા નિમિત્ત કેવા હોય સમકિતીને સમકિત પામવામાં? સમ્યગ્દર્શન પામે એ તો પોતાના અનુભવથી પામે છે, પણ એના દેશના દેનારા ગુરુ અને સર્વજ્ઞો કેવા હોય, એની વાણી કેવી હોય કે જેને નિમિત્તરૂપે નીવડે એની વ્યાખ્યા કરવામાં આવે છે. સમજાય છે કાંઈ?

'**આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારીકારણ...**' સમકિત પરિણામ એ નિશ્ચય છે, ભાઈ! નિશ્ચયસમકિત. ભગવાન આત્મા જે અનુભવની દૃષ્ટિ કરીને પ્રતીત જ્યાં કરી, એવું જે સમ્યગ્દર્શનરૂપ પરિણામ છે એ, એ ગુણ નથી. ગુણ ત્રિકાળ હોય, સમ્યગ્દર્શન પર્યાય છે એને પરિણામ કહે છે. એ સમ્યક્રૂપી પરિણામ, એનું બાહ્ય સહકારીકારણ. ધ્યાન રાખજો જરી, આમાં મોટા વાંધા અત્યારે છે. '**વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.**' એને આત્માનું ભાન,... કેમકે સર્વજ્ઞે જોયો એવો આત્મા છે અને સર્વજ્ઞની જે વાણી નીકળી એ કેવી છે? કે વીતરાગ સર્વજ્ઞના મુખકમળમાંથી ૐ ધ્વનિ છૂટ્યો એવું સમસ્ત વસ્તુના પ્રતિપાદન. કેમ? ત્રણકાળ, ત્રણલોક જોયા ભગવાનના જ્ઞાનમાં એનું પ્રતિપાદન કરનારી વાણી. '**સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.**' તત્ત્વજ્ઞાન જ છે. એને વાણી તો સર્વજ્ઞ અને સંતોની સમ્યગ્જ્ઞાનીની જ વાણી એને નિમિત્તપણે હોય છે. એનો સમ્યક્ અનુભવ કરે એને નિમિત્તપણે સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની, સમ્યક્ સંતો અને કેવળીઓ એની જ વાણી નિમિત્તરૂપે હોય છે. બીજી નિમિત્તરૂપે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ બાહ્ય સહકારી નિમિત્ત. હવે અંતરંગ એક કારણ કહે છે એનો વિસ્તાર છે થોડો.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા. ૨૨-૨-૧૯૬૪, ગાથા-૫૧ થી ૫૫, પ્રવચન નં. ૪૦૬

આ નિયમસાર, શુદ્ધભાવ અધિકાર, એની છેલ્લી પાંચ ગાથા ચાલે છે. અહીંયા અધિકાર એ આવ્યો છે કે આ આત્માનું અનંત અતીન્દ્રિય શુદ્ધ આનંદસ્વરૂપ એનું સમ્યગ્દર્શન એટલે કે એવા પરમ પૂર્ણ સ્વભાવ એની સમ્યક્ સાચી પ્રતીતિ આત્માના સ્વસંવેદન પ્રત્યક્ષમાં (થાય). એ સમ્યગ્દર્શન એક પરિણામ છે. પરિણામ એટલે પર્યાય છે. એ પરિણામમાં નિમિત્ત કોણ હોય છે એ વાત ચાલે છે. કહો, સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શાંતરસનો અને અતીન્દ્રિય આનંદનો સ્વભાવ સમુદ્ર છે. એવો આત્મા પૂર્ણ અનંતગુણના પિંડ સ્વભાવસ્વરૂપ એનું જે સ્વસંવેદનજ્ઞાનમાં અંતર્મુખ થઈને પ્રત્યક્ષપણું જ્ઞાનમાં થવું અને એમાં એની પ્રતીત થવી, એવા જે સમ્યગ્દર્શનરૂપી પરિણામ જે મોક્ષના માર્ગરૂપ છે એ પરિણામમાં નિમિત્ત કોણ હોય એ વાત કરે છે.

કહે છે કે '**આ સમ્યક્ત્વપરિણામનું...**' જુઓ, અહીંયાં વિવેક કરે છે. અજ્ઞાની અને અલ્પજ્ઞાની વિપરીત બુદ્ધિવાળા એના શબ્દો એને સમકિતના પરિણામમાં નિમિત્ત ન હોય. એવો જ કોઈ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે કે જેને આત્મજ્ઞાનના પરિણામ સ્વભાવના ભાનમાં સમ્યગ્દર્શનના થાય એને જ્ઞાનીની જ વાણી નિમિત્ત હોય, એને નિમિત્તની વાટ જોવી પડે નહિ. નિમિત્તને આધીન નહિ, પણ આત્મા જેને ધર્મરૂપી પર્યાયની દશા સમ્યગ્દર્શનના પરિણામ થાય એને બાહ્ય સહકારી, સાથે નિમિત્તરૂપે રહેનારા કોના શબ્દો હોય એની વાત પહેલી કરે છે.

તે '**સમ્યક્ત્વ પરિણામનું બાહ્યસહકારીકારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું...**' એક સમયમાં જેને વીતરાગતા પૂર્ણ થઈ ગઈ છે એટલે કે નિર્દોષ દશા જેને પૂર્ણ પ્રાપ્ત છે અને જેના જ્ઞાનની સંપૂર્ણ શક્તિનો પૂર્ણ વિકાસ જેની દશામાં પ્રાપ્ત છે એના મુખકમળમાંથી નીકળેલું. '**સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ...**' એ વાણી કેવી છે? એ વાણી કેવી સર્વજ્ઞ વીતરાગના મુખે નીકળેલી? '**સમસ્ત વસ્તુના...**' કેમકે સર્વજ્ઞ છે અને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પોતાના જ્ઞાન પર્યાયની સાક્ષાત્કારમાં પ્રત્યક્ષ થઈ ગયા છે. કહો, સમજાય છે આમાં? એવા ભગવાન '**સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં...**' વાણી જ એવી છે એ. એ પહેલાં આવી ગઈ છે. સર્વજ્ઞ અનુસારીણી વાણી. માટે વાણી પણ પૂજ્ય છે એમ વ્યવહારે આવ્યું હતું. નિશ્ચય તો પોતાનો સ્વભાવ પૂજવા લાયક, સત્કાર કરવાલાયક, આદરણીય, ઉપાદેય, પણ સર્વજ્ઞના ભાવ પ્રગટ્યા જેને અંતરમાં, જેને ચરમશરીરી છેલ્લું શરીર રહ્યું અને અંતર દશા પૂર્ણ થઈ ગઈ એના શરીરસહિત

જીવની વાણી. એની વાત કહેવી છેને અહીંયાં? અશરીરી સિદ્ધ થયા હોય એને તો વાણી હોય નહિ. શરીરમાં વ્યવહારે રહ્યા છતાં એમાં અંતરમાં સર્વજ્ઞ જ્ઞાનની દશા જેને પૂર્ણ થઈ છે એથી તેને વીતરાગતા નિર્દોષતા જ સર્વજ્ઞપદમાં વર્તે છે. એના મુખકમળમાંથી નીકળેલું; એ અપેક્ષા વચન છે, બાકી નીકળે છે તો આખા સર્વાંગે. સર્વાંગે ૐ ધ્વનિ નીકળે સર્વજ્ઞ પરમાત્માને. જે તીર્થંકર હોય, જેને સર્વજ્ઞપદ પ્રાપ્ત થયું, સર્વાંગે ૐ ધ્વનિ નીકળે. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' સંતો, ગણધરો, મુનિઓ એને સાંભળી એના વિસ્તારના સ્પષ્ટ ભાવો અંતર સ્મૃતિપટમાં વિચારી અને બાર અંગની ગણધર રચના કરે. જુઓ, આ શાસ્ત્ર કોને કહેવા એનો વિવેક બતાવે છે. જે-તે પાના ને ચોપાનિયા ને ચોપડીયું વાંચે ને ધર્મ થાય અને જ્ઞાન થાય, ધૂળમાં પણ ન થાય. સમજાય છે કાંઈ?

જેને ભગવાન આત્માનું જે સમ્યગ્જ્ઞાનમાં પ્રતીતરૂપ પરિણામ, એ પરિણામને ઉપાદાનનું કારણ તો પોતે છે. એ પરિણામ પર્યાય ધર્મની ધર્મીના અવલંબે થયેલી હોય છે, પણ થયેલા પરિણામમાં એને નિમિત્તરૂપી બારદાન, કોથળો કેવો હોય? એણે વાણી કોની સાંભળેલી હોય? જુઓ, આ દેશનાલબ્ધિ કહે છે. રતિભાઈ! પૈસા જે-તે આપી દે એવું તો નથી. પુણ્ય વિના પૈસા મળે નહિ, પવિત્રતા પોતાના આત્માના આશ્રય વિના મળે નહિ, પણ એ પવિત્રતાના પરિણામમાં નિમિત્ત કેવું હોય એનો જેને વિવેક નથી... જેને સર્વજ્ઞ વીતરાગે કહેલો ત્રણકાળ, ત્રણલોકના ભાવો સમસ્ત પદાર્થ જાણ્યા, એની વાણીમાં સમસ્ત પદાર્થને કહેવાની તાકાત છે અને સમ્યગ્દર્શનના પરિણામમાં અનંત-અનંત ગુણનો પિંડ સમસ્ત ગુણનો સમાજ જેને પ્રતીતમાં સામર્થ્ય છે એવા પરિણામને સર્વજ્ઞના વીતરાગની વાણી નિમિત્તરૂપે હોઈ શકે. બીજું નિમિત્ત હોય સર્વજ્ઞ પરમાત્માની વાણી સિવાય કે સંતો, આ તો વાણી એની, મુનિઓ કહે છે એ વાણી એની જ કહે છે, સમકિતી પણ એની જ વાણી કહે છે. એથી પછી મુમુક્ષુઓ લેશે. એટલે જેને આત્મશાંતિ, આત્મધર્મ અનાકુળ આનંદના અનુભવના પરિણામ સમ્યગ્દર્શનના થયા એને નિમિત્ત તરીકે, સંયોગ તરીકે, બાહ્યકારણ તરીકે ઉપસ્થિત રહે ઉપચારે એ કેવું વચન હોય?

'**વીતરાગી-સર્વજ્ઞના મુખકમળથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ...**' લ્યો, વાણી. ઓહો..! ભગવાનનું જ્ઞાન ત્રણકાળ, ત્રણલોકને જાણે ત્યારે વાણી '**સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન** જ છે.' શું કીધું સમજાય છે કાંઈ? આ લોકો ભ્રમણા... હજી સર્વજ્ઞ કોણ છે? વીતરાગ કોણ છે? આત્માની પૂર્ણ દશાના પ્રાપ્ત જીવો ક્યાં છે? કોણ છે? કેમ છે? એની પણ જેને ખબર નથી, એની વાણી કેવી હોય એ પણ એને ખબર હોઈ શકે નહિ, અને જ્યારે સમ્યગ્દર્શન પામવાને લાયક જીવ ત્યારે એને સર્વજ્ઞ ભગવાનની વાણી પૂર્ણ સ્વભાવને પ્રાપ્ત જે આત્મા છે એની વાણી પણ પૂર્ણ પદાર્થને સ્થાપન કરવાની તાકાતવાળી છે.

સમસ્ત વસ્તુમાં શું બાકી રહ્યું? ત્રણકાળના દ્રવ્યો, ત્રણકાળના ગુણો અને એની અવસ્થાઓ એ બધાને પ્રતિપાદન-કહેવામાં સમર્થ છે. વાણીમાં સ્વપર કહેવાની તાકાત-શક્તિ છે. જ્ઞાનમાં સ્વપર જાણવાની પૂર્ણ તાકાત છે, ભગવાનની વાણીમાં સ્વપરની પૂરી વાત કહેવાની તાકાત છે. સમજાય છે કાંઈ? એવા વાણીરૂપ દ્રવ્યશ્રુત. દ્રવ્યશ્રુત વાણી, શબ્દો. દ્રવ્યશ્રુત કહ્યું છે. એ કહેશે, લખેલા શબ્દો નહિ, પણ કહેલા શબ્દો. જ્ઞાનીના મુખમાંથી સમ્યગ્દૃષ્ટિ કે સમ્યગ્જ્ઞાની કે મુનિપદ પામેલા ભાવલિંગી સંતો એના મુખમાંથી નીકળેલી વાણી, એ સર્વજ્ઞના મુખથી નીકળેલી તત્ત્વજ્ઞાનની દ્રવ્યશ્રુતરૂપ વાણી એ જ જ્ઞાનીને સમ્યગ્દર્શન પામવામાં નિમિત્ત હોય છે. સમજાય છે કાંઈ આમાં? બધું કાઢી નાખ્યું. સર્વજ્ઞના જ્ઞાન સિવાય જેણે કલ્પનાએ પદાર્થની વ્યાખ્યા કરી છે અને પદાર્થને બોધ્યા છે એ બધા આત્માના ધર્મને પામવામાં બાહ્ય સહકારી નિમિત્ત પણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ આમાં?

એ '**દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન...**' જુઓ, એને તત્ત્વજ્ઞાન (કહ્યું). ઓલા વાણીને પણ તત્ત્વજ્ઞાન કીધું, ભાઈ! વાણી તત્ત્વજ્ઞાન હોં, હજી ભાવતત્ત્વજ્ઞાન તો હજી એને પ્રગટ્યું એનો ભાવ. આહા..હા..! જેની વાણીમાં ૐ ધ્વનિ છૂટીને સર્વજ્ઞપદની અનુસારણી વાણી, ત્રણકાળ, ત્રણલોકના પદાર્થ હસ્તાવમલની પેઠે જેણે જ્ઞાનમાં જાણ્યા એવા ભગવાનને અનુસરીને વાણી પણ પૂર્ણ સ્વભાવને સ્થાપન કરનારી સામર્થ્યવાળી વાણી '**એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન...**' દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ તેને બાહ્ય સહકારી નિમિત્ત હોય. પામે પોતાથી, પામે પોતાથી સમ્યગ્દર્શન આત્માના અવલંબે, પણ પામવા કાળે એને પહેલી આવી જ દેશના મળેલી હોવી જોઈએ. અજ્ઞાનીની દેશના પામે અને સમ્યગ્દર્શન થાય, ત્રણકાળમાં થાય નહિ. સમજાણું કાંઈ?

કહે છે '**એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે.**' બાહ્ય સહકારી, બાહ્ય સહ-સાથે રહેવારૂપ એ શબ્દની ધારા પૂર્ણ સ્વરૂપને કહેનારી એ વાણી પૂર્ણ સ્વરૂપના આત્માનું પૂર્ણ સ્વપરપ્રકાશક જ્ઞાન આદિ પૂર્ણ સ્વભાવો એને પ્રતીતમાં લેવાવાળા સમ્યક્ પરિણામ એને બાહ્ય નિમિત્ત આ જ હોય. સમજાય છે કાંઈ? એય..! રતિભાઈ! વાડામાં જન્મે તોપણ ખબર ન મળે. ભગવાન જાણે શું હશે? આ તકરારી ગાથા. ચંદુભાઈ! ઐતિહાસિક ગાથા! એ ચંદુભાઈએ તકરારી ગાથા સવારમાં કીધી હતી. કહે છે આ ઐતિહાસિક તકરારી ગાથા ૫૩મી. એનો અર્થ.

'**જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી પદાર્થ નિર્ણયના હેતુપણાને લીધે...**' ટીકાનો શબ્દ જ એવો છે. ટીકાની ગલતીને જૂઠું કહે એને આ અર્થ જૂઠો કહેવો પડે. પદ્મપ્રભમલધારીદેવ... સમ્યગ્દર્શન આ મોક્ષમાર્ગનો અધિકાર છે નિયમસાર એટલે. એમાં પણ શુદ્ધભાવ ત્રિકાળી જ્ઞાયકભાવમાં અનંતગુણનો પિંડ એને બતાવનારી વાણી. એટલે એની અંદરમાં એ બતાવનારી વાણી જે છે એને બાહ્ય નિમિત્ત કહ્યું અને જે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે કે આત્માના ભાનવાળા ચારિત્રવંત સંતો, મુનિઓ, ભાવલિંગી મુનિઓ છે, જેને દર્શન, જ્ઞાન અને ચારિત્ર

ત્રણે અંતરમાં પ્રગટ્યા છે, એવા મુમુક્ષુઓ તેમને પણ, ઓલી વાણીને તો બાહ્ય નિમિત્ત કીધું, પણ સમ્યગ્દર્શન પામનાર પરિણામવાળા જીવને ધર્મી સમ્યગ્દષ્ટિ જ્ઞાની એનો અભિપ્રાય જે છે એ એને જાણવામાં નિમિત્ત થાય છે માટે તેને અંતરંગ કારણ સમ્યગ્દષ્ટિ .. સમ્યગ્જ્ઞાની, સમ્યક્ચારિત્રવંત એ જીવો પણ ઉપચારથી... ઓલો બાહ્ય સહકારી કારણ છે, આ પણ કારણ તો એ છે, પણ ઉપચારથી એટલે વ્યવહારથી '**પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...**' આત્મા એક સમયનો પૂર્ણ આનંદ અને શુદ્ધ એવા પૂર્ણ પદાર્થ આત્માના નિર્ણયના પરિણામમાં હેતુપણું એ ધર્માત્મા સમ્યગ્દષ્ટિનો ભાવ એ મુમુક્ષુ અહીં લીધા છે. મુમુક્ષુઓ આખા લીધા છે.

ધર્માત્મા પોતે બીજા સમ્યગ્દષ્ટિના પરિણામને ઉપચારથી અંતરંગ કારણ થાય છે. '**ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે અંતરંગ હેતુઓ કહ્યા છે,...**' અટપટી ભાષા જુઓ, શું કહે છે? બીજે ઠેકાણે અધિકાર એવો આવે છે કે દર્શનમોહ આદિ ક્ષય એ અંતરંગ કારણ છે અને નોકર્મ હઠવા એ બાહ્ય કારણ છે. એ બીજી વાત છે. અહીં સમ્યગ્દર્શનના, આત્માના આનંદના સાક્ષાત્કારના જે પરિણામ થયા એ પરિણામને જેને સાક્ષાત્કાર પૂર્ણ થયો આત્માનો એવા સમ્યગ્દષ્ટિ જીવો એને અંતરંગ હેતુ ઉપચારથી કહેવામાં આવે છે. વાણી પણ પર છે અને એ ધર્માત્મા પણ સમ્યગ્દર્શન પામનાર પરિણામને પર જ છે. પણ પરમાં બેમાં ફેર પાડવા વાણી બાહ્ય સહકારીકારણ કહ્યું અને પદાર્થનો નિર્ણય કરનારો જે ધર્મી જીવ એને પદાર્થના નિર્ણય કરેલા સમ્યગ્જ્ઞાનીઓ '**ઉપચારથી પદાર્થનિર્ણયના હેતુપણાને લીધે...**' કારણ કે જ્ઞાનીની વાણી અને એના અભિપ્રાયમાં યથાર્થ પદાર્થનો નિર્ણય છે અને યથાર્થ પદાર્થનું પ્રતિપાદન છે. સમજાય છે કાંઈ?

યથાર્થ પદાર્થનું પ્રતિપાદન તે બાહ્ય નિમિત્ત થાય સમ્યગ્દર્શનના ભાવને અને યથાર્થ પદાર્થનું ભાન થયેલા જીવો એ ઉપચારથી અંતરંગ હેતુઓ છે. છે તો એ બાહ્ય હેતુ, પણ એનું વજન ઓલી વાણી કરતા એમને કહેવાનો આશય જે છે, નિર્વિકલ્પ અનંતગુણનો પિંડ આનંદકંદ સહજાનંદ પ્રભુ એવું જેને વાણીમાં કહેવું છે કે શુદ્ધાત્મા ઉપાદેય છે, શુદ્ધાત્મા ઉપાદેય છે એવો જેનો અભિપ્રાય થયેલો એવા ધર્માત્મા જ્ઞાની એ સમ્યગ્દર્શન પરિણામમાં પામવાને ઉપચારથી પદાર્થ નિર્ણયના હેતુને કારણે સમ્યક્ પરિણામના અંતરંગ હેતુ કહ્યા છે. એવો બાહ્ય જીવ છતાં એને પરિણામ પામવાના એના પરિણામ એને અંતરંગ હેતુ કહેવામાં આવે છે.નિમિત્તમાં ભેદ છે. અંતરંગ હેતુ અહીં ઉપાદાનની વાત નથી. ચંદુભાઈ! સમજાણું કાંઈ? પાઠ છે ટૂંકો અંદર જુઓ, '**सम्यक्त्वपरिणामस्य बाह्यसहकारिकारणं वीतरागसर्वज्ञमुखकमल–निनिर्गतसमस्तवस्तु–प्रतिपादनसमर्थद्रव्यश्रुतमेव तत्त्वज्ञानमिति। ये मुमुक्षुवः तेऽप्युपचारतः**' '**तेऽप्युपचारतः**' ઓલું તો કહ્યું એટલે આ બીજું કહેવું છે માટે. ઓલો કર્મનો અંતર ક્ષયોપશમ છે એ વાત અહીંયાં કહેવી નથી. અહીંયાં '**मुमुक्षुवः तेऽप्युपचारतः**' છેને? તેમને પણ એમ છેને ભાઈ! શબ્દ? '**તેમને પણ...**' શબ્દ કેમ મૂક્યો? એક બાહ્ય સહકારિણી બતાવ્યું એવું

જ એક બાહ્ય નિમિત્ત બતાવવું છે '**તેમને પણ...**' આહા..હા..! '**ઉપચારથી પદાર્થના નિર્ણયના હેતુપણાને લીધે...**' પદાર્થ સ્વરૂપ અખંડ આનંદ છે એના નિર્ણયના સમ્યક્ ધર્મના પરિણામમાં એના અભિપ્રાય અને એ આત્માઓ નિમિત્તપણે હેતુ હોવાથી એને અંતરંગ હેતુ કહ્યા છે. છે તો બાહ્ય હેતુ બેય, પણ શબ્દ કરતાં શબ્દના કહેનારા આત્માઓને નજીક ગણીને એને અંતરંગ હેતુ કહ્યા છે. સમજાણું કાંઈ?

'**કારણ કે તેમને દર્શનમોહનીયકર્મના ક્ષયાદિક છે.**' એમ કહ્યું છે. તેમને એટલે? મુમુક્ષુને. જેના ભાવ બીજા આત્માને સમ્યગ્દર્શન પરિણામમાં ઉપાદાન અંતરંગ કારણ આત્મા, પણ નિમિત્ત કારણ અંતરંગ એટલે શબ્દ કરતા પણ એનો આત્મા અંતરંગ એટલે નજીકનું કારણ એનો અભિપ્રાય શું સમજવા માટે એને અંતરંગ કારણ કહ્યા એવા ધર્માત્મા જીવો ધર્મીને ધર્મ પામવામાં નિમિત્તવાળા કે જેને દર્શનમોહનો ક્ષયાદિ થયેલા છે. જેને સમ્યગ્દર્શન ક્ષાયિક થયું હોય, ક્ષયોપશમ થયું હોય કે ઉપશમ એવા જીવો બીજા ધર્મ પામનારના પરિણામને નિમિત્ત તરીકે હોઈ શકે છે. અજ્ઞાની તેને નિમિત્ત તરીકે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ આમાં? એય..! રતિભાઈ!

બીજા અર્થો જે ચાલે છે ગોમ્મટસારમાં ત્યાં બીજી વાત છે. ત્યાં તો એ કર્મની વાત લેવી છે કે બાહ્યકર્મ, નોકર્મ, શરીર આદિ અને અભ્યંતરકર્મ એને નિમિત્ત તરીકે સ્વીકાર્યું છે. અહીં બીજી વાત છે. ટીકાકાર પદ્મપ્રભમલધારીદેવ એણે કરેલી ટીકા, એનું સંક્ષિપ્ત કહો તો ૫૩ ગાથા. એ ગાથાનો વિસ્તાર કહો તો ટીકા. એનો વિસ્તાર કહો તો ટીકા અને સંક્ષેપ કહો તો ગાથા. એટલે ગાથાનું સ્પષ્ટીકરણ કરેલી ટીકા છે. એ ગાથાને ગલત અને જૂઠી ઠરાવવી (એ દોષ છે). મુનિઓના કથનો જે પંચમહાવ્રતધારી સંત, આત્મજ્ઞાની, ધ્યાની સાતમે-છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન. એ મુનિ પોતે કહે છે કે અમારા મુખમાંથી આગમ ઝરે છે. આગળ આવે છે બે-ત્રણ ઠેકાણે. અમારા મુખમાંથી આગમ ઝરે છે. અમે આત્માના આનંદને અનુભવ્યો છે. ચારિત્રસહિત, સ્વરૂપની રમણતાસહિત મુનિપણાની દશામાં અમારા અને કેવળજ્ઞાનમાં જરીક ફેર છે એમ એ કળશ આવે છે. સમજાય છે કાંઈ? એવા સંતના મુખમાંથી વાણી નીકળી એ સર્વજ્ઞે કહેલી વાણીનો જ એ સ્પષ્ટીકરણનો ભાવ છે. અરે! જગતના જીવોને ક્યાંક ક્યાંક અટકીને અટકવું અને ભટકવું છે એટલે અટકીને રોકાઈ ગયા, પણ વાસ્તવિક તત્ત્વ શું છે અને એના નિમિત્તો સાચા કેવા હોય એની પણ જેને ખબરું ન હોય અને જ્યાં ત્યાંથી ભટક્યા કરે અહીંથી મળશે... અહીંથી મળશે... અહીંથી મળશે. સમજાણું કાંઈ?

ધર્મ સમજનારને સમજેલા અનુભવેલા ધર્મી જ નિમિત્ત હોઈ શકે. દેખનાર આ માર્ગ બતાવનાર આંધળા માર્ગને બતાવે કે જાવ આ માર્ગે એમ હોઈ શકે નહિ. નિમિત્તપણે પણ એ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? જેના માર્ગ જોયા નથી, જે માર્ગ.. એવો પાઠ ધવલમાં આવે છે. .. જેણે અંતરનો માર્ગ વારંવાર જોયો છે એ માર્ગને પામતા અંતરમાં એને વાર

લાગતી નથી. વિકલ્પમાં ભલે આવે, પણ એમાં અંતર પહોંચતા વાર લાગતી નથી. કારણ કે માર્ગ કેમ જવાય અંદરમાં એ જોયો છે. સમજાણું કાંઈ? એવા સર્વજ્ઞ વીતરાગની વાણીને અનુસરીને પોતાના સ્વભાવને અનુસરીને જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન થયા, નિમિત્તપણે જેને એ વાણી હતી, એવા જ ધર્માત્મા બીજા ધર્મ પામનારના પરિણામને આ નિમિત્ત હોય. સમજાણું કાંઈ? શું છે આ લખાણ? પહેલો અર્થ તો કર્યો હતો ૨૦૦૦ની સાલમાં નિયમસાર વાંચ્યું ત્યારે. એ ઓલાએ લખ્યું હતું એમ અર્થ કર્યો. હિંમતભાઈ કહે પણ ટીકામાં ફેર છે. લાવો ભાઈ ટીકા. ટીકામાં આમ છે. કીધું, બરાબર એ વાત છે. પહેલે દિ' વ્યાખ્યામાં ઓલો શીતલપ્રસાદે અર્થ કરેલો એ વાંચ્યો. ટીકા વાંચેલી ખરી, પણ આની સાથે મેળ કરીને નહિ ખ્યાલ આવેલો. એટલે વાંચ્યું અને બીજે દિ' એણે કહ્યું કે ટીકામાં ફેર છે લખાણથી. ટીકામાં ધર્મી જીવો બીજાને નિમિત્ત થાય એમ કહેલું છે. ધર્મી જીવના દર્શનમોહ ક્ષયકારણ સમકિત પામવામાં થાય એવું ટીકામાં નથી. આ ૨૦૦૦ની સાલની વાત છે. ૨૦૦૦ની દીવાળી પહેલાંની વાત છે. સમજાય છે કાંઈ? અમારે પંડિતજી તો બહુ શાંત, વૈરાગી, મગજવાળા તત્ત્વના ઘણા અભ્યાસી અને બહુ જ ઠરેલ. હિંમતભાઈ-હિંમતભાઈ નથી ગયા? વયા ગયા? ગયા. આવે ને જાય, આવે ને જાય. નજીક ખરુંને. કહો, સમજાણું આમાં? આહા..હા..!

જુઓ, '**पदार्थनिर्णयहेतुत्वात् अंतरंगहेतव इत्युक्ताः**' એમ કહેવામાં આવ્યું છે. જે ધર્મી જીવને જેણે આત્મમાર્ગ જેણે જોયો અને અનુભવ્યો, એવા જીવની વાણી બાહ્યનિમિત્ત કહેવાય અને એ આત્માઓ અંતરંગનિમિત્ત કહેવાય ઉપચારથી. પાછો શબ્દ પડ્યો છેને. ઉપચારથી કહો કે વ્યવહારથી અંતરંગ કારણ કહ્યું. ઓલું વ્યવહારે એકલું કારણ કહ્યું અને આ વ્યવહારે એનાથી વધારે વજન દેવા એ આત્માઓ જેને આત્મભાન સમ્યક્ છે એ જ ધર્મ પામનાર જીવને બાહ્યનિમિત્ત હોવા છતાં એની વાણી બાહ્યનિમિત્ત પણ એનો આત્મા બાહ્ય હોવા છતાં અંતરંગહેતુ ભગવાને કહ્યા છે. સમજાણું કાંઈ? લ્યો એ અધિકાર પૂરો થયો.

હવે નિશ્ચય. હવે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વ્યાખ્યા. વ્યવહારસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વ્યાખ્યા કીધી અને સમ્યગ્દર્શનમાં નિમિત્તરૂપે વ્યવહાર કોણ એની વ્યાખ્યા કરી. હવે એકલો નિશ્ચય સિદ્ધ કરે છે. શું કહ્યું સમજાણું? પહેલો તો અંદર સમ્યગ્દર્શન નિશ્ચય જેને થયા હોય એને વ્યવહારમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય, ખોટા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ન હોય. એને સાચા જ્ઞાન થયેલા હોય એને વ્યવહારુ જ્ઞાનમાં વીતરાગ સર્વજ્ઞે કહેલા તત્ત્વોનું હેય-ઉપાદેયનું વ્યવહારું જ્ઞાન સાચું વર્તતું હોય. અને જેને સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત સ્વરૂપની રમણતાના આનંદના ઘોલનમાં ઘૂંટ્યા હોય એને સાવદ્યયોગના પાપના તીવ્ર પરિણામથી નિવૃત્તિરૂપ શુભ પરિણામરૂપ વ્યવહારચારિત્ર પંચમહાવ્રતરૂપ એને હોય. પણ એ ત્રણે વ્યવહાર પુણ્યબંધના કારણ છે અને આત્માની દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વભાવની સ્થિતિ છે એ મોક્ષના કારણ અને સંવર-નિર્જરા છે. એમ વાત પહેલી એકલી વ્યવહારની કરી અને પાછો આ પણ

વ્યવહાર કહ્યો. સમ્યગ્દર્શનની સાથે મેળવાળી વાત છે કે સમ્યગ્દર્શનના પરિણામ જેને પ્રગટવાના હોય એ જીવને આવા જ નિમિત્તો હોય, ખોટા નિમિત્ત હોય તો સમજવું કે એને સમ્યગ્દર્શન પરિણામ પ્રગટ્યા નથી. સમજાણું કાંઈ?

હવે એનું નિશ્ચયસ્વરૂપ યથાર્થ પરમાત્મા પોતે કોણ છે અંદર એની નિશ્ચય નામ સત્યતાના ભણકારની વાતું કરે છે. પહેલો ભેદોપચાર હતો, હવે 'અભેદ-અનુપચાર...' છેને? ભગવાન આત્મા અનંત-અનંત શુદ્ધ જેના એક અંશમાં, દશામાં અલ્પજ્ઞતા થોડી ઘસીને વિશેષ સર્વજ્ઞ સન્મુખ થવાની દશાની સમ્યકૃતા પ્રગટે એ બધા જ્ઞાનના અંશો જેમાં અંતરમાં પડ્યા તે પ્રગટ થાય. એવા પૂર્ણ સ્વભાવમાં જે અંતર સ્વભાવ શક્તિ પડી છે એવા પૂર્ણ આત્માને અભેદથી અનુપચાર જેમાં વ્યવહાર નહિ, 'એકલો અખંડ પરમાનંદ પ્રભુ છું' એવો રત્નત્રય પરિણતિવાળો જીવ. એને એવું સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, આચરણમાં શાંતિના ઓડકાર શાંતિના રસના કુંડ વહે છે. શાંતરસ... શાંતરસ... જેના નયણો અને શરીરમાં પણ શાંતરસ. અંદરમાં છે તો ઢળ્યા પાસા દેખાય છે. જેના બરફ ઠંડા થયા એ વાસણ પડ્યું હોય એ વાસણ પણ ઠંડુ દેખાય. સમજાણું કાંઈ? એમ જેનો આત્મા અંતરના અનંત શાંતરસની પ્રતીતિ, એનું જ્ઞાન અને એની રમણતાની ચારિત્રદશા થઈ એ તો શાંતિના રસના ઢીમ થઈ ગયા. ભાષા ભારે ભાઈ આ. એના શરીર અને વાણીમાં શાંતતા... શાંતતા... શાંતતા... ચારિત્રસહિત મુનિ છેને. શાંત ઢળતું હોય બધું. ઠરી ગયેલું, વાણી ઠરેલી, શરીર ઠરેલું. એવી જેની શાંતરસની ઝરતી વાણી અને ઉપશાંતરસનું શરીર જાણે ઢીમ થઈ ગયું હોય. ઓલો અંદરમાં ભક્તામરમાં કહે છેને પ્રભુને સ્તુતિ કરતાં, માનતુંગ આચાર્ય, નાથ! આપની પૂર્ણ શાંત દશા અને આનંદ પ્રગટ્યો, મને તો એમ લાગે છે આપના શરીરમાં જેટલા રજકણો છે એ બધા ઉપશાંતપણે પરિણમેલા જેટલા ઊંચામાં ઊંચા રજકણ શરીરમાં આવી ગયા છે. કોઈ બાકી રહ્યો નથી. ભક્તામરમાં છે. સમજાય છે કાંઈ? એમાં આખા ન્યાયો અધ્યાત્મના, વ્યવહારના બધા ઘણાં પ્રકારો ધર્મીની સ્તુતિમાં પણ બીજા ભણકાર હોય છે.

માનતુંગ આચાર્યને જ્યારે ૪૮ તાળામાં નાખ્યા હતા. તાળામાં. તોડ્યા, ભગવાન! પણ હું તો .. હતો અને તું છૂટો બતાવનાર, ભગવાન! આ શું થયું? તારી ઉપસ્થિતિ મારા લક્ષમાં રહે અને આ તાળા રહે કેમ બને આ? એ તો યોગ બન્યો હોં પુણ્યના નિમિત્તનો. આમ સ્તુતિ કરતાં... કરતાં... કરતાં... ઉપશાંતરસથી ભગવાન! આપ ઠરી ગયેલા છો. આપની વાણી આંખ અને શરીરમાં ઉપશાંતરસના ઢાળા ઢળેલા અમને તો દેખાય છે. એ જ્યાં આમ સ્તુતિ કરીને પુણ્યનો યોગ હતો એટલે હોં. સ્તુતિ કારણ અને એ કાર્ય એમ નથી. એ બધા કથનો એવા છે જરી. એ કારણે તાળા તૂટવાના હતા તો ફડાક-ફડાક તૂટીને એકલા બેઠા હતા. રાજાને થયું ફરીવાર તાળામાં નાખ. આમ થયું છે, ભાઈ! હું તો ભગવાનની સ્તુતિ કરતો હતો. 'ભક્તામર પ્રણિત મૌલી પ્રભાણાં.' ઘણા તેથી પૈસાવાળા સવારમાં પૈસા લેવા

ગાય. ચંદુભાઈ! સવારમાં ભક્તામર ગણે ઘણાં. નાગા ભૂખ્યા ન રહીએ. એટલે શરીર મળ્યા કરે અને રોટલાના ભિખારી રહ્યા કરીએ. અરે..! એ તો ભક્તામર તો ભગવાનની સ્તુતિનો એક વિકલ્પ આવ્યો. ... એ વિકલ્પથી પુણ્ય બંધાય જાય છે. એના પુણ્યના ફળ તરીકે સહેજે એને સંયોગ અનુકૂળ આવી જાય છે. અનુકૂળ સંયોગનો જ્ઞાની કામી હોતો નથી. એવા અંદર ગણતા જ્યાં ફડાક-ફડાક તાળા તૂટવા માંડ્યા. અહીં અંદરમાં રાગની એકાગ્રતા જરી અસ્થિર હતી એ તૂટવા માંડી અને સ્થિરતા થવા લાગી. એની વાણીમાં પ્રભુ આપ તો ઉપશમરસવાળા છોને. આમ શરીર દેખાય છે. જેટલા પરમાણુ ઉપશમના હતા જગતમાં એટલા પ્રભુ તમારી પાસે આવ્યા, બાકી એક્કેય રહ્યો નહિ. ન્યાયથી એવું છે કે એના પુણ્ય જ એવા હોય છે કે ઉત્કૃષ્ટ શાંત અને ઠરેલા પરમાણુ ત્યાં પરિણમીને સ્કંધરૂપે, શરીરરૂપે થાય અને કેવળજ્ઞાનરૂપે ઠરેલું જ્ઞાન પોતાના પરિણમનમાં ત્યાં ઉપસ્થિત હોય. આવું શરીર હોય.

અહીં કહે છે, જેને અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિવાળો લીધો છે હોં અહીંયાં. એવા રત્નત્રયની પરિણતિ દશાવાળો જીવ છે. એવા '**જીવને, ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજપરમતત્ત્વની શ્રદ્ધા વડે,...**' આ સમકિતદર્શનની વ્યાખ્યા. એવા જીવને શું હોય છે અંદરમાં? ટંકોત્કીર્ણ શાશ્વત જ્ઞાયકમૂર્તિ પ્રભુ સર્વજ્ઞે જેવો જોયો એવો પૂર્ણ જેનો એક સ્વભાવ છે. જુઓ, '**જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...**' આત્માનો. એવા '**નિજપરમતત્ત્વની...**' નિજપરમ એટલે પોતાનો પરમસ્વભાવ શુદ્ધ આનંદ અને પૂર્ણ એની શ્રદ્ધા વડે. એવી શ્રદ્ધા વડે એને સમ્યગ્દર્શન કહ્યું. સમજાણું કાંઈ? અહીંયાં કહેવું છે શું? એવી શ્રદ્ધા વડે અભૂતપૂર્વ સિદ્ધ પર્યાય થાય છે. છેલ્લો શબ્દ એમ છે. એવી શ્રદ્ધા વડે જેને અભૂતપૂર્વ સિદ્ધપર્યાય-મોક્ષદશા થાય છે. કઈ શ્રદ્ધા વડે?

નિશ્ચયરત્નત્રયમાં સમ્યગ્દર્શન કોને કહેવું? કે એકરૂપ જ્ઞાયક જેનો સ્વભાવ એવો નિજપરમ પ્રભુ, નિજપરમતત્ત્વ સ્વભાવમય પિંડ એની અંતર શ્રદ્ધા વડે અનંતકાળમાં નહિ પ્રગટેલી એવી અપૂર્વ મુક્તદશા-સિદ્ધદશા પ્રાપ્ત થાય છે. જુઓ, અહીં મોક્ષ લીધો, ઓલામાં મોક્ષ કાંઈ નહોતો લીધો વ્યવહારમાં. વ્યવહારની વ્યાખ્યા કરી હતી. વ્યવહારસમકિત અને વ્યવહારુ જ્ઞાન એનો મોક્ષ નહોતો લીધો એના કારણમાં. અહીં મોક્ષ (કહ્યું છે). પાઠમાં એમ છેને જુઓને. '**સાંભળ, મોક્ષને માટે સમ્યક્ હોય છે,...**' જુઓ, ચોથી ગાથા. છેને? '**સાંભળ, મોક્ષને માટે સમ્યક્ હોય છે,...**' એની આ વ્યાખ્યા છે. ચોથી ગાથા છે જુઓને. પહેલી, બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી વ્યવહારનયનું કહીશ એ ચોથી એ છે જુઓ, '**સાંભળ, મોક્ષને માટે સમ્યક્ હોય છે,...**' પહેલાં મોક્ષને માટે નહોતું કહ્યું. એય..! ચંદુભાઈ! ગાથામાં છે હોં. ગાથા ઉકેલે નહિ, સમજે નહિ અને એમ ને એમ વાદ ને તકરાર (કરે). ભાઈ! આ વાદવિવાદનો વિષય જ નથી આ. 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' એ ચૈતન્યપ્રભુ સહજાત્મના અમૃતથી ડોલેલો અંદર એને શ્રદ્ધામાં કેમ લેવો? કહે છે એ પૂર્ણ સ્વભાવ તરફ

ઢળતાં એ વિકલ્પનો પક્ષ છોડતાં એને પ્રત્યક્ષ જ્ઞાનનો અનુભવ થાય તેમાં પ્રતીત થાય તેવા સમ્યગ્દર્શન વડે તેને મુક્તિ થાય છે. એને સમ્યગ્દર્શનના પરિણામને જ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. વ્યવહાર વચ્ચે આવે એ જણાવ્યો ખરો કે વ્યવહાર આવો જ હોય, પણ એ મોક્ષનું કારણ ખરેખર નથી. સમજાણું કાંઈ?

**'તદ્જ્ઞાનમાત્ર...'** ભાષા શું કરી જુઓ, **'(-તે નિજપરમતત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ)...'** બાર અંગ અને પરની અહીંયાં વાત નથી લેવી. એ વ્યવહારમાં જાય છે. શાસ્ત્રજ્ઞાન બાર અંગનું જ્ઞાન એ વિકલ્પાત્મક છે. ભગવાનના કહેલા જ્ઞાનને જાણવો એ વિકલ્પાત્મક છે, પર તરફનું લક્ષ છે. અજ્ઞાનીના જ્ઞાનને જાણવું એ તો વાતમાં માલ કાંઈ નથી જરીએ, વ્યવહાર પણ નથી અને પરમાર્થ પણ નથી. પણ ભગવાને કહેલા બાર અંગ પૂર્ણ જ્ઞાનનો ધ્વનિ, એના તરફના લક્ષે બાર અંગનું જ્ઞાન એ વિકલ્પમાત્ર છે. વિકલ્પમાત્ર જ્ઞાનસ્વરૂપ એ નહિ. શું કહે છે આ સમજાય છે કાંઈ?

**'તદ્જ્ઞાનમાત્ર...'** તે નિજપરમતત્ત્વ જે આનંદકંદ એનું જે જ્ઞાનમાત્ર સ્વરૂપ **'એવા અંતર્મુખ પરમબોધ વડે...'** એવા અંતર્મુખ આત્માના જ્ઞાન વડે મુક્તિ થાય છે. આત્માના જ્ઞાન વડે અભૂતપૂર્વ સિદ્ધ પર્યાય થાય છે. એ છેને આમાં આવે છે. પુસ્તક છે અહીંયાં? નહોતું કહ્યું એક ફેરી? .. આવે છેને. જુઓ, કેટલામી ગાથા છે એ? આત્મસ્વભાવ. ૧૬મી. ૧૬મી ગાથાનો કળશ કેટલામો છે? આ આત્માનુભૂતિ. એ કળશ-૧૩મો. આત્માનુભૂતિ. જુઓ, કહે છે કે **'ભાવાર્થ આમ છે કે જીવવસ્તુનો જ પ્રત્યક્ષપણે,...'** ૧૩મો કળશ છે હોં. **'આસ્વાદ, તેને નામથી આત્માનુભવ એમ કહેવાય...'** ભગવાન આત્માના આનંદનું જ્ઞાનમાં પ્રત્યક્ષ વેદન થાય એને જ્ઞાન કહીએ, એને જ્ઞાન કહીએ. **'અથવા જ્ઞાનાનુભવ એમ કહેવાય; નામભેદ છે, વસ્તુભેદ નથી, એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે.'** આત્મા જ્ઞાનાનંદ એનું જ્ઞાન અંતર્મુખ અંતરબોધ તે જ્ઞાન, આત્માનું જ્ઞાન મોક્ષમાર્ગમાં ખતવાય છે.

**'આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વલબ્ધિ છે.'** કોઈ એમ જાણે કે બાર અંગનું જ્ઞાન કોઈ અપૂર્વલબ્ધિ છે. **'તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.'** બાર અંગનું ભગવાને કહેલું, સર્વજ્ઞના મુખે નીકળેલું બાર અંગનું પણ એ પરવસ્તુ તરફ છે લક્ષ એનું. એનું જ્ઞાન પણ તે વિકલ્પ અને ભેદરૂપ છે. **'તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** આત્મા જ્ઞાનનો પિંડ એનું જ્ઞાન, એનું જ્ઞાન તે મોક્ષનો માર્ગ છે. બાર અંગનું જ્ઞાન પણ વ્યવહાર છે, વિકલ્પ અને ભેદ છે. તો અજ્ઞાનીના ભણતરને, એના શાસ્ત્રના ભણતર એની તો વાતું શું કહેવી? એ તો એકાંત સંસાર અને બંધનું જ કારણ છે. સમજાણું કાંઈ? **'શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.'** શું કહ્યું? એ ૧૩માં કળશની વાત છે. આવશે. અહીં તો ક્યાં આવશે હવે વખત થોડો છેને. પણ

એ આવશેને. પુસ્તક બહાર આવશેને. ત્રણ હજાર છપાય છે. કહો, સમજાણું આમાં?

કહે છે, ભગવાન આત્મા એકલો જ્ઞાનનો પૂંજ સૂર્ય એનું જે જ્ઞાન તે મોક્ષનો માર્ગ છે. બાકી બીજા લૌકિક ભણતરની વાતું તો શું કરવી? અજ્ઞાનીના પોથા અને થોથાં ભણે એની વાતું તો શું કરવી? પણ જ્ઞાનીના જ્ઞાનની વાતું પણ પર તરફના લક્ષવાળું જ્ઞાન એ પણ વિકલ્પવાળું, ભેદવાળું છે. ચંદુભાઈ! આહા..હા..! 'અગમ પ્યાલા પીવો મતવાલા, કિન્હી અધ્યાત્મ વાસા, આનંદઘન ચેતન વ્હૈ ખેલે દેખે લોક તમાસા, આશા ઔરનકી ક્યા કીજે જ્ઞાન સુધારસ પીજે.' ભગવાન આત્મા જ્ઞાનસુધારસ, અમૃતનો પિંડ અંદર આખો પડ્યો છે આ એનું જ્ઞાન રસાનંદ નિર્વિકલ્પ અનુભવનું જ્ઞાન, એ જ્ઞાન વડે આત્મા મુક્તિની પર્યાયને અભૂતપૂર્વ સિદ્ધની દશાને (પામે છે). અભૂત એટલે ગયા કાળમાં નહિ થયેલી મુક્તરૂપી પર્યાયને પામે છે. સમજાણું કાંઈ? ભારે વાતું પણ, ભાઈ!

કહે છે, એવો જે આત્મા જ્ઞાયક એક નિજપરમતત્ત્વ તદ્‌જ્ઞાનમાત્ર. જોયું! તદ્ એટલે તેનું નિજપરમનું જ્ઞાન. વસ્તુ... વસ્તુ... વસ્તુ... સ્વ વસ્તુનું જ્ઞાન. '**એવા અંતર્મુખ પરમબોધ...**' ઓલું બાર અંગનું (જ્ઞાન) બહિર્મુખ છે. આહા..હા..! એ નિમિત્તરૂપે કહ્યું હતું એનું અભિપ્રાય ઉપર લક્ષ હતું એ પણ બધું બહિર્મુખ છે, પણ નિમિત્ત તરીકે હોય છે એટલે જ પૃથક્ તરીકે હોય છે એનો સિદ્ધાંત થઈ ગયો એ. નિમિત્ત એક પૃથક્ વસ્તુ છે. એ બાર અંગનું જ્ઞાન ભગવાનના મુખે નીકળેલી વાણી એ નિમિત્તરૂપે હોય, પણ છતાં એ વિકલ્પાત્મક ભેદરૂપ તેના તરફ લક્ષ છે. અંતર ભગવાનના જ્ઞાનમાં પેસતા જે સ્વસંવેદનજ્ઞાન નિજતત્ત્વનું જ્ઞાન એકલું અંતર્મુખ, અંતરબોધ તે જ્ઞાન વડે જ આત્માને. જુઓને, '**પરમબોધ વડે...**' પરમબોધ વડે. '**અંતર્મુખ પરમબોધ વડે...**' '**અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.**' છેલ્લો શબ્દ છે ચોથી લીટીનો. આવા જ્ઞાન વડે મુક્તિ થાય છે. બીજા કહેતા હોય કે વ્યવહારુ જ્ઞાન વડે મુક્તિ થાય, વ્યવહારશ્રદ્ધા વડે મુક્તિ થાય, એ મૂઢ જીવો તત્ત્વને સમજતા નથી. સમજાણું કાંઈ?

'**અને તે-રૂપે (અર્થાત્ નિજપરમતત્ત્વરૂપે) અવિચળપણે સ્થિત...**' ભગવાન જ્ઞાનનો પૂંજ જ્યાં દૃષ્ટિમાં આવ્યો અને વેદનમાં જ્ઞાન આવ્યું, એમાં ઠર્યો અંદર જામ્યો, સ્થિરતાના ભાવથી જામ્યો, નિર્વિકલ્પ સ્થિરતા થઈ, અવિકલ્પ સ્થિરતા ચારિત્રની થઈ, વિકલ્પના રાગના અંશરહિત વીતરાગી અંદર ઝમવટ આત્મામાં થઈ એને સહજચારિત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓલા પાપની નિવૃત્તિરૂપ પરિણામ ચારિત્ર કહ્યું હતું એને મોક્ષનું કારણ નહોતું કહ્યું શબ્દમાં ત્યાં. એક અસ્તિ તરીકે આવું હોય છે એવું જ્ઞાન કરાવ્યું હતું. એટલે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન એ વાત સિદ્ધ રાખીને ત્યાં કહી છે. સમજાણું કાંઈ?

કહે છે, અહો..! '**(અર્થાત્ નિજપરમતત્ત્વરૂપ)**' ભગવાન જ્ઞાનમૂર્તિમાં ઠરવું એ '**અવિચળપણે...**' અવિચળપણે-ચળે નહિ એ રીતે '**સ્થિત થવારૂપ...**' સ્થિર થવારૂપ

પંચમહાવ્રતના વિકલ્પ વિનાનું નિર્વિકલ્પ સ્વરૂપની સ્થિરતાનું ચારિત્ર અમૃતના પ્યાલા ફાટ્યા અંદરથી. એ '**વડે અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે.**' સમજાણું કાંઈ? લ્યો, આ ત્રણ પર્યાય વડે મુક્તિ થાય એમ કીધું. નિશ્ચય તો જાણે કાંઈ નહિ અને વ્યવહાર થઈ ગયો સર્વસ્વ ધણી. એ પણ નિશ્ચય વિનાનો પાછો. અહીં તો કહે છે કે નિશ્ચયના આવા સ્વરૂપના દર્શન-જ્ઞાન-ચારિત્રની ભૂમિકામાં આવા વ્યવહાર હોય પહેલાં કહ્યા એવા હોય બરાબર છે, પણ એ કાંઈ મોક્ષના કારણ અને સંવર-નિર્જરાના કારણ નથી. એ તો એક બંધના કારણને ઉપચારથી મોક્ષમાર્ગના કારણની સાથે નિમિત્ત દેખીને સહચર દેખીને ઉપચારથી માર્ગ છે એમ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

'**અભૂતપૂર્વ સિદ્ધ પર્યાય થાય છે.**' શું કીધું? એક નિશ્ચયમોક્ષમાર્ગથી જ મોક્ષ થાય એમ સિદ્ધ કર્યું અહીં તો. ભગવાન આમ પૂર્ણ જ્ઞાનની મૂર્તિ એની શ્રદ્ધા અંતર, એનું અનુભવમાં સંવેદનનું જ્ઞાન અને એમાં લીનતા અવિચળરૂપી સ્થિરતા એ ત્રણ દશા જે નિર્મળ છે, નિર્વિકલ્પ છે, રાગ વિનાની અવસ્થા પ્રગટી છે, ત્રિકાળ ધ્રુવને અવલંબે એ જ ધ્રુવના પર્યાયની પૂર્ણતાને પમાડે છે. એ મુક્તિની પર્યાયનું કારણ એ ત્રણ પર્યાયો મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી. સમજાણું કાંઈ? ચંદુભાઈ! એમાં છે કે નહિ પણ?

'**જે પરમજિનયોગીશ્વર...**' પરમજિનયોગીશ્વર. ઊંચી વાતથી વાત કરે છેને. ચારિત્રથી વાત લે છે. '**જે પરમજિનયોગીશ્વર...**' પરમ વીતરાગી યોગમાં જોડાયેલાના ઈશ્વર. ભગવાન આત્મા વીતરાગી વિજ્ઞાનઘન પ્રભુ છે એની દૃષ્ટિ, જ્ઞાન અને (ચારિત્રસ્વરૂપ) પરમજિનયોગીશ્વર '**પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' શું કહે છે? આ છઠ્ઠા ગુણસ્થાનનો વ્યવહાર પહેલો હિંમતભાઈ! પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય એ આ અપેક્ષાએ લીધો છે. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પર્યાય છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય તો છે. શું કીધું? છઠ્ઠા ગુણસ્થાનમાં મુનિને. એની વાત લીધી છે. એકદમ છેલ્લી વાત છેને અહીં તો. હવે છેલ્લી ગાથાઓ છેને આ શુદ્ધભાવની. '**પરમજિનયોગીશ્વર...**' જેણે યોગ નામ પોતાના સ્વભાવમાં જોડાણ કર્યું છે. જોડાણ કરીને પરમ યોગ્યતા જેણે પ્રાપ્ત કરી છે અને જેમાં યોગની, સ્વરૂપની સ્થિરતામાં પણ ઈશ્વર નામ અધિકપણે થઈ ગયા છે એવા સંતો, મુનિઓ, ધ્યાની, જ્ઞાનીઓ એને છઠ્ઠા ગુણસ્થાનમાં '**પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે,...**' એને છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રતના પરિણામ હિંસા આદિથી નિવર્તવા રૂપના શુભભાવનું ચારિત્ર હોય. હજી શુદ્ધ નિર્વિકલ્પ ચારિત્ર જે સાતમે જોઈએ તે ત્યાં નથી. સમજાણું કાંઈ આમાં? ચારિત્રની વ્યાખ્યા છેને? અહીં ક્યાં પહેલું વ્યવહારસમકિત અને પછી નિશ્ચયસમકિત એ વાત નથી અહીંયાં.

એને પાપ એટલે પહેલું છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકામાં, મુનિદશા જ્યાં અંતર ધ્યાનમાં પ્રગટી છે એને પાપના પરિણામથી નિવૃત્તિ એવા પુણ્ય-પરિણામનું પંચમહાવ્રતના વિકલ્પો

તેને વર્તે છે, એને વ્યવહારચારિત્ર વ્યવહારનયથી કહેવામાં આવે છે. વ્યવહારચારિત્ર વ્યવહારનયથી કહેવામાં આવે છે, એ પુણ્યબંધનું કારણ છે. અને '**તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે.**' એવા રાગવાળી દશાવાળાને વ્યવહારે મુનિપણું, વ્યવહારે મુનિપણું કહેવામાં આવે છે. તપશ્ચરણ એટલે વ્યવહાર મુનિપણું. ઓલો વિકલ્પ ઉઠ્યો છે અને અશુભ ટળ્યું છે અને શુભમાં પ્રવર્તે છે. પાછળ સ્વરૂપમાં શ્રદ્ધા, જ્ઞાન અને નિર્વિકલ્પ પરિણતિ વર્તે છે, પણ ઉપયોગ શુદ્ધમાં વર્તતો નથી. તદ્દન જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયનો ભેદ છૂટીને સ્વરૂપમાં ઠરી જવું, આનંદમાં એવો શુદ્ધ ઉપયોગના નિશ્ચય વિનાનો અહીંયાં ભાવ શુદ્ધ પરિણતિસહિતના શુભરાગને વ્યવહાર મુનિપણું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો એને વ્યવહારમુનિ કહ્યો. ઓલાને વ્યવહારમુનિ પણ નહિ. દ્રવ્યલિંગી અઠ્યાવીશ મૂળગુણ પાળે એ વ્યવહારે પણ મુનિ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનના ભાન વિના એકલા છઠ્ઠા ગુણસ્થાનની પંચમહાવ્રતની આદિ પરિણામની ક્રિયા હોય તો એ વ્યવહારમુનિ નહિ.

વ્યવહારમુનિ એને કહેવામાં આવે કે જેને આત્માનું ભાન થઈ જ્ઞાન અને સ્વરૂપ ચારિત્ર આચરણ વર્તે છે. એની દશામાં આવા પાપના પરિણામથી હઠીને શુભ પરિણામ વર્તે છે એને વ્યવહાર(મુનિ) કે જેને પ્રવચનસારમાં સાસ્રવીમુનિ કહ્યા. છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને સાસ્રવી કહ્યા. સાતમાવાળાને નિરાસ્રવી કહ્યા. એ વાત અહીંયાં કહે છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! બહુ ઝીણું પણ. હવે આટલા મનુષ્યના આવા કેટલા વર્ષ વયા ગયા? હવે કેટલા રહ્યા હશે એ તો જ્ઞાનીના ખબરમાં. શરીરનું કેટલું આયુષ્ય રહ્યું હશે? મણિભાઈ! એ કાંઈ ખબર પડે છે? પણ એક સમયમાં ફડાક ઉડી જાય લ્યો. જુઓને મોહનભાઈ! આહા..હા..! સાથે રહેતા, આખો દિ' કર્યા કરે કામ હોં આમ આમ. ઉડી ગયા એક ક્ષણમાં. ક્યાંય સુરતું દેખવાની મુશ્કેલ પડશે પછી. એનું મોઢું કેવું હતું? પછી યાદ પણ ન રહે. એ તો શરીરના ખેલ એવા છે. સંયોગ જ્યારે છૂટવાનો તે સમયે છૂટી જાય ફડાક દઈને. એના પહેલાં છૂટ્યા પહેલાં, છૂટવાની વાતું સમજ્યો નહિ હોય, એ બંધનથી છૂટવાની કળા જો એણે લીધી નહિ, તો એ છૂટ્યું એને છૂટ્યું નથી. એને નવા શરીરો મળીને પરિભ્રમણ એમને એમ કર્યા કરશે.

કહે છે, ઓહો..! આ જ્ઞાન સાચું કરાવે છે. સમ્યગ્દર્શનની ભૂમિકામાં મુનિઓની દશા સાચા સંતની દશા, મહાત્માની દશા જેને નમો લોએ સવ્વ સાહુણંમાં ભળે એવા સંતોની દશા કેવી હોય? કે નિશ્ચય તો એને ચારિત્ર-દર્શન-જ્ઞાન નિર્વિકલ્પના આનંદનો પ્યાલો ફાટ્યો હોય છે, પણ હજી છઠ્ઠી ભૂમિકામાં પાપના ક્રિયા એટલે રાગ અશુભથી નિવર્ત્યો છે, શુભના પ્રવૃત્તિને વ્યવહારતપ મુનિપણું કહેવામાં આવે છે. '**સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે;...**' હવે તપની વ્યાખ્યા. તપ એટલે મુનિપણું કહેવાય. મુનિપણું કહો કે તપ કહો. ભગવાનમાં આવે છે કે નહિ તપકલ્યાણક, ભાઈ? તપકલ્યાણક

એટલે? મુનિપણું લે એ તપકલ્યાણક કહેવાય, ચારિત્રદશા અંગીકાર કરે. ભગવાનને જન્મકલ્યાણક આવે છેને તપકલ્યાણક, કેવળજ્ઞાનકલ્યાણક, નિર્વાણકલ્યાણક થાય છે. એટલે કે આત્માના આનંદમાં દૃષ્ટિ અને જ્ઞાન અને લીનતા તો છે કેટલીક પણ સહજનિશ્ચયસ્વરૂપ, પરમસ્વભાવસ્વરૂપ ભાષા જુઓ. '**સહજનિશ્ચયનયાત્મક...**' સહજનિશ્ચયનય સ્વરૂપે. હવે નય તો જ્ઞાન છે. પણ એ જ્ઞાનનો જે વિષય અંદર ભગવાન આત્મામાં પ્રગટ્યો સહજાનંદના એ ઢાળા શાંતિના ઢળી ગયા અંદર. વીતરાગી લોઢ જ્યાં અંતરમાંથી આવ્યા એકાગ્ર થઈને, ચૈતન્યના પૂર જે વહે છે ધ્રુવ એમાં એકાગ્ર થતાં ચૈતન્યના પૂર પર્યાયમાં પ્રસર્યા એવા સહજનિશ્ચયનયસ્વરૂપ પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં. એવો પરમસ્વભાવસ્વરૂપ એવો જે પરમાત્મા પોતનો સ્વભાવ એમાં પ્રતપન. પ્ર-વિશેષે, તપન-લીનતા ઈચ્છાનું ઉત્પન્ન થવું નહિ, આનંદની છોળનું ઉત્પન્ન થવું તેને સાચું તપ કહે છે, એને સાચું મુનિપણું કહે છે. બધી વ્યાખ્યા જુદી છે. 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે ન મળે અને એક ત્રાંબાના તેર.' એમ જ્ઞાની કહે આત્મા વાતે વાતે ફેર. વ્યવહારના માનનારા અને નિશ્ચયના માનનારામાં વાતે વાતે ફેર. શબ્દે શબ્દે ફેર. સમજાણું કાંઈ?

કહે છે, એને અમે તપ કહીએ કે ભગવાન... સોનું જેમ ગેરુ અડીને ઓપે છે. સોનું-સોનું. ગેરુ હોય ને ગેરુ? ઓપે-શોભે. એમ ભગવાન ચૈતન્યબિંબ આનંદકંદ જેના શુદ્ધ ઉપયોગથી રમણતા એની શોભામાં વધારો થાય છે એવી શુદ્ધોપયોગદશાને અહીંયાં તપ અને ચારિત્ર અને મુનિપણું કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સહજનિશ્ચયસ્વરૂપ પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મા પ્રતપન...**' પ્ર-તપન તપવું એટલે ઠરવું, અંદર ઉગ્રપણે ઠરવું. આનંદના છોળ ઉઠે અંદર અતીન્દ્રિય. અતીન્દ્રિયની આનંદની મોજમાં આહાર લેવાનો, ચાલવાનો જ્યાં વિકલ્પનો ઉત્થાન નથી, જ્યાં વૃત્તિનું ઉત્થાન નથી, એવા આનંદમાં જ્યાં ઝૂલે છે તેને નિશ્ચયતપ કહે છે. અને '**નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આ તપથી હોય છે.**' જુઓ, આ તપ એટલે આવા મુનિપણાથી એને નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજનિશ્ચયચારિત્ર આવા મુનિપણામાં, મુનિપણાની દશામાં હોય છે. એને સહજચારિત્ર શુદ્ધોપયોગનું કહેવામાં આવે છે. એ સાતમા ગુણસ્થાનની ભૂમિકાની વાત છે. લ્યો, એ અધિકાર પૂરો થયો.

હવે, એનો જરી આધાર પદ્મનંદી આચાર્ય (ના પદ્મનંદી પંચવિંશતિમાં) અધિકાર છે પચ્ચીસ એ માયલો જરી આધાર આપે છે કે ભાઈ! હું તો આ કહું છું સર્વજ્ઞના કહેલા ભાવો અને મારા અનુભવના ભાવો, પણ પૂર્વે મુનિઓ અમૃતચંદ્રાચાર્ય આદિ કે પદ્મનંદી આચાર્યો થયા મહાસંતો, આભના થોભ ધર્મના ધરુંધર એ પણ આ જ વાત કરે છે એવો એણે શ્લોક પદ્મનંદીનો મૂક્યો છે. છે?

''दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते।
स्थितरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः।।''

'**આત્માનો નિશ્ચય તે દર્શન છે,...**' ભગવાને કહેલો આત્મા પૂર્ણ શુદ્ધનો કંદ એનો અંતર અનુભવમાં નિર્ણય કરવો તેને સમ્યગ્દર્શન કહે છે. '**આત્માનો બોધ તે જ્ઞાન છે,...**' એ આત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. '**આત્મામાં સ્થિતિ તે ચારિત્ર છે;...**' એ સ્વરૂપ ભગવાન ઢગલો પડ્યો શાંતરસનો શક્તિ, એમાં સ્થિરતાનો ભાવ એને ચારિત્ર કહેવામાં આવે છે. '**આવો યોગ (અર્થાત્ આ ત્રણેની એકતા) શિવપદનું કારણ છે.**' શિવ એટલે મોક્ષ. મોક્ષની પૂર્ણ શાંતિ અને અમૃત આનંદના અનાકુળની દશા એનું આ ત્રણની એકતા એ કારણ છે. એ સિવાય વ્યવહાર વચ્ચે વિકલ્પ આવે એ કાંઈ મોક્ષનું કારણ છે નહિ. એને માટે એક ગાથા પોતે પણ કહેશે અધિકારમાં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૭૭ થી ૮૧, પ્રવચન નં. ૪૦૭

આ ચારિત્ર અધિકાર, એના પેટાભેદમાં નિશ્ચયપ્રતિક્રમણનો અધિકાર છે. ૭૭ થી ૮૧. નિશ્ચયપ્રતિક્રમણ એટલે કે અહીંયાં તો ત્યાં સુધી લીધું છે કે વિષય જે આત્મા છે વસ્તુ એમ ધર્મીની દૃષ્ટિમાં અને દ્રવ્યસ્વભાવ જે છે એ વસ્તુ છે અથવા આત્મા ત્રિકાળી અભેદ ચીજ છે અને એ ચીજની દૃષ્ટિવંત એની દૃષ્ટિમાં પણ અભેદ વસ્તુ હોય છે. શું કહ્યું? આત્મા પોતે અભેદ ચીજ છે. એમાં શરીર, વાણી, મન, રાગ અને ભેદ એમાં નથી. એથી કહે છે એ અભેદ ચીજ જે છે એમાં આ નથી. એટલે કે સમ્યગ્દૃષ્ટિના વિષયમાં અભેદપણું એનો વિષય છે. એટલે ધર્મીનો વિષય અભેદ છે. એથી ધર્મી એમ કહે છે કે મારામાં રાગ નથી, દ્વેષ નથી, ગતિ નથી અને જે ભેદ પડે છે જ્ઞાનના પાંચ ભેદો વગેરે એ ભેદો અભેદમાં નથી. આનું નામ પ્રતિક્રમણ કહે છે. મિથ્યાત્વનું પ્રતિક્રમણ પહેલું તો. સમજાણું કાંઈ?

અહીંયાં આવ્યુંને? પહેલું આવ્યું છે કે ચાર ગતિ છે ખરી એમ સિદ્ધ કર્યું. મનુષ્યગતિ, તિર્યંચગતિ, દેવગતિ, નરકગતિ છે ખરી, પણ દ્રવ્યનો જે સ્વભાવ અને ધર્મીની જે દૃષ્ટિનો વિષય એમાં એ ગતિ નથી. સમજાણું કાંઈ? વસ્તુ જે છે એક સમયમાં નિશ્ચય અખંડ અભેદ ચીજ એ વસ્તુ, તો એ વસ્તુમાં ગતિ નથી, ચાર ગતિ નથી. તેથી ધર્મી જીવની દૃષ્ટિના વિષયમાં અભેદ છે, આ ભેદ ગતિ એમાં નથી. એનું નામ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓ, આવ્યુંને અહીંથી?

'**મારે દેવપર્યાય નથી.**' ત્યાં સુધી આવ્યું છે આપણે. ચાર ગતિની દશા એ અવસ્થાદૃષ્ટિમાં અવસ્થાવંતને છે. સમજાય છે કાંઈ? એ અસ્તિત્વ પર્યાય અવસ્થાદૃષ્ટિમાં ચાર ગતિની દશા અવસ્થામાં છે. તેથી કહ્યુંને, 'સંસારી જીવને એ છે' એમ કહ્યું હતુંને બીજી લીટીમાં. સંસારી જીવ એટલે? જેની દૃષ્ટિ પર્યાય ઉપર છે એ સંસારી જીવ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! એ સંસારી જીવને પર્યાયમાં ચાર ગતિનું અસ્તિત્વ છે, પણ વસ્તુ જે ચિદાનંદ ભગવાન અભેદ છે એમાં એ નથી. તેથી દૃષ્ટિનો સમ્યગ્દૃષ્ટિનો વિષય અભેદ છે, તેથી તે ભેદ દૃષ્ટિનો વિષય ધર્મીનો એ વિષય નથી. આહા..હા..! ભાઈ! એ એના છેલ્લે સરવાળે એમ લીધું છે. આખો સરવાળો આ છે એનો. કળશ છેને કળશ? '**આ પ્રમાણે પંચરત્નો દ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે...**' કળશ છે છેલ્લો સાર. કહેવું છે આ એમાં. છે? કળશ છે છેલ્લો ૧૦૯. પાંચેય રત્નને ટૂંકામાં પાછું. '**આ પ્રમાણે પંચરત્નો દ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે...**' એ ભેદનો વિકલ્પ એ મારો નહિ, એ ભેદ જ મારો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું તત્ત્વ છે.

આ તો નિયમસાર છેને. મોક્ષનો માર્ગ. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. આત્માને પૂર્ણ આનંદની પ્રાપ્તિનો ઉપાય. એમાં પહેલો ઉપાય સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય અભેદ ચીજ છે એ સમ્યગ્દર્શનનો વિષય છે અને એ આત્મા છે ખરો. પર્યાયમાં ચાર ગતિ છે એ ધર્મીના દ્રવ્યમાં એ નથી, ધર્મીના વિષયમાં નથી, દ્રવ્યમાં નથી. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો અનંતકાળ એણે એ ચીજ શું છે? અહીં પર્યાયને ગતિને સિદ્ધ કરે છે. જેટલો વ્યવહાર છે અવસ્થામાં એ બધો છે ખરો, પણ એ અજ્ઞાનીનો, મિથ્યાદૃષ્ટિનો એ વિષય છે. સમજાણું કાંઈ? પછી જ્ઞાનમાં વર્તે જુદી વાત છે. પણ એને (અભેદને) ધ્યેય બનાવીને એનો વિષય ત્યાં જ્ઞાનીએ કર્યો છે એકલો. આહા..હા..!

તો કહે છે જેને સાચું પ્રતિક્રમણ હોય એને ભગવાન આત્મા... એ કહેશે ખુલાસો. આવો છે એ પછી કહેશે. નથી કહીને પછી અસ્તિ કહેશે પાઠમાં. આહા..હા..! ઝીણું છે, ભાઈ! એ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં છે. પૂર્ણાનંદનો નાથ પોતાનો સ્વભાવ અભેદ એવી ચીજમાં ચાર ગતિ જ નથી. આહા..હા..! એટલે કે એ સંસારનો ભાવ જ એમાં નથી. સમજાય છે કાંઈ? સંસારનો ભાવ જે છે એ મિથ્યાદૃષ્ટિનો વિષય છે. સમજાણું કાંઈ? અભેદ ચીજમાં આવા ભેદના ભાવનો અભાવ છે એવી દૃષ્ટિ કરવી એનું નામ ભેદથી એણે પ્રતિક્રમણ કર્યું. આહા..હા..! ભેદથી પાછો વળ્યો અને અભેદમાં ગયો એનું નામ સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. હમણાં ભાઈ નથી આવતા હોં તમારે, ચિતળીયા રોકાઈ ગયા. આમ તો આવી ગયા હતા કાલે બપોરે. કામ ઘણાં સંસારના એટલે નવરા થાય તો આ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે '**મારે દેવપર્યાય નથી.**' મારે ચાર ગતિ જ નથી એમ કહે છે. અવસ્થામાં

ગતિનું હોવાપણું સાબિત કર્યું, સંસાર પર્યાય છે ખરી પણ એ અભૂતાર્થ છે. ભૂતાર્થ તો મારો આત્મા અભેદ છે તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક-એક શબ્દોમાં અંદરમાં ભાવ ભર્યા છે. આ તો પંચરત્ન. એમ કહ્યુંને? અભેદ ચૈતન્યરત્નને ત્યાં વર્ણવે છે. આહા..હા..! જે પરિપૂર્ણ વસ્તુ ભગવાન આત્મા પોતે પૂર્ણમિદં પૂર્ણસ્વરૂપ એકરૂપ અભેદસ્વરૂપ એવો હું એમ ધર્મીને એમ થતાં એ ચાર ગતિનો પર્યાય એ મારો વિષય નહિ, મારું એ ધ્યેય નહિ તેથી મારા ધ્યેયમાં એ વસ્તુ છે નહિ. સમજાણું કાંઈ? કહો, રમણિકભાઈ! આવી છે આ વાત. ત્યાં મુંબઈમાં આવું કાંઈ મુકાય? ન સમજે. આ શું વાત કહે છે? પણ એને પકડવાની જરીક લાયકાત હોય તો સમજાય એવી ચીજ છે. આહા..હા..!

કહે છે અહીં '**ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો**...' એ મને નથી. જુઓને. આહા..હા..! ગતિના પહેલાં લીધા. એ ચૌદમાં પહેલી ગતિ આવે છે. છેને? ૪૨ ગાથા છેને. ૪૨માં આવે છે જુઓ. ૪૨ને? ૪૨-૪૨ ગાથા છેને એમાં ચૌદ ભેદ આવે છે. ગતિ ઇન્દ્રિયની. એ પાનું-૮૮. પાનું-૮૮ છે. શું કહે છે? કે એ ચાર ગતિની પર્યાય મારામાં નથી એ તો વિસ્તારથી આવી ગઈ. હવે આ ઇન્દ્રિયો. એ પાંચ જડ ઇન્દ્રિય અને પાંચ ખંડ ઇન્દ્રિય એ મારા અભેદ વિષયમાં (નથી), એ વિષય મારો નહિ એમ કહે છે. આહા..હા..! જ્ઞાન તરીકે જાણે પણ મારો વિષય ધ્યેય એ નહિ હું. સમજાણું કાંઈ? આહા..હા..! આમ પ્રતિક્રમણ છે. મિચ્છામી દુક્કડમ આ પાપ કર્યું એ બધા થોથાં છે. એ પડિક્કમણા કે દિ' હતા? પણ 'ભેદમાં હું છું' એ કાઢી નાખીને 'અભેદમાં હું છું, ભેદ નથી' એનું નામ પ્રતિક્રમણ કહેવાય છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

ઇન્દ્રિય. આ પાંચ ઇન્દ્રિય. આપણે અહીં નામ નથીને આમાં. આમાં નામ નથી ૪૨માં છે. એ ઇન્દ્રિય પાંચ, ખંડ-ખંડ ઇન્દ્રિય જે ખંડજ્ઞાન દ્વારા એક વિષય જાણવામાં આવે એવો ભેદ મારા અભેદ વિષયમાં નથી. એ દૃષ્ટિના વિષયમાં એ ચીજ જ નથી. આહા..હા..! એનું નામ મિથ્યાત્વનું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ તો સાંજ-સવાર ગડિયા હાંકે રાખે પડિક્કમણા કરી આવ્યા. લ્યો! ધીરૂભાઈ! પડિક્કમણા કર્યા હશે કે નહિ ત્યાં? કેટલાય કર્યા ખોટા, એમ. આનું નામ પ્રતિક્રમણ છે.

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર પરમાત્મા એમ ફરમાવે છે કે સાચું પ્રતિક્રમણ કોને કહેવું? કે જે અંદર ઇન્દ્રિયોનો ખંડ-ખંડ ભાવ અને જડ ઇન્દ્રિય એ પર્યાયનો વિષય મિથ્યાદૃષ્ટિનો છે. એ વિષય ફેરવીને 'એકાકાર અભેદ છું' એવા વિષયમાં એ પાંચ ઇન્દ્રિયનો અભાવ છે. ખંડ ખંડનો એમાં અભાવ છે. કારણ કે ભેદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, નવરંગભાઈ! એનું ખાસ ઘરમાં.. છે. વાત સાચી. જામીનો અર્થ અભેદ જામી એનું નામ જામી છે, ભાઈ! ભાઈ! અભેદ વસ્તુ અંદર. આહા..હા..! એ ચીજમાં ભેદ ઇન્દ્રિયનો નથી. આહા..હા..! ઇન્દ્રિય, ખંડ અને જડ છે ખરું, અસ્તિત્વ છે. કોઈ ઉડાવતું હોય તો

તો નાસ્તિક છે એ. સમજાણું કાંઈ? એ ઇન્દ્રિયોનો ખંડ ખંડ અને દ્રવ્ય ઇન્દ્રિય અસ્તિ છે, પણ દ્રવ્યમાં નથી એટલે દ્રવ્યદૃષ્ટિવંત ધર્મીની દૃષ્ટિમાં એ એનો વિષય નથી. એનો એને અભાવ છે એનું નામ પ્રતિક્રમણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ગોકુળભાઈ! પડિક્કમણા કર્યા તો હશે પહેલાં.

'**કાયાના...**' આ પંદર છેને મન, વચન અને કાયાના યોગ, કાયયોગ એ કાયા. આ ઔદારિક આદિ કંપન્ન હોં કાયાની આદિ. અને કાયા શરીર, વાણી, ઔદારિક, વૈક્રિયક, આહારક, કાર્મણ એ કાયા મારામાં છે જ નહિ. કાયા તરીકે કાયા છે. અસ્તિ બતાવી છે પાછી. એમ છે. કોઈ ઉડાવે કે એ નથી, એ તો પર્યાયને જ માનતો નથી હજી. આહા..હા..! પણ એ કાર્ય મારા અભેદસ્વરૂપ ભગવાન આત્મા (એમાં નથી). આહા..હા..! બાપુ! આ તો અલૌકિક પ્રતિક્રમણ છે. લોકોત્તર કોઈ દિ' કર્યું નથી એવી આ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કાય એ ભેદ છે એ હું નહિ. યોગ પંદર પ્રકારના છે—ચાર મનના, ચાર વચનના અને સાત કાયાના એ કંપન્નના પંદર પ્રકાર છે. છે ખરા, પણ વસ્તુમાં નથી અને ધર્મીની અભેદદૃષ્ટિમાં એ નથી તેનું એ પ્રતિક્રમણ કરે કે મારામાં એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

વેદ. આ ચૌદ માર્ગણા ભેદ નથી એમ આવ્યું છેને? શું છે જુઓ, '**ચૌદ ભેદવાળા માર્ગણાસ્થાનો...**' એ ચૌદ ભેદવાળા માર્ગના પ્રકાર એ મારામાં નથી. આહા..હા..! હું એક અભેદ ચિદાનંદ પ્રભુ એવા અભેદમાં આવા ચૌદ પ્રકાર એટલે યોગના પંદર આદિ પ્રકાર અસ્તિ તરીકે છે, પર્યાયદૃષ્ટિનો વિષય છે એ દ્રવ્યદૃષ્ટિમાં અને ધર્મીની દૃષ્ટિમાં એનો એ વિષય નથી. સમજાય છે કાંઈ? આ તો આવી પરમસત્ય (વાત) છે. આહા..હા..! કહો, રતિભાઈ! રતિભાઈ પહોંચ્યા .. વ્યાખ્યાનમાં. આહા..હા..! વેદ. એ દ્રવ્યવેદ આ શરીર આદિ પુરુષનો આ વેદ જડ અને ભાવવેદ. એ ભાવવેદ એ ખંડ ખંડ વિકલ્પ એ વસ્તુમાં નથી. એથી ધર્મીની દૃષ્ટિમાં એ નથી. એનું નામ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વેદ નથી. આવે છેને ઓલામાં? અલિંગગ્રહણમાં ભાઈ આવે છે. દ્રવ્ય અને ભાવ વેદવિરહિત ભગવાન અલિંગગ્રહણ છે. એ ભાવવેદ અને દ્રવ્યવેદ એ લિંગ જ એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્ય અને ભાવ વેદરહિત ભગવાન છે. આહા..હા..! વેદ છે ખરો પર્યાયમાં, અસ્તિ છે, પણ મારો અભેદ ચિદાનંદની અંદર એ નથી. એથી એ વેદ એ મારો વિષય નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કષાય. ક્રોધ, માન, માયા, લોભ એ પર્યાયમાં છે. જુઓને, કેટલોક વ્યવહાર નાખ્યો છે! વ્યવહાર જેટલો છે એટલો બતાવ્યો છે, પણ એ કષાય દ્રવ્યમાં નથી અને ધર્મીના વિષયમાં અભેદમાં એ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કષાયના ભેદો જ મારામાં નથી. હું તો અકષાયસ્વભાવ એકરૂપ, પર્યાયનો અકષાય એ નહિ અહીંયાં, ત્રિકાળી અકષાયસ્વભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? કષાય અને અકષાય બે પર્યાયો એ દ્રવ્યમાં નથી. આહા..હા..!

એ માર્ગમાં બે આવે છે. સમજાણું કાંઈ? એ પ્રતિક્રમણ સાંજ-સવાર કરવા બેસે અને ભાન ન મળે કાંઈ, એ પ્રતિક્રમણ ન કહેવાય. એક સમયનું પ્રતિક્રમણ જન્મ-મરણને ટાળે. આહા..હા..! એ ગ્રંથિની ગાંઠ એક સમયનું પ્રતિક્રમણ ગાળે. સમજાણું કાંઈ? 'ભેદ હું છું અને રાગ હું છું' એવી જે ગાંઠ રાગની, મિથ્યાત્વની. આહા..હા..! એને વસ્તુ અખંડાનંદ પ્રભુ છું એ જ હું છું એથી મારામાં એ કષાયો નથી. એ કષાય મારા સમ્યક્‌નો વિષય નથી અથવા એ મારો વિષય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! છેને સામે પુસ્તક છે. મનસુખભાઈ! છેને પુસ્તક? પણ એની કાંઈ મેળાએ વાંચે તો સૂઝ પડે એવું છે આમાં? એ કરી બતાવ્યું તો ખરું ઓલો કળશ. કળશ બતાવીને તો કહ્યું. કારણ કે બતાવવું છે ઓલો અભેદ. એમાં આ ભેદો નથી એમ કહ્યું છેને.

'**ચૌદ ભેદવાળામાં માર્ગણાસ્થાનો નથી...**' સમજાણું કાંઈ? લાલચંદભાઈ તો એવું બધું માખણ માગે છેને. કહો, સમજાણું આમાં? આહા..હા..! કહે છે, અરે! એકવાર તારો અભેદ નાથ એને જો તો ખરો. અખંડાનંદ પ્રભુ પૂર્ણાનંદે અભેદપણે બિરાજે છે. એવી દૃષ્ટિના વિષયમાં અને એ વસ્તુમાં, એ તો વસ્તુમાં નથી એટલે દૃષ્ટિના વિષયવાળાને પણ નથી. એમ સિદ્ધ કરવું છેને. દ્રવ્યમાં નથી.. દ્રવ્યમાં નથી એટલે શું? એટલું પકડવું? લક્ષમાં લેવું એટલી વાત છે? વસ્તુ અભેદમાં એ નથી એવી દૃષ્ટિ ત્યાં કરી છે. સમજાણું કાંઈ? આવો ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સર્વજ્ઞે જોયો એવો છે એમ દૃષ્ટિ ગઈ અંદરમાં, ત્યારે કહે છે કે મારામાં એ કષાયના ભેદો નથી. ભેદ છે ખરો ભેદના સ્થાનમાં. સ્થાનમાં ભેદ છે, વસ્તુમાં નથી અને વસ્તુના વિષયવંત ધર્મીને પણ નથી. એનું નામ પ્રતિક્રમણ ભેદનું અને રાગનું કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે સમજવું કઠણ પડે.

પછી '**જ્ઞાન,...**' એ જ્ઞાનના પાંચ ભેદોની લક્ષની આમ દૃષ્ટિ એ મારો વિષય જ નથી કહે છે. એમ કહે છે. ..ભાઈ! આહા..હા..! આ ભાષા શું છે જુઓને, '**ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો...**' એ મને નથી. છેને? '**પરમભાવસ્વભાવવાળાને નથી.**' એમ છેને અંદર? શું છે નીચે જુઓને એમાં. '**ચૌદ ભેદવાળાં માર્ગણાસ્થાનો તથા તેટલા (ચૌદ) ભેદવાળાં જીવસ્થાનો કે ગુણસ્થાનો શુદ્ધનિશ્ચયનયથી પરમભાવસ્વભાવવાળાને (-પરમભાવ જેનો સ્વભાવ છે એવા મને) નથી.**' છે? નથી. આહા..હા..! પછી છે એ એનું જ્ઞાન નહિ પણ પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાનમાં એ છે એમ વ્યવહારે છે એમ જાણવામાં (આવે છે). વ્યવહારે છે એ વ્યવહારે એનું 'જ્ઞાન' છે એમ જાણવામાં આવે છે. એ વ્યવહાર પોતે નહિ, આહા..હા..! પણ એના સંબંધીનું પોતાથી થયેલું પોતાનું જ્ઞાન એ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત આ. સમયસાર અને નિયમસાર આદિ અલૌકિક લોકોત્તર શાસ્ત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચિદાનંદ ભગવાન આત્મા અંદર શરીર વિનાનો તો છે, રાગ વિનાનો તો છે, ભેદ વિનાનો છે એમ સિદ્ધ કરે છે અહીં તો. સમજાણું

કાંઈ? મારો પરમભાવસ્વભાવ ત્રિકાળી પરમભાવસ્વભાવવાળાને નથી એમ કીધું છેને? ..અર્થ શું દ્રવ્યમાં તો પણ પરમસ્વભાવભાવ જેની દૃષ્ટિ થઈ.. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આવો ભગવાન આત્મા એણે સાંભળ્યો નહિ, શ્રુત-પરિચિત એણે પરિચય કર્યો નહિ અને અનુભવમાં તો આવ્યો નહિ. આહા..હા..!

જ્ઞાનના પાંચ ભેદો અને અજ્ઞાન.. ભેદો. '**સંયમ...**' ચારિત્રના ભેદો જે પાંચ પ્રકાર સામાયિક વગેરે. શું સામાયિક? છેદોપસ્થાપના આવે છેને? એ પાંચ. એ પાંચ ભેદ મારામાં નથી. સમજાણું કાંઈ? પહેલું શું કહેવું? સામાયિક. સામાયિક છેને પર્યાય. છેદોપસ્થાપન, સૂક્ષ્મસાંપરાયની પર્યાય એ પાંચ ભેદ છે વસ્તુ છે. એ પરમસ્વભાવવાળો હું એમાં એ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? મારો સ્વભાવ તો પરમસ્વભાવ ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક અભેદ સ્વભાવ. આહા..હા..! એ મને એ ચારિત્રના ભેદોના પ્રકાર એ મારા નહિ, મારામાં નહિ, મારો વિષય નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો અમૃત સાગરને ડોલાવે છે, હલાવે છે. અમૃતનો સાગર ભગવાન આત્મા એની અંદર આવા ભેદમાં આવા ભેદ ઝેરના નથી. ભેદ ઉપર લક્ષ જાય તો રાગ થાય છે. આહા..હા..!

કહે છે એવા સંયમના ભેદો. ઓહો..હો..! મોક્ષમાર્ગનું વર્ણન છેને આ. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર, કહે છે કે એવા ભેદો મારામાં નથી. દર્શનભેદ નથી. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન. ઓલા જ્ઞાનમાં પણ કેવળજ્ઞાન આદિ ભેદ મારામાં નથી એમ કહે છે હોં. આહા..હા..! કેવળજ્ઞાન એક પર્યાય છે અને એ તો સદ્ભૂતવ્યવહારનયનો વિષય છે, એ નિશ્ચય દૃષ્ટિનો વિષય દ્રવ્યમાં નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! રાજકોટમાં આવી વાત નીકળે હોં. ત્યાં બીજું આટલું બધું લાંબુ કરવા જાય તો ઓલા પાછા પકડે નહિ કે આ શું કહે છે? આહા..હા..!

'**દર્શન...**' એ કેવળદર્શન અને અવધિદર્શન એવા ભેદો મારામાં અભેદ ચિદાનંદ પરમસ્વભાવભાવ વસ્તુ અને એની દૃષ્ટિવાળો હું અને એ પરમસ્વભાવ મારો વિષય એમાં ભેદ વિષય મારો નહિ, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? મુનિએ આખું કહીને કળશમાં એ નાખ્યું છે એનો સરવાળો. એ ભેદની ચિંતા જ નથી, ભેદ મારામાં નથી તો પછી શેની ચિંતા-વિચારણા? એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અપૂર્વ વાત છે, ભગવાન! આ તો અનંત કાળે એણે એ જાણ્યું નથી. જે છે એને જાણ્યું નથી તો અનુભવ્યું તો ક્યાંથી હોય? આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા લેશ્યાના ભેદો નથી મારામાં. લ્યો, વળી તેજો, પદ્મ અને શુક્લ શુભલેશ્યા. કૃષ્ણ, નીલ અને કાપોત અશુભ લેશ્યા. એ લેશ્યાના સ્થાનમાં લેશ્યા હોય. એ વ્યવહારનયનો પર્યાયનો વિષય હો, મારા પરમસ્વભાવવાળા એવા મારા વિષયમાં એ વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ વયા ગયા ઓલા વાંકાનેરવાળા નહિ? ધીરૂભાઈ ગયા? આંખનું કાચુ. સમજાણું કાંઈ? આવ્યા હતા? ગયા છે.

એ ભવ્ય-અભવ્ય ભેદ મારામાં નથી. આહા..હા..! એ પર્યાયના ભેદ છે. અભેદમાં ભવ્ય અને અભવ્ય એવા ભેદ મારામાં નથી એમ કહે છે. આહા..હા..! એ ભવ્ય જીવને જ આવો અભેદનો વિષય હોય છે. સમજાણું કાંઈ? છતાં અભેદ પરમસ્વભાવભાવ એનો વિષય જ સમકિતીનો નથી. એ હોય ભવિ જ, પણ એ ભવિપણું મારી વસ્તુમાં નથી. આહા..હા..! એમાં તો પર્યાયને લીધી છે. સમજાણું કાંઈ? વળી, સમકિત. લ્યો આ તો સમકિત. અરેરે! સમ્યગ્દર્શનનો વિષય જે અભેદ એમાં એ સમકિતના ભેદો એ અભેદનો વિષય નહિ. આહા..હા..! ગજબ છેને! સમજાણું કાંઈ? શું કહ્યું એ? ક્ષાયિકસમકિત જેનો વિષય અભેદ અખંડાનંદ એવા પરમસ્વભાવવાળો મારો વિષય એમાં ક્ષાયિકસમકિત આદિના પર્યાયના ભેદનો એમાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાછું ક્ષાયિક, ક્ષયોપશમ આદિ છે એમ અસ્તિ સિદ્ધ કરતાં જાય છે, વ્યવહાર બધો છે એમ સિદ્ધ કરતાં જાય છે, પણ ત્રિકાળ સ્વભાવમાં અને દૃષ્ટિના વિષયમાં એ છે નહિ. આહા..હા..!

સંજ્ઞીત્વ-અસંજ્ઞીત્વ. વળી કહેને કે સંજ્ઞી હોય, ઉઘાડ હોય એ ધર્મ પામે. અહીં કહે છે કે સંજ્ઞીપણું જ મારામાં નથી. આહા..હા..! અને આહાર-અનાહાર એવા ભેદ ચૌદ માર્ગણસ્થાનો. છેને આપણે ઓલામાં. ચૌદ ભેદવાળા આવા માર્ગણા એટલે જેના પર્યાયમાં ક્યાં જીવ છે એમ શોધવા જઈએ તો ચૌદ પ્રકાર દેખાય. એ બધા શુદ્ધનિશ્ચયનયથી ત્રિકાળ જેનો વિષય છે એવી નયથી અને સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શનનો વિષય પરમસ્વભાવભાવના વિષયમાં આવા ભેદો એમાં નથી. આ એમ નથી, અસ્તિ આ અને આ નથી એમ અનુભવવું એનું નામ પ્રતિક્રમણ કહેવામાં આવે છે. એય..! પોપટભાઈ! આવું તો પડિક્કમણું સાંભળ્યું ન હોય કોઈ દિ'. અપાસરે જઈને કરે પડિક્કમણા સાંજ-સવાર. અરે! પડિક્કમણા કોને કહેવા એની ખબર ન મળે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે એવા ભેદો અને એટલા ભેદવાળા જીવસ્થાન. કહો, એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત, સંજ્ઞી અને અસંજ્ઞીના.. એવા જીવસ્થાનો એ જીવના પર્યાયના સ્થાનો જીવમાં નથી. ભારે! ભગવાન આત્મા અભેદ ચિદાનંદ પ્રભુ જે દૃષ્ટિનો વિષય અને જે ત્રિકાળ પરમસ્વભાવવાળું અભેદતત્ત્વ એમાં આવા ભેદો છે નહિ. સમજાણું કાંઈ? એ જીવના ભેદના (સ્થાનો) જીવમાં નથી લે ઠીક! જીવના ભેદોના પ્રકાર એ જીવમાં નથી, લે ઠીક! આહા..હા..! એ જીવ પરમસ્વભાવવાળો ત્રિકાળી, પરમસ્વભાવભાવવાળો ત્રિકાળી ભાવ એ જીવ એમાં આવા ચૌદ ભેદો નથી, આહા..હા..! સમજાણું કાંઈ? આનું નામ અનેકાંત કહે છે. એ અસ્તિપણું કહેશે પેરેગ્રાફમાં. છે? એવા ભેદવાળા જીવસ્થાનો અને એવા ભેદવાળા ગુણસ્થાનો. એ ચૌદ ગુણસ્થાન. આહા..હા..! પહેલું, બીજું, ત્રીજું, તેરમું અને ચૌદમું. એવો પરમસ્વભાવ મારો ભગવાન. છે? '**પરમભાવસ્વભાવવાળાને...**' જેની ધર્મની દૃષ્ટિ થઈ એવી ધર્મીને. ધર્મી એવો જે ભગવાન અનાદિ-અનંત અભેદ એકરૂપ એવા સ્વભાવવાળાને... સમજાણું? આવા

ગુણસ્થાન ભેદ નથી. આહા..હા..!

પર્યાયદૃષ્ટિમાં ભેદો છે એ જાણે, પણ જાણેનો અર્થ આ અભેદની દૃષ્ટિ થાય ત્યારે તેના જ્ઞાનમાં ભેદ છે એમ વ્યવહારે જાણવામાં આવે. આમ છે. સમજાણું કાંઈ? પહેલી એની રીત છે એ તો શીખે કે માર્ગ આ છે. માર્ગની રીત જાણ્યા વિના માર્ગમાં જાશે શી રીતે અંદરમાં? આહા..હા..! ઊંધા પકડ્યા હોય, ઊંધે માન્યું હોય પછી કહે અમે અંદરમાં જઈએ. ક્યાંથી જઈએ? એનું બહુમાન અભેદનું આવ્યા વિના ભેદનું બહુમાન ટળ્યા વિના અંદરમાં જઈ શકશે નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મનો ઉપદેશ કેવો? ઓલું તો એકેન્દ્રિયની દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા, સંથારો કરવો સંથારો. એય..! ઢેબરભાઈ! સંથારો બબ્બે મહિના, મહિનાનો પછી શેઠિયા ત્યાં જાય અને ઉજવે. પૈસા ભેગા નાખે થોડા લાખ, બે લાખ. કરો અને પછી યાદગીરી કરો. ધૂળેય નથી સંથારા એને.

અહીં પરમાત્મા તો કહે છે, તારો પરમસ્વભાવસ્વરૂપ ભગવાન એને દૃષ્ટિમાં લીધા વિના અને ભેદોનો અભાવ કર્યા વિના તને સમ્યગ્દર્શન થશે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો તે કેવો? આહા..હા..! પર્યાયના ભેદો જેટલા છે એટલા બતાવ્યા ખરા હોં! બતાવીને અને પછી આમાં નથી, અભેદમાં નથી. સમજાય છે કાંઈ? કહો, પ્રકાશદાસજી! કેવી છે આ ચીજ? સાંભળી નથી કદી? એ સાધુ થવાના હતા કાનપુર. રહી ગયા માંડ માંડ. આહા..હા..! અરે! ભગવાન! એ સ્થાનક તો આત્માનું અભેદ છે એ સ્થાનક છે. એમાં વસવું એનું નામ અહીં તો સ્થાનકવાસી છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયની પર્યાયના ભેદ વિનાનું ત્રિકાળી તત્ત્વ એમાં જવું અને ઠરવું એનું નામ મિથ્યાત્વનું પ્રતિક્રમણ અને ભેદનું પ્રતિક્રમણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એને તો ભેદ શું અને અભેદની ખબર ન પડે. મિચ્છામી દુક્કડમ તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે. આખો આત્મા વોસરે. આહા..હા..! કહે છે... આહા..હા..! સંતોએ માર્ગને સહેલો કરીને બતાવ્યો છે. તારી પાસે તું એ છો. અભેદ ચીજ એક સમયના ભેદ વિનાની એ ચીજ છે ત્યાં દૃષ્ટિ કર, તારા વિષયમાં અભેદ આવશે, ભેદનો વિષય આવશે નહિ. આહા..હા..! આ ચીજ આમ છે, ભગવાન! આહા..હા..! ભગવાને કહેલી આ છે ભગવાન આત્માને માટે. આહા..હા..! હજી તો ભગવાન આત્મા કહે ત્યાં રાડ નાખે. પરમસ્વરૂપે ભગવાન જ છે. પરમેશ્વર પરમ ઈશ્વરસ્વરૂપ ભગવાન આત્મા છે. આવા ભગવાન પરમસ્વભાવભાવવાળાને ગુણસ્થાન શુદ્ધનિશ્ચયથી. એટલે? શુદ્ધનિશ્ચયનયથી એટલે? કે જે જ્ઞાનનો વિષય પૂર્ણ અભેદ છે એ વિષયથી જોતા એમાં આ છે નહિ. સમજાણું કાંઈ?

**'શુદ્ધનિશ્ચયનયથી પરમભાવસ્વભાવવાળાને (-પરમભાવ જેનો સ્વભાવ છે... '** ભગવાન આત્માનો પરમભાવ જેનો સ્વભાવ છે એ આવી પર્યાયના ભાવનો એમાં સ્વભાવ

નથી. આહા..હા..! અભેદને સિદ્ધ કરવાની રીત અને કળા તો જુઓ. પહેલાં એનું ધ્યાન તો કરે તો ત્રિકાળી અભાવસ્વભાવ, ભેદના અભાવસ્વભાવવાળો પરમસ્વભાવભાવ એમાં આ ભેદો નથી. એવો જે અંતરમાં સ્વનો આશ્રય કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું એનું નામ ભેદ અને રાગનું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આ પ્રતિક્રમણનો પહેલો આ પાઠ છે હજી તો. સમજાણું કાંઈ? એ '(**-પરમભાવ જેનો સ્વભાવ છે એવા મને**) **નથી.**' જોયું! ત્યારે '**મને નથી**' એટલે કે એ પરને છે એમ થયું એ તો. આહા..હા..! એ ત્યાં ભલે એમાં '**મને નથી**' એમ નથી કહ્યું, પણ એ પરમસ્વભાવવાળાને, પછી કહ્યું છે જુઓ, '**શુદ્ધનિશ્ચયનયના બળે...**' ભાઈ! મારે નથી. પછી કહ્યું છે. છેને? ૨૫મો બોલ. એ બધામાં મારે નથી એમ લેવું. અરે! એથી ઉપરાંત એવા ભેદો મારામાં મારા વિષયમાં નથી, તેથી તે ભેદનો હું કર્તા નથી, ભેદનો કરાવનાર નથી અને ભેદમાં હું સંમત નથી. ત્યાં તો આ વાત લેવી છેને પાછી. જે મારામાં નથી એવા ભેદનો કર્તા હું ક્યાંથી હોઉં? આહા..હા..! એવા ભેદ ચૌદ ગુણસ્થાન આદિ ભેદો એ મને નથી, મને નથી માટે તેનો હું કર્તા નથી, એનો કરાવનાર નથી, એ ભેદનો હું સંમત નથી, ભેદ છે એ ઠીક એને સંમત હું નથી. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..! ભાઈ! તારા મારગડા એવા છે, બાપા! આ તો ભગવાનના પંથ છે. આહા..હા..! ભગવાન થવાના માર્ગ છે આ તો. એ ભગવાન અભેદ સ્વભાવનો આશ્રય ન લે અને દૃષ્ટિ ન કરે અને ભગવાનને પંથે જાય એમ બને નહિ. આહા..હા..!

'(**-પરમભાવ જેનો સ્વભાવ છે એવા મને**) **નથી.**' ત્યારે કોને છે? એ તો પરને છે. આહા..હા..! એ તો પુદ્‌ગલથી થયેલા ભેદો એનો એ કર્તા, હું એનો કર્તા નહિ. આહા..હા..! ગજબ વાત કરીને. એય..! કહેશે પછી હોં એ બધું. પેરેગ્રાફ પછી. વિવિધ વિકલ્પોથી ભરેલા વિવિધ પર્યાયનો નિશ્ચયથી હું કર્તા અને કાર્ય.. એ પુદ્‌ગલકર્મનો કર્તા, તેમનો અનુમોદક નથી. પછી આવશે એ. અહીં તો હજી એની વસ્તુની... આહા..હા..!

હવે, '**મનુષ્ય અને તિર્યંચપર્યાયની કાયાના, વયકૃત વિકારથી...** ' બાળપણું, યુવાનપણું, સ્થવિરપણું, વૃદ્ધાવસ્થાપણું ચાર બોલ લીધા છે. શરીરમાં બાળપણું કોમળ અંગ, યુવાનપણું કઠણ અંગ. એ યુવાન છે. યુવાન શું કાંઈ આત્મા યુવાન છે? આના હાડકા મજબુત અને કઠણ એ યુવાન. સ્થવિર અવસ્થા. સ્થવિર જરી સ્થિર થયો હોય એ ૫૦-૬૦ વર્ષ થાય એટલે પછી... અને વૃદ્ધાવસ્થા એવી અવસ્થાદિરૂપ અનેક '**સ્થૂલ-કૃશ વિવિધ ભેદો...**' એ દેહના વયકૃત ભેદો એ '**શુદ્ધનિશ્ચયનયના અભિપ્રાયે મારે નથી.**' ઓલા બધા '**મારે નથી**' એમ લેવું. કહો, પંડિતજી! આવું સાંભળ્યું છે? આહા..હા..! તારી જાતને ભગવાન તેં સાંભળી નહિ, તારું અખંડાનંદસ્વરૂપ પ્રભુ સચ્ચિદાનંદ અભેદસ્વરૂપ છે, એ દૃષ્ટિનો વિષય અને એ તું. એ વિનાના ભેદો પણ હું નહિ. આહા..હા..! સમજાણું? મારે નથી. આહા..હા..! કેટલાક કહેને કે 'ભાઈ! વૃદ્ધાવસ્થા થઈ, હવે અમે ધર્મ કેમ કરીએ? યુવાન અવસ્થા હોય

તો થાય' મોહનભાઈ! એમ કહે છેને કેટલાક? પણ અવસ્થા જ નથી તારામાં પછી અવસ્થાથી થાય એ વાત ક્યાંથી આવી? આહા..હા..! એ તો દેહ જડના અવસ્થાના ભેદ છે માટીના.

**'બાળ-યુવાન-સ્થવિર-વૃદ્ધાવસ્થાદિરૂપ...'** રોગાદિ અવસ્થા, નિરોગાદી અવસ્થા. ભાઈ! નિરોગ અવસ્થા હોય તો ધર્મ થાય. રોગ અવસ્થામાં શું થાય? છ ડિગ્રી તાવ આવ્યો હોય આઠ ડિગ્રી એમાં કહે ધ્યાન કરવા બેસો. કેમ થાય? અરે..! સાંભળને નથી તારામાં, (ધર્મ) થાય, એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? આહા..હા..! નારકીના જીવોને અનંતી વેદના વયકૃતની પહેલેથી જન્મે ત્યારથી વૃદ્ધ રોગનું ઘર. પણ એમાં એ અવસ્થા એનામાં નથી અંદરમાં. એમ દૃષ્ટિ કરતાં એ અવસ્થા એને નડતી નથી અને અવસ્થા મદદગાર પણ નથી અને એને નડતી પણ નથી. આહા..હા..! ભાઈ! નિરોગ અવસ્થા હોય તો ધર્મ થાય એમ કહે છેને. એ અજ્ઞાનીની માન્યતા છે. જ્ઞાની કહે છે કે સરોગ અને નિરોગ અવસ્થા એ દશા જડની મારામાં છે નહિ. આહા..હા..! ભેદ નથી મારામાં તો વળી આ દશા અને આ ભેદ ક્યાંથી આવ્યા? કે એ ભેદ થયા માટે મને સમ્યગ્દર્શન ન થાય. પણ તારામાં નથી માટે થાય. સમજાય છે કાંઈ?

**'વયકૃત વિકારથી (-ફેરફારથી) ઉત્પન્ન થતા...'** આવા જે અનેક સ્થૂળ વયકૃત વિવિધ ભેદો એ શુદ્ધનિશ્ચયના અભિપ્રાયે, ક્યાંક શુદ્ધનિશ્ચયના બળે કહે, ક્યાંક પરમસ્વભાવવાળાને કહે, પણ બધું એ મારા સ્વભાવમાં આ છે નહિ એમ કહેવું છે. એવી અભેદની દૃષ્ટિ કરાવવા. કારણ કે અભેદ તે પરમસત્ય છે. એની દૃષ્ટિ કરાવવા આ નથી એમ પ્રતિક્રમણ કરાવે છે. આહા..હા..! ભેદથી પાછો વળ અને અભેદમાં જા એમ કહે છે, લ્યો! ભારે વાત, ભાઈ! પછી **'સત્તા, અવબોધ, પરમચૈતન્ય અને સુખની અનુભૂતિમાં લીન એવા વિશિષ્ટ આત્મતત્ત્વને ગ્રહનારા...'** જોયું! ત્રિકાળી સત્તા, અવબોધ જ્ઞાન, પરમચૈતન્ય દર્શન-જ્ઞાન ભેગા અને સુખ એ ચારમાં અનુભૂતિમાં લીન એ તો ભગવાન છે, કહે છે. આહા..હા..! એવા **'વિશિષ્ટ આત્મતત્ત્વને ગ્રહનારા...'** એવા આત્મતત્ત્વને પકડનારા એવા **'શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે...'** અહીં બળ કીધું, ઓલામાં અભિપ્રાય કીધું હતું. ભિન્ન ભિન્ન શબ્દો વાપરે છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયે, નયે શબ્દે ત્રિકાળી દ્રવ્યદૃષ્ટિ કરતાં જે જ્ઞાનનો વિષય થાય એના બળે **'મારે સકળ મોહરાગદ્વેષ નથી.'** મોહરાગદ્વેષ દશાની દશામાં હો, મારા ત્રિકાળી અભેદ સ્વભાવમાં એ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કીધું છેને એવા અનુભૂતિમાં લીન એવા વિશિષ્ટ આત્મતત્ત્વને ગ્રહનારા. એટલે કે આત્મા તો અનુભૂતિમાં લીન છે, પોતાના સ્વભાવમાં અનુભૂતિમાં છે. એ ૭૩માં આવે છેને, ભાઈ! ૭૩ ગાથા. અનુભૂતિસ્વરૂપ ભગવાન એ ત્રિકાળ અનુભૂતિ છે. ભગવાન આનંદનો નાથ ચૈતન્યનો બિંબ પ્રભુ અનુભૂતિ ત્રિકાળ સ્વરૂપ જ છે. એવું હોવાપણું મારું, અવબોધ નામ જ્ઞાન, પરમચૈતન્ય દર્શન-જ્ઞાન ભેગું અને આનંદ સુખ એવા સ્વભાવમાં અનુભૂતિ પ્રાણ

છે એના, એમ કહે છે. એવા પ્રાણમાં એ નિશ્ચયમાં અંતરમાં લીન વસ્તુ છે. એવા વિશિષ્ટ આત્મતત્ત્વને, એવા ખાસ આત્મતત્ત્વને પકડનારની દૃષ્ટિમાં શુદ્ધદ્રવ્યાર્થિકનયના બળે મારે સકળ મોહરાગદ્વેષ નથી. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય જે અભેદ શુદ્ધદ્રવ્યાર્થિક એમાં આ બધું મારામાં છે નહિ. આહા..હા..! એનામાં છે એ મારામાં નથી એમ કહે છે. આ બે વાત સિદ્ધ કરે છે. એનામાં છે. એનામાં પણ નથી એમ નહિ. સમજાય છે કાંઈ? બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા. એ બ્રહ્મ આત્મામાં રહ્યા નથી, એનામાં એ છે. સમજાય છે કાંઈ? ન હોય તો 'આ હું નહિ, આ હું નહિ' એમ કોને કહેવું? કોને જાણવું? આ હું નહિ અને આ હું છું. આહા..હા..! સ્યાદ્વાદની શૈલી સર્વજ્ઞની અનેકાંત અલૌકિક વસ્તુને સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? ધ્યાનમાં તો લે જો કે આવી એક વસ્તુ છે. સિદ્ધાંતોમાં, શાસ્ત્રોમાં આવા આત્માનું વર્ણન છે. એ આપણે સાંભળ્યું નહિ અને કર્યું નહિ કોઈ દિ' એમ તો એને થાવું જોઈએને. આહા..હા..! અરે! એ તો તું પોતે છો. આહા..હા..! એમ તો એને થવું જોઈએ કે 'અરેરે! આવી વાત આવું સ્વરૂપ છે એ તો સાંભળ્યું નહોતું, તો સમજણમાં તો આવે ક્યાંથી? સમજણમાં આવ્યા વિના શ્રદ્ધા થાય ક્યાંથી? શ્રદ્ધા વિના સ્વરૂપમાં સ્થિરતા હોય ક્યાંથી?' એ તો ૧૭-૧૮માં ચાલે છે આપણે. ..ભાઈ! આવું સ્વરૂપ છે. મુંબઈમાં આકરું પડે આ હોં. ત્યાં તો અમુક અમુક વ્યાખ્યાન.. માણસો માણસોના ઢગલા પણ ઓહો..હો..! આઠ હજાર, દસ હજાર માણસ હશે. માણસ ચાલવા દે નહિ, નીકળવા દે નહિ. પગ ઝાલે બધા. પણ નીકળતા તો દસ હજારને બહાર નીકળે તો અમારે કલાક થાય અને અહીં સાડા ચાર તો થઈ ગયા હતા. બિચારા ભીડ કરી કરીને. એમાં આવી વાત કાંઈ મુકાય? આ સમજે કોણ? લ્યો, આ ભેદો છે એ શું પણ ક્યાં હશે? એની દશામાં આ છે, પણ એ ત્રિકાળ દૃષ્ટિના વિષયમાં અને વસ્તુના દ્રવ્યાર્થિકનયનો વિષય અભેદ એમાં એ છે નહિ. એવી દૃષ્ટિ થવી એનું નામ સમ્યગ્દર્શન છે, એના ભેદોનો અભાવ નાસ્તિપણે જાણવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, રતિભાઈ! આહા..હા..! ભારે!

સત્તા હોવાવાળો પદાર્થ ત્રિકાળ અભેદ ચીજ. અવબોધ જ્ઞાન, પરમચૈતન્ય, પરમચૈતન્ય ત્રિકાળી અને સુખ આનંદ એમાં એ લીન જ છે વસ્તુ અભેદ. એવા ખાસ આત્મતત્ત્વને એમ કહે છે. પર્યાયને વ્યવહારઆત્મા કહેવાય, પણ એ ખાસ આત્મતત્ત્વ નહિ. સમજાણું કાંઈ? અહીં તો એક એક શબ્દમાં કિંમત છેને. એ કાંઈ સંતોના આચાર્યોના આચાર્ય પરમેષ્ઠીના શબ્દો એ નિમિત્તથી કહેવામાં આવે છે. એનું જ્ઞાન ત્યાં શબ્દોમાં નિમિત્ત હતું. સમજાણું કાંઈ? પછી પાછળ કેવો ભાવ હતો એ બતાવે છે આમાં. આહા..હા..! પર્યાય સિદ્ધ કરે છે, ભેદો છે એમ સાબિત કરે છે છતાં ત્રિકાળમાં નથી એમ સાબિત કરીને તેની નાસ્તિ બતાવે છે. આહા..હા..! મારો પરમસ્વભાવ ભગવાન આત્મા એમાં એવા ખાસ આત્મતત્ત્વને જાણનારું એમ કીધુંને? અભેદ ચૈતન્યસ્વરૂપને જાણનારું, ગ્રહનારું, પકડનારું જે શુદ્ધદ્રવ્યાર્થિકનય

એને બળે મારે આ બધું કાંઈ નથી. સકળમોહરાગદ્વેષ સંસારનો ઉદયભાવ એ મારામાં ત્રણકાળ, ત્રણલોકમાં નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? પાંચ મિનિટ છે. હવે છું કેવો એ વાત કરે છે. આ નાસ્તિથી વાત કરી.

'**સહજ નિશ્ચયનયથી...**' ભાષા જુઓ, ત્રિકાળી સ્વભાવ નિશ્ચયદૃષ્ટિથી જોઈએ તો વસ્તુને '**(૧) સદા નિરાવરણસ્વરૂપ,...**' છે એ તો. ભગવાન આત્મા પરમબ્રહ્મસ્વરૂપ અભેદ એ તો ત્રિકાળ નિરાવરણ છે, એને આવરણ છે નહિ. '**સદા નિરાવરણસ્વરૂપ, (૨) શુદ્ધજ્ઞાનરૂપ,...**' નિરાવરણસ્વરૂપ પણ છે શું? '**શુદ્ધજ્ઞાનરૂપ,...**' એકલો પવિત્ર જ્ઞાનનો ધ્યાનરૂપ આત્મા છે. આહા..હા..! પડખે ચડ્યો નથી એટલે આ શું છે એવું એને માનવામાં આવતું નથી. સમજાણું કાંઈ? પર્યાયનું પડખું ફેરવ્યું નથી, પર્યાયને પડખે ઊભો છે. એ પર્યાય અવસ્થાને પડખે ઊભો એટલે અંદરમાં શું છે એણે જોયું નથી. આહા..હા..! કહે છે કે શુદ્ધ જ્ઞાનરૂપ છું. હું તો શુદ્ધ જ્ઞાન, ભેદ-બેદ નહિ. શુદ્ધ જ્ઞાનનો પિંડ પ્રભુ. અસ્તિ કહે છે.

'**સહજચિત્શક્તિમય,...**' સ્વભાવિકચિત્શક્તિ વીર્યનો પિંડ સ્વભાવિકચિત્શક્તિ. સમજાય છે? જ્ઞાનનું વીર્ય પરમસ્વભાવિક ત્રિકાળ, આત્મબળ ત્રિકાળ મારો સ્વભાવ છે. અસ્તિ-અસ્તિ. આહા..હા..! '**(૪) સહજદર્શનના સ્ફૂરણથી પરિપૂર્ણ મૂર્તિ...**' ભાષા દેખો! આ પર્યાયની વાત નથી, છતાં ભાષા સ્ફૂરણ મૂક્યું છે. સહજદર્શન એનું સ્ફૂરણ એટલે છે પ્રગટ એમ. સહજ દર્શન સ્ફૂરણ છે એમ પ્રગટ એવો પરિપૂર્ણ મૂર્તિ આત્મા છે. આહા..હા..! '**(-જેની મૂર્તિ અર્થાત્ સ્વરૂપ સહજદર્શનના સ્ફૂરણથી પરિપૂર્ણ છે એવા)**' દર્શનસ્વરૂપ સ્ફૂરણ એટલે પ્રગટરૂપ અંદર છે એમ લે છે. '**અને (૫) સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાળા એવા મને...**' લ્યો! છેને? અવિચળ સ્થિત સહજ યથાખ્યાત. જેવું સ્વરૂપ છે એવું પ્રસિદ્ધ જ અંદર પડ્યું છે, કહે છે.

'**એવા મને સમસ્ત સંસારક્લેશના હેતુ ક્રોધ-માન-માયા-લોભ નથી.**' આ સાબિત કરીને નથી એમ કીધું એનામાં. પહેલું સાધારણ કીધું હતું. કષાય નથી, ફલાણું નથી. આવો જે હું આત્મા. આહા..હા..! એ અનંત પુરુષાર્થે દૃષ્ટિ પડે છે અંદર. એ કાંઈ સાધારણ કાયરના, આળસુના એ કામ નથી. આહા..હા..! દૃષ્ટિ ગુલાંટ ખાય છે આમ. પર્યાય ઉપર અનાદિની દૃષ્ટિ છે. આહા..હા..! એવો ત્રિકાળી સ્વભાવ ભગવાન એવો હું એવા મને, આવા મને. '**સમસ્ત સંસારક્લેશના હેતુ ક્રોધ-માન-માયા-લોભ નથી.**' આહા..હા..! સમજાણું કાંઈ?

હવે એટલી વાત કરીને (કહે છે) '**હવે, આ (ઉપરોક્ત) વિવિધ વિકલ્પોથી (ભેદોથી)...**' વિકલ્પ શબ્દે અહીં ભેદ કીધા છે. '**ભરેલા વિભાવપર્યાયોનો નિશ્ચયથી હું કર્તા નથી,...**' આહા..હા..! ભેદરૂપ હું નથી તો એનો કર્તા હું નથી. હું હોઉં એનો કર્તા હોઉં. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મીની દૃષ્ટિ અભેદ ઉપર હોવાથી ધર્મી કહે છે

એવા ભેદનો હું કર્તા નથી હોં. આહા..હા..! મારા નહિ એને હું કેમ કરું? આ તો અમૃતચંદ્રાચાર્યે કહ્યું એવી વાત આ પદ્મપ્રભમલધારીદેવ નિયમસારમાં સ્પષ્ટ અમૃત રેડ્યા છે એકલા. આહા..હા..! એવા '**વિભાવપર્યાયોયનો...**' વિભાવ શબ્દે વિશેષ ભેદો. એવા વિશેષ ભેદોનો '**નિશ્ચયથી હું કર્તા નથી,...**' આહા..હા..! '**કારયિતા નથી...**' હવે એમાંથી કાંઈક થોડું આવશે. હવે અત્યારે બંધ રાખો. વળી શું નીકળે પાછું. અહીં તો વળી ટૂંક કરવું છેને, નીકળે નહિ પાછું.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## તા. ૬-૩-૧૯૭૨, ગાથા-૭૭ થી ૮૧, કળશ-૧૦૯, પ્રવચન નં.૪૦૮

પરમાર્થ-પ્રતિક્રમણનો અધિકાર છે. અહીં સુધી આવ્યું હતું આપણે. પરમાર્થ-પ્રતિક્રમણ કેમ થાય? કે હું એક આત્મા. માથે અસ્તિ આવી ગઈ છે. સદા નિરાવરણ સ્વરૂપ છું, શુદ્ધજ્ઞાનરૂપ છું, સ્વભાવિક વીર્યશક્તિમય છું અથવા જ્ઞાનશક્તિમય છું. '**સહજ દર્શનના સ્ફૂરણથી પરિપૂર્ણ મૂર્તિ...**' છું '**અને સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાળા...**' ત્રિકાળ સ્વભાવ '**એવા મને સમસ્ત સંસારક્લેશના હેતુ ક્રોધ-માન-માયા-લોભ...**' પુણ્ય-પાપના વિકલ્પો એ મારે નથી. આહા..હા..! હું એક ત્રિકાળ અકષાય સ્વભાવસંપન્ન એમાં કષાયો મારામાં નથી. એમ અંતરમાં સ્વભાવની અસ્તિપણે અને વિકારની નાસ્તિપણે થવું એનું નામ સાચું પ્રતિક્રમણ કહેવાય છે, જે અનંતકાળથી એક સેકન્ડ પણ કર્યું નથી. જેટલા પુણ્ય અને પાપના આદિ ભેદો છે એ બધા મારા અસ્તિમાં પણ નથી, મારી સત્તા શુદ્ધ આનંદઘન ધ્રુવ ચૈતન્ય પ્રભુ આત્મા હું છું એમાં એ નથી. એનું નામ પરથી પાછો હઠીને સ્વમાં ઠર્યો એને સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..!

'**હવે, આ (ઉપરોક્ત) વિવિધ વિકલ્પોથી (ભેદોથી) ભરેલા વિભાવપર્યાયોનો નિશ્ચયથી હું કર્તા નથી,...**' ત્યાં આવ્યું છે આપણે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધાતુ ધ્રુવ એવા મારામાં આ બધા ભેદો એનો હું કર્તા નથી. આહા..હા..! રાગ-દ્વેષ આદિ ભેદો એ પર્યાયના ભેદમાં વખત જતાં વિકલ્પ ઉઠે, એ બધા ભેદો મારામાં નથી. આહા..હા..! હું એનો કર્તા નથી. આહા..હા..! હજી તો પરનો કર્તા ખસે નહિ. 'નિમિત્ત તો છેને પરમાં' એમ કરીને કર્તા પરનો, શરીરનો, વાણીનો, ભાષા થાય એ મારાથી થાય. એમ કર્તા માને એને તો આ વાત કોઈ દિ' બેસે નહિ. અહીંયાં તો વિવિધ પ્રકારના દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પ, પંચમહાવ્રતના વિકલ્પ, એક ચૈતન્ય અભેદમાં ભેદના લક્ષે ઉત્પન્ન થતો વિકલ્પ

એ બધોય હું એનો કર્તા નથી. આહા..હા..! સમ્યગ્દષ્ટિને આ પ્રતિક્રમણ હોય છે. અજ્ઞાનીને એ હોતું નથી.

જેની દૃષ્ટિ ધ્રુવ પરમસ્વભાવભાવ એવા મને. આવ્યું હતુંને આપણે? પરમભાવસ્વભાવવાળો હું. ચૌદ ભેદમાં આવ્યું હતું. પરમસ્વભાવભાવ મારું હોવાપણું એવા મને આ બધા ભેદો મારામાં નથી. એ સમજાવવામાં તો શું કરે? 'આ ભેદો મારામાં નથી' એ પણ એક વિકલ્પ છે. પણ અહીં તો એના પરિણમનની વ્યાખ્યા કરે છે. 'એ ભદો મારામાં નથી' એ પણ નાસ્તિની દૃષ્ટિ પર ઉપર જાય છે. પણ એ વસ્તુ પરમસ્વભાવભાવ સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ પરમસ્વભાવભાવ એની દૃષ્ટિમાં આ નથી એમ સમજાવે છે. પણ 'આ નથી મારામાં' એમ કરવા જાય તો વિકલ્પ ઉઠે છે. આહા..હા..! આવું છે. બહુ ઝીણું. અનંતકાળથી પરમસૂક્ષ્મ પરમસ્વભાવ નિત્યાનંદ એને પકડ્યો નથી એણે અને એને પકડ્યા વિના બધું થોથા છે કહે છે. સમજાણું કાંઈ? એ ભેદમાં વિકલ્પ આદિનો હું કર્તા નથી, હું એનો કરાવનાર નથી, એ પુદ્ગલ કર્મ એનો કર્તા એમાં હું સંમત નથી. આહા..હા..!

જ્ઞાનાનંદસ્વભાવ જે મારો ત્રિકાળ સર્વજ્ઞે જેવો ત્રિકાળ સ્વભાવ હતો એવો જોયો, જાણીને, રમીને, રમણતા કરીને પ્રગટ કર્યો એવો જ મારો સ્વભાવ ધ્રુવ ચિદાનંદ છે એમ દૃષ્ટિમાં આવે. આહા..હા..! જ્યારે તેનામાં એ રાગાદિના ભાવ કે વિભાવ આદિ વિશેષ પર્યાયો એનો હું કર્તા નહિ, કરાવતા નહિ અને એનો કર્તા પુદ્ગલ એમાં હું સંમત નહિ. ભારે વાતું, ભાઈ! '**(એમ વર્ણવવામાં આવે છે).**' નીચે હવે ખુલાસો કરે છે.

'**હું નારકપર્યાયને કરતો નથી,...**' એ નારકીની ગતિનો હું કર્તા નથી. આહા..હા..! '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ...**' ભગવાન સ્વભાવિક ચૈતન્યના વિલાસસ્વરૂપ જ ભગવાન આત્મા છે. એમાં રાગ અને સંસારનો વિલાસ એના સ્વભાવમાં નથી. આહા..હા..! એવા '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને...**' આવો આત્મા એને '**જ ભાવું છું.**' એ 'ભાવું છું' એ પર્યાય છે. સ્વભાવિક ચૈતન્યનો વિલાસ, જ્ઞાનાનંદનો વિલાસ એવો જે સ્વભાવ આત્મા એને જ, એમાં એકાગ્ર થઈને એની દશાને હું ભાવું છું. આત્માને જ ભાવું છું એમ. એ ભાવું છું તો આત્માને, પણ 'ભાવે છે' એ પર્યાય છે. એનું નામ પ્રતિક્રમણ કહેવાય છે. આહા..હા..!

'**હું તિર્યંચપર્યાયને કરતો નથી,...**' એમ બધામાં લઈ લેવું. '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.**' મારો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એમાં જ મારી વૃત્તિની પરિણતિ છે. હું પરમાં છું નહિ. '**હું મનુષ્યપર્યાયને કરતો નથી,...**' લ્યો, આ કોઈ મનુષ્યપણું મળ્યું તો આત્માને ધર્મ થાય એમ નથી, એમ કહે છે. એ મનુષ્યપણાની પર્યાયનો હું કર્તા જ નથી, કરાવતો નથી અને થયું તેને હું સંમત નથી. '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.**' '**હું દેવપર્યાયને કરતો નથી,...**' ઘણાં એમ

કહે છે કે અહીંથી આપણે જરી દયા, દાન, વ્રતાદિ કરો એનાથી દેવલોકમાં જવાય અને ત્યાંથી ભગવાન પાસે જવાય. એ એની માન્યતા ભ્રમ અજ્ઞાન છે. દેવપર્યાય જ આત્મામાં નથી પછી જાવું-આવવું ક્યાં રહ્યું એને. આહા..હા..! એ દેવપર્યાયનો જ કર્તા માને એટલે મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? હું તો '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.**'

'**હું ચૌદ માર્ગણાસ્થાનના ભેદોને કરતો નથી,...**' આ ઝીણું. ગતિના ભેદ, ઈન્દ્રિયના ભેદ, જ્ઞાનના ભેદ, દર્શનના ભેદ, સમકિતના ભેદ એ બધા ભેદોને હું કરતો નથી. આહા..હા..! હું તો અભેદ ચિદાનંદસ્વરૂપ એક સમયમાં ત્રિકાળ અખંડ આનંદકંદનો નાથ એકલો હું છું. એમાં ચૌદ પ્રકારના પર્યાયથી શોધવામાં આવે કે આ જીવ ક્યા પર્યાયમાં છે એવી માર્ગણા એને હું કરતો નથી, હું એનો કરનાર નથી, કરાવનાર નથી અને થતું હોય તે મને સંમત નથી. આહા..હા..! આ ઝીણું. આવું છે, ભગવાન! એવી ચીજ છે. અંદર અભેદ ઉપર દૃષ્ટિ ગયા વિના એને કલ્યાણ ત્રણકાળમાં થાતું નથી. સમજાણું કાંઈ? કહે છે એ '**માર્ગણાસ્થાનના ભેદોને કરતો નથી,...**' આમાં 'એ કરતો નથી' એ નાખ્યું છે અને પછી કીધું કરાવતો નથી અને સંમત પણ નથી. ત્રણે લઈ લેવું. એ પછી કહેશે.

હું તો '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ...**' ભગવાન. ચૈતન્યના વિલાસસ્વરૂપ પ્રભુ આત્મા એવી ચીજ ઉપર મારી એકાગ્રતા છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? બહારના પડિક્કમણા કરીને મરી ગયો અનંત-અનંત કાળથી, પણ આ પડિક્કમણા વિના એના ભવનો અંત આવે નહિ. કહો, સમજાણું કાંઈ? '**હું મિથ્યાદષ્ટિ આદિ ગુણસ્થાનભેદોને કરતો નથી,...**' એ તેરમું ગુણસ્થાન અને ચૌદમું ગુણસ્થાન એવા ભેદનો કર્તા હું નહિ. આહા..હા..! મોહ અને યોગના નિમિત્તે થતાં ભેદો ચૌદના એનો હું કર્તા નહિ, એનો હું કરાવનાર નહિ અને એ થતાં હોય પુદ્ગલના નિમિત્તે મોહનીયથી તો એમાં સંમત નથી. આહા..હા..! હું તો અભેદ ચિદાનંદ પ્રભુ (છું). સમ્યગ્દષ્ટિનો વિષય તો અભેદ છે. એ વિષયમાં એકાગ્ર થાય એનું નામ પ્રતિક્રમણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હું એકેન્દ્રિયાદિ જીવસ્થાનભેદોને કરતો નથી,...**' લ્યો, એકેન્દ્રિયનો પર્યાપ્ત, અપર્યાપ્ત બે ઈન્દ્રિયના બધા ભેદ છેને ચૌદ? એને હું કરતો નથી, સ્વભાવિક કરાવતો નથી, કરતાને હું સંમત નથી. એ પુદ્ગલના ભેદથી બધા ભેદ પડ્યા છે કહે છે, હું નથી. હું તો અભેદ ચિદાનંદ આત્મા છું. આહા..હા..! સમજાણું કાંઈ? આ મંત્રો ઝીણા છે. '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને...**' આત્મા કેવો? કે આ ગતિ આદિ નહિ, ભેદ આદિ નહિ. સ્વભાવિક ચૈતન્યના વિલાસસ્વરૂપ ભગવાન આત્મા એમાં મારી દૃષ્ટિ અને એમાં મારી ભાવના છે. એવી ભાવના એને અહીં પરમાર્થ-પ્રતિક્રમણ કહેવામાં આવે છે. '**હું શરીરસંબંધી બાલાદિ અવસ્થાભેદોને કરતો નથી,...**' આ બાળ અવસ્થા, યુવાન અવસ્થા, વૃદ્ધાવસ્થા, સ્થવિર

અવસ્થા, રોગ અવસ્થા, નિરોગ અવસ્થા એ દેહની જડની અવસ્થાને હું કરતો નથી. મારા ધ્યાનથી એ બરાબર રહી શકે એવી એ ચીજ નથી, હું એને કરાવતો પણ નથી. આહા..હા..! અને કરતાં હોય એને સંમત કરતો નથી. એ તો પુદ્‌ગલ જડની દશાથી આ બધી શરીરની દશાઓ, બાળ, યુવાન, વૃદ્ધાદિ થાય. આહા..હા..!

લ્યો! ઓલો પ્રશ્ન છેને એમાં જુઓને. શું કહેવાય આ? ખાણિયા ચર્ચા. એમાં પહેલો બોલ આ છે વિદ્વાનોનો, જીવિત શરીરથી ધર્મ થાય કે નહિ? ગજબ છેને પણ. એમ કે અહીં જીવ છે ત્યાં સુધી આ શરીરથી ધર્મ થાય કે નહિ? પંડિતોની ચર્ચામાં પંડિતોનો પ્રશ્ન. અરેરે! અહીં તો કહે છે કે શરીરની કોઈપણ અવસ્થા (હો) એનો હું કર્તા નથી, કરાવનાર નથી, સંમત નથી અને એનાથી ધર્મ થાય એ ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! અરે! વિકલ્પ છે શુભરાગનો એનાથી ધર્મ ન થાય. અરે! એક સમયની પર્યાય છે તેને લક્ષે ધર્મ ન થાય. એને ઠેકાણે શરીરની અવસ્થાથી કાંઈક થાય .. શરીર અનુકૂળતા હોય. આવે છે ખરું અંદરમાં, 'શરીરની અવસ્થા(માં) રોગ ન થાય, જરા અવસ્થા ન થાય, જરા... .. ન થાય ત્યાં સુધી ધર્મ કરી લે.' એવું આવે છે શાસ્ત્રમાં. અષ્ટપાહુડમાં આવે છે. એ તો એક નિમિત્તના કથનો છે કે આ જ્યાં સુધી આ દશા છે ત્યાં સુધી અંદરના ધ્યાનમાં જજે. એ દશાથી નહિ પણ અંદરમાં ધ્યાનમાં જજે અને આત્માનું કાર્ય કરજે, પછી નહિ થાય. પ્રમાદી ને આળસુ ને પુરુષાર્થહિન છો માટે, એમ કહે છે. એ પરથી કાંઈ થાય એમ નથી. શરીર આદ્યં ખલુ ધર્મ સાધનં. આવે છે કે નહિ? શેમાં આવે છે ખબર છે? પુરુષાર્થસિદ્ધિ ઉપાય, પુરુષાર્થસિદ્ધિ ઉપાય. પહેલાં શરૂઆતમાં શરીર આદ્યં ખલુ ધર્મ સાધનં. એય..! પંડિતજી! ધૂળેય નથી કહે છે, સાંભળને! આ તો માટી, જડ છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આ તે શું સાધન ધૂળ હોય? આહા..હા..! શુભ વિકલ્પ પણ જ્યાં સાધન નથી, એક સમયની પર્યાય ઉપર લક્ષ રાખે અને એ જે ભાવ થાય એનાથી સાધન નથી. આહા..હા..! સાધન તો ત્રિકાળ આત્મામાં એક સાધન પડ્યું છે, કરણગુણ એમાં અંતર દૃષ્ટિ કરતાં એમાંથી સાધનથી થાય, બાકી બીજા સાધનથી થાય નહિ. આવી વાત છે ભાઈ! ઝીણી બહુ પણ હોં! સાધારણ સમાજને તો પકડવું નહિ એટલે એમ ને એમ જિંદગી ચાલી જાય છે. આહા..હા..!

કહે છે બાળ, યુવાન, સ્થવિર. શરીર સ્થિર થઈ જાય બહુ વૃદ્ધાવસ્થામાં. .. વૃદ્ધાવસ્થા કરી સરોગ કે નિરોગ એ બધી અવસ્થાને હું કરતો નથી, એનો હું કરાવનાર નથી અને એ થાતું હોય એમાં હું કારણ નથી અથવા સંમત નથી. '**સહજ ચૈતન્યના વિલાસ સ્વરૂપ આત્માને જ ભાવું છું.**'

'**હું રાગાદિભેદરૂપ ભાવકર્મના ભેદોને કરતો નથી,...**' એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ. આહા..હા..! પંચમહાવ્રતના વિકલ્પનો રાગ, આ શાસ્ત્રને ભણવાનો રાગ, કહે છે કે એ રાગનો હું કર્તા નથી. સમજાણું કાંઈ? એ રાગનો હું કરાવનાર નથી. રાગ થાય તેને

હું સંમત નથી. આહા..હા..! અહીં તો કહે, શુભરાગ હોય તો શુદ્ધોપયોગ થાય. મોટું મિથ્યાત્વ શલ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું થાય? ભૂલ્યો છે અનાદિથી એટલે એને અંદર કેમ પકડાય અને કઈ રીતે નિરપેક્ષ છે પરથી (એની ખબર નથી). વ્યવહારના વિકલ્પથી નિરપેક્ષ તત્ત્વ છે. એવા વ્યવહારને હું કરતો નથી એમ કહે છે અહીં. જેટલો સર્વજ્ઞ પરમેશ્વરે પંચ મહાવ્રતાદિનો વ્યવહાર ચરણાનુયોગમાં જે વર્ણવ્યો એ વ્યવહારનો હું કર્તા નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં આવે છે, નહિ? જિનવરે કહેલો નિમિત્ત વ્યવહાર એનું ફળ સંસાર છે. આવે છે. જેટલો જિનવરે કહેલો વ્યવહાર મુનિઓનો અને શ્રાવકનો એનું ફળ સંસાર છે. આવે છે? ૧૧મી ગાથામાં આવે છે. આહા..હા..!

ભગવાન સહજ ચૈતન્યસ્વરૂપ અને સહજ જ્ઞાનાનંદના વિલાસથી પ્રભુ એનો આશ્રય લઈને પરનો કર્તા આદિ હું નથી એમ અંતરમાં ઠરવું એનું નામ સાચું પ્રતિક્રમણ મિથ્યાત્વ અને અજ્ઞાનનું કહેવામાં આવે છે. અરે! મિથ્યાત્વના હજી પ્રતિક્રમણ થયા નહિ એને બાર વ્રત ને અવ્રત ને ત્યાગ ને ઢીંકણું એ બધા અતિચારનો દોષ લાગે અને એ બધા ગપેગપ છે એ બધી વાતું. સમજાણું કાંઈ? બાર વ્રતમાં અતિચાર લાગે, પણ હતા કે દિ' હજી તારે વ્રત? અખંડ જ્ઞાનાનંદમૂર્તિ પ્રભુ એનો જ્યાં સાક્ષાત્કાર દૃષ્ટિમાં થયો નથી, એ ચીજની સત્તાની હયાતી જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભાસી નથી એને શ્રદ્ધા હોતી નથી તો એમાં એ પ્રતિક્રમણ સાચા એને હોતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**હું ભાવકર્મના ભેદોને કરતો નથી,...**' આહા..હા..! સમજાવવામાં તો એમ આવેને. પણ ભાવકર્મનો કર્તા નથી એ વળી લક્ષ જાય તો એ વિકલ્પ છે. પણ સમજાવવું છે તો શી રીતે સમજાવે? એ વિકલ્પ ભાવકર્મનો ઉઠે એનો કરાવરનાર હું નથી અને કર્તા બીજો હોય એને સંમત નથી. એટલે પર કર્તા છે અને સંમત નથી એમ લક્ષ કરવા જાય તો વિકલ્પ ઉઠે છે. પણ સમજાવવાની શૈલી શી રીતે સમજાવે? સમજાણું કાંઈ? '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ...**' ભગવાન અનંતજ્ઞાન અને અનંતઆનંદથી બિરાજમાન પરમાત્મા પોતે જ સ્વરૂપે પરમેશ્વર છે એની હું ભાવના કરું છું, એમાં હું એકાગ્ર થાવ છું, બસ એકાગ્ર અંદર થાય એટલું એને પ્રતિક્રમણ કહેવાય છે, એને ધર્મ કહેવાય છે, એને સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ચારિત્ર કહેવાય છે.

'**હું ભાવકર્માત્મક ચાર કષાયોને...**' ઓલા ચાર કષાય કહ્યાને છેલ્લા? ક્રોધ, માન, માયા અને લોભ. એ ભાવકર્મ હોં! જડની અહીં વાત નથી. રાગ અને દ્વેષ એના ચાર ભાગ. પહેલાંમાં રાગાદિ લીધો. રાગના બે ભાગ—માયા અને લોભ, દ્વેષના બે ભાગ—ક્રોધ અને માન. એવા ભાવકર્મસ્વરૂપ. ઓહો..હો..! દેવ-ગુરુ-શાસ્ત્રને સાંભળવા કહે છે કે એ પણ એક વિકલ્પ ભાવકર્મ છે. અરેરે! ગજબ વાતું છેને. સમજાણું કાંઈ? એવા ભાવકર્મને હું કરતો નથી એમ કહે છે, લ્યો! આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવનું આ આચરણ છે. એ વિકલ્પ

પણ મારું કર્તવ્ય નથી. આહા..હા..! ગજબ વાતું છેને. શ્રવણ, વીતરાગની વાણી શ્રવણમાં આવે અને સાંભળે ત્યારે એને વિકલ્પ ઉઠે શુભરાગ એ વીતરાગની વાણીથી રાગ થયો નહિ, રાગ થયો પોતાથી. એ રાગનું કર્તવ્ય પણ મારું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગનો કર્તા નહિ, કરાવનાર નહિ, હું સંમત નહિ. હું તો એક સ્વભાવિક **'ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.'** કર્તા નથી એમ કહ્યું હતુંને એટલે ખુલાસો કર્યો છે.

**'(અહીં ટીકામાં જેમ કર્તા વિષે વર્ણન કર્યું,...'** એમ પાઠમાં આવ્યું છે. **'કારયિતા અને અનુમંતા—અનુમોદક—વિષે પણ સમજી લેવું.) '** આહા..હા..! ભારે! અરે! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે એને હું સંમત નથી એમ કહે છે. આ બીજાને ઉઠે એને હું માન્ય નથી રાખતો એમ કહે છે. આહા..હા..! ભારે વાતું, બાપા! સમજાણું કાંઈ? સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનનારો જે વિકલ્પ એને હું કરતો નથી, કરાવતો નથી અને છે એને હું સંમત નથી. આહા..હા..! ગજબ વાતું છેને! આવો વીતરાગમાર્ગ અને આવો સર્વજ્ઞનો કહેલો પંથ છે. સમજાણું કાંઈ? એમાં આવ્યું કે નહિ એ? સાંભળવા વખતે વિકલ્પ થાય એ મારું કાર્ય નહિ એમ કહે છે.

**શ્રોતા :-** કોના સંગે થયેલું એ કાર્ય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કર્મના નિમિત્તના સંગે થયેલો, એ મારા સંગે નહિ. એ ખરેખર એ કર્મના નિમિત્તનું કાર્ય છે, મારું નહિ. એ પુદ્‌ગલકર્મ એનો કર્તા, હું નહિ. છે એ કીધુંને આપણે ત્યાં. ૭૫માં આવશે. વિકારના પરિણામનું વ્યાપકપણું કર્મ વ્યાપક છે અને વ્યાપ્ય એની અવસ્થા વિકારી એની છે, મારી નહિ.

સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના ત્રિકાળી ચિદાનંદ સ્વભાવનો આશ્રય લેતો, એને જ સ્વીકારતો કે આત્મા પરિપૂર્ણ છે એમ સ્વીકારતો ધર્મી વિકારના પરિણામનો વ્યાપક આત્મા અને વ્યાપ્ય અવસ્થા ભાવકર્મની એ નહિ. કર્મ છે તે વ્યાપક લંબાય છે અને એની અવસ્થા કર્મની અવસ્થાથી પુણ્ય-પાપનો ભાવ છે. સમજાણું કાંઈ? ભારે! ત્યારે બીજા કહે છે કે કર્મને લઈને વિકાર થાય, તમે ના પાડો કે કર્મને લઈને નહિ. વજન આવે. એ બીજી વાત છે. એનામાં થાય છે એ એના પુરુષાર્થની નબળાઈથી, એ કાંઈ કર્મને લઈને નહિ, પણ નબળાઈ અને નિમિત્ત બેને એક નાખી દઈને એનાથી થયું એમ કહેવામાં આવે છે. આહા..હા..! પણ જેની દૃષ્ટિ સ્વભાવ ઉપર થઈ એની અહીં વાત છે. અજ્ઞાનીની વાત ક્યાં છે? જેને ત્રિકાળ પરમાત્મા પરમબ્રહ્મ આનંદસ્વરૂપ એવું ચૈતન્યતત્ત્વ એનું જ્યાં શરણ અને આશ્રય થયો એટલે હું એ વિકારનો કર્તા-કરાવનાર છું નહિ. જડને લઈને થાવ તો થાવ, ન થાવ તો ન થાવ, એનો હું જ્ઞાતા-દૃષ્ટા છું. આહા..હા..! અરેરે! ભારે કામ, ભાઈ!

છેને? કર્તા નથી, કરાવતા અને અનુમોદન હું નથી. આહા..હા..! **'આ રીતે પાંચ રત્નોના શોભિત કથનવિસ્તાર દ્વારા સકળ વિભાવપર્યાયોના સંન્યાસનું (-ત્યાગનું) વિધાન**

**કહ્યું છે.**' વિકલ્પમાત્રને ભેદનો ત્યાગ એમાં પાંચ રત્નમાં વર્ણવવામાં આવ્યું છે. હવે જુઓ આ ખુલાસો. એ મારો વિષય જ નથી એમ કહે છે. આહા..હા..! ધર્મી પોતાના ચૈતન્યના સ્વભાવનો વિષય બનાવનાર કહે છે કે એ ભેદ અને રાગ એ મારો વિષય જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ એવો, ભાઈ! એ ટીકા કરતાં મુનિરાજ કહે છે જુઓ.

(वसंततिलका)

भव्यः समस्तविषयाग्रहमुक्तचिन्तः
स्वद्रव्यपर्ययगुणात्मनि दत्तचित्तः।
मुक्त्वा विभावमखिलं निजभावभिन्नं
प्राप्नोति मुक्तिमचिरादिति पंचरत्नात्।।१०९।।

આ તો અધ્યાત્મની પરમ ધારા વહે છે એની વાત છે, ઝીણી છે. આહા..હા..! ભગવાન ચૈતન્યનો વિલાસ રમનાર પ્રભુ એ રાગમાં કેમ વિલસે? એ વ્યવહાર રાગને કેમ વિલાસિત થાય? આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે, '**આ પ્રમાણે પંચરત્નો દ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે...**' આહા..હા..! ભારે! પાંચનો સાર કહે છે. ધર્મી જીવે પૂર્ણાનંદનો નાથ એની દૃષ્ટિમાં આવ્યો એથી એણે રાગ અને રાગથી નિમિત્તના અંદર ભેદ પડે પર્યાયના એની ચિંતાને જેણે છોડી દીધી છે. પરના વિષયનો જે ત્યાગ અને સ્વવિષયનું ગ્રહણ એનું નામ પ્રતિક્રમણ કહેવાય છે. દેવ, ગુરુ અને શાસ્ત્ર પરવિષય છે. આહા..હા..! ખોટી માન્યતા ઉપર તો પાણી ફરેને. સુજાનમલજી!

કહે છે શું જુઓને. '**પંચરત્નો દ્વારા જેણે...**' એનો અર્થ કે અંદર અભેદરત્ન દ્વારા જેણે. '**સમસ્ત વિષયોના ગ્રહણ...**' પરતરફના વિષયનું ગ્રહણ એના વિકલ્પનો જેને ત્યાગ છે. આહા..હા..! ભારે અજબ વાત! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમણે કહ્યો આ માર્ગ છે. સમજાણું કાંઈ? એ પરમાત્માનો આ પોકાર છે. તીર્થંકર ત્રિલોકનાથ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જેને જ્ઞાન, એ એમ કહે છે, કહે છે કે મારા તરફનો વિષય તને જે થાય એ પરવિષય છે. આહા..હા..! એ '**સમસ્ત વિષયોના ગ્રહણ...**' વિષય એટલે? કે પરવિષય એનું નામ વિષય છે. આ ભોગ ને વિષય એ તો સ્થૂળ વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**સમસ્ત વિષયો...**' અંતર અભેદ વિષય સિવાય પૂર્ણાનંદ પ્રભુ અખંડ અભેદ એને વિષયના '**विषयकुरवन्**' એવું આવે છે ભાઈ! પરમઅધ્યાત્મ તરંગિણીમાં બે-ચાર ઠેકાણે આવે છે. પરમઅધ્યાત્મ તરંગિણી છેને. કળશની ટીકા સંસ્કૃતમાં આવે છે. '**विषयकुरवन्**'. ધ્યેય એને બનાવવો એ સ્વનો વિષય કર્યો અને પરનો વિષય જેને દૃષ્ટિમાંથી છોડી દીધો. આહા..હા..! ત્રણલોકના નાથની વાણી હો કે ત્રણલોકના નાથ પોતે હો, પણ એ બધો પરવિષય છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

એ '**સમસ્ત વિષયો...**' ભોગની વાસનાના નિમિત્તો સ્ત્રી, શરીર આદિ એ તો અશુભ

વિષય છે, અશુભ રાગનો વિષય છે, પણ પરમાત્મા અને દેવ, ગુરુ એ પણ શુભરાગનો વિષય છે, એ ધર્મનો વિષય નથી. આ તો મિથ્યાત્વનું પ્રતિક્રમણ અને સમકિતનો આદર એની વાત છે. આહા..હા..! કહે છે કે ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ અભેદ ચીજ એની દૃષ્ટિમાં એ વિષય એક ચૈતન્ય અભેદ એનો વિષય ધર્મીનો, એ સિવાય બીજા વિષયો એટલે ધ્યેયો સ્ત્રી, કુટુંબ, પરિવાર કે દેવ-ગુરુ-શાસ્ત્ર કે સમ્મેદશિખર આદિ જાત્રાના બધા ભાવ એ બધો પરવિષય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એય..! પંડિતજી! ગાય છેને 'એકવાર વંદે જો કોઈ.' પણ જુઓ એ કહે છે કે નરક પશુ ન હોય પણ પર વિષય છે તેનાથી ધર્મ થાય નહિ એમ કહે છે. લાખ સમ્મેદશિખરની જાત્રા કરે અને કરોડ કરે, એ પરવિષય છે, શુભરાગનું નિમિત્ત છે એ. આહા..હા..! સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ બિરાજે છે મહાવિદેહમાં, અહીંયાં અનંતા થઈ ગયા, એને આમ મણિરત્નના થાળ, મણિરત્નના દીવા અને હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ (લઈને) સાક્ષાત્ પરમાત્માની હાજરીમાં આવી આરતીઓ અનંતવાર કરી એ પરવિષય છે. એય..! પોપટભાઈ! શું છે આ? આવું બધું? આ તો ઉથાપાઈ જાય છે આ કહીએ છીએ. આહા..હા..!

જુઓ, આ શું કહે છે? ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સ્વરૂપ અભેદ જેનો વિષય ધર્મીનો છે. એ સિવાય બીજા પરનો વિષય આ પ્રતિક્રમણમાં એમ નાખ્યું, પરના વિષયનો જેને ત્યાગ છે અને સ્વવિષયનું જેને ગ્રહણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો પણ ધર્મ કેવો? બાપુ! ધર્મ તો એવો છે. એ માને એટલે કાંઈ બીજી રીતે માને એટલે બીજું કાંઈ થઈ જાય? આહા..હા..! આખા પંચરત્નનો સાર અહીંયાં મૂકી દીધો છે. કે મારો વિષય ધર્મી એમ જાણે છે, મારો વિષય નામ ધ્યેય—મારા જ્ઞાનની પર્યાયનું ધ્યેય દ્રવ્યશ્રુત છે. મારો વિષય પર તરફ જે જાય વિકલ્પ એ મારો વિષય નહિ. આહા..હા..! જેને ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ સાંભળવી એ પણ પરવિષય છે. આ પાછું એને એક એક ભગવાનને જોવા લ્યોને આમ. અરે..! 'એ કેવળજ્ઞાની છે' એમ જોવું એ પણ વિષય છે. સમજાણું કાંઈ? 'સર્વજ્ઞ એક સમયમાં ત્રિકાળ જ્ઞાન છે અને પૂર્ણાનંદ છે' એમ પરનું લક્ષ કરવું એ પણ પરમવિષય છે. એય..! નવરંગભાઈ! શું છે આ? નવરંગભાઈનો એ સ્વતંત્ર શબ્દ છે. આહા..હા..!

તારા સ્વરૂપમાં તારું રક્ષણ અને તારું પ્રગટ કરવું, બાકી પરનું રક્ષણ અને પરનું પ્રગટ થવું એ તારા સ્વરૂપમાં છે નહિ. આહા..હા..! પરમાત્મપ્રકાશમાં તો લીધું છે ચોખ્ખું કે દિવ્યધ્વનિથી પણ જે આત્મા ન જણાય એવો આત્મા છે. અને સંતોની, મુનિઓની, ધર્માત્મા જ્ઞાનીઓની વાણીથી પણ ન જણાય એવો એ આત્મા છે. છે? પરમાત્મપ્રકાશમાં ભાઈ! લાલચંદભાઈ! પરમાત્મપ્રકાશ. આહા..હા..! ત્યાં તો ત્યાં સુધી લીધું છે કે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ધ્રુવ અખંડાનંદ પ્રભુ એને આશ્રયે પ્રગટેલો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ભાવલિંગ, ભાવલિંગ પણ

જેનામાં નથી. પરમાત્મપ્રકાશ. ભાવલિંગ એમાં નથી. શરીરના દ્રવ્યલિંગ અને પંચમહાવ્રતના વિકલ્પ દ્રવ્યલિંગ તો એમાં નથી. આહા..હા..!

**શ્રોતા :-** કાલે કહ્યું કે આ કષાય અને કષાયનાં પરિણામ અંદરમાં નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી. પર્યાય ક્યાં અંદરમાં હતી? અહીં તો મોક્ષનો માર્ગ એ અખંડ દિવ્ય ધ્રુવ અભેદ ચીજ એની દૃષ્ટિ થઈ, એનું જ્ઞાન થયું અને એની રમણતા થઈ એ ભાવલિંગ છે પર્યાય. મોક્ષનો માર્ગ પર્યાય છે, એ દ્રવ્યમાં નથી. ભારે કામ, ભાઈ! સમજાણું કાંઈ? કેમકે એ પર્યાય વ્યવહારનયનો વિષય છે. નિર્મળ હોં! આહા..હા..! એ પર તરફના વિષયની વાત તો છોડી દીધી પણ મારા ધ્યેયથી પ્રગટેલી દશા એ પણ વ્યવહાર છે. મારા અભેદ ચીજમાં એ ભેદ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપુ! કાયરને તો કાળજા કંપી જાય એવું છે. 'વચનામૃત વીતરાગના પરમશાંત રસમૂળ' એ અશાંત તો વિકલ્પ પરનો વિષય થાય. એ દેવ-ગુરુનો વિકલ્પ અશાંતિ છે. આહા..હા..!

પંચમહાવ્રતનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ એ પણ કષાયરૂપી ભઠ્ઠી છે. એને બીજું કાંઈ કરવા જાશે તો ઘર ખોશે. એનાથી, આનાથી મને લાભ થાશે. એ કષાયની અગ્નિથી મને શાંતિ થાશે એમ કરવા જાશે તો મિથ્યાદૃષ્ટિ થશે અને ઘર ખોશે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો રાજકોટમાં તો ચાલે કે નહિ બીજે ઠેકાણે કરતા? એય..! એના માટે તો કેટલાક સાંભળવા આવ્યા છે. ભાઈ રાજકોટના વ્યાખ્યાન ઝીણા નીકળે. ચાલો સાંભળવા. મુંબઈથી આવ્યા છે લ્યો આ. ચતુરભાઈ તો અહીંના કહેવાય, પણ હવે આ બીજા આવ્યા છેને. એ શેઠી .. આવ્યા લ્યોને. જુઓ, ધંધો મૂકીને આવ્યા છે સાંભળવા. આહા..હા..! ભારે વાત પણ.

અરે! તારું સ્વરૂપ.. વિકલ્પ પરનો વિષય થાય એમાં વિકલ્પ ઉઠે છે. એની પણ જેને અપેક્ષા નથી એવું તે અભેદતત્ત્વ છે. એને ધ્યેય બનાવીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય. આહા..હા..! ગજબ વાતું છે. ભાઈ! આ તો લોકોને... એ પણ વ્યવહારનયનો વિષય. કેવળજ્ઞાન વ્યવહારનયનો વિષય છે. કેમકે કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે અને ભગવાન આત્મા તો અનંતી-અનંતી પર્યાયનો પૂંજ આખો આત્મા છે. આહા..હા..! સુખનો સાગર, સુખનું પૂર ચૈતન્યનું નૂર એવો ભગવાન અભેદ છે. આહા..હા..! કેમ માને પણ? જવું ક્યાં? એના ઉપર દૃષ્ટિ જતાં એણે જેને ધર્મીએ અભેદને વિષય બનાવ્યો એને પરના વિષયનો ત્યાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું પણ ભારે, ભાઈ! બધા સાધારણ રાજી થઈ જાય. જાવ, એ ગુરુની કૃપા થશે તો કલ્યાણ થઈ જશે. પણ કૃપા ક્યાંથી થાય? એ આવે છે ખબર છેને. કૃપા ક્યારે કહેવાય? એ આનંદમૂર્તિનું ભાન કર્યું હોય ત્યારે ગુરુની કૃપા એમ કહેવામાં આવે. એને કૃપાથી થઈ જતું હોય તો બધા અનંતા જીવને એક ગુરુ મળે તો કૃપાથી બધાનું કલ્યાણ થઈ જાય. આહા..હા..! એનો અર્થ એ. આવે છેને એમાં

પણ આવે છે એ, 'કરુણા હમ પાવત હૈ ઉનકી વહ બાત રહી સુગુરુ ગમકી, પલમેં પ્રગટે મુખ આગળ હૈ.' અંદર અભેદ ચીજ અંદર પડી છે એનો આશ્રય કરતાં એક પળમાં સમ્યગ્દર્શન અને અનુભવ થાય, એ પરનો વિષય છોડે તો. આહા..હા..! સમજાણું કાંઈ? પરનો વિષય રાખીને એને સમ્યગ્દર્શન થાય અને આત્મા જણાય (એમ થાય નહિ). એ આવે છેને કડી નહિ? ત્યાં લખી છે તમારામાં 'જબ જાન્યો નિજરૂપ કો તબ જાન્યો સબ લોક, ન જાન્યો નિજરૂપ કો તબ જાન્યો સબ ફોક.' એનો અર્થ શું? 'જબ જાન્યો નિજરૂપ કો તબ સબ જાન્યો મોખ' પોતાનું નિજસ્વરૂપ અખંડ અભેદ નિર્વિકલ્પ અભેદ ચીજને જ્યાં અનુભવમાં આવ્યો એણે બધું જાણ્યું. નિજ જાણ્યો એણે બધું જાણ્યું. નિજ જાણ્યો એણે બધું જાણ્યું, પણ નિજ જાણ્યા વિનાનું બધું ફોક. શાસ્ત્રના ભણતર અને પરનો વિષય બધું ફોક એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં આવે છે હોં એક ઠેકાણે આમાં ક્યાક. ગુરુચરણના પૂજાથી જે આત્મા પ્રગટે એવું પણ આવે છે એક કળશમાં. ક્યાંક આવે છે ખરું, હવે કાંઈક આમાં ને આમાં આવે છે. એ તો નિમિત્તથી કથન આવે છે. આહા..હા..! એ ગુરુ પોતે આત્મા ગુરુ. પોતે આત્મા દેવ, પોતે ધર્મી ધર્મનો ધરનાર. આહા..હા..! સમજાય છે કાંઈ? એની સેવા, પૂજા કરવાથી અખંડાનંદ પ્રભુ એની પૂજા કરવાથી આત્માને પરમાનંદની દશા અને મુક્તિનો માર્ગ પ્રગટ થાય. આહા..હા..! ભારે વાતું, ભાઈ!

કહે છે આ એક લીટીમાં તો કેટલું ભર્યું છે આમાં! '**પંચરત્નો દ્વારા...**' એમ ભગવાને કહ્યું કે. સંતોએ કહ્યું એ ભગવાને કહ્યું. સંત પણ પંચપરમેષ્ઠીમાં આવે છે. કુંદકુંદાચાર્ય પણ આચાર્ય પરમેશ્વર છે, ટીકાકાર સાધુ પરમેશ્વર છે એ પરમેશ્વરે આમાં એમ કહ્યું કે '**જેણે સમસ્ત વિષયોના ગ્રહણ...**' એ ભેદ ને વિકલ્પ ને નિમિત્તનું ગ્રહવું જેણે છોડી દીધું છે, એટલે એના તરફની ચિંતા જેણે છોડી દીધી છે. આહા..હા..! આવો માર્ગ ભગવાન! એવો તારો પણ હવે એને... એના ઉપયોગને પરજ્ઞેયનું આલંબન નથી એવું આવશે, ભાઈ! અલિંગગ્રહમાં, જાણવાનો ઉપયોગ એનું આલંબન દ્રવ્ય વસ્તુ છે, જાણવાના ઉપયોગનું આલંબન વસ્તુ છે, જાણવાના ઉપયોગનું આલંબન ભગવાનની વાણી અને ભગવાન પણ એનું પરજ્ઞેય આલંબન નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આમ પરમેશ્વરો અનંત તીર્થંકરોનો આ પોકાર છે. હવે એને ન બેસે એટલે નહિ... નહિ... નહિ... એમ નહિ. એ આગળની વાત. એ ઊંચી વાત પહેલી. આ પહેલીની વાત છે આ. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે, '**પંચરત્નો દ્વારા જેણે...**' એટલે કે અંદર અભેદ દ્વારા જેણે એટલે કે આત્મા અખંડાનંદ અભેદ છે એવા દ્વારા જેણે '**સમસ્ત વિષયોના ગ્રહણની...**' ઓહો..હો..! 'અંતર્મુખ અવલોકતા.' આવે છેને? તો અંતર્મુખ અવલોકતા તો પરનો વિષય ક્યાં રહ્યો ત્યાં? પરથી થાય એવું રહ્યું નહિ. સમજાણું કાંઈ? અંતર્મુખ અભેદ ઉપર દૃષ્ટિ પડતાં ચિદાનંદ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પરમસ્વભાવ, પરમપારિણામિકભાવ એવા દ્વારા જેણે સમસ્ત વિષયો. ઓહો..હો..!

એ નિમિત્ત, નિમિત્તના લક્ષે થતો રાગ અને રાગના નિમિત્તે થતો પર્યાયમાં ભેદ, બધો વિષય છોડ્યો છે જેણે. સમજાણું કાંઈ? એના ખ્યાલમાં તો લે કે માર્ગ આ છે. એ સિવાય કોઈ રીતે માર્ગ બીજો કહેતા હોય તો જિંદગી ચાલી જશે અને તત્ત્વ નહિ મળે એને. સમજાણું કાંઈ? ઓશિયાળો એટલે બીજાથી મળે અને આનાથી મળે, આનાથી મળે તો રાજી થાય. અહીં કહે છે, બીજાથી મળે એમાં તારું કરાજીપણું અને મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ભારે આવી વાતું!

'**જેણે સમસ્ત વિષયોના...**' ધ્યેય એને પકડવું કે એનું લક્ષ કરવું એની ચિંતા જેણે છોડી દીધી છે. આહા..હા..! '**અને નિજ દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કર્યું છે,...**' જુઓ, પર્યાય આવી પાછી. એટલે કે અંદર દ્રવ્ય વસ્તુ શુદ્ધ એનો ગુણ અને એનો જે પર્યાય નિર્મળ એમાં જેણે ચિત્તને જોડ્યું છે એમ કહે છે. એ અંદર નિર્મળ અભેદની પર્યાય થાય એમાં ચિત્તને જોડ્યું છે. સમજાણું કાંઈ? અભેદ તો ત્રિકાળી છે, એમાં લીન થયો એ પર્યાય છે, એમાં ચિત્તને જેણે જોડ્યું છે. આહા..હા..! કથનની શૈલી એવા ઘણાં પ્રકારે આવે છે.

એક ઠેકાણે તો એવું આવે છે કે દર્શન-જ્ઞાન-ચારિત્રને સન્મુખ થયો. આહા..હા..! આવેને પણ શું થાય? સમજાણું કાંઈ? ત્રિકાળ ભગવાન આત્મા. આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમસ્વભાવભાવ ધ્રુવભાવ મોટી ખાણ, અનંત આનંદનું પૂર અને અનંત જ્ઞાનનું નૂર એવો તેજરૂપ ભગવાન આત્મા પોતે એમાં લક્ષ (કરી), એમાં લીન થતાં, એમાં ચિત્તને એકાગ્ર કર્યું છે. વ્યવહારના વિષયથી જેણે ચિત્તને પાછું વાળ્યું છે, એમ કહે છે. ભારે કામ! આવો ધર્મ ભારે કઠણ. એટલે લોકોએ ચલાવી દીધો પછી પરની સેવા કરવી, આહા..હા..! વ્રત પાળવા, એ મહાવ્રત પાળવા. પાળવા. રાગને પાળવા, આહા..હા..! એ બધા મિથ્યાત્વના લક્ષણ છે. જેણે પરવિષયથી દયા, દાન, વ્રત, આદિ એ તો પરવિષય છે. એનાથી આત્માને પરવિષયથી સ્વવિષય પત્તો ખાય (માન્યું એ તો) મિથ્યાત્વ છે, અજ્ઞાન છે, મૂઢતા છે. આહા..હા..!

કહે છે, જેણે સ્વવિષય અભેદને વિષયકુર્વન. એવો પાઠ (છે), સ્વદ્રવ્યનો વિષય જેણે કર્યો એણે પરવિષયને દૃષ્ટિમાંથી છોડ્યો. અરે! આવું કેવું ધર્મધ્યાનનું આવું સ્વરૂપ હશે? સામાન્ય સમાજને માટે આવું હશે? સમાજ એટલે શુ? સમાજમાં ઘણાં આત્મા હોય એ સમાજ. આત્મા તો આવો છે. એકને માટે એ સમાજને માટે અને સમાજને માટે એ એકને માટે. માર્ગ તો આ છે. આહા..હા..!

કહે છે, '**તે ભવ્ય જીવ...**' આહા..હા..! ત્રિકાળી અભેદ ચિદાનંદ ધ્રુવ વસ્તુમાં જેણે ધ્યેય બનાવ્યું છે અને પરવસ્તુનો ધ્યેય અને વિષય જેણે અંતરથી છોડ્યો છે. '**તે ભવ્ય જીવ...**' આહા..હા..! '**નિજભાવથી ભિન્ન...**' સ્પષ્ટ કર્યું ઓલું. નિજભાવ જે ત્રિકાળી

આનંદ અને જ્ઞાયકભાવ ધ્રુવ એનાથી ભિન્ન **'એવા સકળ વિભાવને...'** આહા..હા..! વિશેષ ભાવને. **'છોડી...'** એ સકળ પર્યાયના ભેદો વિભાવ આદિ છોડી **'અલ્પકાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે.'** પૂર્ણાનંદની દશાને એ પ્રાપ્ત કરે છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? આહા..હા..! આમાં એટલે કહ્યું એ.. નહિ નહિ. કહ્યું એ એને સમજાય છે અંદરમાં એમ કીધું. એને સમજાય છે. કહ્યું એ તો પર, પણ એને સમજવામાં આવે એને. ક્યારે? આ સાંભળ્યું સમજવામાં આવે એ નહિ. સાંભળ્યું સમજવામાં આવે એ નહિ, એ તો પરલક્ષીજ્ઞાન છે. આહા..હા..! સાંભળીને ખ્યાલમાં આવે છે જે જ્ઞાનનો પર્યાય એ આવે છે એનાથી, ત્યારે વાણીને નિમિત્ત કહેવાય છે. પણ એ આવે છે એનાથી, એનાથી જ્ઞાન નહિ. કારણ કે એ સાંભળેલનું જે જ્ઞાન એ પરવિષયનું જ્ઞાન છે. આહા..હા..! ભારે વાત! સમજાણું આમાં? પણ આવું સાંભળ્યા પહેલાં જ્ઞાન ક્યાં હતું લ્યો એને? એટલું જ્ઞાન થયું કે નહિ? એય..! પંડિતજી! 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી' આવે છેને. એ તો પરનું લક્ષ છે એટલે આ કહેવા માગે છે આમ, એમાં આ અભેદનો આશ્રય કર એમ લક્ષમાં એણે જાણ્યું. ત્યારે અભેદનો આશ્રય કરે ત્યારે પરલક્ષી જ્ઞાન હતું એને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આવો આત્મા જેણે પરમાનંદ સ્વરૂપનો ભેટો કર્યો અંદરમાં એવા અંતર આનંદના ભેટાવાળો ભવ્યજીવ પરના વિષય તરફના વિકલ્પને, ભેદને છોડી એ અલ્પકાળમાં મુક્તિ નામ આનંદને પ્રાપ્ત કરે છે. આહા..હા..! લ્યો, આ પાછી પર્યાય આવી. પર્યાય પ્રાપ્ત થાય છેને, દ્રવ્ય તો છે ઈ છે. એક પૂર્ણ દ્રવ્ય જ્ઞાયકભાવ, એક સમયની પર્યાય અને રાગની રુચિમાં વા.. નહોતો એ આનંદસ્વરૂપ ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ પડતાં પર્યાયમાં એ જ્ઞાયકભાવ આવ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! એનો અર્થ કે જ્ઞાયકભાવ જણાયો. જે જાણવામાં નહોતો, જે પરને જાણવાનું જ્ઞાન હતું અને સ્વનું નહોતું એ જ્યારે સ્વ તરફ આવ્યો એટલે નિર્મળ જ્ઞાનમાં જ્ઞાયકભાવ જણાણો એટલે જ્ઞાયકભાવ પ્રગટ થયો. પ્રગટ થયો એટલે છે એની કબુલાત આવી. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** પર્યાયમાં સ્થિત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં સ્થિત ક્યાં થાય છે? દ્રવ્યમાં ક્યાં સ્થિત થાય છે? એય..! દ્રવ્યમાં સ્થિત થવાની વ્યાખ્યા આ. દ્રવ્યમાં શું? દ્રવ્ય તો ધ્રુવ છે ત્રિકાળ, એના તરફનો વિષય બનાવીને એમાં લીન થવું એ દ્રવ્યમાં લીન થયો કહેવામાં આવે છે. આહા..હા..! દ્રવ્ય તો ધ્રુવ છે. એ ધ્રુવમાંથી થાય? ધ્રુવમાં પર્યાય આવે? આહા..હા..! ભારે વાતું, ભાઈ!

**શ્રોતા :-** ધ્રુવ પર્યાયને અડવા જ દેતી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તે અડતી નથી. પર્યાયનો જેને લેપ નથી. આહા..હા..! એવો ત્રિકાળી ધ્રુવ ભગવાન એની સમયની પર્યાય એમાં નથી, પણ પર્યાયમાં પર્યાય છે. આહા..હા..!

પર્યાયનો અંશ જે આનંદનો, કેવળજ્ઞાનનો એ એમાં છે, ત્રિકાળીમાં નથી. આમાં (દ્રવ્યમાં) નથી માટે અહીં (પર્યાયમાં) પણ નથી એ તો મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? અને એ પર્યાયમાં આખો આત્મા છે એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! આવી વાત પણ. વસ્તુ આવી છે. સત્‌નો સાહેબ. એય..! પ્રકાશદાસજી! આ સત્‌સાહેબ આ. આહા..હા..! અરે! એને ખ્યાલમાં તો, ધ્યાનમાં તો લે કે આ ચીજ અભેદ છે એનો આશ્રય કરતાં જ કલ્યાણ થાય. ત્રણકાળમાં બીજો કોઈ ઉપાય. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.'

**શ્રોતા :-** દ્રવ્ય તો આશ્રય... નથી, શેમાં આશ્રય...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશ્રય લે છે એટલે દે છે એમ કહેવામાં આવે છે. શું કહ્યું વળી એ? કે ત્રિકાળી જે ધ્રુવ છે તે આશ્રય દેતો નથી. પણ એ તો ધ્રુવ છે. પણ જેને એમાં આશ્રય લીધો એણે આશ્રય દીધો એણે એમ કહેવામાં આવે છે. ભારે! પર્યાય એમાં વળી એનું નામ આશ્રય લીધો કહેવાય. આહા..હા..! જે પર્યાય રાગમાં નિમિત્તમાં વળેલી છે એને પરનો આશ્રય કર્યો છે. જે પર્યાય દ્રવ્યમાં વળી એણે દ્રવ્યનો આશ્રય કર્યો એમ કહેવામાં આવે. એ આશ્રય આપે છે ક્યાં? આમ વળી એને આશ્રય લીધો એમ કહેવામાં આવે છે. ભારે આકરું ભાઈ એ. આહા..હા..! આવી કથા સાંભળનારા થોડા. 'વિરલા જાણે તત્ત્વને, વિરલા સમજે કોઈ, વિરલા ધારે તત્ત્વને વીરલે શ્રદ્ધા જોઈ.' આવે છે સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં.

કહે છે, ઓહો..! '**ભવ્ય જીવ...**' જુઓ, પાછો ભવ્યજીવ લીધો. ઓલામાં ભવ્ય-અભવ્યમાં ના પાડી હતી. ભવ્ય-અભવ્યપણું આત્મામાં છે નહિ. એવા ભેદબેદ નથી. પણ જે કોઈ આવો જીવ છે એવા નિજભાવ ભગવાન આત્મા એના નિજભાવથી બીજો સકળ વિભાવ. એ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ચાર ભાવ એણે લક્ષમાંથી, દૃષ્ટિમાંથી છોડ્યા છે, આહા..હા..! એને કેવળજ્ઞાનનો ક્ષાયિક પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અલ્પકાળમાં...**' વળી ક્રમબદ્ધ છેને અલ્પકાળ ક્યાંથી આવ્યો પાછો? કહે છે કે જેણે ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રત્યે આશ્રય લીધો, અંદર દૃષ્ટિ જમાવી એણે અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાનો જ પ્રસંગ હોય, એને અસંખ્ય સમયે જ એને કેવળજ્ઞાન થાય, એને અનંત સમય જોઈએ નહિ. એથી અલ્પકાળે થાય, મુક્તિને પ્રાપ્ત એમ કહેવામાં આવે છે. એ ગાથા પૂરી થઈ.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## તા. ૧૨-૪-૧૯૫૫, ગાથા-૧૦૯-૧૧૦, કળશ-૧૫૬ થી ૧૫૯, પ્રવચન નં. ૪૦૯

આ નિયમસાર, પરમ-આલોચના (અધિકારની) ૧૦૯મી ગાથાનો ભાવાર્થ. મૂળ તો આલોચનાનું સ્વરૂપ કહેતા આ ભગવાન આત્મા એક સમયમાં સ્થિર ચિદ્‌ઘન છે. ..દષ્ટિપૂર્વક સ્થિરતા દ્વારા પરમપારિણામિક, પરમ પરિણામને સમતાભાવે સ્થાપી એને સંવર ને નિર્જર અને એને આલોચના કહે છે. કહો, સમજાણું કાંઈ? એક સમયમાં પૂર્ણ પરમાત્મા કારણશુદ્ધ ભગવાન એની મહિમા અને  અંતર જ્ઞાન વડે અંતરમાં જોવું એને કુંદકુંદાચાર્યદેવ સંવર ને આલોચના કહે છે. એટલે પછી પદ્મપ્રભમલધારીદેવ ટીકાકાર કહે છે કે કુંદકુંદાચાર્યે આમ કહ્યું છે, પછી વચમાં વિકલ્પ પુણ્યના આવે ગુરુ પાસે આલોચના કરવા વગેરે. એ તો ભગવાન કુંદકુંદાચાર્ય એનો ઉપહાસ કરે છે. અરે! આ વાત શું હશે આ વ્યવહારથી? મશ્કરી, ઠેકડી, હાંસી. વ્યવહાર આચરણમાં વિકલ્પની કુંદકુંદાચાર્યે મશ્કરીમાં તિરસ્કાર કર્યો છે. સમજાણું? કેમકે વ્યવહાર આલોચના એ આલોચના જ નથી. ભગવાન પૂર્ણાનંદ, પૂર્ણમિદં શુદ્ધ ચૈતન્યમૂર્તિ એને શરીર, વાણી, મનનું લક્ષ છોડી પુણ્ય-પાપની વૃત્તિની રુચિ છોડી અને એની અસ્થિરતા છોડીને સ્વરૂપમાં સ્થિરતાના પરિણામ વડે જોવે એ જ આલોચના, એ જ સંવર અને એ જ મોક્ષનો માર્ગ છે. વ્યવહાર- ક્ષ્વવહારનો તો કુંદકુંદાચાર્ય કહે છે કે એની મશ્કરી-ઠેકડી ઉડાવી છે. હવે તું ક્યાં આલોચનામાં ગરી ગયો. તારું પૂર્ણ સ્વરૂપ તો ... કહેવાય ભાઈ! એમ કહે છે. આલોચના તો આને અંતરને દેખે એમાં કહેવાય. એમાં વળી આ વચ્ચે વિકલ્પ શુભ ઉઠ્યો એને આલોચના, એને પડિક્કમણા, એને પચ્ચખાણ એને આ શું આવ્યું? કહે છે, હાલ હાલ; એ નામમાત્ર કથન કહ્યું છે. એ વસ્તુ છે નહિ.

એમ પદ્મપ્રભમલધારીદેવે કુંદકુંદાચાર્યના શ્લોકમાંથી એ મર્મ અને હાર્દ કાઢીને કહ્યું છે. એ તો પોતે કહ્યા છેને, એનો પ્રશ્ન જ ક્યાં છે? સમજાણું કાંઈ? સમજ્યા? વ્યવહારની મશ્કરી ઉડાવી દીધી છે. આવે છે. આવે છે તો શું છે તારે? એક સમયમાં ચિદ્‌ઘન પરમાત્મા અનંત આનંદનો પિંડ કંદ આખો દરિયો .. પડ્યો છે એવા ધ્રુવ સ્વભાવની સન્મુખ થઈને સ્થિર થવું એ જ આલોચના, સંવર અને મોક્ષનો માર્ગ છે. વ્યવહારની તો મશ્કરી કરી છે. કહો, સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યે મશ્કરી કરી છે. કુંદકુંદાચાર્ય કહે છે કે વળી વ્યવહાર આલોચના... એનો અર્થ સ્વભાવ સન્મુખ જવું... લાગ્યો હોય.. પ્રભુ આ. અરે..! આ આલોચના કેવી? ..ને આલોચના કોણ કહે? જે સ્વરૂપમાં છે નહિ. એવું જ વસ્તુનું સ્વરૂપ છે. એટલે સમ્યગ્દષ્ટિ જ વ્યવહારની મશ્કરી કરે છે. લ્યો! સમજાણું કાંઈ? હીરાભાઈ! વીતરાગને હોય છે કેવળીને?

મુનિને જરી વિકલ્પ ઉઠે એની મશ્કરી કરે છે. હવે તું આ વચમાં આવ્યો એ ક્યાં વસ્તુ છે તું? આ ચૈતન્ય સત્તા સન્મુખની દૃષ્ટિ થઈને ઠરે એ જ વસ્તુ છે, એ જ મોક્ષનો માર્ગ છે, એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ જ પ્રતિક્રમણ, પચ્ચખાણ અને આલોચના છે. બાકી વચ્ચે રાગ ને વ્યવહારના લાકડા ખોસ્યા, કહે છે કે એ વ્યવહારને અમે આદાર કરતાં નથી. જાણીએ છીએ પણ એનો તિરસ્કાર કરીએ છીએ કે આ વસ્તુનું સ્વરૂપ નથી. કહો, સમજાણું? હરિભાઈ! જુઓ તો ખરા.

કહ્યુંને. આ પદ્ય નામ ઓલો શ્લોક લેવો ૧૦૯મો. અજ્ઞાની આદર કરે છે તો સંસારમાં રખડે છે. જ્ઞાની આદર નથી કરતો. એ ચૈતન્ય શુદ્ધ આનંદકંદનો અંતર રુચિમાં આદર કરે છે તો સંસારનો નાશ થઈ જાય છે, કાંઈ વ્યવહારથી નાશ થતો નથી. કહો, સમજાણું કાંઈ? આમ આ પદ વડે (એટલે કે) ૧૦૯ શ્લોકના ન્યાયે પરમજિનયોગીશ્વર કુંદકુંદાચાર્યને ખરેખર વ્યવહાર આલોચનના પ્રપંચનો ઉપહાસ કર્યો છે. એમ પાઠમાં .. ખરુંને? '**आलोयणमिदि जाणह**' એમ કહ્યું હતુંને? આ જ આલોચના છે, આ જ આલોચના છે. '**जो पस्सदि अप्पाणं**' ભગવાન આત્માને અંતર સ્વભાવ જ્ઞાન દ્વારા જોવે સમભાવે '**आलोयणमिदि जाणह**' એને જ આલોચના જાણ. કોણ ઉપદેશે? '**परमजिणदस्स उवदेसं**' ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રનો ઉપદેશ કુંદકુંદાચાર્ય કહે છે. એટલે કુંદકુંદાચાર્ય વ્યવહારની મશ્કરી ઉડાવે છે. તું વળી આલોચના-ફાલોચના ક્યાંથી કહી? તને કાંઈ કહ્યું નથી.

લાકડીને ઘોડો કહ્યો કે નહિ? લાકડી હાથમાં રાખે એને ઘોડો કહે. એ ઘોડો છે એ? લાકડી છે. બાળક કહે છે. એ જાણે છે કે ઘોડો નથી. વીંછી કરડે તો એ ઘોડા ઉપર બેસીને કાંઈ બહાર જવાય નહિ. સાંભળો. સમજાય છે? આ પદ વડે પરમજિનેશ્વર, જિનયોગીશ્વર એટલે કુંદકુંદાચાર્ય. એણે ખરેખર વ્યવહાર આલોચનાના પ્રપંચનો... કર્યો છે. એક આલોચના .. વ્યવહારનો. જેટલા પ્રકારના વ્યવહારસમકિત, વ્યવહારજ્ઞાન, વ્યવહારચારિત્ર, વ્યવહારધર્મ એટલે .. વ્યવહારઆલોચના, વ્યવહારપડિક્કમણું, વ્યવહારપ્રત્યાખ્યાન, વ્યવહારભક્તિ. બધાની મશ્કરી ઉડાવી દીધી છે કુંદકુંદાચાર્ય. વ્યવહાર વસ્તુ કેવી? અને રાગ દેખીને તને ધર્મ કહી દેવો? રાગ દેખીને તને આલોચના કહી દેવી? રાગ દેખીને તને સાથે આ પડિક્કમણું અને પચ્ચખાણ કહેવા? વસ્તુનું સ્વરૂપ એમ છે નહિ. એમ પદ્મપ્રભમલધારીદેવ ૧૦૯ ગાથા કુંદકુંદાચાર્યે જે કહી એ ભગવાન કુંદકુંદાચાર્ય તારા વ્યવહારની ઠેકડી ઉડાવી દે છે. તારા વ્યવહાર-ફ્યવનારને અમે ધર્મ કહેતા નથી અને એ ધર્મનું કારણ પણ નથી. સમજાણું કાંઈ?

હવે, શ્લોક આ ૧૫૬.

(पृथ्वी)

जयत्यनघचिन्मयं सहजतत्त्वमुच्चैरिदं
विमुक्तसकलेन्द्रियप्रकरजातकोलाहलम्।

नयानयनिकायदूरमपि योगिनां गोचरं
सदा शिवमयं परं परमदूरमज्ञानिनाम्।।१५६।।

શ્લોક છે પદ્મપ્રભમલધારીદેવનો. કેવો છે ભગવાન આત્મા? એક સમયમાં સહજતત્ત્વ કારણભગવાન ધ્રુવસ્વભાવ એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને શુક્લધ્યાન અને કેવળજ્ઞાન થાય છે એવો જે ભગવાન એક સમયમાં શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ સહજતત્ત્વ નિર્મળ શુદ્ધ '**સકળ ઈન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતા કોલાહલથી વિમુક્ત છે,...**' ઈન્દ્રિયો અને ઈન્દ્રિયો તરફના વલણનો ભાવ જ એમાં નથી. અતીન્દ્રિયસ્વરૂપ ભગવાન એમાં ઈન્દ્રિયો તરફનું વલણ અને ઈન્દ્રિયો એ એના સ્વરૂપમાં જ નથી. '**સકળ ઈન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતા કોલાહલ...**' વિકલ્પો, પાંચ ઈન્દ્રિયથી '**વિમુક્ત છે, જે નય અને અનયના સમૂહથી દૂર હોવા છતાં...**' મન લીધું. મનમાં શ્રુતજ્ઞાનના વિકલ્પો ઉઠે. ભાઈ! પાંચ ઈન્દ્રિય લીધી અને મન લીધું. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા આ પાંચ ઈન્દ્રિયોથી તો પાર છે. પણ મન છે મન, એ શ્રુતજ્ઞાનનો જે વિકલ્પ અને ભેદ પડે, શ્રુતજ્ઞાન અંદર આત્મા સ્વભાવ સન્મુખ થઈને સમ્યક્ થયું એમાં રાગથી ભેદ પડે મનના સંબંધે એવા નય અને અનયના સમૂહથી દૂર હોવા છતાં. એ મનના સંબંધી... 'વ્યવહારે બદ્ધ છું, સ્વભાવે શુદ્ધ છું, પર્યાયે અશુદ્ધ છું' એવો જે શ્રુતનય જ્ઞાનમાં નયનો વિકલ્પ નામ રાગમિશ્રિત વિચાર ઉઠે એનાથી દૂર છે આત્મા. એ આત્મામાં છે નહિ. નય પણ નથી અને અનય પણ નથી. નય પણ નથી અને કુનય પણ નથી. નયના નિશ્ચય અને વ્યવહારના વિકલ્પો એમાં નથી અને કુનય તો એમાં છે જ નહિ. શું કીધું સમજાણું કાંઈ?

એક સમયનો સહજતત્ત્વ પરમાત્મા જે સમ્યગ્દર્શનનો વિષય જે સમ્યગ્દર્શનનું ધ્યેય એને લઈને સમ્યગ્દર્શન પ્રગટે એવી સમ્યગ્દર્શનની પર્યાય એનો તેજ જે સહજ ભગવાન આત્મા ધ્રુવ એ નય નામ નિશ્ચય અને વ્યવહારનયના વિકલ્પો એનાથી પર છે. પરનય, કુનય. આ શરીર મારું, વાણી મારી, આ કર્મ મારા. એ નથી એને કહેવી એવી જે કુનયો એના સમૂહથી દૂર છે. '**છતાં યોગીઓને ગોચર છે,...**' છતાં સમ્યક્જ્ઞાન ગમ્ય એ આત્મા છે. પોતાને જ્ઞાનને ગમ્ય છે. નય અને કુનયથી દૂર છે, ઈન્દ્રિયોથી દૂર છે, પણ સમ્યક્ ચૈતન્ય જ્ઞાનના પર્યાયથી ગમ્ય આત્મા છે. કહો, યોગીઓ નામ સ્વરૂપ .. છે એમાં અંતરમાં જોડાણ શુદ્ધ.. કરનારને ધર્મી જીવને તે આત્મા ગમ્ય .. જ્ઞાનવેદનગમ્ય છે.

'**જે સદા શિવમય છે,...**' કેવો છે ભગવાન? સદા કલ્યાણમૂર્તિ છે. શિવ-શિવ. અનાદિ-અનંત ધ્રુવ ચૈતન્યમૂર્તિ સ્વભાવ. ધ્રુવ હોં ધ્રુવ છેને. અહીં તો કારણપરમાત્મા શિવમય કલ્યાણની જ મૂર્તિ છે કે જેને આશ્રયે કલ્યાણ થાય, કલ્યાણની મૂર્તિ આત્મા એને આશ્રયે કલ્યાણ થાય છે. વ્યવહાર-ફયવહાર કલ્યાણની મૂર્તિ નથી કે એને આશ્રયે કલ્યાણ થાય. '**ઉત્કૃષ્ટ છે...**' ભગવાન પરમાત્મા કારણશુદ્ધચૈતન્ય શિવમય પ્રભુ સર્વથી ઉત્કૃષ્ટ છે. પરમાત્મા સિદ્ધ થાય

છે એ પણ ઉત્કૃષ્ટ કારણપરમાત્માથી થાય છે. કહો, સમજાણું કાંઈ? કારણ કે એનાથી પણ આ ઉત્કૃષ્ટ એટલે સિદ્ધપણાની પર્યાયમાં તારો પરમાત્મા સિદ્ધને સમયે સમયે પ્રગટ્યા કરે છે. એવો ભગવાન સચ્ચિદાનંદ ત્રિકાળ સત્ અને જ્ઞાન અને આનંદની મૂર્તિ સર્વથી ઉત્કૃષ્ટ છે.

**'અને જે અજ્ઞાનીઓને પરમ** દૂર છે,...' .. ઓલાને અગોચર હતા, આને દૂર છે. અજ્ઞાનીઓને પરમ દૂર છે. રાગ અને પુણ્ય અને વ્યવહારથી ધર્મ માનનાર એક સમયની પર્યાયના આશ્રયે ધર્મ થશે એમ માનનાર, નિમિત્તના લક્ષે કલ્યાણ થશે એમ માનનાર એવા અજ્ઞાનીઓને તે ચૈતન્ય પરમ દૂર છે. કહો, સમજાય છે કાંઈ? મોહનભાઈ! જુઓ, આને ગમ્ય છે. પહેલું સમજવું તો પડશે કે નહિ કેમ છે વસ્તુ? સમયે સમયે પરિણામ... ચૈતન્ય ત્રિકાળ ધ્રુવ છે એમ બે વાત બરાબર પકડવી જોઈએ. સમય સમયના પરિણામ તે કરે અને ત્રિકાળ ધ્રુવ છે એવા સ્વભાવને આશ્રયે ધર્મ થાય છે, બાકી ધર્મ થતો નથી. કહો, સમજાણું કાંઈ? એ કહે છે અજ્ઞાનીઓને. લાકડા ખોસ્યા છે અનાદિના આત્મામાં. આ રાગ હોય તો થાય, પુણ્ય હોય તો થાય, વ્યવહાર હોય તો નિશ્ચય થાય, નિમિત્ત આવું હોય તો થાય, આવો ખોરાક હોય તો થાય, પાણી હોય તો થાય; ધૂળમાંય ન થાય હવે સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ?

એ અજ્ઞાની જેણે નિમિત્તથી અને વિકલ્પોથી અને પુણ્ય-પાપના ભાવ અને ભેદથી અથવા ભેદપણાથી આત્મા અભેદપણાને પ્રાપ્ત થાય એવી અજ્ઞાનીના અજ્ઞાનભાવથી પરમ દૂર છે. સહજતત્ત્વથી પરમ દૂર છે. **'એવું આ અનઘ...'** અનઘ-નિર્દોષ, મળરહિત શુદ્ધ **'ચૈતન્યમય સહજતત્ત્વ...'** જુઓ આવ્યું. સહજતત્ત્વ એટલે કારણપરમાત્મા. દ્રવ્ય ચેતન. કેવું છે? ચૈતન્યમય, ચૈતન્યમય એના ચૈતન્યનો સ્વભાવ ગુણમય છે. સહજતત્ત્વ ચૈતન્યમય. વળી સહજતત્ત્વ અને ચૈતન્યમય? ચૈતન્ય છે તે ગુણ છે, તત્ત્વ છે તે ગુણી છે. એ ગુણગુણી એકમેક ત્રિકાળ પડ્યા છે. અનઘ નામ નિર્દોષ, મળરહિત શુદ્ધ ચૈતન્યમય. **'સહજતત્ત્વ અત્યંત જયવંત છે.'** અત્યંત ત્રિકાળ એવો ને એવો કારણ ભગવાન પડ્યો છે. એના અવલંબે સમ્યક્, એના અવલંબે ચારિત્ર અને એને અવલંબે મોક્ષ થાય છે. માટે એ તત્ત્વના આલોચનામાં વખાણ કર્યા છે.

(मंदाक्रांता)

शुद्धात्मानं निजसुखसुधावार्धिमज्जन्तमेनं
बुद्धवा भव्यः परमगुरुतः शाश्वतं शं प्रयाति।
तस्मादुच्चैरहमपि सदा भावयाम्यत्यपूर्वं
भेदाभावे किमपि सहजं सिद्धिभूसौख्यशुद्धम्।।१५७।।

અહો..! ૨૧૬ પાને. કેવો છે ભગવાન આત્મા? એ સમ્યગ્દર્શનમાં વિષય એટલે સમ્યગ્દર્શનનું ધ્યેય **'નિજસુખરૂપી સુધાના...'** પોતાનો આનંદ જે ત્રિકાળી એવા આનંદરૂપી જે અમૃત

એના '**સાગરમાં ડૂબતા આ શુદ્ધાત્માને જાણીને...**' એ તો આનંદમય છે. અતીન્દ્રિય આનંદનો પિંડ પડ્યો છે. ધ્રુવ-ધ્રુવ ચૈતન્ય નિત્ય ભગવાન સદશ્યસ્વભાવી ભગવાન. એકરૂપ ચૈતન્ય નિજ આનંદના અમૃતના સાગરમાં ડૂબતો એટલે અમૃતના સાગરસ્વરૂપ. ડૂબતો એટલે આનંદમય. એ પાણીમાં જેમ માણસ ડૂબી જાય તો પાણી જ દેખાય. સમજાય છે? એમ એકાકાર. એમ આ આત્મા આનંદમય છે. આનંદના સાગરમાં આત્મા ડૂબી ગયો છે. ડૂબી (ગયો) એટલે આત્મા આનંદમય, એકાકાર છે. ત્રિકાળ સચ્ચિદાનંદ અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ છે. એ શુદ્ધાત્માને ભવ્ય જાણીને. લ્યો એવા શુદ્ધાત્માને જાણીને. આવા શુદ્ધાત્માને સમ્યગ્દષ્ટિ જાણીને '**ભવ્ય જીવ પરમગુરુ દ્વારા શાશ્વત સુખને પામે છે;...**' લ્યો, કોણ? ભવ્ય લાયક પ્રાણી એક વાત અને પરમ ગુરુ દ્વારા. આ મિથ્યાદષ્ટિ હશે પરમગુરુ દ્વારા? સૂક્ષ્મ મિથ્યાત્વ... વાંચ્યું કે નહિ? અરે! ગપેગપ્પ માર્યા છે કેટલાય.

'**ભવ્યજીવ પરમ ગુરુ દ્વારા...**' સમ્યગ્જ્ઞાની ધર્માત્મા ગુરુ દ્વારા એટલે નિમિત્ત કોણ છે એમ બતાવે છે. સમ્યક્ ધર્મ ચૈતન્યને પામવામાં સમ્યગ્જ્ઞાની જ એને પ્રથમ નિમિત્ત હોય છે. એને પહેલી દેશના જ્ઞાની જ્ઞાનપણાનું નિમિત્તપણે એને થાય છે. એ '**પરમગુરુ દ્વારા...**' ભવ્ય જીવે. આવો આનંદમય અતીન્દ્રિય આનંદનો કંદ વ્યવહારના વિકલ્પો એ બધા દુઃખરૂપ છે. પંચમહાવ્રતના પરિણામ બાર વ્રતના ભાવ બધા દુઃખમય છે. એ દુઃખમયને આનંદમય થાય આમાં એ ત્રણકાળમાં બનતું નથી. એમ કહે છે કે '**આ શુદ્ધાત્માને જાણીને ભવ્ય જીવ...**' જુઓ, ભવ્ય લીધો, અભવિ તો જાણે નહિ. '**પરમગુરુ દ્વારા...**' ત્યારે ભવ્યને પણ પાછું નિમિત્ત જ્ઞાનીનું. .. સ્વભાવ કે '**શાશ્વત સુખ છે...**' પહેલું કીધુંને પહેલું? અનાત્મા પડેલો સ્વભાવ છે. એ આત્માના શાશ્વત સુખને પામે છે. અંતર આનંદમય છે એવો ભવ્ય જીવ જાણીને પરમગુરુ નિમિત્ત, શાશ્વત જે પર્યાય છે સિદ્ધની એવા શાશ્વત સુખને પામે છે. લ્યો! આનંદમય ત્રિકાળ છે એ નિત્ય એમાંથી પ્રગટ પર્યાય થાય તે શાશ્વત સુખને પામે છે.

'**તેથી, ભેદના અભાવની દૃષ્ટિએ...**' જુઓ, ભેદના અભાવની દૃષ્ટિ. શું કહ્યું? ભારે વાત પણ. એક સમયનો ભગવાન એને આ એની પર્યાય છે અને આ ગુણ છે અને દ્રવ્ય છે એવો ભેદનો જેમાં અભાવ છે. સમજાણું કાંઈ? '**ભેદના અભાવની દૃષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે...**' ભેદ જ નથી એમાં. આ વળી ચૈતન્યસ્વભાવ અને આ આત્મા, એ ગુણગુણીનો એવો ભેદ જ નથી. એવા '**ભેદના અભાવની દૃષ્ટિએ જે સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ છે...**' સિદ્ધિથી ઉત્પન્ન થતા સુખ વડે શુદ્ધ છે. '**એવા કોઈ (અદ્‌ભૂત) સહજતત્ત્વને હું...**' એ તો ત્રિકાળ એવો જ છે એમ કહે છે. તેથી ઉત્પન્ન થતા ભેદના અભાવની દૃષ્ટિની સિદ્ધિ '**ઉત્પન્ન થતા સૌખ્ય વડે શુદ્ધ...**' જ ત્રિકાળ છે. '**એવો કોઈ (અદ્‌ભૂત) સહજતત્ત્વને હું પણ સદા અતિઅપૂર્વ રીતે અત્યંત ભાવું છું.**' કહો, સમજાણું કાંઈ? એવો સ્વભાવિક સહજાનંદ પરમાત્મા હું

એને પણ સદા, બીજાઓ સિદ્ધિપણાને એ રીતે પામ્યા અને હું પણ સદા-સદા અતિઅપૂર્વ રીતે. જુઓ, એ સદા સદા અતિઅપૂર્વ રીતે. અપૂર્વ એટલે નિશ્ચયને મુખ્ય કરીને, સ્વભાવને મુખ્ય કરીને અતિઅપૂર્વ રીતે અનંતકાળમાં... ભાવના કરેલી એ રીતે અત્યંત. એક તો સદા, અતિઅપૂર્વ રીતે અને અત્યંત આટલા શબ્દો વાપર્યા છે.

સમ્યગ્દષ્ટિને એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્ય જે દૃષ્ટિમાં લીધો એની મુખ્યતા કોઈ સમયે ટળતી નથી અને અપૂર્વ રીતે અનંતકાળમાં આ રીતે પકડી નથી એ રીતે અત્યંત ભાવું છું. મુનિ છેને. સ્વભાવમાં એકદમ એકાગ્ર થાઉં છું અને એ એકાગ્રતાની આલોચના દ્વારા જ મને મુક્તિ થશે, બીજી મુક્તિનો કોઈ રીત અને ઉપાય નથી. ૧૫૭ થયો.

૧૫૮. આ શ્લોકો છે.

निर्मुक्तसंगनिकरं परमात्मतत्त्वं
निर्मोहरूपमनघं परभावमुक्तम्।
संभावयाम्यहमिदं प्रणमामि नित्यं
निर्वाणयोषिदतनूद्भवसंमदाय।।१५८।।

**'સર્વસંગથી નિર્મુક્ત,...'** આ અંતરતત્ત્વ તો સર્વસંગથી સંસારની પર્યાયથી પણ મુક્ત છે. સંસારનો એક સમય પર્યાય હોં! બાયડી, છોકરા સંસાર નહિ. ઓલો ઉદયભાવ એક સમયનો .. ત્રિકાળ સ્વભાવ તે સમ્યગ્દર્શનનો વિષય છે. ઓહો..હો..! સંસારમાં પણ ઘણા .. છોકરો હોય તો જ .. સમજ્યાને? થાળ ધર્યો .. મોતીએ. એમાં તો એકેય મોતી ન હોય, પણ લગનમાં વખાણ આવે એમ નથી હોં, આ તો વસ્તુનું સ્વરૂપ (એવું છે). કેવું? કે એને જેની રુચિ એને ખૂબ .. ઓલી ખોટા મનાવા આ તો સાચી ચીજ. કહે છે કે **'સર્વસંગથી નિર્મુક્ત,...'** ભગવાન આત્મા રાગનો વિકલ્પ તીર્થંકરપણાના ગોત્રનું કારણ રાગ એનાથી મુક્ત છે, સ્વરૂપમાં કાંઈ છે નહિ. એવો ચૈતન્ય ભગવાન સમ્યગ્દર્શનનું કારણ છે. બીજું કોઈ કારણ-ફારણ નથી.

**'નિર્મોહરૂપ,...'** જેમાં મોહ નથી જરીએ. રાગાદિ પર તરફનું સાવધાનપણું એ સ્વરૂપમાં છે. **'અનઘ...'** સદાય નિર્દોષ છે, પુણ્ય-પાપના પરિણામ રહિત છે. એમાં પુણ્ય અને પાપ બેય સ્વરૂપમાં નથી. **'અને પરભાવથી મુક્તિ...'** વિભાવ નામના સ્વભાવની કોઈપણ વિકારી દશા એનાથી ત્રિકાળ મુક્ત એવા પરમાત્મતત્ત્વને. લ્યો, **'એવા આ પરમાત્મતત્ત્વને...'** એક સમયમાં મારો ભગવાન તેને **'હું નિર્વાણરૂપી સ્ત્રીથી ઉત્પન્ન થતા...'** શું કરવા નમું છું? શું કરવા એવા સ્વભાવ સન્મુખ ઢળ્યો છું? મુક્તિરૂપી સ્ત્રી, પરમાનંદરૂપી પર્યાયરૂપી મુક્તિ એ સ્ત્રીથી ઉત્પન્ન થતાં **'અનંગ સુખને...'** અનંગ અતીન્દ્રિય સુખ અનંગ. અંગનું સુખ તે જડનું, અનંગનું સુખ તે ચૈતન્યનું. કહો, સમજાણું કાંઈ? આ ઇન્દ્રિયોને જડના અંગનો સ્પર્શ કરીને માનવી કલ્પના એ જડ સુખ, દુઃખ છે.

મારા પરમાત્મતત્ત્વને હું નિર્વાણરૂપી મારી પરિણતિ વીતરાગ સર્વ શુદ્ધ અવસ્થારૂપી મુક્તિ એ સ્ત્રીથી ઉત્પન્ન થતાં અનંગ સુખને **'માટે નિત્ય સંભાવું છું (-સમ્યક્પણે ભાવું છું)...'** હંમેશા, નિત્ય સંભાવું છું. ખાતા હશે કે દિ'? પીતા હશે કે દિ'? આ લખવા ટાણે વિકલ્પ ઉઠે છે કે નહિ?—ના. કોણ કહે છે? અમે તો સ્વભાવ સન્મુખમાં જ પડ્યા છીએ. એક સમયમાત્ર પણ સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય પરમાત્મતત્ત્વથી એક સમય ખસતું નથી. કહો, સમજાણું કાંઈ? શેઠી! શું કહે છે? નિત્ય સંભાવું છું. આ લખતા વખતે તો વિકલ્પ આવ્યો મુનિને, એને ગૌણ કરી દીધો. નહિ, એ નહિ. અમે તો આ. એ છે .. એ નહિ. પૂર્ણ સ્વભાવ પ્રગટમય પણ છે એવા સ્વભાવને નિત્ય સમ્યક્પણે ભાવું છું **'અને પરિણમું છું.'** અને તેમાં જ મારું પ્ર-વિશેષ નમન થાય એને નમસ્કાર કરું છું સ્વભાવ ચિદાનંદને. આ આનું નામ આલોચના, આનું નામ સંવર, આનું નામ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન. હીરાભાઈ! કેટલા પડિક્કમણા અને પ્રત્યાખ્યાન, જુઓ! માણસે કેટલાય પડિક્કમણા કર્યા અને કેટલીય સામયિકું. હવે એકેય સામાયિક કરી નથી, સાંભળ તો ખરો. એક સામાયિક થાય અને મુક્તિ થયા વિના રહે એમ બને નહિ. આ સમ્યક્ પ્રકારે એને હું ભાવું છું એટલે કે એકાગ્ર થાઉં છું અને એને પ્રણમું છું.

૧૫૯ શ્લોક.

(वसंततिलका)

त्यक्त्वा विभावमखिलं निजभावभिन्नं
चिन्मात्रमेकममलं परिभावयामि।
संसारसागरसमुत्तरणाय नित्यं
निर्मुक्तिमार्गमपि नौम्यविभेदमुक्तम्।।१५९।।

શું કહે છે? **'નિજભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડીને...'** નિજભાવ નામ સ્વભાવભાવ ચૈતન્ય સ્વભાવભાવ એવા, પોતાનો ત્રિકાળ પરમાનંદભાવથી ભિન્ન એવા સકળ વિભાવ પુણ્ય વિકલ્પ વ્યવહારરત્નત્રયના ભાવને છોડી **'એક નિર્મળ ચિન્માત્રને હું ભાવું છું.'** એક નિર્મળ જ્ઞાનમાત્ર સર્વજ્ઞસ્વરૂપ એવો ભગવાન એને હું અંતરમાં ભાવના કરું છું. **'સંસાર સાગરને તરી જવા માટે,...'** સંસાર ઉદયભાવ, વિકારભાવ એવા સાગરને વિકારના ઉદયના વિકલ્પોના અનેક પ્રકારને તરી જવા માટે **'અભેદ કહેલા મુક્તિના માર્ગને...'** નિર્વાણ છેને આ, નિયમસાર છેને. નિયમસાર અભેદમાર્ગ કહ્યો. **'અભેદ કહેલા (-જેને જિનેન્દ્રોએ ભેદરહિત કહ્યો છે એવા)...'** સમજાણું? જુઓ, ઓલું છેને **'आलोयणमिदि जाणह परमजिणदस्स उवदेसं'** એમાંથી કાઢ્યું છે કે અભેદ ભગવાને તો મોક્ષનો માર્ગ એક જ કહ્યો છે. તું અભેદ પૂર્ણ પરમાત્મા તરફની અભેદ શ્રદ્ધા, અભેદનું જ્ઞાન અને અભેદમાં સ્થિરતા

એ એક જ મોક્ષમાર્ગ છે. વચમાં જે વિકલ્પો ઉઠે એને મોક્ષમાર્ગ ભગવાન કહેતા નથી. સમજાણું કાંઈ? આ વ્યવહારરત્નત્રયને મોક્ષમાર્ગ કહેતા નથી એમ કહે છે. શેઠી!

**'અભેદ કહેલા...'** એ એમાંથી કાઢ્યું છેને. **'आलोयणमिदि जाणह परमजिणदस्स उवदेसं'** પરમ જિનેન્દ્રના ઉપદેશમાં એને અભેદને જ આલોચના કીધી, ભેદ પડે એને આલોચના કીધી નથી. માટે મોક્ષનો માર્ગ તો ભગવાને અભેદ કહ્યો છે. એક ચૈતન્યસત્તાના સ્વરૂપ તરફની રુચિ, પ્રતીત, રમણતા અને જ્ઞાન એમાં એકપણું થવું એ જ એક મોક્ષનો માર્ગ છે. વચમાં વ્રત, તપના વિકલ્પો આવે ભૂમિકા પ્રમાણે એ કાંઈ મોક્ષમાર્ગ નથી. **'અભેદ કહેલા (-જેને જિનેન્દ્રોએ ભેદરહિત કહ્યો છે એવા) મુક્તિનો માર્ગને પણ હું નિત્ય નમું છું.'** બેય લીધું. ઓલા ત્રિકાળને ભાવું છું અને આવા મુક્તિમાર્ગને પણ હું નિત્ય નમું છું. મારો અભેદસ્વભાવ ચૈતન્ય છે. જુઓ, ભેદમોક્ષમાર્ગ અને અભેદમોક્ષમાર્ગ, વ્યવહારમોક્ષમાર્ગ અને નિશ્ચયમોક્ષમાર્ગ એ તો કથનમાત્ર છે, વસ્તુ એમ છે નહિ. એક જ અભેદમાં ચૈતન્યસત્તાને અવલંબીને જે સ્થિરતા શ્રદ્ધાપૂર્વક કરવી એ એક જ મોક્ષમાર્ગ છે. કહો, સમજાણું કાંઈ? ..કુમારજી! ... સાંભળવા મળી એટલા ભાગ્યશાળી કે નહિ? .. થઈ જાય છે. .. કહો, સમજાય છે કાંઈ?

**'અભેદ કહેલા મુક્તિના માર્ગને...'** ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રે તો મોક્ષનો માર્ગ અભેદ એક જ કહ્યો છે. સમજાણું? આદરવાયોગ્ય એક જ એને એ જ માર્ગ છે, બાકી કથનમાત્ર. વિકલ્પ આવે એને આલોચના કહેવું એ તો કથનમાત્ર છે. એ પોતે એમ સ્થાપ્યું. એવા મુક્તિના માર્ગને પણ હું નિત્ય નમું છું. અંતર વલણ કરીને એમાં સ્વભાવ સન્મુખ થઈને વલણ કરીને પરિણમું એને જ અહીંયાં નમન કહેવામાં આવે છે. વાત જરી સમજવામાં ન આવે. એય..! કપુરભાઈ! જુઓ, આ મોક્ષનો માર્ગ. આ લીલોતરીની દયા પાળી એ મોક્ષનો માર્ગ કહી દીધો... બીજાને .. કર્યું, .. ન ખાધું, આ ન પીધું. હવે જડની પર્યાય ક્યાં ગરી ગઈ હતી આત્મામાં?

**શ્રોતા :-** ખાવું કે ન ખાવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ કોઈ ખાઈ શકે છે તે ખાવું પીવું? ખાય કોણ અને પીવે કોણ? એ તો જડની પર્યાયને કારણે જડનો કાળ પરિણમે. આત્મા એને જાણનારો છે, એ કરનારો-ફરનારો નથી. અરે! .. વિકલ્પ ઉઠે એ પણ સ્વરૂપમાં નથી. સ્વરૂપમાં તો ત્રિકાળમાં નથી, પણ અભેદમાર્ગમાં એનો આશ્રય નથી. કહો, સમજાણું કાંઈ? એક સમયમાં ભગવાનનો આશ્રય ... માર્ગ છે... આવો ભેદ .. પણ અભેદ મારો મુક્તિનો માર્ગ છે તેને જ હું નમન કરું છું. ૧૦૯ ગાથા થઈ લ્યો. ૧૧૦મી ગાથા.

**कम्ममहीरुहमूलच्छेदसमत्थो सकीयपरिणामो।**
**साहीणो समभावो आलुंछणमिदि समुद्दिट्ठं।।११०।।**

છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,
**સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.**

એનો '**અન્વયાર્થ :- કર્મરૂપી વૃક્ષનું મૂળ છેદવામાં સમર્થ એવો જે સમભાવરૂપ સ્વાધીન નિજપરિણામ...**' એટલે ત્રિકાળી પરિણામ એ ભાવ. સમજાણું કાંઈ? લ્યો, એ પરિણામમાંથી ત્રિકાળી પરિણામ .. એકરૂપ પરમસ્વભાવપરિણામિકભાવ એ કર્મરૂપી વૃક્ષનું મૂળ છેદવામાં સમર્થ છે. એવો સમભાવરૂપ .. નિજપરિણામ '**તેને આલુંછન કહેલ છે.**'

'**ટીકા :- આ પરમભાવના સ્વરૂપનું કથન છે.**' પરમભાવ ચૈતન્યસ્વભાવ પરમપારિણામિક '**सकीय**' કહ્યું છેને? એમાં એ પરમ એટલે પારિણામિક આવે છેને? ભાઈ આવે છેને? પંચાસ્તિકાયમાં .. એ પરિણામને પરિણામને પારિણામિક. પરિણામ એટલે ત્રિકાળી પારિણામિકભાવ. ત્રિકાળ પરમપારિણામિકભાવ એનું આમાં કથન અને તેને આશ્રયે આલોચના, સંવર. જુઓ, આ મોક્ષમાર્ગમાં આલોચનામાં આચાર્યે ગાથા એટલી ઊંચી નાખી કે જે વર્તમાન મૂળ સ્વભાવ છે, વર્તમાન ધર્મની પર્યાયનો મૂળ સ્વભાવ છે અને સ્વભાવના મૂળમાંથી આ બધા ધર્મોની દશા પ્રગટે છે, માટે આલોચનામાં આ જાતના ચાર બોલ ભગવાને કહ્યા છે. એ વાતનું વર્ણન કર્યું છે.

'**ભવ્યને...**' ભવ્ય-લાયક જીવને '**પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે પરમ સ્વભાવ છે,...**' કહો, સમજાણું? કેમકે એને પ્રગટ થવાને લાયક છે માટે ભવ્યને. અભવ્યને સ્વભાવ તો એવો જ છે, પણ પ્રગટ થવાને વ્યવહારમાં લાયક નથી. પણ ભવ્યને તો પરમપારિણામિક ચૈતન્યકંદ ભગવાન સ્વભાવભાવ ત્રિકાળભાવ એવો જે સ્વભાવ હોવાને લીધે પરમસ્વભાવ છે. '**તે પંચમભાવ...**' લ્યો, એ પદને પરમપારિણામિક સ્વભાવભાવ એકરૂપ ચૈતન્યસ્વભાવ જ્ઞાયકભાવ એ પંચમભાવ. ભાવ પાંચ પ્રકારના છે. '**ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર છે.**' ઓહો..હો..! શું કહે છે? કે પંચમ એકરૂપ ચૈતન્ય પરમપારિણામિક સ્વભાવભાવ, વ્યવહારરત્નત્રય જે ઉદયભાવ છે એનાથી અગમ્ય છે, એનાથી પમાય એવો નથી. વળી અહીંયાં ચારને વિભાવ કહ્યા પાછા. (ઉદય), ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ચાર વિભાવસ્વભાવ છે એટલે કે વિશેષ પર્યાયરૂપ છે. ચાર, ઉદયભાવ એ વિકાર પર્યાયરૂપ છે, ઉપશમ છે તે નિર્વિકારી પર્યાયરૂપ છે સમ્યગ્દર્શન-ચારિત્ર આદિ, ક્ષયોપશમ છે તે જ્ઞાન-દર્શન-ચારિત્રને આનંદ આદિ અથવા વીર્ય આદિની કાંઈક વિકારની અથવા કાંઈકની અવિકારની અવસ્થારૂપ છે, ક્ષાયિક પૂર્ણ નિર્વિકારરૂપ અવસ્થા છે, પણ છે એ અવસ્થા. અહીં કહે છે કે ..ભાવના વિશેષભાવરૂપ છે એથી વિશેષને આશ્રયે સ્વભાવભાવ ગમ્ય થતો નથી, માટે ચાર વિભાવસ્વભાવને અગમ્ય છે. ઓહો..હો..! ટીકા. ક્લેશ કરી ભાઈ કહે છેને ઓલા.

એ તો કહે છે કે પરમસ્વભાવભાવ એ આ રાગ છે માટે વ્યવહાર વિકલ્પ માટે હું એને .. વસ્તુમાં એમ નથી. પર્યાય ઉપશમ થઈ માટે હવે મને ક્ષાયિક થશે, ઉપશમને આશ્રયે

ક્ષાયિક થશે, હરામ છે. ક્ષયોપશમ જ્ઞાન થયું એને આશ્રયે ક્ષાયિક થશે, ખોટી વાત. ક્ષાયિક આ જે પર્યાય થઈ અને ભવિષ્યમાં થશે એ થઈને આશ્રયે અને થશેને આશ્રયે મને કેવળજ્ઞાન થશે એ વાત છે નહિ. મોહનભાઈ! અહીં તો નિવૃત્તિ લઈને સમજવા માગે તો બધું સમજાય એવું છે હોં. સંસારનું કરવું કે આ કરવું? કહો, સમજાણું કાંઈ?

કેવો છે ભગવાન પરમસ્વભાવ? ભગવાન પરમસ્વભાવ. પરમપારિણામિકભાવ એના શ્રદ્ધાગુણમાં અને રમણતા એક પર્યાય પણ પર્યાયને આશ્રયે આત્માને લાભ થતો નથી. માટે ચાર વિભાવસ્વભાવોને અગમ્ય છે. શું શેઠી? સમકિતને અગમ્ય છે એમ કીધું. વળી માથે કીધું હતું અગમ્ય છે, પછી આગળ કહેશે ગમ્ય છે. સમજાણું? સમકિતને અગમ્ય છે કહેવાનો આશય કે સમ્યગ્દર્શનને તો ગમ્ય છે, પણ એ પર્યાયને આશ્રયે કરીને .. પરમપારિણામિક પ્રગટ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? એમ ચારિત્રપર્યાય છે ક્ષયોપશમભાવ એમાંથી ક્ષાયિકપર્યાય પ્રગટ થાય એમ નથી. એ તો ત્રિકાળ સ્વભાવને આશ્રયે ક્ષાયિક થાય છે. માટે ઉપશમ, ક્ષયોપશમ, ઉદયભાવથી અગમ્ય છે અને ક્ષાયિકભાવ કહો એને ચારિત્ર.. સાધકને હોતું નથી અને જેને હોય એવો અર્થ કરવા જાય તો પોતાને લાભ થતો નથી. સમજાણું કાંઈ?

ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ચાર પર્યાય છે અને પંચમભાવ ત્રિકાળ એ ગુણ છે, તે સ્વભાવ ત્રિકાળ છે, નિત્ય છે અને ચાર છે તે પર્યાયો છે. પર્યાયને આશ્રયે પરમપારિણામિકભાવ પ્રગટ થતો નથી, એમ કહેવા માટે ચાર વિભાવસ્વભાવને અગોચર છે એમ કીધું. ક્ષાયિકભાવને પણ વિભાવ કીધો. ..ભાઈ! વિશેષ, બસ વાત વિશેષ પર્યાય છે. પરમપારિણામિક તો ત્રિકાળ સામાન્ય સ્વભાવ છે, સામાન્ય સ્વભાવ છે. એક સમયનો સામાન્ય ગુણ સદશ ધ્રુવ એ સર્વસ્વ પર્યાય પ્રગટવાનું કારણ છે. આ ચાર પર્યાયો પણ વિશેષભાવ છે એ સ્વભાવ પ્રગટવાનું કારણ નથી. શેઠી! શેઠી મૂંઝાઈ જાય છે. આવા વૃદ્ધ માણસને... ક્ષાયિકને વિભાવસ્વભાવ કહીને કાઢી નાખ્યો. કઈ અપેક્ષાએ કાઢી નાખ્યું કહ્યુંને? વિભાવસ્વભાવ–વિશેષ પર્યાય છે એ. ક્ષાયિકભાવ પણ વર્તમાન વિશેષ એક દશા છે. કાંઈક સામાન્ય ત્રિકાળ સ્વભાવ અને ત્રિકાળ સ્વભાવના અવલંબન વિના કલ્યાણ કોઈનું ત્રણકાળમાં નથી એ માટે કહે છે. સર્વજ્ઞ ભગવાનનું લક્ષ કરવા જાય ક્ષાયિકપર્યાયનું તો વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

એક જ કારણ દ્રવ્ય. '**ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવોને અગોચર છે.**' જેને તત્ત્વાર્થસૂત્રમાં બીજા અધ્યાયમાં પાંચ ભાવને જીવના સ્વતત્ત્વો કહ્યા છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક અને પારિણામિક—પાંચેય જીવના સ્વતત્ત્વો છે. પણ ચાર પર્યાયરૂપ કીધા તત્ત્વો અને પારિણામિક ગુણરૂપ જીવતત્ત્વ એમ કહીને .. થાય, પણ અહીં કહે છે કે મોક્ષનો માર્ગ એ ચાર પર્યાય અવસ્થા છે એને આશ્રયે વધતો નથી, ઉત્પન્ન થતો નથી,

ટકતો નથી. સમજાણું કાંઈ? આ આલોચના આ આલુંછન આ સંવર-સંવરના અધિકારમાં આ ગયા કાળનું પડિક્કમણું, ભવિષ્યના પચ્ચખાણ અને વર્તમાનની આલોચના, આવે છેને? પડિક્કમણામાં આવે છેને? એ શું પણ છે? ગડિયા છે? એક સમયની ચૈતન્ય સત્તા ભગવાન પરમાત્મા પડ્યો છે એને જ આશ્રયે સંવર થાય છે. સંવર થયો એને આશ્રયે સંવર થતો નથી. બસ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. આ શેની વાત કરે છે? શ્રદ્ધા શી રીતે કરશે? સ્વભાવની શ્રદ્ધા કર એ સિવાય બીજી શ્રદ્ધા દેખાય એવું છે નહિ. જીવદયા પાળે, વ્રત પાળે એ શ્રદ્ધામાં આવે એમ છે નહિ. એ માટે તો આ વાત ચાલે છે કે ભાઈ એ અવસ્થામાં આવે. ક્યારે પણ આવે? પરમસ્વભાવભાવની શ્રદ્ધા કર તો આવે. બાકી કાંઈ ક્રિયાકાંડ કરે, વ્રત-તપ કરે, દયા-દાન કરે, તપ કરે, ખાધા-પીધા અને ક્રિયામાં જાળવણી કરે એ અવસ્થામાં આવે એ ત્રણકાળમાં બને એવું નથી. એ તો ઉદયમાં રાગની ક્રિયા છે હવે, એમાં ક્યાં આત્મા હતો અને ધર્મ હતો? સમજાય છે કાંઈ? એમ બીજી અવસ્થા થાય ત્યારે થાય, આપણે શું કરવું? આ શેની વાત ચાલે છે ત્યારે આ? એ ચૈતન્યસ્વભાવ એક સમયમાં પૂર્ણ છે તેની શ્રદ્ધા કર અને વ્યવહાર વર્તમાન પર્યાયે એને આશ્રયે ધર્મ નથી એવી પ્રતીત કર. કહો, સમજાણું કાંઈ?

તે પંચમભાવ ત્રિકાળ સ્વભાવ... સંભળાવે છે કોને આ ગાથા? શિષ્યને જાણવા માટે છેને. માથે આવી ગયુંને એ? સમજાય છે? **'તેને આલુંછન કહેલ છે.'** આની ઉપર કહ્યું આલુંછન જાણ કહ્યું હતું. કહેલ છે એમ આવ્યુંને? **'કહેલ છે...'** પણ કોને માટે કહેલ છે? સ્વભાવ સમજવા માગે છે અને ધર્મ કરવા માગે છે એને એમ કહેલ છે કે તારે જો સંવર કરવો હોય, ધર્મ કરવો હોય, મુનિપણું પ્રગટ કરવું હોય તો પરમપંચમભાવના અવલંબનથી થવાનો, બાકી ત્રણકાળમાં કોઈ કાળે થવાનો નથી. કહો, સમજાણું કાંઈ? આ બીજા લાકડા લઈને બેઠો છેને કે ભાઈ હળવે-હળવે કષાય મંદ કરશું તો થાશે, આહાર-પાણી ચોખ્ખા ખાશું તો થશે, ઘી અને પાણી સારા પીશું તો થાશે. ઘી અને પાણી પીધેથી આત્મા જાગતો હશે? કહો, સમજાણું કાંઈ? એય..! શેઠી! .. એમાં અશાંતિ છે. આકુળતાનો પાર ન મળે. આ કરું... આ કરું... આ લઉં... આ લઉં... આ લઉં... એ તો જ્ઞાનસ્વભાવનું અવલંબન થયું, પછી સહજ એ પ્રકારની ભૂમિકા અને વિકલ્પ હોય, પૂર્વના પુણ્યને યોગે એવો જ નિમિત્તનો યોગ હોય છે. .. આ તો આકુળતાનો પાર નહિ, અરે આમ થયું, આણે આમ કર્યું, આનું આમ કર્યું. કહો, સમજાણું કાંઈ?

**'ચાર વિભાવસ્વભાવોને અગોચર છે. તેથી જ તે પંચમભાવ ઉદય, ઉદીરણા, ક્ષય, ક્ષયોપશમ...'** સમજાણું? ઉદીરણા એ બધું એ ઉદીરણા એ તો ઉપશમભાવ. ઉપશમ

એટલે ત્યાં ઉદીરણા લીધું. સમજાણું? **'ક્ષયોપશમ એવા વિવિધ વિકારો વિનાનો છે.'** લે, ક્ષયને પણ વિકાર કહ્યો પાછો. એક તો વિભાવસ્વભાવ કહ્યો. ચૈતન્ય સત્તાની દૃષ્ટિ કર, સ્વભાવ કર, રુચિ કર, બાકી બધું સમજવા જેવું છે. બાકી ધર્મના સાધન ફાધન કોઈ છે નહિ. એ કર ત્યારે નિમિત્તને, વિકલ્પને વ્યવહાર આરોપ આવે. નહિતર વ્યવહાર આરોપ પણ આવતો નથી. પંચમભાવ ભગવાન આત્મા કર્મના ઉદયરહિત, ઉદીરણા રહિત, ક્ષયરહિત કે કર્મની ઉદીરણા કરે, એનો પુરુષાર્થ કરીને આમ કરે એમ નથી કહે છે. પરમપારિણામિકભાવ એકરૂપ સત્તા પડી છે. ક્ષાયિક, ક્ષયોપશમના વિવિધ પ્રકારના વિકાર, વિકાર નામ વિશેષકાર્ય, મલિનભાવ એમ ન લેવું. વિવિધ પ્રકારના એવા વિકાર્ય એ વિનાનો પરમપારિણામિકભાવ ત્રિકાળ પડ્યો છે.

**'આ કારણથી આ એકને પરમપણું છે,...'** આ કારણથી આ એકને પરમપણું. એકને એટલે પંચમભાવ. પંચમભાવ એ સ્વભાવભાવ, ચારભાવ તે વિભાવભાવ. બે. પંચમભાવ એ અવિકારીભાવ એ એક. વિવિધ પ્રકારના સમય વિનાનો ભાવ અને આ ચારભાવ તે વિવિધ પ્રકારના સમયવાળો ભાવ. હવે **'આ કારણથી આ એકને પરમપણું છે,...'** પંચમભાવ, એકસ્વભાવભાવ, **'બાકીના ચાર વિભાવોને અપરમપણું છે.'** ત્રીજો બોલ એ. રાગ, પુણ્ય-પાપાના પરિણામ તો અપરમ છે. ઉપશમભાવ પણ અપરમ છે, ક્ષયોપશમ, ક્ષાયિક પણ અપરમ છે. ત્રણ-ત્રણ .. કરી. એક કોર સ્વભાવભાવ, ત્યારે એકકોર ચાર વિભાવભાવ પર્યાય. એક કોર પંચમભાવ વિવિધ વિકાર વિનાનો, વિકાર્ય એટલે કાર્ય વિનાનો, તો ચાર ભાવ પર્યાયના કાર્યવાળો. એક કોર પંચમભાવ પરમપણું છે ત્યારે ચાર ભાવને અપરમપણું છે. કહો, સમજાણું કાંઈ? જુઓ, આનું નામ ભેદજ્ઞાન છે. સમજાય છે કે નહિ? બહુ ઝીણું પણ. ભાઈઓ ભેગા થાય ત્યારે આમાંથી કાંઈ વાત પણ નીકળે? હવે પંચમભાવની અને પરમ.. ભાઈ! હવે શું કરવું આ સરકાર લઈને બેઠા છે, હવે આપણે શું કરવું? એમાં કાંઈક પૈસા કાઢીને કાંઈક દાનમાં આપવા એવો વિચાર તો કોઈક વખતે આવતો હશે. બાકી કે ભાઈ આ લઈ જાય છે એ કરતા નાખને કાંઈક ધર્મની ઓલી થાય. બાકી તો બધા હવે કેમ રાખવા અને કેમ વેચવા? આ વહેંચણી કરે છે જુઓ. સમજાણું કાંઈ? શેઠી!

એક સમયમાં ભગવાન આત્મા, પંચમભાવસ્વભાવભાવ. એક વાત. એ સમ્યગ્દર્શનનો આશ્રય. ચાર ભાવ વિભાવભાવ એ સમ્યગ્દર્શનનો આશ્રય નહિ. પંચમભાવ વિવિધ પ્રકારના કાર્ય વિનાનો ભાવ. પર્યાય વિનાનો છે એ તો. દ્રવ્ય છે ત્રિકાળ. આ બાહ્યની પર્યાય હોં ઓલી ધ્રુવ પર્યાય તો અંદર પડી છે એ. ધ્રુવપર્યાય સહિતનો પરમપારિણામિકભાવ. દ્રવ્ય ત્રિકાળ, ગુણ ત્રિકાળ અને પર્યાય ધ્રુવ ત્રિકાળ એને અહીંયાં પંચમભાવ કહેવામાં આવે છે. ધ્રુવ કારણપર્યાય તે આખો પંચમભાવ નથી, પણ પંચમભાવ આખો કહે છે એમાં દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણેય આવી જાય છે. કહો, સમજાણું કાંઈ? ઓહો..! આખો પંચમભાવ

નહિ, અંશ પર્યાય. પારિણામિકભાવ એ અંશ પર્યાય. ત્રિકાળ એક પારિણામિકભાવનું ત્રણ અંશ છે—દ્રવ્ય, ગુણ અને પર્યાય. દ્રવ્ય સામાન્ય શક્તિનો પિંડ, ગુણ શક્તિઓ, .. એની પર્યાય વિશેષ અંશ ધ્રુવ એ ત્રણ થઈને પરમપારિણામિકભાવ છે. એ પરમપારિણામિક ત્રણ થઈને સ્વભાવ અને ઉદય આદિક ચાર ભાવ થઈને વિભાવ. એ ત્રણે થઈને પરમપારિણામિક ઉત્પાદ-વ્યયના કાર્ય વિનાનો અને ચાર ભાવથી વિવિધ કાર્યવાળો. એ પરમપારિણામિકભાવ તે એક પરમપણું ઓલું દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે થઈને અને ચાર વિભાવ એમ અપરમપણું એને કોઈ ઉત્કૃષ્ટતા છે.

જુઓ, આવા સ્વભાવ તરફની દૃષ્ટિ અને રુચિ કરવી, પહેલું એને સાંભળવું, એનો નિર્ણય કરવો, અને આ સ્વભાવસન્મુખ (થાય) આ હેતુ માટે આ કહેવામાં આવે છે. એ સિવાય આ કરશું તો આમ થાશે અને આ કરશું તો આમ થાશે એ બધા રણમાં પોક મૂકવા જેવી વાતું છે. છોટુભાઈ! આ આમ કરશું તો આમ થાશે, પછી આમ કરશું તો આમ થાશે, આટલા વ્રત પાળશું, આટલી તપસ્યા કરશું, આટલા અપવાસ કરશું, આટલા કષાયને મંદ કરશું. એ કહે છે કે બધી વાતું ભલે હો, પણ સ્વભાવને પામવાનો તો આ એક જ ઉપાય, બીજો કોઈ ઉપાય છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ક્રિયા કાઢી નાખી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ક્રિયા કાઢી નાખી નથી. એ સાબિત થાય છે કે વીતરાગપર્યાય ક્રિયા જે થાય એનો આશ્રય લેવા જેવો નથી. એટલે અસ્તિ સ્થપાય છે, પણ એનો આશ્રય લેવા જેવો નથી. શેઠી! આશ્રય તો આ ત્રિકાળનો આશ્રય લેવા જેવો છે અને વિકારની ક્રિયા એ છે પણ વિભાવવિકાર છે એનો આશ્રય લેવા અને એનાથી જાણતો.. એવો નથી. સ્થપાય છે કે આ છે તે દોષવાળો છે અને આ છે તે લાભદાયક છે. લાભદાયક કોણ અને અલાભદાયક કોણ એની બેયની અસ્તિતા સાબિત થાય છે. કહો, સમજાણું કાંઈ?

'**સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ,...**' હવે કહે છે. ત્રણની તો ઓળખાણ આપી ત્રણ રીતે. સ્વભાવ, વિભાવ, વિવિધ કાર્ય વિનાનો, વિવિધ કાર્યવાળો આ ચાર વાત અને પરમભાવ, અપરમભાવ. હવે '**સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના...**' આઠેય કર્મના ઝેરરૂપી વૃક્ષો. લ્યો, એમાં તો તીર્થંકરગોત્ર પણ આવતું હશે કે નહિ? તીર્થંકરગોત્ર પડ્યું છે એ વિષવૃક્ષ હશે કે નહિ? કે અમૃતકુંભ હશે જડ? ૧૪૮ પ્રકૃતિ તો ઝેરના ઝાડ છે, માટી, ધૂળ છે. '**સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં...**' અંશ રહે નહિ કહે છે. જો મૂળિયું હોય તો ઊગે. બોરડી હોય છેને ખેતરમાં? ઊંડી ન ખોદે તો વળી ઊગે પાછી બે મહિને, છ મહિને. આ તો '**સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના...**' અમૃતનો કુંડ ભગવાન છે. આત્મા અતીન્દ્રિય અમૃતનો પિંડ છે. એની દૃષ્ટિ, એની દૃષ્ટિના આશ્રય કરવા યોગ્ય પરમપારિણામકભાવને આશ્રયે. '**સમસ્ત**

**કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ,...'** લ્યો, એવો આ પરમભાવ. પહેલી સમજણ તો કરે, એના જ્ઞાનમાં આ રીતે જ્ઞેય થવાલાયક છે એમ તો જાણે અને બીજું જ્ઞેય કર એમાં કાંઈ લાભ છે નહિ.

**'ત્રિકાળ-નિરાવરણ નિજકારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે કુદષ્ટિને, સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં, અવિદ્યમાન જ છે...'** શું કહે છે? કે આ પરમભાવ એક સમયમાં ભગવાન પૂર્ણ આનંદ અમૃતનો કુંડ વિવિધ પર્યાયના કાર્ય વિનાનો, પરમભાવ, સ્વભાવભાવ અને ઉત્કૃષ્ટ એ ત્રિકાળ નિરાવરણ નિજકારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધા. આત્મા ત્રિકાળ નિરાવરણ છે એવો નિજ ભગવાન એના સ્વરૂપની શ્રદ્ધા જેને નથી, એવા સ્વરૂપની શ્રદ્ધા કરતો નથી અને પુણ્યને વ્યવહારથી ધર્મ થાય એવી શ્રદ્ધા કરે છે. નિમિત્ત સારા હોય તો લાભ કાંઈક તો થાય એવો મિથ્યાદષ્ટિ એવા સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદને લીધે. પહેલું તો સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ છે માટે તીવ્ર કર્મ મિથ્યાત્વનો ઉદય કીધો છે. ઉંધી શ્રદ્ધા કરી એટલે કર્મનો ઉદય કીધો, ન કરે તો કર્મનો ઉદય એની મેળે ખરી જાય. પહેલી વાત કરીને, ભાઈ!

**'નિજકારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ...'** કરી છે વિપરીત શ્રદ્ધા એવા **'તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે કુદષ્ટિને...'** ઉંધી દષ્ટિવાળાને. પુણ્ય, પાપ ને નિમિત્ત ને વ્યવહાર ને વિકલ્પ ને આ હોય તો આ હોય તો લાભ થશે એવા કુ-ભૂંડી દષ્ટિવાળાને **'સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં,...'** પરમભાવ છે તો ખરો, પણ એને નથી. કેમકે અંદરમાં માહાત્મ્ય આવ્યું નથી એટલે એને છે નહિ. છે છતાં નથી. સમજાણું કાંઈ? કારણ કે છતાંપણું એ રાગને અને પુણ્યને અને વિકલ્પને એક સમયની પર્યાયને માહાત્મ્ય આવે છે. એક સમયનું અવસ્થા ક્ષયોપશમપાન વિકલ્પ, નિમિત્ત એક સમયની અસ્તિ એને માહાત્મ્ય આવે છે, એટલે એને સ્વભાવનું માહાત્મ્ય નથી. એની પર્યાયમાં આવો પરમપારિણામિકભાવ છે એ વાત બેસતી નથી માટે નથી. છે તો ખરો, કાંઈ વયો જાતો નથી. કહો, સમજાણું કાંઈ? ઓહો..!

**'તીવ્ર મિથ્યાત્વકર્મના ઉદયને લીધે...'** એટલે એવા મિથ્યાત્વ કર્મનો ઉદય અને એમાં કાંઈક પરમપારિણામિક તરફ જોડાતો પરમસ્વભાવભાવ છે તેનું માહાત્મ્ય કરતો નથી અને માહાત્મ્ય બધું એક સમયનો ઉઘાડ, આટલો ઉઘાડ થયો, આટલું જ્ઞાન થયું, આટલું આ થયું. આટલો રાગ ઘટયો, આટલાં તો પુણ્ય કર્યા એનું માહાત્મ્ય કરે એવો કુદષ્ટિ, મિથ્યાદષ્ટિ એને સદા નિશ્ચયથી તો વિદ્યમાન પરમપારિણામિકભાવ છે, છતાં અવિદ્યમાન છે. છતાં એની દષ્ટિમાં આવતો નથી માટે એને માટે તો નથી. એને માટે નથી. સમજાણું કાંઈ?

એક સમયની સત્તા પૂર્ણ શુદ્ધ છે એ તરફની શ્રદ્ધાના બળ વિના એની શ્રદ્ધાનું જોર

વર્તમાન ક્ષયોપશમ જ્ઞાનની પર્યાય કે રાગ કે સંયોગ અનુકૂળ એની હયાતીને કબુલે છે. એવી કુદૃષ્ટિવંતને પરમપારિણામિકભાવ જે કહ્યો તે હયાતી ધરાવતો હોવા છતાં એને માટે હયાતી નથી. એને માટે તો વર્તમાન અવસ્થા રાગ અને નિમિત્ત જ હયાતી ધરાવે છે. બાકી બધું ફોક એને લાગે છે. કહો, સમજાણું કાંઈ? શેઠી! ગાથા તો બહુ સારી છે. બધી સારી છે ગાથા તો.

ઓહો..હો..! વિપરીત શ્રદ્ધા, વિકલ્પની શ્રદ્ધા, રાગની શ્રદ્ધા અને નિમિત્તના અનુકૂળતાની શ્રદ્ધા અને સન્મુખ વર્તમાન પર્યાય ઉપર જેની બુદ્ધિ અને સ્વભાવભાવ પર્યાય કાર્ય છે, રાગ પણ વિકાર અને ઉદયભાવ છે, નિમિત્ત તો પર છે, એની સત્તા જો હોય, એની સત્તાની હોંશ, એની સત્તાનો ઉલ્લાસ, એની સત્તાનો મહિમા અને માહાત્મ્ય, પણ પરમસ્વભાવભાવનું માહાત્મ્ય આવતું નથી. તેને વિદ્યમાન હયાતી ધરાવતો હોવા છતાં એ પરમભાવ અવિદ્યમાન જ છે. એ છતી મૂડીએ અમૂડીવાળો. કહો, સમજાણું કાંઈ? ભાઈ! પૈસા તો ઘરમાં છે, પણ મારો બાપ વાપરવા દેતા નથી. અમે તો ભાઈ! છતી મૂડીએ કંગાળ છીએ. નથી કહેતા? કહો, સમજાણું? એમ એ નક્કી કે આ તો કહે છે કે એ કહેતો નથી, અમે કહીએ છીએ. ત્યારે છે જ નહિ તને. તારી મૂડીનો તને પત્તો નથી અને ભિખારાવેડાનો તને પત્તો છે. જ્યારે હોય ત્યારે, અરે! આટલા અમે ઉઘાડ કર્યા, રાગ કરીને ક્ષયોપશમ જ્ઞાન કર્યું. ઓહો..હો..! હવે અગિયાર અંગ અને નવ પૂર્વનું અનંતવાર કર્યું, એમાં દાળિયા શું થયા? સમજાણું કાંઈ? અને રાગની મંદતા કરી કરીને કષ્ટ સહન કરીને એમાં કષાય પાતળો પાડ્યો છે અને કોમળ પ્રકૃતિ અમે કરી છે. પહેલી પ્રકૃતિ પાંચ .. અમને નહોતી .. મારીએ એમ કહે કેટલાક. હવે અમારી પ્રકૃતિ સુંવાળી છે. શું કર્યું પણ ધૂળ કરી સુંવાળી થઈ એમાં? શું કર્યું તેં? એની સત્તા, એનું માહાત્મ્ય, એનો ઉત્સાહ, એનો પ્રમોદ એને આવે છે, પણ સ્વભાવ એક સમયમાં પૂર્ણ સત્તા ચૈતન્ય પરમભાવ પડ્યો છે એનું માહાત્મ્ય અને રુચિ, ઉત્સાહ આવતો નથી, માટે છતો છતાં એને માટે તો અછતો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ ૧૦, તા. ૦૩-૦૧-૧૯૫૫,
## ગાથા-૧૦, કળશ-૧૭ પ્રવચન નં. ૪૧૦

ગાથા ૧૦મી ચાલે છે. આ ઉપયોગની વ્યાખ્યા છે. આ આત્મા છે એ અનાદિ-અનંત વસ્તુસ્વરૂપ છે એમાં જ્ઞાન અને દર્શન સ્વભાવ છે, એ પણ અનાદિ-અનંત છે. એના અહીંયાં ઉપયોગની પર્યાયના ભેદનું વર્ણન ચાલે છે. ઉપયોગ એટલે જ્ઞાન અને દર્શનનો જાણવા-દેખવાનો વેપાર. ઉપયોગ એટલે કે જાણવા-દેખવાનો વેપાર એને ઉપયોગ કહે છે. એ ઉપયોગની વ્યાખ્યામાં અધ્યાત્મદૃષ્ટિએ જરી સૂક્ષ્મ વાત છે. પહેલું તો એમ કહ્યું કે '**આત્માનો ચૈતન્ય-અનુવર્તી પરિણામ તે ઉપયોગ છે.**' ભગવાન આત્મા એનો ચૈતન્ય જે ગુણ આત્મા દ્રવ્ય છે અને એનો ચૈતન્ય જે ગુણ છે એને અનુસરીને, એને અનુસરીને થનારો, અનુસરીને વર્તનારો એવો જે પરિણામ, પર્યાય, અવસ્થા એને અહીંયાં ઉપયોગ કહે છે. એ ઉપયોગ ધર્મ છે અને જીવ છે તે ધર્મી છે. ઉપયોગ પર્યાય છે એનો ધરનાર ધર્મી તે આધાર છે. એમ વાત બધી ચાલી આવે છે આધારની, ભાઈ! આધારની આવી છે. શ્વેતાદિ ગુણનો આધાર તે મૂર્તદ્રવ્ય એમ બધું ચાલ્યું આવે છે એ શૈલીથી.

એમ આત્મા એનો ચૈતન્યસ્વભાવ જે ગુણ એ ચૈતન્યના બે પ્રકાર—જ્ઞાન અને દર્શન. એને અનુસરી વર્તનારો, થનારો, અનુસરીને હોવાવાળો ગુણને અનુસરીને હોવાવાળો જે પરિણામ એટલે અવસ્થા તેને અહીંયાં ઉપયોગ કહે છે. એ ઉપયોગ તે ધર્મ નામ પર્યાય છે અને જીવ તેનો ધરનાર તે ધર્મી છે. ધર્મી—ધર્મનો ધરનાર. ઉપયોગ પર્યાય છે તે ધર્મ છે, એનો પર્યાય સ્વભાવ છે, એનો ધરનાર તે આત્મા છે. '**દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે.**' ફરીને લીધું છે. '**દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે. જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગ બે પ્રકારનો છે (અર્થાત્ ઉપયોગના બે પ્રકાર છે : જ્ઞોનોપયોગ અને દર્શનોપયોગ...**' જ્ઞાનપર્યાય, જ્ઞાનરૂપી પરિણામ અને દર્શનરૂપી પરિણામ. જ્ઞાનરૂપી પર્યાય, પરિણામ અને દર્શનરૂપી પરિણામ એવા ઉપયોગના બે ભેદ છે.

'**આમાં જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદને લીધે બે પ્રકારનો છે...**' એ જ્ઞાન ચૈતન્ય અનુવિધાયી પરિણામ, જ્ઞાનના એટલે ચૈતન્યના અનુવિધાયી જે પરિણામ ઉપયોગ. એ ઉપયોગના બે પ્રકાર છે. એક સ્વભાવ ઉપયોગ અને એક વિભાવ ઉપયોગ. એક સ્વભાવિક ચૈતન્ય અનુવિધાયી પરિણામ. સમજાય છે? એક વિભાવિક ચૈતન્ય અનુવિધાયી પરિણામ. પણ સ્વભાવના પણ બે ભેદ છે. સમજાણું? ભાઈ! જ્ઞાનોપયોગના સ્વભાવરૂપ ચૈતન્ય અનુવિધાયી સ્વભાવરૂપ પરિણામ અને એક ચૈતન્યને અનુસરીને વર્તનારા વિભાવરૂપ

પરિણામ એ જ્ઞાન ઉપયોગના પણ આ પ્રકારે બે ભેદ પડે છે.

હવે એમાં પણ સ્વભાવજ્ઞાન, એ સ્વભાવ જ્ઞાનરૂપ ઉપયોગ પરિણામ ચૈતન્ય અનુવિધાયી. આત્મા વસ્તુ એનો ચૈતન્ય ગુણ એને અનુસરીને, એને વર્તનારા જે જ્ઞાનના પરિણામ, જ્ઞાનના સ્વભાવરૂપ પરિણામ, જ્ઞાનના સ્વભાવરૂપ ઉપયોગ પરિણામ એ કેવા છે? '**અમૂર્ત,...**' છે. '**અવ્યાબાધ,...**' છે એ પર્યાય. '**અતીન્દ્રિય અને અવિનાશી છે;...**' સ્વભાવ. આત્મા વસ્તુ એનો ચૈતન્યને અનુસરીને વર્તનારો જ્ઞાનસ્વભાવ પરિણામ તે ચાર પ્રકારે છે. એટલે કે અમૂર્ત છે, અવ્યાબાધ (અર્થાત્) જેને કોઈ વિઘ્ન નથી, એ અતીન્દ્રિય છે, અવિનાશી છે. આત્મા વસ્તુ છે એના ચૈતન્યગુણને અનુસરીને વર્તનારો, થનારો અનુવિધાયી ઉપયોગરૂપ પરિણામ તેને જ્ઞાનરૂપ, સ્વભાવરૂપ પરિણામ એ જ્ઞાનસ્વભાવરૂપ પરિણામના બે પ્રકાર છે. એ બે પ્રકારની આ વ્યાખ્યા કીધી કે બેય અમૂર્ત છે, અવ્યાબાધ છે, અતીન્દ્રિય છે અને અવિનાશી છે.

તે સ્વભાવરૂપ જ્ઞાનોપયોગ ચૈતન્યને અનુસરીને થતાં પરિણામ તે પણ કાર્ય અને કારણરૂપે બે પ્રકારનું છે. સમજાય છે કાંઈ? જુઓ, આ ઝીણી વાત આવશે હવે. પરિણામ એક સ્વભાવ. ચૈતન્ય અનુવિધાયી ઉપયોગ પરિણામ એક સ્વભાવ ચૈતન્ય અનુસરીને થતાં કાર્યરૂપ પરિણામ, એ કારણરૂપ પરિણામ. આત્મા વસ્તુ છે, એનો ચૈતન્ય અનુસરીને થનારો ઉપયોગ છે એ ઉપયોગના જ્ઞાનોપયોગ સ્વભાવરૂપ એના બે પ્રકાર—જ્ઞાનસ્વભાવરૂપ ઉપયોગના પરિણામના બે પ્રકાર—એક કાર્યસ્વભાવજ્ઞાન, એક કારણસ્વભાવજ્ઞાન. ઓહો..હો..! હવે કાર્યસ્વભાવજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાન બેય ચૈતન્યને અનુસરીને થતાં ઉપયોગરૂપ પરિણામ બેય અમૂર્ત છે, બેય અવ્યાબાધ છે, બેય અતીન્દ્રિય છે, બેય અવિનાશી છે.

એમાં '**કાર્ય તો...**' હવે કાર્ય એટલે આત્મા વસ્તુ, ચૈતન્ય ગુણ એને અનુસરીને વર્તનારો, થનારો. સમજાય છે? એવો કાર્યરૂપ ઉપયોગ '**સકળવિમળ કેવળજ્ઞાન છે...**' કેવળજ્ઞાન ઉપયોગને સકળવિમળ-સર્વથા નિર્મળ કેવળજ્ઞાન એ સ્વભાવિક ચૈતન્યને અનુસરીને થતો કાર્યરૂપ સ્વભાવ જ્ઞાનોપયોગ છે. વજુભાઈ! કેવળજ્ઞાન. '**અને તેનું કારણ...**' એ સ્વભાવરૂપ ચૈતન્યને અનુસરીને વર્તનારો, થનારો કેવળજ્ઞાનરૂપી ઉપયોગરૂપ પરિણામ જે કાર્યસ્વભાવ ઉપયોગ પરિણામ કહ્યા '**તેનું કારણ...**' એ ક્યાંથી પ્રગટ્યું કહે છે? કાંઈ નિમિત્તમાંથી કેવળજ્ઞાનનો કાર્યસ્વભાવ ઉપયોગ આવતો નથી, તેમ રાગ અને પુણ્ય વિકલ્પમાંથી આવતો નથી, તેમ ચાર જ્ઞાનની વર્તમાન પર્યાય પ્રગટ હોય એમાંથી પણ એક ચૈતન્યને અનુસરનારો કેવળજ્ઞાનરૂપી કાર્યસ્વભાવ ઉપયોગ, ચાર જ્ઞાનની વર્તમાન ક્ષયોપશમ પર્યાયમાંથી પણ એ કેવળજ્ઞાન કાર્ય સ્વભાવ ઉપયોગ આવતો નથી. ત્યારે શેમાંથી આવે છે?

'**તેનું કારણ પરમપારિણામિકભાવે રહેલું...**' પરમપારિણામિકભાવ જે ચૈતન્યનો સ્વભાવભાવ, ત્રિકાળ શુદ્ધ સ્વભાવ એમાં રહેલો '**ત્રિકાળનિરુપાધિરૂપ સહજજ્ઞાન છે...**'

ત્રિકાળ નિરૂપાધિરૂપ ત્રણે કાળે જેમાં ઉપાધિ નથી એવો એક કારણજ્ઞાનસ્વભાવ ઉપયોગ જે ધ્રુવરૂપ પર્યાય છે તેને કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ કહે છે. ઓહો..હો..! શેઠી! આ પર્યાય છે હોં! જુઓ! આ વાત તદ્દન અપૂર્વ અને નવી છે. સાધારણમાં આ કારણ ઉપયોગ, ઉપયોગ વળી પર્યાય, વળી ધ્રુવ, આ શું?

જેમ સિદ્ધ પર્યાય સામાન્યપણે અનાદિ-અનંત છે, જેમ સિદ્ધ પર્યાય સામાન્યપણે અનાદિ-અનંત છે. એ તો વ્યક્તિથી લ્યો તો સાદિ-અનંત છે. સમજાય છે કાંઈ? સિદ્ધ-સિદ્ધ. પહેલાં સિદ્ધ નહોતા એમ છે? સામાન્યપણે લ્યો તો સામાન્ય જેવો આત્મા શુદ્ધ છે એવો એનો પર્યાય સિદ્ધરૂપ પર્યાય પણ અનાદિનો છે. સામાન્ય. વ્યક્તિગત કરો તો સિદ્ધપદ સાદિઅનંત થાય છે. સમજાય છે કાંઈ? સમજાણું?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, એ નહિ, એ નહિ. હું તો બીજી વાત કરું છું. એને કારણ-કાર્ય નથી. અહીંયાં તો હું આ કારણ ઉપયોગ કેમ છે એ વાત સિદ્ધ કરવા જરી દલીલ આપું છું કે જેમ આત્મા સામાન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયે શુદ્ધ છે એમ એનો શુદ્ધ સિદ્ધ પર્યાય પણ અનાદિના આ જગતમાં સિદ્ધ પર્યાય નહોતો અને સંસાર પહેલો હતો અને સિદ્ધ પછી છે એમ સામાન્યપણે નથી. જગતની અંદર સિદ્ધની પર્યાય કોઈ દિ' નહોતી એમ છે નહિ. શું કહ્યું સમજાણું? અનાદિ સિદ્ધ છે. જેમ સામાન્ય દ્રવ્ય ચૈતન્ય વસ્તુ અનાદિ-અનંત, એનો ચૈતન્ય ગુણ અનાદિ-અનંત અને એની પ્રગટ પર્યાય શુદ્ધ સિદ્ધની સામાન્યપણે ગણીએ આમ લોકમાં તોપણ એ અનાદિ-અનંત છે. સિદ્ધ અનાદિ છે કે નહિ? જરી સૂક્ષ્મ વાત. નવી વાત તો છે. એ વ્યક્તિનું અત્યારે કામ નથી. અહીં તો વ્યક્તિગત સાદિ એ તો વાત થઈ ગઈ. મારે તો અહીં બીજું કારણ ઉપયોગ સ્વભાવ અનાદિનો છે એ સિદ્ધ કરવો છે. જરી ઝીણી વાત છે. સમજાય છે કાંઈ?

જેમ આત્મા દ્રવ્ય અને ગુણે ત્રિકાળ શુદ્ધ છે શક્તિરૂપે, એની પર્યાય પણ પ્રગટરૂપે સિદ્ધોની ગતિ, સિદ્ધરૂપી ગતિ અનાદિની છે. પ્રગટ રૂપ સિદ્ધપર્યાય પણ... બધા જીવનો પ્રશ્ન નથી. સિદ્ધ ગતિની અપેક્ષાએ છે. જુઓ, એમાંથી સિદ્ધાંત છે જરી કે જેમ સિદ્ધગતિનો પર્યાય એ પણ જગતમાં પહેલો નહોતો એમ નથી. એ અનાદિ-અનંત છે, એ શુદ્ધ પર્યાય પ્રગટ અનાદિ-અનંત છે. સિદ્ધ ગતિની અપેક્ષાએ. આમ આત્મા લઈએ તો આત્મા દ્રવ્યે, ગુણે શુદ્ધ છે અને એનો પ્રગટ સંસાર પર્યાય પણ અનાદિનો છે અને અનંતકાળ રહેવાનો છે. સિદ્ધ જેમ પહેલાં નથી એમ સંસારનો કોઈ દિ' અંત બધા જીવનો આવશે એમ નથી. સમજાય છે કાંઈ?

જેમ આમ આત્મા અને એનો ગુણ જેમ શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શક્તિરૂપે અનાદિ છે એમ એની પ્રગટ પર્યાયની સિદ્ધ ગતિ પણ અનાદિની છે. અને જેમ આત્માનો શુદ્ધ દ્રવ્ય-

ગુણ શુદ્ધ અનાદિ છે, એમ સંસારપર્યાય વિશેષ પ્રગટરૂપ પણ અનાદિની છે. અને એ સંસારપર્યાયનો અનંતકાળ રહેવાની છે સામાન્યપણે. સમજાય છે કાંઈ? અને સિદ્ધમાં જેમ વ્યક્તિગત સાદિ-અનંત છે એમ સંસારના વ્યક્તિગત અનાદિ-સાંત છે. વ્યક્તિનો અનાદિ-સાંત સંસાર થઈ જવાનો, સમજાય છે? પણ સંસારપર્યાયનો કોઈ દિ' અંત આવી જાય જગતમાં (એમ ન બને). અનાદિ-અનંત છે. .. અનાદિ-અનંત છે. સમજાય છે? એમ મોક્ષમાર્ગનો પર્યાય જગમતાં અનાદિ-અનંત છે.

આ નિયમસાર ચાલે છેને નિયમસાર. તો નિયમ મોક્ષમાર્ગ એ પહેલો જગતમાં નહોતો સામાન્યપણે એ પણ અનાદિ-અનંત છે. વ્યક્તિગત કરે જ્યારે મોક્ષમાર્ગ ત્યારે સાદિ થઈને મોક્ષમાર્ગનો અંત આવી જાય છે અને મોક્ષની સાદિ-અનંત દશા પ્રગટે છે. શું કહ્યું સમજાણું કાંઈ? બે પર્યાય સિદ્ધ કરીને અનાદિ-અનંત પ્રગટ શુદ્ધ પર્યાય સિદ્ધ, અનાદિ-અનંત પ્રગટ અશુદ્ધ પર્યાય સંસારની. સિદ્ધમાં વ્યક્તિગત મુક્તિ સાદિ-અનંત, સંસારમાં વ્યક્તિગત સંસારનો અંત અનાદિસાંત. નિયમ મોક્ષમાર્ગના બે પ્રકાર—એક મોક્ષમાર્ગ જગતમાં અનાદિ છે કે નિયમસાર મોક્ષમાર્ગ પૂર્વે કોઈ દિ' નહોતો અને કોઈ જીવ નવો એક પહેલો પાક્યો એમ છે નહિ. સમજાય છે કાંઈ? મોહનભાઈ! કેટલું ઝીણું! આવ્યું છે તમારે આમાં કાંઈ?

નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. અહીં નિશ્ચય મોક્ષનો માર્ગ એ જ મોક્ષમાર્ગ છે, વ્યવહાર વિકલ્પ મોક્ષમાર્ગ છે નહિ. અને નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય એના સાધનારા કોઈ જીવ પહેલો થયો એમ નથી, અનાદિ છે; અને વ્યક્તિગત લ્યો, વ્યક્તિગત લ્યો તો આણે નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ કર્યો ત્યારે સાદિ થઈ ગઈ અને એ માર્ગનો અંત આવી જાય છે એને. કારણ કે માર્ગનો અંત આવીને માર્ગનું ફળ સિદ્ધ થઈ જાય છે. કેવળજ્ઞાન પ્રગટે ત્યારે માર્ગનો અંત આવી ગયો. માર્ગ ન રહ્યો, માર્ગફળ થઈ ગયો સાદિ-અનંત. મોક્ષમાર્ગ સાદિ-સાંત વ્યક્તિને અને આ સામાન્યમાં અનાદિ-અનંત અને સાદિ-સાંત મોક્ષમાર્ગ થઈને પછી મોક્ષ પ્રગટ્યો એ સાદિ-અનંત વ્યક્તિગત. આમ અનાદિ-અનંત સામાન્ય, સંસાર આનાદિ-અનંત સામાન્ય. એમ આત્મામાં દ્રવ્ય અને ગુણે જે શક્તિરૂપ ત્રિકાળ છે એનો એક ઉપયોગરૂપ શુદ્ધ કારણ. અહીં કારણની વ્યાખ્યા આવી માટે આ વાત ચાલે છે. એ કારણરૂપ જે પર્યાય અનાદિ-અનંત છે... સમજાય છે કાંઈ? આ વિષય ઝીણો છે, ભાઈ! જરી આમ જેમ લીધા બોલ એમ આત્મા દ્રવ્ય, ગુણ અનાદિ-અનંત, એમ એનો ઉપયોગરૂપ ધ્રુવ સ્વભાવરૂપ કારણ ચૈતન્ય અનુવિધાયી પરિણામ તે ધ્રુવ અંશ વિશેષ, જેમ દ્રવ્ય-ગુણ સામાન્ય છે એવો જ વિશેષ, પણ ત્રણે થઈને દ્રવ્યાર્થિકનય નિશ્ચયનયનો વિષય એ શુદ્ધ કારણ ચૈતન્ય અનુસારી પરિણામ એ પણ અનાદિનું છે, અનંતકાળ જીવોને રહેવાનો છે. વીરજીભાઈ! સમજાણું કાંઈ આમાં? સમજાય છે કે નહિ?

**શ્રોતા** :- મોક્ષમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધામાં છે, બધા જીવમાં છે. કોઈ જીવમાં શુદ્ધ કારણ ઉપયોગ નથી એવો જીવ જ નથી.

કહે છેને **'અને તેનું કારણ...'** કોનું કારણ? એ પરમસ્વભાવજ્ઞાન ઉપયોગરૂપી કાર્ય કેવળજ્ઞાન, એનું કારણ. કેવળજ્ઞાન નવું વ્યક્તિગત. આમ સામાન્ય કેવળજ્ઞાન અનાદિ-અનંત. કેવળજ્ઞાનનો ઉપયોગ જગતમાં અનાદિ-અનંત. બરાબર છે? કેવળજ્ઞાનનો ઉપયોગ જગતમાં અનાદિ-અનંત છે. ઓહો..હો..! એમ વિભાવરૂપ પ્રગટ ઉપયોગ જે છે એ પણ જગતમાં અનાદિ-અનંત. વિભાવરૂપ મતિશ્રુતાદિ જે વિભાવરૂપ ઉપયોગ, કુમતિ, કુશ્રુત એ પણ અનાદિ-અનંત. જેમ કેવળજ્ઞાનરૂપી ઉપયોગ જેમ અનાદિ-અનંત છે સામાન્ય અને સામાન્ય વિભાવરૂપ મતિ અને શ્રુતનો કુજ્ઞાનનો ઉપયોગ પણ અનાદિનો સામાન્ય છે, એમ ભગવાન એક-એક આત્માને વિષે દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે એનો પર્યાય કારણસ્વભાવ ઉપયોગરૂપ પરિણામ પણ દરેક જીવને અનાદિ-અનંત છે. સમજાય છે કાંઈ? બહુ જુદી વાત છે.

તો કહે છે કે **'તેનું કારણ...'** કોનું કારણ? કે કેવળજ્ઞાનરૂપી ચૈતન્ય અનુસારીને થતાં પરિણામ તેનું કારણ. કારણ તો અનાદિ છે પણ જ્યારે કારણ તરફનો ઉપયોગ, પોતાનો વર્તમાન ઉપયોગ અંતર વિશેષ કારણ ધ્રુવ છે, જેનો પર્યાય કારણની વાત લીધી તો દ્રવ્ય-ગુણ કારણ એમાં આવી ગયા. જેનો પર્યાયરૂપ ધ્રુવ કારણસ્વભાવ પરિણામ ઉપયોગ એના ગુણ અને દ્રવ્ય તેમાં આવી જ ગયા છે. એ કારણ પરિણામ જે છે એને કારણ બનાવનાર, કારણ છે ત્રિકાળ. સમજાય છે? કારણ છે ત્રિકાળ, એને કાર્ય બનાવનાર નવીન થાય છે એક વ્યક્તિ તરીકે. સમજાય છે? કારણ કારણરૂપે તો ત્રિકાળ રહે છે અને કારણમાંથી કાર્ય ઉપયોગ સામાન્યપણે તો અનાદિ છે, પણ વ્યક્તિગત કારણને, કારણને કારણ બનાવીને, કારણને કારણ બનાવીને કારણમાંથી કાર્ય પ્રગટ કરે એ વ્યક્તિ નવી થાય છે.

તો કહે છે કે **'તેનું કારણ પરમપારિણામિકભાવે રહેલું...'** પરમપારિણામિક જ્ઞાનસ્વભાવભાવ જે છે એમાં રહેલું **'ત્રિકાળી નિરુપાધિરૂપ...'** ત્રિકાળી નિરુપાધિરૂપ એવું **'સહજજ્ઞાન છે.'** એટલે સ્વભાવિક ચૈતન્ય અનુસરીને થતો ઉપયોગરૂપ પરિણામ એ અનાદિ અનંત છે. સમજાય છે કાંઈ? આ વિષય તો ભાઈ એવી ચીજ છે કે આમ વસ્તુસ્વભાવ છે દ્રવ્ય અને ગુણ જેમ અભેદ, એનો એક સમયનો પર્યાય ત્રિકાળ અભેદ છે. અભેદ કરનારો જાગે ત્યારે તેને કારણનો ખ્યાલ આવે છે, નહિતર કારણનો ખ્યાલ ન આવે એટલે કારણ નથી એમ નથી. ત્રિકાળ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? મૂળજીભાઈ! આ મૂળજીભાઈ માંડ સાંભળવા રોકાણા છે આજમાં. કહો, સમજાણું કાંઈ? કેવળજ્ઞાન કાર્ય છે એનું કારણ કોણ? કે કારણ તો ત્રિકાળ પડ્યું છે. આમ આત્મા દ્રવ્ય, એનો જ્ઞાન ચૈતન્ય ગુણ. ચૈતન્યના બે પ્રકાર જ્ઞાન અને દર્શન. એને અનુસરીને જ્ઞાનને અનુસરીને થતો વર્તમાન શુદ્ધ કારણ ઉપયોગરૂપી પરિણામ. સમજાય છે? એ પણ ત્રિકાળ છે. એનું લક્ષ કરીને કાર્ય કેવળજ્ઞાનરૂપી

ઉપયોગ પ્રગટ કર્યો. એ કાર્ય કર્યું એ તો એનું એ કાર્ય શુદ્ધજીવ થયો, કાર્ય શુદ્ધજીવ થયો, પણ કાર્ય શુદ્ધજીવ થવા પહેલાં જે કારણશુદ્ધોપયોગનો પર્યાય ત્રિકાળ છે એની પ્રતીતિ ને જ્ઞાન અને રમણતાનો અંશ કર્યો એ નિયમરૂપી મોક્ષમાર્ગરૂપી કાર્ય કર્યું. મોક્ષ, નિયમમોક્ષમાર્ગ, એ નિયમમોક્ષમાર્ગ, પણ કાર્યરૂપ જે કેવળજ્ઞાન જે કાર્ય છે એ તો એનું ફળ છે. પણ એ નિયમરૂપી કાર્ય એ ત્રીજી ગાથામાં આવી ગયું છે.

નિયમ, નિયમ એટલે મોક્ષનો માર્ગ. નિયમ. એ નિયમના બે પ્રકાર—એક શુદ્ધ ચૈતન્ય પરિણામ ત્રિકાળ એ ત્રિકાળ તે નિયમ પર્યાય ત્રિકાળી અને એને અવલંબીને વર્તમાન પ્રતીત, જ્ઞાન અને રમણતાનો અંશ નિર્વિકલ્પ પ્રગટે એ વર્તમાન નિયમરૂપી કાર્ય, પણ એ નિયમરૂપી કાર્ય. એ શુદ્ધ કાર્યજીવ નહિ હજી, તેમ શુદ્ધ કાર્ય કેવળજ્ઞાન ઉપયોગરૂપી પરિણામ નહિ, મોક્ષમાર્ગ છે. પણ મોક્ષમાર્ગમાં એ કારણરૂપ જે શુદ્ધોપયોગરૂપી પર્યાય છે અને તે સામાન્ય દ્રવ્ય-ગુણરૂપ પણ ત્રિકાળ છે અને ત્રિકાળી ત્રણેની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા ત્રણ તરફની વલણની એ વલણનો અધૂરો ભાવ તેને નિયમરૂપી મોક્ષમાર્ગરૂપી કાર્ય કહે છે અને એનું પૂર્ણ ફળ થઈ જાય, કેવળજ્ઞાનના કારણરૂપી કેવળજ્ઞાન કાર્યના સ્વભાવ કારણરૂપી ઉપયોગની પર્યાયનું અવલંબન લઈને પૂર્ણ પર્યાય થઈ જાય તેને કાર્યરૂપ કેવળજ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ? હવે આવું આ રેકોર્ડિંગમાં ઉતર્યું. કહો, સમજાય છે કાંઈ? છોટાભાઈ! અહીં તો કોઈ વખતે એકાદ શબ્દ હોયને એ ખ્યાલમાં રહીને વાત ચાલતી હોય છે. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શુદ્ધ ઉપયોગ કોઈ પરમપારિણામિકભાવ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમપારિણામિકભાવની પર્યાય. ત્રિકાળ નિરુપાધિ જેમાં કર્મના નિમિત્ત અને નિમિત્તના અભાવની અપેક્ષા લાગુ પડતી નથી. કેવળજ્ઞાનમાં તો નિમિત્તના અભાવની અપેક્ષા લાગુ પડે, વર્તમાન કેવળજ્ઞાનમાં નિમિત્તની અપેક્ષા વર્તમાન નથી. પણ આમાં તો વર્તમાન અને પછી ક્યાંય નિમિત્તની અપેક્ષા લાગુ ન પડે એવો આત્મા ચૈતન્ય, એનો ચૈતન્ય ગુણ એના જ્ઞાનરૂપી જે જ્ઞાનને અનુસરીને શુદ્ધ કારણસ્વભાવ ઉપયોગરૂપી પરિણામ ત્રિકાળ નિરુપાધિ છે. એ પર્યાય, એ ગુણ અને દ્રવ્ય ત્રણ થઈને દ્રવ્યાર્થિકનય નિશ્ચયનયનો વિષય છે. સમજાણું કાંઈ? એય..! હિંમતભાઈ!

આ નિયમસારમાં નવીન અપૂર્વ વાત ભગવાન કુંદકુંદાચાર્યે મૂકી છે શાસ્ત્રમાં. એને પદ્મપ્રભમલધારીદેવે સ્પષ્ટ ખુલ્લી કરી નાખી છે. મહા અધ્યાત્મમાં મસ્ત જંગલમાં રહેતા મુનિ, છઠ્ઠે અને સાતમે ગુણસ્થાને ઝૂલતા અને કહ્યું છે પહેલાં કે આ ટીકા અમે અમારાથી નથી કરતાં, ભાઈ! એ પહેલું આવી ગયું છે. અમને પરંપરાએ દેવ-ગુરુ આદિ, આચાર્યો આદિથી અમને મળેલું છે. એ આવ્યું છે પહેલાં જુઓ, છેને? જુઓ, ત્રીજે પાને છે.

**'ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?'** સમજાય

છે કાંઈ? કહે છે કે અમને ગણધરોથી પરંપરા અને શ્રુતધરથી પરંપરા અમારા ગુરુ તરફથી આ શાસ્ત્રની ટીકાનો ભાવ સારી રીતે અમને પ્રગટ કરીને સમજાવે છે. ભાઈ! એમાં આ વાત આવી ગઈ કે નહિ? **'વ્યક્ત કરાયેલા આ પરમાગમના અર્થસમૂહનું...'** પદાર્થના સમૂહનો જે ભાવ **'કથન કરવાને...'** જે અમને વ્યક્ત ગુરુએ કરેલો છે એમાં અમે કરવાને મંદબુદ્ધિ તે કોણ છીએ? અમને પરંપરા મળી છે, પણ અત્યારે અમારું મન આગમ તરફના ઘોલનમાં ચાલ્યા કરે છે, એથી તો આગમની પુષ્ટિ માટે આ ટીકા થાય છે, એમ પછીની ગાથામાં કહ્યુંને ભાઈ પછી તો. પછી કહે અમને તો મળેલું છે, પણ કેમ અમારું અત્યારે વલણ ત્યાં જાય? અમારું હૃદય હમણાં આ કાળે, વર્તમાનકાળે એના તરફ આમ વલણ થયા કરે છે. આનો આ અર્થ, આનો આ અર્થ, આનો આ ઉપયોગ, આનો આ ભાવ એમ હમણાં વલણ થયા કરે છે. એથી **'પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે.'** વારંવાર ઉપયોગ એના તરફ જાય છે, આનું આ, આનું આ, આનું આ, ગુરુએ આમ કહ્યું હતું, એનો ન્યાય આ એવી રુચિની પ્રેરણાથી આ ટીકા થાય છે. એનો ભાવ તો પ્રગટ અનાદિ અમને અમારા ગુરુ, પછી થયેલા, એના પરંપરાએ અમને બધું મળેલું છે. જુઓ, હું આ એક એક આત્મા આવો છે. આમ આત્મા-આત્મા બધા કરે એમ ન ચાલે.

**શ્રોતા :-** .. એમ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે! સ્પષ્ટ કરી નાખી છે. સાંભળો! સમજાય છે?

આત્મા દ્રવ્ય અનાદિ-અનંત વસ્તુ, શક્તિવાન વસ્તુ અનાદિ-અનંત એની જ્ઞાન, દર્શન આદિ શક્તિઓ અનાદિ-અનંત અને તેનો વિશેષ સામાન્યનો વિશેષ અંશ... પર્યાયનયે બધું પલટન છે ત્રણેય, પણ સદૃશ્યપણે દ્રવ્ય, ગુણ અને શુદ્ધ કારણરૂપ પર્યાયનો ઉપયોગ સદૃશ્યપણે. ત્રણે ધ્રુવ છે. સમજાય છે કાંઈ? એવો આત્મા એને કારણ બનાવે એ કારણ તો છે. એને કારણ બનાવીને પહેલી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા સ્વભાવસન્મુખ એવો શુદ્ધ કારણપર્યાય, જે ચૈતન્યરૂપી દરિયો એનું ઉપલું તળીયું. તળીયું કહે છે સમજાય છે? સમજાણું કે નહિ? આ ઉપરની સપાટી. દરિયાની ઉપરની સપાટી હોય છેને, એમ આત્મા શક્તિ અનંતગુણનો પિંડ એની અનંતગુણ શક્તિ, એનું ઉપરનું તળીયું આ શુદ્ધકારણપર્યાય ઉપરની સપાટી, સામાન્ય સ્વભાવની ઉપરની સપાટીનો અંશ જે શુદ્ધકારણજ્ઞાનઉપયોગ, જે શુદ્ધકારણરૂપી ધ્રુવ ઉપયોગ એ ઉપરની સપાટી, સ્વભાવનું ઉપરનું તળીયું બહાર પર્યાય, શુદ્ધકારણવિશેષ. એની પ્રતીત અને જ્ઞાન અને રમણતા કરતાં મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે અને પૂર્ણ રમણતા કરતાં કાર્યશુદ્ધ કેવળજ્ઞાન ઉપયોગ થાય છે. આ કાર્યનું આ એક જ કારણ છે, બીજું કોઈ કારણ-ફારણ છે નહિ. એમ કરીને નવીન જે સામાન્યગુણનો વિશેષ અંશ પણ સિદ્ધ કર્યો અને જગતના કારણની તકરારોનો પણ ત્યાં સમાધાન ખુલાસો કરી નાખ્યો. ભાયાણી! કારણની આ તકરાર

છે કે નહિ? કોઈ કહે કે નિમિત્ત કારણથી થાય, કોઈ કહે કે વ્યવહાર કાંઈ વિકલ્પ, દયા, દાન, ભક્તિ આદિ કરીએ તો સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન થાય, કોઈ કહે કે વર્તમાન પર્યાયમાંથી નવી પર્યાય થાય, પ્રગટ વ્યક્ત પર્યાયમાંથી નવી પ્રગટ વ્યક્ત પર્યાય થાય. બધાનો ખુલાસો કર્યો છે. સમજાય છે કાંઈ? શું કહ્યું? ચંદુભાઈ!

પરમપારિણામિક એક સમયમાં શક્તિનો પિંડ પ્રાપ્ત છે જે લીંડીપીપરની એક એક દાણામાં ચોસઠ પહોરી એટલે પૂરી એટલે સોળ આના એટલે રૂપિયો જેમ તીખાશ ભરી છે, એમ ભગવાન આત્મામાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સોળ આના દ્રવ્ય, સોળ આના ગુણ અને સોળ આના શુદ્ધકારણપર્યાય (મોજૂદ છે). સમજાય છે કાંઈ? એ પ્રાપ્તમાંથી પ્રાપ્તિ આવે છે, ન હોય એમાંથી નહિ. તો કહે છે કે સામાન્ય છે, સામાન્ય જે દ્રવ્ય-ગુણ છે એમાંથી પ્રગટ થાય, પણ એમાં પ્રગટનું મૂળ કારણ અહીંયાં નજીકનું શુદ્ધ કારણ ધ્રુવ પર્યાય છે. સમજાણું કાંઈ? બહુ ઝીણો વિષય છે ભાઈ! વસ્તુદર્શન આત્મવસ્તુ કોને કહેવી? આત્મા અખંડ પરિપૂર્ણ કોને કહેવો અને તે આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા અંદરમાં પ્રગટ થાય તેને મોક્ષમાર્ગ કહેવાય છે. આ નિયમસારમાં આ અધિકાર માટે લેવામાં આવ્યો છે. કહો, સમજાણું કાંઈ?

'**તેનું કારણ...**' કોનું કારણ? '**કાર્ય તો સકળવિમળ...**' સકળવિમળ જોયું! '(**સર્વથા નિર્મળ**) **કેવળજ્ઞાન છે...**' ત્યારે '**એનું કારણ પણ...**' સર્વથા નિર્મળ અપ્રગટ. ભાઈ! સકળવિમળ અહીં કીધુંને મૂળ પાઠમાં. સકળવિમળ પ્રગટ છે માટે. અંદર એક પર્યાય જેને આગળ સ્વરૂપપ્રત્યક્ષ કહેશે, સ્વરૂપપ્રત્યક્ષ કહેશે. કોને? એ ત્રિકાળ શુદ્ધકારણપર્યાયનો જે અંશ છે. બ્રહ્મચારીજી! કેમ ઝોલા આવે છે? આવો .. તો પહેલાં સાંભળવામાં આવે છે. એ પણ આવે છે. સમજાય છે? ઝીણું પડે છે માટે કહે છે કે સાંભળવાને સહેલું મળે નહિ એમાં આમ થાય. અંદરમાં સમજાય છે કાંઈ? એય..! પારેખ! અહીં શું કહે છે? '**અને તેનું કારણ પરમપારિણામિકભાવે રહેલું ત્રિકાળનિરુપાધિરૂપ સહજજ્ઞાન છે.**' શું કહે છે? એ કેવળજ્ઞાનરૂપી કાર્ય છે એનો અંશ વર્તમાન-વર્તમાન તદ્દન ધ્રુવ નિર્મળ... નિર્મળ... નિર્મળ... દ્રવ્ય નિર્મળ, સ્વભાવવાન નિર્મળ, સ્વભાવ નિર્મળ ત્રિકાળી અને એનો અંશ પણ વર્તમાન ધ્રુવ નિર્મળ છે પારિણામિકભાવે રહેલો, એમાં એકાગ્ર થાય તેને કેવળજ્ઞાન પ્રગટે છે. બધા કારણનો એક નીચોડ કરી નાખ્યો. દુનિયા કહે કે નિમિત્ત કારણ આવે તો આમ થાય, આવો વ્યવહાર વિકલ્પ ઉઠે, ભગવાન સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર હો શ્રવણમાં એ આગળ લેશે. આગળ લેશે શુદ્ધભાવ અધિકારમાં. સમકિતીને સમકિત પામવામાં સમકિતી-નિમિત્ત હોય છે. કારણ કે મોક્ષમાર્ગ અધિકાર... નિયમસાર મોક્ષમાર્ગના પરિણામ એ પરિણામમાં કોના પરિણામ નિમિત્ત છે? એ અધિકાર લેવા માટે આગળ શુદ્ધભાવ અધિકારમાં ટીકામાં લેશે. એ વાત તદ્દન આમાં નવી છે અને એ જ છે વસ્તુનું સ્વરૂપ. બીજે એવું સ્પષ્ટ ક્યાંય છે નહિ. એ પણ પર્યાયની

વાત છે.

અહીં તો કહેવું છે કે જેને અહીંયાં કારણ પરિણામ કહ્યા તેને સ્વરૂપપ્રત્યક્ષ કહે છે. આગળ કહેશે ૧૧-૧૨મી ગાથામાં સ્વરૂપપ્રત્યક્ષ. સ્વરૂપપ્રત્યક્ષ એટલે? કેવળજ્ઞાન નહિ. એ દ્રવ્ય ત્રિકાળ અને ગુણ ત્રિકાળનો વર્તમાન પર્યાય કેવળજ્ઞાનનું કારણરૂપ, કેવળજ્ઞાનનું કારણરૂપ જે સ્વરૂપપ્રત્યક્ષ જેને અહીંયાં સહજજ્ઞાન ઉપયોગરૂપ પરિણામ કહ્યા તેને આગળ ૧૧-૧૨મી ગાથામાં સ્વરૂપપ્રત્યક્ષ કહેશે. એ સ્વરૂપ્રત્યક્ષ પણ જ્ઞાનનો વર્તમાન અંશરૂપી કારણ ઉપયોગ તેને સ્વરૂપપ્રત્યક્ષ કહે છે. કહો, સમજાણું કાંઈ? સ્વરૂપપ્રત્યક્ષ સાંભળ્યું છે ક્યાંય?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, એ નહિ, એ નહિ. તમે સાંભળો તો ખરા, નવી વાત છે. સમજાય છે કાંઈ? આગળ આવશે. આ તો આ અને એ બે એક છે એમ અત્યારે સિદ્ધ કરવું છે. સમજાય છે? ૧૧-૧૨મી ગાથામાં આવશે. સ્વરૂપ્રત્યક્ષ નામનો કેવળજ્ઞાન, કેવળજ્ઞાનરૂપી કાર્યના કારણરૂપ દ્રવ્ય-ગુણની સાથે રહેલો જ્ઞાનને અનુસરીને ધ્રુવરૂપ અંશને કારણસ્વભાવજ્ઞાનોપયોગ કહે છે, એને સ્વરૂપ્રત્યક્ષ કહે છે, એ ધ્રુવનો અંશ છે. ૧૨મી ગાથામાં આવશે. ત્રણે ધ્રુવ છે. ત્રણેનો પર્યાય જે વર્તમાન ધ્રુવ છે એ સ્વરૂપપ્રત્યક્ષ કરનારો છે કહે છે. ઓહો..હો..! ભાષા પણ કઈ જાતની? કહો, સમજાણું કાંઈ?

'**તેનું** કારણ...' આપણે તો આજે આ આવ્યું છેને કારણનું? '**પરમપારિણામિકભાવે** રહેલું...' ભાવમાં રહેલો '**ત્રિકાળનિરુપાધિરૂપ...**' ઓલા ઉપર પરિણામ કહ્યા તે માયલી જાત છે આ. આ ગુણની વાત નથી. ત્રિકાળનિરુપાધિરૂપ સહજજ્ઞાનરૂપી જે ઉપયોગરૂપ ચૈતન્યને અનુસરનારા પરિણામ એને અહીંયાં કારણસ્વભાવજ્ઞાનોપયોગ કહે છે. તેને ૧૧-૧૨મી ગાથાની ટીકામાં સ્વરૂપપ્રત્યક્ષ ઉપયોગ કહેશે. પ્રગટ નહિ, અપ્રગટ. ત્રિકાળ અપ્રગટરૂપ ધ્રુવપર્યાય એ સામાન્ય દ્રવ્ય-ગુણનો એક અંશ વિશેષ એવો એકરૂપ પર્યાય ન હોય તો આ ઉપયોગ જે ત્રણ અજ્ઞાન, ચાર જ્ઞાન અને કેવળજ્ઞાન. ત્રણ અજ્ઞાન, ચાર જ્ઞાન અને કેવળજ્ઞાન એ તો એકરૂપ પરિણામ ન થયા અનાદિ-અનંત. શું કહ્યું? જ્ઞાનગુણ એની એક સમયની પ્રગટ પર્યાય સંસાર અપેક્ષાએ લ્યો અનાદિ-અનંતમાં તો મતિ-શ્રુત અને અવધિ તે અમુક પર્યાય, પછી મતિ-શ્રુત અજ્ઞાનરૂપ. મતિ, શ્રુત, વિભંગ, પછી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ સાદિ-સાંત, ઓલા અનાદિ એક સાંત અને કેવળજ્ઞાન સાદિ-અનંત એ ત્રણની વિષમતા થઈ ગઈ, ત્રણમાં એકરૂપ પરિણામ ન આવ્યા. શું કહ્યું સમજાણું?

જેમ ધર્માસ્તિકાય આદિના ત્રિકાળ શુદ્ધરૂપ ઉત્પાદ-વ્યયરૂપ પરિણામ એકરૂપ સદશ્ય અનંત ગુણના છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ ચાર દ્રવ્યો છે, એના અનંતા ગુણો અને એની પર્યાયનું ઉત્પાદ-વ્યયપણું સદશ્ય અનાદિ-અનંત એકરૂપ છે, એમાં ક્યાંય ઉદય ને વિષમ ને ઓછું ને વત્તુ નથી; એમ આત્મામાં પ્રગટરૂપ જ્ઞાનના પર્યાયની જો અવસ્થા લ્યો તો

મતિ-શ્રુત ને વિભંગ એમાં ફેરફારનો પાર નહિ. પછી ચાર જ્ઞાન એમાં પણ ફેરફારનો પાર નહિ. કેવળજ્ઞાન એ સાદિ-અનંત એકરૂપ, પણ એ સાદિ-અનંત એક ખંડ થઈ ગયો. તો એમાં આત્મા દ્રવ્ય ચૈતન્ય, એનો ચૈતન્ય એનો જ્ઞાનગુણ એનો પર્યાય એકરૂપ જેમ એકગુણમાં એકરૂપ અનાદિ-અનંત ચાર દ્રવ્યમાં છે એવો આમાં એકરૂપ પર્યાય ન રહ્યો. સમજાય છે કાંઈ? ચંદુભાઈ! ઓલા ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ આદિ એકરૂપ ઉત્પાદ-વ્યય પારિણામિકની પર્યાય ત્રિકાળ, પારિણામિકની પર્યાય ત્રિકાળ. ચાર દ્રવ્યમાં પ્રગટરૂપ ઉત્પાદ-વ્યય પારિણામિકભાવની પર્યાય, સ્વભાવભાવની પર્યાય, એ સ્વભાવભાવની પર્યાય અનાદિ-અનંત છે. અને આત્મા જ્ઞાનસ્વભાવ એનો ધરનાર આત્મા એની પ્રગટ પર્યાય મતિ, શ્રુત, વિભંગ, મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય અને કેવળ એકરૂપ અનાદિ-અનંત ન આવી. એટલે એ બધો વિષય વ્યવહારનયનો થઈ ગયો. મતિ-શ્રુત, વિભંગ, ચાર જ્ઞાન અને કેવળ અનાદિ-અનંતની અપેક્ષાએ વ્યવહારનયનો વિષય થઈ ગયો, સાપેક્ષ પર્યાય થઈ ગઈ. જ્ઞાનની પર્યાય પ્રગટ, પ્રગટ એના ભેદો એ બધી સાપેક્ષ થઈ. અંદરમાં આત્મા વસ્તુ એનો ચૈતન્ય ગુણનો જ્ઞાન અનુસારે પર્યાય થાય તે નિરપેક્ષ પર્યાય છે એક. ..ભાઈ!

જુઓ, આના આટલા બોલ લાગુ પડ્યા કે એક તો '**પરમપારિણામિકભાવે રહેલું ત્રિકાળનિરુપાધિરૂપ સહજજ્ઞાન...**' રૂપ ધ્રુવ પર્યાય, કારણપર્યાય જ્ઞાનની, કેવળજ્ઞાનના કાર્યની. સ્વરૂપપ્રત્યક્ષ. સમજાય છે? અને એકરૂપ ત્રિકાળી પર્યાય અનાદિ-અનંત. ત્યારે એ દ્રવ્ય અને ગુણ અને એક સમયનો પર્યાય ત્રિકાળ ત્યારે નિશ્ચયનયનો પૂર્ણ વિષય થાય છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! આ તો અધ્યાત્મનું અંદરનું રહસ્ય (છે), ભાઈ! એને આ સમજ્યા વિના... હજી આ તો એણે ખુલ્લું મૂકી દીધું નિયમસાર ટીકાકારે. જે બીજામાં ક્યાંય ગુપ્તપણે હો, ખુલ્લું નથી. એ તો ૯૦મી ગાથા સમયસારની છે એમાં અર્થમાં તો એ કર્યું, ભાઈ! ઓલો ઉપયોગ છેને ત્રણપણે પરિણમે છે. શુદ્ધ નિરંજન અનાદિ-અનંત એમાં. ટીકામાં તો વાપર્યું છે કે 'ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ' ત્યાં ૯૦ની ગાથામાં ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ એમ વાપર્યું છે અને 'ઉપયોગમાં ઉપયોગ છે' જે ત્યાં સંવરમાં (ગાથા-૧૮૧ થી ૧૮૩) ત્યાં તો 'શુદ્ધોપયોગ તે આત્મા' એમ કરીને વાપર્યું છે. પણ અહીં જે કર્તા-કર્મમાં તો ૯૦મી ગાથા લીધી છે એમાં ગૂઢમાં પડ્યું છે કાંઈક. ત્યાં ઉપયોગની વ્યાખ્યા કરતાં 'ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ' એમ જયસેનાચાર્યની ટીકામાં એ ઉપયોગની વ્યાખ્યા, એ વ્યાખ્યા અહીં છે. અહીં સ્પષ્ટ છે, ત્યાં ગૂઢ પડ્યું છે. કારણ કે કર્તાકર્મ છેને. એટલે પરિણામની તો વ્યાખ્યા છે ત્યાં. પણ પરિણામમાં જરી ગુપ્ત પડ્યું છે. અહીં ખુલ્લું મૂકી દીધું છે આચાર્યે, મુનિએ કે ભગવાન આત્મા એ ચૈતન્યસ્વભાવ એનો ત્રિકાળ એને અનુસરીને થતાં પરિણામ, એ પરિણામના બે ભેદ—જ્ઞાનરૂપ પરિણામ અને દર્શનરૂપ પરિણામ. એ જ્ઞાનરૂપ પરિણામના બે ભેદ—સ્વભાવરૂપ જ્ઞાનપરિણામ અને વિભાવરૂપ જ્ઞાનપરિણામ. સ્વભાવરૂપ

જ્ઞાનપરિણામના બે ભેદ—કાર્યરૂપ સ્વભાવજ્ઞાન ઉપયોગ પરિણામ અને કારણરૂપ જ્ઞાનસ્વભાવ ઉપયોગરૂપ પરિણામ કે જેને પ્રત્યક્ષ કહે છે, જેને ત્રિકાળી એકરૂપ કહે છે, જેને કારણપર્યાય કેવળજ્ઞાના કારણરૂપ જ્ઞાનની પર્યાય કહે છે. કહો, સમજાણું કાંઈ? એ દાસ!

**'પરમપારિણામિકભાવે રહેલું ત્રિકાળનિરુપાધિરૂપ...'** જેને કોઈ ઉપાધિ હતી અને ગઈ એમ પણ (નથી). ઉપાધિ હતી ને ગઈ એમ નથી. આત્માનો એવો જ કોઈ શુદ્ધકારણરૂપ જ્ઞાનસ્વભાવરૂપ ઉપયોગ જે પર્યાય, જે ધ્રુવ જે ઉત્પાદ-વ્યયની અપેક્ષા વિનાની, છતાં પારિણામિકભાવની જ્ઞાનગુણની, જ્ઞાનની પર્યાયરૂપ પરિણતિ એને અહીંયાં કારણસ્વભાવ ઉપયોગ કહ્યો છે. કહો, સમજાણું કાંઈ? બહુ ઝીણું. આંખે સૂઝે નહિ, બહારની આંખે સૂઝે એવું નથી. લ્યો, એ વાત કારણ ઉપયોગની કીધી. આટલી થઈ. આમાં ઓલા ચાર જ્ઞાનની વ્યાખ્યામાં ટીકામાં નથી આવ્યું. એ પાઠમાં લેશે. પાઠમાં બેય લેશે પણ...

અહીં તો બીજું મારે કહેવું છે કે આ કેવળજ્ઞાનના કારણરૂપ અને કેવળજ્ઞાન કાર્યરૂપ-સ્વભાવના બે ભેદ પાડ્યા અને વિભાવના બે ભેદ ટીકામાં નથી પાડ્યા. વિભાવના બે ભેદ હવેની ગાથામાં આવશે. એમણે તો કેવળ વિભાવરૂપ જ્ઞાન ત્રણ છે એટલું કહ્યું છે ટીકામાં. ઓલો વચલો માર્ગ છે મોક્ષમાર્ગ જે ચાર જ્ઞાનવાળો એની વ્યાખ્યા ટીકામાં ન કરી. શું કહું છું સમજાય છે આમાં કાંઈ? ઓલું જોર દેવું છેને. કાર્યજ્ઞાન અને કારણનું. ભાઈ! કાર્યજ્ઞાનરૂપ કેવળજ્ઞાનરૂપી કાર્ય અને એનું કારણ શુદ્ધકારણ એ બેની વાત કરતાં ઓલા ચાર જ્ઞાન વચમાં પ્રગટે એ ગાથામાં કહેશે, ટીકામાં ન કીધું. મોક્ષમાર્ગને કીધું, પણ કેવળજ્ઞાન કાર્ય એનું કારણ કહ્યું અને એને નહિ સમજનાર એવા ત્રણ અજ્ઞાનની વ્યાખ્યા કરી.

**'કેવળ વિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે :- '** કેવળ વિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે એ પ્રગટરૂપ. આ ટીકાકારની ટીકા કરવામાં પણ કાંઈક મર્મ છે જુઓ, મોહનભાઈ! સમજાણું કે નહિ? ક્યાં ગયા ચંદુભાઈ? શું આ છે? જુઓ, આ ટીકામાં ઓલા ચાર જ્ઞાન ન લીધા. કેવળ વિભાવની વાત લીધી જણાવવા કે અનાદિના **'કુમતિ, કુશ્રુત અને વિભંગ.'** ત્રણ હતા. ત્રણ હતા એટલું. પણ કારણને અવલંબ્યો, કાર્ય પ્રગટે છૂટકો. એટલે વચલી દશાની વ્યાખ્યા ટીકામાં ન મૂકી, પછીની ગાથામાં મૂકશે. પણ આમાં છે આમાં ભાઈએ ટીકા કરી છેને. મેં ક્યાં ટીકા કરી છે ગુજરાતી? ગુજરાતી તો હિંમતભાઈએ કરી છેને. એટલે જરી હિંમતભાઈ સામે જોવું પડે છેને મારે, જુઓને કે ભાઈ! જુઓ આમાં આ નથી ચાર બોલ. ખરું કે નહિ? મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય જે વિભાવજ્ઞાનના બે ભેદ, કેવળ વિભાવ અને સમ્યક્ વિભાવ. એમાં સમ્યક્ વિભાવના ભેદ ભાઈ ટીકાકારે ન લીધા. મોક્ષમાર્ગની વાત ન લીધી. આ તો ઓલું કારણ અને કાર્ય અને આ ઉંધું હતું અનાદિનું ત્રણ—મતિ, શ્રુત અને વિભંગ એને સ્થાપન કર્યું. એ હતું. તું કહે કે નથી એમ નહિ. અજ્ઞાની અનાદિનો પુણ્ય-પાપ, વિકલ્પ અને નિમિત્તનો આશ્રય કરે અને સ્વભાવનો આશ્રય નથી કરતો એને કુમતિ, કુશ્રુત અને

વિભંગ અનાદિના, ભલે વિભંગ કોઈ વખતે ન હોય, પણ અનાદિ અનંતવાર અનંત જીવોને આવી ગયા એની વ્યાખ્યા ટીકાકાર પદ્મપ્રભમલધારીદેવે કરી છે. કહો, સમજાણું કાંઈ?

'**આ ઉપયોગના ભેદરૂપ જ્ઞાનના ભેદો...**' હવે ૧૧મી-૧૨મીની વ્યાખ્યા કરશે. '**આ ઉપયોગ...**' જે કહેવાણો એના '**ભેદરૂપ જ્ઞાનના ભેદો, હવે કહેવામાં આવતાં બે સૂત્રો દ્વારા (૧૧ અને ૧૨મી ગાથા દ્વારા) જાણવા.**' એ ભાવાર્થની વાત છે એ બધી ખરેખર આપણે અર્થમાં આવી ગઈ આ બધી. ભાવાર્થનો પાઠ મૂકી દઈએ છીએ. કારણ કે એ વાત આવી ગઈ છે. '**(હવે, દસમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :)**'

(मालिनी)

अथ सकलजिनोक्तज्ञानभेदं प्रबुद्ध्वा
परिहृतपरभावः स्वस्वरूपे स्थितो यः।
सपदि विशति यत्तच्चिच्चमत्कारमात्रं
स भवति परमश्रीकामिनीकामरूपः।।१७।।

એના પહેલાં નીચલી નોટ લઈએ એના સાથે સંબંધવાળી છે માટે. '**સહજજ્ઞાનોપયોગ પરમપારિણામિકભાવે સ્થિત છે...**' સહજજ્ઞાનોપયોગ જે કહેવાઈ ગયો એ પરમ પારિણામિકભાવમાં ત્રિકાળ ધ્રુવરૂપે સ્થિત છે. '**તે જ ત્રણે કાળે ઉપાધિરહિત છે; તેમાંથી...**' ત્રણે કાળે ઉપાધિરહિત છે. '**તેમાથી (સર્વને જાણનારો) કેવળજ્ઞાનોપયોગ પ્રગટે છે. માટે, સહજજ્ઞાનોપયોગ કારણ છે અને કેવળજ્ઞાનોપયોગ કાર્ય છે. આમ હોવાથી સહજજ્ઞાનોપયોગને કારણસ્વભાવજ્ઞાનોપયોગ કહેવાય છે અને કેવળજ્ઞાનોપયોગને કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ કહેવાય છે.**'

હવે કહે છે '**જિનેન્દ્રકથિત...**' આમ ભાષા મૂકી. શું કરવા? સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ સિવાય આવા તત્ત્વને ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ જાણી શકે નહિ. એક સમયમાં જેને, જુઓ, કેવળજ્ઞાન જેને પ્રગટ્યું છે, ત્રણકાળ, ત્રણલોકના પત્તા જેણે કેવળજ્ઞાનામં સ્વમાં મેળવી લીધા છે. સ્વમાં મેળવી લીધા છે હોં! એક સમયનો જ્ઞાનોપયોગ પૂર્ણ નિર્મળ, જેનો જ્ઞાનસ્વભાવ એનો ઉપયોગ અપૂર્ણ રહે? પૂર્ણ થયો અને ન જાણવું બાકી રહે? કહે છે કે એ જિનેન્દ્રકથિત ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવ તીર્થંકરદેવે કહેલા જ્ઞાનના ભેદ છે આ. સમજાય છે કાંઈ? આ જ્ઞાનના ભેદ કોઈ કલ્પનાએ કોઈએ કહેલા નથી. વસ્તુસ્વભાવમાં છે, જિનેન્દ્રદેવ દ્વારા કહેલા છે. બીજે એ વાત ત્રણકાળમાં અજ્ઞાનીના ઘરમાં હોઈ શકે નહિ.

'**જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને...**' સમસ્ત જ્ઞાનના ભેદો એટલે આ પ્રકાર જાણીને જે માથે ઘણાં કહ્યા હતા એ. '**જે પુરુષ પરભાવોને પરિહરી...**' પરભાવ વિકલ્પ ને પુણ્ય ને વ્યવહારત્નત્રયનો રાગ અને નિમિત્તનો આશ્રય છોડી અને વિકલ્પના પરભાવને

પરિહરી. પરિહરી એ ઉપદેશના કથનમાં એ સ્વભાવમાં એકાગ્ર થતાં વ્યવહાર પરિહર થઈ જાય છે. અહીં તો વિશેષ વજન આપ્યું કે ઓહો..! આવા જ્ઞાન અને દર્શનના અને એના સ્વભાવ અને વિભાવના ભેદો અને આ પ્રકાર સ્વરૂપ ન હોય તો વસ્તુ કોઈ રીતે સિદ્ધ થતી જ નથી. આત્મા કોઈ રીતે સાબિત થતો નથી કે આત્મા છે તેનો જ્ઞાન સ્વભાવ છે જાણનાર, એની પ્રગટ પર્યાયના આટલા ભેદો મતિ, શ્રુત આદિ અવધિ અને ચાર જ્ઞાન અને કેવળજ્ઞાન આદિ, એ ભેદમાં અભેદરૂપ કેવળજ્ઞાનનો જે ધ્રુવપર્યાય આવા પ્રકાર કેવળજ્ઞાની સિવાય ક્યાંય હોય નહિ. વસ્તુમાં જો આવું ન હોય તો એ વસ્તુ ન હોઈ શકે. વસ્તુ કહો, એનો સ્વભાવ કહો અને એની પર્યાય પ્રગટ અવ્યવસ્થિત રહે અને સ્વ આકારી પર્યાય એક ત્રિકાળ ન હોય અને અવ્યવસ્થિત પર્યાયમાં આટલા ભેદો અજ્ઞાનના, પછી સમ્યગ્જ્ઞાનના, પછી પૂર્ણ જ્ઞાનના તો એમાં બાધકપણું, સાધકપણું અને સિદ્ધપણું પણ સાબિત થતું નથી. ભાઈ! સમજાય છે કાંઈ?

તેથી કહે છે '**જિનેન્દ્રકથિત...**' સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માએ કહેલું, તું આત્મા છો, આત્માનો જ્ઞાનસ્વભાવ છે, જ્ઞાનનો પ્રગટ પર્યાય તું જો તને ખબર પડતી નથી? પ્રગટ પર્યાયમાં ઓછા-વત્તાપણું છે, ઓછા-વત્તાપણાના ભેદોના પ્રકારની તને ખબર છે કે ઓછા-વત્તાના વિપરીતમાં મતિ, શ્રુત અને વિભંગ, ઓછા-વત્તાના ફેરફારમાં સાધકમાં ભાનમાં ચાર જ્ઞાન અને પૂર્ણમાં કેવળજ્ઞાન. અવ્યવસ્થિત પરિણામના આવા ભેદજ્ઞાનની પર્યાયના અને એની વ્યવસ્થિત એક સમયની પર્યાય એવો ગુણ, એવો એક સમયનો પર્યાય ધ્રુવ એના અવલંબે નીકળે માટે એક સમયનો પર્યાય આ. આવા ભેદો જિનેન્દ્રકથિત છે. એ સિવાય ત્રણકાળ, ત્રણલોકમાં સર્વજ્ઞ સિવાય કોઈ આ વાતને જાણે નહિ, સમજે નહિ અને એને ધર્મ થાય નહિ. સમજાય છે કાંઈ? સર્વજ્ઞનો આશ્રય લઈને જે આ વાત સમજે એને આ વાત સમજાય એવી છે.

'**જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહરિ નિજસ્વરૂપમાં સ્થિત રહ્યો...**' જુઓ, એમાં બધું આવી ગયું. અહીં તો પરભાવ અને પરિહરી આવ્યું હતુંને ભાઈ! કે અજ્ઞાનને છોડી અને સ્વભાવમાં સ્થિર રહ્યો થકો. '**સ્થિર રહ્યો થકો...**' .. સ્વભાવ અને '**ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—**' ઊંડો ઊંડો અંદર પર્યાયમાં શુદ્ધ કારણપર્યાયને અવલંબી જાય છે. 'ઊંડો **ઊતરી જાય છે,...**' સ્વભાવમાં. '**તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે...**' જુઓ, કેવળજ્ઞાન લઈ લીધું. જુઓ, એક શ્લોકમાં તો કેટલું લીધું! '**જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને...**' આ રીતે ન હોય તો કોઈ રીતે આત્મા સાબિત થતો નથી. એને '**જાણીને જે પુરુષ પરભાવોને પરિહરી...**' મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન આદિ પરનો ભાવ એના તરફથી લક્ષ છોડી દઈ '**નિજસ્વરૂપમાં સ્થિત રહ્યો થકો,...**' પોતાનું જ્ઞાનાનંદસ્વરૂપ એમાં સ્થિર રહે એમાં નિર્મળ

પર્યાય સમ્યગ્જ્ઞાનની મતિશ્રુત આદિની આવી. '**શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં...**' દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધ એવા '**ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—**' એકાગ્ર થઈ જાય છે, '**ઊંડો ઊતરી જાય છે,...**' મોક્ષમાર્ગ. અને '**તે પુરુષ પરમશ્રીરૂપી કામિની...**' પરમલક્ષ્મીરૂપી સ્ત્રી જે મોક્ષરૂપી લક્ષ્મી એ સ્ત્રી એનો '**વલ્લભ થાય છે...**' એટલે કે એની મુક્તિની પર્યાય કોઈ દિ' જુદી પડતી નથી. એને મુક્ત સાદિઅનંત એ પ્રમાણે થયા કરે છે. આ ૧૦મી ગાથાનું કારણ અને કાર્ય અને ફળ બધું એક શ્લોકમાં પાછું ટૂંકામાં મૂકી દીધું. કહો, સમજાણું? હવે ૧૧ અને ૧૨ પછી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ ૧૧, તા. ૦૪-૦૧-૧૯૫૫,
## ગાથા-૧૧-૧૨, પ્રવચન નં. ૪૧૧

આ જીવ અધિકાર ચાલે છે. એ જીવના અહીંયાં ઉપયોગની વ્યાખ્યા ચાલે છે. ૧૧ અને ૧૨મી ગાથા છે.

केवलमिंदियरहियं असहायं तं सहावणाणं ति।
सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं।।११।।
सण्णाणं चउभेयं मदिसुदओही तहेव मणपज्जं।
अण्णाणं तिवियप्पं मदियाई भेददो चेव।।१२।।

**અસહાય, ઈન્દ્રિવિહિન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;**
**સુજ્ઞાન ને અજ્ઞાન--એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.**
**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય--ભેદ છે સુજ્ઞાનના;**
**કુમતિ, કુઅવધિ, કુશ્રુત--એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.**

જુઓ, આ આત્મા અનાદિ-અનંત વસ્તુ છે, એમાં ઉપયોગ એ પણ એક અનાદિ-અનંત એનો ગુણ અને એક પર્યાય છે, એમાંથી પ્રગટ થતી પર્યાય તેને પણ ઉપયોગ કહે છે. એ બધાની વ્યાખ્યા આમાં છે. પહેલી વાત થઈ ગઈ છે એની આ વિસ્તારથી હવે જ્ઞાનના ભેદોનું વર્ણન વિશેષ કરે છે. આત્મા સામાન્યરૂપે એટલે સદશ્યશક્તિ અને એનો ગુણ જે સદશ્ય શક્તિવાન આત્મા અને એનો જ્ઞાન શક્તિસ્વભાવ અને એની પ્રગટ પર્યાય અને અપ્રગટ પર્યાય એ બધાને અહીંયાં જ્ઞાનોપયોગ તરીકે કહેવામાં આવે છે. એ જ્ઞાનોપયોગના ભેદ પાડે છે.

'**જે (જ્ઞાન) કેવળ, ઈન્દ્રિયરહિત...**' જે જ્ઞાન કેવળ ઈન્દ્રિયના અવલંબન અને

ઇન્દ્રિયરહિત છે '**અસહાય છે,...**' જેને ઇન્દ્રિયની સહાય નથી '**તે સ્વભાવજ્ઞાન છે;...**' એના ભેદ ટીકામાં પાડશે. '**સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનરૂપ ભેદ પાડવામાં આવતાં, વિભાવજ્ઞાન બે પ્રકારનું છે.**' એ છે એ બેય વિભાવજ્ઞાન, પણ એના બે પ્રકાર છે– સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનરૂપ ભેદ પાડવામાં આવતાં વિભાવના બે પ્રકાર છે. '**સમ્યગ્જ્ઞાન ચાર ભેદવાળું છે :**' એ વિભાવનો પહેલો ભેદ, વિભાવજ્ઞાનનો પહેલો ભેદ. વિભાવ કેમ કહ્યું? કર્મનું એમાં નિમિત્ત છે ચાર જ્ઞાન વખતે એથી એને વિભાવ કહ્યું છે અને ત્રણ જ્ઞાન તો વિપરીત છે અને એમાં કર્મનું પણ નિમિત્ત છે, માટે ત્રણ અજ્ઞાનને પણ વિભાવજ્ઞાન કહ્યાં છે. એ વિભાવજ્ઞાનના બે ભેદમાં પહેલું '**સમ્યગ્જ્ઞાન ચાર ભેદવાળું છે :**' તે ચાર ભેદ '**મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યય; અને...**' એ વિભાવનો એક '**અજ્ઞાન...**' ભેદ. ઓલું સમ્યગ્જ્ઞાન અને આ અજ્ઞાન. મિથ્યાજ્ઞાન તેના ત્રણ ભેદ છે. મતિ, કુશ્રુત અને કુઅવધિ એવા ત્રણ ભેદવાળું છે.

'**અહીં (આ ગાથાઓમાં) જ્ઞાનના ભેદ...**' જ્ઞાનના પ્રકાર, જ્ઞાનરૂપી ઉપયોગના અનેકતાના ભેદ શું છે એનું અહીં વર્ણન આમાં છે. હવે પહેલી વ્યાખ્યા જે છે ઇન્દ્રિયરહિત અને અસહાય સ્વભાવજ્ઞાનની વ્યાખ્યા કરે છે. જે આત્મામાં સ્વભાવિકજ્ઞાનના બે પ્રકાર છે એની બેયની સાથે વ્યાખ્યા પહેલી છે. સ્વભાવિકજ્ઞાન એક ત્રિકાળ કારણરૂપ ઉપયોગ સ્વભાવિક્જ્ઞાન અને એને આશ્રયે થતું સ્વભાવિકકેવળજ્ઞાન એ બેયને અહીંયાં સ્વભાવિક જ્ઞાન કહેવામાં આવે છે. સમજાય છે? '**જે ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવાથી કેવળ છે,...**' એકલું છે. '**નિર્ભેળ;...**' ભેળસેળ વિનાનું '**એકલું; શુદ્ધ...**' છે. એના બે ભેદ પાડશે હોં દરેકના. '**કેવળ...**' એકલું. ભગવાન આત્મા દ્રવ્યે અને ગુણે સામાન્યે તો શુદ્ધ છે, પણ એની જ્ઞાનની ધ્રુવપર્યાય પણ શુદ્ધ છે. એને પણ કેવળ ઉપાધિ વિનાના સ્વરૂપની ધ્રુવ પર્યાયને જ્ઞાનના સ્વભાવનો ઉપયોગ કહ્યો છે. સમજાણું કાંઈ?

'**આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી...**' આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી '**ક્રમ, ઇન્દ્રિય અને (દેશ-કાળાદિ) વ્યવધાનરહિત છે,...**' દેશકાળ એટલે આ ક્ષેત્ર અને આ કાળને ન જાણે, આ ક્ષેત્ર ને આ કાળમાં એને આડ આવે કે એને પડદો પડે કે અંતર પડે કે આંતરો પડે કે વિઘ્ન થાય એવું આ સ્વભાવિક જ્ઞાન નથી. એ સ્વભાવિક જ્ઞાનના બે પ્રકાર પાડશે. ત્રિકાળ દ્રવ્ય આત્મા એનો ત્રિકાળ જ્ઞાનગુણ સ્વભાવ અને તેનો વર્તમાન ગુણનો વિશેષ અંશ ધ્રુવરૂપ પર્યાય અને તેનો પ્રગટરૂપ કેવળજ્ઞાન પર્યાય. એ કેવળજ્ઞાન પ્રગટરૂપ પર્યાય અને અપ્રગટરૂપ કેવળજ્ઞાન, જ્ઞાનના સ્વભાવ કારણ ઉપયોગ, બેયને સ્વભાવ ઉપયોગ અહીંયાં કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ '**વ્યવધાનરહિત...**' એક એક વસ્તુમાં નહિ વ્યાપું હોવાથી સ્વભાવિકજ્ઞાનોપયોગ ચૈતન્યને અનુસરીને, જ્ઞાનરૂપ ચૈતન્યના જે પરિણામ, જે સ્વભાવરૂપ ત્રિકાળ ધ્રુવ અને પ્રગટરૂપ જે સાદિઅનંત કેવળજ્ઞાન એ બેય એક-એક વસ્તુમાં

(ક્રમે) નહિ વ્યાપ્તું હોવાથી '**(-સમસ્ત વસ્તુઓમાં વ્યાપતું હોવાથી) અસહાય છે,...**' ભારે વ્યાખ્યા ઝીણી ભાઈ! અસહાય આ છે. ઇન્દ્રિય કહ્યુંને પહેલું કે ઉપાધિ વિનાનું હોવાથી કેવળ છે. કેવળ એકલો ભેળસેળ વિનાનું, '**આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી, ક્રમ, ઇન્દ્રિય અને (દેશ-કાળાદિ)...**' એમાં આવતા નથી. એ જ્ઞાન ક્રમે-ક્રમે જાણે, ઇન્દ્રિયના અવલંબનથી જાણે કે દેશ-કાળ, ક્ષેત્ર-કાળનો એને અંતરાય પડે કે આટલું ક્ષેત્રકાળ ન જાણે એવું એમાં છે નહિ.

એવું તે '**એક એક વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી...**' વ્યવધાનરહિત છે એમ કહીને પાછું અસ્તિ કહે છે. '**એક એક વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી,...**' નહિ પ્રસરતું હોવાથી, એક એક વસ્તુમાં નહિ અટકતું હોવાથી તે સ્વભાવજ્ઞાન ઉપયોગપરિણામ તે અસહાય છે. સ્વભાવજ્ઞાન ઉપયોગ તે અસહાય છે. તે સ્વભાવજ્ઞાન ઉપયોગમાં '**તે કાર્યસ્વભાવજ્ઞાન છે.**' જુઓ, '**તે કાર્યસ્વભાવજ્ઞાન છે.**' આ માથે કહ્યું એ. કેવળ આવરણ વિનાનું હોવાથી ક્રમરહિત. ક્રમે-ક્રમે જાણે એ કેવળજ્ઞાન ન કહેવાય. ઇન્દ્રિય અને ઇન્દ્રિયના આલંબનથી જાણે એ કેવળજ્ઞાન ન કહેવાય. ક્ષેત્ર અને કાળાદિનું અંતરાયપણે કે અમુક ક્ષેત્રને પહેલું જાણે અને અમુક ક્ષેત્રને પછી જાણે, પછી ભૂતકાળને પહેલો જાણે અને ભવિષ્યકાળને થાય પર્યાય જગતની ત્યારે જાણે એવો કેવળજ્ઞાનમાં આંતરો હોતો નથી. કેટલાક કહે છે કે ભાઈ! કેવળજ્ઞાનમાં તો એક સમયમાં ત્રણકાળ-લોક જાણે તો તો બધી પર્યાયો થઈ, થવાની તે જાણે, પણ હજી થઈ નથી એ શી રીતે જાણે? પણ જ્યારે તેની પર્યાય થાય ત્યારે કેવળજ્ઞાન જાણે. એ કેવળજ્ઞાનને સમજતા નથી. કહે છે કે નહિ? હું જેવું કાર્ય કરીશ એવું કેવળજ્ઞાન જોશે. શું તને કેવળજ્ઞાનની શ્રદ્ધા પણ નથી? અને પદાર્થની અવસ્થા ક્રમબદ્ધ જે કાળે જે થવાની તે થવાની છે, એનું જ્ઞાન કેવળજ્ઞાનમાં શું પહેલેથી નથી આવતું? એ કહે છે.

ક્ષેત્ર અને કાળનો ભેદ કે પ્રથમ ક્ષેત્ર ઊર્ધ્વ જાણે કે પહેલો મધ્ય જાણે કે અધો જાણે કે પહેલો લોક જાણે અને પછી અલોક જાણે, પહેલો ભૂતકાળ જાણે અને પછી ભવિષ્યકાળ જાણે, જ્યારે જ્યારે કાળની પર્યાય ભવિષ્યમાં પરદ્રવ્યની થવાની, થાય ત્યારે કેવળી જાણે, એ કેવળ હોઈ શકે નહિ. પૂછે છેને કેટલાક? શું છે? જો પર્યાય થઈ નથી અને થશે, થશે ત્યારે જાણે એ કેવળજ્ઞાન નહિ. એ કેવળજ્ઞાન અંતરાયવાળું, આડવાળું, વિઘ્નવાળું, પડદાવાળું થઈ ગયું. સમજાય છે? આડ સમજો છો આડ? વચ્ચે વિઘ્ન થઈ ગયું. કેવળજ્ઞાન તો એક સમયની અંદર ત્રણકાળ, ત્રણલોકમાં થઈ, છે અને થશે ભવિષ્યમાં. થયા પહેલાં પર્યાય અને થશે આ કાળે તેમ જ્ઞાનમાં જણાઈ જાય છે, તેવા જ્ઞાનને અસહાય કહે છે. આવું કેવળજ્ઞાન માનતા એમ થઈ જાય કે એ કેવળજ્ઞાન પ્રમાણે જ્યાં પર્યાય પરમાં થાય તો એ પર્યાય કેવળજ્ઞાનને આધીન છે?—ના. કેવળજ્ઞાનને આધીન એ પર્યાય નથી. તો આધીન નથી તો એ પર્યાય થાય ત્યારે કેવળી જાણે?-કે ના. થયા પહેલાં કયે સમયે થશે તેને કેવળી જાણે

છે. તો પછી કેવળજ્ઞાનીનો નક્કી કરતા તો પુરુષાર્થનો અવકાશ રહેતો નથી. કારણ કે કેવળજ્ઞાન પ્રમાણે ભલે એને આધિન થઈને નહિ, પણ પોતાને કાળે, તે જ સમયે તે જ પર્યાય થાય તો ફેરફાર કરવાનો તો અવકાશ રહેતો નથી. શેઠી! કોનો ફેરફાર કરવો છે તારે? કેવળજ્ઞાન ઇન્દ્રિય ક્રમ અને દેશ-કાળના અંતર અને વિઘ્ન વિનાનું છે, એવો જેણે કેવળજ્ઞાનનો વર્તમાન પર્યાયમાં નિર્ણય કર્યો, નિર્ણય કર્યો એને પોતાનો રાગ કે પરનો કાંઈ ફેરફાર કરવાનું રહેતું નથી. એ તો જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો. સમજાણું કાંઈ?

તો કહે છે... આટલા તો વિશેષણ આપ્યા. એ બેયને લાગુ પડશે હોં! અત્યારે વ્યાખ્યા આ. એ અસહાયજ્ઞાન કેવળજ્ઞાન છે. તે કાર્યસ્વભાવજ્ઞાન છે, કાર્યસ્વભાવજ્ઞાન, કેવળજ્ઞાન, કાર્યસ્વભાવજ્ઞાન. નહોતું અને પર્યાયમાં પ્રગટ્યું તેથી તેને કાર્યસ્વભાવજ્ઞાન કહે છે. હવે એ કાર્ય પ્રગટ્યું કોના કારણથી? **'કારણજ્ઞાન પણ તેવું જ છે.'** ભાષા જુઓ! એ કેવળજ્ઞાનનું કારણ કોઈ વ્યવહારરત્નત્રય, નિશ્ચયરત્નત્રય (નહિ). નિશ્ચયરત્નત્રય નહિ કેવળજ્ઞાનનું કારણ? કેવળજ્ઞાન કાર્ય જે આત્મામાં ઉત્પન્ન થાય છે એનું કારણ નિમિત્ત કોઈ નહિ, વ્યવહારરત્નત્રય વિકલ્પ પણ કારણ નથી, નિશ્ચયરત્નત્રય નિર્વિકલ્પ પર્યાય એ પણ કારણ નથી. ખરેખર કારણ, **'કારણજ્ઞાન પણ તેવું જ છે.'** આત્મામાં જ્ઞાનગુણની વર્તમાન ધ્રુવ ઉપયોગરૂપી પર્યાય તે કેવળજ્ઞાનનું કારણ છે, તે કેવળજ્ઞાનનો હેતુ અને કારણ છે. એ કારણને અવલંબે કેવળજ્ઞાન થાય છે. બીજા કોઈ કારણને અવલંબે કેવળજ્ઞાન કોઈ જીવને થયું, થાય ને થશે એમ બનતું નથી. ઓહો..! સમજાય છે કાંઈ?

હવે **'કારણજ્ઞાન પણ તેવું જ છે.'** ક્યુ કારણજ્ઞાન? આ ઉપોયગની વાત ચાલે છે. આત્મા વસ્તુ એની જ્ઞાનશક્તિ, એનો વર્તમાન પર્યાયરૂપ ઉપયોગ એ શક્તિ એ કારણજ્ઞાન પણ કેવળ, કેવળ નામ કોઈના ભેળસેળ વિનાનું શુદ્ધ છે. જુઓ, શુદ્ધ ઉપયોગરૂપી પર્યાય ધ્રુવ એ પણ કેવળ ભેળસેળ વિનાનું છે. ભેળસેળ સમજો છો? મિલાન-મિલાન. એ કારણજ્ઞાનનો ઉપયોગરૂપી પર્યાય પણ ક્રમરહિત છે. એમાં ક્રમ નથી કે ક્રમે ક્રમે એ પોતાના અંતરના ગુણોને જાણે, એવો એમાં ક્રમ નથી. એને ઇન્દ્રિયનું અવલંબન નથી. અંદર કારણજ્ઞાન ધ્રુવ ઉપયોગરૂપી પર્યાય આત્મા ત્રિકાળ છે, એના જ્ઞાનની વર્તમાન શુદ્ધ અંશરૂપ પર્યાય તેને ઇન્દ્રિયનું અવલંબન નથી, તેને ક્ષેત્ર-કાળનું વ્યવવધાન નામ વિઘ્ન અને અંતરાય નથી કે કોઈ ક્ષેત્ર-કાળ એના એ વર્તમાન અંશ છે એ અંતરના ગુણોને જાણવાની તાકાતવાળું છે એણે તો ઇન્દ્રિય, ઇન્દ્રિય નિગોદની ઇન્દ્રિય હોય તોપણ તેને વિઘ્ન કરે એવી તાકાત કોઈ ઇન્દ્રિયમાં નથી, કોઈ ક્ષેત્રમાં નથી, કોઈ કાળમાં નથી. એવી આત્મા વસ્તુ છે તેના જ્ઞાનગુણનો વર્તમાન ધ્રુવ અંશરૂપી કારણસ્વભાવ ઉપયોગ તે પણ કાર્યસ્વભાવજ્ઞાન ઉપયોગનો જેવો જ છે. ભારે ભાષા, ભાઈ! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** કેવળ કહેતાં બીજા ધર્મો આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવે છે. અહીં તો કારણ અને કાર્ય વાત કરવી છેને.

આત્મા વસ્તુ છે અનાદિ-અનંત. એક-એક આત્મા એનો જે જ્ઞાનગુણ છે, ગુણ જે શક્તિ સ્વભાવ એનો વર્તમાન ઉપયોગરૂપી પરિણામ, વર્તમાન ઉપયોગરૂપી પર્યાય એ ધ્રુવ છે, ધ્રુવ છે, અનાદિ-અનંત છે. એ ધ્રુવ પર્યાયના અવલંબે કેવળજ્ઞાનનો પર્યાય પ્રગટ થાય છે. ધ્રુવ પર્યાયના અવલંબન સિવાય કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. કહો, સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત છે. આત્મા એક સમયમાં પૂર્ણ-પૂર્ણ શુદ્ધ જ્ઞાનસ્વભાવ છે. શેઠી! જ્ઞાનસ્વભાવની એક સમયની પર્યાય જે ઉપયોગરૂપ જ્ઞાનની પર્યાયરૂપ ધ્રુવપર્યાય, ધ્રુવપર્યાય, નિશ્ચળપર્યાય, અવિચળપર્યાય એ કારણરૂપ જે જ્ઞાનોપયોગ... સમજાણું કાંઈ? એ કારણરૂપ જ્ઞાનોપયોગ એ પણ અસહાય છે, ઇન્દ્રિયના અવલંબન વિનાનું છે, કર્મરહિત છે. સમજાય છે? ઘણી સૂક્ષ્મ વાત છે. ગુજરાતી સમજો છો કે નહિ? નથી સમજતા. થોડું-થોડું. આ વિષય ઘણો ઝીણો છે. ઘણો ઝીણો છે વિષય અને એમાં તમે પહેલીવાર આવ્યા છો. શું કહે છે સમજાય છે કાંઈ? કહો, શેઠી! સમજવાની વાત છે.

જુઓ, નિયમસારની ૧૧-૧૨મી ગાથા ચાલે છે. તો કહે છે કે ભગવાન આત્મા, ભગવાન આ આત્મા હોં, બીજા ભગવાન એનામાં ભગવાનમાં રહ્યા. આ આત્મામાં જે જ્ઞાનગુણ ત્રિકાળ ધ્રુવ છે, ત્રિકાળ ધ્રુવ એની વર્તમાન ધ્રુવ પર્યાય, ધ્રુવ પર્યાય જેને કારણસ્વભાવજ્ઞાનોપયોગ કહે છે. સમજાય છે? આત્મા વસ્તુ છે એનો ત્રિકાળ જ્ઞાનગુણ છે, એની વર્તમાન ધ્રુવ પર્યાય કારણસ્વભાવજ્ઞાનોપયોગ, કારણસ્વભાવજ્ઞાનોપયોગ એના અવલંબે કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ કેવળજ્ઞાન થાય છે. નિમિત્તના અવલંબે કેવળજ્ઞાન કદી નથી થતું, કદી વ્યવહાર, વિકલ્પ, દયા, દાન, ભક્તિના અવલંબે કેવળજ્ઞાન નથી થતું, કદી નિશ્ચયરત્નત્રયના કારણે પણ કેવળજ્ઞાન થાય એમ કહેવું તે વ્યવહાર છે. શું કહ્યું? નિશ્ચયરત્નત્રયથી કેવળજ્ઞાન થાય એ વ્યવહાર છે. પર્યાય છે. પર્યાયમાંથી પર્યાય નથી આવતી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં જે વસ્તુ ત્રિકાળ અનાદિ-અનંત અંતર સૃષ્ટિ, અંતર સ્વભાવસૃષ્ટિ સ્વભાવસૃષ્ટિ અનંતગુણનો પિંડ છે. એની વર્તમાન પર્યાય ધ્રુવ એ એની પર્યાયની સૃષ્ટિ છે. આત્મામાં કારણસ્વભાવજ્ઞાનોપયોગ (છે) એ સ્વભાવના અવલંબે સ્વભાવની વિશેષ પર્યાય ધ્રુવ કારણસ્વભાવ જ્ઞાનોપયોગ એમાંથી કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ થાય છે. સમજાય છે કાંઈ? કારણજ્ઞાન પણ તેવું જ છે. તેવું જ નામ જેવું કેવળજ્ઞાન એક સમયમાં ઇન્દ્રિયરહિત, ક્રમરહિત, વ્યવધાન અંતરરહિત અને કેવળ ભેળસેળ બીજાની મેળવણી રહિત એવું કેવળજ્ઞાન પર્યાય કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ છે. કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ એનું કારણ આત્મામાં શુદ્ધ ચિદાનંદ જ્ઞાનશક્તિમાં અને એની પર્યાયમાં જે કેવળજ્ઞાનના કારણરૂપ સ્વભાવજ્ઞાનોપયોગ છે એ કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ જેવો જ છે. ભારે વાત, ભાઈ!

આ નિયમસારની વાત જુદી વસ્તુ છે. સમજ્યા? આત્મા વસ્તુ એનો ચૈતન્યગુણ એ

ચૈતન્યગુણમાં જ્ઞાન અને દર્શન બે અને ચૈતન્યને અનુસરીને થનારા પરિણામ એને ઉપયોગ કહે છે. એ ઉપયોગના બે ભેદ, જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ. જ્ઞાનોપયોગના બે ભેદ—એક સ્વભાવજ્ઞાનોપયોગ, એક વિભાવજ્ઞાનોપયોગ. સ્વભાવજ્ઞાનોપયોગના બે ભેદ—એક કારણસ્વભાવજ્ઞાનોપયોગ, એક કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ. કારણસ્વભાવજ્ઞાનોપયોગ ભગવાન સર્વજ્ઞ કોને કહે છે? કે આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચિદાનંદ આનંદકંદ છે એના જ્ઞાનગુણની વર્તમાન ધ્રુવ પર્યાય, ધ્રુવ પર્યાય એને કારણસ્વભાવજ્ઞાનોપયોગ કહે છે અને એના અવલંબને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે તેને કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ કહે છે. બેય પરિણામની વાત ચાલે છે. ઓહો..હો..!

શું કહ્યું? કે કારણસ્વભાવજ્ઞાન પણ તેવું જ છે. તેવું જ છે. જેવું કેવળજ્ઞાન છે એવું અંતરમાં પોતાની વર્તમાન ધ્રુવ વિશેષ પર્યાયમાં જે વિશેષ પર્યાયરૂપ કારણસ્વભાવજ્ઞાનોપયોગ છે એ પણ કોઈ પરપદાર્થનું એમાં ભેળસેળપણું નથી, એમાં કોઈ પોતાનું સ્વરૂપ-અંતરસ્વરૂપ જાણવામાં ક્રમ નથી, અંતરસ્વરૂપ હોં! અને અંતરસ્વરૂપ જાણવામાં દેશકાળનું વ્યવધાન નામ વિઘ્ન નથી અને અંતર સ્વરૂપ જાણવામાં ધ્રુવપર્યાયમાં કોઈ ઇન્દ્રિયનું અવલંબન નથી.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વિશેષણ કારણના છે. જરી ઝીણી વાત છે. એ વાત છે.

કેવો છે કારણજ્ઞાનોપયોગ? કારણજ્ઞાનસ્વભાવ ઉપયોગ? એ પ્રગટ નથી, પ્રગટ નથી. પ્રગટ તો કેવળજ્ઞાનરૂપી ઉપયોગ પર્યાય પ્રગટ થાય છે, એ પ્રગટ થાય છે, ઉત્પાદ-વ્યયસ્વરૂપ. આ કારણજ્ઞાન પ્રગટ નથી (થતું). એ અપ્રગટ કેવળજ્ઞાન, કેવળજ્ઞાનના કારણરૂપ જ્ઞાનોપયોગ, કેવળજ્ઞાન કાર્ય એનું જ્ઞાન કારણઉપયોગ કેવું છે? કે જેવું કાર્યસ્વભાવજ્ઞાન છે એવું જ કારણજ્ઞાન છે. બહુ ઝીણી વાત. ભાઈ! અહીં તો કોઈ પરની દયા પાળવાથી કેવળજ્ઞાન થાય? કે નહિ. વ્રત પાળવાથી કેવળજ્ઞાન થાય છે? નહિ. એ તો રાગ છે. દેહની ક્રિયાથી કેવળજ્ઞાન થાય? કહે નહિ. એ તો જડ છે. વ્યવહારરત્નત્રયથી કેવળજ્ઞાન થાય છે? કે નહિ. એ તો વ્યવહારરત્નત્રય વિકાર છે. નિશ્ચયરત્નત્રયથી મોક્ષ થાય છે? કે નહિ. કેમકે એ પર્યાય છે. નિશ્ચયરત્નત્રય પર્યાય છે. પર્યાયમાંથી નવી મોક્ષ પર્યાય નથી આવતી. ઓહો..હો..!

તો મોક્ષની પર્યાય આત્મામાં કેવળજ્ઞાન કાર્યસ્વભાવજ્ઞાનોપયોગની પર્યાય ક્યાંથી આવે છે? કોના અવલંબને આવે છે? તો કારણસ્વભાવજ્ઞાનનો ઉપયોગ અંદર આત્મામાં પડ્યો છે, શુદ્ધ ચિદાનંદ જ્ઞાનની પર્યાય ધ્રુવ અને ગુણ ત્રિકાળ છે, એ દ્રવ્ય શુદ્ધ, એનો જ્ઞાનગુણ શુદ્ધ અને એના અંશરૂપ ધ્રુવપર્યાય કારણસ્વભાવ ઉપયોગરૂપી પણ ધ્રુવ, એનું અવલંબન લેતાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર થાય છે અને એના અવલંબને કેવળજ્ઞાન થાય છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? પારેખ! બહુ ઝીણું ભાઈ! સમજાય છે? અહીંયાં તો વ્યવહાર ઊડી જાય છે. એ વિકલ્પ છે, રાગ છે, એ બંધનું કારણ છે અને નિશ્ચયરત્નત્રય મોક્ષનો

માર્ગ છે એ પણ પર્યાય છે. આત્મામાં નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્વિકારી પર્યાય (પ્રગટ થાય)... સમજાય છે? એ પણ નિર્વિકારી પર્યાય એ પણ પર્યાય છે. તો મોક્ષ કેવળજ્ઞાન પર્યાય, મોક્ષમાર્ગ નિશ્ચય નિર્વિકલ્પ આનંદરૂપી પર્યાય એમાંથી પણ નવી પર્યાય નથી આવતી. સમજાય છે કાંઈ? એ કારણસ્વભાવજ્ઞાનોપયોગમાંથી કેવળજ્ઞાનપર્યાય આવે છે. બહુ ઝીણી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? બધું ઉડી જાય છેને. વ્યવહારનયનો જ્ઞેય રહી જાય છે. વ્યવહારનયનો જ્ઞેય રહી જાય છે. જ્ઞેય છે. પોતાની પર્યાયમાં શુદ્ધ ચિદાનંદના અવલંબને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્વિકલ્પ પર્યાય થઈ એ જ્ઞેય છે, જ્ઞેય છે અને એની ભૂમિકામાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ જ્ઞેય છે, પણ એ કેવળજ્ઞાનનું કારણ નથી. કેવળજ્ઞાનનું કારણ નિશ્ચયનયનું જ્ઞેય છે. સમજાય છે કાંઈ?

આત્મા એક સકેન્ડના અસંખ્ય ભાગમાં અનાદિ-અનંત શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એના ગુણ અને એના પર્યાય પણ ધ્રુવ અનાદિ-અનંત છે. તો કારણસ્વભાવજ્ઞાન પણ ઉપયોગ છે. એ જ્ઞાનની વર્તમાન પર્યાયમાં ધ્રુવરૂપ નિમિત્તની અપેક્ષા વિના, ઇન્દ્રિયની અપેક્ષા વિના, ઉત્પાદ-વ્યયની અપેક્ષા વિના એમાં કારણસ્વભાવજ્ઞાનની પર્યાય આત્મામાં જ્ઞાનગુણની સાથે રહે છે. એના અવલંબને કેવળજ્ઞાન થાય છે. એવી વાત સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ?

કહે છે કે '**કાર્યસ્વભાવજ્ઞાન...**' આ ઉપયોગની વાત ચાલે છે હોં! ઉપયોગ તો પરિણતિ છે. જ્ઞાનગુણની પરિણતિ અહીંયાં એની વાત ચાલે છે. પરિણતિ નામ પર્યાય. તો કેવળજ્ઞાન પણ પર્યાય છે, કેવળજ્ઞાન ગુણ નથી. કેવળજ્ઞાન જે પ્રગટે છે એ ગુણ નથી, એ તો પર્યાય અવસ્થા છે, ગુણ ત્રિકાળ છે. ગુણ પ્રગટતો નથી, ગુણ આવરણમાં હોય નહિ, ગુણ તો શક્તિરૂપ નિરાવરણ ત્રિકાળ છે. એની કેવળજ્ઞાનરૂપી પર્યાય પ્રગટ થાય છે એ કાર્યસ્વભાવજ્ઞાન છે કાર્યસ્વભાવજ્ઞાન અને એનું કારણ કારણજ્ઞાન એ આત્માના જ્ઞાનગુણની સાથે વિશેષ જ્ઞાનગુણની ઉપયોગરૂપ અંતર પરિણતિ ધ્રુવ, ધ્રુવ ઉત્પાદ-વ્યયની અપેક્ષા વિનાની એ કારણજ્ઞાનની ઉપયોગ પરિણતિની પર્યાય એ કેવળજ્ઞાનનું કારણ છે. ઓહો..હો..! ભારે કઠણ વાત. સમજાય છે?

જેવું કાર્યસ્વભાવજ્ઞાન છે એ ભેળસેળ વિનાનું, ઇન્દ્રિય, ક્રમ અને વિઘ્ન વિનાનું, અસહાય એવો ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એ આત્મા દ્રવ્ય, એનો જ્ઞાન ગુણ અને એના જ્ઞાનગુણની ધ્રુવ, ધ્રુવ કારણસ્વભાવજ્ઞાનોપયોગ પર્યાય. કદી સાંભળી નથી એવી આ વાત છે. પર્યાય ધ્રુવ છે. એક પર્યાય ધ્રુવ છે આત્મામાં. ઓહો..! પર્યાય ધ્રુવ ક્યાંથી આવી વળી? ઉત્પાદ-વ્યયને તો પર્યાય કહે છે.

'**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' અને સત્ દ્રવ્યલક્ષણં. દ્રવ્યનું લક્ષણ સત્ છે અને સત્ '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' છે. ઉત્પાદ-નવી પર્યાયનું ઊપજવું, જૂની પર્યાયનો વ્યય થવો અને સદશ્ય રહેવું ધ્રુવ એ ત્રણે એક સમયે મળીને સત્ થાય છે અને એ સત્ દ્રવ્યનું લક્ષણ

છે. કહે છે કે એ ધ્રુવ જે છે એ ધ્રુવમાં ત્રણ અંશ છે. એક શક્તિવાન દ્રવ્ય અને એનું જ્ઞાન ધ્રુવ એ ગુણ અને એ ગુણનો એક સમયનો અંશ ધ્રુવ, એ ત્રણ મળીને દ્રવ્યાર્થિક નિશ્ચયનયનો વિષય થાય છે અને એ ધ્રુવપર્યાય અંદરમાં શુદ્ધ ઉત્પાદ-વ્યયના અપેક્ષા વિનાની છે એનું અંતર અવલંબન લેવાથી કેવળજ્ઞાન થાય છે. કદી ત્રણકાળમાં કોઈ બાહ્યક્રિયાકાંડથી, કોઈ વ્યવહાર શુભપરિણામથી કે નિશ્ચયરત્નત્રયમાંથી કેવળજ્ઞાન નથી થતું. સમજાય છે કાંઈ? નિમિત્ત છે એ તો પર છે. શું પરમાંથી કેવળજ્ઞાન આવે છે? વ્યવહારરત્નત્રય છે. સમકિતીની વાત ચાલે છે હોં. મિથ્યાદષ્ટિને વ્યવહાર છે જ નહિ. સમ્યગ્દષ્ટિનો વ્યવહાર જે રાગાદિ આવે છે એ રાગમાંથી શું કેવળજ્ઞાન થાય છે? અને સમ્યગ્દષ્ટિના નિર્વિકલ્પ આનંદના અનુભવની પ્રતીત, જ્ઞાન અને રમણતા, વીતરાગ પર્યાયરૂપ મોક્ષમાર્ગ શું એ મોક્ષમાર્ગમાંથી મોક્ષમાર્ગ આવે છે?—બિલકુલ નહિ. મોક્ષમાર્ગનો વ્યય થઈને મોક્ષમાર્ગની મોક્ષપર્યાય ઉત્પન્ન થાય છે. મોક્ષમાર્ગનો વ્યય થઈને, અભાવ થઈને મોક્ષની પર્યાયનો ઉત્પાદ થાય છે, તો ઉત્પાદ ક્યાંથી આવ્યો? કે આ મોક્ષમાર્ગ જે છે એમાંથી આવ્યો?—નહિ. એ મોક્ષ આવ્યો કારણસ્વભાવજ્ઞાનના અવલંબનથી. ઘણી કઠણ વાત છે. સમજાય છે કાંઈ? મોહનભાઈ!

ઉપયોગની વાત ચાલે છે. પદ્મપ્રભમલધારીદેવે ટીકા કરીને નિયમસારની સ્પષ્ટ ટીકા કરી અને કહ્યું કે અમને પરંપાર મળ્યું છે. અમે શું ટીકા કરી શકીએ? અમને તો પરંપરાએ મળ્યું છે એની વાત કરીએ છીએ. તો કહે છે કે ભગવાન તારા સ્વભાવ જ્ઞાનોપયોગના બે ભેદ છે-કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ પરિણામ અને કારણસ્વભાવજ્ઞાનોપયોગ એ પરિણામ એ કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ ઉત્પાદ-વ્યય પરિણામ અને કારણસ્વભાવજ્ઞાનોપયોગ ધ્રુવરૂપ પરિણામ. વળી ધ્રુવરૂપ પરિણામ અને પરિણતિ ક્યાંથી લાવ્યા? ભાઈ! વસ્તુ અધ્યાત્મની ચીજ અંદર બીજી છે. અંતરસૃષ્ટિ સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... ચૈતન્ય જ્ઞાન સમુદાય, શક્તિ એના જ્ઞાનના વિશેષ અંશરૂપ ધ્રુવપર્યાય એ ધ્રુવપર્યાય, ધ્રુવગુણ અને ધ્રુવ દ્રવ્ય ત્રણ થઈને નિશ્ચયનયનો વિષય છે. સમ્યગ્દષ્ટિ એ નિશ્ચયનયના વિષયને ધ્યેય કરે છે અંતરમાં. તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નિશ્ચયસ્વભાવના અવલંબને થાય છે અને પછી કેવળજ્ઞાન પણ સ્વભાવ ધ્રુવના અવલંબને કેવળજ્ઞાન થાય છે. નિશ્ચયમોક્ષમાર્ગના અવલંબને પણ કેવળજ્ઞાન થતું નથી. કેમકે પર્યાયમાંથી પર્યાય કદી નથી આવતી. સમજાય છે કાંઈ?

હવે કહે છે કે '**કારણજ્ઞાન પણ તેવું જ છે. શાથી?**' શાથી એટલે? ક્યા કારણે? શાથી? અમારે ગુજરાતી ભાષા છે. ક્યા હેતુથી? કે જેવો કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ કહ્યું કેવળજ્ઞાન એવો એક કારણસ્વભાવજ્ઞાનોપયોગ આત્મામાં છે એ કેવળજ્ઞાન જેવો જ છે. કેમ? કે '**નિજ પરમાત્મામાં રહેલાં સહજદર્શન,...**' જુઓ, જરી વાત તદ્દન બીજા ઢબની વાત છે અંતર અધ્યાત્મની. જે આત્મામાં કારણસ્વભાવજ્ઞાનોપયોગ ઉત્પાદ-વ્યયની અપેક્ષા વિનાનો ધ્રુવ ઉપયોગરૂપી પરિણતિ છે એ પરિણતિમાંથી કેવળજ્ઞાન આવે છે. એના કારણમાંથી. તો એ

કારણપર્યાય કેવી છે? જ્ઞાન કારણશુદ્ધોપયોગરૂપી પર્યાય કેવી છે? નિજપરમાત્મામાં.. જુઓ, આ આત્મા અંદર પરમાત્મા પૂર્ણ શુદ્ધ જ્ઞાયકભાવ છે. પરમપારિણામિકસ્વભાવભાવ જ્ઞાયકભાવ છે. એમાં રહેલાં. રહેલાને શું કહે છે? રહનેવાલા.

'**નિજપરમાત્મામાં રહેલાં...**' તમારી હિન્દી ભાષામાં. '**સહજદર્શન,...**' આત્મા વસ્તુ એક સમય સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમય, એક સમયમાં આત્મા સહજદર્શન અંતરમાં ત્રિકાળ છે. શક્તિરૂપ પરમાત્મા આત્મા એમાં સહજદર્શન, દર્શન ઉપયોગ, દર્શનશક્તિ, દર્શનશક્તિ ત્રિકાળ '**સહજચારિત્ર,...**' આ પર્યાયની વાત નથી, અંદર સ્વભાવની વાત છે. '**સહજચારિત્ર,...**' આત્મામાં સ્વભાવિક ચારિત્ર જે ધ્રુવરૂપ છે, ધ્રુવરૂપ છે. '**સહજસુખ...**' જે આત્મામાં આનંદ... આનંદ... આનંદ... સહજ ધ્રુવરૂપ છે '**અને સહજપરમચિત્શક્તિરૂપ...**' સ્વભાવિક પરમજ્ઞાનની શક્તિરૂપ, જ્ઞાનના વીર્યરૂપ, જ્ઞાનના બળરૂપ '**નિજકારણસમયસારનાં સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે.**' બ્રહ્મચારીજી! શું વાત છે જુઓ, શું કહે છે? એક સમય સેકન્ડનો અસંખ્યમો ભાગ એમાં જે આત્મા, એનો જ્ઞાનગુણ, એની જ્ઞાન એક ધ્રુવરૂપ પર્યાય. ધ્રુવની પર્યાયની વાત ચાલે છે, કેવળજ્ઞાનની નહિ. કેવળજ્ઞાનની વાત આવી ગઈ. એ કેવળજ્ઞાન કારણપર્યાયમાંથી અવલંબન લેવાથી આવે છે અને એની કારણપર્યાય, જ્ઞાનસ્વભાવ કારણ ઉપયોગરૂપી પર્યાય કેવી છે? એ જે કારણસ્વભાવ જ્ઞાનોપયોગરૂપી પરિણતિ ધ્રુવ એ આત્મા પરમાત્મામાં રહેલા સહજદર્શન, ત્રિકાળ દર્શન દ્રષ્ટા સ્વભાવ, સહજચારિત્રસ્વભાવ, સહજઆનંદસ્વભાવ, સ્વભાવિક પરમવીર્ય-બળ તે નિજકારણ સમયસાર છે. નિજકારણસમયસાર ધ્રુવસ્વભાવ એક સમયમાં ધ્રુવ.

'**સમયસારના સ્વરૂપોને...**' ઓહો..હો..! '**યુગપદ્ જાણવાને...**' કઈ પર્યાય? ધ્રુવ પર્યાય. ઓહો..હો..! ધ્રુવ પર્યાય છે એમાં એવી તાકાત છે. ઉત્પાદની પર્યાય જે પ્રગટ થઈ કેવળજ્ઞાનની એ તો કાર્યસ્વભાવ લોકાલોક અને સ્વને જાણે એની વાત અહીંયા નથી. અહીંયાં તો આત્મામાં જ્ઞાનગુણની એક વર્તમાન અપ્રગટ અવ્યક્ત ધ્રુવ પર્યાય જે કારણસ્વભાવજ્ઞાન ઉપયોગ છે એમાં તાકાત કેટલી છે? કે પોતાના નિજપરમાત્મામાં રહેલા સ્વભાવિકદર્શનગુણ ત્રિકાળ, સ્વભાવિકચારિત્રગુણ ત્રિકાળ, સ્વભાવિકસુખગુણ ત્રિકાળ અને સ્વભાવિકવીર્યગુણ નિજશક્તિનું બળ ગુણ ત્રિકાળ અંતરમાં, તેને કારણસ્વભાવજ્ઞાન ઉપયોગ ધ્રુવ યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી કાર્યજ્ઞાન જેવું જ કારણજ્ઞાન છે. ઓહો..હો..! સમજાય છે? વાત તો બીજી છે. કેવળજ્ઞાનની વાત નથી. એનો કારણરૂપ સ્વભાવજ્ઞાનોપયોગ પર્યાય અને કેવી છે એ પર્યાય? ધ્રુવ છે, એમાં ઉત્પાદ-વ્યય નથી, સદૃશ્ય એનું લક્ષણ છે. દ્રવ્ય, જ્ઞાનગુણ અને એક સમયની પર્યાય સદૃશ્યતા એનું લક્ષણ છે અને ઉત્પાદ-વ્યય તો વિસદૃશ્ય છે. કેમ વિસદૃશ્ય? કે નવી પર્યાય ઉત્પન્ન થાય છે, જૂનીનો વ્યય થાય છે તો વિસદૃશ્ય થઈ ગયું, બેનું સદૃશ્ય ન રહ્યું; પણ સ્વભાવ દ્રવ્ય, એની શક્તિ ગુણ અને એની વર્તમાન પર્યાય ધ્રુવ સદૃશ્ય એકરૂપ એમાં

ઉત્પાદ-વ્યય બે વિષમતા નથી. એવા સદશ્ય દ્રવ્ય-ગુણ-પર્યાય જે છે એમાં જે પર્યાય છે એ પરમાત્મામાં રહેલા દર્શન-ચારિત્ર-આનંદ અને બળને યુગપદ્ જાણવાને સમર્થ છે. એય..! હિંમતભાઈ! શું આ પણ ક્યાંથી કાઢ્યું આ બધું? શું કહ્યું સમજ્યા? ઓલી ધ્રુવપર્યાયની વાત ચાલે છે. ટીકા તો અમૃત કાઢ્યું છે જંગલમાંથી. જંગલમાંથી. જંગલમાં મુનિ રહેતા હતા. દિગંબર મુનિ હતા. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા હતા. ઝૂલતા હતા છઠ્ઠે-સાતમે એને મુનિ કહે છે, બીજાને મુનિ કહેતા નથી. છઠ્ઠે-સાતમે ભાવલિંગમાં ઝૂલે છે અને દ્રવ્યલિંગ જેનું નગ્ન સહજ થઈ જાય છે, સહજ થઈ જાય છે, એને મુનિ કહે છે, બીજાને મુનિ સાધુ કહેતા જ નથી ત્રણકાળમાં. જૈનદર્શનમાં બીજાને મુનિ-સાધુ કહેતા જ નથી. સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ એટલે સમજમેં કુછ આતા હૈ? અમારી ભાષા છે એ સમજાય છે કાંઈ?

અહીંયાં ભગવાન કુંદકુંદાચાર્યે ૧૧-૧૨મી ગાથામાં જે અધ્યાત્મના સ્વભાવનો સાર ગોઠવ્યો છે.. ગોઠવ્યાને શું કહે છે તમારી ભાષામાં? મૂક્યો છે. ઠેઠ ગુજરાતી આવી જાય. અમને કાંઈ હિન્દી બરાબર નથી આવડતી. સમજાય છે કાંઈ? અહીંયાં એ આત્મામાં જે દ્રવ્ય શક્તિવાન, ગુણ શક્તિ અને એની પર્યાય પણ શક્તિ ધ્રુવરૂપ પર્યાય એ ત્રણમાં જે ધ્રુવરૂપ પર્યાય છે એ કેવી છે? કે જેવું કેવળજ્ઞાન ઇન્દ્રિય, વ્યવધાન, અંતરાય, ભેળસેળ વિનાનું કેવળજ્ઞાન સર્વ લોકાલોકને જાણે છે. ભવિષ્યમાં જે પર્યાય જે દ્રવ્યની, જેવી થશે, જ્યાં થશે એમ કેવળજ્ઞાન જાણે છે. કેવળજ્ઞાનમાં કદી ફેરફાર થતો નથી અને કેવળજ્ઞાનમાં જોયું એવું જગતમાં પરિણમન થાય છે. એવો ફેરફાર કેવળજ્ઞાન બીજું દેખે અને પરમાં બીજું કાર્ય થાય એવું કદી બનતું નથી. અને ભવિષ્યમાં પર્યાય થશે તો કેવળજ્ઞાન જાણશે એવું પણ કદી છે જ નહિ. ત્રણકાળ, ત્રણલોકને કેવળજ્ઞાન એક સમયમાં ભૂતની અનંતી પર્યાય, વર્તમાનની અનંતી, ભવિષ્યની અનંતી. વર્તમાનની અનંતી કેમ કહી? અનંતગુણની અનંત પર્યાય છે.

એવું એક સમયમાં જેવું કેવળજ્ઞાન ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય-ગુણ-પર્યાયને યુગપદ્ જાણે છે, યુગપદ્ નામ એક સાથે પ્રગટ કેવળજ્ઞાન, અપ્રગટ કેવળજ્ઞાનના કારણરૂપ જે સ્વભાવ જ્ઞાનોપયોગ પણ એક સમયમાં પોતાના પરમાત્મામાં રહેલા. લોકાલોકની અહીંયાં વાત નથી. એ તો એમાં આવી ગયું છે. બધી શક્તિ પડી છેને. પોતાનું દ્રવ્ય, એમાં ગુણ, જ્ઞાન એની પર્યાય ધ્રુવ. એ ધ્રુવ પર્યાયની તાકાત એટલી છે કે પોતાના પરમાત્મામાં રહેલા સહજદર્શન, જ્ઞાન, આનંદ અને બળ એને જાણવામાં, યુગપદ્ જાણવામાં ધ્રુવ પર્યાયની તાકાત છે. ધ્રુવ પર્યાયની તાકાત. એય..! હિંમતભાઈ! એય..! નારણભાઈ! ધ્રુવ શું જાણે? ધ્રુવ જાણે તો તો ઉત્પાદ-વ્યય થઈ ગયું. શક્તિની વાત ચાલે છે. અહીં શક્તિની વાત ચાલે છે.

પ્રાપ્તની પ્રાપ્તિ છે. કેવળજ્ઞાન કાર્યરૂપે થાય છે એ પ્રાપ્ત અંદર પડ્યું છે એમાંથી થાય છે. એમાં છે એમાંથી આવે છે. ન હોય એમાંથી આવે એવું ત્રણકાળમાં કદી બનતું નથી.

તો કેવળજ્ઞાનરૂપી પર્યાય કોના અવલંબને, કોનામાંથી, ક્યા આધારે થાય છે? તો કહે છે, ભગવાન આત્મા જ્ઞાનગુણ અને જ્ઞાનવાન અને જ્ઞાનગુણની વર્તમાન શુદ્ધકારણસ્વભાવ ઉપયોગરૂપી પર્યાય એમાંથી આવતું કેવળજ્ઞાન તો એ પર્યાય પણ પોતાના સહજસ્વભાવમાં રહેલા દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદને બરાબર એકસાથે જાણે છે. એવી એની પર્યાયમાં તાકાત છે. ઓહો..હો..! લ્યો, આમાં શું કહેવાય સમજાય છે કાંઈ? શું કહેવાય છે એટલે તમારી ભાષામાં ક્યા કહતે હૈં? રાજમલજી! કહો, આ બધી વાત ક્યાંથી? આ ધર્મ બહારથી આવી ક્રિયાકાંડ, આવું ખાવું, આવું પીવું એ બધી ચીજ ક્યાંથી આવી? એ ચીજ ચીજને કારણે આવે છે, પોતાને કારણે નહિ. એ ચીજ પોતાને કારણે છૂટે છે, તારા કારણે નહિ. એ ચીજમાં રાગ તને થાય છે અને તારા કારણે થાય એ પણ ધર્મનું કારણ નથી અને 'રાગરહિત સ્વભાવ ચિદાનંદ આત્મા અખંડનંદ હું છું' એવી પોતાની સ્વભાવની દૃષ્ટિએ જે સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું અને સમ્યક્ચારિત્ર થયું તો એમાંથી પણ કેવળજ્ઞાન નથી આવતું. સમજાણું કાંઈ? ... મોક્ષમાર્ગની પર્યાય નથી.

સમયસારને બે પ્રકારે કહે છે. સમયસારના ત્રણ પ્રકાર છે. સમયસાર ત્રણને લાગુ પડે છે કે એક કાર્યસમયસાર કેવળજ્ઞાન, એક કારણસમયસાર એક મોક્ષનો માર્ગ, એક કારણસમયસાર ધ્રુવપર્યાય અને એક કારણસમયસાર પર્યાય અને ગુણ અને દ્રવ્ય ત્રણને લઈને પણ કારણસમયસાર કહે છે. સમજાય છે કાંઈ? અહીં નિજકારણસમયસાર એટલે આખું દ્રવ્ય. દ્રવ્ય અને ગુણ એ કારણસમયસાર. એને કારણજ્ઞાનોપયોગ, કારણસમયસાર ત્રિકાળ દ્રવ્ય, ગુણ, ધ્રુવની પર્યાય એ પોતાને પણ જાણે છેને. એની તાકાત છેને.

'**નિજપરમાત્મામાં રહેલાં...**' સ્વભાવિકદર્શન, સ્વભાવિકજ્ઞાન, સ્વભાવિકચારિત્ર, સ્વભાવિકસુખ. જ્ઞાન તો પોતે છે, પોતાને જાણે છે. '**સહજપરમચિત્શક્તિ...**' ચિત્ નામ જ્ઞાનરૂપી બળ અંદરમાં, આત્માના સ્વભાવમાં એનું '**નિજકારણસમયસાર...**' નિજકારણ દ્રવ્ય-ગુણ-પર્યાય એવું જે નિજ કારણસમયસાર એને એ પર્યાય વર્તમાન જે ધ્રુવ છે એ '**યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી...**' એક સમયમાં પોતાની શક્તિનો પિંડ છે આત્મા એને યુગપદ્ જાણવાને સમર્થ '**તેવું જ છે.**' જેવું કેવળજ્ઞાન છે એવું અંદરમાં કારણ જ્ઞાનની પર્યાય પણ તેવી જ છે. તેવી જ છે. તેવી જ એટલે શું? વૈસી હી હૈ. સમજાય છે કાંઈ? '**આમ શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ કહ્યું.**' આમ શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ કહ્યું. કહો, સમજાણું કાંઈ? કહો,

આમાં મોક્ષમાર્ગ, મોક્ષ, મોક્ષનું કારણ બધી વાત આવી ગઈ. ત્રણે આવી ગયા. મોક્ષમાર્ગ, મોક્ષ અને મોક્ષનું કારણ એ સ્વભાવજ્ઞાનોપયોગમાં બધી વાત આવી ગઈ. સ્વભાવજ્ઞાન ઉપયોગ. ઉપયોગ શબ્દે પર્યાય, પર્યાય શબ્દે પરિણતિ, પરિણતિ શબ્દે અવસ્થા. એ કારણસ્વભાવ જ્ઞાન ઉપયોગ અને કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ બેનો ભેદ લઈને કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ કેવળજ્ઞાન અને કારણસ્વભાવજ્ઞાનોપયોગ આત્માના જ્ઞાનગુણમાં ધ્રુવ પર્યાય. એ થઈને બેય શુદ્ધ છે.

કેવળજ્ઞાન પણ શુદ્ધ છે અને એનું કારણ અંતરમાં પડ્યું છે એ પણ શુદ્ધ છે.

નિયમસાર છેને આનું નામ? નિયમસાર. તો નિયમ નામ એ તો મોક્ષમાર્ગની પર્યાય છે. નિયમસાર એ તો મોક્ષમાર્ગની પર્યાય છે. નિર્વિકલ્પ આત્મા શુદ્ધ ચિદાનંદ એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા સ્વસંવેદનમાં એનું નામ નિયમસાર. સાર કેમ? કે પુણ્ય-પાપના રાગરહિત. વ્યવહારરત્નત્રય એ મોક્ષમાર્ગ છે જ નહિ, એ નિયમસાર છે જ નહિ. વચ્ચે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ આવે છે. સાચા દેવ-ગુરુની પ્રતીતિ, પંચમહાવ્રતનો, બાર વ્રતનો વિકલ્પ આવે એ મોક્ષમાર્ગ જ નથી. મોક્ષમાર્ગ એક જ છે. મોક્ષમાર્ગ બે છે જ નહિ ત્રણકાળમાં. સમજાય છે કાંઈ? મોક્ષમાર્ગનું કથન બે પ્રકારનું છે. મોક્ષમાર્ગ બે પ્રકારનો ત્રણકાળમાં નથી. મોક્ષમાર્ગ તો એક જ છે નિશ્ચયમોક્ષમાર્ગ. એ નિશ્ચયમોક્ષમાર્ગ જે સ્વભાવના અવલંબને થયું.. સમજ્યા? એનું નામ નિયમસાર. એનું નામ વર્તમાન પર્યાય, પર્યાય. તો પર્યાયનો અધિકાર છે તો પર્યાયનો અધિકાર ઘણો સ્પષ્ટ કરીને કારણ અને કાર્યને સ્પષ્ટ કરી દીધું. સમજાય છે કાંઈ? એ શુદ્ધજ્ઞાનનો (અધિકાર પૂરો) થયો.

'**હવે આ (નીચે પ્રમાણે), શુદ્ધાશુદ્ધજ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છે** :...' હવે મતિજ્ઞાન છેને પહેલાં? સમ્યક્ મતિજ્ઞાન. સમ્યક્ મતિજ્ઞાન, સમ્યક્ મતિજ્ઞાન કોને કહે છે? '**ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગથી તથા અવગ્રહાદિ ભેદથી અથવા બહુ, બહુવિધ વગેરે ભેદથી મતિજ્ઞાન અનેક ભેદવાળું છે.**' સમ્યક્ મતિજ્ઞાન, સમ્યક્ દૃષ્ટિમાં જે સમ્યક્ મતિજ્ઞાન હોય છે એની વાત ચાલે છે. સમ્યક્ મતિજ્ઞાન, જે પર્યાય વ્યય થઈને મોક્ષની પર્યાય ઉત્પન્ન થાય છે. એ પણ ચાલ્યું છે. એ પણ વાત આવી હતી કે ત્યાં પણ આવે છે, ભાઈ! ચિદ્‌વિલાસમાં આવે છે. અને એ આપણે કહ્યું કે મોક્ષમાર્ગ જે નિર્વિકલ્પ પર્યાય છે તો એને મોક્ષની પર્યાય આવવી જોઈએ એવી જબરદસ્તી નથી. સમજાણું કાંઈ? ચિદ્‌વિલાસમાં લીધું છે અને ..બોધકમાં લીધું છે. મોક્ષમાર્ગ સાધક છે સાધક. 'શુદ્ધ ચિદાનંદ આત્મા પૂર્ણાનંદ હું છું' એવી પ્રતીતિ થઈ નિર્વિકલ્પ, શ્રદ્ધા, જ્ઞાન, આનંદ થયો. એ ત્રણ છે સાધક, તો સાધ્યને આવવું જ પડશે (એમ હોય) તો સાધ્યપર્યાય સાધકને પરાધીન થઈ જાય છે. એવું લીધું છે. પણ એમ નથી. તો સાધક કેમ કહ્યું? નિશ્ચયમોક્ષમાર્ગ સ્વભાવની દૃષ્ટિ એને સાધક કેમ કહ્યો? સાધકનું ફળ સાધ્ય છે તો સાધક છે તો સાધ્ય છે, તો સાધક થયો તો સાધ્યએ આવવું પડશે, તો સાધ્ય જો કેવળજ્ઞાન પર્યાય છે એ શું સાધકને આશ્રયે પરાધીન છે? સ્વતઃ છે. સમજાણું? એક પર્યાય બીજી પર્યાયને આધીન-પરાધીન છે નહિ. એમ છે જ નહિ. પણ એ સાધક કેમ કહ્યું? મોક્ષમાર્ગ સાધક હોં, નિશ્ચયમોક્ષમાર્ગ. વ્યવહારમોક્ષમાર્ગ તો છે જ નહિ, નિમિત્ત તો ધર્મ છે જ નહિ. પોતાનો શુદ્ધ એક સમયનો પૂર્ણ સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા અંદર નિર્વિકલ્પ થાય છે એ મોક્ષમાર્ગ સાધક અને કેવળજ્ઞાન સાધ્ય. તો કહે છે કે મતિજ્ઞાન આદિ જે સાધક થયો તો કેવળજ્ઞાનને આવવું

પડે, તો મતિજ્ઞાનની પર્યાયની જબરદસ્તીથી કેવળજ્ઞાનને આવવું પડ્યું, એમ નથી. મોટો અનર્થ થઈ જાય છે. આમાં ભાઈ! આપણે તે દિ' કાઢ્યુંને? .. પણ ચિદ્‌વિલાસમાં પણ એમ છે હોં. ચિદ્‌વિલાસમાં બે ઠેકાણે છે. પછી ખ્યાલ આવ્યો. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે જે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જે કેવળજ્ઞાનમાં પૂર્વ પર્યાયમાં થાય છે. કેવળજ્ઞાન થાય છે જ્યારે કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ એ પૂર્વમાં મતિ અને શ્રુતજ્ઞાન થાય છે. કોઈને અવધિ અને મનઃપર્યય હોય અને ન પણ હોય, પણ મતિ અને શ્રુતજ્ઞાન બે તો સમ્યક્ હોય જ છે, પણ હોય છે એટલે કેવળજ્ઞાન આવે છે એવી જબરદસ્તી નથી. પણ શું છે? કેવળજ્ઞાન થયા પહેલાં મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય છે એ અપેક્ષાએ સાધક કહ્યું અને પછી પર્યાય થાય છે એને સાધ્ય. કેમકે પાછળ પર્યાયમાં કેવળજ્ઞાન આવે જ છે એને કારણે સાધકસાધ્ય કહ્યું છે, નહિ કે સાધકની પર્યાયની બળજોરીથી સાધ્યને આવવું જ પડે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ ઝીણી! એય..! વીરજીભાઈ!

**શ્રોતા :-** બળજોરી નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બળજોરી નહિ. સાધક સાધ્ય કહો, બળજોરી શું છે? શું એક સમયની પર્યાય બીજા સમયની પર્યાય અધિપતિ છે? ધણી છે કે એક સમયની પર્યાય બીજા સમયની પર્યાયને બળજોરીથી પ્રગટ કરે? એમ છે જ નહિ. પણ, પરંતુ કેવળજ્ઞાનની પર્યાય થયા પહેલાં મતિ અને શ્રુત સમ્યગ્જ્ઞાન થાય છે એનો આશ્રય લઈને એમ કહ્યું કે એ સાધક અને સાધ્ય છે. સમજ્યા? પણ કેવળજ્ઞાનની પર્યાય સ્વતંત્ર પ્રગટ થાય છે, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી પણ નહિ. સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનથી પણ કેવળજ્ઞાન નથી. ઓહો..હો..! એ કેવળજ્ઞાન જે પ્રગટે છે એમ કહો તો કારણસ્વભાવજ્ઞાનોપયોગમાંથી આવે છે. સમજાય છે કાંઈ? અને કેવળજ્ઞાન છે એમ કહો, જ્યારે કેવળજ્ઞાન છે એમ કહો, એ કોઈને આશ્રયે નથી. છે, પર્યાય પર્યાયથી છે, દ્રવ્યથી પણ નથી. સામાન્ય દ્રવ્ય છે અને કેવળજ્ઞાન પર્યાય એ બેય પોતાથી છે. જો કોઈને કારણે થાય તો બેયની હાનિ થાય છે. પોતાની સ્વયંસિદ્ધતા સિદ્ધ થતી નથી. સમજાય છે કાંઈ? એટલે અહીંયાં મતિ અને શ્રુતજ્ઞાન પૂર્વે સમ્યગ્જ્ઞાન થાય છે એની વ્યાખ્યા ચાલે છે. પણ એ જબરદસ્તી કેવળજ્ઞાનને લાવે છે એમ નથી.

એ મતિજ્ઞાનના ત્રણ ભેદ છે. '**ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગથી...**' એની વ્યાખ્યા નીચે ચાલે છે. '**મતિજ્ઞાન ત્રણ પ્રકારનું છે :- ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ,...**' એની વ્યાખ્યા. '**મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે એવી અર્થગ્રહણશક્તિ તે ઉપલબ્ધિ છે;...**' લબ્ધિ કહે છે. પોતાની જ્ઞાનગુણ શક્તિ છે એમાંથી પ્રગટરૂપ, લબ્ધરૂપપર્યાય, લબ્ધરૂપ વ્યક્તપર્યાય, લબ્ધરૂપ વ્યક્તપર્યાય, જેમાં અર્થગ્રહણશક્તિ થવાની તાકાત છે એને મતિજ્ઞાનની લબ્ધિ કહે છે. ઓહો..હો..! બહુ ઝીણું મોહનભાઈ! આમાં કેટલું યાદ રાખવું? વળી કાર્યસ્વભાવજ્ઞાન અને કારણ અને આ વળી ત્રીજી વાત પાછી. આ તો મતિજ્ઞાનની

વાત ચાલે છે. એ કારણસ્વભાવજ્ઞાન ધ્રુવપર્યાય ત્રિકાળ ઉત્પાદ-વ્યય વિનાની, કેવળજ્ઞાન ઉત્પાદ-વ્યયવાળી અને આ છે ઉત્પાદ-વ્યયવાળી મતિજ્ઞાન (પર્યાય). આત્મામાં મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કરીને પોતાની પર્યાયમાં પદાર્થ ગ્રહણશક્તિનો લબ્ધરૂપ શક્તિમાંથી વ્યક્ત અંશ થયો તેને ઉપલબ્ધિ કહે છે.

અને **'જાણેલા પદાર્થ પ્રત્યે ફરી ફરીને ચિંતન તે ભાવના છે;...'** એ પદાર્થ પ્રત્યે ભાવના વારંવાર (થાય). પછી ઉપયોગ. **'આ કાળું છે, આ પીળું છે.'** સમજ્યાને? આ કાળું છે, પીળું છે. **'ઇત્યાદિરૂપે અર્થગ્રહણવ્યાપાર...'** એ પહેલાં ઉપલબ્ધિમાં અર્થગ્રહણશક્તિ અને ઉપયોગમાં અર્થગ્રહણવ્યાપાર. મતિજ્ઞાનની પર્યાયમાં લબ્ધરૂપ અર્થગ્રહણ શક્તિને લબ્ધિ કહે છે અને અર્થગ્રહણશક્તિનો વેપાર થાય છે તેને મતિજ્ઞાનનો ઉપયોગ કહે છે. અહીં તો સમજાવે છે કે આવી રીતે મતિજ્ઞાન થાય છે. સમજાણું? એ મતિજ્ઞાનથી કેવળજ્ઞાન થાય છે એમ નથી બતાવવું. પહેલી પર્યાય કઈ હતી એ બતાવવું છે. પૂર્વચર પૂર્વચર. પૂર્વચર શું હતું, સહચર શું હતું. સમજાણું? તો કહે છે કે પૂર્વે મતિજ્ઞાનની એવી પર્યાય જે નિર્મળ છે. આત્માના ભાનમાં સમ્યગ્દર્શન થયું અને સમ્યગ્દર્શનની સાથે મતિજ્ઞાન થાય છે. મિથ્યાદૃષ્ટિને મતિજ્ઞાન નથી હોતું. એ મતિજ્ઞાનના ત્રણ પ્રકાર—લબ્ધરૂપ, ચિંતવનરૂપ, વ્યાપારરૂપ. લબ્ધરૂપ એ જ્ઞાનની પર્યાયની પ્રગટ અવસ્થા, પદાર્થની ગ્રહણશક્તિની તાકાત એને લબ્ધિ કહે છે અને વારંવાર પદાર્થ છે એની ચિંતવના એને ભાવના કહે છે અને એ અર્થગ્રહણશક્તિનો વેપાર પરમાં જાણવા જાય તેને ઉપયોગ કહે છે. એ મતિજ્ઞાનના ત્રણ પ્રકાર. સમજાણું?

અને **'અવગ્રહ,...'** આદિ ભેદથી. એ તો આવે છે આપણે તત્ત્વાર્થસૂત્રમાં આવે છેને. અવગ્રહ આદિ અને 'બહુ, એક બહુવિધ...' આદિ. મતિજ્ઞાન અનેક ભેદવાળું છે. લબ્ધિ અને ભાવનાના ભેદથી શુદ્ધજ્ઞાન બે પ્રકારનું છે. શુદ્ધજ્ઞાનના બે પ્રકાર, એમાં ઉપયોગ નથી નાખ્યો, ભાઈ! લબ્ધિ અને ભાવના. એ ભાવનામાં સમાઈ ગયો છે અને બીજે ઠેકાણે જુદું લે ત્યારે ઉપયોગ પ્રમાણ લઈને નયનો ભેદ પાડીને એને શ્રુતમાં નાખ્યું છે. કારણ કે નયવેપાર પણ શ્રુત ઉપયોગ છે. નય, નિશ્ચય-વ્યવહારનય છે, જ્ઞાનનો અંશ છે, જ્ઞાનનો અંશ ઉપયોગાત્મક છે અને એ ઉપયોગાત્મક અંશ નય છે તે શ્રુતજ્ઞાનનો જ અંશ છે. શ્રુતજ્ઞાન આખું પ્રમાણ છે, એક સમયમાં વર્તમાન પર્યાય અને સામાન્ય બેને જાણનારું તે પ્રમાણ છે અને પ્રમાણનો એક અવયવ અંશ તે નય છે કે જે નય એક પડખાને જાણે, એક ભેદને કાં વર્તમાનને કાં ત્રિકાળને. વર્તમાનને જાણે તે વ્યવહાર અને ત્રિકાળને જાણે તે નિશ્ચય. તો શ્રુતજ્ઞાન પ્રમાણ એનો ભેદ નય એ ઉપયોગ અને નયની વ્યાખ્યામાં આવે છે. અહીંયાં તો બે જ ભેદ લીધા. શ્રુતજ્ઞાનની લબ્ધિ અને ભાવનાના ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે. એ મતિ અને શ્રુતજ્ઞાન કેવળજ્ઞાન પહેલાં બધાને હોય છે. કોઈપણ પ્રાણી કેવળજ્ઞાન પ્રગટ થયા પહેલાં મતિશ્રુત ન

હોય અને કેવળજ્ઞાન થાય એમ બનતું નથી, પણ મતિશ્રુતજ્ઞાન હોય તો એનાથી કેવળજ્ઞાન થાય એમ પણ વાત નથી.

**'દેશ, સર્વ અને પરમના ભેદથી** (અર્થાત્ દેશાવધિ, સર્વાવધિ અને પરમાવધિ **એવા ત્રણ ભેદોને લીધે) અવધિજ્ઞાન ત્રણ પ્રકારનું છે.'** દેશ-અવધિ, પદાર્થની અવધિ-મર્યાદા જાણવામાં દેશ અંશ જાણે છે, એક સર્વ જાણે છે અવધિ અને પરમ-અવધિ. ત્રણ ભેદ છે. સમજાય છે કાંઈ? એ અવધિજ્ઞાન ત્રણ પ્રકારના છે. શ્વેતાંબરમાં બે પ્રકારનું ચાલ્યું છે. દેશ અને પરમ. સર્વ એમાં નથી આવતું. ત્રણ યથાર્થ વસ્તુ...

**શ્રોતા** :- પરમાવધિ નથી આવતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, સર્વાવધિ નથી આવતું, પરમાવધિ માને છે. અહીં ત્રણ છે. દેશ, પરમ, સર્વ. અને **'ઋજુમતિ અને વિપુલમતિના ભેદને લીધે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે.'** મનઃપર્યયજ્ઞાન. તો કહે છે કે એ ચાર જ્ઞાન કોને થાય છે? **'પરમભાવમાં સ્થિત સમ્યગ્દષ્ટિને...'** આ સમ્યગ્દષ્ટિની વ્યાખ્યા. પરમભાવ પંચમભાવ ત્રિકાળ કારણશુદ્ધપર્યાય આવી દ્રવ્ય, ગુણ બધા. ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયનો પિંડ છે એવા સ્વભાવમાં સ્થિત, એ સ્વભાવમાં સ્થિત એવા સમ્યગ્દષ્ટિને ચાર જ્ઞાન થાય છે. બીજાને ચાર જ્ઞાન થતા નથી. એ ખુલાસો કરી દીધો કે કોને ચાર જ્ઞાન થાય છે? ભલે કોઈને બે, કોઈને ત્રણ, કોઈને ચાર એ નીચે લખ્યું છે. સમજાણું? પણ એ સમ્યગ્જ્ઞાન કોને થાય છે? પરમ ચૈતન્યમૂર્તિ હું જ્ઞાનાનંદ છું. શુદ્ધ દ્રવ્ય, ગુણ અને મારી શુદ્ધ કારણપર્યાય સ્વભાવજ્ઞાન છે એમાં તિષ્ઠ, એમાં લીન એની રુચિ અંતર થઈને પરિણમન થયું એવા સમ્યગ્દષ્ટિને જ ચાર જ્ઞાન થાય છે, મિથ્યાદષ્ટિને થતા નથી. જેની રુચિ નિમિત્તની છે, જેની રુચિ વ્યવહારની છે, જેની રુચિ વર્તમાન પર્યાયમાંથી પર્યાય થાય છે, એવા મિથ્યાદષ્ટિને ચાર જ્ઞાન થતું નથી એ વાત વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ ૧૨, તા. ૦૫-૦૧-૧૯૫૫,
## ગાથા-૧૧-૧૨, પ્રવચન નં. ૪૧૨

આ નિયમસાર, જીવ અધિકાર, એની ૧૧ અને ૧૨મી ગાથા ચાલે છે. જુઓ, આ જ્ઞાન, સ્વભાવજ્ઞાન કોને કહેવું એનો અધિકાર ચાલે છે. આ આત્મા જે વસ્તુ છે એનો જે ત્રિકાળી જ્ઞાનગુણ સ્વભાવ છે એની એક વર્તમાન જ્ઞાનગુણની નિર્મળ અપ્રગટ ધ્રુવપર્યાય છે

એને અહીંયાં કારણસ્વભાવજ્ઞાનોપયોગ કહે છે અને એના અવલંબે કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ એટલે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. હવે અહીંયાં કહ્યું કે એ સિવાય સમ્યગ્જ્ઞાનના ચાર પ્રકાર છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન. એ ચાર છે વિભાવિક. કેમકે તેમાં કર્મના નિમિત્તની અપેક્ષા આવે છે, છતાં છે એ સમ્યગ્જ્ઞાન. એ ચાર જ્ઞાન કોને હોય છે? એની વ્યાખ્યા આપણે થોડી બાકી છે હજી.

'**પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાન હોય છે.**' જુઓ, સમ્યગ્દૃષ્ટિ એટલે ચોથા ગુણસ્થાનથી, આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ જ્ઞાન અને આનંદ સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ છે એવી અંતરદૃષ્ટિના અનુભવમાં જે આત્માની પ્રતીત થઈ એવું ચોથું ગુણસ્થાન, પાંચમું હો કે છઠ્ઠું એ બધાય પરમભાવમાં સ્થિત છે. શેઠી! પરમભાવ જ્ઞાયક ચૈતન્ય પરમ સ્વભાવભાવ આત્મા, એની અંતરની દૃષ્ટિ અને રુચિમાં સ્થિત છે એ સમ્યગ્દૃષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાન હોય છે.

એમાં નીચે લખ્યું છે કે '**સુમતિજ્ઞાન અને સુશ્રુતજ્ઞાન સર્વ સમ્યગ્દૃષ્ટિને હોય છે. સુઅવધિજ્ઞાન કોઈ કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે. મનઃપર્યયજ્ઞાન કોઈ કોઈ મુનિવરોને—વિશિષ્ટસંયમધરોને—હોય છે.**' બધા મુનિઓને મનઃપર્યયજ્ઞાન હોય છે એવું નથી, પણ ખાસ, વિશિષ્ટ નામ ખાસ પ્રકારનો સંયમ જેનો ઉગ્ર-વિશેષ હોય છે એવા છઠ્ઠા ગુણસ્થાનના મુનિઓ, સાતમા ગુણસ્થાનવાળા મુનિઓને મનઃપર્યયજ્ઞાન હોય છે, પણ હોય છે એ ચોથું, પાંચમું કે છઠ્ઠું કે સાતમું એ બધા સમ્યગ્દૃષ્ટિ. એથી એની વ્યાખ્યા કરી કે પરમભાવ ત્રિકાળ શુદ્ધ ચિદાનંદ એક સમયમાં પરમસ્વભાવભાવથી ભરેલો ભગવાન જેની પ્રગટ પર્યાય એ નહિ, એ પરમભાવ નથી, આ પરમભાવ એટલે કેવળજ્ઞાન એ પરમભાવ નથી, કેવળજ્ઞાન પ્રગટ થાય એ પરમભાવ નહિ. ચાર જ્ઞાન-સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય એ પરમભાવ નહિ. આત્માનો એક સમયમાં કેવળજ્ઞાન અને ચાર જ્ઞાનનો જે પર્યાય છે ઉત્પાદ-વ્યયનો એ સિવાયનો ત્રિકાળ સ્વભાવભાવ શુદ્ધ ચિદાનંદ એમાં સ્થિત છે તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. એ સમ્યગ્દૃષ્ટિમાં મતિ અને શ્રુત તો બધાને હોય છે, અવધિ કોઈ કોઈને હોય છે—ચોથે, પાંચમે અને છઠ્ઠે આદિ અને મનઃપર્યયજ્ઞાન તો ખાસ પ્રકારના સંયમધરને મુનિઓને હોય છે, એટલી વાત કરી.

'**આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે. મિથ્યાદર્શન હોય ત્યાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન 'કુમતિજ્ઞાન', 'કુશ્રુતજ્ઞાન' અને 'વિભંગજ્ઞાન'—એવાં નામાંતરોને પામે છે.**' જ્યાં આત્મા શુદ્ધ એક સમયમાં પૂર્ણ આનંદ અને પરમસ્વભાવવાન છે એવી અંતર દૃષ્ટિ થઈ નથી અને બાહ્ય નિમિત્તોથી ધર્મ માની રહ્યા છે, દયા, દાન, ભક્તિના વિકલ્પથી ધર્મ માની રહ્યા છે, વર્તમાન ક્ષયોપશ જ્ઞાનનો પર્યાય વર્તે એને આશ્રયે ધર્મ થાય એમ માની રહ્યા છે એવા મિથ્યાદૃષ્ટિને કુમતિ, કુશ્રુત અને વિભંગ હોય છે. એને સુમતિ, સુશ્રુત, અવધિ

અને મનઃપર્યયજ્ઞાન હોતા નથી.

તેથી વાત કરી કે મિથ્યાદર્શન હોય ત્યાં એટલે કે પરમભાવમાં સ્થિત ન હોય ત્યાં. ભાઈ! ગુલાંટ મારીને વાત કરીએ કે પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિ. ત્યારે મિથ્યાદૃષ્ટિ? એ વર્તમાન જ્ઞાનનો એક સમયનો ઉઘડેલો પર્યાય છે એનાથી ધર્મ થશે એમ માને છે. પુણ્ય-પાપના પરિણામ આદિ દયા, દાનના વિકલ્પ શુભ ઉઠે એનાથી ધર્મ થશે એમ માને છે, પરંપરા થશે એમ માને અજ્ઞાની અને અનુકૂળ નિમિત્તો એનાથી પરંપરા ધર્મ થશે એમ માને છે એ પરમભાવમાં સ્થિત નથી. પરમ એક સમયમાં શુદ્ધ ચિદાનંદમાં એ સ્થિત નથી. એની એને શ્રદ્ધા, જ્ઞાનનું ભાન પણ અંતરમાં વર્તતું નથી. એ તો જાણે પરના અવલંબે ને રાગથી, પુણ્યથી, ક્રિયાથી, સંયોગથી, બહારના આશ્રયના અવલંબનના નિમિત્તથી ધર્મ અને સમ્યગ્દર્શન થાય એમ માનનારા મિથ્યાદૃષ્ટિને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન હોય છે, પણ બધા કુ હોય છે કુ. કુ એટલે? આત્માનો સ્વપ્રકાશ સ્વભાવ ચૈતન્ય છે એની દૃષ્ટિમાં નથી, ફક્ત પરપ્રકાશપણું એના ખ્યાલમાં વર્તે છે. પરપ્રકાશપણું એટલે આ પુણ્ય છે, આ રાગ છે, આ વ્યવહાર છે, આ નિમિત્ત છે.

એ જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે એ સ્વસન્મુખ, પરમભાવ સન્મુખ થઈને જે સમ્યગ્જ્ઞાન થાય એ મિથ્યા રુચિમાં સ્વસ્વભાવ સન્મુખ રુચિ નથી અને એકલો પરપ્રકાશકભાવ એકાંતપણે અજ્ઞાનમાં વર્તે છે. રાગ ને પુણ્ય ને વ્યવહાર ને વિકલ્પ ને સંયોગ ને એના તરફનું જ્ઞાન એકાંત પરપ્રકાશક છે. એ એકાંત પરપ્રકાશક મિથ્યાદર્શનમાં કુમતિ, કુશ્રુત અને વિભંગજ્ઞાન હોય છે. કહો, સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. મોહનભાઈ! વ્યાખ્યા જ એવી કરી છે કે ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમસ્વભાવ અનંત કેવળજ્ઞાનની જે પર્યાય પ્રગટે એના અનંત કેવળજ્ઞાનની પર્યાયનો પિંડ છે. એક સમયમાં સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... શુદ્ધ ચિદાનંદ છે, એની રુચિ અને પરિણમન દૃષ્ટિનું થવું એને સમ્યગ્દર્શન કહે છે. એ સિવાય કોઈ સંયોગ નિમિત્ત, વ્યવહાર, પુણ્ય, દયા, દાન, વિકલ્પ, ભક્તિ, જાત્રા, બ્રહ્મચર્ય, પંચમહાવ્રતના વિકલ્પો, પંચમહાવ્રતનું પાલન આમ કરું અને તેમ કરું એ બધા વિકલ્પનું ઉત્થાન વિકાર છે. એ વિકારને અવલંબે જે ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિને આ ત્રણ અજ્ઞાન હોય છે.

હવે જરી વાત ઝીણી આવશે. '**અહીં (ઉપર કહેલાં જ્ઞાનોને વિષે)...**' માથે કહ્યા જ્ઞાનના પ્રકારો કે એક તો જ્ઞાનના બે પ્રકાર કે સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન. સ્વભાવજ્ઞાનના બે પ્રકાર કે એક કારણસ્વભાવજ્ઞાન ત્રિકાળ પર્યાયરૂપ ઉપયોગ અને કાર્યસ્વભાવજ્ઞાન ઉપયોગ કેવળજ્ઞાન. બીજું વિભાવજ્ઞાનના બે પ્રકાર એક સમ્યગ્જ્ઞાનના વિભાવજ્ઞાનના ચાર પ્રકાર—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય. મિથ્યાજ્ઞાનનાં વિભાવજ્ઞાનના ત્રણ પ્રકાર—કુમતિ, કુશ્રુત અને વિભંગ. એ કહેલાં જ્ઞાનોને વિષે '**સહજજ્ઞાન,...**' જે આત્માનો એક સમયનો જે દ્રવ્યસ્વભાવ અને એનો ગુણસ્વભાવ છે, એની સાથે એક સમયનો પર્યાય ધ્રુવસ્વભાવ છે એને અહીંયાં સહજ

જ્ઞાન કહે છે. ઝીણી વાત છે, ભાઈ!

આ વાત કારણમાં શુદ્ધપર્યાય એક ધ્રુવ છે એ વાત તદ્દન અચિંત્ય અને અપૂર્વ છે. સમજાય છે? આમ વસ્તુ એક સમયમાં અનંત શક્તિનો પિંડ છે, એમાં અનંતગુણરૂપ ધ્રુવરૂપ સદ્દશ્યરૂપ શક્તિઓ અનંત છે અને એ ગુણ સામાન્યની સાથે એક સમયનો પર્યાય જે અપ્રગટ ઉત્પાદ-વ્યયની અપેક્ષા વિનાનો ધ્રુવરૂપવિશેષ પર્યાયનો અંશ છે તેને અહીંયાં સહજજ્ઞાન ઉપયોગ, કારણઉપયોગ પહેલાં કહ્યું હતું એ માયલો આ ભેદ કહે છે. જે પ્રકાર પાડ્યા હતા એમાં ક્યો આદરણીય છે? આટલા બધા પ્રકાર પાડ્યા એમાં આદરણીય અને આશ્રય કરવાયોગ્ય કોણ છે? કે સહજજ્ઞાન. કેવું છે સહજજ્ઞાન?

'**શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ છે.**' સ્વરૂપપ્રત્યક્ષ એટલે આ સ્વસંવેદન પ્રત્યક્ષ નહિ. બ્રહ્મચારીજી! સ્વસંવેદનપ્રત્યક્ષ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એ નહિ, એ તો પ્રગટ પર્યાય છે. આ પણ પર્યાય છે, આ પણ પર્યાય છે, પણ અપ્રગટ પર્યાય છે. સમજાય છે કાંઈ? કારણપર્યાયને સ્વરૂપપ્રત્યક્ષ કહી છે. જ્ઞાનના ભેદો પાડ્યા એમાં આટલા ભેદમાંથી એક... અહીં ઉપયોગની વ્યાખ્યા ચાલે છેને, જ્ઞાનરૂપી ઉપયોગરૂપી પરિણામરૂપી પર્યાય એ ઉપયોગના પ્રગટરૂપના તો કેવળજ્ઞાન, ચાર જ્ઞાન અને ત્રણ જ્ઞાન, ત્રણ ને પાંચ આઠ થઈ ગયા. એ આઠેય આદરણીય નથી. સમજાય છે? ત્રણ અજ્ઞાન પણ આદરણીય નથી, એ તો મિથ્યા. ચાર જ્ઞાન પ્રગટ પર્યાયરૂપ છે અલ્પ એ પણ આદરણીય નથી અને કેવળજ્ઞાન તો છે નહિ પર્યાયમાં વર્તમાન નથી એને આદરણીય શી રીતે સ્વીકારવું? અને કેવળજ્ઞાન નથી એને કેવળજ્ઞાનનો આદર કરવા જાય કે આ પર્યાય, ત્યાં વિકલ્પ અને રાગ ઉઠે છે. માટે, પાંચ જ્ઞાન સમ્યક્ અને ત્રણ જ્ઞાન મિથ્યા એ આઠેય આદરવા જેવા નથી સમ્યગ્દષ્ટિને. જરી ઝીણી વાત છે. એ સમ્યગ્દષ્ટિમાં... સંભળાય છેને બહેન? નહિતર અહીંયાં આવે. પ્રેમી છે, જિજ્ઞાસુ છે. આ નવી વાત છે તદ્દન એટલે જરી કઠણ પડે એવી છે.

આત્મા વસ્તુ એનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ એનો એક અંશ ધ્રુવસ્વભાવ ત્રિકાળ અને એના પ્રગટ પર્યાયો જ્ઞાનના આઠ—સમ્યગ્જ્ઞાનના પાંચ પર્યાયો, મિથ્યાજ્ઞાનના ત્રણ પર્યાયો. એ ત્રણ અને ચાર જે છદ્મસ્થને છે એ તો આદરણીય નથી. કેમકે પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી, પણ કેવળજ્ઞાન સાધકને વર્તતું નથી અને કેવળજ્ઞાનનું લક્ષ કરવા જાય તો ભેદરૂપ લક્ષ થતાં તેને વિકલ્પ અને રાગની ઉત્પત્તિ થાય છે. માટે સમ્યગ્દષ્ટિ જીવને, ધર્મી જીવને જે આ ઉપયોગના પ્રકાર કહ્યાં એમાં એક કારણસ્વભાવજ્ઞાનોપયોગની પર્યાય કહી હતી તે જ એક અંગીકાર કરવા જેવું અને આદરવા જેવી છે. એના ઉપર એકાગ્ર થતાં કેવળજ્ઞાન થઈ જાય છે. સમજાય છે કાંઈ, મોહનભાઈ?

'**(ઉપર કહેલાં જ્ઞાનોને વિષે)...**' આ ભેદ કહ્યાંને ઘણા? આઠ અને કારણપર્યાયનો નવ. નવ ભેદ જ્ઞાનના કહ્યા, ભાઈ! સમજાણું કાંઈ? આમ બે ભેદ પાડ્યા હતાને કે એક

આત્મા એનો ઉપયોગ, એના બે ભેદ જ્ઞાન અને દર્શન. એના જ્ઞાનના બે ભેદ સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન. સ્વભાવજ્ઞાનના બે ભેદ કારણસ્વભાવજ્ઞાનોપયોગ અને કાર્યસ્વભાવઉપયોગ. વિભાવજ્ઞાનના બે ભેદ—સમ્યગ્જ્ઞાન ચાર જ્ઞાન અને મિથ્યાજ્ઞાન ત્રણ. એટલે કે ત્રણ અજ્ઞાન, પાંચ જ્ઞાન, આઠ અને કારણસ્વભાવઉપયોગ એવા નવ ભેદ પાડ્યા હતા. નવમાં એક જ ઉપયોગ જે કારણસ્વભાવજ્ઞાન છે તે સમ્યગ્દૃષ્ટિને અંગીકાર કરીને આદરવાલાયક છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ?

'**(ઉપર કહેલાં જ્ઞાનોને વિષે)...**' કારણ કે દર્શનની વ્યાખ્યા તો પછી આવશે. અહીં તો હજી જ્ઞાનની ચાલે છે. '**સહજજ્ઞાન,...**' સ્વભાવિકજ્ઞાન. સ્વભાવિકજ્ઞાનોપયોગરૂપી પર્યાય, સ્વભાવિકજ્ઞાનોપયોગરૂપી પરિણતિ કે જે '**શુદ્ધઅંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં...**' જે ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધઅંતઃતત્ત્વ. અંતઃતત્ત્વ એટલે સ્વભાવ, તત્ત્વ એટલે ભાવ. અંતઃ ત્રિકાળી શુદ્ધભાવ, ત્રિકાળી આત્માનો શુદ્ધભાવ એવા શુદ્ધઅંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ એમાં વ્યાપક હોવાથી. એ અંતઃતત્ત્વ આત્મા તત્ત્વવાન, એનો અંતઃતત્ત્વ નિરૂપાધિ શુદ્ધસ્વભાવ એવા '**પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ છે.**' એ સ્વરૂપપ્રત્યક્ષ એટલે કે કારણજ્ઞાન સ્વભાવ ઉપયોગની પર્યાય એને અહીંયાં સ્વરૂપપ્રત્યક્ષ કહે છે. ઓહો..હો..! શેઠી! જયપુરમાં કદી સાંભળ્યું નથી આવું.

જુઓ, ભગવાન આત્મા એક એક આત્મા એવા અનંત આત્મા, સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનથી માંડીને ભગવાન આત્મા જ્ઞાનના જે નવ પ્રકાર પડ્યા એમાં આઠ પ્રકાર તો પર્યાય, પ્રગટ પર્યાયના છે, પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ તો પ્રગટ પર્યાય અવસ્થાના છે અને એક સ્વભાવ કારણ ઉપયોગરૂપી અપ્રગટ ધ્રુવ પર્યાયનો છે ભેદ. એ વિશેષરૂપી સામાન્ય દ્રવ્ય અને ગુણ એનો વિશેષ અંશ જે સ્વરૂપ પ્રત્યક્ષ જે અંતઃતત્ત્વરૂપ, અંતઃસ્વભાવરૂપ પરમતત્ત્વ એવો જે સ્વભાવ શુદ્ધ ત્રિકાળ ધ્રુવ જ્ઞાયક. જેમ લીંડીપીપર એમાં પીપર પોતે એમાં ચોસઠ પહોરી તાકાત શક્તિરૂપે પડી છે. એ ગુણ જે છે એનો એક અંશ પર્યાય વિશેષ પણ શક્તિરૂપે, ચોસઠ પહોરી તીખાશનું વિશેષરૂપે પર્યાય અપ્રગટરૂપે છે. એને અવલંબે ચોસઠ પહોરી બહારમાં પ્રગટ થાય છે. પ્રાણભાઈ!

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગરૂપી સમયમાં દ્રવ્ય, ગુણ અને એની સાથે રહેલો એક અંશરૂપી ઉપર ઉપર એટલે જેમ દરિયાનું તળિયું છે, દરિયો એક છે, એમાં પાણી છે અને ઉપરની સપાટીનું તળિયું ઉપરનું હોં! નીચેનું તળિયું નહિ, ઉપર, એમ આત્મા એક સમયમાં અનંત શક્તિવાન એની અનંત શક્તિઓ એના એક સમયમાં ઉપર પર્યાય ધ્રુવ, અપ્રગટ કારણસ્વભાવરૂપ ઉપયોગની પર્યાય કે જે '**શુદ્ધઅંતઃતત્ત્વમાં પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ છે.**' એ આદરણીય છે. એ છેલ્લું કહેશે, ભાઈ! અહીં તો હજી આ ભેદ પાડે છે. ભેદ પાડીને સમજાવે છે. સમજાય છે કાંઈ? એક સ્વરૂપપ્રત્યક્ષ કહે છે કે કારણસ્વભાવ

પર્યાયરૂપ ઉપયોગ એ '**કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ...**' કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ. આ બધા પ્રત્યક્ષના ભેદ આપે છે. પહેલાં ભેદો આપ્યા હતા કારણ અને કાર્ય. હવે અહીં પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદ કરીને ક્યું આદરણીય છે એ વાત સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? કોઈ કહે કે આ ફરીને આવ્યું?—ના, ના. ભાઈ! અહીં પ્રત્યક્ષ અને પરોક્ષની વ્યાખ્યા કરીને ક્યું પ્રત્યક્ષ આદરણીય છે એ માટે આ કથન ચાલે છે.

એ જ્ઞાનો જે નવ કહ્યાં હતા એમાં એક કારણસ્વભાવજ્ઞાનોપયોગની પર્યાય જે કહી હતી એ અંતઃતત્ત્વ સ્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી સ્વરૂપપ્રત્યક્ષ. બસ, એને સ્વરૂપપ્રત્યક્ષ કહેવું. એટલું. પછી આદરણીય છે એ પછી કહેશે. '**કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ...**' કેવળજ્ઞાનનો પર્યાય ત્રણકાળ, ત્રણલોકને જાણવાનો અરિહંત સિદ્ધોને જે પ્રગટ્યો એ કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ નામ '**(સંપૂર્ણપ્રત્યક્ષ)** છે.' એ પ્રગટરૂપી પર્યાય છે, એ પ્રગટરૂપી અવસ્થા છે. સ્વરૂપપ્રત્યક્ષ અપ્રગટરૂપી જ્ઞાનના સ્વરૂપના કારણરૂપ પર્યાયરૂપ ભાવ છે.

'**रूपिष्ववधेः**' '**(અવધિજ્ઞાનનો વિષય-સંબંધ રૂપી દ્રવ્યોમાં છે) એવું (આગમનું) વચન હોવાથી...**' તત્ત્વાર્થસૂત્રનું '**અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ છે.**' વિકલપ્રત્યક્ષ છે. વિકલ નામ એક અંશ પ્રત્યક્ષ છે. એક અંશ નામ એકદેશ પ્રત્યક્ષ છે. એકદેશ નામ એક ભાગ પ્રત્યક્ષ છે. ભાઈ! ઓલા સંપૂર્ણની અપેક્ષાએ એક ભાગ પ્રત્યક્ષ છે. ધ્યાન રાખજો, આ પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદ પાડી ઓલા તો ફક્ત કેટલા ભેદ પાડ્યા હતા? કે કારણસ્વભાવજ્ઞાનોપયોગ અને કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ, કાર્યસ્વભાવ સિવાય ચાર જ્ઞાન વિભાવજ્ઞાનોપયોગ, અજ્ઞાન વિભાવજ્ઞાન, એકલા કેવળ વિભાવજ્ઞાનોપયોગ.

અહીં પ્રત્યક્ષ-પરોક્ષના ભેદ પાડીને ભગવાન આત્મા એક સમયની અંતર ધ્રુવપર્યાયરૂપે સ્વરૂપપ્રત્યક્ષ છે. સ્વરૂપપ્રત્યક્ષની વ્યાખ્યા નીચે કરી છે જુઓ જરી, '**સ્વરૂપે પ્રત્યક્ષ; સ્વરૂપ-અપેક્ષાએ પ્રત્યક્ષ; સ્વભાવે પ્રત્યક્ષ;...**' એ પ્રગટ પર્યાય નહિ, પણ અપ્રગટ પર્યાય. ધ્રુવરૂપ અવસ્થા તે સ્વભાવે પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન સકલ સંપૂર્ણ આખું પ્રત્યક્ષ છે અને અવધિજ્ઞાન એ વિકલપ્રત્યક્ષ નામ એક અંશ એક ભાગ પ્રત્યક્ષ છે. '**તેના અનંતમા ભાગે વસ્તુના અંશનું ગ્રાહક હોવાથી મનઃપર્યયજ્ઞાન...**' મનઃપર્યયજ્ઞાન મુનિને સંયમધારીને હોય છે અને એ જ્ઞાનના સમયની પર્યાયમાં ઘણું સામર્થ્ય છે અવધિજ્ઞાન કરતાં એ બતાવવા વાત કરે છે. એ અવધિજ્ઞાનનો જે વિષય છે એના કરતાં પણ અનંતમા ભાગે વસ્તુના અંશનું ગ્રાહક હોવાથી મનઃપર્યયજ્ઞાન '**પણ વિકલપ્રત્યક્ષ છે.**' વિકલ. એકદેશ, એકભાગ, એક અંશ પ્રત્યક્ષ છે. સર્વાંશ પ્રત્યક્ષ કેવળજ્ઞાન છે.

'**મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન બન્ને પરમાર્થથી પરોક્ષ છે અને વ્યવહારથી પ્રત્યક્ષ છે.**' આ રીતે પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદ સમજાવ્યા. સમજાય છે કાંઈ? ઓહો..હો..! કોઈ દિ' ક્યાં વાત છે આ સાંભળી ન હોય, હવે એને આ કહે છે શું આ કહે છે વળી? સ્વરૂપપ્રત્યક્ષ

ક્યાંથી આવ્યું આ? હવે સ્વરૂપપ્રત્યક્ષ તો આત્માનું આ સમ્યગ્જ્ઞાન અને દર્શન થાય એ સ્વરૂપપ્રત્યક્ષ. એ અહીં વાત નથી. એ તો ચાર જ્ઞાનમાં મતિશ્રુતમાં પ્રગટ પર્યાયમાં ગયું. જે મતિશ્રુત આત્માનું વેદન કરે સ્વસંવેદન એને પણ પ્રત્યક્ષ, સ્વભાવ અપેક્ષાએ એને પ્રત્યક્ષ કહે છે, એ પ્રગટ પર્યાયની અપેક્ષાએ બીજી વાત છે. ચંદુભાઈ! શું કહ્યું વળી? એ વિષય અહીં નથી, ભાઈ! મતિ અને શ્રુત સમ્યગ્જ્ઞાન થતાં આત્મા અંતરના અનુભવને વખતે એ મતિ અને શ્રુત તો પ્રત્યક્ષ જ છે. બ્રહ્મચારીજી! પરપદાર્થને જાણવા કાળે તે મતિ અને શ્રુત સમ્યગ્દૃષ્ટિને પરોક્ષ છે, પણ મતિ અને શ્રુતનું અંતરસન્મુખ સમ્યક્ ચૈતન્યમૂર્તિ આત્માનું ભાન થતાં જે સમ્યક્ મતિ અને શ્રુત વર્તે સ્વ અપેક્ષાએ તો પ્રત્યક્ષ જ છે, પણ એ તો પ્રગટરૂપ પર્યાયની અપેક્ષાએ પ્રત્યક્ષ છે. આ સ્વરૂપપ્રત્યક્ષ તો ત્રિકાળી ધ્રુવ કારણરૂપ પર્યાય જે પ્રગટ નથી એ સ્વરૂપપ્રત્યક્ષ તો અનંત જીવોને છે. શું કહ્યું?

અવધિ અને મનઃપર્યય એ તો વિકલપ્રત્યક્ષ છે, એ છદ્મસ્થને હોય છે. કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ છે એ અરિહંત અને સિદ્ધોને હોય છે. મતિ અને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ છે એ ક્યારે? કે સમ્યગ્દૃષ્ટિ જીવ અંતરમાં સ્વ પ્રત્યક્ષ આત્માના અનુભવ અને વેદનમાં પડ્યો હોય છે ત્યારે ચોથામાં, પાંચમાં કે સાતમામાં. તે તે મતિ અને શ્રુત સ્વસંવેદન વખતે મતિશ્રુત પ્રત્યક્ષ છે. એ આ પ્રત્યક્ષ નહિ. અને એ મતિ અને શ્રુતજ્ઞાન પરની જાણવા અપેક્ષાએ છદ્મસ્થ સમકિતીને પરોક્ષ કહેવાય છે. સમજાણું કાંઈ? અને એ મતિ અને શ્રુત પરમાર્થે પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન નથી એટલે તો એને પરોક્ષ કહે છે. વ્યવહારથી એને આમ પ્રત્યક્ષ જેવું દેખાય છે ઇન્દ્રિયો અને મનના નિમિત્તે કે મેં આ જોયું પ્રત્યક્ષ કહેવામાં આવે છેને? એ અપેક્ષાએ મતિ-શ્રુતને પ્રત્યક્ષ કહેવાય છે. કહો, આટલા પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદ પાડ્યા. વચમાં જે મતિ અને શ્રુતનો સમકિતીનો અનુભવ ટાણાનો પ્રત્યક્ષ છે એ વ્યાખ્યા અહીં લીધી નથી. સમજાણું કાંઈ? એ પંચાધ્યાયીમાં સ્પષ્ટ કરીને મૂક્યું છે. બીજે ઠેકાણે પણ એનો અધિકાર છે.

સમ્યગ્જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને થતાં આત્મા અંદર જ્ઞાનરૂપ ચિદાનંદ શુદ્ધ છું એનું અનુભવનું સ્વસંવેદનનો નિર્વિકલ્પ અનુભવ, એના કાળમાં એ મતિશ્રુત પ્રત્યક્ષ જ છે, એ સ્વરૂપ પ્રત્યક્ષ છે. એ સ્વરૂપપ્રત્યક્ષ પ્રગટ પર્યાયનો છે. આ સ્વરૂપપ્રત્યક્ષ છે એ અપ્રગટ પર્યાયનો છે. બેયના ભાવમાં ફેર છે. ઓહો..હો..! કહો, સમજાણું?

**'વળી વિશેષ એ કે ઉક્ત (ઉપર કહેલાં) જ્ઞાનોમાં...'** આ પ્રત્યક્ષ અને પરોક્ષના જે ભેદો પાડ્યા, પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદ પાડ્યા એવા **'જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ...'** સાક્ષાત્ મોક્ષનું મૂળિયું. મૂળ-મૂળ. મૂળ નાસ્તિ કુતો શાખા કહે છેને. એમ મૂળ જ ન મળે ત્યાં શાખા-પાંદડા (ક્યાં આવ્યા). એમ મૂળ શું છે એની જ ખબર ન મળે ત્યાં એના તરફ શ્રદ્ધા, જ્ઞાન એના સન્મુખ વાળીને ધર્મ પ્રગટ કરવો એ વાત અજ્ઞાનીને અનાદિથી ખબર નથી. એટલે કે જ્ઞાનોમાં... **'(ઉપર કહેલાં) જ્ઞાનોમાં...'** ઉપર કોણ કહ્યા? સ્વરૂપપ્રત્યક્ષ,

સકલપ્રત્યક્ષ, વિકલપ્રત્યક્ષ, મતિ, શ્રુત પરમાર્થે પરોક્ષ અને વ્યવહારે પ્રત્યક્ષ. એવા ભેદોમાં એ '**જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વમાં સ્થિત...**' નિજપરમતત્ત્વ ચિદાનંદ આત્મા એમાં સ્થિત પર્યાયરૂપે. સમજાણું કાંઈ? લ્યો, આ ધર્મ કહેવાય છે. માણસ કહે પણ આ ધર્મ ભાઈ કેમ કરવો અમને ખબર પડતી નથી. આ આટલી આટલી વાત આવે, પણ આ આમ છે ને તેમ છે, પણ આમાં ધર્મ કેમ કરવો? આ ધર્મની જ વાત સાંજ-સવાર એ જ ચાલે છે. લોકોએ ઊંધી રીતે, બીજી રીતે પકડી છે એટલે આ ગ્રાહ્ય પણ થવું કેમ એ એને ખ્યાલ આવતો નથી.

ભગવાન આત્મા પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમાં હોય તો બહાર આવશે. તો કહે છે કે આ જ્ઞાનના ભેદો કહ્યા એ કેવળજ્ઞાન પણ મોક્ષનું,... કેવળજ્ઞાન તો મોક્ષસ્વરૂપ છે અને એ તો સાધકને હોય નહિ. ચાર જ્ઞાન મોક્ષનું મૂળ નથી. કેમકે ચાર જ્ઞાન તો પર્યાય છે. પર્યાયનો તો અભાવ થઈને કેવળ થાય છે. ત્રણ તો અજ્ઞાન છે. એનો અભાવ કરીને સમ્યગ્જ્ઞાન થાય છે. સમ્યગ્જ્ઞાનની ચાર પર્યાયનો અભાવ થઈને કેવળજ્ઞાન થાય છે. સાધકને કેવળજ્ઞાન હોતું નથી. ત્યારે કહે મતિ અને શ્રુતજ્ઞાન થાય એ પણ ક્યાંથી થાય છે? કે '**જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ છે;...**' એમાંથી મતિ શ્રુતજ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? માથે જે સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું, પહેલું કારણસ્વભાવ જ્ઞાનોપયોગ કહ્યો એને આદરણીય કહેવા માટે આ વાત લીધી છે. સમજાય છે કાંઈ? જ્ઞાનોમાં આ ભગવાન આત્મા,...

અહીં નિયમસાર છેને. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ અને મોક્ષનો માર્ગ તો પર્યાય છે. કાંઈ મોક્ષનો માર્ગ દ્રવ્ય-ગુણ નથી, દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે અને આ કારણપર્યાય પણ ધ્રુવ છે. આ સ્વરૂપપ્રત્યક્ષ કારણસ્વભાવ ઉપયોગરૂપી પર્યાય પણ ધ્રુવ પર્યાય વિશેષ છે, એ મોક્ષનો માર્ગ નથી. મોક્ષનો માર્ગ તો એ ધ્રુવપર્યાય ત્રિકાળ સહજજ્ઞાન સ્વરૂપપ્રત્યક્ષ કારણસ્વભાવજ્ઞાનોપયોગરૂપી પર્યાય એનું અંતર અવલંબન લેતા મતિ અને શ્રુતજ્ઞાન અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટે છે અથવા અહીંયાં સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ?

'**જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વમાં સ્થિત...**' ભગવાન એક સમયમાં દ્રવ્યે, ગુણે અને પર્યાયે પૂર્ણ છે. એ પર્યાય એક સમયની ધ્રુવરૂપ કારણસ્વભાવરૂપ ઉપયોગ એ નિજપરમતત્ત્વમાં સ્થિત પર્યાય પડી છે વિશેષ. '**એવું એક સહજજ્ઞાન જ છે;...**' જુઓ, ઓલામાં તો ભેદ પડી ગયા. ત્રણ જ્ઞાન, ચાર જ્ઞાન, એક કેવળજ્ઞાન. આ એક સહજ જ્ઞાન ત્રિકાળ છે. આત્માની ધ્રુવ પર્યાય શુદ્ધ અપ્રગટ વિશેષભાવ સ્વરૂપપ્રત્યક્ષ એ એકરૂપ છે, ત્રિકાળ એકરૂપ છે. એ કેવળજ્ઞાન પ્રગટે તોપણ એકરૂપ છે. શું કહ્યું વળી? કેવળજ્ઞાન પ્રગટે તોપણ આ સહજજ્ઞાન તો એકરૂપ જ છે. હવે કેવળજ્ઞાન પ્રગટ્યું માટે અંતરની ધ્રુવપર્યાયમાં

કાંઈક ઓછપ આવી કે ભેદ પડ્યો અને કેવળજ્ઞાન નહોતું પ્રગટ્યું અને ચાર જ્ઞાન પ્રગટ્યા ત્યારે આ ધ્રુવપર્યાયમાં કાંઈક પુષ્ટિ હતી અને પછી નબળી પડી ગઈ. સમજાય છે કાંઈ? ભારે વિષય, બાપુ! આ વિષય...

એક સમયમાં.. જુઓ, ચોસઠ પહોરી પર્યાય પ્રગટ થઈ, તોપણ એમાંથી ચોસઠ પહોરી પર્યાયનું પરિણમન તો સદાય ચાલુ જ છે. ચોસઠ પહોરી સદાય ચાલુ છે. સદાય ચાલુ કોને આધારે? અંદર શક્તિને આધારે સદાય ચાલુ જ છે. એમ કેવળજ્ઞાનનો પર્યાય અરિહંતને, સિદ્ધોને થયો એ પર્યાય તો એક સમયનો છે. કેવળજ્ઞાન જ એક સમય રહે છે. બીજે સમય તેનો વ્યય થઈને બીજો કેવળજ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થાય છે. કેવળજ્ઞાન કાંઈ ગુણ નથી. કેવળજ્ઞાન, કેવળદર્શન નવી પર્યાય પ્રગટ થાય છે અને તે એક સમયની પર્યાય હોય છે. સંસારપર્યાય પણ એક સમયનો, મોક્ષમાર્ગ પણ એક સમયની પર્યાય અને મોક્ષમાં કેવળજ્ઞાન પણ એક સમયનું છે. બીજે સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું, ચોથે સમયે ચોથું. એમ નવી-નવી પર્યાયો કેવળજ્ઞાનની પણ અરિહંતના આત્મા અને સિદ્ધના આત્મામાંથી પ્રગટ થાય છે. એ કેવળજ્ઞાન થયું તોપણ કારણપર્યાય તો એવી ને એવી છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? એવી ને એવી એકરૂપ છે. સાંભળવામાં કદી આવી નથી. શું કરે? આ વાત જ હિન્દુસ્તાનને માટે નવી છે. સમજાય છે કાંઈ? ધર્મ એ આત્મા શું છે અને ધર્મ કેમ થાય છે? એ વાત જ કોઈ બીજી અપૂર્વ અને બીજી ચીજ છે.

અહીં કહે છે કે સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજપરમતત્ત્વ. નિજ હોં! પરપરમતત્ત્વ પરમાત્મા નહિ, અરિહંત નહિ, સિદ્ધો નહિ અને મતિ અને શ્રુતજ્ઞાનનો પર્યાય એ નિજપરમતત્ત્વ નહિ. નિજપરમત્ત્વ જે એક સમયમાં પૂર્ણ જ્ઞાનઘન સ્વભાવ શક્તિનો પિંડ છે. જેમ પીપરને દાણે દાણે ચોસઠ પહોરી ભરેલી શક્તિ, ચોસઠ પહોરી કહો, પૂરી કહો, સોળ આના કહો, રૂપિયો કહો, એમ આત્મામાં એક એક સમયમાં પૂર્ણ જ્ઞાન નિજતત્ત્વ સ્વભાવમાં પડ્યું છે. એમાં સ્થિત, એના ગુણ સાથે રહેલું એક સમયમાં પર્યાય. **'એવું એક સહજજ્ઞાન જ છે;...'** મોક્ષનું મૂળ કારણ, મોક્ષનું મૂળ. ઓહો..હો..! સમજાય છે કાંઈ? મોક્ષનું મૂળ શું? સહજ જ્ઞાન પર્યાય, ધ્રુવપર્યાય મોક્ષનું મૂળ છે. એના અવલંબને મોક્ષની પર્યાય અને મતિશ્રુતજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. બાકી બીજા કોઈ કારણે મોક્ષની પર્યાય અને સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થતું જ નથી ત્રણકાળમાં. સમજાણું?

**શ્રોતા :-** એક સમયની પર્યાય ત્રિકાળ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રિકાળ રહે છે એવી ને એવી સદશ્ય રહે છે. સમય સમયમાં સદશ્ય. પર્યાયદૃષ્ટિએ પરિણમન તો બધાનું છે. દ્રવ્યનું, ગુણનું, પર્યાયનું બધાનું પરિણમન છેને પર્યાયદૃષ્ટિએ. ગુણ છે એ કાંઈ એકરૂપ નથી રહેતા. જેમ ઘંટીનું પડ છે. ઘંટીને શું કહે છે? ચક્કી. તો ઘંટીનું નીચલું પડ છે એ પડ્યું રહે છે, ઉપલું પડ ફરે છે એમ છે આત્મામાં?

કે ઉપરની પર્યાય ફરે છે... એ ક્રમબદ્ધમાં બધું આવ્યું છે કે ઉપરની પર્યાય ફરે છે અને દ્રવ્ય-ગુણ તો એકરૂપ રહે છે, ફરતા જ નથી કદી, એમ નથી. કેમકે જે પર્યાય પ્રગટ છે એ અપ્રગટ છે અને નહિ પ્રગટેલી બહાર આવે છે. તો અંતર દ્રવ્ય-ગુણમાં પણ એનું પરિણમન થાય છે, પણ પર્યાયદૃષ્ટિથી પરિણમન છે. દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્ય-ગુણ અને એ પર્યાય સદૃશ્ય ધ્રુવ છે. પ્રાણભાઈ! એય..! હિંમતભાઈ! ભારે વ્યાખ્યા, ભાઈ! આખું ચક્ર પલટે છે. ચક્કીનું, ચક્રીનું પડ નીચે પડ્યું એ નથી પલટતું, ઉપરનું પલટે છે, એમ નથી. આત્માનો ઉપરનો પર્યાય પ્રગટ પરિણમે છે અને એ આખું દ્રવ્ય-ગુણ તો બિલકુલ પરિણમતું નથી, એમ નથી. એમ હોય તો તો પ્રગટ પર્યાયનો વ્યય, અપ્રગટ પર્યાયનો ઉત્પાદ કોને આશ્રયે થયો? આખું દ્રવ્ય ગુલાંટ ખાય છે. ગુલાંટ ખાય છે. ગુલાંટ સમજાય? એક સમયનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તે બીજે સમયે રહેતા જ નથી. એ ક્રમબદ્ધમાં બધું મૂક્યું છે.

આત્મામાં સેકન્ડના અસંખ્ય ભાગનો એક સમય જે દ્રવ્ય, જે ક્ષેત્ર અસંખ્યપ્રદેશી, જે અનંતગુણ ભાવ અને એક સમયની પર્યાય ચારેય પલટ ખાય છે, આમ ગુલાંટ ખાય છે. વીરજીભાઈ! ઝીણો વિષય છે ભાઈ! એ વાત ક્રમબદ્ધમાં વિસ્તારથી મૂળ પાઠની અપેક્ષાએ નાખ્યો હતો. ક્રમબદ્ધનો અધિકાર નાખ્યો એમાં. સમજાણું કાંઈ? એટલે આખો આત્મા, પૂર્ણ આત્મા દ્રવ્ય, ક્ષેત્ર, અસંખ્ય પ્રદેશી, કાળ એક સમયની પર્યાયરૂપ, ભાવ ત્રિકાળ શક્તિ બધા સમયે સમયે પલટે છે. પણ એ દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ ત્રિકાળી છે અને એની ધ્રુવ પર્યાય જે એક અંશ સ્વરૂપપ્રત્યક્ષ છે એ સદૃશ્યપણે એક રહે છે. સદૃશ્યપણે એક રહે છે, પણ પર્યાયદૃષ્ટિએ બધાનું પરિણમન થાય છે. સમજાય છે કાંઈ? ...ભાઈ! ક્રમબદ્ધમાં હતા? હતા ઠીક. કહો, સમજાણું કાંઈ? ક્રમબદ્ધનું વ્યાખ્યાન ચાલતું હોય ત્યારે તો ૧૩ વ્યાખ્યાન થયા હતાને? ઘણા ઝીણા હતા.

'**જ્ઞાનોમાં...**' આ ક્રમબદ્ધની વ્યાખ્યા, આ કારણની વ્યાખ્યા શુદ્ધકારણપર્યાયની. બેય આ વર્ષને માટે વિસ્તારથી નવી છે. વિસ્તારથી નવી છે હોં! સંક્ષેપથી તો કહેવાઈ પહેલી ગયેલી હતી બધી. વિસ્તારથી વિશેષ છે. અહીં કહે છે કે એ આત્મા એનો જે જ્ઞાનસ્વભાવ ત્રિકાળ એમાં જે પર્યાયરૂપ કારણસ્વભાવજ્ઞાનોપયોગ, જે પર્યાયરૂપ સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાનરૂપ અપ્રગટ ઉપયોગ એ જ સાક્ષાત્ મોક્ષનું મૂળ છે. લ્યો! મોક્ષનું મૂળિયું બીજું કોઈ નથી. આ સંહનન અને મનુષ્યદેહ મોક્ષનું મૂળ છે કે નહિ?-નહિ. સંહનન મજબુત હોવું જોઈએ કેવળજ્ઞાનમાં વજ્રકાય, વજ્રકાય. વજ્રકાય કહે છેને તમારે હિન્દીમાં? અમારે અહીંયાં કાઠિયાવાડમાં વજ્રવૃષભનારાચસંહનન. વજ્રકાય. સંહનન મનુષ્યદેહ, ચોથો આરો, કાળ આવો, તેવો, મન જોઈએ, પંચેન્દ્રિય જોઈએ. એ મોક્ષનું મૂળ નથી. પોતાની પર્યાયમાં વ્યવહાર વિકલ્પ દયા, દાન, ભક્તિનો, વ્રતનો ઉત્પન્ન થાય એ વિકાર મોક્ષનું મૂળ કારણ નથી. પોતાની પ્રગટ પર્યાય છે મતિશ્રુત સમ્યગ્દૃષ્ટિની, સમ્યગ્દૃષ્ટિની પ્રગટ મતિશ્રુત પર્યાય એ મોક્ષનું મૂળ નથી. મિથ્યાદૃષ્ટિનું

મતિશ્રુત તો અજ્ઞાન છે, એની તો ગણતરી નથી, પણ સમ્યગ્દૃષ્ટિની મતિશ્રુતજ્ઞાન પર્યાય છે એ મોક્ષનું મૂળ નથી, તો કેવળજ્ઞાન સાધક તો છે જ નહિ.

તો કહે છે કે ઉપર કહેલા જ્ઞાનોમાં કેટલા ભેદો પાડ્યા? સ્વરૂપપ્રત્યક્ષ એક સમયનો પર્યાય ધ્રુવ, સકલપ્રત્યક્ષ કેવળજ્ઞાન, વિકલપ્રત્યક્ષ અવધિ અને મનઃપર્યાય, પરમાર્થે પરોક્ષ મતિ અને શ્રુત વ્યવહારે પ્રત્યક્ષ મતિ અને શ્રુત. એ ભેદોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ, મોક્ષનું કારણ, મોક્ષનું મૂળ કારણ એ નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ છે. એક સહજજ્ઞાન જ છે. બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ? હવે શાસ્ત્રમાં લખાણનો પાર ન મળે. શાસ્ત્રમાં. એ ચરણાનુયોગમાં લખાણ એવી વિધિ. ઓહો..હો..! એવું લેખન, એવું દેખવું. શું છે? એ તો વિકલ્પ આવે છે તો જ્ઞાની જાણે છે. આવું થાય છે, થાય છે હું કાંઈ કરતો નથી જડની પર્યાય પરમાણુનું લેવું-દેવું. અને હું શુભવિકલ્પ લાવતો પણ નથી, આવે છે. લાવું, હું આવો શુભ રાગ લાવું તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. કેમકે ક્રમબદ્ધમાં રાગને લાવવો એ પર્યાય ઉપર દૃષ્ટિ થઈ જાય છે. કર્મચેતના થઈ જાય. રાગમાં એકાગ્ર થઈને લાવું એ તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમ્યગ્દૃષ્ટિનું સમ્યગ્જ્ઞાન જે મતિશ્રુત પ્રવર્તે છે એ પણ મોક્ષનું મૂળ નથી. રાગ મોક્ષનું મૂળ નહિ, નિમિત્ત મોક્ષનું મૂળ નહિ. ઓહો..હો..! મોહનભાઈ!

એ બધા '**જ્ઞાનોમાં...**' પહેલાં ભેદ પાડ્યા હતા નવ, પછી પ્રત્યક્ષના અને પરોક્ષના ભેદ પાડ્યા. હવે એમાં ઉપાદેય ક્યુ એ વાત કરે છે. એમાં ઉપાદેય સમજ્યાને? એમાં અંગીકાર કરવાલાયક કોણ છે? તો કહે છે કે એ '**જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ કારણ...**' પરંપરા ઓલા મતિ અને શ્રુતજ્ઞાન પરંપરાએ મોક્ષનું કારણ કહેવાય છે, પણ અહીંયાં સ્વભાવને કારણ કરે તો. સમજાય છે કાંઈ? '**જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષ...**' નામ પરમ શુદ્ધદશા. મોક્ષ એટલે શું? કે આત્માની પરમ શુદ્ધદશા, આત્માની પરમ નિર્મળ વીતરાગી કેવળજ્ઞાનસહિતની દશા તેને મોક્ષ કહે છે. એ મોક્ષ આત્માનો એક પર્યાય છે, એ કાંઈ ગુણ નથી, દ્રવ્ય નથી. સંસાર જેમ વિકારીપર્યાય છે એમ મોક્ષમાર્ગ નિર્વિકારી અપૂર્ણ પર્યાય છે અને મોક્ષ એક નિર્વિકારી પૂર્ણ પર્યાય છે. એવા ભેદ ત્રણ પડ્યા. આ સાક્ષાત્ જ્ઞાનમાં જે ધ્રુવ સ્વરૂપપ્રત્યક્ષ અને નિજપરમતત્ત્વમાં સ્થિત, નિજપરમતત્ત્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી સ્વરૂપપ્રત્યક્ષ એવો જે એકલો કારણસ્વભાવજ્ઞાનઉપયોગરૂપ પર્યાય તે એક જ મોક્ષનું મૂળ છે. '**એવું એક સહજજ્ઞાન જ છે;...**' કહો, સમજાણું કાંઈ?

હવે આ ધર્મની રીત અને ધર્મ કેમ થાય એ આવે છે કે નહિ આમાં? આમાં સમજ્યાને? આમાં આવે છે કે નહિ? ઘણી ગડબડ થઈ ગઈ, એવી ગડબડ થઈ ગઈ. ભણી ભણીને ભણે પંડિતાઈ ઉપર પાણી. પંડિતાઈ ઉપર પાણી ફરી જાય છે. ધર્મદાસક્ષુલ્લક સમ્યગ્જ્ઞાન દીપિકામાં કહે છે, કે જ્યારે આત્મા એક સમયમાં 'શુદ્ધ જ્ઞાયક છું, ચિદાનંદ છું' એવી દૃષ્ટિ થઈ (ત્યાં) બધી પંડિતાઈ ઉપર પાણી. કેમ? કે આમ થતું હતું, આમ થતું હતું, રાગથી

થાય, વ્યવહારથી થાય, નિમિત્તથી થાય, રાગ મંદ પાડતા થાય, બ્રહ્મચર્ય પાત્ર પામતા થતું હતું એ બધું છૂટી ગયું. એક સમયમાં હું શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ અને શુદ્ધ ધ્રુવપર્યાયનું અવલંબન લઈને જ્યાં આત્માનો અનુભવ થયો, અહો..! મોક્ષનું મૂળ તો એ એક જ દ્રવ્ય, ગુણ અને પર્યાય શુદ્ધ છે, બીજું કોઈ મોક્ષનું મૂળ નથી. બધા કથન વર્તમાન અપ્રગટ. અપ્રગટ પર્યાય એટલે અપૂર્ણ પર્યાય ચાર જ્ઞાનમાં હો, અથવા રાગાદિ હો એને જાણવામાં વ્યવહારનય જાણે છે. વ્યવહારનયનો વિષય જાણવું છે. પણ નિશ્ચયનો વિષય એ નિજપરમતત્ત્વમાં સ્થિત એવો એક સહજ જ્ઞાનોપયોગ તે જ અંગીકાર કરીને, આદરણીય કરીને સમ્યગ્દર્શન થાય છે, તેને આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય છે. અહીં તો જ્ઞાનનો અધિકાર છે. તેને આશ્રયે કેવળજ્ઞાન થાય છે અને તેને જ આશ્રયે શ્રુત આદિનો ભાવ-ઉપયોગ થાય છે. કહો, સમજાય છે કાંઈ?

'**તેમ જ સહજજ્ઞાન...**' એટલે કારણસ્વભાવજ્ઞાનોપયોગરૂપી સ્વરૂપપ્રત્યક્ષરૂપ પર્યાય '**(તેના) પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે...**' સ્વભાવને લીધે. '**સહજજ્ઞાન પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે...**' પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે. લ્યો! એ કારણરૂપ સ્વભાવઉપયોગ પારિણામિકભાવ છે, એ ઉદયભાવ નથી, ઉપશમભાવ નથી, ક્ષયોપશમભાવ નથી, ક્ષાયિકભાવ નથી. ચાર ભાવ તો પ્રગટ પર્યાયરૂપ છે. આ તો ત્રિકાળ ચૈતન્યભાવરૂપ પરમપારિણામિકભાવ. તત્ત્વાર્થસૂત્રમાં બીજા અધ્યાયમાં પહેલું સૂત્ર આવે છે. તત્ત્વાર્થસૂત્રનો બીજો અધ્યાય, પહેલું સૂત્ર આવે છેને નિઃતત્ત્વ, ઉપશમ. મિશ્ર, ઉદય, જીવ.. જીવનું .. છે પાંચેય. એમાં ક્ષાયિક, ક્ષયોપશમ, ઉપશમ અને ઉદય તો જીવની એક સમયની પર્યાય છે. એક સમયની પર્યાય અને પારિણામિકભાવ ત્રિકાળભાવ છે ત્રિકાળભાવ. અનાદિ-અનંત એ પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે એ સહજજ્ઞાનરૂપ ઉપયોગ, સહજજ્ઞાનરૂપ સ્વરૂપપ્રત્યક્ષરૂપ, મોક્ષના મૂળરૂપ જે કારણસ્વભાવજ્ઞાનોપયોગ એ '**પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે ભવ્યનો પરમસ્વભાવ હોવાથી,...**' ભવ્યનો પરમસ્વભાવ હોવાથી. કેમકે ભવ્યને ભાન થાય છે. અભવિને એ ભાન થતું નથી. અભવિને... સમજાય છે? એ કોરડું મગ અને કોરડું મઠ. કોરડું કહે છેને, શું કહે છે તમારે? કોરડું મગ અને મઠ હોય છેને. લાખ મણ પાણી આપે તોપણ એ બળે નહિ. ભરડે ભૂકા થાય પણ ઓગળે નહિ. ભરડે ભૂકા થાય. ભરડે સમજ્યાને? એ ઘંટલામાં ભરડે તો લોટ થાય, ઓગળે નહિ. અજ્ઞાની અભવિ અને એ અભવિ જેવા ભવિ એ પરમપારિણામિકભાવ મોક્ષનું કારણ છે એનું જ્ઞાન એને થતું નથી. મોહનભાઈ! જુઓ, '**ભવ્યનો પરમસ્વભાવ હોવાથી,...**' અભવિને તો છે હોં, પણ શું કામનું? એ તો આગળ આવશે. મેરુ પર્વત નીચે સોનું છે. મેરુ પર્વત નીચે સુવર્ણ છે, શું કામનું? એ આગળ આવશે ગાથામાં. એમ અભવિને પરમપારિણામિકસ્વભાવભાવ તો છે, એની દૃષ્ટિ કરતો નથી. અહીંયાંથી ધર્મ મળશે, અહીંયાંથી પુણ્યથી મળશે, ક્રિયાકાંડથી મળશે, રાગથી મળશે, વ્યવહારથી મળશે, પરથી મળશે, બ્રહ્મચર્ય પાળવાથી મળશે, દયા પાળવાથી

મળશે, વ્રત-તપ કરવાથી મળશે, મૂઢ અભવિ અને અભવિ જેવા ભવિ અનાદિ કાળના એ પરથી ધર્મની શોધ કરે છે.

તો કહે છે કે પરમસ્વભાવરૂપભાવ એ '**પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે ભવ્યનો પરમસ્વભાવ હોવાથી, સહજજ્ઞાન સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.**' સમ્યગ્દૃષ્ટિને પોતાનો સહજજ્ઞાનસ્વભાવ ઉપયોગ એ સિવાય. એ સિવાય કહે છેને? ઈસકે અલાવા બીજું કાંઈ ઉપાદેય નથી. સમ્યગ્દૃષ્ટિને બીજું કાંઈ ઉપાદેય નથી. વ્યવહારરત્નત્રય ઉપાદેય નથી, નિમિત્ત ઉપાદેય નથી, નિશ્ચયરત્નત્રય પ્રગટ્યા પર્યાયમાં એ પણ ઉપાદેય નથી. ઓહો..હો..! સમજાય છે કાંઈ? '**સહજજ્ઞાન સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.**' ભવ્ય જીવોને, ધર્મી જીવને, આત્માર્થી જીવને, કલ્યાણાર્થી જીવને, મોક્ષાર્થી જીવને પરમ આનંદના અભિલાષી જીવને આ સ્વભાવમાં રહેલું શુદ્ધપરમપારિણામિકભાવે સ્થિત એવું શુદ્ધકારણસ્વભાવજ્ઞાનોપયોગરૂપ પ્રત્યક્ષજ્ઞાન, સ્વરૂપપ્રત્યક્ષજ્ઞાન એ સિવાય કાંઈ અંગીકાર કરવા જેવું નથી. વચમાં રાગ આવે છે, નિમિત્ત આવે છે એને જાણનારો આત્મા છે. છે... છે... જાણે છે, આદરણીય નથી. કહો, સમજાય છે કાંઈ?

જુઓ, અહીં તો '**બીજું કાંઈ ઉપાદેય નથી.**' એમ કહ્યું. બીજું કાંઈ ઉપાદેય નથી. 'કાંઈ' શબ્દ વાપર્યો છે. કાંઈ ઉપર વજન આપ્યું છે. કાંઈ ઉપાદેય નથી. સમજાય છે? '**परमस्वभावत्वात् सहजज्ञानादपरमुपादेयं न समस्ति।**' કિંચિત્‌માત્ર પણ સમકિતીને, ધર્મી જીવને અંતર સ્વભાવમાંથી ખાણમાંથી જ્ઞાનપર્યાય નીકળે છે. જ્ઞાનપર્યાયનો ધરનાર પર્યાયવાન, એમાં જે નિર્મળપર્યાય શુદ્ધકારણરૂપ જ્ઞાનપર્યાય છે એ જ ઉપાદેય છે કે જેના અવલંબને કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે અને એ ચાર જ્ઞાનની પર્યાયનો વ્યય થાય છે. લ્યો, ભાઈ! આ તો એટલું સ્પષ્ટ કરી દીધું. તો વ્યવહારનયથી તો ઉપાદેય છેને. પણ વ્યવહારનયથી ઉપાદેયનો અર્થ શું? કે નિશ્ચયથી ઉપાદેય નથી. વ્યવહારનયથી કાંઈ ઉપાદેય આવે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વ્યવહાર વિકલ્પ. એનો અર્થ એ કે વ્યવહારથી એટલે 'એમ છે નહિ,' પણ સ્વભાવને ઉપાદેય કરવામાં એ વિકલ્પ આદિ નિમિત્ત અને વર્તમાન વર્તે છે એ કારણે એને વ્યવહારથી ઉપાદેયનું પરમાર્થે ઉપાદેય ન હોય અને પરમાર્થે સહજજ્ઞાન ઉપાદેય માન્યું ત્યારે વ્યવહારથી ઉપાદેય એમ કહેવામાં આવે છે, પણ પોતાની દૃષ્ટિ સ્વભાવ સન્મુખ ન થઈ અને વિકારનો પ્રેમ, પુણ્ય, પાપ, નિમિત્તની ક્રિયાથી ધર્મ થશે, એ મિથ્યાદૃષ્ટિને એને મોક્ષના કારણની ખબર નથી. બહુ ઝીણી વાત, ભાઈ! હજી આ ૧૫ ગાથા સુધી ઝીણું આવશે.

હવે કહે છે... એની એ વાત છે જરી જુઓ, '**આ સહજચિદ્વિલાસરૂપે...**' આ સહજ ચિદ્વાલસરૂપે રમણતામાં, સ્વભાવિકજ્ઞાનવિલાસરૂપે સ્વભાવ અનંતચતુષ્ટયયુક્ત આત્માને ભાવવો એમ કહેવું છે, ભાઈ! સહજજ્ઞાન વિલાસરૂપે સ્વભાવ અનંતચતુષ્ટયસહિત આત્માને ભાવવો. કેવો આત્મા? કે '**(૧) સદા સહજપરમવીતરાગ સુખામૃત,...**' એક વિશેષણ આપ્યું.

કેવો છે ભગવાન આત્મા? આ ત્રિકાળની વાત ચાલે છે ત્રિકાળ. અંદરમાં-અંદરમાં શક્તિ. સદા ત્રિકાળ સહજપરમવીતરાગ સુખામૃત એવો ભગવાન આત્માનો સ્વભાવ છે, ત્રિકાળ ધ્રુવસ્વભાવ છે. સમજાય છે કાંઈ? સદા નામ ત્રિકાળ, સહજ નામ સ્વભાવિક, પરમ નામ ઉત્કૃષ્ટ, વીતરાગ નામ રાગની આકુળતા વિનાનો અને સુખામૃત નામ, વીતરાગ તો રાગરહિત નાસ્તિથી કહ્યું, સુખામૃત સુખરૂપી અમૃત આત્માનો અંતર સ્વભાવ ચોસઠ પહોરી તીખાશ એ પીપર દીઠ પડી જેમ ભરી છે એમ ભગવાન આત્મામાં સુખામૃત ચૈતન્યશક્તિમાં પડ્યું છે. અંતર ધ્રુવસ્વભાવમાં સુખામૃત અતીન્દ્રિય આનંદઅમૃત એક બોલ. ચાર ચતુષ્ટયવાળો આત્મા ભાવવો એમ કહેવું છે, ભાઈ! અહીં ચિદ્વાવિલાસ જ્ઞાન કહ્યુંને. એવા જ્ઞાનના વિલાસમાં આવા ચાર ગુણસહિત આત્માને ભાવવો. ચાર ગુણ અંતરના હોં અંતરની પર્યાય. એ સુખની વ્યાખ્યા કરી.

'(૨) **અપ્રતિહત નિરાવરણ પરમચિત્શક્તિનું રૂપ,...**' કેવો છે ભગવાન આત્મા અંતરમાં? અપ્રતિહત જેનું વીર્ય અને જ્ઞાન કે જેનું બળ કોઈથી પ્રતિહત થતું નથી. ધ્રુવરૂપ, ધ્રુવરૂપ, ત્રિકાળ ધ્રુવ. ગુણ અને પર્યાય ધ્રુવ એવા છે કે અપ્રતિહત, કોઈ એને પ્રતિહત કરે, પાછો પાડે. પાછો પાડે સમજ્યા? હટાવી દે પાછળ એમ નથી. અપ્રતિહત અંતરમાં નિરાવરણ પરમચિત્શક્તિ, જ્ઞાનનું બળ, જ્ઞાનનું બળ, જ્ઞાનનું વીર્ય. સમજાય છે કાંઈ? એ જ્ઞાનનું અંતર વીર્ય, પ્રગટ વીર્યની આ વાત નથી. અંતરબળ પ્રગટ વીર્ય થાય છે ક્યાંથી? અંતર વીર્ય પ્રાપ્તની પ્રાપ્તિ છે. અંતરમાં પરમચિત્શક્તિ જ્ઞાનનું બળ વર્તે છે અંતરમાં અનંતગણું. ચિત્શક્તિનું રૂપ એ છે. એ તો એનું સ્વરૂપ ત્રિકાળ છે. બે બોલ. પહેલું સુખ, બીજું વીર્ય.

ત્રીજું ચારિત્ર. '(૩) **સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ પરમચારિત્ર,...**' આ પ્રગટ ચારિત્રની વ્યાખ્યા નથી. સામાયિક, અંદર જે છેદોપસ્થાનીય પ્રગટ શાંતિ વીતરાગી પર્યાયરૂપ ચારિત્ર એની વાત નથી. સદા અંતર્મુખ. આત્મામાં સદા નામ ત્રિકાળ અંતર્મુખ. ઓલી તો પર્યાય બહાર થઈ. સ્વભાવનું ભાન કરીને સામાયિક પર્યાય શાંતિની, સમ્યગ્દષ્ટિપૂર્વક જે શાંતિ આનંદની પર્યાય થઈ એ સામાયિક તો પ્રગટ પર્યાય છે. આ તો '**સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ...**' પોતાનું નિજસ્વરૂપ એમાં અવિચળ, ન ચળે એવું '**સ્થિતિરૂપ સહજપરમચારિત્ર,...**' એ ત્રીજા ગુણ અને પર્યાય. આ શક્તિવાન, એની શક્તિ અને શક્તિની ધ્રુવપર્યાય બધામાં લેવું. સમજાય છે કાંઈ? એ સુખ ગુણરૂપ છે અને સુખની પર્યાય ધ્રુવરૂપ જ છે, એ વીર્ય ગુણરૂપ પણ છે અને વીર્યનો અંશ ધ્રુવપર્યાયરૂપ પણ છે અને ચારિત્ર ધ્રુવરૂપ ગુણ છે અને એની પર્યાય ધ્રુવરૂપ એક કારણરૂપ છે. એય..! વીરજીભાઈ! બહુ પણ ભાઈ ઝીણું બહુ કાંત્યું કહે છે.

**શ્રોતા :-** પર્યાય ધ્રુવ છે? પ્રગટ ચારિત્રની વાત નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય પણ ધ્રુવ છે. આ પ્રગટ ચારિત્રની વાત નથી. આ પ્રગટની

વાત નથી, ત્રિકાળની વાત છે, ધ્રુવની વાત છે. એની ભાવના કરવી એ ભાવનામાં પ્રગટ જ્ઞાન-દર્શન-ચારિત્ર આવે છે. એ ભાવ આવશે. આ તો ત્રિકાળની વાત છે. એક સમયમાં આત્મા સ્વભાવિક પરમવીતરાગ અમૃતસ્વરૂપ અપ્રતિહત. વીર્યનો અધિકાર આવ્યોને. ઓલું સ્વભાવિક વીતરાગ સુખામૃત વિશેષણ આપ્યું, આનંદને વીતરાગ વિશેષણ આપ્યું, અહીં અપ્રતિહત નિરાવરણ પરમ બળ કે એ બળને કોઈ હણનાર નથી, બળને કોઈ હત કરનાર નથી એવું ત્રિકાળી આત્મામાં બળ પડ્યું છે ધ્રુવ એ ગુણ અને પર્યાય.

**'અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં...'** પાછું ચારિત્ર શબ્દ છેને ચરવું એટલે શબ્દ ફેરવ્યો. અંતર્મુખ એ ત્રિકાળની વાત છે. ચારેયના વિશેષણ ભિન્ન છે. આનંદનું વિશેષણ, બળનું વિશેષણ, ચારિત્રનું વિશેષણ કે **'સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...'** અંતરમાં અવિચળ—ન ચળે એવી સ્થિતિરૂપ સ્વભાવિક પરમચારિત્ર ત્રિકાળ. ગુણ, ગુણરૂપ અને પર્યાયરૂપ ત્રિકાળ. હવે એક શ્રદ્ધા બોલ લઈએ. સમજાય છે? હવે શ્રદ્ધા બોલ લે છે. ચોથો બોલ શ્રદ્ધા. ત્રિકાળની વાત ચાલે છે હોં, પ્રગટની નહિ.

**'(૪) ત્રણે કાળે અવિચ્છિન્ન...'** જુઓ, શ્રદ્ધાનો વિષય ભાઈ આમાં લીધો. વિષય જ જુદાં લીધા છે ચારેયના. **'ત્રણે કાળે અવિચ્છિન્ન (અતૂટક)...'** અતૂટક-અભંગ **'હોવાથી સદા નિકટ એવી...'** સદા અંદર નિકટ એવી **'પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધા—'** પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધા ધ્રુવ, પ્રગટની વાત નથી. સમજાય છે કાંઈ? એય..! હિંમતભાઈ! શું છે? **'એ સ્વભાવ-અનંતચતુષ્ટયથી જે સનાથ (સહિત) છે...'** શું છે? કેવો છે ભગવાન આત્મા? એક સમયની અંદર સેકન્ડના અસંખ્ય ભાગમાં. ચારેયના વિશેષણ બીજા વાપર્યા, ભાઈ! જુદાં કારણ છે, હેતુસહિત છે. આનંદ વીતરાગી, બળ અપ્રતિહત અને નિરાવરણ, ચારિત્ર અવિચળ સ્થિતિરૂપ અને શ્રદ્ધા ત્રિકાળ અતૂટકરૂપ. સમજાય છે કાંઈ? અંદરની વાત છે હોં આ તો હજી પ્રગટની નથી. એવો જે સ્વચતુષ્ટય એ સ્વભાવ અનંતચતુષ્ટયથી જે સનાથ છે. આત્મામાં એ ચારેય પર્યાય અને ગુણ ભરેલી છે. સનાથ નામ સહિત છે. એ રહિત કોઈ દિ' આત્મા હોતો નથી. શું કહ્યું? એ ચાર ભાવથી રહિત કદી આત્મા નથી. એવા આત્માને, આવા આત્મા સદા વીતરાગ આનંદરૂપ, સદા અપ્રતિહત નિરાવરણ ચિત્શક્તિરૂપ, સદા અવિચળ સ્થિતિસ્વરૂપ પરમભાવમાં સ્થિતિરૂપ ચારિત્ર અને ત્રિકાળ અત્રૂટ ચૈતન્યરૂપ શ્રદ્ધા એવી પર્યાય અને ગુણરૂપ એવા આત્માને **'અનાથ મુક્તિસુંદરીના નાથને—'** અનાથ મુક્તિસુંદરી, એનો નાથ એ એ જ પોતે જ છે. એનો નાથ બીજો આત્મા સિવાય બીજો કોઈ હોતો નથી. અનાથ મુક્તિ સુંદરી, મુક્તિરૂપી સુંદરી નિર્મળ પર્યાય, નિર્વિકારી સુંદરી વીતરાગીદશા એના નાથને **'ભાવવો...'** આ ભાવવો એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી ગયા, નવી પર્યાય. ભાવવો, ભાવવો. એ ત્રિકાળની વાત આવી ચાર અને એવા આત્માની ભાવના કરવી, ભાવના કરવી. એ ભાવનામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, સમ્યક્ આનંદ વગેરે આવી ગયા.

પ્રગટ પર્યાયરૂપ. એ અનાથ છે, **'અનાથ મુક્તિસુંદરીના નાથને...'** મુક્તિસુંદરીનો બીજો કોઈ નાથ જ નથી. એ પોતે આત્મા જ એનો નાથ છે. એનો અનાથ, એનો નાથ એક આત્મા જ છે, એનો બીજો કોઈ નાથ નથી. સમજાય છે કાંઈ? **'(અર્થાત્ સહજજ્ઞાનવિલાસરૂપે...'** ઓલું કહ્યું હતુંને સહજચિદ્વિલાસરૂપે? પહેલો શબ્દ હતો એ. પહેલો શબ્દ હતો ઓલીકોર ૨૯મે પાને. સહજચિદ્વાલાસરૂપે. કારણ કે આ જ્ઞાનનો અધિકાર છેને? એટલે જ્ઞાનના વિલાસરૂપમાં આવા ચાર ગુણ અને પર્યાયવાળા આત્માની ભાવના કરવી, અનુભવવો એનું નામ મોક્ષનો માર્ગ છે. વિશષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ ૧૪, તા. ૦૭-૦૧-૧૯૫૫, ગાથા-૧૩, પ્રવચન નં. ૪૧૩

આ નિયમસાર, એનો જીવ અધિકાર છે, એની ૧૩મી ગાથા.

**तह दंसणउवओगो ससहावेदरवियप्पदो दुविहो।**
**केवलमिंदियरहियं असहायं तं सहावमिदि भणिदं।।१३।।**
**ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;**
**અસહાય, ઈન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩.**

એનો અન્વયાર્થ. જુઓ, આ દર્શન-ઉપયોગના અધિકારની ગાથા છે. જ્ઞાન-ઉપયોગના અધિકારની વાત આવી ગઈ. ત્રણ અજ્ઞાન, પાંચ જ્ઞાન અને એક કારણસ્વભાવ ઉપયોગ ત્રિકાળ એવા નવનો અધિકાર આવી ગયો. આમાં દર્શન-ઉપયોગની વ્યાખ્યા છે અને દર્શન ઉપયોગની સાથે શ્રદ્ધાના પણ અધિકારનો ભેળો અધિકાર લીધો છે. ભેળો સમજ્યા? સાથે. સ્વરૂપશ્રદ્ધા અને દર્શનોપયોગ બેયની સાથે વાત લીધી છે. કેમકે દર્શન દેખવું છે અને આ દર્શન એટલે શ્રદ્ધા છે. બેયની વાત ભેગી આમાં ગણીને વાત લીધી છે. કહે છે કે જ્ઞાનના જે ભેદ કીધા **'તેવી રીતે...'** અન્વયાર્થ છે. **'દર્શનોપયોગ...'** દેખવાનો જે ઉપયોગ **'સ્વભાવ અને વિભાવના ભેદથી બે પ્રકારનો છે.'** ઝીણી વાત છે આ જરી. ઓલી જ્ઞાનની આવી એવી આ દર્શનમાં પણ બબ્બે પ્રકાર એટલે જરી ઝીણી વાત છે. **'જે કેવળ, ઈન્દ્રિયરહિત અને અસહાય છે, તે સ્વભાવદર્શનોપયોગ કહ્યો છે.'** સમજાણું?

**'ટીકા :- આ, દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે.'** દર્શનોપયોગ એટલે ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ. આત્માના ચૈતન્યગુણને અનુસરીને થતાં અંદર એક પર્યાયરૂપ

પરિણામ એને ઉપયોગ કહે છે. એ ઉપયોગના જ્ઞાન પરિણામ જે ધ્રુવ છે એનો અધિકાર આવી ગયો, હવે દર્શનોપયોગના પરિણામ કેવા પ્રકારના છે એનો અધિકાર આમાં કહે છે. '**જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદોવાળો છે,...**' બહુ ભેદવાળા આવી ગયાને? પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને એક કારણસ્વભાવજ્ઞાનોપયોગ. અને વિભાવના પણ ભેદ આવી ગયા. વિભાવજ્ઞાનના પણ સાત ભેદ. સમ્યક્ વિભાવજ્ઞાનના ચાર ભેદ અને એકલા વિભાવજ્ઞાનના ત્રણ ભેદ. એ અધિકાર આવી ગયો.

'**જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદવાળો છે,...**' જુઓ, ઉપયોગની વ્યાખ્યા છે આ. ચૈતન્યને અનુસરીને થતાં ઉપયોગરૂપ પરિણામ-પર્યાય એની વ્યાખ્યા છે. '**તેમ દર્શનોપયોગપણ તેવો છે. (ત્યાં પ્રથમ, તેના બે ભેદ છે:) સ્વભાવદર્શનોપયોગ...** ' સ્વભાવ સામાન્યદર્શનોપયોગ અને વિભાવસામાન્યદર્શનોપયોગ. '**સ્વભાવદર્શનોપયોગપણ બે પ્રકારનો છે : કારણસ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ.** ' ઓહો..! જુઓ, કારણસ્વભાવદર્શનોપયોગ જે આત્મામાં, આત્મા ત્રિકાળ છે એનો દર્શનગુણ સામાન્ય ત્રિકાળ છે, એની એક સમયની ધ્રુવ પર્યાય એને કારણસ્વભાવ દર્શનોપયોગ કહે છે. અને તે કારણસ્વભાવ ઉપયોગની અંદર કારણદષ્ટિરૂપ શ્રદ્ધાનો જે નિર્મળ પર્યાય, આત્મા ત્રિકાળ એનો શ્રદ્ધાગુણ પણ એક ત્રિકાળ, એ શ્રદ્ધાગુણની સાથે રહેલી સામાન્ય ધ્રુવરૂપ કારણશ્રદ્ધારૂપ સ્વરૂપશ્રદ્ધાનરૂપ પર્યાય એ પણ ધ્રુવરૂપ છે. સમજાય છે કાંઈ? એ કારણસ્વભાવદર્શનોપયોગમાં એના ભેદ લેશે. '**અને કાર્યસ્વભાવદર્શનોપયોગ.**' એ તો કેવળદર્શન એ કેવળીને સર્વજ્ઞપણામાં તીર્થંકરોને, કેવળીને જે કેવળદર્શનોપયોગ હોય એને કાર્યસ્વભાવદર્શનોપયોગ કહે છે.

'**ત્યાં કારણદષ્ટિ તો,...**' હવે દષ્ટિ લીધી. આ તો દર્શનોપયોગ અને દષ્ટિ બેને સાથે અધિકાર વર્ણવે છે. જુઓ નીચે '**દષ્ટિ = દર્શન. (દર્શન અથવા દષ્ટિના બે અર્થ છે : (૧) સામાન્ય પ્રતિભાસ, અને (૨) શ્રદ્ધા. જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો. બન્ને અર્થો ગર્ભિત હોય ત્યાં બન્ને સમજવા.)**' સામાન્ય વ્યાખ્યા કરીને ટૂંકી જ કરેને. એ તો પછી વિસ્તારમાં કરે, ભાઈ! '**ત્યાં...**' હવે જુઓ, વાત જરી અહીંયાં બે વાત આવે છે કે આત્મા એક સમયમાં ધ્રુવ છે, એનો દર્શનોપયોગ પણ ધ્રુવ છે. દર્શનશક્તિ ગુણ અને એની સાથે રહેલો દર્શનોપયોગની એક સમયની પર્યાય પણ ધ્રુવ છે. જેમ આત્મા ધ્રુવ છે એનો શ્રદ્ધા ગુણ ત્રિકાળ ધ્રુવ છે એનો એક સમયનો સ્વરૂપશ્રદ્ધાનમાત્ર પર્યાય ધ્રુવ છે. સ્વરૂપશ્રદ્ધાનમાત્ર પર્યાય ધ્રુવ, પણ દર્શનોપયોગની પર્યાય ધ્રુવ બેની વાત છે આમાં. એકમાં બેની વાત સાથે છે. સમજાય છે કાંઈ? અરે! ઝીણી પણ હવે સમજવી પડશે કે નહિ આ માણસ થયા એને. એક સમયની પર્યાય ધ્રુવ. કારણસ્વરૂપશ્રદ્ધાન પર્યાય અને એક દર્શનોપયોગપર્યાય. દર્શનગુણની દર્શનોપયોગ પર્યાય, શ્રદ્ધાગુણની સ્વરૂપશ્રદ્ધાનરૂપ પર્યાય. બેય ધ્રુવ પર્યાયને એક સાથે અહીંયાં સમજાવ્યું છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત

છે ભાઈ આ. ઓલામાં તો એકલો જ્ઞાનોપયોગની વાત હતી, આમાં દર્શનોપયોગ અને શ્રદ્ધા બે સાથે સાથે લેવામાં આવે છે.

**'કારણદૃષ્ટિ તો,...'** કારણદૃષ્ટિ એટલે સ્વરૂપશ્રદ્ધાન. છેલ્લે લેશે સ્વરૂપશ્રદ્ધાન. સમજાય છે? કારણદૃષ્ટિ કહો કે સ્વરૂપશ્રદ્ધાનમાત્ર કહો અથવા કારણસ્વભાવદર્શનોપયોગ કહો કે કારણ સામાન્યસ્વભાવ ઉપયોગ કહો, પર્યાય. દર્શનગુણની, દર્શન સામાન્યગુણની પર્યાય સ્વભાવ કારણ ઉપયોગરૂપ પર્યાય એ સામાન્યદર્શનગુણની પર્યાય અને ત્રિકાળ શ્રદ્ધાગુણની સ્વરૂપશ્રદ્ધાનમાત્ર ધ્રુવ પર્યાય એને કારણદૃષ્ટિ અથવા સ્વરૂપશ્રદ્ધાનદૃષ્ટિ કહે છે. અથવા કારણદૃષ્ટિમાં બે પણ સમાઈ જાય છે. સ્વરૂપશ્રદ્ધાન પણ સમાય છે અને કારણદર્શનોપયોગરૂપ પર્યાય પણ સમાય છે. સમજાય છે કાંઈ? મોહનભાઈ! બહુ ઝીણું આમાં. સમજાય છે કે નહિ? આ બચ્ચાઓને સમજાય કે નહિ એને છોકરાઓને? છોકરાને સમજાય અને મોટાને ન સમજાય? શું કહેવા માગે છે એ તો ખ્યાલમાં આવે કે નહિ ખ્યાલમાં કે આ શું કહેવા માગે છે?

**'કારણદૃષ્ટિ તો,...'** એના બે અર્થ. આત્મા અને એનો દર્શનગુણ ત્રિકાળ, એના દર્શનગુણની સાથે રહેલો દર્શનોપયોગરૂપ પર્યાય ધ્રુવ પણ ત્રિકાળ. બીજી વાત આત્મા ત્રિકાળ એનો શ્રદ્ધાગુણ ત્રિકાળ. એ શ્રદ્ધાગુણની વર્તમાન પર્યાય સ્વરૂપશ્રદ્ધાનમાત્ર પણ ત્રિકાળ ધ્રુવ. સમયસારથી પણ જરી ઝીણી વાત છે. સમજાય છે કાંઈ? છોટાભાઈ! આ તો બધા પૂર્વના સાંભળેલાને એને વધારે જરી,... હવે પર્યાયની વાત છે એ વધારે માટે વાત ચાલે છે.

આ નિયમસાર છે. નિયમસાર એટલે મોક્ષના માર્ગની પર્યાય એટલે કે પર્યાયનો આમાં વધારે અધિકાર લીધો છે. જુઓ, જેટલો આલોચના, પ્રાયશ્ચિત, છ આવશ્યક, સમાધિ, ભક્તિ એ બધો પર્યાય સત્ક્રિયારૂપ પર્યાયનો અધિકાર છે. સત્ક્રિયા નિર્વિકલ્પ શુદ્ધપર્યાયરૂપ અધિકાર છે, એમાં આ વિસ્તાર લીધો છે આવો. સમયસારમાં એ વાત અધિકાર ખુલ્લા નથી જુઓ, પ્રવચનસારમાં નથી, પંચાસ્તિકાયમાં નથી. સામાયિક કે છ આવશ્યક, પ્રાયશ્ચિત, આલોચના, પ્રતિક્રમણ. સમજાય છે? વગેરે-વગેરે. સમાધિ, ભક્તિ એ બધા પર્યાયની વ્યાખ્યા. અરે! શુદ્ધોપયોગ છેલ્લો, એ બધી પર્યાયની વ્યાખ્યા. શુદ્ધોપયોગ છેને છેલ્લો અધિકાર? દર્શન પણ સ્વપરપ્રકાશક, જ્ઞાન પણ સ્વપરપ્રકાશક. એ પર્યાયની વાત છે પર્યાયની. એ પર્યાય મોક્ષમાર્ગ અધિકાર છે એટલે પર્યાયનો અધિકાર આમાં સ્પષ્ટ કર્યો છે. ..ભાઈ!

**મુમુક્ષુ :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ, નહિ. અનિત્ય નહિ. એ નહિ આ તો સ્વરૂપશ્રદ્ધાન ધ્રુવ નિત્ય છે એની વાત છે. જે શ્રદ્ધા પ્રગટ કરવી છે એની સ્વરૂપશ્રદ્ધા ઉપર લક્ષ રહે છે. ત્રિકાળ સ્વરૂપશ્રદ્ધારૂપ ધ્રુવપર્યાય એને આશ્રયે વર્તમાન સમ્યગ્દર્શનપર્યાય પ્રગટે છે અને ત્રિકાળ આત્મા એનો દર્શનગુણ અને દર્શનનો સ્વભાવ કારણરૂપ પર્યાય, એને આશ્રયે કાર્યસ્વભાવ દર્શનોપયોગ કેવળજ્ઞાનીને ઉત્પન્ન થાય છે. કહો, સમજાય છે કાંઈ? બધી નોખી-નોખી. બેય

પર્યાય જુદી-જુદી છે. કારણદષ્ટિમાં બે પ્રકાર છે—એક સ્વરૂપશ્રદ્ધાનરૂપ પર્યાય ધ્રુવ અને એક કારણસ્વભાવદર્શનરૂપ ઉપયોગરૂપી પર્યાય ધ્રુવ. પર્યાયની વાત ચાલે છે.

એ '**કારણદષ્ટિ તો,...**' કેવી છે? એ હવે બેય લઈ લેવું. '**સદા પાવનરૂપ...**' એ સદા પાવનરૂપ પારિણામિકભાવ. સમજાય છે? '**સદા પાવનરૂપ...**' પવિત્ર સદા પવિત્ર અંતર સ્વભાવ શુદ્ધ સદા પવિત્ર છે. સમજાય છે? ત્રણે કાળે પાવનરૂપ પારિણામિકભાવ એવો આત્મા એની વાત છે આગળ. '**એવા આત્માના ખરેખર સ્વરૂપશ્રદ્ધામાત્ર જ છે...**' એમ લેવું છે. છેલ્લી લીટી છેને, ભાઈ! એ બધા આત્માના વિશેષણો છે. કેવો છે આત્મા? '**સદા પાવનરૂપ...**' એ સદા પવિત્ર આનંદકંદ. ભલે એની પર્યાયમાં વિકાર, પુણ્ય અને પાપ, કામ-ક્રોધાદિ હો. એ તો જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન હોય ત્યાં સુધી હોય છે, પણ સ્વભાવ તો સદાય પવિત્ર અને પાવન છે.

કેવો છે? '**ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...**' કોનો? એક સમયમાં ત્રિકાળ આત્મા શુદ્ધ પરમપારિણામિકસ્વભાવ છે. કેવો છે? કે ઉદય (અર્થાત્) કર્મના નિમિત્તે આત્માની પર્યાયમાં પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા અને દાન, શુભ-અશુભ વિકાર થાય એને ઉદય કહે છે. એ ઉદયની અપેક્ષા વિનાનો સ્વભાવ પરમપારિણામિક છે. એને આ ઉદય છે નહિ. સમજાય છે કાંઈ? ઔદયિકાદિ ચાર. ઉપશમ. ઉપશમભાવ છેને. દર્શનમોહનો ઉપશમ થાય છે, ચારિત્રમોહનો ઉપશમ. ઉપશમભાવ એ તો એક સમયની પર્યાય છે. એક સમયની પર્યાયની અપેક્ષા વિનાનો પરમપારિણામિક ત્રિકાળ ભાવ તેને આત્મા કહે છે. પરમપારિણામિકભાવસ્વરૂપ જેનો સ્વભાવ છે. એમાં ઉપશમભાવ વિનાનો એ સ્વભાવ છે. ક્ષયોપશમભાવ. આ ચાર જ્ઞાનાદિનો ક્ષયોપશમ થાય એ ક્ષયોપશમભાવ વિનાનો એ સ્વભાવ છે અને કેવળજ્ઞાન અને કેવળદર્શન ક્ષાયિકભાવ એ ક્ષાયિકભાવ વિનાનો ત્રિકાળ પરમપારિણામિક સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

એ ચાર વિભાવસ્વભાવ. ઔદયિકાદિ ચાર. ઉદય એટલે પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા, દાનના વિકલ્પો વિકાર એનાથી રહિત ત્રિકાળ સ્વભાવ શુદ્ધ છે. ઉપશમરહિત છે, ક્ષયોપશમરહિત છે અને ક્ષાયિકની વર્તમાન પર્યાય રહિત ત્રિકાળ શુદ્ધ છે. એવા ચાર વિભાવસ્વભાવ પરભાવોને. જુઓ, વિભાવસ્વભાવ પરભાવ. એક તો ચાર ભાવને વિભાવસ્વભાવ કહ્યા અને ચારને પરભાવ કહ્યા. ક્ષાયિકભાવ પણ પરભાવ. કેમકે પારિણામિકભાવ એક સમયમાં પૂર્ણ શુદ્ધ સામાન્ય એકરૂપ ચૈતન્ય દ્રવ્ય છે દળ આનંદકંદ પરમપારિણામિક નિત્યાનંદસ્વરૂપ. એ ચાર પર્યાયો આ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. એ પર્યાય છે તે વિભાવસ્વભાવ છે. કેમકે એમાં ત્રણમાં નિમિત્તની અપેક્ષા છે અને ચોથામાં નિમિત્તના અભાવની કેવળજ્ઞાનમાં ક્ષાયિકમાં અપેક્ષા છે. માટે, ચારને વિભાવ—વિશેષભાવરૂપ સ્વભાવ કહ્યા અને ચારને પરભાવ કહ્યા. ત્રિકાળ

સ્વભાવ પરમપારિણામિકભાવની અપેક્ષાએ ચાર પર્યાયને પરભાવ કહ્યા. ભારે વ્યાખ્યા ભાઈ ઝીણી. ..ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જે **'સદા પાવનરૂપ...'** ત્રિકાળ પવિત્ર **'અને ઔદયાદિક ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર...'** એ પારિણામિકભાવ છે એ ચાર ભાવથી અગમ્ય છે. અગમ્યનો અર્થ એ ચાર ભાવ એમાં નથી એટલી વાત છે. ઇતર ભાવ બસ એટલું. નહિતર ગમ્ય તો ક્ષયોપશમ, ઉપશમ અને ક્ષાયિક ગમ્ય પારિણામિકભાવ છે, નથી એમ નહિ. પારિણામિકભાવ, ત્રિકાળ શુદ્ધભાવ એ ઉપશમ સમકિતને ગમ્ય છે, ક્ષયોપશમ સમકિતને ગમ્ય છે, ક્ષાયિક સમકિતને ગમ્ય છે, કેવળજ્ઞાન ક્ષાયિકને તો પૂર્ણ ગમ્ય છે. પણ જુઓ, ભાષા કેટલી છે? લોકોને કઠણ પડે છે આનો અર્થ કરતા ટીકાકારે. અને ટીકા એ તો વળી બહુ એમ કે ગૂઢ વાત કરી દીધી.

તો કહે છે કે કારણદૃષ્ટિ કેવી છે? અથવા કારણસ્વભાવદર્શનોપયોગ કેવો છે? અથવા કારણદૃષ્ટિ એટલે સ્વરૂપશ્રદ્ધાનરૂપ પર્યાય કેવી છે? એટલી વાત. કેવી છે એટલી વાત. બસ. હવે **'સદા પાવનરૂપ...'** એવો જે આત્મા. અહીંયા આત્માની વ્યાખ્યા હવે ચાલે છે ત્રિકાળ. જે પાવનરૂપ આત્મા ઉદય આદિ ચાર વિભાવસ્વભાવ. શેઠી! ક્ષાયિકભાવ વિભાવસ્વભાવ. વિશેષભાવ છેને, એ સામાન્યભાવ નથી. ત્રિકાળ પરમપારિણામિકભાવ સામાન્ય છે અને ચાર ભાવ વિશેષ છે, વિભાવસ્વભાવ. બીજી વાત પરભાવ એ એકરૂપ ત્રિકાળભાવની અપેક્ષાએ પરભાવ છે. પરમભાવ એકરૂપ છે, ત્રિકાળ સમયમાં પરમ શુદ્ધભાવ એ અપેક્ષાએ કહ્યું પરભાવ. સમજાય છે કાંઈ? સોમચંદભાઈ! બહુ આ ઝીણું છે, ભાઈ! આ બધા ગામદીઠ જે કાંઈ હોય એને આ સમજવું પડશે. ત્યાં વાંચવા બેઠા છે બધાય તે. ત્યાં વાંચે છેને. તો આ એને સમજીને ખબર પડ્યા વિના એ શું વાંચવું નિયમસારમાંથી? શું આ કહેવાય છે? અરે! ઓલા શું કહેવાય આ તમારા પ્રવચનમાં શું આવે છે. એને ખબર પડે નહિ. થોડો અભ્યાસ કરવો જોઈશે.

**'પરભાવોને અગચોર...'** ત્રણ શબ્દ વાપર્યા. એક તો પરમપાવનરૂપ પારિણામિકસ્વભાવભાવ, ચાર ભાવથી, ચાર ભાવ વિભાવસ્વભાવ અને ચાર ભાવ પરમભાવથી પરભાવ અને ચાર ભાવથી પરમપારિણામિક અગોચર-અગમ્ય. ચાર ભાવથી એ જણાય એવો નથી. એવી ભાષા વાપરી. એનો અર્થ એ છે કે ચાર ભાવ એમાં નથી અથવા ચાર ભાવને આશ્રયે પરમભાવ જણાતો નથી. પરમભાવને આશ્રયે પર્યાય પ્રગટે છે ત્યારે ભલે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક હો પણ પરમપારિણામિકભાવને આશ્રયે પરમપારિણામિક સમજાય છે એટલું લેવા માટે ચાર ભાવને અગમ્ય કહ્યો છે. ચાર ભાવને અગમ્ય હોય તો સમ્યગ્દૃષ્ટિ પરમસ્વભાવને શ્રદ્ધે શી રીતે? સમજાય છે કાંઈ? સમજાણું? અગોચર ત્રણ શબ્દ લીધા છે ચાર ભાવને.

શ્રોતા :- વ્યાપ્ત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી. એમાં વ્યાપ્ત નથી અને તેના આશ્રયે—ક્ષાયિકને આશ્રયે પારિણામિકભાવ ઉત્પન્ન નથી થતો, પારિણામિકભાવને આશ્રયે ઉત્પન્ન થાય એ અપેક્ષાએ કહ્યું. હવે નીચે અર્થ છે જુઓ, એ ૩૨ પાને નીચે. બગડો. નીચે છેને નોટ.

'**વિભાવ = વિશેષ ભાવ;...**' જુઓ, વિશેષ ભાવ. પરમપારિણામિકભાવ સામાન્ય ત્રિકાળ અને વિશેષભાવ. ૩૨ પાને નીચે આ બાજુ, આ બાજુ. જુઓ, વિભાવ એટલે વિશેષભાવ. પરમપારિણામિકભાવ સામાન્ય ત્રિકાળ ભાવ. આ ચાર ભાવ વિશેષભાવ '**અપેક્ષિત ભાવ.**' આગળ ૧૫મી ગાથામાં કેવળજ્ઞાનને નિરપેક્ષ ભાવ કહેવાશે. એ જુદી અપેક્ષા. ૧૫મી ગાથામાં કેવળજ્ઞાનને નિરપેક્ષ કહેવાશે. અહીંયાં એને અપેક્ષિત ભાવ (કહ્યો છે). કેમ? અહીંયાં પરમપારિણામિક એક સમયમાં શુદ્ધ આનંદ પરમ શક્તિનો પિંડ છે એની અપેક્ષાએ કેવળજ્ઞાન ને ક્ષાયિકભાવ પણ અપેક્ષિત છે. કેમકે કર્મના નિમિત્તનો અભાવ ઉત્પન્ન થયેલો, પરમપારિણામિક કોઈ કર્મના અભાવથી ઉત્પન્ન થયેલો નથી, એવો એનો સ્વભાવભાવ છે. નિરપેક્ષ છે. નિરપેક્ષ તો એક પરમપારિણામિકભાવ જ નિરપેક્ષ અહીંયાં હોં. ૧૫મી ગાથામાં બીજો અર્થ કરશે. સમજાય છે કાંઈ?

આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ સ્વરૂપ જે છે ત્રિકાળ શુદ્ધ ધ્રુવ એ કેવો છે? કે નિરપેક્ષ છે. કોઈ કર્મના નિમિત્તની અપેક્ષા કે કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા એ સ્વભાવભાવને નથી. ઉદયને પણ કર્મના નિમિત્તની અપેક્ષા છે. વિકાર થાય છે નિમિત્તને આશ્રયે, ઉપશમ પણ કર્મના ઉપશમના નિમિત્તની અપેક્ષા છે, ક્ષયોપશમ પણ કર્મના નિમિત્તના ક્ષયોપશમની અપેક્ષા છે, ક્ષાયિક પણ કર્મના નિમિત્તની (અભાવની અપેક્ષા છે). થાય છે કર્મ એને કારણે, પણ એને નિમિત્તની અપેક્ષા આત્મામાં આવે છે માટે એ ચાર ભાવો અપેક્ષિત ભાવો હોવાથી. બહુ ઝીણું ભાઈ! પ્રવિણભાઈ! મુંબઈથી ભાઈ સાંભળવા આવ્યા છે આ બધા. ૧૫મી ગાથા. હજી ૧૫મી ગાથા તો ક્યારે આવે ત્યારે ખરી હોં. હજી તો ૧૩મી ચાલે છે. સમજાય છે? આ ચાર ભાવો અપેક્ષિતભાવ હોવાથી. અનાદિ-અનંત એકરૂપ ધ્રુવસ્વભાવરૂપ એને નિરપેક્ષભાવ કહે છે અને ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એને નિમિત્ત અને નિમિત્તના અભાવની અપેક્ષા આવે છે માટે સાપેક્ષ ભાવ કહે છે. એવા ભાવો આ પર્યાય ચારેય છે. આ ચારેય પર્યાય છે અને પરમપારિણામિકભાવ ત્રિકાળ ધ્રુવ છે. સમજાય છે કાંઈ?

'**એ ચાર ભાવો અપેક્ષિત ભાવો હોવાથી તેમને વિભાવસ્વભાવ પરભાવો કહ્યા છે.**' જુઓ, વિશેષભાવની અપેક્ષાએ એમને વિભાવસ્વભાવ કહ્યા અને ત્રિકાળ ધ્રુવની અપેક્ષાએ એ પર્યાયને પરભાવ કહ્યા. પરમપારિણામિકભાવ છે તે નથી, માટે ક્ષાયિકભાવને પણ પરભાવ કહ્યો. જુઓ તો ખરા કેટલી અપેક્ષા! સમજાય છે? એકવાર એમ કહે કે આત્માની પર્યાયમાં

પુણ્ય અને પાપના ભાવ થાય તે સ્વભાવ છે. સ્વસ્ય ભવનં સ્વભાવ. પોતાની પર્યાયમાં વિકાર થાય છે. પુણ્યના, પાપનો, દયા, દાનનો, કામ-ક્રોધના જે રાગાદિ થાય છે એ પોતાની પર્યાયમાં એટલે પર્યાયને સ્વભાવભાવ કહ્યો. કેમકે પોતાની પર્યાય છે માટે. ઉપશમને પણ સ્વભાવભાવ પર્યાય કહ્યો, ક્ષયોપશમને સ્વભાવભાવ પર્યાય અને ક્ષાયિકને સ્વભાવભાવ પર્યાય (કહ્યું). અહીં કહ્યું કે એ ચારેય પરભાવ છે. કહો, સમજાય છે કાંઈ? પરમ ત્રિકાળ એક સમયમાં શુદ્ધ ધ્રુવ, ધ્રુવ અનાદિ-અનંત તે ભાવ પરમભાવ છે. પરમભાવની અપેક્ષાએ આ ચાર ભાવ પરભાવ છે. પરમભાવ નિરપેક્ષ છે એની અપેક્ષાએ ચાર ભાવ અપેક્ષિત તેથી વિશેષભાવરૂપ વિભાવસ્વભાવ છે. એમ અહીંયાં કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

'**એક સહજપરમપારિણામિક ભાવને જ...**' એક ત્રિકાળ સ્વભાવિક પરમપારિણામિકભાવને જ સ્વભાવિક, પરમપારિણામિક જે ત્રિકાળ ધ્રુવસ્વભાવને '**સદા-પાવનરૂપ નિજ સ્વભાવ કહ્યો છે.**' જુઓ, સદા પાવનની વ્યાખ્યા અહીંયાં આપી દીધી. સદા પવિત્રરૂપ, સદા પવિત્રરૂપ નિજસ્વભાવ કહ્યો છે. જુઓ, એને આશ્રયે બધો વિકાર ટળીને કેવળજ્ઞાન થાય છે. કાંઈ કેવળજ્ઞાન સાધકને હોતું નથી અને સાધકને કાંઈ ક્ષયોપશમની પર્યાયને આશ્રયે કેવળજ્ઞાન થાતું નથી, માટે ત્રિકાળ સ્વભાવને આશ્રયે થાય છે માટે તેને '**સદા-પાવનરૂપ નિજ...**' ચારને જ્યારે પર કહ્યા ત્યારે પરમને નિજ કહ્યો, ચારને જ્યારે પરભાવ કહ્યા, ત્યારે પરમપારિણામિકને સ્વભાવ કહ્યો. બે વિશેષણ સમજાવ્યા. સમજાણું કાંઈ?

'**ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી પરમપારિણામિકભાવનો આશ્રય થતો નથી.**' બસ આ વાત છે. અગોચરનો અર્થ આ. હવે અગચોરનો અર્થ આવ્યો. ભાઈ! વિભાવસ્વભાવ, પરભાવ એ બેની વ્યાખ્યા આવી ગઈ. વિભાવસ્વભાવ કેમ કહ્યા? કે એમાં અપેક્ષા આવે છે અને એ વિશેષભાવ છે, સામાન્ય ત્રિકાળ નથી. બીજી વાત. એને પરભાવ કેમ કહ્યો? કે નિજસ્વભાવથી પર છે. નિજસ્વભાવ પરમપારિણામિકથી પર પર્યાયરૂપ છે, માટે તેને પરભાવ કહ્યા. પણ આ આત્માના સદા પાવનરૂપ ભાવને નિજસ્વભાવ અને નિરપેક્ષભાવ કહ્યો. '**ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી...**' ક્ષાયિકનો આશ્રય કરવાથી. અરે! ક્ષાયિક સમકિત પ્રગટ્યું ચોથે ગુણસ્થાને ક્ષાયિકસમકિત, તો કાંઈ ક્ષાયિકસમકિતને આશ્રયે ચારિત્ર નથી થતું. નવું ચારિત્ર કે વીતરાગભાવ કાંઈ ક્ષાયિકસમકિતને આશ્રયે નથી થતું. ક્ષાયિકભાવને આશ્રયે ચારિત્ર થતું નથી. ચારિત્ર તો પરમપારિણામિક ચિદાનંદ ધ્રુવ સ્વભાવ એને આશ્રયે સમ્યગ્દર્શન, એને આશ્રયે સમ્યગ્જ્ઞાન, એને આશ્રયે સમ્યક્ચારિત્ર, એને આશ્રયે શુક્લધ્યાન, એને આશ્રયે કેવળજ્ઞાન. સમજાણું કાંઈ? ઝીણું છે.

'**ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી...**' એટલે કે ઉદયનો રાગનો આશ્રય કરવાથી કોઈ દિ' આત્માને લાભ થાય એમ છે નહિ. જુઓ, આવ્યું બ્રહ્મચારીજી! રાગ નામ વ્યવહારરત્નત્રય. તો વ્યવહારરત્નત્રય ઉદયભાવ છે. એનો આશ્રય કરવાથી પરમપારિણામિકભાવનો

આશ્રય થતો નથી. વ્યવહારરત્નત્રય શુભરાગ એના અવલંબને પણ, એ ઉદયભાવ છે, એને આશ્રયે પણ પરમપારિણામિકભાવનો લાભ થતો નથી. સમજાણું કાંઈ? હજી તો ઝઘડા તો ત્યાં માંડ્યા છે. ઝઘડા તો ત્યાં છે એને પહેલા કે શુભરાગ છે કે નહિ? શુભરાગ છે કે નહિ? મંદ રાગ આવે અને પછી લાભ થાય અને આવે? પછી મૂકને પડતી તારી. રાગ અને પુણ્યનો વિકલ્પ જે ઉદયભાવ તેને આશ્રયે પરમપારિણામિકભાવની શ્રદ્ધા થતી નથી. પરમપારિણામિકભાવનું જ્ઞાન અને ચારિત્ર થતું નથી. એમ ઉપશમભાવને આશ્રયે આત્માનું ચારિત્ર થતું નથી, એ ઉપશમભાવને આશ્રયે આત્માને કેવળજ્ઞાન થતું નથી. એમ ક્ષયોપશમભાવની પર્યાયને આશ્રયે,... પોતાની પર્યાય છે એ ક્ષયોપશમ, ક્ષયોપશમ તો સ્વભાવનો અંશ છે, ઉપશમ પણ સ્વભાવનો અંશ છે, પણ એને આશ્રયે પણ કેવળજ્ઞાન મોક્ષદશા થતી નથી અને ક્ષાયિકસમકિત આદિ પ્રગટેલું હોય એને આશ્રયે પણ કેવળજ્ઞાન થતું નથી અને કેવળજ્ઞાન તો સાધકને હોતું નથી. એટલે કેવળજ્ઞાનને આશ્રયે કેવળજ્ઞાન થાય એ વાત તો રહેતી નથી. સમજાણું કાંઈ?

'**ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી પરમપારિણામિકભાવનો આશ્રય થતો નથી.**' એટલે કે ચાર ભાવનું લક્ષ કરવાથી આત્મા પરમપારિણામિક સ્વભાવ છે તેનું લક્ષ થઈ શકતું નથી. બહુ ઝીણું, ભાઈ! આ પંદર ગાથા સુધી તો ઝીણો વિષય એટલો લીધો છે કે બહુ શાંતિથી આ રુચિ અને આ શ્રદ્ધા કરવા જેવી છે. બાકી બધું સમજવા જેવું છે. શેઠી! '**ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી પરમપારિણામિકભાવનો...**' અવલંબન, લક્ષ એનું થઈ શકતું નથી. '**પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી જ...**' ત્રિકાળ ધ્રુવ એક સમયમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય તે ધ્રુવ છે, શુદ્ધ છે એવો પરમપારિણમિકભાવ એનો આશ્રય કરવાથી જ. જ. '**સમ્યક્ત્વથી માંડીને...**' સમકિત પણ પરમપારિણામિક સ્વરૂપ સ્વભાવને અવલંબે થાય છે. વ્યવહારસમકિતને આશ્રયે નિશ્ચયસમકિત થતું નથી. સમજાય છે? '**સમ્યક્ત્વથી માંડીને મોક્ષદશા સુધીની...**' દશા છેને? મોક્ષ પણ દશા છે, અવસ્થા છે. એ બધી સુધીની અવસ્થાઓ પ્રાપ્ત થાય. કોને આશ્રયે? પરમપારિણામિકભાવ સ્વભાવભાવને આશ્રયે સમકિત થાય. આ વાત તો હજી અહીં શ્રવણ કરે, મનન કરે, ગ્રહણ કરે અને ધારણ કરે ત્યારે એના ખ્યાલમાં એનું વીર્ય કામ કરે.

આત્મા એક સમયમાં આનંદ, અતીન્દ્રિય શુદ્ધ ચિદાનંદ છે. સમજાય છે? પૂર્ણ ધ્રુવ છે. એનો આશ્રય કરવાથી સમકિતથી માંડીને કેવળજ્ઞાન થાય. બાકી કોઈ વ્યવહારરત્નત્રય, નિમિત્ત અને ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એને આશ્રયે પણ જ્યારે કેવળજ્ઞાનાદિ ન થાય તો કોને આશ્રયે હજી ક્રિયાકાંડ કરીને એને કેવળજ્ઞાન લેવું છે? સમજાય છે કાંઈ? એ અર્થ કર્યો. માથે હવે ફરીને.

એવો જે પરમપારિણામિકભાવરૂપ, પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે. એટલે કે

ચાર ભાવરૂપ આ પરમપારિણામિકભાવ એ ત્રિકાળ ધ્રુવ અને ચાર ભાવ એ પર્યાય. ઓલી પર્યાયને વિભાવસ્વભાવ અને પરભાવ કીધો અને આને નિજસ્વભાવ અને પરમભાવ કહ્યો. **'જે કારણસમયસારસ્વરૂપ છે,...'** જે એક સમયમાં ત્રિકાળ કારણસમયસારસ્વરૂપ છે. કારણસમયસારસ્વરૂપ. સમજાણું કાંઈ? **'જે કારણસમયસારસ્વરૂપ છે,...'** ત્રિકાળ એ કાર્યસમયસાર કેવળજ્ઞાન, કેવળદર્શન અને પરમ આનંદ એ કારણસમયસારના અવલંબે પ્રગટે છે. જે કારણસમયસારસ્વરૂપ છે. કારણ એટલે ત્રિકાળ દ્રવ્ય, ગુણ અને પર્યાયવાળો. સમજાય છે કાંઈ?

**'નિરાવરણ જેનો સ્વભાવ છે,...'** ત્રિકાળ નિરાવરણ છે. એને કોઈ આવરણ છે જ નહિ. એક સમયમાં ધ્રુવ પરમભાવ, સ્વભાવભાવ, નિજભાવ, નિરપેક્ષભાવ તે નિરાવરણ જેનો સ્વભાવ છે. ત્રણે કાળે નિરાવરણ છે. આહા..હા..! આ પરમપારિણામિકભાવ શું ચીજ છે એ.. માથાકૂટમાં પડ્યા હજી બહારમાં. કાં તો આ રાગ છોડે, આ કરે ને આ મૂકે અને... હવે એ તો બહારની વાત છે. સમજાય છે? અને કાં રાગ ઘટાડો, રાગને પૃથક્ કરો. શેઠી! રાગ ક્યાં પૃથક્ કરે? રાગને પૃથક્ કરો. કોની સાથે પૃથક્ કરે? પરમપારિણામિક ચૈતન્યસ્વભાવના ભાન વિના રાગનું ભેદજ્ઞાન અને પૃથક્પણું કોઈ દિ' થતું નથી. સમજાણું કાંઈ? તે **'નિરાવરણ જેનો સ્વભાવ છે,...'** કોનો? **'કારણસમયસારરૂપ છે,...'** **'સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે,...'** એવા આત્માનો. એવા આત્માનો. આગળ વાત કરશે. આ તો સ્વભાવભાવ લે છેને. એવો ભાવનો ધરનાર આત્મા.

**'જે નિજ સ્વભાવસત્તામાત્ર છે,...'** પહેલી સત્તા ઉપાડી. કેવો છે આત્મા? કે **'નિજ સ્વભાવસત્તા...'** નિજસ્વભાવસત્તામાત્ર છે. જુઓ, સાત તત્ત્વ છેને? તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનં. આત્મા-આત્મા. નિજસ્વભાવસત્તામાત્ર. બાકી તો બધી સંવર, નિર્જરા એ ક્ષયોપશમપર્યાય, મોક્ષ ક્ષાયિકપર્યાય અને રાગ-દ્વેષ ઉદયભાવપર્યાય. સંવર-નિર્જરા, ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક આદિ પર્યાય અને કેવળજ્ઞાન એકલી ક્ષાયિકપર્યાય અને પુણ્ય, દયા, દાન, વ્રતાદિ ઉદયભાવ પર્યાય. એ આત્મા નહિ, એ આત્મા નહિ. સાત તત્ત્વની અંદર જે છેને. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ સાત તત્ત્વો. જીવતત્ત્વ, આત્મતત્ત્વ કેવું છે? કે ચાર વિભાવસ્વભાવના પરભાવથી અગમ્ય એવો આત્મા.

**શ્રોતા :-** એ કારણપરમાત્મા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જીવતત્ત્વ એ કારણ કહ્યું. કારણશુદ્ધજીવ. કારણશુદ્ધજીવ એ જીવતત્ત્વ, એ આત્મતત્ત્વ. બધું કારણસમયસાર છે. સમજાય છે કાંઈ?

**'જે નિજસ્વભાવસત્તામાત્ર છે,...'** કહે છે કે એમાં ચાર ભાવની સત્તા નથી, ભાઈ! પરમપારિણામિકભાવમાં ઉદયની સત્તા નથી, ક્ષાયિકની સત્તા, ક્ષાયિકનું હોવાપણું નથી, ઉપશમનું હોવાપણું નથી, ક્ષયોપશમનું હોવાપણું નથી. એ ચાર તો પર્યાયની સત્તામાં છે. સ્વભાવ

નિજસત્તામાં એ ચારનો અભાવ છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? 'જે...' જે એટલે આત્મા. પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ અને કારણસમયસારરૂપ નિરાવરણ જેનો સ્વભાવ, એ સ્વભાવ કેવો છે? કે નિજસ્વભાવસત્તામાત્ર છે. નિજસ્વભાવસત્તા. પોતાની સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ત્રિકાળ એવી સ્વભાવસત્તામાત્ર છે. ભાઈ! વજન આપ્યું છે. એક ક્ષાયિકભાવ પણ એમાં નથી, ઉપશમભાવ એમાં નથી, ક્ષયોપશમ એમાં નથી અને વિકાર તો સ્વભાવમાં ત્રણકાળમાં નથી. ભગવાન આત્મા એક સમયમાં જે નિજસ્વભાવસત્તામાત્ર છે. કાંતિભાઈ! સાંભળવા આવ્યા છે ખાસ.

જે નિજસ્વભાવસત્તામાત્ર.. નિજસ્વભાવસત્તામાત્ર. એકલી પરમ સત્.. સત્.. સત્.. ઉત્પાદ-વ્યયની અપેક્ષા વિનાની નિજસ્વભાવસત્તા. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમાં તો ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય આવે છે. અને એ સિવાયની નિજસ્વભાવ સત્તા. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' એ માયલો ઉત્પાદ-વ્યય નહિ. ભાઈ! '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' સત્ દ્રવ્ય લક્ષણં. એ સત્‌માં ધ્રુવ નિજસ્વભાવસત્તા પરમપારિણામિકભાવ તેને અહીંયાં આત્મા કહે છે. સાત તત્ત્વમાં તેને આત્મા કહે છે. કહો, સમજાણું? '**નિજસ્વભાવસત્તા...**' પોતાનો સ્વભાવસત્તામાત્ર તે આત્મા છે. સમજાણું?

'**જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે,...**' પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે. ચૈતન્યસામાન્ય દર્શન લીધું. પરમચૈતન્યસામાન્યદર્શનસ્વરૂપ છે. જેમાં દર્શનસામાન્ય ત્રિકાળ પડ્યું છે. દર્શન, દર્શનશક્તિ પરમચૈતન્યસામાન્ય એવો દર્શન ત્રિકાળ જેમાં પડેલો છે. શેમાં? પરમપારિણામિકભાવરૂપ ભાવસ્વભાવરૂપ આત્મામાં. '**જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે,...**' આ ત્રિકાળની વાત, ધ્રુવની વાત છે. આત્મા. સત્તા પહેલી લીધી, પછી પરમચૈતન્યસામાન્ય લીધું દર્શન, પછી ચારિત્ર. '**જે અકૃત્રિમ...**' કહો, આ ચારિત્ર નવું પ્રગટે છેને? એ તો નવી પર્યાય છે. આ તો અનાદિનો અકૃત્રિમ એક આત્મામાં, ધ્રુવમાં, અકૃત્રિમ-નહિ કરાયેલું. ચારિત્ર તો પુરુષાર્થથી નવું પ્રગટેલું, કરાયેલું છે. વિકાર તો કૃત્રિમ છે, પણ અહીં તો કહે છે કે નવી પર્યાય પણ કૃત્રિમ થઈ. એય..! ધીરૂભાઈ! સમયસારમાં આવે છે, ભાઈ! ૯૬ ગાથામાં આવે છેને કર્તાકર્મમાં કે વિકાર કૃત્રિમ છે અને આત્મા અકૃત્રિમ છે. એ સમયસાર કર્તાકર્મમાં આવે છે.

અહીં તો કહે છે કે પુણ્ય-પાપના ભાવ તો કૃત્રિમ છે, પણ આ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય કૃત્રિમ છે. કૃત્રિમ એટલે નવી ઊપજેલી, નવી ઉત્પન્ન થઈ. પણ આત્મામાં એ ચારિત્ર કેવું છે અનાદિ? અકૃત્રિમ. '**પરમસ્વ-સ્વરૂપમાં...**' પરમસ્વ-સ્વરૂપમાં '**અવિચળસ્થિતિમય...**' અવિચળ. અવિચળ-ચળે નહિ એ અવિચળ એવી સ્થિતિમય '**શુદ્ધચારિત્રસ્વરૂપ છે,...**' ત્રિકાળ શુદ્ધચારિત્રસ્વરૂપ છે. ત્રિકાળ શુદ્ધચારિત્રસ્વરૂપ ધ્રુવની વાત ચાલે છે આ. આત્માની વાત ચાલે છે. આત્માના આવા ભાવો છે એમ ચાલે છે. આત્મા ભાવવાન, આત્મા ભાવવાન અને એના ભાવો આ. પરમપારિણામિકભાવ કારણસમયસારસ્વરૂપ

જે દ્રવ્ય. સમજાય છે? એનો આ ભાવ, નિરાવરણ જેનો સ્વભાવ, નિજસ્વભાવસત્તામાત્ર ભાવ, પરમચૈતન્યસામાન્યસ્વરૂપ ભાવ, અકૃત્રિમ પરમસ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રરૂપભાવ. સમજાણું કાંઈ? ત્રિકાળ. ચાર અપેક્ષા વિના—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક.

'**જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે...**' આ જ્ઞાન આવ્યું. દર્શન, ચારિત્ર અને જ્ઞાન. દર્શન, ચારિત્ર અને જ્ઞાન. ત્રિકાળ નિત્ય શુદ્ધ. નિત્ય, શુદ્ધ, નિરંજન, અંજન નથી એવું જ્ઞાનસ્વરૂપ તે આત્મા છે. ત્રિકાળ આત્મા પરમપારિણામિકભાવ. શેઠી! સાંભળ્યું જ નથી કદી. નથી સાંભળ્યું? '**નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ...**' ભગવાન આત્મા છે. ઠીક. હવે એ ચાર થઈ ગયું. '**અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે...**' કેવો છે પરમપારિણામિકભાવ? એને અવલંબે નાશ થાય છે. નાશ થાય છે પર્યાય, પણ પર્યાય દ્રવ્યને અવલંબે પ્રગટે છે એટલે પરમપારિણામિકભાવ જ '**સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર...**' પાપ શબ્દે પુણ્ય અને પાપ બેય પાપ છે. આત્મામાં પુણ્યનો ભાવ થાય કે પાપનો, બેય કેવા છે? ટાળવા જેવા છે. એની શ્રદ્ધા-જ્ઞાન તો કરે. અહીં તો શ્રદ્ધા-જ્ઞાન કરવાની વાત કરે છે. તીર્થંકર ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રી. શું કરે તમારે શાદી કરે એમ કહેને? શાદી કરે લ્યો, સમકિતી. સમકિતી, જ્ઞાની. સમજાય છે? પણ આશ્રય અંદરમાં પરમભાવનો શ્રદ્ધામાં ટળ્યો નથી. ઓહો..હો..! આ ભારે! ના પાડે અને કરે પાછો બધું એમ વાતું કરે છે. હરિભાઈ! જુઓ, છન્નું હજાર સ્ત્રી? છન્નું હજાર અને પરમપારિણામિકભાવનો આશ્રય? ભાઈ! છન્નું હજાર સ્ત્રીમાં પરમપારિણામિકનો આશ્રય ક્યાં? ત્યાં તો રાગ છે જરી, ભલે હો, પણ શ્રદ્ધામાં એનો આશ્રય નથી. શ્રદ્ધામાં પરમસ્વભાવ... પરમસ્વભાવ... પરમસ્વભાવનો આશ્રય એક સમય પણ છૂટતો નથી. ઓહો..હો..! સમજાય છે?

'**જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ...**' દુષ્ટ પાપ. પુણ્ય-પાપ બેય દુષ્ટ છે. પુણ્ય-પાપભાવ બેય ઘોર સંસારનું મૂળ છે. સંસારરૂપી ઘોર સંસાર સમુદ્રનું મૂળિયું છે. એવા '**દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનો...**' એની સેનાની. વીર દુશ્મનો એની સેના, એની '**ધજાના નાશનું કારણ છે...**' ધજા પડી એટલે સેનાનો નાશ થઈ જાય છે. દુશ્મન હોય છેને? તો એની જે ધજા હોય છેને ધજા? ધજા પાડી નાખે એટલે ખલાસ થઈ ગયું. એ હાર્યો દુશ્મન હારી ગયો. લશ્કર ચાલ્યું જાય. એવા વીર દુશ્મનોની સેના રાગ-દ્વેષ-ભ્રાંતિ-અજ્ઞાન વગેરે, અસ્થિરતા, પુણ્ય, વિષયભોગ વાસના, વિકાર આદિ એની સેના એટલે ટોળું વિકલ્પનું, વિકારનું, એની ધજાનું નાશ એનું ચિહ્ન છે. વિકારનું લક્ષણ જ નાશ કરી નાખે છે. સમજાય છે? નાશનું કારણ એવો આત્મા છે. ઓહો..હો..! કહો, સમજાય છે કાંઈ?

'**એવા આત્માના...**' હવે આવ્યું. '**એવા...**' કેવો આત્મા? કે સદા પાવનરૂપ ઉદયાદિ ચાર વિભાવસ્વભાવપરભાવોને અગમ્ય, સહજપરમપારિણામિકભાવ જેનો સ્વભાવ એવો

આત્મા, કારણસયમસારસ્વરૂપ એવો આત્મા. એ કારણસ્વરૂપ એ જ આત્મા. નિરાવરણ જેનો સ્વભાવ, નિજસ્વભાવસત્તામાત્ર, પરમ ચૈતન્યસામાન્યસ્વરૂપ અકૃત્રિમ પરમસ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ સ્વરૂપ. અને '**જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે એવા આત્માના...**' ક્યાંથી ઉપાડ્યું છે? કારણદષ્ટિ. કારણદષ્ટિ કેવી છે? પહેલી ઉપાડીને. પહેલે. ક્યાં? પહેલાં આગળમાં. કારણદષ્ટિ કેવી છે એની વાત ચાલે છે આ તો. કારણદષ્ટિ કેવી છે? કારણદષ્ટિ એટલે દર્શનસ્વભાવનો કારણઉપયોગરૂપ પર્યાય અથવા કારણદષ્ટિ એટલે સ્વરૂપશ્રદ્ધાનમાત્ર. એ કેવી છે કારણદષ્ટિ? કે આવો જે આત્મા કહ્યો એ આત્માના ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે. એ કારણદષ્ટિ જે પહેલો શબ્દ ઉપાડ્યો હતોને? કારણદષ્ટિ. એ '**આત્માના ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે...**' આ ત્રિકાળી ધ્રુવપર્યાય, સ્વરૂપશ્રદ્ધાનમાત્ર. પ્રગટ પર્યાયની વાત નથી. એવી સ્વરૂપશ્રદ્ધામાત્ર જે શ્રદ્ધાગુણની ધ્રુવપર્યાય, જે કારણદષ્ટિ, શ્રદ્ધાગુણની ધ્રુવપર્યાય અથવા જે દર્શનગુણ સામાન્ય, એના દર્શન ઉપયોગરૂપી પર્યાય. સમજાય છે?

૪૦ મિનિટ પછી પ્રવચન રિપીટ થાય છે. (૨૨૨ નંબરના પેજ પર છે.)

---

## પોષ વદ ૨, તા. ૧૦-૦૧-૧૯૫૫, કળશ-૨૬, ગાથા-૧૫, પ્રવચન નં. ૪૧૪

આ નિયમસાર, જીવ અધિકાર, એની ૧૪મી ગાથાનો છેલ્લો કળશ છે. ૨૬મો કળશ છે.

(પૃથ્વી)

क्वचिल्लसति सद्गुणैः क्वचिदशुद्धरूपैर्गुणैः
क्वचित्सहजपर्ययैः क्वचिदशुद्धपर्यायकैः।
सनाथमपि जीवतत्त्वमनाथं समस्तैरिदं
नमामि परिभावयामि सकलार्थसिद्धयै सदा।।२६।।

જુઓ, આ ચૌદમી ગાથાની છેલ્લા ઉપસંહારમાં આ ત્રણ શ્લોકો કહ્યા એમાં બે તો કહેવાઈ ગયા. છેલ્લી લીટી એક જ છેને. જુઓ, કહે છે આ જીવતત્ત્વ કેવું છે? કે '**ક્વચિત્ સદ્ગુણો સહિત વિલસે છે—**' ભગવાન આત્મા જીવપદાર્થ સ્વભાવ જ્ઞાયક ક્વચિત્ નામ કોઈ વખતે સદ્ગુણો નામ કેવળજ્ઞાનાદિ પર્યાયસહિત ભાસે છે. '**વિલસે છે—દેખાય છે,...**'

**'દેખાવ દેવો; દેખાવું; ઝળકવું; આવિર્ભૂત થવું; પ્રગટ થવું.'** એટલા અર્થ કર્યા છે. ભગવાન આત્મા એક સમયમાં જે પૂર્ણ જ્ઞાયકસ્વભાવ છે એની પર્યાયમાં ક્વચિત્. પર્યાય શબ્દે અહીં ગુણ લીધા છે. સદ્‌ગુણો એટલે કેવળજ્ઞાનાદિ ગુણો ક્વચિત્ કોઈ વખતે અંદર પર્યાયમાં ઝળકે છે. **'ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે,...'** ક્વચિત્ નામ કોઈ વખતે એ અશુદ્ધગુણો એટલે મતિ અને શ્રુત જ્ઞાનાદિ વિભાવગુણો એનાથી તે જીવતત્ત્વ પર્યાયમાં દેખાવ આપે છે. સમજાય છે કાંઈ? **'ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે,...'** એટલે કે જ્યારે આમ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ વિભાવ ગુણોનું લક્ષ જાય તો એ વખતે આવિર્ભાવ જાણી મતિ અને શ્રુતના વિભાવગુણરૂપો અશુદ્ધ ગુણરૂપે દેખાવ દે છે.

**'ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે...'** ક્વચિત્ એની ષટગુણીહાનિ-વૃદ્ધિ જે અગુરુલઘુની જે પર્યાય છે, જે ષટ્‌દ્રવ્યને-છએ દ્રવ્યને જે સામાન્યરૂપે છે એવી એક આત્મામાં ષટ્‌ગુણહાનિવૃદ્ધિરૂપ પર્યાય છે, જે અનાદિ અનંત સામાન્ય અર્થરૂપ પર્યાય છે. એ રીતે પણ એ વિલસે નામ દેખાય છે. **'અને ક્વચિત્ અશુદ્ધ પર્યાયોસહિત વિલસે છે.'** કોઈ વખતે અશુદ્ધ પર્યાય નામ વ્યંજનપર્યાય, મનુષ્ય, દેવ, નારકિ આદિ ઢોર એની વ્યંજન નામ પ્રદેશગુણની આકૃતિ વિકારિ પર્યાય એ રીતે આત્મા પર્યાયમાં દેખાવ દે છે અથવા એવી પર્યાય આવિર્ભૂત પામે છે, પ્રગટ થાય છે એવો દેખાવ દે છે. ચાર વાત કરી. સમજાય છે કાંઈ?

**'આ બધાથી સહિત હોવા છતાં...'** જુઓ, પર્યાયનો વિષય તો છે, વ્યવહારનયનો વિષય છે. એ કેવળજ્ઞાનાદિ પર્યાય શુદ્ધગુણરૂપે, મતિજ્ઞાનાદિ પર્યાય અશુદ્ધગુણરૂપે, ષટ્‌ગુણ હાનિવૃદ્ધિરૂપ પર્યાય સહજપર્યાયરૂપે અને વ્યંજનપર્યાયરૂપે અશુદ્ધપર્યાય **'આ બધાથી સહિત હોવા છતાં...'** આત્માની પર્યાયમાં એ વ્યવહારનયનો વિષય છે, છતો છે, એ નથી એમ નહિ. જુઓ, વ્યવહારનયનો વિષય છે આ રીતે ચારેય. કેવળજ્ઞાનાદિ, મતિ-શ્રુતજ્ઞાનાદિ, અગુરુલઘુ આદિ ષટ્‌ગુણ હાનિ પર્યાય એ પણ ઋજુસૂત્રનો વર્તમાન સહજ પર્યાય એ વર્તમાન નયનો વિષય છે અને અશુદ્ધ પર્યાય વ્યંજનપર્યાય પણ વર્તમાન નયનો વિષય આત્માની પર્યાયમાં છે. પર્યાયરૂપે છતો વિષય છે. **'છતાં પણ જે એ બધાથી રહિત છે...'** એકલો એક સમયમાં જ્ઞાયક પરમાત્મતત્ત્વ કે જે કેવળજ્ઞાનાદિ પર્યાયરહિત તત્ત્વ છે ત્રિકાળ, મતિજ્ઞાનાદિ ગુણ વિભાવરહિત છે તત્ત્વ અને અગુરુલઘુની ષટ્‌ગુણી વૃદ્ધિ એક સમયમાં પર્યાય થાય એનાથી પણ રહિત એક જીવતત્ત્વ એકરૂપ છે. અને અશુદ્ધ વ્યંજનપર્યાય રહિત, પ્રદેશગુણની આકૃતિરૂપી વિભાવપર્યાય એનાથી પણ રહિત છે. એવા આ જીવતત્ત્વને... જુઓ, એક સમયનો જ્ઞાયક. ત્રિકાળ દ્રવ્ય, ગુણ અને શુદ્ધ કાર્યપર્યયાસહિતનો જીવતત્ત્વ લીધો છે. એ બધાથી રહિત છે. જુઓ, છે અને નથી.

**મુમુક્ષુ :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; આ ચાર તો પ્રગટપણે. એ બધાથી રહિત છે. જીવતત્ત્વ,

જ્ઞાયકતત્ત્વ એક સમયમાં પૂર્ણ દ્રવ્ય, ગુણ અને પર્યાયે શુદ્ધ. પર્યાય નામ કારણશુદ્ધપર્યાય શુદ્ધ અભેદ એકરૂપ તત્ત્વ એ આ પર્યાયોમાં ચાર પ્રકારે દેખાવ આપે છે. કેવળજ્ઞાનાદિ પર્યાય, મતિજ્ઞાનાદિ પર્યાય, સહજ અગરુલઘુપર્યાય અને અશુદ્ધ વ્યંજનપર્યાય. છતાં ચારેય પર્યાયરહિત જીવતત્ત્વ એકરૂપ અખંડ જ્ઞાયકતત્ત્વ છે એ પર્યાયોરહિત છે. એ બધાથી રહિત છે.

**'એવા આ જીવતત્ત્વને હું...'** એવા આ જીવતત્ત્વને હું **'સકળ અર્થની સિદ્ધિને માટે...'** સકળ આત્માની મોક્ષપર્યાય નિર્મળ આનંદ અમૃતના અમૃતના અનુભવની પર્યાય એની સિદ્ધિને માટે **'સદા નમું છું,...'** નિરંતર એ જ્ઞાયકભાવ તરફ મારી રુચિ અને પરિણમન ચાલે છે. સમજાય છે કાંઈ? એક સમયની અંદર સેકન્ડના એક સમય, તેનો અસંખ્ય ભાગ, તેમાં આત્મા જીવતત્ત્વ આમ પૂર્ણાનંદ પડ્યો છે. એવા જીવતત્ત્વ આ ચાર પ્રકારની પર્યાયો, વ્યવહારનયનો વર્તમાન વિષય એ પર્યાયો પર્યાયમાં હોવા છતાં જે સ્વભાવમાં ત્રિકાળમાં એનો અભાવ છે એવું જે જીવતત્ત્વ એને **'હું સકળ અર્થની સિદ્ધિને માટે...'** એમ કહેવા માગે છે કે મોક્ષની સિદ્ધિ આ અંતર જ્ઞાયકતત્ત્વને અવલંબે જ થાય છે. એ સિવાય થઈ શકતી નથી. એવી સિદ્ધિને માટે સદા નિરંતર એક સમયનો વિરહ પડ્યા વિના. મતિ કે જ્ઞાનાદિ ભલે વિભાવ હો, કે અજ્ઞાની તો સાધકપણામાં છે નહિ, પણ ખ્યાલમાં છે કે પ્રગટવાનું છે અને સહજ અગુરુલઘુ ષટ્ગુણી હાનિવૃદ્ધિ પર્યાયમાં વર્તે છે એ આગમ પ્રમાણે સ્વીકારવાયોગ્ય છે અને અશુદ્ધપર્યાયનો ખ્યાલ આવે છે અને વિભાવરૂપ વ્યંજનપર્યાય છે. એ બધા હોવા છતાં એ વખતે, એ ક્ષણમાં સદા નિરંતર હું એવા જીવતત્ત્વમાં નમું છું, ઢળું છું, વળું છું, પરિણમું છું, ભાવું છું, એકાગ્ર થાવ છું. કહો, સમજાય છે કાંઈ?

એ **'નમું છું,...'** નમન કરું છું, વળું છું, વલણ કરું છું, અંતરમાં પરિણમન કરું છું. એક સમયનો વિરહ વિના સાધકસ્વભાવમાં જ્ઞાયક ચૈતન્યતત્ત્વ તરફની શ્રદ્ધા, જ્ઞાનની રમણતા એમાં કોઈ સમયે એને અંતર વિરહ અને આંતરો પડતો નથી. સમજાય છે કાંઈ? આ ઉત્તર કહ્યો. **'એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે સદા નમું છું, ભાવું છું.'** એની હું ભાવના કરું છું. એ ચૌદ ગાથા પૂરી થઈ. હવે ૧૫મી ગાથા.

**णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा।**
**कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा।।१५।।**
**તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;**
**પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.**

લ્યો, આ ૧૫મી ગાથા. વાટ જોતા હતા માણસ એ આજે આવી.

પહેલો **'અન્વયાર્થ :–'** **'नरनारकतिर्यक्सुराः पर्यायाः'** જુઓ, ત્યાં ૧૪મી ગાથામાં પર્યાયના બે ભેદ કહ્યાં હતા બીજા પદને વિષે. સમજાય છે? ૧૪મી ગાથા. **'पज्जाओ दुवियप्पो'** પર્યાય બે પ્રકારનો—સ્વ-પર અપેક્ષિત અને નિરપેક્ષિત એમ બીજા પદમાં બે પ્રકાર કહ્યાં હતા.

એ માયલી સ્વ-પર અપેક્ષિત પર્યાયનું આ પહેલું પદ છે. '**મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ પર્યાયો તે વિભાવપર્યાયો કહેવામાં આવ્યા છે;...**' જે ત્યાં સ્વપર-અપેક્ષિત કહ્યા હતા તેને અહીંયાં વિભાવપર્યાય કહીને એનું વર્ણન કર્યું છે. કેમકે એમાં સ્વપર્યાય પોતાની લાયકાત પણ છે વ્યંજનપર્યાયમાં અને કર્મના નિમિત્તની ઉપસ્થિતિ છે. માટે તેને સ્વ-પર-અપેક્ષિત વ્યંજનપર્યાય, વિભાવિક પર્યાયને સ્વ-પર-અપેક્ષિત કહેવામાં આવી છે.

'કર્મોપાધિ રહિત પર્યાયો...' આ બીજા પદનું પહેલો શબ્દ છે. '**कम्मोपाधिविविज्जियपज्जाया** ' '**કર્મોપાધિ રહિત પર્યાયો...** ' આમાંથી આ સિદ્ધાંત પદ્મપ્રભમલધારિદેવે આ શબ્દમાંથી કાઢ્યો છે. મૂળ વસ્તુ આમાંથી કાઢી છે. '**કર્મોપાધિ રહિત પર્યાયો તે સ્વભાવપર્યાયો કહેવામાં આવ્યા છે.**' કર્મોપાધિ જે નિરપેક્ષ હતું. ૧૪મામાં છેલ્લો બોલ જે નિરપેક્ષ હતો. એ નિરપેક્ષ પર્યાય આ કર્મોપાધિ રહિત પર્યાયને નિરપેક્ષ પર્યાય તરીકે (કહી) એમાં કર્મના વર્તમાન નિમિત્તની અપેક્ષા નથી. એવી સ્વભાવિક પર્યાય કહેવામાં આવ્યા છે. ભગવંતોએ કહ્યા છે, મુનિઓએ કહ્યા છે એ પ્રમાણે કુંદકુંદાચાર્ય કહે છે કે હું પણ કહું છું અને પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે અમને પરંપરાએ આનો જે અર્થ મળેલો એની જ ટીકા અને વ્યાખ્યા હું કહું છું.

ટીકા. હવે ઓલું વ્યંજનપર્યાય જે પહેલા પદ છે એની વ્યાખ્યા પહેલી ન કરતાં, પહેલી વ્યાખ્યા સ્વભાવપર્યાયની કરે છે. કેમકે સ્વભાવનું ભાન થાય તેને વ્યંજનપર્યાયનું યથાર્થ ભાન કહેવાય. નહિતર વ્યંજનપર્યાયનું પણ એ વ્યવહારજ્ઞાન યથાર્થ કહેવાય નહિ. '**આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે.**' જુઓ, ભાષા એમ લીધી છે પાછી. સંક્ષેપ ઉક્તિ—થોડું કથન છે. વિસ્તાર તો તે યથાર્થપણે પોતે જ્ઞાનગમ્યથી વધારે વિચારી લેવો. સંક્ષેપ કથન આ છે. '**સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે.**' '**ત્યાં, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે...**' બેની અંદરમાં '**પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે :**' સ્વભાવપર્યાય જે નિરપેક્ષ પર્યાય, જે ભેદરૂપ પર્યાય. '**परि समंता भेदं गच्छति**' આવ્યું હતુંને. જે સ્વપર અપેક્ષા વિનાની પર્યાય એટલે કે એકલી નિરપેક્ષ પર્યાય એટલે કે સ્વભાવપર્યાય એટલે કે કર્મોપાધિના નિમિત્તની અપેક્ષા વિનાની પર્યાય એટલે કે સામાન્ય આત્મા ત્રિકાળ છે એના ભેદરૂપ પર્યાય, એનો વિશેષરૂપ પર્યાય સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે.

'**કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.**' લ્યો, આ બે ભેદ. સ્વભાવપર્યાયના બે ભેદ--એક કારણશુદ્ધપર્યાય, બીજી કાર્યશુદ્ધપર્યાય. હવે એ કારણશુદ્ધપર્યાય પણ સામાન્ય જે આત્મા એક સમયમાં દ્રવ્ય અને ગુણે શુદ્ધ ધ્રુવ એકરૂપ છે એનો એક અંશ વિશેષ-વિશેષ '**परि समंता भेदं गच्छति इति पर्यायः**' જે આત્મા એક સમયમાં દ્રવ્ય-ગુણે શુદ્ધ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... છે એનો એક સમયનો વિશેષ, એક સમયનો ભેદ, સામાન્ય એક સમયનો અંશ જે કારણપર્યાય

તરીકે કારણશુદ્ધપર્યાય તરીકે કહેવામાં આવે છે. એ પર્યાય નિરપેક્ષ પર્યાય છે. સામાન્ય ત્રિકાળ દ્રવ્ય-ગુણની અપેક્ષાએ વર્તમાન અંશ... અંશ... અંશ... અંશ... અંશ... છે સદૃશ્ય, છે ધ્રુવ, છે નિશ્ચયનયનો વિષય. શેઠી! છતાં એ પર્યાય સામાન્ય જે દ્રવ્ય છે અને ગુણ છે સામાન્ય સદૃશ્ય, સામાન્ય સદૃશ્ય એનો વિશેષ સદૃશ્ય. કારણસ્વભાવપર્યાય, કારણશુદ્ધપર્યાય. કારણસ્વભાવપર્યાય કહો કે કારણશુદ્ધપર્યાય કહો. એ એનો અંશ છે. એ અંશ અને કાર્યશુદ્ધપર્યાય પણ સ્વભાવિક પ્રગટ અંશ છે. પ્રગટ અંશ, પ્રગટ અંશ એ પણ નિરપેક્ષ છે, એ પણ ભેદરૂપ છે, એ પણ કર્મના નિમિત્તની ઉપસ્થિતિ તેમાં નથી અને એ પણ એક અંશરૂપ છે. એ સ્વભાવપર્યાયના અંશ બે—એક કારણશુદ્ધપર્યાય, એક કાર્યશુદ્ધપર્યાય. એ અંશમાં કારણશુદ્ધપર્યાયની પહેલી વ્યાખ્યા ચાલે છે.

**'અહીં સહજ...'** સ્વભાવિક **'શુદ્ધ નિશ્ચયથી,...'** આત્મા એક સમયમાં સામાન્ય દ્રવ્ય અને ગુણે જે શુદ્ધ છે, સ્વભાવ છે, સ્વભાવિક છે, સહજ છે એની સાથે રહેલો એક સમયનો ધ્રુવ સદૃશ્ય પર્યાય સ્વભાવિક છે, શુદ્ધ છે, નિશ્ચયનયનો નિશ્ચયદૃષ્ટિનો એ વિષય છે, દ્રવ્યાર્થિકનયનો એ વિષય છે, અભેદ દૃષ્ટિનો એ ધ્યેય છે. એ **'સહજ શુદ્ધ નિશ્ચયથી, અનાદિ-અનંત,...'** પરમપારણામિકભાવ જે શક્તિ સ્વભાવરૂપ જેમાંથી કેવળજ્ઞાનાદિ અનંત... અનંત... અનંત... પર્યાયો આવિર્ભાવ પ્રગટપણાને પામે એવો જે દ્રવ્ય-ગુણસ્વભાવ, એની સાથે એક પર્યાયરૂપ અંશ સ્વભાવ, કારણશુદ્ધપર્યાય એ અનાદિ-અનંત છે. અનાદિ-અનંત. જેને પારિણામિકભાવની પરિણતિ આગળ કહેવામાં આવે છે. પારિણામિકભાવની પરિણતિ, પારિણામિકભાવની પર્યાય, પારિણામિકભાવનો અંશ, પારિણામિક સામાન્યભાવનો ભેદરૂપ વિશેષપર્યાય. ઓહો..હો..! સમજાય છે કાંઈ?

એ **'અનાદિ-અનંત, અમૂર્ત,...'** એ મૂર્તપણું નથી એનામાં. સમજાય છે કાંઈ? **'અતીન્દ્રિયસ્વભાવવાળાં...'** જે પર્યાય ધ્રુવ શુદ્ધ વિશેષ સ્વભાવ અંશ જે સામાન્ય અભેદ એનો અંશરૂપ ભેદ, પણ દ્રવ્યદૃષ્ટિએ તો બધું ત્રણે અભેદ. નિશ્ચય દૃષ્ટિએ ત્રણેય અભેદ. એવો જે અતીન્દ્રિય સ્વભાવવાળો, જે ઇન્દ્રિયસ્વભાવથી ગમ્ય નથી અને એ પોતે અતીન્દ્રિય સ્વભાવસ્વરૂપ છે. આગળ કોની સાથે આવે છે એમ કહે છે. **'અતીન્દ્રિયસ્વભાવવાળાં અને શુદ્ધ એવાં સહજજ્ઞાન-'** જુઓ, સહજજ્ઞાન ભાવ ત્રિકાળ, સ્વભાવિક... સ્વભાવિક... સ્વભાવિક... જ્ઞાન ત્રિકાળ. **'સહજદર્શન...'** સ્વભાવિકદર્શન ત્રિકાળ. સ્વભાવિકચારિત્ર **'સહજચારિત્ર...'** સ્વરૂપ ત્રિકાળ અને **'સહજપરમવીતરાગસુખાત્મક...'** અને એ આત્મામાં પારિણામિકભાવમાં સ્વભાવિક પરમવીતરાગ રાગ વિનાનો સુખાત્મક, સુખસ્વરૂપ આનંદસ્વરૂપ.

ચાર બોલ થયા. સ્વભાવિકજ્ઞાન, સ્વભાવિકદર્શન, સ્વભાવિકચારિત્ર અને સ્વભાવિક પરમવીતરાગ આનંદસ્વરૂપ **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયમાં જે શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ પરમપારિણામિકભાવસ્વરૂપ. આ જીવનો અંતઃતત્ત્વસ્વરૂપ

શુદ્ધ અંતઃતત્ત્વ અંતરભાવ, અંતર સ્વભાવ, અંતર પારિણામિકભાવસ્વરૂપ જે સ્વભાવ અનંતચતુષ્ટયનું સ્વરૂપ, જે ત્રિકાળ અંદર સ્વભાવ અનંતચતુષ્ટય. માથે કહ્યુંને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને આનંદ એવા સ્વભાવ અનંતચતુષ્ટયનું સ્વરૂપ એવો જે ભાવ, જે ત્રિકાળ ભાવ, ત્રિકાળ પરમપારિણામિકભાવ '**તેની સાથેની જે પૂજિત...**' શેઠી! તેની સાથેની. કોની સાથેની? શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વભાવ અનંતચતુષ્ટય. એક સમયમાં પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... સ્વભાવિક. એ તો ચાર લીધા મુખ્યપણે એવા અનંતા ગુણો લેવા. અનંતા ગુણો પણ મુખ્ય તત્ત્વ એવો જે ત્રિકાળ ભાવ એની સાથેની જે પૂજિત. લ્યો. '**તેની સાથેની જે પૂજિત...**' પરમ પૂજિત, પરમ પૂજવાલાયક, પરમ આદરણીય, પરમ ઉપાદેય, પરમ અંગીકાર કરવાલાયક.

'**પંચમભાવપરિણતિ...**' જુઓ, આ જૈનદર્શન, વસ્તુદર્શન, આત્મદર્શનની વિશેષતા! આવી વાત વીતરાગમાર્ગ સિવાય જીવતત્ત્વનું આ સ્વરૂપ બીજે કોઈ ત્રણકાળ, ત્રણલોકમાં હોઈ શકે નહિ. બીજે ધર્માસ્તિ, અધર્માસ્તિકાય પણ હોઈ શકે નહિ તો આવો એક આત્મા (તો હોય જ ક્યાંથી?) એવો સહજ શુદ્ધ નિશ્ચયથી અનાદિ-અનંત, અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધ એવા સ્વભાવિક, જ્ઞાન સ્વભાવિક, દર્શન સ્વભાવિક, આનંદ અને સ્વભાવિક ચારિત્ર એવો શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ ભાવ... ભાવ... ભાવ... કે જે સ્વભાવભાવ, સ્વભાવભાવ ધરનાર આત્મા. સ્વભાવભાવ તો આ એનો ભાવ, બે અભેદ છે. આધાર અને આધેય કાંઈ એમાં ભેદ નથી કે આત્મા આધાર અને સ્વભાવભાવ આધેય. કહેવામાં બધું અભેદ છે. એવો સ્વભાવ, નિરૂપાધિ ત્રિકાળ સ્વભાવ, એવા અનંતચતુષ્ટયનું સ્વરૂપ તેની સાથેની જે એક સમયની પૂજિત, પંચમભાવપરિણતિ. આમ સમય.. સમય કરતાં અનાદિ-અનંત, અનાદિ-અનંત. ઓહો..હો..!

આ '**પંચમભાવપરિણતિ...**' પરિણતિ એટલે કે પંચમભાવની સાથે તન્મયપણે રહેલી સામાન્ય દ્રવ્ય-ગુણની સાથે અંશરૂપે તન્મયપણે, સદશ્યરૂપે, ધ્રુવરૂપે અનાદિઅનંત એ સિદ્ધમાં પણ હોય, નિગોદમાં પણ હોય, ...માં પણ હો, અજ્ઞાનમાં પણ હોય અને કેવળજ્ઞાન થાય તોપણ આ પર્યાય તો અનાદિ-અનંત જ છે. કેવળજ્ઞાન થઈ ગયું એટલે એ કારણપર્યાયનો અભાવ થાય કે એની સદશ્યતાનો વિશેષભાવ ન રહે એમ છે નહિ. સમજાય છે કાંઈ? ચીમનભાઈ! બહુ ઝીણું, ભાઈ!

પંચમભાવ પારિણામિક આ ચાર ભાવથી રહિત. ઉદયભાવ.. સમજાય છે? ઉપશમભાવ, ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવ એ ચાર ભાવથી રહિત પંચમભાવ. ઉદય નામ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષાદિ વિકલ્પો એ ઉદયભાવ છે, એની અપેક્ષા પંચમભાવને નથી. ઉપશમભાવ સમ્યગ્દર્શન અને ચારિત્ર વગેરે. ઉપશમ નવી ધર્મ પર્યાય, પ્રગટ નવી પર્યાય એ ત્રિકાળ પરમભાવને તેની અપેક્ષા નથી. ક્ષયોપશમભાવ કાંઈક પ્રકૃતિનો ક્ષય અને કાંઈક ઉપશમ એવો મિશ્રભાવ. એ મિશ્રભાવની પર્યાય તેની અપેક્ષા પણ પંચમભાવને નથી. અને ક્ષાયિકભાવ. વર્તમાન ક્ષાયિક કેવળજ્ઞાનાદિ ભાવ એની પણ પંચમભાવને એની અપેક્ષા નથી. અરે! પંચમભાવની પરિણતિ

એને પણ ચાર ભાવની અપેક્ષા નથી. ભાઈ!

**શ્રોતા :-** એ અપેક્ષિત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્ષાયિકભાવ .. અપેક્ષિત થઈ ગયો. સમજાય છે? ક્ષાયિકભાવ અહીંયાં તો નિરપેક્ષ કહેશે, પણ પંચમભાવના એકરૂપ ભાવની અપેક્ષાએ આપણે પહેલું આવ્યું હતું કે ચારેય ભાવ અપેક્ષિત છે. અહીંયાં એ કેવળજ્ઞાનની પર્યાયને પછી નિરપેક્ષ કહેશે. કેમકે તેમાં વર્તમાન કર્મના નિમિત્તની અપેક્ષા નથી, પણ પંચમભાવને તો ચારેય ભાવની અપેક્ષા નથી. સમજાય છે આ વિષય ભાઈ એવો છે જરી.

એક સમયમાં પંચમભાવ શક્તિનો પિંડ પરમાત્મા અનંત-અનંત ચતુષ્ટયથી ભરેલો અને અનંતા સ્વભાવ શક્તિનો પિંડ એવો પંચમભાવ એની પરિણતિ, એની પર્યાય, એની અવસ્થા, એનો વિશેષભાવ તે પંચમભાવ. '**(-તેની સાથે તન્મયપણે રહેલી જે પૂજ્ય એવી પારિણામિકભાવની પરિણતિ) તે જ કારણશુદ્ધપર્યાય છે,...**' '**તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.**' એ વાત આપણે ત્રીજી ગાથા ચાલતા કહેવાઈ ગઈ છે. બે હજારની સાલમાં પણ એ વાત ઘણી વિસ્તારથી કહેવાઈ ગઈ છે. શું? કે આ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ ચાર પદાર્થો છે એ એકલા પારિણામિકભાવે છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એના દ્રવ્ય, ગુણો અને પર્યાય ત્રણે એકલા પારિણામિકભાવે છે. એ ધર્માસ્તિ આદિની જે પર્યાય ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય સમયે-સમયે થાય ચારેય દ્રવ્યનો એ એકરૂપ પારણામિકભાવ ત્રિકાળ છે. પારિણામિકભાવની પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ પ્રગટ. ચાર દ્રવ્યમાં એકરૂપ પ્રગટ ઉત્પાદ-વ્યયની પર્યાય સદૃશ્ય, ઓલા ગુણરૂપે સદૃશ્ય નહિ, પ્રગટરૂપે ઉત્પાદ-વ્યય પૂર્વની અવસ્થાનો અભાવ, નવી અવસ્થાનો ઉત્પાદ એમ અનાદિ-અનંત ચાર દ્રવ્યમાં પારિણામિકભાવની પર્યાય એકરૂપ છે.

એવી પર્યાય આત્મામાં સંસારપર્યાય લ્યો તો વિકારપર્યાય છે. તેમાં પણ વિભિન્ન અને ઘણાં ભંગ પડે છે. નિગોદની પર્યાય, એકેન્દ્રિયની, બે ઇન્દ્રિયની, ત્રણ ઇન્દ્રિયની, ચૌઇન્દ્રિયની વગેરે. સંસારપર્યાયમાં પણ અનેક પ્રકાર ઉત્પાદ-વ્યયના વિભિન્ન અને અનેક પ્રકાર પર્યાય પડે છે. મોક્ષમાર્ગની પર્યાયમાં પણ અનેક પ્રકાર પર્યાયમાં ભિન્ન પડે છે. જે સંસાર અનાદિ શાંત એવી પર્યાયની પણ અનેકતા છે. જે મોક્ષમાર્ગ સાદિસાંત શરૂઆત થઈને અંત આવે એની પણ વિવિધતા છે. એમ ક્ષયોપશમની, ક્ષાયિકની વગેરે. અને મોક્ષપર્યાય જે સાદિઅનંત છે એ પણ એકરૂપ છે, પણ એનો અનાદિ-અનંતમાં ઘણા ભંગ પડી ગયા. એકરૂપ એનો પારિણામિકપર્યાય, જેવો ચાર દ્રવ્યને પ્રગટ ઉત્પાદ-વ્યયરૂપે છે એવો આત્મામાં ઉત્પાદ-વ્યયરૂપે સરખી પર્યાય એકરૂપે અખંડ સળંગધારા ન રહી. સમજાય છે કાંઈ? ..ભાઈ! સમજાય છે કે નહિ?

એટલે બીજા ચાર અજીવદ્રવ્યમાં એ પર્યાય પારિણામિકની એકરૂપ અનાદિ-અનંત ઉત્પાદ-

વ્યયરૂપે (છે), એના જાણનારની એવી પર્યાય એકરૂપે અખંડ પ્રગટમાં નથી. સમજાય છે? પ્રગટમાં નથી, પ્રગટમાં તો વિષમતા છે. સંસાર મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત, પ્રમાદ, કષાય, યોગના બંધન એમાં પણ મિથ્યાત્વના અસંખ્ય ભંગ, વ્રતના પણ ભંગ, પ્રમાદ-કષાયના ભંગ, એમાં પણ પછી મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એમાં સમ્યગ્દર્શન કોઈને, પછી ચારિત્ર વિશેષ થાય, એના પણ પ્રકાર અને કેવળજ્ઞાન સાદિ-અનંત. તો અનાદિ-અનંત એકરૂપ પર્યાય ચારમાં છે એવી આત્મામાં ન રહી પ્રગટમાં. અને પ્રગટમાં જો એકરૂપ હોય તો આ સંસાર, બંધ, મોક્ષમાર્ગ અને મોક્ષ હોઈ શકે નહિ. અને જો એ એકરૂપ એમાં પર્યાય ન હોય તો પરમપારિણામિકભાવ સામાન્ય અને વિશેષનો સદૃશ્ય જે ત્રિકાળ જોઈએ એ નિશ્ચયનયનો વિષય પૂરો થાતો નથી. સમજાય છે કાંઈ?

સામાન્ય એકરૂપ સ્વભાવ છે એવો વિશેષ પણ ભેદરૂપ પર્યાય, એકરૂપ પરમપારિણામિકની પરિણતિ ન હોય તો નિશ્ચયનયનો જે સામાન્ય-વિશેષ એકરૂપ પરમપારિણામિકભાવ એ ખંડ અને અધૂરો રહી જાય છે. એથી એક એક જીવદ્રવ્યનો એવો અનાદિ-અનંત સ્વભાવ છે કે સામાન્ય દ્રવ્ય-ગુણની સાથે ધ્રુવરૂપ સદૃશ્ય પારિણામિકભાવરૂપ પરિણતિ અનાદિ-અનંત એકરૂપે સદૃશ્ય રહે છે. સમજાય છે કાંઈ? તમે ત્રીજી ગાથામાં તો હતા. તે દિ' આ વાત આવી હતી થોડી. કહો, સમજાણું કાંઈ? સમજાય છે? ઝીણી બહુ વાત, ભાઈ!

'**પંચમભાવપરિણતિ**...' જે કારણપર્યાય વિશેષ, દળ વિશેષ. દરિયાનો દૃષ્ટાંત આપ્યો હતો, તે દિ' ૨૦૦૦ની સાલમાં પણ આપ્યો હતો. ત્રીજી ગાથા ચાલી ત્યારે આપ્યો હતો. એનો નકશો પણ (બતાવ્યો હતો). કહે છે, ભગવાન આત્મા... જેમ એક સમયમાં દરિયો સમુદ્ર પાણીના દળથી ભરેલો અને અનેક-અનેક શક્તિઓથી ભરેલો એ દરિયો સામાન્ય છે, એના ઉપર સપાટી પણ એક જાતનો સપાટીનો અંશ કાયમ વર્તે છે. સપાટીનો અંશ આમ માથે. સપાટી સમજાય છે? સપાટીને શું કહે છે? નહિ... નહિ.. નહિ... સપાટી. લહેર નીચેની સપાટી. સપાટી નથી કહેતા. સામાન્ય પાણી હોય દળરૂપ એના ઉપરનો અંશ એકરૂપ પછી એમાં લહેર ઉઠે છે. .. સરખું માથે. માથે પાણીનું સરખું. એક સરખું. અમારી .. સાદી ભાષામાં સમજાય તો. સમજાય છે? સીધો એક અંશ, એક અંશ આમ સીધો સામાન્ય જળથી ભરેલો દરિયો એનો એક અંશ સીધો.

એમ આત્મા જ્ઞાનાદિ અનંતગુણનો દરિયો ભરેલો છે અનંતગુણનો પિંડ એમાં એક સમયમાં સીધી સપાટી અનાદિ-અનંદ ધ્રુવપર્યાય પડેલી છે. ઓહો..હો..! સમજાય છે કાંઈ? અને એના ઉપર આ ચાર બોલો—આ ઉદય, ઉપશમ, ક્ષાયિક અને ક્ષયોપશમ. ઉદય છે એ પુણ્ય-પાપના વિકારનો હીલોળો છે હીલોળ. હીલોળ એટલે તરંગ. પુણ્ય-પાપના ઉપર તરંગ છે. ક્ષયોપશમ પણ એ જાતના કાંઈક શુદ્ધિના ને કાંઈક અશુદ્ધિના તરંગ છે, ઉપશમ પણ કાંઈક શુદ્ધિના તરંગ, ક્ષાયિક પૂર્ણ શુદ્ધિનો તરંગ ઉપર છે. સપાટી આમ એકરૂપ ત્રિકાળ છે, એના ચાર

ઉપરના તરંગો છે—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. અને નીચે સપાટી, એની નીચે આખું સામાન્ય દળ. સમજાય છે કાંઈ? બહુ ઝીણું, ભાઈ! ડોક્ટર આવ્યા હતા. બધા આવી ગયા. કહો, સમજાય છે કાંઈ?

એક સમય સેકન્ડના અસંખ્ય ભાગમાં.. જુઓ, આ વિજ્ઞાનનું વિજ્ઞાન. આ કેવળજ્ઞાનીનું વિજ્ઞાન. વિજ્ઞાનનું વિજ્ઞાન એટલે ઓલું ... એમ નથી કહેતા. વિજ્ઞાનનું આ વિજ્ઞાન એ શું છે એને જણાવવાનું આ જ્ઞાન. સમજાય છે કાંઈ? એક સમયમાં ભગવાન દ્રવ્ય, ગુણ અને સાથે શુદ્ધ પરિણતિ પારિણામિકભાવની જે ધ્રુવરૂપ જે ઉત્પાદ-વ્યયની અપેક્ષા વિનાની, જેને ચૌદમી ગાથામાં છેલ્લા શબ્દોમાં નિરપેક્ષ કહી, એ નિરપેક્ષ પર્યાયના બે ભેદ માયલો એક ભેદ. નિરપેક્ષ પર્યાયના, સ્વભાવપર્યાયના, બે શુદ્ધપર્યાયના, બે ભેદ માયલો આ એક ભેદ. આ અનાદિ-અનંત નિશ્ચયનયનો વિષય છે. સમજાય છે કાંઈ?

એ '**સ્વરૂપ તેની સાથેની જે પૂજિત પંચમભાવપરિણતિ...**' કોઈને એમ લાગે કે આ ગ્રંથકારે, ટીકાકારે ઘરનું નાખ્યું છે, ક્યાંય બીજે નથી માટે. એમ નથી. આ ગ્રંથ નિયમસાર છે. નિયમ એટલે મોક્ષમાર્ગની પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય. નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ પર્યાયનો ગ્રંથ છે. પર્યાયનો વિષય ભલે દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન પર્યાય છે, અવસ્થા છે, સમ્યગ્જ્ઞાન પર્યાય છે, અવસ્થા છે, સમ્યક્ચારિત્ર પણ ધર્મ પર્યાય છે અને અવસ્થા છે. શું મૂલચંદજી! શું આવ્યું? ત્રણ આવ્યા કે નહિ? ત્રણ ધર્મ આવ્યા કે નહિ? કહો, સમજાય છે કાંઈ? એ ત્રણ પર્યાય છે. એ પર્યાયનો આશ્રય દ્રવ્ય છે, પણ ત્રણ પર્યાય છે. એ પર્યાયની વ્યાખ્યાન છે, માટે પર્યાયની સ્પષ્ટતા આમાં આવી ગઈ છે. એમાં આખી પર્યાયની વ્યાખ્યા જુઓ, આલોચના, પ્રતિક્રમણ, પચ્ચખાણ, છ આવશ્યકો. સમજાય છે? સમાધિ, ભક્તિ વગેરે પર્યાયો નિર્મળ નિર્વિકલ્પ કેવી છે તેનું આખું વર્ણન બાર અધિકારમાં છે. એટલે આ પર્યાયનો અધિકાર જે અંદરમાં ગુપ્તપણે હતો એ અમને મુનિઓ, ગુરુ તરફથી મળેલો એમણે આ નિયમસારમાં ટીકા દ્વારા સ્પષ્ટ કર્યો છે. આ પર્યાયનો અધિકાર છેને. ધર્મ એ શું છે? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ પર્યાય છે, અવસ્થા છે. નવી પ્રગટ થાય છે. કાંઈ અનાદિની હોતી નથી એ પર્યાય. એ પર્યાય નવી પ્રગટ થાય માટે પર્યાય અધિકારમાં ઘણાં પર્યાયના વર્ણન એટલા બધા મૂક્યા છે. અહીંયાં આ મૂક્યું, આગળ પણ સમકિતી જીવની પર્યાય પામવાને સમકિતી જીવની પર્યાય નિમિત્ત, એને ભગવાનની વાણીનું નિમિત્ત એવા અધિકાર બધા પર્યાયની સ્પષ્ટતાના આ નિયમસારમાં આવી ગયા છે. માટે એમાં કોઈએ શંકા કરવા જેવું નથી કે આ શું?

પંચમભાવની પરિણતિ એ બીજા ક્યાંય શાસ્ત્રમાં વિશેષ સ્પષ્ટ નહિ. 'નથી' એમ નથી કહેતો હોં. સ્પષ્ટ નથી. સમજાય છે? અને આ ઠેકાણે ગ્રંથકાર, ટીકાકાર પદ્મપ્રભમલધારી મુનિએ નાખી તો કાંઈ એમના ઘરની કહેલી છે એ વાત એમ છે નહિ. કેટલાક એમ કહે છે કે

આ .. એ તો એમણે પોતે ઘરનું નાખ્યું છે. ઘરનું સાચું, આત્માના ઘરનું. ઘરનો અર્થ કલ્પના કરેલી છે એમ છે નહિ. એ પરમપારિણામિકભાવ. પ્રવિણભાઈ! ત્રિકાળ એકરૂપ છે. ઉત્સાહ આવે છે કે નહિ આમાં? સમજાણું કે નહિ?

એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જે ભગવાન એક સમયમાં પરમસ્વભાવ, જ્ઞાયકભાવ, આનંદકંદ, આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... પરમ વીતરાગ આનંદનો .. એ આનંદની સાથે .. શુદ્ધ પર્યાય, એ શુદ્ધ ચારિત્રની સાથેની શુદ્ધ પર્યાય. પહેલામાં ઉપયોગની જ્ઞાન, દર્શનની પર્યાયનું વર્ણન કર્યું. સ્વભાવિકકારણસ્વભાવ તે જ્ઞાનોપયોગ, કારણસ્વભાવ દર્શનોપયોગ, સ્વરૂપશ્રદ્ધાનમાત્ર કારણદષ્ટિ એમ પર્યાયની વ્યાખ્યા ચૈતન્યગુણને કારણે કહી. અહીં સામાન્ય પર્યાયની વ્યાખ્યા .. ન લેવી.

એકરૂપ પ્રગટ અનંતગુણનો પિંડ છે એનો .. શ્રદ્ધા ગુણનો ધ્રુવ અંશ.. ધ્રુવ અંશ... ધ્રુવ અંશ... અનાદિ-અનંત છે. સમજાય છે કાંઈ? એટલે કહે છે કે કોઈને કહ્યું હતું કે જુઓ આમાં .. પાઠમાં તો કાંઈ છે નહિ. એક પંડિત કહે જુઓ, પાઠમાં તો કર્મોપાધિ વિવર્જિત પર્યાય છે. એમાં પાઠમાં તો કાંઈ નથી. પાઠમાં નથી તો શું નવું કાઢ્યું છે? કર્મોપાધિ વિવર્જિત એ પર્યાયના બે ભેદ. .. એમાં પહેલો ભેદ આ કારણસ્વભાવ ધ્રુવને લેવામાં આવે છે કે જે આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણસ્વભાવભાવ, સ્વભાવભાવ, અનંતચતુષ્ટય પિંડ એની સાથે વિશેષભાવ, ભેદરૂપભાવ, અંશરૂપ, આ પણ .. અનાદિ-અનંત. અનાદિ-અનંત. એવી પંચભાવની પરિણતિ. કેમ? કે વિશેષ પ્રગટ કરવું છે, વિશેષ પર્યાયમાં પ્રગટ કરવું છેને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કે કેવળજ્ઞાન. તો એ વિશેષ ને અંશમાં બેયમાં .. હોય. સામાન્ય હોય તો એકલા સામાન્ય .. એકરૂપ નથી. પણ તે તે કાળે વિશેષ... વિશેષ... વિશેષ... વિશેષનું કારણ વિશેષ. મુખ્ય વિશેષ. મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિશેષ છે, પર્યાય છે. કેવળજ્ઞાન એ મોક્ષમાર્ગનું ફળ એ વિશેષ, એ વિશેષને પ્રગટ થવામાં શુદ્ધ કારણપર્યાય .. વિશેષ સાથે વિશેષ એવો અનાદિ-અનંત એક કારણશુદ્ધપર્યાયરૂપ ધ્રુવપર્યાય એમાં પડેલો છે. આ ન માને તેને વસ્તુ ખબર છે નહિ, એને આત્મા કેવો છે દ્રવ્ય-ગુણ-પર્યાયે એનો વિશેષ કેમ પ્રગટે વિશેષના જોરમાં (એની ખબર નથી)! સમજાય છે કાંઈ? કારણ કે મોઢા આગળ વિશેષ છે, ભાઈ! શું કીધું? .. ભાઈ!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપર આમ સપાટી. સામાન્ય સ્વભાવ અનંતગુણથી ભરેલા છે એને ઉપરની સપાટીમાં વિશેષ અંશ ધ્રુવ છે. એમાં અંદરથી કારણપર્યાય, કારણપર્યાયને અવલંબે કાર્યપર્યાય પ્રગટે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ આનંદ આદિ પરમાનંદ પર્યાય અને મોક્ષમાર્ગની પર્યાય પણ એને જ અવલંબે પ્રગટે છે. અને પૂર્ણ થાય છે તો એનું, અને પૂર્ણ થયા પછી પણ સમય સમયનો કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત ચારિત્ર, અનંત વીર્ય

એ બધો સમય સમયનો પાછો નવો નવો થાય છે. સિદ્ધમાં પણ નવો નવો કાર્ય થાય છે. પર્યાય કાર્ય છે, સિદ્ધ પણ કાર્ય છે. નવો નવો કાર્ય અને કારણ પણ ત્યાં જો ન હોય વિશેષ ધ્રુવ કોઈ કાર્ય હોઈ શકે નહિ. એટલે સિદ્ધમાં પણ સાદિ-અનંત જે કાર્ય પર્યાય ઉત્પન્ન થયા કરે છે એનું કારણ અનાદિનું પડ્યું છે. ..ભાઈ! આ સમજાય છે કાંઈ? ભારે વિષય, ભાઈ!

દ્રવ્યાનુયોગ એમાં પણ વ્યવહારરત્નત્રયરહિત ચૈતન્યનો નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન, રમણતા મોક્ષમાર્ગ, એની પણ કારણ દ્રવ્યગુણ, પર્યાયનું કારણ આ શુદ્ધપર્યાય. વિશેષરૂપ એવો અનાદિ-અનંત પંચમભાવની પરિણતિ, પંચમભાવની અવસ્થા, પંચમભાવની એક ધ્રુવદશા અને પંચમભાવનો એ અંશરૂપ ભેદરૂપ પર્યાય, પણ એ ત્રિકાળ નિશ્ચયનયનો વિષય ત્રિકાળ છે. એ પર્યાયનયનો વિષય (નથી). આ પારિણામિકભાવની પર્યાય એ પર્યાય વ્યવહારનયનો વિષય નથી. સમજાય છે કાંઈ? એ તો ત્રિકાળ સ્વરૂપનો વિષય છે. એવો તે જ કારણશુદ્ધપર્યાય છે એવો એનો અર્થ છે. આ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણનું અભેદ પ્રતીત, જ્ઞાનમાં અને રમણતામાં લેવો એ જ મોક્ષનો માર્ગ છે. બાકી બધું સમજવા જેવું છે. કહો, સમજાય છે કાંઈ? સમજવા જેવું છે. વ્યવહારથી વિકલ્પ આવે, નિમિત્ત હોય એને જાણવું છે એ તો વ્યવહાર કારણ આ. નિશ્ચયથી નિર્દોષ આત્મા.

બીજી વાત કે આ નિરપેક્ષ પર્યાય અને પછી કહેશે ભાઈ કેવળજ્ઞાનાદિ પણ નિરપેક્ષ પર્યાય. પહેલી કીધી સાપેક્ષ તેરમી ગાથામાં. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક જે ચાર પ્રગટ પર્યાયો છે એને સાપેક્ષ કીધી હતી અને તે વિભાવભાવ કહ્યો હતો. અહીંયાં એ કહે છે કે બેને હવે નિરપેક્ષ કહું. ચૌદમી ગાથાનો છેલ્લો શબ્દ નિરપેક્ષ છે. નિરપેક્ષની આ વ્યાખ્યા છે. હવે નિરપેક્ષમાં પણ પ્રકાર જ્યાં જ્યાં જેમ છે તેમ તેને સમજવા જોઈએ. સમજાય છે કાંઈ? એક કર્મની પર્યાય કર્મમાં થાય કર્મવર્ગણામાં એ પણ પર્યાય એક નિરપેક્ષ છે, એમાં દ્રવ્ય-ગુણમાં નથી. પરમાણુમાં દ્રવ્ય-ગુણમાં નથી છતાં કર્મરૂપ પર્યાય પણ એવો જ કોઈ વસ્તુનો સ્વભાવ છે. એ કર્મરૂપ દશા થવી એ પણ એક કર્મની નિરપેક્ષ પર્યાય છે. સ્વતંત્ર સ્વયં સિદ્ધની અપેક્ષાએ, દ્રવ્ય-ગુણમાં નથી એ અપેક્ષાએ. આત્મામાં થતાં પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, શુભ અને અશુભ વિકલ્પો એ સ્વયંસિદ્ધની અપેક્ષાએ નિરપેક્ષ છે. શું કહ્યું સમજાણું કાંઈ? નિરપેક્ષ છે. પારિણામિકભાવની એ ખરેખર એ પણ એક વિકારી પ્રગટ પર્યાય છે. ઉદયભાવ એ પણ પારિણામિકભાવની પ્રગટ પર્યાય છે. આ અપ્રગટની વાત છે અને કેવળજ્ઞાન પ્રગટ શુદ્ધની વાત છે. પણ નિમિત્તની અપેક્ષાએ તેને રાગ-દ્વેષને ઉદયભાવ કહ્યો છે. એને સ્વયં નિશ્ચયની અપેક્ષાએ તે પર્યાય નિરપેક્ષ અને પારિણામિકભાવની પર્યાય પ્રગટ વિકારને, સંસારને કહેવામાં આવે છે. સંસાર .. કહો, સમજાણું કાંઈ? શું કહ્યું સમજાણું?

પારિણામિક એ પર્યાય. અહીં તો નિરપેક્ષપણું ચાલે છે. અને આત્મામાં મોક્ષનો માર્ગ નિશ્ચય થવો, નિશ્ચયમોક્ષમાર્ગ આત્માના શુદ્ધકારણપર્યાય અને કારણપરમાત્માને અવલંબે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ નિરપેક્ષ મોક્ષમાર્ગ છે. એ તો આપણે ભાઈ પહેલું આવી ગયું. આમાં આવી ગયું. નિરપેક્ષ મોક્ષમાર્ગ છે. અને .. એ અપેક્ષા નિરપેક્ષ, કર્મની પર્યાય પણ એક અપેક્ષાએ નિરપેક્ષ અને આ કેમ નિરપેક્ષ એ અપેક્ષા છે. .. સર્વની અપેક્ષા પર્યાયની અપેક્ષા દ્રવ્ય-ગુણમાં નથી અને સ્વયંસિદ્ધ એનો સ્વભાવ છે. રાગથી થતો હોય તો બધામાં થવો જોઈએ, પણ તે પરમાણુ તે કાળે કર્મરૂપ પર્યાય થવાની પોતાની સ્વયંસિદ્ધતા છે માટે કર્મરૂપ પર્યાય થાય છે. એમ એના નિમિત્તને આકારે પોતામાં પુણ્ય-પાપનો વિકાર થવો એ પણ પોતાનો સ્વયંસિદ્ધ પર્યાયની અપેક્ષાએ નિરપેક્ષ છે અને મોક્ષમાર્ગ પણ વ્યવહાર અને નિમિત્તની અપેક્ષા રાખતું નથી, માટે નિશ્ચયમોક્ષમાર્ગ પણ નિરપેક્ષ છે. ઓહો..હો..! પછી કેવળજ્ઞાન કારણરૂપ પરિણતિ કર્મની ઉપસ્થિતિ વર્તમાન નથી. માટે આ નિરપેક્ષ એટલે ત્રિકાળ શુદ્ધ પર્યાય માટે નિરપેક્ષ. ઓહો..હો..! નિરપેક્ષના કેટલા અર્થ! સમજાય છે કાંઈ? સમજાય છે? જરી ઝીણી વાત છે, ભાઈ! એ વસ્તુ અંતરમાં એના ખ્યાલમાં આવ્યા વિના એ કઈ અપેક્ષાએ કહ્યું એ સમજમાં આવે નહિ. કહો, સમજાણું કાંઈ?

આ કારણશુદ્ધપર્યાય તદ્દન નિરપેક્ષ. હવે એને સિદ્ધ કરવા માટે તે દિ' વાત કરી હતી વિશેષ. આ જગતમાં એક સંસાર પર્યાય સામાન્યપણે અનાદિ-અનંત છે. સંસારપર્યાય કોઈ દિ' જીવમાં નહિ એવા બધા મોક્ષ થશે એવું થશે? અનાદિ-અનંત સંસાર. એક જીવની વાત નથી. સામાન્ય જીવો લઈએ તો સંસાર પર્યાય અનાદિ-અનંત છે. એક વાત. એ એમાંથી કોઈ વ્યક્તિ પોતાનું ભાન કરીને મોક્ષનો માર્ગ પ્રગટ કરે એ અપેક્ષાએ એને અનાદિ-સાંત સંસાર કહ્યો, પણ સંસારમાં દુનિયામાંથી અનાદિ-અનંત સંસારપર્યાય કોઈ દિ' ચાલી જાય એમ બનવાનું નથી. બીજી વાત. મોક્ષ સિદ્ધગતિની પર્યાય પણ અનાદિ-અનંત. કે કોઈ દિ' મોક્ષ જગતમાં નહોતો અને સિદ્ધગતિ નહોતી એમ પણ નથી. કે ભાઈ! પહેલાં સંસાર હતો અને સિદ્ધ તો પરમાત્મા તો કોઈ દિ' મોક્ષરૂપે નહોતા. એમ નથી. સિદ્ધગતિ પણ અનાદિ-અનંત. સમજાય છે કાંઈ? સામાન્યપણે સિદ્ધગતિ અનાદિ-અનંત અને વ્યક્તિગત, પોતે સ્વરૂપનું સાધન કરીને નવું પ્રગટ કરે એને માટે સિદ્ધગતિ સાદિ-અનંત.

સંસાર અને મોક્ષપર્યાય અનાદિ-અનંત છે બેય, એમ કેવળજ્ઞાનનો ઉપયોગ પણ અનાદિ-અનંત છે જગતમાં. છે કે નહિ? કે પહેલું કેવળજ્ઞાન નહોતું દુનિયામાં કોઈ દિ'? કેવળજ્ઞાનોપયોગ, કેવળદર્શનોપયોગ, શુદ્ધકારણ. સમજાય છે? અથવા શુદ્ધકાર્યદૃષ્ટિ પરમ અવગાઢ સમકિત, પરમ યથાખ્યાત ચારિત્ર એવો જગતમાં કોઈ દિ' નહોતું એમ છે નહિ. અનાદિ-અનંત. પહેલાં અનાદિ-અનંત જગતમાં છે. એમ એકકોર સંસારપર્યાય, એકકોર મોક્ષ પર્યાય, એકકોર કેવળજ્ઞાનાદિ ઉપયોગ પર્યાય પ્રગટ. આ પ્રગટ વાત ચાલી. ઓલી સંસાર પર્યાય પ્રગટ, મોક્ષપર્યાય પ્રગટ,

કેવળજ્ઞાન ઉપયોગરૂપ પ્રગટ, એમ આત્મામાં અનાદિ-અનંત અપ્રગટરૂપ એ પર્યાય. સમજાય છે કાંઈ? કે જેને કારણ છે એની ખબર નથી, છતાં કારણરૂપ પર્યાય અનાદિ-અનંત છે. ધ્યાન રાખજો.

જેમ સંસાર અનાદિ-અનંત છે, પણ વ્યક્તિગતને ભાન થતા પછી એને અનાદિ-સાંત સંસાર થઈ જાય. મોક્ષ અનાદિ-અનંત છે, પણ વ્યક્તિગત જ્યારે કરે ત્યારે એને મોક્ષની ગતિ સાદી-અનંત થઈ. એમ આત્મામાં ત્રિકાળ દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે એવો એક શુદ્ધ કારણ પર્યાય અનાદિ-અનંત કારણ છે. પણ જેને ખબર પડે ત્યારે અરે! આ કારણ છે અનાદિ-અનંત. એના ખ્યાલમાં સાદિ-અનંત આવી જાય છે. શું કહ્યું ભાઈ? સમજાય છે? શું કહ્યું સમજાણું? શું કહ્યું? જેમ ઓલા બે બોલ લીધા સંસાર અને સિદ્ધ. એમાં પાછા બે લીધા સાદી. એક અનાદિ-સાંત સંસાર અને એક સિદ્ધ સાદી-અનંત. એમ આત્મામાં શુદ્ધકારણપર્યાય અનાદિ-અનંત છે. અનાદિ-અનંત અભવિને, ભવિને, નિગોદને, સિદ્ધને બધાને. અનાદિથી અનાદિ-અનંત છે, પણ જ્યારે કારણને કારણ બનાવે છે શ્રદ્ધામાં, જ્ઞાનમાં. ત્યારે એનો ખ્યાલ આવે એટલે સાદિ-અનંત, વસ્તુ અનાદિ-અનંત. સમજાય છે?

એક વ્યક્તિને અનાદિ-અનંત ખ્યાલ આવે એમ નહિ. એક વ્યક્તિને અનાદિ-અનંત ખ્યાલ આવે એમ નહિ. શું કહ્યું સમજાણુ? સમુચ્ચય અનાદિ-અનંત કારણપર્યાય પડી છે અને એનો ખ્યાલ કરનારા પણ સામાન્ય અનાદિ-અનંત છે. સમજાણું કાંઈ? બહુ ઝીણો વિષય, ભાઈ! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમપારિણામિકભાવ એની સાથેની પંચમભાવની પરિણતિ અનાદિ-અનંત જગતમાં અને એના ખ્યાલ કરનારા પણ અનાદિ-અનંત. એના ખ્યાલ કરનારા પણ સામાન્યપણે, સામાન્યપણે તો અનાદિ-અનંત છે. નાના જીવને થઈ શકે. સમજાય છે કાંઈ? પણ દરેકમાં અનાદિ-અનંત કારણપર્યાય પારિણામિકભાવની પરિણતિ હોવા છતાં એક વ્યક્તિગત કહો તો એના ખ્યાલ કરનારા સાદિ-અનંત હોય છે. એની કારણપર્યાય અનાદિ-અનંત, પણ એના ખ્યાલમાં આવે કે અહો..! આ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રિકાળ શુદ્ધ છે. એવી પ્રતીતિ આદિનો ખ્યાલ આવ્યો, ત્યારે ખ્યાલમાં કારણ પર્યાય આવી એને ખ્યાલમાં સાદિ અનંત, પણ વસ્તુ તરીકે અનાદિ-અનંત. કહો, સમજાય છે કાંઈ?

જુઓ, આ રીતે પંચમભાવ, સ્વભાવભાવ ભગવાન આત્મા અનંતગુણના આનંદનો કંદ. લીંડીપીપરમાં ચોસઠ પહોરી જેમ તિખાશ, સોળ આના તિખાશ, પૂરી તિખાશ, આખી તિખાશ ભરેલી છે તો પ્રગટ થાય છે, એમ આત્મા.. ભગવાન આત્મામાં સોળ આના, પૂર્ણ, આખો રૂપિયો, ઓલો ચોસઠ રૂપિયો, આખો રૂપિયો એટલે પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ ચારિત્ર એની સાથે પૂર્ણ સદશ્ય કારણરૂપપર્યાય. સમજાય છે કાંઈ? શક્તિરૂપ જેમ લીંડીપીપરમાં પડી પણ છતાં એના વિશેષરૂપ પ્રગટ થાય છે ત્યાં એનો વિશેષ અંશ. વિશેષ કઈ રીતે કહેવા માગો છો? ભાઈ! કે વેળુ છે. ધ્યાન રાખજો. વેળુ-વેળુ. આ વેળુ સમજો છો? રેતી.

તો રેતીમાં અંતર શક્તિ છે ચિકાશની, પણ બાહ્ય પ્રગટ આવિર્ભાવ પામવાની લાયકાતની સપાટીનો પર્યાય રેતીમાં નથી અત્યારે. ચિકાશમાં ભાઈ! શું કહું છું સમજાય છે આમાં? એય..! હિંમતભાઈ! પણ લીંડીપીપરમાં તિખાશ પડી છે, પણ એનામાં બાહ્ય વ્યક્ત થવાની લાયકાત પણ ત્યાં નજીકમાં પડી છે. પરમાણુમાં તિખાશ પડી છે. તિખાશ રસગુણ, રસગુણ જે પડ્યો છે. એય..! હિંમતભાઈ! આ નવું આવ્યું છે વળી... પછી આવતા-આવતા આવે એ ખરું. ન્યાં કાંઈ (ગોખેલું નથી). રસગુણ જે પરમાણુ કાંકરામાં પડ્યો છે, પણ એની ચિકાશની વ્યક્તની વર્તમાન સપાટીની નજીકતા એનામાં નથી. નજીકતા નથી. સમજાય છે કાંઈ? નારણભાઈ! એમ લીંડીપીપરમાં જે તિખાશ અંદર પડી પણ પ્રગટ થવાની લાયકાત, રસ-ગુણ તો બધા પરમાણુમાં છે, પણ તિખાશની વર્તમાન વિશેષપણાની તાકાત એ લીંડીપીપરમાં છે કે તેથી વિશેષપણે ચોસઠ ગુણ પ્રગટ થવાની એમાં યોગ્યતાથી પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? નહિતર પરમાણુમાં તો રસગુણની અપેક્ષાએ બધામાં તિખાશ છે, તો કાંઈ કાંકરાને પીસે છે? એની નજીકમાં નથી, એના સમીપમાં તિખાશ પ્રગટ થાય તેવી લાયકાત નથી. લીંડીપીપરમાં નજીકમાં તિખાશ પ્રગટે તેવી લાયકાત છે. ભાઈ! બરાબર છેને? એમ ભગવાન આત્મા સામાન્યપણે તો ત્રિકાળ ધ્રુવરૂપ છે, એની વિશેષ પર્યાય ત્રિકાળ નજીકમાં કાર્યપર્યાય પ્રગટે એવું સાધન અંદર પડ્યું છે. એવા આત્મામાં ભેદ નથી. ઓલા જડમાં ભેદ છે, ભાઈ! એકમાં નજીકપણે છે અને એકમાં દૂર એવા ભેદ છે. આમાં ભેદ નથી. એવો આ આત્મા ભગવાન કે જે અનાદિ-અનંત દ્રવ્ય, ગુણ અને પર્યાયે વિશેષપણે શુદ્ધ છે, એની નજીકતા તો બધા આત્મામાં પડી છે. કોઈમાં નથી એમ છે નહિ. ઓલામાં બે ભેદ પડી ગયા. પુદ્‌ગલ છે એ. પુદ્‌ગલ છે એ. આ ભગવાન આત્મા અખંડ જ્ઞાયક છે. ભાઈ! અખંડ જ્ઞાયક છે. ઓલા પુદ્‌ગલમાં પુરાવું, ગળાવું ભેદ પડીને એકમાં નજીકમાં અને એકમાં દૂર આવી ગયું છે. પણ ભગવાન આત્મા અખંડ ચૈતન્યતત્ત્વ છે. એમાં સામાન્યપણે જેમ શુદ્ધતા છે એમ એનો વિશેષ શુદ્ધતાનો અંશ પણ ધ્રુવ અનાદિ-અનંત છે. એમાં કોઈને નજીક અને દૂર એમ છે નહિ. એ પોતે પ્રગટ કરવાને નજીકદૂર થાય એ તો પર્યાય, બાહ્ય પર્યાયની વાત થઈ, પણ એની નજીકતા વિશેષમાં ન હોય અને ફરીને કોઈને અમુકને નજીક થવાનો કાળ આવે ત્યારે વિશેષ નજીક થાય.. ક્યો નજીક? શુદ્ધકારણરૂપ વિશેષપર્યાય. એમ આત્મામાં હોઈ શકે નહિ. કહો, સમજાય છે કાંઈ?

એટલે અહીંયાં ભગવાન પદ્મમલધારીદેવ મુનિ, મુનિ પણ ભગવાન છે. પરમેશ્વર છેને. પાંચ પરમેષ્ઠીમાં ભળ્યા છે. નમો લોએ સવ્વ સાહુણં. ગણધરદેવ ત્યાં બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં એ પદ્મમલધારીદેવ જ્યારે ટીકા કરતાં હતા ત્યારે ગણધરદેવ જ્યાં નમો લોએ સવ્વ સાહુણં. એ લોએ સવ્વસાહુણંમાં પદ્મમલધારીદેવ ભળી જતા હતા. પદ્મમલધારીદેવને પણ નમસ્કાર ગણધર કરતાં હતા. નમો લોએ સવ્વસાહુણં. ભગવાન! તું પણ પંચપરમેષ્ઠીમાં મુનિ

પરમેષ્ઠી છો. સમજાય છે? ટીકા કરવા વખતે પણ જ્યારે કોઈ મુનિ ગણધર ત્યાં શાસ્ત્ર રચના કરતાં હોય કે પાંચ નોકારના સ્મરણનો વિકલ્પ ઉઠ્યો હોય તો ભગવાન નમો લોએ સવ્વસાહુણંમાં પરમેષ્ઠી આવી જાય છે. ૧૧મી પડિમાધર શ્રાવક પંચમગુણસ્થાની નિર્મળતાવાળો પરમેષ્ઠીપદમાં આવતો નથી. પંચમગુણસ્થાનની નિર્મળ શુદ્ધિ જે સમ્યગ્દર્શનની શુદ્ધિ, એનાથી પહેલી પડિમાની શુદ્ધિ, બીજીની, ત્રીજીની, અગિયારમી, નિર્મળ આનંદકંદની શુદ્ધિ, પણ અગિયાર પ્રતિમા શુદ્ધિની જે નિર્મળ શુદ્ધિ થઈ, પાંચ પરમેષ્ઠીમાં નહિ ભળે અને જ્યાં ત્રણ કષાયનો નાશ થઈને છઠ્ઠું-સાતમું, છઠ્ઠું ને સાતમું હજારોવાર આવવાની લાયકાત થઈ ગઈ, નમો લોએ સવ્વ સાહુણં. લોકમાં સર્વ સંતો સાધક. સર્વ નામ બીજા પાછા આડાઅવળાની વાત નથી હોં. આ તો આવું સ્વરૂપ સાધે એની વાત છે. વળી કોક કહે બીજા તે આ બધા આવી જાય. આવા સ્વરૂપના સાધનારા એવા સંતોને ગણધરો પણ નમો લોએ સવ્વસાહુણંમાં નમસ્કાર કરે છે. એ અહીં ભગવાન પદ્મમલધારીદેવે ટીકા કરી છે. કહો, સમજાય છે કાંઈ?

**'તે જ કારણશુદ્ધપર્યાય છે,...'** કહો, આ વ્યાખ્યા નિરપેક્ષ પર્યાયના બે ભેદમાંથી એક નિરપેક્ષપર્યાય, કારણશુદ્ધપર્યાય, ત્રિકાળ પર્યાય પંચમભાવની વિશેષરૂપ, ભેદરૂપ, સામાન્યની સાથે વિશેષ અંશ રહેલો, એ વિશેષ વ્યવહારનયનો વિષય નહિ, નિશ્ચયનયનો ત્રિકાળી ધ્રુવ વિષય એને ભગવાન પંચમભાવની પરિણતિ અને તેને કારણશુદ્ધપર્યાય કહે છે અને પૂજિત કહીને ગ્રંથકાર પૂજનિત છે બાપા તું. કારણ કે નજીકમાં તારો આધાર છે. તારે આધારે આ કાર્ય થાય, તારો આધાર છે. એમ કરીને પૂજિતભાવ વર્ણવ્યો છે. કહો, સમજાય છે કાંઈ? આ પંદરમી ગાથાની ઘણા દિ'થી માણસો જિજ્ઞાસુ તરીકે વાટ જોતા હતા એ કારણશુદ્ધપર્યાયની એની આ વ્યાખ્યા એક આવી. હવે કાર્યશુદ્ધપર્યાયની વ્યાખ્યા વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૪૭, પ્રવચન નં. ૪૧૫

... દૃષ્ટિનો ધ્યેય વિષેય એમાં બે ભેદ પડતા નથી કે આ સંસાર અવસ્થા કે આ મોક્ષ અવસ્થા, એ તો પર્યાયનયનો વિષય છે. એકરૂપ આત્મા જેવા સિદ્ધ ભગવાન છે તેવો જ આત્મા અનાદિ છે એ વાત અહીંયાં અન્વયાર્થ અને ટીકામાં બહુ સરસ લે છે.

**'यादृशा'** એટલે **'જેવા...'** **'सिद्धात्मानः'** **'સિદ્ધ આત્માઓ છે તેવા...'** **'भवम्**

**आलीनाः जीवाः**' એટલે '**ભવલીન (સંસારી) જીવો...**' ભવલીન જીવો, ભવની પર્યાયમાં લીન થતા તે જીવો '**(તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) જન્મ-જરા-મરણથી રહિત...**' છે. '**અને આઠ ગુણોથી અલંકૃત...**' નામ શોભિત છે.

'**ટીકા :- શુદ્ધદ્રવ્યાર્થિકનયના અભિપ્રાયે...**' શુદ્ધ દ્રવ્યસ્વભાવ એક જ પ્રકાર શુદ્ધભાવ એમાં વળી સિદ્ધપણું કે સંસારીપણું એવા બે ભેદ ગૌણ કરી નાખીને, સંસારનો પર્યાય વર્તે છે છતાં તેને ગૌણ કરીને, અભૂતાર્થ કરીને, વ્યવહાર કરીને એ નથી અને સિદ્ધની પર્યાય પ્રગટ નથી છતાં શુદ્ધ દ્રવ્યાર્થિકદષ્ટિએ એ બધા આત્મા એક જ્ઞાયકમૂર્તિ શુદ્ધભાવના પિંડ જ છે એમ અહીંયાં વર્ણન કરે છે. '**શુદ્ધદ્રવ્યાર્થિકનયના અભિપ્રાયે...**' શુદ્ધ દ્રવ્યને જે જ્ઞાનનો ભાગ લક્ષમાં લે તેવા જ્ઞાનના અભિપ્રાયે, આશયે '**સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.**' બેયમાં કાંઈ જરીએ તફાવત નથી. કેમકે દષ્ટિના જોરમાં શુદ્ધભાવમાં ભેદ જ પાડતો નથી કે આ સંસાર વ્યય કરીશ અને સિદ્ધપદ ઉત્પન્ન કરીશ, એ બે દ્રવ્યાર્થિકનયના દષ્ટિના શુદ્ધસ્વભાવની દષ્ટિના ધ્યેયમાં એ બે ભેદનો સ્વીકાર નથી. સમજાણું કાંઈ?

એકરૂપ ચિદાનંદ. જુઓ, એ તો જ્ઞાયક કહો, ક્રમબદ્ધ કહો, દ્રવ્યદષ્ટિ કહો, સિદ્ધ જેવો આત્મા કહો, બધું એક પ્રકારનું છે. એ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ શુદ્ધ અનાદિ-અનંત શુદ્ધ નિરાકુળ આનંદકંદ એ દષ્ટિમાં ધ્યેયમાં ધ્રુવતા છે, સ્વભાવ છે. એને મુક્તિ ઉત્પન્ન કરીશ, સંસારનો વ્યય કરીશ, એવું સ્વરૂપમાં નથી. એ તો સિદ્ધ જેવો જ અનાદિ છે. '**સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.**' ઘણો સરસ અધિકાર છે જુઓ, હવે કહે છે પહેલો અધિકાર તો એ લે છે કે સિદ્ધપણું કેમ પ્રાપ્ત કર્યું? સિદ્ધ કેમ પ્રાપ્ત થયા? એ સિદ્ધ જેવો આત્મા છે એમ સિદ્ધ કરવું છેને અહીંયાં? જેવા સિદ્ધ છે એવા સંસારી, એમ સિદ્ધ કરવું ત્યારે હવે સિદ્ધ કેમ પ્રાપ્ત કર્યું? સિદ્ધપણું, પરમાત્મપણું, મુક્તિપણું કેમ પ્રાપ્ત કર્યું? એની વ્યખ્યા કરે છે. '**જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા,...**' આસન્ન-ભવ્ય જોયું! અતિ-આસન્નભવ્ય. અલ્પકાળમાં જેની મુક્તિ થવાની લાયકાત છે એવા ભવ્યો, ભવિજીવ તો છે એમાં કોઈ આસન્ન-ભવ્ય છે. અહીં તો '**અતિ-આસન્ન-ભવ્ય...**' આસન્ન નામ નિકટતા. મોક્ષની પર્યાય જેને નિકટ, અલ્પકાળમાં પ્રગટવાની યોગ્યતાવાળા ભવ્યજીવો છે એવા '**જે કોઈ...**' એમાં પણ ઘણાં ભવ્ય જીવમાં કોઈ '**અતિ-આસન્ન-ભવ્ય જીવો થયા,...**' પાછા એ ભવ્યો થયા. સમજાય છે? સ્વભાવનું ભાન કરીને અતિ-આસન્ન-ભવ્યજીવો થયા. ભવ્ય તો હતા પણ આત્માનું ભાન કરીને, જ્ઞાયક ચિદાનંદ આત્મા છું એનું ભાન કરી અતિ-આસન્ન-ભવ્યજીવો થયા.

'**તેઓ...**' એક તો ભવ્ય લીધા. નિકટ અને અતિ-આસન્ન એટલે અતિ નિકટ. બીજી વાત. '**તેઓ પૂર્વે સંસારાવસ્થામાં...**' મુનિપણું લીધા પહેલાં, મુનિપણું લીધા પહેલાં સંસાર

અવસ્થા એને હતી. પછી એને સિદ્ધપણું બતાવવું છેને? સિદ્ધ થયા અને સિદ્ધ જેવી ઉપમા સંસારીને આપવી છે. કેવા? કે તે અતિ-આસન્ન-ભવ્યજીવો પહેલાં સંસારદશામાં સંસાર અવસ્થા હતી, ભવ્ય જીવને સંસારપર્યાય ઉદયભાવ હતો, રાગ-દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધ, ઉદયભાવ હતો. એ સંસાર-અવસ્થામાં '**સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા...**' શું કહ્યું હવે? પહેલો ઉપાય કહ્યો. એણે ઉપાય શું લીધો? કે સંસાર-અવસ્થા જે આત્માની એક સમયની વિકારી પર્યાય છે કે ઉપાધિભાવ છે કે ભેદભાવ છે, એ સંસાર-અવસ્થામાં સંસારક્લેશથી થાકેલા. એ પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ, દયા ને દાન, શુભ ને અશુભ એ ભાવોથી થાક લાગેલો. સંસારક્લેશથી હોં. કોઈ નરકગતિ અને ઢોરગતિના ક્લેશથી એમ નહિ. આખો સંસારભાવ વિભાવભાવ, ઉદયભાવ, ઉપાધિભાવ, મલિનભાવ, એક સમયનો મલિનભાવ એનાથી (થાકેલા). એ સંસારક્લેશ છે. એ શુભભાવ હો કે અશુભ હો, જે ભાવે સ્વર્ગ મળે કે જે ભાવે નરક મળે એ બધો ભાવ સંસારક્લેશ છે. જુઓ, પહેલી શરૂઆત બતાવી.

સંસારક્લેશ. જેના હૃદયમાં એક પર્યાયમાં વિકારભાવ, મિથ્યાભાવ, રાગ-દ્વેષભાવ, સ્વર્ગના કારણરૂપ ભાવ એ બધો સંસારક્લેશભાવ છે, એમ જાણીને થાકેલા ચિત્તવાળા. જુઓ, આ શરૂઆત કરી. સમ્યગ્દર્શનની શરૂઆત. સમજાણું કાંઈ? સંસાર-અવસ્થામાં એવું અંતર ભાન થયું કે અહો..! આ વિકારભાવ, એક સમયનો સંસારપર્યાય ક્લેશ છે, ક્લેશ છે. એનાથી થાક્યા. વિસામો લેવા, વિસામો લેવા પ્રયત્નવાન થયા. વિસામો કહે છેને? વિશ્રામ. અહીં પાપથી થાક્યા એમ કહ્યું નથી. નરક અને તિર્યંચની ગતિથી થાક્યા એમ કહ્યું નથી. એ સંસારક્લેશ પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ, દયા ને દાન, વ્રત ને ભક્તિ જે અનંતવાર કરતો આવે છે, અનંતવાર કરતો આવે એ પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... પુણ્ય-પાપ... એમાં નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો જે ભાવ દ્વારા એ ભાવને અહીંયાં ક્લેશ કહ્યો છે. મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી જૈન દિગંબર મુનિ અંતિમ ગ્રૈવેયક ગયો તેના જે ભાવ શુક્લલેશ્યા, શુભભાવ, પંચમહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણના અને દેવ, ગુરુ અને શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્ર-સન્મુખના ભણતરનો વિકલ્પ રાગ અને અઠ્યાવીશ મૂળગુણનો રાગ એ ત્રણેને અહીંયાં ક્લેશ કહ્યો છે. સમજાય છે કાંઈ?

'**સંસારાવસ્થામાં...**' અતિ-આસન્ન-ભવ્યજીવો એ સંસારક્લેશથી થાક્યા. અરે! એ શુભ અને અશુભ... શુભ અને અશુભ... અનંતવાર કર્યું. એવા શુભભાવ પણ નવમી ગ્રૈવેયક ગયો ત્યારે અનંતવાર કર્યા. અશુભભાવ પણ અનંતવાર કર્યા. એ બેય ભાવ એને સંસારભાવ કહે છે. એનાથી થાક્યા. જુઓ, સમજાણું કાંઈ? આ પહેલી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની દશાનું વર્ણન છે, પછી મુનિનું વર્ણન કરશે અને મુનિ થયા પછી ક્યા ભાવે સિદ્ધપદ પામશે એ ત્રણનું વર્ણન છે આમાં.

પહેલાં સંસારદશામાં, સંસારક્લેશથી એક સમયનો જે વિકાર અનાદિનો પુણ્ય-પાપ આદિ એવા ક્લેશ દુઃખદાયકભાવ છે, એમાં ક્યાંય અંશે સુખ નથી. એમ થાક્યા-થાક્યા. શું કહે

છે થાક્યાને? થક ગયા, થક ગયા. વિકારભાવથી થાક્યો. સમજ્યા? વિકારભાવથી થાકી ગયા. એટલે વિકારભાવથી થાકેલા જ્ઞાનવાળા, એના જ્ઞાનમાં વિકારનો થાક લાગ્યો. '**થયા થકા...**' આમ ચિત્ત જ્ઞાનસ્વભાવસન્મુખ વળીને, જ્ઞાનાનંદ હું છું ત્યાં વિશ્રામ લીધો. જુઓ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. સંસારક્લેશથી થાક્યા અને સ્વભાવના અક્લેશમાં વિશ્રામ લીધો. એમ લીધું, ભાઈ! શું કહ્યું સમજાણું કાંઈ?

પ્રથમ શું કર્યું અતિ-આસન્ન-ભવ્યજીવોએ? કે સંસારાવસ્થા જે ક્લેશરૂપ પર્યાય છે એ પર્યાયબુદ્ધિથી, ક્લેશબુદ્ધિથી થાક્યા અને એવા થાકેલા જ્ઞાનવાળા. ચિત્ શબ્દે અહીં જ્ઞાન. એ જ્ઞાનમાં પરથી થાક લાગ્યો અને જ્ઞાનમાં વિશ્રામ લીધો. 'હું જ્ઞાયક છું, ચૈતન્ય છું' એમ વિશ્રામ લીધો એને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? એય..! હિંમતભાઈ! આ ચિત્ત એટલે જ્ઞાન લીધું. જુઓ, અસ્તિ-નાસ્તિથી વાત છે.

અહીં સિદ્ધ જેવા સંસારી બતાવવા છે અને સિદ્ધપદ કેમ પામ્યા એ બતાવીને તે સિદ્ધ જેવા બધા સંસારી જીવ છે એમ એની સાથે તુલના કરવી છે. તો સિદ્ધપદ કોણ પામ્યા? કે અતિ-આસન્ન નિકટભવ્યજીવ. કઈ રીતે? કે પૂર્વે સંસારદશામાં સંસારક્લેશથી થાક લાગ્યો. વિભાવ, વ્યવહાર, નિમિત્ત, ઉપાધિ જે કાંઈ દયા, દાન, ભક્તિ, વ્રત, તપના પરિણામ અનાદિથી કરતો આવે છે એ ક્લેશ, ક્લેશ (છે એનો) થાક લાગ્યો. એવા જ્ઞાનવાળા. થાક લાગ્યો એવા જ્ઞાનવાળા. એટલે જ્ઞાનમાં તે થાકનો આશ્રય નથી. જ્ઞાનમાં સ્વભાવનો આશ્રય લીધેલા. ..ચંદભાઈ! સમજાય છે કાંઈ?

આમ બે પડખાં, બે ભાગ. શુદ્ધભાવ અધિકાર છેને. શુદ્ધભાવ ચિદાનંદ ત્રિકાળ ધ્રુવભાવ, શુદ્ધભાવ, નિર્મળભાવ, જ્ઞાયકભાવ એ ભાવમાં અહીંયાં ક્લેશરૂપ એક સમયનો જે પર્યાય, એક સમયનો જે પર્યાય સંસાર એનાથી થાક્યા. આ શુદ્ધભાવમાં વિશ્રામ લીધો એટલે શુદ્ધભાવની દૃષ્ટિ અને જ્ઞાન કર્યું. આ રીતે સમ્યગ્દર્શન અને જ્ઞાનની વ્યાખ્યા કરી. સમજાય છે કાંઈ? લ્યો, આ સમ્યગ્દર્શન.

જે હજી પુણ્ય અને પાપથી લાભ માને એ પુણ્ય-પાપથી થાક્યા નથી, થકવટ નથી થઈ. જે નિમિત્તથી લાભ માને છે એને નિમિત્તથી થાક નથી લાગ્યો હજી એને. નિમિત્ત અનંત ચીજો, પુણ્ય-પાપના પરિણામ, શુક્લલેશ્યા નવમી ગ્રૈવેયકે ગયો એવી શુક્લલેશ્યા. શુક્લલેશ્યા, જેના નવ તત્ત્વની વિકલ્પવાળી શ્રદ્ધા ચોખ્ખી. વિકલ્પવાળી, રાગવાળી, ભેદવાળી શ્રદ્ધા, વ્યવહારશ્રદ્ધા નિશ્ચય વિનાની એકલી વ્યવહારશ્રદ્ધા અને અઠ્યાવીશ મૂળગુણનું પાલન ચોખ્ખું. અચેલ નગ્ન, એકવાર આહાર ઊભા-ઊભા ચોખ્ખો એવો શુભરાગ એ શુક્લલેશ્યા. સમજાય છે? અને શાસ્ત્ર ભગવાન સર્વજ્ઞના કહેલા તે પરદ્રવ્ય સન્મુખનું લક્ષ કરીને રાગ મંદ કરીને શાસ્ત્રનું જ્ઞાન કર્યું. એવા ભાવને અહીં ક્લેશ કહ્યો છે. સંસારભાવ, ક્લેશભાવ એ ક્લેશને પર્યાય વ્યવહારનયનો વર્તમાન વિષય છે. છે ખરો, નહોતો એમ નહિ, પણ થાક્યા. મુખ

ત્યાંથી મોડ્યું, ફેરવ્યું. પર્યાયદૃષ્ટિમાં વિકાર જે છે એની રુચિ, એનું જ્ઞેયપણું જે અનાદિથી કરતો આવે છે એ રુચિ ફેરવી અને જ્ઞાનમાં રુચિ કરી અને જ્ઞાનને જ્ઞેય બનાવ્યું. વર્તમાન જ્ઞાનની પર્યાયે જે ક્લેશ, પુણ્ય-પાપ, વ્યવહાર, નિમિત્ત ને જ્ઞેયની રુચિ કરીને પડ્યું હતું એ ક્લેશથી થાક્યા, ગુલાંટ ખાધી અને ક્લેશથી થાકેલા જ્ઞાનવાળા થયા થકા, જ્ઞાનવાળા થયા થકા. એમ કેમ કહ્યું? કે પુરુષાર્થથી કર્યું છે. જે પુણ્ય અને પાપમાં રોકાણો હતો એ પણ પુરુષાર્થથી, ઊંધા પુરુષાર્થથી અને એનો થાક લાગીને સ્વભાવસન્મુખ થયો એ પણ થાકેલા ચિત્તવાળા થયા થકા એટલે પરિણમન નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાનનું કર્યે થકે. એમ કહ્યું છે. ...ભાઈ! સમજાણું કાંઈ? છોટાભાઈ!

આત્મા એક સમયમાં સંસારક્લેશ, એક સમયમાં શુદ્ધભાવનો પિંડ. બે. એ સંસારક્લેશ પછી ગમે તે રાગ અને ગમે તે ભાવ હો, પણ એ ક્લેશમય છે (એનાથી) થાક્યા. એનો આશ્રય લેવો છોડ્યો, એનું અવલંબન લેવું છોડ્યું, નિમિત્તનો આધાર છોડ્યો અને થાકેલા ચિત્તવાળા એટલે ક્લેશ સંસારથી થાકેલા જ્ઞાનવાળા એટલે તેનો આશ્રય છોડ્યું તેવા જ્ઞાનવાળા અને જ્ઞાને સ્વભાવનો આશ્રય લીધો તેવા જ્ઞાનવાળા. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા થઈ. સમજાય છે કાંઈ? અનાદિ સનાતન સિદ્ધપદને પામવાના ઉપાયરૂપ કારણ શું છે એની પણ સિદ્ધિ કરીને કારણનું ફળ કાર્યસમયસાર કોણ છે એની વાત સાથે કરવા માગે છે. ઓહો..હો..! ટીકા તો જુઓ, પદ્મપ્રભમલધારીદેવ કેવી રીતે કરે છે! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા વિભાવથી થાક્યા એટલે કે ત્યાંથી વિસામો. થાકે એ વિસામો લેને. કોઈ પાંચ, દસ, પંદર ગાઉ ચાલ્યો હોય અને થાક લાગ્યો હોય તો એને બહેનનું કે માસીનું ઘર મળે ગામમાં. અરે બા! માસીબા! થાક લાગ્યો છે હવે. પણ ભાઈ ખાને. ના હમણાં સૂવા દ્યો મને. હમણા તો મને સૂવા દ્યો. એને ગાદી, ગમે તે ગોદડું-બોદડું નાખીને (સૂવે). મને બહુ થાક લાગ્યો છે. સમજાય છે? એકવાર તો જરી કલાક, બે કલાક વિશ્રામ લે, થાક લાગ્યો એ વિશ્રામ લે. એમ અનાદિ-અનંતકાળમાં પુણ્ય અને પાપના અનાદિ પરસન્મુખ રહીને ભાવ કરે છે એમ થાક લાગ્યો હોય. અરેરે! પણ આ તો અનંતવાર કર્યું. એ તો પર્યાયબુદ્ધિ, પર્યાયરુચિ, વિકારરુચિ, નિમિત્તરુચિ, નિમિત્ત આશ્રય, રાગ આશ્રય અનંતવાર થાક છે આ તો. આમાં ક્યાંય શાંતિ મળી નથી. આમાં ક્યાંય સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્ર આનંદ મળ્યો નથી. એમ પરનો થાક લાગીને સ્વભાવનો વિશ્રામ લીધો.

આ જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યમૂર્તિ છે. એક સમયની રુચિ આમ જે જ્ઞાનની પર સામે હતી એ સ્વભાવસન્મુખ થઈ અને થાકેલા ચિત્તવાળા થયા થકા. પુરુષાર્થ પાછો કરે છે. કોઈએ કર્યું નથી. કર્મ મંદ પડ્યા માટે આમ થયું.. સમજાય છે? એમ નથી. કાળલબ્ધિ આવી માટે આમ થયું (એમ નથી). એ આમ કર્યું ત્યારે કાળલબ્ધિ આવી ગઈ. જુઓ, આ શબ્દોમાં પાંચ સમવાય સમાઈ જાય છે, બધું ક્રમબદ્ધ સમાઈ જાય છે, બધું સમાઈ જાય છે. આમ

અવસ્થા તરફ જે દૃષ્ટિ હતી વિકારની એ (છોડીને) સ્વભાવ જ્ઞાયક શુદ્ધભાવ (સન્મુખ થયો). માટે શુદ્ધભાવ અધિકાર છેને. શુદ્ધભાવ, ચૈતન્યભાવ, જ્ઞાયકભાવ, કારણશુદ્ધજીવ એવા સ્વભાવમાં ચિત્તવાળા થયા થકા. એવા થાકેલા ચિત્તવાળા એટલે કે સમ્યગ્જ્ઞાનવાળા ચિત્તવાળા થયા થકા. કહો, એક બોલ થયો. લ્યો, આ સમ્યગ્દર્શન અને જ્ઞાન.

**'સહજવૈરાગ્યપરાયણ થવાથી...'** એવી દૃષ્ટિ અને જ્ઞાન થયું છે અંતરનું એટલે સ્વભાવિક વૈરાગ્યપરાયણ, વૈરાગ્યપરાયણ, વૈરાગ્યતત્પર, રાગના અભાવમાં તત્પર, રાગના અભાવમાં તત્પર, સ્વભાવમાં તત્પર થયો એટલે ક્રમે-ક્રમે રાગમાં અભાવમાં તત્પર. અસ્તિ-નાસ્તિ એમ લે છે. સમજાય છે? એવા સમ્યગ્દર્શન અને જ્ઞાન પામેલા થયા થકા સહજવૈરાગ્ય. જુઓ, સહજ વૈરાગ્ય (એટલે) હું રાગ છોડું અને પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે અને છોડું, કષાય મંદ કરું એ વૈરાગ્ય જ નથી. વૈરાગ્ય તો પહેલી પુણ્ય અને પાપની રુચિ છોડી સ્વભાવની રુચિ કરી ત્યારે પુણ્ય-પાપનો વૈરાગ્ય થયો અને સ્વભાવમાં એકાગ્ર થયો એટલે પુણ્ય-પાપનો જે વૈરાગ્ય હતો એની અસ્થિરતા ઘટવા માંડી અને સ્વભાવમાં સ્થિરતા વધવા માંડી તેને સહજવૈરાગ્ય પરાયણદશા કહે છે. કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** પ્રેરણા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રેરણા નહિ આને આમ અસ્તિથી આમ કહ્યુંને. ક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા, આમ જ્ઞાન જ એવું સ્વભાવસન્મુખ વળ્યું એટલે અહીંયાં આ બાજુ રાગ તરફનો સહજ વૈરાગ્ય થયો. આમ અસ્તિ-નાસ્તિ કરી. સમજાય છે? આમ ક્લેશથી થાકેલા જ્ઞાનવાળા થયા, જ્ઞાનવાળા થયા, એટલે જ્ઞાન રાગથી વૈરાગ્ય પામ્યું. રાગ શબ્દે પુણ્ય-પાપ, વ્યવહાર, નિમિત્ત બધાથી વૈરાગ્ય પામીને આત્મા તરફ (વળ્યું). આત્માની અપેક્ષા અને રાગની ઉપેક્ષા. પુણ્ય ઠીક, વ્યવહાર ઠીક એ બધાની ઉપેક્ષા. એ ઉપેક્ષા કરતું જ્ઞાન સહજ વૈરાગ્યપરાયણ આત્મા થયો. જુઓ, આ એક મુનિદશા લેવાની વિધિ. માણસ કહે લ્યો મુનિપણું, લ્યો મુનિપણું ભાઈ! સમજાય છે કાંઈ?

ભગવાન પદ્મપ્રભમલધારીદેવ મુનિપણાનું કારણ શું અને મુનિપણું શું અને એનું ફળ શું એ બધું આ થોડામાં વર્ણવી નાખે છે. સહજવૈરાગ્ય. આમ રાગ આવ્યો. પુણ્ય-પાપ અધિકારમાં નથી આવતું? વૈરાગ્ય. આવે છેને પુણ્ય-પાપના અધિકારમાં નહિ? કર્તાકર્મમાં. પુણ્ય-પાપનો ભાવનો આશ્રય નથી એ જ વૈરાગ્ય છે. વૈરાગ્ય સંપત્તો મુચ્ચયી. વૈરાગ્ય સંપત્તો મુચ્ચયી એટલે? પુણ્ય-પાપથી વિરાગતા છે અને સ્વભાવથી આશ્રય છે, સ્વભાવનો આશ્રય છે અને પુણ્ય-પાપનો આશ્રય નહિ એનું નામ વિરાગતા છે. એવો વૈરાગ્ય પામ્યા થકા. શું કહેવાય છે આ? પરમાત્મપદ, સિદ્ધપદ કેમ પમાય? એ પામેલા સિદ્ધ જેવા સંસારી છે એમ વર્ણન કરવું છે. એ પહેલાં સિદ્ધપદ કેમ પમાય એની વિધિ, એનું વિધાન વર્ણવે છે.

ઓહો..હો..! જોયું! ક્યાંય એક અંશ પણ રાગ, પુણ્ય, નિમિત્તનો આશ્રય અને લાભ

માને તો એને થાક નથી લાગ્યો રાગ અને વિકાર ઉપર. અને સ્વભાવ જ્યાં અંતરમાં જ્ઞાનનો આશ્રય લીધો એને રાગમાંથી સહજ વૈરાગ્યપરાયણ, સ્વભાવિક વૈરાગ્યપરાયણ. ક્ષણે ક્ષણે સ્વભાવમાં અસ્તિરૂપ પરિણમન થાય છે એટલે રાગનું નાસ્તિરૂપ પરિણમન થાય તેને સ્વભાવિક વૈરાગ્યપરાયણ કહે છે. કહો, સમજાણું કાંઈ?

જ્ઞાની જ્ઞાન અને વૈરાગ્યસંપન્ન છે એમ જે નિર્જરા અધિકારમાં આવે છે, આવે છેને? જ્ઞાનશક્તિસહિત અને વૈરાગ્યશક્તિસહિત આ એ બે લીધું. સમજાણું કાંઈ? એ જ્ઞાનશક્તિસહિત એટલે કે સ્વભાવના આશ્રયના ભાનસહિત અને સંસારના ક્લેશના આશ્રય વિનાનો. હવે જે ક્લેશ અને આશ્રય વિનાનું જ્ઞાન થયું એટલે રાગ અને ક્લેશના પરિણામ જરી અસ્થિરતાના રહ્યા સમ્યગ્દૃષ્ટિને, એનાથી સ્વભાવિક વૈરાગ્ય થતો જાય, સ્વભાવમાં જેટલી એકાગ્રતા થઈ એટલો રાગ ઘટતો જાય છે.

**'સહજવૈરાગ્યપરાયણ થવાથી...'** ત્યારે હવે મુનિપણું લેવા માગે છે. હવે મુનિપણું લેવા માગે છે. આવું ભાન થયા પછી મુનિપણું લે છે. એ પહેલાં મુનિપણું નથી. અનંત સિદ્ધો થયા. અત્યાર સુધીના અનંતા સિદ્ધો થયા એણે બધાય આ વિધાન સેવીને સિદ્ધપદ લીધું છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' બીજો પંથ હોઈ શકે નહિ. અત્યાર સુધીના જેટલા અનંતા સિદ્ધો થયા એ બધા આ એક જ ઉપાયે થયા છે, બીજો કોઈ ઉપાય છે જ નહિ. કહો, સમજાય છે કાંઈ? આવા ભાનવાળા અને સ્વભાવિકવૈરાગ્ય પરાયણવાળા મુનિપણું લેવાને તૈયાર થઈ ગયા. મુનિપણું, દિગંબર મુનિ લેવાની તૈયારી કરી. આવા ભાનવાળા દ્રવ્યભાવલિંગને ધારણ કરીને હવે મુનિપણું ગ્રહણ કર્યું. સમજાણું? દ્રવ્યલિંગ બાહ્ય નગ્નદશા અને અંતરમાં અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પને પણ દ્રવ્યલિંગ કહે છે.

**'ભાવલિંગ..'** અંતરમાં નિર્વિકલ્પ આનંદદશા, વીતરાગી પરિણતિ થઈ તેને ભાવલિંગ કહે છે. ઓહો..હો..! જુઓ, ચારિત્ર વધી ગયું હવે. ઓલામાં તો હજી સહજવૈરાગ્યપરાયણ, સ્વભાવના ભાનવાળા આગળ વધ્યા, દ્રવ્યલિંગ અને ભાવ, દ્રવ્ય અને ભાવલિંગને **'ધારણ કરીને...'** અનંતા સિદ્ધો થયા, એ રીતે અત્યારે થાય છે મહાવિદેહમાં, ભવિષ્યમાં અનંતા (થશે). આ રીત સિવાય બીજો કોઈ સિદ્ધ થવાનો માર્ગ ત્રણકાળ, ત્રણલોકને વિષે બીજો નથી. સમજાય છે કાંઈ? એટલે કહે છે, આવા **'સહજવૈરાગ્યપરાયણ થવાથી દ્રવ્ય-ભાવલિંગને...'** કે જે દ્રવ્યલિંગ પ્રવચનસારમાં યથાજાત એમ કરીને અઠ્યાવીશ મૂળગુણનું વર્ણન કર્યું છે, જેને એક વસ્ત્રનો તાણો નથી. તાણો કહે છેને? દોરો નથી તલતુશમાત્ર અને જેને પાત્રનો કટકો નથી. બધો પરિગ્રહ છૂટી ગયો છે. દ્રવ્યે છૂટી ગયો, એકલી નગ્નદશા દ્રવ્યલિંગ થઈ ગયું છે. અંતરમાં અઠ્યાવીશ મૂળગુણના (વિકલ્પ છે). ઊભા-ઊભા આહાર, એકવાર આહાર, અચેલપણું એવા અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ ઉઠે છે એને ધારણ કરે છે એમ, દ્રવ્યને ધારણ કરે છે એમ વ્યવહારથી કહ્યું છે. નિશ્ચયથી ભાવને ધારણ કરે છે

અને વ્યવહારથી ધારણ કરે છે એટલે કે ધારણ કરતો નથી, પણ તે વખતે તેવું નિમિત્ત હોય છે માટે ધારણ કરે છે એમ વ્યવહારથી કહેવામાં આવ્યું.

જુઓ, **'દ્રવ્ય-ભાવલિંગને ધારણ કરીને...'** એમાંથી બે શબ્દ નીકળ્યા કે દ્રવ્યલિંગને ધારણ કરીને એટલે વ્યવહાર. તો વ્યવહારને ધારણ કરીને એટલે કે એને ધારણ કરતો નથી, પણ તેવા વિકલ્પો આવે છે, નગ્નદશા સહજ થઈ જાય છે એથી તેને વ્યવહારે ધારણ કર્યું કહ્યું. એટલે કે એમ નથી પણ નિમિત્તપણું છે માટે ધારણ કરે છે એમ કહ્યું છે. **'ભાવલિંગને ધારણ કરીને...'** એ અંતર નિશ્ચય છે. ભાવલિંગ બેય ભેગું છેને? બ્રહ્મચારીજી! બે ભેગા છે, નિશ્ચય-વ્યવહાર. **'દ્રવ્ય-ભાવલિંગને...'** પણ સાથે છે હોં! એમ નહિ કે ભાવલિંગ પ્રગટ્યું છે અને દ્રવ્યલિંગ ન હોય. મુનિપણું ભાવ છઠ્ઠું ગુણસ્થાન પ્રગટ્યું અને દ્રવ્યલિંગ નગ્નદશા અને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ ન હોય અને બીજા વિકલ્પો હોય, એ દ્રવ્યભાવ એકેય વાતને જાણતો નથી. તેથી એક વાત સિદ્ધના ઉપાયના કારણમાં આ વાત ભેગી ગોઠવી છે. સહજપણું તે દશામાં આવી જાય છે.

દ્રવ્યલિંગ અને ભાવલિંગને ધારણ કરીને. ધારણ કરીનેના બે અર્થ કર્યા કે દ્રવ્યલિંગ ધારણ કર્યું એટલે ધારણ કર્યું નથી, પણ નિમિત્તપણું એવું હોય છે તે અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ જ હોય ત્યાં અને ભગવાન, ગુરુ આદિ કહેતા હોય તેના તરફના વિકલ્પ જ્ઞાનના હોય સમજવામાં. સમજાય છે? અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ હોય તેને દ્રવ્યલિંગ કહે છે. અને ભાવલિંગ. ક્લેશથી થાકેલા જ્ઞાનવાળા હતા, સહજવૈરાગ્યપરાયણ હતા અને સ્વરૂપમાં સ્થિરતા થઈ ત્યારે ભાવલિંગ નિર્વિકલ્પ વીતરાગી છઠ્ઠા ગુણસ્થાનની પ્રગટી સાતમાની. પહેલી સાતમાની. સમજાય છે? એવા **'લિંગને ધારણ કરીને...'** લ્યો અહીં તો હજી ભાવમુનિ આવ્યું એ વખતે દ્રવ્યમુનિપણું નિમિત્તપણું કેવું એની ઓળખાણ આપી, એ પહેલાં એનો સહજવૈરાગ્ય અને સ્વભાવ તરફનો ભાવ અને ક્લેશ તરફનો થાક એનું વર્ણન કર્યું. અનંત જીવો જેટલા થયા સિદ્ધો એને આ જ એક વિધાન-વિધિ છે. એમાં બીજી વિધાન વિધિ ત્રણલોકમાં છે નહિ. કહો, સમજાણું? આ નિયમસાર કુંદકુંદાચાર્ય કહે છે કે નહિ આ?

હવે પાછું ખૂબી લે છે. આવું દ્રવ્યલિંગ અને ભાવલિંગ ધારણ કર્યું, વૈરાગ્ય થયો હતો જબ્બર એથી સ્વરૂપમાં સ્થિરતા થઈ ગઈ અને ભાવલિંગ આવ્યું અને બાહ્યમાં દ્રવ્યલિંગ અને અભ્યંતરમાં પણ વિકલ્પો અઠ્યાવીશ મૂળગુણના રહી ગયા. હવે સિદ્ધપદ કેમ પામ્યા પછી? પહેલું સમ્યગ્દર્શન કેમ પામ્યા? પછી મુનિપણું કેમ પામ્યા? હવે સિદ્ધપદ કેમ પામે એની વ્યાખ્યા છે. સમજાય છે કાંઈ? ઠીક આવ્યું છે આ, રામજીભાઈ! અધિકાર ઠીક આવી ગયો તમારે આમાં.

**'દ્રવ્ય-ભાવલિંગને ધારણ કરીને...'** એમ કહ્યું છેને? હિંમતભાઈ! પછીને? હવે ભાવલિંગ ધારણ કર્યા પછી શું કર્યું? કો'ક એમ કહે કે પહેલું તો ભાઈ ક્લેશથી થાક્યા અને સ્વભાવનો

આશ્રય લીધો અને સમ્યગ્દર્શન-જ્ઞાન પામ્યા. પછી શું કર્યું? પાધરું સમ્યગ્દર્શનમાં કેવળજ્ઞાન થઈ જાય છે? ના. જુઓ, અહીંયાં દ્રવ્યલિંગ અને ભાવલિંગ ધારણ કરે તો મુનિપણું થાય એમ કીધું છે. દ્રવ્યલિંગ ધારણ નથી કર્યું અને મુનિપણું આવી જાય એમ છે નહિ. દ્રવ્યલિંગ મુનિપણું નગ્નદશા અને અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ ઉઠે કે હું લઉં, તે વિના ભાવલિંગ આવે નહિ. સમજાય છે? એમ સાથે વાત કરી છે. કોઈ કહે કે પાધરું એમને એમ ભાવલિંગ આવી જાય નવ-નવ કોટીએ મન, વચન અને કાયા, કરણ, કરાવન, અનુમોદન... નવ કોટીએ કરણ, કરાવન, અનુમોદનથી પરિગ્રહ, હિંસા, જૂઠું ન છૂટે ત્યાં સુધી ભાવલિંગ પ્રગટ થાય નહિ એ વાત સાથે લીધી છે.

'**દ્રવ્ય-ભાવલિંગને ધારણ કરીને...**' સમજાય છે? હવે ધારણ કર્યા પછી કોકને એમ થાય કે ભાઈ! ભાવલિંગ તો ધારણ કર્યું સ્વભાવમાં સ્થિરતા થઈ. ક્લેશથી થાક્યા ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન બતાવ્યું, સહજવૈરાગ્યપરાયણ થઈને મુનિપણું બતાવ્યું. હવે મુનિ થયા પછી શું કર્યું સિદ્ધપદ લેવા માટે? કોઈ ક્રિયા કરી? અપવાસ કર્યા? ત્યાગ કર્યા? ખૂબ અભિગ્રહ નિયમ એ કરીને કોઈ થયા? તો કહે છે '**પરમગુરુના પ્રસાદથી...**' જુઓ, હવે પરમગુરુ લાવ્યા. એને સમજાવનાર પહેલાં નિમિત્ત હતા સમ્યગ્દર્શનમાં પણ પરમગુરુ હતા, ચારિત્રમાં પણ પરમગુરુ હતા અને મુનિપણામાં પણ પહેલું પરમગુરુએ જે કહ્યું હતું પહેલું સમ્યગ્દર્શનમાં પણ પરમગુરુ મળ્યા હતા. સમ્યગ્દર્શન સ્વભાવને આશ્રયે થાય, પછી પણ સહજવૈરાગ્યપરાયણ થાય ત્યારે મુનિપણું એવું પરમગુરુએ કહેલું અને પછી પણ પરમગુરુએ સિદ્ધપદ પ્રાપ્તિ પહેલાં, મુનિપણા પછી શું કર્યું? કે પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત. નિમિત્ત લીધું. કુગુરુ કે કુદેવ, કુશાસ્ત્ર એમાં નિમિત્ત હોઈ શકે નહિ. પહેલાં સમ્યગ્દર્શનમાં પણ ન હોય, મુનિપણામાં પણ મિથ્યાદૃષ્ટિ નિમિત્ત ન હોય. સમજાય છે? અને પછી પણ એને મુનિપણામાં આગળ વૃદ્ધિ, કેવળજ્ઞાન પામવામાં નિમિત્ત કોણ હોય? એ પણ અહીંયાં બતાવે છે. ખીમચંદભાઈ! છે કે નહિ આમાં ત્રણેય? કે પરમગુરુ કોણ હશે? ઓલા ચરણાનુયોગવાળા મિથ્યાદૃષ્ટિ? અરે ભગવાન! સમજાય છે કાંઈ?

'**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત...**' જુઓ, નિમિત્તની પ્રસાદી મળી. નિમિત્ત સદ્‌ગુરુ જ્ઞાની મળ્યા, પરમગુરુ સંત અહીંયાં ભાવલિંગી મુનિની વ્યાખ્યા છે. ભાવલિંગી નગ્ન દિગંબર બાહ્યમાં, અંતરમાં ભાવલિંગ. સંતપણું છઠ્ઠા ગુણસ્થાન, સાતમાનું પ્રગટ્યું છે. એવા ગુરુના પ્રસાદથી પ્રાપ્ત '**કરેલા પરમાગમના અભ્યાસ વડે...**' લ્યો! આ સિદ્ધપદ કેમ પામ્યા? પછી મુનિઓ, મુનિ. પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલો પરમાગમનો અભ્યાસ એટલે સમ્યગ્જ્ઞાનનો અભ્યાસ. લે. અંતર જ્ઞાનાનંદમાં ભાવસ્વભાવમાં અભ્યાસ કરતાં, એકાગ્ર જ્ઞાનમાં કરતાં પરમ આગમે કહ્યું, ગુરુએ કહ્યું, પરમાગમે એમ કહ્યું કે હવે તું આ રીતે દ્રવ્ય અને ભાવમુનિ થયો, જ્ઞાનના સ્વભાવમાં જ એકાગ્ર થા. એકાગ્ર થા એ પ્રતીત તો હતી, ભાન તો હતું, પણ પરમગુરુએ

જે કીધું, પહેલેથી કીધું તેના અભ્યાસમાં પડ્યો છે.

'**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા પરમાગમના અભ્યાસ...**' પહેલેથી જે પરમાગમનો અભ્યાસ કર્યો હતો. પરમ આગમ કીધા છે હોં. સમજાય છે? જે સનાતન સર્વજ્ઞના કહેલા, વાસ્તવિક દેવ-ગુરુ-શાસ્ત્ર, ષટ્ દ્રવ્ય, ગુણ અને પર્યાય આદિની વ્યાખ્યા જે પૂર્ણ નિર્દોષ અને પરમસત્ય છે એવા પરમાગમના અભ્યાસ વડે. એ પરમાગમ જેને મળ્યા, એના નિમિત્તમાં એનું લક્ષ છોડીને સ્વભાવનું ભાન કર્યું, એનું લક્ષ છોડી પરમાગમે સંભળાવ્યું ગુરુએ કે જુઓ આવું મુનિપણું, આવું મુનિપણું. સાંભળતા સાંભળતા પણ વિકલ્પ હતો, સ્વભાવનો આશ્રય લઈને મુનિ થયા, અને પછી પણ '**પરમાગમના અભ્યાસ વડે...**' પરમાગમ કહે છે કે જ્ઞાયકમૂર્તિ છો એમાં પછી ઠર. શરૂઆતમાં પણ જ્ઞાનમાં ઠર્યો, મુનિપણામાં પણ નિર્વિકલ્પ સ્થિરતામાં ઠર્યો અને પછી પણ જ્ઞાનના એકાગ્ર અભ્યાસમાં કરતાં-કરતાં કેવળજ્ઞાન પામે છે. બીજા કોઈ ઉપાયે કેવળજ્ઞાન પામવાની રીત અને વિધાન નથી. સમજાય છે કાંઈ? એ '**પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા...**' એટલે પરમગુરુ સર્વજ્ઞ પરમાત્મા અથવા સંતો, મુનિઓ, ભાવલિંગી મુનિ એના પ્રસાદથી મળેલું, પ્રસાદથી મળેલું એટલે એ પાત્ર થયેલો. મુનિ જે થયો, સમકિતિ તે પાત્ર થયો ત્યારે આ પ્રસાદથી મળેલું એમ કહેવામાં આવ્યું. શું મળ્યું? પરમાગમનો અભ્યાસ. પરમાગમ એવા જે શાસ્ત્રો.

કહે છે કે મુનિને તો સ્વાધ્યાય જ મોક્ષ છે. સ્વાધ્યાય અને ધ્યાન, સ્વાધ્યાય અને ધ્યાન. આવે છેને? મુનિ ભાવલિંગી સંત જંગલમાં વિચરે છે એને સ્વાધ્યાય અને ધ્યાન બે જ કર્તવ્ય છે. તો કહે છે, પરમાગમનો અભ્યાસ એમાં ધ્યાન અને સ્વાધ્યાય બેય આવી ગયા. સમજાણું કાંઈ? સર્વજ્ઞે કહેલા જે શાસ્ત્રો પરમસત્ય છે તેનું ભાન થયું હતું, તેમાં લીનતા સ્વરૂપમાં કરી હતી, પછી પણ કહે છે કે જ્ઞાનનો જ અભ્યાસ થતા થતા થઈ જાય, જ્ઞાનનો સ્વાધ્યાય થતા થતા ધ્યાન થઈ જાય. છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ આવે તો સ્વાધ્યાય, સાતમે ધ્યાન થઈ જાય. સ્વાધ્યાય અને ધ્યાન... સ્વાધ્યાય અને ધ્યાન... છઠ્ઠે ગુણસ્થાને આવે તો વિકલ્પ સ્વાધ્યાય થઈ જાય, તોપણ અંદર પરિણતિ તો નિર્મળ પાછી ધ્યાન થઈ જાય. સ્વાધ્યાય અને ધ્યાન... સ્વાધ્યાય અને ધ્યાન.

એવા '**પરમાગમના અભ્યાસ વડે સિદ્ધક્ષેત્રને પામીને...**' ઓહો..હો..! એ 'સિદ્ધક્ષેત્રને પામી'નો અર્થ સિદ્ધપણું પામી. સિદ્ધક્ષેત્રને કોણ પામે? સિદ્ધક્ષેત્ર તો અહીં છે ખરું. નિશ્ચય સિદ્ધક્ષેત્ર. શું કહ્યું? આ નિશ્ચયસિદ્ધક્ષેત્ર પામીને. આ આત્મા નિર્મળ થયો એ સિદ્ધક્ષેત્ર તો અહીં છે. ઓલું તો વ્યવહારે સિદ્ધક્ષેત્ર છે બહારનું. અસંખ્યપ્રદેશમાં પોતે પોતાની પર્યાયમાં પહેલું સમ્યગ્દર્શન પામી, સહજવૈરાગ્ય પામી, દ્રવ્યભાવલિંગ મુનિ થઈ અને આ જ્ઞાનનો અભ્યાસ કરતાં-કરતાં નિર્મળ પૂર્ણ સિદ્ધ પર્યાય અહીં થઈ ગઈ. અસંખ્ય પ્રદેશી પર્યાય થઈ ગઈ એ સિદ્ધક્ષેત્ર અહીં છે. હિંમતભાઈ! લે! આ તો નિશ્ચયસિદ્ધક્ષેત્ર! એય..! ..ભાઈ! સિદ્ધક્ષેત્ર

નિશ્ચય અહીંયાં પામ્યા ત્યારે વ્યવહાર થયા. કહો, સમજાણું?

**'પરમાગમના અભ્યાસ વડે...'** એક સિદ્ધાંત લીધો છે. કોઈ આવી ક્રિયાનો અભ્યાસ અને વ્રત, તપનો અભ્યાસ ને અઠ્યાવીશ મૂળગુણનો અભ્યાસ ને,... એમ નથી. મુનિ પણ પછી એવા અઠ્યાવીશ મૂળગુણના અભ્યાસ વડે કેવળ પામે એમ છે નહિ. સમજાય છે કાંઈ? ઓહો..હો..! કેટલો માર્ગમાં ફેરફાર ઉંધો. એક નિગોદનો માર્ગ અને એક સિદ્ધનો માર્ગ એટલો ફેર છે કે સિદ્ધને માર્ગે આ ચાલ્યા. એનાથી વિરુદ્ધને માર્ગે નિગોદમાં ચાલ્યા. ચીમનભાઈ! સાચું હશે આ? જુઓ તો ખરા ગુલાંટ મારીને વાત કરે છે આમ. આ સિદ્ધને માર્ગે પામ્યા તે સિદ્ધ થયા. એ **'પરમાગમના અભ્યાસ વડે...'** પરમગુરુના પ્રસાદમાં કહ્યું કે તમે પરમાગમે કહેલું આત્મસ્વરૂપ તેના અભ્યાસમાં રહેજો, આનંદના અભ્યાસમાં રહેજો. એમાં ન રહી શકાય ત્યારે વિકલ્પ સ્વાધ્યાયનો હોય છે, હોય છે. એ વિકલ્પનો અભ્યાસ કરે છે એમ કહેવું એ નિમિત્તથી છે, અંતરનો અભ્યાસ કરે છે તે નિશ્ચયથી છે.

ક્ષેત્રને પામીને એટલે સિદ્ધપણું પામીને, પરમાત્મદશાની નિર્મળ અવસ્થા પામીને. શરૂઆતથી ઠેઠ સુધીની વિધિ આટલામાં આવી ગઈ. આનાથી વિરુદ્ધ હોય એ વીતરાગનો માર્ગ નથી. કહો, સમજાણું કાંઈ? શું પામ્યા? હવે કહે છે કે પામીને પણ શું ભાવ પામ્યા? એ તો ક્ષેત્રની વાત કરી. અસંખ્ય પ્રદેશી સિદ્ધક્ષેત્ર પોતાનું નિશ્ચય પામ્યા. બાહ્યમાં સિદ્ધક્ષેત્ર. પર્યાય કેવી થઈ? પર્યાય કેવી પ્રગટી? કે અવ્યાબાધ-બાધારહિત એની પર્યાયને હવે કોઈ વિઘ્ન છે નહિ.

**'સકળ-વિમળ (સર્વથા નિર્મળ)...'** સર્વથા નિર્મળ. વિઘ્ન નથી એ નકારથી લીધું. (હવે) હકારથી (કહે છે). **'સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન-'** લ્યો! જ્ઞાન પામ્યા. પાછા પામ્યા ત્યારે જ્ઞાન. આશ્રય કરો જ્ઞાનનો, જ્ઞાનના આશ્રયમાં વૈરાગ્ય થયો, જ્ઞાનના આશ્રયમાં મુનિપણું થયું, પાછા જ્ઞાનને આશ્રયે કેવળજ્ઞાન પામ્યા તો પામ્યા કેવળજ્ઞાન. સમજાણું કાંઈ? **'કેવળજ્ઞાન...'** અવ્યાબાધ અને સકળ એ કેવળજ્ઞાનને કોઈ વિઘ્ન નથી કે કેવળજ્ઞાન પર્યાય થઈ એ હવે પાછી પડે. અને સર્વથા નિર્મળ છે એટલે બિલકુલ એમાં અલ્પજ્ઞતાની મલિનતા રહી નથી. અને **'કેવળદર્શન...'** કેવળદર્શન, પૂર્ણ દર્શન. **'કેવળસુખ...'** પૂર્ણ સુખ. **'કેવળવીર્યયુક્ત...'** કેવળ-એકલું વીર્ય પર્યાય પ્રગટ થઈ. એવા યુક્ત **'સિદ્ધાત્માઓ થઈ ગયા...'** એવા સિદ્ધાત્માઓ થઈ ગયા, અનંતા સિદ્ધો આ વિધિએ ભરતમાં, ઐરાવતમાં, મહાવિદેહમાં ગમે ત્યાં થાય તે આ વિધિએ થાય છે. આ વિધિથી બીજી વિધિનો આશ્રય લેવા જાય કે બીજો માર્ગ લેવા જાય એ માર્ગ છે નહિ, કુમાર્ગ છે, અમાર્ગ છે, વિપરીત માર્ગ છે. આ સિવાય કોઈ બીજો માર્ગ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'સિદ્ધાત્માઓ થઈ ગયા...'** આ ચતુષ્ટય લીધા. કેવળજ્ઞાન, કેવળદર્શન, સુખ. સુખમાં ચારિત્ર આવી ગયું, વીર્ય. કે જે **'સિદ્ધાત્માઓ...'** એ સિદ્ધાત્માઓ કેવા છે? પહેલું કહ્યું

હતુંને સંસારક્લેશવાળા થયા થકા જ્ઞાનને પામીને. એટલે ત્યાં કારણશુદ્ધજીવને આશ્રયે સમ્યગ્જ્ઞાન પામ્યા, કારણશુદ્ધજીવને આશ્રયે, અને અહીંયાં વધ્યા કે જે સિદ્ધ આત્માઓ કાર્યસમયસાર સ્વરૂપ છે લ્યો. સમજાણું? નીચે કાર્યશુદ્ધ. **'કાર્ય-અપેક્ષાએ શુદ્ધ.'** છે. એ કાર્ય થયુંને. એ પર્યાય કાર્ય છે, પૂર્ણ પર્યાય એ કાર્ય છે. પૂર્ણ પર્યાય જે કાર્યસમયસારરૂપ થઈ ગયા. કાર્યસમયસારરૂપ છે એટલે કે **'કાર્યશુદ્ધ છે.'** લ્યો! કાર્યસમયસારરૂપ છે એટલે કાર્યશુદ્ધ એટલે કાર્યશુદ્ધજીવ છે. લ્યો એ કાર્યશુદ્ધજીવ. સિદ્ધ છે એ કાર્યશુદ્ધજીવ. કાર્યસમયસાર એટલે કાર્યશુદ્ધ. જેમ કાર્ય શુદ્ધ છે પૂર્ણ. નીચેનું કાર્ય હજી મોક્ષમાર્ગમાં.. સમજાણું કાંઈ?

આમાં તો ઘણો ઘણો લેખ છે. આમ રાગ ક્લેશ પહેલાં સંસારપર્યાય હતી એ સંસાર પર્યાય હોય તો એમાં નિમિત્તનું કર્મનું પણ એની સામે જોવાનું હતું અને વિકારની રુચિ છૂટે સ્વભાવ સામે આવ્યો, એનું જ્ઞાન ફર્યું, શ્રદ્ધા ફરી, ચારિત્ર ફર્યું, વીર્ય ફર્યું બધું ફર્યું. એવા ગુણોની સાબિતિ, પર્યાયની સાબિતી, પરિણમનની સાબિતી, નિત્યની સાબિતી, નિમિત્તની સાબિતી. વિકારમાં નિમિત્ત એ હતા. નિર્વિકાર સમ્યગ્દર્શનમાં નિમિત્ત સાચા દેવ-ગુરુ અને ધર્મ ને પરમાગમના ઉપદેશક ગુરુ હતા એ નિમિત્ત હતા. ત્યાંથી છોડીને સ્વભાવનો આશ્રય કર્યો ત્યારે ભાન પામ્યા એમ બધી વાત થોડામાં આપી છે. કહો, સમજાણું કાંઈ?

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## મહા વદ ૪, તા. ૧૦-૦૨-૧૯૫૫,
## કળશ-૭૩, ગાથા-૪૯-૫૦, પ્રવચન નં. ૪૧૬

૪૯મી ગાથા. નિયમસારની ૪૯માં શુદ્ધભાવ અધિકાર છે. એમાં સમયસારની ભલામણ કરી છે શ્લોકમાં.

(मालिनी)

''व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हंत हस्तावलम्बः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किंचित्।।

એ સમયસારનો આ કળશ છે અમૃતચંદ્રાચાર્યનો. એનો અહીંયાં આધાર આપે છે કે **'જોકે વ્યવહારનય આ પ્રથમ ભૂમિકામાં જેમણે પગ મૂક્યો છે એવા જીવોને, અરેરે! હસ્તાવલંબરૂપ ભલે હોય,...'** શું કહ્યું? કે આ આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચિદાનંદ

આનંદસ્વરૂપ છે એવું ભાન થયા છતાં જ્યાં સુધી વીતરાગદશા પૂર્ણ પર્યાયમાં ન પ્રગટ થાય ત્યાં સુધી વ્યવહારનય વર્તમાન પર્યાયમાં ભેદ અને રાગ આવે તેને જાણવાલાયક છે. શું કહ્યું સમજાણું? '**જોકે વ્યવહારનય આ પ્રથમ ભૂમિકામાં...**' પ્રથમ ભૂમિ એટલે સમ્યગ્દર્શન આદિ ભૂમિકામાં. પ્રથમ એટલે સમ્યગ્દર્શન પહેલાં એમ નહિ. કેવળજ્ઞાન થવા પહેલાં સમકિત, શ્રાવકપણું અને મુનિપણું જ્યારે અંતર વર્તતું હોય ત્યારે એવી '**પ્રથમ ભૂમિકામાં જેમણે પગ મૂક્યો છે...**' એટલે અવસ્થા જે ચોથા, પાંચમા, છઠ્ઠા આદિ ભૂમિકાની વર્તે છે એને '**એવા જીવોને, અરેરે!**' ખેદ કરે છે. '**હસ્તાવલંબરૂપ ભલે હોય,...**' એ પર્યાયમાં વિકલ્પો, ભેદ ભલે હો અને વ્યવહારનય એટલે વર્તમાનજ્ઞાન તેને જાણે. એમ જાણે, એમ છે એમ જાણે.

'**તોપણ જે જીવો ચૈતન્યચમત્કારમાત્ર, પરથી રહિત...**' એકલો ચૈતન્ય જ્ઞાનાનંદ ભગવાન ચમત્કારમાત્ર છે એમાં '**પરથી રહિત...**' ભેદ અને વિકલ્પથી રહિત અભેદ ચિદાનંદના આનંદમાં પડ્યા હોય છે અથવા પૂર્ણાનંદ દશા જેને પ્રગટ થઈ છે '**એવા પરમ પદાર્થને અંતરંગમાં દેખે છે...**' પૂર્ણ શુદ્ધ આનંદકંદ અભેદ છું એવા અંતરમાં દેખે છે '**તેમને એ વ્યવહારનય કાંઈ નથી.**' એ વ્યવહારનય કાંઈ છે જ નહિ. શું કહ્યું સમજાણું કાંઈ? વ્યવહારનય કાંઈ નથી એમ કહ્યું. '**नैष किंचित्**' '**કાંઈ નથી.**' અહીંયાં તો કહે છે કે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ભગવાન આત્મા આમ પૂર્ણાનંદ ધ્રુવસ્વરૂપ છે એવું ભાન થયું છતાં જ્યાં સુધી વર્તમાન પર્યાયમાં પૂર્ણ વીતરાગતા ન હોય ત્યારે એને રાગ-દ્વેષ વિકલ્પો અને ભેદરૂપ ગુણસ્થાનના ભેદો નીચે વર્તે છે એ વ્યવહારનયનો વિષય હસ્તાવલંબરૂપ એટલે ત્યાં નિમિત્તરૂપે ગણ્યો છે. તોપણ જે તેનું લક્ષ છોડીને શુદ્ધ આનંદકંદમાં લીન થયા છે એને વ્યવહારનય કાંઈ નથી. વ્યવહારનય પહેલો જાણવારૂપ છે પૂર્ણ ન થાય ત્યાં સુધી, આદરવાયોગ્ય નથી. આદરવાયોગ્ય તો અંતર જ્ઞાનાનંદ પરમાનંદ પરમપારિણામિકભાવ એ જ સ્વભાવ અંગીકાર અને આદરવાયોગ્ય છે.

એટલે કહે છે કે '**પરમ પદાર્થને અંતરંગમાં દેખે છે...**' અંતર જ્ઞાનદૃષ્ટિ વડે આખો પરમસ્વભાવમાં જ્ઞેય કરીને અંતરમાં અનુભવમાં પડ્યા છે કે જેને પૂર્ણ દશા વીતરાગની થઈ ગઈ છે '**તેમને એ વ્યવહારનય કાંઈ નથી.**' એ વ્યવહારનયનું પ્રયોજન (નથી) એટલે વ્યવહારનયનો વિષય તો રહેતો નથી. કહો, સમજાણું કાંઈ? હવે, પોતે પદ્મમલધારીદેવ '**(આ ૪૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :—**'

(स्वागता)

शुद्धनिश्चयनयेन विमुक्तौ
संसृतावपि च नास्ति विशेषः।

एवमेव खलु तत्त्वविचारे
शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति।।७३।।

ખરેખર '**શુદ્ધનિશ્ચયનયથી...**' જે જ્ઞાનનો ભાગ આત્માના પૂર્ણ સ્વભાવને લક્ષમાં જ્ઞેય તરીકે લે એવા ''**શુદ્ધનિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;**'...' વર્તમાન સંસારપર્યાય અને મુક્ત અવસ્થા એમાં જરીએ શુદ્ધનિશ્ચયના બળે, પરમ ધ્રુવ એકરૂપ આનંદકંદ જ્ઞાયક કારણશુદ્ધપરમાત્મા એમાં કાંઈ પણ શુદ્ધનિશ્ચયના બળે ફેર નથી. સંસાર હો કે મુક્તિ હો, સંસાર એ ઉત્પાદ પર્યાય, વિકાર આદિની, ભેદ આદિની .. એ ઉત્પાદપર્યાય, નિર્મળપણાની અને એ ઉત્પાદને અને સંસારના વ્યયને અથવા સંસારની ઉત્પત્તિને લક્ષમાં ન લ્યો તો એકરૂપ પરમાનંદસ્વભાવ જે જ્ઞાયકભાવ એમાં સંસાર અને મુક્ત અવસ્થામાં કાંઈ ફેર નથી, કાંઈ તફાવત નથી.

'**આમ જ ખરેખર,...**' આમ જ ખરેખર '**તત્ત્વ વિચારતાં (-પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં), શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે.**' શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે. '**શુદ્ધ તત્ત્વના રસિક...**' એક સમયમાં જ્ઞાનાનંદનો દરિયો, આનંદનો સાગર એવો પૂર્ણ સ્વભાવ દૃષ્ટિમાં લીધો એને વર્તમાન અવસ્થા અને પછી કેવળજ્ઞાનાદિની અવસ્થા એ બેય અવસ્થાકાળે વસ્તુ તો એકરૂપ છે, એમાં કાંઈ પણ ફેર નથી. એમ તત્ત્વરસિક જનો કહે છે, કહે છે, જાણે છે, માને છે અને અનુભવે છે અને કહે છે.

હવે ૫૦મી.

पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं।
सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा।।५०।।
પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;
આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.

'**અન્વયાર્થ :- પૂર્વોક્ત સર્વ ભાવો...**' એક સમયમાં આત્મા પૂર્ણ સ્વભાવના અંતર દૃષ્ટિની અપેક્ષાએ તેમાં રહેલો ઉદય પુણ્ય-પાપનો ભાવ, ઉપશમસમકિત ચારિત્રનો ભાવ, ક્ષયોપશમ જ્ઞાન, દર્શન, સમકિત ચારિત્રનો ભાવ અને ક્ષાયિકભાવ એ બધા ભાવો '**પરસ્વભાવો છે,...**' ક્ષાયિકભાવ. સમજાય છે કાંઈ? ...ભાઈ! એક સમયનો સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પરમાત્મા, પૂર્ણ પરમાત્મા. એક સમયનો સંસારનો વ્યય અને મુક્તિની ઉત્પત્તિ અથવા સંસારની ઉત્પત્તિ અને પછી મોક્ષની ઉત્પત્તિ એ બેય વ્યવહારનયનો વર્તમાન વિષય છે. એને અહીંયા પરસ્વભાવ કહ્યા છે, એને અહીંયાં પરદ્રવ્ય કહ્યા છે. સમજાય છે કાંઈ? કેમ? કે જેના પર્યાયના લક્ષે, ભેદને લક્ષે વિકલ્પ ઉઠે એ વિકલ્પ રાગ એ પરદ્રવ્ય છે, માટે જેને આશ્રયે રાગ ઉઠે એને બધાને પરદ્રવ્ય કહ્યું છે. સમજાણું કાંઈ? બહુ ઝીણી વાત.

ભગવાન આત્મા એક સમયમાં જે પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... અનાદિ-અનંત એકરૂપ સ્વભાવ

છે એની અપેક્ષાએ '**પૂર્વોક્ત સર્વ ભાવો...**' ક્ષાયિકના, ઉપશમના, ઉદયના એ બધા કર્મકૃત ગણીને, કર્મજન્ય ગણીને પરભાવ (કહ્યા છે). ક્ષાયિકભાવ કર્મજન્ય, કર્મકૃત, કર્મ નિમિત્તની સાપેક્ષતા રાખે માટે. કર્મના નિમિત્તની કે નિમિત્તના અભાવની સાપેક્ષતા રાખે માટે એ બધા ભાવો પરભાવ છે, એ બધા પરદ્રવ્ય છે. અહીં તો એક કોર સ્વદ્રવ્ય અને એક કોર પરદ્રવ્ય બે ભાગ જ છે. સમજાય છે કાંઈ? '**તેથી હેય છે;...**' તેથી એક સમયનો પર્યાય સિદ્ધનો કે સંસારનો એ બધું પરદ્રવ્ય છે, માટે હેય છે. લ્યો! '**અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય—**' જુઓ, ઓલો જે પર્યાય હતો એક સમયનો તે પરદ્રવ્ય ગણ્યો. હવે અંતઃસ્વભાવ નિરૂપાધિ ત્રિકાળ સ્વભાવ એવું જે સ્વદ્રવ્ય, ત્રિકાળ અંતઃતત્ત્વ એવું જે સ્વદ્રવ્ય '**આત્મા—ઉપાદેય છે.**' એવો સ્વદ્રવ્યનો આત્મા એ જ એક ઉપાદેય છે.

'**ટીકા :- આ, હેય-ઉપાદેય...**' છોડવાયોગ્ય અને આદરવાયોગ્ય. હેય એટલે છોડવાયોગ્ય અને ઉપાદેય એટલે આદરવાયોગ્ય. '**અથવા ત્યાગ-ગ્રહણના...**' અથવા ત્યાગ કરવો. હેય એટલે ત્યાગ અને ઉપાદેય એટલે ગ્રહણના '**સ્વરૂપનું કથન છે.**' ગાથા બહુ ઊંચી છે, ભાઈ! '**જે કોઈ વિભાવગુણપર્યાયો છે...**' આત્મા એક સમયમાં સામાન્ય સ્વભાવસ્વરૂપ ધ્રુવ પરમપારિણામિકભાવ છે એ સિવાયના બધા ભાવો વિભાવગુણપર્યાયો છે. સમજાણું કાંઈ? વિભાવ નામ વિશેષ, સામાન્ય નામ એકરૂપ. એક સમયમાં એકરૂપ જ્ઞાયક પરમ ધ્રુવ. સમજાય છે? દ્રવ્ય શુદ્ધ, તત્ત્વ શુદ્ધ એવો એક સ્વભાવભાવ એ સિવાયના જેટલા કેવળજ્ઞાન અને કેવળદર્શન અને અનંત આનંદ, રાગ ને દ્વેષ ને ઉપશમસમકિત ને ક્ષાયિકસમકિત ને ક્ષયોપશમ સમકિત અને ક્ષયોપશમચારિત્ર એ બધા વિભાવગુણ પર્યાયો છે.

'**તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા...**' પર્યાયના કથન દ્વારા, ભેદના કથન દ્વારા, ભેદના વિષયના કથન દ્વારા '**ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...**' એ વ્યવહારનો વિષય છે તેને જાણવામાં અથવા ઉપાદેય કહેવામાં આવ્યા હતા, એનો અર્થ કે તે જાણવાલાયક છે. તે વ્યવહારનો વિષય જાણવાલાયક છે. '**પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...**' એક સમયમાં ત્રણે કાળે આનંદ ભગવાન પરમાનંદની મૂર્તિ સમ્યગ્દર્શનથી માંડીને સાદિઅનંત જે સ્વભાવનો આશ્રય કરવાલાયક છે... કહો, સમજાણું? અથવા જે સ્વભાવમાંથી કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટ થાય છે, સિદ્ધોને તો આશ્રય નથી, પણ પર્યાય એમાંથી પ્રગટ થાય એટલે ખરેખર કેવળજ્ઞાન પર્યાયનો આધાર દ્રવ્ય છે. એ દ્રવ્ય જ '**શુદ્ધનિશ્ચયનયના બળે...**' કહો, સમજાય છે? જે વ્યવહારનયના બળે અથવા વ્યવહારનયના કથન દ્વારા. વ્યવહારનયનું બળ એટલે જે બળ નહિ, નિશ્ચયનયનું બળ એટલે વાસ્તવિક બળ. ચંદુભાઈ! વ્યવહારનયનું બળ આવે છે હોં સાથે. પણ આવે છે. વ્યવહારનયના બળે એટલે વ્યવહારનયના બળે નહિ, એમ અર્થ કરવો. નિશ્ચયનનયના બળે એટલે વાસ્તવિક બળે એમ. કહો, સમજાણું કાંઈ? એક ફેરી કહ્યું હતું કે શુદ્ધનિશ્ચયનયના બળે આમ અર્થ કર્યો હતો તો વ્યવહારનયના

બળમાં શું અર્થ કરશો? લ્યો! સમજાણું? વ્યવહારનયના બળે એટલે કે વ્યવહારનય કહે છે કે આમ છે. એટલું જાણવા માટે નિમિત્તનું કહ્યું, પણ એનું બળ છે નહિ.

અહીંયાં શુદ્ધનિશ્ચયનના જોરથી આત્મા એક સમયમાં પૂર્ણ કારણપરમાત્મા આનંદકંદ શુદ્ધ છે, એની દૃષ્ટિથી વર્તમાન પર્યાયમાં જેટલા ઉપશમ, ઉદય, ક્ષાયિકભાવોના ભેદ પડે એ બધા હેય છે, બધા છોડવાલાયક છે. સમજાણું કાંઈ? બધા ત્યાગયોગ્ય છે. લ્યો! ક્ષાયિકભાવ ત્યાગયોગ્ય છે. સમજાણું કાંઈ? વાડીભાઈ! શું? પર્યાય છે એક સમયનો પર્યાય અને એક સમયનો પારિણામિક ભગવાન આત્મા એ ત્રિકાળ સ્વભાવ એકરૂપ છે તેને સ્વદ્રવ્ય કહ્યું છે. અને જેટલા પર્યાયના સંસારથી માંડી મોક્ષના ભેદો એ બધા ભેદોને પરદ્રવ્ય કહ્યું છે. એ બધા પરદ્રવ્ય છે તે હેય છે, છોડવાલાયક છે. સમજાય છે કાંઈ? કેમકે વર્તમાન પર્યાય અને જે કેવળજ્ઞાનાદિ પર્યાય વર્તતી નથી સાધકને, તેનો જ્યાં આશ્રય કરવા જાય, લક્ષ કરવા જાય તો રાગ થાય છે અને રાગ થાય છે તે બંધનું કારણ છે. અને આત્માનો એકરૂપ સ્વભાવ તે અબંધસ્વભાવ છે. આત્માનો એક સમયનો ત્રિકાળ ધ્રુવસ્વભાવ આનંદકંદ સ્વભાવ અબંધ છે. અને પર્યાયનો આશ્રય કરવા જતાં બંધભાવ થાય છે. માટે અબંધ દ્રવ્યની અપેક્ષાએ પર્યાયના આશ્રયે રાગનો બંધ થાય માટે તે બધા પર્યાયને પરદ્રવ્ય કહ્યું છે. સમજાણું કાંઈ? સમજાય છે? બહુ ઝીણી વાત છે.

આ તો હજી એ પરદ્રવ્ય છે .. સ્વદ્રવ્યની વાત કરો, કેમકે પરદ્રવ્ય છે એ તો છોડવા જેવું છે. પરદ્રવ્યનો પછી વ્યવહારનો કેવો વિવેક હોય એની જાણવાની એમાં જરૂર રહેતી નથી. એમ હશે કે નહિ? એમ નહિ. વ્યવહારનયથી જે જે સમયે જે રાગ જે પ્રકારનો પર્યાય, જે પ્રકારનું નિમિત્ત તે તેમ જાણવાલાયક જ્ઞેય તરીકે બરાબર જાણવું જોઈએ. તો તેને જાણે ત્યારે અને એ સમયમાં પૂર્ણ આનંદકંદ જ્ઞાયક છે એનો આશ્રય કરે ત્યારે ઓલાને યથાર્થ જાણ્યું ત્યારે એને પરદ્રવ્ય કહેવાય છે, ત્યારે છોડવાલાયક કહેવાય. હજી છોડવાલાયક અને આદરવાલાયકના ઠેકાણાનો વિવેક ન મળે એને વ્યવહારનય છોડવા જેવો છે શું પણ હજી વ્યવહારનય કહેવો કોને એ તો .. નથી. સમજાય છે કાંઈ?

અહીં તો કેવળજ્ઞાન છોડવા જેવું છે. એટલે? એટલે એનો અર્થ શું? કે આત્મા જે સાધક છે એક સમયમાં પૂર્ણાનંદની જેને દૃષ્ટિ થઈ અને એ દૃષ્ટિના બળે પર્યાયનો આશ્રય કરવા જેવો નથી. કેમકે પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. માટે પર્યાયનો આશ્રય કરવા જેવો નથી, માટે પર્યાય હેય કીધી. સમજાય છે? એનો અર્થ એ કે તે તે ગુણસ્થાનને યોગ્ય તે તે પ્રકારનો રાગ ન આવે અને બીજા પ્રકારનો રાગ આવે અને એને નિમિત્તમાં પણ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર પણ હોય. કારણ કે એ બધા પરદ્રવ્ય છે એટલે એમાં કાંઈ આપણે આ હો કે આ હો, આ હો કે આ હો... કેમ? સિદ્ધમાં કેવળજ્ઞાન જ હોય એવું કાંઈ નહિ. કારણ કે કેવળજ્ઞાન પરદ્રવ્ય છે અને પરદ્રવ્ય તો હેય છે. પછી કેવળજ્ઞાન ન પણ હોય અને જ્ઞાનની

પર્યાય તે બુઝાઈ ગયેલા દીવા જેવા હોય. નથી કહેતા? ... કહે છેને. બહુભાગ કહે છે. કે ભાઈ! કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવું હોઈ શકે નહિ. કારણ કે એ વસ્તુ ઉપાધિવાળી થઈ. એમ અહીં કહે છે કેવળજ્ઞાનાદિ નવ લબ્ધિ આદિ હેય છે, પરદ્રવ્ય છે, માટે કેવળજ્ઞાન એવું ત્રણકાળ, ત્રણલોકને જાણવાવાળું હો કે ન હો,. એ દીવો ઓલવાય જાય જ્યારે. દીવામાંથી મેલને કાઢી નાખવો હોય તો દીવો ઓલવી નાખવો પડે. ધુમાડો નીકળેને ધુમાડો? ધુમાડો કાઢવો હોય તો દીવો ઓલવાય અને ધુમાડો જાય લ્યો. એમ આત્મામાંથી મેલ કાઢવો હોય તો મેલ ભેગો ચૈતન્યનો પ્રકાશ પણ કાઢી નાખે તો આત્માની મુક્તિ થાય. એને મુક્તિ કહે છે, (પણ એમ છે નહિ).

અહીં કહે છે કે જે '**શુદ્ધનિશ્ચયનયના બળે...**' આત્મા એક સ્વભાવ, એક સમયમાં સ્વભાવનો પિંડ છે એ દૃષ્ટિના બળે વ્યવહારના બધા ભેદો હેય છે. હેયનો અર્થ કે આ કેવળજ્ઞાન જેનું સ્વરૂપ છે એ બીજી જાતનું ત્યાં થઈ જાય, ક્ષયોપશમસમકિતનું સ્વરૂપ છે એવું બીજી જાતનું થઈ જાય, ક્ષાયિકસમકિતનું સ્વરૂપ છે એ બીજી જાતનું થઈ જાય કે એ વખતે દેવ-ગુરુ-શાસ્ત્રનો, સાચા દેવ-ગુરુનો રાગ આવે એ રાગ બીજી જાતનો થઈ જાય કે એને નિમિત્તપણે બીજી જાતના નિમિત્તો હોય, કારણ કે એ પરદ્રવ્ય છે. પછી કેવળજ્ઞાનનો પર્યાય એવો હોય કે ન હોય, કારણ કે પરદ્રવ્ય છે એ તો. એમ ન હોય. સમજાય છે કાંઈ? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ભગવાન આત્મા કારણપરમાત્મા પોતે જ ધ્રુવસ્વરૂપ છે એ સ્વદ્રવ્ય છે. એ અપેક્ષાએ વર્તમાન પર્યાયે યથાર્થ જેવી જેવી ભૂમિકાને યોગ્ય અને જે કેવળજ્ઞાનને યોગ્ય કેવળજ્ઞાન હોય એવું ત્રણકાળ, ત્રણલોકને જાણે એવું કેવળજ્ઞાન હોય, એવો પર્યાય હોવા છતાં, મુનિને પણ મુનિપણાને યોગ્ય છઠ્ઠા ગુણસ્થાનની ભાવલિંગની પર્યાય હોવા છતાં અને તેની પર્યાયમાં અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પો એવા અચેલ, નિર્ગ્રંથ આદિના હોવા છતાં, તેથી વિપરીત ન હોવા છતાં એને પરદ્રવ્ય કહ્યું છે. ચંદુભાઈ! સમજાય છે કાંઈ?

આત્મા.. આમ સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય બે જ વાત, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાયક પરમાનંદકંદ એ સ્વદ્રવ્ય અને એમાં પર્યાયના જેટલા ભેદો પડે એ પરદ્રવ્ય. એટલે ભેદો પડે એ પછી ગમે તેવા વિપરીત હોય (એમ નહિ). ક્ષયોપશમાં કહેલા ભાવ, ઉદયમાં કહેલા રાગાદિના ભાવ, ઉપશમમાં કહેલા ભાવ, ક્ષાયિકમાં કહેલા, જે એનું સ્વરૂપ છે એનાથી ગમે તેવું વિરુદ્ધ હોય એમ એનો અર્થ નથી. છોટાભાઈ! હો, એ તો જેવો પર્યાય હોય જેવો છઠ્ઠા ગુણસ્થાનનો જેવો, ચોથાનો જેવો, પાંચમાંનો જેવો, તેરમાનો અને તે તે ભૂમિકાને યોગ્ય જેવો જેવો વિકલ્પ અને રાગ, તે તે ભૂમિકાને યોગ્ય તે તે રાગનું જેના પરનું લક્ષ, વલણ એ જ હોય, બીજું હોઈ શકે નહિ.

છતાં શુદ્ધનિશ્ચયનયના બળે કે જે વ્યવહારનયે ઉપાદેય કહેવામાં આવ્યા હતા તે બધાને

હેય કહી દીધા છે. સમજાણું? કારણ કે છોડવા જેવા તો છે, પછી પરદ્રવ્ય આવા હોય પર્યાયે, ચોથા ગુણસ્થાનમાં આવી હોય, પાંચમામાં આવી હોય, છઠ્ઠામાં આવી હોય તો એને વિકલ્પો આવા હોય અને એને શાસ્ત્ર દેવ-ગુરુ પણ નિમિત્ત આવા હોય, એને જાણવાનું શું કામ? કારણ કે એ તો છોડવાલાયક છે; એમ નહિ. જાણવા તો બરાબર જેવી જેવી અવસ્થા અને જે નિમિત્ત હોય તેને વિકલ્પ તે શુભાદિ આવે અને તેને તેવા તે નિમિત્તો હોય એ બરાબર જાણવા જેવા છે. એનો ખુલાસો હવેની ગાથામાં પછી કરશે.

હવે કીધું પરદ્રવ્ય. ત્યાં પાછો ખુલાસો કરી નાખશે ફડાક દઈને. ૫૩મી ગાથામાં કે સમકિત પામનારને સમકિતી જીવનો ઉપદેશ અને તેના અભિપ્રાય નિમિત્ત હોય, બીજું નિમિત્ત હોઈ શકે નહિ. જુઓ, આ ખુલાસો હોય .. ત્યાં પાછું આવું નિમિત્ત ઉભું રાખશે. ભારે ભાઈ! અહીં કેવળજ્ઞાનાદિ પર્યાય પરદ્રવ્ય છે. છે તો સ્વનો પર્યાય અભેદદૃષ્ટિમાં તો અંતર. અહીં તો સ્વસ્વભાવ એક સમયમાં આનંદ પૂર્ણ જ્ઞાનાનંદનો આશ્રય કરાવવા અભેદ સ્વભાવને સ્વદ્રવ્ય ગણ્યો અને સંસાર મોક્ષની જેટલી ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક જેટલા ભેદો પડે તેને ભેદરૂપ પરદ્રવ્ય અને અભેદ સ્વદ્રવ્ય. સમજાય છે? એથી ભેદવાળા પર્યાયો ખોટા છે એમ પણ નથી, તેમ ભેદમાં આડીઅવળી .. છે એમ પણ નથી, પણ ભેદનો પર્યાય એવો છે કે એને આશ્રયે લાભ નથી.

એથી અહીં કહે છે '**શુદ્ધનિશ્ચયનયના બળે તેઓ હેય છે.**' સ્વભાવસન્મુખ એક સમયમાં ભગવાન આત્મા પૂર્ણ છે તેના સન્મુખની દૃષ્ટિએ જુઓ તો બધા પર્યાયના, અવસ્થાના ભેદો છોડવાલાયક છે. આ સમ્યગ્દર્શનનો, ધર્મનો વિવેક છે. '**શા કારણથી?**' હવે કહે છે કે શા કારણથી એ બધા હેય છે? ક્ષાયિકસમકિત હેય છે, ક્ષાયિકચારિત્ર હેય છે, ક્ષાયિક કેવળજ્ઞાન છોડવાલાયક છે. ઓહો..હો..!

'**શા કારણથી? કારણ કે તેઓ પરમસ્વભાવો છે,...**' કેમકે તે વિશેષભાવરૂપ છે. સામાન્ય એક સમયનો ભાવ ત્રિકાળ છે એની અપેક્ષાએ એ બધા ભાવો વિશેષ-વિશેષ, વિશેષ એટલે વિભાવ, વિભાવ એટલે પરસ્વભાવ એમ કહીને તેને પરસ્વભાવ કહ્યા છે. '**અને તેથી જ પરદ્રવ્ય છે.**' ઓહો..હો..! આ તો ઓલા પંડિતોને આકરું પડે એવું છેને અર્થ કરતા. એક તો સંવર, નિર્જરાને સ્વભાવમાં નાખીને સ્વદ્રવ્ય કહે. સંવર, નિર્જરા શુદ્ધ ચિદાનંદ આત્મા એના સન્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય પ્રગટે એ અભેદ ગણીને સ્વદ્રવ્ય કહે આશ્રય ગણીને, અજીવ ગણીને પરદ્રવ્ય કહે. વળી અહીં કહે કે એવો એક સમયનો શુદ્ધ પરમપારિણામિકભાવ એ સ્વદ્રવ્ય છે, બાકી બધા ભેદનો આશ્રય લેવા જેવો નથી માટે ભેદ બધોય પરદ્રવ્ય કહેવામાં આવે છે. ઓહો..હો..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? '**કારણ કે તેઓ પરસ્ભાવો છે,...**' એટલે કે આત્મા એકરૂપ જીવતત્ત્વ એ જ્ઞાયકસ્વભાવ, એ પરમ અંતઃતત્ત્વસ્વભાવરૂપ ભાવ એની અપેક્ષાએ વર્તમાન પુણ્ય-પાપ, દયા, દાન, કામ, ક્રોધ

અને ઉપશમસમકિત, ક્ષાયિકસમકિત વગેરે એ બધા પરસ્વભાવો, એથી તેને પરદ્રવ્ય કહ્યા છે. કહો, સમજાણું કાંઈ?

**'સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...'** સ્વદ્રવ્યભાવ, સ્વવસ્તુભાવ. ઓલી પરવસ્તુ છે. એક સમયનો પર્યાય એ પરકૃત ગણેલો, ક્ષાયિકભાવ પણ પરકૃત-નિમિત્તના અભાવની અપેક્ષા ગણીને કર્મકૃત એમાંનો એક સમયનો પરમભાવ તેને સ્વદ્રવ્ય કહે છે અને બીજા બધાને પરદ્રવ્ય કહે છે. કહો, સમજાણું કાંઈ? ઓહો..હો..! હજી તો તકરારું પાછા બહારમાં. સમજાય છેને? વાસ્તવિક પર્યાયો કેવી હોય, રાગ કેવો હોય, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય એની પણ ખબર ન મળે એને પરદ્રવ્ય હેય છે એ ત્રણકાળમાં હોઈ શકે નહિ. કેમકે જે દેવ-ગુરુ-શાસ્ત્ર રાગથી સ્વભાવનો સ્વીકાર કરે, દ્રવ્યનું વાસ્તવિક સ્વરૂપનું એને ભાન નથી અને વ્યવહારના રાગ ..આદિથી નિશ્ચય પ્રાપ્ત થાય એ બતાવ્યું એને પરદ્રવ્ય કહેવું કે એ તો પરદ્રવ્ય ઉપાદેય કહ્યું. છોટાભાઈ! સમજાણું કાંઈ? જેને પરવસ્તુથી અને પરમનિમિત્તથી અને રાગથી સ્વભાવનો લાભ જેણે બતાવ્યો એને તો દેવ-ગુરુ-શાસ્ત્ર જે બધા પરદ્રવ્ય એનાથી લાભ બતાવ્યો. રાગથી હોં. તેને કેવળજ્ઞાન પરદ્રવ્ય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે તે પરદ્રવ્ય છે. રાગાદિ, પુણ્યાદિ ભાવો વિભાવ, ત્યારે સ્વદ્રવ્ય કહો, **'સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...'** એ બધા વાસ્તવિક તો એ પર્યાય છે તેવી છે. કેવળજ્ઞાન ક્ષાયિકભાવ, ક્ષયોપશમ, સમકિત, નિસર્ગ, અભિગમ એમાં જે નિમિત્ત હોય તે નિમિત્ત. અને આટલું પરદ્રવ્ય ગણીને પાછા અહીંયાં ૫૩મી ગાથામાં નાખશે કે ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ આપ્તપુરુષ એની જે વાણી, એનું નિમિત્ત એને હોય બાહ્યમાં, બીજું નિમિત્ત હોઈ શકે નહિ. ભાઈ! .. એ નિમિત્તનું શું કામ છે? અને તે સમકિત પામનાર પ્રાણીને એ સર્વજ્ઞ અથવા મુનિ અથવા સમકિતી જ નિમિત્ત હોય, એનો બીજાનો અભિપ્રાય નિમિત્ત હોઈ શકે નહિ. ભાઈ! હવે એ પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ? પરદ્રવ્ય પણ જેવું હોય તેવું હોય. ધર્માસ્તિકાયનો પર્યાય આત્માની ગતિમાં પરદ્રવ્ય છે, પણ ગતિ વખતે ધર્માસ્તિનો જ પર્યાય હોય નિમિત્ત, બીજો નિમિત્ત હોઈ શકે નહિ. એમ આત્મામાં જેટલા સ્વવિભાવભાવ પર્યાયો કહ્યા, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ એથી રહિત **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શુદ્ધ અંતઃતત્ત્વ, અંતર .. જ્ઞાન, આનંદ આદિ સ્વભાવ અંતઃતત્ત્વસ્વરૂપ **'સ્વદ્રવ્ય ઉપાદેય છે.'** એ **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.'** અહીં તો ખુલાસો કર્યો છે હોં. ઓલા સંવર-નિર્જરા આદિ ઉપાદેય નથી એવો ખુલાસો કર્યો છે. કહો સમજાણું કાંઈ?

એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ભગવાન આત્મા જે શુદ્ધ અંતઃતત્ત્વ, અંતઃતત્ત્વ કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બધા બહિર્તત્ત્વ છે. લ્યો! આ તેરમા, ચૌદમા ભેદવાળા પુદ્ગલના પરિણામ કહ્યા. ભેદની અપેક્ષાએ એને બહિર્તત્ત્વ કહ્યા, એને પરદ્રવ્ય કહ્યા, એને વિભાવભાવ કહ્યા,

એને વિશેષ પર્યાય કહ્યા. એ .. એક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ એક સમયમાં પૂર્ણ સ્વરૂપ અંતઃતત્ત્વ લીધું. એવો જે સ્વદ્રવ્ય આત્મા તે ઉપાદેય છે. એ સિવાય સમકિતીને કોઈ અંગીકાર કરવાલાયક નથી. કહો, સમજાણું કાંઈ? પછી આ સ્વદ્રવ્ય ઉપાદેય કરીને પડે અંદર પછી ગમે તેવી ક્રિયા કરી હોય, અન્યમતિની સાધુની હોય, બાવાની હોય, લૂગડા બીજા ગમે તેવા હોય, એમાં કાંઈ મળે છે પરદ્રવ્ય? એ પરદ્રવ્ય હોય જ નહિ એવા. સમજાય છે કાંઈ? અહીં તો પરદ્રવ્ય જે હોય તે હોય, છતાં એક સમયમાં અંતઃતત્ત્વસ્વરૂપ ભગવાન આત્મા એને અંગીકાર કરેલાને જે હોય એવો પર્યાય હોય, એવો જ રાગ હોવા છતાં તે હેય નામ છોડવાલાયક છે, આદરવાલાયક છે નહિ. સમજાણું કાંઈ? વાત જ બીજી આ તો કોઈ.

હવે આમાં શેત્રુંજય અને સમ્મેદશિખર તો ક્યાંય રહી ગયા. શેત્રુંજય અને સમ્મેદશિખરના ભાવ વખતે પોતાનો શુભભાવ એ ક્યાંય રહી ગયો, આ શુભભાવ વખતે પોતાને ક્ષયોપશમભાવ હોય એ ક્યાંય રહી ગયો, પણ ક્ષયોપશમ ટળીને ક્ષાયિક થાય એનો આશ્રય કરવાલાયક છે (એમ પણ નથી). કેમકે એ થાય ત્યારે થશે. અત્યારે નથી એનું લક્ષ કરવા જાય તો એ બહિર્તત્ત્વ છે, એ અંતઃતત્ત્વ નથી. સમજાણું કાંઈ? ..ભાઈ! બહુ ઝીણું આવું. કહો, હજી તો નિમિત્તના ઝઘડા, હજી તો આવું નિમિત્ત હોય તો આવે. સમજ્યાને? આ નિમિત્ત આવે તો આવો પર્યાય થાય, નહિતર ન થાય એટલો સ્વતંત્ર એક સમયનો પર્યાય પરાધીન. સમજાય છે? અને એ પર્યાય વખતે નિમિત્ત જે આવવાનું હોય એવું ન હોય અને બીજું આવે, એ પણ નિમિત્તની અનિશ્ચિતતા, એવું વસ્તુનું સ્વરૂપ છે નહિ. નિમિત્ત તો જે હોય તે જ હોય, તેના તરફનો જે રાગ હોય તે જ હોય, છતાં તે નિમિત્તથી રાગ અને રાગથી નિમિત્ત નહિ. છતાં તે અંતઃતત્ત્વસ્વરૂપની અપેક્ષાએ એ પણ બહિર્તત્ત્વ છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય. આ સ્વદ્રવ્યનું અંતઃતત્ત્વસ્વરૂપ ભાવ નિરૂપાધિ. પરદ્રવ્યનો બહિર્તત્ત્વભાવ ઉદયથી માંડીને ક્ષાયિક એ બધો પરદ્રવ્યનો ભાવ. સમજાણું કાંઈ?

'**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત..**' વિભાવગુણપર્યાય એટલે બધા ક્ષાયિકભાવ આદિથી રહિત '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે, ખરેખર સહજજ્ઞાન...**' સહજસ્વભાવિક ત્રિકાળી જ્ઞાન, '**સહજદર્શન...**' દૃષ્ટા. સહજસ્વભાવિકચારિત્ર અને સહજ વીતરાગ, '**પરમ વીતરાગ-સુખાત્મક...**' આનંદસ્વરૂપ '**શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...**' આ ભાવ લીધો. અંતરનો ભાવ જે ત્રિકાળ સ્વભાવિકજ્ઞાન, સ્વભાવિકદર્શન, સ્વભાવિકચારિત્ર, સ્વભાવિક પરમ વીતરાગી આનંદ એવું અંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો આધાર એવો જે આ સ્વદ્રવ્ય એ અંતઃતત્ત્વસ્વરૂપ એવું જે સ્વદ્રવ્ય, એનો આધાર એ તો હજી ભેદ પાડીને વાત કરે છે. '**સહજપરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે.**' એ તો એ અભેદ ગણીને ભાવસ્વરૂપ સ્વદ્રવ્ય એ જ કારણસમયસાર છે. સમજાણું કાંઈ? શું કહ્યું?

ત્રિકાળી સ્વભાવિકજ્ઞાન, ત્રિકાળી સ્વભાવિકદર્શન, ત્રિકાળી સ્વભાવિકચારિત્ર અને ત્રિકાળી

સ્વભાવિક પરમવીતરાગ આનંદ એવું અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય. એ સ્વદ્રવ્યનો આધાર. વળી સ્વદ્રવ્યનો આધાર આ તો ઓલા ભાવને દ્રવ્ય કહ્યું છે. શું? જેમ ઓલા ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકને પરદ્રવ્ય કહ્યું, એવા સ્વભાવભાવને સ્વદ્રવ્ય કહ્યું. શું કહ્યું સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયની પર્યાય પુણ્ય-પાપની, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકની ભાવ-ભાવ એ ભાવ છે. એ ભાવ છે, એ બહિર્તત્ત્વરૂપ ભાવ છે, એ બહિર્તત્ત્વરૂપ ભાવ તે પરદ્રવ્ય કહ્યો. ત્યારે? અંતરનો એક સમયનો સહજ સ્વભાવિક જ્ઞાન-દર્શન-આનંદ આદિ ભાવ જે અંતઃતત્ત્વસ્વરૂપ, જે સ્વદ્રવ્ય, જે સ્વરૂપભાવરૂપ સ્વદ્રવ્ય, ભાવરૂપ સ્વદ્રવ્ય એનો આધાર પરમપારિણામિક કારણસમયસાર એ સ્વદ્રવ્ય. ઓહો..હો..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ભાવ એટલે શક્તિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ભાવ એટલે શક્તિ નહિ, શક્તિનો આધાર શક્તિવાન. એમ. શક્તિ એટલે ભાવ અને આધાર ભાવવાન. એમ બે દ્રવ્ય લીધાને. એવી શૈલી વાપરી છે કે આત્મા એક સમયનો (અને) આમ ઉદય, ઉપશમ, રાગ-દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધ, ઉપશમ આદિ ભાવ એ ભાવ તે પરદ્રવ્ય. એ પરદ્રવ્યની જોડે ભાવ તો પરદ્રવ્ય અને અહીંયાં નિરૂપાધિકભાવ ત્રિકાળ. સ્વભાવિકજ્ઞાન, સ્વભાવિકઆનંદ, સ્વભાવિકદર્શન, સ્વભાવિક ચારિત્ર, જે સ્વભાવિકભાવ એ ભાવ સ્વદ્રવ્યનો. એ ભાવ પોતે સ્વદ્રવ્ય, પણ એ સ્વદ્રવ્ય કરીને ભાવને સ્વદ્રવ્ય કીધું, ઓલામાં ભાવને પરદ્રવ્ય કીધું. ત્યારે આ ભાવ, એનો આધાર. આધાર કોણ? કે પરમપારિણામિક સ્વભાવલક્ષણ એવો જે કારણસમયસાર એ ભાવનો આધાર. એ ભાવને ભાવવાન કરીને અભેદ કરી નાખે છે. ઓલા ભાવો છે એ અનેક છે અને ભાવનો ધરનાર એક છે, પણ એને આ રીતે કારણસમયસારને સ્વદ્રવ્ય કહ્યું. સમજાણું કાંઈ? .. ઠીક. .. સમજાય છે કાંઈ? ભાઈ! એ તો આવે ત્યારે આવેને, કાંઈ...

અહીં તો કહ્યું કે જુઓ! આ સ્વદ્રવ્યનો પરદ્રવ્યના ભાવરૂપ ગણી અને પરદ્રવ્ય જે કહ્યું એનો કોઈ આધારવાળો બીજો દ્રવ્ય નહિ એ તો પરદ્રવ્ય જ છે. પણ અહીંયાં આત્મામાં, અહીંયાં પર્યાયના જે પુણ્ય, પાપ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ ભાવ છે ઉપાધિભાવ, વિભાવભાવ, ભેદભાવ એ ભાવ તે બહિર્તત્ત્વ અને બહિર્તત્ત્વ તે પરદ્રવ્ય. એ આશ્રય કરવાલાયક નહિ. અંતઃતત્ત્વ અંતર્મુખ કેવો? કે '**વિભાવગુણપર્યાયોથી રહિત...**' એ નાસ્તિ કરી. પણ અસ્તિ? કે '**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.**' જેનું સ્વરૂપ જ જ્ઞાન, દર્શન, આનંદ, અંતઃતત્ત્વસ્વરૂપ છે. એ અંતઃતત્ત્વની વ્યાખ્યા કરી કે શું અંતઃતત્ત્વ? સ્વભાવિક જ્ઞાન ત્રિકાળી, સ્વભાવિકદર્શન, સ્વભાવિકચારિત્ર, સહજપરમવીતરાગાત્માક, વીતરાગ આનંદસ્વરૂપ શુદ્ધ અંતઃતત્ત્વ એની વ્યાખ્યા કરી. એવું જે આ સ્વદ્રવ્ય, એવું જે સ્વદ્રવ્ય એનો આધાર, એવા ભાવ, ભાવભેદ છે એનો આધાર સહજ પરમપારિણામિક એવા ત્રિકાળ એકરૂપ ભાવ જે '**(-સહજપરમપારિણામિકભાવ જેનું લક્ષણ એવો) કારણસમયસાર છે.**' ઓહો..હો..!

માણસ આમાં મૂંઝાય એવું છે કે નહિ? સમજાણું કાંઈ?

બે ભાવ અને બે દ્રવ્ય. એ ભાવના ધરનાર આમ કહ્યું. અંતરમાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જે સહજ અંતઃતત્ત્વસ્વરૂપ, સમ્યગ્જ્ઞાન-દર્શન ત્રિકાળી હોં. ત્રિકાળી... ત્રિકાળી... ત્રિકાળી ધ્રુવ. જ્ઞાન-દાર્શન-ચારિત્ર-આનંદ એવો અંતઃતત્ત્વસ્વરૂપ ભાવ એ ભાવ એને સ્વદ્રવ્ય કહ્યો અને એને ગણ્યો ઓલા ભેદ ગણ્યાને ભેદ? એટલે સ્વદ્રવ્ય ગણ્યું. તેનો આધાર પરમપારિણામિક એકરૂપભાવ એ સ્વદ્રવ્ય છે, તે કારણસમયસાર છે. એ કારણસમયસાર ભગવાન એ જ આદરવાલાયક અને ઉપાદેય છે. બાકી જેટલા વિભાવભાવપર્યાય એ પરદ્રવ્ય, બહિર્‌તત્ત્વ એ બધા પરભાવ વિભાવભાવ જે છોડવાલાયક છે, એ ઉપાદેય નથી અને હેય છે. ઓહો..હો..! કહો, સમજાણું કાંઈ? કેટલું ઝીણું આમાં! જે આમાં અકસ્માત નવો સાંભળવા આવ્યો હોય એને તો જાણે, આ શું કહેવા માગે છે? શું કહ્યું આ? શું કહે છે પણ આ?

કહે છે કે એક સમયમાં એક કોર નિરૂપાધિકભાવ, એકકોર ઉપાધિભાવ અથવા એક સમયમાં એક કોર સ્વભાવભાવ. સમજાય છે? એકકોર વિશેષભાવ, એક કોર સ્વભાવ એટલે સામાન્યભાવ, એક કોર વિશેષભાવ. એ વિશેષભાવ એ પર્યાયના ભેદ છે સંસારથી સિદ્ધ બધા પર્યાયો, પર્યાયો વિશેષમાં. એ વિશેષભાવને વિભાવભાવ ગણી, વિભાવભાવ ગણી, ભેદભાવ ગણી એ ભાવ પોતે પરદ્રવ્ય છે એમ કહ્યું. સમજાણું? એ છોડવાલાયક છે, આદરવાલાયક નથી.

અહીં અંતઃતત્ત્વ એક સમયમાં સ્વભાવિકજ્ઞાન-દર્શન-આનંદ આદિ, ચારિત્ર આદિ સ્વરૂપ જે ભાવ એ સ્વદ્રવ્ય અંતઃતત્ત્વસ્વરૂપ એવું સ્વદ્રવ્ય, એવો ભાવ એનો આધાર પરમ પારિણામિકભાવ એ. અંતઃતત્ત્વ એક કહ્યું, એના ભેદ પાડ્યા સહજજ્ઞાન, દર્શન આદિ, એનો આધાર પરમપારિણામિક. એક આ .. ભાવસ્વભાવ છે એ શુદ્ધ કારણસમયસાર કહેવામાં આવે છે. તો કારણસમયસાર એક જ આદરવાલાયક છે. ઓહો..હો..! સમજાણું કાંઈ? કહો, ..ભાઈ! શું આમાં કહેવું? આ તો વળી વારંવાર સાંભળવા આવે. શું કહે છે આમાં પકડાય નહિ લ્યો. આમાં સમ્મેદશિખર અને શેત્રુંજય ક્યાંય રહી ગયો હેયમાં. એ તો ઠીક પણ એના નિમિત્તમાં શુભરાગ આવે હેયમાં. અરે! રાગનો ઉપશમ થઈને ઉપશમસમકિત થાય એ હેયમાં, રાગનો ઉપશમ થઈને ઉપશમચારિત્ર થાય એ છોડવામાં, આ રાગનો ક્ષય થઈને ક્ષાયિક ચારિત્ર થાય છોડવામાં. સમજાય છે કાંઈ?

એક કોર સામાન્યભાવ અને એક કોર વિશેષભાવ. સામાન્ય એક સમયમાં પૂર્ણ સ્વભાવભાવ એ સામાન્ય. વિશેષ પર્યાયો,.. એક કોર સ્વભાવભાવ, એક કોર વિભાવભાવ. સ્વભાવભાવ ત્રિકાળ શુદ્ધ આનંદકંદ, એક કોર વિભાવભાવ ઉદયથી માંડીને ક્ષાયિક. સમજાય છે? એક કોર ત્રિકાળ વસ્તુ તે એકરૂપ સ્વદ્રવ્ય અને એક કોર વિભાવભાવ તે પરદ્રવ્ય. એક કોર ત્રિકાળ વસ્તુ તે અંતઃતત્ત્વ, એક કોર ક્ષાયિકભાવ ઉદયભાવ બહિરતત્ત્વ. સમજાણું કાંઈ? બે નયના વિષય તો કહ્યા. ..ભાઈ! બે નયના વ્યવહારનયનો વિષય બહિર્‌તત્ત્વ, વિભાવભાવ, વિશેષભાવ,

ઉપાધિભાવ, કર્મકૃતભાવ, નિમિત્તની સાપેક્ષતાવાળો ભાવ એ વ્યવહારનયનો વિષય છે. છે ખરો, જ્ઞેય છે, હેય છે. જાણીને છોડવા જેવો છે, ઉપાદેય નથી. અને એક સમયમાં અંતઃતત્ત્વ સામાન્ય સ્વભાવ, એકરૂપભાવ. સમજાય છે? નિરૂપાધિભાવ શુદ્ધભાવમાંથી આ બધું છે. શુદ્ધભાવ છેને માથે? એવો એક સમયમાં પરમશુદ્ધભાવ જે અંતઃતત્ત્વ, એ અંતઃતત્ત્વનો આધાર પરમપારિણામિકભાવ એમ ગણીને અંતઃતત્ત્વને સ્વદ્રવ્ય ગણીને એનો એને આધાર પરમપારિણામિક. આ સ્વદ્રવ્યમાં ભેદ પડ્યાને એટલે અભેદ કરીને પારિણામિક લીધો. એક પરમપારિણામિક પરમભાવ એ જ સમકિતમાં આદરવા અને આશ્રય કરવાલાયક છે. ..ભાઈ! ઓહો..હો..!

ભારે ભાઈ ધર્મ! આ ધર્મની વ્યાખ્યા પણ કઈ જાતની? હજી તો લોકો બહારથી... તો આવું પછી હોય તો પછી આ દેરાસર ને માંડ્યા શેના? કહો ..ભાઈ! માણસ પ્રશ્ન ન કરે? ત્યારે આ શું? કોણે માંડ્યા છે પણ? એ તો પરદ્રવ્યને કાળે પરદ્રવ્ય હોય છે. અને તે આત્માને એ કાળે પરદ્રવ્યરૂપ રાગ પણ તે કાળે હોય છે. એ પરદ્રવ્ય લાવ્યો લવાય કે કાઢ્યો કઢાય એમ નહિ. શું કીધું? એ પરદ્રવ્ય જે છે એ લાવ્યો લવાય કે રચાય એમ નહિ. આત્મામાં દયા, દાનના પરિણામ લાવ્યા લવાય કે રચાય આત્મામાં એ નહિ. છતાં આવ્યા વિના રહે નહિ. નિમિત્ત હોય તેવું સામે પુદ્‌ગલપરાવર્તનના નિયમ પ્રમાણે તેવું આવ્યા વિના, રચ્યા વિના રહે નહિ. શું કીધું? આ રાગ છે તે પરદ્રવ્ય છે એ રચી શકાતો નથી. લાવ હું રચું. આ ક્ષાયિક પર્યાય લાવ હું રચું. એમ કહે છે. શું કહ્યું? આ નિમિત્તની પર્યાયને રચું, બનાવું એવું આત્મામાં નથી. આ રાગની પર્યાયને રચું એ દ્રવ્યસ્વભાવમાં નથી. આ રાગને હું અત્યારે એને ... કરીને ઉપશમ કરું એની સામું જોઈને એવું દ્રવ્યમાં નથી. રાગ અને વિકારને ક્ષય કરવાનો અને ક્ષાયિક પર્યાય પ્રગટ કરું એવી રચના દ્રવ્યસ્વભાવમાં નથી. નારણભાઈ! ક્યાં સુધી લઈ જવું છે હવે તમારે? ક્ષાયિકભાવની રચના કરવી નથી? એય..! ક્યાં ગયા? એય..! મૂળચંદભાઈ! અહીં વાંચનારા .. આવેને બધા હોં.

એ કીધુંને પરદ્રવ્ય.. સ્વદ્રવ્યમાંથી નથી આવતા. એ સ્વદ્રવ્ય નથી તે આવે .. આવે. અહીં તો ત્યાં સુધી કહેવું છે કે એક સમયમાં ભગવાન શુદ્ધભાવ આનંદકંદ છે એ ક્ષાયિકભાવને હું રચું એવી એમાં ભાવના નથી. એમાં નથી. એના સન્મુખ થતાં આ રચાય જાય છે. સમજાય છે કાંઈ? સ્વભાવ એક સમયનો શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય પરમપારિણામિકભાવ એનો આશ્રય કરતા પર્યાય ઊપજી જાય છે, પર્યાય રચાય છે; પણ પર્યાયને આશ્રયે પર્યાય રચાય છે માટે આવી પર્યાય લાવ હું આ ક્ષાયિકને રચું, લાવ ઉપશમને બનાવું, લાવ રાગને બનાવું, લાવ નિમિત્તને બનાવું એવું દ્રવ્યમાં નથી. દ્રવ્યસન્મુખ થતાં તે બની જાય છે. સમજાય છે કાંઈ? આ ગાથા તો ભારે મૂકી ભાઈ ૫૦મી.

જ્ઞાન-દર્શન-આનંદ જે અંતઃતત્ત્વસ્વરૂપ એનો આધાર પરમપારિણામિકભાવ છે. કેવળજ્ઞાનનો

આધાર એમ ન લીધું. પરદ્રવ્યનો આધાર સ્વદ્રવ્ય? સમજાય છે કાંઈ? આ વાત જો આમ એક સમય સેકન્ડના અસંખ્યમો ભાગ એમાં ભગવાન આત્મા અંતર વસ્તુ સ્વભાવિકજ્ઞાન, દર્શન, ચારિત્ર અને આનંદ એવું જે અંતઃતત્ત્વભાવ, નિરૂપાધિભાવ જે શુદ્ધભાવ, સ્વભાવભાવ એનો આધાર પરમપારિણામિકભાવ. એય..! નારણભાઈ! આ સિદ્ધપદનો આધાર પરમપારણામિકભાવ નહિ, ઉડાવ્યું આ તો. ભારે વાત આ તો. .. પરદ્રવ્યનો આધાર સ્વદ્રવ્ય ન હોય અને સ્વદ્રવ્યનો આધાર પર ન હોય! સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે અહીં વસ્તુ આમ એકરૂપ અભેદ ચિદાનંદ આત્મા એ આત્માનો જે સ્વભાવ ત્રિકાળી તેનો આધાર આત્મા, તેનો આધાર કારણસમયસાર, તેનો આધાર એ પરમપારિણામિકભાવ. એનો અર્થ તો એ થયો કે કેવળજ્ઞાનાદિ પર્યાય એનો આશ્રય કરતા રાગ થાય માટે એ અપેક્ષાએ બધું પરદ્રવ્ય. પરદ્રવ્યનો આધાર ઓલો પરમપારિણામિક નહિ. શું બધામાં જી જી કરો છો? કોઈ કહે ... આ પંડિત થઈને જે કહે હા લ્યો. સમજાણું કાંઈ?

અહીં તો પાઠમાં લીધું છેને '**पुव्वुत्तसयलभावा परसहाव**' એટલે '**परदव्वं**' જુઓ, સ્વભાવ તે પરદ્રવ્ય. સ્પર્શતો જ નથી, પર્યાયને સ્પર્શતો જ નથી. પણ એ સ્પર્શતો નથી એને આધાર શા? હેય છે. અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય. પાઠમાં પણ છે જુઓને. અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય. .. આત્મા તે ઉપાદેય છે એમ લીધું છેને? એટલું લેવું. અંતઃતત્ત્વરૂપ સ્વદ્રવ્ય ગણી અને એનો આધાર પરમપારિણામિકભાવ એકરૂપ આત્મા છે એમ લીધો છે. એ પાઠ પ્રમાણે ટીકા કરી છે. ચીમનભાઈ! આ પાઠ પ્રમાણે ટીકા કરી છે. એમ નહિ કહી. સમજાણું કાંઈ? ભાઈ! કાને તો પડે એને સમજાય એને ખ્યાલમાં તો આવે કે આ શું કહેવા માગે છે? ચાલે છે ચાલો, ચાલો બાપા! ધર્મ કરીએ ભાઈ! ધર્મ ક્યાં હશે? સમજાણું?

અહીં કહે છે સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમય. એક સમયમાં જેટલા પર્યાયના વિશેષના બહિર્તત્ત્વના, પરદ્રવ્યના, વિકલ્પ આદિના ભેદો પડે એ બહિર્ દ્રવ્ય ગણીને, બહિર્તત્ત્વ ગણીને, બહિર્ભાવરૂપ બહિર્તત્ત્વ, બહિર્ભાવરૂપ બહિરતત્ત્વ, ઉપાધિભાવરૂપ બહિર્તત્ત્વ, વિશેષ વિભાવરૂપ બહિર્ દ્રવ્ય. એય..! છોડવાલાયક. અંતઃતત્ત્વ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સ્વભાવિક જ્ઞાન, દર્શન, આનંદ આદિનો સ્વભાવ એવું જે અંતઃતત્ત્વ, એવું જે સ્વદ્રવ્ય, એનો જે આધાર પરમપારિણામિક એકરૂપ સ્વભાવભાવ તે કારણસમયસાર, તે જ એક ઉપાદેય છે, તે અંગીકાર કરવાલાયક છે, તે આશ્રય કરવાલાયક છે. કહો, સમજાણું કાંઈ? આ લખ્યું નથી? લખતા નથી નહિ? આ વિષય પહેલોવહેલો આવ્યો છે આ. જુઓ, નથી ભાઈ એ ખરા ટાણે નથી. આ વિષય તો આખી જિંદગીમાં પહેલોવહેલો આવ્યો છે. એને નથી લખી. મૂળ મૂળ વાત લખાતી નથી એટલે એમાં કાંઈ. ભાઈ લખે એમાં કાંઈ, ગુલાબચંદભાઈની લખાણની શૈલી એને ન હોય. આ ગયું હવે. આ વિષય તો તદ્દન નવો છે. કોઈ દિ' આવો

આ જાતની ઢબે નથી આવ્યો. ગયો હવે. મેં કીધું લખતા હશે. પાછળ કોક વખતે લખતે.. લખાણ નથી. ઠીક. એ સમયે શબ્દેથી આવે એ પછી બીજું બધું હોં. આ ભાવ એ વખતે લખાણમાં આવ્યો હોય તો આવે. કહો, સમજાણું કાંઈ? ધર્મચંદભાઈ! ના, હવે તો એ આવે નહિ. એ ગયું એ ગયું. હવે ફરીને આવે નહિ. એ તો આવે ત્યારે પહેલો ભાવ આવેને. કહો, સમજાણું?

આ સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવ લક્ષણ જે સ્વભાવિક પરમસ્વભાવ ત્રિકાળ એવું જેનું લક્ષણ છે, સ્વભાવિકપરમપારિણામિકભાવ જેનું લક્ષણ, વળી એનું લક્ષણ. કોનું? કારણસમયસારનું. કહો, સમજાણું? કારણસમયસાર એનું લક્ષણ પરમપારિણામિકભાવ. એ ઓલું અંતઃતત્ત્વ સહજસ્વભાવિકજ્ઞાનદર્શન, એનો આધાર પરમપારિણામિકભાવ, એ જેનું લક્ષણ એવો કારણસમયસાર. ઓહો..હો..! ક્યાં સુધી લઈ ગયા! સમજાણું કાંઈ? લ્યો!

**'એવી રીતે (આચાર્યદેવ)...'** સમજાણું આમાં કાંઈક કે નહિ? એય..! કોઠારી! કોઈ દિ' સાંભળ્યું હતું કે નહિ આ? લે, હું તો દેવશીભાઈ કોઠારીને કહું છું. બેય કોઠારી છે. આ કોઠારમાં માલ કેવો પડ્યો છે, આ જુઓ આવી જાતનો ભગવાનના માર્ગમાં માલ પડ્યો છે લ્યો. પણ એ કોઠાર સંભાળવા જાય છે કોઈ દિ'? ઓલું કેટલું ઘી ને કેટલો ગોળ અને કેટલા ચોખા તપાસવા જાય છે. પંદર દિ'એ કેટલું ખૂટ્યું અને કેટલું રહેશે. અહીં કહે છે કે અખૂટ ખજાનો. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જે આ આખૂટ ખજાનો પરમસ્વભાવભાવ એનો આધાર. સમજાય છે? પરમસ્વભાવભાવ, એનો આધાર પરમપારિણામિકભાવ. એ જેનું લક્ષણ એવો જે કારણસમયસાર લક્ષ. સમજાણું? આ એને સ્વદ્રવ્ય કહે છે. એને સ્વદ્રવ્ય અને એ આદરવાલાયક છે. એ આદરવાલાયક એટલે તે તરફનો આશ્રય થયો એનું નામ આદરવાલાયક અને આ હેય છોડવાલાયક એટલે પરની ઉપેક્ષા થઈ આ એનું નામ છોડવાલાયક. આ છોડું એમ પણ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'** લ્યો શ્લોક.

(शार्दूलविक्रीडित)

''सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।''

જુઓ, પોતાના આધાર માટે અમૃતચંદ્રાચાર્યનો શ્લોક મૂક્યો. એ પરદ્રવ્ય. **'જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે...'** ચિત્ત એટલે જ્ઞાન. જેના જ્ઞાનનું વર્તન, આચરણ ઉદાત્ત છે **'(-ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે...'** જેનો જ્ઞાનનો અભિપ્રાય, જેના જ્ઞાનનું ચારિત્ર એટલે..

સમજાણું કાંઈ? '**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા...**' જુઓ, લક્ષણ આવ્યું હતુંને એટલે આમાં નાખ્યું જરી. '**લક્ષણવાળા...**' સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવ લક્ષણ હતું ખરુંને. '**આ જે ભિન્ન લક્ષણવાળા...**' પર્યાયભેદ રાગાદિ સર્વ '**વિવિધ પ્રકારના ભાવો...**' અનેક પ્રકારના ભાવો, એક પ્રકારના સ્વભાવભાવની અપેક્ષાએ એ બધા અનેક પ્રકારના વિવિધભાવો '**પ્રગટ થાય છે તે હું નથી,...**' એ બધું હું નથી. '**કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.**' કહો, ઓહો..હો..! એક સ્વદ્રવ્યના આશ્રય સિવાય બધાય પરદ્રવ્યનો આશ્રય કરવાલાયક નથી. એમ ગણીને પર્યાયને બધાને પરદ્રવ્ય ગણી, બે જ ભાગલા પાડ્યા—એકકોર સ્વદ્રવ્ય અને એકકોર પરદ્રવ્ય. એ બેના ભાવ પણ વર્ણવ્યા. પરદ્રવ્યનો ભાવ વિશેષભાવ, વિભાવભાવ. સ્વદ્રવ્યનો ભાવ સહજ ત્રિકાળી અને પરમપારિણામિકલક્ષણભાવ એ એનો ભાવ એનો આધાર કારણસમયસાર. કહો, સમજાણું કાંઈ? એ સ્વદ્રવ્ય આવું તે આદરણીય આવે અને પરદ્રવ્ય આવા. છતં પરદ્રવ્યમાં જે જે પ્રકાર ત્યાં હોય તે જ પ્રકાર ત્યાં હોય. પાછો આઘો-પાછો બીજો હોય એમ પણ નહિ. એને પરદ્રવ્ય કીધો હેય માટે હવે કેવળજ્ઞાન ગમે તેવું, .. ગમે તેવો, નિમિત્ત ગમે તેવું હોય, ભગવાન શુદ્ધ સ્વરૂપ... ગમે પાસે આપણે સાંભળવું છેને. સમજાય છે? એ વસ્તુને સમજતા નથી. એટલે આ ખુલાસો કરીને પછી આ હવે ગાથાઓ પાંચ સરસ મૂકશે. એ વાત આવશે હવે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ગાથા-૫૦ થી ૫૫, કળશ-૭૪
## પ્રવચન નં.૪૧૭

તેનું વસ્તુસ્વરૂપ એમ છે. પણ કાર્ય થાય છે એ કારણમાં કાર્ય નથી થાતું. સમજાણું કાંઈ? એ પર્યાયમાં થાય છે. કાર્ય એ પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળઆનંદ, કેવળવીર્ય એ બધું કાર્ય છે. પર્યાય છે અને પર્યાયમાં કાર્ય થાય છે. પણ એ કાર્યનો ઉપાદેયભાવ ન ગણતા, કારણને ઉપાદેય ગણતા, કાર્યપર્યાય પ્રગટ થાય છે. કાર્યને ઉપાદેય ગણીને કાર્ય નવી પર્યાય પ્રગટ થતી નથી. માટે છેલ્લો સરવાળો ૫૦મી ગાથામાં કહ્યો કે સહજપરમસ્વભાવભાવરૂપ આત્મા જે કારણરૂપ ત્રિકાળ શુદ્ધ કારણપરમાત્મા છે જે કારણસમયસાર શુદ્ધ ધ્રુવ એકરૂપ ત્રિકાળ સદશ્ય છે. .. કાર્ય હોઈ શકે નહિ. કહો, સમજાય છે?

માટે પર્યાયને પરદ્રવ્ય ગણી અને ત્રિકાળ વસ્તુને સ્વદ્રવ્ય ગણી. ભાઈ! પર્યાયને પરદ્રવ્ય ગણી. લ્યો! વસ્તુ જે ત્રિકાળ જ્ઞાયક એકરૂપ સ્વભાવ છે તે સ્વદ્રવ્ય ગણ્યો અને એક સમયનો પર્યાય છે તેને પરદ્રવ્ય ગણી. કેમકે પરદ્રવ્યમાંથી નવી દશા થતી નથી. નવી દશા જે થાય છે એ ત્રિકાળ શુદ્ધ સ્વભાવને આશ્રયે થાય છે, માટે એને સ્વદ્રવ્ય ગણી અને પર્યાય પ્રગટ થાય એને પણ પરદ્રવ્ય ગણી. કારણકે વસ્તુ એકરૂપ રહે તેને સ્વદ્રવ્ય ગણી. અને નવી... નવી... નવી... નવી... પર્યાય થાય તેને પરદ્રવ્ય ગણ્યું છે. એ પરદ્રવ્યને કાર્ય ગણી, સ્વદ્રવ્યને કારણ ગણી અને કારણ ઉપાદેય છે, પણ પરદ્રવ્ય એવો કાર્ય ઉપાદેય અંગીકાર કરવા જેવો નથી એમ વાતને અહીંયાં પચાસમી ગાથામાં છેલ્લો મર્મ સિદ્ધ કર્યો. અનાદિ સત્, અનાદિ સત્ સ્વરૂપ, અનાદિ સંતોએ અનુભવેલું સ્વરૂપ, અનાદિ કેવળીઓએ જાણેલું અને કહેલું સ્વરૂપ. એને સ્પષ્ટ રીતે ૫૦મી ગાથામાં પરદ્રવ્ય પર્યાયને કહીને આદરણીય ત્રણકાળ, ત્રણલોકમાં જો હોય તો એક જ ત્રિકાળ સ્વભાવ તે જ કારણ અને આદરણીય છે. કહો, સમજાય છે કાંઈ?

આમાં તો એકલી આત્માની વાત આવી. આમાં શું કરવું એ આવ્યું? મોહનભાઈ! આમાં શું કરવું એ આવ્યું. કે ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ જે વસ્તુ સ્વભાવ શક્તિથી ભરેલો છે એની શ્રદ્ધા કર, એનું જ્ઞાન કર અને એમાં રમણતા કર. એ જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ ત્રણકાળ, ત્રણલોકમાં મોક્ષમાર્ગ છે નહિ. એ વાત સાબિત કરીને હવે અમૃતચંદ્રાચાર્યના શ્લોકનો આધાર આપે છે.

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫માં શ્લોક દ્વારા) કહ્યું છે કે :—'**

(शार्दूलविक्रीडित)

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।१८५।।

પોતાની વાતને આધાર ભગવાન કુંદકુંદાચાર્યનો તો છે. એની ટીકા કરીને વળી અમૃતચંદ્રાચાર્યનો આધાર આપે છે. જેમના જ્ઞાનનો અભિપ્રાય ઉદાત્ત છે. **'જેમના ચિત્તનું ચારિત્ર ઉદાત્ત છે...'** એટલે કે જેના જ્ઞાનનો અભિપ્રાય '(ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે...' **'જેમના ચિત્તનું...'** ચિત્તનું એટલે જ્ઞાનનું. જેના જ્ઞાનમાં, ચરિત્ર એટલે જ્ઞાનનો અભિપ્રાય ઉદાત્ત, ઉદાર, ઉચ્ચ અને ઉજ્જ્વળ છે. લ્યો! અહીં ઉદાર ગણ્યો. જેના જ્ઞાનમાં અભિપ્રાય ઉદાર છે. એ ઉદાર એ ઉદારવંત જીવોએ શું કરવું? કે **'એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો...'** જેમના જ્ઞાનમાં અભિપ્રાય, ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ અને ઉંચો અભિપ્રાય

છે. એવા જીવો, મોક્ષાર્થીઓએ આ સિદ્ધાંતનો, આ નિર્ણયનો, આ નક્કી ચોક્કસભાવનું આ ત્રણે કાળ એક પ્રકારના નિયમના ભાવનું સેવન કરો. શું? કે '**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું;...**' કહો, આ ઉદાર. કેમકે પર્યાયમાંથી પર્યાય આવતી નથી. પર્યાયમાંથી પર્યાય માને એ ઉદાર નથી. એ ઉદાર નથી એના જ્ઞાનનો અભિપ્રાય ઉંચો નથી. એના જ્ઞાનનો અભિપ્રાય હલકો અને ઉંધો છે. શું કહ્યું સમજાય છે કાંઈ?

જેના જ્ઞાનમાં અભિપ્રાય ઉદાર, ઉચ્ચ અને ઉજ્જ્વળ અને ઉદાત્ત છે એ નિમિત્તથી ધર્મ ન માનો, વ્યવહારથી ધર્મ ન માનો, પર્યાયમાંથી પર્યાય ન માનો, ઉદાર થતા હોય તો ઉદાર તો સ્વભાવમાં થાવ. કારણ કે સ્વભાવમાંથી પર્યાય પ્રગટ થાય છે. પર્યાયમાંથી કે પુણ્યમાંથી કે નિમિત્તમાંથી ધર્મની પર્યાય ત્રણકાળમાં કોઈને પ્રગટ થાતી નથી. કહો, સમજાય છે કાંઈ? રતિભાઈ! આ તો ઉદાર થવાનું આવ્યું. ઉદાર-ઉદાર થાવ કહે છે. કંજુસ ન થાવ, કંજુસ ન થાવ. જ્ઞાનના અભિપ્રાયમાં ઉદાર થાવ, ઉચ્ચ થાવ, ઉજ્જ્વળ થાવ. એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો.

'**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું;...**' ત્રિકાળ પરમ કારણસ્વભાવ જ્ઞાયકમૂર્તિ જ હું છું. મારો સ્વભાવ ત્રિકાળ એકરૂપ સદૃશ આનંદકંદ જ્ઞાયક કારણપરમાત્મા, કારણશક્તિસ્વરૂપ તે હું છું. '**હું તો શુદ્ધ...**' એટલે પવિત્ર, ત્રિકાળી પવિત્ર '**ચૈતન્યમય...**' જે જ્ઞાન અને દર્શનમય અભેદ. '**એક પરમજ્યોતિ જ સદાય છું;...**' જેનો અભિપ્રાય સવળો કરવો હોય, જેને સાચા અભિપ્રાયમાં ઉદાર થવું હોય, જેને સાચા અભિપ્રાયમાં ઉચ્ચ અને ઉજ્જ્વળ કરવું હોય તેવા મોક્ષના અર્થી જીવોએ આ એક જ સિદ્ધાંતનું સેવન કરો કે '**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું;...**' જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... ત્રિકાળ આનંદકંદ શુદ્ધ પરમધામ અનંત-અનંત કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થવાનું પણ ધામ સદાય હું પરમજ્યોતિ જ છું. એ જ અંગીકાર કરવા જેવું છે, બાકી કોઈ અંગીકાર કરવા જેવું નથી. કહો, સમજાણું કાંઈ?

'**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું;...**' પરમજ્યોતિ કેમ કહ્યું? આ હીણી અવસ્થા અને વિકારી અવસ્થા એને બાળી નાખવાની તાકાત મારા ત્રિકાળ ચૈતન્ય જ્યોતમાં છે. હીણીને નાશ કરીને પૂરી થવાની, વિકારનો નાશ કરીને વીતરાગ થવાની એ તાકાત '**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું;...**' એ આગળ આવશે ઘણું. પરમપારિણામિકભાવ એવો છે કે સંસારરૂપી દાવાનળને ઓલવવાને અગ્નિ સમાન છે. અગ્નિ સમાન છે. એ ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ. એકલો ચૈતન્ય જેમાંથી અનંતી કેવળજ્ઞાનની પર્યાય વહે, પરિણમે એવો જે આનંદકંદ જ્ઞાયક જ્યોતિ એ સદાય હું એવો છું. જેને અભિપ્રાય શુદ્ધ કરવો હોય, જેને અભિપ્રાય નિર્મળ કરવો હોય, જેને અભિપ્રાય ઉદાર અને ઉચ્ચ કરવો હોય એને આ સેવન કરવું. બીજા માટે આ વાત કરાતી નથી. કહો, સમજાય છે કાંઈ?

ત્રણકાળ, ત્રણલોકનો એક સિદ્ધાંત. સર્વજ્ઞનો, સંતોનો, જ્ઞાનીઓનો, મુનિઓનો, શાસ્ત્રોનો કે '**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું;...**' ત્રણે કાળ મારામાં સિદ્ધ અને સંસારના બે ભેદ એ તો વ્યવહારનો વિષય છે. સિદ્ધ અને સંસાર બે વ્યવહારનયનો વિષય છે. હું તો ત્રિકાળ એક જ્ઞાયકસ્વભાવ છું. જુઓ, આ વાણી. આગળ કહેશે ગાથાઓમાં. આવી વાણી જ્ઞાનીના મુખે નીકળે એ વાણી એને કાને સમ્યગ્દર્શન અને નિમિત્તરૂપે કહેવાય. એ સિવાય નિમિત્તરૂપે પણ કહેવાય નહિ. એ પછી કહેશે. આ ગાથા પછી પાંચ ગાથામાં. એને જ્યારે શુદ્ધ જ્ઞાયકસ્વભાવ તરફ વલણ થાય અને શાસ્ત્રે પણ એ કહ્યું. જ્ઞાનીના મુખમાંથી વાણી પણ એમ નીકળે કે તું ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ એકરૂપ છો. આ એવી વાણી જિનસૂત્રની અને જ્ઞાનીની વાણી એને નિમિત્તરૂપે કહેવાય છે. એ સિવાય નિમિત્તરૂપે પણ કહેવાતી નથી. કહો, સમજાય છે કાંઈ?

'**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા...**' જુદાં-જુદાં લક્ષણવાળા એક સમયનો વિકારી પર્યાય અને એક એક સમયની પર્યાય એ ભિન્ન લક્ષણવાલા '**વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે...**' ત્રિકાળમાંથી જે નવી પર્યાય અને વિકલ્પ ઉઠે છે '**તે હું નથી,...**' એવડો હું નથી. ભાઈ! પ્રગટ પર્યાય થાય છે એ. કહો, પુણ્ય વિકલ્પ હું નથી, નિમિત્ત તો નથી, એની તો વાત પણ નથી. આ તો નવી પ્રગટ પર્યાય ભિન્ન-ભિન્ન લક્ષણવાળી વિકલ્પ અને પર્યાય પ્રગટ થાય છે એ ભાવો તે હું નથી. ત્રિકાળ હું નથી. ત્રિકાળ હું સદાય પરમજ્યોતિ ચૈતન્યમૂર્તિ છું. કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે. કારણ કે તે બધા મને મારા ત્રિકાળ સદાય ચૈતન્યજ્યોતિ એક સ્વભાવ માટે લાભદાયક છે નહિ, માટે પરદ્રવ્ય છે. કાર્ય થાય છે પર્યાયમાં, પણ છતાં એ પર્યાયને પણ સ્વદ્રવ્યનું અવલંબન લેવા, પર્યાય વળે છે સ્વદ્રવ્યમાં. કાર્ય પર્યાય વળે છે ત્રિકાળ જ્ઞાયક શુદ્ધ ચૈતન્યના વલણમાં. ત્યારે કાર્ય પ્રગટ થાય છે. માટે પર્યાયને પરદ્રવ્ય ગણી અને ત્રિકાળ દ્રવ્ય સ્વદ્રવ્ય આદરણીય કહેવામાં આવ્યું છે. કહો, સમજાય છે કાંઈ?

જેનું ઉદાર ચિત્ત છે, જેનું હૃદય ઉચ્ચ અને ઉજ્જ્વળ છે, જેનો અભિપ્રાય શુદ્ધ કરવો છે, જેને પરમસત્ય હૃદયમાં ધારણ કરવું છે, જેને અભિપ્રાયની ઉદારતા, મોટી ખાણ ચૈતન્યની એક સમયનો પર્યાય, એક સમયનો વિકલ્પ એમાં કાંઈ ખાણ-બાણ છે નહિ. જેના ચિત્તનો અભિપ્રાય ઉદાર કરવો હોય, દાની થવું હોય, પ્રગટ કરવાનું .. થવું હોય તો એને આ સિદ્ધાંત સેવન કરવું. આત્માને દાન દેવું દાની એટલે. ભાઈ! દાની થવું એટલે. દાન પણ પરની વાત નથી. સંપ્રદાન. આત્માની પર્યાયમાં દાની થવું હોય, આત્માની પર્યાયમાં દાન દેવામાં દાની થવું હોય તો એણે એવા ઉદાર અભિપ્રાયને સેવવો કે હું ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય જ્યોત જ છું. પર્યાય અને વિકલ્પનો ભેદ બધો વ્યવહારનો વિષય જાણવા જેવો છે, પણ એ આદરવા જેવો નથી. કહો, સમજાય છે કાંઈ? લ્યો, આને ઉદાર કહ્યો. મોહનભાઈ! પૈસા-

બેસા ખર્ચે એને ઉદાર ન કહ્યો. અરે! પુણ્ય કરે એને ઉદાર, પુણ્યના પરિણામ કરે એને ઉદાર ન કહ્યો, એક સમયની પર્યાય આદરે એને ઉદાર ન કહ્યો. ઓહો..હો..! ભાઈ! એક સમયની પર્યાયને ઉદાર ન કહી, કારણ કે એક સમયની પર્યાય તો વઈ જશે. વઈ જશે માટે એને .. એ ઉદાર છે નહિ. એક સમયનો વિકલ્પ ઉઠે પુણ્યનો, વ્યવહારરત્નત્રયનો એ પણ વયો જશે એને .. તુ ઉદાર છો. ઉદાર, ઉજ્જ્વળ અને ઉદાત્ત જેનો અભિપ્રાય છે અને જેને એ અભિપ્રાયનું સેવન કરવું હોય તો ત્રિકાળ સંતો કેવળી અને આત્માનો સ્વભાવ જ છે કે ત્રિકાળ ચૈતન્ય જ્યોતનો હું આદર કરું એ જ અભિપ્રાય સત્ય અને સમ્યક્ છે, એ સિવાય કોઈ સમ્યક્ છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

'**આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ...**' અનેક-અનેક કહેવું છે. અનેક-અનેક તે આદરણીય નથી, એક તે આદરણીય છે. ભાઈ! '**હું તો શુદ્ધ ચૈતન્યમય એક...**' લીધું છેને? એક ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... એક તે આદરણીય છે. પણ જે વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય તે અનેક તે હું નથી. અનેકનું લક્ષણ પર્યાય, પર્યાયમાં અનેકતા આવતા ધર્મની પર્યાય અનેક પ્રગટ થતાં એનો આશ્રય કરવા જતા રાગ થાય છે.

**શ્રોતા :-** એનું ઉપાદાન થવું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુદ્ધ ઉપાદાન દ્રવ્ય. શુદ્ધ ઉપાદાન દ્રવ્ય. અહીં તો ત્રિકાળ શુદ્ધ ઉપાદાન દ્રવ્ય એ શુદ્ધ ઉપાદાન છે. ત્રિકાળ જે કારણશુદ્ધ ઉપાદાન પોતે દ્રવ્ય કારણ પલટીને કાર્ય થાય છે. ઓહો..હો..! એક વાત સરખી બેસે નહિ એ પછી શાસ્ત્ર અને પાના વાંચે એમાં એકેય એનો અક્ષર સાચો હોય નહિ. પોતાની દૃષ્ટિએ અર્થ કરે, પોતાની દૃષ્ટિએ ઘડ બેસાડે અને ઉંધા લાકડા હલવે. આ અહીં ભગવાન અમૃતચંદ્રાચાર્ય, અહીં કુંદકુંદાચાર્ય અને અહીંયાં પદ્મપ્રભમલધારીદેવ એ એનો સાર અનંતા ત્રણકાળ, ત્રણલોકનો સાર કે સિદ્ધાંતનું એ સેવન કરો.. લ્યો! સિદ્ધાંતનું સેવન કરો. એ સેવન કરો એ પર્યાય છે હોં. સેવન કરવાની એ તો પર્યાય છે, પણ એવું સિદ્ધાંતનું સેવન કરો કે હું ત્રિકાળ એકરૂપ ચૈતન્ય જ્ઞાયક છું એ જ કારણ છે, બાકી કોઈ કારણ છે નહિ.

'**વિવિધ પ્રકારના ભાવો...**' ઓલામાં એક કહ્યું હતું અને એની સામે '**વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી,...**' અનેક પર્યાયોનો આશ્રય તે મારું સ્વરૂપ નથી. એકરૂપ ત્રિકાળ સ્વભાવ છે તે મારું સ્વરૂપ છે. તે આ દ્રવ્યદૃષ્ટિ છે, આ કારણપરમાત્મા અંગીકાર કરવા જેવો છે. એ અમૃતચંદ્રાચાર્યનો આધાર આપ્યો હતો.

હવે '**વળી (આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-**' પોતે કહે છે. હવે પદ્મપ્રભમલધારીદેવ પોતે શ્લોક એને માટે કહે છે.

(शालिनी)

न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-
दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः।
इत्थं व्यक्तं वक्ति यस्तत्त्ववेदी
सिद्धिं सोऽयं याति तामत्यपूर्वाम्।।७४।।

'**શ્લોકાર્થ :- શુદ્ધ જીવાસ્તિકાયથી...**' શબ્દ બીજો વાપર્યો, ભાઈ! કારણસમયસાર ત્રિકાળ કહો, કારણપરમાત્મા ત્રિકાળ કહો, ધ્રુવ કહો, શુદ્ધ જીવાસ્તિકાય કહો, નિત્ય કહો, કારણસમયસાર ત્રિકાળ કહો, કારણશુદ્ધજીવ કહો એ બધું એક છે. '**શુદ્ધ જીવાસ્તિકાયથી...**' શુદ્ધ જીવાસ્તિકાય એટલે ત્રિકાળ ધ્રુવ એકસ્વરૂપ. કારણપરમાત્મા કહો કે શુદ્ધ જીવાસ્તિકાય કહો. એક સમયનો પર્યાય અને વિકલ્પને ગૌણ કરી દઈને, એક સમયનો પર્યાય અને વિકલ્પ અને રાગને ગૌણ કરી, ગૌણ એટલે એનું લક્ષ છોડી દઈને. ત્રિકાળ જે શુદ્ધ જીવાસ્તિકાય એકરૂપ ચિદાનંદ આનંદકંદ ધ્રુવ સામાન્ય ધ્રુવ પડ્યો છે. એનાથી '**અન્ય એવા જે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી—**' એનાથી જે અન્ય બધાય, જે પર્યાયને આશ્રયે રાગાદિ થાય, માટે બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી. કહો, સમજાણું કાંઈ?

'**શુદ્ધ જીવાસ્તિકાય...**' એકની વાત છે હોં, એક જીવાસ્તિકાયની. બધા જીવાસ્તિકાયની વાત નથી. શુદ્ધ પોતે ત્રિકાળ શુદ્ધ જીવ, શુદ્ધ જીવ અસ્તિ છે કાય અસંખ્ય પ્રદેશી. ત્રિકાળ એકરૂપ ધ્રુવ આનંદકંદ જ્ઞાયકસ્વભાવ છે. એનાથી '**અન્ય એવા જે બધા પુદ્ગલદ્રવ્ય...**' પરનું લક્ષ કરવાથી, પુદ્ગલ નામ રાગની ઉત્પત્તિ અને કર્મનું બંધન થાય છે લક્ષ એટલે આશ્રય કરવાથી, જ્ઞાન કરવાથી એ તો વ્યવહારનો વિષય છે. '**બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી—આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે...**' આમ જે તત્ત્વનો જાણનાર સ્પષ્ટપણે કહે છે, આમ જે તત્ત્વનો જાણના સ્પષ્ટપણે માને છે અહીં તો કહે છેનું જોર આપતા વાચકનું જોર આપ્યું છે, પણ વાચ્ય અંદર પડ્યો. આમ જે તત્ત્વનો જાણનાર સ્પષ્ટપણે માને છે અને '**કહે છે તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.**' તે અતિ અપૂર્વ સિદ્ધિ. અતિ અપૂર્વ સિદ્ધિ એટલે મુક્તિ. અનંતકાળે નહિ પ્રગટેલી એવી મુક્તિ દશાને પામે છે. લ્યો, અહીં તો કહે એનું વજન આપ્યું.

જેની વાણીમાં એટલું જોર આવે છે એ એનું જોર વાણીનું નથી કહેવું. એની પાછળ વાચ્ય તત્ત્વનો જે છે એક શુદ્ધ ભગવાન કારણપરમાત્મા સિવાય ક્યાંય પણ મારે આદરણીય ત્રણકાળમાં છે નહિ, એમ પોતે માને છે અને જગતને કહે છે. જગતને કહે છે. એ ભાષા .. આવે છે આગળ. જ્ઞાનીના વચનો નિમિત્તરૂપ કહેશે. આવું જે કહે છે અને એ અંતર

અભિપ્રાયના આશ્રયે સમજે છે એને વીતરાગની વાણી અને ગુરુની વાણી નિમિત્તરૂપે કહેવાય છે. નહિતર તો અનંતવાર સમવસરણમાં સાંભળ્યું છતાં કાંઈ એને પોતાના અભિપ્રાયે બધી વાત ખતવી. સમજાય છે? સર્વજ્ઞ કાંઈ કહે, શાસ્ત્ર કાંઈ કહે, જ્ઞાની કાંઈ કહે. પોતાની દૃષ્ટિએ એનો અર્થ કર્યો અને પોતાની દૃષ્ટિએ જ્ઞાનીને પણ ખતવી નાખ્યા. એવી દૃષ્ટિવાળાની વાત અહીંયાં કરતાં નથી.

અહીં તો '**જે તત્ત્વવેદી સ્પષ્ટપણે...**' ચોખ્ખી વાત કરે છે કે એક તારા જીવાસ્તિકાય સિવાય અને મારો મારા જીવાસ્તિકાય સિવાય ત્રણકાળમાં મુક્તિ અને મોક્ષનો માર્ગ કોઈ છે નહિ. એમ જે સ્પષ્ટપણે કહે છે '**તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.**' તે અતિ અપૂર્વ સિદ્ધિ. સાધારણ સિદ્ધિ તો પામે. કેવળજ્ઞાન અમુક... સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી પર્યાય નહિ. આ તો અતિ અપૂર્વ-અનંતે કાળે નહિ મળેલી એવી પરમાત્મ પરમ મુક્તદશાને પામે છે. એ પદ્મપ્રભમલધારીદેવે શ્લોક કહ્યો, લ્યો! કુંદકુંદાચાર્યે કહ્યો હતો સ્વદ્રવ્ય-પરદ્રવ્યની વ્યાખ્યા, પદ્મપ્રભમલધારીદેવે ટીકા કરી હતી, અમૃતચંદ્રાચાર્યનો આધાર આપીને પુષ્ટિ કરી કે ભાઈ! ચારે કોરથી જુઓ તો વાત આ છે. કોઈ પડખેથી બીજી વાત છે નહિ.

હવે પાંચ ગાથા છેલ્લી. જુઓ, ગાથાઓ બહુ અલૌકિક છે આ. બધી અલૌકિક છે એકેએક. પણ આમાં હવે જ્ઞાનીને નિમિત્ત કઈ રીતે ઠરાવે છે એવી અદ્‌ભૂત અલૌકિક રીતે વાત કરી છે.

विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं।
संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं।।५१।।
चलमलिणमगाढत्तविवज्जियसद्दहणमेव सम्मत्तं।
अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं।।५२।।
सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा।
अंतरहेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी।।५३।।
सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं।
ववहारिणच्छएण दु तम्हा चरणं पवक्खामि।।५४।।
ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं।
णिच्छणयचारित्ते तवचरणं होदि णिच्छयदो।।५५।।

નીચે એનું હરિગીત.

**શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;**
**સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.**
**ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;**
**આદેહ-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.**

જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે
તે જાણ અંતર્હેતુ, દગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.
સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;
તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.
વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

પહેલા અન્વયાર્થ. '**અન્વયાર્થ :- વિપરીત અભિનિવેશ...**' એટલે અભિપ્રાય અને આગ્રહ '**રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે;...**' ભાઈ! આ વ્યવહારસમકિતની વાત છે હજી. હજી તો આ વ્યવહારસમકિતની વાત છે. વિપરીત અભિપ્રાયરહિત સર્વજ્ઞ, શાસ્ત્રકાર, ગુરુ અને જ્ઞાની જે કાંઈ કહે છે એ પરને લક્ષે '**વિપરીત અભિનિવેશરહિત શ્રદ્ધાન તે જ...**' વ્યવહારસમકિત છે. હજી મોક્ષનું કારણ નથી. કહો, સમજાય છે કાંઈ? '**સંશય, વિમોહ ને વિભ્રમરહિત (જ્ઞાન) તે સમ્યગ્જ્ઞાન છે.**' પરતરફનું. એ પણ વ્યવહારજ્ઞાન છે. '**સંશય, વિમોહ ને વિભ્રમરહિત (જ્ઞાન) તે સમ્યગ્જ્ઞાન છે.**' એ વ્યવહાર છે. પરતરફની વાત છે.

'**ચળતા, મલિનતા અને અગાઢતા રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે;...**' એ પણ વ્યવહાર છે. એ તો પહેલાંની વાતની વ્યાખ્યા કરી છે. '**હેય અને ઉપાદેય તત્ત્વોને જાણવારૂપ ભાવ તે સમ્યગ્જ્ઞાન છે.**' એ પણ વ્યવહાર છે. ભાઈ! આ પણ વ્યવહાર છે. હજી તો વ્યવહારનો વિકલ્પ. નિશ્ચય આવો હોય અને એને આવો વિકલ્પ હોય છે એ પછી કહેશે. '**હેય અને ઉપાદેય તત્ત્વોને જાણવારૂપ ભાવ તે સમ્યગ્જ્ઞાન છે.**' એટલી વાત કરી. સમ્યક્ચારિત્રની પછી કરશે, ભાઈ! ધ્યાન રાખજો. હવે કહે છે કે સાચા નિશ્ચય સમકિતનું નિમિત્ત '**સમ્યક્ત્વનું નિમિત્ત જિનસૂત્ર છે;...**' વીતરાગની વાણી છે. જે વાણી એને કારણપરમાત્મા અને ઉપાદેય તરીકે બતાવે છે. એ જિનસૂત્ર વાણી. તેથી ૫૦ પછી આ કહ્યું.

વીતરાગની વાણી જિનસૂત્ર એવી વાણી છે કે ત્રિકાળ જેમાંથી પર્યાય પ્રગટે તે કારણ પરમાત્માને ઉપાદેય તરીકે સ્વીકારે એ વાણી કહે છે. એ વાણીને નિમિત્ત તરીકે કહ્યું. બહિરંગ નિમિત્ત છે એ. બહિરંગ નિમિત્ત છે. અંતરંગ કારણપરમાત્માનો આદર કરીને શ્રદ્ધા થાય એને આ બહિરંગ નિમિત્ત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? વીતરાગી સૂત્ર. તેથી શબ્દ મૂક્યો છે જિન મૂક્યો છેને. વીતરાગી વાણી. એટલે વીતરાગી વાણી એટલે વીતરાગ તરફ લઈ જાય અને જેમાં ભેદનો આશ્રય ન રહે, જેમાં ત્રિકાળ ચૈતન્ય અભેદનો આશ્રય બતાવે એને વીતરાગની વાણી કહેવાય. ભાઈ! શું કહ્યું સમજાણું કાંઈ? વીતરાગવાણીનો સાર, અભિપ્રાય, તાત્પર્ય, શાસ્ત્ર-તાત્પર્ય, સૂત્ર-તાત્પર્ય એનો સરવાળો વીતરાગતા છે. વીતરાગતા એ ત્રિકાળ જ્ઞાયકસ્વભાવને અવલંબે જ પ્રગટે છે, કોઈ પર્યાયથી કે વિકલ્પથી કે નિમિત્તથી પ્રગટતું નથી.

એમ વીતરાગની વાણી એ સમ્યક્ત્વનું નિમિત્ત છે. આવી વાણી એ નિમિત્ત કહેવાય છે. કહો, સમજાય છે કાંઈ?

હવે બીજી રીત. '**જિનસૂત્રના જાણનારા પુરુષોને...**' એવા વીતરાગી ભાવને જાણનારા પુરુષોને. જિનસૂત્રો એટલે શાસ્ત્ર કહ્યા, પણ વીતરાગ જે કહે છે તે જાણ્યું છે અંતરમાં કે આત્મા રાગ ને પુણ્ય ને પર્યાયથી આત્મા પ્રગટતો નથી. આત્મા ત્રિકાળ સ્વભાવના આશ્રયે પ્રગટે છે. એવું સમ્યગ્દર્શન થયું છે. એવું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ચોથેથી છેક કેવળી સુધી લેવા. '**જિનસૂત્રના જાણનાર પુરુષોને...**' એકલા સૂત્ર નહિ હોં શબ્દો નહિ. એકલા પાના નહિ. જિનસૂત્ર શબ્દે જિનને શાસ્ત્રમાં જે કહેવું છે, વાચ્ય જે કહેવો છે. આ તો વાચકથી કથન છે. વાચ્ય જે કહેવો છે કે આ આત્મા જ્ઞાયક કારણસ્વરૂપ ત્રિકાળ છે. એ એની રુચિ, દૃષ્ટિ અને અંતર દૃષ્ટિ થઈ છે, એવા જિનસૂત્રના જાણનાર પુરુષોને સમ્યક્ત્વના જેને સમ્યગ્દર્શનનું પરિણામ પ્રગટે છે એને આ '**જિનસૂત્રના જાણનાર પુરુષોને...**' બીજા સમકિતના પરિણામમાં અંતરંગ હેતુ કહ્યા છે. ઓહો..હો..! ભારે વાત, ભાઈ! લ્યો! આ તો અર્થ બીજી જાતનો નીકળ્યો. અંતરંગ હેતુ. ઓલો વીતરાગની વાણી બહિરંગ હેતુ. વીતરાગની વાણી એ વાણી બહિરંગ હેતુ છે. કોને? સમ્યગ્દર્શન પામનારને. પામનારને. અને પુરુષ એ અંતરંગ હેતુ છે. છે તો પર, છે તો એ પર, પણ એનો અભિપ્રાય છે એ આ પકડે છે અંતર સ્વભાવને આશ્રયે તેથી એ નિમિત્તને અંતરંગ-બાહ્ય ઉપચારથી એને અંતરંગ હેતુ કહ્યો છે. કહો, સમજાય છે કાંઈ? બાહ્ય પુરુષ તો ઉપચાર જ છે ખરેખર. પુરુષ પણ ઉપચાર છે અને વાણી પણ ઉપચાર છે, પણ વાણીને બહિરંગ ઉપચાર કહ્યો અને પુરુષને અંતરંગ ઉપચાર હેતુ કહ્યો છે. કેમકે એનો અભિપ્રાય પકડવો છે. વાણી તો ગૌણ છે. વાણી કહેવાનો જે અભિપ્રાય છે કે વીતરાગ આત્મા તું છો, ત્રિકાળ જ્ઞાયક છો. એનું અવલંબન લે. એવો એનો અભિપ્રાય પકડવામાં એ નિમિત્ત થાય છે. માટે વીતરાગી સૂત્રના જાણનાર પુરુષને, સમકિત પામનાર જીવને આ પુરુષ '**અંતરંગ હેતુઓ કહ્યા છે,...**' કહો, સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન પામનારને. એકલા પુસ્તકથી પમાય એમ હોઈ શકે નહિ ત્રણકાળ, ત્રણલોકમાં. કહો, સમજાય છે કાંઈ? એ પહેલી વાત છે. પહેલી જ્યાં દેશના થાય છે ત્યારે એની પાત્રતાની પર્યાય હોય એટલે ચૈતન્યનું એને પહેલું નિમિત્ત હોય જ. એની પર્યાય પરાધિન નથી. એના ક્રમે આવીને ઉભું રહે છે. પણ આનો પર્યાય સત્‌નો જ્યાં ત્રિકાળ જ્ઞાયક છું એમ સમજવાનો હોય એટલે એને જિન વીતરાગી સૂત્રનું જ બહિરંગ નિમિત્ત હોય છે. બીજા સૂત્રોનું બહિરંગ નિમિત્ત હોતું નથી.

અને વીતરાગી ભાવ અંતરથી પ્રગટ્યો છે દર્શન. કે જિનસૂત્રના જાણનારનો અર્થ એ છે. વીતરાગનું તાત્પર્ય વીતરાગી દૃષ્ટિ છે. વીતરાગનું તાત્પર્ય વીતરાગી ચારિત્ર છે. એ દૃષ્ટિ અને ચારિત્ર આદિ પ્રગટ્યા છે એ અંતરંગ હેતુ કહ્યા છે. કહો, સમજાય છે કાંઈ? કોને

અંતરંગ હેતુ કહ્યા છે? સમ્યગ્દર્શન જેને પ્રગટ્યું છે એવા સમ્યગ્દર્શન પરિણામમાં વીતરાગની વાણીને બહિરંગ નિમિત્ત કહ્યું અને સૂત્રના જાણનાર ધર્માત્માને બીજાના સમકિતના પરિણામમાં અંતરંગ હેતુ કહ્યા છે. કહો, સમજાય છે કાંઈ? જુઓ, સત્‌ને સત્‌નું નિમિત્ત હોય, એને એકલા પાના-પુસ્તકનું નિમિત્ત હોય નહિ કે કોઈ પાના વાંચીને થઈ જાય એ પહેલું હોઈ શકે નહિ. એ વાતને અહીં જાહેર કરે છે. દલીચંદભાઈ!

એક તેની તૈયારી સમ્યગ્જ્ઞાન છેને જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. માટે જ્યાં સ્વને જાણનાર જ્યાં જાગ્યો એ વખતે પરપ્રકાશક ખીલ્યો એટલે પરનિમિત્ત પણ એવું સામે હોય એ વસ્તુનો સ્વભાવ. પરાધિનતા નથી. પરાધિનતા નથી. એ ન હોય તો ન થાય એમ નથી. આ હોય એટલે એ હોય જ એ વસ્તુનો સ્વભાવ છે. ભાઈ! સમજાય છે? એ કેસર ભરવું હોય તો ડબ્બો જ હોય. કેસર ભરવું હોય તો કોથળો ન હોય કે એવો જ સંબંધ છે. પરાધિન કોઈ નથી કોઈને કારણે. સમ્યક્ત્વનું નિમિત્ત બહારમાં વીતરાગી સૂત્ર કહ્યા, છે તો બેય બાહ્ય અને જિનસૂત્રના જાણનાર પુરુષો છે તો બાહ્ય. સમ્યગ્દર્શનના પરિણામવાળાને એ ચીજ તો બહાર છે, પણ છતાં ભગવાન કુંદકુંદાચાર્યે એવું નાખ્યું કે એને અમે અંતરંગ હેતુ કહીએ છીએ. સમકિત પામનારને અંતરંગ નિમિત્ત તરીકે ઉપચારથી હોય તો તેને અંતરંગ હેતુ ઉપચારથી કહીએ છીએ અને વાણીને બહારથી નિમિત્ત કહીએ. બાહ્ય હેતુરૂપ ઉપચાર અને અંતરંગ હેતુરૂપ ઉપચાર. ઓય મારે ભાષા પણ બીજી જાતની. કહો, સમજાણું?

'કારણ કે **તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.**' સમ્યગ્દર્શન પામનાર જીવને જે નિમિત્ત મળ્યું છે એ નિમિત્તવાળા જીવને કાં તો દર્શનમોહનો ક્ષય થયો છે, કાં ઉપશમ થયો છે કાં ક્ષયોપશમ થયો છે. ક્ષયાદિક. ભાઈ! આ તો બારમા ગુણસ્થાનની વાત તો પોતે અંતરાત્મા તરીકે કરે ત્યારે કરે છેને. એ તો અત્યારે ભલે ગુણસ્થાન ન હોય એનો પ્રશ્ન નથી. બારમા ગુણસ્થાનની વ્યાખ્યા પણ કરી નાખે. ઉત્કૃષ્ટ અંતરાત્મા બારમા ગુણસ્થાનવાળો શુક્લધ્યાન થાય તો આમ હોય. બધુ પાઠમાં આવે છે. શુક્લધ્યાન હોય, ન હોય એનો પ્રશ્ન અત્યારે નથી. શુક્લધ્યાન અને ધર્મધ્યાન કરે તો આમ થાય, શુક્લધ્યાન કરે તો આમ થાય. એ શુક્લધ્યાન કાંઈ મુનિને પોતાને હતું નહિ, પણ સ્વભાવની ઉગ્ર ભાવનામાં એ વાણી બધી નીકળી ગઈ છે. વાણી નીકળી ગઈ છે હોં. લાવ્યા નથી કોઈ. સમજાય છે?

અહીયાં કહે છે, જે કોઈ ધર્મી જીવ પોતાના આત્માનું અવલંબન લેવાની તૈયારી થઈ છે, કારણપરમાત્માને અવલંબવાની યોગ્યતા થઈ છે, એને બહિરંગમાં વીતરાગી વાણી જેમાં વીતરાગ તાત્પર્ય છે, વીતરાગ જ ચારેય અનુયોગનું તાત્પર્ય છે. વીતરાગ નામ સ્વભાવનું અવલંબન એ જ એનું તાત્પર્ય છે. એ વાણી એને નિમિત્ત હોય બહિરંગ અને એ વાણીના સમજનાર જ્ઞાની જેને દર્શનમોહનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થયો હોય એ સમકિત પામનારને બહિરંગ ઉપચારથી. બહિરંગ એટલે ઉપચારથી અંતરંગ હેતુ કહ્યા છે. સમજાય છે? હવે એ

તો વ્યવહારની વાત કરી અને આ નિમિત્તની વાત કરી. એ નિમિત્ત નિશ્ચયનું છે.

હવે '**સાંભળ, મોક્ષને માટે...**' હવે નિશ્ચયની વાત આવે છે. '**સાંભળ, મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે,...**' એ નિશ્ચય છે. એ ત્રિકાળ ચૈતન્ય સ્વભાવને અવલંબે સમ્યક્ થાય તે મોક્ષને માટે સમકિત છે. ઓલો વ્યવહાર તે વિકલ્પ હતો અને નિમિત્ત તરફનું વલણ પણ એ વિકલ્પ હતો એ કોને એ વ્યવહારને નિમિત્તરૂપ હોય છે? માથે જે વ્યવહાર કહ્યો અને આ નિમિત્ત છે એમ કહ્યું. ભાઈ! માથે વ્યવહાર કહ્યો અને નિમિત્ત કહ્યું એ કોને વ્યવહાર અને નિમિત્ત કહેવાય? કે મોક્ષને માટે સમ્યક્ત્વ. સાંભળ, કે જેનો ચૈતન્ય સ્વભાવ કારણ ભગવાન એને આશ્રયે સમ્યગ્દર્શન થયું એને મોક્ષને માટે સમકિત એને ઓલા વ્યવહારને નિમિત્ત કહેવાય છે. કહો, સમજાય છે કાંઈ? બહુ ગાથા ઉંચી છે આ. બહુ સરસ આ શુદ્ધભાવને અધિકારે છેલ્લો અલૌકિક વાત ભગવાન કુંદકુંદાચાર્યે સ્પષ્ટ કરી નાખી છે. લોકો કેટલાક અત્યારે ખતવી નાખે છે કે ગમે તેવું નિમિત્ત હોય, ગમે તેવા પાના હોય તો અમે તો એમાંથી પણ સમ્યક્ત્વ મેળવશું. એમ મળે નહિ. કાં પૂર્વના સંસ્કાર હોવા જોઈએ, કાં પૂર્વે પણ સાંભળેલું હોવું જોઈએ, પણ એકવાર જ્ઞાની પાસેથી એના પરિણામને જે ઉપાદેય ત્રિકાળ શુદ્ધ આત્મા છે એવો ભણકાર જ્ઞાની પાસેથી પહેલો મળેલો હોવો જોઈએ અને એવી પાત્રતા હોય એને જ એ હોય. એથી આ વાત કરે છે. કે એ મોક્ષને માટે જેનું સમકિત છે. સ્વભાવ તરફ વળેલી શ્રદ્ધા તે સમકિત છે. એની વ્યાખ્યા કરશે બધી ટીકામાં. આ તો અન્વયાર્થ. એકવાર બહેનોએ કહ્યું કે અન્વયાર્થ પણ આમાં વાંચવો. એટલે આ અન્વયાર્થ વાંચીએ છીએ. કહો, સમજાણું? ભાઈ! આ પહેલું વહેલું છે એટલે વાંચવું. કેમ? બેચરભાઈ! અમે પહેલો અન્વયાર્થ મૂકી દીધો હતો એકવાર.

'**મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે,...**' આમાં પણ જરી વાત બહુ સરસ છેને અન્વયાર્થમાં પણ. સમ્યગ્જ્ઞાન હોય છે અને મોક્ષને માટે સમ્યગ્જ્ઞાન. ઓલી વ્યવહારની વાત કરી. એ મોક્ષ માટે નથી. પહેલાં જે સમકિત અને જ્ઞાન કહ્યા એ તો વ્યવહાર છે, એ તો વિકલ્પ છે, એ મોક્ષને માટે નથી. પણ જે મોક્ષને માટે સમ્યક્ હોય ત્યાં એવો વિકલ્પ હોય છે કેવળી નથી એટલે. હોય છે એટલું. હોય છે. અહીં નિશ્ચય હોય છે, ત્યાં વિકલ્પ હોય છે. બસ આટલું હોય છે. આનાથી હોય અને આનાથી હોય એ વાત નથી. '**સાંભળ, મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે, સમ્યગ્જ્ઞાન હોય છે, ચારિત્ર (પણ) હોય છે;...**' એ ત્રણ લીધા. ભાઈ! એ નિશ્ચયના લીધા એ. આત્મા ત્રિકાળ જ્ઞાનાનંદસ્વભાવ ધ્રુવ જ્ઞાયક. એને આશ્રયે સમ્યગ્દર્શન અને એને આશ્રયે સમ્યગ્જ્ઞાન અને એને આશ્રયે ચારિત્ર એ મોક્ષને માટે છે. જેટલો જે જિનસૂત્ર ને અંતરંગ હેતુને નિમિત્તના લક્ષે છે એટલો જે વિકલ્પ અને વ્યવહાર છે. એ વ્યવહાર મોક્ષનું કારણ નથી. કહો, સમજાણું કાંઈ?

હવે કહે છે, '**તેથી હું વ્યવહાર અને નિશ્ચયથી ચારિત્ર કહીશ.**' ચારિત્રના બે પડખા

કહીશ કહે છે. કારણ કે ઓલામાં ચારિત્ર નહોતું આવ્યું, ભાઈ! ઓલામાં દર્શન-જ્ઞાન બે બોલ આવ્યા હતા. બે બોલ આવ્યા હતા. ચારિત્રનો વ્યવહાર-નિશ્ચય બે બોલ નહોતા આવ્યા. અને આમાં નિશ્ચયમાં ત્રણ બોલ આવી ગયા. દર્શન, જ્ઞાન અને ચારિત્ર. હવે **'હું વ્યવહાર અને નિશ્ચયથી ચારિત્ર કહીશ.'** વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું તપશ્ચરણ હોય છે એટલે કે છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પવાળો ભાવ વર્તે છે એને વિકલ્પવાળું તપ કહેવાય છે. ત્રિકાળ જ્ઞાયકસ્વભાવનું અવલંબન લઈને જે દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા મુનિને છઠ્ઠે ભાવલિંગી સંતને નગ્નદશા પ્રગટી છે. એવા જે મુનિને વ્યવહારનો જે વિકલ્પ વર્તે છે શુભરાગ, એવા જીવને શુભ વ્યવહારતપ છે એમ કહીએ છીએ. કારણ કે હજી શુભરાગમાં છે. દૃષ્ટિ પ્રગટી છે, ચારિત્ર પ્રગટ્યું છે, પણ જે અંદર સાતમી ભૂમિકા નિશ્ચયચારિત્રમાં સ્થિર થયો નથી. વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું તપશ્ચરણ હોય છે. તપશ્ચરણ એટલે મુનિપણું. એ છઠ્ઠે ગુણસ્થાને રાગાદિનો ભાવ વ્યવહારમુનિપણું છે. નિશ્ચયનયના ચારિત્રમાં નિશ્ચયથી તપશ્ચરણ હોય છે. નિશ્ચય નામ સ્વભાવમાં લીન થઈ ગયો. એવા તપસીને અહીં તો એમ કહ્યું કે નિશ્ચયનયના ચારિત્રમાં નિશ્ચયથી તપસ્યા હોય છે. ટીકામાં તો એમ લેશે કે સ્વભાવને આશ્રયે જે સ્થિર થઈને પડ્યો છે તપમાં એને નિશ્ચયચારિત્ર હોય છે. સમજાય છે કાંઈ? કારણ કે ઓલું તપ એટલે મુનિપણું લેવું છે. જેને વ્યવહારમુનિપણું, નિશ્ચયમુનિપણું. નિશ્ચયમુનિપણું એટલે સ્વભાવના ભાનસહિત ઠરી ગયો અંદરમાં. ઠરી ગયો છે નિર્વિકલ્પમાં, જામી ગયો છે એ નિશ્ચયમુનિ અને નિશ્ચયતપ. અને દૃષ્ટિ અને ચારિત્ર સ્વરૂપ પ્રગટ્યા હોવા છતાં ઠર્યો નથી અને વિકલ્પ શુભરાગમાં, છઠ્ઠે રાગમાં, શુભભાવમાં વર્તે છે એને શુભરાગનું વ્યવહારચારિત્ર ગણીને વ્યવહારતપમાં ઉભો છે એમ કહ્યું છે. નિશ્ચય તો છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર તો છે, પણ નિશ્ચયમાં લીન નથી માટે એને નિશ્ચયતપ કહ્યો નથી, ભાઈ! કહો, સમજાય છે કાંઈ આમાં? ઓહો..હો..! કહો, આ અન્વયાર્થ થયો. એ ગાથામાં હજી ઘણું ભર્યું છે. પાંચેય ગાથામાં.

**'ટીકા :- આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.'** પહેલું. ભેદરત્નત્રયનું સ્વરૂપ છે. સમજાય છે? પછી બીજો પેરેગ્રાફ છે **'અભેદોપચાર-રત્નત્રય...'** ઓલી ગાથા જે છે એ મોક્ષને માટે એ પછી આવશે. પણ એ બે સાથે હોય છે હોં. એમ નહિ કે વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એમ છે નહિ. અહીં તો એને ઓળખાવે છે કે આવો જ્યાં નિશ્ચય હોય ત્યાં આવો વિકલ્પ હજી નય છે, સાધક છે, કેવળજ્ઞાની છે નહિ એટલે આવો વિકલ્પ, આવું જિનસૂત્રનું એને નિમિત્ત, પ્રથણ પણ નિમિત્ત અને અત્યારે પણ વલણ હોય, વિકલ્પ ઉઠે તો વીતરાગી વાણીનો સ્વાધ્યાય કહે છે. **'આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.'** કહો, સમજાણું?

**'પ્રથમ, ભેદોપચાર-રત્નત્રય આ પ્રમાણે છે :—'** ભેદ ઉપચાર એટલે ભેદરૂપ વ્યવહાર.

ભેદરૂપ વ્યવહાર. રત્નત્રય આ પ્રમાણે છે. જે વિકલ્પવાળો છે, જે શુભરાગવાળો છે, જે મોક્ષને માટે નથી. એનું આ કથન ચાલે છે. ભારે વાત ભાઈ! **'વિપરીત અભિનિવેશરહિત શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત...'** જુઓ, એમાં પણ વ્યવહારમાં એનો કહે છે કે નિશ્ચયનું ભાન છે અને વ્યવહારમાં વિપરીત આગ્રહરહિત, વિપરીત અભિનિવેશ રહિત, વિપરીત શ્રદ્ધારહિત એને કોઈ સર્વજ્ઞ સિવાય, સર્વજ્ઞની વાણીના ન્યાય સિવાય કોઈ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની ક્યાંય લેશમાત્ર પણ શ્રદ્ધા હોવી જોઈએ નહિ તો એને વ્યવહારશ્રદ્ધા કહેવામાં આવે છે. એ પણ નિશ્ચયશ્રદ્ધા હોય તો. આટલી શરત ઉપર વાત બધી છે.

**'વિપરીત અભિનિવેશરહિત શ્રદ્ધાનરૂપ...'** અભિનિવેશ એટલે અભિપ્રાય. વિપરીત ઉંધા અભિપ્રાય રહિત **'શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના...'** મુક્તિ એની **'પરંપરાહેતુભૂત...'** લ્યો! પરંપરા હેતુભૂત. નિશ્ચય તો ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ તે કારણ સાક્ષાત્ મુક્તિનું કારણ છે. પણ ઓલો વિકલ્પ ઉઠ્યો છે એ ક્રમે કરીને તોડી નાખશે માટે તેને નિમિત્તરૂપે, પરંપરા હેતુ, હેતુ એટલે નિમિત્ત. પરંપરા નિમિત્તભૂત **'ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું ચળતા-મલિનતા-અગાઢતારહિત ઊપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે.'** કહો, નિશ્ચય સ્વ ભગવાન કારણપરમાત્મા પ્રત્યે નિશ્ચયભક્તિ પ્રગટી કારણપરમાત્માની અને જે શ્રદ્ધા સમ્યક્ મોક્ષનું કારણ થયું. ત્યાં જે વિકલ્પરૂપ ભાવ વર્તે છે કે જે ભગવંત પંચપરમેષ્ઠી. પંચ પરમેષ્ઠી. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ એ જ મોક્ષના નિમિત્તભૂત હોઈ શકે છે. સમજાય છે? ભાઈ! પંચપરમેષ્ઠીને વજન આપ્યું છે, ભાઈ! કહો, સમજાણું? પંચપરમેષ્ઠી-પાંચ પદ- અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. એ વીતરાગી પદ છે પાંચેય. અલ્પતાર્તમ્યતામાં ફેર છે જરી. અરિહંતમાં, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આદિમાં ફેર. સિદ્ધ તો પૂર્ણ થઈ ગયા છે. છતાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય પ્રત્યેનું ચળતા-મલિનતા આમ હશે કે તેમ? એ નહિ. મલિનતા નહિ, અગાઢતા-અચોક્કસતા નહિ. એ રહિત. આ તો ત્રણ દોષ છે. એ ત્રણ દોષરહિત ઉપજેલું **'નિશ્ચળ ભક્તિયુક્ત...'** ત્રિલોકનાથ સર્વજ્ઞ આદિ પંચપરમેષ્ઠી પ્રત્યે **'નિશ્ચળ ભક્તિયુક્તપણું તે જ સમ્યક્ત્વ છે.'** એ વ્યવહારસમકિતનો વિકલ્પ છે. વિકલ્પ નામ શુભરાગ. સમજાણું કાંઈ?

એને **'વિષ્ણુબ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ...'** ઓલી અસ્તિ કીધી. એણે કોઈ વિષ્ણુ કર્તા, બ્રહ્માએ કર્યું, કોઈએ કાંઈ કર્યું વગેરે. એણે કહેલા જે તત્ત્વો સર્વજ્ઞ ભગવાન સિવાયના. ત્રિલોકનાથ પરમાત્માએ એક સમયમાં જે તત્ત્વો જાણ્યા, જોયા અને વાણી દ્વારા કહ્યા. એ કથિતથી વિપરીત એના કહેલાથી બધું વિપરીત. પદાર્થસમૂહ પ્રત્યેના અભિનિવેશનો અભાવ. જેના પદાર્થના આગ્રહનો અભાવ છે. એટલે કોઈ અંશે પણ ભગવાન પંચપરમેષ્ઠી સિવાય કોઈની વાણી ક્યાંય અંશે સત્ હશે? એમ જેને અંદર પડ્યું એને વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી. કહો, સમજાય છે કાંઈ?

શ્રોતા :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. એ વળી જુદું. અહીં તો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અન્યમતિના જે કહેલા તત્ત્વો. એમ. એ ભગવાન બ્રહ્મા એ પહેલાં કહેલા એ જુદી વાત પાછી આવી. ભાઈએ પાછું મેળવ્યું ઓલું. પહેલા પદમાં આવ્યું હતુંને કે હે વીતરાગ! તું બ્રહ્મા, તું વિષ્ણુ, પણ એના વિપરીત પદાર્થો નથી. અહીં તો વિપરીત પદાર્થની વાત છે. વીતરાગ સર્વજ્ઞ સિવાય, પંચ પરમેષ્ઠીએ કહેલા પદાર્થ સિવાય જે વિપરીત પદાર્થનો સમૂહ કહ્યો છે. એના પ્રત્યેના આદરનો અભાવ તે સમ્યક્ત્વ છે. એવો અર્થ છે. કહો, સમજાય છે કાંઈ? આ હજી વ્યવહાર સમકિતની વાત ચાલે છે. આ પણ સાચું અને આ પણ સાચું, આ પણ ખરું અને આ પણ ખરું. એની વાત તો વ્યવહારની પણ સાચી નથી.


આ વ્યવહારસમકિતનો વિકલ્પ આવો હોય છે એ જણાવે છે. સમજાય છે? કોને? કે નિશ્ચય સમ્યક્વાળાને. વિપરીત પદાર્થ. સર્વજ્ઞ ભગવાને જે કહ્યા પદાર્થ એ વસ્તુનું સ્વરૂપ છે. સ્વરૂપ છે તેવું જાણ્યું છે અને જાણ્યું છે તેવું કહ્યું છે. કાંઈ ફેરફાર વસ્તુમાં છે નહિ. મહા સંતો, મુનિઓ, મહાક્ષયોપશમના દરિયા વિરસેનસ્વામી આદિ થયા, ગોમ્મટસારના કર્તા આદિ નેમિચંદસિદ્ધાંતચક્રવર્તી દરિયા ફાટેલા જેના ક્ષયોપશમના એ પણ પુરુષોએ જ્યાં કાંઈ ધારણામાં પરંપરાએ મળેલી વાતમાં ફેર પડ્યો તો કહી દીધું. અમારો અધિકાર બીજી વાત કહેવાનો નથી. અમને આ ઉપદેશ મળ્યો નથી. અમે શી રીતે કહીએ? જે જાણ્યું છે ગુરુગમે અને આત્માથી જાણ્યું છે. પણ જે વાતનો એક .. ખાધી કે આ વાત દરિયા ફાટેલી બુદ્ધિ એવો તો અત્યારે હમણા કોઈ પુરુષ આટલા વર્ષોમાં સેંકડોમાં પાક્યા નથી. એવા જેના છઠ્ઠે-સાતમે ભાવલિંગ દશા અને જેની ફાટેલી પર્યાય. દરિયા જેના સંખ્યા યાદ રહેવી મુશ્કેલ. એ પુરુષને એમ કહે કે જ્યારે એક વાત મને ગુરુથી આ વાત મળી નથી. શી રીતે કહીએ? સમજાય છે? એટલે કહે છે કે એને આટલા ભવભીરૂ હતા. ભવભીરૂ હતા. ગુરુગમથી વસ્તુ મળેલી હતી. અને કહે છે કે આવા સર્વજ્ઞ સિવાય બીજાના વિપરીત પદાર્થ પ્રત્યેનો આગ્રહ જેને અંદર હોય છે એને વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા હોતા નથી. અહીં નકાર કરે છે અહીંયાં. જુઓ, પદ્મપ્રભમલધારીદેવ પણ વ્યવહારશ્રદ્ધાના વિકલ્પમાં પણ એને આટલો સત્યભાવ પરના આશ્રયે પણ કેવળી અને પંચપરમેષ્ઠી કહે છે તે જ ઉભો થઈ જાય છે. ઉભો થઈ જાય છે. એમાં ફેરફાર કરતો નથી. કહો, સમજાણું કાંઈ? એવી શ્રદ્ધા હોય છે.


**'સંશય, વિમોહ ને વિભ્રમરહિત (જ્ઞાન) તે જ સમ્યગ્જ્ઞાન છે.'** સંશય—આમ હશે કે તેમ હશે? એ મિથ્યાજ્ઞાન છે. વિમોહ-વિપરીતપણું સમજાય છે? અથવા મૂંઝવણ કાંઈક હશે, કાંઈક હશે. અને વિભ્રમ- વિભ્રમ નામ ભ્રમણા વિપરીતતા એ રહિત તે જ સમ્યગ્જ્ઞાન છે. આ હજી વ્યવહાર છે હોં. કારણ કે સમ્યગ્જ્ઞાન-દર્શન તો ચૈતન્યને આશ્રયે હોય તે જ નિશ્ચય છે. નિશ્ચય જ્ઞાયક કારણપરમાત્માને આશ્રયે અહીં નિશ્ચય કહેવાશે પછી. આ તો હજી

વ્યવહારની વાત સમ્યક્ ચૈતન્ય ત્રિકાળને આશ્રયે જ્ઞાનદર્શન પ્રગટ્યું છે એને આવું વ્યવહારું જ્ઞાન હોય છે. '**ત્યાં, જિન દેવ હશે કે શિવ દેવ હશે...**' વીતરાગ સાચા હશે કે શિવ ને શંકર, બ્રહ્મા, વિષ્ણુ વગેરેના કથનો કોઈ ઠેકાણે હશે? '**(-એવો શંકારૂપભાવ) તે સંશય છે;...**' એ જ્ઞાનીને વ્યવહારમાં પણ હોતો નથી. સમકિતીને વ્યવહારમાં પણ એ શંકા હોતી નથી.


'**શાક્યાદિકથિત વસ્તુમાં નિશ્ચય (અર્થાત્ બુદ્ધાદિએ કહેલા પદાર્થોનો નિર્ણય) તે વિમોહ છે;...**' સમજાય છે? વિમોહ-વિપરીત મૂંઝવણ, વિપરીતભાવ, વિપરીત નિર્ણય એ જેને હોતો નથી. અને '**અજ્ઞાનપણું (અર્થાત્ વસ્તુ શું છે તે સંબંધી અજાણપણું)...**' કંઈક હશે. આમાં કાંઈ ખબર પડતી નથી. એવો જે વિભ્રમ ભાવ તે સમકિતીને હોતો નથી. આ વિપરીત દર્શન અને વિપરીત જ્ઞાન વ્યવહાર એના દોષનો અભાવ વર્ણવ્યો. સમજાય છે? '**પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે.**' આ વ્યવહાર. અને મુનિને છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રના પરિણામથી વિરોધ. હિંસા, જૂઠું આદિના પાપના પરિણામથી રહિત તે વ્યવહારચારિત્ર છે. પંચમહાવ્રતના જે છઠ્ઠે ગુણસ્થાને અઠ્યાવીશ મૂળગુણના જે પરિણામ. છઠ્ઠે ગુણસ્થાને મુનિના અઠ્યાવીશ મૂળગુણના પરિણામ, જે પાપના પરિણામ અશુભથી નિવૃત્તિરૂપ છે તે વ્યવહારચારિત્ર છે. '**આમ, ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે.**' લ્યો, આ બધો વ્યવહાર છે હજી વિકલ્પ છે. આ રીતે તો ભેદરૂપ વ્યવહારરત્નત્રયની પરિણતિ એટલે રાગની અવસ્થા છે. કહો, સમજાણું? હવે એ વ્યવહાર સાથે નિમિત્ત કેવું એની વાત કરીને નિશ્ચય કહેશે, ભાઈ! એ વ્યવહારની વાત કરીને નિમિત્ત કેવું હોય એની વાત નિશ્ચય કહેશે.


(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


દ્રષ્ટિનાં નિધાન


पाहुड-दोहा


મહાવીર પુરાણ


બોધિ-સમાધિ-નિધાન


ભાગવત શાસ્ત્ર


પાંડવ પુરાણ
જૈન મહાભારત


મહાપુરાણ ભાગ-૧